
મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યાઃ સુબોધિની

# ગુણ પ્રકરણ-એકાદશ સ્કન્ધ



પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ



जय श्रीकृष्ण

तवास्म्यहम् कृष्ण!

श्रीकृष्णः शरणं मम

श्रीवल्लभाधीशो जयति

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

શ્રીભાગવત વ્યાખ્યા સુબોધિનીઃ

# ગુણ પ્રકરણ

(દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૮૨-૮૭)

તથા

# એકાદશ સ્કન્ધ સુબોધિની

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

**પ્રકાશક :**
**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,**
કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૭૦૪૬૫

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ**
ફુલાભાઈ પાર્ક, હાલોલ, પંચમહાલ, ગુજરાત, ૩૮૯૩૫૦

**સમ્પાદક :** શ્રીશરદ્ ગોસ્વામી

**પ્રકાશન વર્ષ :** વિ.સં.૨૦૭૮
**શ્રીવલ્લભાબ્દ :** ૫૪૩

**પ્રતિ :** ૧૦૦૦

**મુદ્રક :**
પૂર્વી પ્રેસ્ પ્રા. લિ., રાજકોટ

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ, ફુલાભાઈ પાર્ક, હાલોલ, જિ.પંચમહાલ પિન.૩૮૯૩૫૦.**
**ફક્ત વોટસેપ્ મેસેજ : ૯૩૧૩૪ ૩૬૨૦૦**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(ગુજરાતી) | ૧૦ |
| પ્રવેશિકા, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી(હિન્દી) | ૧૦ |
| Praveshika, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (અંગ્રેજી) | ૧૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૨૦ |
| પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૨૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજરાતી) | ૧૦ |
| પુષ્ટિપથ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (હિન્દી) | ૧૦ |
| પ્રમેયરત્નસંગ્રહ, લેખકઃ ગોસ્વામી શ્રીશરદ્કુમાજી (ગુજ.) | ૨૦ |
| Manual of the devotionalpath of Pushti. લેખક : ઉપરમુજબ (અપ્રાપ્ય) | ૬૫ |
| **શ્રીભાગવતસુબોધિનીનું શ્રીનાનુલાલ ગાંધીએ કરેલ ભાષાન્તરઃ** | |
| **પ્રથમસ્કન્ધ** | ૧૭૦ |
| **દ્વિતીયસ્કન્ધ** | ૧૦૦ |
| **તૃતીયસ્કન્ધ** (બે ભાગમાં) | ૪૦૦ |
| **જન્મપ્રકરણ** | ૧૫૦ |
| **તામસ પ્રમાણ પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૫-૧૧ તથા પ્રક્ષિપ્તાધ્યાય૧૨-૧૪) | ૧૨૫ |
| **તામસ પ્રમેય પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૧૨-૧૮) | ૧૨૫ |
| **તામસ સાધન-ફળ પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૧૯-૩૨) | ૨૦૦ |
| **રાજસ પ્રમાણ-પ્રમેય પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૩૩-૪૬) | ૧૭૫ |
| **રાજસ સાધન-ફલ પ્રકરણ** (દશમસ્કન્ધ અધ્યાય ૪૭-૬૦) | ૧૭૫ |
| **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | |
| શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| વલ્લભવેદાન્ત લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી(સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | |
| અધિકારપરિચર્ચા | ૧૦૦ |
| શરણાગતિ વિચારગોષ્ઠી | ૫૦ |

સેવા-સમર્પણ વિચારગોષ્ઠ ૫૦
પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી ૮૦
પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) ૧૦૦
પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ ૧૦૦

## નિત્યસ્તોત્રપાઠ

**પુષ્ટિપાઠાવલી** (હિન્દી) કાચું બાઈંડિંગ ૨૦
**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૨૦
**પુષ્ટિપાઠાવલી** (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ ૧૦
**પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી** (અનુવાદ સહિત) ૨૦

## અધ્યયનોપયોગી ગ્રન્થો

**શ્રીભાગવતમહાપુરાણ**(ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) ૫૦૦
**ષોડશગ્રન્થ**(સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦) નિઃશુલ્ક
**ભગવદ્ગીતા** અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. ૧૦૦
**પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ** (પ્રશ્નોત્તરી) ૨૫
**ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય,** લેખક :ગો.શ્રીશ્યા.મ. નિઃશુલ્ક
**દ્રવ્યશુદ્ધિ.** અપરસ-સુતક બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.: ગો.શ્રીપુરુષોત્તમજી નિઃશુલ્ક
**ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયનો અર્થ.** લેખકઃ શ્રીનાનુલાલ ગાંધી ૧૦
**શ્રીભાગવતાર્થપ્રકરણ**(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ.૧૫૦ શ્રીમદ્ભાગવત ના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી.
**પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર** (શ્રીગુસાંઈજી રચિત સેવ્યસ્વરૂપને પુષ્ટ કરવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન) લે : ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
**શ્રીકૃષ્ણચરિત્ર** ૧૨૫
(દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી
**સેવાઃ ઋતુ-ઉત્સવ-મનોરથ.** વ્યાખ્યાતાઃ ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
**તત્ત્વાથદીપનિબન્ધાન્તર્ગત સાધનપ્રકરણ.** મૂળ સહિત ગુજરાતી અનુવાદ ૨૫
**પુરુષાર્થવ્યવસ્થા** પ્રવક્તા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
**વૃત્રાસુર ચતુઃશ્લોકી,** સંસ્કૃત ટીકા તથા તેના ગુજરાતી અનુવાદ સાથે. ૫૦
**पुष्टिविधानम्-३**(व्रजभाषा) ૧૫૦
श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी रचित षद्ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका.
**तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम् सर्वनिर्णयप्रकरणम्** (व्रजभाषाटीका) १००
**वेदान्तचिन्तामणी** (हिन्दी अनुवाद सहित) तथा **सत्सिद्धान्तमार्तंड** ५०
(गुजराती प्रश्नोत्तर संक्षेप) श्रीगट्टुलालजी विरविचत.
**श्रीपुरुषोत्तमग्रन्थावली-५**(संस्कृत)(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ૧૦૦ દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન

મૂળ ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ)

**श्रीपुरुषोत्तमग्रन्थावली-६**(संस्कृत)(દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) ૨૦૦

**ब्रह्मवाद** (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी નિઃશુલ્ક

**तृतीयस्कन्ध सुबोधिनी** (संस्कृत) दो खंडोंमें. १०००

**श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् : सप्रदीप-विवरणम्.** (संस्कृत) तीन खंडोंमें. १०००
महाप्रभु श्रीवल्लभाचार्य विरचित ब्रह्मसूत्राणुभाष्यं तथा उस पर भगवदीय श्रीइच्छाराम तथा गो.श्रीगिरिधिरजी विरचित 'प्रदीप' तथा 'विवरण' टीका.

## ઈતિહાસ

**આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ** નિઃશુલ્ક
લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી/હિન્દી)

**શ્રીગોપીનાથપ્રભુચરણ**(ગુજરાતી/હિન્દી) ૨૫
શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ.

## સન્દર્ભ ગ્રન્થો

**પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા.** ૧૦
શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા

**Summary of Shuddhadvaita Vangmaya** 15
Author: Sri Sharad Goswami શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય.

## ગોશાળા :

મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ તથા શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠમાં, હાલોલ.

## જીર્ણોદ્ધાર :

શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

## શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ :

શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.
અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

## પુષ્ટિસ્વાધ્યાય :

અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૂળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ટેલિફોનિક કોન્ફરન્સ્ માધ્યમથી કરવામાં આવે છે : વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક : ૯૪૨૬૬૨૩૫૬૫


Pushti-Vidya
'पुष्टिविद्या' मोबाईल् एप्लिकेशन्

व्होट्स्एप द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

http://www.vallabhacharyavidyapeeth.org/
http://www.pushtimarg.net/

Like our page on Facebook :
Sri Vallabhacharya Vidyapeeth



व्होट्स्एप द्वारा विद्यापीठ तथा पुष्टिमार्ग सम्बन्धी महत्वपूर्ण जानकारीयां प्राप्त करनेकेलिए सम्पर्क करें : 9426623565

http://www.vallabhacharyavidyapeeth.org/
http://www.pushtimarg.net/

Like our page on Facebook :
Sri Vallabhacharya Vidyapeeth



Subscribe us on You Tube:
'Pushtiswadhyay'

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

# शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ संयुक्तप्रकाशन, दुर्लभ

खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्

खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी

खंड ३. जलभेदः से सेवाफलम्

२. प्रकाश-रश्मि सहित ब्रह्मसूत्राणुभाष्यम्

खंड १. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ

खंड २. प्रथमाध्याय नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ

खंड ३. द्वितीयाध्याय

खंड ४. तृतीयाध्याय

खंड ५. चतुर्थाध्याय

३. श्रीमद्भागवतसुबोधिनी

खंड १. प्रथम-द्वितीयस्कन्ध

खंड ४. जन्मप्रकरण

खंड ५. तामसप्रमाणप्रकरण

खंड ६. तामसप्रमेय-साधनप्रकरण

खंड ७. तामसफलप्रकरण

खंड ८. राजसप्रमाण-प्रमेयप्रकरण

खंड ९.राजससाधन-फलप्रकरण

खंड १०.सात्त्विकप्रमेयसाधनफलप्रकरण

खंड ११. गुणप्रकरण तथा यावत्प्राप्य एकादशस्कन्ध

४. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १-५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६-१४

५. सव्याख्यषड्ग्रन्थाः संयुक्तप्रकाशन, दुलर्भ

६. वेदान्ताधिकरणमाला-भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१२. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१३. वल्लभाख्यान (सप्तटीकोपेत)

१४. पुष्टिविधानम् (गुजराती, व्रज तथा संस्कृत संस्करण)

१५. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित-प्रकृत्यधिकरण-समालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम-द्वैतनिरासवादः

१६. अवतारवादावली

खंड २. भेदाभेदवाद,सृष्टिभेदवाद,आविर्भावतिरोभाववाद,ख्यातिवाद,प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व-खण्डनवादः, भागवतस्वरूपविषयकशंकानिरासवादः,उपदेशादिविषयकशंकानिरासवादः,भगवत्प्रतिकृति-पूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमालाधारणवादः, शंखचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादिप्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवाद ः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१७. सत्सिद्धान्तमार्तण्डः. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

१८. वेदान्तचिन्तामणी. भारतमार्तण्ड-पञ्चनदी श्रीगोवर्धन(गट्टुलाल)शर्मा विरचित.

४क्र.१, ष तथा ४/१, ४/ष को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ-श्रीविट्ठलेश्वर-प्रभुचरण आ.हो.ट्रस्ट(कोल्हापुर) द्वारा प्रकाशित.

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- विवेक (हिन्दी)
- विशोधनिका (चार खंड) (गुज-हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)
- नवरत्नम् (गुजराती-हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- भगवद्गीतासु भक्तियोग
- वार्तान्की सैद्धान्तिक संगति
- पुरुषार्थव्यवस्था (हिन्दी-गुजराती)
- चतुःश्लोकी(हिन्दी)

- रसदृष्टिनी तरफेणमां (हिन्दी-गुजराती)
- गृहसेवा और व्रजलीला (गुजराती-हिन्दी)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी-गुज)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- अणुभाष्य(साधनफलाध्याय) भूमिका (गुज.)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुज-हिंदी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म-अर्थ-काम-मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी-गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणोपक्रम(गुज.)
- तत्त्वार्थदीपनिबन्धान्तर्गत संक्षिप्त शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण तथा विवेकधैर्याश्रय, नवरत्न, सिद्धान्तमुक्तावली एवं भक्तिवर्धिनी का गुजराती अनुवाद-विवेचन(गुज.)
- श्रीवल्लभाख्यान : श्रीमद्भागवतको प्रारूप और श्रीवल्लभाख्यान
- सूक्तित्रय : सिद्धान्त, उत्सव, भक्ति.
- पुष्टिभक्तिका व्यापारीकरण (कुशंका, खिलवाड-समाधान)
- ब्राह्मिक याथार्थ्य और ब्रह्मवाद की नानावादानुरोधिता (लघुग्रन्थसंग्रह-२)
- पुष्टिमार्गकी आचार्यत्रयी
- अमृतका आचमन

**म्पर्क:** गोस्वामी श्रीश्याम मनोहरजी, व्रजकमल, ६३ स्वस्तिक सोसाय्टी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई

# ।। પ્રકાશકીય ।।

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી દ્વારા ગુજરાતી ભાષામાં ભાષાન્તરિત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત શ્રીભાગવત સુબોધિનીજીના દશમસ્કન્ધ અન્તર્ગત **'ગુણ પ્રકરણ'**, અધ્યાય ક્રમાનુસાર અધ્યાય ૮૨ થી ૮૭ તેમજ યાવત્પ્રાપ્ય (આરમ્ભથી અ.૫.શ્લો.૨ પર્યન્ત) એકદશ સ્કન્ધ સુબોધિની નું શ્રીવલ્લભવાઙ્મયના અધ્યેતાઓ સમક્ષ પ્રકાશન કરતાં પ્રસન્નતા થઈ રહી છે.

ગુણ પ્રકરણના પ્રથમ સંસ્કરણનું પ્રકાશન મગ્નલાલ શાસ્ત્રી સ્મારકમાલાના ગ્રન્થાંક ૯ સ્વરૂપે પ્રકાશકઃ ગો.વા. શ્રીવાડીલાલ શાહ દ્વારા સને ૧૯૪૭ કરવામાં આવ્યું હતું.

એકાદશ સ્કન્ધ સુબોધિની ના અનુવાદનું પ્રકાશન સને. ૧૯૫૨ માં અનુવાદકે સ્વયં

આદ્ય પ્રકાશકે શ્રુતિગીતાના અનુવાદ સાથે તેની મૂળ સંકૃત સૂક્ષ્મટીકા પણ છાપી હતી. તેનું પ્રકાશન પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા) એ હાલમાં જ કરેલું હોવાથી, ગ્રન્થના કદને સીમિત કરવા, આ સંસ્કરણમાં તેનું પ્રકાશન કરવામાં આવ્યું નથી.

શ્રીસુબોધિનીના પૂર્વપ્રકાશિત પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્કન્ધો, દશમસ્કન્ધના જન્મ પ્રકરણ, તામસ પ્રમાણ અને પ્રમેય પ્રકરણ તથા તામસ સાધન-ફળ પ્રકરણ તેમજ રાજસ પ્રકરણો ની જેમ આ ખંડમાં પણ શ્રીસુબોધિનીના અધ્યયનમાં ઉપકારક એવા શ્રીભાગવતાર્થ પ્રકરણનો સંબાધિત અંશ તથા શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાના ગુજરાતી અનુવાદ સહિત શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાંના સમ્બન્ધિત નામો તથા ગ્રન્થની વિગતવાર અનુક્રમણિકા છાપવામાં આવી છે.

આ સમ્પૂર્ણ ગુણ પ્રકરણ તેમજ એકાદશ સ્કન્ધ સુબોધિનીજીનું પ્રુફરીડીંગ ભરૂચ નિવાસી શ્રીમતી પ્રીતિબેન દલાલે કર્યું છે, ગ્રન્થને પ્રેસમાં મોકલવા લાયક તૈયાર કરવાનું તેમજ છપાવવા નું કાર્ય શ્રીપીયૂષ ગોંધીયા તથા શ્રીપ્રવીણભાઈ એ કર્યું છે જે સ્મરણીય છે.

**ગંગા દશહરા** **શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા**
વિક્રમસંવત ૨૦૭૮ શરદ્ ગોસ્વામી
શ્રીવલ્લભાબ્દ ૫૪૩

આ ગ્રન્થના અનુવાદક

# ગોલોકવાસી ભગવદીય શ્રીનાનુલાલ ગાંધી



# અનુક્રમણિકા

**શ્રીભાગવતાર્થપ્રકરણમાં નિરૂપિત રાજસ પ્રમાણ-પ્રમેય પ્રકરણનો અર્થ તથા અધ્યાયાર્થ.**

**શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્રમાં નિરૂપિત ગુણ પ્રકરણ તથા એકાદશ સ્કન્ધના ભગવન્નામો તથા તેના પર શ્રીરઘુનાથચરણ વિરચિત નામચન્દ્રિકા ટીકાનો ગુજરાતી અનુવાદ.**

## દશમસ્કન્ધાન્તર્ગત અન્તિમ ગુણ પ્રકરણ
## (અધ્યાય ૮૨-૮૭)


**અધ્યાય ૮૨. ભગવાને દેવકજીના મૃતપુત્રો લાવી આપ્યા.** ૦૧

વસુદેવજી દ્વારા ભગવાનની સ્તુતિ. ભગવાનનો જ્ઞાનપૂર્ણ પ્રત્યુત્તર. કંસ દ્વારા વધ કરાયેલ પુત્રોનું દેવકીજીને સ્મરણ અને મૃતપુત્રોને લાવી આપવા પ્રાર્થના. ભગવાન સુતલમાં પધાર્યા. બલિરાજા દ્વારા સત્કાર અને સ્તુતિ. બલિરાજા પાસેથી અગ્રજ છ પુત્રોને લઈ ભગવાને માતાને સોંપ્યા.

**અધ્યાય ૮૩. અર્જુને કરેલું સુભદ્રાનું હરણ** ૪૭

યતિનો વેશ ધરી અર્જુને દેવદર્શન માટે દ્વારકા બહાર નીકળેલ સુભદ્રાનું હરણ કર્યું. બલદેવજીનો ક્રોધ અને ક્રોધની શાન્તિ. એક જ સમયે શ્રીકૃષ્ણ શ્રુતદેવ અને બહુલાશ્વ ના ઘરે પધર્યા. બહુલાશ્વ અને શ્રુતદેવે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી. બન્નેનું સમાધાન કરી ભગવાન્ દ્વારાકા પધાર્યા.

**અધ્યાય ૮૪. વેદસ્તુતિ.** ૮૭

શ્રુતિઓએ ભગવાનની સ્તુતિ કરી ''જીવે ભગવાનની ભક્તિ કરવી'' એમ સિદ્ધ કર્યું.

**અધ્યાય ૮૫. નિર્દોષ લક્ષ્મી ભગવાન્ પાસે જ નિત્ય રહે છે.** ૨૨૫

શિવના ભક્તો પ્રાયઃ ભોગ ભોગવે છે, વિષ્ણુ પોતાના ભક્તોને ભોગ કેમ આપતા નથી? પરીક્ષિતના આ પ્રશ્નનું સમાધાન. મહાદેવજીએ વૃકાસુરને આપેલ વરદાનનું દૃષ્ટાન્ત.

**અધ્યાય ૮૬. ગુણાધિષ્ઠાતા દેવ ત્રણ છે તેમાં વિષ્ણુ ભજનીય છે.** ૨૫૭

મનુષ્યોનો સંશય દૂર કરવા ત્રિદેવોમાં કોણ શ્રેષ્ઠ એવો ઋષિઓએ વિતર્ક કર્યો. ભૃગુ દ્વારા પરીક્ષા. ભગવાનના વક્ષસ્થલ પર ભૃગુનો પદપ્રહાર. ભગવાનની વિનમ્રતા. દ્વારકાના બ્રાહ્મણના પુત્રો જન્મતાં જ મરી જતા તેની કથા. અર્જુનની આત્મપ્રશંસા. અર્જુનના અભિમાનને દૂર કરવા

શ્રીકૃષ્ણ તેને અનન્ત પાસે લઈ ગયા. અનન્તે અવતારલીલાનું સંવરણ કરવા શ્રીકૃષ્ણને વિનન્તિ કરી. બ્રાહ્મણના મૃતપુત્રો તેને પાછા સોંપ્યા. અર્જુનને ભગવત્સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું.

**અધ્યાય ૮૭. ભગવદ્‌વૈરાગ્ય વર્ણન** ૨૯૦

દ્વારકામાં ભગવાનનો લીલાવિહાર. મહીષિ ગીતઃ ભગવાનની રાણીઓના ભગવાનમાં નિરોધનું વર્ણન. ભગવાનની પટરીણીઓ રાણીઓ અને તેમના પરિવારનું વર્ણન. યાદવોના ભગવાનમાં નિરોધનું વર્ણન. શ્રીકૃષ્ણની લીલાના શ્રવણનું માહાત્મ્ય.

# સ્કન્ધ અગિયારમો

## પ્રકરણ ૧. જીવમુક્તિ (અધ્યાય ૧ થી ૫)

**અધ્યાય ૧. યાદવકુમારોને બ્રાહ્મણોએ આપેલો શાપ.** ૩૩૭

બ્રહ્મણના શાપના બહાને પોતાના કુળના ઉપસંહાર. યાદવપુત્રો દ્વારા ઋષિઓનો ઉપહાસ અને કુળનાશનો શાપ. મુશળનો પ્રસવ.

**અધ્યાય ૨. વસુદેવજીના પૂછવાથી નારદજીએ વિદેહરાજ અને યોગેશ્વર નો સંવાદ કહ્યો.** ૩૬૩

વસુદેવજીનો નારદજીને પ્રશ્ન. ઉત્તરમાં નવ યોગેશ્વર અને વિદેહરાજ નિમિ વચ્ચે થયેલ ભગવદ્‌ધર્મ વિષયક સંવાદ સંભળાવ્યો. યોગેશ્વર કવિ તથા હરિ દ્વારા ઉપદેશ.

**અધ્યાય ૩. માયા અને એને તરવાનો ઉપાય, ભગવત્સ્વરૂપ તથા કર્મનો પ્રશ્ન અને ઉત્તર.** ૪૧૨

માયા વિષયક પ્રશ્ન અને યોગેશ્વર અન્તરિક્ષ નો ઉત્તર. માયાને તરવાના ઉપાય વિષયક પ્રશ્ન અને યોગેશ્વર પ્રબુદ્ધ દ્વારા તેનો ઉત્તર. 'નારાયણ' વિષયક પ્રશ્ન અને યોગેશ્વર પિપ્પલાયન દ્વારા તેનો ઉત્તર. કર્મયોગ વિષયક પ્રશ્ન અને યોગેશ્વર આવિર્હોત્ર દ્વારા તેનો ઉત્તર.

**અધ્યાય ૪. ભગવાનના અવતારોનું વર્ણન** ૪૬૦

ભગવાનના ભૂત-વર્તમાન-ભાવી અવતારલીલા વિષયક પ્રશ્ન અને યોગેશ્વર દ્રુમિલ દ્વારા તેનો ઉત્તર.

**અધ્યાય ૫. ભક્તિરહિત લોકોની દુર્ગતિ તથા ભગવત્પૂજાનો વિધિ.** ૪૮૭

ભક્તિરિહત લોકોની ગતિ વિષયક પ્રશ્ન અને યોગેશ્વર ચમસ દ્વારા તેનો ઉત્તર....

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધનો

# શ્રીભાગવતાર્થ પ્રકરણ

(ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અનુદિત શ્રીભાગવતાર્થ પ્રકરણમાંથી સંકલિત)

## સ્કન્ધ દશમો : નિરોધ

### ૫. ગુણપ્રકરણ.

### (અધ્યાય ૮૨-૮૭)

**હરિણા કેવલેનૈવ ધર્મેણૈવાખિલં કૃતમ્ ।।**
**ઈતિ સંશયનાશાય ગુણાનાં પ્રક્રિયોચ્યતે ।।૪૧૮।।**

કેવલ હરિએ જ (અથવા) માત્ર ગુણથી જ સર્વ (નિરોધ) કરેલ છે, એવી શંકાનો નાશ કરવા ગુણોનું આ પ્રકરણ કહેવામાં આવે છે.

'કેવલ' એટલે ભગવાનના ગુણો વિનાના હરિએ જ આ સર્વ નિરોધ કરેલો, અથવા માત્ર ભગવાનના ગુણે જ આ સર્વ નિરોધ કરેલો, એવી શંકા દૂર કરવી એ આ ગુણપ્રકરણમાં પ્રયોજન છે.

**નિર્ધર્મકો વા ભિન્નો વા નિરોધં કુરુતે યદિ ।।**
**તદા વ્યર્થં સમસ્તં સ્યાદ્ ઈતિ ષડ્ગુણવર્ણનમ્ ૪૧૯।।**

ગુણ વિનાનાએ અથવા તેમનાથી જુદા કોઈએ જો નિરોધ કરેલ હોય તો સર્વ વ્યર્થ થાય, તેથી ભગવાનના છ ગુણોનું વર્ણન કરેલું છે.

ઐશ્વર્ય વગેરે છ ગુણો વિનાનાએ કોઈએ નિરોધ કરેલ હોય, તો તે સર્વ માયિક હોય અને તેથી તેનાથી કાંઈ ફલ પ્રાપ્ત ન થાય. વળી જો અન્તર્યામી અથવા કોઈ દેવમાં પ્રવેશ કરેલ ભગવાનના ગુણે જ નિરોધ કરેલો હોય, તો તેના શ્રવણથી મુખ્ય ફલ પ્રાપ્ત ન થાય અને તેથી આ સર્વ લીલા નિરર્થક થાય.

**યેનૈતાવત્કૃતં સર્વં સ કૃષ્ણો ભગવાન્ પરઃ ।।**
**ઈતિ દર્શયિતું ષડ્ભિઃ અધ્યાયૈઃ ષડ્ગુણાન્ જગૌ ।।૪૨૦।।**

જેમણે આટલું કરેલ છે તે શ્રીકૃષ્ણ સર્વને વશ રાખનાર ભગવાન્ છે એમ દર્શાવવા છ અધ્યાયોથી તેમના છ ગુણો શુકે ગાયેલા છે.

તેથી ભગવાનના છએ ગુણો જેમનામાં છે તેવા સર્વને વશ રાખનાર ભગવાન્ શ્રીકૃષ્ણે જ આ સર્વ નિરોધ કરેલો છે એમ દર્શાવવા, આ પ્રકરણના છ અધ્યાયોમાં શ્રીકૃષ્ણના છ ગુણો શુકે ગાયેલા છે.

**અધ્યાય ૮૨. ઐશ્વર્ય :**

**ઐશ્વર્યેણ સમગ્રેણ પ્રથમં જ્ઞાનદો હરિઃ ।।**
**પ્રશ્ચાત્ પુત્રપ્રદશ્ચાપિ બાહ્યાભ્યન્તરભેદતઃ ।।૪૨૧।।**

સર્વ ઐશ્વર્યથી હરિ; બહારના અને અંદરના ભેદથી, પ્રથમ જ્ઞાન આપનાર અને પછી પુત્ર લાવી આપનાર પણ થયેલ છે.

આ અધ્યાયમાં વસુદેવ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે(શ્લો.૧-૨૦), પછી શ્રીકૃષ્ણ તેમને જ્ઞાનનો ઉપદેશ કરે છે(શ્લો.૨૧-૨૫). ત્યાર પછી દેવકીજી તેમને પોતાના કંસે હણેલ પુત્રો દેખાડવાની પ્રાર્થના કરે છે(શ્લો.૨૭-૩૩), અને શ્રીકૃષ્ણ તેઓને દેવકીજી પાસે લાવે છે(શ્લો.૩૪-૫૩). તેથી આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ પ્રથમ વસુદેવને જ્ઞાન આપી આનન્દનું દાન કરે છે. આ અંદરનો આનન્દ છે. પછી દેવકીજીને પુત્રો લાવી આપી આનન્દ કરાવે છે. આ બહારનો આનન્દ છે.

**જ્ઞાનેનાન્તર આનન્દઃ પુત્રાદિભ્યસ્તથા બહિઃ ।।**
**પિતૃમાતૃવિભેદેન વૈદિકં લૌકિકં તથા ।।૪૨૨।।**
**ઐશ્વર્યભક્તિસિદ્ધ્યર્થં પ્રકટીકૃતવાન્ હરિઃ ।।**

જ્ઞાનથી અંદરનો આનન્દ થાય છે, અને પુત્રો વગેરેથી બહારનો આનન્દ થાય છે. ઐશ્વર્યથી ભક્તિ પ્રાપ્ત થાય તે માટે પિતા અને માતાના ભેદથી હરિએ વૈદિક અને લૌકિક આનન્દ પ્રકટ કર્યો.

પિતા તથા માતાને ભક્તિ પ્રાપ્ત થાય તે માટે શ્રીકૃષ્ણે પોતાના ઐશ્વર્ય ગુણથી પિતાને જ્ઞાન આપીને અને માતાને પુત્રો લાવી આપીને તેમને અનુક્રમે વૈદિક તથા લૌકિક આનન્દ પ્રાપ્ત કરાવ્યા.

**ગુરુત્વં દેવતાત્વં વા ન સ્વીકૃત્ય સુતત્વતઃ ।।૪૨૩।।**
**તદુક્તમેવ નિખિલં સર્વં બ્રહ્મેતિ બોધિતમ્ ।।**

ભગવાને પોતામાં પુત્રપણું હોવાને લીધે, ગુરુપણાંનો અથવા દેવપણાંનો સ્વીકાર કર્યા વિના વસુદેવે કહેલું સર્વ સ્વીકારીને, ''સર્વ બ્રહ્મ છે'' એવો તેમને બોધ કર્યો.

ભગવાન્; વસુદેવને જ્ઞાન આપવા છતાં, પોતે ગુરુ અથવા દેવ હોવાનું જણાવતા નથી. પોતે પુત્ર જ હોવાની સ્થિતિમાં રહી, વસુદેવે કહેલ તે બધું યોગ્ય જ હોવાનું જણાવી તેમને અખંડ અદ્વૈતનો બોધ કરે છે.

**ક્વચિત્તુ બ્રહ્મભાવો હિ ખંડજ્ઞાનમિહોચ્યતે ।।૪૨૪।।**
**લોકેઽધુના તદેવાસ્તે જીવેશ્વરવિભેદતઃ ।।**

અહીં કોઈ સ્થલે તો ખંડજ્ઞાનને બ્રહ્મભાવ કહેવામાં આવે છે. હાલમાં લોકમાં

જીવ અને ઈશ્વરમાં ભેદને લીધે તે જ મત પ્રવર્તે છે.

જૈમિનિ, બોધાયન વગેરેના સૂત્રોમાં કોઈ-કોઈ સ્થલે ખંડજ્ઞાનને જ બ્રહ્મવાદ જણાવેલ છે. લોકમાં પણ તેવી જ રીતે રામાનુજ, મધ્વ વગેરે જીવ અને ઈશ્વરમાં ભેદ હોવાનું કહે છે. રામાનુજના મત પ્રમાણે જીવ અને જડ (ચિત્ અને અચિત્) ઈશ્વરનો દેહ છે, અને ઈશ્વર તેમના આત્મા છે. મધ્વાચાર્ય તો જીવ અને ઈશ્વર તદ્દન જુદા જ હોવાનું માને છે.

**માયાવિનસ્તુ મન્યન્તે જીવમાત્માનમીદશમ્ ।।૪૨૫।।**
**વસુદેવોક્તમખિલં વૈષ્ણવાઃ પુરુષોત્તમમ્ ।।**
**વસ્તુતો યાદશં સર્વં તત્કૃષ્ણેન નિરૂપ્યતે ।।૪૨૬।।**

માયાવાદીઓ તો જીવાત્માને બ્રહ્મ માને છે. વૈષ્ણવો; વસુદેવે કહેલું સર્વ પુરુષોત્તમ(બ્રહ્મ) હોવાનું માને છે. વાસ્તવિક રીતે જેવું સર્વ છે તે શ્રીકૃષ્ણે જણાવેલ છે.

માયાવાદીઓ તો જીવ જ બ્રહ્મ છે એમ માને છે. વૈષ્ણવશાસ્ત્ર પંચરાત્રમાં વસુદેવે આ અધ્યાયમાં ભગવાનની સ્તુતિ કરતાં જે કહેલ છે તે વાસ્તવિક મત હોવાનું કહેલ છે, પરન્તુ ભગવાને વસુદેવને આ અધ્યાયમાં ૨૩ મા શ્લોકથી આરંભી જે બોધ કરેલ છે તે જ વાસ્તવિક સિદ્ધાન્ત છે.

**અતિદેશપ્રકારેણ સ્થાપિતં ચાપિ વૈષ્ણવમ્ ।।**
**દષ્ટાન્તાર્થં યતઃ સાધુઃ જીવોઽપ્યેતેન સિદ્ધ્યતિ ।।૪૨૭।।**

વળી દષ્ટાન્ત માટે વૈષ્ણવ મત (બીજાને) પણ લાગુ પાડી તેનું સ્થાપન કરેલું છે, તેથી આથી જીવ પણ શુદ્ધ હોવાનું સિદ્ધ થાય છે.

વસુદેવે જણાવેલ વૈષ્ણવ મત શ્લો.૨૨ માં કબૂલ રાખી, શ્લો.૨૩ માં તે બીજાઓને લાગુ પાડેલ છે. તેથી વૈષ્ણવ મતનું પણ સ્થાપન કરેલું છે. તેથી જીવ પણ બ્રહ્મ પેઠે શુદ્ધ હોવાનું સિદ્ધ થાય છે.

**એતેન સર્વવેદાનામ્ અર્થો જ્ઞાનાધિકારતઃ ।।**
**પ્રચ્યુતાનામ્ ઈશ્વરત્વ-બલાદેવ નિરૂપિતઃ ।।૪૨૮।।**

આથી જ્ઞાન પ્રાપ્ત કરવાના અધિકારથી ભ્રષ્ટ થયેલાઓને સર્વ વેદોનો અર્થ ઈશ્વરપણાનાં બલથી જ જણાવ્યો.

ઈશ્વર 'કર્તુમ્' એટલે સાધન વિના પણ ફલદાન કરવા, 'અકર્તુમ'-ફલ પ્રાપ્ત કરવાનાં સર્વ સાધનો કરેલાં હોય છતાં પણ ફલ પ્રાપ્ત થવાનું અટકાવવા, અને 'અન્યથાકર્તુમ્'-સાધનથી વિરુદ્ધ કરવા, અથવા જેણે ફલ પ્રાપ્ત ન થાય તેવાં જ કાર્ય કરેલ હોય તેવાને પણ ફલદાન કરવા શક્તિવાળા છે.

વસુદેવ પોતાની સ્તુતિમાં ચોથા શ્લોકથી આરંભી જે રૂપો કહે છે તે બધાં ભગવાને ધારણ કરેલાં છે. ભગવાન્ સર્વનાં કારણ છે, અને સર્વને વશ રાખનારા અને સર્વ શક્તિવાળા છે. વસુદેવે કહ્યું તે સર્વ સ્વીકારી, પોતે વસુદેવના પુત્ર જ હોવાનું જણાવી, ભગવાને એવો બોધ કરેલ છે કે પદાર્થ માત્ર બ્રહ્મ છે અને જુદા-જુદા જણાતા હોવા છતાં એક જ છે. હરકોઈ એક જેને જુદાં-જુદાં રૂપો ધારણ કરવાનું સાધન ન હોય તે જુદા-જુદા રૂપ ધારણ કરી શકે નહિ. વળી જુદા-જુદા રૂપો ધારણ કરવાનાં સાધન હોય અને જુદા-જુદા રૂપો ધારણ કરેલ હોય, તે સર્વ રૂપો એક પણ થઈ ન શકે, તેમજ જે પ્રકારનાં સાધન હોય તેથી વિરુદ્ધ પ્રકારનું પણ થઈ ન શકે. ભગવાને તો એવાં સર્વ કાર્યનો સાક્ષાત્કાર કરાવ્યો અને તેથી શ્લો.૨૬ માં જણાવ્યા પ્રમાણે વસુદેવને ફલ પણ પ્રાપ્ત થયું, તેમની ભેદબુદ્ધિ જતી રહી. એ પ્રમાણે વસુદેવને ભગવાને સર્વ વેદોનો અર્થ પોતાના ઈશ્વરપણાના બલથી જ જણાવી તેમને જ્ઞાન આપ્યું. આથી ભગવાનનો ઐશ્વર્યગુણ શ્રીકૃષ્ણમાં હોવાનું સિદ્ધ થાય છે.

**ગુરુપુત્ર ઈવાત્રાપિ કાલગ્રસ્તા વિમોચિતાઃ ।।**
**ષડેતે ષડ્ગુણત્વાય દેવકીસુતદેહિનઃ ।।૪૨૯।।**
**સમાનત્વનિવૃત્ત્યર્થં સ્નેહસ્તસ્યાસ્તુ વર્ણ્યતે ।।**

ગુરુના પુત્રની પેઠે અહીં પણ કાલે ગળેલાને મુક્ત કરાવેલા છે. આ છ-છ ગુણરૂપ થાય તે માટે તેઓએ દેવકીજીના પુત્રના દેહ ધારણ કરેલા. તેઓ સમાન વયવાળા ન રહે તે માટે દેવકીજીના સ્નેહનું વર્ણન કરેલું છે.

ભગવાન્ મૃત્યુ પામેલા ગુરુપુત્રને લઈ આવેલા તેવી જ રીતે આ છ દેવકીજીના પુત્રોને લઈ આવેલા. તેમને ભગવાન્ લેવા ગયેલા ત્યારે તેઓ સમાન વયવાળા હતા, પરન્તુ જ્યારે કાલે તેમનું ભક્ષણ કરેલું ત્યારે તે દરેકનું જેટલું વય હતું તેટલા વયના તે દરેકને કરીને લઈ આવ્યા. જેથી દેવકીજીને તેમને માટે સ્નેહ થાય. આ દેવકીજીના સ્નેહનું વર્ણન શ્લો.૫૩-૫૪ માં કરેલું છે. કાલે ભક્ષણ કરેલા આ દેવકીજીના પુત્રોને માત્ર પોતાના સ્પર્શથી પોતાનાં દર્શન કરાવી, બીજો અવતાર લેવરાવ્યા વિના જ ભગવાને મુક્ત કર્યા, અને દેવકીજીને સ્નેહ ઉત્પન્ન કરાવે તેવું, તેમનું કાલે ભક્ષણ કર્યું ત્યારે જેવું રૂપ હતું, તેવું જ પ્રાપ્ત કરાવ્યું. એ પ્રમાણે ભગવાને ક્રિયાથી પોતાનું ઐશ્વર્ય જણાવ્યું. આ છ પુત્રો ગુણરૂપ થાય, દેવકીજીના છ શત્રુઓના સમૂહને દૂર કરે તે માટે જ, યોગમાયા તેમણે નિંદ્ય કર્મ કરેલ હોવા છતાં તેમને દેવકીજીનાં ઉદરમાં લઈ ગયેલી (શ્લો.૪૯ શ્રીસુબોધિની સાથે).

**નન્દાદિવદ્ ઈદાનીં હિ દેવક્યપિ પુરા સ્થિતા ।।૪૩૦।।**
**અતઃ સ્નેહદશાયાં હિ સ્તન્યં નિત્યં હરિઃ પપૌ ।।**

**પીતશેષમ્ અતઃ પ્રોક્તં વૈષ્ણવત્વાય મુક્તયે ॥૪૩૧॥**

હાલ નન્દ વગેરેની પેઠે પહેલાં દેવકીજી પણ નિરોધવાળાં જ હતાં. તેથી ભગવાન્ ઉપરના સ્નેહવાળી તેમની સ્થિતિ હોય ત્યારે હરિ સદા તેમના ધાવણનું પાન કરતા. તેથી તેઓ મુક્ત થાય તે માટે વૈષ્ણવ થયેલા એમ જણાવવા ''પાન કરતાં વધેલું'' એમ કહેલું છે.

કુરુક્ષેત્રમાં નન્દ વગેરેને ભગવાનનાં દર્શન થયેલાં ત્યારે તેમનો પૂર્ણ નિરોધ થયેલો, તેવી જ સ્થિતિમાં આ સમયે પણ તેઓ હતા. તેવી જ રીતે દેવકીજીનો પણ (ભગવાન્ ગોકુલમાં તેમની પાસે બાલક તરીકે હતા ત્યારે) પૂરો નિરોધ થયેલો. તેથી વિરહ સમયે પણ જ્યારે-જ્યારે તે ભગવાનને સંભારી તેમના ઉપર સ્નેહ કરતાં, ત્યારે-ત્યારે ભગવાન્ પ્રકટ થઈ તેમના ધાવણનું સદા પાન કરતાં તેથી ''ભગવાન્ ૧૧ વર્ષના થયા પછી; વ્રજમાંથી દેવકીજી હતા ત્યાં, મથુરા પધારેલા હોવાથી, તેમણે દેવકીજીનાં ધાવણનું પાન કરેલ હોવાનું સમ્ભવતું ન જ હોવાથી શ્લો.૫૫માં 'ગદા ધારણ કરનારે પાન કરતાં વધેલું દેવકીજીનું અમૃતમય ધાવણ પીને એમ કહેલું છે તે સમ્ભવતું નથી'' એવી શંકા અસ્થાને છે.

**પ્રાકૃતત્વદશાયાં વા સદ્યઃ પીતં વિનિર્ગમે ॥**
**ઉચ્છિષ્ટભોજિનો માયાં તરુત્યેવ ન સંશયઃ ॥૪૩૨॥**
**એવમૈશ્વર્યચરિતમ્ એકેન વિનિરૂપિતમ્ ॥**

અથવા મથુરાથી ગોકુલ પધારવા નીકળતી વખતે પ્રાકૃત બાલકની અવસ્થામાં ભગવાને ધાવણનું તરત જ પાન કરેલ. ઉચ્છિષ્ટનું ભોજન કરનારાઓ માયાને તરી જાય છે જ તેમાં સંશય નથી. એવી રીતે એક અધ્યાયથી ઐશ્વર્યથી કરેલ ચરિત કહ્યું.

અથવા ભગવાને જ્યારે મથુરાથી ગોકુલ પધારતી વખતે પોતાનું ચાર ભુજાઓવાળું સ્વરૂપ સંકેલી લઈ પ્રાકૃત બાલકનું રૂપ ધારણ કર્યું, તે સમયે તરત જ દેવકીજીનાં ધાવણનું પાન કરેલું. તેથી દેવકીજીનાં કંસે હણેલા છ પુત્રોને ભગવાન્ કાલ પાસેથી લઈ આવ્યા અને દેવકીજીને સ્નેહ ઉત્પન્ન થતાં તેમને ધવરાવ્યા, ત્યારે તેમને ભગવાને પાન કરતાં વધેલાં ધાવણનું પાન પ્રાપ્ત થયું, તેથી શ્લો.૫૫ માં એ પ્રમાણે કહેલું છે. ભગવાનનાં ઉચ્છિષ્ટનું ભોજન કરનાર ભગવાનની માયાને તરી જાય છે તેમાં કાંઈ સંશય નથી. તેથી આ છ ની મુક્તિ થઈ એ પ્રમાણે ભગવાને ઐશ્વર્ય ગુણથી કરેલ ચરિતનું આ અધ્યાયમાં વર્ણન કરેલું છે.

**અધ્યાય ૮૩ :**

**તતો વીર્યકથાં પ્રાહ તથૈવૈકેન સા ત્રિધા ॥૪૩૩॥**
**એતેષાં સંગતિઃ ષણ્ણાં ન પરસ્પરમ્ ઉચ્યતે ॥**

**ગુણત્વાય કથાપક્ષઃ પૂર્વમેવ નિવારિતઃ ||૪૩૪||**

તેવી જ રીતે વીર્યની કથા એક અધ્યાયથી કહેલી છે. તે ત્રણ પ્રકારની છે. આ છ ગુણો છે એમ જણાય તેથી તેઓની પરસ્પર સંગતિ કહેલી નથી. કથામાં સંગતિ હોવાનો મત ખોટો હોવાનું પહેલાં જ જણાવેલું છે.

આ અધ્યાયમાં શ્રીકૃષ્ણનાં વીર્યની કથા કહેલી છે. તે પણ ઐશ્વર્યની કથા પેઠે ત્રણ પ્રકારની છે. આ કથામાં પરસ્પર સંગતિ હોવાનું કહેલ નથી. છ જુદા-જુદા ગુણોની કથા કહેવાની, એટલે તેમાં સંગતિ ન જ હોય. કથામાં પણ સંગતિ નથી એમ પહેલા સ્કન્ધના નિબન્ધના આરંભમાં જ જણાવેલ છે. તેવી રીતે આ ગુણ પ્રકરણમાં પણ ગુણોનું નિરૂપણ કરેલું છે, પરન્તુ સંગતિ ઇચ્છેલી નથી.

**બુદ્ધિવીર્યં ક્રિયાવીર્યં ક્રિયા ચ દ્વિવિધા મતા ||**
**સિદ્ધમાત્માનમેકં હિ દ્વિરૂપં કુરુતે યતઃ ||૪૩૫||**
**અતર્ક્યભાવમ્ આપન્નઃ તથાઽન્યેષાં ચ તાન્ પ્રતિ ||**

૧. બુદ્ધિનું વીર્ય અને ૨. ક્રિયાનું વીર્ય કહેલા છે. ક્રિયા બે પ્રકારની મનાયેલી છે. કારણ કે એક નિશ્ચિત થયેલા, ચિન્તન થઈ ન શકે તેવી સ્થિતિવાળા (ભગવાન્) પોતાને બે સ્વરૂપવાળા કરે છે તેવી રીતે બીજાઓને પણ તેઓ પ્રતિ તેવા કરે છે.

આ અધ્યાયમાં બુદ્ધિનું વીર્ય અને ક્રિયાનું વીર્ય એવા બે પ્રકારનું ભગવાનનું વીર્ય દર્શાવેલ છે. તેમાં ક્રિયાનું વીર્ય બે પ્રકારનું દર્શાવેલ છે, કારણ કે ભગવાન્ પોતાનાં એક જ સ્વરૂપને બે સ્વરૂપવાળું દર્શાવે છે અને તેવી રીતે કોઈથી ચિન્તન થઈ ન શકે તેવું પોતાનું અલૌકિક વીર્ય દર્શાવેલ છે. વળી દરેક મુનિ પણ એક જ હોવા છતાં તેઓ એટલે મિથિલાના વતનીઓને બ-બે જણાય તેમ ભગવાન્ કરે છે.

**માયાવિવાહે ભગવાન્ બુદ્ધિવીર્યં ચકાર હ ||૪૩૬||**
**માયા તુ ત્રિવિધા પ્રોક્તા શક્તિર્વૈ વાસુદેવગા ||**

અહો ! માયાના વિવાહમાં ભગવાને બુદ્ધિનું વીર્ય કર્યું (દર્શાવેલ) છે. વાસુદેવમાં રહેલી શક્તિ માયા તો ખરેખર ત્રણ પ્રકારની કહેલી છે.

સુભદ્રાના વિવાહમાં ભગવાને બુદ્ધિનું વીર્ય દર્શાવેલ છે. સુભદ્રા માયા હતી. ભગવાનની માયા નીચે જણાવેલ ત્રણ પ્રકારની છે.

**અધિભૂતા સમસ્તાનાં મોહિકૈવ સ્થિતા ભુવિ ||૪૩૭||**
**માયાવતી તુ કામસ્ય દ્વિતીયા વિનિરૂપિતા ||**
**દૈવિકી ત્વિયમાખ્યાતા પતિસ્તસ્યાઃ સ્વય હરિઃ ||૪૩૮||**

૧. ભૂતલ ઉપર રહેલી આધિભૌતિક માયા સર્વને મોહ કરનારી જ છે. ૨. બીજી આધ્યાત્મિક માયા તો કામની પત્ની માયાવતી કહેલી છે. ૩. આ સુભદ્રા તો આધિદૈવિક માયા કહેલી છે. ભગવાન્ પોતે તેના પતિ છે.

આધિદૈવિક માયાનો પતિ ભગવાન્ સિવાય બીજો કોઈ હોઈ ન શકે. સુભદ્રા જ આધિદૈવિક માયા હતી.

**ઈશ્વરત્વાત્તુ દાસી સા કન્યૈવ ભવિતું ક્ષમા ।।**
**સા પુનર્દેવકીમોહાત્ તસ્યાં જાતા નિજેચ્છયા ।।૪૩૯।।**

ભગવાન્ તેના નાથ હોવાથી તે તેમની દાસી કન્યા રહેવા જ યોગ્ય હતી, છતાં ભગવાનની ઈચ્છાથી દેવકીના મોહને લીધે તે તેમનાથી જન્મી.

ભગવાનની ઈચ્છાથી માયા સુભદ્રા તરીકે દેવકીથી જન્મી (જુઓ ૯।૨૪। ૫૫ અને ૧૦।૪।૪ થી ૭). કારણ કે દેવકીને કન્યા પ્રાપ્તિનો મોહ થયેલો.

**તસ્યા ભોક્તા ન વૈ જીવો ભગવાન્ પુરુષોત્તમઃ ।।**
**સમ્બન્ધાન્નૈવ ભોક્તા સ્યાત્ લોકદોષાન્ન કન્યકા ।।૪૪૦।।**
**સર્વદા સ્થાતુમુચિતા વેદસ્તસ્યા ન યુજ્યતે ।।**

જીવ ખરેખર તેનો ભોગ કરનાર ન જ હોય. સમ્બન્ધને લીધે ભગવાન્ પુરુષોત્તમ તેનો ભોગ કરનાર ન જ થાય. લોકનો દોષ થવાને લીધે તે સદા કન્યા રહેવા યોગ્ય ન હતી. વેદ તેને અનુકૂલ ન હતો.

આ આધિદૈવિક માયાના પતિ ભગવાન્ હોવાથી, કોઈ જીવ તેનો ભોગ કરી ન જ શકે. ભગવાન્ તેના ભાઈ થતા હોવાથી, ભગવાન્ પણ તેનો ભોગ કરી ન જ શકે. તે સદા કન્યા(કુંવારી) જ રહે તો લોકમાં તે દોષરૂપ થાય, તેથી તે સદા કુંવારી લોકમાં રહી શકે નહિ. વેદસ્તુતિમાં વેદે 'જહ્યજામ્' ''માયાને હણો'' ૧૦।૮૪। ૧૪, એવી ભગવાનને પ્રાર્થના કરેલી હોવાથી વેદ પણ તેને અનુકૂલ ન હતો.

**અતો વિવાહઃ કઠિનો લોકોઽપ્યત્ર ન દુષ્યતિ ।।૪૪૧।।**
**અત આવેશિનં કૃષ્ણં નરં પ્રવ્રાજીનં તથા ।।**
**વેષાત્ પાષણ્ડિનં કૃત્વા ચૌર્યેણૈતાં દદૌ હરિઃ ।।૪૪૨।।**

તેથી સુભદ્રાનો વિવાહ થવો કઠણ હતો. આ વિષયમાં લોકનો પણ દોષ ન લાગે તે માટે શ્રીકૃષ્ણના આવેશવાળા તેમ જ ભટકતા અર્જુનને (સન્યાસીના) વેશથી પાખંડી કરીને ભગવાને આને છૂપી રીતે આપી.

તેથી સુભદ્રાનો વિવાહ થવો કઠણ હતો. લોકનો દોષ ન લાગે તે માટે ભગવાને પોતાના આવેશવાળા અર્જુનને પાખંડી બનાવી સંન્યાસીનો વેશ ધારણ કરાવી સુભદ્રા તેને છૂપી રીતે આપી.

**બલસ્તુ મૂલવાર્તાં હિ ગૃહે *ગુપ્તાંશસંયુતઃ ।।**

---

*'ગુપ્તામસંયુતઃ' પાઠ હોવો જોઈએ -યોજના). જે પાઠ હોવાનું જણાવે છે તે બરાબર લાગે છે, તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

**ન જાનાતિ તતઃ ક્રુદ્ધઃ કૃષ્ણેન ચ નિવારિતઃ ।।૪૪૩।।**

શ્રીકૃષ્ણ સાથે ન ભળેલા બલભદ્ર તો ઘરમાં છૂપી રાખેલ મૂલ માયાની વાર્તા જાણતા ન હતા. તેથી તેમને ક્રોધ થયો. અને શ્રીકૃષ્ણે તેમને અર્જુનનો વધ કરતાં અટકાવ્યા.

શ્રીકૃષ્ણ સાથે ભળેલા ન હોવાથી બલભદ્ર જાણતા ન હતા કે સુભદ્રા આધિદૈવિક માયા છે, અને તેને ઘરમાં છૂપી રાખેલી છે. તેથી અર્જુને તેનું હરણ કરતાં તેમને ક્રોધ થયો, અને તે અર્જુનનો વધ કરવા તૈયાર થયા (શ્લો.૧૧ ઉપરનાં સુબોધિની). શ્રીકૃષ્ણે તેમને સમજાવી તેમ કરતાં અટકાવ્યા.

**એતદ્‌બુદ્ધિબલં પ્રોક્તં યેન લોકેઽપિ સમ્મતિઃ ।।**

આ બુદ્ધિનું બલ કહેલું છે, જેને લીધે લોકની પણ વિવાહમાં સમ્મતિ થઈ.

ભગવાને એવી રીતે સુભદ્રાનો વિવાહ કરવામાં પોતાની બુદ્ધિનું બલ દર્શાવ્યું તેને લીધે લોકમાં પણ આ વિવાહ યોગ્ય જ મનાયો.

**જનકઃ શ્રુતદેવશ્ચ ભગવદ્વીર્યબોધકૌ ।।૪૪૪।।**
**પ્રાર્થનાં ચક્રતુરતો દ્વિરૂપોઽભૂત્ તદિચ્છયા ।।**

ભગવાનનું વીર્ય જણાવનાર જનક અને શ્રુતદેવ છે. તેઓએ પોતાના ઘેર પધારવા ભગવાનને પ્રાર્થના કરી, તેથી ઈચ્છાથી ભગવાન્ બે રૂપવાળા થયા.

ભગવાનનું ક્રિયાનું વીર્ય જણાવનાર જનક અને શ્રુતદેવ છે. તે બન્નેએ ભગવાનને પોતાને ઘેર પધારવાની પ્રાર્થના કરી (શ્લો.૨૫), તેથી ભગવાને તેઓની તેવી ઈચ્છા પૂર્ણ કરવા તેઓ ન જાણે તેમ પોતાનાં બે સ્વરૂપો કર્યા અને તે બન્ને ઘેર એકજ સમયે પધાર્યા(શ્લો.૨૬ સુબો.)

**મુનીનાં ચ દ્વિરૂપત્વં તેષાં સ્મૃત્યા ચ સમ્મતમ્ ।।૪૪૫।।**
**ન ચ તે દ્વિવિધા જાતા નાપિ કૃષ્ણસ્તથાઽભવત્ ।।**
**કિન્તુ કૃષ્ણેચ્છયા જાતાઃ તેષાં ચાપ્યત્ર વિસ્મયઃ ।।૪૪૬।।**
**અતઃ ક્રિયાબલં પ્રોક્તં યથા સ્વપ્ને તથાઽભવત્ ।।**

અને મુનિઓના પણ તેઓની બુદ્ધિથી જાણેલાં બે રૂપ થયા. છતાં તેઓ બે પ્રકારના (બે સ્વરૂપવાળા) થયા ન હતા, તેમજ શ્રીકૃષ્ણ પણ તેવા થયા ન હતા. પરન્તુ શ્રીકૃષ્ણની ઈચ્છાથી તેવા થયા. આ વિષયમાં તેઓને પણ વિસ્મય થયો. તેથી આને ક્રિયાનું વીર્ય કહેલું છે. જેમ સ્વપ્નમાં થાય તેવું થયું.

જનક અને શ્રુતદેવ બન્નેને ઘેર ભગવાન્ ઋષિઓ સાથે જવા નીકળ્યા. જે સ્થળે તે બેને ઘેર જવાના રસ્તા જુદા પડે ત્યાં ભગવાન્ તથા ઋષિઓ ના બે સમૂહો થયા, એક સમૂહ રાજાને ઘેર પધાર્યો, તેમાં ભગવાન્ પોતે હતા અને

મુનિરૂપ પણ ભગવાન્ જ થયેલા. બીજો સમૂહ શ્રુતદેવને ત્યાં પધાર્યો તેમાં ભગવાન્ પોતે હતા અને ભગવાન્ સાથે નીકળેલા મુનિઓ હતા. આવા બે સમૂહ ત્યાંથી થયા. આ પરન્તુ જનકના, શ્રુતદેવના અથવા મુનિઓના પણ જાણવામાં આવ્યું નહિ. છતાં જનક અને શ્રુતદેવ બન્નેને ઘેર અમે ગયેલા અને બન્નેને ઘેર શું થયેલ તે મુનિઓની બુદ્ધિમાં આવેલું. આથી મુનિઓને પણ આશ્ચર્ય થયું. તેથી ભગવાન્ અથવા મુનિઓ કોઈના બે જુદાં-જુદાં સ્વરૂપો થયેલા નહિ પરન્તુ જે સ્વરૂપથી ભગવાન્ રાજાને ઘેર પધારેલ તે જ સ્વરૂપથી તે જ સમયે તે શ્રુતદેવને ઘેર પણ પધાર્યા. વળી મુનિઓના સ્વરૂપથી ભગવાન્ રાજાને ઘેર પધારેલા અને મુનિઓ ભગવાન્ સાથે તે જ સમયે શ્રુતદેવને ઘેર પધારેલા (શ્લો.૨૬ સુબોધિની). એવી રીતે ભગવાનની ક્રિયાનું વીર્ય અહીં કહેલું છે. જેવું સ્વપ્નમાં જોવામાં આવે તેવો અહીં સત્ય વૃત્તાન્ત થયો.

**એકત્રાવસ્થિતઃ કાલમ્ અન્યત્રૈકં દિનં તથા ।।૪૪૭।।**
**અગ્રે કાલદ્વયં તુલ્યં તેન સર્વસ્ય વિસ્મયઃ ।।**

જેમ બીજા સ્થળે એક દિવસ રહ્યા તેમ પહેલા સ્થળે કેટલોક સમય રહ્યા. પછી (તે) બે સમય સરખા થયા, તેથી સર્વને વિસ્મય થયો.

ભગવાન્ વિદેહને ઘેર કેટલાક દિવસો સુધી રહ્યા (શ્લો.૩૬-૩૭) અને શ્રુતદેવને ઘેર એક દિવસ જ રહ્યા (શ્લો.૩૮-૫૯). છતાં ભગવાન્ ત્યાંથી દ્વારકા પાછા પધારતાં આ બન્ને સમય એક સરખા થયા (શ્લો.૫૯). એક દિવસ શ્રુતદેવને ત્યાં રહ્યા, તેટલા જ સમયમાં વિદેહને ત્યાં ઘણા દિવસો થઈ ગયા, તેથી સર્વને વિસ્મય થયો.

**એતદર્થં તુ મુનયઃ સહ નીતાઃ સ્વપૌરુષમ્ ।।૪૪૮।।**
**પ્રદર્શિતા યતઃ સર્વે તદ્વાક્યાદ્ વીર્યવેદિનઃ ।।**

આ પ્રયોજનથી તો મુનિઓને ભગવાને પોતાની સાથે લીધેલા અને પોતાનું પુરુષાતન દર્શાવેલું, કારણકે તેમનાં વચનોથી સર્વ ભગવાનનું વીર્ય જાણે.

પોતાનું વીર્ય લોકોને મુનિઓ જણાવે તે માટે જ ભગવાને તેઓને પોતાની સાથે લીધેલા અને પોતાનું વીર્ય જણાવેલું.

**અધ્યાય ૮૪ :**

**શ્રુતિગીતા યશઃ પ્રાહ સર્વસન્દેહવારિકા ।।૪૪૯।।**

સર્વ સન્દેહોનું નિવારણ કરનારી શ્રુતિગીતાએ ભગવાનનો યશ કહેલો (ગાયેલો છે).

શ્રુતિગીતા ભગવાનના સમ્બન્ધમાં સર્વસન્દેહોનું નિવારણ કરે છે અને

ભગવાનના યશનું ગાન કરે છે.

**લૌકિકં ચેદ્ યુક્તિસિદ્ધં કર્તૃત્વાદિ ભવેદ્ હરેઃ ।।**
**અલૌકિકસ્ય કરણાદ્ યશો જાતમ્ અલૌકિકમ્ ।।૪૫૦।।**

હરિનું કર્તાપણું વગેરે જો લૌકિક હોત તો તર્કથી સિદ્ધ થયેલા હોત. હરિએ અલૌકિક કાર્ય કરેલ હોવાથી તેમનો અલૌકિક યશ થયો છે.

હરિના કર્તાપણું વગેરે ગુણો જો લૌકિક હોત, તો તે યુક્તિ(તર્ક)થી સિદ્ધ થાત, પરન્તુ તે લૌકિક નથી ભગવાને અલૌકિક કાર્યો કરેલાં છે, અને તેથી તેમનો યશ પણ અલૌકિક થયેલો છે.

**અષ્ટાવિંશતિતત્ત્વાનિ યથા રૂપે હરીચ્છયા ।।**
**તથૈવ નામ્નિ યશસિ તાવત્યઃ શ્રુતયો મતાઃ ।૪૫૧।।**
**તસ્માત્ સન્દેહ નિર્ધારો મનસશ્ચ નિવેશનમ્ ।।**
**નિર્ગુણે ભગવદ્રૂપે વેદૈરેવેતિ નિશ્ચયઃ ।।૪૫૨।।**

જેમ હરિની ઈચ્છાથી તેમના સ્વરૂપમાં અઠ્ઠાવીસ તત્ત્વો છે, તેમજ નામમાં હોવાથી યશ જણાવનારી તેટલી શ્રુતિઓ મનાયેલી છે, તેથી ભગવાનનાં નિર્ગુણ સ્વરૂપમાં સન્દેહ થાય તેનો નિર્ણય અને તે સ્વરૂપમાં મનને સ્થિર કરવાનું વેદોથી જ થાય છે, એવો નિશ્ચય છે.

ભગવાન્ પોતાના જુદાં-જુદાં રૂપો કરે છે અને અઠ્ઠાવીસ તત્ત્વરૂપ થાય છે, તેમ ભગવાનનાં નામના સમ્બન્ધમાં પણ હોવાથી અઠ્ઠાવીસ શ્રુતિઓ ભગવાનનાં નામ એટલે યશનું ગાન કરે છે. આ ગાન આ અધ્યાયના ૧૪-૪૧ સુધીના શ્લોકોથી કહેલું છે. આ અધ્યાયના પહેલા શ્લોકમાં એવો સન્દેહ જણાવેલ છે કે ''નિર્દેશ થઈ ન શકે તેવા ગુણરહિત બ્રહ્મને ગુણ જ દર્શાવનાર શબ્દ(વેદ) કેવી રીતે જણાવી શકે ?'' આ સન્દેહનું નિવારણ આ શ્રુતિગીતા (શ્લો.૧૪-૪૧) થી જ થાય છે. ગુણરહિત ભગવાનના સ્વરૂપમાં પણ મન સ્થિર કરી શકાય છે, એવો નિર્ણય વેદે જ કરેલો છે.

**અધ્યાય ૮૫ :**

**શ્રીશક્તેરગ્રિમાધ્યાયઃ તત્રૈવં નિર્ણયઃ કૃતઃ ।।**
**હરિરેવ સ્વયં ભુંક્તે શ્રિયં નાન્યસ્તુ કશ્ચનઃ ।।૪૫૩।।**

આગળનો અધ્યાય શ્રીશક્તિનો છે, તેમાં એવો નિર્ણય કરેલો છે કે હરિ પોતે જ શ્રીનો ભોગ કરે છે, બીજો કોઈ શ્રીનો ભોગ કરતો નથી.

ચોરાશીની આગળનો એટલે પંચાશીમો અધ્યાય શ્રી (લક્ષ્મી, શોભા) ગુણ જણાવનારો છે. તેમાં એવો નિર્ણય કરેલો છે કે શ્રીકૃષ્ણ જ પોતે શ્રીનો ભોગ

કરનારા છે, બીજો કોઈ શ્રીનો ભોગ કરનાર નથી(શ્લો.૩-૫).

**યસ્તુ મોહાત્ ક્વચિદ્ ભુંક્તે તં દુઃખે પાતયત્યજઃ ।।**
**ભક્તસ્ય તન્ન યુક્તં હિ તસ્માત્ તાં વિનિવારયેત્ ।।૪૫૪।।**

જે મોહને લીધે કોઈવાર ભોગ કરે છે તેને જન્મરહિત (ભગવાન્) દુઃખમાં નાખે છે, કારણ કે ભક્તને તે લક્ષ્મીનો ભોગ યોગ્ય નથી તેથી ભક્તે તેમાં ચિત્ત રાખવું નહિ.

ભગવાન્ જેના ઉપર કૃપા કરે, તેને લક્ષ્મીનો ભોગ કરતાં અટકાવે છે. તે લક્ષ્મીનો ભોગ કરતાં અટકે ત્યારે તેનું ચિત્ત ભગવાન્‌માં પરોવાય છે (શ્લો.૮-૯) તેથી ભક્તે ભોગમાં ચિત્ત ન રાખવું.

**અન્યે દેવાઃ શ્રિયં દત્વા તથાઽન્યાનપિ વૈ વરાન્ ।।**
**સ્વયં સંકટમાયાન્તિ તસ્માત્ શ્રીર્નૈવ યુજ્યતે ।।૪૫૫।।**
**શાકુનેયકથા પ્રોક્તા તદર્થં હરસંકટે ।।**

બીજા દેવો લક્ષ્મી તથા બીજા પણ વરદાનો કરીને ખરેખર પોતે સંકટમાં આવી પડે છે. તેથી બીજાની આપેલી લક્ષ્મી લેવી પણ યોગ્ય નથી જ તે જણાવવા માટે શંકરને સંકટ થયાના સમ્બન્ધમાં શકુનિના પુત્રની કથા કહેલી છે.

બ્રહ્મા, શંકર વગેરે બીજા દેવો વરદાન કરી પોતે જ સંકટમાં આવી પડે છે. તેથી ભગવાનના ભક્તે બીજા દેવો પાસેથી પણ લક્ષ્મી પ્રાપ્ત કરવી નહિ અને તેનો ભોગ કરવો નહિ. આ દર્શાવવા શકુનિના પુત્ર વૃકાસુરે શંકર પાસેથી વરદાન પ્રાપ્ત કરી તેમને સંકટમાં નાખ્યા, તે કથા અહીં કહેલી છે (શ્લો.૧૩-૪૦).

**અધ્યાય ૮૬ :**

**તતઃ પરં તુ જ્ઞાનસ્ય નિર્ણયો હરિમેધસઃ ।।૪૫૬।।**
**ક્ષમા તસ્યોત્તમં લિંગં કૃષ્ણ એવ પ્રતિષ્ઠિતા ।।**
**તસ્યા નિર્ણયસિદ્ધ્યર્થં ભૃગૂપાખ્યાનમુચ્યતે ।।૪૫૭।।**

ત્યાર પછી તો હરિમાં જેને લીધે બુદ્ધિ સ્થિર થાય તેવાં જ્ઞાન સમ્બન્ધી નિર્ણય કરેલો છે. તેનું ઉત્તમ ચિન્હ ક્ષમા છે. ક્ષમા શ્રીકૃષ્ણમાં જ રહેલી છે. તે (શ્રીકૃષ્ણમાં જ ક્ષમા રહેલી હોવા) નો નિર્ણય થાય તે માટે ભૃગુનું ઉપાખ્યાન કહેલું છે.

ત્યાર પછીના આ છાશીમા અધ્યાયમાં ભગવાનના જ્ઞાન ગુણનો નિર્ણય કરેલો છે. જ્ઞાનનું ઉત્તમ ચિન્હ ક્ષમા છે. જ્ઞાન હોય તે જ ક્ષમા કરી શકે. ક્ષમા શ્રીકૃષ્ણમાં જ રહેલી છે એમ જણાવવા ભૃગુનું ઉપાખ્યાન આ અધ્યાયના આરંભના ૨૧ શ્લોકોથી કહેલું છે.

**તથા બ્રાહ્મણવાર્તાऽપિ સર્વયાદવસન્નિધૌ ।।**
**ક્ષમા કૃષ્ણે પરા પ્રોક્તા સમર્થે જ્ઞાનસમ્ભવે ।।૪૫૮।।**

સર્વ યાદવોની સમક્ષ બ્રાહ્મણની વાર્તા પણ તેવી કહેલી છે. શક્તિવાળા અને જ્ઞાન જેમનામાં રહેલું છે તેવા શ્રીકૃષ્ણમાં જ સર્વથી અધિક સમ્પૂર્ણ ક્ષમા હોવાનું કહેલું છે.

બ્રાહ્મણ સર્વ યાદવો સમક્ષ સભામાં ભગવાનની નિન્દા કરે છે અને અર્જુન પણ તેમને 'રાજન્યબન્ધુ' 'અસુંભર' વગેરે કહે છે. છતાં ભગવાન્ જરા પણ ક્રોધ ન કરતાં શાંત જ રહે છે. બ્રાહ્મણના પુત્રો ક્યાં ગયા હતા, કોણ તેઓને લઈ ગયું હતું તે સર્વ ભગવાન્ જાણતા હતા અને તેઓને પાછા લઈ આવવાની શક્તિ પણ તેમનામાં હતી, છતાં એવાં નિંદાનાં વચનો સાંભળવા છતાં તે ક્ષમા કરી શાંત જ રહ્યા. ક્ષમા જ્ઞાનનું ઉત્તમ ચિહ્ન હોવાથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ સમ્પૂર્ણ જ્ઞાન છે.

**ઉપદેશેऽપિ નાન્યસ્ય જ્ઞાનમસ્તીતિ બોધિતમ્ ।।**
**અર્જુનસ્ય કથા પ્રોક્તા સર્વગીતાર્થવેદિનઃ ।।૪૫૯।।**

જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવેલ હોવા છતાં બીજામાં જ્ઞાન હોતું નથી એમ જણાવેલ છે. તે માટે સર્વ ગીતાનો અર્થ જાણનાર અર્જુનની કથા કહેલી છે.

જ્ઞાન ભગવાન્માં જ છે. બીજાને ઉપદેશ કરવા છતાં જ્ઞાન થતું નથી એમ જણાવવા આ બ્રાહ્મણની કથામાં અર્જુનની કથા કહેલી છે. ભગવાને અર્જુનને ગીતા કહી જ્ઞાનનો ઉપદેશ કરેલો અને આખી ગીતાનો અર્થ તે જાણતા)તો, છતાં તેણે યાદવ માત્રને 'રાજન્યબંધુ' 'અસુમ્ભર' કહ્યા. વળી આ બ્રાહ્મણના પુત્રો કેમ મરણ પામ્યા હતા, ક્યાં ગયા હતા વગેરેનું તેને પણ જ્ઞાન ન હતું. તેથી જ્ઞાન માત્ર ભગવાનનો જ ગુણ હોવાનું સિદ્ધ થાય છે.

**અધ્યાય ૮૭ :**

**અતઃ પરન્તુ વૈરાગ્યં કથાऽધ્યાયે નિરૂપ્યતે ।।**
**તેનૈવ પૂર્ણતાં યાતિ નિરોધઃ સકલોऽપિ હિ ।।૪૬૦।।**

હવે પછી તો કથાના અધ્યાયમાં વૈરાગ્ય જણાવેલ છે, કારણ કે તેનાથી બધાંએ નિરોધ સમ્પૂર્ણ થાય છે.

વૈરાગ્યથી જ નિરોધ પૂર્ણ થાય છે, કારણ કે સંસારમાં વૈરાગ્ય થાય ત્યારે જ ભગવાન્માં ચિત્ત આસક્ત થાય છે. તેથી આ સ્કન્ધના અન્તે 'વૈરાગ્ય' ગુણની કથા કહેલી છે. ભગવાનના વૈરાગ્ય ગુણનું આ અધ્યાયમાં નિરૂપણ કરેલું છે.

**કૃષ્ણો વિરક્તઃ કિં વાચ્યઃ તત્સમ્બન્ધાત્ સ્ત્રિયોऽપિ હિ ।।**

**કામૈકરસપૂર્ણાશ્ચ વિરક્તાઃ સર્વથા મતાઃ ।।૪૬૧।।**

શ્રીકૃષ્ણ વૈરાગ્યવાળા હોવામાં કહેવાનું જ શું ? કારણ કે તેમના સમ્બન્ધને લીધે માત્ર કામરસથી ભરપૂર સ્ત્રીઓ પણ સમ્પૂર્ણ રીતે વૈરાગ્યવાળી થઈ.

શ્રીકૃષ્ણના સમ્બન્ધથી તેમની પટરાણીઓ તથા મહારાણીઓ પણ સમ્પૂર્ણ રીતે સંસારમાં વૈરાગ્યવાળી થઈ, તો પછી શ્રીકૃષ્ણ વૈરાગ્યવાળા હોવામાં કહેવાનું જ શું ?

**એતાવદ્ અર્થનિર્ધારે કથા યાવત્ય ઈરિતાઃ ।।**
**તાસાં ચાત્રોપસંહારઃ ક્રીડયા વિનિરૂપ્યતે ।।૪૬૨।।**

આટલા અર્થનો નિર્ણય કરવા જેટલી કથાઓ કહેલી છે તેમનો અહીં ક્રીડાથી ઉપસંહાર (કર્યાનું) કહેલ છે.

આ અધ્યાયના પહેલા બાર શ્લોકોમાં ભગવાનની ક્રીડાનું વર્ણન કરેલું છે. અહીં વૈરાગ્ય દર્શાવવાનો હોવાથી ક્રીડા કહેવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાન્ ભક્તોનો નિરોધ કરે છે એમ જણાવવા જેટલી કથાઓ કહેલી છે તે સર્વનો ઉપસંહાર આ ક્રીડાથી કરેલ છે.

**એવં સર્વાન્ સમુદ્ધૃત્ય ક્રીડત્યસ્માકમીશ્વરઃ।।**
**ક્રીડાયાં પ્રાપ્તસંસારઃ સ્ત્રીણામપિ નિવાર્યતે ।।૪૬૩।।**

એ પ્રમાણે સર્વનો ઉત્તમ પ્રકારે ઉદ્ધાર કરીને આપણા ઈશ્વર ક્રીડા કરે છે. ક્રીડામાં સ્ત્રીઓને પણ પ્રાપ્ત થયેલ સંસારને દૂર કરે છે.

એ પ્રમાણે ક્રીડા કરીને ભગવાન્ ભક્તોનો ઉદ્ધાર કરે છે. તેમનાં મનને સંસારમાંથી હઠાવી પોતાની અન્દર આસક્ત કરાવે છે, અને ક્રીડાથી સ્ત્રીઓને પ્રાપ્ત થયેલ સંસારને પણ દૂર કરી તેમનો પણ ઉદ્ધાર કરે છે.

**કુરર્યાદિદશાર્થાસ્તુ નિર્ગુણેન યુતા ગુણાઃ ।।**
**મહિષીહૃદયાપન્નાઃ સન્દેહં વારયન્તિ હિ ।।૪૬૪।।**

ટિટોડી વગેરે દશ પદાર્થો તો નિર્ગુણનો સમ્બન્ધ થતાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે, અને મહારાણીઓનાં હૃદયને પ્રાપ્ત કરી સન્દેહને દૂર કરે છે.

ટિટોડી, ચક્રવાક, સમુદ્ર, ચન્દ્રમા, મલયનો વાયુ, મેઘ, કોયલ, રમણ કરવાનો પર્વત, નદીઓ અને હંસ એ દશ પદાર્થોને નિર્ગુણ ભગવાનનો સમ્બન્ધ થતાં તે બધા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે, અને મહારાણીઓનાં હૃદયને પ્રાપ્ત કરી તેમાં જે વિચારો ઉત્પન્ન કરે છે (જુઓ શ્લો. ૧૫-૨૪), તેથી મહારાણીઓમાં જરા પણ સંસારનો અંશ ન હોવાનું સિદ્ધ થાય છે, અને તેમને સંસારનો સમ્બન્ધ હોવાનો સંશય દૂર થાય છે.

**મનસા તુ તિરોધાનાદ્ વિહ્વલાસ્તા નિરૂપિતાઃ ।।**
**તેન કૃષ્ણાર્થતા પ્રોક્તા તાસાં સર્વક્રિયાસુ હિ ।।૪૬૫।।**

ભગવાન્ મનથી તિરોહિત થયેલા હોવાથી તો તેઓ વિહ્વળ હોવાનું કહેલ છે. તેથી તેઓની સર્વ ક્રિયાઓ શ્રીકૃષ્ણમાટે હોવાનું કહેલું છે.

ભગવાન્ મનથી તિરોહિત થયેલા હોવાથી મહારાણીઓ વિહ્વળ થયાનું કહેલું છે. સમ્ભોગનું ઘણું જ સુખ આપનાર ભગવાન્ મહારાણીઓ પાસે જ હોવા છતાં, મહારાણીઓ અ.૧૫-૨૪ સુધીના શ્લોકોમાં તેમના સંગની લાલસા જ જણાવે છે, તેથી એમ જણાય છે કે તેમની ભગવાન્માં દઢ આસક્તિ છે અને તેઓ સર્વ ક્રિયાઓ ભગવાન્માટે જ કરે છે.

**સ્કન્ધાર્થસ્તુ નિરોધો હિ તતસ્તેનોપસંહૃતિઃ ।।**
**અગ્રેઽપિ યે ભવિષ્યન્તિ કીર્તનાત્ તેઽપિ તાદશાઃ ।।૪૬૬।।**

સ્કન્ધનો અર્થ નિરોધ છે, તેથી તેનાથી ઉપસંહાર કરેલો છે. ભવિષ્યમાં પણ જે થશે, તેઓ પણ આના કીર્તનથી તેવા થશે.

આ સ્કન્ધનો અર્થ નિરોધ હોવાથી, મહારાણીઓ પોતાની સર્વ ક્રિયાઓ ભગવાન્ માટે જ કરતા એમ જણાવી, તેમના સમ્પૂર્ણ નિરોધનું નિરૂપણ કરી આ સ્કન્ધનો ઉપસંહાર કરેલો છે. આ સ્કન્ધમાં વર્ણવેલી કથાનું કીર્તન કરવાથી ભવિષ્યમાં થનારા જીવોનો પણ ભગવાન્માં નિરોધ થાય એવા પ્રયોજનથી આ કથા કહેલી છે.

**પ્રકરણમિહ પૂર્યતેઽનવદ્યં ત્રયમપિ વિશ્વજયાય માદશાનામ્ ।।**
**નિજપદસમવાપ્તયે ચ નિત્યં નિજગુરુણા હરિણૈવ લોકવન્દ્યમ્ ।।૪૬૭।।**

મારા જેવા વિશ્વનો જય કરે તે માટે, અને લોકોએ વન્દન કરવા યોગ્ય પોતાનું નિત્ય સ્થાન પ્રાપ્ત કરે તે માટે, પોતાના ગુરુ હરિએ જ અહીં આ પવિત્ર ત્રણે પ્રકરણ પૂર્ણ કરેલ છે.

જીવો વિશ્વની માયા હઠાવે અને ભગવાનના પરમધામને પ્રાપ્ત કરે તે માટે જ ભગવાને આ પ્રકરણ અને આ પહેલાંના ત્રણે (તામસ, રાજસ અને સાત્ત્વિક) પ્રકરણો અહીં પૂર્ણ કરેલાં છે.

# સ્કન્ધ અગિયારમો.
# મુક્તિ

**સંગતિ :**

દશમા સ્કન્ધમાં સત્યાશી અધ્યાયોથી નિરોધનું નિરૂપણ કર્યું. તામસ, રાજસ અને સાત્ત્વિક એવા ત્રણે પ્રકારના ભક્તોનો આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક એવા ત્રણ પ્રકારનો નિરોધ જણાવવા એ અધ્યાયો કહેલા છે, કારણ કે એવો નિરોધ થાય ત્યારે તેઓની સ્વરૂપમાં સ્થિતિ અથવા મુક્તિ થાય, પરન્તુ તેથી હલકા પ્રકારના નિરોધથી મુક્તિ થાય નહિ. તેથી નિરોધ એ કારણ અને મુક્તિ તેનું કાર્ય છે. તેથી દશમા અને અગિયારમા સ્કન્ધો અનુક્રમે કારણ અને કાર્ય છે. તેઓનો તેવો સમ્બન્ધ જણાવવાથી આ સ્કન્ધોની સંગતિ થાય છે [૧]

**લક્ષણ :**

હવે અગિયારમા સ્કન્ધમાં એકત્રીસ અધ્યાયોથી સ્પષ્ટ રીતે મુક્તિનું નિરૂપણ કરવામાં આવે છે. મુક્તિની વ્યાખ્યા ૨।૧૦।૬ માં એવી આપેલી છે કે ''મુક્તિર્હિત્વાઽન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ'' અન્યથારૂપ(ધારણ કરેલાં જુદાં સ્વરૂપ)નો ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં સ્થિર થવું તે 'મુક્તિ'.

મુક્તિનું એકત્રીસ અધ્યાયોથી નિરૂપણ કરવાનું કારણ ૨।૧૦।૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં એવું કહેલ છે કે ''જુદું રૂપ એટલે તત્ત્વોનું સ્વરૂપ; તેનો ત્યાગ તે મુક્તિ. સ્વરૂપ એક છે. સામાન્ય અને વિશેષ એવી બે પ્રકારની અવસ્થાઓ છે અને તે બન્નેને (મુક્તિનાં) લક્ષણનો સમ્બન્ધ છે. તેમાં પણ પહેલાં તત્ત્વોનો ત્યાગ કરવાનો છે. તત્ત્વો અઠાવીસ છે. એવી રીતે (૧ સ્વરૂપ, ૨-૩ બે અવસ્થા, ૪-૩૧ અઠાવીસ તત્ત્વો) એકત્રીસ ભેદો થાય છે''.

જીવની મુક્તિ અને ઈશ્વરની મુક્તિ એવા ભેદથી મુક્તિ પણ બે પ્રકારની છે. જીવની મુક્તિ પણ બે પ્રકારની છે :

૧-અ. બ્રહ્મભાવ

૧-આ. સાયુજ્ય.

ઈશ્વરની મુક્તિ પણ બે પ્રકારની છે :

૨-અ. પોતે જે વેષ(નાટ્ય) ભજવતા હોય તેના ત્યાગરૂપ

૨-આ. પોતાની ઈચ્છાથી અથવા (નિત્ય મુક્ત સ્વભાવવાળા હોવાથી) પોતાથી થતી.

તેથી મુક્તિ કુલ ચાર પ્રકારની થઈ. તેથી આ સ્કન્ધમાં ચાર પ્રકરણો છે[૨-૩]

**પ્રકરણો :**

પહેલી એટલે જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ આ સ્કન્ધના પહેલા પાંચ અધ્યાયોથી કહેલી છે. બીજી એટલે જીવની સાયુજ્યરૂપ મુક્તિ છઠ્ઠાથી ઓગણત્રીસ સુધીના ચોવીસ અધ્યાયોથી કહેલી છે, બાકીની બે એટલે ઈશ્વરની નાટ્યના ત્યાગ રૂપ અને પોતાથી થતી મુક્તિઓ એક-એક એટલે અનુક્રમે ત્રીસમા તથા એકત્રીસમા અધ્યાયથી કહેલી છે, કારણ કે આ બે ઈશ્વરની મુક્તિનો તો માત્ર ઈશ્વરે અભિનય જ કરવાનો છે [૪]

જીવની પહેલી બ્રહ્મભાવરૂપ મુક્તિ વિદ્યાથી પ્રાપ્ત થાય છે. બીજી સાયુજ્યરૂપ મુક્તિ પ્રકૃતિનો ત્યાગ કરવાથી પ્રાપ્ત થાય છે. પહેલી જ્ઞાનથી અને બીજી ભક્તિથી પ્રાપ્ત થાય છે.

પહેલી જ્ઞાનથી પ્રાપ્ત થતી હોવાથી તેના નિરૂપણમાં જ્ઞાન આપનારા દશ કહેલા છે, તે પૈકી નારદ નિર્ગુણ છે અને કવિ વગેરે નવ યોગેશ્વરો સગુણ છે. બીજી મુક્તિ ભક્તિથી પ્રાપ્ત થાય તેવી છે. તેના નિરૂપણમાં ભક્તિનાં સાધનનો બોધ કરનાર ભગવાન્ ઉત્તમ છે. વળી [૧]અવધૂત બ્રાહ્મણ અને [૨]હંસ [૩]ભીષ્મ, [૪]ભિક્ષુ અને [૫]પુરુરવા; એ બીજા પાંચ ઉપદેશ કરનારા છે. ભગવાન્ પણ બે સ્વરૂપથી ઉપદેશ કરે છે : ૧. મૂલ સ્વરૂપથી અને ૨. અવતાર સ્વરૂપથી. તેથી [૧]મૂલ સ્વરૂપ તથા [૨]અવતાર સ્વરૂપથી; શ્રીકૃષ્ણ અને હંસ અને (૩-૭) અવધૂત બ્રાહ્મણ વગેરે પાંચ મળી સાત ભક્તિના સાધનનો ઉપદેશ કરનારા થાય છે. તેથી ઐશ્વર્ય વગેરે છ ગુણોવાળા પૂર્ણ ભગવાન્ શ્રીકૃષ્ણને જ અહીં ઉપદેશ કરનાર કહેલા છે [૫-૭]

પહેલા પ્રકારની મુક્તિનાં પ્રકરણમાં જે દશ બોધ કરનારા કહ્યા તે પૈકી નારદ નિર્ગુણ છે અને કવિ વગેરે નવ યોગેશ્વરો જુદા પ્રકારના સગુણ છે.

[૧]વૈરાગ્ય [૨]ભગવાનના ધર્મો [૩](માયાનું સ્વરૂપ અને તેને તરવાનો ઉપાય, નારાયણની નિષ્ઠા અને કર્મો કરવાથી કર્મોનો કેવી રીતે ત્યાગ થાય એ) સર્વનો નિર્ણય [૪]હરિની કથાનું સદા શ્રવણ અને [૫]ભગવાનનું પૂજન — એ પાંચ જ્ઞાનના અંગો છે. જ્ઞાનથી અવિદ્યા દૂર થતાં આ પહેલી ભગવદ્‌ભાવરૂપ મુક્તિ પ્રાપ્ત થતી હોવાથી, આ પ્રકરણમાં એ પાંચ જ્ઞાનના અંગો સ્કન્ધના આરંભના પાંચ અધ્યાયોમાં અનુક્રમે કહેલાં છે [૮-૮।।]

જ્ઞાન થાય ત્યારે અહન્તા અને મમતાનો નાશ થાય છે. અહન્તા અને મમતાનો નાશ કરનાર જ્ઞાનનું મુખ્ય અંગ વૈરાગ્ય છે. તેથી આરંભમાં પહેલા અધ્યાયમાં મુસલની કથા કહેલી છે. યાદવોને સંસારમાં વૈરાગ્ય થાય એવા અભિપ્રાયથી આ મુસલની કથા પહેલા અધ્યાયમાં કહેલી છે, એમ આ પ્રકરણની

રચનાથી જણાય છે. જો મુસલની કથા યાદવોને વૈરાગ્ય ઉત્પન્ન થાય એવા અભિપ્રાયથી કહેવાની ન હોત, તો નારદ અને વસુદેવના સંવાદ પછી છઠ્ઠા અધ્યાયમાં દેવો ભગવાનની સ્તુતિ કરે છે તેના આરંભમાં જ અથવા તે પછી જ આ કથા કહેત [૮।।-૯।।]

બીજું પ્રકરણ જીવની સાયુજ્ય મુક્તિનું છે. તેનું સાધન ભક્તિ છે. ભક્તિ પણ પાછી મૂલ પરબ્રહ્મ, જેમનામાં સર્વની પ્રતિષ્ઠા છે, તેમની કરવી જોઈએ. પરબ્રહ્મ હરિ વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ એ ચાર મૂર્તિવાળા થઈ પ્રકટ થયેલા છે. તે પૈકી વાસુદેવ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધનાં ચરિત્ત પહેલાં કહેલાં છે. ચોથા સંકર્ષણનું ચરિત અહીં સ્પષ્ટ પ્રકારે કહેવામાં આવે છે [૯।।-૧૧]

સંકર્ષણમાં જ્ઞાનશક્તિ મુખ્ય છે. તે જ્ઞાનશક્તિવાળા હોઈ જ્ઞાન આપે છે. તેમનું ચરિત અહીં સ્પષ્ટ પ્રકારે જણાવવા આ પ્રકરણમાં જ્ઞાનનો બોધ કરેલો છે. વાસુદેવ તો મોક્ષ આપનારા છે. બીજા પ્રદ્યુમ્ન અર્થ અને કામ (પુરુષાર્થો) પ્રાપ્ત કરાવનારા છે. અનિરુદ્ધ ધર્મ પ્રાપ્ત કરાવે છે અને જીવ દોષરહિત થાય તે માટે કર્મનો બોધ કરે છે (સંકર્ષણનું ચરિત બાકી રહેલ તે આ પ્રકરણમાં એવા અભિપ્રાયથી કહેલું છે કે તેમનું ચરિત પણ જાણવામાં આવે ત્યારે પરબ્રહ્મની ચારે મૂર્તિઓનાં ચરિતનું જ્ઞાન થતાં તેમનામાં ભક્તિ પ્રાપ્ત થાય અને તે ભક્તિથી સાયુજ્ય મુક્તિ પ્રાપ્તિ થાય) [૧૨-૧૨।।]

કલેશ વિના કર્મ કરનાર ભગવાન્ સંકર્ષણે કાલ વગેરે દ્વારા યાદવોના વંશનો વિનાશ થાય તેવો ઉપાય કર્યો. યાદવોના કુલનો સંહાર થાય તે માટે બ્રાહ્મણનો શાપ અપાવ્યો. આ સ્કન્ધના પહેલા અધ્યાયમાં મુસલની કથા સંક્ષેપથી કહેલી છે. તે જ અહીં અધ્યાય ૩૦ (શ્લો.૫-૨૪,૩૩)માં ફરી એમ જણાવવા કહેલી છે કે સંકર્ષણે યાદવોનાં કુળનો સંહાર કરાવવાનો ઉપાય બ્રાહ્મણોના શાપરૂપ યુક્તિથી કરેલો છે. (એમ અધ્યાય ૩૦ તથા ૩૧ માં ઈશ્વરની બે પ્રકારની મુક્તિ કહેલી છે. મમતાનો નાશ થાય તે માટે પ્રદ્યુમ્ન અનિરુદ્ધ અને સંકર્ષણે દેહનો ત્યાગ કરી તેમણે આરંભેલાં નાટ્યને સંકેલી લે છે એમ અધ્યાય ૩૦ માં ત્રીજા પ્રકારની મુક્તિનું નિરૂપણ કરેલું છે અને અધ્યાય ૩૧ માં શ્રીકૃષ્ણે પોતાની ઈચ્છાથી પોતાનાં મૂલ સ્વરૂપમાં સ્થિતિ કર્યાનું (શ્લો.૧૧,૧૨,૧૩)કહી ચોથા પ્રકારની મુક્તિનું નિરૂપણ કરેલું છે. એ રીતે આ સ્કન્ધના અન્તે ચારે મૂર્તિઓનાં બધાંએ ચરિતનો ઉપસંહાર કરેલો છે) [૧૨।।-૧૪]

આ સમ્પૂર્ણ ભગવાનનાં ચરિતથી બે નિર્ણયો થાય છે :

૧. ભગવાનના સમયમાં પાંડવો વગેરે જેઓ હતા, તેઓ દ્વન્દ્વરહિત થયા અને

આનન્દ પ્રાપ્ત કરી તેઓએ ભગવાનને પ્રાપ્ત કર્યાં.

૨. ભગવાનના સમય પછી ઉત્પન્ન થયેલા પણ જે જીવો ભગવાન્ શ્રીકૃષ્ણનાં નામથી પ્રકટ થતાં ચરિતનું ભક્તિથી કીર્તન કરે તેઓ પણ તેવી રીતે આનન્દ પ્રાપ્ત કરી ભગવાનને પ્રાપ્ત કરે છે [૧૫-૧૫।।]

## પ્રકરણ ૧-અ. જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ. અ.૧-૫

**અધ્યાય ૧ :**

પહેલા અધ્યાયમાં યાદવોને વૈરાગ્ય થાય તે માટે બ્રાહ્મણોનો શાપ થયાનું કહેલ છે. તે સમ્બન્ધમાં ''યાદવોને શાપ કેમ થયો ?'' એવો પ્રશ્ન પરીક્ષિત શ્લોક ૪-૯ થી કરે છે અને શુક શ્લો.૧૦ થી આરંભી તેનો ઉત્તર આપે છે. આ પ્રશ્ન એટલા માટે પરીક્ષિતે કરેલો છે કે લોકની દૃષ્ટિથી પણ ભગવાન્ શ્રીકૃષ્ણનું ચરિત સારી રીતે સમજવામાં આવે. અહીં આ પ્રશ્નના ઉત્તરમાં શુકે એમ કહેલું છે કે વાસ્તવિક રીતે ભગવાન્ જ સર્વના કર્તા છે, (કારણ કે તેમણે જ યાદવોના કુલનો સંહાર કરવાની ઈચ્છા કરી-શ્લો.૧૦,) પ્રશ્ન પહેલાં પણ શ્લો.૫ માં ભગવાને જ શાપના બાનાથી કુલનો સંહાર કર્યાનું શુકે કહેલ. આ શાપ ખોટો પાડવા ભગવાન્ સમર્થ હોવા છતાં પણ તેમણે પાછળથી પણ તેનું અનુમોદન જ કર્યું(શ્લો.૨૪). દોષરહિત ભગવાને જ કુલનો સંહાર કરવાની ઈચ્છા કર્યાનું આરંભમાં જ કહેલું છે (શ્લો.૪). અને શાપની કથા કહીને પણ દોષરહિત ભગવાને જ શાપના બાનાથી કુલનો સંહાર કર્યાનું કહેલ છે. આ સર્વ (શાપ અપાવવો, સંહાર કરવો વગેરે)ના કર્તા ભગવાન્ પોતે જ છે [૧૫।।-૧૭।।]

**અધ્યાય ૨ :**

પહેલાં ભગવાને વસુદેવને જ્ઞાન આપેલું (જુઓ ૧૦।૮૨ શ્લો.૨૨-૨૫) પરન્તુ ભગવાને ગુરુપણું સ્વીકારેલ નહિ, અને જ્ઞાન આપનાર ભગવાન્ ગુરુ છે એવી વસુદેવની બુદ્ધિ ન હોવાથી તેમને તે જ્ઞાનનું વિસ્મરણ થયું. તેથી ભગવાને નારદને ગુરુ સ્થાપી વસુદેવને જ્ઞાન આપવા મોકલ્યા, કારણ કે વસુદેવ નારદનો આદર કરતા.(શ્રીકૃષ્ણને તો તે પોતાના પુત્ર જાણી ગુરુ ન ગણતા) [૧૭।।-૧૯]

જ્યાં સુધી વસુદેવને બહારની દૃષ્ટિ રહેતી, ત્યાં સુધી ગોપીઓની પેઠે તે પણ દુઃખી જણાતા(શ્લો.૯). વળી સંસારનો ત્યાગ કરવાની તેમને ઈચ્છા પણ થયેલી, તેથી તેમને જ્ઞાન આપવાની જરૂર પણ હતી. તેથી તેમને સારી રીતે જ્ઞાનનો ઉપદેશ કરે તે માટે આ વિષયમાં નારદને ગુરુ જણાવેલા છે, અને નારદ દ્વારા ભગવાન્; વસુદેવને જ્ઞાનનો ઉપદેશ કરાવે છે [૨૦-૨૦।।]

નારદ પુષ્ટિમાર્ગના છે એમ જાણી, કદાચ વસુદેવ તેમના ઉપદેશનો આદર ન

કરે. તેથી મર્યાદામાર્ગથી સિદ્ધિ પ્રાપ્ત કરેલા નવ યોગેશ્વરોએ; નિમિને જે ઉપદેશ આપેલ તે નારદે વસુદેવને જણાવ્યો. કારણ કે નવ યોગેશ્વરોએ આપેલ ઉપદેશથી વસુદેવ ગુણોને ઓળંગી જઈ ગુણોથી પર થાય ત્યારે નારદનો ઉપદેશ તેમની બુદ્ધિમાં ઉતરે [૨૦ાા-૨૨]

નિમિનો અધિકાર જોઈ, તેના અધિકાર પ્રમાણે નવ યોગેશ્વરોએ ચાર વિભાગથી તેને ઉપદેશ કરેલો. તેથી તેણે આપેલો ઉપદેશ અહીં બીજાથી પાંચમા સુધીના ચાર અધ્યાયોથી નારદે વસુદેવને કહેલો છે [૨૩]

નવ યોગેશ્વરો પૈકી ઉત્તમ કવિએ ભગવાનના ચરણકમલની સેવા કરવી, ભગવાનને સર્વ સમર્પણ કરવું વગેરે; ઉત્તમ ભક્તે ભગવાન્ પ્રતિ આચરવાના ધર્મોનો બોધ કરેલ(શ્લો.૩૩-૪૩). ભગવાનનાં ધર્મો આચરનાર ભગવાનના ભક્તને કયા ચિહ્નોથી ઓળખવા તેનો, તથા ત્યાર પછી તેમની સાથે ભગવાનના ધર્મો આચરવાનો બોધ બીજા યોગેશ્વર હરિએ કરેલ(શ્લો.૪૫-૫૫). એમ પહેલી કક્ષાના સર્વથી ઉત્તમ ભક્તે આચરવાના ધર્મો આ અધ્યાયમાં કવિએ તથા હરિએ નિમિને કહેલા, તે નારદે વસુદેવને ક્હ્યા [૨૪-૨૪ાા]

**અધ્યાય ૩ :**

બીજી કક્ષાના ઉત્તમ ભક્તે આચરવાના ધર્મો ત્રીજા અધ્યાયમાં કહેલા છે. આ અધ્યાયમાં —

૧. યોગેશ્વર અન્તરિક્ષ; નિમિને માયાનું સ્વરૂપ જણાવે છે(શ્લો.૩-૧૬). માયાનાં સ્વરૂપનું જ્ઞાન વૈરાગ્ય દઢ કરે છે પછી,
૨. યોગેશ્વર પ્રબુદ્ધ; ગુરુની સેવા વગેરે માયાને તરી જવાના ઉપાયનો બોધ કરે છે(શ્લો.૧૮-૩૩). નારાયણમાં આસક્તિવાળો માયાને સહેલાઈથી તરી જાય છે એમ પણ જણાવે છે(શ્લો.૩૩). પછી
૩. યોગેશ્વર પિપ્પલાયન; પરબ્રહ્મ નારાયણના સ્વરૂપનો બોધ કરે છે(શ્લો.૩૫-૪૦) અને
૪. યોગેશ્વર આવિર્હોત્ર; વૈદિક અને તાન્ત્રિક વગેરે યજ્ઞો સદા કરી, તે કર્મોથી જ કર્મનો ત્યાગ અથવા નૈષ્કર્મ્ય પ્રાપ્ત કરવા સમ્બન્ધી ઉપદેશ કરે છે. અને વેદનો એવો જ નિર્ણય હોવાનું જણાવ્યું છે(શ્લો.૪૩-૫૫).

બીજી કક્ષાના ઉત્તમ ભક્તે ૧. માયાનું સ્વરૂપ જાણવું, ૨. તેના તરવાના ઉપાય યોજવા, ૩. પરબ્રહ્મનું સ્વરૂપ જાણવું અને ૪. વૈદિક-તાન્ત્રિક વગેરે યજ્ઞો કરી, તે કર્મોથી નૈષ્કર્મ્ય પ્રાપ્ત કરવું — એ ચાર કાર્ય કરવાના છે [૨૪ાા-૨૭]

**અધ્યાય ૪ :**

ત્રીજી કક્ષાના મધ્યમ ભક્તે કરવાના કર્મ ચોથા અધ્યાયમાં કહેલા છે. જે ત્રીજા અધ્યાયમાં કહેલાં કાર્યો કરવાને અશક્ત હોય તેને ભગવાને જુદા-જુદા અવતારો લઈ તે અવતારોમાં જે-જે કાર્યો કરેલાં તેની કથાનું શ્રવણ કરવાથી સુખ થતું હોય તો તેણે સદા એ કથાનું શ્રવણ કરવું. આ બોધ દ્રુમિલ યોગેશ્વરે નિમિને કરેલ [૨૮]

**અધ્યાય ૫ :**

હીન અધિકારવાળા પ્રાકૃત ભક્તે કરવાનાં કાર્યનો ઉપદેશ પાંચમા અધ્યાયમાં કરેલો છે. જેમણે પોતાનાં અન્તઃકરણ વશ કરેલાં નથી અને જેમની કામનાઓ શાંત થયેલી નથી તેવા હીન અધિકારવાળા પ્રાકૃત જીવો પરવશ થઈ ભગવાનનું ભજન કરતા નથી, અને વાસુદેવથી વિમુખ હોવાથી નરકમાં પડે છે એમ યોગેશ્વર ચમસે નિમિને જણાવેલ છે (શ્લો.૨-૧૮).

યોગેશ્વર કરભાજન; તેને ક્યા યુગમાં કેવા ભગવાનનાં સ્વરૂપની મનુષ્યો કેવા પ્રકારે પૂજા કરે છે તે જણાવે છે, તથા પૂજન વગેરે કરવાથી ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય છે અને પછી ભગવાનની કૃપાથી કૃતાર્થ થવાય છે, તેથી પોતાના અધિકાર પ્રમાણે યુગને અનુસરી ભજન કરવું એવો બોધ કરે છે(શ્લો.૨૦-૪૨). યોગેશ્વરો નિમિને એવો બોધ આપી અન્તર્ધાન થયા [૨૯-૨૯II]

એ પ્રમાણે યોગેશ્વરોએ નિમિને કરેલ ઉપદેશ નારદે વસુદેવને જણાવ્યો. તેથી વસુદેવની નિર્ગુણ અવસ્થા થતાં અથવા તે ગુણથી પર થતાં હવે તેમને પુષ્ટિમાર્ગનો બોધ સમજાશે (પાછળ કારિકા ૨૧-૨૨ જુઓ) એમ જાણી, પછી નારદ પોતે તેમને ભક્તિનો બોધ કરે છે, અને પુષ્ટિમાર્ગથી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર સ્નેહ રાખવાથી કૃતાર્થ થવાય છે એવો બોધ કરે છે(શ્લો.૪૫-૫૦) [૨૯II-૩૦]

ભગવાને વસુદેવને જ્ઞાન આપેલું ત્યારે પણ તેમને જ્ઞાન તો થયેલું. હવે જ્ઞાનીએ શું કાર્ય કરવું જોઈએ તે ગુરુ નારદના ઉપદેશથી તેમણે જાણ્યું. તેમણે શું કાર્ય કરવું જોઈએ તે નારદે તેમને કહ્યું તેથી જ વસુદેવ અને દેવકી બન્નેનો મોહ દૂર થયો(શ્લો.૫૧). મોહ દૂર થતાં સર્વ સાધન થયેલ હોવાથી તેમનો બ્રહ્મભાવ થાય તેમાં શું આશ્ચર્ય ? તેઓને બ્રહ્મભાવની પ્રાપ્તિ થઈ [૩૧]

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યવિરચિત

# શ્રીપુરુષોત્તમનામસહસ્ર સ્તોત્ર ના

## નિરોધલીલા–દશમસ્કન્ધ અન્તર્ગત ગુણ પ્રકરણ

## તથા એકાદશ સ્કન્ધના નામો

**વસુદેવજ્ઞાનદાતા ।।૧૦૦૪।।**

દ્વૈપાયનાદિ મુનિઓદ્વારા વસુદેવજીને પોતાના સમ્બન્ધી જ્ઞાનને અર્પણ કરનાર ભગવાન્ શ્રીવાસુદેવ.

ભગવાન્ શ્રીકૃષ્ણ પર વસુદેવજીને પુત્રવાત્સલ્ય પ્રેમ હતો જેથી પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન તેમને થવામાં પુત્રપ્રેમ બાધારૂપ થાય, માટે આપે દ્વૈપાયન (વ્યાસ) નારદાદિદ્વારા નિજરૂપ સમ્બન્ધી ઉત્તમ જ્ઞાન પોતાના પિતા વસુદેવજીને આપેલું છે.

**દેવકીપુત્રદાયકઃ ।।૧૦૦૫।।**

દેવકીજીના પુત્રોને અર્પણ કરનાર.

કંસરાજાએ દેવકીજીના પ્રથમ પ્રકટ થયેલા કીર્ત્તિમન્ત આદિ છ પુત્રોને નષ્ટ કર્યા હતા. જ્યારે શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન્ છે એમ દેવકીજીને દૃઢ રીતે સમજવામાં આવ્યું, ત્યારે તે છ બાલકોને નિરીક્ષણ કરવાની શ્રીકૃષ્ણ પાસે માગણી કરી એટલે આપે તે કીર્તિમન્ત વગેરે છએ બાલકોને ભૂમીનારાયણ પાસેથી લાવી તેમને સ્વાધીન કર્યા અને પછીથી તેમનો મોક્ષ થયેલો છે. એ આ સ્કન્ધના ૮૫ મા અધ્યાયમાં સ્પષ્ટ છે. જેથી અહીં શ્રીદેવકીજીને પુત્રો આપનાર પ્રભુ એમ કહે છે.

**અર્જુનસ્ત્રીપ્રદાતા ।।૧૦૦૬।।**

પોતાના વડીલબંધુ બલદેવજી વગેરેને શાંત પાડી નિજ સખા ભક્ત અર્જુનને સ્ત્રી પોતાનાં બહેન સુભદ્રા પ્રકર્ષ – ઉત્તમ રીતે અર્પણ કરનાર ભગવાન્ શ્રીપુરુષોત્તમ.

**બહુલાસ્વરૂપદઃ ।।૧૦૦૭।।**

મિથિલાનગરીમાં નિવાસ કરનાર પોતાના ભક્ત બહુલાશ્વ રાજાને ઘેર જઈ નિજ સ્વરૂપનું દર્શન આપનાર પરમ કૃપાળુ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

**શ્રુતદેવેષ્ટદાતા ।।૧૦૦૮।।**

પોતાના એકાન્ત પરમભક્ત શ્રુતદેવ નામના બ્રાહ્મણને નિજ દર્શન રૂપ ઈષ્ટ વસ્તુને તથા મનોવાઞ્છના પ્રમાણે અર્પણ કરનાર દયાનિધિ શ્રીકૃષ્ણ.

**સર્વશ્રુતિનિરૂપકઃ ॥૧૦૦૯॥**

૧. સર્વ શ્રુતિ - વેદોએ પોતાના સામર્થ્ય પ્રમાણે જેમનું નિરૂપણ - સ્તુતિગાન કર્યું છે એવા,

૨. સકલ શ્રુતિગણોવડે પ્રતિપાદિત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર.

''વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ'' (સકલ વેદોવડે હું જ જાણવા યોગ્ય છું) એમ આપ શ્રીમુખથી અર્જુનને ઉપદેશ કરો છો. એટલે નિખિલ નિગમ - વેદોમાં નિરૂપણ કરવામાં આવેલી મુખ્ય વસ્તુ તે આપ શ્રીકૃષ્ણ જ છો, અન્ય નહિ. ભગવાન્‌ના પારને પામવામાં સ્વયં શ્રુતિઓ પણ સમર્થ નથી, પછી અન્ય તો ક્યાંથી જ હોય? ભગવતી શ્રુતિ વર્ણવે છે કે ''**પ્ર તત્તે અદ્ય શિપિવિષ્ટ નામાર્યઃ શંસામિ વયુનાનિ વિદ્વાન્, તં ત્વા ગૃણામિ તવસમતવ્યાન્ ક્ષયન્તમસ્ય રજસઃ પરાક ઈતિ**'' (હે શિપિવિષ્ટ! હે વિષ્ણો! લોકમાં અને વેદોમાં પ્રસિદ્ધ એવા આપના નામની હું પ્રશંસા કરું છું તમે જ મારા સ્વામી છો, જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉપાયોને જાણવાવાળા છો, વિદ્વાન્ છો, માટે હું સ્તુતિ કરું છું. હું તો ક્ષુદ્ર જીવ માત્ર છું અને આપ તો સર્વથી મહાન છો. આ લીલાત્મક પ્રપઞ્ચથી પર ગૂઢ રૂપે રહેલા છો. તેથી આપના અગણિત ગુણગાન મહિમાને સ્તવન કરવા પ્રવૃત્ત થયેલો છું) ''**ન તે મહિત્વમન્વશ્રુવન્તિ**'' (આપના અપાર મહિમાને કોઈ પણ શ્રવણ કરી શક્તા નથી) ''**ઉભે તે વિઘ્નરજસી...**'' ''**યતો વાચો નિવર્તન્તે**'', ''**માં તુ વેદ ન કશ્ચન...**'' (ગીતા.) ઈત્યાદિ અનેક શ્રુતિ - સ્મૃતિઓમાં ભગવાન્‌નો અપાર મહિમા - પ્રભાવ વર્ણવેલો છે.

પાછળ ''ગૂઢાત્મા સર્વવેદેષુ'' એ ૪૭ મા નામમાં વિસ્તૃત રીતે આ વિષય આવી ગયેલો હોવાથી અત્રે આટલેથી જ વિરામ પામીએ છીએ.

આ સ્કન્ધના ૮૪/૮૭ મા અધ્યાયમાં ''**જય જય જહ્યજામિતિ...**'' એ શ્લોકોમાં ગોપાનનારૂપ શ્રુતિગણોએ ભગવાન્‌નો અગણિત ગુણગાન મહિમા સ્પષ્ટ રીતે કથન કરેલો છે. જેથી અહીં પોતાના સામર્થ્ય પ્રમાણે - સ્વશકત્યનુસાર શ્રુતિ ગણો જેમનું નિરૂપણ કરે છે. એવા પ્રભુ એમ કહે છે.

**મહાદેવાદ્યતિશ્રેષ્ઠઃ ॥૧૦૧૦॥**

મહાદેવ જેવા મુખ્ય છે એવા બ્રહ્માદિ દેવોથી પણ અત્યન્ત શ્રેષ્ઠ - વિશેષ પ્રશંસનીય એવા પ્રભુ.

ભૃગુ આદિ મુનિઓએ સર્વથી શ્રેષ્ઠ કોણ દેવ છે ? એ સમ્બન્ધનો નિર્ણય કરતાં સર્વોત્તમપણું ભગવાન્‌માં જ સિદ્ધ કરેલું છે. એમ આ સ્કન્ધના ૮૯ મા અધ્યાયમાં સ્પષ્ટ જણાવેલું છે. જેથી અહીં મહાદેવાદિ સકલ દેવોમાં શ્રેષ્ઠ એવા પ્રભુ શ્રીકૃષ્ણ, એમ ભગવન્‌નામને પ્રતિપાદન કરે છે.

**ભક્તિલક્ષણનિર્ણયઃ ।।૧૦૧૧।।**

ભક્તનાં લક્ષણોનો નિર્ણય જેમનાથી છે એવા પ્રભુ.

ભગવદનુગ્રહરૂપ ભક્તિનાં લક્ષણોનો નિર્ણય – સિદ્ધાન્ત આપનાથી જ થાય છે. આપ જેને અનુગ્રહ કરવાની ઈચ્છા કરો છો તેનાં લૌકિક ઉપર રુચિ કરાવનાર ધનાદિ સાધનોને આપ હરી લો છો. અને પોતાના તરફ તેના અન્તઃકરણનું આકર્ષણ કરો છો. જેથી ભગવત્કૃપાપાત્ર બનેલા ભક્તને ભક્તિનાં સમ્પૂર્ણ લક્ષણો સાધ્ય થાય છે. ભગવાન્‌ની પૂર્ણ કૃપા વિના તેવાં ભક્તિનાં ચિહ્નો પ્રાપ્ત કરવાં એ અશક્ય છે. માટે અહીં ભક્તિનાં લક્ષણો – ચિહ્નોનો નિર્ણય જેમનાથી છે એવા પ્રભુ એમ કથન કરે છે.

**વૃકગ્રસ્તશિવત્રાતા।।૧૦૧૨।।**

શકુનિપુત્ર વૃક – ભસ્માસુર દૈત્યવડે પીડાયુક્ત બનેલા શપર, પ્રભુનું રક્ષણ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

કેટલાક ''ભગવાને મોહિનીરૂપ ધારણ કરી વૃકાસુરને છેતરી નાશ કરી શ્રીશપરનું રક્ષણ કર્યું છે'' એમ કહે છે. પરન્તુ આ સ્કન્ધના અધ્યાયમાં તો ભગવાને બ્રાહ્મણ બટુકનું સ્વરૂપ ધારણ કરી, ભસ્માસુરને પોતાની માયામાં મોહ પમાડી ભસ્મીભૂત કરેલો છે અને મહાદેવનું રક્ષણ કર્યું છે. એમ સ્પષ્ટ જણાવે છે. વાસ્તવિક રીતે જોતાં એ જ યોગ્ય છે.

**નાનાવાક્યવિશારદઃ ।।૧૦૧૩।।**

અનેક પ્રકારનાં વાક્ય બોલવામાં વિશારદ.

યુક્તિપ્રયુક્તિપૂર્વક વિવિધ રીતે વચનચાતુર્યનો પ્રકાશ કરી, વાણી બોલવામાં કુશલતા કરનાર વાણીપતિ આપ શ્રીપુરુષોત્તમ સિવાય અન્ય કોણ સમર્થ હોય ? એવા સુન્દર વાક્ચાતુર્યવડે ભસ્માસુરને ભસ્મીભૂત કરી ભસ્મધારી શપરનું આપે ગૌરવ સાચવેલું છે. જેથી અહીં નાના પ્રકારનાં વાક્ય બોલવામાં વિશારદ – ચતુર પરમાત્મા શ્રીકૃષ્ણચન્દ્ર એમ કહે છે.

**નરગર્વવિનાશાર્થહતબ્રાહ્મણબાલકઃ ।।૧૦૧૪।।**

નર – અર્જુનજીને થયેલા ગર્વનો નાશ કરવામાટે બ્રાહ્મણના બાલકોને

હરણ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણ.

( દ્વારકાનગરમાં નિવાસ કરનાર એક બ્રાહ્મણની પત્નીને બાલક અવતરી તરત જ મરી જતાં હતાં. તે મરેલા બાલકનું શબ લઈ તે બ્રાહ્મણ રાજસભામાં ભગવાન્ શ્રીકૃષ્ણ પાસે આવી ઘણો જ તિરસ્કાર આપતો હતો. એ પ્રમાણે તેનાં નવ બાલકો મરણ શરણ થઈ ગયાં. નવમું મરેલું બાલક લઈ જ્યારે રાજસભામાં પ્રવેશ કરી શ્રીકૃષ્ણને ફિટકાર કરવા લાગ્યો, ત્યારે તે સમયે ત્યાં પોતાના બલનો મહાન ગર્વ ધારણ કરતા અર્જુન ત્યાં બેઠેલા હતા. તેમણે સર્વ યાદવોના સામર્થ્યનો તિરસ્કાર કરી બ્રાહ્મણોના બાલકનું રક્ષણ કરવાનું પોતે માથે લીધું. અને પુનઃ એવો પ્રસન આવે તો મને જણાવવું, એટલે હું બાલકનું રક્ષણ કરીશ. જો મારાથી તેમ નહિ થઈ શકે તો અગ્નિમાં પ્રવેશ કરી બળી મરીશ. આવી અર્જુનની દઢ પ્રતિજ્ઞા જાણી, તેમના પર વિશ્વાસ લાવી, બ્રાહ્મણ દશમી વખતે બાલક પ્રસવનો પ્રસન પ્રાપ્ત થતાં, અર્જુનને પોતાને ઘેર તેડી ગયો. ત્યાં અર્જુને પ્રસૂતિના સ્થાનને શરપઞ્જરથી - બાણનું પાંજરુ બનાવી વાયુ પણ પ્રવેશ ન કરી શકે તેવું બનાવ્યું, પરન્તુ આ સમય બાલક પ્રસવ થતાંની સાથે જ દેહ સહિત ઉડી ગયું, પ્રથમ તો માત્ર જીવ જ જતો હતો. આમ થવાને લીધે અર્જુનજીનું મહાન અભિમાન ગલિત થઈ ગયું ) એ આ સ્કન્ધના ૮૬/૮૯ મા અધ્યાયના પ્રસનને અનુસરી આ નામ પ્રકટ કરેલું છે.

**લોકાલોકપરસ્થાનસ્થિતબાલકદાયકઃ ।।૧૦૨૫।।**

લોકાલોક પર્વતથી પણ પર - આગળ એવા સ્થાનમાં રહેલા બાળકને લાવી આપનાર શ્રીકૃષ્ણ.

અનેક પ્રયાસ કરવા છતાં બાળકની પ્રાપ્તિ ન થઈ, ત્યારે અર્જુને અગ્નિમાં પ્રવેશ કરી બળી મરવા માંડ્યું. એટલે તેને રક્ષણ કરવા અને બ્રાહ્મણને શાંત પમાડવા પ્રભુએ હરાયેલા બ્રાહ્મણના શિશુને લોકાલોક નામક સ્થાનથી પર રહેલા સર્વોત્તમ ભગવત્સ્થાનમાંથી લાવી બ્રાહ્મણને અર્પણ કર્યો. આ પ્રમાણે પ્રભુના પ્રભાવને પ્રત્યક્ષ કરી અર્જુને પોતાના અન્તઃકરણમાં નિશ્ચય કર્યો કે ''સર્વથી વિશેષ પ્રભાવશીલ સમર્થ ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે. લોકના અનુગ્રહમાટે દૈવી જીવોનો ઉદ્ધાર કરવાને જ આપ ભૂતલ પર પધારો છો. એ આપ સર્વ સમર્થ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રની લીલામાત્ર જ છે''

**દ્વારકાસ્થમહાભોગનાનાસ્ત્રીરતિવર્ધનઃ ।।૧૦૧૬।।**

૧. દ્વારકા નગરીમાંના મહાવૈભવને માટે વિવિધ પ્રકારની વનિતાઓમાં રતિ-

કામકેલી સમ્બન્ધી પ્રીતિને વધારનાર ભગવાન્,
૨. દ્વારકાનગરનો મહાન વૈભવ નાના પ્રકારની સ્ત્રીઓમાં રતિ – પ્રીતિ વધારનાર જેમનાથી છે એવા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર.

**મનસ્તિરોધાનકૃતવ્યગ્રસ્ત્રીચિત્તભાવિતઃ॥૧૦૧૭॥**

મનોવૃત્તિનું તિરોધાન – હરણ – આકર્ષણ થવાને લીધે વ્યગ્ર – વિહ્વલ બનેલી નિજ પત્નીઓએ પોતાના અન્તઃકરણમાં ભાવના કરાતા અર્થાત્ જેમ સ્ફુરણ થાય તેમ કલ્પના કરાતા એવા ભગવાન્ શ્રીકૃષ્ણ.

ભગવાન્નાં પ્રેમમય મધુર ભાષણોથી દૃઢ આલિનનથી જેમની મનોવૃત્તિઓ ભગવન્મય જ બની ગઈ છે એવા ભગવાન્નાં પટારાણીઓ, નિરન્તર મધુર આલાપથી પ્રભુમાં વિવિધ ભાવનાઓ કરી તેમનાં યશોગાન વિહ્વલ બની ઉન્મત્તવત્ – જડવત્ ગાયા જ કરે છે. આ સ્કન્ધના ૮૭/૯૦ મા અધ્યાયમાં "**કુરરિ ! વિલપસિ ત્વં...**"થી આરમ્ભી "**હંસ ! સ્વાગતમાસ્યતામ્**" ઈત્યાદિ શ્લોકો પર્યન્ત તે સ્પષ્ટ દર્શાવેલું છે. એ જ આશયનો આ નામ પ્રકાશ કરે છે.

**॥ઈતિ દશમસ્કન્ધનામાનિ॥**

## ॥અથ એકાદશસ્કન્ધનામાનિ પ્રારભ્યતે ॥

**મુક્તિલીલાવિહરણો ॥૧૦૧૮॥**

મુક્તિલીલા પોતાના સ્વરૂપની સ્થિતિમાં વિહાર – ક્રીડા રમણ કરનાર શ્રીકૃષ્ણચન્દ્ર.

એકાદશસ્કન્ધમાં ભગવાન્ની દશવિધ લીલાઓમાંની મુક્તિલીલા વર્ણવી છે. ભાગવત દ્વિ.સ્ક. અ.૧૦ શ્લોક ૬માં કહે છે કે "**મુક્તિર્હિત્વાઽન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ**" ( અન્યથા રૂપનો ત્યાગ કરી નિજસ્વરૂપમાં સ્થિતિ કરવી એ મુક્તિ છે. ) ભગવાને મહાભારતના યુધ્ધ પ્રસનથી તથા બ્રાહ્મણના શાપનિમિત્તે સકલ યાદવકુલને સંહારી, ભૂમિના ભારને ઉતારી પોતાના અવતારનું પ્રયોજન સિધ્ધ કર્યું પછી નિજ સ્વરૂપમાં સ્થિતિ કરી છે, અને તેવામાં જ ઉદ્ધવજીએ કરેલા પ્રશ્નોના ઉત્તરો આપે આપેલા છે, તે જ આ સ્કન્ધની મુખ્ય પ્રવૃત્તિ છે. માટે તેમાં મુક્તિલીલા છે. એમ સર્વસિધ્ધ છે, એટલે તેવી મુક્તિલીલામાં વિહાર કરનાર – રમણ કરનાર એવા પ્રભુ એમ કહે છે.

**મૌસલવ્યાજસંહૃતિઃ ||૧૦૧૯||**

બ્રાહ્મણે આપેલા શાપના હેતુથી જામ્બુવતીપુત્ર સામ્બના ઉદરમાંથી નીકળેલા મુસલના યોગવડે થયેલા યુદ્ધના મિષને આગળ કરી યાદવકુલનો સંહાર કરનાર શ્રીપુરુષોત્તમ.

**શ્રીભાગવતધર્માદિબોધકઃ ||૧૦૨૦||**

૧. શ્રીમદ્‌ભાગવત શાસ્ત્રમાં કહેલા ધર્માદિનો બોધ કરનાર – ઉપદેશ આપનાર,

૨. શોભા યુક્ત ભાગવત – ભગવાન્‌ના ભક્તો કે કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર દ્રુમિલ, ચમસ અને કરભાજન વગેરેના ધર્મોનો ઉપદેશ આપનાર.

૩. વસુદેવજીને નારદદ્વારા ધર્મનો બોધ કરનાર.

૪. નારદરૂપે જગતમાં ધર્મોપદેશ કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર. નારદજી પોતે ભગવાન્‌નું જ સ્વરૂપ છે. ગીતામાં આપ આજ્ઞા કરો છો કે ''દેવર્ષીણાં ચ નારદઃ'' (દેવર્ષિઓમાં હું નારદ રૂપે છું) એ ભગવદ્‌વાક્યથી સિદ્ધ થાય છે કે, નારદજી આપનાથી પૃથક્ નથી કિન્તુ ભગવદ્રૂપ છે, જેથી નારદરૂપે વસુદેવજીને બોધ આપનાર શ્રીકૃષ્ણ એમ કહે છે.

**ભક્તિનીતિકૃત્ ||૧૦૨૧||**

૧. ભક્તિની નીતિને – જ્ઞાનને પ્રાપ્ત કરાવનાર.

૨. નવ યોગેશ્વરોનાં વચનોથી જનકરાજાની ભક્તિમાં સ્થિતિ કરનાર ભગવાન્ વાસુદેવ પ્રભુ.

# શ્રીમદ્ભાગવત દશમસ્કંધ સુબોધિની

# ગુણ પ્રકરણ

## અધ્યાય બ્યાસીમો

## ભગવાને દેવકીજીના મરેલા પુત્રો લવી આપ્યા.

**એવં નિરોધઃ સર્વેષાં ભગવત્કૃત ઈરિતઃ ।।**
**સ કિં સાક્ષાત્ સર્વયુક્તયા ભગવાનન્યથાપિ વા ।।૧।।**

એવી રીતે ભગવાને કરેલો સર્વનો નિરોધ વર્ણવવામાં આવ્યો. તે (શ્રીકૃષ્ણ) સર્વ તર્કથી સાક્ષાત્ ભગવાન્ (સિદ્ધ થાય) છે, અથવા જૂદા પ્રકારના[૧] પણ છે ? કા.૧.

**અન્યથા ચેત્કૃતોઽપ્યેષ નિરોધો નિષ્ફલો ભવેત્ ।।**
**તસ્માત્કૃષ્ણસ્ય સર્વોક્ત્યા ભગવત્ત્વં તુ સાધ્યતે ।।૨।।**

જો (શ્રીકૃષ્ણ, ભગવાનથી) જૂદા પ્રકારના હોય તો (તેમણે) કરેલો હોવા છતાં આ નિરોધ ફલ વિનાનો થાય. તેથી સર્વ વચન પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ સિદ્ધ કરવામાં આવે છે. કા.૨.

**અતોઽગ્રે ભગવાન્ વ્યાસઃ ષડધ્યાયીં ચકાર હ ।।**
**ઐશ્વર્યાદિપ્રસિદ્ધ્યર્થં સઙ્ગતિસ્ત્વિયમેવ હિ ।।૩।।**

તેથી ભગવાન્[૨] વ્યાસે આગળ છ અધ્યાયો શ્રીકૃષ્ણના ઐશ્વર્ય વિગેરે પ્રસિદ્ધ થાય તે માટે રચ્યા. સંગતિ તો[૩] ખરેખર[૪] આ જ છે. કા.૩.

**તત્રાદૌ ભગવદ્ભાવસિદ્ધ્યર્થં યુક્તિપૂર્વકમ્ ।।**

---

૧. 'જૂદા પ્રકારના' એટલે ભગવાન્ ન હોય તેવા.

૨. અહિં વ્યાસને છ અધ્યાયો રચનાર કહ્યા, તેથી એમ સુચવ્યું છે કે શ્રીકૃષ્ણે જે ક્રમે લીલા કરેલી, તે ક્રમ પ્રમાણે જ તેમને સમાધિમાં લીલાનાં દર્શન થયાં. (છતાં) કથાના અનુક્રમે લીલાનું વર્ણન નહિ કરતાં, (અર્થના) વિચાર પ્રમાણે તેમણે તેનું વર્ણન કરેલું છે, તેથી તેમને 'ભગવાન્' ક્હેલા છે. (લે)

૩. 'તુ' 'તો' શબ્દથી એમ કહેલું છે કે જે ક્રમે લીલા થઈ તે ક્રમ કથામાં સાચવેલો નથી. છ અધ્યાયોમાં આરંભમાં પહેલા અધ્યાયમાં અનુક્રમ પ્રમાણે ઐશ્વર્યનું જ નિરૂપણ કરવું જોઈએ, એવી જ સંગતિ છે. એટલે (કથાના) સાર (ભાવાર્થ) પ્રમાણે જ કથા વર્ણવેલી છે, પરંતુ સમયના અનુક્રમ પ્રમાણે (જેમ જેમ લીલા થઈ તે પ્રમાણે) કહેલી નથી. (લે)

૪. કથા કરતાં કથાનો સાર (વિચાર) મુખ્ય છે, એમ 'હિ' 'ખરેખર' શબ્દથી કહેલું છે. (લે).

**ઐશ્વર્યાદીન્ ષડર્થાન્ હિ ષડધ્યાય્યાં નિરૂપ્યતે[5] ।।૪।।**

તે પૈકી તર્ક પ્રમાણે શ્રીકૃષ્ણનો ભગવદ્ભાવ સિદ્ધ થાય તે માટે આરંભમાં છ અધ્યાયોમાં ઐશ્વર્ય વિગેરે છ પદાર્થો(ગુણો)નું નિરૂપણ કરવામાં આવે છે. કા.૪.

**ષટ્ત્રિંશે તુ તથાધ્યાયે કૃષ્ણસ્યૈશ્વર્યલક્ષણઃ ।।**
**અલૌકિકો લૌકિકશ્ચ ક્રિયાજ્ઞાનવિભેદતઃ ।।૫।।**
**નિરૂપ્યતે યતઃ પિત્રોરૈશ્વર્યં હૃદ્ગતં ભવેત્ ।।**

છત્રીસમા અધ્યાયમાં તો શ્રીકૃષ્ણના ઐશ્વર્યરૂપ (ભગવદ્ભાવ)નું[6] નિરૂપણ કરવામાં આવે છે. ક્રિયા અને જ્ઞાનના ભેદથી અલૌક્કિ અને લૌકિક (ઐશ્વર્યરૂપ ભગવદ્ભાવ)નું નિરૂપણ કરવામાં આવે છે, કે જેથી (તેમનું) ઐશ્વર્ય માતાપિતાના હૃદયમાં સ્થિર થાય. કા.૫ાા.

**અનુભાવાત્પુરૈશ્વર્યં તયોર્હૃદયસંહિતમ્ ।।૬।।**
**યેન સ્તુતિઃ કૃતા તાભ્યાં કૃષ્ણવાક્યાત્તુ નિર્ણયઃ ।।**
**તીર્થયજ્ઞસદુક્ત્યા હિ શુદ્ધાન્તઃકરણો ભવેત્ ।।૭।।**

પહેલાં (ભગવાનના) પ્રભાવને લીધે (ભગવાનનું) ઐશ્વર્ય તેમના હૃદયમાં રહેલું, જેને લીધે તે બેએ (ભગવાનની) સ્તુતિ કરી. શ્રીકૃષ્ણના વાક્યથી તો (તેઓનો) નિશ્ચય થયો, કારણ કે તીર્થ અને યજ્ઞમાં સત્પુરુષોના વચનથી (હરકોઈ) શુદ્ધ અંતઃકરણવાળો થાય છે. કા.૭.

**તતઃ કૃષ્ણગુણજ્ઞાને તસ્યેચ્છાભૂદિતીર્યતે ।।**
**તથૈવ દેવકી દેવી જ્ઞાત્વા માહાત્મ્યમુત્તમમ્ ।।૮।।**
**ઐશ્વર્યસ્ય પરીક્ષાર્થં પુત્રાહૃતિમુવાચ હ ।।**

પછી શ્રીકૃષ્ણના ગુણોનું જ્ઞાન (પ્રાપ્ત કરવા)ની તેની ઇચ્છા થઈ એમ કહેલું છે. તેવી જ રીતે[7] દેવી દેવકીએ (ભગવાનનું) ઉત્તમ માહાત્મ્ય જાણીને ઐશ્વર્યની પરીક્ષા કરવા પુત્રોને લાવી આપવાનું કહ્યું ! કા.૮ાા.

---

૫. 'નિરૂપ્યતે' શબ્દનો અર્થ પાણિનિ સૂત્ર ૩.૧.૬૯ પ્રમાણે વ્યાસ 'નિરૂપણ કરે છે' એવો થાય છે (લે). અહિં 'નિરૂપણ કરે છે,' અથવા 'વર્ણવે છે' શબ્દ અધ્યાહાર લેવાથી આવી કિલષ્ટ યોજના કરવાની જરુર રહેતી નથી. 'નિરૂપ્યતે'નો કર્તા 'ઐશ્વર્યલક્ષણઃ' કા.૫માં છે તે લઈ શકાય છે. કા.૬માં 'નિરૂપ્યતે' શબ્દ છે તેનો કર્તા અલૌકિક અથવા લૌકિક ઐશ્વર્યરૂપ (ભગવદ્ભાવ) લઈ શકાય છે.

૬. 'ભગવદ્ભાવ' શબ્દ અહિં અધ્યાહાર છે. (લે)

૭. 'તેવી જ રીતે' એટલે તીર્થ અને યજ્ઞમાં સત્પુરુષોના વચનથી. (લે)

એવી રીતે આટલા[૮] અધ્યાયોથી(તામસ, રાજસ અને સાત્ત્વિક) ત્રણ પ્રકારના ભક્તોના નિરોધનું નિરૂપણ કર્યું. હવે છ અધ્યાયોથી ભગવાનના છ ગુણોનું અનુક્રમે જ નિરૂપણ કરવામાં આવે છે. ઐશ્વર્ય લોક અને વેદથી પર હોય છે. જે અલૌકિક કરે અથવા જે વેદથી પણ અશક્ય કર્મ કરે તે ઈશ્વર. તેમનું અહિં નિરૂપણ કરવામાં આવે છે. (અહિં શ્રીકૃષ્ણ) પિતા પ્રતિ (પોતાના) પુત્રપણાને સ્થિર રાખીને જ જ્ઞાનનો જે ઉપદેશ કરે છે, અને તે પણ સઘળા જ્ઞાનનો, (તેથી તે ઈશ્વર છે એમ સિદ્ધ થાય છે.) તેવી જ રીતે બાલપણમાં મરણ પામેલા અને કાલે કેવલ પરમાણુ બનાવેલાઓને કાલનું ઉલ્લંઘન કરી પાછા (તેઓની) યોગ્ય સ્થિતિએ પહોંચાડી તેમને પોતાના પદની પ્રાપ્તિ પણ કરાવવાનું (જે કાર્ય શ્રીકૃષ્ણે કરેલું છે તે તે ઈશ્વર છે એમ સિદ્ધ કરે છે.) એવી રીતે વેદ અને કાલનું ઉલ્લંઘન પુરુષોત્તમ વિના બીજા કોઈથી થઈ શકે નહિ. ફલપ્રકરણ નજીકમાં જ પુરુ થયું છે, અને (શ્રીકૃષ્ણ અહિં) માતાપિતાએ ઈચ્છેલું (કાર્ય) કરે છે. એવી (આ) અધ્યાયની સંગતિ છે. કથાનો અનુક્રમ (જેમ લીલા થઈ તે સમય પ્રમાણેનો ક્રમ) ઈચ્છેલો નથી, તેથી નીચેના શ્લોકથી જૂદા આરંભથી શરુ કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**અથૈકદાત્મજૌ પ્રાપ્તૌ કૃતપાદાભિવન્દનૌ ।।**
**વસુદેવોઽભિનન્દ્યાહ પ્રીત્યા સંકર્ષણાચ્યુતૌ ।।૧।।**

પછી એક સમયે સમીપ આવેલા અને ચરણને વંદન કરેલા પુત્ર સંકર્ષણ અને અચ્યુતનું અભિનંદન કરી વસુદેવે પ્રીતિથી (નીચે પ્રમાણે તેમને) કહ્યું. ૧.

એક સમયે જ્યારે (સંકર્ષણ) અને શ્રીકૃષ્ણ પ્રસન્ન હતા તેવા સમયે, લાલન થાય તેવા સમયે, (તે) બે પુત્રો પોતાની મેળે જ (વસુદેવની) સમીપ આવ્યા, અને પછી (તેઓએ તેમના) ચરણનું વંદન કર્યું. પછી વસુદેવે પણ તેઓના કાર્યનું અભિનંદન કરી, લૌકિક પ્રીતિવાળા જ રહી, (પોતાને) જ્ઞાન (પ્રાપ્ત થાય તે) માટે સંકર્ષણ અને અચ્યુતને (નીચે પ્રમાણે) કહ્યું. જ્ઞાન (પ્રાપ્ત કરવાની પ્રક્રિયા)નો આ પહેલાનો વિભાગ બધો શ્રુતિથી વિરુદ્ધ છે. (શ્રુતિ પ્રમાણે શિષ્ય પોતે) ગુરુને ઘેર જઈ (તેમને) નમસ્કાર કર્યા પછી ગુરુનું અભિનંદન પામે છે, અને એકની (એમની)[૯] સ્તુતિ કરે છે, એવી મર્યાદા છે. ૧.

---

૮. 'આટલા' એટલે દશમ સ્કંધના પાંચમાથી એકાશી સુધીના સીત્તોતેર, અથવા જન્મ પ્રકરણ પણ નિરોધ માટે ઉપયોગી હોવાથી દશમ સ્કંધના પહેલાથી એકાશી.

૯. શ્રુતિ અથવા મર્યાદા માર્ગ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરવા શિષ્ય પોતે ગુરુના ઘેર જઈ તેમને નમન

તે (જ્ઞાન પ્રાપ્ત કરવાના) વિષયમાં પણ પહેલાં તે (જ્ઞાન પ્રાપ્ત કરવા)ની ઈચ્છાથી તે માટે (વસુદેવે) પ્રવૃત્તિ કરી નથી, પરંતુ અકસ્માત્ સ્મરણ થવાથી તેમણે તેમ કરેલ છે, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**મુનીનાં તદ્વચઃ સ્મૃત્વા પુત્રયોર્ધામસૂચકમ્ ।।**
**તદ્વીર્યૈર્જાતવિશ્રમ્ભઃ પરિભાષ્યાભ્યભાપત ।।૨।।**

પુત્રોનાં સ્વરૂપને સૂચવનારી મુનિઓની તે વાણીનું સ્મરણ કરીને, તેમના વીર્યોથી જેને વિશ્વાસ થએલો છે તેવા (વસુદેવે) સંબોધન કરી (નીચે પ્રમાણે) કહ્યું. ૨.

'જેમના અનુભવનો કાલથી (તથા આની ઉત્પત્તિ અથવા લયથી, પોતાની મેળે અથવા બીજાથી, ગુણથી અથવા બીજા કોઈથી નાશ થતો નથી)' (ભાગ.૧૦।૮૧।૩૨) વિગેરે મુનિની વાણી હતી, અને તેનું વસુદેવને અકસ્માત્ સ્મરણ થયું, અને તે (વાણી) બે પુત્રોના ધામ એટલે તેજ અથવા સ્વરૂપને સૂચવનારી છે. માત્ર વાક્ય[1] અથવા સ્મરણ કરેલું વાક્ય જો જ્ઞાન ઉત્પન્ન કરે, તો પણ કાંઈ ચિંતા રહે નહિ. વળી (અહિં તો) સંવાદથી તે (વાણી) સત્ય છે એવો નિશ્ચય થયો, એમ 'તેમનાં વીર્યોથી જેને વિશ્વાસ થએલો છે' એ શબ્દથી કહેલું છે. ગોવર્ધનને ઉંચો કરવો વિગેરે શ્રીકૃષ્ણના વીર્યો છે, તેમનાથી જેને ઋષિના વચનમાં વિશ્વાસ ઉત્પન્ન થએલો છે તેવા (વસુદેવ છે). તેમણે પછી 'હે કૃષ્ણ! હે રામ!' એમ કહી, નીચે પ્રમાણે કહ્યું, એટલે તેમની સ્તુતિ કરી એવો અર્થ છે. ૨.

**સ્તોત્રં ચક્રેઽષ્ટાદશભિઃ સર્વવિદ્યાનિરૂપકૈઃ ।।૯।।**
**શરણાગતિપર્યન્તમુભયોરાત્મનસ્તથા ।।**
**સ્વરૂપમાહ સર્વાસાં વિદ્યાનામભિવાઞ્છિતમ્ ।।૧૦।।**

સર્વ વિદ્યાઓનું નિરૂપણ કરનારા અઢાર (શ્લોકો)થી શરણ જવા પર્યંત

---

કરે છે અને પછી ગુરુ શિષ્યનું અભિનંદન કરે છે. અહિં તેમનો ક્રમ તેથી વિરુદ્ધ છે. વસુદેવ ગુરુ (શ્રીકૃષ્ણ) પાસે જઈ તેમને નમન કરતા નથી, અને શ્રીકૃષ્ણ તેમનું અભિનંદન કરતા નથી, પરંતુ શ્રીકૃષ્ણ વસુદેવ (શિષ્ય) પાસે આવે છે, તેમને નમન કરે છે અને વસુદેવ તેમનું અભિનંદન કરે છે. આ પછી 'એકં' શબ્દ છે ત્યાં 'એનં' પાઠ હોવો જોઈએ એમ જણાય છે. એમ હોય તો 'ગુરુનું અભિનંદન પામી (શિષ્ય) તેમની સ્તુતિ કરે છે એવી મર્યાદા છે' એવો અનુવાદ થાય. તેથી 'એકની' પછી (એમની) શબ્દ કૌંસમાં મૂક્યો છે. આ વેદમાર્ગની મર્યાદા કહી. અહિં તેથી વિરુદ્ધ ક્રમ છે તે ઉપર જણાવેલ છે.

૧. 'માત્ર વાક્ય' એટલે 'આ મારા પુત્ર છે' એવા અનુસંધાન વિના, 'આ બ્રહ્મ છે' એમ જણાવનારું વાક્ય. (લે)

સ્તુતિ કરે છે. (તેમાં) સર્વ વિદ્યાઓએ ઈચ્છેલું બંનેનું[2] તથા પોતાનું[3] સ્વરૂપ કહે છે. કા.૧૦.

આરંભમાં ભગવાન્ જગતનું કારણ (છે એમ) કહે છેઃ

**કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન્ સંકર્ષણ સનાતન ।।**
**જાને વામસ્ય યત્સાક્ષાત્ પ્રધાનપુરુષૌ પરૌ ।।૩।।**

હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે મોટાયોગી! હે સંકર્ષણ! હે સનાતન! આ (સંપૂર્ણ જગત)ના (આપ) મુખ્ય પ્રધાન અને પુરુષ છો એમ હું તમો બેને જાણું છું. ૩.

આદર જણાવવા (હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! એમ) બે વાર ક્હેલ છે. 'હે મોટા યોગી !' એ શબ્દથી (ભગવાન્) મોટા પણ જાણી ન શકાય તેવા છે, તેનું કારણ કહેલું છે. માત્ર નામથી સંકર્ષણનું સંબોધન કરી, તે (નામ)નો અર્થ જાણતો નહિ હોવાથી, 'સનાતન' શબ્દથી (વસુદેવ) તેમનું (સંકર્ષણનું) સ્વરૂપ જ કહે છે. આથી એમ જણાવેલું છે કે તે (સંકર્ષણ નામ)ને પણ નિત્ય અર્થ જણાવનારું જ[1] કહેવું (જાણવું) જોઈએ. સારી રીતે ખેંચવારૂપ (કાર્ય) પ્રકૃતિનું છે, તેથી તેમને (સંકર્ષણને) (વસુદેવ) પ્રકૃતિના દેવતા માને છે, તેથી જ ઉત્તરાર્ધથી (એમ) કહે છે. આ 'સાક્ષાત્' સંપૂર્ણ જગતના (આપ મુખ્ય પ્રધાન અને પુરુષ છો). બંનેને પ્રધાન અને પુરુષ કહ્યા[2], તેથી કાર્ય અને કારણ એક ગણાતા હોવાની પદ્ધતિથી[3] પ્રધાન અને પુરુષ કહેલા નથી. 'મુખ્ય' શબ્દથી (એમ જણાવેલું છે કે નાનાને મોટા કહેવાની) પદ્ધતિને લીધે (એ બેને પ્રધાન પુરુષ તરીકે) સ્વીકારેલા નથી. (એનો) અર્થ એવો છે કે તે બે અક્ષરમાંથી ઉત્પન્ન થએલ મૂલ (કારણ) બનેલા (પ્રધાન અને પુરુષ) છે. ૩.

---

૨. 'બંનેનું' એટલે 'શ્રીકૃષ્ણ અને બલભદ્રનું'. (લે)

૩. 'પોતાનું' (એટલે વસુદેવનું), 'જીવનું' એવો તેનો અર્થ છે. (લે)

૧. અહિં સંકર્ષણને 'સનાતન' કહ્યા, તેથી 'સંકર્ષણ' પદનો પણ 'નિત્ય સંકર્ષણ (ખેંચવાના કાર્ય)ના કર્તા તે છે' એવો અર્થ છે. (લે)

૨. કાર્ય (જગત્) અને કારણ (પ્રધાન અને પુરુષ) એક ગણાતા હોવાથી જેમ જગતને 'પ્રધાન-પુરુષરૂપ' કહે છે, તેવું જ જો ભગવાનનું પણ પ્રધાનપુરુષરૂપપણું હોય, તો જગતની પેઠે ભગવાન્ પણ પ્રાકૃત છે એવી શંકા થાય. તેથી બંનેને જુદા જુદા 'પ્રધાન' અને પુરુષ કહેલા છે. એક (શ્રીકૃષ્ણ) પુરુષ અને બીજા (બલભદ્ર) પ્રધાન છે એવો અર્થ છે. જગત્ તો (પ્રધાન અને પુરુષ) બંને રૂપ છે એવો ભાવ છે. (લે)

૩. હલકા કાર્યને કારણરૂપ 'પ્રધાનપુરુષ' કહેવાની પદ્ધતિ છે. જો એમ હોય તો (ભગવાન્) માત્ર કાર્યરૂપ પ્રધાનપુરુષ જ થાય, એવો અર્થ છે. (લે). 'મુખ્ય' શબ્દ તે પ્રમાણે નથી, એમ જણાવે છે.

(તે) જગતનું કારણ છે એમ કહી, નીચેના શ્લોકમાં (તે) જગદ્રૂપ છે, એમ કહે છેઃ

**યત્ર યેન યતો યસ્ય યસ્મૈ યદ્ યદ્ યથા યદા ।।**
**સ્યાદિદં ભગવાન્ સાક્ષાત્પ્રધાનપુરુષેશ્વરઃ ।।૪।।**

આ જેની અંદર, જેનાથી, જેમાંથી, જેનું, જેને માટે, જે, જેને, જે પ્રકારે, જ્યારે થાય છે તે પ્રધાન પુરુષ અને ઈશ્વર સાક્ષાત્ ભગવાન્ આપ છો. ૪.

લોકમાં છ કારકો[૧] (અને) પ્રકાર સહિત સાતે વિભક્તિઓ જેટલો અર્થ જણાવે છે તે આપ જ છો. તે (બધી વિભક્તિઓએ જણાવેલ અર્થ)નું કારણ પ્રધાન(પ્રકૃતિ) અને પુરુષ પણ આપ જ છો, અને તેમનું કારણ ઈશ્વર એટલે કાલ પણ આપ જ છો, અને તે બે (૧. પ્રકૃતિ અને પુરુષ, ૨. કાલ)ને પણ વશ રાખનાર પુરુષોત્તમ જ આપ છો, એમ શ્રીકૃષ્ણને જ કહે છે, અને બંને (શ્રીકૃષ્ણ અને બલભદ્ર)ને એક જ ગણતાં બધુંએ મૂલ (કારણ) થયું એવો તેનો અર્થ છે. આવા ભગવાન્ આપ જ છો, એવો અર્થ છે. ૪.

એવી રીતે સ્વરૂપ અને કારણ[૧] કહી, ઉત્પત્તિ જણાવી[૨], નીચેના શ્લોકમાં સ્થિતિનું નિરૂપણ કરે છેઃ

**એતન્નાનાવિધં વિશ્વમ્ આત્મસૃષ્ટમ્ અધોક્ષજ! ।।**
**આત્મનાનુપ્રવિશ્યાત્મા પ્રાણો જીવો બિભર્ષ્યજઃ ।।૫।।**

હે અધોક્ષજ ! પોતે સર્જેલા આ જુદા જુદા પ્રકારના વિશ્વમાં પોતાથી પ્રવેશ કરી જન્મરહિત આપ આત્મા પ્રાણ અને જીવ થઈ, તેને ધારણ કરો છો. ૫.

બ્રહ્મ, માયા વિગેરે જુદા જુદા અનેક પ્રકારનું (આ વિશ્વ આપે) પોતે જ સર્જેલું છે. બધાએ પ્રકારમાં કર્તા તે ભગવાન જ છે. 'અધોક્ષજ[૩]' એ શબ્દથી એમ જણાવેલું છે કે તે (ભગવાન્) સર્વ (પ્રકારના વિશ્વ)ના કર્તા છે એમ બહિર્મુખો જાણતા નથી. (વિશ્વ સર્જ્યા) પછી 'તેને સર્જીને તેમાં જ પ્રવેશ કર્યો' એ શ્રુતિ પ્રમાણે તેમાં પ્રવેશ કરી, પ્રવેશ કરવાના સમયે માત્ર પોતાથી જ પ્રવેશ કરી, પછી તે

---

૧. નામ અને ક્રિયાપદનો સંબંધ અથવા નામ અને તેની સાથે સંબંધ ધરાવતા બીજા શબ્દોનો સંબંધ 'કારક' કહેવાય છે. સાત વિભક્તિઓ પૈકી છઠ્ઠી વિભક્તિ નહિ ગણતાં બાકીની છ વિભક્તિના અર્થો (૧) કર્તા (૨) કર્મ (૩) કરણ (૪) સંપ્રદાન (જેને કાંઈ આપવામાં આવે તે) (૫) અપાદાન (પાંચમી વિભક્તિનો અર્થ) અને (૬) અધિકરણ (જેમાં કાંઈ રહે છે તે સાતમી વિભક્તિનો અર્થ) 'કારક' કહેવાય છે.

૧. શ્લોક ત્રીજામાં. ૨. શ્લોક ચોથામાં.

૩. 'અધોક્ષજ' એટલે ઇન્દ્રિયોથી જેમનું જ્ઞાન થતું નથી તેવા.

(વિશ્વ)ની અંદર (આપ) અનેક રૂપવાળા થયા, એમ કહે છે. આરંભમાં 'આત્મા' (થયા) એટલે તે સર્વ (વિશ્વ)માં વ્યાપી રહ્યા, અને પછી (આપ) જીવનરૂપ અને પ્રાણરૂપ થઈ રહ્યા. 'પ્રાણ' શબ્દમાં ઈન્દ્રિયોનો પણ સમાવેશ કરેલો છે. આ 'સત્ અને ત્યત્ થયા' (તૈત્તિ.ઉપ.૨।૬।૧) એ શ્રુતિનો અર્થ કહ્યો. પછી શરીર વિગેરે બધા જગતને પણ આપ ધારણ કરો છો. ધારણ કરવાની શક્તિને પણ આપે ત્યાં જ યોજી (સ્થાપી). અથવા તે ધારણ કરવાના કાર્ય માટે, વધારાના અંતર્યામી રૂપે પ્રવેશ કર્યો. શ્રુતિએ કહેલા (સૃષ્ટિના) સર્વ પ્રકારો અહિં લીધેલા છે. ૫.

એ પ્રમાણે સ્થિતિ કહી, તેમનું આધિદૈવિક રૂપ વર્ણવે છેઃ

**પ્રાણાદીનાં વિશ્વસૃજાં શક્તયો યાઃ પરસ્ય તાઃ ।।**
**પારતન્ત્ર્યાદ્વૈસાદશ્યાદ્ દ્વયોશ્ચેષ્ટૈવ ચેષ્ટતામ્ ।।૬।।**

વિશ્વ સર્જનાર પ્રાણ વિગેરે પરતંત્ર હોવાથી અને જૂદા પ્રકારના હોવાથી તેમની જે શક્તિઓ છે તે પરની જ છે. બેની માત્ર ચેષ્ટા જ છે. ચેષ્ટા કરનારાઓની માત્ર ચેષ્ટા જ હોય છે. ૬.

પ્રાણ વિગેરે બધા પોતાની ક્રિયાશક્તિથી વિશ્વને જ સર્જે છે. બધું કર્મેન્દ્રિયો વડે જ સર્જાય છે[1]. તેથી 'વિશ્વ સર્જનાર' એ શબ્દ યોજેલ છે. જેમ ઈન્દ્રિયોનો અને શરીરનો પ્રયત્ન તે આત્માનો જ પ્રયત્ન હોય છે તેમ આ (પ્રાણ વિગેરે કર્મેન્દ્રિયો)ની જે શક્તિઓ છે તે પરની એટલે તેઓમાં રહેલ આધિદૈવિકની જ છે, પરંતુ આધ્યાત્મિકની અથવા આધિભૌતિકની નથી. 'આ (પ્રાણ વિગેરે)ની શક્તિઓ કુદરતી છે એમ શા માટે સ્વીકારવામાં આવતું નથી? એવી રીતે વધારાનું આધિદૈવિક શા માટે કલ્પવામાં આવે છે?' એવી શંકા 'પરતંત્ર હોવાથી' એ શબ્દથી દૂર કરે છે. આ (પ્રાણ વિગેરે ઈન્દ્રિયો) આધ્યાત્મિકો પરતંત્ર છે, તે કેવી રીતે સ્વતંત્રતાથી કામ કરે ? જો તેમ (પરતંત્ર) ન હોય, તો સદાએ કામ કેમ ન કરે ? તેથી જ્યારે (આધિદૈવિક તેમનામાં) શક્તિ મૂકે છે ત્યારે જ તેઓ કાર્ય કરે છે, બીજા સમયે કરતા નથી. તેથી સર્વ વસ્તુઓમાં વસ્તુનું સ્વરૂપ છે, જેનું બીજું નામ 'આધિદૈવિક' છે. (આનો) અર્થ એવો છે કે 'ચક્ષુનું ચક્ષુ, કાનનો કાન, મનનું મન' વિગેરે શ્રુતિ જેનું વર્ણન કરે છે, તે ભગવાન જ છે.

'જીવ અવશ્ય સ્વીકારવો પડે છે, તેથી અંતર્યામી અથવા જીવ પોતાની શક્તિ (પ્રાણ વિગેરે ઈન્દ્રિયોમાં) ભલે મૂકે. નકામા બીજા (આધ્યાત્મિક) રૂપની શી જરુર છે ?' એવી શંકા થાય, તેથી 'જૂદા પ્રકારના હોવાથી' એ શબ્દ યોજે છે.

૧. પ્રાણ વિશ્વને સર્જનાર છે એમ અહિં સિદ્ધ કરે છે. ક્રિયા પ્રાણનો ધર્મ છે એમ સિદ્ધ થાય છે, એવો અર્થ છે (લે).

આત્મા (જીવ) સર્વ વસ્તુઓથી જૂદા પ્રકારનો છે, કારણ કે તે ચેતન છે, (અને) બીજા (પદાર્થો) જડ છે. જો (જીવ) જૂદા પ્રકારનો હોવા છતાં પોતાની શક્તિ મૂકે તો આંધળા (માણસ)માં[2] અને કાન વિગેરે (ઈન્દ્રિયો)માં[2] પણ આંખની (જોવાની) શક્તિ કેમ ન મૂકે? તેથી દરેક દરેક ચોક્કસ પદાર્થ સિદ્ધ થાય તે માટે (તે દરેક પદાર્થમાં) તે તે (પદાર્થના) સ્વભાવવાળું જૂદું જ રૂપ સ્વીકારવું જોઈએ એવો અર્થ છે. વળી આધ્યાત્મિક અને આધિભૌતિક એ બેથી જ કાર્ય સિદ્ધ થાય એમ જે કહ્યું તે સંબંધમાં કહેવામાં આવે છે કે તણખલાં વિગેરેની પેઠે એ બંનેને પણ માત્ર ચેષ્ટા (ક્રિયા) જ છે, પરંતુ પ્રેરણા કરનાર હોવાપણું અથવા કર્તા હોવાપણું તેમનામાં સંભવતું નથી. 'એમ કેમ (હોય)?' એવું જાણવાની ઈચ્છા થાય, તેથી ઉંબરામાં રાખેલા દીપકના ન્યાય પ્રમાણે[3] 'ચેષ્ટા કરનારની માત્ર ચેષ્ટા જ છે' એ શબ્દો આગળ મૂકી (તે) જણાવે છે. ચેષ્ટા કરનાર ક્રિયાવાળાઓનો ધર્મ (ગુણ) ચેષ્ટા જ હોવાનું સંભવે છે, પરંતુ પ્રેરણા કરનાર હોવું અથવા કોઈ સમયે ચેષ્ટા વગરના હોવું (એવો તેમનો ગુણ હોવાનું) સંભવતું નથી. તેથી આધિદૈવિક રૂપનો અવશ્ય સ્વીકાર કરવો જોઈએ એવો ભાવ છે.

**કર્તા સર્વપ્રવિષ્ટાત્મા નાનારૂપસ્તથા પરઃ ।।**
**ચતુર્ધા વેદરક્ષાર્થં ચતૂરૂપો નિરૂપિતઃ ।।૧૧।।**

(૧)કર્તા (૨)સર્વ (પદાર્થોમાં) પ્રવેશ કરેલ આત્માવાળા (૩)જુદા જુદા રૂપવાળા અને (૪) પર (આધિદૈવિક) એવા ચાર રૂપવાળા[4] (ભગવાન)નું ચાર પ્રકારે વેદની રક્ષા માટે નિરૂપણ કરેલું છે. (કા.૧૧). ૬.

નીચેના શ્લોકમાં વિભૂતિરૂપ (ભગવાન)નું નિરૂપણ કરે છેઃ

**કાન્તિસ્તેજઃ પ્રભા સત્તા ચન્દ્રાગ્ન્યર્કર્ક્ષવિદ્યુતામ્ ।।**
**યત્સ્થૈર્યં ભૂભૃતાં ભૂમેર્વૃત્તિર્ગન્ધોઽર્થતો ભવાન્ ।।૭।।**

ચંદ્ર, અગ્નિ, સૂર્ય અને નક્ષત્રો તથા વીજળીની કાંતિ, તેજ, પ્રભા અને

---

૨-૨. અંતર્યામી અથવા જીવ (જો પોતે શક્તિ મૂકનાર હોય તો) આંધળા પુરુષમાં જોવાની શક્તિ કેમ મૂકતો નથી ? કાન, નાક વિગેરે (આંખ સિવાયની) ઈન્દ્રિયોમાં જોવાની શક્તિ કેમ મૂકતો નથી ? એવો અર્થ છે. (લે)

૩. બે ઓરડા વચ્ચેના ઉંબરામાં મૂકેલ દીવો બંને ઓરડામાં પ્રકાશ આપે છે. તેથી એક શબ્દ બંને બાજુએ લેવાનો હોય તેનો આવા દીપકના ન્યાય પ્રમાણે બંને બાજુએ સંબંધ લેવાય છે. અહિં 'ચૈષ્ટૈવ' 'ચેષ્ટા જ' એ શબ્દો બંને બાજુએ લેવાના છે. 'દ્વયોઃ ચેષ્ટૈવ,' અને 'ચેષ્ટૈવ ચેષ્ટતામ્' એવાં બે વાક્યો થાય છે.

૪. ત્રીજાથી છઠ્ઠા સુધીના ચાર શ્લોકોથી અનુક્રમે આ ચાર રૂપો કહેલાં છે.

સત્તા, (તથા) પર્વતોની જે સ્થિરતા અને ભૂમિનું જે કાર્ય (અને) ગંધ તે વસ્તુતઃ આપ છો. ૭.

(૧) પદાર્થ માત્રમાં જે કાંતિ એટલે સૌંદર્ય, (૨) તેજ એટલે પ્રકાશ, (૩) મણિ વિગેરે (પદાર્થો)માં બીજાનો પ્રકાશ કરનારી પ્રભા અને (૪) (પદાર્થ માત્રમાં જે) સત્તા એટલે પદાર્થની સ્થિતિ (આપ જ છો). જો કે સર્વ પદાર્થોમાં રહેલા આ ચાર આપ જ છો, છતાં પણ જે (પદાર્થો)માં તે ધર્મો પ્રસિદ્ધ છે તે ગણાવે છે. (૧) કાંતિ ચંદ્રમાં, (૨) તેજ સૂર્યમાં, (૩) પ્રભા અગ્નિમાં અને નક્ષત્રોમાં, અને (૪) સત્તા વીજળીમાં (પ્રસિદ્ધ છે). જેમ ભગવાન્ વિના વીજળીની ક્યાંય પણ સ્થિતિ નથી, તેમ આ (બધા)ની કાંતિ વિગેરે પણ ભગવાનથી જ છે, નહિ તો (ભગવાન્ વિના) નથી એવો અર્થ છે. આ ધર્મરૂપ (ભગવાન)નું નિરૂપણ કર્યું. તે (ધર્મરૂપ) પણ ભગવાન્ છે એમ જણાવવા, ભગવાનના છ ધર્મો પૂરા થાય તે માટે, 'પર્વતોની જે સ્થિરતા અને ભૂમિની જે ગંધ' એ શબ્દો વડે વધારે બે ધર્મો કહે છે. આ બંને ધર્મ પણ આપ જ છો. 'વસ્તુતઃ' શબ્દથી તે સર્વનું (સર્વમાં ધર્મરૂપ ભગવાન્ હોવાનું) કારણ કહેલું છે. (તે ધર્મો) પરિણામે સુખ વિગેરે કાર્યો ઉત્પન્ન કરે છે. જો ધર્મીમાં (પદાર્થોમાં) સુખ ઉત્પન્ન કરવાનો ગુણ હોય તો (તેના) ધર્મો (ગુણો)માં પણ હોય. 'કારણના ગુણો કાર્યના ગુણો બનાવે છે', તેથી જે સામર્થ્ય ધર્મીમાં નથી તે ધર્મોમાં હોવાનું તર્કથી વિરુદ્ધ પણ છે. છતાં પણ (જે ધર્મીમાં ન હોય તેવું) ઉત્તમ કાર્ય ધર્મોમાં જોવામાં આવે છે, તેથી એમ જણાય છે કે તે ધર્મો ભગવદ્રૂપ છે. એવી રીતે જ્યાં કાર્યોમાં પણ તેના કારણોથી ઉત્તમ સામર્થ્ય જોવામાં આવે છે (ત્યારે) તે (કાર્યનું સામર્થ્ય) ભગવાન્ છે એમ જાણવું જોઈએ. તેજ અને ભૂમિના ધર્મો ભગવદ્રૂપ છે (એમ) આ (શ્લોક)થી જણાવ્યું છે. ૭.

પ્રસંગને લીધે બીજા મહાભૂતોના ધર્મો પણ ભગવદ્રૂપ છે એમ જણાવે છે. તે પૈકી નીચેના શ્લોકમાં પ્રથમ જલના (ધર્મો ભગવદ્રૂપ છે એમ) કહે છેઃ

**તર્પણં પ્રાણનમપાં દેવત્વં તાશ્ચ તદ્રસઃ ।।**
**ઓજઃ સહો બલં ચેષ્ટા ગતિર્વાયોસ્તવેશ્વર ।।૮।।**

હે ઈશ્વર ! તૃપ્તિ કરવી, જીવાડવું, દેવપણું, જુદા જુદા હોવાપણું અને રસ (એ) જલોના (ધર્મો), (અને) ઓજ, સહ, બલ, ક્રિયા અને ગતિ (એ) આપ વાયુના (ધર્મો) છે. ૮.

કારણ કે જલ પીવામાં આવે ત્યારે એકાએક કાંઈક તૃપ્તિ થાય છે. તે તૃપ્તિ જલનો (ધર્મ) નથી. કારણ કે તેમ ન હોય (તૃપ્તિ જલનો ધર્મ હોય) તો

જલ સૂકાય નહિ. જલથી પ્રાણોને પણ સંતોષ થાય છે, (અને) તેનાથી પ્રાણો રહે છે. આમ હોવાથી જલમાં ડૂબેલો પુરુષ મરણ ન પામે. (છતાં તે મરણ પામે છે), તેથી જીવાડવું એ પ્રાણનો ધર્મ નથી, પરંતુ ભગવાન્ (નો ધર્મ) જ છે. વળી જલ દેવતા છે એમ સાંભળવામાં આવે છે, અને 'જલો સર્વ દેવતાઓ છે' એવી શ્રુતિ છે. તેમ (જલ દેવતા) ન હોય તો (તે) પાપનો ક્ષય વિગેરે કરાવનાર ન હોય. વળી તે જલો કૂવાનું વિગેરે આશ્રયના ભેદોથી જુદા જુદા પ્રકારનાં છે. તેઓનાં ફલના, જણાઈ આવે તેવા અને ન જણાય તેવા, ભેદો જોવામાં આવે છે. (જો જલ) ભગવાન્ હોય તો જ થઈ શકે. વળી તે (જલ)નો રસ પણ અનેક પ્રકારનો છે. એક પ્રકારના જલમાંથી અનેક પ્રકારનો રસ કેમ થાય ? ભૂમિમાં પણ તે (જલ)માંથી જ રસ (આવે છે), તેથી તેમાં (ભૂમિમાં રહેલ રસમાં) પણ આ દૂષણ[1] છે.

ઉત્તરાર્ધથી વાયુના (ધર્મો ભગવદ્રૂપ છે એમ) કહે છે. 'ઓજ' એટલે ઈન્દ્રિયોનું સામર્થ્ય. 'સહ' એટલે અંતઃકરણનું સામર્થ્ય. 'બલ' એટલે શરીરનું સામર્થ્ય. લોક એમ (કહે છે કે) આ વાયુનું કાર્ય છે. તેમ (આ વાયુનાં કાર્ય) હોય તો વંટોળીઆથી ઘેરાએલામાં આ ઘણાં થાય. તેથી (આ) વાયુના ધર્મ તરીકે પ્રસિદ્ધ હોવા છતાં ભગવાન જ છે, એવો અર્થ છે. વળી તણખલું વિગેરેમાં જે કાંઈ ક્રિયા હોય છે અથવા જંગમ પદાર્થોની જે ગતિ હોય છે, તે પણ ઉપર કરેલા તર્ક[2] પ્રમાણે ભગવાન જ છે. 'આપ વાયુના' એ શબ્દોથી એમ કહેલું છે કે વાયુ પણ આપ જ છો. અને વાયુના સેંકડો ભેદ છે. 'ઈશ્વર !' શબ્દથી એમ જણાવ્યું છે કે વાયુમાં સૂત્રપણાનો અભાવ[3] છે તે પણ ભગવાન જ છે. ૮.

આકાશ (ભગવદ્રૂપ) છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દિશાં ત્વમવકાશોऽસિ દિશઃ ખં સ્ફોટ આશ્રયઃ ।।**
**નાદો વર્ણસ્ત્વમોંકાર આકૃતીનાં પૃથક્કૃતિઃ ।।૯।।**

દિશાઓની વચ્ચેની જગ્યા આપ છો. દિશાનું પોલાણ, સ્ફોટ, આશ્રય, નાદ, ઓંકાર અને (વર્ણોની) આકૃતિઓની જુદી જુદી ક્રિયા આપ છો. ૯.

---

૧. એક પ્રકારના જલમાં અનેક પ્રકારના રસ હોઈ શકે નહિ એ દૂષણ.

૨. તે વાયુના ધર્મ હોય તો વંટોળીઆમાં ઘેરાએલામાં તે ઘણા જ વધી જવા જોઈએ, છતાં એમ થતું નથી, તેથી તે ભગવાનના જ ધર્મ છે તે તર્ક.

૩. વાયુ એક બીજાની સાથે સંધાએલ હોતો નથી. થોડી વાર વાય છે, વળી વાતો નથી, પાછો વાય છે. જેમ માળાના મણકા સૂત્રથી સંધાએલા છે તેમ વાયુ સંધાએલ નથી. આ સૂત્રપણાનો અભાવ પણ ભગવાન જ છે, એટલે વાયુમાં સૂત્રપણાનો અભાવ હોવાથી પણ વાયુ ભગવાન જ છે એમ જણાય છે.

(આપણી) આગળના ભાગમાં આવેલા (રહેલા) તે (આકાશ)માં પણ મોટી વચલી જગ્યા દેખાય છે. જુદી જુદી દિશાઓ પણ દેખાય છે એમ 'દિશાનું પોલાણ' શબ્દથી કહેલું છે. બ્રહ્મવાદ પ્રમાણે દિશાઓ જેનો ધર્મ (ગુણ) છે તેવું આકાશ છે, તેથી (એમ) કહેલું છે, કારણ કે દિશાઓ સર્વ તરફ જુદી જુદી હોય છે, સર્વ (પદાર્થ) સર્વ બાજુએ ભગવાનમાંથી જ થાય છે, તેથી દિશાઓ પણ આપ જ છો. તે (દિશાઓમાં) જે સ્ફોટ છે, તે પણ આપ જ છો. તેમ ન હોય તો શબ્દમાં અર્થ સ્ફુરે નહિ, કારણ કે 'સ્ફુટતિ' સ્ફુરે છે 'અર્થઃ' અર્થ 'અસ્માત્' આમાંથી (તેથી આ 'સ્ફોટ' છે). 'પૂર્વભાગમાં તે (આકાશ) છે, દક્ષિણભાગમાં તે (દિશાઓ) છે' એમ શ્રુતિમાં આકાશ અને દિશાઓને (શબ્દોનો) આશ્રય જણાવેલ છે. તેથી આશ્રય પણ આપ છો, એવો અર્થ છે. એ પ્રમાણે (આકાશના) બહારના ધર્મનું વર્ણન કરી, 'નાદ, વર્ણ, ઓંકાર આપ છો' એ શબ્દોથી અંદરનો (ધર્મ) કહે છે. નાદ અંદરના રણકારરૂપ છે. તે (નાદ) જ સાકાર (આકારવાળો) થાય ત્યારે 'વર્ણ' કહેવાય છે. અંતઃકરણમાં પ્રવેશ કરાવેલો તે (વર્ણ) જ 'ઓંકાર' છે. તેમાંથી વાણીના પ્રકારથી પચાસ વર્ણો નીકળેલા છે. તેઓની આકૃતિ એટલે આકારો જુદા જુદા છે. કંઠ વિગેરે તેઓના કરણ (નીકળવાના સ્થાન) પણ જૂદાં છે. એક કારણ (આકાશ) માંથી, જેમનાં બહાર નીકળવાનાં સ્થાન અનેક પ્રકારનાં છે તેવા અનેક પ્રકારના જુદા જુદા વર્ણો કેમ થાય ? તેથી આકૃતિની એટલે વર્ણોની 'પૃથક્કૃતિઃ' જુદી જુદી ક્રિયા આપ જ છો, એવો અર્થ છે. ૯.

એ પ્રમાણે મહાભૂતો ભગવદ્રૂપ છે એમ કહી, નીચેના શ્લોકમાં ઈન્દ્રિયો (ભગવદ્રૂપ છે એમ) કહે છેઃ

**ઈન્દ્રિયં ત્વિન્દ્રિયાણાં ત્વં દેવાશ્ચ તદનુગ્રહઃ ।।**
**અવવોધો ભવાન્ બુદ્ધેર્જીવસ્યાનુસ્મૃતિઃ સતી ।।૧૦।।**

આપ ઈન્દ્રિયોની તો ઈન્દ્રિય, અને દેવો અને તેઓના અનુગ્રહ છો. આપ બુદ્ધિનો અવબોધ છો (અને) જીવની સાચી અનુસ્મૃતિ છો. ૧૦.

સર્વ ઈન્દ્રિયોની જે ઈન્દ્રિય હોય તે બધી ઈન્દ્રિયોમાં રહેલી એક જ છે એમ કહેવું જોઈએ. તે (બધીમાં રહેલી ઈન્દ્રિય)ના સંબંધથી જ શરીરના અમુક અવયવો ઈન્દ્રિય બને છે, અને 'ઈન્દ્રિય વીર્ય પૃથ્વીની પાછળ ગઈ.[1]' એ શ્રુતિ

૧-૧. આ શ્રુતિ કૃષ્ણયજુંસંહિતાના બીજા અષ્ટકના પાંચમા પ્રપાઠકના ત્રીજા અનુવાક (પ્રકરણ)માં છે. પ્રસંગ એવો છે કે ઈન્દ્રે વૃત્રને હણ્યો ત્યારે વૃત્રના વધથી ભય પામી તે નાઠો. તે સમયે તેનામાંથી તેની દેવતા (ઈન્દ્રિય) અને સામર્થ્ય જતાં રહ્યાં. અને તેનું વીર્ય (સામર્થ્ય) પૃથ્વીને વિવિધ રીતે એટલે ઔષધિ અને લતારૂપે પ્રાપ્ત થયું. ત્યારે ઈન્દ્ર

પણ બંધ બેસે છે. તે (બધી ઈન્દ્રિય) આપ જ છો. તેથી જ તે ઓષધિ અને લતારૂપ હોવાપણું[1] અને જુદા જુદા પ્રકારની હોવાપણું ઘટે છે. ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો પણ આપ જ છો. 'ચ' 'અને' શબ્દથી તેઓનો (ઈન્દ્રિય સાથેનો) સંબંધ પણ આપ છો. અને તેઓનો ઈન્દ્રિયો ઉપરનો અનુગ્રહ પણ આપ છો. 'આપ બુદ્ધિનો અવબોધ છો' એ શબ્દોથી અંતઃકરણ પણ (ભગવદ્રૂપ છે એમ) કહે છે. બુદ્ધિ જડ (હોવા છતાં પણ તે)નો પદાર્થનો પ્રકાશ કરવારૂપ જે અવબોધ તે આપ જ છો. જીવનો પણ અવબોધ એટલે જીવાત્માની જે અનુસ્મૃતિ એટલે આગળ પાછળનું અનુસંધાન તે આપ જ છો. બ્રહ્મનો અનુભવ એ જ સ્મૃતિ છે, જીવને ઈન્દ્રિયો દ્વારા જે અનુભવ થાય છે તે તો ખોટો છે. તેથી જ ઈન્દ્રિયોએ કરાવેલો અનુભવ પણ જેમ (બ્રહ્મની) સ્મૃતિ ઉત્પન્ન થવા યોગ્ય આત્મા થાય, તેવી રીતે આત્મા માટે સંસ્કાર ઉત્પન્ન કરે છે. જીવની તે (બ્રહ્મની સ્મૃતિ) પણ ભગવાન જ છે, એવો અર્થ છે. જેમ છીપ રૂપાં તરીકે (ભાસે છે) તેમ દોષને લીધે તે સ્મૃતિ પણ કોઈવાર જૂદા પ્રકારે (ખોટી) સ્ફુરે છે, તેવી (સ્મૃતિ) આપ નથી એમ 'સતી' 'સાચી' શબ્દથી કહે છે. ૧૦.

એવી રીતે કાર્ય (મહાભૂત વિગેરે)ના સર્વ ધર્મો ભગવાન્ છે એમ જણાવી, નીચેના શ્લોકમાં (કાર્યનું) કારણપણું ભગવાન જ છે એમ જણાવે છેઃ

**ભૂતાનામ્ અસિ ભૂતાદિરિન્દ્રિયાણાં ચ તૈજસઃ ।।**
**વૈકારિકો વિકલ્પાનાં પ્રધાનમ્ અનુશાયિનામ્ ।।૧૧।।**

આપ ભૂતોના અહંકાર છો, ઈન્દ્રિયોના તૈજસ અહંકાર છો, મનના વૈકારિક અહંકાર છો, અને જીવોની પ્રકૃતિ છો. ૧૧.

આપ પાંચ મહાભૂતોનું કારણ 'ભૂતાદિઃ[1]' એટલે અહંકાર છો,

---

પ્રજાપતિ પાસે ગયો અને તેમને તેણે કહ્યું કે મારી ઈન્દ્રિયો અને સામર્થ્ય પૃથ્વીને પ્રાપ્ત થયાં છે. ત્યારે પ્રજાપતિએ પશુઓને કહ્યું કે તે ઈન્દ્રિયોનું સામર્થ્ય ભૂમિ પાસેથી પ્રાપ્ત કરી ઈન્દ્રને પાછું આપો. પછી પશુઓએ તે (લતા અને ઓષધિરૂપ) સામર્થ્ય ઓષધિ અને લતાઓમાંથી પોતામાં લીધું (ઓષધિ અને લતાઓ ચર્યાં), પછી પોતાની અંદર રહેલાં તે સામર્થ્યને દૂધના રૂપથી ઈન્દ્રને આપ્યું. પશુઓ આ સામર્થ્ય (સમ્યગાનયન્) સારી રીતે પાછું લાવ્યા તેથી તેનું નામ 'સાન્નાય્ય' પડ્યું. વળી તેમણે તે દૂધના રૂપથી (પ્રતિદુગ્ધવન્તઃ) દોવાઈને ઈન્દ્રને આપ્યું તેથી તેનું નામ 'પ્રતિધુક્' પડ્યું. આ પ્રમાણે સાયણે આ મંત્રનો અર્થ કરેલ છે. આ મંત્ર શોધી આપી સાયણના ભાષ્ય સાથે તેની નકલ કરી શાસ્ત્રી કલ્યાણજી કાનજીએ મોકલી, તે માટે તેમનો આભાર માનું છું.

૧. 'ભૂતાદિઃ' એટલે તામસ (અહંકાર), એવો અર્થ છે. (લે)

ઈન્દ્રિયોના પણ તૈજસ એટલે રાજસ અહંકાર છો. તેવી જ રીતે આપ 'વિકલ્પાનામ્' એટલે સંકલ્પવિકલ્પરૂપ મનનું કારણ 'વૈકારિકઃ' સાત્ત્વિક અહંકાર છો, (અને) 'અનુ-શાયિનામ્' એટલે મહત્તત્ત્વ જેઓનું આદિ છે તેવા જીવોનું કારણ પ્રકૃતિ છો[2]. ૧૧.

એવી રીતે કારણનું કારણપણું[1] (ભગવાન્ છે એમ) કહી, કાર્યનું કાર્યપણું પણ આપ જ છો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નશ્વરેષ્વિહ ભાવેષુ તદસિ ત્વમનશ્વરઃ ।।**
**યથા દ્રવ્યવિકારેષુ હ્યન્યદા વ્યાવહારિકઃ ।।૧૨।।**

આ લોકમાં નાશવંત પદાર્થોમાં નાશરહિત આપ તે (નાશરહિત) છો, જેમ દ્રવ્યના વિકારોમાં દ્રવ્ય છે, કારણ કે બીજા સમયે વ્યવહારવાળું હોય છે. ૧૨.

કાર્ય નાશનું પ્રતિયોગી[2] છે, અને તેથી કાર્યનો નાશ થાય ત્યારે, કાર્યનો નાશ થએલ હોવાથી કાર્યપણું ઘટે (રહે) નહિ. તેથી કોઈક (એવો) પદાર્થ કહેવો (માનવો) જોઈએ કે જે કાર્ય હોઈ, કાર્યમાં સ્થિર (કાયમ) રહે, 'નાશ પામેલા હોવું' એ જેનો ધર્મ (ગુણ) હોય, અને કાર્યનો (તે છે) એવો (કાર્ય સાથે તેનો) સંબંધ હોય. તે (પદાર્થ) નાશ પામે નહિ તેવો, સદા ટકેલો (હોવો જોઈએ અને) તે એક પદાર્થ સર્વ કાર્યોમાં સંકળાએલો રહેલો કહેવો(માનવો) જોઈએ. તે (પદાર્થ)નો જ આશ્રય કરી, કોઈએ કહેલું છે કે 'ઘટ વિગેરે અવિદ્યમાન હોવાથી ઘટ વિગેરે નથી એમ ન કહેવાય[3]' 'નાશવંત પદાર્થોમાં કોઈપણ નાશ ન પામે તેવો (પદાર્થ) દેખાતો નથી, (તો પછી) ભગવાન્ કોણ હશે ?' એવી શંકા થાય, તેથી તે સંબંધમાં 'જેમ દ્રવ્યના વિકારોમાં (દ્રવ્ય છે)' એ શબ્દોથી દૃષ્ટાંત આપે છે. ઘડો, વસ્ત્ર વિગેરે દ્રવ્યોના વિકારોમાં તે બીજો ઘડા વસ્ત્ર વિગેરે રૂપ (પદાર્થ) રહે છે[4], તેની પેઠે (તેવો પદાર્થ) બધાએ (પદાર્થો)માં પણ રહે છે એવો અર્થ છે.

---

૨. આ સંબંધમાં ભાગ. ૩।૫।૨૭ થી ૩૧ જૂઓ.

૧. 'કારણપણું' એટલે 'આ કારણોનો ગુણ' એવો અર્થ છે. (લે).

૨. 'પ્રતિયોગી' એટલે સામાવાળો, જેમ કે ઘડાનો પ્રતિયોગી ઘડાનો અભાવ. અંધકારનો પ્રતિયોગી તેજ. કાર્યનો પ્રતિયોગી કાર્યનો અભાવ, એટલે કાર્યનો નાશ. તે પ્રમાણે અમુક કાર્યના નાશનો પ્રતિયોગી તે કાર્ય.

૩. જે ઘડા વિગેરેનો વ્યવહાર થાય છે તે ઘડો વિગેરે કાર્ય નથી, એમ ન કહેવાય, એવો અર્થ છે. (લે).

૪. માટીમાંથી ઘડો બને છે. તે બન્યા પહેલાં પણ માટીમાં બીજો ઘડો રહેલો છે. તેમ ન હોય તો 'અસત્' જે પદાર્થ નથી તેવો પદાર્થ અસ્તિત્વમાં આવે, એવો ભાવ છે. (લે).

'તે (પદાર્થ) જ નથી. કયો પદાર્થ દષ્ટાંતથી સિદ્ધ કરો છો ?[૫]' એવી શંકા થાય, તેથી 'બીજા સમયે વ્યવહારવાળું હોય છે' એ શબ્દો યોજેલા છે. ઘટ ન હોય તેવા સમયે જે (તે) 'ઘટ' એવો વ્યવહાર કરાવે છે. તેમ ન હોય (તેવો વ્યવહાર કરાવનાર પદાર્થ ન હોય) તો, ન હોય તેવા પદાર્થના સંબંધમાં (એવો) સાચો વ્યવહાર કેમ થાય ? 'ઘડો ભાંગી ગયો, જમીન ઉપર ઘડો નથી, પાંચ ઘડાઓ ભાંગી ગયા' એવો (તે વ્યવહાર છે). એવો ધર્મ (ગુણ) અને ધર્મી (જે પદાર્થનો તે ગુણ છે તેવા પદાર્થ)નો વ્યવહાર, જે હોય તેવા જ (પદાર્થ)ના સંબંધમાં થાય છે, તેથી તે (સર્વ કાર્યોમાં રહેલ કાર્યરૂપ પદાર્થ) અવશ્ય સ્વીકારવો જોઈએ, એમ જણાવવા 'હિ' 'કારણ કે' શબ્દ યોજેલો છે. ૧૨.

એ પ્રમાણે (ભગવાન્) કાર્યરૂપ અને કારણરૂપ છે એમ જણાવી, (તે) સર્વના આધાર છે એમ જણાવતાં, તે (સર્વ પદાર્થ)ના ગુણ અને દોષ ભગવાનમાં નથી એમ જણાવવા નીચેનો શ્લોક કહે છેઃ

**સત્ત્વં રજસ્તમ ઈતિ ગુણાસ્તદ્વૃત્તયશ્ચ યાઃ ।।**
**ત્વય્યદ્ધા બ્રહ્મણિ પરે કલ્પિતા યોગમાયયા ।।૧૩।।**

સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ગુણો અને તેઓની જે વૃત્તિઓ છે તે આપ પરબ્રહ્મમાં યોગમાયાએ કલ્પેલા છે જ. ૧૩.

સત્ત્વ વિગેરે ગુણો અને અગીઆરમા સ્કંધમાં વર્ણવેલી અહિંસા વિગેરે તેમની વૃત્તિઓ, તે બધાં આપ બ્રહ્મમાં જ છે. 'પર' એટલે શબ્દબ્રહ્મ જે કહેવાય છે તેની અંદર આપની જ યોગમાયાએ કલ્પેલા છે. તેથી આપ તેમના આધાર હોવા છતાં, આપને તેમના દોષનો સંબંધ થતો નથી, એવો અર્થ છે. 'બ્રહ્મ' શબ્દથી પાપરહિત હોવાપણું એવી (દોષનો સંબંધ ન થવામાં) યોગ્યતા કહેલી છે. (આ) યોગ્યતા ('બ્રહ્મણિ') પછી ('પરે') શબ્દ યોજેલ છે. ભગવાન્ પર એટલે વશ રાખનાર હોવાથી તેમની આજ્ઞાથી જ તે ગુણો અને તેમની વૃત્તિઓ તેમનો સ્પર્શ કરતાં નથી, એવો અર્થ છે. વળી યોગમાયા પણ તેવી (પાપને ભગવાનનો સ્પર્શ ન કરવા દે તેવી) જ છે. જેમ યોગને લીધે આધારનો સ્પર્શ કરતા નથી[૧] (તેમ યોગમાયા આધાર-ભગવાનનો સ્પર્શ કરવા દેતી નથી). ૧૩.

---

૫. પદાર્થ હોવા સંબંધી દષ્ટાંત આપો છો. તેવા પદાર્થ જ નથી, કારણ કે તેવો પદાર્થ જણાતો નથી. તેથી તેવો પદાર્થ નહિ હોવાથી, તેનાથી કયો પદાર્થ સિદ્ધ થાય છે ? (લે).

૧. યોગીઓ પોતાના આધારરૂપ પૃથ્વીનો સ્પર્શ ન કરતાં આકાશમાં યોગના બલથી અદ્ધર ઉભા રહે છે, યોગમાયા પોતાના યોગના બલથી પાપ તથા દોષને ભગવાનનો સ્પર્શ થવા દેતી નથી, એવો અર્થ જણાય છે.

જે (ભગવાનમાં) છે તેઓ (તેમનો) કેમ સ્પર્શ કરતા નથી ? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તસ્માન્ન સન્ત્યમી ભાવા યર્હિ ત્વયિ વિકલ્પિતાઃ ।।**
**ત્વં ચામીષુ વિકારેષુ યેઽન્યદા વ્યાવહારિકાઃ ।।૧૪।।**

તેથી જો આપથી જૂદા ગણવામાં આવે તો આ પદાર્થો નથી, અને આ વિકારો જેમનો બીજા સમયે વ્યવહાર થાય છે તેઓમાં આપ નથી. ૧૪.

જ્યારે 'ત્વયિ વિકલ્પિતાઃ' આપથી જૂદા ગણવામાં આવે ત્યારે તેઓનું (આપથી) જૂદું અસ્તિત્વ (હોવાપણું) નહિ હોવાથી તેઓ નથી જ. (આપથી) જૂદા ગણવામાં ન આવે ત્યાર તો છે, પરંતુ જૂદા ગણવામાં આવે તો નથી, એવી સ્થિતિ છે. તેથી (ભગવાનમાં તેમના) દોષ નથી એમ જણાવવા, તેઓનો (ભગવાનથી) જૂદાઈ અને યોગમાયાથી (તેઓની) ઉત્પત્તિ કહેલાં છે, કારણ કે માયાથી કપાએલું વસ્ત્ર કપાએલું હોતું નથી, તેમ જ માયિક (ઈન્દ્રજાલથી દેખાડેલા) વસ્ત્રના ગુણો તેના સંબંધવાળાઓમાં કોઈવાર આવતા નથી. 'તેઓ (ગુણો અને તેમની વૃત્તિઓ) હોય નહિ, તો ભગવાન્ સર્વના આશ્રય (આધાર) કેમ થાય ?' એવી શંકા થાય, તેથી 'આપ પણ આ વિકારોમાં' નથી, એવો અર્થ છે. (તેનું) કારણ વિકારવાળા હોવાપણું જ છે. 'એમ હોય તો જે નથી તેનાથી (તેનો) વ્યવહાર કેમ થાય ?' એવી શંકા થાય, તેથી 'જેમનો બીજા સમયે વ્યવહાર થાય છે' એ શબ્દો યોજેલા છે. જેમ બીજા સમયે (ભગવાનથી જૂદા ગણવામાં આવતા ન હોય ત્યારે) આમનો વ્યવહાર થાય છે, તેમ તેઓ ન હોય ત્યારે પણ તેમનો વ્યવહાર થાય તેમાં શું દોષ છે ? એવો અર્થ છે.૧૪.

તે પ્રમાણે ભગવાન્ દોષ વિનાના, અને પૂર્ણગુણવાળા છે એમ જણાવી, આ સિદ્ધાંત જેઓ જાણતા નથી તેઓની નિંદા કરે છે, કારણ કે આ જ્ઞાન મોક્ષ પ્રાપ્ત કરાવનારું થશે, એવા ભાવાર્થથી નીચેનો શ્લોક કહે છેઃ

**ગુણપ્રવાહ એતસ્મિન્નબુધાસ્ત્વખિલાત્મનઃ ।।**
**ગતિં સૂક્ષ્મામબોધેન સંસરન્તિહ કર્મભિઃ ।।૧૫।।**

અજ્ઞાનીઓ તો, આ ગુણોના પ્રવાહની અંદર, સર્વના આત્માની સૂક્ષ્મ ગતિને ન જાણવાથી, કર્મો વડે અહિં ભમ્યા કરે છે. ૧૫.

આ ગુણોનો પ્રવાહ છે. માયાએ બનાવેલા (માયાથી જણતા ખોટા) છે એવા મતનો આથી નિરાસ થાય છે. (ભગવાનથી જૂદા તરીકે પણ) તેઓ સત્ય છે એવી બુદ્ધિથી જેઓ પ્રવૃત્તિ કરે છે તેઓ અજ્ઞાનીઓ છે. બીજા સિદ્ધાંત પ્રમાણે

મનાએલો તેઓ જ્ઞાની હોવાનો મત ખોટો છે, એમ 'તુ' 'તો' શબ્દથી કહે છે. 'વિષયો અસત્ય હોય તો બીજો કોઈ (પદાર્થ) યોગ્ય હોય તો તેને આત્મા તરીકે ગ્રહણ કરવામાં આવે, પરંતુ તેવો (પદાર્થ) નહિ હોવાથી, ન છૂટકે વિષયોમાં જ રહેવું રહ્યું' એવી શંકા થાય, તેથી 'સર્વના આત્માની સૂક્ષ્મ ગતિને જાણતા નથી' એમ કહેલું છે. ભગવાન્ સર્વના આત્મા છે, અને તે પૂર્ણ અનંત ગુણોવાળા છે એમ પહેલાં જ કહેલું છે. તેથી આત્મા ભગવાન્ છે એવું જ્ઞાન થતાં તેનાથી જ કૃતાર્થ થવાય છે, તેથી વિષયોનું શું પ્રયોજન? વળી તેમની ભક્તિમાર્ગને અનુસરનારી સૂક્ષ્મ ગતિ છે, તેને કાં તો જાણવી જોઈએ. (આ) બંને ન જાણવાથી અહિં (સંસારમાં) કર્મો વડે ભમ્યા કરે છે, એવી (શ્લોકની યોજનામાં) ફેરફાર કરવો. તેથી (૧) ભગવાનને આત્મા તરીકે જાણવા, અથવા (૨) ભક્તિ કરવી એ બે (ઉપાય) પોતાના માટે કહ્યા. ૧૫.

આ બંનેનું[1] જ્ઞાન ન હોવાથી (થતો) દોષ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**યદૃચ્છયા નૃતાં પ્રાપ્ય સુકલ્પામિહ દુર્લભામ્ ।।**
**સ્વાર્થે પ્રમત્તસ્ય વયો ગતં ત્વન્માયયેશ્વર ।।૧૬।।**

હે ઈશ્વર! સારી રીતે શક્તિવાળું અને અહિં દુર્લભ એવું મનુષ્યપણું દૈવગતિથી પ્રાપ્ત કરી જે સ્વાર્થ સાધતો નથી તેનું વય આપની માયાથી નકામું ગયું. ૧૬.

અજ્ઞાનથી ભરેલાઓ ઘણાંએ કર્મો કરે છે. તેથી જુદા જુદા પ્રકારના પણ સંસારમાં કોઈવાર દૈવની ગતિથી પ્રવાહના ન્યાયથી[2] મનુષ્યપણું પણ પ્રાપ્ત કરે છે. તે (મનુષ્યપણું) પણ સારી રીતે શક્તિવાળું એટલે ભગવાનનું ભજન વિગેરે કરવાની શક્તિવાળું (અને) અહિં એટલે આ સાર વિનાના સંસારમાં દુર્લભ છે. એવી રીતે પુરુષાર્થ (પ્રાપ્ત કરવા)નું સાધન બનેલું દુર્લભ શરીર પ્રાપ્ત કરીને, જે સ્વાર્થ એટલે જ્ઞાન અથવા ભક્તિ સાધતો નથી, એટલે વિઘ્નોથી મુંઝાઈ જઈ તે બંને (જ્ઞાન અને ભક્તિ)ના વિરોધી (ભોગ)ને વશ થાય છે, એવો અર્થ છે. તેવા પુરુષાર્થ (પ્રાપ્ત કરવા)નું સાધન બનેલ પોતાના દેહમાં વય જ ઉપયોગી છે, (કારણ કે) તે (વય) જાય ત્યારે ઘરડો શું (પુરુષાર્થ) સાધવાનો? આવું વય આપની માયાને લીધે ભોગની ઈચ્છાથી (નકામું) ગયું. (આપ જ્ઞાન અથવા ભક્તિ

૧. આ બંનેનું એટલે (૧) ભગવાનની સૂક્ષ્મ ગતિને જાણવી તેનું, અને (૨) ભક્તિ કરવી જોઈએ તેનું. (૧) જ્ઞાન અથવા (૨) ભક્તિનું.

૨. પ્રવાહમાં તણાતો પદાર્થ ગમે ત્યાં જઈ ચડે, તેમ જુદી જુદી યોનિમાં જન્મ લેતાં કદાચ મનુષ્ય યોનિમાં જન્મ થાય, એવો અર્થ જણાય છે.

આપવા) સમર્થ છો એમ જણાવવા ' હે ઈશ્વર !' એમ કહેલું છે.૧૬.

માત્ર ભોગની જ ઈચ્છા (હતી એમ) નહિ, પરંતુ બીજા પણ દોષો થયા (લાગ્યા) એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અસાવહં મમૈવૈતે દેહે ચાસ્યાન્વયાદિષુ ।।**
**સ્નેહપાશૈર્નિબધ્નાતિ ભવાન્ સર્વમિદં જગત્ ।।૧૭।।**

'આ હું છું, આ મારા જ છે' એમ દેહમાં અને આ (દેહ)ના વંશ વિગેરેમાં સ્નેહમાં બંધનોથી આપ આ બધા જગતને બાંધો છો. ૧૭.

'આ' દેહ જે 'વસુદેવ' કહેવાય છે તેવા આ દેહમાં 'હું' એવી જે બુદ્ધિ હોવી, અને 'આ' પુત્ર ધન વિગેરે 'મારા જ છે' એવી બુદ્ધિ હોવી, 'પરંતુ હું તેમનો પણ છું' (એવી બુદ્ધિ) ન હોવી. એ પ્રમાણે અહંતા અને મમતાથી ભરેલો હું નાશ પામુ છું એવો એક દોષ છે. 'આ (દેહ)ના વંશ વિગેરેમાં' એ શબ્દોથી બીજો (દોષ) કહે છે. આ દેહનો અન્વય એટલે પુત્ર વિગેરે વંશ. વિગેરે શબ્દથી સ્ત્રીઓ, સાસરાઓ વિગેરે (કહેલા છે). માત્ર તેઓમાં જ નહિ, પરંતુ દેહમાં પણ, અને 'ચ' 'અને' શબ્દ હોવાથી તે (દેહ)ના સંબંધી પિતા વિગેરેમાં પણ આપ સ્નેહના બંધનોથી બાંધો છો. મને એકલાને નહિ પરંતુ બધાએ જગતને બાંધો છો. ૧૭.

અહિં એક વિષય સંદેહવાળો રહે છે. હું(ભગવાન્) તમને(વસુદેવને) વિષય[1] તરીકે બાંધું છું ? અથવા ઈશ્વર તરીકે (તમને બાંધું છું) અને એ પ્રમાણે જગતને પણ (બાંધું છું) ? તેથી નીચેનો શ્લોક કહે છે :

**યુવાં ન નઃ સુતૌ સાક્ષાત્પ્રધાનપુરુષેશ્વરૌ ।।**
**ભૂભારક્ષત્રક્ષપણ અવતીર્ણૌ તથાત્થ હ ।।૧૮।।**

આપ બે અમારા પુત્રો નથી, પરંતુ ભૂમિના ભારરૂપ ક્ષત્રિયોનો નાશ કરવા અવતરેલા, પ્રધાન અને પુરુષના સાક્ષાત્ ઈશ્વર છો. અહો ! તમે જ એ પ્રમાણે કહેલ. ૧૮.

જો આપ વિષય તરીકે અમને બાંધતા હો તો વસ્તુના(આપના) સ્વભાવને લીધે અમારા ઉપર કૃપા પણ થાય; પરંતુ વિષયતા જ નથી; કારણ કે 'આપ બે અમારા પુત્રો નથી', પરંતુ પ્રધાન અને પુરુષના ઈશ્વર એટલે કાલ અને પુરુષોત્તમ છો.

'એવા (કાલ અને પુરુષોત્તમ) શા માટે જગતમાં આવે?' એવી શંકા થાય, તેથી 'ભૂમિના ભારરૂપ ક્ષત્રિયોનો નાશ કરવા અવતરેલા' એ વિશેષણ

૧. વિષય તરીકે એટલે સંસારનો આનંદ આપનાર તરીકે, તમારા પુત્ર તરીકે, એવો અર્થ જણાય છે.

યોજેલું છે. 'આ બાબતમાં પ્રમાણ શું ?' એવી શંકા થાય, તેથી 'અહો ! તમે જ એ પ્રમાણે કહેલ' એ શબ્દો યોજેલા છે. જેમ ગ્રંથમાં (શ્રીમદ્‌ભાગવતમાં) (ભગવાને વસુદેવને) પ્રેરણા કરી એમ કહેલ નથી, છતાં પણ 'પછી ભગવાને પ્રેરેલા વસુદેવ...' (૧૦।૩।૪૮) એ વાક્યથી જ (ભગવાને પોતાને ગોકુલ લઈ જવાની) પ્રેરણા કરી એમ જણાય છે, તે પ્રમાણે અહિં પણ 'ભૂમિના ભારરૂપ ક્ષત્રિયોને હણવા માટે હું અવતરેલો છું' એમ ભગવાને જ કોઈ વખત (વસુદેવને) કહેલું, એમ જાણવું. 'હ' 'અહો' શબ્દ આશ્ચર્ય કરાવનાર છે. આ (શબ્દ)થી (એમ કહેલું છે કે વસુદેવે) અહિં (આપ ભૂમિના ભારરૂપ ક્ષત્રિયોને હણવા અવતરેલા પ્રધાન અને પુરુષના સાક્ષાત્ ઈશ્વર છો એમ કહેવામાં) કલ્પના કરેલી નથી. ૧૮.

'ત્યારે અત્યારે (આ બધું) કેમ કરો છો?' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**તત્તે ગતોઽસ્મ્યરણમદ્ય પદારવિન્દમાપન્નસંસૃતિભયાપહમાર્તબન્ધો ।।**
**એતાવતાલમલમિન્દ્રિયલાલસેન મર્ત્યાત્મદૃક્ ત્વયિ પરે યદપત્યબુદ્ધિઃ ।।૧૯।।**

તેથી હે દુઃખીના બંધુ! શરણે આવેલાનો સંસારનો ભય મટાડનાર આપના ચરણારવિંદને હું હવે શરણે આવેલો છું. આટલી ઈન્દ્રિયોની લાલસા ઘણી થઈ જેથી નાશવંત આત્મા હોવાની બુદ્ધિ થઈ (અને) વશ રાખનાર આપમાં પુત્ર હોવાની બુદ્ધિ થઈ. ૧૯.

હું આપના ચરણારવિંદને શરણ આવેલો છું. આથી એવો ભાવાર્થ સૂચવ્યો છે કે પહેલાં 'આપ બાંધો છો' એવું જે અનિષ્ટ પહેલાં કહેલું છે, તે પાછું ખેંચી લે છે. ચરણારવિંદને શરણ આવવાથી શું ફલ (મળશે) ?' એવી શંકા થાય, તેથી 'શરણે આવેલાનો સંસારનો ભય મટાડનાર' એ વિશેષણ યોજેલું છે. જેઓ 'આપન્નાઃ' શરણે આવેલા હોય છે તેઓના (સંસારના) ભયને (ચરણારવિંદ) દૂર કરે છે. તેથી તે તેવું છે. તેથી આપ (મને કૃતાર્થ કરવામાં) વિલંબ કરશો તો પણ (આપનું) ચરણારવિંદ જ મને કૃતાર્થ કરશે, તેથી હું ચરણારવિંદને અનુસરું છું. ભગવાનનો પણ (પોતાની ઉપર) જેમ સ્નેહ થાય, તે માટે 'હે દુઃખીના બંધું' એવું સંબોધન કરે છે. આથી એવો નિશ્ચય થાય છે કે (વસુદેવે) પોતે દુઃખ હોવાનું પહેલાં જ કહેલું છે. 'વિષયોનો ભોગ કરો. વૈરાગ્યની શી જરુર છે ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'આટલી ઈન્દ્રિયોની લાલસા ઘણી થઈ'. 'ઈન્દ્રિયલાલસં' તે ઈન્દ્રિયોની લાલસા, (હવે) પૂરી થાઓ (મટી જાઓ) એવો અર્થ છે. અથવા 'ઈન્દ્રિયલાલસેન' ઈન્દ્રિયોની લાલસાવાળાએ મેં 'એતાવતા' આવી અવસ્થા પ્રાપ્ત કરી, તે ઘણું થયું. હવેથી (મારી) આવી અવસ્થા ન થાઓ, એવો અર્થ છે. વળી 'નાશવંત (દેહમાં) આત્મા હોવાની બુદ્ધિ થઈ' એ બીજો દોષ

(થયો). 'વશ રાખનાર આપમાં પુત્ર હોવાની બુદ્ધિ થઈ' એ ત્રીજો (દોષ થયો). (૧) (વિષયોના) ભોગની ઈચ્છા, (૨) દેહનું અભિમાન અને (૩) ભગવાનમાં જૂદા પ્રકારની (મનુષ્યબાલ હોવાની) બુદ્ધિ, એ ન મટાડી શકાય એવો ત્રિદોષ છે. 'આ (ત્રિદોષ)ને દૂર કરો' એમ અર્થથી (ભાવાર્થ પ્રમાણે) કહેવાયું છે. ૧૯.

આ બધું તમે (વસુદેવે) ક્યાંથી જાણ્યું ? એવી શંકા થાય, તેથી આ વિષયમાં આપ (ભગવાન્) ગુરુ છો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સૂતીગૃહે નનુ જગાદ ભવાનજો નૌ સંજજ્ઞ ઈત્યનુયુગં નિજધર્મગુપ્ત્યૈ ।।**
**નાનાતનૂર્ગગનવદ્વિદધજ્જહાસિ કો વેદ ભૂમ્ન ઉરુગાય વિભૂતિમાયામ્ ।।૨૦।।**

પ્રસૂતિગૃહમાં આપે કહેલું કે 'જન્મરહિત આપે અમારાથી જન્મ લીધો છે'. દરેક યુગમાં પોતાના ધર્મનું રક્ષણ કરવા આપ આકાશની પેઠે જુદાં જુદાં શરીરો ધારણ કરો છો અને તજો છો. હે ઉરુગાય ! સર્વત્ર રહેલ (આપ)ની વિભૂતિરૂપ માયાને કોણ જાણે ? ૨૦.

'મે શું કહેલ ?' એવી શંકા થાય, તેથી 'જન્મરહિત આપે અમારાથી જન્મ લીધો છે' એ શબ્દો યોજેલા છે. 'વસુદેવ અને દેવકીજીએ પહેલાં જેમનાં દર્શન કરેલ તે જ હું જન્મ્યો છું' એમ કહેલ. તે વિષયમાં મને સંદેહ હતો કે ભગવાને શું અમારા માટે જ જન્મ લીધેલો, કે દરેક યુગમાં પોતાના ધર્મનું[1] રક્ષણ કરવા જન્મ લે છે (તેમ લીધો છે) ? 'ધર્મનું રક્ષણ કરવા ભગવાને જન્મ લીધો હોત તો તારા ઘેર શા માટે જન્મ લેત ? તેથી તારા માટે જ જન્મ લીધેલો' એવી શંકા થાય, તેથી 'આકાશની પેઠે શરીરો ધારણ કરો છો અને તજો છો' એ શબ્દો યોજેલા છે; કારણ કે ઘડાની પેઠે, વસ્ત્રની પેઠે અને પુરુષની પેઠે સર્વ વસ્તુઓ સાથે (તે વસ્તુઓ જેવો) પોતાનો આકાર આકાશ કરે છે, અને તે (વસ્તુ) તે સ્થલેથી બીજે જાય ત્યારે બીજું ફલ (પદાર્થ) આવતાં તેના આકાર ગ્રહણ કરતાં જ પહેલાના આકારો તજે છે, એ પ્રમાણે વિકાર વિનાના જ આપ દેવકીજીના ઘરમાં પ્રકટ થઈ, ત્યાં રહેલી માયાને દૂર કરી, નિશ્ચલ (ક્રિયારહિત) જ પ્રકટ થયા. પછી બીજા સ્થલે પધારતાં, પહેલાના સ્થાનમાં માયા ઢંકાઈ ગઈ, અને બીજા સ્થલમાંથી દૂર થઈ. એ પ્રમાણે દરેક ક્ષણે આપનાં જૂદાં રૂપો થાય છે. તેથી આકાશની પેઠે જ ભગવાન્ પણ દેહ ગ્રહણ કરે છે અને તજે છે. પરંતુ આટલો ભેદ છે કે આકાશ ઉપાધિને[2]

---

૧. ધર્મનું એટલે વેદમાં જણાવેલી મર્યાદાનું.

૨. ઘડો, વસ્ત્ર, પુરુષ વિગેરે જે પદાર્થ આકાશમાં જ્યાં હોય તેના જેવું તે સ્થલે તે રૂપ ધારણ કરે છે. આ પદાર્થ ઉપાધિ છે, કારણ કે તે ત્યાં હોય ત્યાં સુધી આકાશ પોતાનું રૂપ (આકાર)

લીધે દેહ ગ્રહણ કરે છે અને ભગવાન્ તો માયાનો પડદો ખસેડીને (દેહ ગ્રહણ કરે છે). તેથી જ ભગવાન્ અમારા માટે જ પધાર્યા કે બીજાના માટે પધાર્યા એ કેમ જણાય? કારણ કે જેઓ દરેક ક્ષણે રૂપ ગ્રહણ કરતા હોય, તેઓને રૂપ ગ્રહણ કરવાનું પ્રયોજન છે કે નહિ એ જ જાણી શકાય તેમ નથી, તો પછી (તમને તેમ કરવામાં) અમુક પ્રયોજન છે એમ ક્યાંથી જ જણાય? એવો ભાવ છે. 'ત્યારે આ બાબતનો સિદ્ધાંત જાણવો જોઈએ' એવી શંકા થાય, તેથી 'હે ઉરુગાય[3]!' એવું સંબોધન કરે છે. સર્વ એવી રીતે ગાન કરે છે, તેથી ગાન થાય તે માટે જ આપ એમ કરો છો, એવો અર્થ છે. વધારે પ્રયોજન કહેવાનું હોય, તો (તે) જણાતું નથી એમ 'વિભૂતિરૂપ માયાને કોણ જાણે ?' એ શબ્દોથી કહે છે. ૨૦.

એ રીતે વસુદેવની સ્તુતિ અને શરણાગતિનું નિરૂપણ કરી, ભગવાનનાં ન ચિંતન કરી શકાય તેવા સ્વરૂપનું નિરૂપણ થતાં પ્રસન્ન થએલા ભગવાને વસુદેવને અપૂર્ણ જ્ઞાન થએલું હોવાથી પૂર્ણ જ્ઞાનનો બોધ કરવા પ્રવૃત્તિ કરી એમ કહે છે:

**આકર્ણ્યેત્થં પિતુર્વાક્યં ભગવાન્સાત્વતર્ષભઃ ।।**
**પ્રત્યાહ પ્રશ્રયાનમ્રઃ પ્રહસન્ શ્લક્ષ્ણયા ગિરા ।।૨૧।।**

પિતાનું એ પ્રમાણે વાક્ય સાંભળીને વૈષ્ણવોના પતિ ભગવાને વિનયથી નમ્ર થઈ હસતાં નરમાશવાળી વાણીથી (નીચે પ્રમાણે) ઉત્તર આપ્યો. ૨૧.

આ પિતાનું વચન હોવાથી ભગવાન્ સ્વામિની પેઠે તેમને લીલા દેખાડે એ અયોગ્ય હતું. તેથી વિનયથી નમ્ર થઈ, ભવિષ્યમાં પણ મોહ ઉત્પન્ન કરવા હસતાં-હસતાં, પિતાના ચિત્તને સંતોષ થાય તે માટે નરમાશવાળી વાણીથી ભગવાને ઉત્તર આપ્યો. ભગવાન્ 'સાત્વતર્ષભઃ' વૈષ્ણવોના પતિ હોવાથી એવી રીતે વસુદેવ શરણાગતિ જણાવે તો પણ શાંત રહે તો વૈષ્ણવોને દુઃખ થાય, તેથી ભગવાને ઉત્તર આપ્યો. 'તમે બે મને પુત્રભાવથી' (ભાગ.પુરા.૧૦।૩।૪૫) એ વાક્યમાં નિર્ણય કહેલો હોવાથી જ્ઞાન આપવાનું પ્રયોજન નહિ રહેવાથી, વાક્યથી જ્ઞાનનો બોધ અને હાસ્યથી મોહ કરતાં, ભગવાને ઉત્તર આપ્યો એવો અર્થ છે. ૨૧.

શ્રીભગવાન્ કહે છે :

**વચો વઃ સમવેતાર્થં તાતૈતદુપમન્મહે ।।**
**યન્નઃ પુત્રાન્સમુદ્દિશ્ય તત્ત્વગ્રામ ઉદાહૃતઃ ।।૨૨।।**

હે તાત ! આપનું આ વાક્ય અર્થથી ભરપૂર અમે માનીએ છીએ, કારણ કે અમો પુત્રોને લક્ષમાં રાખી (આપે) તત્ત્વોના સમૂહનું નિરૂપણ કરેલું છે. ૨૨.

તેના જેવો રાખે છે.

૩. 'ઉરુ' એટલે ઘણા જેમનું ગાન કરે છે તે 'ઉરુગાય'.

આ વાક્યમાં અર્થ સમાએલો છે. આ વાક્યને અમે તેવું અર્થથી ભરપૂર માનીએ છીએ.

'તે કયો અર્થ ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. આ સ્તુતિ નથી, પરંતુ ઉપદેશ છે. જેમ 'તે તું છો' વિગેરે વાક્ય છે, તેમ આ પણ બ્રહ્મ આત્માની સ્થિતિવાળું[1] (છે એમ જણાવનારું) વાક્ય છે. (આ વાક્યનો) અંગીકાર કરવાથી[2] દોષ થાય, અને ન અંગીકાર કરવાથી[3] (પણ દોષ થાય). તેથી (તેનું) જૂદી રીતે વર્ણન (કરેલું) છે[4]. ૨૨.

એ પ્રમાણે (વસુદેવે) કહ્યું તેનો પ્રકાર જણાવી, તેનું સર્વ દુઃખ દૂર થાય તે માટે (નીચેના શ્લોકથી આરંભી) પૂર્ણ જ્ઞાનનો ઉપદેશ કરે છેઃ

**અહં યૂયમસાવાર્ય ઈમે ચ દ્વારકૌકસઃ ।।**
**સર્વેઽપ્યેવં યદુશ્રેષ્ઠ વિમૃશ્યાઃ સચરાચરમ્ ।।૨૩।।**

હે યદુઓમાં ઉત્તમ! હું, આપ, આ આર્ય અને આ દ્વારકાના રહેવાસીઓ, બધાને સ્થાવર જંગમ સહિત એ પ્રમાણે જાણવા જોઈએ. ૨૩.

જેમ તમે(વસુદેવ) મને જાણો છો તેમ બધાનેએ જાણો. 'જેમ શ્રીકૃષ્ણની પેઠે સર્વ અખંડ છે તેમ તો જણાવેલું છે'(તત્ત્વદી.નિ.૨।૧૮૨) એ વાક્ય પ્રમાણે સર્વ શુદ્ધ ભગવાન્ છે એમ જાણવામાં આવે ત્યારે કાંઈ કરવાનું બાકી રહેતું નથી, તેથી, ભગવાન્ તેવા જ્ઞાનનો જ ઉપદેશ કરે છે. સર્વના સમુહને તેવો (શુદ્ધ બ્રહ્મ) જાણવાનો હશે એમ ન સમજાય, તે માટે દરેકનાં નામ કહે છે.'હું' એટલે (વસુદેવે જે) દૃષ્ટાંત કહેલું તે. 'આપ' એમ બહુવચનથી પિતાનું જ નામ લે છે. 'આ આર્ય' એટલે બલભદ્ર, 'અને આ દ્વારકાના રહેવાસીઓ' અને બ્રહ્માંડમાં રહેલા બીજા 'બધાએ'ને 'એ પ્રમાણે જ' એટલે સાક્ષાત્ ભગવાન્ છે એમ જ જાણવા જોઈએ. 'સ્થાવર જંગમ સહિત' એ શબ્દનો એવો અર્થ છે કે જેવી મારામાં બુદ્ધિ રાખો છો તેવી બુદ્ધિ સ્થાવર અને જંગમમાં પણ કરવી રાખવી.

---

૧. 'બ્રહ્મણઃ' બ્રહ્મની 'આત્મભાવઃ' આત્માની સ્થિતિ થાય છે જેમાંથી તેવું હોય તે 'બ્રહ્માત્મભાવમ્' એવો અર્થ છે. (લે)

૨. વસુદેવમાં ભગવાને પિતાપણું રાખેલ હોવાથી, તેમના વાક્યનો સ્તુતિ તરીકે અંગીકાર કરવાથી દોષ થાય, એવો અર્થ છે. (લે)

૩. વસુદેવ પિતા હોવાથી, તેમના વાક્યનો અંગીકાર ન કરવાથી દોષ થાય, એવો અર્થ છે. (લે)

૪. સ્તુતિ તરીકે એ વાક્યને નહિ ગણતાં, ઉપદેશ તરીકે ભગવાને વર્ણવ્યું (ગણ્યું) છે, એવો અર્થ જણાય છે.

**યથેચ્છાં ભગવાન્ વિષ્ણુઃ પુરસ્કૃત્યાભવત્સ્વયમ્ ।।**
**એવં સર્વત્ર તત્તત્સ્યામિતિ જાતઃ સ્વયં હરિઃ ।।૧૨।।**

જેમ ઈચ્છાને આગળ કરીને વિષ્ણુ ભગવાન્ પોતે (પ્રકટ) થયા, તેમ 'સર્વ સ્થલે તે તે (પદાર્થ) હું થાઉં, એમ વિચારી હરિ પોતે (પ્રકટ) થયા. કા.૧૨.

'એમ હોય તો બ્રહ્મ અનંત (ઘણાં) થાય. (બ્રહ્મ ન હોય તેવામાં) બ્રહ્મ હોવાની બુદ્ધિ કરવાથી તે આરોપ કરેલા ખોટા જ્ઞાનના વિષય થવાથી અનિત્ય ફલ પ્રાપ્ત કરાવનાર[1] થાય' એવી શંકા દૂર કરતાં, આધાર અને આધેયની સ્થતિ દૂર કરતાં, અને સર્વ સ્થલે (પદાર્થમાત્રમાં) આત્માની[2] દૃષ્ટિ પ્રાપ્ત થાય તે માટે, નીચેના શ્લોકમાં (જીવ અને બ્રહ્મનું) અખંડ આત્મપણું જણાવે છેઃ

**આત્મા હ્યેકઃ સ્વયંજ્યોતિર્નિત્યોઽન્યો નિર્ગુણો ગુણૈઃ ।।**
**આત્મસૃષ્ટૈસ્તત્કૃતેષુ ભૂતેષુ બહુધેયતે ।।૨૪।।**

કારણ કે આત્મા એક છે, પોતાની મેળે પ્રકાશનારો, નિત્ય, કાલથી જૂદો, નિર્ગુણ છે, (અને) પોતે રચેલા ગુણોને લીધે તેમણે (ગુણોએ) કરેલા પ્રાણીઓમાં ઘણા પ્રકારે જણાય છે. ૨૪.

'અતતિ' વ્યાપે છે (સર્વમાં રહે છે) તે આત્મા. (તે) હૃદયવાળો હોય તો આત્માપણું જ નાશ પામે. એક જ (આત્મા)થી કાર્ય સિદ્ધ થતું હોય તો બીજા (આત્મા)ની કલ્પના કરવી નિરર્થક[3] છે. ભોગ તો (આત્માઓ ઘણા છે એવો) નિર્ણય કરાવનાર નથી[4], કારણ કે ઈશ્વરની ઈચ્છાથી જ વ્યવસ્થા સંભવે છે. જે

---

૧. બ્રહ્મ ન હોય તેને બ્રહ્મ માનવાનું ફલ અનિત્ય છે એ બ્રહ્મસૂત્ર ૪।૩।૧૬માં જણાવેલું છે. આવી શંકા દૂર કરવા બ્રહ્મ અખંડ આત્મા છે. એવો (ભગવાન્ વસુદેવને) બોધ કરે છે. (લે)

૨. અહિં જીવને આત્મા કહેલ છે. સર્વ સ્થલે આત્માની દૃષ્ટિ પ્રાપ્ત થાય તે માટે જીવ અખંડ આત્મા છે એવો બોધ કરે છે. નોટ ૧માં જણાવેલ પ્રયોજન માટે બ્રહ્મ અખંડ આત્મા છે એવો બોધ કરે છે, અને આ નોટ ૨માં જણાવેલ પ્રયોજન માટે જીવ અખંડ આત્મા છે એવો બોધ કરે છે, એવો અર્થ છે. (લે)

૩. 'આત્મા એક જ છે' એવો મત સ્વીકારવાનું કારણ આ વાક્યથી કહેલું છે. (લે)

૪. 'આત્મા એક જ હોય તો એક જ દેહમાં રહેલ આત્માને દુઃખ થાય, અને બીજા દેહમાં રહેલાને સુખ થાય એવું ન બની શકે, કારણ કે પાપ અથવા પુણ્ય કરનાર આત્મા તો બંનેમાં એક જ છે તેથી જુદા જુદા ભોગ થઈ શકે તે માટે જુદા જુદા આત્મા માનવા જોઈએ' એવી શંકા ન કરવી, કારણ કે જે દેહમાં રહેલાને સુખ આપવાની ઈશ્વરની ઈચ્છા હોય તેને સુખ થાય, અને જે દેહમાં રહેલાને દુઃખ આપવાની ઈશ્વરની ઈચ્છા હોય તેને દુઃખ થાય. (એવી રીતે ઈશ્વરની ઈચ્છાથી જુદા જુદા ભોગ થવાનું સંભવે છે). (લે)

ક્રિયા જેના વ્યધિકરણ[૫]ના ગુણથી ઉત્પન્ન થાય છે, તે અસમવાયિકારણ[૬] તેમનો સંયોગ[૭] છે એ વ્યાપ્તિ[૮] (અહિં)[૯] લાગુ પડતી નથી જ, (કારણ કે) ઈશ્વરની ઈચ્છા સર્વ સ્થલે (વિષયનું) કારણ છે, અને જીવાત્માઓ સાથે તેનો સંયોગ ઘટતો નથી કેમ કે જે જન્મરહિત (નિત્ય) છે તેનો સંયોગ સ્વીકારવામાં આવતો નથી. તેથી ભોગ બીજી રીતે[૧૦] પણ ઘટતો હોવાથી આત્મા એક જ છે. આ અર્થ યોગ્ય જ છે (કારણ કે), 'એક જ અદ્વિતીય (ઉત્તમ)', 'હે ગુડાકેશ! સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં રહેલો આત્મા હું છું', 'નિત્ય સર્વત્ર રહેલ' વિગેરે હજારો વાકયોથી આત્મા એક જ છે એવો નિર્ણય થાય છે. 'નાનાત્માનો વ્યવસ્થાતઃ' (વ્યવસ્થાને લીધે જુદા જુદા આત્માઓ) એ સૂત્ર[૧૧] 'અ' અક્ષરની સંધિ થવાથી પણ બનેલું છે

૫. 'અધિકરણ' એટલે આધાર, 'વ્યધિકરણ' એટલે જૂદો આધાર.

૬. કાર્ય અથવા કારણની સાથે એક પદાર્થમાં સમવાય સંબંધથી રહી જે કારણ બનેલ હોય તે 'અસમવાયિકારણ' કહેવાય છે. જેમ કે કાર્ય વસ્ત્રની સાથે એક તંતુ (દોરા)માં સમવાય સંબંધથી તંતુનો સંયોગ રહેલો છે અને તે વસ્ત્રનું કારણ છે, તેથી તે વસ્ત્રનું અસમવાયિકારણ છે.

૭. 'આ બે જોડાએલાં છે' એવો વ્યવહાર જેને લીધે થાય છે તે 'સંયોગ' કહેવાય છે. દિશા, કાલ વિગેરે જે સાધારણ કારણો હોય છે તેમનો કોઈ સાથે સંયોગ થતો નથી.

૮. આ વ્યાપ્તિ સમજવી ઘણી કઠણ છે. જે ક્રિયા (અમુક જીવનો ભોગ) જેના (તે જીવના) વ્યાધિકરણના ગુણથી (પરમેશ્વરની ઈચ્છાથી) ઉત્પન્ન થાય છે, તે ક્રિયા (ભોગ)નું અસમવાયિ-કારણ તેમનો (તે જીવનો અને પરમેશ્વરની ઈચ્છાનો) સંયોગ છે. આ વ્યાપ્તિ લાગુ પડતી નથી જ, તેનું કારણ 'ઈશ્વરની ઈચ્છા અને જીવનો સંયોગ થઈ શકે નહિ' એમ નીચે શ્રીસુબોધિનીમાં જ આપેલ છે. લેખમાં વ્યાપ્તિ લાગુ ન પડવાનું કારણ એવું આપ્યું છે કે 'ભોગ ક્રિયા નથી પણ જ્ઞાન છે'. (જૂઓ નીચે નોટ ૯). આ યોગ્ય લાગતું નથી. 'ભોગ' એટલે 'ભોગ કરવો, ભોગવવું, ફલ ભોગવવા' એ ક્રિયા છે. ક્રિયા ન હોય તો આ વ્યાપ્તિ આપવાનું પ્રયોજન જ રહેતું નથી. આ વ્યાપ્તિ સામાન્ય રીતે ખરી છે. જેમ કે 'દેવદત્તે યજ્ઞદત્તને ચંદન લગાડ્યું.' આમાં યજ્ઞદત્તને ચંદન લગાડવાની ક્રિયા તેના વ્યાધિકરણ દેવદત્તના ગુણ (પ્રયત્ન)થી ઉત્પન્ન થતી હોવાથી દેવદત્તના પ્રયત્ન અને યજ્ઞદત્તનો સંયોગ એ ક્રિયાનું અસમવાયિકારણ છે. અહિં એ લાગુ પડતી નથી.

૯. 'અહિં' શબ્દ અધ્યાહાર છે. અહિં 'ક્રિયા' જોઈ શકાય તેવી છે. ભોગ તો અનુભવરૂપ હોઈ જ્ઞાનરૂપ છે, તેથી ભોગ જોઈ અથવા જાણી શકાય તેવો નહિ હોવાથી, તેના સંબંધમાં આવી વ્યાપ્તિ થઈ ન જ શકે એવો અર્થ છે. (લે)

૧૦. ઈશ્વરની ઈચ્છાથી ભોગની વ્યવસ્થા (નોટ ૪માં જણાવ્યા પ્રમાણે) થઈ શકે છે, તેથી ઈશ્વરની ઈચ્છાથી તે ઘટતો હોવાથી (આત્મા એક જ છે). (લે)

૧૧. 'આ સૂત્રમાં ગૌતમે જુદા જુદા આત્મા હોવાનું કેમ કહ્યું હશે?' એવી શંકા થાય તો જાણવું

એમ લેવું જોઈએ. 'અવ્યવસ્થા' એટલે અવિચાર. (અવિચારને લીધે જુદા જુદા આત્મા હોવાનું કહે છે).

'જીવ જુદા જુદા હોવાનું ખોટું ઠરાવવામાં આવે તો પણ જીવ અને બ્રહ્મનો ભેદ સ્વીકારવો જોઈએ, કારણ કે તેમ (જીવ અને બ્રહ્મ જૂદા) ન હોય તો જ્ઞાનનો ઉપદેશ કરનાર ન હોવાથી મોક્ષ ન થાય' એવી શંકા થાય, તેથી 'પોતાની મેળે પ્રકાશનારો' એ શબ્દ યોજેલ છે, કારણ કે તે (આત્મા) પોતાની મેળે પ્રકાશનાર છે. પોતાનો પ્રકાશ કરવા અથવા મોક્ષ માટે આ (આત્મા)ને કોઈની જરુર નથી. બીજાપણું એટલે આત્માનો ભેદ તો નથી, એમ 'પુરુષ અને ઈશ્વરમાં અહિં જરા પણ ભેદ નથી[૧૨]' (ભાગ.પુરા.૧૧।૧૨।૧૧) એ વાક્યમાં કહેલું છે જ. તેનું[૧૩] જુદા જુદા જણાવાપણું અને અજ્ઞાન (કેમ થાય છે તે) આગળ કહેવામાં આવશે[૧૪]. સત્ય અર્થ તો આ જ છે[૧૫]. 'કાલને લીધે (આત્માનો) પોતાનો પ્રકાશ જતો રહેશે' એવી શંકા થાય, તેથી 'નિત્ય' વિશેષણ યોજેલ છે. '(કાલને જેની) ચેષ્ટા કહે છે' (ભાગ.પુરા.૧૦।૩।૨૬) એ વાક્ય પ્રમાણે જેની ચેષ્ટા કાલ છે એવો (આ આત્મા) કાલથી જૂદો છે. 'તેવો પરમાત્મા પુરુષોત્તમ છે, જીવ તો (તેવો) નથી' એવી શંકા થાય, તેથી 'નિર્ગુણ' વિશેષણ યોજેલું છે. આ ગુણને તરેલો જીવ જ છે, પરંતુ તેનાથી જૂદો કોઈ નથી. 'એમ હોય તો જુદા જુદા હોવાપણું, ઉંચા હલકા હોવાપણું કેમ ઘટે ?' એવી શંકા થાય, તેથી 'પોતે રચેલા ગુણોને લીધે' એ શબ્દો યોજેલા છે. જેમ આધાર (જૂદો હોવા)ને લીધે અગ્નિ (જૂદો) કહેવાય છે, તેમ 'પ્રાણી' શબ્દથી જણાવાતા, તે (પોતે રચેલા) જ

---

કે કણાદ વિગેરે શ્રેષ્ઠ મુનિઓની બુદ્ધિને શુક્રે મોહ કરેલો હોવાથી તેઓએ વેદથી વિરુદ્ધ ખોટાં શાસ્ત્રો રચેલાં છે. (તત્ત્વદીપ. ૨।૩૨૫). છતાં 'દુર્જનને પણ સંતોષ થાઓ' એ ન્યાયે એ સૂત્રનો ('અવ્યવસ્થાતઃ' પદ ગણી) અર્થ કરેલો છે. જીવ અને બ્રહ્મ પણ જો વાસ્તવિક રીતે જૂદાં હોય તો અખંડ આત્મપણું સિદ્ધ થાય નહિ, તેથી તે બેમાં ભેદ નથી એમ સિદ્ધ કર્યું છે. (લે)

૧૨. આ સાંખ્ય સિદ્ધાંત બ્રહ્મવાદથી વિરોધી નહિ હોવાથી અહિં કહેલો છે. બ્રહ્મ સચ્ચિદાનંદરૂપ છે. જીવનો ચિત્‌માં સમાવેશ થાય છે. તે ચિદ્રૂપ બધા જીવનો સમૂહ છે. તેમાંથી જેમ અગ્નિમાંથી તણખા નીકળે તેમ જીવો નીકળે છે. તે જીવો અણુ (પરમાણુ કદના) અને જુદા જુદા છે. તણખાઓ જુદા જુદા હોવા છતાં અગ્નિ એક જ છે. તેથી 'આત્મા' એક જ છે એમ જાણવું. (લે)

૧૩. 'તેનું' એટલે જીવનું. (લે)

૧૪. 'શુક વડે' શબ્દ અધ્યાહાર છે. (લે) શ્રીશુક કહેશે.

૧૫. જીવોનું જુદા જુદા હોવાપણું, તથા અજ્ઞાન ઉપાધિને લીધે છે એવો ભાવ છે. (લે)

ગુણોએ બનાવેલા દેવ, હલકાં પ્રાણીઓ, મનુષ્ય વિગેરેના દેહોમાં (તે આત્મા) ઘણા પ્રકારે જણાય છે. ૨૪.

એ પ્રમાણે (આત્મા) અનેક પ્રકારે જણાય છે તેનો પ્રકાર કહીને, નીચેના શ્લોકમાં જૂદાપણું પણ (તેની) સ્થિતિથી થાય છે એમ કહે છેઃ

**ખં વાયુર્જ્યોતિરાપો ભૂસ્તત્કૃતેષુ યથાશયમ્ ।।**
**આવિસ્તારોઽલ્પભૂર્યેકો નાનાત્વં યાત્યસાવપિ ।।૨૫।।**

આકાશ, વાયુ, તેજ, જલ (અને) ભૂમિ તેમણે કરેલા (પદાર્થો)માં (પોતાના) રહેઠાણ પ્રમાણે વિસ્તારવાળાં નાના, (અથવા) એક થાય છે, (તેમ) તે પણ જૂદાપણું પ્રાપ્ત કરે છે. ૨૫.

પાંચ મહાભૂતો તેમણે કરેલા(તેમના બનેલા) પદાર્થોમાં પોતાના રહેઠાણનું (જે પદાર્થમાં તે રહ્યા હોય તેનું) ઉલ્લંઘન ન થાય તેમ વિસ્તારવાળાં[1], નાનાં, ઘણાં (અથવા) એક થાય છે. આ જ મહાભૂતો કોઈ વાર હાથી વિગેરેના શરીરમાં વિસ્તાર પામે છે, કોઈ વાર મચ્છર વિગેરે (ના શરીર)માં નાનાં બને છે, કોઈ વાર ભાતભાતના રંગવાળા વસ્ત્ર, મોર વિગેરેમાં ઘણાં રૂપ (રંગ)વાળાં થાય છે, કોઈ વાર કોયલ વિગેરેમાં અથવા ધાતુ વિગેરેમાં એક (રંગવાળા) થાય છે. એવી રીતે કદ અથવા રંગ વિગેરેના ભેદથી પૃથ્વી વિગેરેમાં જૂદાપણું આવે છે. એવી રીતે આત્માને પણ જુદાં જુદાં ઉપાદાન (રહેવાનાં સ્થાન) પ્રાપ્ત થવાથી જૂદાપણું પ્રાપ્ત થાય છે, એવો અર્થ છે. ઉંચાપણું તથા હલકાપણું દેહને લીધે થાય છે, જૂદાપણું પરિણામ (કદ)ના ગુણને લીધે થાય છે, એવો (અર્થ છે). વાસ્તવિક રીતે (આત્માનું) સ્વરૂપ એક જ છે એવો અર્થ છે. જેમ સર્વ સ્થલે મહાભૂતના બનેલા પદાર્થોમાં પૃથ્વી વિગેરે (મહાભૂત) એક જ છે, પરંતુ કાર્ય (પદાર્થ) જૂદા હોવાને લીધે (તેનું) કારણ બનેલી પૃથ્વી ઘણી અથવા જૂદી હોવાની કલ્પના કરવામાં આવતી નથી, કારણ કે પૃથ્વીના ગુણને લીધે જ તે (કાર્યનું જૂદાપણું) પ્રાપ્ત થાય છે, એવી રીતે સત્, ચિત અને આનંદ ગુણો ઓછા વધારે હોવાને લીધે, ઐશ્વર્ય વિગેરે ઓછા હોવાને લીધે અથવા શ્રી વિગેરે ઓછા વધારે હોવાને લીધે આત્માનું જૂદાપણું ઘટે છે. તેથી તે (આત્માના જૂદાપણા)ને ઘટાવવા (આત્માના) સ્વરૂપમાં ભેદ હોવાની કલ્પના કરવી જોઈએ નહિ. ભેદ (જૂદાપણું) ઉપાધિથી થએલું છે એમ (માનવાથી) બધું બરાબર થાય છે. 'તે પણ' એટલે 'આત્મા પણ'. 'અપિ' 'પણ' શબ્દથી ભૂતો (પ્રાણીઓ)નો સમાવેશ કરેલો છે. તેથી તે (આત્મા) જ પોતાની ઈચ્છાથી (જુદાં જુદાં) સર્વ રૂપથી રહે છે એવા

૧. વિસ્તારની મર્યાદામાં રહે તે 'આવિસ્તાર'. આકાશ વાયુ વિગેરે તેવાં છે, એવો અર્થ છે. (લે)

વિચારમાં ચિત્તને પરોવેલું રાખીને, જેમ તમે (વસુદેવ) મને (શ્રીકૃષ્ણને) જાણો છો તેમ જ સર્વ (પદાર્થ માત્ર) હું છું એમ જાણો, એવો ઉપદેશ છે. આ જ અખંડ અદ્વૈતવાદ છે. ૨૫.

એવી રીતે ભગવાને ઉપદેશ કરેલ (વસુદેવ) બીજા મતવાળા હોવા છતાં પણ, ઐશ્વર્યનો વિચાર પ્રકટ થતાં, (ભગવાને) જેનો બોધ કરેલો તે અર્થ (તેમણે) ગ્રહણ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં ભગવતા રાજન્ વસુદેવ ઉદાહૃતમ્ ।।**
**શ્રુત્વા વિનષ્ટનાનાધીસ્તૂષ્ણીં પ્રીતમના અભૂત્ ।।૨૬।।**

હે રાજન્ ! એ પ્રમાણે ભગવાને કહેલું સાંભળીને, જેમની ભેદની બુદ્ધિ જતી રહી છે તેવા વસુદેવ શાંત થઈ પ્રસન્ન મનવાળા થયા. ૨૬.

ભગવાને કહ્યું તે ફળ્યું જ. 'વિનષ્ટા' જતી રહી છે પાંચે પ્રકારની* 'નાનાબુદ્ધિઃ' ભેદની બુદ્ધિ જેમની (તેવા વસુદેવ થયા). પછી કાંઈ કહેવાપણું નહિ રહેવાથી, અને પોતાના મનની અંદર પણ તેવું (સર્વ પદાર્થમાત્ર બ્રહ્મ છે તેવું) સ્ફુરવાથી શાંત રહ્યા એવો અર્થ છે. ૨૬.

એવી રીતે ભગવાને પોતાની જ્ઞાનશક્તિ પ્રકટ કરીને એક (વસુદેવ)ને જ્ઞાનનો ઉપદેશ કર્યો. ભગવાનની ક્રિયાશક્તિ પ્રકટ થાય તે માટે નીચેના શ્લોકથી બીજાં ઉપાખ્યાનનો આરંભ કરે છેઃ

**અથ તત્ર કુરુશ્રેષ્ઠ દેવકી સર્વદેવતા ।।**
**શ્રુત્વાऽऽનીતં ગુરોઃ પુત્રમાત્મજાભ્યાં સુવિસ્મિતા ।।૨૭।।**

હે કુરુઓમાં ઉત્તમ ! પછી ત્યાં દેવતાઓ જેમાં છે તેવાં દેવકીજી (પોતાના) બે પુત્રો ગુરુના પુત્રને લાવેલ તે સાંભળીને ઘણો વિસ્મય પામ્યાં. ૨૭.

તેના (પરિક્ષિતના) હૃદયમાં (ભગવાનની) ક્રિયાનું અધિકપણું પ્રાપ્ત થશે એવા હેતુથી 'હે કુરુઓમાં ઉત્તમ !' એવું સંબોધન કરેલું છે. વસુદેવ કૃતાર્થ થયા તેથી પોતાના (દેવકીજીના) હૃદયમાં પણ ભગવાને કૃતાર્થતા પ્રાપ્ત કરાવેલી હોવા છતાં, પહેલાં થએલાં દુઃખની વાસના દૂર થએલી નહિ હોવાથી, તે દુઃખની વાસના દૂર થાય તે માટે, દેવકીજી ભગવાન્ પાસે વરદાન માગે છે. વાક્ય (ઉપદેશ)થી તો વાસના દૂર થતી નથી. નાટ્યથી[1] દૂર થાય, તો પણ તે જીવો મુક્ત

*. શ્લોક ૨૩માં હું, તમે, બલભદ્ર, દ્વારકાના રહેવાસીઓ અને સ્થાવર જંગમ જગત્ એવા પાંચ પ્રકાર કહ્યા છે તે પાંચે પ્રકારના ભેદની બુદ્ધિ. (લે)

૧. માયિક પુત્રોને બનાવીને પણ ભગવાન્ દેવકીજીનું દુઃખ દૂર કરે તો પણ (દેવકીજીને જ્ઞાન થાય ત્યારે તેમને ભગવાને ઠગ્યાં એમ જણાય અને પુત્રોના ઉદ્ધાર માટે ચિંતા પણ થાય ). (લે)

થએલ ન હોવાથી (દેવકીજીને) જ્ઞાન થયા પછી સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય ત્યારે, ભગવાને (મને) ઠગી એમ (તેમને) જણાય. વળી તેઓના (પોતાના કંસે હણેલ છ પુત્રોના) ઉદ્ધાર માટે (તેમને) ચિંતા પણ થાય. તેથી તેઓને જ[2] મેળાપ થાય ત્યારે તે દુઃખ જાય (મટે), બીજી રીતે જાય નહિ, એવો નિશ્ચય કરીને, તે (તેઓનો મેળાપ થાય તે) માટે ભગવાનમાં સામર્થ્ય છે, અને (મારા) પુત્રોને સ્વરૂપની પ્રાપ્તિ થાય એ સંભવિત છે એમ દૃષ્ટાંતથી (દેવકીજીએ) જાણ્યું. 'ગુરુના પુત્રને લાવેલ તે સાંભળીને' એ શબ્દોથી તે[3] દેવકીજીનું (એવું જ્ઞાન) જ કહેલું છે. પોતાના જ બે પુત્રો બલભદ્ર અને શ્રીકૃષ્ણે (ગુરુના પુત્રને) સ્વરૂપ પ્રાપ્ત કરાવીને લાવેલ તે સાંભળીને (દેવકીજી) સારી રીતે વિસ્મય પામ્યાં. ૨૭.

પછી વસ્તુનો* નિર્ણય જાણીને તેમણે ભગવાનની યાચના કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણરામૌ સમાશ્રાવ્ય પુત્રાન્ કંસવિહિંસિતાન્ ।।**
**સ્મરન્તી કૃપણં પ્રાહ વૈક્લવ્યાદશ્રુલોચના ।।૨૮।।**

શ્રીકૃષ્ણ અને બલભદ્રને સાવધાન કરીને, કંસે હણેલા પુત્રોને સંભારતાં દુઃખને લીધે આંસુવાળી આંખોવાળાંએ દીનતાથી (નીચે પ્રમાણે) કહ્યું. ૨૮.

'સમ્યક આશ્રાવ્ય' એટલે 'સાવધાન થઈને સાંભળો' એમ કહીને, કંસે હણેલા પુત્રોને સંભારતા દીનપણું જેમ જણાય તે પ્રમાણે કહ્યું, અને તેના જ સ્મરણથી દુઃખને લીધે આંસુવાળી આંખોવાળાં થયાં. ૨૮.

એવી રીતે દેવકીજીનું કાયા, વાણી અને મનનું[1] દુઃખ વર્ણવ્યું. દુઃખ દૂર થાય તે માટે આરંભમાં ત્રણ શ્લોકથી દેવકીજી ભગવાનની સ્તુતિ કરે છેઃ

દેવકીજી કહે છેઃ

**રામ રામાપ્રમેયાત્મન્ કૃષ્ણ યોગેશ્વરેશ્વર ।।**
**વેદાહં વાં વિશ્વસૃજામીશ્વરાવાદિપૂરુષૌ ।।૨૯।।**

હે રામ! હે રામ! હે ન જાણી શકાય તેવા સ્વરૂપવાળા! હે કૃષ્ણ! હે

---

૨. જે પુત્રો હતા તેઓનો જ, પરંતુ માયાથી બનાવેલા પુત્રોનો નહિ, એમ જણાવવા 'એવ' 'જે' શબ્દ યોજેલો છે. (લે)

૩. 'તે' એટલે દેવકીજીનું એવું જ્ઞાન. (લે)

*. 'વસ્તુનો' એટલે ભગવાનની શક્તિનો. ભગવાન્ એ પુત્રોને લાવી આપવા શક્તિવાળા છે એવો, એવો અર્થ જણાય છે.

૧. 'કંસે હણેલા પુત્રોનું સ્મરણ કરતાં,' એ વિશેષણથી મનનું દુઃખ કહ્યું છે, 'દીનતાથી કહ્યું' એ શબ્દોથી વાણીનું દુઃખ કહ્યું, 'આંખોમાં આંસુવાળા' એ વિશેષણથી કાયાનું દુઃખ કહ્યું છે.

યોગેશ્વરોના ઈશ્વર ! હું તમો બેને વિશ્વ રચનારાઓના ઈશ્વર આદિપુરુષ જાણું છું. ૨૯.

જેઓ શરણે આવેલા હોય તેઓનું જ દુઃખ ભગવાન્ દૂર કરે છે, તેથી આરંભમાં (દેવકીજીએ) પોતે પણ શરણે જવું જોઈએ[૨]. તેમાં પણ જો ફલનું વર્ણન[૩] ન કરે તો તે (શરણે જવાનું) મોક્ષ (પ્રાપ્ત કરવા) માટે થાય. ભગવાનનું જો તે (દુઃખ) દૂર કરવાનું સામર્થ્ય ન હોય, અથવા (દેવકીજી) પોતે (ભગવાનમાં તેવું સામર્થ્ય છે એમ) જાણતાં ન હોય, તો પણ સર્વ ભાંગી જાય (નિરર્થક) થાય. તેથી આરંભમાં (આ શ્લોકમાં) ભગવાનનું સામર્થ્ય અને પોતાનું જ્ઞાન જણાવે છે.

દેવકીજીને શ્રીકૃષ્ણ અને રામ વચ્ચે (ના ભેદ)નું જ્ઞાન નથી, તેથી (વયમાં) મોટાના અનુક્રમથી સ્તુતિ કરે છે. (હે રામ ! હે રામ ! એમ) બે વાર (સંબોધન) માનને લીધે (કરેલું છે). 'હે ન જાણી શકાય તેવા સ્વરૂપવાળા !' એ સંબોધનથી (એમ કહેલ છે કે) આપ સર્વ (કરવા) શક્તિવાળા છો, છતાં પણ લોકો (આપને એવા જાણતા નથી, તેથી બીજા સાધન માટે પ્રયત્ન કરે છે, કારણ કે કોઈ ચિંતામણિ પ્રાપ્ત કરીને પાછો (પછી) બીજું સાધન કરતો નથી. જેમ પરમાણુ ન દેખાવાનું કારણ (તેના સ્વરૂપનો તેવો ધર્મ છે) તેમ ભગવાન્ તેવો (સર્વ કરવા સમર્થ છે) એવું જ્ઞાન ન થવાનું કારણ ભગવાનના સ્વરૂપનો ધર્મ જ છે. એ પ્રમાણે ભગવાનનું સ્વરૂપ જેનું જ્ઞાન ન થઈ શકે તેવું જ છે, એવો અર્થ છે. ('હે કૃષ્ણ !' શબ્દથી) શ્રીકૃષ્ણનું પણ સંબોધન કરે છે. (શ્રીકૃષ્ણ) નજીકમાં સાવધાન રહીને સાંભળે છે, તેથી એક જ વાર (તેમનું) સંબોધન (કરેલું છે). 'હે યોગેશ્વરોના ઈશ્વર !' એ સંબોધનથી (તેમનામાં) સર્વ સાધનોની પૂર્ણતા (કહેલી છે). એ પ્રમાણે બંનેનું માહાત્મ્ય કહી, (દેવકીજીએ તેમનામાં) ન હોય તેવા ગુણો વર્ણવ્યાનો દોષ દૂર થાય તે માટે, 'હું તમો બેને વિશ્વ રચનારાઓના (ઈશ્વર આદિપુરુષ) જાણું છું' એ શબ્દોથી પોતાનું વાસ્તવિક જ્ઞાન પણ જણાવે છે. 'વામ્' 'તમો બેને' હું જાણું છું. 'કેવા પ્રકારથી જાણો છો?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'વિશ્વ રચનારાઓના ઈશ્વર' એ શબ્દો યોજેલા છે. બ્રહ્મા વિગેરેને પણ વશ રાખનાર તરીકે, કાલ દૂર કરવા માટે પુરુષોત્તમ તરીકે, પણ હું (તમો બેને) જાણું છું, એવો અર્થ છે. ૨૯.

---

૨. આ શરણ જવાનું આગળ એકત્રીસમા શ્લોકમાં કહેલ છે.

૩. આ ફલનું વર્ણન ત્રીસમા શ્લોકમાં કરેલું છે. એવી રીતે ૨૯ થી ૩૧ સુધીના ત્રણ શ્લોકમાં સ્તુતિ કરેલી છે.

તેવા (શ્લોક ૨૯માં જણાવેલા ગુણવાળા)નું (ભૂતલ ઉપર) આવવું કેમ થાય? એવી શંકા દૂર કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**કાલવિધ્વસ્તસત્ત્વાનાં રાજ્ઞામુચ્છાસ્ત્રવર્તિનામ્ ।।**
**ભૂમેર્ભારાયમાણાનામવતીર્ણૌ કિલાદ્ય મે ।।૩૦।।**

કાલે જેઓના સત્ત્વ (ગુણ)નો નાશ કરેલો છે તેવા, શાસ્ત્રવિરુદ્ધ વર્તન કરનાર ભૂમિના ભારરૂપ રાજાઓના (નાશ) માટે, ખરેખર, હમણાં મારાથી (તમો બે) અવતરેલા છો. ૩૦.

ભૂમિના ભારરૂપ રાજાઓના વધ માટે ભગવાન્ અવતરેલા છે, એવો અર્થ છે.

'રાજાઓ સાત્ત્વિક હોય છે. તેઓ ભારરૂપ કેમ થયા?' એવી શંકા થાય, તેથી 'કાલે જેઓના સત્ત્વ(ગુણ)નો નાશ કરેલો છે તેવા' એ વિશેષણ યોજેલું છે, કારણ કે કાઈ વાર કાલ સારા પદાર્થોને હરે છે, અને કોઈ વાર ખરાબ પદાર્થોને હરે છે. જેમ પુરુષ પ્રખ્યાત માણસ આવે છે કે દુષ્ટ માણસ આવે છે તે જોઈને વર્તન કરે છે, તેમ કાલે પણ સર્વના સત્ત્વગુણને અને વિવેક વિગેરેને હરી લીધેલા છે. તેથી જ રાજાઓ શાસ્ત્રવિરુદ્ધ વર્તન કરનારા થયા છે. તેઓ રાજા હોવાથી શક્તિવાળા છે, અને સત્ત્વ વિનાના હોવાથી તેઓની શક્તિ સર્વને દૂઃખ આપનારી થઈ છે, તેથી તેઓ ભૂમિના ભારરૂપ થયા છે. મચ્છર ઉડાડવા ધૂમાડો કરવામાં આવે છે, તે પ્રમાણે તેઓના (નાશ) માટે જ ભગવાન્ અવતરેલા છે. 'કિલ' ખરેખર શબ્દ (આ વિષયનું) પ્રમાણ (જણાવે છે). 'મે' એટલે 'મારાથી'. ૩૦.

'હું ભૂમિનો ભાર હરવા જ જન્મેલો છું, બીજા પ્રયોજન માટે જન્મેલો નથી, તેથી ભૂમિનો ભાર હરવામાં જ મારી શક્તિ છે' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**યસ્યાંશાંશાંશભાગેન વિશ્વોત્પત્તિલયોદયાઃ ।।**
**ભવન્તિ કિલ વિશ્વાત્મંસ્તં ત્વાદ્યાહં ગતિં ગતા ।।૩૧।।**

હે વિશ્વરૂપ! જેમના અંશાંશના અંશના વિભાગથી ખરેખર વિશ્વની ઉત્પત્તિ લય અને ઉદય થાય છે, તેવા આપને હું આજે શરણે આવેલી છું. ૩૧.

જેમના એટલે જે પુરુષોત્તમના અંશ અક્ષર, તે અક્ષરના પણ અંશ પ્રકૃતિ, અને તે પ્રકૃતિરૂપ અંશના અંશ ગુણો છે. તે ગુણોના 'ભાગેન' વિભાગ થી વિશ્વની ઉત્પત્તિ લય અને ઉદય[1] થાય છે. 'કિલ' 'ખરેખર' શબ્દ પ્રસિદ્ધિ દર્શાવે છે. આથી ભગવાનની શક્તિ વર્ણવેલી છે. 'હે વિશ્વરૂપ' એ સંબોધનથી દેવકીજીએ માગેલ કાર્ય કરવાની આવશ્યક્તા કહેલી છે, કારણ કે પોતાનું કામ સર્વે

૧. 'ઉદય' શબ્દ વૃદ્ધિ (પાલન)ના અર્થમાં યોજાએલો છે.

અવશ્ય કરવું જોઈએ[2]. તેથી તેવા આપને (મારું) પોતાનું કાર્ય સિદ્ધ થાય તે માટે હું શરણે આવેલી છું. ૩૧.

બે શ્લોકોથી પહેલાં (તેવું કાર્ય) કરેલું (તે) જણાવી તે કાર્ય કહે છેઃ

**ચિરાન્મૃતસુતાદાને ગુરુણા કિલ નોદિતૌ ।।**
**આનિન્યથુઃ પિતૃસ્થાનાદ્ ગુરવે ગુરુદક્ષિણામ્ ।।૩૨।।**
**તથા મે કુરુતં કામં યુવાં યોગેશ્વરેશ્વરૌ ।।**
**ભોજરાજહતાન્ પુત્રાન્ કામયે દ્રષ્ટુમાગતાન્ ।।૩૩।।**

ખરેખર ! ઘણા સમયથી મરણ પામેલા પુત્રને લાવવા ગુરુએ પ્રેરેલા તમે બે પિતૃઓના સ્થાનમાંથી ગુરુને માટે ગુરુદક્ષિણા લાવેલા, તે પ્રમાણે યોગેશ્વરોના ઈશ્વર તમે બે મારી ઈચ્છા પાર પાડો. ભોજરાજે હણેલા પુત્રોને આવેલા જોવાની મારી ઈચ્છા છે. ૩૨-૩૩.

જેમ ગુરુનું વાક્ય (આજ્ઞા) કરવું જોઈએ તેમ મારું પણ (વાક્ય કરવું જોઈએ). જેમ ગુરુનો પુત્ર સંતાન વિના મરણ પામેલો, તેમ અહિં (મારા પુત્રો) પણ (મરણ પામેલા છે). જેમ (ગુરુને) દક્ષિણા અવશ્ય આપવી જોઈએ, તેમ મારી ઈચ્છા પણ પાર પાડવી જોઈએ. તેથી (ગુરુના પુત્રનું) દૃષ્ટાંત (કહે છે). ઘણા સમયથી મરણ પામેલા પુત્રને દક્ષિણા તરીકે 'આદાનં' લાવવા માટે ગુરુએ તમો બેને પ્રેરણા કરેલી. 'કિલ' 'ખરેખર' શબ્દથી (આ વિષયનું) પ્રમાણ (કહેલું છે). તે સમયે જ્યાં જીવતા પુરુષો જતા કે (જ્યાંથી) આવતા નથી, તેવા પિતૃઓના સ્થાનમાં જઈને, તેવા સ્થાનમાંથી પણ ધર્મ (પાલન કરવા)ના હેતુથી ગુરુને માટે તમે બે ગુરુદક્ષિણા 'આનિન્યથુઃ' લાવેલા. (અહિં) પદનો ફેરફાર[1] વૈદિક છે. તેમ 'મે' મારી પણ ઈચ્છા પાર પાડો. કસમયના મરણને લીધે (મારા પુત્રો પણ) ઘણું કરીને ત્યાં જ ગએલા હશે. 'યોગેશ્વરોના ઈશ્વર તમે બે' એ શબ્દોથી (તેમનું) સામર્થ્ય સૂચવે છે. યોગ જ ઈચ્છા પાર પાડે છે, તેના પણ જે ઈશ્વર હોય તેનું કહેવું જ શું ? ભગવાન્ તો તે (યોગના ઈશ્વર)થી પણ ઉપરના છે. જો (ભગવાન્) યોગ હોય તો કદાચ એમ કહે કે 'મારી પ્રવૃત્તિ કરાવનાર મને (પુત્રો લાવી આપવાની) આજ્ઞા કરતો નથી'. જો (ભગવાન્) તે (યોગની પ્રવૃત્તિ

૨. ભગવાન્ વિશ્વરૂપ છે તેથી દેવકીરૂપ પણ છે. તેથી દેવકીજીનું કાર્ય પણ ભગવાનનું કાર્ય થવાથી, તેમણે પોતાનું આ કાર્ય અવશ્ય કરવું જોઈએ, એવો ભાવ છે.

૧. પુત્રરહિત ગુરુને દક્ષિણા માટે પુત્ર લાવી આપેલ, તેથી દક્ષિણા આપવાનું ફલ ભગવાનને પોતાને પ્રાપ્ત થતું હોવાથી, આ ક્રિયાપદ આત્મનેપદમાં યોજવું જોઈએ, તેને બદલે પરસ્મૈપદમાં યોજેલ છે. (તે ફેરફાર વૈદિક છે). (લે)

કરાવનાર અથવા યોગેશ્વર) પણ હોય તો એમ કહે કે 'મારો અંતર્યામી મને (એવી) પ્રેરણા ન કરે (કરતો નથી)'. તેવું ન બને તે માટે આટલું (યોગેશ્વરોના ઈશ્વર) કહેલું છે. ઉત્તરાર્ધથી (દેવકીજી) પોતાની ઈચ્છા જણાવે છે. (હું મારા પુત્રોને) આવેલા જોવા ઈચ્છું છું. જે અવસ્થામાં રહેલા મારી પાસેથી ગએલા, તેવી (બાલકની) અવસ્થાવાળા જ (મારે) જોવા છે, એવો ભાવ છે. ૩૨-૩૩.

પછી ભગવાને જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

ઋષિ કહે છેઃ

**એવં સંચોદિતૌ માત્રા રામઃ કૃષ્ણશ્ચ ભારત ।।**
**સુતલં સંવિવિશતુર્યોગમાયામુપાશ્રિતૌ ।।૩૪।।**

હે ભારત ! એ પ્રમાણે માતાએ પ્રેરેલા રામ અને શ્રીકૃષ્ણે યોગમાયાનો આશ્રય કરી સુતલમાં પ્રવેશ કર્યો. ૩૪.

ગુરુને માટે (પુત્ર લાવવા પધારેલા ત્યારે પુત્રને) શોધવા પધારેલા ન હતા[1] એમ પહેલાં પણ કહેલું છે. તેવી રીતે અહિં પણ (દેવકીજીના કંસે હણેલા પુત્રો ક્યાં છે તેનો) નિશ્ચય હોય તેમ જાણતા હોવાથી સુતલમાં જ પધાર્યા. 'યોગમાયાનો આશ્રય કરી' એ વિશેષણથી (તેમનો સુતલ) જવાનો માર્ગ કહેલો છે. અઠ્ઠાવીશ તત્ત્વોની નીચે યોગમાયા છે, તે પોતાના ગૃહરૂપ પ્રદેશમાં[2] પ્રવેશ કરતાં, વચ્ચે કોઈ અટકાવનાર નહિ હોવાથી, સુતલમાં જ પ્રકટ થયા. ૩૪.

પછી 'કદાચ દૈત્ય (ભગવાનની) આજ્ઞા પ્રમાણે વર્તશે નહિ' એવી શંકા દૂર થાય તે માટે નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકોથી બલિએ કરેલી (ભગવાનની) પૂજાનું વર્ણન કરે છેઃ

**તસ્મિન્ પ્રવિષ્ટાવુપલભ્ય દૈત્યરાડ્વિશ્વાત્મદૈવં સુતરાં તથાત્મનઃ ।।**
**તદ્દર્શનાહ્લાદપરિપ્લુતાશયઃ* સદ્યઃ સમુત્થાય નનામ સાન્વયઃ ।।૩૫।।**

વિશ્વના આત્મા અને દૈવ, અને પોતાના સારી રીતે તેવા (આત્મા અને દૈવ)ને તે સુતલમાં પ્રવેશેલા જાણીને દૈત્યોના સ્વામીએ તેમના દર્શનથી થએલા

---

૧. ૧૦।૪૨।૩૮ પરના શ્રીસુબોધિનીમાં ગુરુના પુત્રનો ત્રણ પ્રકારે વિનિયોગ થએલ એમ કહેલું છે. તેથી સમુદ્રમાં રહેલો તેનો અંશ લેવા સમુદ્રે ભગવાન્ પધારેલા, પરંતુ તે ક્યાં છે તે ન જાણતા હોવાથી ત્યાં પધાર્યા ન હતા. (લે)

૨. હાથમાં ગદા ધારણ કરતા ભગવાન્ બલિના દ્વારમાં રહે છે, તે પ્રદેશમાં એટલે બલિના ઘરના પ્રદેશમાં. (લે)

*. શ્રીસુબોધિનીજીમાં 'પરિપૂતાશયઃ' છે, તેથી એ પ્રમાણે અર્થ કરેલ છે. 'પરિપ્લુત' પાઠ લેવામાં આવે તો 'આનંદમાં ડૂબેલા અંતઃકરણવાળો' એવો અર્થ થાય.

આનંદથી પવિત્ર થએલા અંતઃકરણવાળા થઈ વંશ સહિત તરત ઉઠી નમન કર્યું. ૩૫.

તે સુતલમાં ભગવાનનો માત્ર પ્રવેશ થતાં જ, તરત સમાચાર આપનારા દૈત્યોથી ભગવાન્ પધાર્યા છે એમ જાણીને, દૈત્યોના સ્વામીએ તરત ઉઠી નમન કર્યું, એવો (વાક્યનો) સંબંધ છે. 'પહેલાં ભગવાને (તેને) બાંધેલો, તેથી કદાચ દ્વેષ અથવા ભયને લીધે ભગવાનને સન્મુખ થયો નહિ હોય' એવી શંકા થાય, તેથી 'વિશ્વના આત્મા દૈવ' એ શબ્દ યોજેલ છે. ભગવાન્ વિશ્વના આત્મા અને દૈવ છે. તેથી ભગવાન્ વિશ્વના આત્મા હોવાથી તેમનાથી ભય નથી, અને 'દૈવ'એટલે પૂજા કરવા યોગ્ય હોવાથી, તેમના ઉપર દ્વેષ થતો નથી, એવો અર્થ છે. જ્યારે ભગવાન્ જગતના જ એવા આત્મા અને દૈવ પ્રકારના છે, એટલે સાધારણ માણસ વિગેરેને પણ ભય અને દ્વેષ થવાનો સંભવ ન રહે તેવા છે, તો પછી પોતાના (દૈત્યોના સ્વામી) જેવા મોટાને એવા ભય અને દ્વેષ કરાવે તેવા કેમ હોય? એવો અર્થ છે. એમ પણ કહેવાય તેમ નથી કે ભગવાન્ વિશ્વને (વિશ્વમાં કોઈને) અપકાર કરતા નથી, કારણ કે વિશ્વમાં સર્વના ઉત્પત્તિ અને નાશ કરનારા તે જ છે. '(પણ કોઈને) તેવું (ભગવાન્ અપકાર કરે છે તેવું) જ્ઞાન નથી' એમ કહો, તો જ્ઞાન ગુણ બને છે એટલે જ્ઞાનવાળાઓએ ભગવાનની પૂજા અધિક જ કરવી જોઈએ, એમ 'પોતાના સારી રીતે તેવા' એ શબ્દોથી કહેલું છે. વળી પહેલાં (દૈત્યોનો સ્વામી બલિ) સંસારથી દૂર રહેવાથી દુઃખી રહેતો. હવે સ્વર્ગથી અધિક સુતલમાં ભગવાનની ભાવનાથી સુખેથી રહે છે, તેથી ભગવાનનાં સ્મરણથી ઉત્પન્ન થએલી ભક્તિથી ભરેલા અંતઃકરણવાળો જ, એટલે તેમના દર્શનથી થએલા અધિક આનંદથી પવિત્ર થએલાં અંતઃકરણવાળો જ થયો. તેથી આળસ વિગેરે ધર્મોનો ક્ષય થતાં, તેણે તરત જ ઉઠીને નમન કર્યું. 'તેના પુત્ર બાણના બાહુઓ ભગવાને છેદેલા તેથી બાણે કદાચ નમન કર્યું નહિ હોય' એવી શંકા થાય, તેથી 'વંશસહિત' એ શબ્દ યોજેલો છે. 'વંશસહિત' એટલે પુત્ર-પૌત્ર વિગેરે સહિત. ૩૫.

પછી (દૈત્યના સ્વામીએ કરેલી) પૂજા[1] નીચેના શ્લોકમાં કહે છેઃ

૧. 'કાયાથી કરેલી' એ શબ્દ અધ્યાહાર છે. ગયા (૩૫મા) શ્લોકમાં માનસી પૂજા કહી, ૩૬ અને ૩૭મા શ્લોકોમાં કાયાથી કરેલી, અને ૩૮મા શ્લોકમાં વાણીથી કરેલી પૂજા કહે છે. આ ચારે શ્લોકનો વાક્યાર્થ પૂજા છે એમ ૩૫મા શ્લોકના આભાસમાં કહેલું છે. (લે). ૩૫મા શ્લોકમાં નમન કહેલું છે, તે કાયાથી કરેલી પૂજા કહેવાય. તેથી આ ભેદ ઈષ્ટ જણાતો નથી.

**તયોઃ સમાનીય વરાસનં મુદા નિવિષ્ટયોસ્તત્ર મહાત્મનોસ્તયોઃ ।।**
**દધાર પાદાવવનિજ્ય તજ્જલં સવૃન્દ આબ્રહ્મપુનદ્યદમ્બુ હ ।।૩૬।।**

આનંદથી તે બે માટે ઉત્તમ આસન લાવીને, તેના ઉપર તે બે મહાત્મા આનંદથી વિરાજ્યા ત્યારે (તેમના) ચરણો ધોઈ, બ્રહ્મા સુધીના (સર્વ)ને પવિત્ર કરનારું તે જલ કુટુંબ સહિત તેણે (મસ્તક ઉપર) ધારણ કર્યું. ૩૬.

'મુદા' 'આનંદથી' એ શબ્દોનો બંને બાજુ સંબંધ છે. (ભગવાન્) આસન લે નહિ તો વળી (તેને) ભય (થવાનું) સંભવે, તેથી 'તેના ઉપર વિરાજ્યા ત્યારે' એ શબ્દો યોજેલા છે. 'તેના ઉપર' એટલે આસન ઉપર તે બે વિરાજ્યા ત્યારે, (એવો અર્થ છે). (ભગવાન્ અને બલભદ્ર) મહાત્માઓ હોવાથી ભય વિના તેના ઉપર વિરાજ્યા. તેમ (મહાત્મા) ન હોય તો, જેને બાંધેલ હોય તેના ઘરમાં સ્વામીને ભય રહે. (તેઓ આસન ઉપર વિરાજ્યા) ત્યારે તેમના ચરણો ધોઈને, કુટુંબ સહિત તેણે ચરણોદક (મસ્તક ઉપર) ધારણ કર્યું. જે ગંગારૂપ જલ '' 'આબ્રહ્મ' બ્રહ્મલોકથી આરંભી પાતાલ સુધી 'પુનાતિ' પવિત્ર કરે છે તે 'આબ્રહ્મપુનત્' બ્રહ્મા સુધીના (સર્વ)ને પવિત્ર કરનારું'' છે, એમ તે (ચરણોદક)નું માહાત્મ્ય કહેલું છે. એકનો શેષભાવ પ્રાપ્ત કરેલું (ચરણનું ઉદક હોઈ હલકું બનેલું) બીજાને પવિત્ર કરનારું કેવી રીતે થાય? એવું આશ્ચર્ય દર્શાવવા 'હ' શબ્દ યોજેલો છે. ૩૬.

**સમર્હયામાસ સ તૌ વિભૂતિભિર્મહાર્હવસ્ત્રાભરણાનુલેપનૈઃ ।।**
**સ્રગ્ધૂપદીપામૃતભક્ષણાદિભિઃ સ્વગોત્રવિત્તાત્મસમર્પણેન ચ ।।૩૭।।**

તેણે તે બેને ઘણાં કિમતી વસ્ત્રો, આભરણો, અનુલેપો, માલાઓ, ધૂપ, દીપ, અમૃત, ખાવાના પદાર્થો વિગેરેરૂપ વિભૂતિથી અને પોતાનાં ગોત્ર, ધન અને દેહનું સમર્પણ કરીને આવકાર આપ્યો. ૩૭.

પછી પુષ્પો વિગેરેથી આવકાર આપ્યો. ઘણાં કિમતી વસ્ત્રો, આભરણો અને ચતુઃસમ[1] વિગેરે અનુલેપો. તેમ જ માલાઓ, ધૂપ અને દીપો. અમૃત અથવા અમૃતથી ભરેલા ખાવાના પદાર્થો. 'વિગેરે' શબ્દથી તાંબૂલ વિગેરે માન આપવાના પદાર્થો કહેલા છે. આટલા સાધારણ ધર્મોથી ભગવાન્ પ્રસન્ન ન થાય, તેથી તેણે પોતાના ગોત્ર, ધન અને દેહનું સમર્પણ કર્યું. (ગોત્ર એટલે) (૧) પોતાનાં (કુટુંબી) ઓ, (૨) ધન અને (૩) દેહ એ ત્રણમાં જ સર્વનો સમાવેશ થાય છે. ૩૭.

'આ દૈત્ય પ્રમાણે ભગવાનનો ભક્ત કેમ થયો ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

૧. કેસર, કસ્તુરી, ચંદન અને અગરુ એ ચતુઃસમ કહેવાય છે.

**સ ઈન્દ્રસેનો ભગવત્પદામ્બુજં બિભ્રન્મુહુઃ પ્રેમવિભિન્નયા ધિયા ।।**
**ઉવાચ હાનન્દકલાકુલેક્ષણઃ પ્રહૃષ્ટરોમા નૃપ ગદ્ગદાક્ષરમ્ ।।૩૮।।**

હે નૃપ! પ્રેમને લીધે વ્યાકુલ થએલા અંતઃકરણથી ભગવાનના ચરણકમલને વારંવાર ધારણ કરતાં તે ઈન્દ્રસેને આનંદના અંશથી ભરાએલા ચક્ષુવાળા (અને) રોમાંચવાળા થઈ ગદ્ગદ અક્ષરથી (નીચે પ્રમાણે) કહ્યું. ૩૮.

ઈન્દ્રની (સેના) જેવી સેના છે જેની (તે ઈન્દ્રસેન). ઈન્દ્ર ઉત્તમ સત્ત્વ અંશવાળો છે. તેની ઈન્દ્રિયો વિગેરે સામગ્રી અત્યંત ભગવાનને પરાયણ છે, તેવી જ આની પણ છે, એવો અર્થ છે. બહારની સેના પણ તેવી (ભગવાનને પરાયણ) જ છે એમ જાણવું. (આ શબ્દથી તેનું) માહાત્મ્ય પણ સૂચવેલું છે. તેવા (ઈન્દ્રસેને) પણ બે હસ્તોથી ભગવાનના ચરણકમલને ધારણ કરતાં, અને પછી પ્રેમને લીધે વ્યાકુલ થએલા અંતઃકરણથી વારંવાર (ચરણકમલને) ધારણ કરતાં (નીચે પ્રમાણે) કહ્યું. '૧.આનંદના અંશથી ભરાએલા ચક્ષુવાળા, ૨.રોમાંચવાળા અને ૩.ગદ્ગદ અક્ષરવાળા' એ શબ્દોથી બીજી ઈન્દ્રિયો વાણીને[૧] સાહાય્ય કરનારી થઈ એમ કહેલું છે. એ શબ્દોથી અનુક્રમે ઈન્દ્રિયોની, દેહની અને વાણીની વ્યાકુલતા સૂચવેલી છે. ૩૮.

એ પ્રમાણે ઘણી ભક્તિવાળો થઈ, ભગવાનના છ ગુણોનું નિરૂપણ કરનારા અને ભગવાનનું નિરૂપણ કરનાર શ્લોકોથી ભગવાનની સ્તુતિ કરી, નીચેના શ્લોકથી આરંભી આઠ શ્લોકોથી ભગવાનની પ્રાર્થના કરે છે. આરંભમાં નીચેના શ્લોકથી ભગવાનના ઐશ્વર્યનું સ્મરણ કરીને (તેમને) નમન કરે છેઃ

બલિ કહે છેઃ

**નમોઽનન્તાય બૃહતે નમઃ કૃષ્ણાય વેધસે ।।**
**સાંખ્યયોગવિતાનાય બ્રહ્મણે પરમાત્મને ।।૩૯।।**

મોટા અનંતને નમસ્કાર, (વિશ્વ) રચનાર, સાંખ્ય અને યોગનો વિસ્તાર કરનાર, બ્રહ્મ, પરમાત્મા શ્રીકૃષ્ણને નમસ્કાર. ૩૯.

ઈશ્વર તે જ હોઈ શકે કે જેમની કોઈથી પણ હદ ન બંધાય, અને આ દેશ અને કાલની હદ વિનાના (અનંત) છે. વળી તે જ શક્તિવાળો હોઈ શકે કે જે મોટો હોય. આ અર્થ 'મોટા' શબ્દથી કહેલ છે. અથવા (આ બે શબ્દોથી) બલભદ્રને નમસ્કાર કરેલો છે. આ (બલભદ્ર) અનંત છે, કારણ કે શેષ (બલભદ્ર તરીકે) પ્રકટ

૧. 'આનંદના અંશ (આંસુઓ)થી ભરાએલ ચક્ષુવાળા' એ શબ્દનો આ અર્થ છે, પરંતુ ત્રણે શબ્દોનો અર્થ નથી. ચક્ષુ બીજી ઈન્દ્રિયોને પણ સૂચવે છે, (બધી ઈન્દ્રિયો તે પ્રમાણે વ્યાકુલ થઈ હતી એમ એક ચક્ષુના વર્ણનથી જણાવેલ છે). (લે).

થયો છે. તે જ મોટા એટલે બ્રહ્મ છે. તે જ ઈશ્વર હોઈ શકે કે જે નિત્ય (સદા) આનંદરૂપ છે. તે (તેવા) શ્રીકૃષ્ણ છે, અને (તે જ ઈશ્વર હોઈ શકે કે જે) જગત્ રચનાર હોય. આ અર્થ '(વિશ્વ) રચનાર' શબ્દથી કહેલ છે. મુખ્ય બ્રહ્મ જ જગતને રચનાર છે, તેથી (આ) ભગવાનનું જ વિશેષણ છે. જેમાંથી શાસ્ત્રોની ઉત્પત્તિ થાય (તે બ્રહ્મ), એવું પણ બ્રહ્મનું લક્ષણ (બીજામાં ન હોય તેવું ચિહ્ન) છે, તેથી ''સાંખ્ય અને યોગનો 'વિતાનાય' વિસ્તાર કરનાર'' એ શબ્દથી અમુક (ચોક્કસ) સિદ્ધાંતોનું નિરૂપણ કરનાર તરીકે (ભગવાનનું) માહાત્મ્ય જણાવે છે. 'બ્રહ્મ, પરમાત્મા' એ શબ્દોથી જાણે કે તેનું (સાંખ્ય અને યોગનો વિસ્તાર કરનાર હોવાનું) કારણ કહેતાં, ભગવાનને બીજા સિદ્ધાંતો રચનાર કહેલા છે. (ભગવાન્) બ્રહ્મ હોવાથી વેદરૂપ અને તે (વેદ)ના અર્થરૂપ છે. (ભગવાન્) પરમાત્મા હોવાથી વૈષ્ણવ અને શૈવ સિદ્ધાંતોની પ્રવૃત્તિ કરાવનાર અને તેમના અર્થનું નિરૂપણ કરનાર છે. સાંખ્ય (મત) વાળાઓમાં જ્ઞાન મુખ્ય હોવાથી તેઓ બ્રહ્મમાં આસક્તિવાળા છે. યોગીઓ તો પરમાત્માના ધ્યાનમાં આસક્તિવાળા હોય છે. તેથી (આ બે શબ્દોથી) તેમનો (સાંખ્ય અને યોગનો) વિસ્તાર કરનાર હોવાનું સાબિત થાય છે. આથી (એમ કહેવાયું કે) શાસ્ત્રો જાણવાથી જ્ઞાન થાય છે, અને ધ્યાનથી ભગવાનનું જ્ઞાન થાય છે. ૩૯.

'ભગવાનનો સાક્ષાત્કાર તો કોઈને થતો જ નથી. તે મને થયો. એમ તે (સાક્ષાત્ દર્શન) માત્ર ભગવાનના વીર્યથી જ થાય' એ પ્રમાણે ભગવાનના વીર્યનું સમર્થન કરતાં નીચેનો શ્લોક કહે છેઃ

**દર્શનં વાં હિ ભૂતાનાં દુષ્પ્રાપં ચાતિદુર્લભમ્ ।।**
**રજસ્તમઃસ્વભાવાનાં યન્નઃ પ્રાપ્તૌ યદચ્છયા ।।૪૦।।**

પ્રાણીઓને આપ બેનું દર્શન દુષ્પ્રાપ અને ઘણું દુર્લભ છે. રાજસ અને તામસ સ્વભાવવાળા અમને જે આપ બેની પ્રાપ્તિ થઈ તે અકસ્માતથી થઈ. ૪૦.

ભગવાનનું દર્શન ઉત્પત્તિ (જન્મ)થી વિરુદ્ધ હોવાથી, જેઓ પ્રવાહમાં ઉત્પન્ન થાય છે તેમને તે દુર્લભ છે. આપ બેનું એટલે બ્રહ્મ (બલભદ્ર) અને પરબ્રહ્મ (શ્રીકૃષ્ણ)નું. પોતાના પ્રયાસથી મેળવવાનું હોય એવું જે દુઃખથી પણ મળી ન શકે તે દુષ્પ્રાપ. દેવ વિગેરેના વરદાનથી પણ જે પ્રાપ્ત ન થઈ શકે તે દુર્લભ. 'ચ' 'અને' શબ્દથી (એમ) કહેલું છે કે (આપ બેનું દર્શન) બધાંએ સાધનો (કરવા)થી પણ પ્રાપ્ત થઈ શકે તેવું નથી. તેનું કારણ 'રાજસ અને તામસ સ્વભાવવાળા' એ શબ્દથી કહેલું છે. રાજસોને (તે) દુષ્પ્રાપ છે, તામસોને દુર્લભ છે. 'ચ' 'અને' શબ્દ

એમ (જણાવવા યોજ્યો છે કે) કેટલાક રાજસોને પણ (તે) દુર્લભ છે. આવા (આપ બે)ની પણ જે એટલે જેને લીધે રાજસ અને તામસ સ્વભાવવાળા 'નઃ' અમને પ્રાપ્તિ થઈ, તેનું કારણ 'યદચ્છા' અકસ્માત જ છે. ૪૦.

રાજસ અને તામસ (સ્વભાવવાળાઓ)ને (ભગવાનનું દર્શન) કેમ દુર્લભ હોય, તેનું કારણ નીચેના બે શ્લોકોથી કહે છેઃ

**દૈત્યદાનવગન્ધર્વાઃ સિદ્ધવિદ્યાધ્રચારણાઃ ।।**
**યક્ષરક્ષઃપિશાચાશ્ચ ભૂતપ્રમથનાયકાઃ ।।૪૧।।**
**વિશુદ્ધસત્ત્વધામ્ન્યદ્ધા ત્વયિ શાસ્ત્રશરીરિણિ ।।**
**નિત્યં નિબદ્ધવૈરાસ્તે વયં ચાન્યે ચ તાદૃશાઃ ।।૪૨।।**

દૈત્યો, દાનવો અને ગંધર્વો; સિદ્ધો, વિદ્યાધરો અને ચારણો; યક્ષો, રાક્ષસો અને પિશાચો; ભૂતો, પ્રમથો અને નાયકો-તેઓ અને અમે અને તેવા બીજાઓ, વિશુદ્ધ સત્ત્વના ધામરૂપ (અને) શાસ્ત્રથી પ્રાપ્ત થાય તેવા શરીરવાળા આપને વિષે સદા વૈરવાળા છીએ. ૪૧-૪૨.

'દૈત્યો, દાનવો અને ગંધર્વો' એ રાજસમાં ગુણનો ભેદ (ન્યૂન અધિકપણું) છે. બીજા 'સિદ્ધો, વિદ્યાધરો અને ચારણો' તામસ રાજસ છે. 'યક્ષો, રાક્ષસો અને પિશાચો' તામસ છે. 'ભૂતો, પ્રમથો અને નાયકો' તામસ તામસ છે. 'પ્રમથો' મહાદેવના ગણો છે. ત્રીજા 'નાયકો' એટલે તે બે (ભૂતો અને પ્રમથો)ના નાયકો. ૪૧.

એમ સર્વને ગણાવીને તેઓનું સ્વરૂપ બેતાલીસમા શ્લોકથી જણાવે છે.

ભગવાન્ (તે સર્વના) આત્મા હોવા છતાં પણ ઉપાધિરૂપ ગુણને લીધે જ (તેઓમાં ભગવાનનો) વિરોધ હોય છે. વળી ભગવાને વેદ વિગેરે શાસ્ત્રો રચેલાં છે, (જ્યારે) તેઓને લોક મુખ્ય છે. તેથી બંનેનો (ભગવાન્ અને તેઓનો) વિરોધ યોગ્ય જ છે એમ 'શાસ્ત્રથી પ્રાપ્ત થાય તેવા શરીરવાળા' એ શબ્દથી કહે છે. (ભગવાન્) માત્ર શાસ્ત્રથી જ પ્રાપ્ત થાય તેવા શરીરવાળા છે. તેથી જ તેઓ એટલે પહેલાં જેઓ વર્ણવ્યા તેઓ અને અમે (ભગવાન્ પ્રતિ) સદા વૈરવાળા છીએ. જો કે અમારો ઈન્દ્રિય વિગેરેનો વર્ગ સાત્ત્વિક છે, તો પણ દેહ રાજસ છે, તેથી (બલિ પોતાને ઉપર વર્ણવ્યા તેમનાથી) જૂદા તરીકે ગણાવે છે. 'અને બીજાઓ' એટલે તેવા બ્રાહ્મણો. 'ચ' 'અને' એ શબ્દથી તેઓના સંબંધીઓ (જણાવેલા છે). ૪૨.

''તેઓ જો મારા દ્વેષી હોય તો તેઓ નરકમાં પડશે. તેથી 'આસુરીયોનિ

પ્રાપ્ત કરેલા' (ગીતા, ૧૬।૨૦), એ વાક્ય પ્રમાણે તેઓની કોઈ સમયે પણ મુક્તિ થશે નહિ, એટલે ભગવાન્ સર્વના આત્મા કેમ કહેવાય?'' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકથી ( આરંભી બે શ્લોકોથી ) મુખ્ય સિદ્ધાંત કહે છેઃ

**કેચનોદ્બદ્ધવૈરેણ ભક્ત્યા કેચન કામતઃ ।।**
**ન તથા સત્ત્વસંરબ્ધાઃ સંનિકૃષ્ટાઃ સુરાદયઃ ।।૪૩।।**

કેટલાક દઢ વૈરથી, કેટલાક ભક્તિથી (અને) કેટલાક કામનાથી (આપને પ્રાપ્ત કરે છે). સત્ત્વને લીધે વ્યાકુળ બનેલા નજીક રહેલા દેવો વિગેરે પણ તે પ્રમાણે (આપને પ્રાપ્ત કરતા) નથી. ૪૩.

લૌકિક લોક ત્રણ પ્રકારના છે. (૧) તે પૈકી તામસો દઢ વૈરને લીધે આપને જાણે છે અથવા પ્રાપ્ત કરે છે[૧]. (૨) સાત્ત્વિકો ભક્તિથી અને (૩) રાજસો કામથી (આપને જાણે છે અથવા પ્રાપ્ત કરે છે). સત્ત્વને લીધે વ્યાકુલ બનેલા વૈદિક સાત્ત્વિકો જેમણે અહંકારવાળા સત્ત્વગુણને લીધે પોતાનું ચિત્ત કર્મમાં પરોવેલું છે તેવા, દેવો વિગેરે પણ, તેવી રીતે આપને જાણતા અથવા પ્રાપ્ત કરતા નથી. ૪૩.

**ઈદમિત્થમિતિ પ્રાયસ્તવ યોગેશ્વરેશ્વર ।।**
**ન વિદન્ત્યપિ યોગેશા યોગમાયાં કુતો વયમ્ ।।૪૪।।**

હે યોગેશ્વરોના ઈશ્વર! 'આ આવી છે' એમ આપની યોગમાયાને યોગના ઈશ્વરો પણ ઘણા ભાગે જાણતા નથી તો પછી અમે તો ક્યાંથી જાણીએ? ૪૪.

યોગના ઈશ્વરો પણ 'આ આવી છે' એમ આપની યોગમાયાને ઘણા ભાગે જાણતા નથી. તો પછી અમે જે લૌકિક નથી, તેમ જ વૈદિક પણ નથી, (પણ વેદમાં) મના કરેલા (કાર્યના) વિચારથી નીચે પડેલા છીએ તેઓ કેમ જાણીએ? 'હે યોગેશ્વરોના ઈશ્વર !' એ સંબોધનને લીધે 'ભોગમાં આસક્તિવાળા દેવો ભલે જાણતા ન હોય, (પરંતુ) યોગના ઈશ્વરો જાણતા હશે' એવી (શંકા થાય), તેથી 'યોગના ઈશ્વરો પણ' એ શબ્દોથી તેઓ પણ જાણતા નથી (એમ કહે છે). ૪૪.

એ પ્રમાણે ભગવાનના માહાત્મ્યનું અને પોતાના અધિકારના અભાવનું નિરૂપણ કરી, અધિકારી ન હોય તેનાથી ભગવાનની આજ્ઞા વિના, સંપૂર્ણ ત્યાગ થઈ શક્તો નથી, તેથી નીચે ત્યાગ કરવા માટે ભગવાનની આજ્ઞા માગે છેઃ

**તન્નઃ પ્રસીદ નિરપેક્ષવિમૃગ્ય યુષ્મત્પાદારવિન્દધિષણાન્યગૃહાન્ધકૂપાત્ ।।**
**નિષ્ક્રમ્ય વિશ્વશરણાઙ્ઘ્ર્યુપલબ્ધવૃત્તિઃ શાન્તો યથૈક ઉત સર્વસખૈશ્ચરામિ ।।૪૫।।**

તેથી હે કામનારહિતે શોધવા યોગ્ય! આપના ચરણારવિંદમાં જેમની બુદ્ધિ છે તેમનાથી બીજાના ઘરરૂપ અંધારા કુવામાંથી બહાર નીકળી, વિશ્વનું

૧. 'વિદન્તિ' એ શબ્દ ચુમાલીસમા શ્લોકમાંથી લીધેલ જણાય છે.

શરણ છે ચરણ જેમનાં તેઓથી પ્રાપ્ત કરેલ આજીવિકાવાળો હું જેમ કરવાથી શાંત થઈ એકલો અથવા સર્વનો મિત્ર ફર્યા કરું તેવી રીતે અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૪૫.

'એવી રીતે ત્યાગની શા માટે પ્રાર્થના કરે છે?' એવી શંકા થાય, તેથી 'હે કામનારહિતે શોધવા યોગ્ય !' એ સંબોધન કરેલું છે. જેઓ સર્વ પ્રકારે કામનારહિત છે તેઓથી જ (ભગવાન્) શોધવા યોગ્ય છે એવો (અર્થ છે). આથી એમ જણાવેલું છે કે જેમ શૂદ્રને વેદના ઉચ્ચાર કરવાની (વેદમાં) મના છે તેમ તેના જેવા ઘરે રહેલાને મના કરેલી છે. સાક્ષાત્ (ખરેખરા) ગૃહસ્થને પણ ભગવાનને શોધવાની મના છે એમ 'આપના ચરણારવિંદમાં જેમની બુદ્ધિ છે તેમનાથી બીજાના ઘરરૂપ અંધારા કૂવામાંથી' એમ કહેલું છે. આપના ચરણારવિંદમાં જેઓની બુદ્ધિ છે, તેમનાથી જે બીજા છે, તેઓનું જ જે ઘર તે અંધારા કૂવા જેવું જ છે, કારણ કે તે (ઘર)માં ભગવાનના ચરણારવિંદના સ્મરણરૂપ પ્રકાશ નથી. તેથી જ તેવું અમારું ઘર દૈત્યોના ઉપદ્રવવાળું હોવાથી તેમાંથી નીકળીને હું ફર્યા કરું એવી પ્રાર્થના (કરે છે). 'અન્ન વિગેરે (આજીવિકાનાં સાધન) નહિ હોવાથી ફરવાનું કેમ બની શકશે?' એવી શંકા થાય, તેથી 'વિશ્વનું શરણ છે ચરણ જેમનાં તેઓથી પ્રાપ્ત કરેલ આજીવિકાવાળો' એ વિશેષણ યોજેલું છે. ઘણું કરી વિશ્વનાં શરણ થએલાં છે બે ચરણ જેમનાં; એટલે બધાએ સંસારીઓ જેઓ ઘરનો ત્યાગ કરી બીજા સ્થલે એક ક્ષણ પણ જવાને શક્તિવાળા હોતા નથી તેઓ પણ જેમનાં (જગતમાં) સર્વ તરફ ભમવાથી કૃતાર્થ થાય છે તેવા સત્પુરુષો 'વિશ્વનું શરણ છે ચરણ જેમનાં' તેવા છે. તેઓને લીધે 'હે નૃપ !' જેઓ તરસ નહિ છિપાવતાં ગાઢ કર્ણોથી તેમનું (સત્પુરુષોની વાણીનું) પાન કરે છે' (ભાગ. ૪।૨૯।૪૦) એ વાક્યમાં જણાવેલ પ્રકારથી 'વૃત્તિઃ' આજીવિકા પ્રાપ્ત થાય છે. 'શાંત' શબ્દથી એમ કહે છે કે એ પ્રમાણે સત્પુરુષોથી દુઃખ દૂર થતાં, અંદરનો દોષ પણ મટી જશે. (તેથી) બહારના અને અંદરના દોષો જતા રહેતાં 'યથા' જેમ એકલો હોઉં તેવો અથવા જેમ પરમહંસ હોઉં તેવો હું થઈશ. એ પ્રમાણે કેટલોક સમય સર્વ તરફ ભમવાથી વળી હું સત્પુરુષોની પેઠે સર્વનો મિત્ર પણ થઈશ. આ સર્વ ઘરનો ત્યાગ કર્યા વિના થાય નહિ, તેથી ઘરમાં દુઃખી થએલો ભગવાનને (ઘરનો ત્યાગ કરવાની) પ્રાર્થના કરે છે. ૪૫.

આ (ઉપર જણાવેલ) બીજા કાલ (કેટલાક સમય પછી)નું કાર્ય છે. હમણાં શું કરવું તે (જાણવા) માટે નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છેઃ

**શાધ્યસ્માનીશિતવ્યેશ નિષ્પાપાન્ કુરુ નઃ પ્રભો ॥**
**પુમાન્ યચ્છ્રદ્ધયા તિષ્ઠંશ્ચોદનાયા વિમુચ્યતે ॥૪૬॥**

હે આજ્ઞા કરવા યોગ્યને આજ્ઞા કરનાર ! હે પ્રભો ! અમને આજ્ઞા કરો (અને) પાપરહિત કરો; કારણ કે (આપ વિષે) શ્રદ્ધાથી રહેનાર પુરુષ વિધિમુક્ત થાય છે. ૪૬.

'શાસ્ત્ર પ્રમાણે જ કરવું (વર્તવું) જોઈએ. અમે પરોણા આજ્ઞા કેમ કરીએ?' એવી શંકા થાય, તેથી 'હે આજ્ઞા કરવા યોગ્યને આજ્ઞા કરનારા !' એ સંબોધન કરેલું છે. અમે બધાએ જીવો આજ્ઞા કરવા યોગ્ય જ છીએ, અને આપ જ તેઓના ઈશ્વર (આજ્ઞા કરનારા) છો. તેથી આપે (અમને) આજ્ઞા કરવી જોઈએ. 'એવી રીતે વિશેષ (ખાસ) રીતે કેમ (આજ્ઞા) માગે છે?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધથી તેનું કારણ કહે છે. (આપ વિષે શ્રદ્ધાથી રહેનારને) 'ચોદનાયાઃ' વિધિની આવશ્યક્તા રહેતી નથી[1] એવો અર્થ છે. ૪૬.

પહેલા (પ્રાર્થનાના) વાક્યના[*] સંબંધમાં (ભગવાન્ તેનો) અંગીકાર કરતા નથી એમ જણાવતાં, બીજાં (વાક્યનો) ઉત્તર આપવા નીચેના શ્લોકથી (આરંભી પોતાના સુતલમાં પધારવાનો) પ્રસંગ કહે છેઃ

શ્રીભગવાન્ કહે છેઃ

**આસન્ મરીચેઃ ષટ્ પુત્રા ઉર્ણાયાં પ્રથમેઽન્તરે ॥**
**દેવાઃ કં જહસુર્વીક્ષ્ય સુતાં યભિતુમુદ્યતમ્ ॥૪૭॥**

પહેલાના (ગયા) કલ્પના મન્વંતરમાં મરીચિને ઊર્ણાથી છ પુત્રો થએલા. (તે) દેવો પુત્રી સાથે સંભોગ કરવા પ્રવૃત્ત થએલા બ્રહ્માને જોઈને હસ્યા. ૪૭.

મરીચિને હમણાં જેમ કલા (નામની પત્ની) છે તેમ 'પહેલાના કલ્પમાં' એટલે ગયા બ્રહ્માના કલ્પમાં તેમને ઊર્ણા નામની પત્ની હતી. તે (ઊર્ણા)ને ઈન્દ્રિયોના દેવો જેવા છ પુત્રો થએલા. પહેલાના કલ્પમાં જે 'અન્તરમ્' મન્વંતર હતું તેમાં (તે પુત્રો થએલા). તે જ આ (અહિં પાસે બેઠા છે તે) હતા એમ કહેવા ઉત્તરાર્ધથી તેમનો અપરાધ જણાવે છે. 'ઘાટિલી પુત્રી વાણીને..' (ભાગ ૩।૧૨।૨૮)માં જેનું નિરૂપણ કરેલું છે તે પ્રકારે પુત્રી સાથે 'યભિતું' સંભોગ કરવા પ્રવૃત્ત થએલા 'કં' બ્રહ્માને (જોઈ) તેઓ હસ્યા. ૪૭.

---

૧. 'અમુક કાર્ય કરવું' એવી જે વેદનું વાક્ય આજ્ઞા કરે છે તે 'વિધિ' કહેવાય છે. ભગવાનમાં શ્રદ્ધાથી રહેનારને વિધિની આવશ્યક્તા રહેતી નથી, એટલે તેને વેદે આજ્ઞા કરેલાં કાર્ય કરવાની આવશ્યક્તા રહેતી નથી.

*. પહેલું વાક્ય એટલે પ્રાર્થનાનું પહેલું વાક્ય. પીસ્તાલીસમા શ્લોકમાં કરેલી ત્યાગની પ્રાર્થના.

કામ ભગવાન્ છે. તેણે પ્રેરણા કરેલો અથવા તેની સેવામાં પ્રવૃત્ત થએલો કપટ વિનાનો શુદ્ધ જ છે, પરંતુ જેઓ તે સિદ્ધાંત જાણતા નથી તેઓ તે વિષયમાં મશ્કરી કરતાં ભક્તોની મશ્કરી કરનારાની પેઠે આસુર યોનિ પ્રાપ્ત કરે છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેનાસુરીમગમન્ યોનિમધુનાવદ્યકર્મણા ।।**
**હિરણ્યકશિપોર્જાતા નીતાસ્તે યોગમાયયા ।।૪૮।।**
**દેવક્યા ઉદરે જાતા રાજન્ કંસવિહિંસિતાઃ ।।**
**સા તાન્ શોચત્યાત્મજાન્ સ્વાંસ્ત ઈમેડધ્યાસતેડન્તિકે ।।૪૯।।**

તેથી આસુરી યોનિને પામેલા, હમણાં નિંદ્યકર્મથી હિરણ્યકશિપુથી જન્મ લીધો. તેઓને યોગમાયા દેવકીજીના ઉદરમાં લઈ ગઈ. (ત્યાં) જન્મ લીધો. હે રાજન્! કંસથી (તેઓ) હણાયા. તે પોતાના તે પુત્રોનો શોક કરે છે. (તેઓ) આ તારી નજીકમાં બેઠેલા છે. ૪૮-૪૯.

તેથી તેઓ આ આસુરી યોનિને પામ્યા. તેટલાથી પણ (તેમણે કરેલ) ભગવાનના અપરાધની શાંતિ થઈ નહિ, તેથી હમણાં મશ્કરી કરવાના ફલ તરીકે પ્રાપ્ત થએલી આસુરી યોનિમાં તેમણે નિંદ્ય કર્મ કર્યું. તે નિંદ્ય કર્મને લીધે ભગવાનથી વિમુખ હિરણ્યકશિપુથી કોઈ (સ્ત્રી)માં જન્મ્યા. પછી યોગમાયા તેઓને દેવકીજીના ઉદરમાં (લઈ ગઈ). 'દોષથી જ દોષ હણવો જોઈએ' એ (નિયમ)ને લીધે (દેવકીજીમાં) જે છ શત્રુઓનો સમૂહ હતો તેમને દૂર કરવા, યોગમાયા (તેઓને) દેવકીજીના ઉદરમાં લઈ ગઈ. 'હે રાજન્!' એ સંબોધનથી (એમ કહ્યું છે કે) તું રાજસ હોવાથી તને (આ વિષયનું) અજ્ઞાન હોય તેથી દોષ થતો નથી. પછી કંસથી તેઓ 'વિહિંસિતાઃ' ખાસ કરીને હણાયા. ભગવાન્ ત્રિસત્ય[1] હોવાથી એવી રીતે તેમને ત્રણ વાર સજા થઈ. હમણાં અમારાં માતા (દેવકીજી) તેઓ દોષ હરનારા હોવાથી, (અને) તેથી જ (તેમનાં) પોતાના પુત્રો હોવાથી, 'આ મારા પુત્રો છે' એમ તેમને માટે શોક કરે છે. તેઓ હિરણ્યકશિપુના વંશ હોવાથી પાછા અહિં જ તારી પાસે બેઠા છે. ૪૮-૪૯.

એ પ્રમાણે તેમનું વૃત્તાંત કહી, નીચેના શ્લોકમાં તેમના વિષે જે કરવાનું છે તે કહે છેઃ

**ઈત એતાન્ પ્રણેષ્યામો માતૃશોકાપનુત્તયે ।।**
**તતઃ શાપવિનિર્મુક્તા લોકં યાસ્યન્તિ વિજ્વરાઃ ।।૫૦।।**

---

૧. ત્રિસત્ય એટલે ત્રણ વાર સત્ય.

માતાનો શોક દૂર કરવા અમે અહિંથી આમને લઈ જઈશું. પછી શાપથી છૂટેલા દુઃખરહિત થઈ તેઓ (ઋષિ) લોકમાં જશે. ૫૦.

માતાનો શોક દૂર કરવો એ તેમને લઈ જવાનું પ્રયોજન છે. પ્રસંગને લીધે તેઓનો પણ ઉદ્ધાર કરવાનો છે એમ ઉત્તરાર્ધથી કહે છે. અમારાં માતાનો શોક દૂર થવાથી, તેઓનો શાપ છૂટી જશે. પછી દુઃખરહિત થઈ તેઓ ઋષિલોકમાં જશે. ૫૦.

નીચેના શ્લોકમાં તેઓનાં નામો કહે છેઃ

**સ્મરોદ્ગીથઃ પરિષ્વઙ્ગઃ પતઙ્ગઃ ક્ષુદ્રભૃદ્ઘૃણી ।।**
**ષડિમે મત્પ્રસાદેન પુનર્યાસ્યન્તિ સદ્ગતિમ્ ।।૫૧।।**

સ્મર અને ઉદ્‌ગીથ, પરિષ્વંગ, પતંગ, ક્ષદ્રભૃત્, ઘૃણી એ છ મારી કૃપાથી ફરીથી સદ્‌ગતિ પામશે. ૫૧.

'સ્મર અને ઉદ્‌ગીથ' એ બે એકભાવ[1] પ્રાપ્ત કરેલા છે. સ્મર મનનો દેવ છે. ઉદ્‌ગીથ નાસિકાનો, પરિષ્વંગ કાનનો, પતંગ નેત્રનો, ક્ષુદ્રભૃત્ જીભનો (અને) ઘૃણી સ્પર્શનો (દેવ છે). ઘૃણી સ્પર્શનો દેવ છે, કારણ કે તે (સ્પર્શ)થી ઘૃણા ઉત્પન્ન થાય છે. અથવા ચક્ષુ (નેત્ર) સાથે બદલાવવું[2]. આ છનો પોતાના કર્મથી નાશ થએલ હોવા છતાં, તેઓ મારી કૃપાથી ફરીથી સદ્‌ગતિ પામશે. ૫૧.

તેથી 'આમને(અમને) આપ' એમ કીધા વિના જ, બલિનું સેવકપણું દઢ કરી, તેમને લઈ પોતે જ (ત્યાંથી) નીકળી ગયા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્યુક્ત્વા તાન્ સમાદાય ઈન્દ્રસેનેન પૂજિતૌ ।।**
**પુનર્દ્વારવતીમેત્ય માતુઃ પુત્રાનયચ્છતામ્ ।।૫૨।।**

એમ કહીને, ઈન્દ્રસેને પૂજા કરેલા તેઓએ તેમને લઈ પાછા દ્વારવતી આવી માતાના પુત્રો (તેમને) આપ્યા. ૫૨.

(બલ) ઈન્દ્રસેન હોવાથી, તેણે (શ્રીકૃષ્ણ અને બલભદ્રની) પૂજા કરી. જે માર્ગે તે બે આવ્યા હતા તે જ માર્ગે દ્વારકા આવી, તેમણે માતાના તે પુત્રો માતાને આપ્યા. ૫૨.

**તાન્ દૃષ્ટ્વા બાલકાન્ દેવી પુત્રસ્નેહસ્નુતસ્તની ।।**
**પરિષ્વજ્યાંકમારોપ્ય મૂર્ધ્ન્યજિઘ્રદભીક્ષ્ણશઃ ।।૫૩।।**

તે બાલકોને જોઈને પુત્રના સ્નેહને લીધે દૂધના ઝરતાં સ્તનવાળાં થઈ,

---

૧. બે એક જ હોય તેવી સ્થિતિ.
૨. પતંગ નેત્રનો દેવ છે અને ઘૃણી સ્પર્શનો દેવ છે એમ કહ્યું, તેમનો અદલો બદલો કરવો. એટલે પતંગ સ્પર્શનો અને ઘૃણી નેત્રનો દેવ છે એમ જાણવું.

દેવીએ તેમને ભેટી, ખોળામાં બેસાડી, વારંવાર માથેથી સૂંઘ્યાં. ૫૩.

ગુરુના પુત્રની રીતે (ગુરુના પુત્રને લાવેલા તે રીતે) (ભગવાન્) તેમને પહેલાંની સ્થિતિ પ્રાપ્ત કરાવીને જ લાવેલા, તેથી તે બાલકોને જોઈને, (દેવી દેવકીજી) પુત્રના સ્નેહને લીધે દૂધ ઝરતાં સ્તનવાળાં થયાં. પછી (બાલકોને) ભેટીને, ખોળામાં બેસાડીને, માથેથી સૂંઘ્યાં. (આ તેમને માટે) ઘણો જ સ્નેહ દર્શાવ્યો. 'વારંવાર' શબ્દથી સ્નેહમાં વિહ્વલપણું સૂચવેલું છે. ૫૩.

**અપાયયત્સ્તનં પ્રીતા સુતસ્પર્શપરિસ્રુતમ્ ।।**
**મોહિતા માયયા વિષ્ણોર્યયા સૃષ્ટિઃ પ્રવર્તતે ।।૫૪।।**

જેનાથી સૃષ્ટિ ચાલે છે તે વિષ્ણુની માયાથી મોહ પામેલાં તેમણે પ્રસન્ન થઈ પુત્રના સ્પર્શને લીધે સ્રવતું સ્તન તેમને પાયું. ૫૪.

પછી તેમના બાલભાવને દૃઢ કરતાં દેવકીજીએ તેમને સ્તન પાયું. પ્રસન્ન થએલાં, એટલે દુઃખરહિત થએલાં. માત્ર એટલું જ નહિ, પરંતુ તેમને સુખ પણ થયું એમ 'પુત્રના સ્પર્શને લીધે સ્રવતું' એ શબ્દથી કહેલું છે. 'સુતાનાં' પુત્રોનો 'સ્પર્શેન' સ્પર્શને લીધે 'પરિતઃ'સર્વે અંગોમાંથી 'સ્રુતમ્' સ્રવતું એટલે 'પુત્રસ્પર્શ-પરિસ્રુતમ્'. 'ભગવાન્ જેમનાં પુત્ર હતા તેવાં દેવકીજીને બીજામાં એવો સ્નેહ કેમ થયો?' એવી શંકા થાય તેથી 'વિષ્ણુની માયાથી મોહ પામેલાં' એ વિશેષણ યોજેલું છે. તેમ ન હોય તો સૃષ્ટિ કેમ ચાલે? કેટલાક એમ કહે છે કે પહેલાં આ (દેવકીજી) જ ઊર્ણા હતાં. તેથી પહેલાંની વાસનાને લીધે પુત્રોમાં તેમને ઘણો સ્નેહ થયો. ૫૪.

સ્તનપાન કર્યા પછી તેઓમાં વિવેક વિગેરેની ઉત્પત્તિ થતાં (તેઓને) પોતાના લોકની પ્રાપ્તિ થઈ એમ નીચેના બે શ્લોકથી કહે છેઃ

**પીત્વામૃતમયં તસ્યાઃ પીતશેષં ગદાભૃતઃ ।।**
**નારાયણાઙ્ગસંસ્પર્શપ્રતિલબ્ધાત્મદર્શનાઃ ।।૫૫।।**
**તે નમસ્કૃત્ય ગોવિન્દં દેવકીં પિતરં બલમ્ ।।**
**મિષતાં સર્વભૂતાનાં યયુર્ધામ વિહાયસા ।।૫૬।।**

ગદા ધારણ કરનારે પાન કરતાં વધેલું તેમનું અમૃતમય (સ્તન) પીને, નારાયણના અંગના સ્પર્શથી જેમને આત્મદર્શન પ્રાપ્ત થએલું છે તેવા તેઓ ગોવિંદને, દેવકીજીને, પિતાને (અને) બલભદ્રને નમન કરીને સર્વ પ્રાણીઓના જોતાં આકાશમાર્ગે (પોતાના) સ્થાને ગયા. ૫૫-૫૬.

દેવોએ[૧] ભગવાનના માટે દેવકીજીના સ્તનમાં અમૃત મૂકેલું, તેથી તેમનું

૧. 'દેવો' એટલે 'સ્તનમાં દૂધ ઉત્પન્ન કરનાર ભગવાન્ ઉપરનાં સ્નેહના અંશો' એવો અર્થ છે. (લે)

સ્તન અમૃતમય હતું. જ્યારે જ્યારે દેવકીજી ભગવાનનું સ્મરણ કરતાં ત્યારે ત્યારે ભગવાન જ અમૃતનું પાન કરતા, એમ પહેલાં[2] (ભગવાન્ દેવકીજીના સ્તનનું) પાન કરતા તે તો સિદ્ધ કરેલું છે. અથવા (પહેલાં એટલે) જ્યારે ભગવાન્ અહિંથી (દેવકીજી પાસેથી) જ પ્રથમ (ગોકુલ) પધાર્યા ત્યારે (તેમણે પાન કરેલ). આ છ બાલકોને પોતાનાં સ્થાનની પ્રાપ્તિ થવાનું કારણ જ્ઞાન છે. તે (જ્ઞાન થવા)માં ત્રણ કારણો છે. (૧) ભગવાનનાં ઉચ્છિષ્ટ (સ્તન)નું પાન, (૨) અમૃત (અમૃતમય સ્તન)નું પાન, અને (૩) નારાયણ અંગનો સ્પર્શ. અહિં 'નારાયણ' પદ ધર્મના અવતાર નારાયણના અંશ અનિરુદ્ધનું ચરિત્ર જણાવે છે. તે (નારાયણના અંગના સ્પર્શ)થી પ્રાપ્ત થએલું છે આત્મદર્શન[3] જેમને તેવા (તેઓ થયા). ૫૫.

પછી જ્ઞાનશક્તિ પેઠે તેમની ક્રિયાશક્તિ પણ પ્રકટ થઈ એમ છપ્પનમા શ્લોકમાં કહે છે. પહેલાં સ્વામી(શ્રીકૃષ્ણ)ને, પછી માતા અને પિતાને, અને તેમની પછી ભગવાનનું સાધન થએલા બલભદ્રને, એ પ્રમાણે તેઓને ચાર મૂર્તિવાળા ભગવાન્ હોય તેમની પેઠે નમસ્કાર કરી, સર્વના જોતાં તેઓ આકાશ માર્ગે પોતાનાં સ્થાને ગયા. એ રીતે તેઓ પોતાની મેળે ગયા (જઈ શક્યા), એવો અર્થ છે. ૫૬.

'દેવકીજીની કામના પૂર્ણ કરવા જ ભગવાન્ તેઓને લાવેલા, અને તે કામના માત્ર (એક) ક્ષણમાં પૂરી ન થાય. તેથી એ પ્રમાણે તેઓ તરત જ ગયા તેનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તં દૃષ્ટ્વા દેવકી દેવી મૃતાગમનનિર્ગમમ્ ।।**
**મેને સુવિસ્મિતા માયાં કૃષ્ણસ્ય રચિતાં નૃપ ।।૫૭।।**

હે નૃપ ! દેવી દેવકીજીએ મરણ પામેલાઓનું તે આવવું અને જવું જોઈને ઘણો વિસ્મય પામી, (તેને) કૃષ્ણની રચેલી માયા માની. ૫૭.

પહેલાં મરણ પામેલા તે પુત્રોનું આવવું અને તે પછી (તરત) જ જવું

---

૨. પહેલાં નિબંધમાં એ પ્રમાણે સિદ્ધ કર્યું છે, એવો અર્થ છે. ભગવાન્ કેવી રીતે પાન કરતા તે આ (શબ્દથી પહેલાના) વાક્યમાં જણાવેલું છે. (લે). નિબંધમાં જણાવેલું છે કે નંદ વિગેરેની પેઠે દેવકીજી પણ પૂરા નિરોધવાળાં પહેલાં હતાં. તે સમયે જ્યારે તેમનો ભગવાન્ ઉપર ઘણો સ્નેહ હતો ત્યારે ભગવાન્ સદા તેમના સ્તનનું પાન કરતા. તેથી અહિં 'ભગવાને પાન કરતાં વધેલું' કહેલ છે. એવા ઉચ્છિષ્ટ સ્તનનું પાન કરવાથી જ તેઓ વૈષ્ણવ થઈ મુક્ત થાય તે માટે એવું વર્ણન કરેલું છે. અથવા જ્યારે ભગવાન્ પ્રાકૃત બાલક થયા તે સમયે દેવકીજી પાસેથી ગોકુલ જતી વખતે ભગવાને તેમના સ્તનનું પાન કરેલું. જેઓ ભગવાનનાં ઉચ્છિષ્ટનું ભોજન કરે તેઓ ભગવાનની માયાને તરે એમાં સંશય નથી જ.

૩. આત્મદર્શન એટલે આત્માનું જ્ઞાન.

જોઈને, (દેવકીજીએ) વિસ્મય પામેલાં થઈ, (તે) બધુંએ શ્રીકૃષ્ણનું ચરિત માન્યું. (દેવકીજીને) આવું જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે જ (તેમને) લાવવામાં આવેલા, પરંતુ (દેવકીજી) પુત્રો તરીકે રાખે તે માટે (લાવવામાં આવેલા) નહિ. તેમ ન હોય (પુત્રો તરીકે રાખે તે માટે લાવવામાં આવેલા હોય) તો કંસ મારફત ભગવાને કરેલો (તેઓનો) વધ નકામો થાય (ગણાય). ભગવાનના ચરિત્રના જ્ઞાનથી જ, (દેવકીજીની) કામના પૂર્ણ થઈ. (તેમને) બીજો મોહ ઉત્પન્ન થયો નહિ એમ (જણાવવા), 'દેવી' શબ્દ યોજેલો છે. તે વિષયમાં[1] પણ (તેમને શ્રીકૃષ્ણની) માયા માની, (અને) તેથી પદાર્થોનું અસત્યપણું પણ જાણ્યું. 'હે નૃપ!' એવું સંબોધન આશ્ચર્યમાં તેનું મન ગરકાવ થાય તે માટે (કહેલું છે). ૫૭.

એ પ્રમાણે (વસુદેવને જ્ઞાન આપ્યું અને દેવકીજીને પુત્રો લાવી આપ્યા એ) બે ચરિત્રો કહીને, કદાચ એવી શંકા થાય કે (ભગવાનનું) ઐશ્વર્ય જણાવનારાં આ બે જ (ચરિત્ર હશે), તેથી નીચેના શ્લોકમાં (એવાં) બીજા પણ સૂચવે છેઃ

**એવંવિધાન્યદ્ભુતાનિ કૃષ્ણસ્ય પરમાત્મનઃ ।।**
**વીર્યાણ્યનન્તવીર્યસ્ય સન્ત્યનન્તાનિ ભારત ।।૫૮।।**

હે ભારત! અનંત વીર્યોવાળા શ્રીકૃષ્ણ પરમાત્માનાં આવા પ્રકારનાં અદ્‌ભુત વીર્યો અનંત છે. ૫૮.

'અદ્‌ભુત' એ વિશેષણ (આ) ભગવાનનાં ચરિત્ર છે એમ જણાવનારું છે. જે જે અદ્‌ભુત (ચરિત્ર છે) તે ભગવાનના ચરિત્ર હોવાથી જ તે (તેવાં, અદ્‌ભુત) છે. 'ભગવાન્ પણ એમ (એવાં ચરિત્રો) શા માટે કરે છે?' એવી શંકા થાય, તેથી 'શ્રીકૃષ્ણ' શબ્દ યોજેલ છે. (ભગવાને) અવતાર લીધેલ હોવાથી (એવાં ચરિત્રો) કરે છે, એવો અર્થ છે. 'પરમાત્માનાં' એ શબ્દથી બીજું પ્રયોજન પણ કહે છે. (ભગવાન્) સર્વ આત્માઓના આત્મા છે, તેથી તેઓના ઉપર કૃપા કરવા માટે એમ (એવાં ચરિત્રો) કરે છે, એવો અર્થ છે. તેથી જ (આવાં ભગવાનનાં) વીર્યો અનંત છે. તે પ્રમાણે (અનંત વીર્યોવાળાં ચરિત્રો) કરવાનું સામર્થ્ય 'અનંત વીર્યોવાળા' એ વિશેષણથી (કહેલું છે). 'વીર્યો અનંત હોવાથી

---

૧. (તે વિષયમાં તેઓના વધના વિષયમાં). વધ વિગેરે સર્વ શ્રીકૃષ્ણનું ચરિત્ર જ માન્યું, પણ કંસે કરેલ (કાર્ય) માન્યું નહિ. શ્રીકૃષ્ણનું ચરિત્ર હોવા છતાં પણ આ માયારૂપ (ચરિત્ર) આશ્ચર્ય ઉત્પન્ન કરનારું છે, એવો અર્થ છે. તેથી તે આશ્ચર્યરૂપ છે એવા જ્ઞાનને લીધે, આ વધ વિગેરે પદાર્થો અસત્ય એટલે પ્રયોજન વિનાના છે એમ લીલાથી દર્શાવ્યું. વાસ્તવિક રીતે તો શાપને લીધે (તેઓની) એવી સ્થિતિ થએલી અને પછી તેમનો મોક્ષ થયો એવું જ્ઞાન (દેવકીજીને થયું) એવો અર્થ છે. (લે)

બધાંનો સંગ્રહ કેમ થાય (ભગવાન્) (બધાં કેવી રીતે કરે)?' એવી શંકા થાય, તેથી 'સન્તિ' 'છે' એ શબ્દ યોજેલ છે. આ ભગવાનનાં અદ્‌ભુત ચરિત્રો સદા છે, એટલે નિત્ય છે, એવો અર્થ છે. (પરિક્ષિતને) વિશ્વાસ રહે તે માટે 'હે ભારત!' એવું સંબોધન કરેલું છે. ૫૮.

એ પ્રકારે ભગવાનનાં ચરિત્ર નિત્ય છે એમ સિદ્ધ કરવા, નીચેના શ્લોકમાં તેમનાં શ્રવણ વિગેરેનું ફલ કહે છેઃ

સૂત કહે છેઃ

**ય ઈદમનુશ્રૃણોતિ શ્રાવયેદ્ વા મુરારેશ્ચરિતમમૃતકીર્તેર્વર્ણિતં વ્યાસપુત્રૈઃ ।।**
**જગદઘભિદલં તદ્ભક્તસત્કર્ણપૂરં ભગવતિ કૃતચિત્તો યાતિ તત્ક્ષેમધામ ।।૫૯।।**

જે અમૃતકીર્તિવાળા મુરારિનું, વ્યાસના પુત્રોએ વર્ણવેલું, જગતના પાપનો નાશ કરનારું, તેમના (મુરારિના) ભક્તરૂપ સત્પુરુષોના કર્ણનાં ઉત્તમ આભરણરૂપ આ ચરિત્ર પછીથી સાંભળે છે, અથવા સંભળાવે છે, તે ભગવાનમાં પરોવાએલા ચિત્તવાળો થઈ તેમના કલ્યાણકારિ ધામમાં જાય છે. ૫૯.

જે શ્રદ્ધાથી પછીથી એટલે ગુરુએ ઉચ્ચાર્યા પછી સાંભળે છે, અથવા સંભળાવે છે (તે કલ્યાણકારિ ધામમાં જાય છે). 'શા માટે તે સાંભળે છે અથવા સંભળાવે છે?' એવી શંકા થાય, તેથી 'મુરારિનું' એ પદ યોજેલ છે, કારણ કે મુર વિઘ્નરૂપ અથવા દોષરૂપ હતો, (તેનો નાશ કરવાનું ચરિત્ર વિઘ્ન અથવા દોષોનો નાશ કરે જ, તેથી સાંભળે છે, તથા સંભળાવે છે). વળી (તે) અમૃતકીર્તિવાળાનું એટલે અમૃતરૂપ છે કીર્તિ જેમની (તેમનું ચરિત્ર છે), (એટલે તે) શ્રવણ કરતાં પણ સુખ કરનારું એટલે (આપનારું) છે. તેથી જ વ્યાસના પુત્રોએ તે વર્ણવેલું છે. શુકે અનંતરૂપવાળા થઈ આ ચરિત્ર વર્ણવેલું, તેથી (વ્યાસના પુત્રોએ એમ) બહુવચન યોજેલું છે. અથવા વ્યાસના બધાએ શિષ્યોએ અને પુત્રોએ (વર્ણવેલું હોવાથી બહુવચન યોજેલું છે), કારણ કે શિષ્યો પણ પુત્રો જ (ગણાય) છે. સર્વેએ (આ) સાંભળવું જોઈએ એમ જણાવવા (તેનાં) ઘણાં ફલ કહે છે. (તે) 'જગતનાં પાપોનો નાશ કરનારું' એટલે સર્વ પાપોનો નાશ કરનારું છે. વળી 'અલમ્' ઘણું જ (ઉત્તમ) સત્પુરુષોનું 'કર્ણપૂરમ્' કર્ણના આભરણરૂપ છે. આથી જણાવ્યું કે સત્પુરુષોએ (આ) સદા સેવવું (કર્યા કરવું) જોઈએ. (આથી) એમ પણ સૂચવ્યું છે કે જે કોઈ (આને) સદા (પોતાના) કર્ણમાં રાખે છે તે જ સત્પુરુષ છે. 'ભગવાનમાં પરોવેલા ચિત્તવાળો' એ વિશેષણથી (શ્રવણ કરનારનું) બીજું પણ પ્રયોજન કહે છે. તે (શ્રવણ કરનાર)નું ચિત્ત ભગવાનમાં સ્થિર (પરોવાએલું) થાય છે. આ

લોકનાં ફલ કહી, 'તેમનાં કલ્યાણકારિ ધામમાં જાય છે' એ શબ્દોથી પરલોકનું ફલ કહે છે. ધામમાં જાય છે, એ જ ફલ છે. ધામની પ્રશંસા કરવા, તેનું 'કલ્યાણકારિ' એવું વિશેષણ[1] યોજેલું છે. એ પ્રમાણે વિઘ્નો દૂર થવાથી આરંભી ભગવાનનાં સ્વરૂપની પ્રાપ્તિ સુધીનાં ભગવાનનાં વીર્યનાં શ્રવણનાં ફલ કહ્યાં, તે ભગવાનનું ઐશ્વર્ય સિદ્ધ કરે છે, તેથી ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વના ઈશ્વર છે એમ સિદ્ધ થયું. ૫૯.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીભાગવતની સુબોધિનીમાં દશમસ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**છત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

---

૧. 'કલ્યાણકારિ' એ ધામનું વિશેષણ છે, (બીજા ધામોથી તેનો) ભેદ દર્શાવનારું નથી. એમ (ભેદ દર્શાવનારું) હોય તો કાંઈક ધામ હાનિ કરનારું પણ સંભવે. પરંતુ આ ધામ ભગવાનનું સ્વરૂપ જણાવનારું છે, એવા હેતુથી ધામની પ્રશંસા માટે આ વિશેષણ યોજેલ છે એમ કહેલું છે. (લે)

# અધ્યાય ત્ર્યાસીમો

## અર્જુને કરેલું સુભદ્રાનું હરણ

**સપ્તત્રિંશે હરેર્વીર્યં ત્રેધા પ્રાહ સુનિશ્ચિતમ્ ।।**
**સર્વેષાં સર્વકાર્યાણિ કૃતવાનિત્યુદીર્યતે ।।૧।।**

સાડત્રીસમા અધ્યાયમાં હરિનું સારી રીતે નિર્ણય કરેલું વીર્ય(શુક) ત્રણ પ્રકારે કહે છે, (અને હરિએ) સર્વનાં સર્વ કાર્યો કર્યાં એમ કહેવામાં આવે છે. કા.૧.

**તદેવ ભગવદ્વીર્યં યન્ન શક્યં હિ લૌકિકૈઃ ।।**
**ન હ્યન્યો ભગિનીં દાતુમેવં શક્તો હરિં વિના ।।૨।।**

જે લૌકિક (પુરુષો)થી થઈ શકે નહિ તે જ હરિનું વીર્ય છે; કારણ કે હરિ વિના બીજો કોઈ બેનને એ પ્રમાણે આપવા શક્તિવાળો હોતો નથી. કા.૨.

**નાપિ સ્વયં યસ્ય કસ્ય ગૃહે સ્થાતું વિભૂતયે ।।**
**નાપિ ધર્મં સ્વહીનાર્થમન્યઃ કથયિતું પ્રભુઃ ।।૩।।**

વળી હરિ વિના બીજો કોઈ જેના તેના ઘરમાં રહેવા પોતે શક્તિવાળો[1] હોતો નથી, તેમ જ જેનાથી પોતાનું હીનપણું જણાય[2] તેવો ધર્મ પોતાની વિભૂતિને[3] કહી શક્તો નથી. કા.૩.

**અનાહૂતઃ સ્વયં ક્વાપિ ગચ્છતીત્યપિ નો મતમ્ ।।**
**યથા ગ્રન્થાનુસારેણ પ્રસઙ્ગોઽત્ર વિચારિતઃ ।।૪।।**
**ક્રમપાઠાદિભેદેષુ તથા વ્યાખ્યાનમિષ્યતે ।।૪ા.।।**

આમંત્રણ વિના પોતે ક્યાંય પણ પધારે છે એમ પણ માનવાનું નથી. વ્યાસે જેમ વિચારેલ તેમ ગ્રંથને અનુસરીને અહિં પ્રસંગ કહેલો છે. ક્રમ, પાઠ વિગેરેના ભેદો હોય[4] ત્યાં તે પ્રમાણે વ્યાખ્યાન ઈચ્છેલું છે. કા.૪ા.

---

૧. પોતે મોટા હોય તે જે તે હલકાના ઘરમાં રહેવા, 'શક્તિવાળા' હોતા નથી. પાછલી બીજી કારિકામાં 'શક્તઃ' 'શકિતવાળા' શબ્દ છે તે સાથે સંબંધ છે. (લે)

૨. સ્વરૂપનું હીનપણું અર્થ એટલે જણાઈ આવે તેવું જેમાં છે તેવો ધર્મ. (લે)

૩. 'વિભૂતિ' એટલે 'પોતાની વિભૂતિરૂપ બ્રાહ્મણ'. આ અધ્યાયમાં ૫૪મા શ્લોકથી આરંભી આવાં વાક્યો ભગવાને શ્રુતદેવ બ્રાહ્મણને કહેલાં છે. (લે)

૪. 'વ્યાસે વિચાર (નિર્ણય) માટે કથા આડી અવળી કહી, છતાં પણ કથા જે પ્રમાણે થઈ હોય તે પ્રમાણે જ વ્યાખ્યાન કરવું જોઈએ, કારણ કે તૈત્તિરીય શાખાના મંત્ર અને બ્રાહ્મણનો ઋષિએ તેમને ગ્રહણ કર્યા તે પ્રમાણે જ પાઠ હોવા છતાં, વેદના ભાષ્યમાં તેમનું વ્યાખ્યાન તેમના પહેલાંના ક્રમ પ્રમાણે જ કરેલું છે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (૧) કથાનો (બનવાનો) ક્રમ, (૨) વ્યાસે શુકને તેનો પાઠ કરાવવાનો ક્રમ, (૩) અને 'આદિ' વિગેરે

**ઉદાસીનો હરિર્વ્યાસઃ ફલસિદ્ધેરશક્યતઃ ।।૫।।**
**ગ્રન્થારમ્ભે તથૈવાસ્માન્ બોધયામાસ માધવઃ ।।૫ાા.।।**

ફલ પ્રાપ્ત કરાવવાનું (પોતાથી) બની શકે તેમ નહિ હોવાથી (તે વિષયમાં) હરિ વ્યાસ ઉદાસીન[૫] છે. ગ્રંથના આરંભમાં માધવે અમને તેવો જ બોધ કરેલો[૬] (એમ કહેલું છે). કા.૫ાા.

(આ) પહેલાના (છત્રીસમા) અધ્યાયના અંતે ભગવાનનાં વીર્યોનો ઉપસંહાર કરેલો હોવાથી, રાજા પરિક્ષિત પોતાને જે વિષયોમાં સંદેહ રહેલ તે પૂછે છે. તે પ્રસંગને લીધે શુક બીજા પણ (તેવા પ્રસંગ) કહેશે[૧]. ૧.વ્યવહારમાં જેમાં ભગવાનનાં વીર્ય ખોટાં (નમાલાં) જણાય તે પ્રસંગ પૂછવો જોઈએ, ૨.જેમાં વેદનો વિરોધ જણાય તે પણ પૂછવો જોઈએ, અને ૩.જેમાં જે ભજન કરવા યોગ્ય છે તે (વિષય)નો વિરોધ જણાય તે પણ પૂછવો જોઈએ. આ અનુક્રમે ત્રણ અધ્યાયોથી[૨] પૂછવામાં આવશે, અને જે પ્રકારનો પ્રસંગ શુકની વાણીનાં કારણરૂપ હશે તે ત્યાં ત્યાં કહેવામાં આવશે. કથાના વિષયમાં તો આ સંગતિ છે. વિચાર પ્રમાણે તો (હેતુ) પહેલાં[૩] કહેલો છે. 'ગાંધર્વ અને રાક્ષસ' એ વાક્ય પ્રમાણે ક્ષત્રિય બલથી જ વિવાહ કરે છે, અને ભગવાન્ સર્વથી અજેય (કોઈથી પણ જીતાય નહિ તેવા) છે. તેથી (અર્જુન બલથી સુભદ્રા સાથે વિવાહ કરે તે ભગવાનનાં વીર્યથી) વિરુદ્ધ હોવાથી, નીચેના શ્લોકથી સુભદ્રાના વિવાહ સંબંધી પ્રશ્ન કરે છે:

---

શબ્દથી જણાવેલ લીલાનો ક્રમ, આવા ભેદો હોવાથી, વ્યાસે જે ક્રમથી પ્રસંગનો વિચાર કર્યો તે પ્રમાણે ગ્રંથને અનુસરી વ્યાખ્યાન કરવું ઈચ્છવા યોગ્ય છે. (લે)

૫. ફલ પ્રાપ્ત થવું એ પોતાના હાથમાં નથી, પરંતુ ભગવાનના હાથમાં છે, તેથી ફલપ્રાપ્તિના વિષયમાં વ્યાસ ઉદાસીન (દરકાર વિનાના) છે. તેથી 'શ્રુતિ સર્વનું સાધન અને ફલ સ્પષ્ટ કહે છે, (પરંતુ) કોઈની અમુક કાર્યમાં પ્રવૃત્તિ કરાવી શકતી નથી' એ ન્યાય પ્રમાણે વ્યાસે લીલાના સ્વરૂપનો વિચાર (નિર્ણય) કરી કથા કહેલી છે. જો તેમણે ફલ પ્રાપ્ત કરાવવાનો આગ્રહ રાખ્યો હોત તો જેમ લીલા તે ક્રમથી જ તેનું વર્ણન કરત, એવો ભાવ છે. (લે)

૬. પહેલાં જણાવેલી (તૈત્તિરીય શાખાના મંત્ર અને બ્રાહ્મણના વ્યાખ્યાનની) રીત મૂકી દઈ, વ્યાસે જે રીતે કથા કહી તે ક્રમે વ્યાખ્યાન કરવાનું કારણ અહિં કહેલું છે. શ્રીસુબોધિનીના પ્રથમ સ્કંધના આરંભના પાંચમા શ્લોકમાં કહેલું છે કે ભગવાને શ્રીમદાચાર્યચરણને વ્યાસજી પેઠે આજ્ઞા આપેલી. તેથી ભગવાનની આજ્ઞા વ્યાસે કહેલા ક્રમ પ્રમાણે જ કરવાની હતી એમ સૂચવેલું છે એવા ભાવ છે. (લે)

૧. રાજાએ પૂછેલ નહિ તેવા જનક અને શ્રુતદેવના પ્રસંગ પણ શુક કહેશે, એવો અર્થ છે. (લે)

૨. આ અધ્યાયથી આરંભી ત્રણ અધ્યાયોથી.

૩. પહેલાં એટલે ગયા અધ્યાયના પહેલા શ્લોકના આભાસમાં 'કથાનો અનુક્રમ ઈચ્છેલો નથી.' અથવા આ અધ્યાયમાં ઉપરની પાંચમી કારિકામાં.

રાજા કહે છેઃ

**બ્રહ્મન્ વેદિતુમિચ્છામઃ સ્વસારં રામકૃષ્ણયોઃ ।।**
**યથોપયેમે વિજયો યા મમાસીત્પિતામહી ।।૧।।**

હે બ્રહ્મન્! બલભદ્ર અને શ્રીકૃષ્ણની બેન જે મારાં દાદી હતાં તેમને વિજય જેવી રીતે પરણ્યા તે જાણવા હું ઈચ્છું છું. ૧.

વિવાહ માટે જીતી ન શકાય તેવા હોવાનું કારણ 'બલભદ્ર અને શ્રીકૃષ્ણની બેન' એ શબ્દોથી કહેલું છે. 'જેવી રીતે' એટલે બરાબર શાસ્ત્રમાં કહેલા પ્રકારથી પરણ્યા. 'વિજય' શબ્દથી એમ જણાવ્યું છે કે દીનતાથી (અર્જુને સુભદ્રા સાથે) વિવાહ કર્યો ન હતો. 'જે મારા દાદી હતાં' એ શબ્દોથી (એમ જણાવ્યું છે કે) તે (સુભદ્રા) જ વંશ ચલાવનારાં થયાં. તેવાં (વંશ ચલાવનારાં)નો વિવાહ બીજા (શાસ્ત્રથી વિરુદ્ધ) પ્રકારે થવા યોગ્ય ન હતો એવો ભાવ છે. ૧.

બંનેમાં[1] વિરોધ ન રહે તે માટે નીચેના શ્લોકથી આરંભી શુક (અર્જુન) સુભદ્રાને પરણ્યો તેનો પ્રકાર કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**અર્જુનસ્તીર્થયાત્રાયાં પર્યટન્નવનીં પ્રભુઃ ।।**
**ગતઃ પ્રભાસમશ્રૃણોન્માતુલેયીં સ આત્મનઃ ।।૨।।**
**દુર્યોધનાય રામસ્તાં દાસ્યતીતિ ન ચાપરે ।।**
**તલ્લિપ્સુઃ સ યતિર્ભૂત્વા ત્રિદણ્ડી દ્વારકામગાત્ ।।૩।।**

તીર્થયાત્રામાં પૃથ્વી ઉપર ફરતાં પ્રભાસ ગએલા તે સમર્થ અર્જુને સાંભળ્યું કે પોતાના મામાની તે દીકરીને બલભદ્ર દુર્યોધનને આપવા ઈચ્છે છે, પણ બીજાઓ (તેમ) ઈચ્છતા નથી, તેને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો તે ત્રિદંડી સંન્યાસી દ્વારકા ગયો ૨-૩.

વાસ્તવિક રીતે અર્જુન પોતે જીવની કલારૂપ નર હતો, અને સુભદ્રા યશોદાથી પહેલાં જન્મેલી અને દેવકીજીએ સંભાળ લીધેલી માયાશક્તિ હતી. તે કંસના હાથમાંથી છૂટેલી, દેવકીજીના સ્નેહને લીધે આઠમાં સંતાનનું સ્થાન જાણે કે પ્રાપ્ત કરેલું હોય તેમ દેવકીજીથી પણ જન્મી સુભદ્રા નામથી ઓળખાઈ. સ્ત્રીની સ્થિતિથી જ મોહ કરવાનું સંભવે, તેથી તે અર્જુનની જ સ્ત્રી થવા યોગ્ય હતી. તેથી જ તેનાથી મોહ પામેલો અર્જુન, કલિયુગમાં માયાનો જ વંશ રહેશે એમ

૧. ક્ષત્રિય બલથી જ વિવાહ કરે, એટલે સુભદ્રાના સગાંઓ શ્રીકૃષ્ણ વિગેરેને હરાવીને જ અર્જુને વિવાહ કરવો જોઈએ, અને શ્રીકૃષ્ણ તો કોઈથી જીતી શકાય નહિ તેવા છે. આ બેનો વિરોધ ન રહે તે માટે, એવો અર્થ જણાય છે.

વિચારી, સંન્યાસ અંગીકાર કરી, ઠગી, કન્યાને હરી ગયો. ચોરી અને ધર્મવાળો વેષ કરવાની ક્ષત્રિયને શાસ્ત્રની મના છે, છતાં પણ તેણે કન્યાનું હરણ કર્યું તેથી, અને માતપિતાએ આપી તેથી, (તથા) તીર્થયાત્રામાં બનાવટી વેષ ધારણ કરવાની મના નથી તેથી, ઉભય[2]રૂપ હોવાથી બંનેનું[3] સમાધાન થાય છે. આ વિષયમાં તીર્થયાત્રાના પ્રસંગનું મહાભારતમાં નિરૂપણ કરેલું છે. દ્રૌપદીના વિવાહ પછી પાંચ પતિની એક સ્ત્રી દુઃખનું કારણ થઈ પડે તેથી, પ્રચેતસો[4]ની પેઠે એકપણાંની સ્થિતિ પાંડવોની નહિ હોવાથી, અને કામ ઉલ્લંઘન થઈ શકે તેવો નથી, અને પ્રવૃત્ત થાય ત્યારે ક્ષણમાત્ર પર રોકી રાખવામાં આવે તો રોકી રાખનારનો નાશ કરે છે તેથી, નારદે પાંડવોને સુંદ અને ઉપસુંદ[5]ની કથા કહી, એક વર્ષ સુધી દ્રોપદીનો ભોગ થાય તે માટે દરેક પાંડવના ભોગના કાલની વ્યવસ્થા કરી. તે એકના ભોગના કાલની વચમાં એકથી ભોગવાતીને જો બીજો જૂએ તો તેણે વર્ષ સુધી તીર્થયાત્રા કરવી એવી વ્યવસ્થા કરી. પછી કોઈ સમયે ચોરે જેની ગાયો હરી લીધી હતી તેવા કોઈ બ્રાહ્મણે અર્જુનને કહ્યું કે મારી ગાયોનું તારે રક્ષણ કરવું જોઈએ. ત્યાં શસ્ત્રો રાખેલા તે મકાનમાં યુધિષ્ઠિર દ્રૌપદી સાથે હતો. તે સમયે કાર્ય અવશ્ય કરવું જોઈએ તેવું હોવાથી, અને વિલંબ સહી શકે નહિ તેવું હોવાથી, વ્યવસ્થા જાણતો હોવા છતાં અર્જુન શસ્ત્રવાળા મકાનમાં ગયો, યુધિષ્ઠિર અને દ્રૌપદીને રમણ કરતાં જોવા છતાં શસ્ત્રો લઈ, ચોરને હણી તેણે બ્રાહ્મણને ગાયો આપી. પછી 'કામ ભાવથી જ જોવામાં દોષ છે[6]' એમ યુધિષ્ઠિરે તેને રોકવા છતાં પણ, અર્જુન

૨. નર ઋષિરૂપ છે, અને ભગવાનના અંશને ધારણ કરનાર છે. તે ઋષિ હોવાથી માતા પિતાની સંમતિથી સુભદ્રાને પરણે છે, અને ભગવાનનો અંશ હોવાથી મના કરેલા પ્રકારે (બલપૂર્વક લઈ જઈ) પરણે છે, કારણ કે ભગવાનને શાસ્ત્રની મના અથવા આજ્ઞા નડતાં નથી, એવો ભાવ છે. (લે)

૩. ચોરી કરવી (બલથી કન્યા લઈ જવી) એ શાસ્ત્રમાં મના કરેલું કાર્ય છે અને માતા પિતા દાન કરે એ શાસ્ત્રમાં જણાવેલી રીત છે, એવો અર્થ છે. (લે)

૪. પ્રાચીનબર્હિ રાજાના દશ પુત્રો હતા. એ બધા સરખા શીલવાળા હતા. કંડુક ઋષિને પ્રમ્લોચા નામની અપ્સરાથી થએલી મારિષા નામની કન્યાને પરણ્યા હતા. એ બધા સરખા શીલવાળા હોવાથી એમને પત્ની સંબંધી કજીઓ થયો ન હતો.

૫. આ બે દૈત્યોને બ્રહ્માએ વરદાન આપેલ કે તમે બે એક બીજાને મારશો નહિ ત્યાં સુધી મરશો નહિ. તેથી તેઓ બધાને હેરાન કરી યજ્ઞનો ભંગ કરતા. તેથી ઈન્દ્રે તલ તલ જેટલા રત્નની તિલોત્તમા નામની સ્ત્રી વિશ્વકર્મા પાસે કરાવી. તે તેમની નજરે પડી એટલે તેના ઉપર બંને મોહિત થયા, અને તેને વરવા અંદર અંદર લડી મરણ પામ્યા.

૬. દ્રૌપદીને બીજા ભાઈ સાથે રમણ કરતી હોય ત્યારે કામભાવથી જ જોવામાં આવે તો જ

સત્યવચની હોવાથી ભગવાનની ઈચ્છાથી તીર્થયાત્રા કરવા તૈયાર થયો એમ 'તીર્થયાત્રામાં (પૃથ્વી ઉપર ફરતા) અર્જુને' એ શબ્દોથી કહેલું છે. પછી (તે) 'પ્રભુઃ' એટલે (સુભદ્રાનું) હરણ કરવા અથવા એકલો (પૃથ્વી ઉપર) ફરવા સમર્થ (અર્જુન) પૃથ્વી ઉપર ફરતો પ્રભાસ ગએલો. (ત્યાં) તેણે કાંઈક સાંભળ્યું પણ એમ '(પોતાના) મામાની દીકરીને...' એ શબ્દોથી કહે છે. પોતાના મામાની દીકરીને બલભદ્ર દુર્યોધનને આપશે એટલે 'મામાની જ છોકરી તારો ભાગ છે, ફોઈની છોકરી ચરબી જેવી (જાણ)' એ શ્રુતિ પ્રમાણે પોતાનો ભાગ બીજો લઈ જશે એમ (માની), અને તે (દુર્યોધન) પણ કલિ હોવાથી અધર્મનું મૂલ હોવાથી તેનો (વિવાહ) પણ લૌકિક જ થશે, અને (જો હું) બલપૂર્વક કન્યાનું હરણ કરું તો શુધ્ધ ધર્મવાળો (વિવાહ) થશે એમ માની, ભોગ માટે જ તેને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો (અર્જુન) સંન્યાસી થયો કે જે (સંન્યાસી)ને વિષે કોઈને કામ હોવાની સંભાવના જ થાય નહિ. પર્વના[૭] દિવસે માથું મુંડાવી, આસન વિગેરે બત્રીસ પદાર્થો ધારણ કરી, ત્રિદંડી થઈ, (અર્જુન) દ્વારકા ગયો. ૨-૩.

**તત્ર વૈ વાર્ષિકાન્ માસાનવાત્સીત્સ્વાર્થસાધકઃ ।।**
**પૌરૈઃ સભાજિતોઽભીક્ષ્ણં રામેણાજાનતા ચ સઃ ।।૪।।**

લોકોથી અને નહિ જાણતા બલભદ્રથી વારંવાર આવકાર પામેલો, સ્વાર્થ સાધનારો તે વર્ષાના મહિનાઓ ત્યાં રહ્યો. ૪.

પછી વર્ષાકાલમાં સંન્યાસીને ફરવાની શાસ્ત્રમાં મના હોવાથી તે 'વર્ષાના મહિનાઓ ત્યાં રહ્યો.' 'બનાવટી વેષથી ધર્મ કરવાથી શું ફલ?' એવી શંકા થાય, તેથી 'સ્વાર્થ સાધનારો' એ વિશેષણ યોજેલ છે, જેમ કરવાથી તે (સુભદ્રા)નું હરણ થઈ શકે, તેમ જ (તે રહ્યો). પછી (તેનો વિચાર) નહિ જાણનારા જ બધા લોકોથી તે વારંવાર આવકાર પામ્યો, એટલે એક જ (માણસ) ઘણીવાર (તેને) ભિક્ષા કરવા માટે કહેતો હતો; અને નરની માયાથી મોહ પામેલ હોવાથી અને ભગવાનની ઈચ્છાથી તેનો વિચાર નહિ જાણનાર બલભદ્રે પણ (વારંવાર ભિક્ષા માટે) આવકાર આપ્યો. લૌકિક (કામ)માં પહેલાં ચક્ષુની પ્રીતિ થાય છે, તેથી તે (અર્જુન અને સુભદ્રા વચ્ચે ચક્ષુની પ્રીતિ) માટે, અને પછી હરણ થઈ શકે તે માટે (તે બેને) પરિચય થાય તે માટે તેમનું (બલભદ્રનું) અજ્ઞાન વર્ણવેલું છે; કારણ કે બલભદ્ર તેને પરમહંસ જાણીને, તેમના સંબંધમાં તર્કથી વિચાર કરવો નહિ એમ

દોષ થાય. અર્જુને તેવી રીતે જોએલ નહિ હોવાથી દોષ નથી, તેથી તેણે તીર્થયાત્રા કરવા જરુર નથી એમ યુધિષ્ઠિરે સમજાવ્યો.

૭. પૂર્ણિમા, અમાવસ્યા એ પર્વના દિવસો છે.

(જાણી), શાસ્ત્ર નો જ આધાર રાખી શાંત રહ્યા. તેથી તેમને (અર્જુન કરતો હતો તે) અધર્મને જાણવાની ઈચ્છા થઈ નહિ. અધર્મ જેવું ચિહ્ન જણાયું, છતાં ધર્મનું જ્ઞાન સર્વથી બલવાળું હોવાથી, (તે ચિહ્ન અધર્મનું) જ્ઞાન કરાવનારું થયું નહિ. ૪.

તેથી જ બલભદ્રે શ્રદ્ધાપૂર્વક તેને આવકાર આપ્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે:

**એકદા ગૃહમાનીય આતિથ્યેન નિમન્ત્ર્ય તમ્ ।।**
**શ્રદ્ધયોપહૃતં ભૈક્ષ્યં બલેન બુભુજે કિલ ।।૫।।**

એક દિવસ બલભદ્ર તેને(અર્જુનને) ઘેર લાવી અતિથિ તરીકે નિમંત્રણ આપી (રહ્યા;) (અને તે) બલભદ્રે શ્રદ્ધાથી આણેલું ભોજન ખરેખર જમ્યો. ૫.

સમીપમાં જતા (અર્જુન)ને પ્રસંગને લીધે ઘેર લાવી, પછી (તેને) અતિથિ તરીકે નિમંત્રણ આપી, ભોજન તૈયાર થાય ત્યાં સુધી, જેમ કન્યા સંતાઈ (તેનું) દર્શન કરે તેમ, ઘણો વખત રાખી રહ્યા એમ અર્થથી (સમજાય છે); એટલે તેને અતિથિ તરીકે નિમંત્રણ આપી રહ્યા. પછી તે બલભદ્રે જ શ્રદ્ધાથી આણેલું ભોજન તે જમ્યો. મોટા પુરુષના સંબંધમાં આવો વિષય કહેવો યોગ્ય નથી, તેથી 'કિલ' 'ખરેખર' શબ્દ યોજેલો છે. ૫.

પછી અર્જુનને પણ કન્યાનું દર્શન થયું એમ નીચેના શ્લોકમાં કહે છે:

**સોઽપશ્યત્તત્ર મહતીં કન્યાં વીરમનોહરામ્ ।।**
**પ્રીત્યુત્ફુલ્લેક્ષણસ્તસ્યાં ભાવક્ષુબ્ધં મનો દધે ।।૬।।**

તેણે ત્યાં વીરોનું મન હરનારી મોટી કન્યા જોઈ. (અને પ્રીતિને) લીધે વિસ્તારેલાં નયનવાળો થઈ પ્રેમથી વ્યાકુલ થએલું મન તેનામાં મૂક્યું. ૬.

'મહતીમ્' એટલે મોટી, અર્જુનથી માત્ર એક વર્ષ નાની[1]. જેના રૂપને લીધે વીરો પ્રાણને પણ તજે તે 'વીરોનું મન હરનારી' કહેવાય. પછી તેનાં (સુભદ્રાએ કરેલાં અર્જુનનાં) દર્શન સહિત (અર્જુને કરેલાં) સુભદ્રાનાં દર્શનથી[2], અર્જુન પ્રીતિને લીધે વિસ્તારેલાં નયનવાળો થયો. તેટલાથી કામને વશ થએલા તેણે પ્રેમથી વ્યાકુલ થએલું મન (તેનામાં) મૂક્યું. ૬.

પ્રેમ વિનાની સ્ત્રીને પરણવાનું સંભવે નહિ, તેથી નીચેના શ્લોકમાં તેનો પણ પ્રેમ જણાવે છે:

---

૧. શ્રીમદ્‌ભાગવત ૧૦।૧।૫૬માં જણાવ્યા પ્રમાણે દેવકીજીની કન્યા શ્રીકૃષ્ણથી એક વર્ષે નાની હતી. શ્રીકૃષ્ણ અને અર્જુન સમાન વયના હતા, તેથી તે અર્જુનથી પણ એક વર્ષે નાની હતી. (લે)

૨. એક બીજાનાં દર્શનથી એમને પ્રીતિ થઈ એવો અર્થ છે. (લે)

**સાપિ તં ચકમે વીક્ષ્ય નારીણાં હૃદયંગમમ્ ।।**
**હસન્તી વ્રીડિતાપાઙ્ગી તન્ન્યસ્તહૃદયેક્ષણા ।।૭।।**

નારીઓનાં હૃદયને પીગળાવનાર તેને જોઈને, તે પણ હસતી, લજ્જાવાળાં નેત્રોવાળી થઈ, તેની અંદર હૃદય અને દૃષ્ટિ પરોવી તેના ઉપર પ્રેમ કરવા લાગી. ૭.

(અર્જુનનાં) સૌંદર્યથી જ તેનું મન હરાયું. આરંભમાં હસતી, પછી લજ્જાવાળાં નેત્રોવાળી થઈ, તે (અર્જુન)ની અંદર પરોવેલાં છે હૃદય અને દૃષ્ટિ જેણે તેવી (તે થઈ). એ પ્રમાણે તેણે (અર્જુનને પતિ તરીકે) પસંદ કર્યો. ૭.

**તાં પરં સમનુધ્યાયન્નન્તરં પ્રેપ્સુરર્જુનઃ ।।**
**ન લેભે સંભ્રમચ્ચિત્તઃ કામેનાતિબલીયસા ।।૮।।**
**મહત્યાં દેવયાત્રાયાં રથસ્થાં દુર્ગનિર્ગતામ્ ।।**
**જહારાનુમતઃ પિત્રોઃ કૃષ્ણસ્ય ચ મહારથઃ ।।૯।।**

તેનું ઘણું જ ધ્યાન ધરતા, (હરણ કરવાનો) લાગ પ્રાપ્ત કરવા ઈચ્છતા અર્જુનને (લાગ) મળ્યો નહિ. બહુ બલવાન કામથી ઘણાં ભમતાં ચિત્તવાળા, માતાપિતા અને શ્રીકૃષ્ણની અનુમતિ મેળવેલા, મહારથી અર્જુને મોટી દેવયાત્રાના પ્રસંગે કિલ્લામાંથી બહાર નીકળેલી રથમાં બેઠેલી (સુભુદ્રા)નું હરણ કર્યું. ૮-૯.

પછી ભિક્ષાને વિસરી જઈ, તે સુભદ્રાનું જ ધ્યાન ધરતો (અર્જુન તેનું) હરણ કરવા માટે લાગ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો થયો. કાળજીવાળા (પુરુષો)થી તે (સુભદ્રા)નું રક્ષણ થતું હોવાથી, (અર્જુન) તેવો હોવા છતાં પણ, તેને (હરણ કરવાનો) લાગ મળ્યો નહિ. આ સંબંધમાં ભારતમાં વધારાનું કહેલ છે તે પણ જાણવું જોઈએ. ભગવાન્ અર્જુનને દેવકીજી અને વસુદેવ પાસે લઈ ગયા, (અને) પછી તે બેએ તે કન્યા અર્જુનને આપી (વાણીથી આપવાનું કહ્યું). પછી બહુ બલવાન કામથી અર્જુન ઘણાં ભમતાં ચિત્તવાળો થયો. તે સમયે દયાલુ ભગવાને યાત્રાની ગોઠવણ કરી, શહેરની બહાર સુભદ્રાને મોકલી. પછી મોટી (યાત્રા)માં બધા ઉત્સવમાં તલ્લીન થયા હતાં ત્યારે, પહેલાં (ઉપર ભારતમાં વધારાનું કહેલું) જણાવ્યું તે પ્રમાણે માતાપિતાની અને શ્રીકૃષ્ણની અનુમતિ પ્રાપ્ત કરેલ, અને વળી મહારથી એટલે અજ્ઞાનીઓને હરાવવા સમર્થ અર્જુને, કિલ્લામાંથી બહાર નીકળેલી રથમાં બેઠેલી તે (સુભદ્રા)નું હરણ કર્યું. ૮-૯.

પછી નીચેના શ્લોકમાં હરણ કરવાનું તેનું પરાક્રમ જણાવે છેઃ

**રથસ્થો ધનુરાદાય શૂરાંશ્ચારુન્ધતો ભટાન્ ।।**
**વિદ્રાવ્ય ક્રોશતાં સ્વાનાં સ્વભાગં મૃગરાડિવ ।।૧૦।।**

રથમાં બેસી ધનુષ્ય લઈ રોકનારા શૂરા સૈનિકોને નસાડી, સગાંઓ રડતાં હતાં ત્યારે સિંહની પેઠે પોતાના ભાગનું (હરણ કર્યું). ૧૦.

'આ' ચારે તરફથી રોકનારા રક્ષણ કરનારા સૈનિકોને નસાડી સાથે આવેલાં સગાંઓ રડતાં હતાં ત્યારે જ, તેઓ અજ્ઞાનને લીધે રડતાં હતાં તેથી, અને સુભદ્રા પોતાનો ભાગ હોવાથી તેને તજવાની શાસ્ત્રમાં મના હોવાથી, સિંહના જેવા સમર્થ અર્જુને તેનું હરણ કર્યું, એમ પહેલાના શ્લોક સાથે જ સંબંધ છે. ૧૦.

પછી (તેનું) હરણ થતાં, બલભદ્રે વૃત્તાંત સાંભળ્યો, દાયજો મોકલવા માટે આ (ભગવાને કરેલ) ઉદ્યોગનું નીચેના શ્લોકમાં વર્ણન કરવામાં આવે છેઃ

**તચ્છ્રુત્વા ક્ષુભિતો રામઃ પર્વણીવ મહાર્ણવઃ ।।**
**ગૃહીતપાદઃ કૃષ્ણેન સુહૃદ્ભિશ્ચાન્વશામ્યત ।।૧૧।।**

જેમ પર્વમાં મોટો સમુદ્ર ખળભળે તેમ તે સાંભળીને બલભદ્ર ખળભળ્યા; (પણ) શ્રીકૃષ્ણે અને મિત્રોએ ચરણ ઝાલવાથી શાંત થયા. ૧૧.

પછી તે છેતરપીંડી વિગેરે સાંભળીને બલભદ્ર ખળભળ્યા, અને તે (અર્જુન)નો વધ કરતા જ તત્પર થયા. તેમનું (બલભદ્રનું) મોટાપણું અને સમય તેવો (ખળભળાવે તેવો) હતો, એમ (મોટા સમુદ્રના) દષ્ટાંતથી સૂચવે છે. પછી ભગવાને અનેક પ્રકારનાં વચનોથી (તેમને) શાંત કર્યા.

**અસ્માકં સર્વથા દેયા હૃતા નાન્યૈશ્ચ ગૃહ્યતે ।।૬।।**
**વધે ભર્તૃવિહીના સ્યાત્ યોગ્યશ્ચાયં વિશેષતઃ ।।**

આપણે સર્વ પ્રકારે આપવાની (પરણાવવાની) જ છે, અને હરણ કરેલીને બીજા લેશે નહિ. (અર્જુનનો) વધ કરવામાં આવે તો તે પતિ વિનાની થાય; અને આ (અર્જુન) (દુર્યોધન કરતાં) વધારે યોગ્ય છે. કા.૬।।.

**કાર્યાર્થં વઞ્ચનં તસ્ય ન દોષાયેતિ મે મતિઃ ।।૭।।**
**અજ્ઞાનં સ્વસ્ય દોષો હિ કૃત્રિમો ન હિ બાધકઃ ।।**

પ્રયોજન માટે[1] તેણે કરેલી ઠગાઈથી તેને દોષ લાગતો નથી એમ હું માનું છું; અજ્ઞાન[2] આપણો દોષ છે; કારણ કે બનાવટી[3] વેષ નડતર નથી. કા.૭।।.

૧. 'ડાહ્યા પુરુષે પોતાનું કાર્ય પાર પાડવું' એ ન્યાયે કાર્ય પાર પાડવા કરેલી ઠગાઈથી અર્જુનને દોષ લાગતો નથી. (લે)

૨. પરંતુ આપણે અર્જુનને ઓળખી શક્યા નહિ, એ (આપણું) અજ્ઞાન આપણો જ દોષ છે, એવો અર્થ છે. (લે)

૩. 'ત્રિદંડી થઈ અર્જુને હરણ કર્યું એ તેનો દોષ છે' એવી શંકા થાય, તેથી કહે છે કે આ બનાવટી વેષ હતો. તેથી (બનાવટી વેષ હોવાથી) નડતર થતો નથી. (લે)

**તતો ગૃહીતપાદશ્ચ તેનૈવાભૂદ્બલઃ સ્વયમ્ ॥૮॥**

પછી બલભદ્ર પોતે શ્રીકૃષ્ણે જ જેમનાં ચરણ પકડેલ છે તેવા થયા. કા.૮

તેવી જ રીતે મિત્રોએ પણ ચરણ પકડવાથી (બલભદ્ર) શાંત થયા. ૧૧.

પછી બેન ઉપરના પ્રેમને લીધે (બલભદ્રે) દાયજો મોકલ્યો. નીચેના શ્લોકમાં તે (દાયજો) કહે છેઃ

**પ્રાહિણોત્પારિબર્હાણિ વરવધ્વોર્મુદા બલઃ ॥**
**મહાધનોપસ્કરેભરથાશ્વનરયોષિતઃ ॥૧૨॥**

ઘણી કિમતી ઘરવખરી, હાથી, રથ, અશ્વ, સૈનિક અને દાસીઓનો દાયજો વર અને વધૂને બલભદ્રે આનંદથી મોકલ્યો. ૧૨.

('ઉપસ્કર' એટલે) ઘરની ઘરવટી, ચાર અંગ (હાથી, રથ, અશ્વ અને સૈનિક) વાળી સેના અને દાસીઓ મોકલ્યા.

**ભક્તાય ભગવાન્ કૃષ્ણો ભગિનીં દત્તવાનિતિ ॥**
**કિમાશ્ચર્યં યત કર્મજ્ઞાનનિષ્ઠામવાપ્તયોઃ ॥૯॥**
**સ્વયં ગત્વાતિમહતા સમાજેન સમાવૃતઃ॥**
**વિપ્રક્ષત્રિયયોઃ પ્રીત્યા સ્વાત્માનં દત્તવાન્ સ્વયમ્ ॥૧૦॥**

ભગવાન્ શ્રીકૃષ્ણે (પોતાની) બેન ભક્તને આપી (પરણાવી) તેમાં શું આશ્ચર્ય ? કારણ કે કર્મ અને જ્ઞાનમાં રચ્યા પચ્યા વિપ્ર અને ક્ષત્રિયને ત્યાં પોતાની મેળે ઘણા મોટા સમાજથી વીંટાળાઈ પધારી, તેમણે પ્રીતિથી (તેમને) પોતે જ પોતાનું દાન કર્યું. કા.૯-૧૦.

**યથાભિલષિતં તાભ્યાં સુખં પ્રાપ્તં હરેર્મહત્ ॥**
**કૃતાર્થાવપિ સઞ્જાતૌ પુનરાગમનં તતઃ ॥૧૧॥**

તે બેને હરિ પાસેથી તેમણે ઈચ્છ્યું હતું તેમ ઘણું સુખ પ્રાપ્ત થયું અને કૃતાર્થ પણ થયા. પછી (ભગવાન્) પાછા પધાર્યા. કા. ૧૧.

હવે અપમાનના પ્રસંગમાં (જાણવાનું જે): ભગવાન્ ભક્તોના માટે જ અવતરેલા છે, અને 'માનરહિત માન આપનાર' હોવાથી જાણીને જ બધું કરે છે, તેથી કૈમુતિક ન્યાયથી ભક્તોના સંબંધમાં પણ પોતાનું અપમાન નથી (અપમાન થવા દઈને) પણ તેઓનું હિત કરે છે એમ નીચેના શ્લોકથી આરંભી વર્ણન કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**કૃષ્ણસ્યાસીદ્દ્વિજશ્રેષ્ઠઃ શ્રુતદેવ ઈતિ શ્રુતઃ ॥**
**કૃષ્ણૈકભક્ત્યા પૂર્ણાર્થઃ શાન્તઃ કવિરલમ્પટઃ ॥૧૩॥**

શ્રુતદેવ નામથી પ્રસિદ્ધ, શ્રીકૃષ્ણની ભક્તિથી જ જેની ઈચ્છાઓ પૂર્ણ થઈ છે તેવો, શાંત, કવિ, વિષયમાં આસક્તિ વિનાનો ઉત્તમ બ્રાહ્મણ શ્રીકૃષ્ણનો (ભક્ત) હતો. ૧૩.

આ બ્રાહ્મણ હોવાથી, આના સંબંધનું આ પ્રકરણ છે. ક્ષત્રિયનું તો પ્રસંગને લીધે નિરૂપણ કરેલું છે, અને તેથી જ વચમાં તેનું નિરૂપણ કરેલું છે. તેથી આરંભેલા ક્રમનો[2] વિરોધ થતો નથી. આ બ્રાહ્મણ શ્રીકૃષ્ણનો સંબંધી હતો, એટલે ભગવદીય હતો, એવો અર્થ છે. તેવો થવાનું તેનું સાધન 'ઉત્તમ બ્રાહ્મણ' એ શબ્દથી કહેલું છે. 'શ્રુતદેવ' શબ્દથી તે જ સિદ્ધ કરે છે. શ્રુતદેવ એટલે શ્રવણમાં દેવના જેવી બુદ્ધિવાળો, અને તેવો હોવા તરીકે પ્રખ્યાત થએલો (હતો). પછી શ્રીકૃષ્ણમાં જ જે દૃઢ ભક્તિ, તેનાથી જ પૂર્ણ થએલી ઈચ્છાવાળો (હતો). તેની ગરીબાઈ દોષરૂપ ન હતી એમ જણાવવા આ (આવું) વર્ણન કરેલું છે, (કારણ કે) ઈચ્છાઓ (કામનાઓ) હોય તો ભક્તિથી વિષયો પ્રાપ્ત ન થાય એ યોગ્ય નથી. તેથી 'શાંત' એમ વર્ણવેલ છે. શાંતિ અંદરનો ગુણ છે. અને (તે) 'કવિ' એટલે વિચાર કરનારો[3] હતો. સ્વભાવથી પણ તેની ઈન્દ્રિયો બહિર્મુખ ન હતી એમ 'વિષયમાં આસક્તિ વિનાનો' એ વિશેષણથી કહેલું છે. ભગવાનનો સંબંધ (તેને) હોવાથી, તેના છ ગુણો જણાવેલા છે. તેમાં ૧.ઉત્તમ બ્રાહ્મણ હોવું એ ઐશ્વર્ય છે, ૨.નામ શ્રુતદેવ એ કીર્તિ છે, ૩.શ્રીકૃષ્ણની ભક્તિ એ શ્રી છે, ૪.શાંતિ જ્ઞાન છે, ૫.કવિ હોવું એ બલ છે, અને ૬.વિષયમાં આસક્તિ વિનાના હોવું એ વૈરાગ્ય છે. તેમનો (ભગવાનનો) સંબંધી તેમની સમાન થાય છે એવું જણાવેલું છે. ૧૩.

પછી તેવા (પુરુષે) સાત્ત્વિક દેશમાં રહેવું યોગ્ય છે, તેથી નીચેના શ્લોકમાં (તે) મિથિલામાં રહેતો હતો એમ કહે છેઃ

**સ ઉવાસ વિદેહેષુ મિથિલાયાં ગૃહાશ્રમી ।।**

---

૧. કર્મમાર્ગી અને જ્ઞાનમાર્ગી ભક્તો માટે પણ ભગવાન્ પોતાનું અપમાન થવા દઈને પણ તેમનું હિત કરે છે, તો પછી પોતાના અનન્ય ભક્તો માટે તો તેમ કરે જ એમાં આશ્ચર્ય શું ? એમ જણાય તે માટે આ આખ્યાન કહેલું છે એવો અર્થ છે.

૨. આ અધ્યાયના આરંભમાં જે કાર્ય ભગવાનના વીર્યથી વિરુદ્ધ જણાતું હોય તેવું કહેવાનું જણાવેલ છે. ભગવાન્ બ્રાહ્મણના ઘેર પધારે તે કાર્ય તેમના વીર્યથી વિરુદ્ધ જણાય, પણ રાજાને ઘેર પધારે તે તેમના વીર્યથી વિરુદ્ધ ન જણાય. રાજાને ઘેર પધારવાનું તો પ્રાસંગિક છે, અને પ્રકરણ બ્રાહ્મણના ઘેર પધારવા સંબંધી છે. તેથી આરંભમાં જે કાર્ય કહેવાનું જણાવેલ તેનો વિરોધ થતો નથી એવો અર્થ છે. (લે)

૩. 'વિચાર કરનારો' એટલે નિર્ણય કરનારો, તત્ત્વજ્ઞાન સંબંધી વિચાર કરનારો, જ્ઞાની. અહિં 'જ્ઞાન'ને શ્રીસુબોધિનીમાં 'બલ' કહેલું છે.

**અનીહયાગતાહાર્યનિવર્તિતનિજક્રિયઃ ।।૧૪।।**

વિદેહ દેશમાં મિથિલામાં તે ગૃહાશ્રમવાળો રહેતો હતો, અને પ્રયાસ વિના મળી આવે તે ખોરાકથી પોતાની ક્રિયાઓ પૂરી કરતો. ૧૪.

વિદેહ દેશ છે. ત્યાં રહેનારાઓને દેહનું અભિમાન હોતું નથી, તે દેશમાં પણ જેનું દેહનું અભિમાન જતું રહેલ છે તેવાએ[1] બનાવેલી મિથિલામાં તે રહેતો હતો. અભિમાન ન હોય તો બીજા આશ્રમો કરતાં પણ ગૃહસ્થાશ્રમ જ મુખ્ય છે, કારણ કે તે આશ્રમમાં અભિમાન વિનાના પુરુષને દોષો થતા જ નથી. તેથી તે ગૃહાશ્રમવાળો હતો. તે (ગૃહાશ્રમ)માં ધંધો ન હોય તો ધર્મનું ફલ થતું નથી, તેથી 'પ્રયાસ વિના મળી આવે તે ખોરાકથી' એ શબ્દથી તેનો મુખ્ય ધંધો કહે છે. પોતાના પ્રયાસ વિના ભિક્ષામાં પ્રાપ્ત થએલ વિગેરે ખોરાક મળી આવતો જેને, અને તે (તે પ્રમાણે મળી આવેલ ખોરાક વિગેરે)થી જ પૂરી કરવામાં આવતી હતી ક્રિયાઓ જેનાથી, તેવો તે હતો; અને તે ક્રિયાઓ પોતાની જ કરતો, પરંતુ બીજાના ધર્મો આચરતો નહિ. તેથી જ આ કર્મમાર્ગને અનુસરનારો ભક્ત હતો. ૧૪.

'પ્રયાસ વિના કોઈ વાર અન્ન ન મળવાથી ક્રિયા બંધ થઈ જાય,' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યાત્રામાત્રં ત્વહરહર્દૈવાદુપનમત્યુત ।।**
**નાધિકં તાવતા તુષ્ટઃ ક્રિયાશ્ચક્રે યથોચિતાઃ ।।૧૫।।**

શરીરના નિર્વાહ પૂરતું તો દરરોજ દૈવથી મળી પણ આવતું. અધિક (મળતું) નહિ. તેટલાથી સંતોષ પામી યથાયોગ્ય ક્રિયાઓ કરતો. ૧૫.

'યાત્રા' એટલે કુટુંબ સાથે (તેના) શરીરનો નિર્વાહ, અને (તેટલા પૂરતું) તે દરરોજ, અને તે પણ દૈવથી મળી આવતું. 'ઉત' 'પણ' શબ્દ એમ પણ સૂચવે છે કે ઈશ્વરની ઈચ્છાથી કોઈવાર શરીરનું બલ હોય ત્યારે, અથવા અગીઆરસનો ઉપવાસ વિગેરે હોય ત્યારે ન (પણ) મળી આવતું. વધારે તો કોઈવાર પણ ન મળતું. તેટલાથી જ તે સંતોષ પામતો. તેમ (સંતોષ પામતો) ન હોય, તો દોષ લાગે. તેથી (સંતોષ પામતો હોવાથી) જ યથાયોગ્ય ક્રિયાઓ પણ કરતો. ૧૫.

એ પ્રમાણે બ્રાહ્મણનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં ક્ષત્રિયનું વર્ણન કરે છેઃ

**તથા તદ્રાષ્ટ્રપાલોઽઙ્ગ બહુલાશ્વ ઈતિ શ્રુતઃ ।।**
**મૈથિલો નિરહંમાન ઉભાવપ્યચ્યુતપ્રિયૌ ।।૧૬।।**

હે રાજા ! તે રાજ્યનો પાલનાર બહુલાશ્વ નામથી પ્રસિદ્ધ, અભિમાન વિનાનો, મિથિલાના વંશનો પણ તેવો હતો. બંને અચ્યુતને પ્રિય હતા. ૧૬.

૧. 'મિથિલ મથનથી ઉત્પન્ન થયેલ છે' એ વાક્ય પ્રમાણે તે દેહના અભિમાન વિનાનો હતો. (લે)

ભગવાનના ભક્તનો (ત્યાં) વાસ હોવાથી તે (ત્યાંનો રાજા) પણ ભક્તિના અંગમાં પ્રવેશેલો (ભક્ત થએલો) હતો, તેથી 'તથા' 'તેવો (હતો)' એમ કહેલું છે, કારણ કે (તે રાજા) તે વિદેહ રાજ્યનો પાલનાર હતો. 'અઙ્ગ' 'હે રાજા !' એવું સંબોધન હું છેતરતો નથી (ખોટું કહેતો નથી) એમ જણાવવા કરેલું છે. 'બહુલાઃ' ઘણા 'અશ્વઃ' અશ્વો છે જેના, એમ (બહુલાશ્વ નામથી તેની) ક્રિયાશક્તિ જણાવેલી છે. તે તો મિથિલાના વંશમાં જન્મેલો હોવાથી 'મિથિલ વંશનો' હતો. આ (બ્રાહ્મણ શ્રુતદેવ)ના તો છ ગુણો હતા; પરંતુ રાજાને તો 'અભિમાન ન હોવું' એ એક જ (ગુણ હતો). જેમ કર્મમાં શ્રદ્ધાવાળો (ભગવાનને) પ્રિય છે તેમ જ્ઞાનમાં શ્રદ્ધાવાળો પણ ભગવાનને પ્રિય છે. તેથી 'બંને અચ્યુતને પ્રિય હતા' એમ કહેલું છે. જેમ ધર્મમાં શ્રદ્ધાવાળો પ્રિય હોય છે, તેમ જ્ઞાનમાં શ્રદ્ધાવાળો પણ પ્રિય હોય છે. આટલું વર્ણન કર્યું. તેવા પ્રકારના તે બેને ભગવાને સંભાર્યા, એમ ભગવાનના મનની ક્રિયા તેમના સંબંધમાં થએલી હોવાથી, ભગવાનનાં ચરિત્ર તરીકે તેમનું વર્ણન કરેલું છે. ૧૬.

તેથી જ તેમના ગુણોનું સ્મરણ કરીને, તેઓને ઈચ્છેલાં ફલની પ્રાપ્તિ થાય તે માટે ભગવાન્ તેમના ઘેર પધાર્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તયોઃ પ્રસન્નો ભગવાન્ દારુકેણાહૃતં રથમ્ ।।**
**આરુહ્ય સાકં મુનિભિર્વિદેહાન્પ્રયયૌ પ્રભુઃ ।।૧૭।।**
**નારદો વામદેવોઽત્રિઃ કૃષ્ણો રામોઽસિતોઽરુણિઃ ।।**
**અહં બૃહસ્પતિઃ કણ્વો મૈત્રેયશ્ચ્યવનાદયઃ ।।૧૮।।**

તે બે ઉપર પ્રસન્ન થએલા સમર્થ ભગવાન્ મુનિઓ સાથે દારુકે આણેલા રથમાં બેસી વિદેહ પધાર્યા. ૧.નારદ ૨.વામદેવ ૩.અત્રિ ૪.કૃષ્ણ ૫.રામ ૬.અસિત ૭.અરુણિ ૮.હું ૯.બૃહસ્પતિ ૧૦. કણ્વ ૧૧. મૈત્રેય ૧૨.ચ્યવન વિગેરે (મુનિઓ સાથે હતા). ૧૭-૧૮.

પહેલાં (મારે) જવાનું છે એમ જણાવેલ નહિ હોવાથી, લૌકિક (કાર્ય) ન હતું અને ઉત્સવ પણ ન હતો તેથી કોઈ સમયે (તે બેનો) સમાગમ થાય તે માટે દારુકે આણેલા રથમાં બેસી (ભગવાન્) વિદેહ જ પધાર્યા. '(ભગવાન્) એકલા[1] અને સર્વને[1] (કોઈને પણ) કહ્યા વિના કેમ (વિદેહ જવા) નીકળ્યા ?' એવી શંકા થાય, તેથી 'સમર્થ' શબ્દ યોજેલ છે. મુનિઓ સાથે (રથમાં) બેસી વિદેહ પધાર્યા, કારણ કે તે બે, મુનિઓ સાથે ભગવાનનો વિચાર કરતા હતા. તેમાં પણ રાજા

૧-૧. 'એકલા' એટલે દ્વારકાથી પોતાના કોઈ સંબંધીને સાથે લીધા વિના, દ્વારકામાં કોઈને કીધા વિના, ભગવાન્ વિદેહ પધાર્યા છે. મુનિઓને તો સાથે લીધેલા જ.

મુનિઓને પણ ભગવદ્રૂપ જ જાણતો હતો, (અને) બ્રાહ્મણ તો (મુનિઓને) મુનિરૂપ જાણતો હતો. તેથી જ (ભગવાન્) પોતે મુનિઓનું રૂપ ધારણ કરી રાજાને ઘેર પધારશે, અને બ્રાહ્મણના ઘેર તો મુનિઓ સાથે પધારશે. તેઓ બંને ભગવાન્ કાલથી પર છે એમ જાણીને મુનિઓને કાલના અવયવરૂપ જાણે છે. તેથી બાર મુનિઓ નામથી ગણાવે છે. એવા પ્રકારના બીજા હતા એમ જણાવવા 'આદિ' 'વિગેરે' પદ યોજેલું છે. કૃષ્ણ એટલે વેદવ્યાસ. રામ એટલે પરશુરામ. 'હું' એટલે શુક. 'વિગેરે' શબ્દથી ગૌતમ વિગેરે કહેલા છે. ૧૭-૧૮.

અલૌકિક રીતે છૂપા રહીને ભગવાન્ પધાર્યા ન હતા, પરંતુ સર્વને દર્શન થયાં હતાં એમ જણાવવા રસ્તામાં (ભગવાનની) પૂજા થઈ એમ કહે છેઃ

**તત્ર તત્ર તમાયાન્તં પૌરા જનપદા નૃપ ॥**
**ઉપતસ્થુઃ સાર્ઘહસ્તા ગ્રહૈઃ સૂર્યમિવોદિતમ્ ॥૧૯॥**

હે રાજા ! ઠેક ઠેકાણે શહેરવાસીઓ ગામડીઆઓ હાથમાં પૂજાને સામાન રાખી ગ્રહોની સાથે ઉગેલા સૂર્યની પૂજા કરે તેમ પધારતા તેમની (ભગવાનની) પૂજા કરી. ૧૯.

હાથમાં પૂજાનો સામાન રાખી (ભગવાનની) પૂજા કરી. દરેકની પૂજાનો સ્વીકાર કરવામાં આવે તો ઘણો સમય જાય, અને સ્વીકારવામાં ન આવે તો દોષ થાય, તેથી બંને પ્રકારનો દોષ ન લાગે તે માટે 'ગ્રહો સાથે ઉગેલા સૂર્યની (પૂજા કરે) તેમ' એ શબ્દોથી દષ્ટાંત જણાવે છે. ગ્રહોને ઠેકાણે ઋષિઓ છે. સૂર્ય બધાની પૂજા સ્વીકારતો નથી, અને દષ્ટિથી સ્વીકારે પણ છે. એ પ્રમાણે ભગવાને પણ (કર્યું), એવો અર્થ છે. ૧૯.

રસ્તામાં આવેલા બાર દેશોને નીચેના શ્લોકમાં નામથી જણાવે છેઃ

**આનર્તધન્વકુરુજાંગલકંકમત્સ્યપાઞ્ચાલકુન્તિમધુકેકયકોસલાર્ણાઃ ॥**
**અન્યે ચ તન્મુખસરોજમુદારહાસસ્નિગ્ધેક્ષણં નૃપ પપુર્દશિભિર્નૃનાર્ય ॥૨૦॥**

હે નૃપ! ૧. આનર્ત ૨. ધન્વ ૩. કુરુ ૪. જાંગલ ૫. કંક ૬. મત્સ્ય ૭. પાંચાલ ૮. કુંતિ ૯. મધુ ૧૦. કેકય ૧૧. કોસલ ૧૨. અર્ણ અને બીજા દેશના પુરુષો અને સ્ત્રીઓએ (પોતાનાં) નયનોથી ઉદાર હાસ્યવાળાં અને સ્નેહ વાળી દષ્ટિવાળાં તેમનાં મુખરૂપી કમલનું પાન કર્યું. ૨૦.

ઉપર જણાવેલા બાર અને બીજા પણ પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ દેશના પુરુષો તથા સ્ત્રીઓએ ભગવાનના મુખરૂપી કમલનું પાન કર્યું, એમ તેઓએ કરેલી પૂજાનું ફલ વર્ણવ્યું. ભગવાનનું મુખ કમલરૂપ હોવાથી, તેઓને અમૃતનું પાન થયું. 'જણાઈ આવે તેવો જ લાભ (અમૃતનું પાન) તેઓને થયો હશે' એવી શંકા થાય,

તેથી, 'ઉદાર હાસ્યવાળાં અને સ્નેહની દૃષ્ટિવાળાં' એ શબ્દથી મુખનાં વિશેષણ કહે છે. (૧) 'ઉદાર' એટલે સર્વ પુરુષોનું દાન કરનારું હાસ્ય છે જેમાં[1] અને (૨) સ્નેહવાળી દૃષ્ટિ છે જેમાં[1] તેવું ભગવાનનું મુખ છે[1]. (૧) માયા[2] બહિર્મુખ-પણું પ્રાપ્ત કરાવતી હોવા છતાં સર્વ પુરુષાર્થો અપાવે છે. (૨) જ્ઞાન[2] તો ભગવાનના સંબંધવાળાં કરે છે. તેથી (ભગવાનનું મુખ એ બે ગુણોવાળું હોવાથી) અદૃષ્ટ ફલ પણ આપે છે એવું વર્ણન કરેલું છે. સ્ત્રીઓ અને પુરુષો બધાએ આ વિષયના (ભગવાનનાં આવાં મુખનાં દર્શન કરી ફલ પ્રાપ્ત કરવામાં) અધિકારીઓ છે, એ નિયમ પ્રમાણે આવાં (મુખરૂપી કમલ)નું તેઓએ પાન કર્યું. ૨૦.

પછી ફલરૂપથી ભજન કરવામાં આવે ત્યારે પણ બીજું ફલ આપતાં, ભગવાને તેથી પણ આગળ ફલની પરંપરા પ્રાપ્ત થાય તે માટે ઉપાય કર્યો એમ કહે છે:

**તેભ્યઃ સ્વવીક્ષણવિનષ્ટતમિસ્રદગ્ભ્યઃ ક્ષેમં ત્રિલોકગુરુરર્થદશં ચ યચ્છન્ ।।**
**શ્રૃણ્વન્દિગન્તધવલં સ્વયશોઽશુભઘ્નં ગીતં સુરૈર્નૃભિરગાચ્છનકૈર્વિદેહાન્ ।।૨૧।।**

પોતાની દૃષ્ટિથી નાશ પામેલું છે અજ્ઞાન જેનું તેવી દૃષ્ટિવાળા તેઓને ક્ષેમ અને અર્થદૃષ્ટિ આપતાં, દિશાઓના અંત સુધી પ્રકાશતાં, અશુભનો નાશ કરનારા દેવો અને માણસોથી ગવાએલા પોતાના યશનું શ્રવણ કરતાં, ત્રણ લોકના ગુરુ ધીરે ધીરે વિદેહ પધાર્યા. ૨૧.

ભગવાનની દૃષ્ટિથી નાશ પામેલું છે 'તમઃ' અજ્ઞાન જેનું તેવી દૃષ્ટિવાળા (લોકો)ને, વસ્તુના (ભગવાનની દૃષ્ટિના) સામર્થ્યને લીધે જ દોષ (અજ્ઞાન) મટી જવાથી પોતે અધિક ક્ષેમ આપ્યું. જે પ્રાપ્ત થયું તેને સાચવી રાખવું તે ક્ષેમ. જેથી આ (ભગવાનની) મૂર્તિ સદા (તેઓની) દૃષ્ટિની નજીક રહે તેવું વરદાન આપ્યું, એવો અર્થ છે. (એમ થાય) ત્યારે જ હમણાં જે પ્રાપ્ત થયું છે તે (ભગવાનનું દર્શન) સચવાઈ રહે. 'વચ્ચે બીજા પદાર્થ જોવાનું જરુરી હોવાથી, આનું જ દર્શન સદા કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'ત્રણ લોકના ગુરુ' એ શબ્દ યોજેલ છે. જ્યાં[1] અંતર્યામીની પ્રેરણાથી બધાને સારી બુદ્ધિ ઉત્પન્ન થાય છે તેવા ત્રણ લોકના તે (શ્રીકૃષ્ણ) જ ગુરુ છે. બહારનું વાક્ય[2] તો અનિયમિત હોવાથી નિરર્થક છે, તેથી

---

૧-૧-૧. હાસ્ય માયારૂપ છે. દૃષ્ટિ જ્ઞાનનું સાધન હોઈ જ્ઞાન છે.

૨-૨. 'છે જેમાં' બંને સ્થલે અધ્યાહાર છે. તેથી બે બહુવ્રીહિ સમાસ છે અને પછી તે બે શબ્દોનો કર્મધારય સમાસ કરવાનો છે. (લે)

૧. જ્યાં ઉપદેશ કરવામાં આવે ત્યારે, અંતર્યામીની પ્રેરણાથી સર્વને સદ્બુદ્ધિ જ ઉત્પન્ન થાય તેવો ઉપદેશ કરનારા, એવો (ત્રણ લોકના ગુરુ શબ્દનો) અર્થ છે. (લે).

જ્યારે (ભગવાન્ વિના) બીજાનું દર્શન થાય છે ત્યારે તે જ સમયે તે ન કરવાનો ઉપદેશ કરે છે, એવો અર્થ છે. વળી જે પ્રકારે તેઓ સર્વ સ્થલે અર્થરૂપ ભગવાન્, જે સર્વ વસ્તુઓમાં વસ્તુનું સ્વરૂપ છે, તેમનાં દર્શન કરે તે રીતે અર્થદષ્ટિ પણ આપે છે. તેથી જે કાંઈ પણ (વસ્તુ) તેઓ જૂએ ત્યારે તેઓને ભગવાનનું જ દર્શન થાય છે, એટલે પહેલાં જે આપેલ તે સાચવી રાખવામાં કોઈ પણ જાતની ક્ષતિ થતી નથી. 'ચ' 'અને' શબ્દનો એવો અર્થ છે કે તે વસ્તુમાં રહેલા[3] ભગવાનનું પણ દર્શન કરવાનું સામર્થ્ય (ભગવાને તેમને) આપ્યું. 'દિશાઓના અંત સુધી પ્રકાશતા પોતાના યશનું શ્રવણ કરતાં' એ શબ્દોથી 'આટલું (બધું) ફલ એકાએક (ભગવાન્) કેમ આપે?' એવી શંકા દૂર કરતાં, તેમણે આપેલું ફલ સદા રહેશે જ એમ પણ જણાવે છે. તેમનાં મુખોથી જ પોતાના યશનું શ્રવણ કરતાં (ભગવાન્ પધારતા હતા). 'વચ્ચે કાલ વિગેરેને લીધે ઉત્પન્ન થએલા અધર્મથી વિઘ્ન થાય' એવી શંકા થાય, તેથી 'અશુભનો નાશ કરનારા' એ વિશેષણ યોજેલું છે. 'કોઈ સમયે તે (ભગવાનની) કીર્તિનું વિસ્મરણ થાય ત્યારે (પાછી તે સાંભળવાનું) સાધન નહિ રહે' એવી શંકા થાય, તેથી 'ગીતં સુરૈર્નૃભિઃ' એ શબ્દો યોજેલા છે. જે દેવરૂપી મનુષ્યો છે તેઓથી ગવાએલા, અથવા દેવોથી અને માણસોથી ગવાએલા (યશનું શ્રવણ કરતાં પધાર્યા) એવો (તેનો અર્થ છે). તેથી કીર્તિ (ભગવાનનો યશ) અક્ષય્ય છે એમ જણાવેલું છે. એ પ્રમાણે (માર્ગની) મધ્યમાં રહેલાઓને (ભગવાન્) આટલું દાન કરે છે, ત્યારે જેમના માટે પધારે છે તેમને તો શું દાન કરશે? એવી શંકા ઉત્પન્ન કરતા જ, ઈચ્છેલે દેશ (વિદેહ) પધાર્યા. 'શનૈઃ' 'ધીરે ધીરે' એ શબ્દથી માર્ગમાં તેઓ (લોકો) ઉપરનો સ્નેહ જણાવેલો છે. ૨૧.

જે દેશમાં ભગવાન્ પધારવાના હતા તે દેશમાં રહેનારાઓના ભગવાનમાં સ્નેહ વિગેરે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેઽચ્યુતં પ્રાપ્તમાકર્ણ્ય પૌરા જાનપદા નૃપ ।।**
**અભીયુર્મુદિતાસ્તસ્મૈ ગૃહીતાર્હણપાણયઃ ।।૨૨।।**

હે નૃપ! તે શહેરવાસીઓ અને ગામડીઆઓ અચ્યુતને પધારેલા સાંભળી ને આનંદ પામી હાથમાં પૂજાની સામગ્રી લઈ તેમના સામા આવ્યા. ૨૨.

શહેરવાસીઓ અને ગામડીઆઓ (સામા આવ્યાં). 'નૃપાઃ' 'રાજાઓ'

---

૨. ખરો ઉપદેશ અંતર્યામીનું વાક્ય છે. બીજું બહારનું વાક્ય તો અનિયમિત છે. તેથી થતો ઉપદેશ થોડો સમય રહે. અને નાશ પામે તેવો છે. તેથી તે નકામું છે, એવો અર્થ જણાય છે.

૩. 'તે સર્જીને તેમાં જ પ્રવેશ કર્યો' એ શ્રુતિ પ્રમાણે ભગવાન્ સર્વ વસ્તુઓમાં રહેલા છે, એવો અર્થ છે. (લે)

એ પાઠ લેવામાં આવે ત્યારે (એમ જાણવું કે) ભગવાન્ ત્યાં પધારે છે એટલે ભગવાનનું દર્શન થાય તે માટે બધાએ અગાઉથી જ (ભગવાનના સામા) ગયા. (ત્યારે) તેઓ (રાજાઓ) પણ ભગવાન્ આગળ શહેરવાસીઓના જેવા થયા, તેથી ત્રણ પ્રકારના (શહેરવાસીઓ, ગામડીઆઓ અને રાજાઓ) જણાવેલા છે. તેઓની કાયા વિગેરે ની સ્થિતિ (ઉત્તરાર્ધમાં) કહે છે. 'સામા આવ્યા' એ શબ્દથી કાયાથી, (અને) 'આનંદ પામેલા' એ શબ્દથી મનની સ્થિતિ કહેલી છે. 'હાથમાં પૂજાની સામગ્રી લઈ' શબ્દથી એમ કહેલું છે કે મમતાના સ્થાનરૂપ ધન વડે પણ (તેમણે) ભજન કર્યું. ૨૨.

પછી નીચેના શ્લોકમાં ઇન્દ્રિયોની (સ્થિતિ) કહેલી છેઃ

**દૃષ્ટ્વા તમુત્તમશ્લોકં પ્રીત્યુત્ફુલ્લાનનાશયાઃ ।।**
**કૈર્ધૃતાઞ્જલિભિર્નેમુઃ શ્રુતપૂર્વાસ્તથા મુનીન્ ।।૨૩।।**

ઉત્તમ કીર્તિવાળાનાં દર્શન કરી, પ્રીતિથી ખીલેલાં મુખ અને અંતઃકરણ વાળા થઈ તેમને, તેમ જ પહેલાં જેમનું શ્રવણ કરેલ તે મુનિઓને બે હાથ જોડી મસ્તકથી નમસ્કાર કર્યા. ૨૩.

(તેઓ) પ્રીતિથી ખીલેલાં મુખરૂપી કમલવાળા થયા[1]. ભગવાનનું દર્શન તેવું છે કે જે (દર્શન)થી ભગવાન્ (દેહની) અંદર પ્રવેશ કરે છે, પ્રવેશ કરી ઘણી પ્રીતિ ઉત્પન્ન કરી, બહાર મુખોને અને અંદર અંતઃકરણોને ખીલેલાં કરે છે. પછી (તેઓએ) 'કૈઃ' મસ્તકોથી અને સર્વ અપરાધોની ક્ષમા કરાવનાર બે હાથ જોડવાથી ભગવાનને અને મુનિઓને નમસ્કાર કર્યા. '(મુનિઓ સંબંધી) ખાસ નહિ હોવાથી (તેમને) તે પ્રમાણે નમસ્કાર કર્યા હશે' એવી શંકા 'પહેલાં જેમનું શ્રવણ કરેલ' એ વિશેષણથી દૂર કરે છે. ૨૩.

સાધારણ (પુરુષો) એ કરેલા આદરનું વર્ણન કરી, નીચેના શ્લોકમાં બે મુખ્ય (પુરુષોએ) કરેલો આદર જણાવે છેઃ

**સ્વાનુગ્રહાય સમ્પ્રાપ્તં મન્વાનૌ તં જગદ્ગુરુમ્ ।।**
**મૈથિલઃ શ્રુતદેવશ્ચ પાદયોઃ પેતતુઃ પ્રભોઃ ।।૨૪।।**

તે જગદ્ગુરુને પોતાના ઉપર અનુગ્રહ કરવા પધારેલા માનીને મૈથિલ અને શ્રુતદેવ પ્રભુના ચરણમાં પડ્યા. ૨૪.

'ભગવાનનું સદા દર્શન (મૈથિલ અને શ્રુતદેવને) થાય છે જ, અને (તેમની) સેવા પણ કરવામાં આવે છે. આમ હોવાથી (આ સમયે) શું (વધારે)

---

૧. 'પ્રીત્યુત્ફુલ્લમુખામ્બુજાઃ' એવો પાઠ લીધો જણાય છે. પછી 'પ્રીત્યુત્ફુલ્લાનનાશયાઃ' પાઠ લઈ અર્થ કરેલ છે.

ઉત્તમ હતું?' એવી શંકા 'જગદ્‌ગુરુ' શબ્દથી દૂર થાય છે. 'અમે જે કરીએ છીએ તે જ કરવું યોગ્ય છે કે બીજું કાંઈ?' આ (પ્રશ્ન)નો નિર્ણય ભગવાન્ જ કરે તે માટે તેઓ ખાસ સમાગમ કરે છે એવો અર્થ છે. તેથી જ તેઓ ચરણમાં પડ્યા. આથી એમ જણાવેલું છે કે બ્રાહ્મણને પણ (ભગવાનને) નમસ્કાર કરવાની શાસ્ત્રની મના નથી. (આથી) એમ સૂચવેલું છે કે 'પ્રભુઃ' સમર્થને માત્ર ચરણમાં નમન કરવાથી જ તે આપણું બધુંએ હિત કરશે, (અને પ્રભુ) પોતાના માટે અથવા ફલનું દાન કરવા માટે કાંઈ વધારે (કરવા)ની દરકાર રાખતા નથી. ૨૪.

પછી બંનેએ પોતપોતાના ઘેર પધરાવવા માટે ભગવાનને નિમંત્રણ કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ન્યમન્ત્રયેતાં દાશાર્હમાતિથ્યેન સહ દ્વિજૈઃ ।।**
**મૈથિલઃ શ્રુતદેવશ્ચ યુગપત્સંહતાઞ્જલી ।।૨૫।।**

મૈથિલ અને શ્રુતદેવે એકી સાથે બે હાથ જોડી દાશાર્હને દ્વિજો સાથે અતિથિ તરીકે (પધારવા) નિમંત્રણ કર્યું. ૨૫.

પોતાના ઘેર ભગવાન્ પધારશે, એ વિષયનું કારણ 'દાશાર્હ[1]' કહેલું છે. 'દ્વિજો સાથે' એ શબ્દો (એમ જણાવે છે કે) વિભાગથી પધારવાનું નિમંત્રણ કરેલું નથી. બંનેનું હિત[2] તો કરવું જોઈએ. લોકમાં તો લૌકિક પુરુષો પોતાની અશક્તિને લીધે કાલના ભેદથી[3] અથવા વિભાગના ભેદથી તે પ્રમાણે કરે છે. ભગવાન્ તો શક્તિવાળા છે, તેથી (તે બેનું ઈચ્છેલું) સર્વ[4] કરશે. મૈથિલ રાજા હોવાથી, તેનું નામ પહેલું કહેલું છે. 'ચ' 'અને' શબ્દ એવો બોધ કરે છે કે શ્રુતદેવ રાજાના સરખો છે. જુદા જુદા કાલે (ભગવાન્ બંનેના ઘેર) પધારે નહિ, તે માટે 'એક સાથે બે હાથ જોડી' એ શબ્દો યોજેલા છે. ૨૫.

પછી ભગવાને[1] (જે કર્યું તે નીચેના શ્લોકમાં કહે છે):

---

૧. દશાર્હના વંશના હોય તે દાશાર્હ યાદવો. સામાન્ય લોકો પોતાને ઘેર પધારે એમ જણાય, તેથી અહિં એ શબ્દ યોજ્યો છે, એવો ભાવ છે.

૨. 'હિત' શબ્દ અધ્યાહાર છે. (લે).

૩. એક જ વખતે બધા બે સ્થલે જઈ અથવા રહી શકે નહિ. તેથી લૌકિક પુરુષો બેના ઘેર જવું હોય ત્યારે કાલના ભેદથી જુદા જુદા સમયે જાય, અથવા વિભાગના ભેદથી એટલે બે ટૂકડીઓ કરી એક જ સમયે જુદી જુદી ટૂકડી જુદા જુદાના ઘેર જાય, એવો અર્થ છે.

૪. ભગવાન્ બધા ઋષિઓ સાથે મૈથિલ અને શ્રુતદેવ બંનેના ઘેર એક જ સમયે પધારશે, એવો અર્થ છે.

૧. આ શ્લોકનો આભાસ છે. પછી 'ભગવાન્..' એ 'શ્લોક કહે છે', એટલું અધ્યાહાર છે.(લે)

**ભગવાંસ્તદભિપ્રેત્ય દ્વયોઃ પ્રિયચિકીર્ષયા ।।**
**ઉભયોરાવિશદ્ ગેહમુભાભ્યાં તદલક્ષિતઃ ।।૨૬।।**

ભગવાને તેઓનો અભિપ્રાય જાણીને તે બેનું પ્રિય કરવાની ઈચ્છાથી તેઓ ન જાણે તેમ બે (રૂપો)થી બંનેના ઘરમાં પ્રવેશ કર્યો. ૨૬.

અને[૨] ભગવાનનો વૈભવ જાણવા (તેઓએ એવું નિમંત્રણ આપેલ છે એવો) તે બેનો અભિપ્રાય જાણીને, ભગવાનથી ન બની શકે એવું કાંઈ નહિ હોવાથી, તે (તેમણે માગેલ) તે જ પ્રમાણે પ્રાપ્ત કરાવવું જોઈએ એવા (હેતુથી), ભગવાન્ બંનેના ઘેર પધાર્યા. 'તેઓ ન જાણે તેમ બે (રૂપો)[૩]થી' એ શબ્દોથી તેનો (તેમના ઘેર પધારવાનો) પ્રકાર કહેલો છે. ભગવાન્ બે સમૂહરૂપ થયા, (અને) પછી બંનેના ઘેર એક જ વખત પધાર્યા. જે સ્થલે રસ્તા જૂદા પડે ત્યાં ભગવાનનું તેવું (બે સમૂહરૂપ થવાનું) માહાત્મ્ય જાણવામાં આવે તો તેવો આનંદ ન થાય, તેથી તે બેથી (બે સમૂહરૂપ) જણાયા વિના જ પધાર્યા. (જનકના ઘેર પોતે પોતાના (મુનિરૂપ) અંશથી પધાર્યા)[૪]. કેટલાક એક કહે છે કે મુનિઓ પણ પોતાના તેવા (બે સમૂહરૂપ) થયા. રાજાને[૫] મુનિઓમાં (અને ભગવાનમાં) કાંઈ ભેદ નહિ હોવાથી, તેની સર્વમાં 'આ ભગવાન્ છે' એવી એકસરખી બુદ્ધિ હોવાથી, અને 'જેઓ જેમ મને ભજે છે તેઓને હું પણ તે પ્રમાણે ભજું છું' (ભગ.ગીતા. ૪।૧૧). એવું (ભગવાનનું) વચન હોવાથી, ભગવાન્ શ્રુતદેવના ઘેર જ મુનિઓ સાથે પધાર્યા; પરંતુ રાજાના ઘેર તો તેવા (મુનિઓના) રૂપવાળા[૬] પોતે જ પધાર્યા એવો નિર્ણય છે. ૨૬.

પછી તે દેશમાં રાજા મુખ્ય પુરુષ હોવાથી, અને તેનું વૃત્તાંત પ્રાસંગિક[૧] હોવાથી, નીચેના શ્લોકથી આરંભી રાજાનું વૃત્તાંત કહે છેઃ

૨. 'ચ' 'અને' શબ્દથી (વૈભવ સાથે) ભગવાનનું સામર્થ્ય જાણવાને તેઓનો અભિપ્રાય છે એમ કહેલું છે. (લે).

૩. 'બેથી' એટલે બે 'સ્વરૂપોથી' એવો અર્થ છે. (લે).

૪. જનકના ઘેર ભગવાન્ પોતાનાં એક સ્વરૂપથી અને મુનિઓનું સ્વરૂપ લઈને પધાર્યા. મુનિઓ જનકના ઘેર પોતે ગયા ન હતા, એવો અર્થ છે.

૫. રાજા જ્ઞાનમાં આસ્થાવાળો હતો. જ્ઞાનમાર્ગમાં 'વિદ્યા અને વિનયવાળો બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરું તથા ચાંડાલ પ્રતિ પંડિતોની સમાન દૃષ્ટિ હોય છે' એ વાક્ય પ્રમાણે સર્વમાં સમાનદૃષ્ટિ હોવાથી, રાજાના મનમાં ('આ ભગવાન્ અને આ મુનિઓ' એવો) મુનિઓ સંબંધી ભેદ ન હતો એવો અર્થ છે. (લે).

૬. 'તેવા રૂપવાળા' એટલે 'તેટલા મુનિઓના રૂપવાળા' એવો અર્થ છે. (લે)

શ્રોતુમપ્યસતાં દૂરાજ્જનકઃ સ્વગૃહાગતાન્ ।।
આનીતેષ્વાસનાગ્ર્યેષુ સુખાસીનાન્ મહામનાઃ ।।૨૭।।
પ્રવૃદ્ધભક્ત્યા ઉદ્ધર્ષહૃદયાસ્રાવિલેક્ષણઃ ।।
નત્વા તદઙ્ઘ્રીન્ પ્રક્ષાલ્ય તદપો લોકપાવનીઃ ।।૨૮।।
સકુટુમ્બોઽવહન્ મૂર્ધ્ના પૂજયાઞ્ચક્ર ઈશ્વરાન્ ।।
ગન્ધમાલ્યામ્બરાકલ્પધૂપદીપાર્ઘગોવૃષૈઃ ।।૨૯।।
વાચા મધુરયા પ્રીણન્નિદમાહાન્નતર્પિતાન્ ।।
પાદાવઙ્કગતૌ વિષ્ણોઃ સંસ્પૃશન્ શનકૈર્મુદા ।।૩૦।।

ઘણી વધેલી ભક્તિથી બહુ હર્ષવાળાં (થએલાં) હૃદયને લીધે આંસુથી ડોળાં બનેલાં નયનોવાળા, ઉદાર મનવાળા જનકે દુષ્ટ પુરુષોને જેમનું શ્રવણ પણ દૂર છે તેવા, પોતાના ઘેર પધારેલા, (અને) આણેલાં ઉત્તમ આસનો ઉપર સુખપૂર્વક બેસાડેલા (તેઓ)ને નમસ્કાર કરી તેમનાં ચરણો ધોઈ, લોકને પાવન કરનારું તે જલને (પોતે) કુટુંબ સહિત મસ્તક ઉપર ધારણ કર્યું; સુગંધી દ્રવ્યો, પુષ્પો, વસ્ત્રો, આભરણો, ધૂપ, દીપ, પૂજાનાં સાધનો, ગાયો અને આખલાઓથી (તે) ઈશ્વરોની પૂજા કરી, (અને) (પોતાના) ખોળામાં રાખેલાં વિષ્ણુનાં ચરણોનો આનંદથી ધીરે ધીરે સ્પર્શ (મર્દન) કરતાં, અન્નથી તૃપ્ત કરેલા તેઓને પ્રસન્ન કરતાં મધુર વાણીથી આ (નીચે પ્રમાણે) કહ્યું. ૨૭-૩૦.

જેઓ દુષ્ટ છે તેઓને જેમનું શ્રવણ થવું પણ દૂર છે તેવા આ મુનિની સ્થિતિ પ્રાપ્ત કરેલા ભગવાનો (ભગવાનનાં સ્વરૂપો) છે. તેવા (ભગવાનો) પોતાને ઘેર પધાર્યા એવો મોટો ફેર[૨] છે. અસત્પણું તો દેહનું અભિમાન હોવાથી સર્વ (જીવો)ને સમાન છે[૩]. તેથી (તેઓને) પોતાના ઘેર પધારેલા જોઈને, પોતાના સિંહાસન જેવાં આસનો પોતાના મિત્રો પાસેથી (રાજા) લઈ આવ્યો. પછી તે ઉત્તમ આસનો ઉપર તેમને સુખપૂર્વક બેસાડીને, આવી (આવા ઉત્તમ સ્વરૂપોની) પૂજા હું કેવી રીતે કરીશ એવી ચિંતા તજીને, ઉદાર મનવાળા થઈને, તેમના પ્રત્યે જે ઘણી વધેલી ભક્તિ હતી તેનાથી 'ઉદ્ધર્ષ' બહુ હર્ષવાળું થએલું જે હૃદય, તેને લીધે

૧. આરંભનાં અને અંતનાં વાક્યો કયું પ્રકરણ છે તેનો નિર્ણય કરાવનારાં હોવાથી, વચમાં કહેલી (રાજાની કથા) પ્રાસંગિક છે, એવો અર્થ છે. (લે)
૨. ઘરે પધારેલા ભગવાનનાં સ્વરૂપો છે અને રાજા પોતે દેહના અભિમાનવાળો દુષ્ટ છે, જેને તેઓનું શ્રવણ થવું પણ દૂર છે, એવો એ બે વચ્ચે મોટો ભેદ છે, એવો અર્થ જણાય છે.
૩. 'આ રાજા તો સત્પુરુષ છે, દુષ્ટ નથી. તેથી તેને ઘેર ભગવાનનાં સ્વરૂપો પધારે તેમાં શું આશ્ચર્ય ?' એવી શંકા થાય તે દૂર કરવા આ કહેલ છે.

આંસુવાળાં ડોળાં બનેલાં છે નયનો જેનાં તેવો (રાજા) થયો. આથી દેહની અંદર (તેણે કરેલી) પૂજાનું વર્ણન થયું. પછી 'નમસ્કાર કરી તેમનાં ચરણો ધોઈ' વિગેરેથી બહારનાં દ્રવ્યોથી કરેલી પૂજાનું વર્ણન કરે છે. 'નમસ્કાર કરીને' એ શબ્દનો પહેલાં (દેહની અંદર કરેલી પૂજા)ની સાથે સંબંધ છે. તે (શબ્દ)થી અંદરના (પદાર્થો)થી કરેલી પૂજાની સમાપ્તિ સૂચવેલી છે, અને બહારની પૂજા (કરવા) માટે પરવાનગી માગે છે. આરંભમાં તેમનાં ચરણો ધોઈ, ગંગારૂપ હોઈ લોકોને પાવન કરનારાં તે જલને કુટુંબ સહિત મસ્તક ઉપર ધારણ કર્યું. પછી પૂજા કરવા યોગ્ય થઈ, બધાએ ઈશ્વરોની પૂજા કરી, પરંતુ જીવો અને ઈશ્વરની પૂજા કરી ન હતી[૪]. 'સુગંધી દ્રવ્યો, પુષ્પો' વિગેરે પૂજાનાં સાધનો (કહેલાં) છે. 'ગાયો અને આખલાઓ' શાસ્ત્રની આજ્ઞા સિદ્ધ થાય તે માટે (પૂજામાં યોજેલા), કારણ કે તેની પ્રવૃત્તિ મર્યાદા પ્રમાણે થતી હતી, પરંતુ ભક્તિથી થતી ન હતી. તેથી (શાસ્ત્રનાં) વચન પ્રમાણે જ તે કરતો હતો, અને (શાસ્ત્રમાં) ગાયનું અર્પણ મુખ્ય છે. પછી મધુર વાણીથી 'આ' એટલે નીચે કહેવામાં આવશે તે કહ્યું. 'અન્નથી તૃપ્ત કરેલાઓને' ( કહ્યું ), એટલે ભોજન, પાન, વિશ્રામ તથા શયન સુધીનાં (કાર્ય) કરાવીને પછી સ્તુતિ કરી. જો અન્ન ઉદ્વેગ કરાવનારું ન થાય તો જ અન્નથી તૃપ્તિ થાય છે. તે (ઉદ્વેગ ન કરાવનારું અન્ન) પાન, વિશ્રામ અને શયનવાળું જ હોય છે. તેમાં પણ '(પોતાના) ખોળામાં રાખેલાં (વિષ્ણુનાં) ચરણોનો (આનંદથી ધીરે ધીરે સ્પર્શ કરતાં)' એ શબ્દોથી મુખ્ય ગુણ કહેલો છે. વિષ્ણુ (શ્રીકૃષ્ણ) મુખ્ય તરીકે પધારેલા તેથી, અથવા (રાજાની) સર્વમાં વિષ્ણુ હોવાથી, અથવા સર્વ એક હોવાથી બુદ્ધિ હતી તેથી (તેનો તેઓમાં) કાંઈ ભેદ નહિ હોવાથી, ('વિષ્ણુના' એ પદ યોજેલું છે). ધીરે ધીરે સ્પર્શ (તેમની) પરવાનગી (મળે) તે માટે (કરેલો છે). સ્પર્શ થતાં (તેનામાં) સંતોષનો અવિર્ભાવ થયો. (સંતોષ થએલો જણાયો). ૨૭-૩૦.

તે (રાજા) જેવું માને છે તેવું કહેતાં, (શ્રીકૃષ્ણ) ભગવાન્ છે એમ જણાવવા નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી સ્તુતિ કરે છેઃ

રાજા કહે છેઃ

**ભવાન્ હિ સર્વભૂતાનામાત્મસાક્ષી સ્વદગ્વિભો ।।**
**અથ નસ્ત્વત્પદામ્ભોજં સ્મરતાં દર્શનં ગતઃ ।।૩૧।।**

હે વિભો ! આપ સર્વ પ્રાણીઓના આત્મા, સાક્ષી અને સ્વયંપ્રકાશ છો. હમણાં આપના ચરણકમલનું સ્મરણ થતાં અમને આપે દર્શન આપ્યાં છે. ૩૧.

૪. ભગવાનની અને મુનિઓ(જીવો)ની પૂજા કરી ન હતી, પરંતુ બધાં ભગવાનનાં સ્વરૂપોની જ પૂજા કરી હતી. મુનિઓ તેના ઘેર આવ્યા જ ન હતા; એમ જણાવેલ છે.

તે (રાજા) સર્વ ભગવાનનું જ કાર્ય છે અને સર્વ ભગવાનનું જ રૂપ છે. એમ સદા માને છે. (તેવું માનનાર) અત્યારે ખાસ (તેની ઉપરની માન્યતા વિરુદ્ધ) વાક્ય કહેલ એ કેમ સંભવે ? (માન્યતાથી) વિરુદ્ધ કહેવું ન જોઈએ. તેથી 'જો કે ભગવાન નાં (પહેલાં) સર્વરૂપથી અને આત્મરૂપથી દર્શન થએલાં, છતાં પણ ભક્તિમાર્ગ પ્રમાણે (ભગવાન્) જેવા માનવામાં આવે છે તેવા (ભગવાન)નાં હમણાં જ દર્શન થયાં' એમ પહેલાંની અવસ્થા જણાવી, (પછી) ભેદ જણાવે છે. આ અર્થ યોગ્ય પણ છે. (ભગવાન્) સર્વ પ્રાણીઓના આત્મા હોવાથી, સર્વ ભગવાન જ છે. (ભગવાન્) સાક્ષી હોવાથી પોતાના આત્મા છે, અથવા સાક્ષિચૈતન્ય છે. તેમાં પણ (તે) 'સ્વદક્' સ્વયંપ્રકાશ છે. આથી એમ જણાવ્યું કે તેમનો પ્રકાશ થવા માટે પણ બીજા (કોઈ)ની જરુર નથી. 'હે વિભો !' એ સંબોધન (ભગવાનમાં) સર્વ પ્રકારની શક્તિ છે એમ સૂચવે છે. તેથી મારા હૃદયમાં (ભગવાન્) એવા પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન કરે છે, બીજાઓના હૃદયમાં કરતા નથી, એ સર્વ ઘટે છે. (ભગવાન્ આવા હોવા) છતાં પણ, આપના ચરણકમલનું (સ્મરણ કરતાં) એટલે ભક્તિમાર્ગ પ્રમાણે આપનું સ્મરણ કરતાં, હમણાં જ આપે દર્શન આપ્યાં છે. ૩૧.

'આ (ભક્તિમાર્ગ પ્રમાણે થએલ) દર્શનનો ઉપયોગ શું? કારણ કે જ્ઞાનમાર્ગી દર્શન કરવા માટે ભગવાનનું ચિંતન કરતો નથી, પરંતુ ચિંતન પોતાની મેળે પુરુષાર્થરૂપ હોવાથી જ ચિંતન કરે છે' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**સ્વવચસ્તદતં કર્તુમસ્મદ્ગ્ગોચરો ભવાન્ ।।**
**યદાત્થૈકાન્તભક્તાન્મે નાનન્તઃ શ્રીરજઃ પ્રિયઃ ।।૩૨।।**
**કો નુ ત્વચ્ચરણામ્ભોજમેવંવિદ્વિસૃજેત્પુમાન્ ।।**
**નિઃકિઞ્ચનાનાં શાન્તાનાં મુનીનાં યસ્ત્વમાત્મદઃ ।।૩૩।।**

જે આપે કહેલ કે (મારા) અનન્ય ભક્ત કરતાં મને અનંત લક્ષ્મી કે અજ પ્રિય નથી, તે પોતાનું વચન સત્ય કરવા આપે અમને દર્શન આપ્યાં છે. એવું જાણનાર કોણ પુરુષ આપ જે નિષ્કિંચન શાંત મુનિઓને આત્માનું દાન કરનારા છો તેવા આપના ચરણકમલનો ત્યાગ કરે? ૩૨-૩૩.

ભગવાનનું 'તે' એટલે પ્રસિદ્ધ વચન 'ઋતં' સત્ય કરવા આપે અમને દર્શન આપ્યાં છે. 'એ વચન કયું?' એવી શંકા થાય, તેથી (બત્રીસમા શ્લોકનો) ઉત્તરાર્ધ કહેલો છે.

**'ન તથા મે પ્રિયતમ આત્મયોનિર્ન શઙ્કરઃ ।**
**ન ચ સંકર્ષણો ન શ્રીર્નૈવાત્મા ચ યથા ભવાન્ ।।'**

'જેવા તમે મને ઘણા પ્રિય છો તેવા બ્રહ્મા પ્રિય નથી, શંકર (તેવા પ્રિય) નથી, તેમ જ સંકર્ષણ નથી, લક્ષ્મી નથી અને આત્મા પણ (તેવો પ્રિય) નથી.' એવું આ ભગવાનનું વાક્ય છે. આ (વાક્ય)માં 'જેઓ અનન્ય ભક્ત મને પ્રિય છે' એમ કહેવું જોઈએ, તેને બદલે દષ્ટાંત (અપાઈ જાય તે) માટે 'જેવા તમે' એમ કહેલું છે. આ (બત્રીસમા શ્લોક)માં 'અજ' શબ્દથી જ શંકર જણાવેલા છે, કારણ કે ગુણાવતાર હોવાથી તે (શંકર) પણ અજ છે. આત્મા પણ તે જ કારણથી (તે જ 'અજ' શબ્દથી જણાવેલ છે). તેથી (એ બધા) 'અનન્ય ભક્તથી' (વધારે પ્રિય નથી), એ બંધ બેસે છે. જો (ભગવાન્) પધારીને દર્શન આપે તો જ (તેમનું) પ્રિયપણું થાય (ગણાય). તેથી પ્રિયપણું બીજી રીતે ઘટે નહિ તેથી, ભગવાને પોતે પધારી દર્શન આપ્યાં એવો અર્થ છે. (ભગવાન્) આત્મા છે અને સાક્ષી પણ છે એવો નિર્ણય થએલો હોવાથી, ભગવાનનો આવો (ભગવાનને અનન્યભક્ત સર્વથી પ્રિય છે તે) ગુણ જાણીને, (ભગવાન્ ભક્ત માટે) એ પ્રમાણે અધિક કરે છે, (પોતે પધારી દર્શન આપે છે), એટલે (આ ભક્તિમાર્ગ) ઘણો સહેલો અને ઉત્તમ હોવાથી એવું જાણનાર કોણ આપનો ત્યાગ કરે ? 'જેણે આત્માની સ્થિતિ પ્રાપ્ત કરી છે તેને ભક્તિથી સર્વ પ્રાપ્ત થાય છે, પરંતુ જેને આત્માની સ્થિતિ પ્રાપ્ત થઈ નથી તે તે (આત્માની સ્થિતિની પ્રાપ્તિ) માટે (મારો) ત્યાગ કરે' એવી શંકા થાય, તેથી (તેત્રીસમા શ્લોકનો) ઉત્તરાર્ધ કહેલો છે. બ્રહ્મરૂપ આત્માની સ્થિતિ પ્રાપ્ત કરવાનાં ત્રણ સાધનો છે. (૧) આરંભમાં નિષ્કિંચનપણું, એટલે સર્વનો ત્યાગ (જોઈએ). (૨) તેની પછી શમ (શાંતિ). (૩) એ પ્રમાણે અંદરથી અને બહારથી વિક્ષેપ (ગુંચવાડા) વગરના થઈ મનન કરવું જોઈએ. પછી બ્રહ્મની સ્થિતિ (પ્રાપ્ત થાય છે). 'આપ નિષ્કિંચન શાંત મુનિઓને આત્માનું દાન કરનારા છો' એ શબ્દોથી તે (અર્થ) કહેલો છે. ૩૨-૩૩[૧].

'હું એવો ભગવાન્ નથી' એમ શ્રીકૃષ્ણ કહે, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યોઽવતીર્ય યદોર્વંશે નૃણાં સંસારતામિહ ।।**
**યશો વિતેને તચ્છાન્ત્યૈ ત્રૈલોક્યવૃજિનાપહમ્ ।।૩૪।।**

જેમણે યદુના વંશમાં અવતાર લઈને આ લોકમાં ફેરા ફરતા માણસોના ફેરાની શાંતિ માટે ત્રણ લોકનાં પાપનો નાશ કરનાર પોતાનો યશ વિસ્તારેલો છે.૩૪

તે જ ભગવાને સર્વને મોક્ષ મળે તે માટે જ યદુના વંશમાં અવતાર લઈને,

૧. આવાં ત્રણ સાધનો કરે ત્યારે જ જ્ઞાનમાર્ગ પ્રમાણે ભગવાન્ બ્રહ્મભાવ પ્રાપ્ત કરાવે છે, પરંતુ ભક્તિમાર્ગ પ્રમાણે તો ભગવાન્ પોતે જ પધારી ભક્તને દર્શન આપે છે, એવો ભાવ જણાય છે.

(જન્મ મરણના) ફેરા ફરતા માણસોનું સંસારનું દુઃખ જોઈને દયા કરીને તે (દુઃખ) દૂર કરવા માટે (પોતાનો) યશ વિસ્તારેલો છે. 'તે (ભગવાનનો યશ) સંસાર કેમ ફીટાડશે ?' એવી શંકા થાય, તેથી 'ત્રણ લોકનાં પાપનો નાશ કરનાર' એ વિશેષણથી (સંસાર ફીટાડવાનો) સ્પષ્ટ માર્ગ જ (તેને) કહેલો છે. પાપને લીધે જ બહિર્મુખપણું વિગેરે બધા દોષો થાય છે, અથવા સોબતીના દોષથી (બધા દોષો થાય છે). (ભગવાનનો) યશ તો બધાઓના દોષોને ફીટાડનારો છે. તેથી તે સંસાર ફીટાડનારો છે એ સ્પષ્ટ જ છે, એવો અર્થ છે. ૩૪.

એ પ્રમાણે 'જગતને કૃતાર્થ કરવા આપે અવતાર લીધેલો છે અને મને પોતાને કૃતાર્થ કરવા અહિં પધાર્યા છો' એમ જણાવી, બીજું કાંઈ કરવાપણું નહિ હોવાથી, નીચેના શ્લોકમાં (ભગવાનને) નમસ્કાર કરે છેઃ

**નમસ્તુભ્યં ભગવતે કૃષ્ણાયાકુણ્ઠમેધસે ।।**
**નારાયણાય ઋષયે સંશાન્તતપ ઈયુષેઃ ।।૩૫।।**

ઘણું જ શાંત તપ આચરનાર ઋષિ નારાયણરૂપ, અટકાવી ન શકાય તેવી શક્તિવાળા આપ ભગવાન્ શ્રીકૃષ્ણને નમસ્કાર (છે). ૩૫.

(ભગવાન્ શ્રીકૃષ્ણનાં) દર્શન થાય છે એમ જણાવવા 'આપ' શબ્દ યોજેલો છે. ભગવાન્ કોઈ બીજા હશે, (અને વિવેક માટે આમને ભગવાન્ કહેતો હશે) એવો વિવેક કરતો નથી એમ જણાવવાં 'શ્રીકૃષ્ણને' એ શબ્દ યોજેલો છે. 'ન કુણ્ઠા' અટકાવી ન શકાય તેવી 'મેધા' શક્તિ છે જેમની તેવા (આપ છો), કારણ કે સર્વ ભગવાન્ છે એ (મત) પ્રમાણે પણ, આ (શબ્દ)થી જ (શ્રીકૃષ્ણનો સર્વથી) ભેદ જણાતો હોવાથી આ (શ્રીકૃષ્ણ) તેવા (નમન કરવા યોગ્ય) છે. 'ઋષિ નારાયણરૂપ' એ શબ્દોથી હમણાં જે રૂપે (ભગવાન્) પધાર્યા છે તે (રૂપ) જણાવે છે. આ નારાયણ છે અને ત્રીજી લીલા[1] કરે છે તેથી તે જ ઋષિ છે. 'બ્રહ્માંડ જેમનો દેહ છે તેવા નારાયણ અથવા તે (નારાયણ)ના અંશ (શ્રીકૃષ્ણ) છે' એવો મત આથી ખોટો ઠરાવે છે. આ ખાસ રૂપ જાહેર કરવામાં ઉત્તમપણું (દર્શાવવાનું) જે પ્રયોજન છે તે 'ઘણું જ શાંત તપ આચરનાર' એ શબ્દથી જણાવે છે, કારણ કે તેવું તપ સર્વ પ્રાણીઓને સુખ આપનારું અને પોતાનો પણ ગભરાટ દૂર કરનારું હોય છે, અને તે (તેવું તપ) નારાયણ જ કરે છે. ૩૫.

એ પ્રમાણે ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરી અને કરવા યોગ્ય (નમસ્કાર) કરીને, નીચેના શ્લોકમાં કાંઈક પ્રાર્થના કરે છેઃ

---

૧. ત્રીજી લીલા એટલે સ્થાનલીલા. જૂઓ તત્ત્વદીપનિબંધ ૩।૫ શ્લોક ૩-૪.

**દિનાનિ કતિચિદ્ભૂમન્ ગૃહાન્નો નિવસ દ્વિજૈઃ ।।**
**સમેતઃ પાદરજસા પુનીહીદં નિમેઃ કુલમ્ ।।૩૬।।**

હે ભૂમન્ ! કેટલાક દિવસો અમારા ઘેર રહો. દ્વિજોની સાથે (આપના) ચરણની રજથી આ નિમિના કુલને પવિત્ર કરો. ૩૬.

આ દ્વિજોની સાથે (આપના) ચરણની રજથી નિમિના કુલને પવિત્ર કરો. જો કે (આપને) કાંઈ પણ કાર્ય કરવાનું નથી તો પણ નિમિના કુલને હરવા ફરવાના સ્થાનમાં (આપના) ચરણની રજ પડે એટલે કુલ પવિત્ર થાય, તે માટે જ એવી વિનંતિ કરવામાં આવે છે. તેથી (ચરણની રજથી) કુલમાં ઉત્પન્ન થએલા બધાએ કૃતાર્થ થશે, એ પ્રમાણે તેમના વંશના (મારા) સંબંધનું ઋણ ફેડવા, (આપને અહિં) રહેવાની પ્રાર્થના કરું છું એમ સૂચવેલું છે. ૩૬.

ભગવાને તે પ્રમાણે જ કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્યુપામન્ત્રિતો રાજ્ઞા ભગવાઁલ્લોકભાવનઃ ।।**
**ઉવાસ કુર્વન્ કલ્યાણં મિથિલાનરયોષિતામ્ ।।૩૭।।**

એ પ્રમાણે રાજાએ આમંત્રણ કરેલા, લોકને પોતાનો અનુભવ કરાવનારા ભગવાન્ મિથિલાના પુરુષો અને સ્ત્રીઓનું કલ્યાણ કરતાં (ત્યાં) રહ્યા. ૩૭.

'લોકને પોતાનો અનુભવ કરાવનારા' એ વિશેષણથી તે (ત્યાં રહેવા)નું પ્રયોજન કહેલું છે, લોકને જ ભગવાન્ પોતાનો અનુભવ કરાવે છે, તો પછી નિમિના કુલને પોતાનો અનુભવ કરાવવામાં તેમને શું પ્રયાસ કરવો પડે? એવો અર્થ છે. ભગવાન્ પોતે લોકમાં રહી, પોતાના ધર્મને તેમનામાં મૂકે છે. તેથી ભગવાનનો તેમને અનુભવ થાય છે. તે (કાર્ય) માટે અહિં પણ ભગવાન્ રહ્યા. 'મિથિલાના પુરુષો અને સ્ત્રીઓનું કલ્યાણ કરતાં' એ શબ્દોથી (ત્યાં રહેવાનું) બીજું પ્રયોજન કહેલું છે. તેઓ જ્ઞાની છે, (તેથી) ઉત્સવને બહુ જાણતા નથી. તેથી તેઓને ઉત્સવ થાય તે માટે કેટલાક સમય સુધી ભગવાન્ ત્યાં રહ્યા. ૩૭.

એ પ્રમાણે પ્રાસંગિકનું નિરૂપણ કરી, નીચેના શ્લોકથી આરંભી ચાલુ વિષયનું નિરૂપણ કરે છેઃ

**શ્રુતદેવોઽચ્યુતં પ્રાપ્તં સ્વગૃહાજ્ઞનકો યથા ।।**
**નત્વા મુનીન્ સુસંહૃષ્ટો ધુન્વન્ વાસો નનર્ત હ ।।૩૮।।**

શ્રુતદેવે જનકની પેઠે પોતાના ઘેર પધારેલા અચ્યુતને ( અને ) મુનિઓને નમસ્કાર કરી, ઘણો હર્ષ પામી વસ્ત્ર ઉડાડતાં આનંદથી નૃત્ય કર્યું. ૩૮.

'હું ગરીબ, મારે ઘેર ભગવાનને કેવી રીતે પધરાવું?' એવો (શ્રુતદેવે)

વિચાર ન કર્યો, પરંતુ જેવો જનક હતો, તેવો જ તે (ઉદાર મનવાળો) થયો. વળી તે (જનકથી) અધિક પણ થયો એમ 'મુનિઓને નમસ્કાર કરી...' એ શબ્દોથી કહે છે. મુનિઓને પધારેલા જોઈને, આનંદથી વસ્ત્ર ઉડાડતાં તેણે નૃત્ય કર્યું. પોતાના ઉપર (ભગવાને અને મુનિઓએ) ઘણો ઉપકાર કર્યો, એમ જણાવવા નમન કર્યું. (તેમના) પધારવાથી જ (શ્રુતદેવના મનની) અંદર પરમાનંદ ઉત્પન્ન થયો. શાસ્ત્રને અનુસરનારા[1] ભક્તોનું આ (નૃત્ય કરવું તે) કાર્ય છે. ૩૮.

પછી તેણે બની શકી તેવી (તેઓની) પૂજા કરી, એમ કહે છેઃ

**તૃણપીઠવૃષીષ્વેતાનાનીતાનુપવેશ્ય સઃ ।।**
**સ્વાગતેનાભિનન્દ્યાઙ્ઘ્રીન્સભાર્યોઽવનિજે મુદા ।।૩૯।।**

પધરાવેલા આમને ઘાસ, આસન તથા ચટાઈ ઉપર બેસાડીને, આવકાર થી અભિનંદન કરી, પત્ની સહિત તેણે આનંદથી તેઓનાં ચરણ ધોયાં. ૩૯.

શ્રુતદેવ પોતાના હૃદયને જ ભગવાનનું આસન માને છે, અને મુનિઓને તો સિંહાસન કરતાં તેવાં (ઘાસ, આસન, ચટાઈ જેવાં) જ આસનો પ્રિય હોય છે, કારણ કે તપવાળાઓને ગ્રામ્ય પદાર્થો આનંદ આપનારા હોતા નથી. તેથી તેઓને ઘાસ, આસન વિગેરે જ પ્રિય હોય છે. કેટલાકને માટે તેણે (આસન તરીકે) ઘાસ જ આપ્યું. કેટલાકને આસન આપ્યાં, (અને) કેટલાકને કુશની ચટાઈઓ આપી, કારણ કે ઋષિઓનું આસન આવી ચટાઈ હોય છે. કોમલ કુશ(ઘાસ)નું ચાર ખૂણાવાળું અને પાછળ કળા કરેલ મોરના લંબાતા પૂછડાંના આકારનું (આસન) કરવામાં આવે છે. તે (આસનો) ઉપર પધરાવેલા (મુનિઓ)ને બેસાડી, પછી આવકારથી અભિનંદન કરી, પત્ની સહિત તેણે (તેઓના) ચરણ ધોયાં. ૩૯.

(તે) બ્રાહ્મણ હોવાથી કદાચ રાજાની પેઠે તેણે (સ્વાગતની) વિધિ કરી નહિ હોય, એવી શંકા થાય તેથી ફરીથી (સ્વાગતવિધિ) કહે છે. તેથી (તેવી વિધિ) નીચેના શ્લોકમાં ફરી કહે છેઃ

**તદમ્ભસા મહાભાગ આત્માનં સગૃહાન્વયમ્ ।।**
**સ્નાપયાંચક્ર ઉદ્ધર્ષો લબ્ધસર્વમનોરથઃ ।।૪૦।।**

મોટા ભાગ્યવાળા, ઘણા હર્ષવાળા અને જેને સર્વ મનોરથો પ્રાપ્ત થયા છે તેવા તેણે તે જલથી પત્ની અને પુત્રો સાથે પોતાને સ્નાન કરાવ્યું. ૪૦.

સ્ત્રી પુત્રો સહિત પોતાને સ્નાન કરાવ્યું (પોતે સ્નાન કર્યું). 'ચરણ ધોએલ જલ ધર્મ ઉત્પન્ન કરનારું હોવાથી તેનાથી સંતોષ થયો નહિ હોય' એવી

૧. 'શાસ્ત્રને અનુસરનારા' એટલે 'મર્યાદામાર્ગના' એવો અર્થ જણાય છે.

શંકા થાય, તેથી 'ઘણા હર્ષવાળા' એ વિશેષણ યોજેલું છે. 'ઉદ્ગતઃ' ઉત્પન્ન થએલો છે 'હર્ષઃ' હર્ષ જેને તેવો તે હતો. 'તે ફલ માટે જ એમ કરતો હશે' એવી શંકા થાય, તેથી 'જેને સર્વ મનોરથો પ્રાપ્ત થયા છે' એ વિશેષણ યોજેલું છે. ચરણ ધોએલ જલ પ્રાપ્ત થવાથી જ સર્વ મનોરથો પ્રાપ્ત થયા હતા, એવો (તેનો અર્થ છે). ૪૦.

પછી નીચેના શ્લોકમાં (તેઓની) પૂજા કરી એમ કહે છેઃ

**ફલાર્હણોશીરશિવામૃતામ્બુભિર્મુદા સુરભ્યા તુલસીકુશામ્બુજૈઃ ।।**
**આરાધયામાસ યથોપપન્નયા સપર્યયા સત્ત્વવિવર્ધનાન્ધસા ।।૪૧।।**

ઉત્તમ ફલો, સુગંધી(વાળા)વાળાં, સુખ કરનારાં મીઠાં જલ, સુગંધીવાળી માટી, તુલસી, કુશ અને કમલોથી જેવી બની આવી તેવી પૂજાથી (અને) સત્ત્વ વધારનારાં અન્નથી (તેઓની) પૂજા કરી. ૪૧.

ફલો પૂજાનાં સાધનો હોય તે 'ફલાર્હણાનિ' કહેવાય છે. તેનો ઉત્તમ ફલો, એવો અર્થ થાય છે. અને 'ઉશીરાણિ' એટલે સુગંધ(વાળો), તે નાંખેલું 'શિવામૃતામ્બુ' એટલે ('શિવમ્') અંતે સુખ કરનારું અને 'અમૃતં' મીઠું જલ. પછી હાથ પગ ધોવા માટે 'સુરભિ' સુગંધવાળી માટી; પછી પૂજા માટે તુલસી. 'આરાધયામાસ' તેમની પૂજા કરી. 'બની આવી તેવી પૂજાથી' એ શબ્દોથી એમ કહેલું છે કે આ સાધન પણ તેણે ક્લેશથી (પ્રાપ્ત) કર્યાં ન હતાં, પરંતુ પ્રયાસ વિના જ (પૂજાની) સામગ્રી (તેને) પ્રાપ્ત થઈ જ. વળી પૂજા પછી જેનાથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય તેવું 'અન્ધઃ' અન્ન, એટલે અનાજ વીણી લાવવાના ધંધાથી પ્રાપ્ત થએલ ચોખા વિગેરેનાં બનાવેલ ભાત આપ્યા. ૪૧.

એ પ્રમાણે પૂજા કરીને, માનસિક પૂજા કરે તે માટે 'ભગવાનનાં દુર્લભ દર્શન મને કેમ થયાં?' એવો તેનો વિચાર નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**સ તર્કયામાસ કુતો મમાન્વભૂદ્ગૃહાન્ધકૂપે પતિતસ્ય સંગમઃ ।।**
**યઃ સર્વતીર્થાસ્પદપાદરેણુભિઃ કૃષ્ણેન ચાસ્યાત્મનિકેતભૂસુરૈઃ ।।૪૨।।**

તેણે વિચાર્યું કે શ્રીકૃષ્ણ સાથે અને આમના પોતાના આશ્રયરૂપ ભૂદેવો જેમના ચરણની રેણુમાં સર્વ તીર્થો રહેલાં છે તેમની સાથે ઘરરૂપી અંધારા કૂવામાં પડેલા મને જે સંગમ થયો તે શા કારણથી થયો? ૪૨.

સાધન[૧] હોય તો સાધ્ય[૧] થાય (મળે). ઘરરૂપી અંધારા કૂવામાં હું પડેલો છું

૧-૧. જે પ્રાપ્ત કરવાનું હોય તે 'સાધ્ય', અને જેનાથી તે પ્રાપ્ત થાય તે 'સાધન'. તીર્થો ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત કરાવનારાં હોવાથી સાધન છે, અને 'ભગવાન્' પ્રાપ્ત કરવાના હોવાથી સાધ્ય છે. ભગવાન્ અને તીર્થો બંને મુનિઓમાં રહેલા હોવાથી, મુનિઓ સાધ્ય તરીકે તેમ જ સાધન તરીકે ઉત્તમ છે, એવો ભાવાર્થ છે.

એ મેં પ્રાપ્ત કરેલ સાધન છે. સાત્ત્વિક ઘરમાં પણ 'પોતાનું અને પારકું' એવો દુષ્ટ આગ્રહ હોવાથી, તે પણ સોનાની સાંકળની પેઠે અંધારા કૂવા જેવું જ છે. જે ભેદની બુદ્ધિને હરે તે જ સંસારના પેલે પાર ઉતરે. તેથી ઘરરૂપી અંધારા કૂવામાં પડેલા મને શ્રીકૃષ્ણ સાથે અથવા મુનિઓ સાથે સંગમ કેવી રીતે થયો? શ્રીકૃષ્ણ દુર્લભ છે એ સર્વ મતવાળાઓ માને છે. 'જેમના ચરણની રેણુમાં સર્વ તીર્થો રહેલાં છે તેમની સાથે જે સંગમ' એ શબ્દોથી મુનિઓ પણ તેવા (દુર્લભ) છે એમ કહે છે, કારણ કે બ્રાહ્મણના ચરણની રેણુઓમાં સર્વ તીર્થો રહે છે. આટલી જ મુનિઓની શ્રેષ્ઠતા નથી, પરંતુ 'આમના' એટલે ભગવાનના પોતાના 'નિકેતનરૂપાઃ' આશ્રય બનેલા જે 'ભૂસુરાઃ' એટલે જેમણે ભૂમિ ઉપર જ દેવપણું પ્રાપ્ત કરેલું છે તેવા બ્રાહ્મણો છે, એમ ફલ જણાવેલું છે. તેઓ ભગવાનનું રહેઠાણ હોવાથી, સાધ્યનું ઉત્તમપણું થાય છે, અને તીર્થો(નું રહેઠાણ) હોવાથી, સાધનનું ઉત્તમપણું થાય છે. ૪૨.

પછી તેણે ભગવાનની સ્તુતિ કરવાનો આરંભ કર્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સૂપવિષ્ટાન્ કૃતાતિથ્યાન્ શ્રુતદેવ ઉપસ્થિતઃ ||**
**સભાર્યઃ સ્વજનાપત્ય ઉવાચાઙ્ઘ્ર્યભિમર્શનઃ ||૪૩||**

સારી રીતે બેઠેલા અને જેમનું આતિથ્ય કરેલું છે તેવાઓની સમીપ સ્ત્રી, સગાંઓ અને સંતાનો સહિત ઉભા રહી, ભગવાનનાં ચરણ પકડી શ્રુતદેવે નીચે પ્રમાણે કહ્યું. ૪૩.

શ્રુતદેવનું અન્ન સત્ત્વ પ્રાપ્ત કરાવનારું હોવાથી, ભવિષ્યમાં દુઃખ ઉત્પન્ન કરનારું નહિ હોવાથી, માત્ર સારી રીતે બેસાડવાથી જ પૂજાની સમાપ્તિ સૂચવેલી છે. 'જેમનું આતિથ્ય કરેલું છે' એ વિશેષણથી તે જ અર્થ કહેલો છે. જેમનું આતિથ્ય કરેલું છે તેઓની 'ઉપ' સમીપ શ્રુતદેવ ઉભો રહ્યો. 'સભાર્યઃ' એટલે નાજુક અંશ પત્નીનું જેણે કોઈ પણ પ્રકારે રક્ષણ કરેલું નથી તેવો, સગાંઓ અને સંતાનો છે જેનાં[1] તેવો; એટલે પત્ની, સગાંઓ અને સંતાનો સહિત ઉભો રહ્યો. પછી ભગવાનના 'અઙ્ઘ્ર્યવમર્શણઃ' ચરણનો[2] સ્પર્શ કરતાં, વાણીથી સ્તુતિ કરી એમ કહે છે[2]. ૪૩.

---

૧. જેનાં સગાંઓ અને સંતાનો, 'અપરક્ષિતાનિ' એટલે રક્ષણ કરાયા વિનાના હતાં. આ શબ્દ અહિં અધ્યાહાર જાણવો. (ભાર્યા), સગાં અને સંતાનો રક્ષણ કરાયા વિનાનાં એટલે ભગવાનથી છૂપા નહિ રાખેલાં હતાં, એવો અર્થ કહેલ છે. (લે).

૨-૨. ભગવાનના ચરણારવિંદનો કાયાથી સ્પર્શ કરતાં, વાણીથી (શ્રુતદેવે) સ્તુતિ કરી, એમ શુક કહે છે. (લે)

રાજાની પેઠે આ પણ છ (શ્લોકો)થી ભગવાનની સ્તુતિ કરે છે. નીચેના શ્લોકથી આરંભી છ (શ્લોકો)થી (સ્તુતિ કરે છે):

શ્રુતદેવ કહે છેઃ

**અદ્ય નો દર્શનં પ્રાપ્તઃ પરં પરમપૂરુષઃ ।।**
**યર્હીદં શક્તિભિઃ સૃષ્ટ્વા પ્રવિષ્ટો હ્યાત્મસત્તયા ।।૪૪।।**

આજે આપનાં અમને દર્શન થયાં, પરંતુ (આપ) પરમ પુરુષે જ્યારે આ શક્તિથી સર્જ્યું ત્યારે પોતાની સત્તાથી તેમાં પ્રવેશ કરેલો છે. ૪૪.

જેવું રાજાએ નિરૂપણ કરેલું, તેવું જ નિરૂપણ આ (શ્રુતદેવ) પ્રથમ કરે છે[1], આજે જ આપનાં અમને દર્શન થયાં. 'નાદ્ય નો દર્શનં પ્રાપ્તઃ' 'આ જ અમને આપનાં દર્શન થયાં નથી' એવો ક્યાંક પાઠ છે. આજે જ આપનાં 'નો' અમને દર્શન થયાં, પરંતુ જ્યારે (આપે) પોતાની સત્તાથી સર્વમાં પ્રવેશ કર્યો ત્યારે જ સર્વ વસ્તુઓમાં આપનાં દર્શન થયાં. 'હિ' (એટલે) આ અર્થ યોગ્ય જ છે, કારણ કે આવા જ આપનાં સર્વમાં મને દર્શન થાય છે. અથવા, ચક્ષુથી (આપનાં) દર્શન આજે જ થયાં. શાસ્ત્ર પ્રમાણે તો જેમણે (પોતાની) શક્તિઓથી (આ જગત્) સર્જીને પોતાની સત્તાથી તેમાં પ્રવેશ કરેલો છે, તે કેવા હશે? એમ (આપ મારા) મનોરથમાં જ રહેલા હતા, પરંતુ કોઈ સમયે (આપનાં) દર્શન થયાં ન હતાં, પરંતુ આજે જ તે (તેવા) આપનાં દર્શન થયાં એવો (અર્થ) છે. ૪૪.

'એકનો (સર્જ્યા) પછી સર્વમાં પ્રવેશ કેમ સંભવે? અથવા સૂર્યનાં કિરણ પેઠે પછીથી (સર્વમાં) પ્રવેશ થતો હોય, તો એક બીજાનું અનુસંધાન[1] (ભાન) કેમ ન રહે? અથવા તેવો[2] (પ્રવેશ) સત્ય કેમ હોઈ શકે' એવી શંકા થાય, તે દૂર કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**યથા શયાનઃ પુરુષો મનસૈવાત્મમાયયા ।।**
**સૃષ્ટ્વા લોકં પરં સ્વાપ્નમનુવિશ્યાવભાસતે ।।૪૫।।**

જેમ સૂતેલો પુરુષ પોતાની માયા વડે મનથી લોકને અને સ્વપ્નનાં બીજા (લોક)ને સર્જીને (તેમાં) પ્રવેશ કરીને પ્રકાશે છે. ૪૫.

એક જ (પુરુષ) એક સ્વપ્ન જૂએ છે. જે જીવતાં (પ્રાણીઓ)ને પણ

---

૧. પાછળ ૩૧મા શ્લોકમાં રાજાએ કરેલું નિરૂપણ વાંચવું.

૧. દેવદત્ત જાણતો નથી કે તેના પોતામાં પ્રવેશેલું ભગવાનનું રૂપ જ યજ્ઞદત્તમાં પ્રવેશેલું છે, અને યજ્ઞદત્ત જાણતો નથી કે તેના પોતામાં પ્રવેશેલું ભગવાનનું રૂપ જ દેવદત્તમાં પ્રવેશેલું છે, એવો અર્થ છે. (લે)

૨. 'તેવો' એટલે એક બીજાને જેનું જ્ઞાન નથી તેવો પ્રવેશ, એવો અર્થ છે. (લે)

સ્વપ્નમાં જૂએ છે, તેમનું પણ તેને અનુસંધાન રહેતું નથી; અને[3] સ્વપ્ન માયિક છે એ પ્રસિદ્ધ છે; તેથી સ્વપ્નમાં જેટલા હાથીઓ, ઘોડાઓ[4] વિગેરે જોવામાં આવે છે, તેમનામાં પણ જૂદું ચૈતન્ય નહિ હોવાથી, (સ્વપ્ન) જોનારનું જ ચૈતન્ય (તેમનામાં) પ્રવેશેલું છે એમ માનવું જોઈએ. ચૈતન્ય ભગવાનનું છે એમ શ્રુતિમાં કહેલું છે. ચાલુ પ્રસંગમાં જીવ અને બ્રહ્મના ભેદનું નિરૂપણ કરવામાં આવતું નથી, તેથી પદાર્થનું નિરૂપણ કરવામાં જીવવાદ અથવા બ્રહ્મવાદમાં કાંઈ ભેદ નથી, કારણ કે દોષ દૂર કરવાના અને ગુણો મૂકવાના ભેદથી બંને મત સાબિત થાય છે. તેથી જીવ પોતે જ સ્વપ્નના (સ્વપ્નમાં તે જૂએ છે તે) પદાર્થો સર્જીને તેમનામાં પ્રવેશ કરે છે, પોતાને એક સ્થલમાં રહેલો માને છે, અને એક બીજાના જ્ઞાન વિનાનો હોય છે[5]. પરંતુ એટલો ભેદ છે કે તે (સ્વપ્નની સૃષ્ટિ) અજ્ઞાનથી સર્જેલ છે, (જ્યારે) આ (સત્ય જગત્) જ્ઞાનથી સર્જેલું છે; તેથી ભગવાનને જ્ઞાન હોય છે, પરંતુ જીવને તો જ્ઞાન હોતું નથી. (સર્જવાનો અને પ્રવેશ કરવાનો) પ્રકાર સરખો જ છે. તે અર્થ કહે છે કે 'જેમ સૂતેલો પુરુષ પોતાની માયારૂપ સામગ્રી વડે, કરણ[5] મનથી જ આ લોકને અને બીજા લોકને એટલે આ લોકથી 'પરં' એટલે જૂદા સ્વપ્નના લોકને સર્જીને, પછી તેમાં જ પ્રવેશ કરીને, દેવ, હલકા પ્રાણીઓ વિગેરે રૂપથી પ્રકાશે છે'. આથી એમ (કહેવાયું) કે એક જ ભગવાન્ સર્વમાં પ્રકાશે છે, તેમનાં દર્શન આજે જ થયાં. ૪૫.

'(ભગવાનનાં) દર્શન (થવા)નાં સાધનો ઘણાં સંભળાય છે, (આ દર્શન થયાં તેમાં) શું ઉત્તમપણું છે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**શ્રૃણ્વતાં ગદતાં શશ્વદર્ચતાં ત્વાઽભિવન્દતામ્ ।।**
**નૃણાં સંવદતામન્તર્હૃદિ ભાસ્યમલાત્મનામ્ ।।૪૬।।**

આપનું નિરંતર શ્રવણ કરનારા, કીર્તન કરનારા, પૂજન કરનારા, વંદન કરનારા અને સંવાદ કરનારા શુદ્ધ અંતઃકરણવાળા પુરુષોના હૃદયની અંદર આપ પ્રકાશો છો. ૪૬.

જેઓ પાંચ પ્રકારની ભક્તિ કરે છે તેઓના હૃદયમાં (ભગવાન્) પ્રકાશે

---

૩. આટલા ભાગથી (સ્વપ્નમાં જોવામાં આવતા સર્વ પદાર્થોમાં) એક જ ચૈતન્ય છે એમ દર્શાવે છે. (લે)

૪. સ્વપ્નમાં જોવામાં આવતા દેવદત્ત વિગેરે પુરુષોને તે સર્વમાં એક જ ચૈતન્ય છે એવું ભાન નથી, એવો અર્થ છે. (લે)

૫-૫. 'કરણ' એટલે અસાધારણ કારણ. ક્રિયાવાળું અસાધારણ કારણ હોય તે કરણ કહેવાય છે.

છે, પરંતુ (તેમને પણ) બહાર પ્રકાશતા (દર્શન દેતા) નથી, પરંતુ મને તો બહાર પણ પ્રકાશે (દર્શન દે) છે એ ઉત્તમપણું છે. 'સંવદતામ્' એ શબ્દથી સ્મરણ (ભક્તિ કરનારા), અથવા 'સારી રીતે વાદ કરનારા' એમ કીર્તન (ભક્તિ) (કહેલી છે). તે સમયે 'ગૃણન્[1]' ઉચ્ચાર કરતાં (સંવાદ કરતા હોવા જોઈએ), એટલે સદા ભગવાનના નામનો ઉચ્ચાર કરતા રહેવું જોઈએ. 'નિરંતર' શબ્દનો બંને બાજુએ સંબંધ છે. નામ સંબંધી બે[2] (પ્રકારની ભક્તિ) અને રૂપ સંબંધી બે[2] (પ્રકારની ભક્તિ), (અને તે) બંને પ્રકાર(ની ભક્તિ)નો સંવાદ (એ) પાંચમી (ભક્તિ). (એવી પાંચ પ્રકારની ભક્તિ જેઓ કરે છે) તેઓના હૃદયમાં આપ પ્રકાશો છો અને તે પણ સૂક્ષ્મ રીતે. 'આપ સર્વમાં રહો છો છતાં પણ તેમના જ હૃદયમાં પ્રકાશો છો એવું (તેમનામાં) શું ઉત્તમપણું છે?' એવી શંકા થાય, તેથી 'શુદ્ધ અંતઃકરણવાળા' એ શબ્દ યોજેલો છે. (આપ બીજામાં) રહેલા હોવા છતાં મેલા દર્પણની પેઠે (તેમનામાં) પ્રકાશતા નથી. જેમ કેટલાક ગુણો દર્પણને શુદ્ધ કરનારા અને કેટલાક દૃષ્ટિને શુદ્ધ કરનારા હોય છે તેમ શ્રવણ વિગેરે (ભક્તિઓ) તો ચક્ષુ (દૃષ્ટિ)ને શુદ્ધ કરનારાં અને ચિત્તને શુદ્ધ કરનારા[3] છે. 'શુદ્ધ અંતઃકરણવાળા' એ શબ્દથી તે બંને[4] કહેલાં છે. (ભગવાનનું) રૂપ દૃષ્ટિને શુદ્ધ કરનારું છે, અને નામ અંતઃકરણને શુદ્ધ કરનારું છે, એવો નિર્ણય છે. ૪૬.

બીજાઓના હૃદયમાં તો આપ રહેલા હોવા છતાં પ્રકાશતા નથી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**હૃદિસ્થોઽપ્યતિદૂરસ્થઃ કર્મવિક્ષિપ્તચેતસામ્ ।।**
**આત્મશક્તિભિરગ્રાહ્યોઽપ્યભ્યુપેતગુણાત્મનામ્ ।।૪૭।।**

અંતઃકરણની શક્તિઓથી અને જેમણે ગુણોને આત્મા તરીકે સ્વીકારેલા

૧. શ્લોકના ઉત્તરાર્ધના આરંભમાં 'નૃણાં' શબ્દ છે તેને બદલે 'ગૃણન્' પાઠ આચાર્યશ્રીએ લીધેલો જણાય છે. સંવાદ કરતાં સદા નામનો ઉચ્ચાર કરતાં રહેવું જોઈએ, એવો અર્થ કરેલ છે.
૨-૨. શ્રવણ અને કીર્તન એ બે નામ સંબંધી ભક્તિ છે; પૂજન અને વંદન એ બે રૂપ સંબંધી ભક્તિ છે. આ બબેની વચ્ચે 'શશ્વત્' નિરંતર' શબ્દ છે, તેનો તે દરેક બબે સાથે સંબંધ લેવાનો છે. 'સંવાદ' અથવા સ્મરણ એ પાંચમા પ્રકારની ભક્તિ કહી છે.
૩. પોતાનું ચિત્ત દર્પણરૂપ છે. તેમાં રહેલા ભગવાનનાં પુરુષ પોતાની અંદર વાળેલી દૃષ્ટિથી દર્શન કરે છે. (આવાં દર્શન આ પાંચ પ્રકારની ભક્તિથી થાય છે. તેથી એક ભક્તિ દૃષ્ટિ અને ચિત્તરૂપી દર્પણ) બંનેને શુદ્ધ કરનારી કહેલી છે. (લે)
૪. 'અમલાત્મનામ્' પદથી દૃષ્ટિ અને ચિત્ત બંને જેમનાં શુદ્ધ છે તેવા કહેલા છે, કારણ કે (૧) ચિત્ત અને (૨) પોતાની અંદર વાળેલી આત્માનાં દર્શન કરનારી દૃષ્ટિ, એવા બે 'આત્મન્' શબ્દના અર્થ છે. (લે).

છે તેમનાથી જેમનું ગ્રહણ થતું નથી તેવા (આપ) કર્મથી ગૂંચાઈ ગએલ ચિત્તવાળાના હૃદયમાં રહેલા હોવા છતાં પણ દૂર રહેલા છો. ૪૭.

કર્મથી ગૂંચાઈ ગએલું ચિત્ત જેઓનું (તેમને આપનાં દર્શન થતાં નથી), કારણ કે જલ હાલતું હોય ત્યારે જલમાં પડેલ પ્રતિબિંબ દેખાતું નથી[1]. જેમ બહુ દૂર રહેલો પુરુષ દેખાતો નથી, તેમ ભગવાનનાં પણ દર્શન થતાં નથી એમ (અદૃશ્ય હોવારૂપ) ગુણની સરખામણી જણાવવા 'દૂર રહેલા' એમ કહેલા[2] છે. તેમ ન હોય[3] તો દૂર રહેલ પદાર્થ પણ દેખાય છે, તેથી ભગવાનનાં દર્શન થાય છે એમ કહેલું ગણાય. 'કર્મથી (ચિત્તનાં) ગુંચવાવાથી કયો દોષ થાય છે કે જેને લીધે હૃદયમાં રહેલા ભગવાન્નાં પણ દર્શન થતાં નથી?' એવી શંકા થાય, તેથી 'અંતઃકરણની શક્તિઓથી જેમનું ગ્રહણ થતું નથી' એ શબ્દો યોજેલા છે. જો કે અંતઃકરણ વિગેરે માં ભગવાનને ગ્રહણ કરનારી ભગવાનની જ શક્તિઓ હોય છે, અને તેઓ સ્થિર હોય ત્યારે ભગવાનનાં દર્શન કરે છે, છતાં પણ કર્મથી (અંતઃકરણ) ગૂંચવાઈ જાય ત્યારે તો શક્તિઓનો બીજા (કાર્ય)માં ઉપયોગ થવાથી, ભગવાનનાં દર્શન થતાં નથી, એવો અર્થ છે. તે સમયે (કર્મથી અંતઃકરણ ગૂંચવાએલું હોય ત્યારે) અંતઃકરણ ની શક્તિઓથી (ભગવાનનું) ગ્રહણ થતું નથી એ (દર્શન નહિ થવાનું) કારણ છે. શુદ્ધ (પુરુષો)ને પણ કર્મથી (અંતઃકરણમાં) ગુંચવાડો થતાં, ભગવાનનાં દર્શન થતાં નથી એમ કહેલું છે. 'એમ હોય તો જેમને કર્મથી ગુંચવાડો થતો નથી, એવા જડ (પદાર્થો)ને ભગવાનનું દર્શન થાય' એવી શંકા થાય, તેથી 'જેમણે ગુણોને આત્મા તરીકે સ્વીકારેલા છે ( તેમનાથી જેમનું ગ્રહણ થતું નથી )' એ શબ્દ યોજેલ છે. સામેથી અથવા 'અભિતઃ' સર્વ તરફથી 'ઉપેતાઃ' સ્વીકારેલા છે ગુણોને જ આત્મા તરીકે જેણે (તેવો જડ પદાર્થ છે.) ભગવાન્ અને ગુણો એ બે વર્ગ છે. સત્ત્વ વિગેરે (ગુણો) આત્મા (આત્મા તરીકે સ્વીકારેલા) હોય, તો જડ થાય છે, કારણ કે જડને આત્મા તરીકે સ્વીકારેલ છે. ભગવાનને આત્મા તરીકે

---

૧. જલ હાલતું હોય ત્યારે તેમાં પ્રતિબિંબ દેખાતું નથી, તે પ્રમાણે જ્યારે કર્મથી ચિત્ત ગૂંચવાઈ ગએલું હોય ત્યારે તે ચિત્તમાં ભગવાન્ રહેલા હોવા છતાં, તેમનાં દર્શન થતાં નથી. (લે).

૨. જેમ દૂર રહેલ પુરુષ દેખાતો નથી, તેમ ભગવાનનાં પણ દર્શન થતાં નથી, એમ અદૃશ્ય હોવારૂપ ગુણ ભગવાનમાં અને દૂર રહેલ પુરુષમાં સમાન છે એટલું જ જણાવવા, ભગવાન્ દૂર રહેલા છે એમ કહેલું છે. એટલે અદૃશ્ય હોવાના ગુણ સંબંધમાં ભગવાન્ દૂર રહેલ પુરુષથી પણ અધિક છે, એટલે દૂર રહેલ પુરુષ જેટલો અદૃશ્ય છે તેથી પણ ભગવાન્ વધારે અદૃશ્ય છે, એવો અર્થ છે. (લે)

૩. 'તેમ ન હોય તો' એટલે 'ઘણા દૂર રહેલા' એ શબ્દનો અર્થ 'અદૃશ્ય' ન હોય તો. (લે)

સ્વીકારવામાં આવે તો ચેતન થાય છે. તેથી જેઓએ જડને આત્મા તરીકે સ્વીકારેલા છે તેઓથી પણ (આપ) ગ્રહણ થતા નથી, એવો અર્થ છે. ૪૭.

એ પ્રમાણે ભગવાનનાં દર્શન દુર્લભ છે એમ સિદ્ધ કરી, તે (દર્શન) થતાં તેના બદલામાં ઘણું કરવું જોઈએ એમ વિચારી, બીજું (કાંઈ) કરી શકાય તેમ નહિ હોવાથી, નીચેના શ્લોકમાં (ભગવાનને) નમસ્કાર જ કરે છેઃ

**નમોઽસ્તુ તેઽધ્યાત્મવિદાં પરાત્મનેઽનાત્મને સ્વાત્મવિભક્તમૃત્યવે ।।**
**સકારણાકારણલિઙ્ગમીયુષે સ્વમાયયા સંવૃતરુદ્ધદષ્ટયે ।।૪૮।।**

અધ્યાત્મ જાણનારાઓના ઉત્તમ આત્મા, જેમનો બીજો આત્મા નથી તેવા, જેમણે આત્માનો ભેદ કરેલો છે તેમના મૃત્યુરૂપ, અનિત્ય અને નિત્ય શરીર ધારણ કરનાર, પોતાની માયાથી જેમણે (આત્માને) ઢાંકી દીધેલ છે અને દષ્ટિને રોકેલી છે તેવા આપને નમસ્કાર હો. ૪૮.

ભગવાન્ કેવા છે, એવો સંદેહ થાય, તેથી તે નમસ્કાર કરવા યોગ્ય છે એવો નિર્ણય 'અધ્યાત્મ જાણનારાઓના ઉત્તમ આત્મા' એ શબ્દોથી જણાવે છે. જેઓ અધ્યાત્મ જાણનાર એટલે બ્રહ્મ અને આત્મા એક છે એમ જાણનારા છે, તેવા આત્માના અનુભવવાળાઓના 'પરઃ' ઉત્તમ આત્મા (ભગવાન્) આત્માઓના આત્મા છે. 'જો ભગવાન્ બ્રહ્મ જાણનારા આત્માઓના આત્મા હોય તો ભગવાનનો પણ આત્મા બીજો કોઈ હોવો જોઈએ' એવી શંકા થાય, તેથી 'જેમનો બીજો આત્મા નથી' એ પદ યોજેલું છે. જેમનો બીજો કોઈ આત્મા નથી, એવા (ભગવાન્ છે). એ પ્રમાણે જેઓ જ્ઞાનમાં રચ્યા પચ્યા રહેનારા છે તેઓના આત્મા તરીકે (ભગવાન્) પ્રકાશે છે એમ કહી, જેઓ જ્ઞાની નથી તેમને આ (ભગવાન) જ કાલરૂપે મૃત્યુ આપે છે એમ 'જેમણે આત્માનો ભેદ કરેલો છે તેમના મૃત્યુરૂપ' એ શબ્દથી કહે છે. પોતાની અંદર જ જેઓએ વિભાગ કરેલા છે, એટલે જેઓ આત્માનો ભેદ કરીને રહેલા છે તેમને (ભગવાન્) મૃત્યુરૂપ છે. 'બ્રહ્મ તેને તજે' વિગેરે શ્રુતિઓ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય વિગેરે રૂપ આત્મા છે, (અને) આત્માની હત્યા કરનાર સજા યોગ્ય છે, તેથી (ભગવાન્) તેવા (પુરુષનો) વધ કરે છે એ યોગ્ય જ છે. જ્ઞાનીઓને તો જ્ઞાન થયા પછી (તેમણે) પહેલાં કરેલા દોષો મટી જાય છે. ભક્તિમાં (ભક્તોને) પણ ભગવાનનું સ્મરણ વિગેરેથી તે (પહેલાં કરેલા દોષો)નો નાશ થાય છે.

'ભેદ પ્રત્યક્ષથી સાબિત હોવાથી, તે પ્રમાણે (ભેદ) સ્વીકારનારનો શું દોષ?' એવી શંકા થાય, તેથી 'અનિત્ય અને નિત્ય શરીર ધારણ કરનાર' એ પદ યોજેલ છે. એક જ ભગવાન્ નિત્ય અને જગદ્રૂપ અનિત્ય શરીર ધારણ કરે છે,

કારણ કે કાલ વિગેરે નિત્ય છે અને ઘડો વિગેરે અનિત્ય છે. (તે) બંને પણ ભગવાનનું શરીર છે. 'એમ હોય તો બધા કેમ (એ પ્રમાણે) જાણતા નથી?' એવી શંકા થાય, તેથી 'પોતાની માયાથી જેમણે (આત્માને) ઢાંકી દીધેલ છે અને દૃષ્ટિને રોકેલી છે તેવા[1]' એ શબ્દ યોજેલ છે. પોતાની માયાને લીધે, બંને શક્તિરૂપ (માયા)ને લીધે જેમ ઈન્દ્રિય (ચક્ષુ)ને બંધ કરે અને ઘડાને સંતાડી દે તેમ (ભગવાને) આત્માને સંતાડેલો છે અને જ્ઞાનશક્તિને રોકેલી છે. તેમ (કર્યું) ન હોય (આત્માને સંતાડ્યો ન હોય) તો જ્ઞાન (દૃષ્ટિ)ને રોકેલી હોય તો પણ ઘણા જ પુષ્ટ આત્માના પ્રકાશથી જ પ્રકાશ થાય; અથવા જ્ઞાન (દૃષ્ટિને) રોકેલ ન હોય તો સંતાડેલા આત્માને પણ તે જૂએ. તેથી (આત્માને સંતાડવો અને દૃષ્ટિને રોકવી) એ બંને માયાનાં કાર્ય છે. ૪૮.

એ પ્રમાણે ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરી, (તેમને) નમન કરી, તેવા (ભગવાન)ની નીચેના શ્લોકમાં પ્રાર્થના કરે છેઃ

**સ ત્વં શાધિ સ્વભૃત્યાન્નઃ કિં દેવ કરવામ તે ।।**
**એતદન્તો નૃણાં ક્લેશો યદ્ભવાનક્ષગોચરઃ ।।૪૯।।**

હે દેવ ! તે (તેવા) આપ પોતાના સેવકો અમને આજ્ઞા કરો કે અમે આપનું શું (કાર્ય) કરીએ? મનુષ્યોનું દુઃખ તે સમયના જ અંતવાળું હોય છે કે જ્યારે આપનું ઇન્દ્રિયોથી દર્શન થાય છે. ૪૯.

'પોતાના સેવકો' એ શબ્દથી આજ્ઞા કરવી જરુરી છે એમ કહેલું છે. 'શાસ્ત્ર દ્વારા જે કરવાનું છે તેનો (મેં તમને) ઉપદેશ કરેલો છે' એવી શંકા થાય, તેથી 'હે દેવ ! અમે આપનું શું (કાર્ય) કરીએ?' એ શબ્દો યોજેલા છે. શાસ્ત્રમાં તો અમારા પોતાના માટે (કરવાનું) જણાવેલું છે. '(તમારા) પોતાના માટે જ (કાર્ય) કરો, મારા માટે (કરવાનું) શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલ છે. આવાં ભગવાનનાં દૃષ્ટિથી સાક્ષાત્ દર્શન થાય ત્યાં સુધી જ પ્રાણીઓને દુઃખનો અનુભવ થાય છે, કારણ કે પ્રસન્ન થએલા ભગવાનનાં દર્શન થાય ત્યારે કોઈને પણ દુઃખ થતું નથી. તેથી અમારા પોતાના માટે (કાંઈ કાર્ય કરવાની) જરુર નથી, એટલે અમે દાસ હોવાથી અમારે સ્વામીનું કાર્ય જ કરવું જોઈએ. તેથી (અમને) આજ્ઞા કરો, એવો અર્થ છે. ૪૯.

---

૧. ''પોતાની માયાથી 'સંવૃતા' સંતાડેલી 'રુદ્ધા' રોકેલી છે 'દૃષ્ટિઃ' દૃષ્ટિ 'યેન' જેમણે'' એમ મૂલ શબ્દનો સમાસ છોડવો. 'સંવૃતે આત્મનિ' 'આત્માને જ્યારે સંતાડેલ હોય ત્યારે' એ શબ્દો અધ્યાહાર લેવા. 'પોતાની માયાથી' એ શબ્દોનો સંબંધ સંતાડવું અને રોકવું એ બંને સાથે લેવો. (લે)

ભગવાન્ તો તેનાં ઈચ્છારૂપ દુઃખને[1] દૂર કરવા, પોતાનાની[2] સેવા (કરવાનું) જણાવે છે એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**તદુક્તમિત્યુપાકર્ણ્ય ભગવાન્ પ્રણતાર્તિહા ।।**
**ગૃહીત્વા પાણિના પાણિં પ્રહસંસ્તમુવાચ હ ।।૫૦।।**

એ પ્રમાણે તેણે કહેલું સાંભળીને પ્રણામ કરનારનું દુઃખ હણનાર ભગવાને શ્રીહસ્તથી (તેનો) હાથ પકડી, હસતાં હસતાં, અહો! તેને (નીચે પ્રમાણે) કહ્યું. ૫૦.

'શ્રીહસ્તથી તેનો હાથ પકડી' એ શબ્દોથી શ્રુતદેવને પોતાની બરાબર (ગણ્યો એમ) જણાવેલ છે. તેથી એમ સમજાય છે કે જે (તેનું) પોતાનું (કાર્ય) છે તેનો જ (ભગવાન્ તેને) ઉપદેશ કરશે, પરંતુ સેવકનાં (કાર્ય)નો ઉપદેશ કરશે નહિ. 'હસતાં હસતાં' એ શબ્દથી એમ કહેલું છે કે તું કૃતકૃત્ય (થએલ) હોવાથી તારે કાંઈ કરવા યોગ્ય નથી; જો કાંઈ કરવા યોગ્ય હોય તો આટલું (ફલ) જેનાથી થયું તે જ કરવા યોગ્ય છે; અને આ (ભગવાનનાં દર્શન) ફલ છે. છતાં પણ શ્રુતદેવ જે (જ્યારે) પૂછે છે ત્યારે જેમ લોકના રક્ષણ માટે અથવા તેઓને મોહ કરવા હું કર્મ કરું છું તેમ શ્રુતદેવ પણ ભલે કરે, એવો ભાવ છે. 'હ' 'અહો!' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજલ છે. આવા (શ્રુતદેવ જેવા)ને પણ ભગવાન્ પોતાની સેવા કરવાની પ્રેરણા કરતા નથી, એમ પોતાની (ભગવાનની) સેવા દુર્લભ (છે એમ) જણાવ્યું છે. ૫૦.

આ સંબંધમાં ભગવાન્ એમ વિચારે છે કે બ્રાહ્મણો આવેલા છે, તેમને આ (શ્રુતદેવ) પોતાની બરોબરના માની, તેવા (ભગવાન્ જેવા ઉત્તમ) ન માને તો આવેલા બ્રાહ્મણોને દુઃખ થાય. દુઃખ ન થાઓ એવા હેતુથી ભગવાન્ શ્રુતદેવને તેઓનું સ્વરૂપ જણાવે છે. શ્રુતદેવ સાથે સમાનપણું તો ભગવાને પોતાની અંદર જ રાખેલું છે. તેથી નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોકોથી ભગવાન્ એવો ઉપદેશ કરે છે કે હું તેવો બહુ પૂજા કરવા યોગ્ય નથી, પરંતુ આ (બ્રાહ્મણો) જ પૂજા કરવા યોગ્ય છે.

---

૧. જેનાથી સુખ થાય એમ શ્રુતદેવ માને છે તેની ઈચ્છા કરે છે, એવા ભાવાર્થથી ઈચ્છાને સુખનો ગુણ કહેલો છે. ખરેખરો વિચાર કરવામાં આવે તો કાંઈક (પદાર્થ) પ્રાપ્ત થએલ ન હોય ત્યારે (તેની) ઈચ્છા થતી હોવાથી તે (ઈચ્છા) પણ દુઃખ જ છે, કારણ કે જેને પોતાના સર્વ ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત થએલ છે તે કોઈ પણ પદાર્થની ઈચ્છા કરતો નથી. જે દુઃખને લીધે તે સેવાની ઈચ્છા કરે છે તે દુઃખ મુનિઓની સેવાથી દૂર થશે, એવો અર્થ છે. (લે)

૨. 'સ્વસ્ય' એટલે 'મુનિઓ વિગેરે પોતાના સેવકોની'. (લે)

શ્રીભગવાન્ કહે છેઃ

**બ્રહ્મંસ્તેઽનુગ્રહાર્થાય સમ્પ્રાપ્તાન્વિદ્ધ્યમૂન્મુનીન્ ॥**
**સંચરન્તિ મયા લોકાન્પુનન્તઃ પાદરેણુભિઃ ॥૫૧॥**

હે બ્રાહ્મણ ! આ મુનિઓને તારા ઉપર અનુગ્રહ કરવા આવેલા જાણ. તેઓ (પોતાના) ચરણની રેણુઓથી પવિત્ર કરતાં મારી સાથે લોકમાં ફરે છે. ૫૧.

જેટલો ગુણ સર્વ શ્રુતિઓમાં પોતાનો વર્ણવેલો છે તેટલો (ભગવાન્) બ્રાહ્મણોમાં (હોવાનું) જણાવે છે. ભગવાન્ તેમના (બ્રાહ્મણોના) રૂપવાળા પણ છે, તેથી એવું વાક્ય અસત્ય નથી. 'આ મુનિઓને તારા ઉપર અનુગ્રહ કરવા આવેલા જાણ', પરંતુ તેઓ પ્રસંગને લીધે અથવા બીજા કોઈને માટે આવેલા છે એમ ન (માન). 'એક કાર્ય માટે (ભગવાન્ અને મુનિઓ) બંનેનું પ્રધાનપણાથી આવવું કેમ સંભવે?' એવી શંકા થાય, તેથી 'મારી સાથે લોકમાં ફરે છે' એમ કહેલું છે. આ (મુનિઓ) મારી સાથે લોકમાં ફરે છે. તેથી એમ સમજાવ્યું કે હું (ભગવાન્) (ફરવામાં તેઓની) સાથે રહેનારો છું, (અને) પ્રધાનપણું આમનું જ છે. 'ચરણની રજથી' એ શબ્દથી પવિત્ર કરવાનો પ્રકાર કહેલો છે. ૫૧.

'લોકમાં પવિત્ર કરનારાં બીજાંઓ પણ છે (એટલે) આ (મુનિઓ) જ શું અનુગ્રહ કરે છે?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**દેવાઃ ક્ષેત્રાણિ તીર્થાનિ દર્શનસ્પર્શનાર્ચનૈઃ ॥**
**શનૈઃ પુનન્તિ કાલેન તદપ્યર્હત્તમેક્ષયા ॥૫૨॥**

દેવો, ક્ષેત્રો અને તીર્થો ધીમેધીમે લાંબા સમયે દર્શન, સ્પર્શ અને પૂજનથી પવિત્ર કરે છે. ઉત્તમ પુરુષોની દૃષ્ટિથી તે પણ (થાય છે). ૫૨.

લોકમાં દેવો, ક્ષેત્રો અને તીર્થો ત્રણ પવિત્ર કરનારાં છે. આમના (આ ત્રણના) અધીનપણાથી જ કાલ પણ પવિત્ર કરનારો છે; કારણ કે સૂતક વિગેરેમાં પણ સ્નાન કર્યા પછી જ શુદ્ધિ થાય છે. દ્રવ્યોનો દેશમાં જ સમાવેશ થાય છે. કર્તાઓ તો જેમની વાત (શુદ્ધિ) વિચારવામાં આવે છે તેવા છે. મંત્ર અને કર્મ તો દેવતાને માટે કરવામાં આવતા હોવાથી, તેમનો દેવતામાં સમાવેશ થાય છે. એવી રીતે શુદ્ધિ કરનારાં છએનો[1] આ (ત્રણ)માં સમાવેશ થતો હોવાથી, ત્રણ જ કહેલાં છે. તેઓ (તે ત્રણ) દર્શન, સ્પર્શ અને પૂજનથી પવિત્ર કરે છે. સર્વનું (ત્રણેનું)

૧. (૧) દેશ (૨) કાલ (૩) દ્રવ્ય (૪) કર્તા (૫) મંત્ર અને (૬) કર્મ આ છ શુદ્ધિ કરનારાં છે. (તત્ત્વદીપ ૨।૩૯). ક્ષેત્ર અને તીર્થ શબ્દોથી દેશ કહેલ છે. કાલનો આ ત્રણમાં સમાવેશ થાય છે. એમ દર્શાવેલ છે. દ્રવ્યનો દેશમાં, અને મંત્ર તથા કર્મનો દેવતામાં કેમ સમાવેશ થાય છે તે પણ કહ્યું. કર્તાની શુદ્ધિ અહિં કરવાની છે, તેથી તેને શુદ્ધિ કરનાર તરીકે ગણવાનો નથી.

દર્શન, તીર્થનાં દર્શન અને સ્પર્શ, અને દેવતાનાં (દર્શન, સ્પર્શ અને પૂજન) ત્રણે (પવિત્ર કરનારાં છે). એ પ્રમાણે પણ આ (ત્રણે) ધીમે ધીમે જ પવિત્ર કરે છે, તેનું કારણ 'લાંબા સમયે' એ શબ્દથી (કહેલું છે), કારણ કે કાલ પણ જૂદો શુદ્ધિ કરનારો છે. તેમ ન હોય તો દશ દિવસ પહેલાં પણ તીર્થમાં સ્નાન વિગેરેથી પુરુષ પવિત્ર થાય. તેથી જેટલા સમય પછી શુદ્ધ થવાય, તેટલા સમય પછી જ તીર્થ વિગેરેથી શુદ્ધ થાય છે. બ્રાહ્મણો તો તરત જ શુદ્ધિ કરનારા છે. 'ખાણમાં રહેલું સદા પવિત્ર છે', 'સ્નેહમાં રાંધેલું હોય તે અભડાતું નથી', 'સંયમવાળા શૂદ્રે પણ આણેલું ખાવાયોગ્ય છે' વિગેરે વાક્યો[2] સંદેહ વિના સર્વની શુદ્ધિ જણાવનારાં છે. તેથી ક્ષેત્ર વિગેરે કરતાં બ્રાહ્મણો ઉત્તમ છે. વળી તે એટલે તીર્થ વિગેરેએ કરેલું પણ ઉત્તમ પુરુષની (બ્રાહ્મણની) 'ઈક્ષયા' દષ્ટિથી જ થાય છે. સર્વ સ્થલે બ્રાહ્મણોએ જોએલું ગુણવાળું (શુદ્ધ) થાય છે, કારણ કે 'સંમતિ વિનાનું અને ખાસ કરીને બ્રાહ્મણોની સંમતિ વિનાનું વ્રત, દાન, પૂજન વિગેરે સર્વ નિષ્ફલ થાય છે' એવું (વાક્ય છે). પર.

'બ્રાહ્મણનાં ઉત્તમપણાનું જે કારણ છે તે જો બીજામાં પણ હોય, તો બ્રાહ્મણનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**બ્રાહ્મણો જન્મના શ્રેયાન્ સર્વેષાં પ્રાણિનામિહ ।।**
**તપસા વિદ્યયા તુષ્ટઃ કિમુ મત્કલયા યુતઃ ।।૫૩।।**

આ લોકમાં સર્વ પ્રાણીઓ કરતાં બ્રાહ્મણ જન્મથી શ્રેષ્ઠ છે, તો પછી જે તપવાળો, વિદ્યાવાળો અને સંતોષવાળો હોય, અને વળી મારી કલાવાળો હોય તેનું કહેવું જ શું? ૫૩.

બ્રાહ્મણ ઉત્પન્ન થતાં તરત જ સર્વ વર્ણોથી શ્રેષ્ઠ હોય છે. સર્વ પ્રાણીઓએ પૂજા કરવા યોગ્ય હોય છે. તેમાં પણ તપવાળો, વિદ્યાવાળો અને 'તુષ્ટઃ'[1] એટલે સંતોષવાળો હોય (તેનું શું કહેવું?). તપથી દેહનું ઉત્તમપણું (પ્રાપ્ત થાય છે), વિદ્યાથી ઈન્દ્રિયોનું અને સંતોષથી તો અંતઃકરણનું, એમ આ ત્રણ (ગુણો)થી જ ઉત્તમપણું પ્રાપ્ત થાય છે. આ (ગુણ)થી ત્રણ[2] ગુણો જતા રહે છે. (ઉત્તમપણું પ્રાપ્ત કરાવનાર) સર્વ શ્રેષ્ઠ બીજું કારણ 'વળી મારી કલાવાળો' એ શબ્દોથી કહે છે. મારી કલા એટલે ભગવદીયપણું અથવા ભક્તિ. તે જેને પ્રાપ્ત થાય તે ઉત્તમ થાય એમાં શું કહેવું ? એવો અર્થ છે. ૫૪.

---

૨. 'વાક્યો' એટલે 'બ્રાહ્મણનાં વાક્યો'.

૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો છે. આ પાઠથી એમ જણાય છે કે શ્રીમદાચાર્યચરણે શ્લોકમાં 'તુષ્ટઃ' પાઠ લીધો છે, 'તુષ્ટ્યા' નહિ.

૨. સત્ત્વ, રજોગુણ અને તમોગુણ.

'છતાં પણ જેમ સ્ત્રી ઉત્તમ અથવા હલકા પોતાના પતિનો જ આદર કરે છે, પરંતુ બીજો મોટો હોય તો પણ (તેનો) આદર કરતી નથી, તેમ આપના સેવકો આપને જ ભજે છે, (અને) ઉત્તમપણાની અથવા હલકાઈની દરકાર રાખતા નથી. તેથી બ્રાહ્મણો ભક્તોએ સેવા કરવા યોગ્ય કેમ ગણાય ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ન બ્રાહ્મણાન્મે દયિતં રૂપમેતચ્ચતુર્ભુજમ્ ।।**
**સર્વવેદમયો વિપ્રઃ સર્વદેવમયો હ્યહમ્ ।।૫૪।।**

આ ચાર ભુજાઓવાળું રૂપ મને બ્રાહ્મણથી વહાલું નથી, કારણ કે સર્વ વેદો વિપ્રમાં રહેલા છે, (અને) સર્વ દેવો મારામાં રહેલા છે. ૫૪.

મારા સેવકોએ મારું હિત કરવું જોઈએ. મારી પ્રીતિ તો (મારી) પોતાના કરતાં બ્રાહ્મણમાં જ વિશેષ છે, તેનું કારણ (એ છે) કે સર્વ દેવો વિષ્ણુમાં રહેલા છે, (અને) સર્વ વેદો વિપ્રમાં રહેલા છે. સર્વ વેદો બ્રાહ્મણમાં રહે છે. મારામાં તો દેવો રહે છે, અને પ્રમેય કરતાં પ્રમાણ અધિક છે, કારણ કે પ્રમેયનું સાબિત થવું એ પ્રમાણને આધીન છે. (પ્રમાણથી પ્રમેય સાબિત થાય છે). આથી (ભગવાને પોતાનું) અંદરનું હૃદય જણાવેલું છે, (કે) મારે પ્રમેયબલ ક્યાં ક્યાં પ્રગટ કરવું. તેથી આ (બ્રાહ્મણો) પ્રમાણના પૂજારીઓ હોવાથી (ભગવાન્ અહિં) આમનો આદર કરે છે, એટલે આ (અહિં કહેલ) અર્થ યોગ્ય છે. ૫૪.

પરંતુ જેઓ વળી બ્રાહ્મણોનું ઉલ્લંઘન કરી, ગુરુના ઉપદેશ વિના જ પોતાની મેળે પૂજા કરવા ઈચ્છે છે તેઓ બહુ દષ્ટ બુદ્ધિવાળા છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દુષ્પ્રજ્ઞા અવિદિત્વૈવમવજાનન્ત્યસૂયવઃ ।।**
**ગુરું માં વિપ્રમાત્માનમર્ચાદાવિજ્યદૃષ્ટયઃ ।।૫૫।।**

એવું જાણ્યા વિના અર્ચા વિગેરેમાં પૂજ્યની બુદ્ધિ રાખનારા દુષ્ટ બુદ્ધિવાળાઓ ઈર્ષ્યા કરીને ગુરુની, મારી, વિપ્રની અને આત્માની અવજ્ઞા કરે છે. ૫૫.

એવો મારો અભિપ્રાય અને સિદ્ધાંત જાણ્યા વિના, બ્રાહ્મણનાં વચનોમાં ઈર્ષ્યા કરીને, તેઓની અવજ્ઞા કરે છે. તેઓમાં પણ ગુરુ મુખ્ય છે. તેમની અવજ્ઞા થતાં, પૂજા ફલ આપતી નથી; કારણ કે તે (ગુરુ) હું જ છું. વળી હું પૂજા કરનારના આત્માનું સ્વરૂપ છું, એટલે તેથી (ગુરુની અવજ્ઞાથી) આત્માની જ અવજ્ઞા થાય છે. સર્વ પોતાના માટે (કરવામાં આવતું) હોવાથી, તે (આત્માની એટલે પોતાની અવજ્ઞા) કરનારાઓ ઉત્તમ કેમ થઈ શકે ? 'અર્ચા વિગેરેમાં'(નો અર્થ એવો છે કે)

અર્ચા એટલે તીર્થ, ક્ષેત્ર વિગેરેમાં 'ઈજ્યદષ્ટયઃ' પૂજ્યની દષ્ટિ રાખનારા હોય છે. અર્ચા વિગેરેમાં વ્યવસ્થા પ્રમાણે જ પૂજા કરવી જોઈએ, પરંતુ વ્યવસ્થા વિના (પૂજા) કરવી ન જોઈએ, એવો ભાવ છે. 'પૂજામાં જ સ્નાન (કરાવવું), અલંકાર ધરવા ઈષ્ટ છે' (શ્રીમદ્‌ભાગવત ૧૧।૨૭।૧૬) એવી વ્યવસ્થા છે. ૫૫.

'છતાં પણ અર્ચા વિગેરેમાં જ ભગવાનની સમીપતારૂપ ગુણ રહેલો છે તેથી, અને (તેમાં) બીજા જીવ સાથેનાં સંબંધને લીધે થતું અભિમાન હોતું નથી, તેથી દોષ ન હોવા ઉપરાંત ગુણ રહેલો છે, તેથી બ્રાહ્મણ કરતાં અર્ચા જ ઉત્તમ છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ચરાચરમિદં વિશ્વં ભાવા યે ચાસ્ય હેતવઃ ।।**
**મદ્રૂપાણીતિ ચેતસ્યાધત્તે વિપ્રો મદીક્ષયા ।।૫૬।।**

જંગમ તથા સ્થાવર આ જગત્, અને જે આનાં કાર્યો અને કારણો છે (તે) મારાં રૂપો છે એમ (માની), વિપ્ર મારા સાક્ષાત્કારથી (તેમને) ચિત્તમાં ધારણ કરે છે. ૫૬.

બ્રાહ્મણમાં સર્વ છે, કારણ કે તે જ્ઞાન વડે પોતાની અંદર બધું વિશ્વ છે (એમ) માને છે. 'મારામાં જ સર્વ ઉત્પન્ન થએલું છે, સર્વ મારી અંદર રહેલું છે, મારામાં સર્વ લય પામે છે, (એમ માને) તે અવિનાશિ અવિકારિ બ્રહ્મ છે', કારણ કે 'ઝીણામાં ઝીણા (પદાર્થ)થી વધારે ઝીણા વિષ્ણું હું જ છું' એવી શ્રુતિ છે, અને 'જેટલી દેવતાઓ છે તે બધી ખરેખર વેદ જાણનાર બ્રાહ્મણમાં રહે છે' એવું (વાક્ય છે). તે (અર્થ) કહે છે (કે), આ જંગમ તથા સ્થાવર જગત્, અને આના મૂલ બનેલા જે પદાર્થ અથવા આનાં (જે) કાર્યો છે, અને આના જે 'હેતવઃ' કારણ બનેલાં તત્ત્વો છે, આ બધાએ ભગવાનનાં રૂપો છે એમ (માની), વિપ્ર (તેમને) પોતાના ચિત્તમાં ધારણ કરે છે. તેથી જ તે 'વિશેષેણ' સારી રીતે 'આત્માનં' પોતાને 'પૂરયતિ' પૂરે છે તેવો 'વિપ્ર' છે, કારણ કે 'પ્રા' ધાતુનો અર્થ 'પૂરવું' થાય છે. તેમાં પણ તે મારા સાક્ષાત્કારથી (તે સર્વને પોતાના ચિત્તમાં ધારણ કરે છે), 'મમ' મારો 'ઈક્ષા' સાક્ષાત્કાર એટલે ભગવાનનો સાક્ષાત્કાર. ભગવાનને (પોતાના ચિત્તમાં) પધરાવી ભગવાનનાં રૂપોને પણ પધરાવે છે. અથવા આરંભમાં મારો (ભગવાનનો) સાક્ષાત્કાર થતાં જ્યારે પોતાની અંદર મને જૂએ છે, ત્યારે મારી અંદર જંગમ અને સ્થાવર (જગત્) પણ જૂએ છે; તેથી બ્રાહ્મણમાં જંગમ અને સ્થાવર બધુંએ (જગત્) રહેલું છે, એવો અર્થ છે. ૫૬.

એ પ્રમાણે બ્રાહ્મણની શ્રેષ્ઠતા વર્ણવી, નીચેના શ્લોકમાં (શ્રુતદેવે) જે કરવાનું છે તે કહે છેઃ

**તસ્માદ્બ્રહ્મઋષીનેતાન્ બ્રહ્મન્ મચ્છ્રદ્ધયાઽર્ચય ।।**
**એવં ચેદર્ચિતોઽસ્મ્યદ્ધા નાન્યથા ભૂરિભૂતિભિઃ ।।૫૭।।**

તેથી હે બ્રાહ્મણ ! મારામાં છે તેવી શ્રદ્ધાથી આ બ્રહ્મર્ષિઓનું પૂજન કર. એમ કરીશ તો હું ખરેખર ઘણા વૈભવથી પૂજાએલો હોઈશ, બીજી રીતે (હું પૂજાએલો) નહિ હોઉં. ૫૭.

અને આ બ્રાહ્મણો તેવા (વેદના) બંને કાંડમાં પ્રવીણ છે એમ જણાવવા, 'બ્રહ્મર્ષિ' પદ યોજેલું છે. 'હે બ્રાહ્મણ !' એ સંબોધનથી (એમ જણાવ્યું છે કે) તું પણ તેવો જ છે. તેથી એમ પણ જણાવ્યું કે જો તું (આમની પૂજા) નહિ કરે તો બીજો પણ કોઈ કરશે નહિ. વળી હરકોઈ પ્રકારે એક બ્રાહ્મણનું પૂજન થતાં હું ઘણા વૈભવથી પૂજાએલો હોઈશ. ૫૭.

એ પ્રમાણે ઉપદેશ કરેલા શ્રુતદેવે તે જ પ્રમાણે કર્યું એમ નીચેના શ્લોકમાં (શ્રી શુક) કહે છે:

શ્રીશુક કહે છેઃ

**સ ઈત્થં પ્રભુણાદિષ્ટઃ સહકૃષ્ણાન્દ્વિજોત્તમાન્ ।।**
**આરાધ્યૈકાન્તભાવેન મૈથિલશ્ચાપ સદ્ગતિમ્ ।।૫૮।।**

એ પ્રમાણે પ્રભુએ આજ્ઞા કરેલા તેણે શ્રીકૃષ્ણ સહિત ઉત્તમ બ્રાહ્મણોનું અનન્ય ભક્તિથી પૂજન કર્યું, અને તેણે અને મૈથિલે સદ્ગતિ પ્રાપ્ત કરી. ૫૮.

(શ્રીકૃષ્ણ) પ્રભુ હોવાથી, તેમની (આજ્ઞાનું) ઉલ્લંઘન થઈ શકે તેમ ન હતું. પછી 'સહકૃષ્ણાન્' ભગવાન્ સહિત, (તેમના) સ્થાનરૂપ 'દ્વિજોત્તમાન્' સ્વભાવથી પણ ઉત્તમ તે બ્રાહ્મણોનું 'એકાંતભાવેન' અનન્ય ભક્તિથી પૂજન કરી, તેણે સદ્ગતિ પ્રાપ્ત કરી. સત્પુરુષોની જે ગતિ એટલે ભગવાનનું સાયુજ્ય તે જ સમયે અથવા બીજા સમયે (પાછલથી) પ્રાપ્ત કર્યું; અને મૈથિલે (મિથિલાના રાજાએ) (તેનો) દેહ પડ્યો ત્યારે ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કર્યું. 'ચ' 'અને' શબ્દથી (એમ કહેલું છે કે) તેવી રીતે (પૂજનમાં) પ્રવૃત્ત થએલા તેમના સંબંધીઓએ પણ (ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કર્યું). ૫૮.

એ પ્રમાણે ભગવાનનું ચરિત્ર વર્ણવી, બીજું ચરિત્ર કહેવા માટે ભગવાન્ પાછા (દ્વારકા) પધાર્યા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં સ્વભક્તયો રાજન્ ભગવાન્ ભક્તભક્તિમાન્ ।।**
**ઉષિત્વાદિશ્ય સન્માર્ગં પુનર્દ્વારમતીગાત્ ।।૫૯।।**

હે રાજન્ ! ભક્તો ઉપર ભક્તિવાળા ભગવાન્ એ પ્રમાણે પોતાના ભક્તો પાસે રહી તેમને સન્માર્ગનો ઉપદેશ કરી, પાછા દ્વારકા પધાર્યા. ૫૯.

'હે રાજન્!' એવું સંબોધન (પરિક્ષિતને આ કથામાં) વિશ્વાસ રહે તે માટે (કરેલું છે). (ભગવાને) પોતે (મિથિલા) પધારી (ઉપદેશ) કરવાનું કારણ 'ભક્તો ઉપર ભક્તિવાળા' એ વિશેષણથી કહેલું છે. મૈથિલનાં વાક્ય પ્રમાણે મૈથિલના ઘરમાં રહી, અને શ્રુતદેવના વાક્ય પ્રમાણે તેને સન્માર્ગનો ઉપદેશ કરીને (પાછા દ્વારકા પધાર્યા). સત્પુરુષોની ગતિ ભગવાન્ છે, અને તેમાં માર્ગ બનેલા બ્રાહ્મણો છે, તેથી તેઓના (બ્રાહ્મણોના) ભજનનો ઉપદેશ કરી, (ભગવાન્) પાછા પોતાના સ્થાનમાં પધાર્યા, એવો અર્થ છે. ૫૯.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધનાં વિવરણમાં**
**સાડત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય આડત્રીસમો

## શ્રુતિઓએ ભગવાનની સ્તુતિ કરી

## ''જીવે ભગાવાનની ભક્તિ કરવી'' એમ સિદ્ધ કર્યું.

**શબ્દાર્થયોરુત્તમયોઃ સમ્બન્ધો યાદશો મતઃ ।।**
**તં વિવેચયિતું કૃષ્ણઃ શ્રુતિગીતં ચકાર હ ।।૧।।**

ઉત્તમ[૧] શબ્દ અને અર્થનો જેવો[૨] સંબંધ[૨] માનવામાં[૨] આવેલો છે તેનું વિવેચન કરવા[૩] વ્યાસે શ્રુતિગીત[૩] રચેલું છે. કા.૧.

**પ્રમાણં બ્રાહ્મણઃ પ્રોક્તઃ પ્રમેયમપિ વૈ બૃહત્ ।।**
**સ એવ ભગવાન્ કૃષ્ણસ્તતો ભજનમીરિતમ્ ।।૨।।**

બ્રાહ્મણને[૪] પ્રમાણ કહેલ છે, અને પ્રમેય પણ[૫] બ્રહ્મ[૫] છે. ભગવાન્ શ્રીકૃષ્ણ તે જ છે, તેથી ભજન કહેલું[૬] છે. કા.૨.

**તત્રોપપત્તિઃ પ્રષ્ટવ્યા વાચ્યવાચકનિર્ણયે ।।**
**અતો રાજા શ્રુતીનાં વૈ નિર્ણયાર્થમપૃચ્છત ।।૩।।**

---

૧. 'ઉત્તમ શબ્દ' એટલે વેદ. 'ઉત્તમ અર્થ' એટલે બ્રહ્મ. (લે).

૨-૨-૨. 'જેવો સંબંધ' એટલે જેનું વિધાન કરવામાં આવે છે (વાચ્ય) અને જે વિધાન કરે છે (વાચક) તે રૂપ સંબંધ. શબ્દના વ્યુત્પત્તિ પ્રમાણેના અર્થરૂપ. અથવા સમાનતાથી થતા અર્થરૂપ અથવા તાત્પર્ય જણાવનારો એવા ત્રણ પ્રકારના સંબંધો પૈકી જે પ્રકારનો સંબંધ મોટા પુરુષોએ સ્વીકારેલો છે તેવાનું વિવેચન કરવા. (લે).

૩-૩. વ્યાસજી વિવેચન કરે છે, અને (તે વિવેચનથી) આપણે જાણીએ છીએ, આથી એમ કહેવાયુ કે વ્યાસજીને વિવેક (જ્ઞાન) તો છે જ, પરંતુ આપણને વિવેક પ્રાપ્ત થાય તે માટે વ્યાસજી એ આ શ્રુતિગીતા રચેલી છે. ઈક્ષત્યધિકરણ (બ્રહ્મસૂત્ર ૧।૧।૪થી૧૦)માં જણાવેલ અર્થ આથી દઢ થાય છે. (લે). આ અધિકરણમાં એમ સાબિત કરેલું છે કે સર્વ વેદો બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. 'જ્યાંથી વાણી પાછી ફરે છે' વિગેરે શ્રુતિ પ્રમાણે ભગવાનનો વ્યવહાર થઈ શકતો નથી, છતાં પણ 'તેમણે ઈચ્છા કરી...' એ શ્રુતિ પ્રમાણે ભગવાનનો તેમની ઈચ્છાથી વ્યવહાર થાય છે જ. ચક્ષુ વિગેરે ભગવાનને પહોંચી શકતાં નથી, છતાં પણ ભગવાનના વિશ્વાસરૂપ વેદ તેમનું નિરૂપણ કરે છે.

૪. શ્રુતદેવ પ્રમાણને મુખ્ય માનનાર હોવાથી પ્રમાણરૂપ છે. (લે).

૫-૫. 'જેટલી દેવતાઓ છે તે સર્વ વેદ જાણનાર બ્રાહ્મણમાં રહેલી છે' એ વાક્ય (જૂઓ પાછલા અધ્યાયના શ્લોક ૫૬ પરના સુબોધિનીજી) પ્રમાણે બ્રાહ્મણ પ્રમેય પણ છે, એમ જણાવવા 'પણ' શબ્દ યોજેલ છે. પ્રમેયની સાબિતિ પ્રમાણને આધીન છે, એ ન્યાય પ્રમાણે પ્રમેય પ્રમાણ ઉપર આધાર રાખતું હોવાથી, (પ્રમેય અને પ્રમાણની) આધાર રાખનાર અને આશ્રય આપનાર ની સ્થિતિ યોગ્ય ઠરે તે માટે આ કહેલું છે એવો અર્થ છે. (લે).

૬. છેલ્લા (પચાસમા) શ્લોકમાં ભજન કરવાનું કહેલું છે, તેનું કારણ અહિં કહે છે. (લે).

તેમાં[7] જે કહેવાનું છે[8] તેના સંબંધમાં કહેનારના[9] નિર્ણય વિષે યોગ્યતા પૂછવી જોઈએ. તેથી રાજાએ શ્રુતિના નિર્ણયવાળા અર્થનો પ્રશ્ન કર્યો. કા.૩.

**સગુણં ચેદ્વેદવાચ્યં બ્રાહ્મણાસ્તત્ર ચ સ્થિતાઃ ।।**
**તતોऽત્ર ભગવાનેવ પૂજ્યો નાન્યો કથઞ્ચન ।।૪।।**

વેદ જેનું વિધાન કરે છે[9] તે જો સગુણ હોય, અને જો બ્રાહ્મણો તેમાં રહેલા[10] (કુશલ) હોય, તો આ સંબંધમાં ભગવાન જ પૂજા કરવા યોગ્ય છે, બીજો કોઈ કોઈ રીતે પૂજા કરવા યોગ્ય નથી[11]. કા.૪.

**મતાન્તરોક્તિરેષા હિ સિદ્ધાન્તે વૈદિકે તથા ।।**
**અનન્તગુણપૂર્ણો હિ હરિર્બ્રહ્મ શ્રુતિસ્તથા ।।૫।।**
**ત્રયમેકં સ્વશક્તિં હિ ત્રેધા સ્વસ્મિન્નિધાય હિ ।।**
**ફલપ્રમેયમાનત્વં સચ્ચિદાનન્દતાં ગતમ્ ।।૬।।**

આ બીજાના મત તરીકે કહેલું[12] છે. કારણ કે વૈદિક સિદ્ધાંતમાં તે યોગ્ય છે[7,8]. તે જ પ્રમાણે ૧.અનંત ગુણોથી ભરપૂર[13] હરિ ૨.બ્રહ્મ[14] તથા ૩.શ્રુતિ ત્રણે એક છે. ખરેખર પોતાની ત્રણ પ્રકારની[15] શક્તિનો પોતાની અંદર સ્વીકાર કરીને ૧.ફલ[16] ૨.પ્રમેય[16] અને ૩.પ્રમાણ[16] અને સત્ ચિત્ અને આનંદ[17] થાય છે. કા.૫-૬.

---

૭-૭. 'તેમાં' એટલે 'પ્રમાણ, પ્રમેય અને ભજન મધ્યે'. (લે).
૮-૮. 'જે કહેવાનું છે' એટલે જેનું વિધાન કરવામાં આવે છે તે પ્રમેય બ્રહ્મ. (લે).
૯-૯. 'કહેનાર' એટલે 'પ્રમાણ' (શ્રુતિ). (લે). ૧૦. 'સ્થિતાઃ' એટલે 'ઘણા કુશલ'. (લે)
૧૧. આ કારિકામાં ત્રીજી કારિકામાં જણાવેલા નિર્ણય કરવાનું પ્રયોજન કહેલું છે. (લે).
૧૨. ગૂઢ અર્થ કહેવામાં મોટા પુરુષોની સંમતિ જણાવવી યોગ્ય છે. તેથી આ સનંદનના મત તરીકે કહેલ છે, (જૂઓ શ્લોક બારમો), પરંતુ આ મતાંતર ભાષા નથી, કારણ કે સુડતાલીસમા શ્લોકમાં આ અર્થમાં વ્યાસજીની સંમતિ જણાવેલી છે. (લે).
૧૩. 'અનંત ગુણોથી ભરપૂર' એટલે 'સર્વ શક્તિમાન હરિ' શ્રીકૃષ્ણ. (લે).
૧૪. 'બ્રહ્મ' એટલે 'અક્ષર'. (લે)
૧૫. ત્રણ પ્રકારે રહેલી પોતાની શક્તિનો પોતાની અંદર સ્વીકાર કરીને. (લે)
૧૬-૧૬-૧૬. શ્રીકૃષ્ણ ફલ છે, બ્રહ્મ પ્રમેય છે, અને શ્રુતિ પ્રમાણ થાય છે. (લે)
૧૭. આ ઉલટા ક્રમથી કીધેલા છે. આનંદ અંશનો મુખ્ય રીતે સ્વીકાર થતાં શ્રીકૃષ્ણ થાય છે, ચિત્ અંશનો મુખ્ય રીતે સ્વીકાર થતાં બ્રહ્મ થાય છે, અને સત્ અંશનો મુખ્ય રીતે સ્વીકાર થતાં શ્રુતિ થાય છે. આ સત્, ચિત્ અને આનંદ સ્વરૂપના ધર્મો હોવાથી મુખ્ય છે, અને તેથી તેમને 'શક્તિ' કહેવા એ યોગ્ય છે એમ 'હિ' શબ્દથી જણાવ્યું છે. તે સ્વરૂપના ધર્મો હોવાથી તેમને સ્વીકારવા એ પણ યોગ્ય છે એમ જણાવવા (છઠ્ઠી કારિકાના પૂર્વાર્ધમાં) બીજો 'હિ' શબ્દ યોજેલ છે. (લે)

**તથાપિ સાંખ્યસિદ્ધાંતે તથા તદુપજીવકે ।।**
**વૈષ્ણવેઽન્યત્ર વા વાચ્યં શ્રુતિસંગ્રહણં તથા ।।૭।।**

છતાં પણ[૧૮] સાંખ્ય સિદ્ધાંત પ્રમાણે, તેમ જ તેના ઉપર આધાર રાખનાર[૧૯] વૈષ્ણવ સિદ્ધાંત પ્રમાણે, અથવા બીજે[૨૦] (બીજા સિદ્ધાંત પ્રમાણે) શ્રુતિનો અર્થ તે પ્રમાણે[૨૧] કરવામાં આવે છે. કા.૭.

**અષ્ટત્રિંશે શ્રુતીનાં હિ યથા વાચ્યં બૃહદ્બવેત્ ।।**
**તદર્થં પૂર્વપક્ષાદિસિદ્ધાન્તફલમીર્યતે ।।૮।।**

૩૮મા અધ્યાયમાં જેમ શ્રુતિઓથી બ્રહ્મનું વિધાન થાય તે માટે જેના આરંભમાં પૂર્વપક્ષ કરેલ છે તેવો સિદ્ધાંત[૨૨] અને ફલ કહેવામાં આવે છે[૨૩]. કા.૮.

ભગવાનના ગુણનો વિરોધ[૧] દૂર કરવામાં આવતાં, રાજા નીચેના શ્લોકમાં પ્રમાણના વિરોધ[૧]ની શંકા કરે છેઃ

પરિક્ષિત્ કહે છેઃ

**બ્રહ્મન્ બ્રહ્મણ્યનિર્દેશ્યે નિર્ગુણે ગુણવૃત્તયઃ ।।**
**કથં ચરન્તિ શ્રુતયઃ સાક્ષાત્ સદસતઃ પરે ।।૧।।**

હે બ્રહ્મન્! નિર્દેશ ન થઈ શકે તેવા, ગુણરહિત, સત્ અને અસત્થી

૧૮. '(શ્રુતિ, બ્રહ્મ અને શ્રીકૃષ્ણ સર્વનું) સ્વરૂપ એક જ હોય તો શ્રુતિઓને ભાટનું દૃષ્ટાંત (શ્લોક તેરમામાં) આપેલું છે તે કેમ યોગ્ય ગણાય?' તે અહિં જણાવે છે. (લે)
૧૯. સાંખ્ય ઉપર આધાર રાખનાર સગુણ વૈષ્ણવ સિદ્ધાંત. (લે)
૨૦. 'બીજે' એટલે 'મુખ્ય ભક્તિ સિદ્ધાંતમાં. (લે)
૨૧. 'તે પ્રમાણે' એટલે 'ભક્ત તરીકે'; કારણ કે સાંખ્ય અને સગુણ વૈષ્ણવ સિદ્ધાંતમાં ભેદ હોઈ શકે છે. ભક્તિ સિદ્ધાંત પ્રમાણે પણ બ્રહ્મસૂત્ર ૩।૩।૧૧માં જણાવ્યું છે કે આનંદ માત્ર ભગવાનમાં જ છે. (તેથી જીવ અને ભગવાનનો ભેદ સંભવે છે). તેથી જ શ્રુતિઓને ગોપીઓ કહેલી છે એવો ભાવ છે. માત્ર જ્ઞાનમાર્ગમાં જ ભગવાન્ અને જીવ સરખા હોય તેવો વ્યવહાર કરવામાં આવે છે. તેથી અહિં ભાટનું દૃષ્ટાંત આપ્યું તે યોગ્ય જ છે એવો ભાવ છે. (લે).
૨૨. 'પૂર્વ પક્ષ આદિ છે જેનો' એ પ્રમાણે તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ લેવો. તેવો સિદ્ધાંત (એટલે પૂર્વપક્ષ અને સિદ્ધાંત). (લે)
૨૩. જેથી (બ્રહ્મનું શ્રુતિ) કેવી રીતે વિધાન કરે છે તે પ્રકાર સિદ્ધ થાય એવો અર્થ છે. (લે)
૧-૧. ગયા અધ્યાયમાં 'વીર્યવાળાની બેનનું હરણ થવું સંભવે નહિ' એવી શંકા થઈ ત્યારે તેનું એવી રીતે સમાધાન કર્યું કે ભગવાનનું વીર્ય લૌકિક નથી, પરંતુ અલૌકિક છે. એમ કહ્યું તેથી એમ જણાયું કે ભગવાન્ અલૌકિક છે. ચક્ષુ વિગેરે પ્રમાણો તથા શ્રુતિઓ જે ગુણવાળા પદાર્થો છે, તેમનાથી આવા અલૌકિક ભગવાનનું જ્ઞાન કેવી રીતે થાય, એવી (રાજાને) શંકા થાય છે, એવો અર્થ છે. (લે)

ઉત્તમ બ્રહ્મને ગુણ જણાવવાની શક્તિવાળી શ્રુતિઓ સાક્ષાત્ કેવી રીતે ગ્રહણ કરે? ૧.

બ્રહ્મને શ્રુતિઓ સાક્ષાત્ કેવી રીતે ગ્રહણ કરે? એવો પ્રશ્ન છે. શ્રુતિઓનો અર્થ એક[૨] હોવાથી, (તે બધી) એક વાક્ય (એક અર્થ જણાવનારી) છે, તેથી અહિં શ્રુતિઓ એક અર્થ જણાવનારી છે એમ સ્વીકારીને રાજા આ પ્રશ્ન કરે છે. ત્યારે[૩] બ્રહ્મ વેદોનો તાત્પર્યાર્થ છે, અથવા વાક્યાર્થ (વ્યુત્પત્તિથી થતો અર્થ) છે? એવો પ્રશ્ન કરે છે. શ્રુતિઓનો બ્રહ્મ અખંડ જ વાક્યાર્થ છે એવો મત નહિ જાણવાથી પ્રશ્ન કરે છે. (સ્મરણ કરવામાં આવતા)[૪] પદાર્થો કરણતા[૫] પ્રાપ્ત કરી, પોતાના સંબંધવાળા[૬] વાક્યના અર્થને જણાવે છે એમ (રાજા) માને છે. અને (૧) [૭]'અને સર્વ વેદોથી મારું જ જ્ઞાન થાય છે', 'સર્વ વેદો જેમના પદને પૂજે છે' વિગેરે શ્રુતિ અને સ્મૃતિથી સર્વ વેદો એક જ અર્થ જણાવનારા છે, એમ જણાય છે; અને (૨) [૮]શ્રુતિઓ ભગવાનની અનેક પ્રકારની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનું નિરૂપણ કરે છે, અને શક્તિને ગુણવાળી જણાવે છે. તેથી શબ્દોનો સંકેત લૌકિક જ હોવાથી[૯], અલૌકિક વસ્તુનો સંકેત નહિ હોવાથી, શ્રુતિઓ સગુણ પદાર્થ જણાવનારી છે.

---

૨. 'બધીએ શ્રુતિઓ (બ્રહ્મ)ના ગુણ જણાવનારી નથી, પરંતુ કેટલીક જ ગુણ જણાવે છે, જ્યારે 'બ્રહ્મ, સત્ય, જ્ઞાન, અનંત છે' વિગેરે (બ્રહ્મનું) સ્વરૂપ જણાવે છે. તેથી બધીએ ગુણ જણાવનારી છે એમ માની પ્રશ્ન કરવો યોગ્ય નથી', એવી શંકા થાય તેથી આ (વાક્ય) કહેલું છે. (લે).

૩. 'ત્યારે' એટલે '(બધી શ્રુતિઓનો) એક જ અર્થ છે ત્યારે'. બ્રહ્મ શ્રુતિઓનો વાક્યાર્થ નથી એમ 'નિર્દેશ ન થઈ શકે તેવા' અને 'ગુણરહિત' એ બે વિશેષણોથી કહે છે, અને 'સત્ અને અસત્થી ઉત્તમ' એ વિશેષણથી કહે છે. (લે)

૪. અહિં 'સ્મરણ કરવામાં આવતા' એ શબ્દ અધ્યાહાર છે. (લે)

૫. 'કરણતા' એટલે સમાનપણું. શબ્દથી પદાર્થનું સ્મરણ થાય છે, અને તેથી તેમના સંબંધવાળો અર્થ સમજાય છે, એવો ભાવાર્થ જણાય છે.

૬. 'પોતાના' એટલે 'પદાર્થોના'. પદાર્થના સંબંધથી જે વાક્યાર્થનું જ્ઞાન થાય તે સખંડ (વિભાગવાળું) જ થાય, એમ રાજા માને છે, અને અખંડ વાક્યાર્થ થાય છે એમ તે માનતો નથી, એવો અર્થ છે. (લે).

૭. પૂર્વપક્ષ રાજા કરે છે. તેના સંશયનો આ પહેલો પક્ષ છે. આનો અર્થ એવો છે કે બ્રહ્મ જ (વેદોનો) વાક્યાર્થ છે. (લે).

૮. આ સંશયનો બીજો પક્ષ કહે છે. આનો અર્થ એવો છે કે શ્રુતિઓ ગુણવાળી (સગુણ) હોવાથી નિર્ગુણ બ્રહ્મ જણાવી શકતી નથી. (લે).

૯. આ શબ્દથી આ અર્થ જાણવો, એવી શબ્દની અર્થ જણાવવાની શક્તિ 'સંકેત' કહેવાય છે.

તેઓ ભગવાનના સંબંધવાળા અલૌકિક પદાર્થોનું સ્મરણ કેવી રીતે કરાવે?[10] જો (તે ભગવાનના સંબંધવાળા પદાર્થો) લૌકિક હોય તો તેમની સાથેના (બ્રહ્મના) સંબંધને લીધે, બ્રહ્મ લૌકિક થઈ જાય. તેથી પૂર્વપક્ષ પ્રમાણે વેદો સાધનમાં જ તત્પર છે[11]. તેથી[12] પોતાની મેળે જ પ્રકાશનારું અને પોતાના અનુભવથી જેનું જ્ઞાન થાય છે તેવું બ્રહ્મ પ્રસન્ન થશે ત્યારે કૃતાર્થ કરશે; એટલે પ્રમેય (બ્રહ્મ)ના બલથી જ કાર્ય પાર પડશે[13], (પરંતુ) પ્રમાણ (વેદ)ના બલથી પાર પડશે નહિ, એવો પૂર્વપક્ષ છે. 'નિર્દેશ ન થઈ શકે તેવા' એ વિશેષણથી બ્રહ્મ અલૌકિક હોવાનું કારણ કહેલું છે. નિર્દેશ એટલે 'આ ઘડો છે, આ વસ્ત્ર છે' એમ લૌકિક બુદ્ધિથી ગ્રહણ થવાપણું. વિચાર કરવામાં આવે ત્યારે બૃહત્પણું (સર્વથી અધિક અથવા સર્વથી જૂના હોવાપણું), બૃંહણપણું (વધ્યા કરવાપણું) એવી (બ્રહ્મ શબ્દની) વ્યુત્પત્તિ પણ લૌકિક ધર્મ (ગુણ)થી જૂદું (બ્રહ્મ છે એમ જણાવનારી) હોવાથી, બ્રહ્મમાં જ ઘટે છે, તેથી 'બ્રહ્મ' પદ અયોગ્ય નથી જ; કારણ કે

**અવાચ્યઃ સર્વશબ્દાનાં બુદ્ધ્યા વાચ્યો નિગદ્યતે ।।**
**તતઃ સમાનધર્મેણ વ્યવહારો નિરૂપ્યતે ।।૯।।**

સર્વ શબ્દોથી જેમનું નિરૂપણ થતું નથી, તેમનું બુદ્ધિથી નિરૂપણ થતું કહેવાય છે. તેથી સમાન ધર્મથી (તેમનો) વ્યવહાર (થાય છે) એવો નિર્ણય કરવામાં આવે છે. કા.૯.

વળી 'નિર્ગુણે' ગુણરહિત બ્રહ્મમાં શ્રુતિઓ ગુણ જણાવનારી હોવાથી, શબ્દોથી ગુણ જણાવે છે. તેમ (ગુણ જણાવતી) ન હોય[14] તો, સર્વ સ્થલે એક જ અર્થ બ્રહ્મ જણાવનારી હોવાથી શબ્દના અર્થ સાથેના સંબંધને લીધે જણાવનારી

---

૧૦. શબ્દની અર્થ જણાવવાની શક્તિ ગુણવાળી છે એમ સિદ્ધ કરે છે. શબ્દોના અર્થનું જ્ઞાન, વાક્યના અર્થનું જ્ઞાન થવાનું સાધન છે. ભગવદીય પદાર્થો લૌકિક પદાર્થથી જૂદા પ્રકારના છે. ગયા અધ્યાયમાં જણાવ્યું છે તેવું દાન કરવાનું વીર્ય લોકમાં હોતું નથી, અને સર્વ પ્રકારે લોકથી વિરુદ્ધ છે. શબ્દોનો સંકેત તો લૌકિક જ છે, તેથી શબ્દોથી (લૌકિક પદાર્થનું જ્ઞાન થાય, પરંતુ) અલૌકિક પદાર્થનું જ્ઞાન ન થાય, કારણ કે એક પ્રકારના હોય તે જ એક બીજાનું સ્મરણ કરાવે. તેથી વેદથી જે અર્થનું જ્ઞાન થાય તે ગુણવાળા લૌકિક જ હોઈ શકે. (લે)
૧૧. આ પૂર્વપક્ષ પ્રમાણે ગુણરહિત હોવાથી, લોકની પેઠે ધર્મો જણાવવાથી આ (ગુણરહિત) ધર્મી જણાય નહિ, એવો ભાવ છે. (લે).
૧૨. 'તેથી' એટલે 'વેદથી બ્રહ્મનું જ્ઞાન થઈ શકે તેમ નહિ હોવાથી' એવો અર્થ છે. (લે)
૧૩. 'કાર્ય પાર પડશે' એટલે 'બ્રહ્મનું અજ્ઞાન પ્રાપ્ત થશે'. (લે)
૧૪. 'તેમ ન હોય તો' એટલે '(શ્રુતિઓ) શબ્દોથી બ્રહ્મનું જ્ઞાન કરાવતી હોય તો'. (લે)

ન રહે, અને બ્રહ્મને ગુણો છે એમ સ્વીકારવામાં આવે તો અદ્વૈતનો નાશ થાય. તેથી ગુણરહિત બ્રહ્મને શ્રુતિઓ સાક્ષાત્ કેવી રીતે ગ્રહણ કરે? 'તેમણે (ભગવાને) જ કાર્ય[૧૫] અને કારણની[૧૫] સ્થિતિ પ્રાપ્ત કરેલી છે. તેથી તેમનાં (કાર્ય અને કારણનાં) નિરૂપણ મારફત તે (કાર્ય અને કારણ) જણાવવામાં પરિણામ પામતી (શ્રુતિઓ) તેમની મારફત ધર્મી (બ્રહ્મ)માં પરિણામ પામશે, એટલે ગૌણી લક્ષણાથી[૧૫] અથવા તાત્પર્ય (જણાવવા)ની શક્તિથી તેઓ બ્રહ્મ જણાવનારી થશે' એવી શંકા થાય, તેથી 'સત્ અને અસત્થી ઉત્તમ' એ વિશેષણ યોજેલું છે. 'કાર્ય અને કારણની વાર્તા નહિ જાણનાર' (એવો તેને અર્થ છે). તે પોતાના આનંદથી પૂર્ણ (બ્રહ્મ)ને કાર્ય અથવા કારણનું શું પ્રયોજન ? તેથી સંબંધ[૧૬] નહિ હોવાથી, ગુણો નહિ હોવાથી, અને અજ્ઞાનને જ[૧૭] લીધે તાત્પર્ય નહિ હોવાથી, કોઈ પણ પ્રકારે શ્રુતિઓથી જેનું જ્ઞાન થાય તેવું બ્રહ્મ નથી, એવો અર્થ છે. ૧.

નીચેના શ્લોકથી (શ્રીશુક) સિદ્ધાંત કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**બુદ્ધીન્દ્રિયમનઃપ્રાણાઞ્જનાનામસૃજત્ પ્રભુઃ ।।**
**માત્રાર્થં ચ ભવાર્થં ચ આત્મનેઽકલ્પનાય ચ ।।૨।।**

૧.જગતને માટે અને ૨.ઉદ્ભવ માટે, ૩.આત્માને માટે અને ૪.કલ્પના ન થાય (અથવા થાય) તે માટે, પ્રભુએ જીવોના ૧.બુદ્ધિ, ૨.ઈન્દ્રિય, ૩.મન અને ૪.પ્રાણો સર્જેલા છે. ૨.

આ વિષયમાં[૧] પૂર્વપક્ષ કરનારને પૂછવું કે શ્રુતિથી જેનો નિર્ણય થએલ છે તેવાં, શ્રુતિથી જણાએલ બ્રહ્મનો વિચાર કરવાનું તું જણાવે છે કે (તારી) પોતાની બુદ્ધિથી કલ્પેલા બ્રહ્મનો? જો પહેલાં જણાવેલું (શ્રુતિથી જેનો નિર્ણય થએલ તેવું, શ્રુતિથી જણાએલ) હોય તો (શ્રુતિઓ બ્રહ્મને) જણાવે છે એ (વિષય)માં

૧૫-૧૫-૧૫. શબ્દનો મુખ્ય (વ્યુત્પત્તિથી થતો) અર્થ બંધ બેસતો ન હોય ત્યારે. રૂઢિ અથવા પ્રયોજનને લીધે તે અર્થના સંબંધવાળો બીજો અર્થ લેવામાં આવે તેને 'લક્ષણા' કહે છે. આ બે અર્થમાં સરખાપણું હોવાને લીધે આવો બીજો અર્થ લેવામાં આવે, તે 'ગૌણી લક્ષણા' કહેવાય છે.

૧૬. બ્રહ્મનો નિર્દેશ થતો નહિ હોવાથી, ઘડો વિગેરે શબ્દ તથા અર્થમાં જેવો સંબંધ છે તેવો સંબંધ બ્રહ્મને નહિ હોવાથી, એવો અર્થ છે. (લે).

૧૭. કાર્ય અને કારણની વાર્તાનું જ્ઞાન નહિ હોવાથી, એવો અર્થ છે. (લે).

૧-૧-૧. પૂર્વપક્ષીને ઉત્તર આપે છે તેમાં બુદ્ધિની સૃષ્ટિ કરેલી છે. તેથી એમ સૂચવ્યું છે કે બુદ્ધિથી જ વેદનો અર્થ વિચારવો જોઈએ. તેથી આ ઉત્તરમાં તેવો વિચાર જણાવે છે. (લે)

સંદેહ રહેતો નથી. પ્રકારનો[2] હોય તો વિચાર કરવામાં આવશે. બીજો (પોતાની) બુદ્ધિથી કલ્પેલા બ્રહ્મસંબંધી પક્ષ તો અસત્ય અને સારા પુરુષોએ ગણના ન કરવા યોગ્ય છે. વેદાંતોમાં જેવું બ્રહ્મ જણાએલું છે તેવું જ (તે છે એમ) માનવું જોઈએ. તે (વેદાંતો)માં શ્રુતિ એમ જણાવે છે કે (સર્વનું) મૂલ થએલ (બ્રહ્મ) સર્વ વ્યવહારથી પર (કોઈપણ પ્રકારનો વ્યવહાર ન થાય તેવું) હોવા છતાં, (તે) પોતે જ પોતાની શક્તિ ના રૂપથી[3], પોતાના ગુણોના રૂપથી[1] અને પોતાનાં કાર્યોનાં રૂપથી[1] ઉત્પન્ન થાય છે, (તેવાં રૂપો ધારણ કરે છે); અને પોતે જ (તેમ) કહે[4] છે. તેથી[5] બધુંએ[6] (બ્રહ્મ) માત્ર શ્રુતિથી[7] જ જણાઈ શકે તેવું હોવાથી[7], અને લોકના

૨. છૂટાં છૂટાં વાક્યો તાત્પર્યવૃત્તિથી બ્રહ્મનું નિરૂપણ કરે છે, અને અભિધા (વ્યુત્પત્તિ પ્રમાણે થતો અર્થ જણાવવાની) વૃત્તિથી ભગવાનના ધર્મો જણાવે છે, એ પ્રમાણે મહાવાક્ય (આખો વેદ) ભગવાનનું નિરૂપણ કરે છે એવો પ્રકાર, એવો અર્થ છે (લે)

૩. આ ત્રણ શબ્દોથી પૂર્વપક્ષમાં પહેલા શ્લોકમાં બ્રહ્મનાં જે ત્રણ વિશેષણો કહ્યાં તે ખોટાં છે એમ જણાવે છે. (૧) બ્રહ્મ પોતાનો વ્યવહાર થઈ શકે તેવું નથી એમ જાણી પોતે પોતાની શક્તિરૂપ થયું તેથી બ્રહ્મ અલૌકિક જ્ઞાન અને ક્રિયાશક્તિવાળું હોવાથી વૈદિક શબ્દોથી તેનો નિર્દેશ થાય છે. (૨) બ્રહ્મસૂત્ર ૩।૨।૨૯માં જણાવ્યું તે પ્રમાણે બ્રહ્મ પોતાના ધર્મરૂપથી પ્રકટ થયું. તેથી બ્રહ્મ નિર્ગુણ નથી. બ્રહ્મ નિર્ગુણ ન હોય તો દ્વૈત થાય એવો જે પૂર્વપક્ષીએ દોષ જણાવેલ તે પણ ખોટો છે, કારણ કે બ્રહ્મસૂત્ર ૩।૨।૨૭થી ૨૯માં જણાવ્યા પ્રમાણે બ્રહ્મ પોતે જ પોતાના ધર્મરૂપ થએલ હોવાથી દ્વૈત થતું નથી. (૩) તેમ જ લોકની રીત પ્રમાણે હું વ્યવહાર કરવા યોગ્ય થાઉં એવી પોતાની ઈચ્છાથી બ્રહ્મ પોતાનાં કાર્યરૂપથી પ્રકટ થયું, તેથી તે કાર્ય અને કારણની વાર્તાથી અજ્ઞાન નથી. આ ત્રણે શબ્દોમાં 'સ્વ' 'પોતાના' એ વિશેષણ છે તેથી એમ કહેલું છે કે (૧) બ્રહ્મની જ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બ્રહ્મરૂપ છે, પરંતુ ઉત્પન્ન થએલી, અને જેનો વ્યવહાર થાય છે તેવી આપણા જેવા જીવોની શક્તિ તેવી નથી. (૨) બ્રહ્મના જ ધર્મો બ્રહ્મરૂપ છે, પરંતુ પરતંત્ર હોવું વિગેરે આપણા જેવા જીવોના ધર્મો તેવા નથી અને (૩) બ્રહ્મનું જ કાર્ય બ્રહ્મરૂપ છે, પરંતુ ઝાંઝવાના જળ, સ્વપ્નમાં દેખાતી સૃષ્ટિ વિગેરે અવિદ્યાથી થએલ કાર્યો તેવાં નથી. (લે)

૪. ઉપરની નોટમાં જણાવ્યા પ્રમાણે બ્રહ્મના સ્વરૂપના વિચારથી પૂર્વપક્ષને ખોટો ઠરાવી, અહિં શ્રુતિના સ્વરૂપના વિચાર પ્રમાણે તે ખોટો ઠરાવે છે. ભગવાન્ પોતે જ શ્રુતિ બ્રહ્મ જણાવનારી છે એમ કહે છે. તેથી શ્રુતિઓ (લૌકિક) ગુણ જણાવનારી નથી. (લે)

૫. 'તેથી' એટલે 'શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરનારી છે તેથી'. (લે)

૬. 'બધુંએ' એટલે 'શક્તિ, ધર્મ અને કાર્ય બનેલ બ્રહ્મનું મૂલરૂપ'. (લે)

૭-૭. 'માત્ર શ્રુતિથી' એટલે 'તર્ક વિનાની શ્રુતિથી'. આવી શ્રુતિથી જ બ્રહ્મનું જ્ઞાન થતું હોવાથી, જેવું શ્રુતિ બ્રહ્મને વર્ણવે છે તેવું જ તે જાણવું જોઈએ, એમ ઉપર કહ્યું તેની સાથે આનો અન્વય કરવો. (લે)

ગુણોની સમાનતાને લીધે સમીપથી અથવા દૂરથી વૈદિક પરંપરાથી જ સંકેત[૮] થાય છે તેથી, બધોએ (વેદ) કટકે કટકે ભગવાનનો ભાવ જ[૯] જણાવતો હોવાથી, 'બ્રહ્મ તેવું (વેદમાં જણાવ્યું તેવા પ્રકારનું) છે' એમ સંપૂર્ણ વાક્ય (વેદ) બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ સિદ્ધ થાય છે, અને તે વાક્યનો અર્થ અપૂર્વ[૧૦] (જૂદા જ પ્રકારનો) છે. જેમ લોકમાં લૌકિક (પુરુષ)ની બુદ્ધિમાં રહેલો અર્થ હોય છે, પછી તેની વાણીમાં આવી તે જાણવાની ઈચ્છા રાખનારને (પોતાનું) જ્ઞાન કરાવનારો થાય છે, તેમ ઈશ્વરની બુદ્ધિમાં રહેલો (અલૌકિક અર્થ) તેમના વાક્યમાં આવેલો (તે અર્થ) તેના (પોતાના) જ્ઞાનની ઈચ્છા રાખનારને (પોતાનું) જ્ઞાન કરાવે છે[૧૧] એવો[૧૨] નિર્ણય કરી, શુક (આ શ્લોકમાં) ભગવાને રચેલી ચાર પ્રકારની સૃષ્ટિનું નિરૂપણ કરે છે.

ભગવાન્ આરંભમાં ૧.બુદ્ધિને ઉત્પન્ન કરે છે, પછી ૨.ઈન્દ્રિયોને, પછી ૩.મનને અને પછી ૪.પ્રાણોને ઉત્પન્ન કરે છે. પ્રભુ સર્વ જીવોના આ ચાર કરણોને

---

૮. શક્તિ ગુણવાળી હોવાથી યોગ્યતા અહિં જણાવેલી છે. લોકના ધર્મોની સમાનતા હોવાથી, સામીપ્ય છે. સમાનતામાં પણ ભેદ રહેલો છે તેથી તે લોકથી જૂદા પ્રકારના હોવાથી દૂર છે. તેથી લોકના ધર્મની સમાન હોવાથી, નજીક તથા દૂર હોવાને, લીધે, વૈદિક પરંપરાથી જ સંકેત થાય છે. (લે)

૯. 'ભગવાનનો ભાવ' એટલે 'ભગવાનનો ધર્મ'. સંકેત વૈદિક પરંપરાથી થાય છે, તેથી બધોએ વેદ કટકે કટકે ભગવાનના ધર્મનું જ નિરૂપણ કરે છે તેથી મહાવાક્ય (આખા વેદ)નો અર્થ બ્રહ્મ જ છે, એવો અર્થ છે. (લે)

૧૦. વેદે કહેલ ભગવાનના ધર્મ, અને વાક્યાર્થ બ્રહ્મ અપૂર્વ છે, પરંતુ લોકમાં પ્રસિદ્ધ છે તેવા ધર્મ તથા સ્વરૂપ તેમાં કહેલા નથી. બ્રહ્મસૂત્ર ૧।૩।૨૪-૨૫ સૂત્રમાં તેમ જણાવેલ છે. જો લૌકિક ધર્મ જ શ્રુતિ કહેતી હોત તો લોકના ધર્મો જણાવતી હોવાથી તે સગુણ થાય એવો ભાવ છે. (લે)

૧૧. 'વાક્યાર્થ અપૂર્વ હોય તો તે કેવી રીતે જાણી શકાય ?' એવી શંકા થાય, તેથી આ દષ્ટાંત આપેલું છે. જેમ 'ચૈત્ર ઘડો બનાવે છે' એ વાક્યનો અર્થ 'ઘડો કરવો' એ છે. આ અર્થ પ્રથમ એ વાક્ય બોલનાર લૌકિક પુરુષની બુદ્ધિમાં હોય છે, પછી તે બોલે એટલે તેની વાણીમાં આવે છે, અને 'ઘડો બનાવનાર કોણ ?' એમ જે જાણવા ઈચ્છતો હોય તેને, ઘડાનો બનાવનાર ચૈત્ર ઓળખાવે છે. તે પ્રમાણે જગત્ રચવારૂપ વૈદિક વાક્યનો અર્થ છે. પ્રલય સમયે વેદો ઈશ્વરની બુદ્ધિમાં રહેલા હોવાથી, તે અર્થ ઈશ્વરની બુદ્ધિમાં રહેલ. પછી (વેદ પ્રકટ થતાં) તે તેમના વાક્યમાં આવ્યો, અને 'જગતના બનાવનાર કોણ ?' એમ જે જાણવા ઈચ્છતો હોય તેવા પુરુષને જગત્‌ના કર્તાનું જ્ઞાન કરાવે છે, એવો અર્થ છે. (લે)

૧૨. 'એવો નિર્ણય' એટલે આ શ્લોકના વ્યાખ્યાનના આરંભથી અહિં કહ્યું ત્યાં સુધીનો નિર્ણય; કારણ કે આ જ સિદ્ધાંત આગળ બારમા શ્લોકમાં આ પ્રશ્નના ખાસ ઉત્તર તરીકે કહેવાના છે.(લે)

ઉત્પન્ન કરે છે. જીવના સંબંધી તરીકે[૧૩] તે ચારને ઉત્પન્ન કરે છે, એવો અર્થ છે. તેમાં[૧૪] (તેમનું) સામર્થ્ય 'પ્રભુ' શબ્દથી કહેલું છે. દરેકનાં એ ચાર ઉત્પન્ન કરવાનું પ્રયોજન (ઉત્તરાર્ધમાં) કહે છે. તેમાં બુદ્ધિ (ઉત્પન્ન કરવા)નું પ્રયોજન 'માત્રાર્થં[૧૫]' 'જગતને માટે' એ શબ્દથી કહેલું છે. 'મીયન્તે' જેમનું માપ કરવામાં આવે છે (અને) 'ત્રાયન્તે' જેમનું રક્ષણ કરવામાં આવે છે તે 'માત્રાઃ' એટલે જ્ઞાન પ્રાપ્ત કરવામાં અને ક્રિયા કરવામાં ઉપયોગી પદાર્થો, અર્થાત્ બધુંએ જગત્. (પદાર્થો) શબ્દથી જણાવવામાં આવે તો પણ છૂટા છવાયા હોય તો તેઓ પુરુષને જ્ઞાન (પ્રાપ્ત કરવાના) અને ક્રિયા કરવાના વિષયો તરીકે ઉપયોગી ન થાય, તેથી (ભગવાને) બુદ્ધિ ઉત્પન્ન કરી. તે બુદ્ધિ બધાએ (પદાર્થો)ને ગ્રહણ કરે છે, કારણ કે જેમ ચિત્રમાં સર્વ પદાર્થો (ચિત્ર જોતાં આપણને) સ્ફૂરે છે તેમ બુદ્ધિમાં આખું જગત્ સ્ફૂરે છે, પછી તે બુદ્ધિથી જે કાંઈ જાણવા યોગ્ય અથવા કરવા યોગ્ય હોય તે સર્વ કરી શકાય તેવા પ્રયોજનથી જગતને માટે બુદ્ધિ બનાવેલી છે. આથી (એમ જણાવ્યું કે) કટકે કટકે અર્થ જણાવનારા વેદોના પણ મહાવાક્યના અર્થનું જ્ઞાન બુદ્ધિથી થાય છે, એટલે (વેદો) તાત્પર્યથી બ્રહ્મનું નિરૂપણ કરનારા છે એમ સિદ્ધ થાય છે. આગળ જે ત્રણ ફલ[૧૬] તરીકે જણાવવાનાં છે તેમને માટે પણ બુદ્ધિ બનાવેલી છે એમ 'ચ' 'અને' શબ્દથી જણાવેલું છે.

'ભવઃ' એટલે 'ઉદ્ભવ' બધા પ્રાણીઓ બુદ્ધિથી જ સર્વ સરસાઈ પ્રાપ્ત કરે છે. તેવી જ રીતે 'આત્મને' 'આત્માને માટે' (બુદ્ધિ રચેલી છે). (પ્રાણીઓ) બુદ્ધિથી જ ભગવાનમાં શ્રદ્ધાવાળા અને આત્મામાં સ્થિતિવાળા થાય છે, અને ભગવાનની સેવા કરે છે. અને 'કલ્પના ન થાય તે માટે' (બુદ્ધિ રચેલી છે). બુદ્ધિથી જ જ્ઞાનમાં આસક્તિવાળા થાય છે. વળી જુદા જુદા પ્રકારના[૧૭] પદાર્થોનું ધ્યાન થાય તે માટે કલ્પના પણ કરે છે. તેથી જે પ્રકાર સર્વ સિદ્ધ થાય, અને

૧૩. જીવો વિચાર કરી શકે છે માટે જીવના સંબંધી તરીકે (આ ચારને ઉત્પન્ન કરે છે), એવો અર્થ છે. (લે)

૧૪. 'તેમાં' એટલે આ ચારને જીવના સંબંધી તરીકે ઉત્પન્ન કરવામાં. (લે)

૧૫. 'મીયન્તે' જેમનું માપ કરવામાં આવે છે તે 'માઃ' અને 'ત્રાયન્તે' જેમનું રક્ષણ કરવામાં આવે છે તે 'ત્રાઃ' આ બંને જેમને છેડે 'આ' છે તેવા શબ્દો છે. પછી 'માઃ ચ ત્રાઃ ચ' એમ દ્વન્દ્વ સમાસ કરવો.

૧૬. ઉદ્ભવ, આત્મા અને કલ્પના (અથવા અકલ્પના) એ ત્રણ જગતને સમજવાના પરિણામરૂપ બુદ્ધિનાં ફલ છે. (લે)

૧૭. 'કલ્પનાય' પાઠ લઈ આવો અર્થ કરે છે. (લે)

સર્વની સર્વ અયોગ્યતા દૂર થાય, તે માટે ભગવાને બુદ્ધિ ઉત્પન્ન કરી. આથી એમ પણ સૂચવ્યું છે કે રાજાએ કરેલા પૂર્વપક્ષનો બુદ્ધિથી જ નિરાસ કરવો. તે પ્રમાણે 'ભવાર્થં' એટલે ઉદ્‌ભવ માટે, એટલે બીજો જન્મ પ્રાપ્ત થાય તે માટે ભગવાને ઇન્દ્રિયો રચી. બુદ્ધિ પરિપૂર્ણ થાય તે[૧૮] માટે (ઇન્દ્રિયો રચી) એવું અનુમાન થાય છે. જે પ્રકારે બુદ્ધિનો ઉદ્‌ભવ થાય, તે માટે ઇન્દ્રિયો રચી. વળી ઇન્દ્રિયોથી કર્મ કરવામાં આવે ત્યારે તે કર્મોને લીધે ઉદ્‌ભવ એટલે બીજો જન્મ[૧૯] થાય છે. 'ચ' 'અને' શબ્દથી ઇન્દ્રિયો રચવાનો બીજાં પણ પ્રયોજનો[૨૦] સૂચવે છે. ઇન્દ્રિયોથી જ વિષયોનું જ્ઞાન થાય છે અને (વિષયોનો ભોગ) કરવામાં આવે છે. ઇન્દ્રિયોથી જ ભગવાનની સેવા થાય છે, અને ઇન્દ્રિયોથી જ જાત જાતની કલ્પના થાય છે અને યોગ વિગેરે દ્વારા મોક્ષ (પ્રાપ્ત) થાય છે. તેવી રીતે 'મનથી જ જોવું જોઈએ, અહિં કાંઈ જૂદાપણું નથી' એ શ્રુતિ પ્રમાણે 'આત્મને' 'આત્માને માટે' ભગવાન્ મન સર્જે છે, અને ઇન્દ્રિયોની પ્રવૃત્તિ થાય તે માટે[૨૧] મનની સૃષ્ટિ (કરેલી છે). 'કલ્પના ન થાય તે માટે' એ શબ્દથી પ્રાણો કલ્પનાને દૂર કરે છે[૨૨]. સર્વને[૨૩]

---

૧૮. માત્ર બીજો જન્મ થાય તે માટે જ ભગવાને ઇન્દ્રિય રચી હોય તો તેમને રચ્યાનું અહિં કહેવું એ પ્રયોજન વિનાનું થાય. તેથી બુદ્ધિ, ઇન્દ્રિય, મન અને પ્રાણને એકબીજાની જરુર રહે છે એમ જણાય છે, કારણ કે જીવ વિચાર કરી શકે તે માટે બુદ્ધિ સર્જેલી છે. બુદ્ધિ જ્ઞાનેન્દ્રિયથી ઉત્પન્ન થતી હોવાથી, તેને ઇન્દ્રિયોની જરુર રહે છે તેથી ઇન્દ્રિયો રચી. ઇન્દ્રિયો સાથે મન હોય તો જ તેઓ કાર્ય કરી શકે છે એટલે તેમને મનની જરુર રહેતી હોવાથી મન સર્જ્યું. 'અન્નથી પ્રાણો' એ શ્રુતિ નીચે આ શ્લોકના શ્રીસુબોધિનીમાં કહેલી છે તે પ્રમાણે મન પરંપરાથી પ્રાણથી પુષ્ટ થાય છે તેથી પ્રાણની તેને જરુર હોવાથી પ્રાણ રચેલાં છે. તેથી ઇન્દ્રિયો વિગેરે રચવાના પ્રયોજનનો વિચાર કરતાં, બુદ્ધિ પરિપૂર્ણ થાય તે માટે તે રચેલાં છે એવું અનુમાન થાય છે, એવો અર્થ છે. આ પ્રમાણે અર્થ કરતાં 'ભવાર્થં' શબ્દનો અર્થ 'બુદ્ધિનો ઉદ્‌ભવ (સરસાઈ) થાય તે માટે' એવો થાય છે. (લે)

૧૯. ઇન્દ્રિયોથી ભવ એટલે બીજો જન્મ થાય એમ જે કહ્યું તે અહિં સ્પષ્ટ કરે છે. (લે)

૨૦. જગતને ગ્રહણ કરવું, આત્મારૂપ ભગવાનની સેવા, 'કલ્પના' એટલે જૂદા જૂદા પદાર્થોની કલ્પના, અને 'અકલ્પના' એટલે મોક્ષ, એવાં પ્રયોજનો( નીચે શ્રીસુબોધિનીમાં કહેલાં છે). (લે)

૨૧. આ પણ અનુમાન છે, એવો અર્થ છે. અંદર વળેલાં ચક્ષુરૂપ ઇન્દ્રિયોની બુદ્ધિ દ્વારા પોતાના આત્મામાં પ્રવૃત્તિ થાય તે માટે, (એવો આનો અર્થ છે). (લે)

૨૨. એ પ્રમાણે મનને પુષ્ટ કરે તે માટે પ્રાણ બનાવેલા છે, આત્માનું દર્શન થાય તે માટે મન બનાવેલું છે, અને મન જો માત્ર આત્મા તરફ વળનારું હોય તો જ તેમ થાય છે. તેથી મન માત્ર આત્મા તરફ વળનારું થાય તે માટે પ્રાણ રચેલા છે, એવા અભિપ્રાયથી આ કહેલું છે.

એકપણું પ્રાપ્ત કરાવે છે[૨૩] જો પ્રાણો ન હોય તો જગતનો પ્રલય થાય ત્યારે અન્ન[૨૪] વિગેરેનાં જુદાં જુદાં પરિણામો જોવામાં આવે તેથી તે સમયે બધાએ જગતની એકપણાની બુદ્ધિ થાય નહિ, અને ક્રિયાશક્તિ તેમનાથી જ થાય છે[૨૫] એટલે સર્વ સ્થલે[૨૬] તે (પ્રાણ) કારણરૂપ છે. 'અન્નથી પ્રાણો, પ્રાણોથી બલ (થાય છે)' એ સ્થલે એમ જણાવેલું છે કે 'પ્રાણોથી મન અને વિજ્ઞાનથી બ્રહ્મમાં રહેલો આનંદ (પ્રાપ્ત થાય છે)[૨૭]'. તે ક્રમ અહિં પણ ગ્રહણ કરવો. કારણ કે એ પ્રમાણે સર્વનો ઉપયોગ થાય તે માટે ભગવાને (આ) ચાર ઉત્પન્ન કરેલાં છે. આથી જ[૨૮] સર્વ અયોગ્યતાનો નિરાસ કરવો એવો શુકનો ગૂઢ અર્થ છે. ૨.

---

પ્રાણો એકપણું પ્રાપ્ત કરાવીને કલ્પનાને દૂર કરે છે. ત્યારે પ્રાણથી બલ થાય છે વિગેરે ક્રમ પ્રમાણે બુદ્ધિની સરસાઈ થતાં, મન સર્વ કલ્પના વિનાનું પુષ્ટ થતાં આત્મા તરફ વળે છે, ત્યારે 'અકલ્પના' એટલે કલ્પના રહિતપણું અથવા મોક્ષ પ્રાપ્ત થાય તે માટે (પ્રાપ્ત રચેલા છે), એવો અર્થ છે. (લે)

૨૩-૨૩. 'સર્વ' એટલે 'સર્વ (પદાર્થ) તરફ જનારા મનને' એકપણું પ્રાપ્ત કરાવે છે, એટલે આત્મા તરફ વાળે છે. (લે)

૨૪. 'અન્ન' એટલે 'પૃથ્વી'. પૃથ્વી વિગેરેનાં જે ઘડો, વસ્ત્ર વિગેરે કાર્યો થાય છે તે પદાર્થ દેખાડવાથી તે તે પદાર્થો તરફ મનની વૃત્તિ થવાથી, મોક્ષની દશામાં બધાએ જગતનો આત્યંતિક પ્રલય થાય ત્યારે, માત્ર આત્માને જોનારી એકપણાની બુદ્ધિ થાય નહિ, એવો અર્થ છે. (લે)

૧૫. પ્રાણોથી જ (શરીર પુષ્ટ થતાં) ક્રિયાશક્તિ થાય છે તેથી તે ભોગ પ્રાપ્ત કરાવનારા છે, એવો અર્થ છે. આ પ્રમાણે અર્થ કરતાં 'કલ્પના' એટલે 'શક્તિ માટે' શબ્દ લેવો. (લે)

૨૬. 'સર્વ સ્થલે' એટલે 'મોક્ષ પ્રાપ્ત કરાવવામાં અને ભોગ પ્રાપ્ત કરાવવામાં' આવે એવો અર્થ છે. (લે)

૨૭. પ્રાણો મુક્તિ પ્રાપ્ત કરાવનારા છે, એમ પ્રમાણથી કહે છે. આ પ્રમાણે અર્થ કરતાં 'અકલ્પના માટે' પાઠ લેવો. કલ્પના જેમાં નથી તેવી 'અકલ્પના' એટલે મોક્ષ માટે, એવો અર્થ છે. (લે)

૨૮. 'આથી જ' એટલે 'પ્રાણોથી પોષણ પામેલા મનથી પ્રવૃત્ત થએલી ઈન્દ્રિયોથી પરિપૂર્ણ થએલી બુદ્ધિથી કરેલા વિચારથી' એવો અર્થ છે. આ વિચાર આ શ્લોકના વ્યાખ્યાનના આરંભમાં શ્રીસુબોધિનીમાં જણાવેલો છે. આ સર્વ લૌકિક પદાર્થો હોવાથી યુક્તિ કહેવાની નથી, તેથી 'એવ' 'જ' શબ્દ મૂકેલો છે. નિબંધમાં પણ 'હરિનું કર્તાપણું વિગેરે જો લૌકિક હોય તો યુક્તિથી જણાય તેવું હોય, અલૌકિક (કાર્ય) કરવાથી અલૌકિક યશ થયો' એમ આ જ અર્થ કહેલો છે. આ અલૌકિક યશ વેદ સિવાયના પ્રમાણથી જણાતો નથી. તેથી યશનું નિરૂપણ કરનાર આ અધ્યાયમાં શ્રુતિનાં જ વચનો ૧૪થી આરંભી ૪૧ સુધીના શ્લોકમાં કહેલાં છે એવો ભાવ છે. (લે)

આ અર્થ[1] પોતે જ[2] ખોટો પાડ્યો છે એવી કદાચ શંકા થાય, તેથી તે (શંકા) મટાડવા નીચેનો શ્લોક કહે છે[3]:

**સૈષા હ્યુપનિષદ્બ્રાહ્મી પૂર્વેષાં પૂર્વજૈર્ધૃતા ।।**
**શ્રદ્ધયા ધારયેદ્યસ્તાં ક્ષેમં ગચ્છેદકિઞ્ચનઃ ।।૩।।**

આ બ્રહ્મ જ પ્રાપ્ત કરાવેલી વડવાઓના વડવાઓએ ધારણ કરેલી પ્રસિદ્ધ ઉપનિષદ્ છે. જે શ્રદ્ધાથી તેને ધારણ કરશે તે અકિંચન થઈ કલ્યાણ પ્રાપ્ત કરશે. ૩.

આ[4] ઉપનિષદ્ એટલે બ્રહ્મવિદ્યા જણાવનારી શ્રુતિ છે. (તે) 'બ્રાહ્મી' બ્રહ્મ જ પ્રાપ્ત કરાવેલી છે. 'સા' 'પ્રસિદ્ધ' શબ્દથી આનું[5] પ્રમાણ (કહેલું છે). વળી આ અર્થ[6] યોગ્ય જ છે, કારણ કે પરબ્રહ્મ વિના બીજો કોઈ આ અર્થ જણાવવા શક્તિવાળો નથી. અને[7] 'ઉપનિષદ્' શબ્દથી બ્રહ્મવિદ્યા કહેલી છે. 'ઉપ' ઉપસર્ગ સમીપપણાના (અર્થમાં યોજાય છે). તેનો અર્થ પ્રત્યગાત્મા[8] થાય છે. 'સદ્' (ધાતુ) ના ત્રણ પ્રકારના અર્થનું 'નિ' શબ્દ વિશેષણ છે.'' 'સદ્' (ધાતુ) ૧.વિશરણ (છુટા પાડવું), ૨.ગતિ (જવું), અને ૩.અવસાદન (લીન થવું)ના

---

૧. 'આ અર્થ' એટલે પાછળ શ્લોક ૨ ઉપરના શ્રીસુબોધિનીના આરંભથી 'એવો નિર્ણય કરી શુક ભગવાને રચેલી ચાર પ્રકારની સૃષ્ટિનું નિરૂપણ કરે છે' સુધી જે નિર્ણય કહ્યો તે અર્થ.
૨. 'પોતે જ' એટલે 'શ્રીશુકે'.
૩. 'કહે છે' એટલે પ્રથમ પરંપરા કહીને, આ કલ્યાણ પ્રાપ્ત કરવાનું સાધન છે એમ કહે છે, એવો અર્થ છે. (લે)
૪. 'આ' એટલે ઉપર નોટમાં જણાવ્યો તે નિર્ણય સૂચવનારું શુકનું અથવા બીજાનું વાક્ય, એવો અર્થ છે. આ ઉપનિષદ્નું વિશેષણ હોવાથી 'ઈયમ્' એ નારીજાતિનો શબ્દ યોજેલો છે. (લે)
૫. 'આનું' એટલે 'આ બ્રહ્મે જ પ્રાપ્ત કરાવેલી છે તેનું'. (લે).
૬. 'આ અર્થ' એટલે 'આ બ્રહ્મે જ પ્રાપ્ત કરાવેલી છે' એ અર્થ યોગ્ય જ છે, તેનું કારણ પછીના વાક્યમાં કહેલું છે. (લે).
૭. આ વાક્ય ઉપનિષદ્ હોઈ બ્રહ્મવિદ્યા છે, એટલે બ્રહ્મવિદ્યા પણ પહેલાં કહ્યું તેનું પ્રમાણ છે, એવો 'ચ' 'અને' શબ્દનો અર્થ છે. આ 'ચ' 'અને' શબ્દ, અને શ્લોકમાંનો 'હિ' શબ્દ તેમ જ 'ઉપનિષદ્' શબ્દોથી આ અર્થ બ્રહ્મે જ પ્રાપ્ત કરાવેલ છે તેનાં પ્રમાણ કહેલાં છે, એવો અર્થ છે. (લે).
૮. તે સમીપપણું પ્રત્યગાત્મામાં એટલે પ્રત્યગાત્માની સમીપ સમાપ્ત અથવા પરિપૂર્ણ થાય છે, એવો અર્થ છે, કારણ કે કઠ ઉપનિષદ્ની શ્રુતિ કહે છે કે 'કોઈક ધીર (પુરુષે) પ્રત્યગાત્માનાં દર્શન કર્યાં'. (લે).

અર્થોમાં યોજાય છે, એવો નિયમ હોવાથી, (ઉપનિષદ્ એટલે બ્રહ્મવિદ્યા) ૧.જીવાત્માને પરબ્રહ્મ પાસે લઈ જવા માટે (તેની) પહેલાંની સ્થિતિથી છુટો પાડી ૨.પછી સંઘાત (સમૂહ) માંથી તેનો એકલાનો ઉદ્ધાર કરી તેને બ્રહ્મની પ્રાપ્તિ કરાવી (બ્રહ્મ પાસે લઈ જઈ), ૩.બ્રહ્મમાં જ તેનો લય કરાવે છે, એવો તેનો અર્થ છે. જે પ્રકારે બધોએ અંશ (સંઘાત)થી છુટો પડે, અથવા જે પ્રકારે સર્વભાવથી તેને બ્રહ્મને પ્રાપ્ત કરે, અથવા જે પ્રકારે તે (બ્રહ્મ)માંથી કોઈ પણ પ્રકારે પાછો ન ફરે (તેમ તેનો તેમાં લય કરે) એવો 'નિ' શબ્દનો અર્થ છે. આવી બ્રહ્મવિદ્યા જ છે. તે જ પ્રમાણે અહિં પણ[૯] આ વાક્ય ૧.સર્વ અયોગ્યતાને દૂર કરી, ૨.વેદોને બ્રહ્મ જણાવનારા કરી બ્રહ્મ સાથે જોડીને, ૩.બ્રહ્મમાં જ લીન કરે છે એટલે તેવો[૧૦] (ઉપનિષદ્ જેવો) અર્થ જણાવનારું થઈ અયોગ્યતા દૂર કરી, સિદ્ધાંતનું[૧૧] સ્થાપન કરે છે; તેથી ઉપનિષદ્નું નિરૂપણ કરનારું હોવાથી ઉપનિષદ્ છે. 'ત્યારે મારા અંતઃકરણમાં રહેલી[૧૨] આ અયોગ્યતા કેમ દૂર થશે?' એવું જાણવાની રાજાને ઈચ્છા થાય, તેથી 'વડવાઓના વડવાઓએ ધારણ કરેલી' એ વિશેષણ યોજેલું છે. (આ ઉપનિષદ્નું) ધારણ કરવામાં આવે, ત્યારે (શ્રુતિઓની) સંમતિ[૧૩] થાય છે. આવી (ઉપનિષદ્)ને જે શ્રદ્ધાથી ધારણ કરશે તે તો[૧૪] અકિંચન[૧૫] થઈ કલ્યાણ

૯. જેમ શ્રુતિના અર્થરૂપ શ્રુતિમાં રહેલી બ્રહ્મવિદ્યા જીવને 'સદ્' ધાતુના ત્રણ અર્થો (પ્રાપ્ત) કરાવે છે, તેમ આ (શુકના) વાક્યમાં રહેલો વાક્યાર્થ પણ વેદને 'સદ્' ધાતુના ત્રણ અર્થો પ્રાપ્ત કરાવે છે. (લે)

૧૦. આ વાક્ય ઉપનિષદ્રૂપ છે એમ અહિં સાબિત કરે છે. (લે)

૧૧. 'સિદ્ધાંત' એટલે 'વેદોનો બ્રહ્મ સાથે સંબંધ, અને તેમનું બ્રહ્મમાં જ સમાપ્ત થવું (લય પામવો) તે', એવો અર્થ છે.(લે)

૧૨. 'ઉપનિષદો બ્રહ્માએ પ્રાપ્ત કરાવેલી હોવાથી, તે બ્રહ્માના જ અંતઃકરણમાં રહેલી હોઈ, તેના અંતઃકરણમાં રહેલી અયોગ્યતા દૂર કરે. મને તો બ્રહ્માએ ઉપદેશ કરેલ નહિ હોવાથી તેનાથી મારા અંતઃકરણમાં રહેલી અયોગ્યતા કેમ દૂર થાય?' એવી શંકા કરીને બ્રહ્મા પાસેથી બીજાઓએ પણ તે ધારણ કરેલી છે એમ કહે છે, એવો અર્થ છે. પહેલાં ઉપનિષદ્ બ્રહ્મા પાસે હતી, પછી બીજાઓએ ધારણ કરી, એ પ્રમાણે પરંપરાથી તને પણ તે પ્રાપ્ત થશે એટલે તારા અંતઃકરણમાં રહેલી અયોગ્યતા દૂર કરશે, એવો અર્થ છે. (લે)

૧૩. શ્રુતિઓ એક જ વાક્ય છે (એક જ અર્થ બ્રહ્મ જણાવે છે) એમ જાણવામાં આવશે, એવો અર્થ છે. એ પ્રમાણે ઉપનિષદ્ પરંપરાથી પ્રાપ્ત થએલી છે એવો પેટા-વાક્યનો અર્થ કહ્યો છે. આ પછીના વાક્યમાં મહાવાક્યનો અર્થ કહેલો છે. (લે)

૧૪. જે આ ઉપનિષદ્ને ધારણ કરતો નથી, તેની બુદ્ધિ તો ભમ્યા કરે છે એટલે તેને કલ્યાણ પ્રાપ્ત થતું નથી, એમ જણાવવા 'તુ' 'તો' શબ્દ યોજેલો છે. (લે). **૧૫. 'ન' નથી 'કિઞ્ચન'**

પ્રાપ્ત કરશે, એટલે (તેના) સર્વ સંદેહો દૂર થવાથી તેને ભગવાનની પ્રાપ્તિ થશે. તેથી[૧૬] બધા સંદેહો ઉપનિષદ્‌ના અર્થના વિચારથી જ દૂર કરવા જોઈએ, એવો સિદ્ધાંત કહેલો છે. ૩.

સર્વ શ્રુતિઓનો વિચાર કરવાનું (કાર્ય) મોટા પુરુષોથી પણ થઈ ન શકે એવું હોવાથી, રાજા તે વિચાર કરી શકે તેમ નહિ હોવાથી, પહેલાં વિસ્તારથી નિર્ણય કરવામાં આવેલો[૧] આ અર્થ તેને કહેવાની, (શુક) કૃપાથી પોતાની મેળે જ નીચેના શ્લોકમાં પ્રતિજ્ઞા કરે છેઃ

**અત્ર તે વર્ણયિષ્યામિ ગાથાં નારાયણાન્વિતામ્ ।।**
**નારદસ્ય ચ સંવાદમૃષેર્નારાયણસ્ય ચ ।।૪।।**

આ સંબંધમાં નારાયણના સંબંધવાળી ગાથા, અને નારદનો અને ઋષિ નારાયણનો સંવાદ હું તને કહીશ. ૪.

'ગાથા' એટલે પહેલાંનો વૃત્તાંત જણાવનારી વાક્યની પરંપરા તે (ગાથા) શ્રુતિગીતરૂપ છે. 'નારાયણના સંબંધવાળી' એ શબ્દથી તેનું[૨] પણ પ્રમાણ કહે છે. ૧.લક્ષ્મીની[૩] ભુજાઓની અંદર રહેલા, ૨.ઉત્તમ ગુણોના સમુદ્ર, ૩.જેમણે પોતાના ઉદરની અંદર જગતને લય પમાડેલું છે[૪] અને ૪.જે પોઢેલા છે તેવા આદિ નારાયણ સાથે (આ ગાથા) સંબંધવાળી છે, કારણ કે તેમનો પ્રબોધ કરવા માટે જ તેની પ્રવૃત્તિ થએલી છે. 'આ અર્થ પણ ક્યાંથી જાણ્યો ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'આ સંબંધમાં હું તને કહીશ' એ પૂર્વાર્ધના શબ્દો સાથે જ આ ઉત્તરાર્ધનો સંબંધ છે. મોટો પુરુષ નિર્ણય કરે અને જણાવે ત્યારે બધાના સંદેહો દૂર થાય, પરંતુ હરકોઈ (માણસ) કહે તો (બધાના સંદેહો દૂર) ન

---

ભગવાન્ સિવાય બીજું કાંઈ જેનું તે 'અકિઞ્ચનઃ' સિદ્ધાંતનું જ્ઞાન થવાથી આવો અકિંચન થાય છે, અને તેથી કલ્યાણ પ્રાપ્ત કરે છે. (લે)

૧૬. જે ધારણ કરે છે તેના સંદેહો દૂર થાય છે અને તેને કલ્યાણ પ્રાપ્ત થાય છે એમ કહ્યું તેથી. (લે)

૧. 'નિર્ણય કરવામાં આવેલો' પહેલાં 'સનંદન વિગેરેથી' શબ્દો અધ્યાહાર છે. (લે).

૨. કહેવામાં આવશે તે શ્રુતિગીતાની ભગવાનનો પ્રબોધ કરવા પ્રવૃત્તિ થએલી, એ તે ગાથા છે એ વિષયનું પ્રમાણ છે, એવો ભાવ છે. જે ગ્રંથ (શ્લોક ૧૪ થી ૪૧) કહેવામાં આવશે તેનું રૂઢ નામ શ્રુતિગીતા છે, એમ જાણવું. (લે)

૩. આગળ બારમા શ્લોકમાં કરેલ વર્ણન પ્રમાણે આ ચાર વિશેષણો કહેલાં છે. (લે).

૪. 'સંસ્થાં' લય 'આપિતં' પ્રાપ્ત કરાવેલ છે 'ઉદરસ્થિતં જગત્' ઉદરમાં રહેલ જગતને જેમણે, એવો બહુવ્રીહિ સમાસ છે. ઉદરમાં રહેલા જગતને સૂક્ષ્મ બનાવ્યું, એવો અર્થ છે. (લે)

થાય. તેથી આ (સંદેહ દૂર કરવા) માટે સંવાદ પણ કહીશ. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવ્યું છે કે તેમણે (નારાયણે) કહેલો જનલોકનો સંવાદ પણ કહીશ. ૪.

સંવાદ (કહેવા) માટે નીચેના શ્લોકમાં કથાની પ્રસ્તાવના કહે છેઃ

**એકદા નારદો લોકાન્ પર્યટન્ ભગવત્પ્રિયઃ ।।**
**સનાતનમૃષિં દ્રષ્ટું યયૌ નારાયણાશ્રમમ્ ।।૫।।**

એક વાર ભગવાન્ જેમને પ્રિય છે તેવા નારદ લોકનું પર્યટન કરતાં સનાતન ઋષિનાં દર્શન કરવા નારાયણના આશ્રમે ગયા. ૫.

લોકનું પર્યટન કરવાથી આ (શ્રુતિગીતા)નું શ્રવણ કરવાનો અધિકાર (પ્રાપ્ત) કરાવનારી શુદ્ધિ થાય છે એમ સૂચવેલું છે. 'એકવાર' શબ્દથી (એમ કહ્યું છે કે) કાલનો તે વિષયમાં અધિકાર નથી. નારદનું પર્યટન કરવાનું પ્રયોજન 'ભગવાન્ જેમને પ્રિય છે' એ વિશેષણથી કહેલું છે. 'ભગવાનનું માહાત્મ્ય ક્યાં જાણવામાં આવે ? ભગવાન્ ક્યાં (મળે) ?' એમ પ્રિય (ભગવાન્)ને શોધવા માટે (નારદ) ચારે તરફ ભમતા હતા, એવો અર્થ છે. જેમ કૌડિન્યે કરેલું તેમ એવી રીતે જ ચારે તરફ ભમવું જોઈએ. પછી જે ભગવાનનું સ્વરૂપ છે અને ભગવાનને[1] દર્શાવનાર છે તેવા ઋષિ[2] બદરીનાથ નારાયણનાં દર્શન કરવા નારાયણના આશ્રમમાં ગયા, એટલે બદરીસ્થાન પહોંચ્યા. ૫.

નીચેના શ્લોકમાં સ્થાનનું પણ[1] ઉત્તમપણું જણાવે છેઃ

**યો વૈ ભારતવર્ષેઽસ્મિન્ ક્ષેમાય સ્વસ્તયે નૃણામ્ ।।**
**ધર્મજ્ઞાનશમોપેતમાકલ્પાદાસ્થિતસ્તપઃ ।।૬।।**

જે (નારાયણ ઋષિ) આ ભારતવર્ષમાં રક્ષણ માટે અને માણસોના કલ્યાણ માટે કલ્પના આરંભથી ધર્મ, જ્ઞાન અને શમવાળું તપ કરતા હતા. ૬.

આ ભારત કર્મ ભૂમિ છે, તેમાં એક માણસ પણ તેવું કર્મ કરે કે જેથી આખા જગતનો જ પ્રલય થાય. તેથી જગતનું રક્ષણ દુર્લભ હોવાથી, નારાયણ ઋષિ પોતે તેનાથી[2] રક્ષણ માટે અને બધાએ માણસોને વધારેને વધારે કલ્યાણની[3] પ્રાપ્તિ થાય તે માટે 'આકલ્પાત્' કલ્પના આરંભથી તપ કરતા હતા. ૬.

---

૧. 'ભગવાનને' એટલે 'વેદને'. (લે)          ૨. 'ઋષિ' એટલે મંત્રના જોનાર. (લે)

૧. જેમનાં દર્શન કરવાનાં હતાં તે નારાયણ અને તેમનું સ્થાન આશ્રમ બંનેનું ઉત્તમપણું જણાવવાનું છે એમ 'અપિ' 'પણ' શબ્દથી જણાવેલું છે. (લે)

૨. 'તેનાથી' એટલે 'તેવા કર્મથી'. (લે)

૩. 'ક્ષેમ' એટલે એવા કર્મથી રક્ષણ અને 'સ્વસ્તિ' એટલે વધતું અને વધતું જતું કલ્યાણ, એવો એ બેમાં ભેદ છે. (લે)

ત્યાં પણ[1] તપ આચરતા, બીજા કામમાં રોકાએલાં[2] એકાંતમાં રહેલાને (નારદ) પૂછી ન શકે, તેથી નીચેના શ્લોકમાં (નારાયણની) સહેલાઈથી (તેમની) પાસે જઈ શકાય તેવી અવસ્થા વર્ણવે છેઃ

**તત્રોપવિષ્ટમૃષિભિઃ કલાપગ્રામવાસિભિઃ ।।**
**પરીતં પ્રણતોઽપૃચ્છદિદમેવ કુરૂદ્વહ ।।૭।।**

હે કુરુના વંશજ ! સર્વ વિદ્યાઓ જેમનામાં રહેલી છે તેવા ઋષિઓથી વીંટાએલા, ત્યાં બેઠેલાને પ્રણામ કરી (નારદે) આ જ પ્રશ્ન કર્યો. ૭.

'બેઠેલા' હોવાથી[3] (બીજા કાર્યમાં) રોકાએલા ન હતા. 'કલાપગ્રામઃ' એટલે સર્વ વિદ્યાઓનું ધામ બનેલા. 'કલાઃ' કલાઓનું 'પાતિ' પાલન કરે તે 'કલાપઃ'. તેવાઓનો પણ 'ગ્રામઃ' સમૂહરૂપ; એટલે બધાએ 'કલાપ' (સર્વ વિદ્યાઓનું ધામ) હતા. (નારાયણ) તેમનાથી[3] વીંટાએલા[3] હતા, એમ બહારની તેમની સત્ત્વ(ગુણ)ની અવસ્થા કહેલી છે. પછી (નારદે) પોતે પ્રણામ કરીને 'આ જ' એટલે તે (પરિક્ષિતે પહેલા શ્લોકમાં) જે પ્રશ્ન કર્યો તે જ પ્રશ્ન કર્યો. (પરિક્ષિતને આ કથામાં) વિશ્વાસ રહે તે માટે, 'હે કુરુના વંશજ !' એ સંબોધનથી (તેનું) માહાત્મ્ય (કહેલું છે). ૭.

**તસ્મૈ હ્યવોચદ્ભગવાનૃષીણાં શ્રૃણ્વતામિદમ્ ।।**
**યો બ્રહ્મવાદઃ પૂર્વેષાં જનલોકનિવાસિનામ્ ।।૮।।**

ઋષિઓના સાંભળતાં ભગવાને તેને આ કહ્યું. જનલોકમાં રહેનારા પહેલા ના પુરુષોનો જે બ્રહ્મવાદ (થયો હતો તે) કહ્યો. ૮.

તેથી[1] જ નારાયણે તે (નારદ)ને વૃત્તાંત કહ્યો. 'ઋષિઓના સાંભળતાં' એ શબ્દોથી (એમ જણાવ્યું છે કે) ઘણું પ્રકટ રીતે કહેલ હોવાથી તેમાં કાંઈ સંદેહ

---

૧. ગયા શ્લોકના આભાસમાં આશ્રમનું ઉત્તમપણું કહ્યું, તે આ શબ્દથી ફરી કહેલું છે. 'તેવા ઉત્તમ સ્થાનમાં પણ' એવો અર્થ છે. (લે)

૨. 'બીજા કામમાં' એટલે લોકનું રક્ષણ કરવામાં અને તેમને કલ્યાણ પ્રાપ્ત કરાવવામાં રોકાએલા. (લે).

૩-૩-૩. 'બેઠેલા હતા', તેથી બીજા કોઈ કામમાં રોકાએલા ન હતા. 'ઋષિઓથી વીંટાએલા' હતા, તેથી એકાંતમાં ન હતા, અને જે ઋષિઓ સર્વ વિદ્યાના ધામ હતા તેમનાથી વીંટાએલા હતા, એટલે સત્ત્વ બહાર પ્રકટ કરેલું હોવાથી તપ કરવાની અવસ્થામાં ન હતા. સત્ત્વ જો પોતાની અંદર રાખેલું હોય તો, ઉપદેશ કરવો વિગેરે રજોગુણનું કાર્ય થાય નહિ. તેથી જ તપ કરતા હોય ત્યારે ઉપદેશ વિગેરે કરતા નથી, એવો ભાવ છે. (લે)

૧. 'તેથી જ' એટલે આ (વાક્ય)માં વિશ્વાસ રહેવો દુર્લભ હોવાથી જ. (લે)

રાખવા જેવું ન હતું. તે (નારદ)ને પણ ભગવાને પહેલાં આ[2] જ કહ્યું. પછી[3] તે ટૂંકાણમાં (કહેલ) હોવાથી જ્યારે નારદનો પણ સંદેહ દૂર થયો નહિ, ત્યારે નારાયણે (તેને) પહેલાં જે બનેલું તે (ઈતિહાસ) કહ્યું. ૮.

પછી ભગવાન્ નીચેના શ્લોકથી આરંભી પહેલાંનો બ્રહ્મવાદ કહે છેઃ

શ્રીભગવાન્ કહે છેઃ

**સ્વાયંભુવ બ્રહ્મસત્રં જનલોકેઽભવત્પુરા ।।**
**તત્રસ્થાનાં માનસાનાં મુનીનામૂર્ધ્વરેતસામ્ ।।૯।।**

હે સ્વાયંભુવ ! જનલોકમાં પહેલા ત્યાં રહેનારા મનથી ઉત્પન્ન થએલા બ્રહ્મચારી મુનિઓનો બ્રહ્મસત્ર થયો હતો. ૯.

પહેલાં જન[1]લોકમાં બ્રહ્મસત્ર થયો હતો. (જેમાં) સમાન ફલવાળા અને સમાન સાધનવાળા સત્તર (બ્રાહ્મણો) મુખ્ય અને તાબાની સ્થિતિ ધારણ કરી કર્મ કરે છે (તે) જેમ કર્મસત્ર (કર્મયજ્ઞ) (કહેવાય છે), એ પ્રમાણે સંદેહ ન રહે તેવું બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે નિર્ણય કરવા બધાએ પ્રવૃત્તિ કરે, તેમનો વિચાર બ્રહ્મસત્ર (કહેવાય છે). તે (બ્રહ્મસત્ર) જનલોકમાં થયો હતો. મહઃ[1](લોક) સુધી કર્મનું જ ફલ મળે છે તેથી શુદ્ધ બ્રહ્મનો વિચાર થઈ શકતો નથી, તેથી જનલોક (તેઓએ) ગ્રહણ કરેલો. 'હે સ્વાયંભુવ ![2]' એવું સંબોધન (નારદને આ કથામાં) વિશ્વાસ રહે તે માટે કરેલું છે. માત્ર સ્થાનના ઉત્તમપણાથી સારો વિચાર થઈ શકે નહિ, તેથી ઉત્તરાર્ધમાં વિચાર કરનારાઓનાં જન્મ, કર્મ વિગેરેનું ઉત્તમપણું[3] કહેલું છે. 'ત્યાં (જનલોકમાં) જ રહેતા હતા' એટલે તેમનામાં કર્મના સંબંધથી થતા

---

૨. 'આ' એટલે આ વાક્ય. શ્લોક ૨ ઉપરના શ્રીસુબોધિનીના આરંભમાં જેથી નિર્ણય દર્શાવ્યો તે વાક્ય.

૩. અહિંથી ઉત્તરાર્ધનો અર્થ કહેલો છે. 'બ્રહ્મણઃ' બ્રહ્મના નિર્ધાર માટે 'વાદઃ' જેમાં થએલ તે વિચાર બ્રહ્મવાદ. આવો બ્રહ્મવાદ પહેલાં થએલો તે કહ્યો, એવો અર્થ છે. શ્લોકનો અર્થ એવો છે કે ભગવાને પહેલાં આ (વાક્ય) કહ્યું. તેટલાથી (નારદનો) સંદેહ દૂર ન થયો ત્યારે પહેલાં બ્રહ્મવાદ થયો હતો તે કહ્યો. (લે)

૧-૧. ચૌદ લોક છે. અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ એ સાત લોક પૃથ્વીની નીચે છે. ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપર્લોક અને બ્રહ્મલોક એ સાત લોક ઉપર છે. મહર્લોક સુધી કર્મનાં ફલ મળે છે. તેથી કર્મનું ફલ મળે નહિ તેવા જનલોકમાં રહી, આ મુનિઓએ બ્રહ્મસત્ર કર્યો.

૨. 'સ્વાયંભુવ' એટલે સ્વયંભૂ (બ્રહ્મા)ના પુત્ર નારદ પણ બ્રહ્માના પુત્ર હોવાથી એ સંબોધન કરેલું છે.

૩. જન્મ અને કર્મનું મૂલ બનેલ, દોષ ન હોવારૂપ ઉત્તમપણું, એવો અર્થ છે. (લે).

દોષો ન હતા એમ કહેલું છે. 'મનથી ઉત્પન્ન થએલા' એટલે બ્રહ્માના મનથી ઉત્પન્ન થએલા સનક વિગેરે. આ (શબ્દ)થી (તેમના) જન્મનું ઉત્તમપણું સૂચવેલું છે. 'મુનિઓ' એટલે મનન કરવાની ટેવવાળા, એ શબ્દથી તેઓનું કર્મ કહેલું છે. 'બ્રહ્મચારી' શબ્દથી તેઓનો બ્રહ્મવિદ્યા નો અધિકાર (કહેલો છે). ૯.

'આ વૃત્તાંત મેં કેમ ન જાણ્યો ?' એવી (નારદને) શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**શ્વેતદ્વીપં ગતવતિ ત્વયિ દ્રષ્ટું તદીશ્વરમ્ ।।**
**બ્રહ્મવાદઃ સુસંવૃત્તઃ શ્રુતયો યત્ર શેરતે ।।**
**તત્ર હાયમભૂત્ પ્રશ્નસ્ત્વં માં યં પરિપૃચ્છસિ ।।૧૦।।**

તું શ્વેતદીપમાં તેના ઈશ્વરનાં દર્શન કરવા ગયો હતો, ત્યારે જ્યાં શ્રુતિઓ શયન કરે છે ત્યાં બ્રહ્મવાદ સારી રીતે થયો હતો. તું મને જે પ્રશ્ન પૂછે છે તે ત્યાં ખરેખર થયો (પૂછાયો) હતો. ૧૦.

ક્ષીરોદ (દૂધના સમુદ્ર)નું સ્થાન ભગવાન્ અનિરુદ્ધનું ક્રીડાનું સાધન છે. શ્વેતદ્વીપના પતિનાં દર્શન કરવા તું (નારદ) ત્યાં ગયો હતો, ત્યારે બ્રહ્મવાદ સારી રીતે થયો હતો, એવો (વાક્યનો) સંબંધ છે. આથી એમ પણ સૂચવ્યું છે કે જ્યારે સર્વે પોતપોતાના સ્થાનમાં રહેલા હતા ત્યારે બ્રહ્મવાદ થયો હતો. પહેલાનાં લોકનું રક્ષણ[1] થએલ હોવાથી કર્મ કરનારાઓ સુખી હતા. જ્યારે ભક્તો પણ ભગવાનનાં દર્શન કરતાં સુખી હતા[2], ત્યારે બ્રહ્મવાદ સારી રીતે થયો હતો; બ્રહ્મનું નિરૂપણ થાય તે માટેનો વાદ એટલે રાગ વિનાની[3] કથા જેમાં થાય છે તેવો વિચાર સારી રીતે થયો હતો, એવો અર્થ છે. 'તે સ્થાન પણ બીજા સ્થાનની સમાન છે, તેથી ત્યાં નિર્ણય કેમ થયો?' એવી શંકા થાય, 'તેથી જ્યાં શ્રુતિઓ શયન કરે છે' એ શબ્દો યોજેલા છે. શ્રુતિઓ સર્વ સ્થલે ભમી, શયન કરવા ત્યાં જાય છે. તેથી (તે) તેઓનું પણ વિશ્રામનું સ્થાન હોવાથી, ત્યાં રહેલી શ્રુતિઓ પોતાનો અભિપ્રાય જણાવે એટલે, શ્રુતિનાં અભિમાનવાળી દેવતાઓનું અથવા આકાર ધારણ કરેલી

---

૧. પાછળ છઠ્ઠા શ્લોકમાં સ્થિતિ સૂચવેલી છે. ભગવાન્ (નારાયણ) તે લોકોનું (એટલે ભૂર્લોકથી મહર્લોક સુધીનું) રક્ષણ કરે છે. તેથી ત્યાં કર્મ કરનારા સુખી છે અને વધારે ને વધારે કલ્યાણ પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. (લે).

૨. કારણ કે આ શ્લોકમાં નારદ ભગવાનનાં દર્શન કરવા શ્વેતદ્વીપમાં ગયા હતા, એમ કહેલું છે. જ્ઞાનીઓનો તો તે સમયે નિર્ણય થએલ નહિ હોવાથી તેઓ સુખી ન હતા, તેથી (કર્મ કરનારા અને ભક્તો એ) બેનાં જ સુખ કહેલાં છે. (લે).

૩. 'રાગ વિનાની' એટલે 'તત્ત્વ જાણવાની ઈચ્છાવાળાઓની' (લે)

શ્રુતિઓનું વચન આ વિચારમાં મળતું આવે, એટલે ત્યાંનો (ત્યાં કરવામાં આવેલો) નિર્ણય સાચો થાય. 'ત્યાં રહેનારાઓને શ્રુતિઓના અભિપ્રાયનું જ્ઞાન હોવાથી તેઓને સંદેહ નહિ રહેવાથી તેઓ વિચાર કરે એ જ કેમ બને?' એવી શંકા થાય, તેથી '(તું મને જે પ્રશ્ન પૂછે છે) તે ત્યાં ખરેખર થયો હતો' એમ કહેલું છે. ત્યાં જ 'હ' ખરેખર આ પ્રશ્ન થયો હતો. ત્યાં પણ વિચાર કરવાની જરુર પડી હતી, એમ વિચારનું ઉત્તમપણું કહેલું છે. 'તું મને જે પૂછે છે' એટલે 'શ્રુતિઓ કેવી રીતે ગ્રહણ કરે? (પાછળ શ્લોક ૧ જૂઓ)' એ (પ્રશ્ન). તેથી જ પ્રશ્ન (અહિં) કહેલો નથી. ૧૦.

'અજ્ઞાનીને પ્રશ્ન કરવાનો અધિકાર છે, અને સર્વ જાણનારો હોય તેને ઉત્તર આપવાનો અધિકાર છે, તેથી ત્યાં[1] સંવાદ કેમ થયો ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તુલ્યશ્રુતતપઃશીલાસ્તુલ્યસ્વીયારિમધ્યમાઃ ।।**
**અપિ ચક્રુઃ પ્રવચનમેકં શુશ્રૂષવોઽપરે ।।૧૧।।**

વિદ્યા, તપ અને શીલમાં સમાન; મિત્ર, શત્રુ અને તટસ્થ પ્રતિ સમાન હોવા છતાં, એકને તેમણે વક્તા બનાવ્યો (અને) બીજાઓ શ્રવણ કરવાની ઈચ્છાવાળા થયા. ૧૧.

સરખાં જ હતાં શ્રુત(વિદ્યાનો) અભ્યાસ, તપ અને શીલ જેઓનાં (તેવા તેઓ હતા). અદષ્ટ ઉત્પન્ન કરનાર[2] આ ત્રણ ગુણો સરખા હતા. તે ત્રણમાંથી એક પણ ગુણ ન હોય તો બાકીનું નકામું થાય. 'મિત્ર, શત્રુ અને તટસ્થ પ્રતિ સમાન' એ શબ્દથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગી અંતઃકરણની શુદ્ધિ કહેલી છે. એ પ્રમાણે દષ્ટ અને અદષ્ટ પ્રકારે જે બ્રહ્મવિદ્યાના અધિકારીઓ હતા, તેઓ માંથી એકને તેમણે પ્રવચન કરનાર બનાવ્યો. 'પ્ર' સારી રીતે 'વચન' સિદ્ધાંત જણાવનારું વચન છે જેનું તેવો બનાવ્યો, અને બીજાઓ શ્રવણ કરવાની ઈચ્છાવાળા થયા. 'વારંવાર[3] ઉપદેશ કરેલ હોવાથી વારંવાર પાઠ કરવો' (બ્રહ્મસૂ. ૪।૧।૧) એ ન્યાય

---

૧. 'ત્યાં' એટલે (શ્લોક ૯માં જણાવ્યા પ્રમાણે) બધા સમાન ગુણોવાળા હતા, તેઓમાં. (લે).

૨. 'અદષ્ટ ઉત્પન્ન કરનાર' એટલે આ પછીના વિશેષણમાં જણાવ્યો તેવો (મિત્ર, શત્રુ અને તટસ્થ પ્રતિ સમાનતાનો) ભાવ ઉત્પન્ન કરનાર, એવો અર્થ છે.

૩. આભાસમાં 'બ્રહ્મવાદ તેમનામાં કેમ સંભવે ?' એવી શંકા કરી, તેથી આ બ્રહ્મસૂત્ર પ્રમાણે તે સંભવે છે એવો ઉત્તર થયો. તેથી મૂલ શ્લોકમાં 'વક્તા બનાવ્યો' એ શબ્દ છે ત્યાં 'વારંવાર પાઠ થાય તે માટે' એ શબ્દો અધ્યાહાર જાણવા. (લે)

પ્રમાણે વારંવાર બ્રહ્મસંબંધી વિચાર કરનાર થાય એવો અર્થ છે. ૧૧.

તેઓ પૈકી સનંદન વક્તા થયો, અને સનક વિગેરે શ્રવણ કરનારા થયા, તેથી સંદેહવાળા અર્થનો નિર્ણય થાય તે માટે સનંદન શ્રુતિનાં વચનો કહે છે. તે[1] અને બે (શ્લોક)થી તેના[2] પ્રસંગનો અર્થ (સનંદન) પોતે કહે છે. વેદનાં વાક્યોથી જ વેદના અર્થનો નિર્ણય થાય, એવો મત છે. સંદેહવાળા વિષયમાં બાકીના વાક્યોથી નિર્ણય કરવો' એ ન્યાય પ્રમાણે, તત્ત્વોનું નિરૂપણ કરવાના પ્રકારથી[3] અઠ્ઠાવીશ પ્રકારે જુદા જુદા થએલા સર્વ વેદોના તે તે પ્રકારનો સંદેહ દૂર થાય તે માટે બાકીના વાક્યરૂપ આ (૧૪ થી ૪૧ સુધીના) અઠ્ઠાવીસ શ્લોકો છે તેઓનું પ્રકરણ નથી[4], તેથી તે તે પ્રકરણમાં આ શ્લોકોનો પાઠ નથી, એટલે (છતાં પણ) આરંભ કર્યા વિના[5] જેનો પાઠ કરેલ હોય તે પણ નિર્ણય કરાવનાર હોવાથી, સર્વ તત્ત્વો જેમનાં સ્વરૂપમાં છે તેવા ભગવાન્ પોઢેલા હોય ત્યારે શુદ્ધ[6] રૂપથી સ્ફૂરે નહિ તેવી સ્થિતિમાં, મુખ્ય[7] (ગુણ) સ્ફૂરે તે માટે તત્ત્વોના ભેદનો નિર્ણય કહેતાં, નાટક કરનારાઓ જેમ રસવાળો (વેશ) ભજવીને (જણાવે છે)[8] તેમ આ શ્લોકો

---

૧. 'તે' એટલે 'મેં' (શુકે) કહેલો જ સિદ્ધાંત'. (લે)

૨. 'તેના પ્રસંગ' એટલે 'તે નિર્ણયના પ્રસંગ'. (લે) આ પ્રસંગને કહેવા બે શ્લોકો કહે છે. 'દ્વાભ્યામ્' શબ્દ હોવાથી આ નિર્ણયના પ્રસંગનો અર્થ એટલે વિષય, બે શ્લોકોથી સનંદન કહે છે, એવો અર્થ કરેલો છે.

૩. તત્ત્વો ભગવાનના ભાવરૂપ છે, અને ભગવાન્ જેમનું કારણ છે તેવાં છે. આ તત્ત્વો ભગવાને રચેલાં છે એમ વેદો જણાવે છે, તેથી (તત્ત્વો ૨૮ હોવાથી) વેદ અઠ્ઠાવીશ પ્રકારના છે એવો અર્થ છે. (લે)

૪. આ શ્રુતિગીતાના શ્લોકોનું પ્રકરણ વેદમાં નથી, એટલે ત્યાં વેદમાં આ શ્લોકો નથી તેથી તેમાં આ શ્લોકોનો પાઠ થતો નથી; એવો અર્થ છે. (લે)

૫. '(આ શ્લોકો જે વેદના તત્ત્વોનું નિરૂપણ કરનારાં વાક્યોની) નજીકમાં નથી તે (તેના) બાકીના (શ્લોક) કેમ ગણાય ?' એવી શંકા થાય, તેથી આ કહે છે. પ્રકરણમાં આ શ્લોકોનો પાઠ નથી, છતાં પણ આ તે તે (તત્ત્વો) સંબંધી સંદેહ દૂર કરનારા છે, તેથી તે તે વાક્યોના બાકીના (સંબંધવાળા) છે. (લે). અનારભ્યાધીત એટલે સામાન્ય વાક્ય.

૬. 'શુદ્ધરૂપથી' એટલે 'કારણરૂપથી'. કાર્યરૂપનું યાન કરી (પોતામાં લય કરી), ભગવાન્ કારણરૂપ જ થયા, તેથી તે સ્ફુરતા નથી (તેમનું જ્ઞાન થતું નથી) એવો અર્થ છે. (લે)

૭. 'મુખ્ય' એટલે જગતનાં કર્તા હોવાપણાનો (ગુણ) સ્ફુરે એટલે જાગ્રત થાય તે માટે તત્ત્વોના ભેદનો નિર્ણય કહે છે, (લે)

૮. અહિં નટનું દૃષ્ટાંત આપે છે. નટો જે રસનો વેષ ભજવે છે, તેમાં તેઓનું તાત્પર્ય નાટક જોનારાઓ નટમાં રહેલ રસ જાણે એટલું જ હોય છે, પરંતુ નટો પોતે રસનો અનુભવ કરે

ચાલુ વિષયમાં[૯] તાત્પર્ય વિનાના હોવા છતાં (ભગવાનનો) પ્રબોધ (કરવો એ) જ તાત્પર્યનો વિષય જાણે છે. અર્થ જણાવનારા શબ્દ અને અર્થરૂપ વેદ અને ભગવાને[૧૦] જેમ (જેવી સ્થિતિમાં) કહેલું તે જણાવવા (સનંદન બારમા અને તેરમા એ બે શ્લોકોમાં તેમની) તેવી સ્થિતિનું વર્ણન કરે છે. આટલાથી[૧૧] પણ વેદના સર્વ સંદેહો દૂર થતા નથી, પરંતુ બીજાને માટે પ્રવૃત્ત થએલા[૧૨] કેટલાક વેદોનું જ બોધ કરનારું આ (વચન) છે[૧૩] એમ જણાવવા દૃષ્ટાંતથી વેદોને ભાટ અને ભગવાનને રાજા કહે છે. તેથી એમ સૂચવેલું છે કે (બ્રહ્મનો) નિર્ણય કરનારાઓ પણ નજીકથી અથવા દૂરથી જ પોતાના પ્રકરણમાં થતાં સંદેહને દૂર કરે છે, પરંતુ ભગવાનનાં દર્શન કરીને તેમ કરતા નથી.(વેદના) વેદમાં કહેલાં તત્ત્વો નિવૃત્તિરૂપ[૧૪] છે એમ કહેવા, નીચેના શ્લોકમાં ભગવાનની પહેલાં ની સ્થિતિ જણાવે છેઃ

સનંદન કહે છેઃ

**સ્વસૃષ્ટમિદમાપીય શયાનં સહ શક્તિભિઃ ।।**
**તદન્તે બોધયાંચકુસ્તલ્લિઙ્ગૈઃ શ્રુતયઃ પરમ્ ।।૧૨।।**

---

તેવું તેમનું તાત્પર્ય હોતું નથી. તેવી રીતે શ્રુતિઓ બાકીના (સંબંધવાળાં) વાક્યો હોવા છતાં, તેમનું તાત્પર્ય એટલું જ છે કે તેઓ જે અર્થ જણાવે છે તે ભગવાન્ જાણે; પરંતુ તેમને પોતાને પોતાના અર્થનું કાંઈ તાત્પર્ય નથી, એવો અર્થ છે. (લે)

૯. જેમ વિધિ (અમુક કાર્ય કરવાની વેદની આજ્ઞા)ને પોતાને પોતાના અર્થનું કાંઈ તાત્પર્ય સંભવતું નથી, પરંતુ બીજાને બોધ કરવાનું જ વિધિનું તાત્પર્ય છે, તે પ્રમાણે અમો શ્રુતિઓ ભગવાનના ધર્મોનું નિરૂપણ કરી, તેમને તેમના ધર્મો જણાવીએ એટલે ભગવાન્ સૃષ્ટિ રચે, તેવા હેતુથી શ્રુતિઓ, ('ભગવાન્ જગતના કારણ છે' એવું) જે કારણપણું વર્ણવે છે તે ભગવાનને તેમણે જણાવવાનું છે. શ્રુતિઓમાં તો તે કારણપણું પોતાના અર્થ તરીકે હતું જ. તેથી શ્રુતિઓને (આ કારણપણું ભગવાનને જણાવવામાં) પોતાના અર્થસંબંધી (પોતાનું) કાંઈ તાત્પર્ય નથી, એવો અર્થ છે. (લે)

૧૦. વેદોમાં ભગવાનનો સત્ અંશ જ છે, તેથી માત્ર વેદ બોલી શકે તેવું સંભવતું નથી, તેથી વેદ જેમનું વર્ણન કરે છે તેવા ભગવાને બ્રહ્મસૂત્ર ૨।૧।૫માં જણાવેલ ન્યાયે આ (શ્રુતિનાં) વાક્યો કહેલાં છે, એવો ભાવ છે. (લે)

૧૧. અહિંથી બારમા શ્લોકનો અર્થ કહે છે. (લે)

૧૨. 'બીજાને માટે પ્રવૃત્ત થએલા' એટલે પોતાના અર્થમાં જેમને પોતાનું તાત્પર્ય નથી, અને જે વસ્તુતઃ હતો તેવો જ અર્થ જણાવનારા છે તેવાં ઉપનિષદો. (લે)

૧૩. રાજા જાગીને જગતનું પાલન કરે, એવા આશયથી ભાટો તેમને જગાડે છે. પાલન કરવું એ તો રાજાને અધીન છે, એવો અર્થ છે. (લે)

૧૪. 'નિવૃત્તિરૂપ' એટલે 'મોક્ષ માટે ઉપયોગી સૃષ્ટિનું નિરૂપણ કરનારા'. (લે)

પોતે સર્જેલાં જગતનું સર્વ તરફથી પાન કરીને શક્તિઓ સાથે પોઢેલા ઈશ્વરનો, તે (પ્રલય)ના અંતે શ્રુતિઓએ તેમના ચિહ્નોથી પ્રબોધ કર્યો. ૧૨.

સૃષ્ટિ અનાદિ (આરંભ વગરની) છે એમ જણાવવા 'પોતે સર્જેલા' એ શબ્દો યોજેલા છે. 'આ' ચારે તરફ દેખાતું જગત્ (છે), તેનું સર્વ તરફથી પાન (કરીને) એટલે પહેલાં સર્જેલાં બધાંને મુક્ત કરીને ભવિષ્યમાં પોતાને જાણે કે કાંઈ કરવાનું નથી એમ જણાવતાં ભગવાન્ પોઢેલા જ રહેલા. પછી ભગવાન્[૧૫] સૃષ્ટિના તત્ત્વોના ભેદને વિસરીને રહેલા છે એમ (માની), વેદો સંદેહ ન રહે તેમ જણાવનારાં સારાં વચનોથી જાણે કે પ્રબોધ કરતા હોય તેવા થયા. 'કાલરૂપ શક્તિ જ પ્રબોધ કરનારી છે, વેદોનું પ્રબોધ કરવામાં) શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'શક્તિઓ સાથે' એમ કહે છે[૧૬]. પછી 'તેના' એટલે પોઢવાના અંતે પ્રબોધ થવાના વખતે (શ્રુતિઓએ પ્રબોધ કર્યો), કારણ કે તેમ ન હોય (પ્રબોધ થવાના વખત પહેલાં પ્રબોધ કર્યો હોય) તો પ્રબોધ (કરવા)થી અપરાધ થાય. તે (બોધન) 'તેમના ચિહ્નોથી' (કરે છે). તત્ત્વો જ ભગવાનનાં ચિહ્નો છે, જેમનું 'વીર્ય' એવું બીજું નામ છે તેવાં તે (તત્ત્વો) ભગવાનને (તેમની અંદર) પદાર્થ (જગત)નો લય થએલો છે એ જણાવે છે, તેથી[૧૭] તેમનાથી જ પ્રબોધ કરે છે[૧૭]; કારણ કે આ શ્રુતિઓ માત્ર શ્રવણરૂપ જ[૧૮] છે. પરંતુ પ્રત્યક્ષ દર્શન કરનારી નથી. તેમાં પણ તેઓ સાક્ષાત્ પ્રબોધ કરતી નથી, પરંતુ પ્રબોધ કરનારને[૧૯] આગળ કરે છે[૧૯]. ૧૨.

વળી જો આ શ્રુતિઓ સ્વતંત્ર રીતે[૧] જૂદા વિષયનું નિરૂપણ કરતી હોત

---

૧૫. 'તિષ્ઠતિ' પાઠ લઈ આ અર્થ કર્યો છે. તેલીવાળાએ પ્રસિદ્ધ કરેલ ગ્રંથમાં આવો પાઠ હતો, પરંતુ શુદ્ધિપત્રકમાં 'તિષ્ઠન્તિ' એમ સુધારેલ છે. મને તો આ પાઠ જ યોગ્ય લાગે છે.

૧૬. 'કહે છે' એટલે 'શક્તિઓ સાથે (પોઢેલા) છે' એમ કહે છે. શક્તિઓ સાથે (પોઢેલા), એટલે લક્ષ્મીજીની ભુજાઓમાં રહેલા ભગવાનનો પ્રબોધ કરવાની કાલની શક્તિ નથી, પરંતુ ૧૦|૨૯|૧૩માં કહેલું છે કે શ્રુતિઓ 'મનોરથના અંતને પામી'. તેથી શ્રુતિઓએ આવો આનંદ પ્રાપ્ત કરેલો હોવાથી અંતરંગ વેદોએ જ ભાટોની પેઠે ભગવાનનો પ્રબોધ કરવો જોઈએ એવો ભાવ છે. (લે)

૧૭-૧૭. ભગવાનના વીર્યોથી જ જગતને ભગવાનની પ્રાપ્તિ થાય છે, તેવા હેતુથી મોક્ષ જેનો થવાનો છે તેવી સૃષ્ટિ રચે તે માટે, તે (વીર્યો)થી જ ભગવાનનો પ્રબોધ કરે છે. (લે)

૧૮. 'શ્રવણરૂપ' એટલે ભગવાન્ પોતાના ગુણોનું શ્રવણ કરે તેટલું જ કરનારી. (લે).

૧૯-૧૯. પ્રબોધ કરનાર ભગવાનના વીર્યરૂપ ગુણને આગળ કરે છે એટલે જાગ્રત કરે છે, એવો અર્થ છે. (લે)

૧. (આ શ્રુતિઓ સ્વતંત્ર રીતે કાંઈ ભગવાનને જણાવતી નથી, પરંતુ જે ભગવાનના ગુણો છે,

તો આ વિચાર પણ કરવાનો રહે, તેથી આ (શ્રુતિઓ) પ્રકરણની રીતે પ્રબોધ કરતી નથી એમ જણાવવા નીચેના શ્લોકમાં દૃષ્ટાંત કહે છેઃ

**યથા શયાનં સમ્રાજં બન્દિનસ્તત્પરાક્રમૈઃ ।।**
**પ્રત્યૂષેઽભ્યેત્ય સુશ્લોકૈર્બોધયન્ત્યનુજીવિનઃ ।।૧૩।।**

જેમ પોઢેલા ચક્રવર્તી રાજાને (તેના) સેવક ભાટો પરોઢમાં આવીને સારાં વચનોવાળાં તેનાં પરાક્રમોથી પ્રબોધ કરે છે તેમ (શ્રુતિઓએ પ્રબોધ કર્યો).૧૩.

તે[2] અનુવાદ કરનારા હોવાથી, સ્વતંત્રતાથી નિરૂપણ કરતા નથી, તે પ્રમાણે આ શ્રુતિઓ ભગવાનને જ તેમણે કરેલાં પરાક્રમો શ્રવણ કરાવે છે. તેનું કારણ 'ભાટો' એ શબ્દથી કહેલું છે. તેઓ પ્રબોધ કરવાના અધિકારીઓ છે, અને વિદ્યા ઉપર (આજીવિકા માટે) આધાર રાખનારા છે[3]. અધિક[4] ફલનો નિર્ણય કરવા તત્પર થએલી (શ્રુતિ)ઓએ તત્ત્વવિદ્યા ઉપર આધાર રાખવો જ જોઈએ[3]. જાગેલા ભગવાનનો કોઈ સમયે સાક્ષાત્કાર થાય, અથવા તે કોઈ સમયે પોતાના આનંદનું દાન કરે[4], એવી તે (શ્રુતિ)ઓની પણ અભિલાષા હોય છે. તેઓ પહેલાનું જ વૃત્તાંત જાણે છે, પરંતુ ભવિષ્યમાં થવાનું (વૃત્તાંત) જાણતી નથી એમ જણાવવા, ત્રીસ મુહૂર્તના રાતદિવસમાં માત્ર બે જ મુહૂર્ત (રાતના) બાકી રહે ત્યારે આવે છે, (અને) ત્યારે જ પ્રબોધ કરે છે, કારણ કે તેઓ 'અનુજીવિનઃ' સેવકો છે. (આથી) એમ સૂચવ્યું છે કે (તેઓ) તેમનો પ્રબોધ ન કરે તો તેમના સ્વરૂપનો જ નાશ થાય. કેટલાક એમ કહે છે કે શ્રુતિઓ (ભગવાનના) પહેલા નિઃશ્વાસમાંથી નીકળેલી છે. (આ મત) દૃષ્ટાંત વિગેરેથી વિરુદ્ધ નથી, પરંતુ તેઓ (ભગવાનથી) જૂદી જ રહે છે. (એમ) દૃષ્ટાંત પ્રમાણે જણાવેલ છે. ૧૩.

---

અને વેદમાં જણાવેલા છે તે જ જણાવે છે), તેથી આ બાકીના વાક્ય જેવી જ છે એવો ભાવ છે.(લે)

૨. 'તે' એટલે 'ભાટો'. (લે)

૩-૩. આ વાક્યથી શ્રુતિઓ તત્ત્વવિદ્યા ઉપર આધાર રાખનારી છે એ સ્પષ્ટ કરે છે. 'શ્રુતિઓ' શબ્દ અહિં અધ્યાહાર છે.(લે)

૪-૪. જેમ ભાટો અધિક દ્રવ્ય પ્રાપ્ત થાય તે માટે ચક્રવર્તી રાજાને જગાડે છે તેમ આ શ્રુતિઓ પણ (અધિક ફલ પ્રાપ્ત કરવા) પ્રબોધ કરે છે, એવો અર્થ છે. આ વાક્યમાં શ્રુતિઓ કેવાં અધિક ફલની ઈચ્છા રાખે છે તે જણાવેલ છે. (લે)

## ।। વેદસ્તુતિ ।।

એ પ્રમાણે પ્રસંગ કહીને બાકીનાં વાક્યરૂપમાં પહેલાં પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓ ૧.સ્વતંત્રતાથી પ્રકૃતિનું નિરૂપણ કરે છે કે કેમ? જો તેમ (સ્વતંત્રતાથી નિરૂપણ) કરતી હોય તો શક્તિ અથવા દેવતાનું પ્રધાનપણું થાય; અથવા ૨.ભગવદ્રૂપ પ્રકૃતિને ભગવાન્ તરીકે જણાવે છે? અથવા ૩.આ પ્રકૃતિ જીવોના ધર્મરૂપ હોવાથી તેમના જ પ્રયત્નથી અથવા તેમના જ સ્વરૂપના જ્ઞાનથી તેને દૂર કરવાની છે એવું તેનું વર્ણન કરે છે? અથવા ૪.સસલાના શીગડાં પેઠે જેનું પોતાનું અસ્તિત્વ નથી તેવી (માયિક) દેખાય છે? અથવા ૫.આ લક્ષ્મીના જેવી સાચી ભગવાનની અંતરંગશક્તિ છે કે જેથી તેનામાં જ સ્થિતિ કરવી યોગ્ય હોવાથી, પ્રપંચ હોય ત્યારે અને પ્રપંચ ન હોય ત્યારે એકસરખી રીતે તેનું નિરૂપણ કરે છે? એ પ્રમાણે અનેક પ્રકારના સંદેહો ઉત્પન્ન થતાં પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓનો નિર્ણય થાય તે માટે, નીચેનો શ્લોક કહે છે[1]:

।। શ્રુતય ઉચુઃ ।।

**જય જય જહ્યજામજિત દોષગૃભીતગુણાં**
**ત્વમસિ યદાત્મના સમવરુદ્ધસમસ્તભગઃ ।।**
**અગજગદોકસામખિલશક્ત્યવબોધક તે**
**ક્વચિદજયાત્મના ચ ચરતોઽનુચરેન્નિગમઃ ।।૧।।**

જેમ 'પટ દીધેલી કાંકરીઓનો ઉપયોગ કરવો', 'ઘી તેજ છે' વાક્યમાં 'ઘી' પદનું શ્રવણ થવાથી જ તેલ, મધ, દૂધ વિગેરે (નો પટ દેવાનો) નથી (એમ સમજાય છે), એ પ્રમાણે ભગવાનની સમીપમાં માયાના સ્વરૂપ અને ગુણનું (થએલ) નિરૂપણ સાંભળીને જ સંદેહ દૂર થાય છે[2], તેથી ફરીથી (ઉપર કહેલા) જુદા જુદા મત ખોટા ઠરાવવા યુક્તિઓ કહેવાની જરુર નથી, છતાં પણ કહેવામાં

---

૧. એક બાકીનું વાક્ય પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓનો નિર્ણય થાય તે માટે પ્રકૃતિનું સ્વરૂપ કહે છે, એવો અર્થ છે (લે)

૨. તેલ, મધ, વિગેરે હરકોઈ પદાર્થનો કાંકરીઓને પટ આપવો જોઈએ એમ 'પટ દીધેલી કાંકરીનો ઉપયોગ કરવો' વાક્યથી જણાયું. તેલ, મધ, વિગેરેનો પટ ન દેવો એવું વાક્યમાં કહેલ નથી, છતાં બાકીનું વાક્ય 'ઘી તેજ છે' એવું છે. તેમાં 'ઘી' કહેલ હોવાથી જ તેલ, મધ વિગેરેનો પટ દેવાનો નથી એમ સિદ્ધ થાય છે. તે જ પ્રમાણે આભાસમાં જણાવ્યું તે પૈકી એક પ્રકારની પ્રકૃતિ છે, એમ જાણવા છતાં ભગવાનની સમીપ પ્રકૃતિનું સ્વરૂપ તથા ગુણ જણાવનારાં વાક્યો સાંભળવાથી જ તે આ શ્લોકમાં વર્ણવી છે તેવા પ્રકારની છે અને બીજા પ્રકારની નથી એમ સિદ્ધ થાય છે, એવો અર્થ છે. (લે)

આવે છે. તે પૈકી આરંભમાં પ્રકૃતિનો નિરાસ કરવા માટે ભગવાન્ સ્વરૂપથી સ્થિતિ કરે તે પ્રાર્થના કરે છે. 'જય થાઓ, જય થાઓ,' એટલે સર્વથી ઉત્તમપણાથી રહો એમ બે વાર કહ્યું, તેથી આપ સદા સર્વથી ઉત્તમપણાથી રહો એવી પ્રાર્થના (કરેલી છે), તેમ ન થાય (આપ સદા ઉત્તમપણાથી ન રહો) તો[3] તે (પ્રકૃતિ)ના સંબંધીઓ અમારો નાશ કરે[4]. 'જહી અજામ્' 'નિદ્રાને તજો' શબ્દોથી બીજી પણ પ્રાર્થના કરે છે. તેથી તે (નિદ્રા)નો મૂલથી નાશ કરો[5], જેથી સારી રીતે પ્રબોધ થાય, એવો ભાવ છે. 'તેણે (નિદ્રાએ)જ મને આટલા વખત સુધી વશ રાખેલો છે. તેને કેમ હણી (તજી) શકાય?' એવી શંકા થાય, તેથી 'હે અજિત !' એવું સંબોધન કરે છે. આપ કોઈથી પણ જીતાએલા નથી. યોગનિદ્રાને આપે લીલાથી જ ગ્રહણ કરેલી છે પરંતુ જીવની પેઠે આપ નિદ્રાને વશ થએલા નથી. ૧.ભગવાનની નિદ્રા (એજ) ૨.માયા છે, તેજ ૩.પ્રકૃતિ છે, તેથી એ ત્રણ સ્વરૂપ એક જ (પદાર્થ) છે. તેથી જ માર્કંડેય પુરાણમાં બ્રહ્માએ યોગનિદ્રાની સ્તુતિ કરેલી છે. આથી[6] તે જગત્ રચનારી છે એવા મતને સારી રીતે ખોટો ઠરાવાયો. છતાં તે સ્વપ્નની સૃષ્ટિ રચે છે, પરંતુ સત્ય સૃષ્ટિ રચતી નથી. સત્ય સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રકાર આગળ કહેવામાં આવશે.

'આ ગુણવાળી (નિદ્રા) સુષુપ્તિમાં પરમાનંદરૂપ ગુણ આપે છે[7]. તેથી આને શા માટે હણવી?' એવી શંકા થાય, તેથી 'દોષગૃભીતગુણામ્' વિશેષણ યોજેલું છે. દોષ માટે જ એટલે (જીવને પોતાના) સ્વરૂપનું અજ્ઞાન રહે તે માટે જ ગુણો ગ્રહણ કરેલા છે જેણે (તેવી તે છે). આ જ[8] પોતાની શક્તિઓ મારફત

૩. 'તેમ ન થાય તો' એટલે 'ભવિષ્યમાં હરકોઈ સમયે ભગવાનનું સર્વથી ઉત્તમપણું ન હોય તો'. (લે)

૪. પ્રકૃતિના સંબંધવાળા ઉચ્છ્રુંખલ પુરુષો અમારો (શ્રુતિઓનો) નાશ કરે, એટલે અમને ગણકારે નહિ, એવો અર્થ છે. (લે)

૫. પાછળ બારમા શ્લોકમાં 'શયનના અંતે' શ્રુતિઓ આ પ્રાર્થના કરે છે એમ કહેલું છે, તેથી જરા તરા નિદ્રાનો ત્યાગ ભગવાને તે સમયે કરેલ જ હતો. તેથી મૂલથી (સર્વ નિદ્રાનો) ત્યાગ કરવા પ્રાર્થના કરે છે, એવો અર્થ છે. (લે)

૬. સૃષ્ટિ ભગવાને ઉત્પન્ન કરી તે પહેલાં જ પ્રકૃતિનો ત્યાગ કરવા શ્રુતિઓ પ્રાર્થના કરે છે, તેથી સૃષ્ટિ ભગવાન્ ઉત્પન્ન કરે તેમાં પ્રકૃતિ કરણ પણ નથી એમ સિદ્ધ થાય છે, તો પછી સૃષ્ટિ ઉત્પન્ન કરનારી તો તે ક્યાંથી જ હોઈ શકે ? એવો અર્થ છે. (લે)

૭. 'જીવોને' શબ્દ અહિં અધ્યાહાર છે. તેથી સર્વ આનંદ આપનારી હોવાથી ભલે રહી, એવો ભાવ છે (લે)

૮. 'જીવોમાં તો જીવોની હલકી શક્તિઓ દોષ ઉત્પન્ન કરે છે, પરંતુ આ માયા દોષ ઉત્પન્ન કરતી નથી' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. જીવોની હલકી શક્તિઓ પણ આ

જીવોને ઘણો મોહ ઉત્પન્ન કરે છે. નિદ્રા, આલસ વિગેરે રૂપથી તેઓને મોહ કરનારી પણ થાય છે. તેથી 'અગજગદોકસામ્' વિશેષણ યોજેલું છે. સ્થાવર જંગમ દેહોમાં રહેલા જીવોને માટે (ઉપર જણાવ્યા પ્રમાણે મોહ કરનારી), અથવા (તેવા) જીવોના સંબંધવાળી (તે છે). 'મને પણ આ (નિદ્રા) સુખ આપનારી છે, તેથી ભલે રહી' એવી શંકા થાય, તેથી 'આપ (પોતાથી જ જેમણે સર્વ ભગને પોતામાં જ રોકી રાખેલ છે તેવા) છો' એમ કહે છે; કારણ કે આપ પોતાથી જ જેમણે સર્વ ભગને પોતાની અંદર રોકી રાખેલ છે તેવા છો. નિદ્રા, આલસ તથા પ્રમાદથી ઉત્પન્ન થતાં હલકી શક્તિઓ વિગેરેએ આપેલાં સુખની[૯] તેને જ જરુર હોય છે કે જેના સ્વરૂપનો આનંદ સાત્ત્વિક આનંદ ન હોય. 'હે અજિત!' એ સંબોધનથી તે બાધ કરનારી નથી એમ તો કહેલું જ છે. (તે) ઇચ્છેલું પ્રાપ્ત કરાવનારી પણ નથી, એમ આ વિશેષણથી કહે છે. આપ પોતાથી એટલે તે નિદ્રાની જરુર વિના જ સારી રીતે પોતાની અંદર રોકી રાખેલા છે 'સમસ્તભગાઃ' અણિમા વિગેરે સુખો અને સ્વરૂપના આનંદો જેમણે તેવા છો. તેથી તે (નિદ્રા)ની શી જરુર? '(મારી) સેવા માટે જીવોની જરુર છે, અને તેઓની ઇન્દ્રિયોનો સમૂહ પ્રકૃતિના સંબંધવાળો છે. તેથી પ્રકૃતિનો વિનાશ થતાં બધાનો નાશ જ થાય. એવી રીતે (તેનો નાશ) વિઘ્ન કરનાર છે' એવી શંકા થાય, તેથી 'સ્થાવર જંગમોની ઇન્દ્રિયોની (સર્વ શક્તિને જાગ્રત કરનાર)' એમ કહે છે. સ્થાવર અને જંગમોની સર્વ ઇન્દ્રિયોની[૧૦] શક્તિને જાગ્રત કરનારા આપ જ છો, પ્રકૃતિ નથી, એવો તેનો

---

માયાની જ જૂદી જૂદી શક્તિઓ છે, એવા ભાવ છે. આ માયાને ચિદંશની એકત્ર થએલી શક્તિ આ શ્લોકમાં જણાવેલી છે, એમ જાણવું. (લે)

૯. ક્ષુદ્ર (હલકી) વિગેરે શક્તિઓએ ઉત્પન્ન કરેલું નિદ્રા વિગેરેથી થતું તામસ સુખની, એવો અર્થ છે. 'વિગેરે' શબ્દથી વિષયોથી પ્રાપ્ત થતું, વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી ઉત્પન્ન થતું રાજસ સુખ કહેલું છે. (લે)

૧૦. 'અગજગદોકસામ્' પદનો 'અજામ્' સાથે ઉપર સંબંધ લીધેલો છે. માયા ભગવાનમાં દોષ ઉત્પન્ન કરવા શક્તિવાળી નહિ હોવાથી, આ પદ ઉંબરામાં મૂકેલો દીવો જેમ બંને ઓરડાને પ્રકાશ આપે છે તેમ, બંને બાજુએ સંબંધવાળું છે, પણ માત્ર 'અખિલશક્ત્યવ-બોધક' પદ સાથે જ સંબંધ રાખતું નથી એવા અભિપ્રાયથી આ પદનો ઉપર 'અજામ્' સાથે સંબંધ લીધેલો છે, અને તેનો એવો અર્થ કરેલો છે. 'સ્થાવર અને જંગમ દેહોમાં રહેલા જીવો માટે, અથવા તેઓના સંબંધવાળી માયાને, તે તેઓમાં દોષ ઉત્પન્ન કરનારી હોવાથી આપ તજો' એવો અર્થ તેનો કરે. અહિં તેનો 'અખિલશક્ત્યવબોધક' પદ સાથે સંબંધ લે છે. પહેલાં અર્થ કરેલ ત્યાં નીચે પ્રમાણે અર્થ છે. 'અગાનિ' સ્થાવર અને 'જગન્તિ' જંગમ શરીરો 'ઓકસ્' સ્થાન છે જેઓનું તેવા જીવો. અહિં સમાસ તે જ પ્રમાણે છૂટે છે, પરંતુ

અર્થ છે. વળી જે સ્થાવર જંગમ (જીવો) તે આપના છે, તેમને જાગ્રત કરનારા તો આપ જ છો. પ્રકૃતિના સંબંધવાળા જીવોના સંબંધમાં તો વિચાર પણ હોય[11]. 'પ્રકૃતિનો નાશ થાય ત્યારે, તે (પ્રકૃતિ)ને આગળ કરીને મારો બોધ કરવા પ્રવૃત્ત થએલા વેદોની (તેવી) પ્રવૃત્તિ કેમ થશે?' એવી શંકા થાય, તેથી (આ શ્લોકનું) છેલ્લું ચરણ કરેલું છે. 'નિગમઃ' વેદ આપને અનુસરશે જ (આપનો પ્રબોધ કરશે જ). આપ કોઈવાર જ અજાથી (પ્રકૃતિથી) ચરનારા અને સદા પોતાથી જ ચરનારા છો. 'ચ' 'અને' શબ્દથી એમ સૂચવેલું છે કે અજાથી ચરતા હો તેવી સ્થિતિમાં પણ આપ પોતાથી જ ચરનારા હો છો. તેથી આ પ્રયોજન માટે પણ અજાનું સંરક્ષણ કરવાની જરુર નથી. 'નિગમઃ' 'વેદ' શબ્દ એકવચનમાં યોજેલો હોવાથી (એમ કહેલું છે કે) કોઈક જ વેદ અજાને આગળ કરીને આપનો પ્રબોધ કરે છે, અને તે પણ સ્વરૂપમાં રહેલા આપનો જ બોધ કરે છે. 'એવા (પ્રકૃતિના સંબંધવાળા) જ (મને) વેદ પ્રબોધ કરે છે, એમ કેમ ન કહેવું?' એમ ન કહો. 'રૂપ વિનાના સ્પર્શ વિનાના...'(કઠોપ.૩।૧૫) વિગેરે શ્રુતિઓ પ્રકૃતિનો સંબંધ આપને નથી એમ જ જણાવે છે. તેમ જ બીજી પણ સ્વરૂપાનંદનો બોધ કરનારી અને સૃષ્ટિનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ કેવલ (પ્રકૃતિના સંબંધ વિનાના) બ્રહ્મનું જ નિરૂપણ કરનારી છે એમ આગળ કહેવામાં આવશે. તેથી મોહ કરનારી શક્તિનો આપ નાશ કરો એવી પ્રાર્થના છે.

**પ્રાકૃતાઃ શ્રુતયઃ સર્વા ભગવન્તમધોક્ષજમ્ ।।**
**સ્તુવન્તિ દોષનાશાય તત્રાવિષ્ટો ભવેદ્યથા ।।૧।।**

જેવી રીતે ભગવાન્ જગતમાં પ્રવેશ કરે તે માટે દોષનો નાશ કરવા[12] સર્વ

સ્થાવર અને જંગમ શરીરો સ્થાન છે જેઓનું તેવી ઇન્દ્રિયો, એવો અર્થ લેવાનો છે. એ પ્રમાણે ભગવાન્ સર્વથી ઉત્તમપણાની સ્થિતિમાં રહે, અને નિદ્રાનો ત્યાગ કરે, એ આ શ્લોકનો અર્થ છે. અજાનો ત્યાગ જરુરી છે. એમ જણાવવા તે દોષો ઉત્પન્ન કરનારી છે એમ કહેલું છે. (લે)

૧૧. જે સ્થાવર જંગમ જીવો આપના (સેવક) છે તેમની ઇન્દ્રિયોને જાગ્રત કરનારા તો આપ જ છો, એમાં સંશય ન હોઈ શકે. જેઓ પ્રકૃતિના સંબંધવાળા છે તેમના સંબંધમાં તેમને જાગ્રત કરનાર પ્રકૃતિ છે કે નહિ એવો વિચાર પણ સંભવે, પરંતુ આપના સેવકોના સંબંધમાં તે સંભવતો પણ નથી, એવો અર્થ જણાય છે.

૧૨. 'દોષનો નાશ કરવા' એટલે 'અજાનો ત્યાગ કરવા'. જેમ અજાનો ત્યાગ કરવાથી ત્યાં એટલે જગતમાં ભગવાનનો (રચ્યા પછી) પ્રવેશ થાય, તે માટે અજાનો ત્યાગ કરવા શ્રુતિઓ પ્રાર્થના કરે છે, એવો અર્થ છે. આ વાક્યમાં અજાનો ત્યાગ કહેલ હોવાથી (અજાનું નિરૂપણ કરનારી) મુખ્ય શ્રુતિઓમાં પણ અજાનો ત્યાગ કરવાનું જ તાત્પર્ય છે. જેમ 'ઘી

પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓ જેમનું ઈન્દ્રિયોથી જ્ઞાન થતું નથી[૧૩] તેવા ભગવાનની સ્તુતિ કરે છે[૧૪]. કા.૧.

શ્રુતિઓ કહે છેઃ

'જય' જય થાઓ 'જય' જય થાઓ. 'અજિત' હે અજિત! 'અગજગ-દોકસામ્' સ્થાવર જંગમ જીવોના સંબંધવાળી 'દોષગૃભીતગુણામ્' દોષ માટે જ જેણે ગુણોને ગ્રહણ કરેલા છે તેવી 'અજામ્' નિદ્રાને 'જહિ' તજો. 'યત્' કારણ કે 'ત્વમ્' આપ 'આત્મના' પોતાથી જ 'સમવરુદ્ધસમસ્તભગઃ' જેમણે સર્વ ભગને પોતામાં જ સારી રીતે રોકી રાખેલ છે તેવા 'અસિ' છો. હે 'અગજગદોકસામ્' સ્થાવરજંગમોની ઈન્દ્રિયોની 'અખિલશક્ત્યવબોધક' સર્વ શકિતને જાગ્રત કરનાર! 'ક્વચિત્' કોઈવાર જ 'અજયા' અજાથી 'ચ' અને 'આત્મના' 'સદા' પોતાથી જ 'ચરતઃ' ચરતા 'તે' આપને 'નિગમઃ' વેદ 'અનુચરેત્' અનુસરે જ. ૧.

પછી બ્રહ્મનું નિરૂપણ કરવા પ્રવૃત્ત થએલી શ્રુતિઓ 'જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે', 'તે આ આત્મામાંથી ખરેખર આકાશ ઉત્પન્ન થયું' એમ બ્રહ્મનું નિરૂપણ કરવા વચ્ચે ભૂતોની અને ભૂતોના બનેલા (પદાર્થો)ની સૃષ્ટિનું વર્ણન કરે છે. શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરનારી છે કે સષ્ટિનું નિરૂપણ કરનારી છે? અધ્યારોપ અને અપવાદથી[૧] બ્રહ્મનો બોધ સ્થિર થાય તે માટે, અથવા ભગવાનનું માહાત્મ્ય જણાવાય તે માટે તે (શ્રુતિઓ) જગત્ બ્રહ્મ છે એમ જણાવનારી છે? એવા જાતના સંદેહ થતાં, તેમનો નિર્ણય કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**બૃહદુપલબ્ધમેતદવયન્ત્યવશેષતયા યત**
**ઉદયાસ્તમયૌ વિકૃતેર્મૃદિવાઽવિકૃતાત્ ॥**

---

તેજ છે' વાક્યથી કાંકરીને ઘીનો જ પટ દેવાનો નિર્ણય કરેલ તે પ્રમાણે આ મુખ્ય શ્રુતિઓનું તાત્પર્ય પણ અજાનો ત્યાગ જ છે, એવો નિર્ણય થાય છે, એવો ભાવ છે. (લે)

૧૩. ભગવાનના સાક્ષાત્ સ્વરૂપને તજી પ્રકૃતિનો સ્વીકાર કરેલા સ્વરૂપને આ પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓ કેમ ભજે છે, તેનું કારણ આ કહેલું છે. સાક્ષાત્ સ્વરૂપ શ્રુતિઓ પણ જાણી શકતી નથી, એવો અર્થ છે. (લે)

૧૪. અજાનો ત્યાગ કરવાનું કહ્યું, તેથી તેનો સ્વીકાર કોઈવાર ભગવાને કરેલો હોય છે (સદાનો નથી), એમ જણાય છે, અને વેદ બધા એક જ અર્થ (બ્રહ્મ) જણાવનારા છે. તેથી પ્રકૃતિનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ પ્રકૃતિનો સ્વીકાર કરેલા ભગવાનની જ સ્તુતિ કરે છે. (લે)

૧. 'અધ્યારોપ' એટલે જે ગુણો અમુક પદાર્થોમાં ન હોય તે તેમાં છે એમ માનવું. જેમ કે દોરડું હોય તેને સાપ જાણવો. 'અપવાદ' એટલે તે ગુણો તેમાં નથી એમ જાણવું. સાપ નથી, પણ દોરડું છે એમ પાછળથી જાણવું . આ પ્રમાણે બ્રહ્મમાં જગત્ નથી, છતાં બ્રહ્મમાં

**અત ઋષયો દધુસ્ત્વયિ મનોવચનાચરિતં**

**કથમયથા ભવન્તિ ભુવિ દત્તપદાનિ નૃણામ્ ।।૨।।**

જ્યારે શ્રુતિ અને (બ્રહ્મના) પ્રભાવથી વિશ્વ બ્રહ્મ છે એમ સાબિત થાય, ત્યારે બીજી શ્રુતિઓ તેવા જ અર્થમાં યોજાએલી હોવી જોઈએ, એટલે ભગવાનનાં માહાત્મ્યનું નિરૂપણ કરી તે માહાત્મ્ય દ્વારા સિદ્ધ થએલા[૨] વિષયમાં પ્રમાણવાળી હોઈ સાક્ષાત્ ભગવાનનું નિરૂપણ કરનારી છે એવું પરિણામ આવે; તે માટે આરંભમાં જગત્ બ્રહ્મ છે એમ સાબિત કરવામાં આવે છે. 'આ દેખાતું (અનુભવાતું) સ્થાવર જંગમ જગત્ બ્રહ્મ છે' એમ બહ્મ જાણનારાઓ અને વેદો જાણે છે. 'આ (જગત્) અનિત્ય, અનાત્મ અને દુઃખરૂપ છે, અને બ્રહ્મ તો તેથી ઉલટા પ્રકારનું[૩] છે. તેથી જગત્ બ્રહ્મ છે એ તર્કથી ખોટું ઠરતું હોવાથી અને પ્રત્યક્ષથી વિરુદ્ધ હોવાથી, જગત્ બ્રહ્મ કેમ હોઈ શકે?' એવી શંકા થાય, તેથી 'અવશેષ રહેવાને લીધે' શબ્દ યોજેલ છે. 'અવશિષ્યતે' જે બાકી રહે તે અવશેષ. તેની સ્થિતિ એટલે તે પણું('અવશેષતા'). લોકમાં જે બાકી રહે છે તે જ જણાવવામાં (જાહેર કરવામાં) આવે છે. જેમ કાચ વિગેરે સાથે સુવર્ણ હોય ત્યારે, (કાચ વિગેરે કાઢી નાખતાં) જે બાકી રહે છે તેનું જ મૂલ્ય વિગેરે (કરવા)માં નામ પાડવામાં આવે છે, અથવા જેમ ઘી લેવા ઈચ્છતો હોય અથવા ચોખા લેવા ઈચ્છતો હોય તે દૂધ અથવા ડાંગર વિગેરેમાંથી જે (ઘી અથવા ચોખા તરીકે) બાકી રહે તેનો જ તે (ઘી અથવા ચોખા)પણાથી જ ખરીદ કરવામાં અથવા વેચાણ કરવા વિગેરેમાં વ્યવહાર કરે છે, તે પ્રમાણે વિકારોવાળા જગત્માંથી વિકારો જતા રહે ત્યારે માત્ર બ્રહ્મ જ બાકી રહે છે, તેથી જેમ ડાંગરને અન્ન જ કહે છે તેમ (જગત્ને) બ્રહ્મ જ કહે છે. 'બાકી જ (કાંઈ) કેમ રહે? (જગત્ બ્રહ્મ હોય તો જગતમાંથી) બાકી કાંઈ ન રહેવાથી પણ બ્રહ્મનો નાશ થવાનું સંભવે છે, કારણ કે અગ્નિથી જલ બાળવામાં આવે ત્યારે સર્વ જલ સૂકાઈ જતાં કાંઈ પણ બાકી રહેતું નથી. તેથી જગત્ બ્રહ્મ કેમ હોઈ શકે?' એવી શંકા થાય, તેથી 'કારણ કે બ્રહ્મમાંથી ઉદય અને અસ્ત થએલા છે' શબ્દો યોજેલા છે[૪]. 'જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય

જગતનો અધ્યારોપ કરવો, અને પછી બ્રહ્મમાં જગત્ નથી પણ આ બ્રહ્મજ છે એમ જાણવું. એ પ્રમાણે કરવાથી બ્રહ્મનું જ્ઞાન સારી રીતે થાય તે માટે એમ શ્રુતિ જણાવે છે.

૨. જેમનું નિરૂપણ કરવાનું છે તેવા ભગવાન્ (લે)

૩. 'સચ્ચિદાનંદરૂપ' એવો અર્થ છે. (લે)અનિત્યથી ઉલટું સત્, અનાત્મથી ઉલટું ચિત્ અને દુઃખથી ઉલટું આનંદ.

૪. વિકારવાળા જગતમાંથી કાંઈ બાકી રહેતું નથી એવી શંકાનો ઉત્તર આપે છે. વિકારવાળા

છે' વિગેરે શ્રુતિઓમાં (કહેલું છે કે) બ્રહ્મમાંથી જ જગત્ ઉત્પન્ન થાય છે, અને બ્રહ્મમાં લય પામે છે, તેથી માટી વિગેરેના દૃષ્ટાંત પ્રમાણે બ્રહ્મ બાકી રહે છે એમ સ્વીકારવું જોઈએ. જેમ સુવર્ણમાંથી ઉત્પન્ન થએલું કુંડલ સુવર્ણમાં લય પામે છે ત્યારે સુવર્ણ જ અવશ્ય બાકી રહે છે. તેથી કુંડલ સુવર્ણ જ છે એમ લોકો જાણે છે.

જગતના ઉદય (ઉત્પત્તિ) અને અસ્ત (વિનાશ) જ થતા નથી. 'જન્' ધાતુનો અર્થ 'પ્રાદુર્ભાવ થવો' થતો હોવાથી જનન (જન્મ) આવિર્ભાવરૂપ છે, અને 'નશ્' ધાતુનો અર્થ 'દેખાતું બંધ થવું' થતો હોવાથી નાશ દેખાતું બંધ થવા રૂપ છે; તેથી જગતના ઉત્પત્તિ અને પ્રલય તેના દેખાવા અને દેખાતું બંધ થવારૂપ અથવા આવિર્ભાવ અને તિરોભાવરૂપ છે એમ જાણવું, પરંતુ અસત્ (ન હોય તેવા પદાર્થ)ની સત્તા (હોવાપણું), અથવા નાશ[૫] થાય છે એમ માની શકાતું નથી' એવી શંકા થાય, તેથી 'વિકારના' શબ્દ યોજેલો છે. ધર્મીની વાર્તા (ધર્મીના સંબંધમાં) ભલે (એમ) હોય[૬]. પહેલાં[૭] ન હતા જ એવા બધા વિકારો આશ્રયનો[૮] આધાર લઈ ઉત્પન્ન થાય છે[૯] એમ માનવું જોઈએ. એમ (વિકારો ઉત્પન્ન થતા) ન હોય તો તે[૧૦] (આશ્રયો) બ્રહ્મરૂપ હોવાથી વિકાર વિનાના જ રહે. તેથી[૧૧] વિકારના સમૂહોના

---

જગતનો બ્રહ્મમાંથી જ ઉદય થયો છે અને તેમાં જ લય થાય છે, તેથી માટી વિગેરેના દૃષ્ટાંત પ્રમાણે બ્રહ્મ બાકી રહે છે એવો અર્થ છે. વિકારવાળા (પદાર્થ)ના ઉત્પત્તિ અને લય કહેવામાં આવે ત્યારે વિશેષણ (વિકારના)ના ઉત્પત્તિ અને નાશ થાય છે અને પદાર્થ બ્રહ્મ જ છે એવા ભાવાર્થથી આ કહેલ છે. જેમ ઘટનો નાશ થાય ત્યારે વિકારનો નાશ થયો, પણ પદાર્થ માટી રહ્યો (તેમ જગતનો નાશ થાય ત્યારે વિકારનો નાશ થયો, પદાર્થ બ્રહ્મ બાકી રહ્યો). (લે)

૫. અહિં 'સત્ (પદાર્થ)નો' શબ્દ અધ્યાહાર છે. (લે)

૬. પૂર્વપક્ષમાં કહ્યું તે (ધર્મી સંબંધમાં) માની લઈ ઉત્તર આપે છે. ધર્મીના ઉત્પત્તિ અને નાશ થતા નથી, પણ વિકારના થાય છે, એવો અર્થ છે. ધર્મીના તો આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે, પરંતુ કાર્યમાં જણાતા વિકારના ઉત્પત્તિ અને નાશ થાય છે. (લે)

૭. 'પહેલાં' એટલે 'કાર્ય થયું તે પહેલાં'. (લે).

૮. 'આશ્રય' એટલે 'કાર્ય'. (લે).

૯. લોકમાં માટીનો વિકાર થયા પછી (ઘડો વિગેરે) તેનાં કાર્યો થાય છે. બ્રહ્મ તો વિકારરહિત હોવાથી પોતે જ બ્રહ્મના ધર્મરૂપ જગત્ થાય છે. પછી કાર્ય જગતમાં હદ વિગેરે વિકારો કાલે ઉત્પન્ન કરેલા જણાય છે એવો ભેદ ધર્મી જણાવનાર પ્રમાણ (શ્રુતિ)ના બલથી સ્વીકારવો જોઈએ. (લે)

૧૦. 'તે' એટલે 'તે કાર્યરૂપ આશ્રયો'. કાર્ય થયા પછી હદ વિગેરે કાલે કરેલા વિકારો ઉત્પન્ન થાય છે. તેથી કાર્ય વિકારવાળું હોય છે અને કારણ વિકાર વિનાનું હોય છે, એવો ભાવ છે. (લે)

૧૧. 'તેથી' એટલે 'કાર્યની સ્થિતિ થયા પછી ઉત્પન્ન થએલા હોવાથી' એવો અર્થ છે. (લે)

ઉદય અને અસ્ત જ થાય છે એમ માનવું જોઈએ, કારણ કે તેવી રીતે[૧૨] વિકારો જાય (નાશ) પામે ત્યારે બ્રહ્મ જ બાકી રહે છે. 'માટીની પેઠે' શબ્દોથી તેનું દૃષ્ટાંત કહે છે. જેમ માટી બાકી રહે છે, અથવા જેમ પૃથ્વીનું બનેલું (કાર્ય) માટી જ છે[૧૩] (તેમ જગત્ બ્રહ્મ જ છે). '(ઘડો ભાંગતાં) કઢેલું વિગેરે બાકી રહેલાં દેખાય છે. તેથી માટી જ કેમ બાકી રહે?' એવી શંકા થાય, તેથી 'વિકારરહિત હોવાને લીધે' શબ્દ યોજેલો છે. વિકાર રહિત હોવાને લીધે (માટી જ બાકી રહે છે), કારણ કે વિકારવાળું સ્થિર હોતું નથી. તેથી કઢેલું પણ વિકારવાળું હોવાથી વિકાર જેમાંથી જતા રહેલ છે તેવી[૧૪] માટી જ બાકી રહે છે, એવો અર્થ છે. કુંડલમાં (સુવર્ણને) કોઈ વાર બીજા દ્રવ્યનો[૧૫] સંબંધ પણ હોય, તેથી માટીનું જ દૃષ્ટાંત આપેલું છે. 'એમ હોય તો તેથી શું?' એમ જાણવાની ઈચ્છા થાય, તેથી આ એમ થાય[૧૬] છે એમ 'તેથી[૧૭] ઋષિઓએ (મન અને વચનના આચરિતને આપમાં) મૂકેલા છે' શબ્દોથી કહે છે. ઋષિઓ એટલે વેદો અથવા તે (વેદ)ના જોનારાઓએ આપમાં જ મન અને વચનના આચરિતને મૂકેલાં છે. તે કાંઈ મનથી વિચારવામાં આવે, જે કાંઈ વાણીથી બોલવામાં આવે, તે સર્વ આપરૂપ વિષય (પદાર્થ)માં જ થાય છે, તેથી આપમાં જ મૂકે છે, કારણ કે[૧૮] મન તો મનોરથોના વિચાર કરે છે એટલે તેના વિષય મિથ્યા (અસત્) પદાર્થ જ છે. તેવી રીતે વાણી પણ 'વાણીથી ખોટું જ

૧૨. હદ (વિગેરે વિકારો) જતાં, હદ વિનાનું બ્રહ્મ જ તે છે (રહે છે). (લે)

૧૩. મોટું (બૃહત્) હોવામાં, અને બાકી રહેવામાં માટીનું દૃષ્ટાંત છે. (લે).

૧૪. હદ બાંધનારા વિકાર જતાં, કઢેલું વિગેરે વિકારો જેમાંથી જતા રહેલા છે તેવી માટી જ બાકી રહે છે એવો અર્થ છે. 'અવિકારાત્' શબ્દ માટીને લગાડવામાં આવે ત્યારે 'અ'નો અર્થ 'નાશ' કરવો એટલે નાશ પામેલો જે વિકાર તેને લીધે, એટલે વિકારનો નાશ થવાથી એવો અર્થ થાય છે, કારણ કે કઢેલું કાંઈ પણ વિકાર વિનાનું નથી, એવો ભાવ છે. (લે)

૧૫. કુંડલમાં રત્ન વિગેરે પણ હોય, એટલે તે પણ બાકી રહે, માત્ર સુવર્ણ બાકી ન રહે, એવો અર્થ છે. (લે)

૧૬. વિકારવાળો પદાર્થ પણ બાકી રહેનાર હોવાથી બ્રહ્મ છે એમ સિદ્ધ થયું, તેથી વિકારવાળા પદાર્થ સંબંધી પણ બ્રહ્મ જાણનારાઓના જે વ્યવહારો છે તે બ્રહ્મને ગ્રહણ કરે છે એમ સિદ્ધ થાય છે એમ કહે છે, એવો અર્થ છે. (લે)

૧૭. વિકારવાળો પદાર્થ પણ વસ્તુતઃ બ્રહ્મ જ છે, તેથી (ઋષિઓએ) વિકારવાળા પદાર્થના સંબંધવાળાં મન અને વચનના આચરિત બ્રહ્મમાં જ મૂકેલા છે, અને તે સર્વ બ્રહ્મમાં જ પરિણામે છે એમ તેઓ જાણે છે, એવો અર્થ છે. (લે)

૧૮. મન અને વાણીના આચરિત વિકારવાળા વિષયના સંબંધવાળાં હોય છે, એમ આ વાક્યથી સિદ્ધ કરે છે. (લે)

બોલે છે, મનથી ખોટાનું ધ્યાન કરે છે' શ્રુતિ પ્રમાણે જે તદ્દન ન હોય તેવા (પદાર્થ)નું જ્ઞાન થાય તે માટે શબ્દ કરે છે (બોલે છે). જ્યારે વાણી અને મનના વિષય પણ બ્રહ્મ છે તો પછી સંપૂર્ણ પ્રકટ થએલું જગત્ બ્રહ્મ હોય તેમાં શું સંદેહ? એવો અર્થ છે. તેથી[૧૯] બ્રહ્મ જાણનારાઓના બધાએ વ્યવહારો બ્રહ્મના સંબંધ વાળા જ[૨૦] હોય છે, તેથી કોઈ પણ કર્મથી તેઓ (બ્રહ્મ જાણનારાઓ)નો લેપ થતો નથી એમ સાબિત થાય છે. 'અસત્ય પદાર્થ બ્રહ્મ કેમ હોઈ શકે[૨૧]' એવી શંકા થાય, તેથી (આ શ્લોકનું) છેલ્લું ચરણ કહેલું છે. હરકોઈ સ્થલે સ્થાપન કરેલાં (પાડેલાં) પગલાં ભૂમિ ઉપર ખોટાં (નિરર્થક) કેમ થાય ? ભૂમિ મૂકીને બીજે જતાં નથી, એવો અર્થ છે. ભૂમિ ઉપર જ પડે છે. તે પ્રમાણે, ભ્રમથી પણ સ્વીકારેલો પદાર્થ વસ્તુતઃ ભગવાન્ જ હોય છે, એવો અર્થ છે, કારણ કે ભ્રમથી જણાએલા પદાર્થો પણ બ્રહ્મ હોવાથી તે (બ્રહ્મ)પણાને લીધે જ તેનું ભાન થાય છે[૨૨], કારણ કે બ્રહ્મ ન હોય તેવો કોઈ (પદાર્થ) પ્રકાશતો નથી[૨૩]. તંતુઓમાંથી વસ્ત્રરૂપથી આવિર્ભાવ થાય તેમાં અથવા છીપલીમાં રૂપાનાં રૂપથી આવિર્ભાવ થાય તેમાં[૨૪] ભગવાનની ઈચ્છામાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી, કારણ કે કપડું અથવા સુખ (એ) કાર્ય પણ સરખું હોય છે[૨૫] તેથી મૂલ બનેલો (પદાર્થ) સત્ય હોવાથી, તે જૂદા પ્રકારનો છે એવી બુદ્ધિથી પણ મન અને વચનનું તેમાં સ્થાપન કરવાથી તે બ્રહ્મને જ ગ્રહણ કરે છે, એવો અર્થ છે.

**સત્યો હરિઃ સમસ્તેષુ ભ્રમભાતેષ્વપિ સ્થિરઃ ।।**
**અતઃ સન્તઃ સમસ્તાર્થે કૃષ્ણમેવ વિજાનતે ।।૨।।**

૧૯. 'આ એમ થાય' એમ (આ પેરામાં ઉપર) કહેલું છે તે આ વાક્યથી સ્પષ્ટ કરે છે. 'તેથી' એટલે 'વિકારવાળો પદાર્થ પણ, (વિકારો જતાં) બાકી રહેતો હોવાથી તે પદાર્થ બ્રહ્મ જ છે તેથી' એવો અર્થ છે. (લે)
૨૦. 'બ્રહ્મના સંબંધવાળા જણાએલા છે' એવો અર્થ છે. (લે)
૨૧. જે કાંઈ જણાય છે તે સર્વ બ્રહ્મ છે એમ સાબિત કરવાની પ્રતિજ્ઞા કરી. ઘડો વિગેરે જે સાચા પદાર્થો જણાય છે, તેમાંથી બાકી રહેતું હોવાથી તે બ્રહ્મ છે એમ સાબિત થયું, પરંતુ (છીપલીમાં) ભ્રમથી રૂપું જોવામાં આવે તે કેમ બ્રહ્મ હોઈ શકે ? એવી શંકા કરે છે. (લે)
૨૨. ભ્રમથી જે જણાય છે તે પણ બ્રહ્મ હોવાથી જ જણાય છે, એવો અર્થ છે. (લે)
૨૩. બ્રહ્મ ન હોય તે જણાય નહિ, કારણ કે 'ભાન થવું' એ બ્રહ્મનો ગુણ છે. (લે)
૨૪. તંતુઓમાંથી વસ્ત્ર જણાય એટલે સાચું ભાન થાય, અથવા છીપલીમાં રૂપું જણાય એટલે ભ્રમથી ભાન થાય તેમાં ભગવાનની ઈચ્છામાં કાંઈ પણ ભેદ નથી, એવો અર્થ છે. (લે)
૨૫. કારણ કે કાર્ય સરખું હોવું, એ ભગવાનની ઈચ્છાનું લક્ષણ છે, અને તે બંનેમાં સરખું છે. (લે) વસ્ત્ર પહેરાય છે તેમ છીપલીનું રૂપું જાણનારને પણ સુખ થાય છે.

સર્વ પદાર્થોમાં[૨૬] ભ્રમથી જણાતામાં પણ-સત્ય હરિ સ્થિર (રહેલા) છે. તેથી સત્પુરુષો સર્વ પદાર્થોમાં શ્રીકૃષ્ણને જ જાણે છે. કા.૨.

'એતત્' આ 'ઉપલબ્ધમ્' દેખાતું (અનુભવાતું અથવા જંગમ જગત્) 'અવશેષતયા' અવશેષ રહેવાને લીધે 'બૃહત્' બ્રહ્મ 'અવયન્તિ' જાણે છે. 'યતઃ' કારણ કે 'મૃત' માટી 'ઇવ'ની પેઠે ('અવિકૃતાત્') વિકાર રહિતમાંથી 'વિકૃતે' વિકારના 'ઉદયાસ્તમયૌ' ઉદય અને અસ્ત થએલા (છે). 'અતઃ' તેથી 'ઋષયઃ' ઋષિઓએ 'મનોવચનાચરિતમ્' મન અને વાણીના આચરિતને 'ત્વયિ' આપમાં 'દધુઃ' મૂકેલા છે. 'ભુવિ' ભતલ ઉપર 'નૃણામ્' માણસોના 'દત્તપદાનિ' પડેલાં પગલાં 'કથમ્' કેમ 'અયથા' ખોટાં (નિરર્થક) 'ભવન્તિ' થાય? ૨.

એવી રીતે પ્રકૃતિનું જ્ઞાન કરાવનારી અને પુરુષનું જ્ઞાન કરાવનારી શ્રુતિઓનું નિરૂપણ કર્યું. 'શાંત પુરુષે ઉપાસના કરવી' વિગેરે સાધન જણાવનારી શ્રુતિઓ તો અહંકારનું નિરૂપણ કરનારી[૧] છે, અથવા તે(અહંકાર) મારફત[૨] આત્માનું નિરૂપણ કરનારી છે, વિગેરે[૩] સંદેહ થતાં, નીચેના શ્લોકમાં (તેમનો) નિર્ણય કરે છેઃ

**ઇતિ તવ સૂરયસ્ત્ર્યધિપતેઽખિલલોકમલ-**
**ક્ષપણકથામૃતાબ્ધિમવગાહ્ય તપાંસિ જહુઃ ।।**
**કિમુત પુનઃ સ્વધામવિધુતાશયકાલગુણાઃ**
**પરમ ભજન્તિ યે પદમજસ્રસુખાનુભવમ્ ।।૩।।**

---

૨૬. 'સર્વ' એટલે ભ્રમથી જણાતા તથા સાચા જણાતા બધાએ પદાર્થોમાં શ્રીકૃષ્ણને જ વસ્તુ (પદાર્થ) તરીકે જાણે છે એવો અર્થ છે. વસ્તુ તરીકે શ્રીકૃષ્ણને જ કહેલા હોવાથી, આ બાકીનું વાક્ય (શ્લોક) બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરનારી શ્રુતિઓનો નિર્ણય કરનારું છે એમ સિદ્ધ થાય છે. (લે)

૧. 'શાંત થવું એટલે શાંતિ પ્રાપ્ત કરવી' એમ કાંઈક કરવાનું છે એમ આ શ્રુતિ કહે છે એવો અર્થ લેવામાં આવે, ત્યારે અહંકારવાળો પુરુષ જ કર્તા હોઈ શકે, તેથી આ શ્રુતિઓ અહંકારનું નિરૂપણ કરનારી થાય છે. પરંતુ કાંઈ કરવાનું નથી પણ 'શાંત હોય તેણે ઉપાસના કરવી એટલે શાંતિ જે પ્રાપ્તે કરેલી તે માત્ર જણાવે છે', એવો અર્થ લેવામાં આવે, ત્યારે એમ જણાય કે, જે અહંકાર વાળો છે તેને શાંતિ પ્રાપ્ત કરવી વિગેરે ઘણું કરવાનું હોય છે અને તેથી તેને ઘણો ક્લેશ થાય છે. તેથી અહંકાર વિનાનો હોય તેને જ આત્મા સ્ફુરે છે એ પ્રમાણે આ શ્રુતિ આત્મા પોતાથી જ પ્રકાશનાર. (સ્ફુરનાર) છે એમ આત્માનું સ્વરૂપ જણાવનારી થાય છે, એવો અર્થ છે. (લે)

૨. 'તેની મારફત' એટલે 'અહંકાર જણાવી તેની મારફત' એવો અર્થ છે. (લે)

૩. 'વિગેરે' શબ્દથી પૂર્વ મીમાંસાવાળો 'અર્થવાદ' જણાવેલ છે. (લે)

'શાંત[૪], દાંત (જેણે ઈન્દ્રિયો વશ કરેલી છે તેવો), ત્યાગી, સહનશીલ' 'પોતાની અંદર જ પોતાનાં દર્શન કરે' વિગેરે શ્રુતિઓ અહંકાર જ જણાવે છે[૫]. તેમ (અહંકાર જણાવતી) ન હોય તો જીવ કર્તા નહિ હોવાથી, એક જ[૬] કર્તા અને કર્મ (બંને) હોઈ શકે નહિ તેથી, અને આત્મા પોતાથી જ પ્રકાશતો હોવાથી[૭], જે બ્રહ્મ જાણનાર (પુરુષ) આત્માનું ચિંતન કરે છે તે વાક્યના અર્થનું ધ્યાન કરનારા અહંકારવાળાના મનની ક્રિયા[૮] જણાવે છે. 'શાંત..' વિગેરે શ્રુતિ પણ (શાંતિનો અનુવાદ કરે છે)[૯]. મનની ચંચલતા મટાડવી એ પ્રયત્નથી થઈ શકે તેવું હોવા છતાં[૧૦] અહંકારવાળા પુરુષનું જ તે કૃત્ય છે, કારણ કે જે અહંકાર વિનાનો હોય તે શાંત અથવા દાંત હોઈ શકે નહિ, કારણ કે (તેને[૧૧]) અંતઃકરણ વિગેરેમાં અધ્યાસ હોતો નથી. કેમ કે જે પુત્ર વિનાનો હોય તે પંડિત પુત્રવાળો હોઈ ન શકે[૧૨]. તેથી[૧૩] આ શ્રુતિઓનું શમ(શાંતિ) વિગેરે પ્રાપ્ત કરવાની આજ્ઞા કરવાનું તાત્પર્ય નથી;

---

૪. અહંકારનો આ શ્રુતિઓ અનુવાદ કરે છે એવો સિદ્ધાંત છે એવો અભિપ્રાય અહિંથી જણાવે છે. (લે)

૫. 'જણાવે છે' એટલે તેનો અનુવાદ કરે છે. અહંકારવાળો કર્તા હોય એમ કહ્યું છતાં કર્તાપણું વિશેષણ (અહંકાર)માં રહેલું છે એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલો છે. (લે)

૬. 'પોતાની અંદર જ પોતાનાં દર્શન કરે' શ્રુતિમાં પણ દર્શન કરવામાં અહંકારનો અનુવાદ જ કરેલો છે એમ સિદ્ધ કરે છે. કર્તા અને કર્મ બંને એક જ હોઈ શકે નહિ, તેથી 'પોતાનાં' એટલે 'ભગવાનનાં' દર્શન કરે એમ કહેલું છે. (લે)

૭. 'આત્મા' પણ પોતાથી જ પ્રકાશતો હોવાથી તેને દર્શન કરવાની આજ્ઞા કરી શકાય નહિ. તેથી અહિં (અહંકારનો) અનુવાદ જ કરેલો છે એવો અર્થ છે. (લે)

૮. દર્શન મનની ક્રિયા છે, એવો અર્થ છે. (લે)

૯. 'અનુવાદ કરે છે' એમ પાછળ કહ્યું તે સાથે સંબંધ લેવાનો છે. (લે)

૧૦. નોટ ૭માં જણાવ્યા પ્રમાણે દર્શનની આજ્ઞા કરી શકાય નહિ, છતાં શાંતિ પ્રયત્નથી પ્રાપ્ત થઈ શકે તેવી હોવાથી તે પ્રાપ્ત કરવાની આજ્ઞા થઈ શકે. છતાં પણ તે અહંકારવાળાનું જ કૃત્ય છે. તેથી તેનો પણ અનુવાદ જ છે, એવો અર્થ છે. (લે)

૧૧. અહિં 'અહંકારવાળાને' શબ્દ અધ્યાહાર છે (લે). 'તેને' શબ્દ ભાષાંતરમાં કૌંસમાં મૂકેલો છે.

૧૨. આ દૃષ્ટાંત આપેલું છે. જેમ પુત્ર વિનાને પંડિત પુત્ર હોઈ શકે નહિ, તેમ અંતઃકરણ વિનાનાને શાંત અંતઃકરણ હોઈ શકે નહિ, એવો અર્થ છે. (લે)

૧૩. 'શાંતિ' વિગેરે પણ અહંકારવાળાનાં જ કૃત્ય છે, અહંકારવાળાને તો સાધનના બલથી ભગવાનનું દર્શન થાય એ સંભવતું નથી તેથી તેનો (અહંકારનો) અનુવાદ કરવાથી શાંતિ પ્રાપ્ત થઈ શકે નહિ, છતાં પણ ભગવાન્ કૃપાથી તેવા (અહંકારવાળા)નો પણ ઉદ્ધાર કરે, તેથી તેનો અનુવાદ કરેલો છે, એવો અર્થ છે. (લે)

પરંતુ અહંકારવાળાને ઘણો ક્લેશ થાય છે, તેથી તે ક્લેશ જણાવી, અભિમાન વિનાનાને પોતાની મેળે જ આત્માની સ્ફૂર્તિ થતી હોવાથી, સાધન(નું નિરૂપણ કરનારી) શ્રુતિઓ પણ ભગવાનનું જ નિરૂપણ કરનારી છે. આ બાબતમાં[14] તર્ક કહે છે કે 'ઇતિ' એવો નિશ્ચય[15] કરીને સૂરિઓએ તપને તજ્યાં છે,' એટલે સાધન (કરવાના) શ્રમને તજ્યા છે, એવો અર્થ છે. 'ત્યારે મોક્ષ કેમ પ્રાપ્ત થાય?' એવી શંકા થાય, તેથી 'સર્વ લોકના મલનો[16] નાશ કરનાર કથારૂપી અમૃતના સમુદ્રનું અવગાહન કરીને[16] શબ્દો યોજેલા છે. 'માત્ર કથામાં અવગાહન કરવાથી તે તે અંશના[17] ભાગવાળા દેવોની પ્રીતિ થતી નહિ હોવાથી કાર્ય કેમ સિદ્ધ થાય[18]? તેથી વિઘ્ન ન આવે તે માટે તેઓની પ્રીતિ પ્રાપ્ત કરવા સાધનો પણ કરવાં જોઈએ' એવી શંકા થાય, તેથી 'હે ત્રણ લોકના અધિપતિ!' એવું સંબોધન કરેલું છે. 'વેદમાં[19] શમ વિગેરેની આજ્ઞાઓ કરેલી છે, તેથી તે (શમ વિગેરે)ની જરુર ન હોય તો પણ વેદની આજ્ઞાના બલને લીધે પણ શમ વિગેરે કરવાં જોઈએ' એવી શંકા થાય, તેથી 'સૂરિઓએ (તપને તજ્યાં છે)' શબ્દ યોજેલ છે. જે અવિદ્યાવાળા છે તેઓને જ લક્ષમાં રાખીને[20] શ્રુતિએ શમ વિગેરેની આજ્ઞા કરેલી છે પરંતુ સૂરિઓને કરેલી નથી. તેથી સૂરિઓ પરમાનંદરૂપ સાધનનું ગ્રહણ કરી, સાધન કરવાની સ્થિતિમાં જ કૃતાર્થ થઈ, દુ;ખ આપનારાં સાધનોથી[21] દૂર રહે છે એવો અર્થ છે. 'વિદ્વાનો પણ સાધનોમાં પ્રવૃત્તિ કરે છે (સાધનો કરે છે)' એવી શંકા થાય, તેથી 'આપના સૂરિઓ' શબ્દ યોજેલા છે. આપના સેવકો તો સાધનોમાં પ્રવૃત્તિ કરતા

---

૧૪. શમ વિગેરે પ્રાપ્ત કરવાની આજ્ઞા શ્રુતિ કરતી નથી, એવો નિર્ણય કરવાનું કારણ સૂરિઓએ કરેલો સાધનનો ત્યાગ છે; જો શ્રુતિ શમ વિગેરે કરવાની આજ્ઞા કરતી હોત, તો સૂરિઓ તેનો ત્યાગ કરત નહિ, એવો ભાવ છે. (લે)

૧૫. અહંકારવાળાને ક્લેશ થાય છે એમ સૂચવવા સાધનો કહેલાં છે, પરંતુ તે કરવાની આજ્ઞા નથી, એવો નિશ્ચય કરીને. (લે)

૧૬-૧૬. સર્વ લોકનો મલ એટલે સંસાર. કથારૂપી અમૃતથી તેનો નાશ થતાં મોક્ષ પ્રાપ્ત થાય જ, એવો ભાવ છે. (લે)

૧૭. 'તે તે અંશના' એટલે 'તમઃ વિગેરે અંશના'. (લે)

૧૮. 'કાર્ય કેમ સિદ્ધ થાય?' એટલે 'મોક્ષ કેમ પ્રાપ્ત થાય?'

૧૯. 'શમથી શાંત થઈ કલ્યાણ આચરે છે' વિગેરે વાક્યોથી. (લે)

૨૦. અવિદ્યાવાળાને એટલો ક્લેશ જરુરી છે, તેથી તેમને માટે એ સાધનો કહેલાં છે, પરંતુ સૂરિને માટે તો તેમનો અનુવાદ જ કહેલો છે, એવો ભાવ છે. (લે)

૨૧. 'દુઃખયન્તિ' દુઃખ આપે તે 'દુઃખાનિ' દુઃખો. તેવાં સાધનોથી, એવો અર્થ છે. (લે).

નથી, એવો અર્થ છે, એ પ્રમાણે 'ઈતિ' 'એવો' શબ્દનો અર્થ કહ્યો[૨૨]. પહેલાં કહેલા 'સર્વ બ્રહ્મ છે' એ મત પ્રમાણે પણ સાધનો બ્રહ્મ હોવાથી, 'જો સર્વ આત્મા જ હોય' એ ન્યાય (અનુમાન) પ્રમાણે સાધન ન કરવાં એ યોગ્ય છે; પરંતુ તે મત પ્રમાણે ક્લેશ નહિ હોવાને[૨૩] લીધે પાછળનો અર્થ બંધ બેસતો નથી. પંડિતો આપના છે, અને આપ ત્રણ લોકના અધિપતિ છો તેથી તેઓને ભયરહિત જણાવેલા છે. ભગવાનના સંબંધવાળા (પદાર્થો[૨૪]) પાપનો નાશ કરનારા હોવાથી, જે કોઈ કથા વિગેરેના સંબંધમાં આવે છે તે સર્વનાં પાપ (કથા) દૂર કરે છે તેથી (કથા) સર્વ લોકના મલનો નાશ કરનારી છે. 'તવ' 'આપની' શબ્દનો અહિં કથા સાથે પણ સંબંધ છે[૨૫]. કથા જ અમૃતનો સમુદ્ર છે. કથા અમૃત છે એમ 'આપની કથારૂપી અમૃત[૨૬]'(ભાગ.૧૦।૨૮।૯) સ્થલે જણાવેલું છે. કથાને સમુદ્ર એવા કારણથી કહેલી છે કે ''એક કથા હૃદયમાં રહેલી હોય ત્યારે તેમાંથી ભગવાનની

૨૨. આ શ્લોકના શ્રીસુબોધિનીજીના આરંભથી 'સાધનનું (નિરૂપણ કરનારી) શ્રુતિઓ પણ ભગવાનનું જ નિરૂપણ કરનારી છે'. (નોટ ૧૪, પહેલાં) સુધી જે નિર્ણય કહ્યો તે આ શ્લોકના આરંભના 'ઈતિ' શબ્દનો અર્થ કહેલો છે. હવે આ શબ્દનો આ પછીના વાક્યથી બીજો અર્થ કહે છે. (લે).

૨૩. આ બીજો અર્થ પોતાને ઈષ્ટ નથી તેમ જણાવે છે. 'તપને તજ્યાં' શબ્દોથી તાપ થતો હતો એમ સૂચવ્યું, પરંતુ 'સર્વ બ્રહ્મ છે' એમ જાણનાર જ્ઞાનીઓને તાપ (ક્લેશ) હોવાનું સંભવતું નથી, તેથી ક્લેશ થતો હોવાથી તેઓ સાધનો તજે એ બંધ બેસતું નથી. ભક્તોને તો સેવામાં ઉપયોગી થાય તેવો અધ્યાસ રહે છે, તેથી તેમને તાપ થાય એ સંભવે, એવો ભાવ છે. '(જ્યાં સુધી વૈરાગ્ય ન થાય) ત્યાં સુધી કર્મ કરવાં' વાક્યથી સાધન તજવાનું બંને માર્ગમાં કહેલું છે, પરંતુ જ્ઞાનમાર્ગમાં કર્મોની જરુર નહિ હોવાથી તેમનો ત્યાગ કરવાનો છે, અને ભક્તિમાર્ગમાં સાધનોથી ક્લેશ થતો હોવાથી તેમનો ત્યાગ કરવાનો છે એવો ભેદ છે. વળી 'આપના સૂરિઓ' શબ્દોથી જેઓ ભગવાનને પોતાનું સર્વસ્વ અર્પણ કરી પોતાપણના અભિમાન વિનાના થએલા છે તેવા ભક્તો કહેલા છે. તેમને પોતાના માટે (કોઈ પદાર્થમાં) અધ્યાસ નહિ હોવાથી, તેમને માટે સાધનો કરવાની આજ્ઞા કરેલી નથી, એવો ભાવ છે. (લે)

૨૪. 'પદાર્થો' શબ્દ અધ્યાહાર છે. તેથી જ જેણે પાપનો નાશ કરેલો છે તેવી ભગવાનની કથા પણ છે. તેથી પોતાના સંબંધમાં આવે તેમનાં પાપો કથા દૂર કરે છે, માટે કથા સર્વ લોકના મલનો નાશ કરનારી છે, એવો અર્થ છે. (લે)

૨૫. 'તવ' 'આપના' શબ્દનો સંબંધ ઉપર 'સૂરિઓ' સાથે લીધો છે, અહિં 'અખિલ-લોકમલક્ષપણકથામૃતાબ્ધિમ્' શબ્દ સાથે લે છે. 'આપની જે કથારૂપી અમૃતનો સમુદ્ર' એવો તેનો અર્થ છે. (લે)

૨૬. ૧૦।૨૮।૯ ઉપરનાં શ્રીસુબોધિનીજીમાં જણાવેલું છે.

એક હજાર કથા થાય છે, એટલે તે (એક કથા)માંથી જ ઉત્પન્ન થાય છે. કોઈનું વચન છે કે 'હર કોઈ શ્લોકના અમે એકસો અર્થ કહીએ છીએ. હઠથી (આગ્રહથી) કહેવામાં આવેલા તેના જ એક હજાર અર્થ કહીએ છીએ'. તે પ્રમાણે જેમ બુદ્ધિવાળાઓને એક વાક્યના એક હજાર અર્થો સ્ફુરે છે, તેવી રીતે જેના હૃદયમાં હજારો રીતે ભગવાનની કથા સ્ફુરે છે તે[૨૭] સમુદ્ર કહેલો છે. તેમાં અવગાહન એટલે જેમના હૃદયમાં સદા ભગવાનની અનંત કથાઓ સ્ફુરે છે[૨૮] તેઓએ તે કથાની જ પૂર્ણતાથી પૂર્ણ થઈ ક્લેશોને[૨૯] તજેલાં છે''. આવા જ[૩૦] ગુરુઓ થાય છે. તેથી 'પછી આપના મહિમારૂપી અમૃતરસના સમુદ્રના બિંદુથી...'(ભાગ૬।૯।૩૯) એ વાક્યમાં પણ ગુરુના ઉપદેશરૂપ બિંદુ વર્ણવેલું છે. અહિં તો સર્વ[૩૧] કથા કહેલી છે તેથી અથવા જૂદો સિદ્ધાંત છે[૩૨] તેથી સમુદ્રનું અવગાહન કહ્યું તે ખોટું નથી. અહિં ક્લેશ દૂર થવાનું છેવટનું[૩૩] છે. તેથી પણ ત્યાં[૩૩] ક્લેશ કહ્યો તેમાં દોષ નથી. 'તપ

---

૨૭. 'તેના હૃદયમાં' શબ્દો અધ્યાહાર છે. જેના હૃદયમાં અનંત કથાઓરૂપ તરંગો સ્ફુરે છે, તેના જ હૃદયમાં તેવા તરંગો ઉત્પન્ન કરનાર ઉપર જણાવ્યો તેવો કથાનો સમુદ્ર કહેલો છે, એવો અર્થ છે. જેમ કે ગાયો ચારવાની એક કથા એ સમુદ્ર. તેમાંથી તેની અંદર જેમનો સમાવેશ થાય તેવી અનંત કથાઓ સ્ફુરે તે તરંગો, એમ જાણવું. (લે)

૨૮. જેઓના હૃદયમાં તે સ્ફુરે છે તેઓનું તે કથાનું સ્ફુરણ જ અવગાહન છે, એવો અર્થ છે(લે)

૨૯. 'ક્લેશોને' એટલે સાધન (કરવા)ના ક્લેશોને. (લે)

૩૦. 'આવા' એટલે 'જેમના હૃદયમાં અનંત કથાઓ સ્ફુરે છે તેવા'. તેથી ઉપદેશ બિંદુ છે અને હૃદયમાં સમુદ્ર છે. (લે)

૩૧. અહિં 'માત્ર' શબ્દ 'સર્વ' અર્થમાં યોજાએલ છે. તેથી જ ત્યાં (૬।૯।૩૯માં) 'ભૂલાવેલાં છે જોએલાં અને સાંભળેલા હલકાં વિષયસુખના આભાસો જેમણે' એમ કહેલ છે. શિષ્યને ભૂલાવેલાં છે, એવો અર્થ છે. (લે)

૩૨. ત્યાં (જ્ઞાનમાર્ગમાં) બિંદુ પણ તેવું છે તો અધિક પ્રાપ્ત થાય તો શું જ કહેવું? એવો સિદ્ધાંત છે. અહિં (ભક્તિમાર્ગમાં) તો સ્વરૂપથી સિદ્ધાંત કહેલો છે. તેથી આ જૂદો સિદ્ધાંત છે એમ જણાય તે માટે 'અહિં તો સર્વ કથા કહેલી છે' એમ કહ્યું છે. (લે)

૩૩-૩૩. સાધનો કરવાથી ક્લેશ થાય છે તેથી સાધનોને તજી ક્લેશ મટાડવાનું કહ્યું તે છેવટનું કહ્યું, એટલે ભવિષ્યમાં ફરી ક્લેશ ન થાય તેવી રીતે તે દૂર કરવાનું કહ્યું. તેથી એ પ્રમાણે ક્લેશ મટવાનું છેવટનું થાય તે માટે કથારૂપી સમુદ્રમાં અવગાહન કહેલું છે. જ્ઞાનમાર્ગમાં તો એ સમુદ્રના માત્ર બિંદુથી વિષયસુખ ભૂલાવવાનું કહેલું છે. તેથી ભવિષ્યમાં કદાચ તે સુખ સાંભરે તો સંસારના ક્લેશ થાય પણ ખરા, એવા હેતુથી 'તેથી પણ ક્લેશ કહ્યો' એમ કહેલું છે, ત્યાં 'ત્યાં' (જ્ઞાનમાર્ગમાં) શબ્દ અધ્યાહાર છે. તેથી બિંદુનો સ્વાદ લીધા પછી પણ ક્લેશ થાય તો તેમાં દોષ નથી (તે યોગ્ય છે), કારણ કે બિંદુ સમુદ્રથી ઓછું કાર્ય કરે એ વ્યાજબી છે, એવો ભાવ છે. (લે)

વિગેરે[૩૪] સાધનો (તજ્યાં)' એવો નિર્ણય છે.

આ (ઉપર જણાવેલ) સાધનનો વિચાર જેઓ ભગવાનનાં દર્શન ન થાય તેમ રહેલા છે તેમના સંબંધમાં કહેલો છે, પરંતુ વૈકુંઠમાં રહેલાની પેઠે અથવા ઉદ્ધવની પેઠે જે ભગવાનની સમીપ રહે છે તેમનું તો કહેવું જ શું? એમ 'શું જ કહેવું?' શબ્દોથી કહે છે. યાદવોની પેઠે જેઓ પ્રસંગને લીધે ભગવાનનું માહાત્મ્ય જાણ્યા વિના તેમના સંબંધમાં આવેલા છે, તેઓ જેમ 'યાદવો સારી પેઠે (ભાગ્યહીન છે)' (ભાગ૩।૨।૮) કહેલું છે તે પ્રમાણે પુષ્ટિના વિચારથી કૃતાર્થ હોવા છતાં, મર્યાદામાં અકૃતાર્થ કહેવાય છે. તેથી તેઓનો અહિં સમાવેશ થતો નથી એમ જણાવવા 'આપની સ્ફૂર્તિથી આશયના તથા કાલના ગુણોને જેઓએ દૂર કરેલા છે તેવા' શબ્દ યોજેલો છે. આપનું જ 'ધામ' એટલે સ્ફૂર્તિ, તેનાથી જ 'વિધુતાઃ' દૂર કરેલા છે આશયના ગુણો અને કાલના ગુણો જેઓએ તેવા(નું કહેવું જ શું ?). કામ વિગેરે આશય (દેહ)ના ગુણો છે, ઘડપણ વિગેરે કાલના ગુણો છે. જેમ ભગવાનની કૃપાથી[૩૫] કાલના ગુણો ભક્તમાં આવતા નથી એમ કહેલું છે તેમ પોતાની (ભગવાનની) સ્ફૂર્તિથી જ જેઓને આશયના અને કાલના ગુણો લાગતા નથી તેઓ ભગવાનના મુખ્ય સેવકો છે, કારણ કે ભગવાન્ મુક્ત જીવોએ સમીપ જવા યોગ્ય[૩૬] છે. 'તેઓને ભગવાનના ભજનનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'હે પરમ !' એવું સંબોધન કરેલું છે. ભગવાન્ તેઓથી પણ ઉત્તમ છે, એટલે જેમ તેઓને ફલ થાય (પ્રાપ્ત કરાવે) તેવા છે. તેથી જ તેઓ 'નિરંતર સુખનો જેમાં અનુભવ છે તેવા પદને ભજે છે'. અંતર્યામી અથવા અવતારના રૂપમાં ભગવાનનાં ચરણ હોય છે, તેથી તેઓ પોતાની અંદર જ તે બ્રહ્માનંદનો અનુભવ કરે છે, એવો અર્થ છે.

૩૪. 'તપ' શબ્દ 'તપ વિગેરે (બધા ક્લેશો)ને' એવા અર્થમાં યોજાએલ છે. (લે).

૩૫. 'ત્યાં વૃદ્ધો પણ જુવાન અને ઘણા બલવાળા હતા' વાક્યમાં ભગવાનની કૃપાથી કાલનો ગુણ ઘડપણ આવતો નથી એમ કહેલું છે. તે પ્રમાણે આમનામાં તો જ્ઞાનને લીધે જ તે ગુણ આવતો નથી, પરંતુ તેને ન આવવા દેવા માટે ભગવાનની કૃપાનો ઉપયોગ કરવો પડતો નથી. તેથી ભગવાનની કૃપા મુખ્ય ફલ આપવામાં સંપૂર્ણ શક્તિવાળી રહે છે. તેથી આમને 'મુખ્ય' કહેલા છે, એવો અર્થ છે. 'કૃપા જ સર્વ પ્રાપ્ત કરાવનારી છે' એ તો પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે. તેથી મર્યાદામાર્ગમાં તેથી વિરોધ થતો નથી. (લે)

૩૬. 'મુખ્ય ભક્તિમાર્ગમાં (ભક્તો) મુક્તિ ઈચ્છતા નથી એમ કહેલું છે તેથી તેઓને ઘડપણ ન આવે એવી પણ ઈચ્છા ન હોય' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. મુક્ત જીવો જ મુખ્યપણે ભગવાન્ પાસે જઈ શકે છે, તેથી સ્વરૂપની (ભગવાન્ પાસે જવાની) યોગ્યતા થાય તે માટે મુક્તિની જરુર જ છે, પરંતુ ફલ તરીકે જરુર નથી, એવો ભાવ છે. (લે)

**કથાનન્ત્યોક્તિહૃદયાઃ સાધનાનિ ન કુર્વતે ।।**
**સાક્ષાત્તે પાદસંશ્લિષ્ટાસ્તે કિં વાચ્યા મહાશયાઃ ।।૩।।**

જેઓના હૃદયમાં કથાનાં અનંત વચનો છે[૩૭] તેઓ સાધન કરતા નથી, તો પછી જેઓ સાક્ષાત્ આપના (ભગવાનના) ચરણનો આશ્રય કરીને રહેલા છે તેવા મહાશયોનું તો કહેવું જ શું ? કા.૩.

'ત્ર્યધિપતે' હે ત્રણ લોકના અધિપતિ 'ઇતિ' એવો (સાધનનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એવો નિશ્ચય કરીને) 'તવ' આપના 'સૂરયઃ' સૂરિઓ(ભક્તો) એ 'અખિલલોકમલક્ષપણકથાऽમૃતાબ્ધિમ્' સર્વ લોકના મલનો નાશ કરનાર કથારૂપી અમૃતના સમુદ્રનું 'અવગાહ્ય' અવગાહન કરીને 'તપાંસિ' તપને 'જહુઃ' તજ્યાં છે. 'પરમ' હે પરમ ! 'સ્વધામવિધુતાશય-કાલગુણાઃ' આપની સ્ફૂર્તિથી આશય દેહ તથા કાલ ના ગુણોને જેઓએ દૂર કરેલા છે તેવા 'યે' જેઓ 'અજસ્રસુખાનુભવમ્' નિરંતર સુખનો જેમાં અનુભવ છે તેવા 'પદમ્' પદને 'ભજન્તિ' ભજે છે તેમનું 'કિમુત પુનઃ' તો પછી શું જ કહેવું? ૩.

એરીતે સાધન કરવાનું જણાવનારી શ્રુતિઓનો નિર્ણય કહી, મહત્તત્ત્વ જીવનરૂપ હોવાથી[૧] જે બીજા દેવતાની ઉપાસના વિગેરે કરવાનું અથવા કર્મ કરવાનું જણાવનારી (શ્રુતિઓ) છે તેઓનો નિર્ણય જણાવવામાં આવે છે. તેઓને[૨] કરવાનું વેદની આજ્ઞાના બલને લીધે આજ્ઞાના નિયમથી (પ્રાપ્ત થાય છે)? અથવા કામનાઓ હોય ત્યારે (તેમને કરવાની શ્રુતિઓ) માત્ર પરવાનગી આપે છે? અથવા તે કરવાં ન જોઈએ એમ કહેવા માટે તેમનું વર્ણન કરવામાં આવે છે? હવે નીચેના શ્લોકમાં 'જે બીજી દેવતાની ઉપાસના કરે છે' વિગેરે[૩] (શ્રુતિઓ)માં (તે ન

---

૩૭. 'કથાયાઃ' કથાના 'આનન્ત્યોક્તિઃ' અનંત વચન, 'તસ્યાં' તેમાં 'હૃદયં' હૃદય છે 'યેષાં' જેઓનું તેવા, એવો અર્થ છે. (લે)

૧. આગળનું (શ્લોક ૪નું) અંગરૂપ વાક્ય મહત્તત્ત્વનું નિરૂપણ કરનારું છે એમ સિદ્ધ કરે છે. ત્રણ દેવતાનો નિર્ણય કરતાં એમ જણાવેલું છે કે સર્વ દેવો વાયુના ભેદ છે. કર્મો પણ પ્રાણનાં કાર્ય (પ્રાણથી, પ્રાણ હોવાને લીધે થઈ શકે તેવાં) જ છે, અને પ્રાણથી જ નામસૃષ્ટિ થાય છે. સૂત્ર પણ તેજ રૂપસૃષ્ટિ બનાવનાર મહત્તત્ત્વ છે. તેથી જ (૧) સૂત્ર, (૨) મહત્તત્ત્વ અને (૩) પ્રાણ એ ત્રણ એક જ છે એમ નિબંધમાં કહેલું છે. તેથી બીજા દેવતાઓની ઉપાસના કરવાનું કહેનારી અને કર્મ કરવાનું કહેનારી શ્રુતિઓ મહત્તત્ત્વનું નિરૂપણ કરનારી છે, એવો અર્થ છે. (લે)

૨. 'તેઓને' એટલે 'ભગવાન્ સિવાય બીજા દેવોની ઉપાસના અને કર્મ'. (લે)

૩. 'ન કરવાં જોઈએ એમ કહેવા માટે' એમ પહેલાં કહેલું છે તે સાથે સંબંધ છે. 'પહેલાના

કરવાં જોઈએ એમ કહેવા તે વર્ણવેલાં છે એવો) તેમનો નિર્ણય કહે છેઃ

**દતય ઈવ શ્વસન્ત્યસુભૃતો યદિ તેઽનુવિધા**
**મહદહમાદયોઽણ્ડમસૃજન્યદનુગ્રહતઃ ।।**
**પુરુષવિધોઽન્વયોઽત્ર ચરમોઽન્નમયાદિષુ યઃ**
**સદસતઃ પરં ત્વમથ યદેષ્વવશેષમૃતમ્ ।।૪।।**

(૧) જે લૌકિક પુરુષો કામનાથી[૪] પ્રવૃત્ત થઈ, તે (કામનાઓ પૂર્ણ કરવા) માટે (તે[૫] કરવા જોઈએ એમ માને છે)[૬], અને (૨) શ્રુતિ ફલ આપનારી નથી[૭] કારણ કે જેઓને સાધન સાથે સંબંધ હોય તે સર્વને તે ફલ આપનારી હોવા છતાં પણ બીજાઓ માટે નકામી થાય[૮], તેથી વેદની આજ્ઞાને પરાયણ રહીને તે[૫] કરવાં જોઈએ એમ જે માને છે, તે બંને પણ 'ધમણની પેઠે શ્વાસ લે છે'. એક (કામનાથી પ્રવૃત્ત થઈ કર્મ કરનારા) પ્રાણનું પોષણ કરનારા છે, અને તેનું પોષણ કરવા માટે શ્રુતિએ કહેલું કરે છે. અહિં બ્રહ્મ જાણનારાઓનો જ વિચાર કરવામાં આવતો હોવાથી, જેઓ માત્ર લૌકિક છે તેમનો પ્રકરણને લીધે જ આમાં સમાવેશ થતો નથી, તેથી જ તેમની વાત કરવામાં આવતી નથી. વૈદિકો બધાએ[૯] વેદ સમજાવનારા હોય છે તેથી જેઓ (જે વૈદિકો) વેદ કામનાઓનું નિરૂપણ કરનાર

---

વિદ્વાનો અગ્નિહોત્ર કરતા નહોતા' વિગેરે વાક્યોથી કર્મ કરવાં ન જોઈએ એમ કહેવા, કર્મ વર્ણવેલાં છે, એમ (સૂચવ્યું છે). (લે)

૪. પશુ, પુત્ર, સ્વર્ગ વિગેરેની કામનાથી જેઓ સત્પુરુષના માર્ગમાં પ્રવૃત્તિ કરે છે. (લે)

૫-૫. 'તે' એટલે 'બીજા દેવોની ઉપાસના અને કર્મ'. (લે)

૬. આગળ આ શબ્દો કહેવામાં આવશે, તેમની સાથે સંબંધ છે. (લે)

૭. કામનાના અધિકારીનું વિશેષણ છે તેથી (જેઓ કામનાવાળા ન હોય તેમને માટે શ્રુતિ ફલ આપનારી નથી). (લે)

૮. શ્રુતિ કેવી રીતે વ્યર્થ થાય છે એ વાક્યથી સાબિત કરે છે. જેઓ કામનાવાળા હોય તે બધાને (કામના પ્રાપ્ત કરવાનાં) સાધન દર્શાવી શ્રુતિ સાર્થક થાય છે, તો પણ નિષ્કામ પુરુષને માટે તે નકામી થાય છે એટલે તેઓ તો વેદની એવી આજ્ઞા હોવાથી જ દેવોની ઉપાસના તથા કર્મ કરવાં જોઈએ એમ માને છે. (એ પ્રમાણે બે પક્ષ કહ્યા). ત્રીજો પક્ષ તો સિદ્ધાંત જ છે. પહેલાં કામના જણાવી, ઉપાસના અને કર્મ કરવાનું શ્રુતિ કહે છે. પછી તેની નિંદા કરી તે ન કરવાં એમ જણાવી, નિષ્કામપણાથી યજ્ઞને ભગવદ્રૂપ જાણી તેમની સેવાની ભાવનાથી કર્મ કરવાં, અને દેવોને પણ ભગવાનના અંગ જાણી તેમની ઉપાસના કરવી, એવો બોધ કરે છે, એવો ભાવ છે. (લે)

૯. વૈદિક કર્મ કરનારાઓ પણ પાંચ અગ્નિના પ્રકારથી સ્વર્ગમાંથી (પાછા) આવી, વેદ સમજાવનારા થાય છે, એવો ભાવ છે. (લે)

અથવા આજ્ઞા જણાવનાર છે એમ માને છે, તેઓની નિંદા કરવામાં આવે છે કે તેઓ પ્રાણનું પોષણ કરનારા છે, અથવા પ્રાણની ઉપાધિથી સપડાએલા છે, કારણ કે ધમણો ન તપેલી હોય તેવી જ બધીએ ધાતુઓને તપાવે છે. તેથી બીજાને દુઃખ કરનારા બહિર્મુખ[10] તેઓ શક્તિવાળા થઈ બીજાઓને પીડા જ કરે છે, એવો અર્થ છે. પશુઓની હત્યા કરનારાઓ ઘણા જ વધારે પીડનારા છે. 'જે શાપ નહિ આપનાર અમને શાપ આપે છે' 'જે અમારો શત્રુ છે' 'જે વેદ સમજનાર મારો દ્વેષ કરે છે' વિગેરે શ્રુતિઓ પ્રમાણે અલૌકિક પ્રકારથી પણ સર્વને પીડા કરનારા તેઓ મૂએલા જેવા જ[11], આ લોકના અને પરલોકના વાસ્તવિક રીતે ફલ[12] વગરના બીજાને પીડા કરવા માટે જ જીવે છે[13], એવો અર્થ છે; પરંતુ જેઓ 'યજ્ઞથી યજ્ઞની પૂજા કરી' એ પ્રકારે યજ્ઞ વિગેરેથી (આપની સેવા કરે છે)[14], અને આપના આચ્છાદન (અંગ) તરીકે બીજા દેવોની ઉપાસના કરે છે તે આપના ભક્તો છે. જેઓ આપના 'અનુવિધાઃ' છે, 'અનુ વિદધતિ' આજ્ઞા માને 'ઈતિ' તે 'અનુવિધાઃ' એટલે ભક્તો છે, તેઓ જ પ્રાણવાળા એટલે જેમના પ્રાણ સફલ છે તેવા છે, કારણ કે તેઓ બીજાને પીડા કરે એવું સંભવતુ નથી.

વળી જે પહેલાં કહેલા છે તેમનું બીજું દૂષણ 'જેમના અનુગ્રહથી મહત્તત્ત્વ અહંકાર વિગેરેએ બ્રહ્માંડ સર્જ્યું' શબ્દોથી કહે છે. કારણ કે કૃતઘ્નના પાપનું નિવારણ નથી. ભગવાનની આજ્ઞાથી મહત્તત્ત્વ વિગેરેથી બ્રહ્માંડ સર્જાતાં, તેમાં રહીને તેમણે જ પ્રાપ્ત કરાવેલું શરીર ધારણ કરીને, જેઓ તેમની[15] અથવા તેમના સ્વામીની[16] આજ્ઞા પ્રમાણે વર્તતા નથી તેઓ કૃતઘ્ન છે; વળી[17] જે ભગવાનના

૧૦. આ શબ્દથી કર્મ કરનારા અને બીજા દેવોની ઉપાસના કરનારા બંને ધમણ જેવા છે, એમ કહે છે. ઉપાસના કરનારા ઉપાસના કરવાથી શક્તિવાળા થઈ, પોતાના ઐશ્વર્યના બલને લીધે બીજાઓને પીડા જ કરે છે. કર્મ કરનારા તો બીજાને બહુ જ પીડા કરનારા છે. તેથી તે બંને ધમણ જેવા છે, એવો અર્થ છે. (લે)

૧૧. ('ધમણ' એટલે) ચામડા જેવા કહ્યા તેથી તેવા છે. (લે)

૧૨. 'અર્થતઃ' વાસ્તવિક રીતે 'ફલં' જે ફલ છે તે વગરના. (લે)

૧૩. જેમ ધમણો બીજાને ઉપદ્રવ કરવા વાયુ ધારણ કરે છે, તેમ આ પણ તે માટે પ્રાણ ધારણ કરે છે, એવો ભાવ છે. (લે)

૧૪. કૌંસમાં લખેલા શબ્દો અધ્યાહાર છે. (લે)

૧૫. 'તેમની' એટલે 'મહત્તત્ત્વના ભેદવાળા દેવો, જે ભગવાનના અંગ તરીકે આભાસમાં કહેલા પ્રકારે જાણેલા છે તેમની'. (લે)

૧૬. 'તેમના સ્વામીની' એટલે 'ભગવાનના અવયવરૂપ યજ્ઞની'. (લે) **૧૭.** ત્રીજા એટલે જે

સેવકો છે તેઓ સર્વભાવથી ભગવાનનું ભજન કરવું યોગ્ય છે એમ કહેવા, મહત્તત્ત્વ વિગેરેએ પણ ભગવાનની સેવા કરવા માટે ભગવાનની ક્રીડાનું સાધન બ્રહ્માંડ સર્જેલું છે, એમ કહેલું છે. બ્રહ્માંડ સર્જવામાં પણ પોતાની મેળે સર્જવાની તેઓની શક્તિ નથી, પરંતુ ભગવાનના અનુગ્રહથી જ સર્જે છે. તેથી એમ સૂચવેલું છે કે ભગવાનના અંગ તરીકે બીજા દેવનું ભજન કરવામાં કાંઈપણ દોષ નથી. 'જે અન્નમય વિગેરેમાં છેલ્લા છો (તે) પુરુષવિધનો અહિં અન્વય છે' શબ્દોથી બીજા પ્રકારે પણ બંનેની (અનુક્રમે) નિંદા અને સ્તુતિ વર્ણવે છે. અહિં એટલે દેહમાં પુરુષવિધ(પુરુષ જાતનો) અન્વય (સંબંધ) છે, અને જે ભગવાન્ અન્નમય વિગેરે પુરુષોમાં છેલ્લા છે(તેમનો સંબંધ છે)[૧૮]. જેમ ઢાળાના વાસણ બનાવનારાઓ પહેલાં આકૃતિ કરીને પછી (તેમાં) ધાતુ પૂરે છે[૧૯], કારણ કે તેમ ન કરે તો ઢાળેલાં વાસણ બને નહિ, તેવો દેહ છે. બીજા ઘડો વિગેરે કાર્યો તો ક્રિયાથી બનાવાય છે. તેથી આ દેહમાં અંદર કોઈક છે, જે એવા પ્રકારનો છે કે તેની ઉપર આવેલા અન્ન, રસ વિગેરે થાય છે તેમ ન હોય (તે અંદર રહેલ એવા પ્રકારનો ન હોય) તો તેના ઉપર આવેલું અન્ન ભસ્મના ઢગલાની પેઠે ઢગલો થઈ રહે. તેથી જે અંદર રહેલો સદા એવી (રસ વિગેરેની) સ્થિતિ પ્રાપ્ત કરાવે છે તે બહુ જ માન આપવા યોગ્ય છે. 'તેમના પુરુષપ્રકારને લીધે જ આ પુરુષપ્રકારનો છે' શ્રુતિમાં તેમના એટલે ભગવાનના પુરુષપ્રકારને જ ધ્યાનમાં રાખીને, 'આ અન્નમય વિગેરે પુરુષપ્રકારના છે' એમ, ભગવાનના સંબંધને લીધે જ આ પુરુષપ્રકારનો છે એમ કહેલું છે. પુરુષપ્રકારનો સંબંધ તો વંશના નિયમ પ્રમાણે[૨૦] આવેલો છે, એવો અર્થ છે.

'અન્નમયનો જ સંબંધ ભગવાનને ભલે હોય. ભગવાનનો સંબંધ અન્નમયને હોવાથી શું વધારે રૂડું છે?[૨૧]' એવી શંકા થાય, તેથી 'અહિં અન્નમય

ભગવાનના ભક્તો કહ્યા, તેમની સ્તુતિ પણ કરેલી છે, એમ અહિંથી જણાવે છે. (લે)

૧૮. જે ઉપકાર કરનાર છે તેની સેવા ન કરવાથી કૃતઘ્ન થવાય છે અને સેવા કરવાથી યોગ્ય (કાર્ય) થાય છે. વળી ભગવાન્ અન્નમય વિગેરેમાં (સર્વની) અંદર રહેલા છે. તેથી તેમની સેવા ન કરવાથી નિંદા અને સેવા કરવાથી સ્તુતિ થાય છે, એવો અર્થ છે. (લે)

૧૯. માટી વિગેરેથી જે ઢાળવાનું હોય તેની અંદરની અને બહારની આકૃતિ બનાવી, વચમાં પોલાણ રાખી, પછી તેમાં ધાતુ પૂરે છે એવો અર્થ છે. (લે)

૨૦. જેમ મનુષ્યના વંશમાં ઉત્પન્ન થએલ મનુષ્યના જ આકારવાળો થાય છે, તેમ આનંદમયના સંબંધથી થતા પુરુષજાતના હોય છે એવો અર્થ છે. (લે)

૨૧. 'અન્નમયમાં જ (ભગવાનનો) સંબંધ ભલે હોય, બીજાઓમાં પણ એક બીજાનો સંબંધ હોવાનું શું પ્રયોજન?' એવો અર્થ છે. (લે) પાછળના શ્રીસુબોધિનીના ભાવાર્થ પ્રમાણે

વિગેરેમાં જે છેલ્લા છો' શબ્દો યોજેલા છે. ૧.અન્નમય ૨.પ્રાણમય ૩.મનોમય ૪.વિજ્ઞાનમય અને ૫.આનંદમયમાં છેલ્લા આનંદમય છે, તે તો સર્વની અંદર રહેલા છે, અને (તે) આનંદમય હોવાથી જ તેમને બીજું પ્રયોજન નથી અને બીજાની તેમને જરુર નથી, એમ સૂચવેલું છે; કારણ કે અંદર રહેલો હોય તે જ આકાર આપનારો થાય છે. 'તેના પુરુષપ્રકારને લીધે (આ પુરુષપ્રકારનો છે)' (તૈતિ.ઉપ.૨।૨) શ્રુતિમાં 'તસ્ય' 'તેના' એ છઠ્ઠી વિભક્તિના પ્રત્યય વાળા શબ્દથી જેની વાત કરવામાં આવે છે તે (પ્રાણમય) જ કહેલો છે, કારણ કે પહેલાં તે જ કહેલો છે અને પહેલાં કહેલો હોય તેનો જ સંબંધ લેવાય છે. '' 'એષ' આ તે પુરુષપ્રકારનો જ છે'' એ પહેલાનું વાક્ય છે. 'અયમ્' 'આ' શબ્દથી સર્વ સ્થલે અન્નમય જ લેવાનો છે, અથવા પહેલાનો જ કહેલો (લેવાનો) છે[૨૨]; પરંતુ કોઈપણ સ્થલે એમ ન માનવું કે પહેલાનો પુરુષપ્રકારનો હોવાથી પછીનો પુરુષ પ્રકારનો થાય છે. ભગવાન્ આનંદમય છે. અહિં કેટલાક આનંદમય કોશ[૨૩] છે એમ જણાવનારા પોતાને માટે શોક જ પ્રાપ્ત કરે છે, કારણ કે આનંદમય (ભગવાન)નો ત્યાગ કરવામાં આવે ત્યારે શોક જ બાકી રહે[૨૪]. 'મયટ્' પ્રત્યયની અયોગ્યતા તો

---

આવો અર્થ યોગ્ય લાગતો નથી. અહિં શંકા કરનાર અન્વય (સંબંધને) ઉલટાવે છે. તેથી જ આગળ શ્રીસુબોધિનીમાં કહેલું છે કે 'કોઈ સ્થલે એમ ન માનવું કે પહેલાંનો પુરુષપ્રકારનો હોવાથી પછીનો પુરુષપ્રકારનો થાય છે. તેથી જૂદી રીતે અર્થ કરેલ છે.

૨૨. તૈત્તિરીય ઉપનિષદના બીજા પ્રકરણ બ્રહ્માનંદવલ્લીના બીજાથી પાંચમા સુધીના ચાર અનુવાકમાં અનુક્રમે : ૧.અન્નમય ૨.પ્રાણમય ૩.મનોમય અને ૪.વિજ્ઞાનમયનું નિરૂપણ કરેલું છે. તેમાં આનંદમયનું નિરૂપણ છેવટના પાંચમા અનુવાકમાં કરેલું છે.

અન્નમયના નિરૂપણમાં નીચે પ્રમાણે વાક્ય છેઃ ''૧.આ તે અન્નરસમયથી જૂદો અંદરનો આત્મા પ્રાણમય છે. ૨.તેનાથી આ પૂર્ણ છે. ૩.આ તે પુરુષપ્રકારનો જ છે. ૪.તેના પુરુષપ્રકારને લીધે આ પુરુષપ્રકારનો છે''. આ ચાર વાક્યો અનુક્રમે મૂકેલા છે. તેમાં ચોથા વાક્યમાં 'તેના' શબ્દ છે તે (અન્નમય પછીના) પ્રાણમયને માટે યોજેલો છે, કારણ કે (આ વાક્યની પહેલાંના ત્રીજા વાક્યમાં) તે પ્રાણમય જ કહેલો છે, તેથી ચોથા વાક્યમાં પણ તેનો જ સંબંધ લેવાય. ચોથા વાક્યમાં 'આ' શબ્દ છે તે 'અન્નમય' માટે યોજેલો છે. આવાં જ વાક્યો ત્રીજા, ચોથા અને પાંચમા અનુવાકમાં છે. ત્યાં બધામાં ઉપર જણાવ્યું તેવા ચોથા વાક્યમાં 'આ' શબ્દનો અર્થ 'અન્નમય' જ કરવો, અથવા ત્રીજા અનુવાકમાં પ્રાણમય, ચોથામાં મનોમય અને પાંચમામાં વિજ્ઞાનમય કરવો એવો અર્થ છે.

૨૩. 'કોશ' એટલે જીવની સાથે રહેનાર સૂક્ષ્મ શરીરના અવયવો.

૨૪. વધારે ઊંડા ઉતરી તપાસ કરવા જતાં આનંદમયને પણ મૂકી દીધા એટલે આનંદમયના અભાવરૂપ શોક જ રહ્યો. તેથી તેમને માટે શોક જ (કરવાનો) બાકી રહ્યો, એવો અર્થ છે. (લે)

સૂત્રકારે જ 'ભરચકપણાને લીધે' શબ્દથી હરેલી છે[૨૫]. 'વેદમાં બે સ્વરવાળાને' (પાણિનિ ૪।૩।૧૫૦) એ વ્યાકરણ પ્રમાણે પણ, ત્રણ સ્વરવાળા 'આનંદ' શબ્દને વિકારના અર્થમાં 'મયટ્' 'મય' પ્રત્યય લાગે નહિ. તેથી સાકાર બ્રહ્મના દ્વેષને લીધે જ કોઈએ એવું (આનંદમય કોશ છે એવું) વ્યાખ્યાન કરેલું છે અથવા 'બ્રહ્મ' શબ્દ ઉપરની શ્રદ્ધાને લીધે (એવું વ્યાખ્યાન કરેલું છે), કારણ કે 'બ્રહ્મ પૂછડું અને ચરણ છે' (તૈતિરીય ઉપનિષદ્ ૨।૫) એમ બ્રહ્મને આનંદમયનું પૂછડું કહેલ છે, (અને ભગવાનની) 'હંસની આકૃતિ કહેવામાં આવે ત્યારે (બ્રહ્મ) પરમાત્માનું પૂછડું હોય છે' એ સિદ્ધાંત (તેઓ) જાણતા નથી. તેમ ન હોય તો[૨૬] ભગવાનનું ચરણ બ્રહ્મ ન હોવાથી જ્ઞાનમાર્ગનું અને ભક્તિમાર્ગનું ફલ એક ન હોય તેથી બહુ લંબાણથી શું? કારણ કે ભાષ્યમાં લંબાણથી કહેલ છે. તેથી જે અંદર રહીને આનંદ અને પુરુષપણું પ્રાપ્ત કરાવે છે, એવા (ભગવાન)ને જેઓ પૂજતા નથી તેઓ કૃતઘ્ન હોય એમાં શું કહેવું? અને જેઓ (એવાનું) ભજન કરે છે તેઓનું (કાર્ય)યોગ્ય છે એમાં શું કહેવું? એવો અર્થ છે.

વળી જગતમાં જે કાંઈ કાર્ય છે તે સર્વનું નિયમન કરનાર આપ જ છો. તે (અર્થ) 'સત્ અને અસત્નું નિયમન કરનાર આપ છો' શબ્દથી કહે છે. જે 'સદસતઃ' કારણ અને કાર્યનું 'પરં' નિયમન કરનાર તરીકે વિચારેલું બ્રહ્મ છે તે આપ જ છો, એવો અર્થ છે. વળી (આપ) માત્ર નિયમન કરનાર (વશ રાખનાર) છો એટલું જ નહિ, પરંતુ ભેદ તજીને આ (કારણ અને કાર્ય)ના રૂપથી પણ (આપ જ રહેલા છો) એમ જૂદા આરંભથી[૨૭] પછીનું[૨૮] (રૂપ) 'તેઓમાં જે અવશેષ છે' શબ્દોથી કહે છે. 'અવશિષ્યતે' જે બાકી રહે 'ઈતિ' તે 'અવશેષઃ' અવશેષ. જે પ્રકારે સર્વ વસ્તુઓમાં આ ભગવાન્ જ બાકી રહે છે તે પહેલાં[૨૯] સાબિત કરેલું છે.

---

૨૫. આનંદમય ભગવાન્ છે, એમ બ્રહ્મસૂત્ર ૧।૧।૧૧માં સાબિત કરેલું છે. 'મય' પ્રત્યય વિકાર જણાવનારો હોવાથી, આનંદમય ભગવાન્ ન હોય, એવી શંકા કરવી નહિ, કારણ કે આ 'મય' પ્રત્યય 'ભરચકપણાના અર્થવાળો છે' એમ બ્રહ્મસૂત્ર ૧।૧।૧૨માં કહેલું છે. 'મય' પ્રત્યય વ્યાકરણના નિયમ પ્રમાણે પણ 'આનંદ' શબ્દને 'વિકારવાળા' અર્થમાં ન લાગે, એમ લંબાણથી આ બારમાં સૂત્ર ઉપરના શ્રીઅણુભાષ્યમાં સાબિત કરેલું છે.

૨૬. 'તેમ ન હોય તો' એટલે પરમાત્માને પાદ (ચરણ) અને પૂછડું ન હોય તો. (લે) પરમાત્માનાં ચરણ (અને પુચ્છ) બ્રહ્મ ન હોય તો.

૨૭. 'જૂદા આરંભથી' શ્લોકના ચોથા ચરણમાં 'અથ' શબ્દ છે તેનો આ અર્થ કહેલો છે.

૨૮. 'ઉત્તરમ્' એટલે પછીનું (પછી જણાવેલું) સ્વરૂપ. કારણ અને કાર્યમાં બાકી રહેનારું સ્વરૂપ કહેવામાં આવે છે. (લે)

૨૯. 'પહેલાં' એટલે પાછળ પંદરમા શ્લોક તથા તે પરનાં શ્રીસુબોધિનીમાં.

તેથી પરિણામ જોવું જોઈએ એ નિયમ પ્રમાણે સર્વ સ્થલે તેમને જ અનુસરવું જોઈએ, બીજા નાશવંતને અનુસરવું ન જોઈએ, એમ બંને વિષયનું[30] કારણ કહેલું છે. વળી આ (કારણ અને કાર્યો)માં જે સત્ય છે તે ભગવાન જ છે, એવો અર્થ છે. માત્ર બાકી રહેવાથી કાર્ય સિદ્ધ થતું નથી, કારણ કે ઘી વિગેરેની પેઠે તે (બાકી રહેનાર)નો પણ સમય જતાં નાશ થવાનું સંભવે. તેથી 'સત્ય' શબ્દથી બીજું કારણ કહેલું છે. એ પ્રમાણે સ્તુતિ અને નિંદા કરવાનાં પાંચ કારણો કહ્યાં:

**કૃષ્ણ એવ સદા સેવ્યો નિર્ણીતઃ પઞ્ચધા બુધૈઃ ।।**
**શરીરદઃ પ્રેરકશ્ચ સુખદઃ શેષસત્યદઃ ।।૪।।**

શરીર આપનાર, પ્રેરક, સુખ આપનાર, શેષ (બાકી) રહેનાર અને સત્ય સ્થાપનાર એમ પાંચ પ્રકારે ડાહ્યા પુરુષોએ નિર્ણય કરેલા શ્રીકૃષ્ણની જ સદા સેવા કરવી. કા.૪.

'યદિ' જો 'તે' આપના 'અનુવિધાઃ' ભક્તો (હોય) તો 'અસુભૃતઃ' પ્રાણવાળા છે (નહિ તો) 'દતયઃ' ધમણની 'ઈવ' પેઠે 'શ્વસન્તિ' શ્વાસ લે છે. (આપ) 'યદનુગ્રહતઃ' જેમના અનુગ્રહથી 'મહદહમાદયઃ' મહત્તત્ત્વ, અહંકાર વિગેરેએ 'અંડમ્' બ્રહ્માંડ 'અસૃજન્' સર્જ્યું; 'યઃ' જે 'અન્નમયાદિષુ' અન્નમય વિગેરેમાં 'ચરમઃ' છેલ્લા છો (તે) 'પુરુષવિધઃ' પુરુષવિધનો 'અત્ર' અહિં (દેહમાં) 'અન્વયઃ' અન્વય (છો). 'સદસતઃ' સત્ અને અસત્ નું 'પરમ્' નિયમન કરનાર, 'એષુ' તેઓમાં 'યદ્' જે 'અવશેષમ્' અવશેષ (બાકી રહેનાર), 'અથ' અને 'ઋતમ્' સત્ય (તે) 'ત્વમ્' આપ છો. ૪.

એવી રીતે બીજા દેવોની ઉપાસના કરવાનું અને બીજું કર્મ કરવાનું જણાવનારી (શ્રુતિઓ)નો નિર્ણય કહી, બહુ પ્રકારના ભગવાનની જ ઉપાસના કરનારાઓના જુદા જુદા ફલનો નિર્ણય નીચેના શ્લોકમાં કહે છે:

**ઉદરમુપાસતે ય ઋષિવર્ત્મસુ કૂર્પદશઃ**
**પરિસરપદ્ધતિં હૃદયમારુણયો દહરમ્ ।।**
**તત ઉદગાદનન્ત તવ ધામ શિરઃ પરમં**
**પુનરિહ યત્સમેત્ય ન પતન્તિ કૃતાન્તમુખે ।।૫।।**

ભગવાનની ઉપાસના કરનારાઓ ત્રણ પ્રકારના છે. (૧) કર્મ કરનારા[1]

---

૩૦. 'બંને વિષયનું' એટલે સ્તુતિ કરવાનું અને નિંદા કરવાનું. જેમને અનુસરવું જોઈએ તેમને અનુસરે તેમની સ્તુતિ, અને ન અનુસરે તેમની નિંદા; જેને અનુસરવું ન જોઈએ તેને ન અનુસરે તેની સ્તુતિ, અને અનુસરે તેની નિંદા. (લે)

૧-૧. 'કર્મ કરનારા' એટલે કર્મરૂપ ભગવાનની ઉપાસના કરનારા. આ શ્લોકની છેવટની

(૨) યોગ આચરનારા અને (૩) જ્ઞાનીઓ. તે પૈકી જ્ઞાનીઓ શ્રેષ્ઠ છે, પરંતુ બીજા બે હલકા અને મધ્યમ[2] છે. 'એકપણાથી, જૂદાપણાથી અથવા બહુ પ્રકારે વિશ્વ થઈ રહેલા મારી ઉપાસના કરે છે' (ભગ.ગીતા૯|૧૫) વાક્ય પ્રમાણે ભગવાનનું ભજન ઘણા પ્રકારે સંભવે છે. કેટલાક[3] આ શ્લોક યોગના સંબંધમાં જ કહેલો છે એવો અર્થ કરે છે. તે શ્રુતિના નિર્ણયથી વિરુદ્ધ હોય એમ જણાય છે. 'ઋષિવર્ત્મસુ' વેદે કહેલા માર્ગોમાં જેઓ 'ઉદરમુપાસતે' કર્મની[1] ઉપાસના કરે છે, એવો અર્થ છે. વેદનું ઉદર કર્મ છે તેથી, અને (કર્મની) ઉદરમાં જ સમાપ્તિ થાય તેથી 'ઉદર' શબ્દની બંને પ્રકારે લક્ષણા[4] છે, અને 'ઉદર'શબ્દ નાભિની આસપાસ ના ચક્રના અથવા કર્મના[5] અર્થમાં લેવામાં આવે તો અહિં છ ચક્રો[6] કહેલાં નહિ હોવાથી, તેવો અર્થ પ્રાપ્ત થતો નથી. પાંચ (કર્મ)રૂપ (ભગવાન)નો[7] વિચાર કરતાં પણ ઉદર સોમ થાય છે, અને સ્ત્રીલંપટ અને ઉદર ભરવામાં આસક્તિવાળા પુરુષો લોકમાં નિંદાય છે તેથી નિંદા કરવા 'ઉદર' શબ્દ યોજેલો છે. તેઓ 'કૂર્પદશઃ' સ્થૂલ દષ્ટિવાળા છે. 'કૂર્પ' શબ્દથી નાના કાંકરા કહેલા છે. (તેથી 'કૂર્પદશઃ'નો) ઘણી સ્થૂલ દષ્ટિવાળા, એવો અર્થ થાય છે, કારણ કે કાંકરાથી નાનું તેઓ જોતા નથી. અથવા કૂર્પ એટલે કાચબાની પીઠ. તેના ઉપર ચિત્ર જેવા આકારો હોય છે, તેમને આંખ જેવા કહેલા છે. તેથી એમ કહેવાયું કે તેઓ કાંઈપણ જોતા નથી. એટલે 'આવી રીતે વેદના ધર્મોને વળગનાર કામનાની ઈચ્છાઓ વાળાને જન્મમરણ પ્રાપ્ત થયા કરે છે' એ વાક્ય પ્રમાણે તેમની નિંદા સાંભળવામાં

કારિકાથી આ અર્થ સ્પષ્ટ થાય છે. માત્ર 'કર્મ' અર્થમાં અહિં આ શબ્દ યોજાએલો નથી એમ નીચે 'કર્મના અર્થમાં લેવામાં આવે' શબ્દોથી સ્પષ્ટ સમજાય છે. 'કર્મની ઉપાસના' એટલે કર્મરૂપ ભગવાનની ઉપાસના.

૨. કર્મ કરનારા હલકા અને યોગ આચરનારા મધ્યમ.

૩. આ અઢારમા શ્લોકનો આવો અર્થ વિશ્વનાથ ચક્રવર્તીએ કહેલો છે.

૪. ઉદર એટલે પેટ. વેદમાં કર્મ કરવાની વિધિઓ કહેલી હોવાથી વેદનું ઉદર કર્મ છે. તેથી 'ઉદર'નો અર્થ કર્મ કર્યો. કર્મની સમાપ્તિ ધન વિગેરે પ્રાપ્ત કરવામાં એટલે ઉદરનું પોષણ કરવામાં થતી હોવાથી ઉદરનો અર્થ કર્મ કર્યો. આ બંને અર્થ લક્ષણાવૃત્તિથી થયા.

૫. જુઓ ૧લી ફૂટનોટ.

૬. 'મણિપૂરક' એટલે નાભિની આસપાસનું ચક્ર, આવાં છ ચક્રો છે. તેમ કર્મનાં (શુદ્ધિનાં) છ અંગો છે. તે છ અહિં જણાવેલ નથી. તેથી 'ઉદર' શબ્દનો અર્થ મણિપૂરક થતો નથી. શ્રીધરે 'ઉદર'નો અર્થ મણિપૂરક કરેલો છે.

૭. નિબંધ ૨|૨માં પાંચ કર્મરૂપ ભગવાન્ જણાવેલ છે. આ પાંચમાંથી સોમ ઉદર છે.

આવે છે. એ પ્રમાણે પહેલાં જણાવેલનું વર્ણન કરી, 'નાડીઓના માર્ગની હૃદયની (ઉપાસના કરે છે)' શબ્દોથી વચલાનું નિરૂપણ કરે છે. 'પરિતઃ' સર્વ તરફ 'સરન્તિ' સરે તે 'પરિસરાઃ' નાડીઓ. તેઓની 'પદ્ધતિઃ' એટલે માર્ગ, હૃદય. ત્યાં રહેલાઓ યોગના અભ્યાસથી નીચે અને ઉપર બધાએ માર્ગોને શુદ્ધ કરે છે, એમ આ શબ્દથી હૃદયમાં ભગવાનનું ચિંતન કરનારા યોગીઓ કહેલા છે. તેઓ 'આરુણયઃ' એટલે અરુણની પેઠે અલ્પ પ્રકાશવાળા છે. અરુણનો પુત્ર આરુણિ. 'દહરમ્' એટલે અલ્પ. કેટલાક તેનો અર્થ 'છિદ્ર' કરે છે. વેદના ''દહરં વૈ સા પરાભ્યાં દોહાભ્યાં દુહઃ'' વાક્યમાં 'દહર' શબ્દનો અર્થ 'અલ્પ' કહેલો છે. અલ્પ પ્રકાશવાળા તેઓ સારી રીતે અલ્પની જ ઉપાસના કરે છે, એવો અર્થ છે. એ પ્રમાણે કેટલાક સર્વરૂપવાળા ભગવાનના ઉદરની અને કેટલાક હૃદયની ઉપાસના કરે છે. (આ) કર્મ અને યોગ કહ્યા. ગીતા તો યોગશાસ્ત્ર હોવાથી, તેમાં યોગની પ્રશંસા કરેલી છે, અથવા બહિર્મુખોને ધ્યાનમાં રાખીને યોગની પ્રશંસા કરેલી છે.

'ત્યારે મુખ્ય (ઉપાસના કરનારા) કયા?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી '(આપનું પરમ ધામ શિર) તેથી ઊંચે જાય છે' એમ કહેલું છે. 'સર્વ કારણના કારણ તે વિષ્ણુના ધામને અક્ષર બ્રહ્મ કહે છે' વાક્ય પ્રમાણે આપનું ધામ શિર પરમ (ઉત્તમ) છે. ભગવાનનાં ઘણા ધામો છે. તેઓમાં અક્ષર ઉત્તમ છે. (તેને માટે) 'અક્ષર' શબ્દ યોજાય છે, તેથી જ તે ઉત્તમ છે એમ જાણવું. તેથી ત્રણ લોકથી, કાલથી પણ શિર ઊંચુ જ જાય છે. તેનું જ આધિભૌતિક રૂપ બ્રહ્મલોક છે, તેથી તે શિર (કહેવાય છે). 'જેને પ્રાપ્ત કરીને' એટલે જે ભગવાનના સ્વરૂપને પ્રાપ્ત કરીને પ્રાણીઓ 'ફરીથી અહિં', 'હે કૌન્તેય ! મને પ્રાપ્ત કરીને તો પુનર્જન્મ થતો નથી'. (ભગ.ગીતા ૮।૧૬) એ વાક્ય પ્રમાણે 'કૃતાંતના મુખમાં પડતા નથી' એમ ફલના વિષયમાં પહેલાના કરતાં તેનું ઉત્તમપણું કહેલું છે. તેથી જ્ઞાનીઓ જ ઉત્તમ છે, એવો અર્થ છે.

**કર્મરૂપં હરિં કેચિત્ સેવન્તે યોગરૂપિણમ્ ।।**
**તેભ્યોઽપ્યક્ષરરૂપસ્ય સેવકાઃ સંમતાઃ સતામ્ ।।૫।।**

કેટલાક કર્મરૂપ હરિને સેવે છે, કેટલાક યોગરૂપ (હરિ)ને સેવે છે. તે બધાથી પણ અક્ષરરૂપના સેવકોને સંતોએ ઉત્કૃષ્ટ માનેલા છે. કા.૫.

'ઋષિવર્ત્મસુ' ઋષિઓના (વેદે કહેલા) માર્ગોમાં 'યે' જેઓ 'ઉદરમ્' ઉદરની (કર્મની) 'ઉપાસતે' ઉપાસના કરે છે (તેઓ) 'કૂર્પદશઃ' સ્થૂલ દૃષ્ટિવાળા છે. 'આરુણયઃ' અલ્પપ્રકાશવાળા 'પરિસરપદ્ધતિમ્' નાડીઓના માર્ગ 'હૃદયમ્'

હૃદયની (ઉપાસના કરે છે તે) 'દહરમ્' અલ્પ (જુએ છે). 'અનંત' હે અનંત ! 'તવ' આપનું 'પરમં' પરમ 'ધામ' ધામ 'શિરઃ' શિર 'તતઃ' તેથી (પણ) 'ઉદગાદ્' ઉંચે જાય છે. 'યત્' જેને 'સમેત્ય' પ્રાપ્ત કરીને 'પુનઃ' ફરીથી 'ઇહ' અહિં 'કૃતાન્તમુખે' કૃતાંતના મુખમાં 'ન પતન્તિ' પડતા નથી. ૫.

એ પ્રમાણે ઉપાસનાના ભેદનો નિર્ણય કહી, નીચેના શ્લોકમાં (ભગવાન્ કાર્યોમાં) પાછળથી પ્રવેશ કરે છે એમ જણાવનારી શ્રુતિઓનો નિર્ણય કહે છેઃ

**સ્વકૃતવિચિત્રયોનિષુ વિશન્નિવ હેતુતયા**
**તરતમતશ્ચકાસ્સ્યનલવત્સ્વકૃતાનુકૃતિઃ ।।**
**અથ વિતથાસ્વમૂષ્વવિતથં તવ ધામ સમં**
**વિરજધિયોઽન્વયન્ત્યભિવિપણ્યવ એકરસમ્ ।।૬।।**

'તેને સર્જીને તેમાં જ પછી પ્રવેશ કર્યો' 'આ તે અહિં નખથી માથા સુધી પ્રવેશેલા છે' વિગેરે શ્રુતિઓમાં ભગવાને કરેલ પ્રવેશ સંભળાય છે. ''હૃદયાકાશમાં પ્રવેશ કરેલા બે આત્મા (પરમાત્મા અને જીવાત્મા) છે, કારણ કે તેમનું દર્શન (નિરૂપણ કરેલું) છે''(બ્રહ્મસૂ૧।૨।૧૧) એ સૂત્રમાં પણ (ભગવાન્ કાર્યોમાં પ્રવેશ કરે છે એવો) નિર્ણય કરેલો છે. તે પ્રવેશ ૧.સર્વ પ્રકારે બહાર રહેલાનો છે અથવા ૨.અંદર જ રહેલાનો પ્રકાશ થતાં લોકોને તેમાં દર્શન થાય છે તેથી લોકની દૃષ્ટિનો આશ્રય કરીને પ્રવેશ કહેલો છે? એવો વિચાર થાય છે. તે પૈકી ૧.બહાર રહેલાનો જ પ્રવેશ થતો હોય તો (ભગવાન્) પોતે જ સૃષ્ટિ બને છે એ (સિદ્ધાંત) ખોટો ઠરે છે, અદ્વૈત રહેતું નથી, અને (ભગવાન્) અવયવરહિત પણ રહેતા નથી. પ્રવેશ થતો હોય તો પણ બંનેનો પ્રવેશ બ્રહ્મસૂત્રમાં કહેલો છે. (પ્રવેશ કર્યા) પહેલાં તો જૂદા થવાનું કારણ નહિ હોવાથી[1], કોઈની અંદર પ્રવેશ[2] કરેલા (ભગવાન્) જીવ અને બ્રહ્મ થાય છે. તેથી બે (વિષય)નો નિર્ણય કરવાનો છે. ૧.શું બહાર રહેલા (ભગવાન્) પ્રવેશ કરે છે[3] ? અથવા ૨.ભગવાન્ અને જીવ બંને પ્રવેશ કરે છે[4] ? આ

૧. ભગવાન્ જેમાં પ્રવેશ કરે તેમાં પ્રવેશ કર્યા પછી તે પ્રમાણે જૂદા થવાનું કારણ અહિં કહેલું છે. (લે)

૨. બે પ્રકારનો પ્રવેશ ઉપર કહેલો છે તે બંને પ્રકારનો અહિં લેવાનો છે. (લે)

૩. ઉપર બે પ્રકારનો પ્રવેશ કહેલો છે. બ્રહ્મના સંબંધમાં તે બે પ્રકારના પ્રવેશ વિષે આ વિચાર કરવામાં આવે છે. (લે)

૪. 'સમાન રીતે' શબ્દ અહિં અધ્યાહાર છે. જેમ ભગવાન્ જુદા જુદા પદાર્થની સમાન થઈ તેમનામાં પ્રવેશ કરે છે તેમ જ જીવ પણ તે તે પદાર્થોની સમાન થઈ તેમનામાં પ્રવેશ કરે છે કે અણુ રહીને જ તેમનામાં પ્રવેશ કરે છે એવો અર્થ છે. આ જીવના પ્રવેશ સંબંધી વિચાર

પ્રમાણે[5] અહિં અનુક્રમે બે શ્લોકોથી નિર્ણય કરે છે. પોતે જ કરેલી વિચિત્ર યોનિઓમાં ભગવાન્ હેતુપણાથી ત્યાં રહેલા જ જાણે કે પ્રવેશ કરતા હોય તેમ પ્રકાશે છે. આથી એમ કહેલું છે કે પ્રવેશ (કહેનારી) શ્રુતિ દેખાય છે તેવું જણાવનારી છે. કેટલાક એમ કહે છે કે 'કારણનો કાર્યમાં પછી પ્રવેશ જૂદો થાય છે. તેમ ન હોય તો તેમાં કારણ દેખાય[6] નહિ' તેથી બંને (મતનો) સંગ્રહ કરવા 'ઈવ' જાણે કે (પ્રવેશ કરતા હોય) એવો (શબ્દ યોજેલો છે). શ્રીમદ્ભાગવતમાં પણ 'કારણનો ગુણ કાર્યમાં (તેની સાથે) ઘણો સંબંધ હોવાથી જોવામાં આવે છે' (૩।૨૬।૪૯) એમ કારણનો કાર્યમાં પ્રવેશ કહેલો છે. તેથી (ભગવાન્) 'હેતુતયા' એટલે ઉપાદાન[7] (કારણ) તરીકે રહેલા હોવા છતાં, પાછા (તેમાં) પ્રવેશ કરે છે.

એ પ્રમાણે પ્રવેશ કહીને, 'સત્ અને ત્યત્ થયા' વિગેરે વાક્યોમાં પ્રવેશ કરેલા જૂદા થાય છે એમ કહેલું હોવાથી, તેનો પણ નિર્ણય 'વધારે ઓછા ભાવથી ભાસો છો' શબ્દોથી કહે છે. દેવ, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વિગેરે પદાર્થ તરીકે અને રાજસ વિગેરે સ્વભાવથી (ભાસો છો). 'અંદર એકે જ પ્રવેશ કરેલ, તે જુદા જુદા હોય તેમ કેવી રીતે ભાસે?' એવી શંકા થાય, તેથી 'અગ્નિની પેઠે' શબ્દ યોજેલ છે. આથી[8] 'ભેદ જીવોથી થએલો છે' એ મત ખોટો ઠરે છે. ભગવાન્[9] તો અંતર્યામી સર્વમાં એક જ પ્રકારના રહેલા છે, અને જીવોનાં જૂદાપણાને લીધે દેવ વિગેરેમાં ભેદ[10] થાય છે, એવો (એ મત છે). જેમ લાકડાંઓમાં સર્વ સ્થલે અગ્નિ

---

જણાવ્યો (તે વીસમા શ્લોકમાં કરવામાં આવશે) (લે)

૫. 'એતદ્' શબ્દ અવ્યય છે. (લે)

૬. 'દેખાય નહિ' એટલે 'પ્રવેશ કરેલું હોય તેવું દેખાય નહિ.' જલ વિગેરે તન્માત્રાઓના રસ વિગેરે પૃથ્વીમાં દેખાય છે, તે આધાર અને આધેય (જે આધાર મેળવે છે તે) તરીકે દેખાય છે, જેમ કે પૃથ્વીમાં રસ વિગેરે છે. (પૃથ્વી આધાર અને રસ વિગેરે આધેય છે એમ દેખાય છે.) કારણનો કાર્યમાં જૂદો પ્રવેશ થતો ન હોય તો તેમ ન દેખાય, એવો ભાવ છે. (લે)

૭. જે પદાર્થની જે ચીજ બને તે ચીજનું તે પદાર્થ ઉપાદાન કારણ કહેવાય છે, જેમ કે માટી ઘડાનું ઉપાદાન કારણ છે.

૮. 'આથી' એટલે 'અગ્નિનું દષ્ટાંત કહ્યું તેથી'. અગ્નિ જે લાકડાંઓમાં રહેલો હોય તે લાકડાંઓના ભેદને લીધે જ તે જૂદો કહેવાય છે. તે પ્રમાણે અંતર્યામી પણ દેવ વિગેરે જે દેહમાં રહેલ હોય તેમના ભેદને લીધે જ તે જૂદા કહેવાય છે, પણ જીવના ભેદને લીધે જૂદા કહેવાતા નથી. જુદા જુદા દેહમાં રહેલ અંતર્યામી તે તે દેહને અનુકૂલ રહીને તે તે દેહમાં રહેલા જીવને પ્રેરણા કરે છે એવો અર્થ છે. (લે)

૯. જે મત ખોટો ઠરાવે છે તે મત આ ભાગથી જણાવેલો છે. (લે)

૧૦. જીવના ભેદને લીધે તે તે દેહને અનુકૂલ રહી, તેમાં રહેલ જીવને પ્રેરણા કરે છે. જીવો જ

રહેલો જ છે, પરંતુ તે જુદાંજુદાં લાકડાંમાં પ્રવેશ કરતાં જુદાજુદા રંગ, જાડું પાતળું તથા લાંબું વાંકું વિગેરે ભેદો કરે છે પરંતુ અગ્નિનો ભેદ બીજા કોઈથી[11] થતો નથી, એવો અર્થ છે. 'માત્ર દૃષ્ટાંત કહ્યું, પરંતુ (તેની) યોગ્યતા કહી નહિ (તે ઘટાવ્યું નહિ)' એવી શંકા થાય, તેથી 'પોતે કહેલાનું અનુકરણ કરનાર' શબ્દ યોજેલ છે. જેમ શિક્ષક શિષ્યની વિદ્યાનું અનુકરણ કરે છે[12], તેમ ભગવાન્ સર્વ સ્થલે પોતે કરેલ હોય તેનું અનુકરણ કરે છે. એ પ્રમાણે જગતના રૂપથી ક્રીડા કરવા માટે, ભગવાન્ સર્વ કાર્યોમાં પછી પ્રવેશ કરીને તે તે કાર્યરૂપ થાય છે એમ કહેલું છે. આમ (જુદાં જુદાં કાર્યરૂપ) થવામાં જે દોષો જણાય તેમનું નિવારણ 'અને (આ અસત્ય યોનિઓમાં આપનું ધામ સત્ય છે)' શબ્દથી કરે છે. 'આ અસત્ય યોનિઓ માં પણ આપનું ધામ[13] સત્ય છે.' પાંચ મહાભૂતોના બનેલા પદાર્થો અસત્ય હોવાનું અને ભગવાન્ પોતે સત્ય હોવાનું કારણ 'સમ' શબ્દથી કહે છે. પૃથ્વી વિગેરે એક પછી એક દશ ગણા વિષમ (ખડબચડા) હોવાથી, (બીજાની અંદર) પ્રવેશ કરતાં તેઓ સમ રહે એ સંભવતું નથી, કારણ કે કઠણ અને છૂટા છૂટા અવયવોવાળા હોવાથી તે જરુર વિષમ થાય. આકાશ પણ અનિત્ય હોવાથી વિષમ છે, પરંતુ (તે) સૂક્ષ્મ હોવાથી તે (તેનું વિષયમપણું) જાણી શકાતું નથી. ભગવાન્ તો સર્વ (પદાર્થમાત્ર)માં સમ રહીને જ પ્રવેશ કરે છે, કારણ કે 'બ્રહ્મ સમ અને દોષરહિત છે' (એમ શ્રુતિ કહે છે). જ્ઞાન વિગેરેના ભેદ તો જીવમાં રહેલા છે, એમ આ પછીના શ્લોકમાં કહેશે. ભગવાન્ સર્વની સમ(સરખા) થાય છે એમ અહિં કહેવાનો ભાવાર્થ છે. 'પ્લુષી (ઉધઈ)ના સમાન, મચ્છરની સમાન, હાથીની સમાન' વિગેરે શ્રુતિ પ્રમાણે ભગવાન્ જેમાં પ્રવેશ કરે છે, તેની સમાન થઈને તેમાં પ્રવેશ કરે છે. ભગવાન્ સરખા અંશથી જ[14] બધામાં પ્રવેશ કરતા હોય તો, સર્વની

---

જુદા જુદા પ્રકારના હોવાથી તેમને અંતર્યામી જુદી જુદી રીતે પ્રેરણા કરે છે. અંતર્યામી તો એક જ પ્રકારનો છે, એવો અર્થ છે. જો દેહ જુદા જુદા હોવાને લીધે જુદી જુદી પ્રેરણા કરતો હોય તો જીવો તો બધા સરખા રહે અને તેથી જુદા જુદા પ્રકારની પ્રેરણા કરનાર અંતર્યામીને કહેલ હોવાથી તે અંતર્યામી જ જુદા જુદા થઈ જાય, એવો ભાવ છે. (લે)

૧૧. પોતે જે (લાકડા)માં રહેલો હોય તે સિવાય બીજા કોઈથી, એવો અર્થ છે. (લે)

૧૨. શિષ્યને જ્ઞાન હોય તેટલું જ પોતાને જ્ઞાન હોય એમ દર્શાવી, તેટલા જ્ઞાન ઉપરથી વધારે વધારે સત્ય ક્યાં જણાય છે તે શિક્ષક શિષ્યને દેખાડે છે. તેથી તેના જેટલું જ જ્ઞાન પોતાને હોય એમ દેખાડે, એ તેની વિદ્યાનું અનુકરણ કરે છે એવો અર્થ જણાય છે.

૧૩. 'ધામ' એટલે 'તેજ' અથવા 'સ્વરૂપ' એવો અર્થ છે. (લે)

૧૪. ભગવાન્ હાથીમાં જેટલા અંશથી પ્રવેશ કરે છે તેટલા અંશથી મચ્છરમાં પ્રવેશ કરે છે, એવું

સમાનપણું થાય નહિ.

'એમ હોય તો[૧૫] સમાનપણું કેમ દેખાતું નથી? સમાનપણું દેખાતું હોય તો, ભગવાનનાં કાર્યોમાં પણ વિષમપણું ન જણાય[૧૫] અને ભગવાન નાં કાર્યો 'જે અંદર પ્રવેશ કરીને મારી આ સૂતેલી વાણીને (જીવાડે છે)' વિગેરે (વાક્યો)થી જણાવેલાં છે[૧૫] એવી શંકા થાય, તેથી 'રજોગુણ વિનાના જાણે છે' શબ્દો યોજેલા છે. જેમ જે રત્નનો પરીક્ષક હોય તે જ બનાવટી અને કુદરતી (રત્ન)ને જાણે છે તેમ જેઓ 'વિરજધિયઃ' રજોગુણ વિનાના બ્રહ્મને જોનારા છે, તેઓ જ તે ભેદને[૧૬] જાણે છે. 'અનુ' ભગવાનના સ્વરૂપની પછી 'અવયન્તિ' જાણે છે, એવો અર્થ છે. 'તેઓ જ તે (ભેદ) જાણે એનું શું કારણ?' એવી શંકા થાય, તેથી 'અભિવિપણ્યવઃ' શબ્દ યોજેલ છે. 'અભિતઃ' સર્વ તરફથી આ લોકમાં અને પરલોકમાં, ('વિગતપણયુક્તાઃ') જતો રહેલ છે ધંધો જેઓનો તેવા, એટલે સર્વ વ્યવહાર જેમણે તજેલા છે તેવા (તેઓ છે); કારણ કે જે જેનો અભ્યાસ કરે તે તેને જૂએ. જેમ વ્યવહારમાં કુશલ પુરુષો પદાર્થને ઉપાડવાથી જ અથવા જોવાથી જ તે (તોલમાં) બરાબર અથવા ઓછો વધારે છે તે જાણે છે, તેવી રીતે જેઓ વ્યવહારને તજીને સર્વ પ્રકારે બ્રહ્મનું ચિંતન કરે છે તેઓ સર્વ સ્થલે બ્રહ્મ જ જૂએ છે, પરંતુ વિકારથી ઉત્પન્ન થએલ (પદાર્થ) જોતા નથી, અને તે (બ્રહ્મ) સમ જ હોય છે. ''તેઓ બ્રહ્મને જ ભલે જૂએ, (બ્રહ્મને) સમ જ જૂએ છે[૧૭] એમ માનવાનું

---

નથી; પરંતુ હાથીમાં હાથી જેટલા થઈ, અને મચ્છરમાં મચ્છર જેટલા થઈ પ્રવેશ કરવાનું કારણ તેમના તેવા સ્વભાવ અને ગુણ થાય એ છે. તેથી જ પૃથ્વી વિગેરે પદાર્થોને વિષમ કહેલા છે. (લે)

૧૫-૧૫-૧૫. ભગવાન્ બધા પદાર્થોમાં તે તે પદાર્થની સમાન થઈ પ્રવેશ કરતા હોય તો સમાન- પણું કેમ દેખાતું નથી? સમાનપણું છે નહિ કારણ કે ભગવાનનાં કાર્યોમાં વિષમપણું જણાય છે. તેનું દષ્ટાંત નીચે આપેલા તૈત્તિરીય બ્રાહ્મણ ૩।૫।૨।૬ના વાક્યથી આપે છે. અંદર પ્રવેશ કરીને વાણીને જીવાડવી એ ભગવાનનું કાર્ય છે. જુદા જુદા પદાર્થની સમાન થઈને જ ભગવાન્ પ્રવેશ કરતા હોય તો તેના હેતુ, સ્વભાવ વિગેરે સરખા જ હોય. તેથી સૂતેલી વાણીવાળા પુરુષમાં સૂતેલી વાણીથી જ પ્રવેશ કરે એટલે તેની વાણીને જીવાડવાનું બને નહિ, એવો અર્થ છે. (લે)

૧૬. ભગવાન્ પ્રવેશ કરીને કોઈવાર એમને એમ રહે છે, અને કોઈવાર અધિક કાર્ય પણ કરે છે એવો ભેદ. આ ભેદ અનુભવથી જણાય તેવો છે. તેથી તે સંબંધમાં તર્કથી વિચાર કરવાનો નથી એવો ભાવ છે. એ પ્રમાણો અઘટિતપણું દૂર કર્યું. 'એકરસ' વિશેષણથી યોગ્યતા કહેશે એમ જાણવું. (લે)

૧૭. તેઓ બ્રહ્મને સમ જ જૂએ એમ આપણે માનવાનું શું કારણ? એવો અર્થ છે. નીચેના

શું કારણ? 'બ્રહ્મ સમ જ છે, (તેથી તેઓ તેવું જૂએ છે)', એમ કહો તો આનો જ વિચાર કરવામાં આવે છે કે બ્રહ્મ સમ છે કે વિષમ, તેથી તેને સમ માનવાનું બીજું કારણ કહેવું જોઈએ'' એવી શંકા થાય, તેથી 'એકરસ' વિશેષણ યોજેલું છે. રસ તો અનુભવથી જણાય, અને તેઓનો પ્રેમ સર્વ વસ્તુઓમાં સરખો હોય છે. તેમ ન હોય (બ્રહ્મ સમ ન હોય) તો અનુભવનો વિરોધ થતાં, (તેઓની બધામાં) સમાન દૃષ્ટિ ન થાય. લોકમાં રસનો ભેદ જાણનારા જુદા જુદા રસવાળા[૧૮] પદાર્થો એક સરખા આકારવાળા હોય તો પણ (તેમનામાં) વિષમ દૃષ્ટિવાળા જ થાય છે. (બ્રહ્મ જાણનારાઓની સર્વમાં સમ દૃષ્ટિ છે) કારણ કે 'બ્રાહ્મણમાં, ઢેઢમાં, ચોરમાં' (શ્રીમદ્ભાગવત ૧૧|૨૯|૧૪) એ વાક્યમાં (તેમની) સમ દૃષ્ટિ જણાવેલી છે. તેથી સર્વમાં રહેલા ભગવાને સર્વની સમાન જ થઈને (સર્વમાં) પ્રવેશ કરેલો હોવાથી, જગતના રૂપથી (તેમાં) પ્રવેશ કરી ક્રીડા કરતા હોવા છતાં, તેમને દોષ લાગતો નથી એમ કહેલું છે.

**સર્વત્ર ભગવાંસ્તુલ્યઃ સર્વદોષવિવર્જિતઃ ||**
**ક્રીડાર્થમનુકુર્વન્ હિ સર્વત્રૈવ વિરાજતે ||૬||**

ભગવાન્ સર્વમાં સમાન છે, સર્વ દોષ વિનાના છે, અને ક્રીડા માટે અનુકરણ કરતાં સર્વેની અંદર પ્રકાશે છે. કા.૬.

'સ્વકૃતવિચિત્રયોનિષુ' પોતે કરેલી વિચિત્ર યોનિઓમાં 'હેતુતયા' હેતુતાથી (ઉપાદાન કારણ તરીકે રહેલ જ) 'વિશન્' અંદર પ્રવેશ કરતા હો 'ઈવ' તેવી રીતે 'સ્વકૃતાનુકૃતિઃ' પોતે કરેલાનું અનુકરણ કરનાર (આપ) 'અનલવત્' અગ્નિની પેઠે 'તરતમતઃ' વધારે ઓછા ભાવથી 'ચકાસ્સિ' ભાસો છો. 'અથ' અને 'અમૂષુ' આ 'વિતથાસુ' અસત્ય (યોનિઓ)માં 'વિરજધિયઃ' રજોગુણ વિનાના 'અભિવિપણ્ય-વઃ' ચારે તરફથી સર્વ વ્યવહારથી અતીત (પુરુષો) 'તવ' આપના 'અવિતથં' સત્ય 'ધામ' ધામને 'સમં' સમ 'એકરસમ્' (અને) એકરસ 'અન્વયન્તિ' જાણે છે. ૬.

એવી રીતે પ્રવેશ (કરવા)ને લીધે ભગવાનને દોષ લાગતા નથી એમ જણાવી, બેનો પ્રવેશ (શ્રુતિમાં) કહેલો હોવાથી, 'બીજાનું શું થાય છે ?' એવી શંકાનું નિવારણ કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**સ્વકૃતપુરેષ્વમીષ્વબહિરન્તર-સંવરણં તવ**
**પુરુષં વદન્ત્યખિલ-શક્તિધૃતોંશકૃતમ્ ||**

ભાગવત્ ૧૧|૨૯|૧૪ વાક્યથી તેઓ બ્રહ્મને જૂએ છે એમ માનવાનું પ્રમાણ કહેશે. (લે)
૧૮. 'જુદા જુદા રસવાળા' એટલે 'ઓછા વધારે રસવાળા'. (લે)

ઈતિ નૃગતિં વિવિચ્ય કવયો નિગમાવપનં
ભવત ઉપાસતેઽઙ્‌ઘ્રિમભવં ભુવિ વિશ્વસિતાઃ।।૭।।

ભગવાને જ બનાવેલા દેવ, હલકાં પ્રાણીઓ, મનુષ્યો વિગેરેના દેહોમાં ભગવાનનો અંશ 'પુરુષઃ' જીવ 'બહિરન્તરસંવરણરહિત એવ' તેણે (દેહે) કરેલા ગુણો અને દોષો વિનાનો જ અંશથી બનાવેલો હોવાથી વિષમ (સમાનતા વગરનો) થાય છે. નીચે પ્રમાણે અર્થ છે :

જીવ ખરેખર ઘણાં જ સૂક્ષ્મ સ્વરૂપવાળો[1] ભગવાનનો 'ચિત્' અંશ છે. તે બધાએ દેહોમાં પ્રવેશ કરતાં અંદરથી અને બહારથી ચૈતન્યગુણથી ભરેલો જ[2] હોય છે, તેથી સ્વભાવથી[3] તે પણ અવિષમ[4] (સમ) જ છે. છતાં પણ જેનો આનંદ તિરોહિત થએલો છે તેવા વિષમ સ્થિતિ પ્રાપ્ત કરેલા અંશથી[5] (અંશનો) બનેલો હોવાથી પોતાનો આનંદ (પ્રાપ્ત કરવાની) ઈચ્છાથી દેહોમાં ફર્યા કરે છે, અને ત્યાં સુખ પ્રાપ્ત ન થતાં જાણે કે વિષમ હોય તેવો[6] થાય છે (રહે છે). ભગવાન્ અને જીવમાં ભેદ હોવાના કારણરૂપ આટલા જ વિષયનો અહિં નિર્ણય કરેલો છે કે 'ભગવાન્ તો આનંદથી ભરપૂર છે[7], અને કોઈ (પાસે)થી આનંદની ઈચ્છા રાખતા નથી. જીવ તો જેનો આનંદ તિરોહિત થએલો છે તેવો હોવાથી જ્યાં ત્યાંથી આનંદની ઈચ્છા રાખે છે (અને) તેથી જાણે કે વિષમ હોય તેવો થાય છે' અને આ અર્થ 'અંશથી બનેલો' શબ્દથી સૂચવેલો છે. એ પ્રમાણે જેઓ (ભગવાનથી) જીવનો ભેદ જાણે છે તેઓ ભગવાનને ભજે છે, પરંતુ બીજાઓ ભજતા નથી એમ ઉત્તરાર્ધથી કહે છે. આનંદ પ્રાપ્ત કરવા માટે જ જીવની પ્રવૃત્તિ

૧. 'વિરલાઃ' સૂક્ષ્મ એટલે સર્વ દેહમાં પ્રસરેલો ચૈતન્ય ગુણ 'આત્મા' સ્વરૂપ છે જેનું તેવો, એવો અર્થ છે. (લે)
૨. 'ચૈતન્યગુણથી ભરેલો' એટલે ચિદ્રૂપ જ. દેહમાં રહેલા ગુણ અને દોષનો જીવને સંબંધ નથી એમ જણાવવા 'એવ' 'જ' શબ્દ યોજેલ છે. (લે)
૩. 'સ્વભાવથી' એટલે પોતાના ચૈતન્યગુણથી. (લે)
૪. 'અવિષમ' એટલે દેહની સમાન જ' એવો અર્થ છે. (લે) આ શબ્દનો અર્થ વિષમ નહિ એવો એટલે 'સમ' છે.
૫. અહિં ત્રીજી વિભક્તિ ઐક્ય દર્શાવવા યોજેલી છે. અંશના પ્રકારથી બનાવેલો, એટલે અંશરૂપ બનાવેલો, એવો અર્થ છે. (લે)
૬. જીવને સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છાને લીધે દેહની જરુર રહે છે. તેથી સ્વરૂપથી તે દેહથી ન્યૂન (નાનો) એટલે અણુ જ છે, એવો અર્થ છે. (લે)
૭. આ વાક્યથી શ્લોકમાં 'અખિલશક્તિધૃતઃ' 'સર્વશક્તિવાળા' શબ્દ છે, તેનો અર્થ કહેલો છે. (લે)

હોય છે, અને 'જો આ આકાશ આનંદ ન હોત તો કોણ શ્વાસ લે, કોણ જીવે? કારણ કે આ જ આનંદ પ્રાપ્ત કરાવે છે' (તૈત્તિ ૨।૭।૧) શ્રુતિ પ્રમાણે ભગવાનમાં જ આનંદ છે, બીજે ક્યાંય નથી. જ્યારે જીવોના જ આનંદનો તિરોભાવ થયો છે ત્યારે જડોમાં તો આનંદની ગંધ પણ (સંભવતી) નથી, પરંતુ ઝાંઝવાના જલની પેઠે જેમ તદ્દન જલ વિનાની ભૂમિમાં ભ્રાંત (પુરુષો)ને જલ દેખાય છે, તેવી રીતે માલા, ચંદન વિગેરેમાં પણ આનંદ છે એમ લોકો ભૂલ ખાય છે, કારણ કે સર્વ પોતાની અંદર હોય તે આપે, પરંતુ ન હોય તે (આપતા) નથી. તેથી આ અર્થ જાણીને પંડિતો આનંદના ભંડારરૂપ ભગવાનના જ ચરણની ઉપાસના કરે છે.

'ભગવાનમાં પરમ આનંદ ભલે હોય, પરંતુ સ્વર્ગ વિગેરેનો (હલકો) આનંદ તો બીજામાં પણ હોય છે' એવી શંકા થાય, તેથી 'વેદો જેનું પ્રતિપાદન કરે છે તેવા' વિશેષણ યોજેલું છે. 'સર્વ વેદો જેમના ચરણનો વિચાર કરે છે' શ્રુતિ પ્રમાણે 'નિગમાઃ' વેદો 'આ' સર્વ તરફ 'ઉપ્યન્તે' વેરાએલા છે જેની, તેવું ભગવાનનું ચરણ છે. વેદો ભગવાનના ચરણનું જ નિરૂપણ કરે છે, અને તે ફલરૂપ તથા સાધનરૂપ છે. તેથી 'આ જ આનંદના અંશ ઉપર બીજાઓ નભે છે' શ્રુતિ પ્રમાણે યજ્ઞો પણ ચરણરૂપ છે અને સ્વર્ગ પણ ચરણરૂપ છે એવો મુખ્ય સિદ્ધાંત છે. આમ હોવાથી 'આ જ આનંદ પ્રાપ્ત કરાવે છે' એમ 'એવ' 'જ' શબ્દ પણ ઘટે છે. તેથી વેદના વચન પ્રમાણે પણ ભગવાનના ચરણ સિવાય બીજામાં આનંદ નથી, એવો અર્થ છે. 'આ (ભગવાનના ચરણ)ને પણ ઉત્પત્તિ વિગેરેને લીધે આનંદથી વિરુદ્ધ ધર્મો સાથે સંબંધ હોવાથી, જીવની પેઠે આના આનંદનો પણ તિરોભાવ થશે' એવી શંકા થાય, તેથી 'ભવ મટાડનાર' વિશેષણ યોજેલું છે. કોઈપણ સમયે ભગવાનના ચરણની ઉત્પત્તિ વિગેરે થતાં નથી એટલું જ નહિ, પરંતુ બીજાના પણ તે ગુણોને તે ચરણ મટાડનારું છે, એવો અર્થ છે. સ્વર્ગ વિગેરેમાં આનંદ અથવા સુખની સામગ્રી જોવામાં આવે છે અને (આનંદમાં અને સ્વર્ગ વિગેરેના સુખમાં) ભેદ જણાતો નથી, તેથી તેમાં આનંદ હશે એવી શંકા થાય. ભૂમિ ઉપર તો તેવું સંભવતું પણ નથી, એમ 'ભૂતલ ઉપર વિશ્વાસ રાખનારા' શબ્દોથી કહેલું છે. અથવા તીર્થ વિગેરેના આદરને લીધે શુદ્ધ અંતઃકરણ વાળા થઈ, ભૂમિ ઉપરના જીવો ભગવાન્ ઉપર વિશ્વાસ રાખે છે, બીજા સ્થલે (સ્વર્ગ વિગેરેમાં) ભોગમાં આસક્તિ હોવાથી (ભગવાનમાં) વિશ્વાસ થતો નથી, એવો અર્થ છે.

**ગુપ્તાનન્દા યતો જીવા નિરાનન્દં જગદ્ યતઃ ।।**
**પૂર્ણાનન્દો હરિસ્તસ્માદ્ જીવૈઃ સેવ્યઃ સુખાર્થિભિઃ ।।૭।।**

જીવો ગુપ્ત આનંદવાળા છે, જગત્ આનંદ વિનાનું છે, તેથી સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા જીવોએ પૂર્ણ આનંદવાળા હરિની સેવા કરવી કા.૭.

'અમીષુ' આ 'સ્વકૃતપુરેષુ' પોતે બનાવેલ પુરો(દેહો)માં 'અખિલ-શક્તિધૃતઃ' સર્વ શક્તિવાળા 'તવ' આપના 'પુરુષં' પુરુષને 'અવહિરન્તરસંવરણં' બહારથી અને અંદરથી સંવરણ (દેહે કરેલ ગુણ દોષ) રહિત 'અશકૃતમ્' અંશથી બનેલો 'વદન્તિ' કહે છે. 'ઇતિ' એવી રીતે 'નૃંગતિં' માણસો (જીવો)ની ગતિનો 'વિવિચ્ય' વિવેક રાખીને 'ભુવિ' ભૂતલ પર 'વિશ્વસિતાઃ' વિશ્વાસ રાખનારા 'કવયઃ' કવિઓ 'ભવતઃ' આપના 'અભવમ્' ભવ મટાડનાર 'નિગમાવપનં' વેદો જેનું પ્રતિપાદન કરે છે તેવા 'અઙ્ઘ્રિમ્' ચરણની 'ઉપાસતે' ઉપાસના કરે છે. ૭.

એવી રીતે (ભગવાન્ કાર્યોમાં) પ્રવેશ કરે છે એમ જણાવનારી શ્રુતિના વિષયના વિચારથી જીવોનું સ્વરૂપ જણાવી. તેઓને આનંદ પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય ત્યારે તેમણે ભગવાનની જ સેવા કરવી જોઈએ એવો નિશ્ચય કરી, (જીવોએ આનંદ પ્રાપ્ત કરવા ભગવાનની જ સેવા કરવી જોઈએ એ નિર્ણય) અસંભવિત છે. અથવા ઉલટો વિચાર છે એવો મત ખોટો ઠરાવવા, અને (૧) ભગવાનમાં પણ કોઈ સમયે આનંદ ન હોય અથવા (૨) ભગવાન્ (એવા) કોણ જે આનંદથી ભરપૂર હોય એવા બે સંદેહો થાય તેનું નિવારણ કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**દુરવગમાત્મ-તત્ત્વ-નિગમાય તવાત્ત-તનોઃ-**
**ચરિત-મહામૃતાબ્ધિ-પરિવર્ત-પરિશ્રમણાઃ ॥**
**ન પરિલષન્તિ કેચિદ્ અપવર્ગમ્ અપીશ્વર તે**
**ચરણ-સરોજ-હંસ-કુલ-સઙ્ગ-વિસૃષ્ટ-ગૃહાઃ ॥૮॥**

૧.ભગવાનમાં આનંદ છે કે નહિ એવી શંકા પણ ન કરવી જોઈએ, તેમ જ ૨.ભગવાન્ કોણ ? તેવી પણ શંકા ન કરવી જોઈએ, તેમ જ ૩.ભગવાનનો જીવની પેઠે જન્મ થતો હોવાથી કોઈ સમયે તેમના આનંદનો તિરોભાવ થાય એવી પણ શંકા ન કરવી જોઈએ; કારણ કે અવતાર લીધેલા શ્રીકૃષ્ણનાં[1] માત્ર ચરિત્રનું શ્રવણ થતાં એવો આનંદ થાય છે કે જેને લીધે, વિચાર કરનારાઓ ઘણો જ આનંદ પ્રાપ્ત કરાવનારા મોક્ષની પણ 'ન પરિલષન્તિ' કોઈ પણ સમયે ઇચ્છા કરતા નથી. 'જેમણે આપના ચરણકમલનો જ આશ્રય કરનારા હંસોના સમૂહના સંગ માટે ઘરને તજ્યાં છે તેવા' વિશેષણથી આ (ઉપર કહેલા અર્થ)ને[2] પણ જણાવનારું

૧. ગયા અધ્યાયમાં ૨૧મા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણે આત્માના તત્ત્વનું જ્ઞાન થાય તે માટે અવતાર લીધેલો છે એવા અભિપ્રાયથી આ કહે છે. (લે)

૨. 'આને' એટલે 'તેઓને મોક્ષની પણ ઇચ્છા નથી એ વિષયને'. 'અપિ' 'પણ' શબ્દથી એમ

બીજું ચિહ્ન છે એમ કહે છે; કારણ કે ઘરમાં ઘણું સુખ હોય છે. તે (સુખ) પ્રાપ્ત થએલું અને હયાત છે તેને પણ તજે છે. ભગવાનમાં આનંદ છે એ વિષયમાં જો એક હજારમા ભાગનો પણ સંદેહ હોય તો હયાત સુખ કોણ તજે? તેથી ભગવાનમાં આનંદ છે એ વિષયમાં કોઈ પ્રકારનો સંદેહ ન કરવો એવો અર્થ છે.

ભગવાનનો અવતાર પણ સર્વને જ્ઞાન થાય તે માટે થાય છે એમ ઉલટું પ્રયોજન હોવાનું કહેતા[3], જેમનો વ્યવહાર થાય છે તે (શ્રીકૃષ્ણ) પણ આનંદથી ભરપૂર છે એમ સિદ્ધ કરે છે કે આત્મા જે 'દુરવગમઃ' કોઈથી પણ જાણી ન શકાય તેવો છે. જે ચક્ષુવાળો હોવા છતાં જૂએ નહિ, તેના સંબંધમાં (તેને જ્ઞાન કરાવવાનો) ઉપાય કઠણ છે. જે પોતાને જ જાણતો નથી, તેને કોણ જ્ઞાન આપે ? પોતાનો આત્મા હોવા છતાં પણ[4] (તેનું) જ્ઞાન થતું નથી. આમ હોવાથી[5], 'આત્મા કેવો છે ?' એમ સંદેહ થાય છે (રહે છે). 'તેનું વસ્તુતઃ સ્વરૂપ કેવું છે ?' એમ તેનું તત્ત્વ પણ જાણી ન શકાય તેવું છે. આવા (જાણી ન શકાય તેવા આત્મા)નું જ્ઞાન જો લોકમાં જણાએલું હોત, તો આટલા સમયમાં બધાનો મોક્ષ થયો હોત. તેથી આત્માના તત્ત્વનું જ્ઞાન કરાવે તેવું કાંઈ પણ સાધન લોકમાં જણાએલું નથી, તેથી ભગવાનનો આવિર્ભાવ થયો છે. 'નિતરાં' સારી રીતે 'ગમઃ' જ્ઞાન (તે 'નિગમઃ') દેહ ધારણ કરવો તે અજ્ઞાનનું પરિણામ છે. ભગવાનનું આ અદ્‌ભુત ચરિત્ર છે કે અજ્ઞાનનાં પરિણામ જેવા (દેહ)ને ધારણ કરતાં એટલે પ્રકટ કરતાં બધાને જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. તેથી અદ્‌ભુત કર્મવાળા ભગવાનનું ચરિત્ર જ મોટો અમૃતનો સાગર છે. 'મોટો' એટલે 'લોકમાં પ્રસિદ્ધ સમુદ્ર કરતાં પણ મોટો', કારણ કે આ (લોકમાં પ્રસિદ્ધ) સમુદ્ર ઘણા પ્રયાસે સૂકવી નખાય, પી જવાય, બંધાય અથવા ઓળંગાય, પરંતુ તે (ભગવાનના ચરિત્રરૂપી અમૃતનો સાગર) તો કોઈથી પણ એમ કરી શકાય તેવો નથી. સમુદ્રપણું અને અમૃતપણું તો સિદ્ધ કરેલું જ[6] છે. તેમાં ફર્યા કરવું તે 'પરિવર્તઃ' એટલે તેને ઘણા પ્રકારે ડોળવો તે. તે માટે સર્વ તરફથી શ્રમ

---

જણાવ્યું છે કે આ વિષયમાં તેમને સંદેહ પણ નથી. ઘરનો ત્યાગ જણાવે છે કે તેમને સંદેહ નથી. હંસોના સમૂહનો સંગ જણાવે છે કે તેમને મોક્ષની પણ ઇચ્છા નથી. (લે)

૩. (સર્વને આત્માનું) જ્ઞાન થાય તે માટે અજ્ઞાનનાં પરિણામરૂપ દેહ ભગવાન્ ધારણ કરે છે એમ ઉલટાપણું કહેતાં, જે ભગવાનનો વ્યવહાર થાય છે અને જે આનંદ વિનાના જણાય છે, તે આનંદથી ભરપૂર છે અને અમૃતરૂપી ચરિત્ર કરે છે એમ સિદ્ધ કરે છે, એવો અર્થ છે. (લે)

૪. જો કે પોતાનો આત્મા છે, તો પણ તેનું જ્ઞાન થતું નથી, એવો અર્થ છે. (લે)

૫. 'આમ હોવાથી' એટલે 'જ્ઞાન થતું નથી તેથી'. (લે)

૬. પાછળ શ્લોક ૧૬ ઉપરના શ્રીસુબોધિનીમાં સિદ્ધ કરેલું છે.

છે જેમનો[૭], તેવા (મોક્ષને પણ ઈચ્છતા નથી). તેવાં ચરિત્રને ડોળી નાખવાનું (તેનો વિચાર કરવાનું) જેઓનું સામર્થ્ય છે તેઓ મહારસના પાનથી મદવાળા થયા હોય તેમ પોતાની મેળે પ્રાપ્ત થએલા અથવા કોઈથી અપાતા મોક્ષને પણ લેતા નથી (લે નહિ) એમાં શું કહેવું ? ઘણા પ્રકારે લોભાવનારા પદાર્થ માટે પણ તેમની ઈચ્છા પણ થતી નથી[૮], એવો અર્થ છે. 'હે ઈશ્વર!' એ સંબોધનથી એમ સૂચવ્યું છે કે આપથી અપાતા મોક્ષને પણ તેઓ લેતા નથી. 'ભગવાનનું ચરિત્ર અને મોક્ષ બંનેમાં પણ પરમાનંદ સરખો છે અને કથારૂપી સમુદ્રમાં અવગાહન (કથાનો વિચાર કર્યા કરવા)નો ક્લેશ વધારે છે. તેથી મોક્ષની તેઓ એ પ્રમાણે કેમ ઈચ્છા કરતા નથી?' એવી શંકા થાય, તેથી 'આપના ચરણ (કમલનો જ આશ્રય કરનારા હંસોના સમૂહના સંગ માટે ઘરને તજ્યાં છે તેવા)' શબ્દો યોજેલા છે. જેમ લોકમાં એકલો પુરુષ જે પ્રકારે રસનો અનુભવ કરે છે તે કરતાં બધા યોગ્ય પુરુષો સાથે રસનો અનુભવ કરવામાં આવે તે વધારે સુખ આપનારો થાય છે, તેમ પરમાનંદ પણ (યોગ્ય પુરુષો સાથે અનુભવ કરવાથી વધારે સુખ આપનારો થાય છે). આપના ચરણરૂપી કમલનો જ જેમને આશ્રય છે તે હંસો છે. તેઓનાં 'કુલં' એટલે સમૂહ. તેઓના સંગ માટે તજેલું છે પોતાનું ઘર જેમણે તેવા મોક્ષને પણ ઈચ્છતા નથી. તેઓ (હંસો)ની સાથે પરમાનંદનો ઘણા પ્રકારે ભોગ કરવાનો છે એવા પ્રયોજનથી (મોક્ષને પણ ઈચ્છતા નથી) એમ મોક્ષ કરતાં પણ ભગવાનની કથાના શ્રવણનો રસ અધિક જણાવેલો છે. ઘર (એ પ્રમાણે કથાનાં શ્રવણમાં) વિઘ્ન કરનારું હોવાથી, અને ત્યાં રહેવામાં ભગવાનના સેવકોની સંમતિ નહિ હોવાથી તેનો ત્યાગ કરે છે.

**કૃષ્ણે હરૌ ભગવતિ પરમાનન્દસાગરઃ ।।**
**વર્તતે નાત્ર સંદેહઃ કથા તત્ર નિયામિકા ।।૮।।**

ભગવાન્ હરિ શ્રીકૃષ્ણમાં પરમાનંદનો સાગર છે. આ (વિષય)માં સંદેહ નથી. કથા તે જણાવનારી છે[૯]. કા.૮.

'દુરવગમાત્મતત્ત્વનિગમાય' ન જાણી શકાય તેવા આત્મતત્ત્વનું સારી

૭. જેઓએ તે (કથારૂપી અમૃતના સમુદ્ર)માં અવગાહન કરવા માટે સાધનનો આશ્રય કરેલો છે, એટલે જેઓએ સાધનો કરવાના શ્રમથી ચરિત્રરૂપી સમુદ્રનું અવગાહન ફલ તરીકે પ્રાપ્ત કરેલું છે તેવા, એવો ભાવ. (લે)

૮. 'પરિલષન્તિ' ક્રિયાપદમાંના 'પરિ' ઉપસર્ગનો આ અર્થ કહેલો છે. (લે)

૯. 'નિયામિકા' એટલે 'જણાવનારી' એવો અર્થ છે. ભગવાનમાં જો પરમાનંદ ન હોય તો તેમની કથામાં પરમાનંદ ન હોત, એવો ભાવ છે. (લે)

રીતે જ્ઞાન આપવા 'આત્તતનોઃ' જેણે અવતાર લીધેલા છે તેવા 'તવ' આપના 'ચરિત-મહામૃતાબ્ધિપરિશ્રમણાઃ' ચરિતરૂપી મોટા અમૃતના સાગરને ડોળવામાં પરિશ્રમ કરનારા, (જેમણે) 'તે' આપના 'ચરણસરોજહંસકુલસંગવિસૃષ્ટગૃહાઃ' ચરણકમલ નો જ આશ્રય કરનારા હંસોના સમૂહના સંગ માટે ઘરને તજ્યાં છે તેવા 'કેચિત્' કેટલાક, 'ઈશ્વર' હે ઈશ્વર !, 'અપવર્ગમ્' મોક્ષને 'અપિ' પણ 'ન પરિલષન્તિ' ઇચ્છતા નથી. ૮.

એ પ્રમાણે પરમાનંદ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓએ ભગવાનની જ સેવા કરવી જોઈએ એમ જણાવીને, ભગવાનની સેવા થઈ શકે તે માટે નીચેના શ્લોકમાં ખાસ કરીને (સેવા)માં વિઘ્ન કરનારનું[1] નિરૂપણ કરે છેઃ

**ત્વદનુપથં કુલાયમિદમાત્મસુહૃત્પ્રિયવચ્**
**ચરતિ તથોન્મુખે ત્વયિ હિતે પ્રિય આત્મનિ ચ ।।**
**ન બત રમન્ત્યહો અસદુપાસનયાત્મહનો**
**યદનુશયા ભ્રમન્ત્યુરુભયે કુશરીરભૃતઃ ।।૯।।**

પોતે જે ઈચ્છેલું હોય[2] તે જ વિઘ્ન કરનારું થાય છે, બીજાં (વિઘ્ન કરનારાં) થતાં નથી, એમ કહેવા, બીજાં વિઘ્ન કરનાર થતાં નથી એમ સિદ્ધ કરે છે. તે પૈકી પ્રથમ શરીર વિઘ્ન કરનારું થતું નથી એમ સિદ્ધ કરે છે; કારણ કે શરીર (તેમાં રહેલા) સર્વ દોષોને લીધે દુષ્ટ, શક્તિરહિત અને આળસવાળું છે. તેથી આ (શરીર) ભગવાનના ભજનમાં વિઘ્ન કરનારું હશે એવી શંકાનો નિરાસ કરે છે. (આ શરીર) સર્વ ઈન્દ્રિયોવાળું અને બલ, વિવેક વિગેરે (ગુણો)વાળું આપને 'અનુપથં' અનુકૂલ સેવકરૂપ છે, કારણ કે ઈન્દ્રિયોવાળું હોવું એ જ (સેવાના) અધિકારીનો ગુણ છે[3]. તેવા (શરીર)માં જો અહંતામમતા દૃઢ હોય તો તે (અહંતામમતા)ને લીધે (પુરુષ તેને) ભગવાનને માટે રોકાએલું ન કરે (સેવામાં ન લગાડે), તેથી તે (સેવામાં રોકાએલું રાખે તે) માટે 'કુલાયમ્' શબ્દ યોજેલો છે. 'કુલાયઃ' એટલે પક્ષીનો માળો. પાંખો આવે ત્યારે તે (પક્ષી)ઓ તેમાં રહેતા નથી. શરીર, પુત્ર વિગેરેથી જૂદું છે. જેઓએ પોતાના શરીરને તેવું (પુત્ર વિગેરેથી જૂદું) જાણેલું છે, 'આ માત્ર (આત્માના) ઘરરૂપ છે, અને તે પણ વિવેક વગરનાઓને

૧. 'સેવામાં વિઘ્ન કરનાર' એટલે 'અસત્સંગ', એવો અર્થ છે. વિઘ્ન કરનારનું જ્ઞાન થાય, એટલે તેમનાથી સાવધ રહે એવો ભાવ છે. (લે)
૨. 'જે પોતે ઈચ્છેલું હોય' એટલે 'અસત્સંગ' એવો અર્થ છે. (લે)
૩. ઈન્દ્રિયોવાળો હોય તે જ ભગવાનની સેવા કરી શકે છે, એવો અર્થ છે.
૪. સ્ત્રીનો અથવા સેવકનો દેહ તેમના ધણીને અધીન હોવા છતાં તે ધણીને તેનો પોતાનો દેહ

જ હિતકારી (લાગે છે), ઈન્દ્રિયો વિગેરેથી પણ જૂદું છે અને વિવેક પ્રાપ્ત થાય ત્યારે તજવા યોગ્ય છે' એમ જેઓએ જાણેલું છે (તેઓનું શરીર આપને અનુકૂલ છે). તેમાં પણ જો સ્ત્રીનું શરીર હોય[૪], અથવા સેવકનું શરીર હોય, અથવા ઉલટા સ્વભાવને[૫] લીધે દ્વેષ કરનારનું[૬] શરીર હોય તો કાર્ય (સેવા) થાય નહિ, તેથી 'આત્મસુહૃત્પ્રિયવચ્ચરતિ' શબ્દો યોજેલા છે. 'આત્માની પેઠે, મિત્રની પેઠે અને પ્રિયની પેઠે વર્તે છે' એવો (તેનો અર્થ છે). (૧) આત્મા પોતાને અધીન હોય છે. તેથી (આ શરીર) સ્ત્રીના શરીર જેવું અથવા સેવકના શરીર જેવું નથી એમ કહેલું છે. તે (સ્ત્રી અથવા સેવકનું શરીર) તો બીજાને[૭] અધીન હોય છે. છતાં પણ (૨) જો ધર્મના કાર્યમાં સહનશીલ એટલે શક્તિવાળું ન હોય તો પણ કાર્ય (ભગવાનની સેવા) થાય નહિ. તેથી તે (ધર્મકાર્યમાં સહનશીલ હોવા) માટે 'સુહૃદ્વત્' 'મિત્ર પેઠે' શબ્દ યોજેલ છે; કારણ કે મિત્ર પોતાનું હિત જ કરે છે. તે પ્રમાણે આ (શરીર) પણ ધર્મનાં કાર્ય વિગેરે (કરવા) શક્તિવાળું છે. વળી (૩) જેમ પ્રિય (પુરુષ) ઉપર આપણો સ્નેહ હોય છે તેમ (આ શરીર) સ્નેહ (કરવા) યોગ્ય છે, પરંતુ ઘણાં પાપવાળાની પેઠે દ્વેષ કરવા યોગ્ય નથી, ચાંડાલ વિગેરે ના શરીર પેઠે મનને પીડા ઉત્પન્ન કરનારું નથી. એ પ્રમાણે શરીર (ભગવાનની સેવામાં) વિઘ્ન કરનારું નથી એમ સિદ્ધ કર્યું.

'કોઈ સમયે ભજન કરવા યોગ્ય ભગવાન્ (સેવામાં) વિઘ્ન કરે તે સમયે શી સ્થિતિ થાય?' એવી શંકા થાય, તેથી 'તેમ જ હિત કરનાર પ્રિય અને આત્મા આપ ઉન્મુખ (છો)' શબ્દો યોજેલા છે. ભગવાન્ પણ પોતાની સેવા કરે તે માટે બ્રાહ્મણ વિગેરેનું શરીર ઉત્પન્ન કરી, '(આ) મારી સેવા ક્યારે કરશે?' એમ ઉત્કંઠાવાળા (સેવા માટે અનુકૂલ) રહે છે. વળી (ભગવાન્) હિત કરનારા છે. જ્યારે પ્રમાદને લીધે તે (સેવા કરનારા) દેહનો ઘાત કરનારું કાંઈ બને છે, ત્યારે (ભગવાન્) પાલન કરે છે. આ મિત્રનું કાર્ય છે. વળી ભગવાન્ પ્રિય એટલે જેમના ઉપર પ્રેમ છે તેવા છે. જે પ્રિય હોય તેનું કાર્ય કરતાં કોઈને ખેદ થતો નથી વળી ભગવાન્ આ (સેવા કરનાર) દેહના આત્મા છે, (અને) સર્વને આત્માની જરુર હોય છે એવી રીતે (ભગવાન્ અનુકૂલ છે).

---

જેવો અધીન હોય તેવા અધીન નથી એવો અર્થ છે. (લે)

૫. એક જાતના સ્વભાવથી મિત્ર થવાય. આ ઉલટા સ્વભાવને લીધે ધર્મ કાર્યથી વિમુખ થાય, એવો અર્થ છે. (લે)

૬. અપવિત્ર હોવાથી આત્માનો (ભગવાનનો) દ્વેષ કરનારો. (લે)

૭. સ્ત્રીને (અથવા સેવકને) અધીન, એવો અર્થ છે. (લે)

એ પ્રમાણે સેવાનું સાધન શરીર, અને જેમની સેવા કરવાની છે તે (સેવા થાય તે માટે) અનુકૂલ હોવા છતાં, જે પુરુષ સેવા કરતો નથી, તેનું કારણ 'અસત્‌ની ઉપાસનાથી' શબ્દથી કહેલું છે. દુષ્ટોની ઉપાસનાને લીધે, એટલે દુષ્ટોના સંગને લીધે ભજતો નથી, એવો અર્થ છે. 'ઉપાસના' શબ્દથી બહારના દેવતાઓનો સમાવેશ કરેલો છે. તેઓનો પણ સંગ એકવાર પણ થાય તો ભગવદ્‌ભજનનો નાશ થાય છે એમ જણાવેલું છે. 'અસત્સંગ સર્વ પુરુષાર્થનો નાશ કરનાર છે. તેઓ અસત્સંગ કેમ કરે છે?' એવી શંકા થાય, તેથી 'આત્માને હણનારા' વિશેષણ યોજેલું છે. તેઓ પહેલાં કરેલાં પાપને લીધે આત્માને હણનારા થયા છે, એટલે જે (પાપ)ને લઈને તેમને અસત્સંગ થયો છે એવો અર્થ છે. અથવા 'અસતામ્' દુષ્ટ ઈન્દ્રિયોની ઉપાસનાને લીધે ભજન કરતા નથી. 'દુષ્ટ ઈન્દ્રિયોની ઉપાસનાથી શું થા?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'યદનુશયાઃ' જે અસત્સંગની અંદર અનુશય[૮] એટલે વાસનાવાળા તેઓ ઘણા ભયવાળા સંસારમાં દુષ્ટ શરીર પ્રાપ્ત કરી અનેક જન્મોમાં(જન્મો સુધી) પરિભ્રમણ કરે છે, પરંતુ કોઈ પણ સમયે જરા પણ સુખ પ્રાપ્ત કરતા નથી, એવો અર્થ છે.

**અસત્સઙ્ગો ન કર્તવ્યો ભક્તિમાર્ગસ્ય બાધકઃ ।।**
**દેહે હ્યનુગુણે કૃષ્ણે નેન્દ્રિયાણાં પ્રિયં ચરેત્ ।।૯।।**

ભક્તિમાર્ગમાં વિઘ્નરૂપ અસત્સંગ ન કરવો. દેહ અને શ્રીકૃષ્ણ (સેવા માટે) અનુકૂલ હોય ત્યારે ઈન્દ્રિયોનું પ્રિય ન કરવું. કા.૯.

'ઈદં' આ 'કુલાયમ્' દેહ(માળો) 'ત્વદનુપથમ્' આપને અનુગુણ છે અને 'આત્મસુહૃત્પ્રિયવત્' આત્મ પેઠે, મિત્ર પેઠે, પ્રિય પેઠે 'ચરતિ' વર્તે છે. 'તથા' તેમ જ 'હિતે' હિત કરનાર 'પ્રિયે' પ્રિય 'આત્મનિ ચ' અને આત્મા 'ત્વયિ' આપ 'ઉન્મુખે' ઉન્મુખ અનુકૂલ છો, છતાં 'અહો!' અહા! 'બત' ખેદની વાત છે કે 'આત્મહનઃ' આત્માને હણનારા 'અસદુપાસનયા' અસત્‌ની ઉપાસનાથી 'ન રમન્તિ' રમણ કરતા નથી અને 'યદનુશયાઃ' તેના (અસત્સંગના) અનુશયવાળા હોઈ 'કુશરીભૃતઃ' દુષ્ટ શરીરોને ધારણ કરતા 'ઉરુભરે' બહુ ભયવાળા સંસારમાં 'ભ્રમન્તિ' ભ્રમણ કરે છે. ૯.

એ પ્રમાણે જીવોએ ભગવાનનું ભજન જ અવશ્ય કરવું જોઈએ એમ જણાવી, તે વિષયમાં 'કયા પ્રકારે ભગવાનનું ભજન કરવું જોઈએ ?' એમ વધારે જાણવાની ઈચ્છા થાય, તેનો નિર્ણય કરવા નીચેનો શ્લોક કહે છેઃ

---

૮. 'અનુશયવાળા' એટલે સ્થિતિવાળા. અસત્સંગમાં જ રહેનારા, એવો અર્થ છે. (લે) વૃંદાવનપ્રેસવાળી પ્રતમાં 'વાસનાવાળા' એવો તેનો અર્થ શ્રીસુબોધિનીમાં જ છે.

**નિભૃતમરુન્મનોઽક્ષદઢયોગયુજો હૃદિ યન્**
**મુનય ઉપાસતે તદરયોઽપિ યયુઃ સ્મરણાત્ ।।**
**સ્ત્રિય ઉરગેન્દ્રભોગભુજદણ્ડવિષક્તધિયો**
**વયમપિ તે સમાઃ સમદશોઽઙ્ઘ્રિસરોજસુધાઃ ।।૧૦।।**

'તેથી કોઈપણ ઉપાયથી શ્રીકૃષ્ણમાં મન પરોવવું' (ભાગ૭।૧।૩૧) એ વાક્ય પ્રમાણે ભગવાનના ચરણમાં આસક્તિ જ જરુરની છે, પરંતુ કોઈ અમુક પ્રકાર જરુરનો નથી એમ કહેવા, (જણાવે છે કે) જેઓ મર્યાદામાર્ગ પ્રમાણે, અથવા (વેદમાં) મના કરેલ માર્ગ પ્રમાણે, અથવા પુષ્ટિમાર્ગ પ્રમાણે અથવા પ્રવૃત્તિ કરાવનારના માર્ગ પ્રમાણે ભગવાનની ઉપાસના કરે છે, તે બધામાં જરુરી સામાન્ય ધર્મગુણ[1] હયાત હોવાથી, ભગવાનના વિચાર પ્રમાણે તે બધા સરખા છે. તે પૈકી (૧) વેદમાં કહેલા (મર્યાદા) માર્ગ પ્રમાણે જે સેવા કરે છે, તેઓને પહેલા જણાવે છે. 'નિતરાં' સારી રીતે 'ભૃતઃ' ધારણ કરેલ (ક) 'મરુદ્' વાયુ (ખ) 'મનઃ' મન અને (ગ) 'અક્ષાણિ' ઈન્દ્રિયો. એ પ્રમાણે (ક) પ્રાણાયામ (ખ) પ્રત્યાહાર અને (ગ) ધ્યાન[2] કહ્યાં. એવી રીતે ત્રણ (સાધનો)થી જેઓ 'દઢયોગયુજઃ' સદા યોગથી ભગવાન્(ના જે સ્વરૂપ)નું ચિંતન કરે છે, મનથી કરેલી પૂજા વિગેરેથી હૃદયમાં ભગવાનની ઉપાસના કરે છે, એટલે ભગવાનમાં મનને દઢ રાખે છે, તે જ ભગવાનના સ્વરૂપને (૨) તેમના શત્રુઓએ પણ સ્મરણથી પ્રાપ્ત કરેલું છે. જેની અંદર મન સંપૂર્ણ રીતે પ્રવેશ કરે તે જ પ્રાપ્ત કરે છે, તેથી વેદમાં કહેલા અને તેમાં મના કરેલા (માર્ગો)નું પરિણામ સરખું જ કહેલું છે. આથી એમ સૂચવેલું છે કે ભગવાનમાં પ્રમેયબલ જ મુખ્ય છે, પ્રમાણબલ (મુખ્ય) નથી.

(વેદમાં કહેલા મર્યાદા માર્ગ પ્રમાણે અને મના કરેલા માર્ગ પ્રમાણે ચિંતન કરનારા) આ બંને અંતર્મુખ છે તેથી (૩) 'શેષની (કાયા જેવા ભુજદંડમાં આસક્ત બુદ્ધિવાળી સ્ત્રીઓ)' શબ્દથી બહિર્મુખોને પણ જણાવે છે. 'ઉરગેન્દ્રસ્ય' શેષની 'ભોગ ઈવ' કાયાના જેવા જે બે (ભગવાનના) બાહુઓ, તેમની અંદર આસક્ત થએલી છે બુદ્ધિ જેમની, તેવી ગોપીઓ ઘણી બહિર્મુખ છે અને (૪) અમે શ્રુતિઓ અંતર્મુખ અને સર્વે આદર કરવા યોગ્ય છીએ. એ પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓ બધાએ ('તે') આપને સરખા છે; કારણ કે ભગવાન્ સમાન દષ્ટિવાળા છે, બધાએ પોતાના (ચિંતન કરનારાઓ)ને સરખા ગણે છે. તેઓ (ચારે પ્રકારના

૧. ભગવાનના ચરણકમલને સારી રીતે ધારણ કરવું તે સામાન્ય ગુણ નીચે જણાવેલ છે. (લે)
૨. પ્રાણાયામ, પ્રત્યાહાર અને ધ્યાન યોગના આઠ અંગો પૈકીના અનુક્રમે ચોથા, પાંચમા અને સાતમા અંગો છે.

ચિંતન કરનારાઓ)નો સામાન્ય ગુણ 'ચરણકમલને સારી રીતે ધારણ કરનારા છે[3]' એમ કહે છે. (૧) મુનિઓ (ભગવાનના) ચરણને ધારણ કરે છે એ સ્પષ્ટ છે. (૨)'(ભગવાન્ અમને) હણવા માટે પધારે છે' એવા વિચાર થતાં, દ્વેષીઓને તો ચરણનું દર્શન જ દઢ થાય છે, કારણ કે તેમને તો (ભગવાનના) પધારવાનો જ વિચાર કરવાનો હોય છે. (૩)(ભગવાનના) સમાગમની ઈચ્છા રાખનારી ગોપીઓને પણ તેવી જ રીતે (ભગવાન્ પધારે છે એવા વિચારથી ચરણારવિંદનાં દર્શન જ દઢ થાય છે). અને (૪) 'સર્વે વેદો જેમના ચરણનું ધ્યાન કરે છે' વાક્ય પ્રમાણે અમે શ્રુતિઓ (ભગવાનના ચરણનું ધ્યાન કરીએ છીએ).

**સર્વએવ હરેર્ભક્તાઃ તુલ્યા યાન્ મન્યતે હરિઃ ।।**
**અતઃ કૃષ્ણો યથાત્મીયાન્ મન્યતે ભજનં તથા ।।૧૦।।**

જેમને હરિ પોતાના માને છે તે બધાએ હરિના ભક્તો સરખા છે. તેથી જેમ શ્રીકૃષ્ણ પોતાના માને તેવી રીતે ભજન કરવું. કા.૧૦.

'નિભૃતમરુન્મનોઽક્ષદઢયોગયુજો' સારી રીતે ધારણ કરેલ વાયુ, મન અને ઈન્દ્રિયોથી દઢ યોગ કરનારા 'મુનયઃ' મુનિઓ 'હૃદિ' હૃદયમાં 'યત્' જેની 'ઉપાસતે' ઉપાસના કરે છે 'તત્' તે આપનું ચરણ 'અરયઃ' શત્રુઓને 'અપિ' પણ 'સ્મરણાત્' સ્મરણથી 'યયુઃ' પ્રાપ્ત કરેલ છે. 'ઉરગેન્દ્ર-ભોગ-ભુજ- દણ્ડ-વિષક્ત-ધિયઃ' શેષની કાયા જેવા આપના ભુજદંડમાં આસક્ત બુદ્ધિવાળી 'સ્ત્રિયઃ' સ્ત્રીઓ અને 'વયમપિ' અમે પણ 'અમદશઃ' સમાનદષ્ટિવાળા 'તે' આપને 'સમાઃ' સમાન છીએ, કારણ કે 'અઙ્ઘ્રિસરોજસુધાઃ' આપના ચરણકમલને સારી રીતે ધારણ કરનારા છીએ. ૧૦.

એ પ્રમાણે ભક્તોનું સમાનપણું જણાવ્યું. તેમાં (સર્વ ભક્તો સમાન ગણવામાં) શાસ્ત્રનો વિરોધ હશે, એવી શંકા કરી, નીચેના શ્લોકમાં તે દૂર કરે છેઃ

**ક ઈહ નુ વેદ બતાવરજન્મલયોઽગ્રસરં યત ઉદગાદૃષિર્યમનુ દેવગણા ઉભયે ।।**
**તર્હિ ન સન્ન ચાસદુભયં ન ચ કાલજવઃ કિમપિ ન તત્ર શાસ્ત્રમવકૃષ્ય શયીત યદા।।૧૧।।**

'' 'તેથી જ્ઞાની મને સર્વથી વધારે પ્રિય છે. તે જ્ઞાનથી મને ધારણ કરે છે'. (ભાગ.પુરા.૧૧।૧૯।૩), 'ચાર પ્રકારના પુરુષો મારી ભક્તિ કરે છે' વાક્યથી આરંભી 'તેઓ પૈકી નિત્ય યોગવાળો અને એકમાં જ ભક્તિવાળો જ્ઞાની ઉત્તમ છે' (ભગ.ગીતા ૭।૧૬।૧૭) સુધીના વાક્યથી એ પ્રમાણે જ્ઞાનીની પ્રશંસા જણાવેલી હોવાથી, ૧.મુનિઓ ૨.સ્ત્રીઓ ૩.શત્રુઓ અને ૪.શ્રુતિઓ સરખાં કેમ હોઈ

૩. 'ધારયન્તિ' 'ધારણ કરે છે' શબ્દથી 'ધા' ધાતુનો અર્થ કહેલો છે સમાસ છોડવામાં તો 'સુષ્ઠુ દધતિ' લેવાનું છે એમ જાણવું. (લે)

શકે[1]'' એવી શંકા થાય, તેથી આ શ્લોક કહેલો છે. 'હું (ભગવાનને) જાણું છું' એમ જે માને છે તેની બુદ્ધિ લક્ષમાં લઈને જ્ઞાનની પ્રશંસા કરેલી છે, પરંતુ વાસ્તવિક રીતે કોઈપણ (ભગવાનને) જાણતો નથી. તેનું કારણ (જે), 'ઈહ' આ સંસારમાં ભગવાનને કોણ જાણે ? કારણ કે અમે પણ જાણતાં નથી. તેથી જ શ્રુતિ કહે છે કે 'જેણે વિચારેલ નથી તેણે વિચારેલ છે. જેણે વિચારેલ છે તે જાણતો નથી' (કેન ઉપ.૧૧) 'પ્રમાણ (જાણવાનાં સાધન વેદ વિગેરે) હયાત છે, તેથી કેમ ન જ્ઞાન થાય?' એવી શંકા થાય, તેથી 'પુરાતન' શબ્દ યોજેલો છે. (બ્રહ્મ) સર્વ પ્રમાણોની પહેલાં જ હતું, અને જાણનાર (જે જ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છે છે તે) 'પાછળથી જન્મેલો અને લય પામેલો છે' એટલે વચમાં જ ઉત્પન્ન થઈ, જતો રહેલ છે. ભગવાન્ પહેલાં જ[2] સૃષ્ટિને ઉત્પન્ન કરીને તિરોહિત થયા. વચમાં સૃષ્ટિમાં જીવો ઉત્પન્ન થયા[3] અને થાકી ગયા[4]. પછી[5] પ્રલય કરવા ભગવાન્ પધારશે[5]. જો આ (જીવ) પ્રથમથી જ રહેલો હોત[6], અથવા પ્રલય સુધી રહે[7] તો **'ન તં વિદાથ ય ઈમા જજાનાન્યદ્યુષ્માકમન્તરં બભૂવ'** 'જેમણે આ ઉત્પન્ન કર્યું તેમને તમે જાણતા નથી, કારણ કે (તે) તમારાથી જૂદા પ્રકારના છે' એ (તૈત્તિ.સંહિ.૪।૬।૨૨) શ્રુતિ પ્રમાણે તે સમયે સૃષ્ટિનો પડદો નહિ હોવાથી[8] ભગવાનને જાણે. તેથી[9] સૃષ્ટિ પડદારૂપ

---

૧. ભગવાનના સર્વ ખાસ ગુણોનું જ્ઞાન કોઈને પણ થતું નથી. જરા તરા જ્ઞાન તો મુનિ વિગેરે ચારે ચિંતન કરનારાઓને થાય છે. તેથી તે બધા સરખા છે, એવું (આ શંકાનું) સમાધાન થશે એમ જાણવું. (લે)

૨. 'પહેલાં જ' એટલે 'સૃષ્ટિ ઉત્પન્ન કરીને, સર્જેલા પ્રાણીઓને પ્રમાણનો સંબંધ થાય તે પહેલાં જ' એવો અર્થ છે. (લે)

૩. 'ઉત્પન્ન થયાં' એટલે 'દેહનો સંબંધ થવાથી પ્રમાણ (જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધન) સાથે સંબંધમાં આવ્યા' એવો અર્થ છે. (લે)

૪. 'થાકી ગયા' એટલે 'પ્રમાણ સાથેના સંબંધ વગરના થયા'. (લે)

૫-૫. પ્રમાણ સાથેના સંબંધ વગરના થયા પછી, તેઓનો પોતાની અંદર સારી પેઠે લય થાય તે માટે ભગવાનનો આવિર્ભાવ થશે, એવો અર્થ છે. (લે)

૬. આ વાક્યથી શ્લોકના પૂર્વાધનો અર્થ કહ્યો. 'રહેલો હોત' એટલે 'દેહના સંબંધને લીધે પ્રમાણ સાથે સંબંધવાળો હોત' એવો અર્થ છે. (લે)

૭. આ વાક્યોથી શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ કહ્યો. પ્રલય પછી જાણનાર કોઈ નહિ રહેવાનું કહ્યું તેથી પણ પ્રલયને લીધે કોઈને (ભગવાનનું) જ્ઞાન થતું નથી, એવો અર્થ છે. (લે)

૮. સૃષ્ટિ બ્રહ્મરૂપ છે તેથી (પ્રલયમાં) કારણરૂપે રહે છે, પરંતુ તે સમયે તે પડદારૂપ (ભગવાનને ઢાંકી દેનારી) હોતી નથી, એવો અર્થ છે. (લે)

૯. 'તેથી' એટલે સૃષ્ટિની ઉત્પત્તિથી ભગવાનનો તિરોભાવ થાય છે એટલે સૃષ્ટિ પડદારૂપ

હોવાથી, સૃષ્ટિમાં ઉત્પન્ન થએલો કોઈપણ ભગવાનને જાણી શકતો નથી.

શ્લોકના બીજા ચરણનો અર્થ (કરીએ છીએ). 'યતઃ' (જેમાંથી એટલે) આપમાંથી ઋષિ એટલે બ્રહ્મા ઉત્પન્ન થયા. તે બ્રહ્માની પછી આધ્યાત્મિક અને આધિદૈવિક બંને પ્રકારના દેવોના સમૂહો ઉત્પન્ન થયા. 'પ્રલય પછી (સૃષ્ટિનો) પડદો રહેતો નહિ હોવાથી (ભગવાન્) કેમ ન જણાય?[10]' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. જ્યારે ભગવાન્ બધુંએ આકર્ષી લઈને શયન કરે છે ત્યારે જ્ઞાનની સામગ્રી જરા પણ હોતી નથી. પહેલાં તો સત્ હોતું નથી, અથવા 'સન્' એટલે જ્ઞાન પ્રાપ્ત કરનાર (હોતો નથી). અસત્ એટલે જ્ઞાન કરાવનાર ઈન્દ્રિય વિગેરે, અથવા (જ્ઞાનનું) કારણ થએલ કાર્ય હોતું નથી. 'ઉભૌ' બંને પાસે 'યાતિ' જાય (સંબંધ કરાવે) તે ઉભય. (તેથી) ઉભય એટલે ઈન્દ્રિયોનો (જેનું જ્ઞાન થવાનું છે તેની સાથે) સંબંધ અથવા ક્રિયા પણ હોતાં નથી. અથવા ઉભય એટલે સદ્રૂપ અને અસદ્રૂપ મન. 'તે સમયે અસત્ ન હતું, સદ્ ન હતું' એ મંત્રના વ્યાખ્યાનમાં (સત્ અને અસત્) ઉભયરૂપ મન (છે એમ) જણાવેલું છે. તે જ પ્રમાણે અગ્નિરહસ્યમાં મનને ઉભયરૂપ કહેલું છે. કેટલાક જગતને ઉભયરૂપ કહે છે. 'મનથી જ જાણવું જોઈએ' (બૃહદા.ઉપ.૪।૪।૧૯) શ્રુતિ પ્રમાણે (જ્ઞાન) કરાવનાર મન જ ન હતું એમ કહેલું છે માત્રા, સ્વર વિગેરે ઉપર અધિકાર ધરાવનાર[11], અથવા જે જ્ઞાન ઉત્પન્ન કરે છે[12] તે સત્ત્વગુણને પ્રેરણા કરનાર કાલનો વેગ પણ હોતો નથી. વેદ, પુરાણ વિગેરે કોઈ પણ શાસ્ત્ર પણ હોતું નથી, કારણ કે (ભગવાન્ પોતાની અંદર) બધાને આકર્ષીને શયન કરે છે. તેથી બધીએ જ્ઞાનની સામગ્રીનો અભાવ હોવાથી (જરા પણ જ્ઞાન સામગ્રી નહિ હોવાથી), કોઈને પણ ભગવાનનું સાક્ષાત્ જ્ઞાન હોતું નથી, એવો અર્થ છે.

કોઈવાર ભગવાનનો સાક્ષાત્કાર થાય તે તો તેટલું જ જણાવનાર હોય છે[13] પરંતુ બધા ભગવાનના ખાસ ગુણો જણાવતો નથી. મર્યાદાવાદી અવતારમાં

---

હોવાથી એટલે ભગવાનનો તિરોભાવ કરાવનારી હોવાથી, એવો અર્થ છે. (લે)

૧૦. નોટ ૭ વાળા વાક્યમાં જે અર્થ કહ્યો તે અહિંથી સ્પષ્ટ કરે છે. (લે)

૧૧. માત્રા, સ્વર વિગેરેનું જ્ઞાન કાલને લીધે થાય છે. તેથી કાલ તેમનું મૂલ હોવાથી, તેમના ઉપર કાલનો અધિકાર છે. (લે)

૧૨. સત્ત્વ જ જ્ઞાન ઉત્પન્ન કરનારો (ગુણ) છે એમ નિબંધમાં સિદ્ધ કરેલું છે. (લે)

૧૩. 'કોઈક ધીરે પ્રત્યગાત્માનાં દર્શન કર્યાં' એમ શ્રુતિ કેમ કહે છે, (ભગવાનનું જ્ઞાન થતું નથી તો પછી શ્રુતિ એમ કેમ કહે ?) એવી શંકા થાય, તેથી આ કહેલ છે. બધા ખાસ ગુણોનું જ્ઞાન થતું નથી, એવો અર્થ છે. (લે)

તો આનંદમય[૧૪] દેહ (હોવાનું) માને છે. આત્માના[૧૫] સાક્ષાત્કારમાં તો ભગવાનના વૈભવનું જ્ઞાન થતું નથી અને તે યોગથી પ્રાપ્ત થએલા ગુણથી થતો હોવાથી સ્વપ્નની પેઠે (તે) વસ્તુઓને પ્રેરણા કરનારી નથી. જાતજાતનો અનુભવ થતો હોવાથી પ્રમાણ કહેવાથી તો સંદેહ વિનાનું જ્ઞાન થતું નથી[૧૬]. તેથી[૧૭] સૃષ્ટિની સ્થિતિમાં, અથવા જરા પણ જ્ઞાનની સામગ્રી નહિ હોવાથી પ્રલયની સ્થિતિમાં, પણ (ભગવાનને) જાણનારો કોઈ પણ નથી. (જ્ઞાનની) પ્રશંસા તો (જ્ઞાન માટે) પ્રવૃત્તિ કરાવનારી છે, હરકોઈ પ્રકારે ચિત્તની શુદ્ધિ થાય તે માટે પ્રવૃત્તિ કરાવે છે, કે જેનાથી શુદ્ધ થઈ ભગવાનનું ભજન કરે, એવો ભાવ છે.

**જ્ઞાનમાર્ગો ભ્રાન્તિમૂલસ્તતઃ કૃષ્ણં ભજેદ્ બુધઃ ।।**
**પ્રવર્તકં જ્ઞાનકાણ્ડં ચિત્તશુદ્ધ્યૈ યતો ભવેત્ ।।૧૧।।**

ભ્રાંતિ જેનું મૂલ છે તેવો[૧૮] જ્ઞાનમાર્ગ છે. તેથી ડાહ્યા પુરુષે શ્રીકૃષ્ણને ભજવા કારણકે ચિત્તની શુદ્ધિ થાય તેમાટે જ્ઞાનકાંડ પ્રવૃત્તિ કરાવનારો છે. કા.૧૧.

'યમ્ અનુ' જેના પછી(જેનાથી, જેમાંથી) 'ઉભયે' બંને પ્રકારના 'દેવગણાઃ' દેવોના સમૂહો (ઉદ્ભવ પામ્યા તે) 'ઋષિઃ' ઋષિ (બ્રહ્મા)નો 'યતઃ' જેમાંથી 'ઉદગાત્' ઉદય થયો તેવા 'અગ્રસરમ્' પુરાતનને 'કઃ' કોણ 'અવરજન્મ-લયઃ' પાછળથી જન્મેલ અને લય પામેલ 'ઈહ' આ જગતમાં 'બત નુ' અરે ! 'વેદ' જાણે (જાણી શકે) ? 'યદા' જ્યારે 'તે' 'અવકૃષ્ય' સર્વ આકર્ષી લઈ 'શયીત' શયન કરે છે 'તર્હિ' ત્યારે 'તત્ર' ત્યાં 'સત્' સત્ 'ન' નથી હોતું 'અસત્ ચ' અસત્ પણ 'ન' નથી હોતું 'ઉભયં' ઉભય 'ન' નથી હોતાં 'કાલજવઃ ચ' અને કાલનો વેગ પણ 'ન' નથી હોતો. 'કિમપિ' કોઈ પણ 'શાસ્ત્રં' શાસ્ત્ર 'ન' નથી હોતું. ૧૧.

એવી રીતે જ્ઞાનકાંડ પણ ભગવાનનું ભજન (કરાવવા)ના પ્રયોજનવાળો

---

૧૪. (અવતારના) સત્ત્વરૂપ દેહને તેમાં પુરુષોત્તમનો આવિર્ભાવ થવાથી આનંદમય માને છે. તેથી સત્ત્વ જ પ્રમાણથી જ્ઞાન થાય તેવું થયું, પરંતુ ભગવાન્ પ્રમાણથી જ્ઞાન થાય તેવા સિદ્ધ થતા નથી, એવો ભાવ છે. આવરણ વિનાનું પ્રાકટ્ય તો ભગવાનની કૃપાથી (પુષ્ટિથી) થાય છે. તેથી 'મર્યાદાવાદી' એમ કહેલું છે. (લે)

૧૫. 'આત્માના' એટલે 'જીવના' (લે)

૧૬. શાસ્ત્રનો વિચાર કરીને (ભગવાન્ સંબંધી) નિર્ણય કરવો જોઈએ, એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'પ્રમાણનો સંવાદ' એટલે 'પ્રમાણ કહેવું તે' એવો અર્થ છે. (લે)

૧૭. 'તેથી' એટલે 'સૃષ્ટિ પડદારૂપ છે તેથી' એવો અર્થ છે. (લે)

૧૮. 'અમે ભગવાનનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરશું' એવી બુદ્ધિથી જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે, (પરંતુ ભગવાનનું કોઈને સંપૂર્ણ જ્ઞાન થતું જ નથી) તેથી એ ભ્રાંતિ છે. તેવું ભ્રાંતિવાળું જ્ઞાન મૂલ છે જેનું તેવો જ્ઞાનમાર્ગ છે. (લે)

છે એમ જણાવીને, જે બીજા વાદીઓને ભગવાનનું ભજન રુચતું નથી અને જેઓ શાસ્ત્રનો ખોટો અર્થ કરે છે તેમના (મતો)ને નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકથી ખોટા ઠરાવે છેઃ

**જનિમસતઃ સતો મૃતિમુતાત્મનિ યે ચ ભિદાં**
**વિપણમૃતં સ્મરન્ત્યુપદિશન્તિ ત આરુપિતૈઃ ।।**
**ત્રિગુણમયઃ પુમાનિતિ ભિદા યદબોધકૃતા**
**ત્વયિ ન તતઃ પરત્ર સ ભવેદવબોધરસે ।।૧૨।।**

તે (ભજનના) વિરોધીઓ બે પ્રકારના છે. (૧) અડધા વૈનાશિક (બૌદ્ધના જેવા નિરીશ્વરવાદી) અને (૨) આખા વૈનાશિક. તે પૈકી પહેલાં અડધા વૈનાશિકોના મતોને ખોટા ઠરાવે છે. તે (અડધા વૈનાશિક) વાદીઓ (ક) નૈયાયિક (ખ) વૈશેષિક (ગ) મીમાંસકો અને (ઘ) સાંખ્યના એક વિભાગવાળા એવા ચાર છે. શ્રુતિઓ જાણે કે મશ્કરી કરતી હોય તેમ તેઓના મત જણાવે છે.

(ક) તે પૈકી નૈયાયિકો અસત્ જ ઘડો વિગેરેનો જન્મ થાય છે એમ કહે છે, એટલે અસત્ ન હતો તેવાનો જ પછી જન્મ થતાં, સત્ થાય છે. આ સંભવતું નથી. સત્તા અને સંબંધ નિત્ય છે[૧] ત્યારે, ઘડો અસત્ કેમ હોય?[૧] કારણ કે સત્પણું અને અસત્પણું (પરસ્પર) વિરુદ્ધ છે. વળી અસત્પણું જાતિ છે, અને ઘડાનો તેમાં સમવાય[૨] છે એમ પણ તેઓ સ્વીકારતા નથી કે જેથી કાલની વ્યવસ્થા વડે ઘડો (સત્પણું અને અસત્પણું) બંને પ્રાપ્ત કરે. તેથી માત્ર (ઘડો) દેખાતો નહિ હોવાથી[૩] (તેને) અસત્ કહેનારા નૈયાયિકો ભ્રાંત જ છે. આમ હોય તો[૪] ભક્તિમાર્ગ

---

૧-૧. સત્ હોવું તે સત્તા. સત્તાનો ઘડા સાથે સંબંધ, અને તે (ઘડાની) સત્તા આ બંને નિત્ય છે. તેથી ઘડો અસત્ ન હોઈ શકે; કારણ કે સત્પણું અને અસત્પણું પરસ્પર વિરુદ્ધ છે, એવો અર્થ જણાય છે.

૨. 'ગોત્વ' 'ગાયપણું' જાતિ છે, અને ગાયો માત્રનો તેની સાથે સમવાય સંબંધ છે. સમવાય સંબંધ એ એક પ્રકારનો નિત્ય સંબંધ છે. તે જ રીતે 'ઘટત્વ' જાતિ છે અને ઘટનો તેની સાથે સમવાય સંબંધ છે. એમ નૈયાયિકો માને છે. તેથી અમુક ઘટ દેખાય ત્યાં સુધી તે સત્ અને ન દેખાય ત્યારે તે અસત્ છે એમ તેઓ માને છે, પરંતુ અસત્યપણું જાતિ છે એમ માનતા નથી.

૩. 'માત્ર' એટલે 'આવિર્ભાવ અને તિરોભાવ નહિ સ્વીકારતા' એવો અર્થ છે. (લે) ઘડાનો આવિર્ભાવ હોય તે દેખાય, તિરોભાવ હોય ત્યારે ન દેખાય છતાં તે નિત્ય છે એવો સિદ્ધાંત છે.

૪. નૈયાયિકનો મત ખોટો ઠરાવવો પડે છે તેનું કારણ અહિંથી કહે છે. 'આમ હોય તો' એટલે (આવિર્ભાવ અને તિરોભાવ) એ બે શક્તિનો સ્વીકાર કરવામાં ન આવે તો. (લે)

ખોટો ઠરે, ભગવાનની[5] કૃપા વિગેરે પણ નિત્ય હોવાથી, (ભગવાનના) ભજનથી (તેમની) કૃપા ન થાય, ઈચ્છા વિગેરે પણ નિત્ય હોવાથી, ઈચ્છાને લીધે અવતાર ન થાય; અને પરમાનંદ (એક પ્રકારનું) સુખ હોઈ અનિત્ય હોવાથી, ભગવાન્ આનંદથી ભરપૂર ન હોય. તેથી આ (નૈયાયિકનો) મત ખોટો ઠરાવવામાં આવે છે.

(ખ) વૈશેષિકો વિગેરે તો સતનો નાશ (થાય છે એમ) કહે છે. સત્ દેહ જ પછી મરણ પામે છે. આમ હોવાથી, (મરણ) પછી તેના પરલોકની ચિંતા કરવી નહિ, કારણ કે 'દેવદત્ત' શબ્દથી જણાવેલો (અર્થ) દેહ જ છે. (વેદની મર્યાદા) બહારના (વેદ નહિ માનનારા)ઓનો આ મુખ્ય સિદ્ધાંત છે. ભોગની વ્યવસ્થા તો તે (જુદાં જુદાં) પ્રાણીઓ સ્વભાવથી જ તેવા જ (જુદા જુદા પ્રકારનો ભોગ કરનારા) હોય છે (એમ તેઓ કહે છે). આ મત પ્રમાણે તો જ્ઞાન, ભક્તિ વિગેરે બધા માર્ગોની તિલાજંલિ થાય છે. તેથી આ મત ખોટા ઠરાવવો જોઈએ.

'બહાર નીકળતાં અથવા સ્થિતિ કરતાં...' (ગીતા ૧૫।૧૦) એ વાક્ય પ્રમાણે દેહમાંથી[6] ઈન્દ્રિયોના સમૂહ સહિત આત્મા (જીવ) બહાર નીકળે છે. બ્રહ્મ જાણનારાઓનો (તેવો) અનુભવ પણ છે જ, કારણ કે (પહેલાંના દેહની) જાતિના સ્મરણવાળાઓ પણ લોકમાં હોય છે. તેમ ન હોય[7] તો અહિંસા (કોઈની હિંસા કરવી નહિ તે) વિગેરે નિયમ તેમને માટે નકામા થાય. વળી જ્યોતિઃશાસ્ત્ર

૫. અહિંથી (નૈયાયિકોના મતનો સિદ્ધાંત સાથેનો) વિરોધ સ્પષ્ટ કરે છે. ભગવાનના ધર્મ (ગુણ) નિત્ય છે કે અનિત્ય? જો નિત્ય હોય તો ભગવાનની કૃપા નિત્ય હોવાથી તે ભજનથી પ્રાપ્ત થાય નહિ, અને એમ હોય તો ભજન કરવાનું પ્રયોજન રહેતું નથી; કારણ કે ભગવાનની કૃપા પોતાની મેળે પ્રાપ્ત થએલી છે. ભગવાનની ઈચ્છા પણ નિત્ય હોવાથી, સદા ભગવાનનો અવતાર જ હોય, અને તેમ હોય તો અવતાર લેવા માટે ભગવાનને ભક્તો પ્રાર્થના ન કરે. જો ભગવાનના ગુણો અનિત્ય હોય તો પરમાનંદ પણ સુખ હોઈ ગુણરૂપ હોવાથી ભગવાન્ પૂર્ણ આનંદવાળા ન હોય, પરંતુ તેમના આનંદને પણ કાલની હદ હોય. તેથી આ નૈયાયિકોનો મત ખોટો ઠરાવવો જોઈએ, અને આવિર્ભાવ અને તિરોભાવ સ્વીકારવા જોઈએ. આ સ્વીકારવામાં આવે ત્યારે ભગવાનની કૃપા નિત્ય હોવા છતાં ભજનથી તેનો આવિર્ભાવ થાય, તેથી ભજન કરવું જોઈએ. ભગવાનની ઈચ્છા પણ નિત્ય હોવા છતાં, ભક્તોની પ્રાર્થનાથી તેનો આવિર્ભાવ થાય છે ત્યારે ભગવાન્ અવતાર ધારણ કરે છે; તેથી પ્રાર્થના કરવી જોઈએ. પરમાનંદ ધર્મરૂપ હોવા છતાં નિત્ય જ છે અને તેથી ભગવાન્ પૂર્ણ આનંદવાળા છે. આ બે શક્તિઓ સ્વીકારતાં, જગતનો પણ આવિર્ભાવ અને તિરોભાવ સ્વીકારવા જોઈએ, પરંતુ અસત્ હોય તેનો જન્મ થાય છે એમ માનવું ન જોઈએ, કારણ કે એવા મતમાં ઘણા દોષો રહેલા છે એવો ભાવ છે. (લે)

૬. 'દેહમાંથી' એટલે 'સ્થૂલ દેહમાંથી' (લે)

૭. 'તેમ ન હોય' એટલે 'પરલોક ન હોય' એવો અર્થ છે. (લે)

મળતું આવતું હોવાથી[૮] પણ તેને પ્રમાણ ગણેલું હોવાથી, તેનો સિદ્ધાંત વ્યર્થ થાય[૮]. 'નામ અનંત છે' શ્રુતિ પ્રમાણે, (નામ) પદાર્થનો આશ્રય કરી રહેલું છે એમ જણાવેલું હોવાથી પણ, 'દેવદત્ત' શબ્દે જણાવેલો દેવતારૂપ અથવા આધિદૈવિક પદાર્થ નિત્ય સાબિત થએલો છે. દેહ માત્ર ઓળખાવનારો જ[૯] છે, પરંતુ ખાસ ગુણ નથી એમ આ (અર્થ) કર્મનિર્ણય નામના ચોથા પ્રકરણમાં સિદ્ધ કરેલું છે. વળી નામકરણ સંસ્કાર શાસ્ત્રીય હોવાથી તે (દેહ)માં રહેલા જીવનો જ (કરવામાં આવે છે)[૧૦], પરંતુ દેહ જેનો ખાસ ગુણ છે તેવા જીવનો કરવામાં આવતો નથી; કારણ કે (નામ) શાસ્ત્રીય છે (અને) કેશ વિગેરે અથવા વસ્ત્રો વિગેરે પેઠે દેહ પણ માત્ર (તે સમયે જીવની) સાથે હોય છે. તેથી પરલોકની બીજી રીતે સિદ્ધિ થતી નહિ હોવાથી, જીવ અથવા મુખ્ય સંઘાતનું[૧૧] મરણ થતું નથી. તે[૧૨] હોવાથી પહેલાં કહેલા નિયમ પ્રમાણે ભક્તિમાર્ગ સિદ્ધ થાય છે.

(ગ) મીમાંસકો વિગેરે આત્માઓ એટલે જીવો જૂદા[૧૩] છે એમ માને છે, અથવા 'આત્મનિ' એટલે યજ્ઞ વિગેરેરૂપ ઈશ્વર[૧૪] જૂદા છે એમ માને છે. તેમ (ઈશ્વર કર્મરૂપ) હોય તો ઈશ્વર એક છે એવો મત ખોટો ઠરે[૧૫]. તેમ ન હોય

---

૮-૮. 'આવા આવા ગ્રહ હોય તે આ લોકમાં જાય' એવું ફલ જ્યોતિઃશાસ્ત્રમાં કહેલું છે (તેથી પરલોક ન હોય તો એ વ્યર્થ થાય.) વેદના અંગ તરીકે આ શાસ્ત્ર પ્રમાણ છે જ, પરંતુ વેદ નહિ માનનારા ઓ તેનો આદર ન કરે. છતાં દગ્ગણિત સાથે મળતું આવે છે તે કારણથી તેઓ તેને પ્રમાણ માને છે. છતાં જો તેઓ એ શાસ્ત્ર કહે છે તે અર્થ સ્વીકારે નહિ તો તેમનું એને પ્રમાણ માનવું વ્યર્થ થાય, એવો અર્થ છે. (લે)

૯. 'ઓળખાવનારો' એટલે 'સૂક્ષ્મદેહરૂપ બીજો ધર્મ જાગ્રત કરી જતો રહેનાર'. (લે)

૧૦. 'દેવદત્ત' વિગેરે નામ જીવના જ પાડવામાં આવે છે, એવો અર્થ છે, પરંતુ દેહવાળા જ જીવના નામ પાડવામાં આવતાં નથી, કારણ કે નામ શાસ્ત્રીય છે. જો દેહવાળા જ જીવનું નામ હોય તો દેહ પડે ત્યારે એ નામ ન રહે. તો પછી શ્રાદ્ધ વિગેરેમાં તે નામ બોલાય નહિ. બીજા જન્મમાં તે નામ નથી લેવાતું તેનું કારણ તો એ છે કે 'આ જ જીવનું આ જ નામ હતું' એવું જ્ઞાન હોતું નથી, એવો ભાવ છે. (લે)

૧૧. 'મુખ્ય સંઘાત' એટલે 'સૂક્ષ્મદેહ' એવો અર્થ છે. (લે)

૧૨. 'તે' એટલે 'આત્મા અથવા સૂક્ષ્મ દેહના મરણનો અભાવ'. (લે) આત્મા અથવા સૂક્ષ્મ દેહનું મરણ થતું નથી તેથી ભક્તિમાર્ગ સિદ્ધ થાય છે, કારણ કે પરલોક હોવાથી તેની ચિંતાને લીધે ભક્તિ વિગેરે કરવી જોઈએ, એવો અર્થ છે. (લે)

૧૩. 'જૂદા' એટલે 'ભગવાનથી જૂદા'. (લે)

૧૪. 'આત્મા' શબ્દથી યજ્ઞ વિગેરેરૂપ ઈશ્વર જ કહેલા છે, એવો અર્થ છે. (લે)

૧૫-૧૫. આ ભાગથી (મીમાંસકો) ઈશ્વર એક છે એવો મત ખોટો છે એમ જણાવે છે. (લે)

(ઈશ્વર એક છે એ મત ખોટો થતો ન હોય) તો જો કરવાની, ન કરવાની અને અન્યથા કરવાની (કહેલું ફેરવી નાખવાની) શક્તિવાળો એક ઈશ્વર હોય તો તે જીવોને ઓછું વધારે ફલ કેમ આપે ? અથવા (તેમની પાસે) ઓછું વધારે કામ કેમ કરાવે? અને જો કરાવે તો પક્ષપાત અને નિર્દયતાના દોષો તેમને કેમ ન લાગે?[૧૫] તેથી કર્મથી જૂદો ઈશ્વર જ નથી, અને તે (ઈશ્વર) અનેક છે તેથી દરેકે પોતાને માટે મુકરર કરેલું કર્મ જ કરવું જોઈએ એમ તેઓ માને છે. તેઓનો મત પણ ખોટો ઠરાવવો જોઈએ. તેમ ન કરવામાં આવે તો ઈશ્વર નહિ હોવાથી (ભક્ત) કોનું ધ્યાન ધરે ? તેઓ પણ આરોપને લીધે જ તે પ્રમાણે માને છે, કારણ કે કર્મ કરનારાઓ ફલ પ્રાપ્ત કરે છે, પરંતુ (ફલ) આપનારને જોતા નથી[૧૬]. ફલ[૧૭] બીજાને અધીન હોય તો અવશ્ય (ફલ) આપનારની જરુર રહે છે, કારણ કે સાક્ષાત્ પ્રતિકૂલ ફલવાળાં રાજા માટે ગઢ બનાવવો વિગેરે કાર્યોમાં તે પ્રમાણે (ફલ આપનાર બીજો છે એમ) જોવામાં આવે છે. જેમ રાંધવાની ક્રિયા ભાત તૈયાર કરે છે તેમ યજ્ઞ સ્વર્ગ પ્રાપ્ત કરાવતો નથી કે જેથી ઈશ્વરની જરુર ન રહે; સ્વર્ગ પણ બ્રહ્માંડના અધિપતિને અધીન છે. તેમ ન હોય તો (યજ્ઞ કર્યો) તે જ સમયે સ્વર્ગ કેમ પ્રાપ્ત ન થાય? તેથી ઈશ્વર છે એમ અવશ્ય કબુલ કરવું પડે છે. ત્યારે મહારાજાની પેઠે એક જ (ઈશ્વર)થી કાર્ય પાર પડતું હોવાથી, દરેક કર્મનો જૂદો ઈશ્વર ધારવો એ વ્યર્થ છે, કારણ કે ગુંચવાડો કરનારું છે.[૧૭] ('આત્મનિ' શબ્દમાં) એકવચન યોજેલું હોવાથી, અને ચાલુ વિષયમાં (જીવોનું જુદા જુદા હોવાપણું) ઉપયોગી નહિ હોવાથી, જીવો જુદા જુદા છે એમ કહેવું તો અહિં ઈચ્છેલું નથી એમ જણાય છે[૧૮] જીવો જુદા જુદા હોય તે તો ઉલટું ભક્તિ સિદ્ધ કરનાર છે, પરંતુ (તેમાં) નડતર નથી. તે (જીવો જુદા જુદા છે એવો મત) પણ ઘણી રીતે ખોટો ઠરાવેલો છે, અને ખોટો ઠરાવવામાં આવશે.

(ઘ) વળી 'જે પદાર્થ યોગથી પ્રાપ્ત થએલો છે તે નિત્ય કહેવાય છે. વૈદિક નિત્ય કર્મથી પણ અક્ષયરૂપ લોક (પ્રાપ્ત) થાય છે' એમ ત્રીજા સાંખ્યના એક વિભાગવાળા અને યોગીઓ 'વિપણં' કર્મના ફલને નિત્ય માને છે. પોતાથી પ્રાપ્ત થતા (ફલ)થી જ કાર્ય પાર પડતું હોવાથી, તે (મત) પણ ખોટો ઠરાવવો જોઈએ, કારણ કે આરોપને લીધે જ, એટલે પ્રશંસા જણાવનારા શબ્દોમાં સત્યપણાનો આરોપ કરનારી બુદ્ધિથી જ તે (મત) સંભવે છે. 'અમે સોમ પીધો

૧૬. તેથી જ કર્મમાં જ 'આ ઈશ્વર છે' એવો આરોપ કરે છે, એવો અર્થ છે. (લે)
૧૭-૧૭. (કર્મથી) જૂદા ઈશ્વર છે, એમ આ ભાગથી સાબિત કરે છે. (લે)
૧૮. નોટ ૧૩ પાસે જીવો જૂદા છે એમ કહ્યું તે મત આ વાક્યથી ખોટો ઠરાવે છે. (લે)

અને અમર થયા' એવું સોમની પ્રશંસાનું વાક્ય છે. 'ચાતુર્માસ્ય યજ્ઞ કરનારનું સુકૃત ખરે ક્ષયરહિત છે' એમ તો સુકૃતની પ્રશંસા છે. તેથી આ ભ્રમવાળા સિદ્ધાંતો હોવાથી, આ વાક્યને અનુસરીને પહેલાં કહેલા સિદ્ધાંતમાં દોષ (હોવા)ની શંકા કરવી નહિ, એવો ભાવ છે[૧૯]. 'તમે કહેલા નિયમ પ્રમાણે ભક્તિમાર્ગની પણ સંગતિ થતી નથી, કારણ કે (ભક્તિમાર્ગમાં) વિષ્ણુ, શિવ અથવા બ્રહ્માની સેવા કરવામાં આવે છે. આ (દેવો) ગુણના અભિમાનવાળા છે. દરેક (ગુણનું) મુકરર કરેલું કાર્ય કરનારા છે, અને પોતાના ભક્ત માટે પોતપોતાને અધીન હોય તેવું જ કાર્ય કરે છે. તેથી ત્રણ ગુણોવાળો આ બ્રહ્માંડના અભિમાનવાળો પુરુષ નારાયણ સત્ત્વ, રજસ્ અને તમઃ ગુણોથી જુદો જુદો થઈ, ઉપાધિના ભેદને લીધે[૨૦] અથવા જીવના ભેદને લીધે[૨૧] સ્થિતિ વિગેરે કરે છે. તેથી તે અલ્પ (ફલ) આપનાર હોવાથી ભક્તિમાર્ગથી પણ શું વળવાનું? વળી નારાયણ પણ ગુણવાળો હોઈ તિરોહિત થએલા આનંદવાળો હોવાથી રાજાના સેવકની પેઠે (તેને) એકબીજાનું ધ્યાન કરવાની જરુર રહે છે, અને તે પ્રમાણે લોકમાં અને પુરાણમાં જોવામાં આવે છે એવો જે સ્માર્તનો મત છે તે પણ ખોટો ઠરાવવો જોઈએ, કારણ કે તેમ કરવામાં ન આવે તો પહેલાં કહેલો માર્ગ સાબિત ન થાય. 'પુરુષ ત્રણ ગુણોવાળો છે' એવો ભજન કરવા યોગ્ય ભગવાન્‌માં જે ભેદ ગણવામાં આવે છે તે પણ જેમના અબોધથી કરેલો છે, એટલે ભગવાનના સ્વરૂપના અજ્ઞાનથી જ થાય છે. 'સ્મ' પ્રસિદ્ધિ પ્રમાણે 'આર્તાઃ' દુઃખી હોય તેઓ 'સ્માર્ત' શબ્દથી ઓળખાય છે. તેઓ જેને ભજન કરવા યોગ્ય કહે છે તે તો ભગવાનની એક વિભૂતિ છે. ભક્તિમાર્ગમાં જણાવેલા ભગવાન્ તો એટલા જ નથી. પરંતુ તે પુરુષોત્તમ છે એમ ઘણા પ્રકારે જણાવેલું છે.

''ભજન કરવાયોગ્ય પુરુષોત્તમ છે એવા મત પ્રમાણે પણ જો જગતનું મૂલ બનેલ (બ્રહ્મ)માં અજ્ઞાન હોય તો તે દોષ તે જ સ્થિતિમાં રહે છે. તેથી જ કેટલાક (વાદીઓ) 'આશ્રયપણું અને વિષયપણાના સંબંધવાળું, વિભાગ વિનાનું કેવલ જ્ઞાન જ (બ્રહ્મ) છે, કારણ કે પછીનો (કોઈ) પહેલાં હતું તેવાં અજ્ઞાન નો આશ્રય થતો નથી, તેમ જ (તેનાથી) જણાતો નથી' એમ (જગતનું મૂલ બનેલ

૧૯. અહિંથી સર્વવૈનાશિક સ્માર્ત મત જણાવી, પછી તે ખોટો ઠરાવે છે.

૨૦. વિષ્ણુ થઈ સ્થિતિ કરે છે, રુદ્ર થઈ સંહાર કરે છે અને બ્રહ્મા થઈ સૃષ્ટિ કરે છે, એવો અર્થ છે. (લે)

૨૧. સાત્ત્વિક જીવોની વિષ્ણુ સ્થિતિ કરે છે, તામસ જીવોનો રુદ્ર સંહાર કરે છે અને રાજસ જીવોની બ્રહ્મા ઉત્પત્તિ કરે છે એવો અર્થ છે. (લે)

બ્રહ્મ જ અજ્ઞાનનો આશ્રય અને વિષય છે[22] એમ કહે છે''. આ મતને પણ ખોટો ઠરાવવો જોઈએ. તેમ કરવામાં ન આવે તો ભક્તિમાર્ગનું પરમાર્થમાં પરિણામ ન થાય. તેથી 'તે (અબોધ) તેનાથી પર (અને) જ્ઞાનના રસરૂપ આપમાં પ્રવર્તતુ નથી' શબ્દોથી તેને ખોટો ઠરાવે છે, (આપમાં એટલે) આપ પુરુષોત્તમાં તે અબોધ કોઈ પણ રીતે પ્રવર્તતો નથી. તેનાં બે કારણો 'તેનાથી પર' અને 'જ્ઞાનના રસરૂપ' શબ્દોથી કહેલાં છે. 'અજ્ઞાનને પેલેપાર આદિત્યના જેવા વર્ણવાળા' 'જે સર્વ જાણનાર સર્વ શક્તિવાળા' 'બ્રહ્મ સત્ય જ્ઞાન અને અનંત છે' 'પોતાની મેળે પ્રકાશનાર ચિદ્રૂપ' વિગેરે હજારો શ્રુતિઓ (ભગવાનને) અજ્ઞાનનો સંબંધ નથી એમ કહે છે. જ્ઞાનનો પણ સર્વથી વધારે અનુભવરૂપ જે રસ છે તે જ આત્મા એટલે સ્વરૂપ છે જેનું, તેવા (ભગવાન્ છે). તેથી બીજા મતો ભ્રાંતિથી ઉત્પન્ન થએલા હોવાથી, અને ભગવન્માર્ગ દોષ વિનાનો હોવાથી, ભગવાન્ સેવા કરવા યોગ્ય છે એમ સિદ્ધ થાય છે.

**ભ્રાન્તિમૂલતયા સર્વસમયાનામયુક્તિતઃ ।।**
**ન તદ્વિરોધાત્ કૃષ્ણાખ્યં પરં બ્રહ્મ ત્યજેદ્બુધઃ ।।૧૨।।**

સર્વ મતો ભ્રાંતિથી થએલા હોવાથી અને યુક્તિથી રહિત હોવાથી તેઓના વિરોધને લીધે ડાહ્યા પુરુષે શ્રીકૃષ્ણ નામના પરબ્રહ્મનો ત્યાગ કરવો નહિ. કા.૧૨.

'યે' જેઓ 'અસતઃ' અસતનો 'જનિમ્' જન્મ, 'સતઃ' સતનો 'મૃતિમ્' નાશ, 'ઉત' અને 'આત્મનિ' આત્મામાં 'ભિદામ્' ભેદ, 'વિપણં ચ' અને કર્મનાં ફલને 'ઋતમ્' સત્ય 'સ્મરન્તિ' સ્મરે છે (માને છે), 'તે' તેઓ 'આરુપિતૈઃ' આરોપોથી ગુંચવાડા કરીને 'ઉપદિશન્તિ' સમજાવે છે. 'પુમાન્' પુરુષ 'ત્રિગુણમયઃ' ત્રણ ગુણોવાળો છે 'ઈતિ' એવો 'ભિદા' ભેદ 'યદબોધકૃતા' અબોધ (અજ્ઞાન)થી કરેલો છે તેથી 'સઃ' તે (અબોધ) 'તતઃ' તેનાથી 'પરત્ર' પર (અને) 'અવબોધરસે' જ્ઞાનના રસરૂપ 'ત્વયિ' આપમાં 'ન ભવેત્' પ્રવર્તતો નથી. ૧૨.

એવી રીતે બીજા સિદ્ધાંતો ખોટા ઠરાવી ભક્તિમાર્ગનું સ્થાપન કર્યા છતાં પણ (૧) જગતના કર્તા હોવાપણું (૨) સર્વના આશ્રય હોવાપણું વિગેરે ગુણો (ભગવાનનું) માહાત્મ્ય (સિદ્ધ) થાય તે માટે (ભગવાનમાં) સ્વીકારવામાં આવતાં, તેમાં રહેલા દોષો ભગવાનમાં આવે. તે વિષયમાં હજારોથી અધિક દોષો સંભવતા હોવા છતાં પણ (નીચેના) બે દોષો મુખ્ય છે. (૧) (ભગવાન્) જગતના

૨૨. 'બ્રહ્મ અજ્ઞાનનો આશ્રય છે' એટલે બ્રહ્મમાં અજ્ઞાન રહેલું છે. 'બ્રહ્મ અજ્ઞાનનો વિષય છે' એટલે બ્રહ્મનું અજ્ઞાનથી ગ્રહણ થાય છે, અજ્ઞાનથી બ્રહ્મ જાણી શકાય છે, એવો અર્થ જણાય છે.

આશ્રય[1] (આધાર) હોવાથી જગતના સંબંધવાળા દોષોનો સમૂહ, અને ભગવાન્ જગતનું ઉપાદાન કારણ હોવાથી આ દોષોનો સમૂહ ભગવાનમાં જ હોય (ભગવાનને જ લાગે). (૨) જીવ[2] ભગવદ્રૂપ છે તેથી કામ, ક્રોધ વિગેરે સર્વ દોષો ભગવાનમાં જ હોય. આ બંને (દોષો ભગવાનમાં) નથી એમ કહેવા નીચેનો શ્લોક કહે છે:

**સદિવ મનસ્ત્રિવૃત્ત્વયિ વિભાત્યસદામનુજાત્**
**સદભિમૃશન્ત્યશેષમિદમાત્મતયાત્મવિદઃ ।।**
**ન હિ વિકૃતિં ત્યજન્તિ કનકસ્ય તદાત્મતયા**
**સ્વકૃતમનુપ્રવિષ્ટમિદમાત્મતયાવસિતમ્ ।।૧૩।।**

આરંભમાં (બ્રહ્મ) જીવ થતાં (તેને) જે દૂષણો (થતાં હોવાનું કહેવામાં આવે છે) તેનું ખંડન કરવામાં આવે છે. તે દોષો મનના જ છે, પરંતુ જીવના નથી; અને તે (મન) ચોક્કસપણાથી નિરૂપણ થઈ ન શકે તેવું હોવાથી અસત્ જ[3] છે, કારણ કે 'અસત્ ન હતું, સત્ ન હતું' (શ્રુતિ) પ્રમાણે મનની તેવી સદસદ્રૂપ (સદ્રૂપ અને અસદ્રૂપ) સ્થિતિ છે. તેમાં પણ તે સ્વભાવથી અસત્ છે[4], અને સત્પણું તો અકસ્માતથી થાય છે એમ શ્રુતિ વિગેરેથી જણાય છે તેથી 'સત્ હોય તેવું' એમ ઉપમાથી (તેનું) વર્ણન કરેલું છે. 'ત્રિવૃત્' એટલે 'ત્રણ ગુણોથી વીંટાએલું' શબ્દથી તે ઉભય પ્રકારનું હોવાનું કારણ કહેલું છે, કારણ કે જ્યારે તેમાં સત્ત્વનો અંશ હોય ત્યારે તે સત્ થાય છે, પરંતુ બે અંશ (રજસ્ અને તમસ્ના અંશો) હોય ત્યારે તે અસત્ થાય છે. આવા (મન)નો પ્રકાશ જીવના સંબંધને લીધે થતો નથી, પરંતુ તે 'આપમાં જ ભાસે છે'. 'આ સર્વ મનને વશ હતું, મન બીજાને વશ થયું ન હતું; કારણ કે ભયકારી દેવ તેજસ્વીથી વધારે તેજસ્વી છે' શ્રુતિ મનનું માહાત્મ્ય કહે છે.

---

૧. (ભગવાન્) સર્વના આશ્રય હોય તો તે શરીર ધારણ કરે છે, એમ સિદ્ધ થાય છે. શરીર ધારણ કરવાથી થતું આ પહેલું દૂષણ જણાવેલું છે.
૨. (ભગવાન્) જીવ બને તેથી થતું દૂષણ અહિં કહેલું છે.
૩. અસત્ એટલે જે પદાર્થ નથી તેવા પદાર્થનો મન વિચાર કરે છે તેથી તે અસત્ છે, એવો અર્થ છે. મનુષ્ય સુધીના જીવોનો વિચાર કરે ત્યારે તે તેવું છે. પરંતુ દેવો વિગેરેનો વિચાર કરે ત્યારે તો તેઓમાં સર્વ સ્થલે રહેવાની શક્તિ હોવાથી, જ્યારે મન વિચારે ત્યારે તે હાજર હોઈ શકે છે, તેથી ન હોય તેવાનો એ વિચાર કરે છે એમ કહી ન શકાય. તેથી તે અસત્ નથી એમ કહેશે. કોઈવાર હોય તેવા પદાર્થનો પણ વિચાર કરે છે તેથી સત્પણું પણ તેનામાં આવે છે એમ કહે છે. 'કોઈવાર અસત્ જેવું હોય છે' એમ કહેશે. (લે)
૪. 'અસત્' કારણ કે અસત્ (ન હોય તેવા પદાર્થ)નો વિચાર કરે છે એવો અર્થ છે. (લે)

(મનને) જીવનો આશ્રય હોય તો આ માહાત્મ્ય ઘટતું નથી. 'ભગવાનનો જ (મનને) આશ્રય હોવાથી તેનું માહાત્મ્ય ભલે હોય, છતાં (ભગવાનને) તેના દોષનો સંબંધ થાય જ' એવી શંકા થાય, તેથી 'મનુષ્ય સુધી' શબ્દ યોજેલો છે. તે મન મનુષ્યપર્યંત પરિભ્રમણ કરતું હોય ત્યારે જ તેનો તે (શ્રુતિમાં કહેલ માહાત્મ્યવાળો) સ્વભાવ છે. ખડનાં તણખલાં થી આરંભી મહત્તત્ત્વ સુધી જીવોના સમૂહો[૫] છે. તેઓમાં મનુષ્ય મધ્યમાં રહેલો છે, અને ભગવાને સર્વને માટે યોજેલું મન સર્વમાં પરિભ્રમણ કરે છે. તેનું સર્વમાં પરિભ્રમણ જેમ સંભવે તે પ્રમાણે તેના જુદા જુદા અંશો અથવા સામર્થ્ય માનવાં જોઈએ, કારણ કે ઉત્પત્તિના પ્રસંગમાં તેને એક જ જણાવેલું છે[૬] તેથી જ્યારે તે મનુષ્ય સુધી જ પરિભ્રમણ કરતું હોય છે ત્યાં સુધી અસત્ હોવા છતાં સત્ હોય તેવું ભાસે છે. આગળ તો[૭] સત્ હોય તેવું અને કોઈવાર અસત્ હોય તેવું ભાસે છે. તેથી કામ વિગેરે દોષોનું મૂલ મન હોવાથી, અને મનનો તે (કામ વિગેરે દોષવાળા હોવાપણાનો ગુણ) સ્વાભાવિક નહિ હોવાથી, તેના દોષથી ભગવાનમાં દોષ આવતો નથી.

શ્લોકના બીજા ચરણથી બીજો દોષ નથી થતો એમ કહે છે. 'અભિમર્શઃ' એટલે જ્ઞાન. આત્માને જાણનારાઓ બહુ જ પ્રમાણ બનેલા[૮] છે. તેઓ આ સર્વને એટલે બધાંએ જગતને, ભ્રમવાળી દૃષ્ટિથી તે જુદા જુદા પ્રકારે ભાસતું હોવા છતાં, આત્મા તરીકે જ એટલે તે સત્ જ છે એમ જાણે છે, 'સર્વ બ્રહ્મ છે' એમ જ તેઓ જાણે છે. અહિં મનના દોષનું પણ ખંડન થએલું છે. જેમ જાદુગરનું (એક વસ્તુને) બીજા પ્રકારની દેખાડવાનું સામર્થ્ય ગુણ છે, પરંતુ દોષ થતો (ગણાતો) નથી, તેમ મન પણ કામ વિગેરે દેખાડે છે તે ગુણ જ છે, કારણ કે આનંદ માટે જ (તે તેમ દેખાડે) છે. વાસ્તવિક રીતે તો (તે) બ્રહ્મ જ છે. 'આત્માને જાણનારો' એ શબ્દથી એમ જણાવ્યું છે કે તેમનું જ્ઞાન આત્મામાં જ પરિણમેલું છે. તેથી આત્મા

૫. તણખલું વિગેરે પણ જીવો છે, પરંતુ સ્થાવર જીવો છે. મહત્તત્ત્વમાં પણ ભાગવત ૩।૨૬।૭૦માં જણાવ્યા પ્રમાણે જીવ પ્રવેશ કરે છે તેથી તે પણ જીવ જ છે એવો અર્થ છે. (લે)

૬. મન દૂરના પ્રદેશમાં જાય છે ત્યારે તેના અંશો ત્યાં સુધી જાય છે એમ કહેવું જોઈએ. 'મન તો અણુ (ઝીણામાં ઝીણું, જેનો ભાગ થઈ ન શકે તેવું) છે તેથી તેના એટલા બધા અંશો કેમ હોઈ શકે ?' એવી શંકા થાય તો મનનું એટલે બધે દૂર જવાનું સામર્થ્ય છે એમ માનવું જોઈએ, પરંતુ તેટલું બધું અંતર પૂરી દેવાય તેટલાં મન છે એમ માનવું અયોગ્ય છે, એવો અર્થ છે. (લે)

૭. મનુષ્યથી આગળ દેવો વિગેરેનો જ્યારે મન વિચાર કરે છે ત્યારે, એવો અર્થ છે. (લે)

૮. 'પ્રમાણભૂતાઃ' એટલે સત્ય જ્ઞાન પ્રાપ્ત કરનારા; એવો અર્થ છે. 'પ્રમાણ' શબ્દનો આવો અર્થ ૨।૮।૨૫ના શ્રીસુબોધિનીમાં કરેલો છે. (લે)

ખરેખરો સત્ય છે. તે જ જો સર્વ થાય છે તો પછી અસત્યપણાની શંકા કેમ થાય? એવો અર્થ છે. 'છતાં પણ આ વિષયમાં યુક્તિ જણાવવી જોઈએ' એવી શંકા થાય, તેથી 'કારણ કે સુવર્ણના વિકારને તેના બનેલ હોવાથી તજતા નથી' શબ્દો યોજેલા છે. શું સુવર્ણની ઈચ્છાવાળા વેપારીઓ કુંડલ વિગેરે સુવર્ણના વિકારને તજે છે? (તજતા નથી), પરંતુ ગ્રહણ જ કરે છે. તેનું કારણ પણ 'તેના બનેલ હોવાથી' શબ્દથી કહેલું છે. (તેના એટલે) સુવર્ણના બનેલ હોવાથી તજતા નથી.

'સુવર્ણનું (કુંડલ વિગેરે) બનેલ છે, એટલે (તે) વિકારમાં વચ્ચે બીજું દ્રવ્ય ભરેલું ન હોય ત્યારે સુવર્ણ તરીકે તેને ગ્રહણ કરવું યોગ્ય છે. જગત્ તો જડ (પદાર્થ)નું બનેલું છે[૯] અને જીવરૂપ સામગ્રીથી ભરેલું છે તે ભગવાન્ (બ્રહ્મ) કેમ હોય?' એવી શંકા થાય, તેથી 'પોતે બનાવેલું અને પછી પ્રવેશેલું' આ શબ્દો યોજેલા છે. 'તેણે પોતે આત્માને બનાવ્યો' એ શ્રુતિ પ્રમાણે (જગત્ ભગવાને) પોતે જ બનાવેલું અને પોતાનું (આત્માનું) જ બનાવેલું[૧૦] છે; અને 'તેને બનાવીને પછી તેમાં જ પ્રવેશ કર્યો' શ્રુતિ પ્રમાણે ( ભગવાને) પોતે જ તેમાં પ્રવેશ કરેલો છે. તેથી જગત્ અને તેની અંદર રહેલી સામગ્રી ભગવાન્ છે એવો (અર્થ છે). 'આ' સર્વ (જગત્) આત્મા તરીકે જણાએલું છે, તેથી બધુંએ (જગત્) બ્રહ્મ હોવાથી, ક્યાં કોનો દોષ હોય ? બીજા મત પ્રમાણે જ દોષો દોષરૂપ હોય છે, બ્રહ્મવાદમાં તો (તેમનું) બ્રહ્મપણું જ છે, તેથી સર્વ યોગ્ય છે.

**જીવાનાં બ્રહ્મરૂપત્વાદ્દોષા અપિ ચ માનસાઃ ।।**
**જગચ્ચ સકલં બ્રહ્મ તતો દોષઃ કથં હરૌ ।।૧૩।।**

જીવો બ્રહ્મરૂપ છે તેથી, અને સર્વ જગત્ તથા મનના દોષો પણ બ્રહ્મ છે તેથી હરિમાં દોષ કેવી રીતે હોય ? કા.૧૩.

'આમનુજાત્' મનુષ્ય સુધી 'અસત્' અસત્ 'ત્રિવૃત્' ત્રણ ગુણવાળું 'મનઃ' મન 'સત્' સત્ 'ઈવ' હોય તેવું 'ત્વયિ' આપમાં 'વિભાતિ' ભાસે છે. 'આત્મવિદઃ' આત્માને જાણનારાઓ 'ઈદં' આ 'અશેષમ્' સર્વને 'આત્મતયા' આત્મપણાથી 'સત્' સત્ 'અભિમૃશન્તિ' જાણે છે. 'હિ' કારણ કે 'કનકસ્ય' સુવર્ણના 'વિકૃતિમ્' વિકારને 'તદાત્મતયા' તેના બનેલ હોવાથી 'ન ત્યજન્તિ' તજતા નથી. 'સ્વકૃતમ્' પોતે બનાવેલું 'અનુપ્રવિષ્ટમ્' અને પછી પ્રવેશેલું 'ઈદમ્' આ 'આત્મતયા' આત્મા તરીકે 'અવસિતમ્' જણાએલું છે (નક્કી થએલું છે) કા.૧૩.

૯. શરીર તો જડ પદાર્થનું બનેલું છે. 'જડ' એટલે સમષ્ટિરૂપ વિરાટ્ દેહ ઉપાદાન છે જેનું તેવું જગત્ છે, એવો અર્થ છે. (લે)

૧૦. બ્રહ્માંડ પણ ભગવદ્રૂપ જ છે, એવો ભાવ છે. (લે)

એ પ્રમાણે ભગવાનમાં દોષો નથી એમ જણાવીને ભક્તિમાર્ગમાં ભગવાન્ દોષ વિનાના છે એમ સિદ્ધ કર્યું, હવે નીચેના શ્લોકમાં (ભગવાનમાં) દોષ નથી એમ ફલથી[1] જણાવી, ભક્તોમાં દોષ નથી[2] એમ સિદ્ધ કરે છેઃ

**તવ પરિ યે ચરન્ત્યખિલસત્ત્વનિકેતતયા**
**ત ઉત પદાક્રમન્ત્યવિગણય્ય શિરો નિર્ઋતેઃ ।।**
**પરિવયસે પશૂનિવ ગિરા વિબુધાનપિ તાંસ્ત્વયિ**
**કૃતસૌહૃદાઃ ખલુ પુનન્તિ ન યે વિમુખાઃ ।।૧૪।।**

જેઓ આપની સેવા કરે છે તેઓ જ 'નિર્ઋતેઃ' મૃત્યુના શિરનું (પોતાના) પગથી આક્રમણ કરે છે, તે પણ અજાણતાં નહિ, પરંતુ જાણીને (તે મૃત્યુની) અવગણના કરીને જ (તેમ કરે છે). આથી[3] એમ કહેલું છે કે ભગવાન્ (જે) દાન કરવાના તેની વાત રહેવા દો, માત્ર (ભગવાનની) સેવાથી જ મૃત્યુ જીતાય છે. (૧) દુઃખ જતું રહે તે અને (૨) સુખની પ્રાપ્તિ એ બે (વસ્તુઓ) બધાઓએ ઇચ્છેલ છે. તે પૈકી સુખ ભગવાનથી જ પ્રાપ્ત થાય છે, બીજી રીતે થતું નથી એમ જણાવેલું[4] છે. દુઃખ પણ ભગવાનની સેવાથી જ જાય છે, બીજી રીતે જતું નથી એમ (અહિં) જણાવવામાં આવે છે. દુઃખનો છેવટનો છેડો મૃત્યુ છે. તે (મૃત્યુ) પ્રાણીઓને (તેઓનાં) કર્મ પ્રમાણે દુઃખ આપે છે. સર્વ કર્મો કરતાં દુઃખ આપનારનું અપમાન (ઘણું દુઃખ કરનારું છે)[5], અને શિર દબાવવારૂપ મોટું અપમાન ઘણું જ દુઃખ આપનારું થાય છે; તે પણ જો તેઓને (ભગવાનના સેવકોને) ભગવાનનું ભજન કરાવનારું થાય, તો તેઓને દુઃખ ક્યાંથી થાય? મૃત્યુના માથા ઉપર પગ મૂકો એમ ધ્રુવ(ના ચરિત્ર)માં સ્પષ્ટ જ જણાવેલું છે[6]; કારણ કે જેઓ (ભગવાનની) સદા સેવા કરે છે તેઓની સેવા માટે વૈકુંઠમાં પણ જરુર હોય છે, અને બીજો દેહ વિગેરે બનાવવામાં આવે તો કદાચ (તેટલા સમયમાં) સંસ્કારનો નાશ થાય અને વિલંબ થાય તેથી (સેવા કરનારું હતું) તે જ

૧. બીજાઓ (ભક્તો)ને પણ ભગવાન્ મૃત્યુનું ઉલ્લંઘન કરવારૂપી ફલ આપનાર હોવાથી પોતે દોષરહિત જ છે, એવો અર્થ છે. (લે)
૨. ભક્તોને દુઃખ હોતું નથી એમ સિદ્ધ કરે છે, એવો અર્થ છે. (લે)
૩. 'આથી' એટલે '(ભક્તો) પોતાની મેળે જ મૃત્યુનું ઉલ્લંઘન કરે છે. એમ કહ્યું તેથી' એવો અર્થ છે. (લે)
૪. પાછળ વીસમા શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવેલું છે. (લે)
૫. કૌંસમાં લખેલા શબ્દો અધ્યાહાર છે. (લે)
૬. આ મૃત્યુના માથા ઉપર પગ મૂકવાની આધિદૈવિક વ્યવસ્થા કહી. (લે)

શરીર લઈને તેઓ સેવા કરવા માટે ઝડપથી (વૈકુંઠમાં) જાય છે. તે સમયે મૃત્યુ જો વચમાં વિઘ્ન કરનાર તરીકે આવે તો તેને જોઈને ભય પામ્યા વિના જ, તેની અવગણના કરીને, ઉપર ચડવામાં જાણે કે નિસરણી હોય તેમ તેના માથા ઉપર પગ મૂકે છે. મોટાં સાહસો[7] મૃત્યુનું માથું છે. તે (સાહસો) કરવાં એ (તેના) માથા ઉપર પગ મૂકી ચડવું. આ આધિભૌતિક વ્યવસ્થા થઈ. આધ્યાત્મિક (વ્યવસ્થા)માં તો દેહ, દેહના, વેદના વિગેરે સર્વ ધર્મોનું ઉલ્લંઘન કરી, વિરુદ્ધ (ધર્મો)નું પણ આચરણ કરી[8] તેઓ ભગવાનની સેવા કરે છે, એવો અર્થ છે.

'સર્વ સત્ત્વના સ્થાન તરીકે' શબ્દથી સેવાનો પ્રકાર કહે છે. આથી એમ કહેલું છે કે બહિર્મુખોથી સેવા થઈ શકતી નથી. સર્વ સત્ત્વ (પ્રાણીઓ)માં 'નિકેતઃ' સ્થાન છે જેમનું, એટલે ભગવાન્ સર્વ સ્થલે છે એમ જાણીને, કોઈના વિરોધ વિના જેઆ સેવા કરે છે, એવો અર્થ છે. 'સર્વને ભગવાનનાં સ્થાન જૂઓ. એ પ્રમાણે ભગવાન્ તમારા ઉપર પ્રસન્ન થશે' (ભાગ.પુરા. ૬।૪।૧૩) વાક્ય પ્રમાણે તેવી રીતે (સર્વમાં ભગવાન્ છે એમ) જોવું (તે) પણ તેમની પ્રસન્નતાનું કારણ છે, અને ન કરવાથી 'પૂજાની હાંસી કરે છે' 'તે રાખમાં જ હોમ કરે છે' (ભાગ.પુરા. ૩।૨૯।૨૧,૨૨) વિગેરે વાક્યો પ્રમાણે દોષ હોવાનું શાસ્ત્રમાં કહેલું છે. 'તવ' 'આપના' શબ્દથી એમ કહેલું છે કે આપના સંબંધવાળા હર કોઈ પદાર્થની પરિચર્યા કરે છે તેઓ મૃત્યુના શિરનું આક્રમણ કરે છે પરંતુ સર્વાત્મભાવ (સર્વમાં ભગવાન્ છે એવી બુદ્ધિ)ની જરુર છે, કારણ કે 'જે અહિં જુદા-જુદા જેવું જૂએ છે તે મૃત્યુના પણ મૃત્યુને પ્રાપ્ત કરે છે' એમ ભેદ જોવામાં આવે ત્યારે જ મૃત્યુના પરાક્રમ (થાય છે એમ) કહેલું છે. 'સર્વનું ઉલ્લંઘન કરવામાં આવે[9] ત્યારે દોષ કેમ ન લાગે? અથવા ધર્મનું રક્ષણ કરનારા તેઓને[10] ક્રોધ કેમ ન થાય?' એવી શંકા થાય,

૭. આધિભૌતિક વ્યવસ્થા પ્રમાણે 'મૃત્યુનાં માથાં'નો અર્થ અહિં કહેલો છે. મોટાં સાહસવાળાં કર્મો એ મૃત્યુનું માથું છે. તેવાં કર્મો કરવા તે એ તેના ઉપર ચઢવા બરાબર છે તેથી ભક્તો મોટાં સાહસવાળાં કર્મો કરે છે છતાં પણ તેઓ કુશલ જ રહે છે એવો અર્થ છે. (લે)

૮. (શાસ્ત્રથી) વિરુદ્ધ કર્મો એ મૃત્યુનું માથું છે. તેવા કર્મો કરવાં એ તેના ઉપર ચઢવા બરાબર છે, એવો અર્થ છે. 'પરિચરન્તિ' પરિચર્યા એટલે સેવા કરે છે શબ્દ બહુવચનનો હોવાથી આધિદૈવિક વિગેરે ત્રણે પ્રકારના ભક્તોને માટે આ પ્રમાણે કહેલું હોવાથી ત્રણે વ્યવસ્થાઓ કહી છે એવો ભાવ છે. (લે)

૯. 'ત્રણે પ્રકારનાં મૃત્યુના માથાંઓનું ઉલ્લંઘન કરવામાં આવે', એવો અર્થ છે. (લે)

૧૦. 'તેઓને' એટલે ત્રણ પ્રકારના 'મૃત્યુઓને' એવો અર્થ છે. એટલે મોટાં સાહસોવાળાં કર્મ અને શાસ્ત્રથી વિરુદ્ધ કર્મ પણ (ભક્તો) ભગવાનની સેવા માટે કરે છે એવો ભાવ છે. (લે)

તેથી (શ્લોકનું) ત્રીજું ચરણ યોજેલું છે. 'તે' પ્રસિદ્ધ દેવોને પણ જાણે કે પશુ હોય તેમ આપ 'પરિવયસે' બાંધો છો. જ્યારે પોતાના સ્વામી મૃત્યુથી ઉત્તમ દેવોને પણ બાંધે છે ત્યારે તેમના સેવકો મૃત્યુની અવગણના કરે તેમાં (તેઓને) ભય શેનો? એવો અર્થ છે. વળી ભગવાન્ 'વાણીથી' બાંધે છે, પરંતુ જેમ રાજાની આજ્ઞાથી રાજાના સેવકો (બંધન કરે છે) તેમ સાક્ષાત્ બંધન તો તેમના સેવકો જ કરે છે. તેથી તેઓ (ભગવાનના સેવકો)ને તેનું ( મૃત્યુનું ) ઉલ્લંઘન તો અભ્યાસથી પ્રાપ્ત થએલ છે એટલે (તેમને) ભય ઉત્પન્ન કરતું નથી. 'જાણે કે પશુ હોય તેમ' શબ્દોથી (એમ કહેલું છે કે) જેમ ગાડાં વિગેરેમાં જોડવા માટે પશુઓને પસંદ કરવામાં આવે છે, તેમાં પસંદ કરનારા સેવકો જ હોય છે તેમ (ભગવાનના સેવકો) તેઓને ભગવાનની સેવામાં યોજે છે. તેથી સેવા પ્રાપ્ત કરી તેઓ કૃતાર્થ જ થવાના, એટલે તેઓને જરા પણ મનનો ક્લેશ થતો નથી. તેથી દેવો કરતાં પણ સેવકોની ઉત્તમતા કહી.

'તેમ છતાં સેવકો મર્યાદા વિનાના હોવાથી નિંદાએલા અને અપવિત્ર રહે' એવી શંકા થાય, તેથી 'આપ સાથે સૌહૃદ રાખનારાઓ (જગતને પવિત્ર કરે છે)' શબ્દો યોજેલા છે. આપમાં જ જેઓએ સૌહૃદ રાખેલું છે તેઓ જગતને પવિત્ર કરે છે, પરંતુ તપ કરનારાઓ અથવા બીજા ધાર્મિક પુરુષો જગત્‌ને પવિત્ર કરતા નથી, કારણ કે તેઓ આપથી વિમુખ હોય છે. અર્થ નીચે પ્રમાણે છેઃ શુદ્ધિ બે પ્રકારની છે ૧.દોષ કાઢી નાખનારી અને ૨.ગુણો કરનારી. તે પૈકી ગુણોનાં ઉત્તમપણાનો અંત ભગવાનની સેવા છે એમ 'જેની ભગવાનમાં અકિંચન (અનન્ય) ભક્તિ છે તેનામાં સર્વ ગુણો સહિત દેવો રહે છે' એ વાક્યમાં જણાવેલું છે. 'હજારો બ્રહ્મહત્યાનું પાપ કોઈ પણ રીતે મટી જાય, પરંતુ આપની અવજ્ઞા કરવામાં આવે તો (તે પાપ) કરોડો કલ્પોના સેંકડાઓથી પણ (મટતું) નથી' એ વાક્ય પ્રમાણે દોષોની સર્વથી મોટી હદ ભગવાનની અવજ્ઞા છે; અને તેથી જેઓ ગુણવાળા હોય અને તે જ ગુણોના અંશોથી જેમણે દોષો અને દોષ જેવા જણાતા (આચારો)ને મટાડેલા છે, તેઓ જ બીજાના દોષોને મટાડીને, (તેઓમાં) ગુણો લાવવાને શક્તિમાન હોય છે, પરંતુ જેઓ દોષથી ભરપૂર છે અને તે (દોષ)ના અંશોથી જેમના સર્વ ગુણો જતા રહેલા છે તેવાઓ બીજાની શુદ્ધિ કરવાને શક્તિવાળા હોતા નથી એવો અર્થ છે. 'ખલુ' 'ખરેખર' શબ્દથી આ વિષયનું પ્રમાણ કહેલું છે.

**સર્વથા સર્વતઃ શુદ્ધા ભક્તા એવ ન ચાપરે ।।**
**અતઃ શુદ્ધિમભીપ્સદ્ભિઃ સેવ્યા ભક્તા ન ચાપરે ।।૧૪।।**

ભક્તો જ સર્વ રીતે સર્વ તરફ શુદ્ધ છે, પરંતુ બીજાઓ નથી. તેથી શુદ્ધિ ઈચ્છનારાઓએ ભક્તોની સેવા કરવી. બીજાની કરવી નહિ. કા.૧૪.

'યે' જેઓ 'અખિલસત્ત્વનિકેતતયા' સર્વસત્ત્વના સ્થાન તરીકે 'તવ' આપની 'પરિચરન્તિ' પરિચર્યા કરે છે 'તે ઉત' તેઓ જ 'નિર્ઋતેઃ' મૃત્યુના 'શિરઃ' શિરની 'અવિગણય્ય' અવગણના કરીને 'પદા' પગથી 'આક્રમન્તિ' (તેનું) આક્રમણ કરે છે. 'તાન્' તે 'વિબુધાન્' દેવોને 'અપિ' પણ 'ગિરા' વાણીથી (આપ) 'પશૂન્ ઈવ' (તેઓ) જાણે કે પશુ હોય તેમ 'પરિવયસે' બાંધો છો. 'ત્વયિ' આપ સાથે 'કૃતસૌહૃદાઃ' સૌહૃદા રાખનારાઓ 'ખલુ' ખરેખર 'પુનન્તિ' પવિત્ર કરે છે. 'યે' જેઓ 'વિમુખાઃ' વિમુખ છે (તેઓ) 'ન' (પવિત્ર કરતા) નથી.

એ પ્રમાણે જેમનું ભજન કરવાનું છે તે (ભગવાન્)માં અને ભક્તોમાં દોષ નથી એમ સિદ્ધ કરી, ભજનને દૃઢ કર્યું છતાં પણ દેખાતા દોષોને લીધે (કોઈ) ભજન કરશે નહિ એવી શંકા કરી, નીચેના શ્લોકમાં તેનો નિરાસ કરે છેઃ

**ત્વમકરણઃ સ્વરાડખિલકારકશક્તિધરસ્તવ**
**બલિમુદ્વહન્તિ સમદન્ત્યજયાડનિમિષાઃ ।।**
**વર્ષભુજોડખિલક્ષિતિપતેરિવ વિશ્વસૃજો**
**વિદધતિ યત્ર યે ત્વધિકૃતા ભવતશ્ચકિતાઃ ।।૧૫।।**

'ભગવાન્ અવતાર ધારણ કરે ત્યારે ઈન્દ્રિયવાળા દેખાય છે, અને તે ઈન્દ્રિયો બીજાને માટે ભગવાને ધારણ કરેલી નથી[૧], કારણ કે તેમ (બીજાને માટે ધારણ કરેલી) હોય તો ભગવાન્ હલકા બને તે (ઈન્દ્રિયો)નું કાર્ય[૨] (તે ઈન્દ્રિયો)થી થઈ શકે નહિ. ન્યાય સિદ્ધાંત પ્રમાણે મોક્ષ પામેલા જીવોની ઈન્દ્રિયો છે એમ પણ[૩] સ્વીકારી શકાય તેવું નથી, કારણ કે 'વાણી મનમાં મળી જાય છે' વિગેરે શ્રુતિઓમાં, (ઈન્દ્રિયોનો) લય થાય છે[૪] એમ કહેલું છે અને 'વાણી અગ્નિ થઈ' એમ તેમનો આધિદૈવિક ભાવ કહેલો છે. તેથી અવૈદિકો જ તેવો (ન્યાય જેવો)

---

૧. જીવના અદૃષ્ટને લીધે ઉત્પન્ન થએલી હોવાથી, જીવને ફલ આપવા માટે (ધારણ કરેલી નથી), એવો અર્થ છે. (લે)

૨. ઈન્દ્રિયોનું કાર્ય પોતાના આધારમાં(પોતે જેની ઈન્દ્રિયો છે તેનામાં) જ્ઞાન અને ક્રિયા ઉત્પન્ન કરવાનું છે, પરંતુ બીજામાં તેમ કરવાનું નથી. તેવું કાર્ય તેમનાથી થઈ શકે નહિ, એવો અર્થ છે. (લે)

૩. 'મોક્ષ પામેલા જીવોની ઈન્દ્રિયો ભગવાનમાં દેખાય એમ પણ નથી' એવો અર્થ છે. (લે)

૪. તે ઈન્દ્રિયોનો લય થાય છે, પરંતુ ઈન્દ્રિયો મોક્ષ થયા પછી હોતી નથી. જો ઈન્દ્રિયો હોય તો વિષયનો ભોગ થાય જ, અને તેમ થતાં દોષ લાગે, એવો ભાવ છે. (લે)

સિદ્ધાંત સાંભળી શકે. તેથી ઈશ્વરની ઈન્દ્રિયો તેમનું ચોક્કસ કાર્ય કરનારી[૫] (અને) નિત્ય છે. અથવા જીવોની તે ઈન્દ્રિયો) સર્વ પ્રકારે તેમના અદષ્ટે કરેલી છે, અને ભગવાનની ઈન્દ્રિયો ભગવાન્ માટે જ કરેલી અને દરેક (કાર્ય કરવા માટે) મુકરર કરેલી છે એમ માનવું જોઈએ. તેથી ઈન્દ્રિયો સાથે ભગવાનને સ્વાભાવિક અથવા અધ્યાસથી થએલો સંબંધ છે એમ કહેવું જોઈએ. તેથી તે (ઈન્દ્રિયો)દ્વારા ભગવાનમાં દોષ આવવાનું સંભવે છે એવી શંકા થાય, તેથી 'આપ ઈન્દ્રિય રહિત છો' એમ કહેલું છે. આપને કરણો એટલે ઈન્દ્રિયો કોઈપણ રીતે છે જ નહિ, એવો અર્થ છે.

'ભગવાનને ઈન્દ્રિયો ન જ હોય તો ભગવાનથી ઈન્દ્રિયોનાં કાર્યો કેમ થાય?' એવી શંકા થાય, તેથી 'સ્વયં પ્રકાશનાર' શબ્દ યોજેલ છે. ભગવાન્ પોતાની મેળે જ પ્રકાશે છે. તેમનું સ્વરૂપ જ સર્વ કાર્ય કરવા શક્તિવાળું છે. તેમ ન હોય તો ઈન્દ્રિયોમાં તે શક્તિ ક્યાંથી આવે? ઈન્દ્રિયો મૂલભૂત[૬] છે એમ માનવામાં આવે તો અદ્વૈતનો વિરોધ થાય છે (અદ્વૈત રહેતું નથી). વળી આપ સર્વ કારકોની[૭] શક્તિને ધારણ કરનાર છો[૮]. બધા છએ કારકોની આધાર વિગેરે શક્તિઓ[૯] છે. તે કારકો[૧૦] શબ્દનો આશ્રય કરી રહેલા હોવાથી, અનિત્ય હોવાથી[૧૧], જાતિની પેઠે અમુક શક્તિવાળા[૧૨] હોય તો બીજું કાર્ય તેમનાથી થાય નહિ તેથી, અને સર્વ

૫. (દરેક ઈન્દ્રિય) પોતપોતાનું કાર્ય કરનારી, એવો અર્થ છે. (લે)

૬. 'મૂલભૂત' એટલે પોતાની મેળે (કાર્ય કરવાની) શક્તિવાળી, પરંતુ તે માટે સ્વરૂપની જરુર ન હોય તેવી, એવો અર્થ છે. ભગવાન્ સ્વયંપ્રકાશ હોવાથી, સ્વરૂપથી જ ઈન્દ્રિયોનાં કાર્ય કરે છે એમ જણાવેલું છે. (લે)

૭. 'કારક' એટલે વાક્યમાં નામ અને ક્રિયાપદનો સંબંધ. સાત વિભક્તિઓ પૈકી છઠ્ઠી વિભક્તિ સિવાયની છ વિભક્તિઓ આવો સંબંધ દર્શાવે છે તેથી છ કારકો છે. (૧) કર્તા (૨) કર્મ (૩) કરણ (૪) સંપ્રદાન (૫) અપાદાન અને (૬) અધિકરણ (સાતમાં વિભક્તિથી દર્શાવાતો સંબંધ). છઠ્ઠી વિભક્તિ કારક નથી, કારણ કે તે એક નામનો બીજા નામ સાથે સંબંધ દર્શાવે છે, જેમ કે રાજાનો નોકર, પુત્રની માતા.

૮. આ વાક્યથી એમ કહેલું છે કે કારકનું કાર્ય પણ ભગવાન્ પોતે કરે છે તો પછી તે ઈન્દ્રિયોનું કાર્ય કરે તેમાં શું સંદેહ ? (લે)

૯. આધાર વિગેરે કારકોની પોતામાં ધારણ કરવાની વિગેરે શક્તિઓ છે, એવો અર્થ છે. (લે)

૧૦. 'કારણ' વિગેરે કારકો શબ્દમાં રહેલા છે, અને શબ્દ ક્રિયા કરતો નથી. તેથી આપ જ તે ક્રિયા કરો છો, એવો અર્થ છે. (લે)

૧૧. 'કારકો અર્થનો આશ્રય કરી રહેલા છે' એવી શંકા થાય, તેથી શબ્દ અને અર્થ બંનેમાં સામાન્ય દોષ છે તે અહિં કહે છે. (લે) **૧૨.** જેમ જાતિ ચોક્કસ કરેલી છે, તેમ આધાર વિગેરે

શક્તિવાળા હોય તો એકથી જ[13] સર્વ કાર્ય થઈ શકે તેમ હોવાથી શુદ્ધ બ્રહ્મપણું થઈ જાય તેથી, અને ઘણા (કારકો) કરવાનું વ્યર્થ થાય તેથી કારકોની સર્વ શક્તિઓને સદા ભગવાન જ ધારણ કરે છે, અને જુદા જુદા પ્રસંગે જુદી જુદી (શક્તિ)ને તેમાં મૂકે છે એમ માનવું જોઈએ. 'અજાથી સાવધાન (દેવો) આપના બલિને વહે છે (અને શેષ) ખાય છે' શબ્દોથી આ અર્થમાં[14] અન્યથાનુપપત્તિરૂપ[15] તર્ક કહે છે. જો દેવોને પોતાથી જ અથવા પોતાને અધીન શક્તિ હોત તો ભગવાનને બલિ આપી, તેમની શેષ તેઓ પોતે ગ્રહણ ન કરત. 'હે જન્મરહિત ! પોતપોતાના સમયે જ્યાં સુધી અત્રે આપના માટે બલિ લાવી' (શ્રીમદ્‌ભાગવત ૩।૫।૪૮) એ વાક્યમાં સૃષ્ટિના પ્રસંગમાં તેવી (દેવોએ કરેલી) પ્રાર્થના કહેલી છે. વળી તેઓ અજાથી ઘેરાએલા એટલે પ્રકૃતિએ વશ કરેલા હોવાથી સ્વતંત્ર કેમ હોઈ શકે? કારણ કે લોકમાં અજાના રક્ષકો (બકરીઓના ગોવાળો) પણ (પોતાના) સ્વામી માટે સેવા કરે છે. અથવા જેમની મિલ્કત માત્ર બકરીઓ જ છે એવા આ ઘણા હલકા છે. જ્યારે ઈન્દ્રિયોના સ્વામી (દેવો)ની પણ આ સ્થિતિ છે, તો પછી ઈન્દ્રિયોની શક્તિઓ ઈન્દ્રિયોમાં કેવી રીતે રહે ? એવો અર્થ છે.

આ હલકા (દેવો)નું કૃત્ય છે એવી શંકા કરી, વિશ્વને બનાવનાર મોટા (દેવો)નું પણ આ (કૃત્ય) છે એમ જણાવવા, 'ખંડના ભોક્તાઓ સર્વ ક્ષિતિના પતિની (આજ્ઞા પ્રમાણે વર્તે) તેમ' શબ્દોથી હલકાથી ભેદ દર્શાવનારું[16] દષ્ટાંત કહે

(કારકોની) શક્તિઓ પણ જુદા જુદા (અર્થ)માં મુકરર કરેલી છે, એવો અર્થ છે. (લે)

૧૩. બધા કારકોની દરેકનો અર્થ જણાવવાની શક્તિ હોય તો ગુંચવાડો થાય. તેથી એકની જ તેવી (બધાના અર્થ જણાવવાની) શક્તિ છે એમ કહેવું જોઈએ, એમ હોય તો તે જ બ્રહ્મ થાય છે, એવો અર્થ છે. (લે)

૧૪. (ભગવાનના) સ્વરૂપમાં જ સર્વ શક્તિઓ રહેલી છે, એ અર્થમાં, એવો અર્થ છે. (લે)

૧૫. અન્યથાનુપપત્તિ એક જાતનું અનુમાન છે. જે વસ્તુ જોવામાં અથવા સાંભળવામાં આવતી નથી, પરંતુ બીજી વસ્તુ જોવામાં અથવા સાંભળવામાં આવતી હોય તેનાથી તેનું અનુમાન થાય છે, તે અનુમાનને અન્યથાનુપપત્તિ (તેમ ન માનીએ તો આ ઘટતું નથી) કહે છે. જેમ કે 'જાડો દેવદત્ત દિવસે ખાતો નથી'. આમ હોય ત્યારે તે રાત્રે ખાતો હોવો જોઈએ. એવું અનુમાન અન્યથાનુપપત્તિથી થાય છે; કારણ કે તે રાત્રે પણ ખાતો ન હોય તો તે જાડો હોવાનું ઘટતું નથી. દેવો સ્વતંત્ર હોય તો ભગવાન્ માટે બલિ લઈ જાય, તેમની શેષ ખાય, અને તેમની આજ્ઞા માને તે ઘટતું નથી.

૧૬. 'વિશ્વને બનાવનારા' શબ્દથી તેઓનું જે કૃત્ય કહ્યું તે હલકા દેવોનું હશે', એવી શંકા થાય, તેથી તે દૂર કરવા મોટા દેવોનું પણ આ કૃત્ય છે એમ જણાવવા હલકા દેવોથી જે 'અન્તરં' ભેદ છે તે દર્શાવવા આ દષ્ટાંત કહેલું છે, એવો અર્થ છે. (લે)

છે. જંબુદ્વીપમાં નવ ખંડો છે, તેમ જ બીજા (દ્વીપો)માં સાતસાત ખંડો છે. તે (દરેક ખંડ)માં એક એક અધિપતિ હોય છે. તેઓ પોતાના નિર્વાહ માટે ચક્રવર્તીની સેવા કરે છે, તેમ દરેકે દરેક ઈન્દ્રિયના સ્વામીઓ આખા સંઘાત (દેહ)ના અધિપતિની સેવા કરે છે. વળી આ (ઈન્દ્રિયોના સ્વામી) નમાલા નથી, પરંતુ વિશ્વ બનાવનારા છે. વળી ખંડના અધિપતિઓ કોઈ સમયે સ્વતંત્ર પણ થાય છે, પરંતુ આ તો સંપૂર્ણ રીતે આપને અધીન જ છે એમ 'જે જ્યાં અધિકાર ઉપર મૂકાયા છે ત્યાં કામ કરે છે જ' શબ્દોથી કહેલું છે. ભગવાનથી ભય પામેલા હોવાથી તેતે રીતે (ભગવાનની આજ્ઞા થાય તેમ) ઘણું જ વધારે કામ કરે છે. તેમ (ભગવાનનો ભય) ન હોત તો નહિ ઈચ્છેલા (કાર્ય)માં તેઓ પ્રવૃત્તિ ન કરત. 'ખરાબ ગંધવાળા, ખરાબ શબ્દવાળા, બગડેલા રસવાળા, ભય કરનારા, કઠણ સ્પર્શવાળા, અને દુઃખથી ભરપૂર કાર્યમાં જેમના ભયથી ઈન્દ્રિયો પ્રવૃત્તિ કરે છે' એ વાક્યમાં (તેમ કહેલું છે). (ભગવાનનો ભય ન હોત તો) મલનો ઉત્સર્ગ કરવો વિગેરે લોકમાં નિંદાએલા કાર્યનો અધિકાર તેઓ કોઈ પ્રકારે ગ્રહણ ન જ કરત.

**સુવર્ણપ્રતિમેવાસૌ સર્વાનન્દમયોઽધિરાટ્ ।।**
**સર્વસેવ્યો નિયન્તા ચ નિર્દુષ્ટઃ સર્વથૈવ હિ ।।૧૫।।**

સુવર્ણની પ્રતિમાના જેવા આ (શ્રીકૃષ્ણ) સર્વ આનંદવાળા[૧૭], સાર્વભૌમ રાજા, બધાએ સેવવા યોગ્ય, (બધાને) વશ રાખનારા અને બધાએ પ્રકારે દોષ વિનાના છે. કા.૧૫.

'ત્વમ્' આપ 'અકરણઃ' ઈન્દ્રિયરહિત 'સ્વરાટ્' સ્વયં પ્રકાશનાર 'અખિલકારકશક્તિધરઃ' અને સર્વ કારકોની શક્તિને ધારણ કરનાર છો. 'અજયા' અજાથી 'અનિમિષાઃ' સાવધાન(દેવો) 'તવ' આપના 'બલિમ્' બલિને 'ઉદ્વહન્તિ' વહે છે 'સમદન્તિ' (અને શેષ) ખાય છે. 'યે' જે 'વિશ્વસૃજઃ' વિશ્વ રચનારાઓ 'યત્ર' જ્યાં 'અધિકૃતાઃ' અધિકાર પર મૂકાયા છે (ત્યાં) 'વર્ષભુજઃ' ખંડના ભોક્તાઓ 'અખિલક્ષિતિપતેઃ' સર્વ ક્ષિતિના પતિની (આજ્ઞા પ્રમાણે વર્તે) 'ઈવ' તેમ 'ભવતઃ' આપથી 'ચકિતાઃ' ભય પામેલા 'તુ વિદધતિ' કામ કરે છે જ. ૧૫.

એ પ્રમાણે (ભગવાનનું) ભજન થઈ શકે તે માટે (તેમનામાં) દોષ નથી એમ ધર્મ અને ધર્મીના પ્રકારથી કહી, નીચેના શ્લોકમાં કાર્ય મારફત થતા દોષ (તેમનામાં) નથી એમ સિદ્ધ કરે છેઃ

**સ્થિરચરજાતયઃ સ્યુરજયોત્થનિમિત્તયુજો**

૧૭. 'સર્વ આનંદવાળા' એટલે સર્વત્ર સર્વ અંશથી સત્ અને ચિત્ હોવા છતાં પણ આનંદ જેમનામાં ઘણો જ છે તેવા. (લે)

**વિહર ઉદીક્ષયા યદિ પરસ્ય વિમુક્ત તતઃ ।।**
**ન હિ પરમસ્ય કશ્ચિદપરો ન પરશ્ચ ભવેદ્વિયત**
**ઈવાપદશ્ચ તવ શૂન્યતુલાં દધતઃ ।।૧૬।।**

'ભગવાન્ પૂર્ણ આનંદવાળા (અને) સર્વ દોષ વિનાના છે તો પછી તેમના અંશો (જીવો) જાત જાતની યોનિ શા માટે પ્રાપ્ત કરે છે ? તેથી[1] જણાય છે કે ભગવાન જ પોતાના હિતને માટે તેમને ઉત્પન્ન કરે છે. તેમ ન હોય તો તેમની ઉત્પત્તિ સંભવે નહિ' એવી શંકા થાય, તેથી (નીચે પ્રમાણે) કહેવામાં આવે છે. જ્યારે આપનો 'વિહરઃ' એટલે વિહાર અથવા પોતાના આનંદથી ક્રીડા થાય છે (ત્યારે જીવો પોતે જ ઉત્પન્ન થાય છે). જેમ પોતાના ઘરમાં રમણ કરનાર રાજાને પણ તે (રમણ)નો આનંદ ઘણો વધતાં બહાર જવાની ઈચ્છા થાય છે, તે પ્રમાણે ભગવાનનો પણ કોઈ સમયે વિહાર થાય છે. તે સમયે જેમ ચોમાસામાં જીવોની ઉત્પત્તિ થાય છે તેમ 'સ્થિરચરજાતયઃ' જુદા જુદા સ્થાવર જંગમ (જીવો) પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે, કારણ કે જીવોની ઉત્પત્તિ થાય તે માટે વરસાદ વરસવા કરતાં વધારે કાંઈ પણ કાર્ય કરતો નથી, તે પ્રમાણે ભગવાન્ પણ એકલા જ વિહાર કરે છે. તે સમયે ચેષ્ટા ઉત્પન્ન થતાં (અને) તે (ચેષ્ટા) કાલ હોવાથી, તે (કાલ)થી પ્રકૃતિ વિગેરે શક્તિઓ પ્રેરાય છે. જેમ રાજા બહાર નીકળે ત્યારે, (કામ કરવા) હુકમ નહિ કરેલા નોકરો પણ કામમાં લાગી જાય છે, તેમ કાલ ગુણોને ખળભળાવે છે. જેમ મોટો અગ્નિ (ભડકો) થાય ત્યારે તણખા નીકળે તેમ જીવો પણ (તે સમયે) નીકળે છે. પછી કાલથી ખળભળાવેલા ગુણો બારોબાર અથવા પરંપરાથી બધાએ કાર્યના સમૂહને ઉત્પન્ન કરે છે. પછી ભગવાનમાંથી નીકળેલા તે જીવો પ્રકૃતિને ભેટીને (તેની સાથે સંબંધમાં આવીને) (પોતાની) કામનાને લીધે નિમિત્ત, કર્મ અથવા અજ્ઞાનનો[2] આશ્રય કરી જ્યાં ત્યાં જુદા જુદા પ્રકારની યોનિ પ્રાપ્ત કરે છે. જેમ અગ્નિમાંથી નીકળેલા તણખાઓ વાયુને ભેટીને તેનાથી જ્યાં ત્યાં લઈ જવાતાં ખડ વિગેરેમાં પડેલા વૃદ્ધિ પામે છે, જલમાં પડેલા વીર્યરહિત (શાંત) થાય છે (અને) ભૂમિ ઉપર પડેલા વચલી સ્થિતિમાં રહે છે, પરંતુ આ વિષયમાં (તેમનું) મૂલ હતો તે અગ્નિ કોઈપણ તણખાને કોઈ સ્થલે

૧. ભગવાનના અંશ જીવોના એની મેળે જન્મમરણ થવાનું કાંઈ પ્રયોજન નહિ હોવાથી, તેમનાં જન્મમરણ સંભવતાં નથી. તેથી ભગવાન જ તેમને પોતાની ક્રીડા માટે ઉત્પન્ન કરે છે અને તેથી ભગવાનમાં પક્ષપાત અને ક્રૂરતાના દોષ રહેલા છે, એવો ભાવ છે. (લે)

૨. (જીવો ભગવાનમાંથી) નીકળ્યા પછી ભગવાનના ધર્મરૂપ 'ચિત્'નો તિરોભાવ થવાથી, તેઓને અજ્ઞાન થાય છે એવો અર્થ છે. (લે)

મૂકતો નથી, તે જ પ્રમાણે આ (જીવોની ઉત્પત્તિ) છે એમ કહે છે કે 'પ્રકૃત્યા' પ્રકૃતિથી જ ઉત્પન્ન થએલા થઈ, તેનાથી જ ઉત્પન્ન થએલાં કર્મરૂપ નિમિત્ત સાથે પણ[3] સંબંધમાં આવે છે. તે વિષયમાં (ભગવાનનો) વિહાર જ નિમિત્ત છે. (ભગવાનની) માત્ર ક્રિયાશક્તિ જ નિમિત્ત હશે એવી શંકા કરી, જ્ઞાનશક્તિ પણ (નિમિત્ત થાય) છે એમ 'ઈચ્છાથી' શબ્દથી કહે છે. જ્યારે ઈચ્છા ઉત્પન્ન થાય છે અને[4] તેની સાથે વિહાર થાય છે એટલે (જ્યારે ભગવાનની) જ્ઞાનપૂર્વક ક્રીડા થાય છે (ત્યારે એમ જીવોની ઉત્પત્તિ થાય છે) એવો અર્થ છે.

'વિહાર પણ પ્રકૃતિ સાથે ભલે થાય, તેમ થતાં બીજા પ્રકારે પણ ભગવાનને દોષ લાગશે' એવી શંકા થાય, તેથી 'પર' શબ્દ યોજેલો છે. ભગવાન્ પ્રકૃતિથી પર એટલે તેને વશ રાખનાર છે. 'તે (પ્રકૃતિ) ભાર્યાથી (ભગવાનને) મોહ ભલે થાય, અથવા તેનામાં જ આસક્તિ ભલે હોય' (એવી શંકા થાય, તેથી કહે છે કે) હે 'તેથી વિમુક્ત!' 'જેમ હલકી દાસીઓ રાજાને વિહારમાં કોઈપણ સ્થલે પ્રેરણા કરનારી હોતી નથી તેમ (ભગવાનને) તે (પ્રકૃતિ)ની સાથે સંબંધ જ નથી કે જેથી તે કાંઈપણ કાર્ય કરે. 'પ્રકૃતિના ગુણો અથવા કાલ (ભગવાનને પ્રેરણા કરનારા) ભલે ન હોય, બીજી જ અંતરંગ શક્તિઓ તેમને પ્રેરણા કરનારી ભલે હોય, અને તેમને લીધે જ (ભગવાનને) દોષનો સંબંધ થશે' એવી શંકા થાય, તેથી શ્લોકનું ત્રીજું ચરણ યોજેલું છે. 'પરમસ્ય' ઘણા મોટા અક્ષરથી પણ ઊંચે રહેનારા, લોકની વાતનો જેમને સંબંધ નથી તેવા[5] ભગવાન્‌થી કોઈ પણ પદાર્થ 'અપરઃ' હલકો અથવા 'પરઃ' ઉત્તમ હોઈ શકે નહિ[6]. રાજાનું દૃષ્ટાંત વિહાર માટે પૂરતું જ આપેલું છે, પરંતુ પ્રેરણા માટે આપેલું નથી. જેમ[7] (પ્રાપ્ત કરવાના વિષયનું) જ્ઞાન થાય તે માટે, અને પછી અશ્વ ઉપર ચઢવા તથા શસ્ત્ર પકડવાં

૩. 'પણ' શબ્દથી એમ જણાવ્યું છે કે અજ્ઞાન સાથે સંબંધમાં આવે છે. (લે)

૪. 'ચ' 'અને' શબ્દથી એમ કહેલું છે કે તે વિહાર ઈચ્છાથી ઉત્પન્ન થએલો છે. (લે)

૫. 'જગતના કર્તા' એ પણ ભગવાનનું એક રૂપ જ છે, પરંતુ ભગવાન્ એટલા જ નથી, એવો ભાવ છે. (લે) ભગવાન્ લોકથી પર છે, લોકને તેમની સાથે કાંઈ સંબંધ નથી, એવો અર્થ જણાય છે.

૬. પ્રેરણા કરનાર (જેને પ્રેરણા કરે છે તેનાથી) હલકો અથવા ઊંચો હોવો જોઈએ. ભગવાનથી કોઈ હલકો અથવા ઊંચો નથી તેથી તેમને કોણ પ્રેરણા કરે ? એવો ભાવ છે; કારણ કે સાર્વભૌમ મહારાજા કરતાં નજીવો માણસ હલકો છે એમ પણ ન કહેવાય. એવો ભાવ છે. (લે)

૭-૭. (આ ભાગનું લેખ પ્રમાણે ભાષાંતર કરેલું છે). રાજા પોતાને ભોગવવાનો પદાર્થ જણાય તે માટે એટલે તે જોવામાં અથવા સાંભળવામાં આવે તે માટે અંતઃકરણ આંખ અને

વિગેરે ક્રિયા થાય તે માટે અંતઃકરણ આંખકાનને પ્રેરણા કરે છે, તે પ્રસંગે અંતરંગ (સેવક) સામગ્રી પ્રાપ્ત કરાવનારો અથવા પ્રેરણા કરનારો થાય છે, તેમ જેને ભોગ માટે વિષય પ્રાપ્ત કરવાનો હોય તેને કોક પ્રેરણા કરે[૭]; પરંતુ જે કેવલ[૮] આનંદ જ છે અને સર્વ વિષયના સંબંધ વિનાના છે તેવા (ભગવાન્)ને[૯] કોણ કેવી રીતે પ્રેરણા કરનાર થાય ? તે માટે[૧૦] ભગવાનને તેવી સામગ્રી[૧૧] નથી એમ કહે છે. સામગ્રી પાંચ પ્રકારની છે. (૧) સ્વરૂપ (૨) સ્થાન (૩) ચોક્કસ આકાર (૪) ઊંચી સ્થિતિવાળા પદાર્થ અને (૫) હલકી સ્થિતિવાળા પદાર્થ. તે (પાંચ) પૈકી કોઈ ભગવાનમાં નથી, કારણ કે (ભગવાન્) સર્વથી પરમ, એટલે ઊંચી અથવા હલકી સ્થિતિ વિનાના, સર્વથી[૧૨] જૂદા પ્રકારના છે. તેથી જ તેમનાથી કોઈ હલકો પણ નથી તેમ ઊંચો પણ નથી. શ્લોકમાં રહેલ બે 'ન' શબ્દો (ભગવાનને સર્વથી) જૂદા (પ્રકારના) જણાવે છે, અને સર્વ પદાર્થોથી ભગવાન્ જૂદા પ્રકારના છે એમ એની મેળે સિદ્ધ થાય તે માટે ભગવાન્ 'અપદઃ' સ્થાનરહિત પણ થાય છે. (શ્લોકમાં 'અપદઃ' પછી) 'ચ' શબ્દ છે તેથી તેની (સ્થાનની) સામગ્રી રહિત પણ ભગવાન્ થાય છે એમ કહેલું છે.

'સર્વે પદાર્થ આધારવાળા હોય છે તેથી આ (ભગવાન્) આધાર (સ્થાન) વિનાના કેમ ?' એવી શંકા થાય, તેથી 'આકાશની પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. (ભગવાન્) આકાશ જેવા, કોઈપણ ક્રિયામાં નહિ રોકાએલા છે. આથી[૧૩] (તે)

---

કાનને પ્રેરણા કરે છે એટલે તે પદાર્થને જોવા અથવા સાંભળવા તત્પર થાય છે. એવા રાજાનો અંતરંગ સેવક તેને વાડી, ગાન વિગેરે સામગ્રી પ્રાપ્ત કરાવે છે. પછી રાજા ઘોડા ઉપર ચઢવું અથવા શસ્ત્ર ગ્રહણ કરવાં વિગેરે ક્રિયા કરવા અંતઃકરણને પ્રેરણા કરે છે એટલે તેવી ક્રિયા કરવા તત્પર થાય છે ત્યારે તેવો સેવક ઘોડો, શસ્ત્ર વિગેરે સામગ્રી લાવી આપે છે; અથવા તેની સામગ્રી હાજર હોય તો તે કાર્ય કરવા રાજાને પ્રેરણા કરે છે. ભગવાનને તો ભોગ કરવા યોગ્ય પદાર્થ જ નથી તેથી કોઈપણ અંતરંગ શક્તિ વિહાર કરવા તેમને પ્રેરણા કરનારી નથી, એવો અર્થ છે. (લે)

૮. 'કેવલ' એટલે 'ઇન્દ્રિય વિનાના'. (લે)

૯. અહિં 'તં' પછી 'પ્રતિ' શબ્દ અધ્યાહાર છે. (લે)

૧૦. અહિં 'તત્ર' શબ્દ નિમિત્તસપ્તમીના અર્થમાં છે. 'પ્રેરણા (કરનાર કોઈ) નથી એમ સિદ્ધ કરવા માટે' એવો અર્થ છે. (લે)

૧૧. 'પ્રેરણાના કારણરૂપ ભોગ પ્રાપ્ત કરાવનારી સામગ્રી' એવો અર્થ છે. (લે).

૧૨. પાંચ પ્રકારની સામગ્રી સિવાયના બીજા પદાર્થો ભગવાનમાં નથી એ તો એની મેળે સિદ્ધ થાય છે. બે 'ન' શબ્દો શ્લોકમાં છે તે શબ્દોથી એમ કહેલું છે. (લે) આથી ચોથા અને પાંચમા પ્રકારની ભોગ પ્રાપ્ત કરાવનારી સામગ્રી ભગવાનને નથી એમ સિદ્ધ થયું.

૧૩. દૃષ્ટાંતથી એમ દેખાડ્યું કે ભગવાનને આધાર નથી, એટલે પાંચ સામગ્રી નથી, એવો અર્થ

બધા વિશેષ વિનાના (છે એમ) કહેલ છે. 'શૂન્યની સમાનતા ધારણ કરનાર' શબ્દોથી (તેમનું) સ્વરૂપ પણ કોઈને પ્રત્યક્ષ નથી એમ કહેલું છે. શૂન્યવાદ નથી (ભગવાન્ શૂન્ય નથી) એમ જણાવવા 'સમાનતા' પદ યોજેલું છે 'આ પુરુષ સંગ વિનાના છે' 'રૂપ વિનાનું સ્પર્શ વિનાનું' વિગેરે શ્રુતિઓએ આ જ (અર્થ) કહેલો છે. માત્ર[૧૪] 'છે' એમ જ જાણવા યોગ્ય છે. તેથી આવા (ભગવાન્)ને કોણ જાણે કે (તેમને) પ્રેરણા કરે ?

**સર્વભાવવિનિર્મુક્તઃ પૂર્ણઃ ક્રીડાર્થમુદ્યતઃ ।।**
**નિમિત્તં તં સમાશ્રિત્ય જાયન્તે જીવરાશયઃ ।।૧૬।।**

સર્વ ભાવથી રહિત પૂર્ણ (શ્રીકૃષ્ણ) ક્રીડા માટે તૈયાર થયા છે. તે નિમિત્તનો[૧૫] સારી રીતે આશ્રય કરીને જીવોના સમૂહો નીકળે છે. કા.૧૬.

'યદિ' જો (જ્યારે) 'પરસ્ય' પરનો 'ઉદીક્ષયા' ઈચ્છાથી 'વિહરઃ' વિહાર (થાય ત્યારે) 'સ્થિરચરજાતયઃ' સ્થાવર જંગમ જાતિઓ 'અજયા' અજાથી 'ઉત્થનિમિત્તયુજઃ' ઉત્પન્ન થએલ નિમિત્તવાળી 'સ્યુઃ' થાય છે. 'તતઃ વિમુક્ત' હે તેથી વિમુક્ત (સંબંધ રહિત) 'હિ' કારણ કે 'વિયતઃ' આકાશની 'ઈવ' પેઠે 'અપદસ્ય' સ્થાનરહિત 'શૂન્યતુલામ્' શૂન્યની સમાનતા 'દધતઃ' ધારણ કરનાર 'તવ' આપ 'પરમસ્ય' પરમથી 'કશ્ચિત્' કોઈ પણ 'અપરઃ' અપર 'ન' નથી 'પરશ્ચ' અને પર પણ 'ન ભવેત્' નથી. ૧૬.

એ પ્રમાણે જીવોને જુદા જુદા પ્રકારની યોનિના સંબંધને લીધે થતો દોષ (ભગવાનમાં) નથી એમ સિદ્ધ કર્યું. હવે પ્રસંગને લીધે[૧] ભગવાનનું માહાત્મ્ય સાબિત થાય તે માટે જીવો ભગવાનને અધીન છે એમ સિદ્ધ કરવા, નીચેના શ્લોકમાં (જીવો) સ્વતંત્ર છે એવો મત વર્ણવી તેને ખોટો ઠરાવે છેઃ

**અપરિમિતા ધ્રુવાસ્તનુભૃતો યદિ સર્વગતાઃ**
**તર્હિ ન શાસ્યતેતિ નિયમો ધ્રુવ નેતરથા ।।**

---

થયો. (લે) 'આધાર નથી' એમ કહ્યું એટલે સ્થાનરૂપ બીજી સામગ્રી નથી એમ પણ સિદ્ધ થયું.

૧૪. ભગવાન્ 'છે' એટલું જ માનવાનું કહ્યું, પરંતુ તેમનાં સ્વરૂપનું અથવા ધર્મોનું આપણી ઈન્દ્રિયોથી જ્ઞાન થઈ શકતું નથી એવો અર્થ છે. (લે) આ પેરામાં પહેલી સામગ્રી પણ નથી એમ કહેવાયું.

૧૫. 'તે નિમિત્ત' એટલે 'ક્રીડારૂપ કાલે કરેલા ગુણોનો ખળભળાટ'નો આશ્રય કરીને જીવોના સમૂહો ઉત્પન્ન થાય છે એટલે તણખાઓ પેઠે નીકળે છે, એવો અર્થ છે. (લે)

૧. ભગવાનમાં દોષ નથી, એમ જણાવવામાં આવતાં તેમનું માહાત્મ્ય પણ (આપણને) સાંભરે છે એવો અર્થ છે. (લે)

**અજનિ ચ યન્મયં તદવિમુચ્ય નિયન્તૃ ભવેત્-**
**સમમનુજાનતાં યદમતં મતદુષ્ટતયા ॥૧૭॥**

જો જીવો વ્યાપક (સર્વ સ્થલે રહેલા) હોય, તો (પોતાના તેવા) સ્વરૂપને લીધે ભગવાનને વશ રહેનારા ન હોય. તેઓ વ્યાપક હોય તો ભોગ માટે અથવા મોક્ષ માટે અથવા દુઃખ ન રહે તે માટે તેમને તેમની (ભગવાનની) જરુર ન રહે એમ આગળ કહેવાનું છે. તેથી જો જીવો તણખા જેવા છે એવો શ્રુતિમાં કહેલો નિયમ સ્વીકારવામાં આવે તો જ (જીવ અને ભગવાનમાં) વશ રહેનાર અને વશ રાખનારની સ્થિતિ સંભવે, પણ સ્માર્તમત પ્રમાણે જીવો વ્યાપક હોય તો તે સંભવતી નથી, તેથી (જીવો) વ્યાપક નથી એમ સિદ્ધ કરવામાં આવે છે. નૈયાયિક વિગેરે કેટલાક જીવને વ્યાપક માને છે. તેઓનો એવો અભિપ્રાય છે કે 'જે નિત્ય[2] હોય તે અણુ[2] અથવા વ્યાપક[2] હોય, મધ્યમ કદવાળું ન હોય, કારણ કે મધ્યમ કદવાળું અનિત્યપણાથી ઘેરાએલું (સર્વથા અનિત્ય જ) હોય છે. જો જીવ અણુ કદનો હોય તો આખા શરીરમાં પ્રસરતું ચૈતન્ય પ્રાપ્ત થાય નહિ. વળી બીજા (દૂરના) પ્રદેશમાં જે દ્રવ્ય આપણા ભોગ માટે ઉત્પન્ન થાય છે તેમાં (તેની ઉત્પત્તિનું) કારણ આપણું અદષ્ટ છે એમ કહેવું જોઈએ. તેથી તેની ઉત્પત્તિના પ્રદેશમાં અદષ્ટની પેઠે આત્માનો સંયોગ કારણ છે. તેથી આત્મા(જીવ) વ્યાપક છે એમ સિદ્ધ થાય છે. તેથી આત્મા (જીવ) દેશની હદ વગરના છે. 'નિત્ય' શબ્દથી તેઓને કાલની હદ વગરના કહેલા છે. જો આત્મા અનિત્ય હોય તો (તેનો) મોક્ષ ન થાય. જે વ્યાપક[3] હોય તે અનિત્ય ન હોય એમ સાબિત થએલું છે. વળી[4] તેઓ

૨-૨-૨. જેના કટકા થઈ શકે તે પદાર્થ નિત્ય (સદા રહેનાર, કોઈ સમયે નાશ નહિ પામનાર) હોઈ શકે નહિ. જે સર્વ સ્થલે રહેલ છે તેના કટકા થઈ શકે નહિ, કારણ કે બે કટકા વચ્ચે જગ્યા રહે ત્યારે કટકા થઈ શકે, પરંતુ સર્વત્ર રહેનાર (વ્યાપક) પદાર્થના તેવી રીતે કટકા થઈ ન શકે તે સ્પષ્ટ જ છે. વળી હરકોઈ પદાર્થના કટકા કરતાં સર્વથી નાનો કટકો આવે, કે જેનો પછી કટકો થઈ જ ન શકે. આવા નાનામાં નાના કદને 'અણુ' કહે છે. તેનો કટકો પછી થઈ શકતો નહિ હોવાથી તે પણ નિત્ય છે. વ્યાપક અને અણુ કદના વચલા કદવાળા પદાર્થોના કટકા થઈ શકે તેમ હોવાથી તે બધા અનિત્ય છે.

૩. 'વ્યાપક' એટલે 'સર્વથી મોટા કદવાળું' એવો અર્થ છે. (લે)

૪. 'અપરિમિતાઃ' 'પરિમાણ વિનાના' શબ્દથી 'આટલાપણું' એવી હદ વગરના હોવાથી સર્વથી મોટા કદવાળા કહ્યા. 'સર્વના સંબંધવાળા' શબ્દથી સર્વની સાથે સંયોગસંબંધવાળા (જોડાએલા) કહ્યા એવો ભેદ છે. બ્રહ્મવાદ પ્રમાણે વ્યાપક નિત્ય બ્રહ્મનો પણ કોઈની સાથે સંયોગ થતો નથી, કારણ કે બ્રહ્મ લેપાતું નથી, અને શ્રુતિ પણ તેને 'સંગરહિત' કહે છે. નૈયાયિકના મત પ્રમાણે તો જેનું સર્વથી વધારે (વ્યાપક) કદ હોય તેને સર્વનો સંબંધ થાય જ

સર્વના સંબંધવાળા છે. સર્વ સ્થલે બધા આકારવાળા દ્રવ્યો સાથે તેઓને સંયોગસંબંધ છે એમ કહેવું જોઈએ. તેમ ન હોય તો તેઓને ભોગ પ્રાપ્ત કરાવનારાં તે દ્રવ્યો હોય (હોઈ શકે) નહિ[૫]; કારણ કે અનાદિ સંસારમાં કોઈપણ પદાર્થ કોઈનો નથી[૬] એમ સાબિત થતું નથી. એ પ્રમાણે આત્માને બે પ્રકારની હદ નથી, અને સર્વ આકારવાળા દ્રવ્યો સાથે સંયોગસંબંધ છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ, એવો તેઓનો મત (શ્રુતિ) કહીને તેનું ખંડન કરે છે:

જો જીવો સર્વના સંબંધવાળા હોય તો તેઓમાં નિયમ્યપણું (બીજા કોઈને વશ રહેવાપણું) નથી એવો નિયમ છે. આ વશ રાખવાનું કર્મના નિમિત્તનું[૭] નથી, તે તો યમ વિગેરેનું કાર્ય છે, પરંતુ (આ તો) દાસ અને સ્વામીની પેઠે વશ રહેનાર અને વશ રાખનારની સ્થિતિ છે. જીવો વ્યાપક હોય તો તેઓમાં દાસપણું ન હોય એવો અર્થ છે. વળી તેમ (જીવો વ્યાપક) હોય તો ઈશ્વર (છે એમ) પણ સિદ્ધ ન થાય, કારણ કે (તેમનું) પ્રયોજન રહે નહિ. સર્વ સ્થલે જીવ જ કારણ તરીકે હાજર રહેવાથી, તે જ પોતાનો ભોગ પ્રાપ્ત કરી શકે. અદષ્ટને વશ (કાબુમાં) રાખનારું તો કર્મ જ છે, ભોગ તો અદષ્ટથી વશ રહેનાર છે. કર્મ પ્રયત્નથી કાબુમાં રહેનારું છે. તેથી જીવો માટે ઈશ્વરની જરુર નહિ રહેવાથી, ઈશ્વર (છે એમ) પણ સિદ્ધ થશે નહિ, તો પછી (જીવ અને ઈશ્વરનો) વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ (તો) દૂર રહ્યો (સાબિત ન જ થાય). 'વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ સિદ્ધ થશે નહિ' એમ જે શ્રુતિઓ કહે છે[૮] તેઓનો આ (એવો) અભિપ્રાય છે કે[૯] 'ભોગ નક્કી થઈ શકે નહિ, અને (દરેક જીવનો) ભોગ નક્કી થએલો છે એમ દેખાય છે.' (નૈયાયિક વિગેરેના મત પ્રમાણે

---

એમ જાણવું. (લે)

૫. કારણ કે તે જીવના અદષ્ટથી તે પદાર્થ ઉત્પન્ન થએલાં નથી. (લે)

૬. 'જે પદાર્થ કોઈના પણ ભોગ માટે ઉત્પન્ન થએલ ન હોય તેને અદષ્ટથી ઉત્પન્ન થવાની શી જરુર ?' એવી શંકા થાય તેથી કહે છે કે તેવો કોઈ પદાર્થ છે જ નહિ. (લે)

૭. જેનું જેવું કર્મ તેને તેવી શિક્ષા થાય. તેથી 'કર્મના નિમિત્તનું' એટલે કર્મના કારણથી જેમાં શિક્ષા કરવામાં આવે છે તેવું. આ વશ રાખવાનું તેવું નથી, એવો અર્થ છે. (લે)

૮. ''શ્લોકમાં 'જીવો વ્યાપક હોય તો ઈશ્વર છે એમ સિદ્ધ થતું નથી' એવું દૂષણ કેમ ન કહ્યું ?'' એવી શંકા થાય, તેથી આ કહે છે. અહિં 'જીવ અણુ છે' એમ સિદ્ધ કરવાનું છે, પરંતુ વિતંડા કરવાની નથી. તેથી ઈશ્વર છે એમ સ્વીકારી, જીવો તેમને વશ છે તે કારણથી વ્યાપક નથી એમ સિદ્ધ કરી, તેઓ અણુ છે એમ સિદ્ધ કરે છે એવો અર્થ છે.

૯...૯. આ ભાગથી શ્રુતિનો અભિપ્રાય કહેલો છે. (લે)

વ્યાપક જીવો) ઘણા હોવાથી, એક શરીરમાં બધાઓનો સંબંધ સરખો હોવાથી, એક શરીર કેરીનું ભક્ષણ કરે ત્યારે એક જીવને જ સુખ કેમ થાય ? 'તે (સુખ) (તે જીવના) અદૃષ્ટે ઉત્પન્ન કરેલું છે' એમ કહો તો તે અદૃષ્ટ તે જ જીવનું છે અને બીજાનું નથી, એ વિષયની શું ખાતરી? (તે શરીર સાથે બધા જીવોને) આત્માનો સંયોગ સરખો હોવાથી, (બધાનાં) જ્ઞાન, ઈચ્છા અને પ્રયત્ન પણ સરખાં થાય. વળી ઈશ્વર વિના કોઈ બીજો (ભોગ) નક્કી કરનાર નથી કે જેનાથી દરેક જીવ પોતાનો નક્કી કરેલો ભોગ (ભોગવતો) દેખાય છે એ નિયમ સિદ્ધ થાય. ભોગ નક્કી કરનાર ઈશ્વર છે એમ સ્વીકારવામાં આવે ત્યારે તો '(આ ભોગ) એક જ જીવ ભોગવો, બીજો નહિ' એવા ઈશ્વરના કાબુને લીધે (એ) નિયમ ઘટે છે. અદૃષ્ટના સંબંધમાં પણ તેવું જ જાણવું. તેથી ભોગ નક્કી કરવા માટે નક્કી કરનાર ઈશ્વર છે એમ અવશ્ય કહેવું જોઈએ[૯]. અને જીવ વ્યાપક હોય તો તે (ઈશ્વરનું ભોગ નક્કી કરવાપણું) ઘટતું નથી, કારણ કે મોટાપણાંને (મોટા કદને) લીધે તે (જીવ)ને થતા અભિમાનને લીધે અને (કદમાં ઈશ્વર સાથે) સમાનપણાને લીધે તે ભગવાનને ગણકારે નહિ. જો દરેક (જીવ)નો મુકરર કરેલો ભોગ ઈશ્વરથી જ સિદ્ધ થતો હોય તો (જીવ) વ્યાપક છે એમ કહેવું (માનવું) ન જોઈએ. અણુ કદવાળા (જીવ)માં પણ ગંધની પેઠે[૧૦] દેહ સુધી પ્રસરેલો ચૈતન્ય ગુણ સંભવે છે. જ્યારે (ગંધની) ચાલુ ઉત્પત્તિની તપાસ કરવામાં આવે ત્યારે ગંધ (પોતાના) આશ્રય (આધાર)થી છૂટી પડતી નથી એમ જ (માનવું) યોગ્ય છે, કારણ કે (તેમ) જોવામાં આવે છે. તેમ ન હોય તો[૧૧] પત્ર પુષ્પ વિગેરેની પેઠે (ગંધ) પોતાના આશ્રયને પણ તજીને બીજે જાય છે એમ જ માનવું જોઈએ, કારણ કે વાયુ ગંધને લઈ જાય છે એવી પ્રસિદ્ધિ છે, અને 'જેમ સારી રીતે ફૂલ આવેલા વૃક્ષની ગંધ દૂરથી વાય છે' એવી શ્રુતિ છે[૧૨]. (ગંધના) અવયવો જાય છે[૧૩] એવી કલ્પના તો

૧૦. 'જીવ અણુ હોય તો આખા શરીરમાં તેનો ચૈતન્ય ગુણ કેમ જણાય છે ?' એવી શંકા થાય, તેથી ગંધના દૃષ્ટાંતથી તે સિદ્ધ કરે છે. (લે)

૧૧. (ગંધવાળા દ્રવ્યનાં) અવયવો ઉત્પન્ન થાય છે એમ માનવામાં આવે તો જેમ વૃક્ષમાંથી ઉત્પન્ન થએલાં પાંદડાં, ફૂલ વિગેરે પોતાના આશ્રય વૃક્ષને તજી બીજા સ્થલે જાય છે તેમ (ગંધવાળા પદાર્થના) અવયવો અને તેમની સાથે ગંધ પણ પોતાના આશ્રયને તજી બીજા સ્થલે જાય છે એમ વાયુ ગંધ લઈ જનાર છે એમ સિદ્ધ કરવા માનવું જોઈએ. એમ કરવાથી પ્રત્યક્ષનો વિરોધ થાય, એવો ભાવ છે. (લે)

૧૨. અવયવો ઉત્પન્ન થતા નથી, એવું શ્રુતિનું પ્રમાણ કહે છે. (લે)

૧૩. 'નવા અવયવો ભલે ઉત્પન્ન થતા ન હોય, હતા તે જ અવયવો એટલે દૂર જાય છે' એવી

યોજન સુધી જતી ગંધના સંબંધમાં ખોટી ઠરે છે, 'કારણ કે ફૂલોની નજીક જેવી ગંધ પ્રકટ થાય છે તેવી એક તે ફૂલ નાકમાં જતાં પણ થતી નથી[૧૪]'. તેથી ગંધની પેઠે ચૈતન્ય પણ આખા દેહમાં પ્રસરેલું રહે છે, અને લોકમાં હદવાળા (પદાર્થ)માં જ વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ હોય છે.

'વશ રાખનાર (ઈશ્વર) હદવાળો ભલે હોય. તેમાં શું દોષ છે[૧૫]?' એવી શંકા થાય, તેથી 'હે ધ્રુવ !' એવું સંબોધન કરેલું છે. જે નિશ્ચલ (ગતિ થઈ શકે નહિ તેવા) છે તે વ્યાપક જ હોય છે[૧૬]. બીજા પ્રકારે[૧૭] તો ભૂમિ વિગેરેમાં પણ ધ્રુવપણું જોવામાં આવે છે. તેથી ઈશ્વર વ્યાપક જ છે. 'તેમનામાં આકાશ લાંબુ અને પહોળું ગૂંથાએલું છે' શ્રુતિ પણ ઈશ્વરને વ્યાપક કહે છે. 'કોતણાંની અણી જેટલો બીજો પણ જોવામાં આવેલ છે' એ શ્રુતિ અને 'જીવ અણુ નથી, વ્યાપક હોવાની શ્રુતિને લીધે' એમ કહો તો તેમ નથી, કારણ કે તે બીજાના અધિકારનું (બીજા એટલે ઈશ્વરના સંબંધમાં કહેલું વાક્ય) છે'(બ્રહ્મસૂ ૨।૩।૨૧) એ સૂત્ર પ્રમાણે ઈશ્વર વ્યાપક છે. 'અન્ય પ્રકારે' એટલે જીવ વ્યાપક હોય, (અને) ભગવાન્ અણુ હોય અથવા (એ બેમાંથી) એક પણ જૂદા પ્રકારના (બંને વ્યાપક અથવા બંને અણુ) હોય તો પણ વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ ઘટતો નથી, એવો ભાવ છે.

'આ વિષયમાં કાંઈ દૃઢ તર્ક (કહેલો) નથી. (જીવ) વ્યાપક પણ ભલે હોય

---

શંકા થાય, તેથી આ કહે છે. દેખાય પણ નહિ તેટલા નાના અવયવો યોજન સુધી દૂર જઈ શકે નહિ, એવો અર્થ છે. (લે)

૧૪. ઘણા ફૂલોની નજીક હોય તેથી જ જેટલી ગંધ આવે છે તેટલી ગંધ એક ફૂલ નાકે લગાડવાથી પણ આવતી નથી, તો પછી તેના ઘણા નાના અવયવોમાંથી ગંધ કેવી રીતે આવે ? એવો અર્થ છે. (લે)

૧૫. વશ રહેનાર હદવાળો છે એમ લોકના દૃષ્ટાંતથી સિદ્ધ કર્યું. લોકમાં તો વશ રાખનાર પણ હદવાળો હોય છે. તેથી આવી શંકા થાય છે, એમ જાણવું. (લે)

૧૬. ભગવાન્ નિશ્ચલ વશ રાખનારા છે. લૌકિક રાજા વિગેરે તો ધ્રુવ (નિશ્ચલ) નથી. તેથી વશ રાખવાપણામાં તે દૃષ્ટાંત યોગ્ય નથી એવો ભાવ છે. (લે)

૧૭. 'લૌકિક રાજા વિગેરે પેઠે ધ્રુવપણું પણ થોડા સમયનું હોય' એવી શંકા થાય, તેથી આ કહે છે. થોડા સમયનું ધ્રુવપણું તો ભૂમિ વિગેરેમાં પણ નથી. ભૂમિ પણ સદા ધ્રુવ છે. લોકમાં જણાતા (ભૂમિ જેવા) પદાર્થ પણ સદા ધ્રુવ છે તો પછી ભગવાનમાં સદાનું ધ્રુવપણું હોય જ. એવો ભાવ છે. (લે). ભૂમિ સદા ધ્રુવ નથી. ભૂમિ વ્યાપક પણ નથી. તેથી આ અર્થ યોગ્ય જણાતો નથી. અહિં 'ન' શબ્દ વધારે લખાઈ ગએલો જણાય છે. થોડા સમયનું ધ્રુવપણું તો ભૂમિ વિગેરેમાં પણ છે, પરંતુ નિશ્ચલ (સદાનું) ધ્રુવપણું ભગવાનમાં જ છે. તેથી ભગવાન્ વ્યાપક છે એવો અર્થ જણાય છે.

અને વશ રહેનાર પણ ભલે હોય. (તેમાં) શું દોષ છે ? નાનો બાલક સિંહ પણ મોટા હાથીને વશ રાખે છે. નાનો રાજા પણ બધા લોકોને વશ રાખે છે. નાનો અગ્નિનો તણખો પણ બધાં ઘરોને બાળી મૂકે છે; તેથી મોટા કદવાળો વશ રાખનાર છે એમ નથી, તેમ જ નાના કદવાળો વશ રહેનાર છે એમ પણ નથી. તેથી (આ તમારો) આગ્રહ નકામો છે' એવી શંકા થાય, તેથી '(જે) જેનામય ઉત્પન્ન થયું (તે) તેને તજ્યા વિના વશ રાખનાર થાય ?' એમ કહેલું છે. જે (જીવ) જેનામય (બ્રહ્મમય) ઉત્પન્ન થએલ હોય (તે જીવ) 'તદવિમુચ્ય' તે (બ્રહ્મપણા)ને તજ્યા વિના વશ રાખનાર થાય?[૧૮] પરંતુ ન જ થાય, એવો અર્થ છે. હારનાર અને હરાવનારનો સંબંધ અને બળનાર અને બાળનારનો સંબંધ જૂદા (પ્રકારના) છે અને વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ તો જૂદા (પ્રકારનો) છે. રાજ્યમાં ઉત્પન્ન થએલી પ્રજા રાજ્યમય હોય છે અને રાજ્ય રાજાનું અંગ છે. તેથી પ્રજા રાજામય જ છે. તેવી જ રીતે જીવો પણ ભગવન્મય છે. જો તેઓ વ્યાપક હોય તો કોઈ પણ રીતે તન્મય (ભગવન્મય) ન હોય (હોઈ શકે). (જીવોને ઈશ્વર સાથે) સદાનો સંબંધ હોવા છતાં[૧૯] પણ (ભોગ મુકરર કરવામાં ઈશ્વર) જરુર વિનાના છે એમ કહેનાર સાહસ કરનાર[૧૯] છે. તેથી (જીવોનું) તન્મયપણું (ભગવન્મયપણું) બીજા પ્રકારે સિદ્ધ થતું નહિ હોવાથી, જીવ વ્યાપક નથી એમ સિદ્ધ થાય છે.

'વેદાંતીઓ પણ આત્માનું એકપણું (જીવ અને બ્રહ્મ એક જ છે એમ) કહેતા (હોવાથી તેઓનો) વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ (હોવાનું) સ્વીકારતા નથી, કારણ કે તેઓ સર્વમાં સમાન દષ્ટિવાળા છે. તેથી વેદાંતમાં (જીવ અને ઈશ્વરનો) વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ નથી' એમ જેઓ કહે છે તે(ઓનો મત) જણાવી, 'સમ માનનારાઓને ઈષ્ટ નથી' શબ્દોથી (શ્રુતિ તેને) ખોટો પાડે છે. 'બ્રાહ્મણમાં અને ઢેઢમાં, ચોરમાં અને વેદ જાણનાર બ્રાહ્મણમાં, સૂર્યમાં અને (અગ્નિના) તણખલામાં, તેમ જ ક્રૂર ન હોય તેમાં અને ક્રૂરમાં સમાન દષ્ટિવાળો પંડિત મનાએલો છે' (ભાગ.૧૧।૨૯।૧૪) એ વાક્ય પ્રમાણે બ્રહ્મ

૧૮. જે જીવ જેનામય (બ્રહ્મમય) હોય, તે જીવ તે (બ્રહ્મમયપણું) તજ્યા વિના વશ રાખનાર થાય? તે (બ્રહ્મ) જ વશ રાખનાર થાય, એવો અર્થ છે. તેથી જીવ ભગવન્મય હોવાથી ભગવાનને વશ રહેનાર છે એમ કહેલું છે. જો જીવ વ્યાપક હોય તો તે ભગવન્મય હોવાનું સંભવતું નથી તેથી જીવ અણુ છે, એવો અર્થ છે. (લે)

૧૯-૧૯. જીવને ઈશ્વર સાથે સદાનો સંબંધ છે, છતાં પણ તેને ભોગ પ્રાપ્ત કરાવનાર અદૃષ્ટ જ છે, પરંતુ ઈશ્વર નથી એમ કહેવામાં આવે, તો ઉપર જણાવ્યું તેમ 'ઈશ્વર છે' એમ જ સિદ્ધ થશે નહિ. તેથી આમ કહેવું એ સાહસનું કાર્ય છે એવો અર્થ છે. (લે)

જાણનારાઓ સમાન દૃષ્ટિવાળા હોવાથી જેઓ સર્વ સ્થલે બ્રહ્મ જૂએ છે તેઓને પણ આ ઈષ્ટ નથી;[20] તેઓ પણ જીવ અને ઈશ્વર નો વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ સ્વીકારે છે જ. તેમ ન હોય તો ભગવાન્ મુક્ત (જીવોએ) પાસે જવા યોગ્ય ન હોય. વળી 'ચાર પ્રકારના ભક્તો મને ભજે છે'(ભગ.ગીતા ૭।૧૬) એમ જ્ઞાનીઓ પણ ભગવાનનું ભજન કરે છે એમ કહેલું છે.

'જ્ઞાનમાર્ગમાં (જીવ ભગવાનથી) વશ રહેવા યોગ્ય ભલે ન હોય. (તેમાં) શું દોષ છે?' એવી શંકા થાય, તેથી 'મતમાં દુષ્ટ હોવાને લીધે' શબ્દ યોજેલ છે. 'મતે' બ્રહ્મવાદમાં આ અર્થ દુષ્ટ છે તેથી, એવો તેનો અર્થ છે. 'આ સર્વના ઈશ્વર છે, આ લોકપાલ છે, આ ભૂતોના અધિપતિ છે' એમ ઉપનિષદોમાં સર્વ સ્થલે ભગવાન્ વશ રાખનાર છે એમ કહેલું છે. 'હે ગાર્ગિ ! આ અક્ષરની જ આજ્ઞાથી આકાશ અને પૃથ્વી ધારણ કરેલાં રહેલાં છે' વિગેરે શ્રુતિઓમાં ઈશ્વરની આજ્ઞા સ્પષ્ટ જ જોવામાં આવે છે અને 'અને તે ધારણ કરેલાં રહેવાની સ્થિતિ આજ્ઞાને લીધે છે' (બ્રહ્મસૂ.૧।૩।૧૧) સૂત્રમાં પણ નિર્ણય કરેલો છે[21]. તેથી ભગવાનની આજ્ઞા (ચાલે છે એ) સર્વ વાદવાળાઓને કબુલ છે, અને જીવો વ્યાપક હોય તો તે ઘટતું નથી, કારણ કે તેઓ ભગવન્મય ન હોવાનું અનુમાન થાય; એવો અર્થ છે.

**નિયન્તા જીવસંઘસ્ય હરિસ્તેનાણવો મતાઃ ।।**
**જીવા ન વ્યાપકાઃ ક્વાપિ ચિન્મયા જ્ઞાનિનાં મતાઃ ।।૧૭।।**

જીવોના સમૂહને વશ રાખનાર હરિ છે. તેથી જીવો અણુ મનાએલા છે. જીવો કોઈપણ સમયે વ્યાપક નથી. જ્ઞાનીઓ (તેમને) ચિન્મય માને છે. કા.૧૭.

'યદિ' જો 'અપરિમિતાઃ' પરિમાણ વિનાના 'ધ્રુવાઃ' નિત્ય 'તનુભૃતઃ' જીવો 'સર્વગતાઃ' સર્વના સંબંધવાળા હોય 'તર્હિ' તો 'શાસ્યતા' (તેમનામાં) નિયમ્યપણું 'ન' નથી 'ઈતિ' એવો 'નિયમઃ' નિયમ છે. 'ધ્રુવ' હે ધ્રુવ ! 'ઈતરથા' અન્ય પ્રકારે 'ન' નથી જે 'યન્મયં' જેનામય 'અજનિ' ઉત્પન્ન થયું 'તદ્' તેને 'અવિમુચ્ય' તજ્યા વિના 'નિયન્તૃ' વશ રાખનાર 'ભવેત્' થાય ? 'યત્' જે જીવનું ભગવાનથી અનિમ્યપણું 'સમમ્' બ્રહ્મને સમ 'અનુજાનતામ્' માનનારા-ઓને 'મતદુષ્ટતયા' મતમાં દુષ્ટ હોવાને લીધે 'અમતમ્' ઈષ્ટ નથી. ૧૭.

એ પ્રમાણે ભક્તિ થઈ શકે તે માટે (જીવ અને ભગવાનનો) વશ રહેનાર અને વશ રાખનારનો સંબંધ જણાવ્યો, અને તેનું કારણ જીવો તન્મય

૨૦. જીવ વ્યાપક છે એવું બ્રહ્મ જાણનારાઓને પણ ઈષ્ટ નથી, તેઓ પણ એમ માનતા નથી, એવો અર્થ છે. (લે)
૨૧. 'ભગવાન્ વશ રાખનાર છે એવો' નિર્ણય કરેલો છે. (લે)

(ભગવન્મય) હોવાનું કહ્યું. તેથી એમ પ્રાપ્ત થાય છે કે જે જેનામય હોય તે તેનાથી વશ રહેનાર છે. આમ હોવાથી દેહ વિગેરેના[1] સમૂહમાં જીવે પ્રવેશ કરેલો હોય ત્યારે, જડ ભાગ પ્રકૃતિમય હોવાથી, અને ચિદ્ ભાગ પુરુષમય હોવાથી, (તે દેહ વિગેરેના સમૂહમાં પ્રવેશ કરેલો જીવ) પ્રકૃતિ અને પુરુષને જ વશ રહેનાર હોવાનું યોગ્ય છે, પરંતુ પુરુષોત્તમને વશ રહેનાર હોવાનું યોગ્ય નથી, એવી શંકા નીચેના શ્લોકમાં કરી તેને ખોટી ઠરાવે છેઃ

**ન ઘટત ઉદ્ભવઃ પ્રકૃતિપુરુષયોરજયોરુ-**
**ભયયુજા ભવન્ત્યસુભૃતો જલબુદ્બુદવત્ ।।**
**ત્વયિ ત ઈમે તતો વિવિધનામગુણૈઃ પરમે**
**સરિત ઈવાર્ણવે મધુનિ લિલ્યુરશેષરસાઃ ।।૧૮।।**

જે જેના સ્વરૂપથી[2] આવિર્ભાવ થવા યોગ્ય હોય ત્યારે તેનામાં તન્મય-પણું સંભવે. જીવો તો તણખાની રીતે થાય છે. (બ્રહ્મમાંથી નીકળે છે), તેથી તેઓ તન્મય[3] હોવાનું યોગ્ય છે. દેહ વિગેરેનો સમૂહ તો પ્રકૃતિનો બનેલો[4] નથી, તેમ જ પુરુષનો બનેલો નથી, તેમ જ તે બંનેનો પણ બનેલો નથી, કારણ કે (પ્રકૃતિ અને પુરુષ) બંને ઉત્પત્તિ રહિત હોવાથી, કાર્યરૂપથી તેમનો આવિર્ભાવ થતો નથી[5]. 'અજ(ઉત્પત્તિ રહિત) પ્રકૃતિ અને પુરુષમાંથી ઉદ્ભવ સંભવતો નથી' શબ્દોથી તે અર્થ કહેલો છે. 'ત્યારે[6] દેહ વિગેરેના સમૂહની ઉત્પત્તિ કયા પ્રકારે થાય ?' એવી શંકા થાય, તેથી 'જીવો ઉભય (પ્રકૃતિ અને પુરુષ)ના સંયોગથી[7] થાય છે' શબ્દો

---

૧. 'દેહ વિગેરેના' એટલે દેહ, પ્રાણ, ઈન્દ્રિય અને અંતઃકરણ સહિત જીવના, એવો અર્થ જણાય છે.

૨. માટીના સ્વરૂપથી ઘડાનો આવિર્ભાવ થાય છે, તેથી ઘડો માટીરૂપ છે, એવો અર્થ છે. બ્રહ્મવાદ પ્રમાણે જગત્ બ્રહ્મરૂપ જ છે, પ્રકૃતિ તો યોનિરૂપ એટલે જગતનું નિમિત્ત કારણ છે, એવો ભાવ છે. (લે)

૩. 'તન્મય' એટલે 'પુરુષમય' હોવાનું. (લે)

૪. 'પ્રકૃત્યાત્મકઃ' એટલે પ્રકૃતિ જેનું ઉપાદાન કારણ છે તેવો. (લે)

૫. જો સમૂહ પ્રકૃતિના સ્વરૂપથી આવિર્ભાવ પામે તો પ્રકૃતિનો બનેલો હોય, પરંતુ તેવો આવિર્ભાવ થવાનું સંભવતું નથી એમ કહેલું છે. બ્રહ્મ તો ઉત્પત્તિ વિનાનું હોવા ઉપરાંત ચિંતન ન થઈ શકે તેવી શક્તિવાળું પણ છે એવું સમાધાન નીચે કરશે (લે)

૬. પ્રકૃતિ તત્ત્વરૂપ હોવાથી, સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં તે મુખ્ય છે તેથી સમૂહ પ્રકૃતિનો બનેલો ન હોય તો તેની ઉત્પત્તિ કયા પ્રકારથી થાય ? એવો અર્થ (આ શંકાનો) છે. (લે)

૭. અહિં (સમૂહની) ઉત્પત્તિનો પ્રકાર કહેલો છે. જેમ ભૂમિ અને જલના સંયોગથી ધાન્ય

કહેલા છે. 'ઉભયયુજા' બંનેના સંયોગથી એટલે પ્રકૃતિ અને પુરુષના સંબંધથી 'અસુભૃતઃ' દેવો, હલકાં પ્રાણીઓ વિગેરે સમૂહો થાય છે. 'જે એકલાં (પ્રકૃતિ અને પુરુષ)થી ઉત્પન્ન થતું નથી તે તેઓના સંયોગથી કેવી રીતે ઉત્પન્ન થાય ?' એવી શંકા થાય, તેથી 'જલના પરપોટા પેઠે' શબ્દ યોજેલ છે. માત્ર જલથી અથવા વાયુથી પરપોટા ઉત્પન્ન થતા નથી, પરંતુ બંનેના સંયોગથી થાય છે. તેથી તે પ્રમાણે પ્રકૃતિ અને પુરુષના સંયોગથી (દેવ વિગેરેના) સમૂહો ઉત્પન્ન થાય એમાં કાંઈ પણ અયોગ્યતા નથી.

''એમ હોય તો શું ?[૮] એમ જાણવાની ઈચ્છા થાય તેથી 'આ (દેખાતા) તેઓ આપમાં રહેલાં છે' શબ્દોથી, તેથી આ પ્રમાણે (નીચે પ્રમાણે) થાય છે, એમ કહેલ છે. આ એટલે ચારે તરફ દેખાતા બધાએ જીવો 'તતઃ' તે કારણથી આપમાં જ રહેલા છે[૯]. એમ કહેવાનો અભિપ્રાય આ પ્રમાણે છે : 'ઉત્પત્તિ વગરના બે (પ્રકૃતિ અને પુરુષ)નો સંયોગ યોગ્ય નથી. બંને ઉત્પત્તિ વગરના, અને વ્યાપક હોઈ ક્રિયા વગરના હોવાથી, તેમનો સંયોગ થતો નથી. તેવા બેનો સંયોગ થતો નહિ હોવાથી, સંયોગ ભગવદ્રૂપ[૧૦] અથવા ભગવાને કરેલો[૧૧] છે, (હોવો જોઈએ), કારણ કે ભગવાન જ[૧૨] અદ્‌ભુત કર્મ કરનારા[૧૨] છે. તેથી બધા (દેહ વિગેરેના)

ઉત્પન્ન થાય છે, પરંતુ તેનું ઉપાદાન કારણ (જેનું તે બનેલું છે તે પદાર્થ) તો તેનું બીજ છે, અને બી વિના બીજું કાંઈ તેનું ઉપાદાન કારણ નથી, તે પ્રમાણે પ્રકૃતિ અને પુરુષના સંયોગથી બ્રહ્મ જેનું ઉપાદાન કારણ છે તેવો સમૂહ ઉત્પન્ન થાય છે, પરંતુ સમૂહનું બીજું કાંઈ ઉપાદાન કારણ નથી. પ્રકૃતિ અને પુરુષ ઉપાદાન કારણ નથી, તેનું કારણ ઉપર કહેલું છે. ભૂમિમાંથી નીકળતો ધાન્યનો સમૂહ ભૌમ કહેવાય છે તેમ પ્રકૃતિમાંથી નીકળતો સમૂહ પ્રાકૃત કહેવાય છે અને પ્રકૃતિ વિના માત્ર બ્રહ્મમાંથી નીકળતો સમૂહ અપ્રાકૃત કહેવાય છે. જલના પરપોટાનું દૃષ્ટાંત સંયોગ બાબતમાં જ આપેલું છે, પરંતુ પરપોટો જલરૂપ હોવાના સંબંધમાં તે દૃષ્ટાંત કહેલું નથી એમ જાણવું. (લે)

૮. સમૂહ પ્રકૃતિનો બનેલો નથી એમ સાબિત કરવાથી શું વળ્યું ? એવી શંકા કરી, તે ભગવદ્રૂપ છે એમ સિદ્ધ થયું એમ કહે છે. (લે)

૯. 'આપમાં જ રહેલા' એટલે 'આપ જ જેમનું ઉપાદાન કારણ છો તેવા' એવો અર્થ છે. (લે)

૧૦. 'ભગવદ્રૂપ' એટલે 'ભગવાનમાં જેનું રૂપ (સ્વરૂપ) છે તેવો', એવો અર્થ છે, કારણ કે ભગવાનમાં સર્વ વિરુદ્ધ ધર્મો રહેલા છે, એવો ભાવ છે. (લે)

૧૧. '(તેમનો સંયોગ ન હોય) તો પણ તેઓ બંને અન્યોન્ય એકમાં (એક સ્થલે) રહેલા છે, (તેથી તેમનામાંથી ઉત્પત્તિ થાય છે)' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. (એ પ્રમાણે ઉત્પત્તિ થવી એ પણ ભગવાનનું જ કાર્ય છે). (લે)

૧૨-૧૨. (બ્રહ્મ) ભગવાન્ પણ ઉત્પત્તિ વગરના હોવાથી તેમનો કાર્યરૂપથી આવિર્ભાવ કેમ

સમૂહો ભગવદ્રૂપ જ છે. તેથી તે બધા ભગવાનમાં જ પૂર્ણ થએલા છે, બીજા (કોઈ)માં પૂર્ણ થએલા નથી એવો નિર્ણય છે. વળી 'વિવિધ નામ અને ગુણોથી' એમ (કહેલું છે). જો સમૂહો એક પ્રકારના હોત તો તેઓ પ્રકૃતિ અને પુરુષરૂપ છે એવી હરકોઈ પ્રકારે કલ્પના કરવામાં આવત, પરંતુ તે (તેવું) નથી. વળી સર્વના એક બીજાથી જૂદા પ્રકારના જાત જાતના નામ, રૂપ અને ગુણો હોય છે. તેથી તે (જુદા જુદા નામ, રૂપ અને ગુણો)થી જણાય છે કે તેઓ ભગવાનના જ છે, કારણ કે ભગવાન જ ન ચિંતન કરી શકાય તેવી શક્તિવાળા અને અનંત આકારવાળા છે. 'આધુનિક પ્રકૃતિ અને પુરુષમાં પણ અનંત શક્તિઓ કેમ ન હોય ?' એવી શંકા થાય, તેથી 'પરમ' શબ્દ યોજેલ છે. પરમ (આપ અથવા ભગવાન્)માં જ તે ગુણો છે બીજામાં નથી એવો સિદ્ધાંત હોવાથી, એવો અર્થ છે. વળી જેમ બધી નદીઓ સમુદ્રમાં લય પામે છે તેમ જેઓ જેની અંદર લીન થતા હોય તેઓ જ તદ્રૂપ હોય છે. (બધી નદીઓ) વરસાદ દ્વારા સમુદ્રમાંથી જ ઉત્પન્ન થાય છે, અને સમુદ્રમાં પ્રવેશ કરે છે. તેથી જલરૂપ સમુદ્રમાં જલરૂપ નદીઓ પણ તદ્રૂપ થાય છે, પરંતુ તેઓ પર્વતરૂપ અથવા ભૂમિરૂપ નથી, તેથી સદ્રૂપ અને ચિદ્રૂપ આ (દેહ વિગેરેના સમૂહો) સચ્ચિદ્રૂપ ભગવાનમાં જ રહેવા યોગ્ય છે, બીજામાં (રહેવા યોગ્ય) નથી એવો અર્થ છે.

'જો વિશ્વ ભગવદ્રૂપ હોય તો ભગવાનમાં વિશ્વ જણાત. જેને જેને ભગવાનનો સાક્ષાત્કાર થાય તેના તેના અનુભવમાં વિશ્વ જણાત, અને તેથી (ભગવાને) વિચાર[13] કર્યો ન હોત' એવી શંકા થાય, તેથી 'સર્વ રસો મધમાં લીન થાય છે' શબ્દો યોજેલા છે. જેમ સર્વ રસો મધમાં લય પામે છે, છતાં પણ 'આ અમુક ફૂલનો રસ છે, અને આ અમુક પુષ્પનો રસ છે' એમ જુદા જુદા જણાતા નથી, પરંતુ એકપણું પ્રાપ્ત કરેલા (તે બધા રસો) મધ તરીકે જ જણાય છે, તે પ્રમાણે ભગવાનમાં પણ સર્વ (દેહ વિગેરેના) સમૂહો સૂક્ષ્મરૂપથી રહે છે, પરંતુ જુદા જુદા જણાતા નથી, એવો અર્થ છે.

થાય ? એવી શંકાનો અહિં ઉત્તર આપે છે. 'એવ' 'જ' શબ્દથી એમ કહ્યું છે કે ભગવાન્ વિના બીજું કોઈ અદ્‌ભુત કર્મ કરનાર નથી. બીજા કોઈમાં પણ તેવું સામર્થ્ય છે એમ સ્વીકારવામાં આવે તો બધાએ બ્રહ્મના ગુણો તેમાં છે એમ સ્વીકારવું જોઈએ, અને એમ થાય તો તે જ બ્રહ્મ થાય છે એવો ભાવ છે. (લે)

૧૩. ('તેમણે વિચાર્યું 'હું એક છું તે બહુ થાઉં' એમ) ભગવાન્ સૃષ્ટિ રચવાનો વિચાર કરે છે. જો સૃષ્ટિ ભગવાનમાં તૈયાર હોય તો તેવો વિચાર તે કરે એમ સંભવતું નથી, એવો અર્થ છે. (લે)

**નામરૂપપ્રપઞ્ચં હિ દેવતિર્યઙ્નરાત્મકમ્ ।।**
**કૃષ્ણાદેવ સમુદ્ભૂતં લીનં તત્રૈવ તન્મયમ્ ।।૧૮।।**

દેવ, જંતુઓ તથા મનુષ્યરૂપ નામ અને રૂપનું જગત્ શ્રીકૃષ્ણમાંથી જ ઉત્પન્ન થએલું છે, શ્રીકૃષ્ણમય છે અને તેમનામાં જ લય પામે છે. કા.૧૮.

'અજયોઃ' અજ(ઉત્પત્તિ રહિત) 'પ્રકૃતિપુરુષયોઃ' પ્રકૃતિ અને પુરુષોથી 'ઉદ્ભવઃ' ઉદ્ભવ 'ન ઘટતે' સંભવતો નથી. 'અસુભૃતઃ' જીવો 'ઉભયયુજા' ઉભય (પ્રકૃતિ અને પુરુષ)ના સંયોગથી 'જલબુદ્બુદવત્' જલના પરપોટા પેઠે 'ભવન્તિ' થાય છે. 'તતઃ' તેથી 'ઈમે' આ દેખાતા 'તે' તેઓ(જીવો) 'વિવિધનામગુણૈઃ' વિવિધ નામ અને ગુણોથી 'પરમે' પરમ 'ત્વયિ' આપમાં રહેલા છે (અને) 'સરિતઃ' નદીઓ 'અર્ણવે' સમુદ્રમાં (અને) 'અશેષરસાઃ' સર્વ રસો 'મધુનિ' મધમાં (લય પામે) 'ઈવ' તેવી રીતે 'લિલ્યુઃ' લીન થાય છે. ૧૮.

એ પ્રમાણે જીવો વિગેરે ભગવાનને વશ રહેનારા છે એમ દર્શાવવા, જીવ અને દેહ વિગેરેનો સમૂહ દરેક તેમ જ બંને ભગવદ્રૂપ છે એમ જણાવ્યું. તેથી ભગવાન્ જીવોએ અવશ્ય ભજન કરવા યોગ્ય છે એમ સિદ્ધ થયું. 'એ પ્રમાણે ભગવાન્ ભજન કરવા યોગ્ય છે એમ જાણવા છતાં, ભજન કરવા માટે પ્રવૃત્તિ કરવામાં આવે છતાં, જો કાલ ભક્તિ કરવા તૈયાર થએલા જીવોનું ભક્ષણ કરે તો ભજન કેવી રીતે થઈ શકે ?' એવી શંકા ખોટી છે એમ સિદ્ધ કરવા કહે છેઃ

**નૃષુ તવ માયયા ભ્રમમમીષ્વવગત્ય ભૃશં**
**ત્વયિ સુધિયોઽભવે દધતિ ભાવમનુપ્રભવમ્ ।।**
**કથમનુવર્તતાં ભવભયં તવ યદ્ભ્રુકુટિઃ**
**સૃજતિ મુહુસ્ત્રિણેમિરભવચ્છરણેષુ ભયમ્ ।।૧૯।।**

ભગવાને સૃષ્ટિના આરંભમાં કાલ અને માયા રચ્યાં. જેઓ માયાથી મોહ પામશે તેમનું કાલ ભક્ષણ કરશે, પરંતુ જેઓ લોકોને ભગવાનની માયાએ ગળેલા અને પછી કાલે ભક્ષણ કરેલા[1] જોઈને, માયા દૂર કરવામાં અને મોક્ષ (પ્રાપ્ત કરવા)માં ભગવાનનું ભજન જ સાધન છે[2] એમ (જાણીને) ભગવાનની સેવા કરે છે તેઓને પછી[3] માયાથી મોહ થવાનું કોઈ રીતે ઘટતું નથી. તેથી તેઓનું કાલથી

૧. શ્લોકમાં 'ભ્રમમ્' શબ્દ છે તેનો અર્થ 'ભ્રમણ' એટલે જાત જાતની યોનિઓમાં ભમવું (જાત જાતના અવતાર લેવા), એવો છે. માયાથી મોહ ઉત્પન્ન થાય અને મોહને લીધે કાલ ભક્ષણ કરે ત્યારે એવું ભ્રમણ થાય છે. તેથી 'કાલે ભક્ષણ કરેલા' એમ કહેલું છે. (લે)

૨. જાત જાતની યોનિમાં ભ્રમણ કેમ વર્તવાથી ન થાય તે અહિં કહેલ છે. (લે)

૩. કારણ કે પછી માયાથી મોહ થતો નથી. (લે)

ભક્ષણ પણ થતું નથી એમ સિદ્ધ થાય છે. ભક્તિમાર્ગમાં વિષયો હોવાથી જો કોઈપણ સમયે હરકોઈ પ્રકારે મોહ થઈ પણ જાય[૪], છતાં પણ તે સમયે કાલ ભક્ષણ કરતો નથી; તેનું કારણ '(તેમને) ભવનો ભય[૫] કેવી રીતે રહે ?' શબ્દોથી કહેલ છે. તેનું (તેમને ભવનો ભય ન રહેવાનું) કારણ પણ 'જે કારણથી ('કારણ કે') આપની જ ભ્રૂકુટિ આપનું શરણ જેમને ન હોય તેઓને ભય ઉત્પન્ન કરે છે' શબ્દોથી કહેલું છે. તેથી ભક્તિમાર્ગ સર્વ પ્રકારે કાલને મટાડનારો છે. વળી શાસ્ત્રના અધિકારી મનુષ્યો હોવાથી[૬] તેઓને કર્મ કરવાનો અધિકાર છે, અને બીજાં પ્રાણીઓ એ ભોગ માટે શરીર ધારણ કરેલાં હોવાથી, 'મનુષ્ય દેહ સ્વર્ગ અને મોક્ષ નું તેમજ હલકાં પ્રાણીઓના અને મનુષ્યના દેહનું દ્વાર છે' (ભાગ. ૭।૧૩।૨૪) એ વાક્ય પ્રમાણે મનુષ્યનું શરીર (પ્રાપ્ત થયા) પછી જ જુદા જુદા પ્રકારની યોનિઓનો સંબંધ થાય છે. તેથી 'મનુષ્યોનું[૭] ભ્રમણ' એમ કહેલું છે તેથી જેઓ સારી બુદ્ધિવાળા છે, જેમણે પોતે પણ નરપણું (મનુષ્ય દેહ) પ્રાપ્ત કરેલ છે તેઓ જો બેદરકાર રહે, તો 'ફરીથી કાલચક્રને લીધે હલકાપણું અથવા ઉત્તમપણું પ્રાપ્ત કરેલા આપણે કૃતાર્થ થઈશું નહિ' એમ (જાણીને), મોક્ષ માટે પ્રયત્ન કરતાં તેઓ તેવા જ[૮] ગુરુને શરણ જાય છે, અને તે (તેવા) ગુરુ[૯] ભગવાન જ છે, અથવા ભગવાન જ ગુરુ[૯] છે, કારણ કે પ્રવૃત્તિ કરાવવાની અને ભજન કરવા યોગ્ય હોવાથી બંને શક્તિઓ તેમનામાં જ જણાએલી છે.

---

૪. ભ્રમણ કેમ વર્તવાથી ન થાય એમ જાણીને ભજન કરે એટલે કાલ ભક્ષણ ન કરે, છતાં પણ તે સાધન બહુ ઉપયોગી નહિ હોય, એવી શંકા કરે છે, જેથી આગળ કોઈ વધારે ઉપયોગીપણું જણાવાય. (લે)

૫. 'ભવનો ભય' એટલે 'કાલથી થતું ભક્ષણ' કારણ કે શ્લોકના ચોથા ચરણમાં તેમ જણાવેલ છે. (લે)

૬. જુદી જુદી યોનિમાં હલકાં પ્રાણીઓ, દેવો વિગેરે બધા ભ્રમણ કરે છે, છતાં 'નૃષુ' 'માણસોમાં' કહ્યું, તેનું કારણ અહિં કહે છે. (લે)

૭. શ્લોકમાં 'નૃષુ' સાતમી વિભક્તિનો શબ્દ છે, તેનો અહિં છઠ્ઠી વિભક્તિવાળા શબ્દથી અર્થ કહેલો છે. પહેલાં મનુષ્ય જ થએલ, તેથી મનુષ્યોનું જ ભ્રમણ કહેલું છે, એવો અર્થ છે. (લે)

૮. 'તેવા' એટલે જેમને ભવ (બીજો જન્મ) થતો નથી તેવા ભગવદ્ગીતા ૧૭।૩ પ્રમાણે તેવા ગુરુને ભજવાનું પ્રયોજન પોતે પણ તેવા થવાય એ છે, એવો ભાવ છે. (લે)

૯-૯. શ્લોકમાં 'ત્વયિ' શબ્દ છે તેનો અર્થ અહિં કરે છે. આ મત પ્રમાણે ભગવાનથી ગુરુ જૂદા છે. ગુરુ ભગવાન જ છે એમ ગુરુને ભગવાન્ માનવાનું અહિં કહેલ છે. બ્રહ્મસૂ.૩।૩।૨૦માં પણ એમ જણાવેલ છે. આગળ 'ભગવાન જ ગુરુ છે' એમ કહે છે ત્યાં ભગવાનને લક્ષમાં રાખી, તેમને ગુરુ કહ્યા છે એવો ભેદ છે. (લે)

'જેની જેનામાં શ્રદ્ધા હોય તેવો જ તે છે[10]' (ભગ.ગીતા૧૩।૩) નિયમ પ્રમાણે લાંબા સમયે તેવાપણું (ગુરુપણું) પ્રાપ્ત થાય. 'તે (ગુરુ) પણ જો ફરીથી જન્મ લે, તો (એવા થવામાં) શું લાભ ?' એવી શંકા થાય, તેથી 'ભવ મટાડનાર' શબ્દ યોજેલો છે. (ભગવાનથી) જૂદો ગુરુ હોય ત્યારે પણ (તે ગુરુ) ભગવદીય હોવાથી તેનો પણ જન્મ થતો નથી. 'ક્યારથી ભગવાનનું ભજન કરવું જોઈએ ?' એવી શંકા થાય, તેથી 'સારી બુદ્ધિ થઈ ત્યારથી' શબ્દ યોજેલો છે. 'પ્રકૃષ્ટઃ ભવઃ' (સારી) બુદ્ધિ સહિત જન્મ, ('પ્રભવઃ') જ્યારે ભગવાનમાં સારી બુદ્ધિ થાય, ત્યારથી જ આરંભી ભગવાનમાં ભાવ (પ્રેમ) કરવો, એવો અર્થ છે. આવર્તન પણ કરવું[11], કારણ કે કાલ (ભજન કરનારાઓની મંડલી) બહારનો છે, આપણા માત્ર અંદરના ભાવને લીધે પીડા કરવી બંધ કરતો નથી, પરંતુ પીડા કરે છે જ. તેથી જ અંદરથી ભજન કરનાર જ્ઞાનીઓને બહિર્મુખોથી દુઃખ થાય છે, અને તેનું જડભરત(ના પ્રસંગ)માં વર્ણન કરેલું છે. તે (દુઃખ)થી હેરાન થએલા કદાચ મોહ પણ પામે. તેથી આરંભથી જ બહારનું પણ આવર્તન કરવું. એ પ્રમાણે બહારના અને અંદરના ભેદથી ભગવાનને અનુસરનારાં, વાસ્તવિક રીતે ભગવાનના સેવક થએલા જીવોને, કામનાને લીધે સેવા ન કરતાં જોઈને તેઓને શિખામણ આપવા માટે જ દંડ કરનાર કાલ તેઓને ભય કેમ કરે અથવા કેમ હણે? કાલ ભગવાનની ભ્રમરરૂપ છે એમ પહેલાં કહેલું છે.

'કાલ થોડો દંડ કરે તેથી લૌકિક ભયની પેઠે તે પણ થોડો ભય કરનાર હોવાથી, ભજનમાં પ્રવૃત્તિ કેવી રીતે થાય?' એવી શંકા થાય, તેથી 'વારંવાર' શબ્દ યોજેલો છે[12]. 'કાલ દેખાતો નથી. જે દેખાય તેનાથી જ લોકો ભય પામે છે' એવી શંકા થાય, તેથી 'ત્રણ નેમિવાળા' શબ્દ યોજેલ છે. સંવત્સરરૂપ કાલ પ્રત્યક્ષ જ છે, (જેની ટાઢ, તાપ અને વરસાદ) નામની ત્રણ નેમિઓ(નાભિઓ) છે. તે (ટાઢ વિગેરે)ને પ્રકટ કરતો કાલ લોકમાં પોતાનું પરાક્રમ જણાવે છે, એવો અર્થ છે. આપ જેમનું શરણ નથી, એટલે 'જેઓ મને જેવી રીતે ભજે છે' (ભગ.ગીતા ૪।૧૧) પ્રમાણે જેમણે ભગવાનનું શરણ સ્વીકારેલું નથી (તેઓને કાલ ભય ઉત્પન્ન કરે છે), એવો અર્થ છે.

---

૧૦. ગુરુ ભગવાનથી જૂદા હોય, તે સંબંધમાં આ શંકા કરે છે. (લે)

૧૧. અહિંથી શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ છે. (લે)

૧૨. કાલ થોડો દંડ વારંવાર શિખામણ આપવા કરે છે અને તેથી પહેલાં ભજન કરવાથી કાલનો ભય રહેતો નથી એવું જે જ્ઞાન થએલ તેનું વારંવાર સ્મરણ કરાવી ભજનમાં પ્રવૃત્તિ કરાવે છે, એવો અર્થ જણાય છે.

**નૃણાં દુર્ગતિમાલોક્યં યે સેવન્તે દઢવ્રતાઃ ||**
**કૃષ્ણં તદ્ભ્રુકુટિઃ કાલો ન તાન્ હન્તિ કદાચન ||૧૯||**

માણસોની દુર્ગતિ જોઈને જેઓ દઢવ્રતવાળા થઈ શ્રીકૃષ્ણની સેવા કરે છે તેમને તેમની (શ્રીકૃષ્ણની) ભ્રૂકુટિ કાલ કોઈ પણ સમયે હણતો નથી. કા.૧૯.

'અમીષુ' આ 'નૃષુ' મનુષ્યોમાં 'તવ' આપની 'માયયા' માયાથી 'ભ્રમમ્' ભ્રમણ થાય છે એમ 'ભૃશમ્' સારી રીતે 'અવગત્ય' જાણીને 'સુધિયઃ' સારી બુદ્ધિવાળાઓ 'અભવે' ભવ મટાડનાર 'ત્વયિ' આપમાં 'અનુપ્રભવમ્' સારી બુદ્ધિ થઈ ત્યારથી જ 'ભાવમ્' ભાવ 'દધતિ' રાખે છે. તેમને 'ભવભયમ્' ભવનો ભય 'કથમ્' કેવી રીતે 'અનુવર્તતામ્' રહે ? 'યત્' કારણ કે 'ત્રિણેમિઃ' ત્રણ નેમિવાળી 'તવ' આપની 'ભ્રૂકુટિઃ' ભ્રૂકુટિ (કાલ) 'અભવચ્છરણેષુ' આપનું શરણ જેમને ન હોય તેઓને 'મુહુઃ' વારંવાર 'ભયમ્' ભય 'સૃજતિ' ઉત્પન્ન કરે છે. ૧૯.

એ પ્રમાણે ભજન કરવું યોગ્ય છે એમ સિદ્ધ કરી યોગ વિગેરેના માર્ગ પ્રમાણે ભજન કરવાથી કાર્ય સિદ્ધ થતું નથી, કારણ કે તેવું ભજન યોગના અંગ તરીકે[1]નું થાય; તેથી ભક્તિમાર્ગ પ્રમાણે સ્વતંત્ર રીતે જ ભજન કરવું જોઈએ, એવા અભિપ્રાયથી યોગમાર્ગ પ્રમાણે ભજન કરવું એવા મતની નીચેના શ્લોકમાં નિંદા કરે છેઃ

**વિજિતહૃષીકવાયુભિરદાન્તમનસ્તુરગં ય**
**ઈહ યતન્તિ યન્તુમતિલોલમુપાયખિદઃ ||**
**વ્યસનશતાન્વિતાઃ સમપહાય ગુરોશ્ચરણં**
**વણિજ ઈવાજ સન્ત્યકૃતકર્ણધરા જલધૌ ||૨૦||**

પહેલાના શ્લોકમાં ગુરુદ્વારા ભજન કરવાનું જણાવ્યું. તે(તેવું) જ ભજન ફલ[2] પ્રાપ્ત કરાવનારું હોય છે. પોતાની મેળે પ્રવૃત્ત થએલું[3] મન વિઘ્ન કરનારું હોવાથી યોગ તો સર્વ પ્રકારે કોઈથી પણ થઈ શકતો નથી, કારણ કે મન દુષ્ટ છે[4],

---

૧. તે યોગમાર્ગ પ્રમાણે, ભજન યોગ સિદ્ધ કરવા માટે કરવામાં આવતું હોવાથી, તે ભજન યોગનું અંગ છે; કારણ કે જે કાંઈ બીજાને માટે કરવામાં આવતું હોય તે તેનું અંગ છે, એવો અર્થ છે. તેથી જ યોગમાર્ગમાં ચિત્તની શુદ્ધિ થાય ત્યારે ભજનનો ત્યાગ કરવાનું કહેલું છે. (લે)
૨. 'ફલ' એટલે 'પુનર્જન્મ ન થવો તે' એવો અર્થ છે. (લે)
૩. ગયા શ્લોકમાં જણાવ્યા પ્રમાણે ગુરુ ભગવાનને અથવા ભગવાન્ ગુરુને પ્રસન્ન કર્યા વિના પોતની મેળે પ્રવૃત્ત થએલું, એવો અર્થ છે. (લે)
૪. મન શા કારણથી વિઘ્ન કરે છે તે જણાવે છે. મન દુષ્ટ પદાર્થોનું ચિંતન કરનારું છે, અને દુષ્ટ પદાર્થનું ચિંતન ચિત્તની વૃત્તિઓને વશ કરવામાં વિઘ્ન કરનારું છે, એવો અર્થ છે. (લે)

ભગવાને જેને શક્તિ આપેલી છે[૫] તેવું છે. જો ઈશ્વર અને ગુરુની કૃપાવાળો હોય તો[૬] (તેને) યોગનું શું પ્રયોજન ? કારણ કે સાધનથી[૭] જ તે કૃતાર્થ હોવાનો સંભવ છે. તેથી લૌકિક (પુરુષો)ની પેઠે યોગીઓ પણ સંસારમાં જ પરિભ્રમણ કરે છે, (પણ) કૃતાર્થ થતા નથી એમ (આ શ્લોકમાં) જણાવવામાં આવે છે.

યોગમાર્ગ ત્યારે શા માટે કરેલો છે? એવી શંકા થાય તેથી કહીએ છીએ કે[૮]:

**અણિમાદિસુખાર્થા યે યે ચાત્યન્તબહિર્મુખાઃ ।।**
**ક્લેશકાર્યરતા યે ચ તદર્થં યોગ ઉચ્યતે ।।૧૦।।**

જેઓને અણિમા વિગેરે સુખોનું પ્રયોજન છે અને જેઓ બહુ જ બહિર્મુખ છે અને જેઓ દુઃખવાળા કાર્યમાં આનંદ માનનારા છે, તેઓને માટે યોગ કહેલો છે. કા.૧૦.

**પરંપરાસાધનં વા ફલાર્થં વા નિરૂપિતઃ ।।**
**યોગઃ સાક્ષાન્ન મોક્ષાય નિષેધાદ્વ્યાસસૂત્રતઃ ।।૧૧।।**
**'એતેન યોગઃ પ્રત્યુક્તઃ' પ્રશંસાર્થા ફલશ્રુતિઃ ।।૧૧ા.।।**

(તેથી)[૯] પરંપરાના સાધન તરીકે અથવા ફલ માટે યોગ કહેલો છે. 'આથી યોગનો ઉત્તર અપાયો' (બ્રહ્મસૂ ૨।૧।૩) એ વ્યાસસૂત્રમાં યોગનો નિષેધ કરેલો હોવાથી, તે સાક્ષાત્ મોક્ષ પ્રાપ્ત કરાવનાર નથી. ફલ જણાવનારી શ્રુતિ (તેની) પ્રશંસા કરનારી છે. કા.૧૧ા.

તેથી સ્વતંત્ર યોગ (જન્મમરણ ન થાય તેવું) ફલ આપનાર નથી એમ જણાવવા આ (શ્લોકમાં જણાવેલ અર્થ) કહેવામાં આવે છેઃ

---

૫. 'મન દુષ્ટ જ હોય તો ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે તે કેમ એ પ્રમાણે વિઘ્ન કરતું નથી ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે તેનામાં શક્તિ આવે છે. (લે)

૬. 'તો ભગવાનને પ્રસન્ન કરી પછી યોગ આચરવો' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાન્ પ્રસન્ન થાય તો પછી યોગની જરુર જ રહેતી નથી. (લે)

૭. 'સાધનથી' એટલે 'પુનર્જન્મ ન થવારૂપ સાધનથી', 'ગયા શ્લોકમાં જણાવેલ પ્રકારના ભજનથી' એવો અર્થ છે. (લે)

૮. આ શ્લોકનું વ્યાખ્યાન નથી, પરંતુ આચાર્યશ્રી પોતે કરેલું એ શંકાનું સમાધાન કરે છે, એવો અર્થ છે. (લે)

૯. 'તેથી' શબ્દ અધ્યાહાર છે. અણિમા વિગેરે સિદ્ધિ એ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાઓને યોગ પરંપરાથી એ કાર્યમાં સાધન થાય છે. તેનાથી સર્વ સ્થલે જવાનું સામર્થ્ય મળે છે, પરંતુ મોટા ઋષિઓના સંગ થઈ જ્ઞાન અથવા મોક્ષ પ્રાપ્ત થતાં નથી. અત્યંત બહિર્મુખ અને દુઃખના કાર્યમાં સુખ માનનારાઓ ફલ માટે યોગ આચરે છે. યોગથી તેમને કાંઈક સુખ પ્રાપ્ત થાય છે. તત્ત્વદીપ. ૨-૨૦૪માં જણાવ્યા પ્રમાણે તેઓને યોગથી કાંઈક સુખ થાય છે. (લે)

સારી રીતે જીતેલાં છે 'હ્ષીકાણિ' ઈન્દ્રિયો અને વાયુ જેમણે[10] (તેમને લીધે મનને વશ કરવા પ્રયત્ન કરે છે). આથી[11] એમ કહેલું છે કે પ્રત્યાહાર સુધી (યોગ) થઈ શકે છે. તેમ ન હોય તો[12] યોગના આરંભનાં અંગો સિદ્ધ થતાં ન હોવાથી (યોગમાં) પ્રવૃત્ત થનારને શંકા થાય. તેથી (યોગનાં) પાંચ જ અંગો થઈ શકશે એમ જણાવવામાં આવ્યું. વધારે (અંગો) થઈ શકશે નહિ એમ જણાવે છે. 'કાબુમાં ન રાખી શકાય (તેવા મનરૂપી ઘોડાને)' શબ્દથી મનનો નિગ્રહ ન થઈ શકવાનું કારણ કહેલું છે. સ્વભાવથી જ (મન) કાબુમાં રાખી ન શકાય તેવું છે. દરેક (જીવનાં મન અને) ઈન્દ્રિયો (જુદાં જુદાં) મુકરર કરેલાં છે[13]. એ મત પ્રમાણે જેઓનું મન સ્વભાવથી સાત્ત્વિક પ્રકૃતિવાળું હોઈ કાબુમાં રહે તેવું હોય તેઓથી યોગ થઈ પણ શકે, એમ જણાવેલું છે. પરંતુ જેઓનું મન કાબુમાં રહી ન શકે તેવું જ અને તે પણ ઘોડા જેવું હોય, (અને) તે (ઘોડા) ઉપર ચડેલો[14] જીવ મનના વિલાસની ઈચ્છા કરનારો થાય, તેનાથી તો (મનનો) નિગ્રહ થઈ શકતો જ નથી, એમ જણાવેલું છે; અને પોતે પણ આ લોકમાં લોકની રીત પ્રમાણે જ રહીને (મનને) વશ કરવા ઈચ્છે છે.

'ઘોડાને પણ મહેનત લઈ વશ કરાય છે, તેમ મન પણ વશ થશે' એવી શંકા થાય, તેથી 'બહુ જ ચંચલ' વિશેષણ યોજેલું છે. પ્રયત્નથી પકડી જ શકાય નહિ તેવું (મન) છે. '' 'ચંચલ અને અસ્થિર મન જ્યાં જ્યાં બહાર જાય' (ગીતા. ૬।૨૬) એમ ચંચલ મનનો પણ નિગ્રહ કરવાનું સાધન કહેલું છે'' એવી શંકા થાય, તેથી 'ઉપાય કરતાં જ ખેદ પામે છે' શબ્દ યોજેલ છે. ઉપાયથી જ દુઃખ

૧૦. આવા પુરુષોને લીધે, એટલે આવા પુરુષોને જોઈને, મન વશ કરવાનો પ્રયત્ન કરે છે, એવો અર્થ છે. (લે)

૧૧. 'આથી' એટલે 'ઈન્દ્રિયો અને વાયુ ઉપર જય મેળવ્યાનું કહ્યું તેથી'. કારણ કે ઈન્દ્રિયોનો નિગ્રહ એ 'પ્રત્યાહાર' નામનું (યોગનું) અંગ છે. (લે)

૧૨. 'તેમ ન હોય તો' એટલે યોગના આરંભનાં પાંચ અંગે (૧. યમ, ૨. નિયમ, ૩. આસન, ૪. પ્રાણાયામ અને ૫. પ્રત્યાહાર) પણ થઈ શકતાં ન હોય તો, યોગનો ઉપદેશ કરનારી શ્રુતિ અસત્ય જણાય, એવો અર્થ છે. (લે) યોગના આ પાંચ પછીના ત્રણ અંગો (૬. ધારણા, ૭. ધ્યાન અને ૮. સમાધિ) છે.

૧૩. ઉત્તર મીમાંસાના મત પ્રમાણે દરેક જીવનાં મન અને ઈન્દ્રિયો જુદાં જુદાં છે. એ મત પ્રમાણે (સાત્ત્વિક મન હોય તો કદાચ વશ થઈ શકે). (લે)

૧૪. મનરૂપી ઘોડા ઉપર જે ચડે તેને વિલાસ કરવાનું મન થવાથી તે જ્યાં ત્યાં ફરવા મનને પ્રેરણા કરે, પરંતુ તેનો નિગ્રહ કરી શકે નહિ. જે એ ઘોડા ઉપર ચડે નહિ તે કદાચ તેનો નિગ્રહ કરે પણ ખરો, એવો અર્થ છે.

પ્રાપ્ત કરે છે. તેની (મનને વશ કરવાની એટલે ધારણાની) પહેલાં યોગશાસ્ત્રમાં યોગનાં પાંચ અંગો[15] કહેલાં છે, અને મન ચંચલ હોવાથી તે (પાંચ અંગો) જ કરવાં અશક્ય છે. કારણ કે મન વિક્ષેપવાળું હોય ત્યારે આસન થઈ શકતું નથી, તેમ જ યમ વિગેરે થઈ શકતા નથી. તેથી મન સર્વ પ્રકારે કાબુમાં રહી શકે તેવું ન હોય ત્યારે યોગનો આરંભ જ કરવો નહિ. વળી યમ વિગેરે સાધનો લાંબો સમય કરતાં ચિત્તની શુદ્ધિ થાય ત્યારે કદાચ બીજાં સાધનો થઈ શકે, પરંતુ ચિત્તની શુદ્ધિ પણ થતું નથી એમ 'સેંકડો વ્યસનવાળા' શબ્દથી કહેલ છે. વિક્ષેપવાળાં મનવાળાં ઉત્પન્ન થએલાં પ્રાણીને દરેક ક્ષણે અનેક વ્યસન (દુઃખ) હોય છે (આવે છે).

'પ્રથમ દુઃખ મટાડવા બીજું સાધન કરવું' એવી શંકા થાય, તેથી 'ગુરુના ચરણનો સારી રીતે ત્યાગ કરીને' શબ્દો યોજેલા છે. 'ગુરુમાં ભક્તિ રાખવાથી આ સર્વ સિદ્ધ થાય છે' (ભાગ.૭।૧૫।૨૫) એ વાક્ય પ્રમાણે આરંભમાં દુઃખ મટાડવાનું એક સાધન ગુરુ જ છે. (તેમનો) સારી રીતે ત્યાગ એટલે સાધન તરીકે પણ ત્યાગ કરીને (દુઃખ કેમ મટાડાય ?). ગુરુની સેવા કરવામાં આવે તો[16] તો તેનાથી જ કૃતાર્થ થવાતું હોવાથી, યોગ નકામો જ છે, એવો ભાવ છે. 'હે અજ ! તેઓ વાણીઆઓ પેઠે (સેંકડો વ્યસનવાળા) હોય છે' શબ્દોથી પછી તેઓનો બંને (માર્ગ)થી પાત થાય છે એમ કહે છે. સમુદ્રમાર્ગે વેપાર કરનારા વાણીઆઓ સુકાનીને પણ રાખ્યા વિના સમુદ્રમાં જ વિનાશ પામે છે, પરંતુ (પોતાનું) કાર્ય પાર પાડ્યા વિના પણ ઘેર આવતા નથી. 'જલધિ' 'સમુદ્ર' શબ્દથી તેમાં ઘણું દુઃખ (થાય એમ) સૂચવેલું છે. તે પ્રમાણે યોગમાં શરીર સૂકવી નાખીને રહેનાર ઘણું દુઃખ જ પામે છે, એવો અર્થ છે.

**અદાન્તે મનસિ જ્ઞાતે યોગાર્થં ન યતેદ્બુધઃ ।।**
**ગુરુસેવાપરો ભૂત્વા ભક્તિમેવ સદાભ્યસેત્ ।।૨૦।।**

મન કાબુમાં રહી શકે તેવું નથી એમ જાણી ડાહ્યો પુરુષે યોગ માટે પ્રયાસ કરવો નહિ, (પણ) ગુરુની સેવામાં તત્પર રહી, સદા ભક્તિ જ કરવી. કા.૨૦.

'વિજિતહૃષીકવાયુભિઃ' સારી રીતે જીતેલાં છે ઈન્દ્રિયો અને વાયુ જેમણે તેમને લીધે 'અતિલોલ' બહુ જ ચંચલ 'અદાન્તમનસ્તુરગમ્' કાબુમાં ન રાખી શકાય તેવા મનરૂપી ઘોડાને 'યે' જેઓ 'ઈહ' અહિં 'યન્તુમ્' વશ કરવાને 'યતન્તિ' પ્રયત્ન કરે છે તેઓ 'ઉપાયખિદઃ' ઉપાય કરતાં જ ખેદ પામે છે. અને

૧૫. ઉપર નોટ ૧૨ જુઓ. તેમાં પહેલા પાંચ અંગો કહેલાં છે.
૧૬. યોગના સાધન તરીકે પણ ગુરુની સેવા જરુરી છે, અને ગુરુની સેવા હોય તો યોગ નકામો છે. (લે)

'અજ' હે અજ ! 'ગુરોઃ' ગુરુના 'ચરણમ્' ચરણનો 'સમવહાય' સારી રીતે ત્યાગ કરીને 'જલધૌ' સમુદ્રમાં 'અકૃતકર્ણધરા' સુકાની વિનાના 'વણિજઃ' વાણીઆઓ 'ઈવ' પેઠે 'વ્યસનશતાન્વિતાઃ' સેંકડો વ્યસન (દુઃખ)વાળા 'સન્તિ' હોય છે. ૨૦.

એવી રીતે ભજન કરાવવા બીજા પ્રકારોનો નિષેધ કરી, વૈરાગ્ય આવ્યા વિના અને મોહ મટ્યા વિના ભક્તિ થઈ શકે નહિ, તેથી વૈરાગ્યનો ઉપદેશ કરતાં નીચેનો શ્લોક કહે છેઃ

**સ્વજનસુતાત્મદારધનધામધરાઽસુરથૈ-**
**સ્ત્વયિ સતિ કિં નૃણાં શ્રયત આત્મનિ સર્વરસે ।।**
**ઈતિ સદજાનતાં મિથુનતો રતયે ચરતાં**
**સુખયતિ કોન્વિહ સ્વવિહતે સ્વનિરસ્તભગે ।।૨૧।।**

'સગાંઓએ કરેલાં પ્રયોજનની[1] અવશ્ય જરુર છે, અને તે (પ્રયોજન) માટે સગાંઓની દરકાર રાખવી જ જોઈએ. પોતાની આત્મામાં સ્થિતિ થયા વિના (એવી) દરકારનો ત્યાગ થઈ શકે નહિ. તેથી જ્ઞાન પછી જ વૈરાગ્ય થાય' એવો મત ચાલુ પ્રસંગમાં (ભગવાનના ભજનમાં) ઘટતો નથી. તેથી (સગાંઓ વિગેરેનું) પ્રયોજન છે એમ સ્વીકારીને જ, બીજાં સાધનથી તે (પ્રયોજન) સિદ્ધ થશે તેથી પહેલાં પ્રાપ્ત થએલાં સાધનો જ નકામાં છે એમ શ્રુતિ સિદ્ધ કરે છે. હરકોઈ પ્રકારે લોકમાં પ્રાપ્ત થએલા સાધનો જતાં રહેતાં, ભગવાનથી થતું (અપાતું) પ્રયોજન અલૌકિક જ હશે, તેથી આ વૈરાગ્ય પણ મુખ્ય (વૈરાગ્ય)ની સમાન જ છે. આ લોકમાં સગાંઓનો ઉપયોગ છે, કારણ કે આ લોકની કીર્તિ વિગેરે તેમનાથી જ પ્રાપ્ત થાય છે. પુત્રનો પરલોક પ્રાપ્ત કરવા માટે ઉપયોગ છે. 'આત્મનઃ' દેહનો તો પરલોક પ્રાપ્ત કરાવનારાં કર્મ કરવા માટે અને આ લોકમાં ભોગ કરવા માટે ઉપયોગ છે. સ્ત્રીનો પીડા કરનાર કામ મટાડવા માટે અને સુખ માટે ઉપયોગ છે. 'ધનધામધરાઃ' એટલે ધન, ઘર અને ભૂમિ (અનુક્રમે) સુખ, સ્થિતિ અને ગુજરાન કરનારાં[2] છે. આ બધા જ 'અસવઃ' પ્રાણ બનેલા છે, કારણ કે આ ન હોય તો પ્રાણ તજે છે. અથવા 'અશ્વરથૈઃ' 'ઘોડા અને રથ' એવો પાઠ લેવો. આ ગતિનાં સાધનો[3] સુખ આપનારાં છે. આઠ પ્રકારનાં આ (સુખનાં સાધનો) જેટલો ઉપકાર

૧. 'પ્રયોજન' એટલે 'ફલ' સગાંઓએ કરેલો ઉપકાર એવો અર્થ છે. (લે)
૨. 'સુખસ્થિતિનિર્વાહકાઃ' 'સુખ અને સ્થિતિ સાથે નિર્વાહ થાય છે જેમનાથી તેવા' એમ સમાસ છોડવો. (લે)
૩. આ (પહેલાં સગાં વિગેરે) સાત અશ્વરૂપ એટલે ગતિના સાધનરૂપ છે, એવો અર્થ છે. રથરૂપ છે એટલે સુખ કરનારા (આપનારા) છે, એવો અર્થ છે. (લે). 'ગતિ' એટલે જ્યાં

કરશે તે બધાએ તેનાથી કરોડગણો ઉપકાર ભગવાન્ કરે છે. જો સુખની જ જરુર હોય તો (ભગવાન્) પોતે સુખ આપે છે. જો સાધન પછી (સુખની) જરુર હોય તો અલૌકિક સાધનો પણ આપે છે એવો ભાવ છે. 'નૃણામ્' 'માણસોને' શબ્દથી તેઓને કામનાઓ અને વિવેક છે એમ જણાવેલું છે.

'કોઈ સમયે ભગવાન્ ન કરે (સુખ અથવા સુખનાં સાધન ન આપે), ત્યારે કેવી સ્થિતિ થાય ?' એવી શંકા થાય, તેથી 'આશ્રય કરનારના આત્મા' શબ્દો યોજેલા છે. જે (ભગવાનનો) આશ્રય કરે છે, (તેને) તો પોતાના આશ્રય તરીકે જ (ભગવાન્) પ્રકાશે છે. જેમ પોતે પોતાનું હિત કરે તેમ ભગવાન્ પણ (તેનું હિત) કરે છે, એવો અર્થ છે.

'ભગવાન્ પણ જો વિષયો આપતા હોય તો પ્રાપ્ત થએલા (વિષયો)નો ત્યાગ કરવાનું શું કારણ ?' એવી શંકા થાય, તેથી 'સર્વરસ' શબ્દ યોજેલ છે. કીર્તિ વિગેરે[૪] બધાએ રસો ભગવાનમાં જ હોય છે; અને આ રસો પ્રકટ (જણાઈ આવે તેવા) છે, પરંતુ મધમાં હોય છે તેવા જણાઈ ન શકે તેવા હોતા નથી. '' 'આ વિષયમાં શું યોગ્ય છે, ભગવાનમાં રહેલા રસોનો ભોગ કરવો; અથવા પોતાની મેળે પ્રાપ્ત થએલા (રસોનો ભોગ કરવો) ?' (ભજન) જરુરી હોવાથી અને (સ્ત્રી વિગેરે સાથે કરવાનું) સહેલું હોવાથી, સ્ત્રી વિગેરે સાથે જ ભજન કરવું યોગ્ય છે, પરંતુ (સ્ત્રી વિગેરે) સર્વનો ત્યાગ કરીને (ભજન કરવું) યોગ્ય નથી'' એવી શંકા થાય, તેથી 'સત્ય નહિ જાણનાર' શબ્દો યોજેલા છે, અહિં જે ભજન કરવાના પ્રકાર પહેલાં કહ્યા તેમાં ભગવાન્ અને સગાંઓને સમાન જણાવેલા નથી, કારણ કે આ(સગાઓ) તો દુઃખ આપનારા છે અને ભ્રમથી જ સુખ આપનારના જેવા દેખાય છે, પણ ભગવાન્ તો દોષરહિત આનંદ પ્રાપ્ત કરાવનારા છે. આવો (તેમનામાં) ભેદ જાણવામાં આવે ત્યારે સંદેહ જ ઉત્પન્ન થતો નથી. તેથી ભેદ જાણવામાં આવે તે માટે પુત્ર વિગેરેનું સ્વરૂપ શ્રુતિઓ વર્ણવે છે. 'ઈતિ' એવા પ્રકારથી જેઓ 'સત્' સત્ય તત્ત્વ, એટલે સગાંઓ વિગેરે અને ભગવાનમાં રહેલો ભેદ જાણતા નથી, અને રતિ માટે મિથુન થઈને ફરે છે એટલે ગામડીઉં સુખ પ્રાપ્ત

---

જવાનું છે તે, પરિણામ, ફલ અહિં સુખ પ્રાપ્ત કરવાનું છે તેથી 'ગતિના સાધન' એટલે સુખના સાધન, એવો અર્થ જણાય છે.

૪. પહેલાં સગાંઓ કહ્યાં છે અને તે કીર્તિ પ્રાપ્ત કરાવનારાં છે. તેથી 'કીર્તિ વિગેરે' એમ કહેલું છે, એવો ભાવ છે. (લે) સગાંઓ કીર્તિ પ્રાપ્ત કરાવે છે, પુત્ર પરલોક, સ્ત્રી ભોગ, તેથી 'કીર્તિ વિગેરે' એટલે 'કીર્તિ, પરલોક, ભોગ....વિગેરે' જે ફલ આ બધાં પ્રાપ્ત કરાવે છે તે બધાં, એવો અર્થ છે.

કરવા જોડકાં થઈ (વિષય સુખ ભોગવતા) ફરે છે તેઓ. જેમ પોતાને બેસવા માટે કોઈ મુસાફર મોટો ખાટલો (પોતાની સાથે) લઈ ફરે, તેમ આ (આવા પુરુષો) માત્ર અડધી પલના રમણ માટે સંપૂર્ણ રીતે સાંકળથી બંધાએલા હોય તેમ તો (સ્ત્રી)ની સાથે ફરે છે. આ પ્રમાણે બહુ દુઃખી થએલા હોય તેમને કયો પદાર્થ સુખ આપે ? કારણ કે જે બહુ પીડાએલો હોય તેને વિષયો સુખ કરતા નથી. સગાંઓએ તો તેઓને સુખ આપેલ હોવાની વાત હોય જ ક્યાંથી ? વળી બીજાં સાધન (તેમને) હોવાથી, ભગવાન્ પણ (તેમને) સુખ આપતા નથી, એવો અર્થ છે. 'નુ' એ શબ્દ 'તપાસ'ના અર્થમાં યોજેલો છે. અમે (શ્રુતિઓએ) બધું તપાસી જોયું, (છતાં) તેવા (પુરુષ)ને સુખ આપનારો કોઈ અમને મળ્યો નહિ. વળી 'કોઈક (તેને) સુખ આપશે' એવી શંકા ન કરવી; કારણ કે આ જગત્ પોતાની મેળે જ 'વિહતે' પડેલા ઘરની પેઠે વિશીર્ણ (ચુરેચુરા થઈ ગએલ), અને તેમાં પણ 'નિરસ્તભગે' ઉત્તમ પદાર્થ વિનાનું, અપવિત્ર વિગેરે (પદાર્થો)ના સંબંધવાળું હોય તેવું (છે), તેવા સ્થાનમાં કોણ સુખ આપનારો પણ (તેને) સુખ આપે ? એવો અર્થ છે. અહિં પરિત્યાગની (વૈરાગ્યની) અવસ્થા અધિકરણના (જેને વૈરાગ્ય થાય છે તેના) વિચારથી કહેવા ઈચ્છેલી છે. જગતનો ત્યાગ કરવાનો છે એ મત પ્રમાણે પણ ભગવાનનો ભક્ત હરકોઈ સ્થલે પણ ભગવાનની સેવા કરતો હોય તે વૈકુંઠમાં જ સેવા કરે છે, પરંતુ જગતમાં (સેવા કરતો) નથી એમ જાણવું.

**પુત્રાદીન્ સમ્પરિત્યજ્ય કૃષ્ણઃ સેવ્યો ન તૈઃ સહ ।।**
**તત્સુખં ભગવાન્ દાતા તે તુ ક્લિષ્ટેતિદુઃખદાઃ ।।૨૧।।**

પુત્ર વિગેરેનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણની સેવા કરવી, તેમની સાથે નહિ. તેઓનું સુખ ભગવાન્ આપશે. તેઓ તો દુઃખમય (સંસાર)માં બહુ દુઃખ આપનારા છે. કા.૨૧.

" 'ત્વયિ' આપ 'સર્વરસે' સર્વરસ 'શ્રયતે' આશ્રય કરનારના 'આત્મનિ' આત્મા 'સતિ' વિદ્યમાન્ છો ત્યારે 'સ્વજનસુતાત્મદારધનધામધરાસુરથૈઃ' સગાં, પુત્ર, દેહ, સ્ત્રી, ધન, ગૃહ, ભૂમિ વિગેરે પ્રાણવાહકોથી 'નૃણામ્' માણસોને 'કિમ્' શું (પ્રયોજન્ છે) ?'' 'ઈતિ' એ 'સદ્' સત્ય 'અજાનતામ્' નહિ જાણનાર (અને) 'રતયે' રતિ માટે 'મિથુનતઃ' મિથુન થઈને 'ચરતાં' ફરનારાઓને 'સ્વવિહતે' પોતાથી જ વિશીર્ણ 'સ્વનિરસ્તભગે' પોતાથી જ ઉત્તમ પદાર્થ વિનાના 'ઈહ' સંસારમાં 'કઃ નુ' કોણ જ 'સુખયતિ' સુખ આપે ? ૨૧.

એ પ્રમાણે સર્વનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરવું જોઈએ એમ જણાવ્યું. 'તે વિષયમાં પ્રથમ શું કરવું જોઈએ' એ જાણવાની ઈચ્છા થાય, તેથી

(શ્રુતિઓ જે કરવા યોગ્ય છે તેનો) અનુક્રમ જણાવતાં નીચેનો શ્લોક કહે છેઃ

**ભુવિ પુરુપુણ્યતીર્થસદનાન્યૃષયો વિમદાસ્ત**
**ઉત ભવત્પદામ્બુજહૃદોઽઘભિદઙ્ઘ્રિજલાઃ ।।**
**દધતિ સકૃન્મનસ્ત્વયિ ય આત્મનિ નિત્યસુખે**
**ન પુનરુપાસતે પુરુષસારહરાવસથાન્ ।।૨૨।।**

આરંભમાં ભૂમિનો સારી રીતે આશ્રય કરવો, કારણ કે ભૂમિ ભગવાનના ચરણારવિંદરૂપ છે. ખાટલો, ચાખડીઓ વિગેરેનો ત્યાગ કરીને ત્યાં ભૂમિ ઉપર જ સદા રહેવું. આથી બધાએ ભોગો ભોગવવાની મના થઈ. પછી ભગવાનનાં ચરણારવિંદની વધારે સ્ફૂર્તિ થાય તે માટે તીર્થોનો આશ્રય કરવો. સર્વ તીર્થોમાં મુખ્ય ગંગા ભગવાનનાં ચરણારવિંદમાં જ રહે છે, તેથી આધિદૈવિક પક્ષ[1] પ્રમાણે તેમ જ આવેશ પક્ષ[2] પ્રમાણે ગંગાના તીરે ભગવાનનાં ચરણારવિંદની સ્ફૂર્તિ (થાય છે એ) સ્પષ્ટ છે. તેમાં[3] પણ કુરુક્ષેત્ર વિગેરે ઘણાં પુણ્યવાળાં તીર્થોનો આશ્રય કરવો. માત્ર તે (તેવાં) જ તીર્થોનો આશ્રય કરવો એટલું જ નહિ, પરંતુ ગુરુરૂપ (તીર્થો)નો પણ આશ્રય કરવો એમ 'તીર્થના ગૃહો' શબ્દથી કહેલું છે. 'તીર્થાનાં' ગુરુઓના 'સદનાનિ' ગૃહો ભૂતલ ઉપર છે, તેથી તેઓનો આશ્રય કરવો, એવો અર્થ છે. 'તે કયા?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'ઋષિઓ'[4] શબ્દ યોજેલ છે, કારણ કે તેઓ (ઋષિઓ) મંત્રને જોનારા છે. તે (મંત્રો)માં (કહેલ) ઉદ્ધાર કરનારો અલૌકિક પ્રકાર તેઓ જાણે છે; તેથી તેઓ(ના સ્થલો)માં જઈને મંત્ર વિગેરેમાં (કહેલું) ભગવાનના ભજનનું અલૌકિક સાધન શીખવું જોઈએ, એવો અર્થ છે.

'તેઓમાં શું ઉત્તમપણું છે ?' એવી શંકા થાય, તેથી 'મદરહિત' વિશેષણ યોજેલું છે. મદ એટલે જેનાથી 'પોતે' અને 'બીજા' એવું જ્ઞાન થતું નથી, તે

---

૧. 'ભક્તિને લીધે અહિં જ કોઈવાર જે દેવતાની મૂર્તિનાં દર્શન થાય છે' વાક્યમાં એમ જણાવેલું હોવાથી આધિદૈવિક (ગંગા) ભગવદ્રૂપ છે. તેના તીર ઉપર ભગવાન નું ચરણારવિંદ પ્રકટ થાય જ એવો અર્થ છે. (લે)

૨. 'આવેશપક્ષ' એટલે શ્રીકૃષ્ણના ચરણારવિંદની રજ જે જલમાં ઘણી જ છે તેવાં જલવાળાં ગંગા (માનવાનો પક્ષ). અહિં 'તીર્થ' શબ્દ બે વાર લેવાનો છે 'પુરુપુણ્યતીર્થ' અને 'તીર્થસદનાનિ'. (લે)

૩. 'તેમાં' એટલે ભૂમિ ઉપર'. (લે)

૪. ઋષિઓ ગુરુ છે. 'મદ વિનાના ઋષિઓ વળી આપના ચરણકમલને હૃદયમાં ધારણ કરનારા અને પોતાના ચરણના જલથી પાપને નાશ કરનારા છે' એવો શ્લોકનો અન્વય છે. 'તેથી તેઓના ગૃહોનો આશ્રય કરવો' એ અધ્યાહાર છે. (લે)

અહંકાર. આ ('મદરહિત' શબ્દ)થી ઋષિઓને જ્ઞાન પણ છે એમ જણાવ્યું. 'માત્ર મદ ન હોવો (એ જ ઉત્તમપણું હોય) તો સાત્ત્વિક કર્મ કરનારાઓ અથવા બીજા દેવોની ઉપાસના કરનારાઓ પણ આશ્રય કરવા યોગ્ય થાય (ગણાય)' એવી શંકા થાય, તેથી 'તેઓ વળી આપના ચરણકમલને હૃદયમાં ધારણ કરનારા છે' શબ્દો યોજેલા છે. આ શબ્દોથી તેઓનું અંદરનું અને બહારનું માહાત્મ્ય કહેલું છે. અંદર (અંદરનું માહાત્મ્ય એ છે કે) તેઓના હૃદયમાં ભક્તિમાર્ગના પ્રકારથી ભગવાન્ (વિરાજેલા) છે, અને બહાર (બહારનું માહાત્મ્ય એ છે કે) તેઓ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તનારા છે. 'તે મહાત્માએ તો સર્વ લોક ઉપર ઉપકાર કરવા માટે સર્વનો મોક્ષ (થાય તે) માટે શ્રીકૃષ્ણને સાથે રાખીને પરિભ્રમણ કરે છે'. તેથી જ સર્વના પાપને નાશ કરે છે. જે ચરણ (ક્ષાલન)નું જલ તેવું (ચરણક્ષાલનનું જલ) છે જેઓનું, (તેવા તેઓ છે). તેથી[૫] તેઓના ચરણારવિંદના જલથી પાપનો નાશ થાય છે, (અને) તેમના ઉપદેશથી તેમના હૃદયમાં રહેલ ભગવાનનું ચરણારવિંદ (જેમને તે ઉપદેશ કરે છે તેમનામાં) આવે છે એમ સૂચવેલું છે.

'તેઓની સેવા કરવામાં આવે, અને ભગવાન્ (તેઓની સેવા કરનારના) હૃદયમાં પધારે ત્યાર પછી જો તરત જ દેહ પડે તો કાંઈ ચિંતા ન રહે, જો (દેહ પડવામાં) વિલંબ થાય, તો કાલ વિગેરેથી બુદ્ધિનો નાશ થાય એટલે ફરીથી ઘરમાં આસક્તિ થાય. તેથી ભજન કરેલું સર્વ નકામું થાય' એવી શંકા થાય, તેથી (શ્લોકનો) ઉત્તરાર્ધ કહેલો છે. જેમ કામીઓનું અમુક સ્ત્રીમાં એકવાર ચિત્ત લાગે, તે સર્વ પ્રકારે (તેનો) અનુભવ કર્યા વિના પાછું ફરતું નથી, તેમ ભગવાનમાં સ્નેહ થતાં (અને) ભગવદ્રસમાં આસક્તિ થતાં જ્યારે ભગવાનમાં (જેનું) ચિત્ત ચોંટે છે તેવો પુરુષ કોઈ પણ સમયે ઘરનો આશ્રય કરતો નથી. જેને ભગવાનનો પહેલાં અનુભવ થયો ન હોય[૬] તે (ઘરનો) આશ્રય કરે પણ ખરો, પરંતુ જેને પહેલાં ભગવાનનો અનુભવ થયો છે તે (ઘરનો) આશ્રય કરતો નથી જ એવો અર્થ છે.

'જેનો અર્થ (ભગવાનનો અનુભવ થવાનો) સિદ્ધ થએલ છે તેવો ઘેર આવે તો પણ ભગવાનનો ત્યાગ કરે નહિ. તેથી ઘેર આવે તેમાં શું દોષ ?' એવી શંકા થાય, તેથી 'પુરુષના સાર હરનાર ઘરને' શબ્દ યોજેલ છે. વિવેક, ધૈર્ય વિગેરે, અને પહેલાં પ્રાપ્ત કરેલી (ભગવાનનો અનુભવ થવાની) સ્થિતિ, બધુંએ ઘરો હરે

૫. 'તેથી' એટલે ('ઋષિઓ) અલૌકિક પ્રકાર જાણનારા હોવાથી'. (લે)

૬. 'અદષ્ટપૂર્વઃ' એટલે જેને પહેલાં અનુભવ થએલો નથી. 'અદષ્ટઃ પૂર્વ યેન' એમ સમાસ છોડવો જેને પહેલાં ભગવાનનો અનુભવ થયો નથી, એટલે જેણે પહેલાં ભગવાનનું મનથી ધ્યાન કરેલું નથી એવો અર્થ છે. (લે)

છે, એવો અર્થ છે.

**પરિભ્રમન્ તીર્થનિષ્ઠો ગુરુલબ્ધહરિસ્મૃતિઃ ।।**
**ન સેવતે ગૃહાન્ દુષ્ટાન્ સદ્ધર્માત્યન્તનાશકાન્ ।।૨૨।।**

પરિભ્રમણ કરતાં તીર્થમાં રહેનાર અને ગુરુ પાસેથી જેને હરિની સ્મૃતિ થઈ છે તેવો પુરુષ સારા ગુણોનો અત્યંત નાશ કરનાર દુષ્ટ ઘરોનો આશ્રય કરતો નથી. કા.૨૨.

'વિમદાઃ' મદરહિત 'ઋષયઃ' ઋષિઓ 'ભુવિ' ભૂતલ પર 'પુરુપુણ્ય-તીર્થ-સદનાનિ' ઘણા પુણ્યવાળા તીર્થનાં ગૃહો છે (તે)તેઓ (ઉત)વળી 'ભવત્-પદામ્બુજહૃદઃ' આપના ચરણકમલને હૃદયમાં ધારણ કરનારા 'અઘભિદ્-અઙ્ઘ્રિજલાઃ' અને પોતાના ચરણના જલથી પાપને નાશ કરનારા છે. 'યે' જેઓ 'નિત્યસુખે' નિત્યસુખવાળા 'આત્મનિ' આત્મા 'ત્વયિ' આપમાં 'સકૃત્' એકવાર 'મનઃ' મન 'દધતિ' રાખે છે તેઓ 'પુરુષસારહરાવસથાન્' પુરુષનો સાર હરનાર ઘરને 'પુનઃ' ફરીથી 'ન ઉપાસતે' સેવતો નથી. ૨૨.

એ પ્રમાણે ભગવાનનું ભજન કરવું જોઈએ એમ સર્વ પ્રકારથી જણાવી, ભક્તિ માર્ગ પ્રમાણે ભજનને સારી રીતે દઢ કરી, ભજન કરવા યોગ્ય કોણ છે તેનો નિર્ણય કરવા પ્રયાસ કરતાં, 'સચ્ચિદાનંદરૂપ ભગવાન્ ભજન કરવા યોગ્ય છે' એમ કહેવા માટે, 'લોકમાં સત્, ચિત્ અને આનંદ ધર્મો એક (પદાર્થ)માં નથી એમાં તો કહેવું જ શું ? (પરંતુ તે) (ધર્મો પૈકી) એક એક ધર્મ પણ કોઈ પણ સ્થલે (પદાર્થ)માં નથી' એમ જણાવવા માટે, જડ (પદાર્થો)માં સત્પણું નથી[1], ચેતન (પદાર્થ)માં ચિત્પણું નથી, અને સ્વર્ગ વિગેરેમાં આનંદ[2] નથી એમ બબે શ્લોકથી તે દરેક ધર્મ લોકમાં નથી એમ છ શ્લોકોથી (ત્રણ પૈકી કોઈ ધર્મ લોકમાં નથી એમ) શ્રુતિઓ કહે છે. તે પૈકી બે શ્લોકોથી 'જગતમાં સત્પણું નથી' એમ પ્રથમ સિદ્ધ કરે છે, કારણ કે તેમ ન કરે તો 'ભગવાન જ સત્ છે' એવો અર્થ ઘટે નહિ, કેમ કે ભજન કરવા યોગ્ય કોણ છે તેનો નિશ્ચય કરવામાં ગૌણ સત્ત્વ[3] નિરર્થક છે. તેનો (ગૌણ સત્ત્વનો) જ્ઞાન થાય તે માટે[4] અથવા દોષ ન રહે તે માટે ઉપયોગ છે.

---

૧. જેમ જ્ઞાનસ્વરૂપવાળા જીવના જ્ઞાનધર્મ તિરોહિત થવાથી તે જ્ઞાન વિનાનો થયો તેમ સત્સ્વરૂપવાળા જડના સત્પણાના ધર્મનો તિરોભાવ થતાં તે અસત્ થયું એમ જાણવું. (લે)
૨. 'આનંદ' એટલે 'ધર્મરૂપ આનંદ' એવો અર્થ છે. (લે)
૩. બ્રાહ્મણ વિગેરે સત્ (ભલા) છે, શૂદ્ર વિગેરે અસત્ (દુષ્ટ) છે, એ પ્રમાણે બ્રાહ્મણપણું વિગેરે ગુણોના સંબંધથી થતું સત્ત્વ 'ગૌણ સત્ત્વ' છે. (લે)
૪. તેવા ગૌણ સત્ત્વનું સેવન કરવાથી જ્ઞાનમાં દોષ રહેતો નથી (સત્ય જ્ઞાન થાય છે) એવો અર્થ

અસત્‌ની સેવા કરવાથી નાશ થાય છે અને સત્‌ની સેવાથી કૃતાર્થપણું થાય[૫] છે એમ પહેલાં સિદ્ધ કરેલું છે. જો જગત્‌માં પણ સત્પણું હોય તો તેમાં તેનું પણ ભજન થાય, અથવા તેનું ભજન કરવાથી દોષ ન લાગે; તેથી તે (જગતમાં સત્પણું) નથી એમ અવશ્ય સિદ્ધ કરવું જોઈએ. તે વિષયમાં જેઓ જગત્ સત્ છે એમ કહે છે તેમના મતને વાદીપ્રતિવાદીના સંવાદથી[૬] ખોટો ઠરાવે છેઃ

**સત ઈદમુત્થિતં સદિતિ ચેન્ન નુ તર્કહતં**
**વ્યભિચરતિ ક્વ ચ ક્વ ચ મૃષા ન તથોભયયુક્ ।।**
**વ્યવહૃતયે વિકલ્પ ઈષિતોન્ધપરંપરયા**
**ભ્રમયતિ ભારતી ત ઉરુવૃત્તિભિરુક્થજડાન્ ।।૨૩।।**

તે વિષયમાં સંશય એવો (નીચે પ્રમાણે) છે : 'આ જગત્ સત્ છે એમ જે કહો છો તે શું તમારા અનુભવ પ્રમાણે કહો છો ? કે તેવો નિર્ણય કરનારું કાંઈ કારણ છે ? અથવા તેવું કાંઈ પ્રમાણ છે ?' એવી નીચેના શ્લોકમાં શંકા કરી[૭] (શ્રુતિઓ તે મતને) ખોટો ઠરાવે છે :

'કારણને લીધે આ જગત્ સત્ છે[૮]' એવો મત પ્રથમ ખોટો ઠરાવે છે. તે સ્થિતિ(મત) પ્રમાણે 'જગત્ સત્ છે' એમ અનુમાનથી સાબિત થાય. તે વિષયમાં પૂર્વપક્ષનું અનુમાન નીચે પ્રમાણે છે : 'આ જગત્ સત્ જ[૯] છે, કારણ કે તે સત્‌માંથી[૧૦] ઉત્પન્ન થએલું છે. જે જેમાંથી ઉત્પન્ન થએલ હોય તે તેના જેવો જ હોય, જેમ કે સુવર્ણમાંથી[૧૧] ઉત્પન્ન થએલું કુંડલ સુવર્ણ જ હોય છે. તેમ બ્રહ્મમાંથી[૧૨] ઉત્પન્ન થએલું જગત્ સત્ જ છે'. 'અસત્‌માંથી સત્ કેમ ઉત્પન્ન

છે. (લે)
૫. ધર્મરૂપ સત્પણું ઉત્તમ છે એવા અભિપ્રાયથી આ કહેલું છે. (લે)
૬. 'વાદમુદ્રયા' એટલે વાદ અને તેનો પ્રત્યુત્તર એ રીતથી. (લે)
૭. 'આની પહેલાં' શબ્દો અહિં અધ્યાહાર છે. 'એ પ્રમાણે સંશય છે' (એમ કહેલ છે). તેથી એવી શંકા કરી, તે (મત)ને ખોટો ઠરાવે છે, એવો અર્થ છે. (લે)
૮. શંકામાં જણાવેલા બીજા પક્ષને (તેવો નિર્ણય કરાવનારું કાંઈ કારણ છે એ પક્ષને) પહેલાં ખોટો ઠરાવે છે. (લે)
૯. 'સત્ જ' એટલે 'સત્પણાવાળું' એવો અર્થ છે. (લે)
૧૦. 'સત્‌માંથી' એટલે સત્પણાવાળા (સત્‌વાળા બ્રહ્મ)માંથી. (લે)
૧૧. 'સુષ્ઠુ' સારો 'વર્ણઃ' રંગ છે જેનો તેવા સોનામાંથી ઉત્પન્ન થએલું કુંડલ સારા રંગવાળું જ થાય, એવો અર્થ છે. (લે)
૧૨. અહિં 'સત્પણાવાળા' શબ્દ અધ્યાહાર છે. (લે)

થાય[૧૩]?' એ શ્રુતિ એમ જણાવે છે કે કારણ સત્ હોય ત્યારે કાર્ય પણ સત્ જ થાય છે. એમ કહેતા હો તો એમ નથી[૧૪], શબ્દોથી તે (મત)ને ખોટો કહે છે[૧૫]. ખોટો ઠરાવવામાં તે મતથી વિરુદ્ધ તર્ક અને પ્રમાણે કહે છે[૧૬]. 'નુ' શબ્દ વિરુદ્ધ તર્ક[૧૬] (છે એમ) જણાવે છે. આ[૧૭] શબ્દથી તે મત તર્કથી ખોટો પડે છે એમ કહેલ છે. તર્ક શંકાનો અંત લાવનાર છે એવા અભિપ્રાયથી પૂર્વપક્ષીએ પણ વ્યાપ્તિને લીધે બલવાન થએલા તર્કથી જ પદાર્થનો નિર્ણય કરેલો છે, તેથી 'તર્કથી બાધિત (ખોટો ઠરેલ) છે' શબ્દથી તે જ[૧૮] (વિરુદ્ધ તર્ક હોવાનો દોષ) કહે છે. અર્થ આ (નીચે પ્રમાણે) છે[૧૯]. જગતમાં જે સત્પણું તમો સિદ્ધ કરો છો તે (૧) શું કારણમાં રહેલું સત્પણું જ કાર્યમાં આવે છે એમ કહો છો? અથવા (૨) આરંભ (કરવાના) નિયમ પ્રમાણે કાર્યમાં બીજું સત્પણું ઉત્પન્ન થાય છે? તે પૈકી (૧) પહેલો પક્ષ બરાબર

૧૩. સત્માંથી (જગત્) ઉત્પન્ન થયું છે, એના પ્રમાણરૂપ શ્રુતિ આ કહેલી છે. (લે)

૧૪. 'એમ નથી' એટલે 'એમ સંભવતું નથી' એવો અર્થ છે. (લે)

૧૫. તેવા મતમાં અસંભાવના (અસંભવિતપણા)નો દોષ છે એમ જણાવે છે, એવો અર્થ છે. (લે)

૧૬. અહિં 'દૂષણ' શબ્દ બે વાર મૂકેલો છે. તેથી અસંભાવનારૂપ દોષમાં 'નુ' શબ્દથી સત્ય જ્ઞાન ઉત્પન્ન કરનાર વિરુદ્ધ તર્ક કહેલો છે. આ વિરુદ્ધ તર્કથી પહેલાંનો (પૂર્વપક્ષીએ કહેલો) તર્ક ખોટો ઠરે છે, એ તેના મતમાં દોષ છે. તે દોષ 'તર્કહતં' શબ્દથી શ્રુતિએ કહેલો છે, એવો અર્થ છે. (લે)

૧૭. 'તર્કહતમ્' શબ્દથી તર્કથી ખોટો ઠરે છે એમ કહ્યું તે ખોટો ઠરાવવાનું કાર્ય 'નુ' એ શબ્દે જણાવેલા વિરુદ્ધ તર્કથી થાય છે, એવો અર્થ છે. પૂર્વપક્ષીનો તર્ક (ઉપર 'આ જગત્ સત્ જ છે, કારણ કે તે સત્માંથી ઉત્પન્ન થએલું છે' એમ કહેલો છે) 'જો જગત્ સત્ ન હોત તો તે સત્માંથી ઉત્પન્ન થએલું ન હોત' એવો છે. તેનાથી વિરુદ્ધ નીચે 'જો કારણનું સત્પણું કાર્યમાં આવે તો કારણ અસત્ થાય' વિગેરેથી કહેશે. તે તર્કથી આ પૂર્વપક્ષીનો તર્ક ખોટો ઠરે છે, એવો અર્થ છે. (લે)

૧૮. 'પ્રમાણમાર્ગમાં તર્કથી નિર્ણય કેમ કરવામાં આવે છે ?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. તર્ક શંકા દૂર કરનારો છે એવા અભિપ્રાયથી પૂર્વપક્ષીએ તર્કથી નિર્ણય કરેલો છે તેથી અમે પણ, જેમ એક કાંટાને બીજા કાંટાથી કાઢવામાં આવે તેમ તર્કથી નિર્ણય કહેલો છે. સાચી વાતે તો અમે કહીએ છીએ તે પ્રમાણથી સિદ્ધ હોવાથી જ અમે તેમ કહીએ છીએ એવો ભાવ છે. તેથી તે જ એટલે તર્કથી જ પૂર્વપક્ષીનો તર્ક ખોટો ઠરે છે એ દોષ કહે છે એવો અર્થ છે. (લે)

૧૯. શ્લોકમાં 'તર્કહતમ્' શબ્દથી તર્કથી પૂર્વપક્ષીનો તર્ક ખોટો ઠરવાનું દૂષણ કહ્યું અને 'વ્યભિચરતિ' શબ્દથી વ્યભિચાર હોવાનું દૂષણ કહ્યું. અહિં નીચે બે પક્ષ જણાવેલ છે તે પૈકી પહેલા પક્ષમાં તર્કથી ખોટા ઠરવાનું દૂષણ છે અને વ્યભિચાર હોવાનું દૂષણ બંને પક્ષમાં છે એવો અર્થ કરવાનો છે, એવો અર્થ છે. (લે)

નથી, કારણ કે તર્કથી તે ખોટો ઠરે છે. જો કારણનું સત્પણું કાર્યમાં આવે, તો કારણ અસત્ (સત્પણા વગરનું) થાય[20], અને પોતાના નાશની શંકા થતાં કાર્યને ઉત્પન્ન પણ કરે[21]. તેથી પોતાના સત્પણાનો નાશ થવાની શંકાથી ભગવાન્ જગત્ (ઉત્પન્ન) પણ ન કરે. વળી કારણમાં રહેલો સત્પણારૂપ ગુણ કાર્યમાં આવ્યો એવું કોઈ સમયે આપણને જ્ઞાન પણ થતું નથી[22]. તેથી ઘણા તર્કોથી[23] (એ) ખોટું ઠરતું હોવાથી કારણમાં રહેલું સત્પણું કાર્યમાં આવતું નથી, એવો અર્થ છે. (૨) બીજું સત્પણું (કાર્યમાં) ઉત્પન્ન થાય છે એવા બીજા પક્ષનો હવે વિચાર કરીએ. તે મત પણ વ્યભિચારવાળો[24] હોવાથી ખોટો છે. સત્ (ભલા) અંગમાંથી[25] પણ વેન[25] અસત્ (દુષ્ટ) જ ઉત્પન્ન થયો. તેમાં (દેહ વિગેરેના) સમૂહમાં અસત્ ભાગ જ રહ્યો હતો એમ પણ કહેવાય નહિ, (કારણ કે) તેમ હોય તો કાર્યમાં પણ તેટલું જ

૨૦-૨૧. આ બે વાક્યોથી પૂર્વપક્ષીના તર્કને ખોટો ઠરાવનારા બે તર્કો કહેલા છે. (લે)

૨૨. '(જગત્) સત્ છે એમ પ્રત્યક્ષથી જ જણાય છે. તેમાં તર્કની શી જરુર છે ?' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (લે)

૨૩. તર્ક એટલે પોતે વિચારેલી યુક્તિ. સત્પણું ઉપરના વાક્યમાં જણાવ્યા પ્રમાણે પ્રત્યક્ષ નહિ હોવાથી, પૂર્વપક્ષીનો મત યુક્તિથી ખોટો ઠરે છે, એવો અર્થ છે. (લે)

૨૪. ન્યાયશાસ્ત્રમાં અનુમાનનાં પાંચ અવયવો કહેલાં છેઃ-(૧) 'પર્વત અગ્નિવાળો છે' એમ સિદ્ધ કરવા કહે, તે 'પ્રતિજ્ઞા' (૨) 'ધૂમવાળો હોવાથી' એમ એ સિદ્ધ કરવાનું સાધન કહે તે 'હેતુ' કહેવાય છે. (૩) 'જે જે ધૂમાડાવાળો હોય તે તે અગ્નિવાળો હોય છે રસોડાની પેઠે' એ 'વ્યાપ્તિ' અથવા 'ઉદાહરણ' કહેવાય છે. (૪) 'આ પર્વત તેવો (ધૂમાડાવાળો) છે' એ 'ઉપનય' કહે છે. (૫) 'તેથી આ પર્વત તેવો (અગ્નિવાળો) છે' એ 'નિગમન' કહેવાય છે. અનુમાનમાં દોષ હોય તે ખોટું અનુમાન ગણાય. આવા દોષ 'હેત્વાભાસ' કહેવાય છે. તે પણ પાંચ છે. (૧) સવ્યભિચાર. (વ્યભિચારવાળા હોવું તે) (૨) વિરુદ્ધ (૩) સત્પ્રતિપક્ષ (૪) અસિદ્ધ અને (૫) બાધિત. તેમાં જે સિદ્ધ કરવાનું છે તે જેનામાં ન હોય, તેમાં પણ જે હેતુ રહેલો હોય તે સવ્યભિચાર અથવા વ્યભિચારવાળો કહેવાય છે. જેમ કે પર્વત અગ્નિવાળો છે, જાણી શકાય તેવો હોવાથી. આ 'જાણી શકાય તેવા હોવું' હેતું તો સરોવરમાં પણ છે અને તેમાં અગ્નિ નથી. તેથી આ હેતુ સવ્યભિચાર છે. તે પ્રમાણે 'સત્ (અંગ)માંથી ઉત્પન્ન થએલ હોવું' એ હેતુ 'વેન'ને પણ લાગુ પડે છે, પણ વેન સત્ ન હતો. તેથી આ 'સવ્યભિચાર' હેતુ છે. જેના સંબંધમાં જે સિદ્ધ કરવાનું છે તેની અંદર સિદ્ધ કરવા માટે જણાવેલો હેતુ હોય જ નહિ, એ સ્વરૂપથી અસિદ્ધ હેત્વાભાસ છે. 'જગત્ સત્ છે, સત્ (બ્રહ્મ)માંથી ઉત્પન્ન થએલ હોવાથી' એમાં જે હેતુ કહ્યો તે પ્રકૃતિ અને પુરુષમાંથી જગત્ ઉત્પન્ન થએલ છે એ વાદ પ્રમાણે જગતમાં નથી. તેથી તે હેતુ સ્વરૂપાસિદ્ધ છે.

૨૫-૨૫-૨૫. અંગ, વેન અને પૃથુરાજાનાં ચરિત્રો માટે શ્રીમદ્ભાગવતના ચોથા સ્કંધના અધ્યાય ૧૩ થી ૨૩ સુધીના જૂઓ.

અસત્ થાય, પરંતુ તે સિવાયનું સ્વભાવ વિગેરે પણ (અસત્) ન થાત. 'બીજમાં તે (અસત્ ભાગ) જ આવ્યો' એમ કહો તો તે (વેન)માંથી પૃથુનો[૨૫] આવિર્ભાવ થાત નહિ. તેથી કાર્ય અને કારણમાં ભેદ હોવાથી, કારણમાં સત્પણું હોવાથી નિયમ તરીકે (બધા પ્રસંગે) કાર્યમાં સત્પણું ઉત્પન્ન થતું નથી.

'ગમે તે કારણ કાર્યમાં સત્પણું ઉત્પન્ન કરતું નથી, પરંતુ સમવાયિ કારણ જ તેમ કરે છે. બીજ[૨૬] તો નિમિત્તકારણ છે. તેમાં યોનિના દોષને લીધે અને સ્વભાવ ના દોષને લીધે વેન દુષ્ટ થયો. બીજ[૨૭] તો ગુણવાળું હોવા છતાં, મોટા દોષથી ઢંકાઈ ગયું, સમવાયિ કારણ તો તે તે અવયવો જૂદા જ હતા, તેથી વ્યભિચાર[૨૮] થતો નથી' એવી શંકા થાય, તેથી 'અને કોઈ સ્થલે ખોટું થાય છે' શબ્દો યોજેલા છે[૨૯]. છીપમાંથી ભ્રમવાળા પુરુષને જણાતું રૂપું ઉત્પન્ન થાય છે. છીપ સત્ હોવા છતાં પણ રૂપું સાચું હોતું નથી. તે રૂપાંનો આશ્રય છીપ હોવાથી, તેનું સમવાયિકારણ છીપ જ છે, તેથી વ્યભિચાર (થાય છે એમ) સિદ્ધ થાય છે[૩૦]. ''તેમાં (છીપમાં રૂપું દેખાવામાં) માત્ર છીપ ઉપાદાન (સમવાયિકારણ) નથી, પરંતુ દોષસહિત (દોષ અને છીપ) ઉપાદાન છે. છીપ ચકચકાટ કરતી હોવાના વિગેરે દોષને લીધે સારી રીતે તેનું દર્શન ન થવાથી તે રૂપું ઉત્પન્ન થાય છે, પરંતુ માત્ર '(તે રૂપાના) આશ્રય (છીપ)માંથી ઉત્પન્ન થતું નથી' 'એમ હોય તો પણ એક અંશથી રૂપું સાચું હોય[૩૧], સંપૂર્ણ રીતે અસત્ય ન હોય.' તે[૩૨] (આ અર્થ) 'ન'

---

૨૬. 'બીજ' એટલે 'વીર્ય'. વીર્યની અંદર રહેલા અદષ્ટને લીધે આવેલા જુદા જુદા અવયવો સમવાયિ કારણ છે, તેમ ન હોય તો યોનિમાં પડેલા બધા વીર્યથી કાર્ય (ગર્ભ)ની ઉત્પત્તિ થાય, અને એક જ વીર્યથી થએલ કોઈક ગોરો અને કોઈક શ્યામ એમ ન થાય. તેથી જ 'પુરુષ વીર્યના કણ (બિંદુ)ના આશ્રયવાળો છે' એવું વાક્ય છે, તેથી વીર્ય સમવાયિ કારણ નથી, તેમ જ અસમવાયિ કારણ પણ નથી. તેથી તે નિમિત્તકારણ છે એવો અર્થ છે. (લે)

૨૭. 'જેમ યોનિનો દોષ કાર્ય (વેન)માં આવ્યો, તેમ વીર્યનો ગુણ તેનામાં કેમ ન આવ્યો ?' એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલું છે. બીજ ગુણવાળું હોવા છતાં, યોનિનો દોષ તેનાથી બલવાન હોવાથી, એ દોષથી તે ઢંકાઈ ગયું એવો અર્થ છે. (લે)

૨૮. જૂઓ ૨૪મી ફૂટનોટ.

૨૯. સવ્યભિચાર હોવાનો દોષ નહિ રહે એવી શંકા થતાં, એ દોષ ન રહેવાનું સંભવે નહિ, તેવું ઉદાહરણ કહે છે. (લે)

૩૦. આ ખંડથી ઉપર જે દૂષણ જણાવ્યું તેનું પૂર્વપક્ષી સમાધાન કરે છે. (લે)

૩૧. પૂર્વપક્ષીએ ઉપર જણાવેલ પૈકી અડધું સ્વીકારી, તેના મતમાં રહેલ દોષ જણાવે છે.

૩૨. સત્પણાના અને અસત્પણાના અંશોનો ભેદ નથી; પરંતુ (સર્વ) ખોટું જ છે. શ્લોકમાં 'ન

શબ્દથી કહેલો છે. 'સત્‌નો અંશ દોષને લીધે તેમાં[33] ઢંકાઈ ગએલો હોય છે' એમ કહો તો, ચાલુ વિષયમાં પણ[34] તેમ ભલે દેખાતું, એટલે મનના દોષને લીધે[35] જગત્ જૂદા પ્રકારનું[36] (બ્રહ્મથી જૂદા સત્પણાવાળું) દેખાય છે. તેમ ન હોય તો[37] જગત્ સચ્ચિદાનંદરૂપથી કેમ ન પ્રકાશે (દેખાય) ? વળી સર્વ સ્થલે બ્રહ્મ જ કારણ છે એવો વાદ (સિદ્ધાંત) કહેવાનો નથી, પરંતુ પ્રકૃતિ અને પુરુષ કારણ છે એવો વાદ પણ (કહેલો)[38] છે. તેથી ઉભયના યોગને લીધે જગત્ સદ્રૂપ અને અસદ્રૂપ છે, (પણ) માત્ર સત્ નથી, એવો અર્થ છે.

એ પ્રમાણે હેતુ[39] સ્વરૂપાસિદ્ધ[39] છે અને વ્યવહાર પ્રમાણે ખોટો[40] ઠરે છે એમ જણાવી, 'આ કલ્પના વ્યવહાર માટે કરાએલી છે' શબ્દોથી બીજા હેતુની કલ્પના કરી તેને ખોટો ઠરાવે છે 'આ જગત્ સત્ છે, કારણ કે સત્ તરીકે દેખાય છે; બ્રહ્મની પેઠે' એવું (પૂર્વપક્ષીનું) અનુમાન છે, તેને પણ ખોટું ઠરાવે છે. આ વિકલ્પ એટલે જગતની ઉત્તમ સત્પણારૂપ રચના મનથી કલ્પેલી છે, પરંતુ પરમાર્થરૂપ (સત્ય) નથી, કારણ કે માત્ર વ્યવહારને લીધે પણ મનથી કલ્પેલી

---

તથા' શબ્દો છે તેનો અર્થ 'તેવું (સત્ય) નથી' એવો છે. (લે)

૩૩. 'તેમાં' એટલે '(છીપમાં દેખાતા) રૂપામાં'. (લે)

૩૪. જગતનું સત્પણું પણ ભગવાનની ઈચ્છાથી તિરોહિત થવાથી તે પણ અસત્ ભાસે છે, એવો અર્થ છે. (લે)

૩૫. 'એમ હોય તો સત્પણું (જગત્ સત્ છે એવું) કેમ જણાય છે ?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (લે)

૩૬. 'જૂદા પ્રકારનું' એટલે '(બ્રહ્મથી) જૂદા સત્પણાવાળું'. મનનો દોષ ન હોય તો બ્રહ્મથી જૂદું સત્પણું ન જણાય. તેથી જ જ્ઞાનીઓને તે બ્રહ્મથી જૂદા સત્પણાવાળું દેખાતું નથી. (લે)

૩૭. મનનો દોષ હોવાનું પ્રમાણ આ વાક્યમાં કહે છે. (લે)

૩૮. 'ઉભયયુક્' શબ્દનો અર્થ અહિં કહે છે. (સત્ અને અસત્) બંનેનો સંબંધ હોવાથી, જગત્ માત્ર 'સત્' છે એમ સિદ્ધ થઈ શકતું નથી, એવો અર્થ છે. અહિં (આ કંડિકા) સુધીના શ્રીસુબોધિનીથી બીજો પક્ષ ખોટો ઠરાવેલો છે. (લે)

૩૯–૩૯. જૂઓ ૨૪મી ફૂટનોટ.

૪૦. આ કંડિકાથી હવે 'જગત્ સત્ હોવાનું કહો છો તે શું અનુભવ પ્રમાણે કહો છો ?' એમ જે પહેલો પક્ષ કહેલ તેને ખોટો ઠરાવે છે. જગત્ સત્ બ્રહ્મ અને અસત્ પ્રકૃતિપુરુષ બંનેમાંથી ઉત્પન્ન થએલું હોઈ, તે સત્‌માંથી ઉત્પન્ન થએલ હોવારૂપ હેતુ સ્વરૂપાસિદ્ધ છે એવો અર્થ છે, અને છીપમાંથી રૂપું ઉત્પન્ન થતું દેખાતું હોવાથી, વ્યવહાર પ્રમાણે (પણ) જગતમાં સત્પણું હોવાનું સિદ્ધ થતું નથી એવો અર્થ છે. (લે)

સિદ્ધ થતી હોવાથી, (તે) વસ્તુતઃ સત્ય છે એમ માનવાનું પ્રયોજન નથી[૪૧]. 'આ સંસાર અનાદિ છે અને તે સત્ હોવાની બધાની બુદ્ધિ(માન્યતા) છે, તેથી જણાય છે કે તે સત્ જ છે' એવી શંકા થાય, તેથી 'અંધની પરંપરાથી' શબ્દ યોજેલ છે. આંધળાઓની પરંપરા પણ પરંપરા છે, (અને) વળી (આ) દેખતાઓની પરંપરા છે એવું (કાંઈ) પ્રમાણ આમાં નથી[૪૨]. ઉલ્ટું[૪૩] મોટા પુરુષોની બુદ્ધિથી 'આ અસત્ જ છે' એમ ભાસે છે.

'વેદ પ્રમાણે જગત્ સત્ છે એમ અમે સ્વીકારીએ છીએ' એવી શંકા થાય, તેથી '(આપની) વાણી ભ્રમણ કરાવે છે' શબ્દો યોજેલા છે. 'ભારતી' આપની વેદરૂપ વાણી 'ઉક્થજડાન્' કર્મમાં રચ્યાપચ્યા રહેનારાઓને ભ્રમણ કરાવે છે. 'કારણ કે વેદ સર્વ[૪૪] બ્રહ્મના સંબંધમાં જ કહે છે, પરંતુ (તે) જગતના સંબંધમાં હોય એમ લોક ભૂલે છે' એવો ભ્રમણ કરાવવાનો પ્રકાર તો બીજા સ્કંધમાં જણાવેલો છે. ક્રિયામાં જેઓની આસક્તિ છે તેઓ પદાર્થોનો વિચાર કરતા નથી, તેથી તેઓને 'કર્મજડ' કહેલા છે.

**સદ્બુદ્ધ્યા સર્વથા સદ્ભિર્ન સેવ્યમખિલં જગત્ ।।**
**ભ્રાન્ત્યા સદ્બુદ્ધિરત્રેતિ સન્તં કૃષ્ણં ભજેદ્બુધઃ ।।૨૩।।**

સંતોએ સર્વ જગતને 'તે સત્ છે' એવી બુદ્ધિથી સર્વથા સેવવું નહિ. આ (જગત)માં 'સત્' હોવાની બુદ્ધિ ભ્રાંતિથી થએલી છે, તેથી ડાહ્યા પુરુષે સત્ શ્રીકૃષ્ણને ભજવા. કા.૨૩.

'સતઃ' સતમાંથી 'ઉત્થિતમ્' ઉત્પન્ન થએલ 'ઈદમ્' આ 'સત્' સત્ છે 'ઈતિ' એમ 'ચેત્' કહેતા હો તો 'ન' એમ નથી. 'તર્કહતમ્' તર્કથી બાધિત 'નુ' જ (છે), 'ક્વ ચ' કોઈ સ્થલે 'વ્યભિચરતિ' વ્યભિચારી થાય છે. 'ક્વ ચ' અને કોઈ સ્થલે 'મૃષા' ખોટું થાય છે. 'ઉભયયુક્' ઉભયવાળું (સત્ અને અસત્) 'તથા' તેમ 'ન' થતું નથી. 'વિકલ્પઃ' આ કલ્પના 'વ્યવહૃતયે' વ્યવહાર માટે 'અંધપરંપરયા' અંધની પરંપરાથી 'ઈષિતઃ' કરાએલી છે. 'તે' આપની 'ભારતી' વાણી 'ઉક્થ-જડાન્'

૪૧. 'સત્ જણાવું' એ હેતુ 'તે સત્ છે' એમ સિદ્ધ કરવામાં નકામો છે, કારણ કે છીપલીમાં જણાતું રૂપું સત્ જણાય છે છતાં સત્ (સાચું રૂપુ) નથી, એવો અર્થ છે. (લે)

૪૨. આ ચક્ષુવાળાઓની પરંપરા છે, એવું આ વિષયમાં પ્રમાણ નથી. (લે)

૪૩. આ આંધળાઓની પરંપરા છે એવું પ્રમાણ છે એમ કહે છે. (લે)

૪૪. બ્રહ્મના સંબંધવાળા પદાર્થમાત્ર કર્મમાં ઉપયોગી છે એમ કહે છે. 'તેનાં (યજ્ઞનાં) પ્રયાજ વિગેરે, ચાટવો વિગેરે જે સાધન છે તે સર્વ હરિ છે' (તત્ત્વદીપ ૨।૩)માં કહેલા સિદ્ધાંતના અજ્ઞાનને લીધે જડ પુરુષો ભમ્યા કરે છે એવો અર્થ છે. (લે)

કર્મજડોને 'ઉરુવૃત્તિભિઃ' ઘણી વૃત્તિઓથી 'ભ્રમયતિ' ભ્રમણ કરાવે છે. ૨૩.

''જગત્ ભલે સત્ય ન હોય. તેથી જેઓ તેનો વિશેષ રીતે (તે સત્ હોવાના કારણે) આશ્રય કરે છે તેઓ તેનો આશ્રય નહિ કરે, પરંતુ જેઓ વળી સ્વભાવથી તેનો આશ્રય કરે છે તેઓએ તેનો આશ્રય ન કરવાનું શાથી સિદ્ધ થાય ? કારણ કે જગત્ જેમ સત્ નથી તેમ અસત્ પણ નથી. જેમ આ (જગત્)નું સત્પણું સાબિત કરી શકાતું નથી, તેમ તે જ કારણોને લીધે અસત્પણું પણ સાબિત કરી શકાતું નથી. તેથી જગત્ સત્થી અને અસત્થી જૂદા પ્રકારનું ભલે હોય. તેથી તેનો આશ્રય કરવામાં ગુણ નહિ હોય, (તેમ) દોષ પણ નહિ હોય. તેથી જગતનો ત્યાગ (કરવાનું) કેવી રીતે સિદ્ધ થાય ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ન યદિદમગ્ર આસ ન ભવિષ્યદતો નિધના-**
**દનુમિતમન્તરા ત્વયિ વિભાતિ મૃષૈકરસે ॥**
**અત ઉપમીયતે દ્રવિણજાતિવિકલ્પપથૈ-**
**ર્વિતથમનોવિલાસમૃતમિત્યવયન્ત્યબુધાઃ ॥૨૪॥**

જો જગત્ને અસત્ સિદ્ધ કરનારું અહિં કાંઈ ન હોત તો એમ કહી પણ શકાત, પરંતુ 'આ જગત્ અસત્ છે, કારણ કે તે અનિત્ય છે. જે એવું (અનિત્ય) નથી તે એવું (અસત્) નથી, જેમ કે બ્રહ્મ' એવું તેને અસત્ સિદ્ધ કરનારું અનુમાન છે. (આ અનુમાનમાં) હેતુ કેવલવ્યતિરેકી[1] છે એમ શ્લોકના પૂર્વાર્ધથી કહે છે. જગત્ને અસત્ જ જણાવવામાં આવે છે. 'યત્' કારણ કે આ જગત્ 'અગ્રે' સૃષ્ટિ પહેલાં હતું નહિ, અને વળી 'અતો નિધનાત્' પ્રલય પછી હશે નહિ, તેથી વચમાં અમુક સમય સુધી જ રહેલું છે, તેથી જણાય છે કે (તે) અસત્ છે; કારણ કે જે સત્

૧. હેતુ ત્રણ પ્રકારનાં છે. (૧) અન્વયવ્યતિરેકી (૨) કેવલાન્વયી (૩) કેવલવ્યતિરેકી. (૧) જેની અન્વયથી અને વ્યતિરેકથી (બંને રીતે) વ્યાપ્તિ થતી હોય તે અન્વયવ્યતિરેકી. જેમ કે 'જ્યાં જ્યાં ધુમાડો છે ત્યાં ત્યાં અગ્નિ છે', એ અન્વયવ્યાપ્તિ; અને 'જ્યાં અગ્નિ નથી ત્યાં ધૂમાડો પણ નથી જેમ કે સરોવરમાં' એ વ્યતિરેકવ્યાપ્તિ. બંને પ્રકારની વ્યાપ્તિઓ હોવાથી 'ધૂમાડાવાળા હોવું' એ અન્વયવ્યતિરેકી હેતુ છે. (૨) ઘડો નામ પાડી શકાય તેવો છે, કારણ કે તે જાણી શકાય તેવો છે. 'જે જે જાણી શકાય તેવું છે તે તે નામ પાડી શકાય તેવું છે' આ કેવલાન્વયી હેતુ છે, કારણ કે સર્વ પદાર્થમાત્ર જાણી શકાય અને નામ પાડી શકાય તેવા હોવાથી, એ હેતુ જેમાં ન હોય તેવો પદાર્થ જ નહિ હોવાથી, તેની વ્યતિરેકવ્યાપ્તિ થાય નહિ. (૩) પૃથ્વી, બીજાથી જૂદા પ્રકારની છે, ગંધવાળી હોવાને લીધે. 'જે બીજાથી જૂદા પ્રકારનું નથી તે ગંધવાળું નથી જેમ કે જલ' આ કેવલવ્યતિરેકી હેતુ છે, કારણ કે 'જે જે ગંધવાળું છે તે બીજાથી જૂદા પ્રકારનું છે' એવી અન્વયવ્યાપ્તિ થતી નથી, કેમ કે પૃથ્વીમાત્ર સંબંધી વાત ચાલતી હોવાથી તે અન્વયવ્યપ્તિનું દષ્ટાંત રહેતું નથી.

હોય છે તે ત્રણે કાલમાં (સત્ જ) હોય[2] છે; કેમ કે સત્ કોઈ સમયે અસત્ થતું નથી. તેમ ન હોય તો[3] કોઈ વાર ઘડો પણ વસ્ત્ર થઈ જાય. તેથી વચલા સમયમાં રહેનારું હોવાથી જગત્ અસત્ છે. 'આ હેતુથી (જગત્) સત્ નથી એમ જ સિદ્ધ થશે, પરંતુ (તે) અસત્ છે એમ (સિદ્ધ) નહિ થાય. વ્યતિરેક (વ્યાપ્તિ)થી પણ તે (અમુક ગુણ)નો અભાવ જ સિદ્ધ થાય છે, પરંતુ બીજો ગુણ (હોવાનું) સિદ્ધ થતું નથી' એવી શંકા થાય, તેથી 'મધ્યમાં આપમાં અનુમાનથી જણાએલું ખોટું ભાસે છે' શબ્દો યોજેલ છે. આ જગત્ ખોટું જ ભાસે છે, તેનું કારણ 'ત્વયિ' 'આપમાં' શબ્દથી કહેલું છે, છીપમાં જેમ રૂપું (ભાસે છે) તેમ, જે જે હોય (તેનાથી) જૂદું ભાસે તે તે (જૂદા) તરીકે મિથ્યા (અસત્) છે. એમ સિદ્ધ થએલું છે. આ સર્વ (જગત્) બ્રહ્મ છે એવો શ્રુતિથી અને બ્રહ્મ જાણનારાઓથી નિર્ણય થએલો છે. છતાં પણ (તે) જે જગત્ તરીકે (જૂદું છે તેથી જૂદા પ્રકારે) ભાસે છે તે મિથ્યા જ હોવા યોગ્ય છે. એવો અર્થ છે. 'અનુમાનથી જણાએલું' શબ્દથી (તે અસત્ હોવાનું) બીજું કારણ પણ કહે છે. (છીપમાં) રૂપું પ્રત્યક્ષથી તો દેખાતું નથી, કારણ કે ઈન્દ્રિય (ચક્ષુ) અને પદાર્થ (છીપ)નો સંબંધ છીપના વિષે થાય છે, કારણ કે રૂપાંની સાથે (તેવો) સંબંધ થતો નથી, કારણ કે સત્ (જે વસ્તુતઃ હોય તેવા) પદાર્થોનો જ સંયોગ થાય છે. 'પુરુષની ઈન્દ્રિયોનો સત્ (પદાર્થ) સાથે સંબંધ થાય ત્યારે જે (જ્ઞાન) બુદ્ધિથી ઉત્પન્ન થાય, તે પ્રત્યક્ષ (કહેવાય છે)' એવી પ્રત્યક્ષની વ્યાખ્યા છે. રૂપું તો ત્યાર (છીપ સાથે ચક્ષુનો સંબંધ થતાં ઉત્પન્ન થએલ પ્રત્યક્ષ જ્ઞાન) પછી બુદ્ધિથી ઉત્પન્ન થાય છે અને દેખાય છે. તે (દેખાવ)માં બુદ્ધિ જ કરણ છે. તેથી જ્ઞાન જેનું કરણ છે તેવું જ્ઞાન અનુમાન હોવાથી રૂપું અનુમાનનો વિષય[4] થાય છે. વળી 'અંતરા' મધ્યે પ્રકાશે છે, ઈન્દ્રિય અને પદાર્થની મધ્યે જે ભાસે તે મિથ્યા છે. તેવી જ રીતે અહિં (ચાલુ પ્રસંગમાં) પણ જેને જ્ઞાન થાય છે તેનું ચૈતન્ય અને બ્રહ્મનું ચૈતન્ય (એ બે ચૈતન્ય)ની મધ્યે જગત્ ભાસે છે તેથી (તે મિથ્યા છે). જ્યાં સુધી આ બે (ચૈતન્ય) સારી રીતે તપાસમાં ન આવે ત્યાં સુધી (જગત્) ભાસે છે. તેથી તે (એ બેની) મધ્યે જ ભાસે છે. આ બંને (ચૈતન્ય)નો વિચાર કરવામાં આવે, (અને) 'તે (બ્રહ્મ) તું (જીવાત્મા) છે' એ વાક્ય જાણવામાં આવે, પછી સર્વ સ્થલે બ્રહ્મ જ ભાસે છે. વળી જેમ એક ચંદ્ર હોવા છતાં બે દેખાય છે તે ભ્રાંતિથી થાય છે તેમ

૨. 'સત્ જ' શબ્દો અહિં અધ્યાહાર છે. (લે)

૩. 'તેમ ન હોય તો' એટલે '(પદાર્થનું) સ્વરૂપ જુદા જુદા સમયે જુદું જુદું થતું હોય તો'. (લે)

૪. બ્રહ્મવાદમાં પરોક્ષ (સીધું નહિ, બારોબાર નહિ તેવું) જ્ઞાન થાય તેને અનુમાન કહેવાય છે. તેથી 'પરોક્ષ જ્ઞાન થાય છે' એવો અર્થ છે. (લે)

'એકરસ' આપમાં જે જુદા જુદા પ્રકારે ભાસે છે તે મિથ્યા જ છે, એમ જાણવું.

'છતાં પણ જગત્ અસત્ છે એમ કેમ સિદ્ધ થશે ? કારણ કે અસત્ દેખાતું નથી[૫]' એવી શંકા થાય, તેથી 'તેથી ઉપનામથી જણાય છે' એમ કહેલ[૬] છે[૭]. જગત્ અસત્‌ના જેવું હોવાથી, તે અસત્ છે એવું ઉપમાન[૮] થાય છે. જેમ દ્રવ્યોની જાતિઓના અવાંતર ભેદના માર્ગોથી પદાર્થો સંબંધી ઉપમાન થાય છે, જેમ 'ગાયના જેવો ગવય હોય છે' એ વાક્ય સાંભળી, વનમાં ગવયને જોતાં એ વાક્યથી જાણેલી સમાનતાને સંભારી, તે (સમાનતા)ને ગવયમાં જોતાં, 'આ ગવય છે, ગાયના જેવો હોવાથી' એમ માને છે, (તેમ જગતમાં અસત્ પદાર્થની સમાનતા હોવાથી તે અસત્ છે એમ ઉપમાનથી જણાય છે). ગાય વિગેરે દ્રવ્યોની જે ગોત્વ(ગાયપણું) વિગેરે જાતિ છે તે જાતિઓનો પેટા-ભેદ, તે જ ઉપમાનમાં માર્ગ (ઉપમાન કરવાનું સાધન) છે. તેમ ન હોય તો 'આ ગાય છે' એમ જ જણાય. આ (સમાનતાનો) ભેદ(ફેર) હોવાને લીધે જ, તેના સંબંધી અનુમાન થતું નથી. અગ્નિ તો[૯] વ્યાપ્તિ વિગેરે સર્વ સ્થલે એક જાતનો જ છે. સમાનતાનું જ્ઞાન તો જૂદી જાતનું દ્રવ્ય છે એમ જણાવે છે. તેથી જે અસત્[૧૦] પદાર્થો જોવામાં આવે છે, તેઓ વિચાર કરતાં સત્ હોવાનું સંભવતું નથી[૧૧], એવા આ ગુણની સમાનતાને લીધે જગત્ પણ અસત્ જ છે એવો નિશ્ચય થાય છે[૭]. ભાન તો સસલાના શીંગડાંનું પણ થાય છે, તેથી તે ભાન સસલાનું શીંગડું અસત્ નથી એમ સિદ્ધ કરતું નથી. સત્યપણું[૧૨] પણ

૫. જેમ વિચાર કરતાં છીપલીમાં દેખાતું રૂપું અસત્ જણાય છે તેમ જગત્ અસત્ જણાતું નથી, એવો અર્થ છે. (લે)

૬. 'વિચાર કરતાં અસત્ દેખાય છે' એમ કહેલ છે. (લે)

૭...૭. આ ભાગથી ઉપર નોટ ૬માં જણાવેલ વિચાર કહેલ છે. (લે)

૮. અનુમાન જેવું ઉપમાન પણ પ્રમાણ છે. ઉપમાનમાં હેતું 'સમાનતા' અથવા 'તેનાં જેવા ગુણવાળા હોવું' એ કારણ છે. આગળ અગ્નિ એક જ જાતનો બધે છે, અને સમાનતાનું જ્ઞાન જૂદા પ્રકારનો પદાર્થ હોવાનું જણાવે છે, એમ આ બેનો ભેદ જણાવેલો છે.

૯. 'જ્યાં જ્યાં ધૂમાડો છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે જેમ કે રસોડામાં એવી વ્યાપ્તિથી પર્વતમાં અગ્નિ છે એમ સાબિત કરે છે. રસોડાનો અગ્નિ અને પર્વતનો અગ્નિ એક જ પ્રકારના છે. અનુમાનમાં એ પ્રમાણે છે. ઉપમાનમાં તો પ્રથમ ગાયનું જ્ઞાન છે અને ગવય ગાયના જેવો, એટલે ગવયથી ગાય જૂદા પ્રકારની છે, એવો ભેદ છે. (લે)

૧૦. 'જેવાં કે છીપમાં દેખાતું રૂપું વિગેરે' એવો અર્થ છે. (લે)

૧૧. 'સત્ હોવાનું' શબ્દ અધ્યાહાર છે. (લે)

૧૨. 'સત્પણું' એટલે 'સત્પણાવાળાં છીપ વિગેરે પદાર્થ' એવો અર્થ છે. (લે)

ભાસે છે, અસત્યપણું[૧૩] પણ ભાસે છે; પરંતુ વિચાર સહન કરી શકે તેવા ગુણવાળા પ્રમાણથી સત્ ભાસે છે અને વિચાર સહન કરી ન શકે તેવા દોષવાળા કરણ (જ્ઞાનમાં સાધન)થી અસત્ ભાસે છે એવો ભેદ છે.

'વેદમાં પ્રવીણ મોટા (પુરુષો) પણ જગતને સત્ માને છે. તેમ (જગત્ સત્) ન હોય તો તે અસત્ હોવાથી (તેની) સ્થિરતા ન હોવાથી, વિશ્વાસપૂર્વક સર્વ વ્યવહારો થઈ શકે નહિ, તેથી (જગતને) સત્, અથવા સત્થી તથા અસત્થી જૂદા પ્રકારનું કહેવું જોઈએ[૧૪]' એવી શંકા થાય, તેથી 'ખોટો મનનો વિલાસ' શબ્દ યોજેલ છે. આ સર્વ જગત્ 'વિતથમ્' ખોટું જ છે, કારણ (તે) મનનો વિલાસ છે; કારણ કે જગતમાં જે કોઈ જેને મિત્ર અથવા શત્રુ, શુદ્ધ અથવા અશુદ્ધ, પોતાનું અથવા પારકું એમ જેવું મનથી માને છે, તેના પ્રતિ તે તેવું થાય છે, કેમ કે જગતમાં કોઈપણ પદાર્થ નથી કે જે સ્વભાવથી સર્વને પ્રિય થતો હોય, તેથી આ જગત્ મનનાં વિલાસથી કરેલું હોવાથી, મનોરથની પેઠે ખોટું જ છે. આવા જગતને પણ જેઓ સત્ય છે એમ માને છે, તેઓ 'અબુધાઃ' પંડિતો નથી, વિચાર વિનાના છે, એવો અર્થ છે.

**ખપુષ્પાદિસમત્વાદ્ધિ મિથ્યાભૂતં જગદ્યતઃ ।।**
**અધિષ્ઠાનાચ્ચ સદ્ભાનં તં કૃષ્ણં નિયતં ભજેત્ ।।૨૪।।**

આકાશનું ફૂલ[૧૫] વિગેરેની સમાન હોવાથી જગત્ મિથ્યાભૂત[૧૫] છે. જે અધિષ્ઠાનથી[૧૬] (તે) સત્ ભાસે છે તે શ્રીકૃષ્ણનું સદા ભજન કરવું. કા.૨૪.

---

૧૩. 'અસત્પણું' એટલે 'અસત્પણાવાળા રૂપું વિગેરે પદાર્થ' એવો અર્થ છે. આપણી ઈન્દ્રિયો અવિદ્યાના દોષવાળી હોવાથી, તેમનાથી જેનું ભાન થાય છે તે પદાર્થ અસત્ હોવાનું જ યોગ્ય છે એવો અર્થ છે. (લે)

૧૪. આપણી દુષ્ટ ઈન્દ્રિયોથી જે સત્ ભાસે છે તે અસત્ જ હોવું યોગ્ય છે, તેમ મોટા પુરુષોની ગુણવાળી ઈન્દ્રિયોથી જગત્ સત્ ભાસતું હોવાથી તે સત્ હોવું જોઈએ, અથવા આપણી દુષ્ટ ઈન્દ્રિયોથી અને મોટા પુરુષોની ગુણવાળી ઈન્દ્રિયોથી પણ તે જણાતું હોવાથી તે સત્થી અને અસત્થી બંનેથી જૂદા પ્રકારનું હોવું જોઈએ, એવો અર્થ છે. (લે)

૧૫-૧૫. પૂર્વપક્ષીના મત પ્રમાણે (છીપમાં દેખાતું) રૂપું (સત્થી અને અસત્થી જૂદા પ્રકારનું એટલે) જેનું વર્ણન થઈ શકે નહિ તેવું છે, પરંતુ તેના મત પ્રમાણે પણ આકાશનું ફૂલ અસત્ છે, તેથી તેનું દષ્ટાંત આપેલું છે. (લે)

૧૬. આકાશનું ફૂલ સ્વયં મિથ્યા (ખોટું અસત્) છે, છતાં પણ 'ભૂતં' ઉત્પન્ન થએલું છે. જેમ તેવું ફૂલ આકાશથી જૂદા સત્પણાવાળું નથી, તેમ જગત્ પણ બ્રહ્મથી જૂદા સત્પણાવાળું નથી. પોતાની અંદર રહેલ ફૂલ સત્ય છે એમ દર્શાવવાનું સામર્થ્ય આકાશમાં નથી, તેમ જગત્ પણ બ્રહ્મથી જૂદાં સત્પણાવાળું નથી. પોતાની અંદર રહેલ ફૂલ સત્ય છે એમ દર્શાવવાનું સામર્થ્ય આકાશમાં નથી, કારણ કે તે (આકાશ) ઈન્દ્રિયોથી અતીત (જણાય નહિ તેવું) છે.

'યત્' કારણ કે 'ઈદમ્' આ જગત્ (અગ્રે) પહેલાં 'ન આસ' ન હતું, 'નિધનાત્' પ્રલય 'અતઃ' પછી 'ભવિષ્યત્' હશે 'ન' નહિ. તેથી 'અન્તરા' મધ્યમાં 'એકરસે' એકરસ 'ત્વયિ' આપમાં 'અનુમિતમ્' અનુમાનથી જણાએલું 'મૃષા' ખોટું 'વિભાતિ' ભાસે છે. 'અતઃ' તેથી 'દ્રવિણજાતિવિકલ્પપથૈઃ' દ્રવ્યોની જાતિઓના અવાંતરભેદના માર્ગોથી 'ઉપમીયતે' ઉપમાનથી જણાય છે. 'અબુધાઃ' વિચાર વિનાના (મૂર્ખો) 'વિતથમનોવિલાસમ્' ખોટા મનના વિલાસને 'ઋતમ્' સાચા (છે) 'ઈતિ' એમ 'અવયન્તિ' જાણે છે. ૨૪.

વાસ્તવિક રીતે જડમાં સત્યપણું (સત્પણું) હોય તો તે ભજન કરવા યોગ્ય થાય, તેથી ભગવાનનું ભજન થઈ શકે તે માટે તેમનાથી બીજા (જડ)માં સત્પણું નથી એમ બે શ્લોકોથી સિદ્ધ કરી, 'સત્' અંશનો વિચાર કરી, (નીચેના શ્લોકથી આરંભી) બે શ્લોકોથી 'ચિત્' અંશનો વિચાર કરે છેઃ

**સ યદજયા ત્વજામનુશયીત ગુણાંશ્ચ જુષન્**

---

ભગવાન્ તો ઈન્દ્રિયોથી અતીત હોવા છતાં તેમનામાં સર્વ પ્રકારનું સામર્થ્ય છે, તેથી, જે જગત્ ભગવાનમાં રહેલું છે તેને ભગવાન્ જ સત્ તરીકે દેખાડે છે, એવો અર્થ છે. ભેદવાદ (જગત્ બ્રહ્મથી જૂદું છે એવા વાદ) પ્રમાણે જગતનું સત્પણું બ્રહ્મથી જૂદું હોવાથી તે છે. બ્રહ્મવાદ પ્રમાણે કારણ (ભગવાન્)માં રહેલ સત્પણું જ દેખાય છે, તેથી જગત્ સત્ છે. માયાવાદ પ્રમાણે જગત્ અનિર્વચનીય (જેનું વર્ણન થઈ શકે નહિ તેવું) છે એવો ભેદ છે.

જેમ 'કલશપણું' પણ સત્પણું છે, પરંતુ ઘટપણાથી તે જૂદું નથી, તેથી કલશપણું જાતિ કહેવાતી નથી, તેમ જગત્ પણ સત્ જ છે, પરંતુ તેનું સત્પણું બ્રહ્મથી જૂદું નથી, તેથી તે અસત્ કહેવાય છે. આ દષ્ટાંત પ્રમાણે 'જગત્ સત્ છે અને બ્રહ્મ અસત્ છે' એમ પણ સંભવે, છતાં બ્રહ્મનું સત્પણું પ્રમાણથી સિદ્ધ હોવાથી, જગત્ જ અસત્ એટલે બ્રહ્મથી જૂદાં સત્પણાં વિનાનું છે, એવો ભાવ છે. આકાશના ફૂલનું અધિષ્ઠાન આકાશ પણ વાસ્તવિક રીતે અસત્ છે. જગતનું અધિષ્ઠાન બ્રહ્મ તો પ્રમાણવાક્યોથી વાસ્તવિક રીતે સત્ છે અને તેથી તેમાં રહેલ જગત્ પણ સત્ તરીકે ભાસે છે. માયાવાદીઓનું સત્પણું વ્યાવહારિક છે તેથી (છીપમાં રહેલ) રૂપાનું દષ્ટાંત આપેલું. જેમ વ્યવહારમાં ઘટનું સત્પણું પણ માટીનું જ સત્પણું છે તેમ સિદ્ધાંત પ્રમાણે કારણમાં (બ્રહ્મમાં) રહેલું સત્પણું જ સત્પણું છે. શ્રુતિમાં કહેલું ઘટનું દષ્ટાંત આપવું યોગ્ય હતું, છતાં પણ વિવેક વિનાનાઓને તેમાં ઘટનું જ સત્પણું જણાય, તેથી સ્પષ્ટ સમજાય તે માટે આકાશના ફૂલનું દષ્ટાંત આપેલું છે. ગયા (ત્રેવીસમા) શ્લોકથી જગતનું સત્પણું દર્શાવનાર ભેદવાદને ખોટો ઠરાવ્યો. આ (ચોવીસમા) શ્લોકથી જગત્ અનિર્વચનીય છે એમ દર્શાવનાર માયાવાદને ખોટો ઠરાવ્યો, એમ જાણવું. 'યતઃ' જે શ્રીકૃષ્ણમાંથી આવું જગત્ ઉત્પન્ન થયું, અને 'યતઃ' જે શ્રીકૃષ્ણ અધિષ્ઠાનને લીધે તે સત્ છે એમ ભાસે છે તેવા બંને પ્રકારના સામર્થ્યવાળા શ્રીકૃષ્ણને ભજવા, એવો (કારિકાનો) અન્વય છે. (લે)

**ભજતિ સરૂપતાં તદનુ મૃત્યુમપેતભગઃ ।।**
**ત્વમુત જહાસિ તામહિરિવ ત્વચમાત્તભગો**
**મહસિ મહીયસેઽષ્ટગુણિતેઽપરિમેયભગઃ ।।૨૫।।**

" 'ચિત્' (અંશ)નો આશ્રય કરવો જોઈએ" એવો મત પ્રમાણે પણ ભગવાન જ સેવા કરવા યોગ્ય છે, પરંતુ જીવો (સેવા કરવા યોગ્ય નથી); કારણ કે સ્વરૂપમાં રહેલો આશ્રય કરવા યોગ્ય છે, પરંતુ જીવો તો સ્વરૂપ ગૂમાવી બેઠેલા છે. તેનું કારણ કહે છે કે જીવ 'સ' ભગવદ્રૂપ જ હોવા છતાં પણ 'યદ્' જ્યારે અથવા જે કારણથી 'અજયા' ભગવાનની માયાને લીધે 'અજામ્' ભગવાનની માયાને અથવા પ્રકૃતિને 'અનુશયીત' તે (માયા અથવા પ્રકૃતિ)ને અનુસરીને જીવની સ્થિતિ પ્રાપ્ત કરે છે ત્યારે તે (પ્રકૃતિ અથવા માયા)ના ગુણોને ભોગવતો (એટલે) 'જડ (પદાર્થો)માંથી હું આનંદ પ્રાપ્ત કરીશ' એવા (વિચારથી) પોતાના આનંદને તજી દઈને જ્યારે જડનો અનુભવ કરે છે ત્યારે પોતે પણ પોતાના ચૈતન્યનો ત્યાગ કરી સમાનતાને પ્રાપ્ત કરે છે, એટલે જડની સ્થિતિ[1] પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે. એ પ્રમાણે અવિદ્યાના સંબંધને લીધે 'આનંદ' અંશ તેમ જ 'ચિત્' અંશ જતો રહે છે, (અને) માત્ર જડની સ્થિતિ પ્રાપ્ત કરે છે[2]. જડ (પદાર્થ) સેવા કરવા યોગ્ય નથી એમ પણ પહેલાં પણ કહેલું છે.

'જડની સ્થિતિમાં શું દોષ ? કારણ કે રત્ન વિગેરે ભારે (કિંમતી પદાર્થ) પણ જડ હોય છે' એવી શંકા થાય, તેથી 'તે પછી ભાગ્યરહિત થઈ મૃત્યુને પ્રાપ્ત કરે છે' શબ્દો યોજેલા છે, કારણ કે કાલ જડ ગુણોને ખળભળાવે છે અને અન્ન જેવાનું[3] ભક્ષણ કરે છે, તે પ્રમાણે કાલ આનું[4] પણ ભક્ષણ કરશે. 'તદનુ' એટલે જડપણાની પછી તે મૃત્યુને પણ પ્રાપ્ત કરે છે. વળી જેમ જીવતાં સુધી સુખથી જીવે છે (અને) છેવટે મૃત્યુ પામે છે તેમ આટલું જ અનિષ્ટ થાય છે, એમ પણ નથી. તેનાથી પણ આ જીવને વધારે દુઃખ થાય છે એમ કહે છે કે 'અપેતાઃ' જતા રહેલા છે 'ભગાઃ' ઐશ્વર્ય વિગેરે ભાગ્યો જેનાં, તેવો (તે થાય છે). એ પ્રમાણે માટીનાં ઢેફાં જેવો અને મૃત્યુથી ગળાએલો જે થયો તે સેવા કરવા યોગ્ય કેમ હોય (હોઈ શકે) ? એવો અર્થ છે. " 'મારી માયા તરવી મુશ્કેલ છે' વાક્ય પ્રમાણે

૧. 'જડની સ્થિતિ' એટલે 'દેહની સ્થિતિ' એવો અર્થ છે. (લે)
૨. ચિત્પણું પણ વિસરી જઈને, 'હું દેહ જ છું' એમ જાણે છે, એવો અર્થ છે. (લે)
૩. 'અન્ન જેવાનું' એટલે 'ગુણોના (કાલે કરેલા) ખળભળાટને લીધે ઘણા શિથિલ થઈ ગએલ અવયવોવાળા રાંધેલા ચોખા જેવા દેહોનું' એવો અર્થ છે. (લે)
૪. 'આનું' એટલે 'દેહની સ્થિતિ પ્રાપ્ત કરેલા જીવનું' એવો અર્થ છે. (લે)

ભગવાનને પણ માયાનો સંબંધ છે. તેથી તે (ભગવાન્) પણ તેવા (મૃત્યુથી ગળાએલા) હશે'' એવી શંકા થાય, તેથી 'તેથી ઉલટું આપ તેને તજો છો' શબ્દો યોજેલા છે. 'જન્મરહિત બીજો ભોગ ભોગવાએલી આનો ત્યાગ કરે છે'. વાક્ય પ્રમાણે આપ તો તે મોહ કરનારી (માયા)ને તજો છો. આ જ (ભગવાનનો) જીવથી ભેદ છે. 'ભગને સ્વીકારીને' શબ્દથી આ જેનું મૂલ છે[૫] તેવો બીજો ભેદ કહે છે. ઐશ્વર્ય વિગેરે ભાગ્યો (આપે તો) સ્વીકારેલા જ હોય છે, કારણ કે (તેઓનો) નાશ કરનારું કાંઈ કારણ નથી.

'તે (માયા) સાથે ગૂંથાઈને રહેલા (ભગવાન્) જો તેનો ત્યાગ કરે તો તેમનું સ્વરૂપ જ ગૂમાવાય. તેથી તે તેનો ત્યાગ કેવા પ્રકારે કરે ?' એવી શંકા થાય, તેથી 'સર્પ કાંચળીને (તજે) તેમ' શબ્દો યોજેલા છે. કાલને લીધે સર્પો (પોતાને) ઘરડા માનવા લાગ્યા. પછી તેઓમાંના મુખ્ય સર્પ કસણીરિ 'ભૂમિર્ભૂમ્ના' વિગેરે કેટલાક મંત્રોનું દર્શન કરી (પોતાની કાંચળી ઉતારી) (અને) તે (મંત્રો)થી બધા સર્પોને વૃદ્ધાવસ્થાથી મુક્ત કર્યા. ત્યારથી બધા સર્પોએ (પોતાની) જુની કાંચળી ઉતારવા માંડી. તે પ્રમાણે ભગવાન્ પણ કાંચળીરૂપ માયા કુદરતથી સંબંધવાળી હોવા છતાં પણ અખંડ જ રહીને એટલે પોતાના ઐશ્વર્યને લીધે (પોતાની) પહેલાંની અવસ્થામાં રહીને જ તેનો ત્યાગ કરે છે, એવો અર્થ છે. 'સર્પો કાંચળી તજે તો પણ (તેમને) કાંઈ પણ ઉત્તમતા પ્રાપ્ત થતી નથી. તે પ્રમાણે ભગવાનની પણ માયાને ગ્રહણ કરેલી અવસ્થામાં અથવા તેનો ત્યાગ કરેલી અવસ્થામાં કાંઈ પણ ફેર હશે નહિ. તેથી તેનો ત્યાગ વ્યર્થ છે' એવી શંકા થાય, તેથી 'તેજમાં વિરાજો છો' શબ્દો યોજેલા છે. 'મહસિ' પૂર્ણ તેજરૂપ આઠ ઐશ્વર્યવાળા ધામમાં 'મહીયસે' આપ વિરાજો છો. (એ) સત્ય (છે) કે તે (માયા) હોય અથવા ન હોય, તેથી (આપને) કાંઈ હાનિ અથવા લાભ નથી. (આપ તો) ઘણા જ પ્રકાશતા, આઠ ઐશ્વર્યવાળા સ્વરૂપાનંદમાં સદાએ વિરાજો છો જ. છતાં પણ તે (માયા)નો સંબંધ હોય ત્યારે લોકની દૃષ્ટિ પ્રમાણે દોષ જણાય, તેથી આ કહેલું છે કે 'તેને (આપ) તજો છો'. વાસ્તવિક રીતે તો તે સર્વ (માયા વિગેરે શક્તિઓ) ભગવાનમાં જ રહેલી છે. તેમનાથી (ભગવાનની) કાંઈ પણ હાનિ થતી નથી, કારણ કે (ભગવાનથી) જૂદા થએલાઓનું જ[૬] તેમનાથી અનિષ્ટ (થાય છે એમ શાસ્ત્રમાં)

૫. 'આ' એટલે 'પ્રકૃતિ અથવા માયાનો ત્યાગ' જેનું મૂલ છે તેવો. ભગવાને માયાનો ત્યાગ કરેલ હોવાથી, તેમનાં ભગો (ઐશ્વર્ય વિગેરે) રહેલાં છે, તેમ ન હોત તો જીવો(ના ભગ)ની પેઠે તે જતા રહેત, એવો ભાવ છે. (લે)

૬. 'જૂદા થએલાનું' એટલે 'ભગવાનથી જૂદા થએલા જીવોનું' એવો અર્થ છે. (લે)

કહેલું છે. આપ તો પરિમાણરહિત ભગવાળા છો. જેમનું માપ થઈ શકે તેમની જ ક્રિયાથી હાનિ થઈ શકે, પરંતુ જેમનું માપ થઈ શકતું નથી તેમનો ક્રિયાશક્તિથી પણ કેવી રીતે નાશ થાય ? તેથી સર્વ સારા ગુણો (હોવા)ના માહાત્મ્યવાળા, સર્વ દોષો વિનાના ભગવાન જ સેવા કરવા યોગ્ય છે, પરંતુ જીવો કોઈ સમયે (સેવા કરવા યોગ્ય) નથી, એવો અર્થ છે.

**કાલાદિતૃણપર્યન્તા ન સેવ્યા મુક્તિમિચ્છતા ।।**
**દોષત્યાજનશક્તો હિ સેવ્યા દાતા ગુણસ્ય ચ ।।૨૫।।**

મુક્તિ ઈચ્છનારે કાલથી આરંભી[૭] તણખલાં સુધીના (જીવો)ની સેવા ન કરવી; કારણ કે દોષ તજાવવાની શક્તિવાળા અને ગુણનું દાન કરનાર (ભગવાન્) જ સેવા કરવા યોગ્ય છે. કા.૨૫.

'યદ્' જ્યારે (અથવા જે કારણથી) 'સઃ' તે (જીવ) 'અજયા' અજા (ભગવાનની માયા)થી 'અજામ્' પ્રકૃતિ (અવિદ્યા)ને 'અનુશયીત' અનુસરે છે (ત્યારે અથવા તે કારણથી) 'ગુણાન્ ચ' અને ગુણોને 'જુષન્' ભોગવતો 'સરૂપતામ્' સમાનતાને (જડતાને) (અને) 'તદનુ' તે પછી 'અપેતભગઃ' ભાગ્યરહિત થઈ 'મૃત્યુમ્' મૃત્યુને 'ભજતિ' પ્રાપ્ત કરે છે. 'ત્વમ્ ઉત' તેથી ઉલટું આપ 'આત્તભગઃ' ભગને સ્વીકારીને 'તામ્' તેને 'અહિઃ' સર્પ 'ત્વચં' કાંચળીને (તજે) 'ઈવ' પેઠે 'જહાસિ' તજો છો (અને) 'અપરિમેયભગઃ' પરિણામરહિત (અનંત) ભગવાળા હોઈ 'અષ્ટગુણિતે' અષ્ટઐશ્વર્યવાળા 'મહસિ' તેજમાં 'મહીયસે' વિરાજો છો. ૨૫.

''ભગવાનની સેવા કરતાં જીવનું ભજન જ મુખ્ય છે. જીવમાં ભગવાન્ પણ છે અને જીવ પણ છે, તેથી અંશસહિત ભગવાન્ તે (જીવ)માં હોવાથી, તેને તજીને અંશ વિનાના[૧] કેવલ[૨] (ભગવાન્) સેવા કરવા યોગ્ય કેમ હોય (ગણાય) ?'' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

૭. ત્રીજા સ્કંધમાં કાલની સૃષ્ટિ પછી મુક્ત જીવોની સૃષ્ટિ કહેલી છે. તેથી '' 'કાલઃ' કાલ 'આદિઃ' આરંભમાં છે જેમના'' એવો અતદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ સમાસ છે. (એટલે કાલનો સમાવેશ થતો નથી. ત્યાર પછી કહેલા બધા જીવો, એટલે 'મુક્ત જીવો અને તેમની પછી સર્જેલા બધા જીવો' એવો અર્થ થયો). તેથી 'મુક્ત જીવથી આરંભી તણખલાં સુધીના જીવો' એવો અર્થ છે. (લે)

૧. '(અગ્નિમાંથી) તણખા નીકળે તેમ જેમનામાંથી અંશો જીવો નીકળી ગએલા છે તેવા' એવો 'અંશ વિનાનો' શબ્દનો અર્થ છે. (લે)

૨. 'કેવલ' એટલે 'જીવરૂપ અંશ વિનાના' એવો અર્થ છે. (લે)

**યદિ ન સમુદ્ધરન્તિ યતયો હૃદિ કામજટા**
**દુરધિગમોऽસતાં હૃદિ ગતોऽસ્મૃતકણ્ઠમણિઃ ।।**
**અસુતૃપયોગિનામુભયતોऽપ્યસુખં ભગવ-**
**ન્નનપગતાન્તકાદનધિરૂઢપદાદ્ભવતઃ ।।૨૬।।**

જ્યાં (ભગવાનનો) અંશ પ્રકટ હોય અને ભગવાન્ પણ પ્રકટ હોય ત્યાં તેમ જ કરવું યોગ્ય છે. તેથી જ પહેલાં પુરુષોમાં જ[3] ભગવાનનું આરાધન કરવાનું કહેલું છે, પરંતુ જ્યા (જીવનું) સ્વરૂપ જડપણાને પ્રાપ્ત થએલું છે અને ભગવાન્ જરા પણ પ્રકટ નથી ત્યાં શું થાય? કારણ કે કાષ્ઠમાં અગ્નિ છે તે કારણથી ટાઢ ઉડાડવા માટે અથવા હોમ (કરવા) માટે કોઈ કાષ્ઠનો આશ્રય કરતું નથી. તેથી જેમનામાં ભગવાનનું સ્વરૂપ પ્રકટ નથી તેઓ આશ્રય કરવા યોગ્ય નથી.

'(જીવના) હૃદયમાં રહેલા પોતાની મેળે પ્રકાશનાર ભગવાન્ કેમ ન પ્રકાશે?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'યતિઓ પણ જો હૃદયમાં રહેલી કામની વાસનાઓને દૂર કરે નહિ' તો તેઓને પણ (ભગવાન્) 'દેખાવા અશક્ય છે', જેમ દાટેલા (ધન) ઉપર વૃક્ષો રોપવામાં આવ્યાં હોય ત્યારે જેમ તે (વૃક્ષો)ને મૂલમાંથી ઉખેડ્યા વિના દાટેલાં (ધન વિગેરે) કાઢી શકાતાં નથી, એ પ્રમાણે (હૃદયની) અંદર રહેલા ભગવાન્ માયારૂપી પડદાથી ઢંકાએલા છે, તે (પદડા) ઉપર અવિદ્યાથી સંતાડેલા છે, (અને) પછી વાસના, કામ, ક્રોધ વિગેરે વૃક્ષોને લીધે જેમનાં જ્ઞાનનો તદ્દન લોપ થઈ ગએલ તેવા થએલા છે તે કેમ દેખાય ?[4] તેમાં પણ અસત્ પુરુષોને એટલે દેહના અભિમાનવાળાઓને (કેમ જ દેખાય?)

''છતાં પણ[5] ત્યાં (હૃદયમાં) ભગવાન્ છે તેથી વસ્તુ (ભગવાન્)ના સામર્થ્યને લીધે (જેના હૃદયમાં ભગવાન્ છે તેવા જીવની સેવા કરવાથી) ફલ (પ્રાપ્ત) થશે'' એવી શંકા થાય, તેથી 'વિસરેલા કંઠના મણિરૂપ' શબ્દ યોજેલ છે.

---

૩. 'વિષ્ણુનાં તો ત્રણ રૂપો પુરુષ કહેવાતાં જાણવાં' વાક્યમાં કહેલા પુરુષોમાં જ, એવો અર્થ છે. આ ત્રણ 'પુરુષ' નામનાં રૂપોમાં અંશરૂપ પણ પ્રકટ છે, અને ભગવાનનું રૂપ પણ પ્રકટ છે, એવા આ (ભગવાનના) અવતારનાં રૂપો છે એમ જાણવું. (લે)

૪. જે સ્વયંપ્રકાશ છે તેને બીજો કોઈ પોતાનો પ્રકાશ કરે તેવી જરુર હોતી નથી; પરંતુ પોતે પ્રકાશે તેમાં બીજો કોઈ પ્રકાશ રોકનાર આડો ન આવે એવી તો જરુર રહે જ; કારણ કે સૂર્ય વિગેરે સ્વયંપ્રકાશ હોવા છતાં, વાદળાં વિગેરેથી ઢંકાઈ જાય ત્યારે દેખાતા નથી. ભગવાનને તો તેથી પણ ઘણાં ઢાંકી દેનારાં છે તેથી તે કેમ દેખાય ? (લે)

૫. કાષ્ઠમાં રહેલા અગ્નિનું દષ્ટાંત તો શ્રીમદાચાર્યચરણે પોતે સમજાવવા આપેલું છે. મૂલ શ્લોક સંબંધી શંકા તો રહે છે જ. તેથી આ કહેલ છે. (લે)

'ન સ્મૃતઃ' વિસરેલો છે 'ચાસૌ' અને તે 'કંઠમણિશ્ચ' કંઠનો મણિ છે, તેના જેવા ભગવાન્ છે, એવો અર્થ છે. જેમ કંઠમણિ કંઠમાં રહેલ હોવા છતાં (જે તેને વિસરેલ છે) તેને સુખ આપતો નથી, ઉલ્ટું વિસ્મરણને (ભૂલી જવાને) લીધે (તેનાં) સ્વરૂપનું માત્ર સ્મરણ થાય ત્યારે દુઃખ જ આપે છે, તે પ્રમાણે ભગવાન્ તે (જે જીવની સેવા કરવામાં આવે તે)ને જ સુખ આપતા નથી, તો પછી તેની પૂજા કરનારને સુખ ક્યાંથી જ આપે ? ઉલ્ટું (ભગવાન્) યતિઓને દુઃખ આપનારા પણ થાય છે. જેમ જે મણિ વિસરી ગએલ હોય અને તેને શોધવાનો પ્રયાસ કરતો હોય તેને દુઃખ થાય છે તેમ આત્માને શોધવા માટે (પોતાનાં) સર્વસ્વનો ત્યાગ કરીને (વનમાં) ગએલા યતિઓને (ભગવાન્) ઘણું દુઃખ આપનારા થાય છે. મરણ સુધી સંન્યાસના ધર્મનું પાલન કરનારા વિષે આ[૬] (કહ્યું), પરંતુ જેઓ બહાર આત્માની પ્રાપ્તિ નહિ થવાથી, ઘણું દુઃખ આપનારાં સાધનોથી દુઃખી થઈ, મુશ્કેલીથી પ્રાણનું પોષણ કરે છે તેઓ તો પ્રાણ પોષનારા છે, અને પહેલાં યોગીઓ હતા; અથવા પ્રાણનું પોષણ કરવા માટે જ યોગીઓ થઈ (પોતાનાં) બધાએ કૃત્યથી ભરણપોષણ જ પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે. તેઓને 'બંને તરફથી પણ દુઃખ (થાય છે).' 'દૂર નહિ થએલ મૃત્યુથી' અને 'આપથી' શબ્દોથી (જે બે તરફથી દુઃખ થાય છે) તે બંને કહેલાં છે. (તેમણે સંન્યાસના) ધર્મનો ત્યાગ કરેલ હોવાથી યમ સહિત કાલ[૭] પણ તેમને દુઃખ આપે છે, અને નરક તથા મૃત્યુ પ્રાપ્ત કરાવે છે એવો અર્થ છે; અને (ભગવાનને) વિસરેલ હોવાથી ભગવાન્ (તેમને) દુઃખ આપે છે. તેથી જીવતા હોય ત્યારે પણ (તેમને) દુઃખ થાય છે.

'ભગવાન્ દુઃખ કેમ આપે? બહુ બહુ તો પ્રાપ્ત ન થાય' એવી શંકા થાય, તેથી 'જેમનું ચરણ પ્રાપ્ત થએલ નથી' વિશેષણ યોજેલું છે. પ્રાપ્ત થએલું નથી ચરણ જેમનું એવા (ભગવાન્ છે). ભગવાનનું ચરણ તેમણે પ્રાપ્ત કરેલું નથી, તેથી તેઓ ચિંતાથી આકુલવ્યાકુલ થઈ દુઃખી થાય છે, એવો અર્થ છે.

**જીવેષુ ભગવાનાત્મા સંછન્નસ્તેન તત્ર ન ।।**
**ભજનં સર્વથા કાર્યં તતોઽન્યત્રૈવ પૂજયેત્ ।।૨૬।।**

જીવોમાં આત્મા ભગવાન્ સારી રીતે ઢંકાએલા છે તેથી તેમનું (જીવોનું)

---

૬. 'આ' એટલે 'મરણ સુધી દુઃખ અને પછી ભગવાનની પ્રાપ્તિ'. (લે)

૭. પહેલાં જે યોગીઓ જણાવ્યા તેમના ઉપર કાલનું સામર્થ્ય ચાલતું નથી, પરંતુ ભગવાન જ મરણ સુધી દુઃખ આપી, પછી તેમને પ્રાપ્ત થાય છે. આ પાછળથી કહ્યા તેવા યોગીઓ ઉપર તો કાલનો પણ અધિકાર ચાલે છે એમ 'પણ' શબ્દથી જણાવેલું છે. (લે)

ભજન સર્વથા ન કરવું. તેથી બીજામાં[૮] (ભગવાનનું) જ પૂજન કરવું. કા.૨૬.

'યદિ' જો 'યતયઃ' યતિઓ 'હૃદિ' હૃદયમાં (રહેલી) 'કામજટાઃ' કામની વાસનાઓને 'ન સમુદ્ધરન્તિ' દૂર કરે નહિ (તો તેમને પણ આપ) 'દુરધિગમઃ' દેખાવા અશક્ય છો. 'અસતામ્' અસત્પુરુષોને 'હૃદિ' હૃદયમાં 'ગતઃ' રહેલ (હોવા છતાં) 'અસ્મૃતકણ્ઠમણિઃ' વિસરેલા કંઠના મણિરૂપ 'દુરધિગમઃ' દેખાવા અશક્ય છો. 'ભગવન્' હે ભગવાન્! 'અસુતૃપયોગિનામ્' પ્રાણ પોષનાર યોગીઓને (અનપગતાન્તકાત્) દૂર નહિ થએલ મૃત્યુથી અને (અનધિરૂઢપદાત્) જેમનું ચરણ પ્રાપ્ત થએલ નથી તેવા 'ભવતઃ' આપથી 'ઉભયતઃ' બંને તરફથી 'અપિ' પણ 'અસુખમ્' દુઃખ (થાય છે). ૨૬.

એ પ્રમાણે 'ચિત્' અંશવાળા(જીવો) પૂજા કરવા યોગ્ય નથી એમ જણાવી, બે શ્લોકોથી લૌકિક આનંદો પણ ભોગવવા યોગ્ય નથી, પરંતુ ભગવાનના સંબંધવાળો આનંદ જ ભોગવવા યોગ્ય છે એમ કહે છેઃ

**ત્વદવગમી ન વેત્તિ ભવદુત્થશુભાશુભયોર્-**
**ગુણવિગુણાન્વયાંસ્તર્હિ દેહભૃતાં ચ ગિરઃ ।।**
**અનુયુગમ્ અન્વહં સગુણગીતપરંપરયા**
**શ્રવણભૃતો યતસ્ત્વમ્ અપવર્ગગતિર્મનુજૈઃ ।।૨૭।।**

સ્મૃતિ વિગેરેમાં સ્વભાવથી જ બધાએ આનંદો ભોગવવાની મના કરેલી છે. જેમ આ લોકમાં સાધારણ સ્ત્રીઓ ભોગવવા યોગ્ય નથી, તેમ સ્વર્ગમાં અપ્સરાઓ પણ ભોગવવા યોગ્ય નથી. જેમ આ લોકમાં કાલ વિગેરેના નિયમ વિના ભોગ ભોગવવામાં આવે તો સર્વ શ્રુતિઓ અને સ્મૃતિથી વિરુદ્ધ કાર્ય થાય, તેમ સ્વર્ગ લોકોમાં પણ (તેવું થાય એમ) જાણવું. જેમ (એવા ભોગ ભોગવવાથી) અહિં અપકીર્તિ થાય, તેમ ત્યાં પણ અપકીર્તિ થાય. તેથી બધાંએ સુખનો અનુભવ કરવાની મના કરેલી છે. તેથી મના કરેલાં કાર્યનું આચરણ કરવાથી સર્વ પ્રકારે દુઃખ થતું હોવાથી બધુંએ સુખ દુઃખ સાથે ભળી ગએલું છે, તેથી તે (સુખ) ભોગવવા યોગ્ય કેમ થાય(ગણાય)? ભગવાન્ સંબંધી આનંદ તો બધાએ ભોગવવા યોગ્ય છે, તેમાં પહેલાં (ઉપર) કહેલા દોષો સંભવતા નથી; કારણ કે આ લોકમાં જ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થતાં[૧], ભોગ વિગેરે ભોગવવાથી દુઃખ,

૮. 'બીજામાં' એટલે 'જેમાં અંશ(જીવ) અને અંશી(ભગવાન્) બંને પ્રકટ છે તેવા અવતારોમાં' એવો અર્થ છે. (લે)

૧. સેવામાં ભગવાનના સ્વરૂપનો અનુભવ થાય ત્યારે (જેમ લોકમાં સુખ દુઃખ સાથે ભળેલ હોવાથી ભોગ કરવાથી દુઃખ થાય છે તેમ) તેણે ભોગવેલા ભોગ વિગેરેથી પણ તેને દુઃખ

નિંદા, ચિંતા વિગેરે થતાં નથી. તે અર્થ શ્લોકના પૂર્વાર્ધથી કહે છે કે જો 'ત્વદવગમી' આપને જાણનાર 'ભવદુત્થશુભાશુભયોઃ' આપના નિમિત્તથી પ્રાપ્ત થએલ સુખ અથવા દુઃખના ગુણ અથવા અવગુણના સંબંધને ન જાણે (તો દેહાભિમાનીઓની વાણીને પણ જાણતો નથી). જેમ જાર (સ્ત્રી ઉપર) ઘણો સ્નેહ રાખતો હોય ત્યારે સ્ત્રી તેના માટે ઘણી દુઃખી થતી હોવા છતાં દુઃખ જાણતી (માનતી) નથી, અથવા જેમ રાજાનો સેવક કસ્તૂરી વિગેરેનો રાજાને લેપ કરતો હોય ત્યારે પોતાને (તેનો) લેપ થતો હોવા છતાં, (પોતે તે) સુખ માનતો નથી, એ પ્રમાણે જેમ ભગવાનના મોટા વૈભવનો સેવક તરીકે (તેમની) સાથે અનુભવ કરતો હોવા છતાં, (સેવક) તેને સુખ માનતો નથી; તેમ (ભગવાનની) સેવા (કરવા) માટે ઘણુંએ દુઃખ પ્રાપ્ત થતાં તેને પણ જો (દુઃખ) માને નહિ તો શાસ્ત્રમાં કરેલી આજ્ઞા અથવા મના, ચિંતા, અપકીર્તિ વિગેરે પ્રાપ્ત કરાવનારાં વાક્યો પણ (તેને) અસર કરતાં નથી. વાસ્તવિક રીતે તે વાક્યો 'દેહભૃતાં' દેહના અભિમાનવાળાઓના સંબંધમાં (કહેલાં) છે. તેથી આ લોકમાં, જ ભગવાનનો સંબંધ થતાં તે (ભગવાનના સેવક)નાં સર્વ દુઃખ જતાં રહે છે એમ કહેલું છે. બીજાને તો સાધારણ પણ સુખ અથવા દુઃખનો અનુભવ થતાં, રાગ અથવા દ્વેષ ઉત્પન્ન થતાં હોવાથી પ્રાણીઓનાં સંબંધવાળાં શાસ્ત્રમાં કરેલી આજ્ઞા અથવા મનાનાં વાક્યો પણ તેને લાગુ પડે છે એ સ્પષ્ટ છે. એ પ્રમાણે ભગવાનનો સંબંધ થાય ત્યારે જ સુખ થાય છે, બીજા પ્રકારે થતું નથી એ સ્પષ્ટ છે.

'સુખ અથવા દુઃખ (પ્રાપ્ત) થતાં આપને જાણનાર (પુરુષ)ને રાગ અથવા દ્વેષ કેમ થતાં નથી ? અથવા તેની અપકીર્તિ વિગેરે કેમ થતાં નથી ?' એવી શંકા થાય, તેથી (શ્લોકનો) ઉત્તરાર્ધ કહેલો છે. મનુષ્યોએ યુગેયુગમાં દરરોજ આપને શ્રવણમાં ધારણ કરેલા છે, કારણ કે આપ મોક્ષ આપનારા છો. આ (નીચે પ્રમાણે) અર્થ છે. ભગવાનના ગુણોનું શ્રવણ કરવું (એ) નિત્યનું કર્મ[2] છે, કારણ કે (તેમાં) અમુક દેશ અથવા કાલ હોવાં જોઈએ એવો નિયમ નથી. જેનો કાલની ઉપાધિથી આરંભ થાય છે (અમુક કાલ થાય ત્યારે જ જે કરાય છે) તે બધું કામ્ય[3] કર્મ છે એમ પહેલાં જ કહેલું છે. તેથી ભગવાનના 'ગુણગીતપરંપરા' ગુણોનાં જે ગીતો વ્યાસ વિગેરેએ રચેલાં છે તેમની જે પરંપરા છે તે (પરંપરા) દ્વારા ભગવાનને (સેવકે) શ્રવણમાં ધારણ કરેલા છે, તેથી શાસ્ત્રની મના વિગેરે બીજાને તે

(અપકીર્તિ) વિગેરે થતાં નથી, એવો અર્થ છે.

૨. 'અન્વહમ્' 'દરરોજ' શબ્દનું તાત્પર્ય 'નિત્યનું કર્મ' શબ્દથી કહેલ છે. (લે)

૩. 'કામ્ય કર્મ' એટલે અમુક ફલ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી કરવામાં આવતું કર્મ.

સાંભળતો નથી, કારણ કે (તેનાં) શ્રવણ (કાન) ભગવાનથી જ ભરેલા છે; અને તેનાં નિત્યના કર્મે ભગવાનનાં ગીતોનાં શ્રવણે અને ભગવાને (તેનાં) સર્વ પાપોનો નાશ કરેલો હોવાથી દુઃખ કરનારાં અપકીર્તિ વિગેરે તેને પ્રાપ્ત થતાં નથી; કારણ કે ભગવાન્ મોક્ષ આપનારા છે તેથી તેનો મોક્ષ થએલો જ છે, સદાએ[૪] આ (ભગવાનનાં ગીતોનું શ્રવણ) તેનો ધર્મ હોવાથી, કાલના ધર્મો (ગુણો) તેને પીડા કરતા નથી. વળી ભગવાન્ સારી રીતે પ્રસિદ્ધ[૫] ભક્તોનું હિત કરનારા છે, કારણ કે મનુષ્યોએ બધાએ ભગવાનને (શ્રવણમાં) ધારણ કરેલા હોવાથી, ભગવાનના સેવકોએ ભગવાન્ સાથે એકતા પ્રાપ્ત કરેલી હોવાથી કોઈ પણ (તેમના સેવકની) નિંદા કરતો નથી. તેથી ભગવાનનો સેવક જ દોષરહિત સુખ ભોગવનારો છે, પરંતુ બીજો (કોઈ તેવું સુખ ભોગવનારો) નથી એમ જણાવેલું છે.

**સુખસેવાપરો યસ્તુ સ આનન્દં હરિં ભજેત્ ।।**
**અન્યથા સુખસંપ્રેપ્સુઃ સર્વથા દુઃખમાપ્નુયાત્ ।।૨૭।।**

જે સુખ અને (ભગવાનની) સેવાના પ્રયોજનવાળો હોય તેણે આનંદ હરિને ભજવા. બીજા પ્રકારે સુખ પ્રાપ્ત કરવા ઈચ્છનાર સર્વ સમયે દુઃખ પ્રાપ્ત કરે છે. કા.૨૭.

'ત્વદવગમી' આપને જાણનાર 'ભવદુત્થશુભાશુભયોઃ' આપના નિમિત્તથી પ્રાપ્ત થએલ સુખ તથા દુઃખના 'ગુણવિગુણાન્વયાન્' ગુણ તથા અવગુણના સંબંધને 'ન વેત્તિ' ન જાણે 'તર્હિ' તો 'દેહભૃતામ્' દેહાભિમાનીઓની 'ગિરઃ' વાણીને 'ચ' પણ 'ન વેત્તિ' જાણતો નથી 'યતઃ' કારણ કે 'મનુજૈઃ' મનુષ્યોએ 'સઃ' તે (પ્રસિદ્ધ) 'અપવર્ગગતિઃ' મોક્ષ આપનાર 'ત્વમ્' આપ 'અનુયુગમ્' યુગેયુગમાં 'અન્વહમ્' દરરોજ 'ગુણગીતપરંપરયા' ગુણોના ગીતોની પરંપરાથી 'શ્રવણભૃતઃ' શ્રવણમાં ધારણ કરેલ છો. ૨૭.

વળી, તે જ સુખથી સેવા કરવા યોગ્ય છે કે જે નાશવંત ન હોય. (તેથી)[૧]

૪. 'સદાએ' શબ્દથી 'અનુયુગમ્' 'યુગે યુગે' શબ્દનું તાત્પર્ય કહેલું છે. ભગવાનના ગીતોનું શ્રવણ કરવામાં કૃત વિગેરે યુગમાં જ કરવું એવો નિયમ નથી (હરકોઈ સમયે કરી શકાય છે). (લે)

૫. ભગવાનનાં ગુણો જણાવનારાં વાક્યો વ્યાસ વિગેરેએ રચેલાં હોવાથી ભગવાન્ સારી રીતે પ્રસિદ્ધ છે એવો અર્થ છે. (લે)

૧. અહિં 'તેથી' શબ્દ અધ્યાહાર છે. નાશવાળું ન હોય તે જ સેવા કરવા યોગ્ય હોવાથી, કાલ અથવા દેશની હદવાળું (નાશવાળું જ હોય તેથી) જરા પણ સેવા કરવા યોગ્ય નથી, એવો અર્થ છે. (લે)

જેને દેશ અથવા કાલની અવધિ (હદ) હોય તે જરા પણ સેવા કરવા યોગ્ય નથી એમ કહેવા, નીચેના શ્લોકમાં ભગવાન્ સંબંધી આનંદ દેશ અને કાલની અવધિ વિનાનો છે એમ કહે છેઃ

**દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા**
**ત્વમપિ યદન્તરાણ્ડનિચયા નનુ સાવરણાઃ ।।**
**ખ ઈવ રજાંસિ વાન્તિ વયસા સહ યચ્છ્રુતય-**
**સ્ત્વયિ હિ ફલન્ત્યતન્નિરસનેન ભવન્નિધનાઃ ।।૨૮।।**

'દ્યુપતયઃ' સ્વર્ગના પતિઓ એટલે ઉત્તમ દેવો આપના સુખનું પ્રમાણ (તાગ) જાણતા નથી. તેઓ પણ ભગવાનના સ્વરૂપાનંદનો પાર પામ્યા નથી. બ્રહ્માનંદ સુધીના આનંદનું પણ પરિમાણ(માપ) સેંકડોની સંખ્યાથી જણાએલું હોવાથી, આનંદમય (ભગવાન્)ના જ (આનંદ)નો દૂરનો અંત જણાએલો નથી. 'અંત હોય તો તે જાણવામાં ન આવે તેથી શું? અંત જણાએલો હોય કે ન જણાએલો હોય તો પણ, અંત હોવાથી, આનંદ સમાપ્ત થતાં તેનો અંત દુઃખનો અનુભવ કરાવે જ' એવી શંકા થાય, તેથી 'અનંત હોવાથી' શબ્દ યોજેલ છે. જો અંત હોય અને તે જાણવામાં ન આવે તો જ આ દોષ ગણાય અને તેઓ અસર્વજ્ઞ થાય; પરંતુ તે (અંત) જ નથી. વળી, આપ પણ (આપના આનંદના અંતને) જાણતા નથી. 'સર્વ જાણનાર ભગવાન્ પણ (પોતાના આનંદના અંતને) કેમ ન જાણે ?' એવો વિચાર ન કરવો, કારણ કે જે હોય તેનું અજ્ઞાન જ સર્વજ્ઞપણા માં ખામી કરનારું છે, પરંતુ જે ન હોય તેનું (અજ્ઞાન સર્વજ્ઞપણામાં ખામી કરતું) નથી.

એ પ્રમાણે (ભગવાનના આનંદને) કાલની અવધિ નથી એમ કહી, 'આપની મધ્યે બ્રહ્માંડોના સમૂહો આવરણો સહિત ખચિત જ (ફરે છે)' શબ્દોથી (તેને) દેશની પણ અવધિ નથી, એમ કહે છે. જે ભગવાનની 'અંતઃ' મધ્યે 'આણ્ડનિચયાઃ' બ્રહ્માંડોના સમૂહો (ફરે છે), અથવા (જે ભગવાનની) 'અન્તરા' મધ્યે 'અણ્ડનિચયાઃ' બ્રહ્માંડોના સમૂહો (ફરે છે), અને તે પણ 'સાવરણાઃ' પ્રકૃતિ સુધી એક પછી એક દશગણા આવરણો સહિત (ફરે છે). આથી એક બ્રહ્માંડના અધિપતિનો બ્રહ્માનંદ હદવાળો છે એમ (જણાવી), ભગવાનનો આનંદ અનંત છે એમ દઢ કર્યું. છતાં પણ બ્રહ્માંડોની અમુક સંખ્યા હોવાથી (ભગવાનના આનંદનું) અનંતપણું સિદ્ધ થશે નહિ' એવી શંકા થાય, તેથી 'આકાશમાં રજકણોની પેઠે ફરે છે' શબ્દો યોજેલા છે. કેટલાક એમ કહે છે[2] કે જેમ જાળીમાંથી આવતાં સૂર્યના

૨. આ લોકોના મત પ્રમાણે જાળીઆંની અંદરના આકાશના જેવું ભગવાનનાં રૂંવાડાંનું છિદ્ર છે. તેમ હોય તો (જેમ જાળીઆમાંનું આકાશ રજકણોથી ભરાઈ ગએલું હોય છે તેમ)

કિરણોમાં કરોડો રજકણો ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે ભગવાનના રૂંવાડાંનાં છિદ્રોમાં બ્રહ્માંડો છે. વાસ્તવિક રીતે[3] તો એક (એક) રૂંવાડાંનું છિદ્ર આકાશની પેઠે ઘણું વિશાલ છે, (અને) જેમ તે (જાળીમાંથી આવતાં સૂર્યના કિરણ)માં કરોડો ભૂમિનાં રજકણો ભમે છે તેમ (ભગવાનના રૂંવાડાંના છિદ્રમાં) બ્રહ્માંડો ભમ્યા કરે છે, એવો અર્થ છે.

'ત્યારે કાલ મોટો હશે' એવી શંકા થાય, તેથી 'કાલની સાથે' શબ્દ યોજેલ છે. કાલ પણ કરોડોની સંખ્યામાં તે (રૂંવાડાંના છિદ્ર)માં ભમ્યા કરે છે, એવો અર્થ છે; અથવા કાલ વાયુના સ્થાને છે. ''તેમ છતાં પણ પ્રમાણથી[4] (તેની) અવધિ થશે (જણાશે), કારણ કે 'અનંત' વિગેરે શબ્દોથી તે જણાવાય છે'' એવી શંકા થાય, તેથી '' 'યદ્' કારણ કે 'યદન્તરા' જે (ભગવાન્)ની અંદર, શ્રુતિઓ પણ ભમ્યા કરે છે'' એમ કહેલું છે[4]. બ્રહ્માંડો અનંત હોવાથી વેદો પણ અનંત છે. તેથી એક વેદ એક જ બ્રહ્માંડની વાર્તા કહે છે, તેથી વેદોથી પણ (ભગવાનના આનંદ)ની હદ બાંધી શકાતી નથી.

'એમ હોય તો સર્વ પ્રમાણોથી (ભગવાનનો આનંદ) જાણી શકાતો નહિ હોવાથી, ભગવાનમાં તેવો આનંદ છે એનું પ્રમાણ (એમ જાણવાનું સાધન) શું ?' એવી શંકા થાય, તેથી 'આપમાં ખરેખર ફલે છે' શબ્દો યોજેલા છે. (તેનું) પ્રમાણ શ્રુતિઓ જ છે, પરંતુ (તેઓ) પર્યવસાન વૃત્તિથી[5] પ્રમાણ છે, પણ વાચ્ય વૃત્તિથી[5] (પ્રમાણ) નથી. જેમ અનંત વૃક્ષો ભૂમિ ઉપર ફલે છે, તેથી ઊંચે (વૃક્ષો ઉપર) રહેલાં ફલો પણ ભૂમિ ઉપર જ પડે છે, એ પ્રમાણે સર્વ વેદો પોત પોતાની રીતે પોતાથી બની શકે તેટલું ભગવાનનું માહાત્મ્ય કહે છે. તે (ભગવાનનાં માહાત્મ્યનાં જ્ઞાનો)ને ફલો કહેલાં છે. તેઓનું (ભગવાન્ વિના બીજે) ક્યાંય પણ પરિણામ થતું નહિ હોવાથી, તેઓ ભગવાનમાં જ પડે છે (ભગવાન્ સંબંધી જ્ઞાન કરાવે છે).

ભગવાનનાં રૂંવાડાંનું છિદ્ર બ્રહ્માંડોથી ભરાઈ ગએલું હોય તેવું થાય. (લે)

૩. આ સિદ્ધાંત પ્રમાણે ભગવાનનાં રૂંવાડાંનું છિદ્ર ઘણું જ વિશાળ સિદ્ધ થાય છે, એવો ભાવ છે. (લે)

૪-૪. ''પ્રમાણ વેદ બ્રહ્મને 'અનંત' કહે છે, તેથી શબ્દથી બ્રહ્મની હદ બંધાશે'', એવી શંકા થાય તેથી શ્રુતિઓ પણ બ્રહ્મને પહોંચતી નથી, એમ કહે છે. (લે)

૫-૫. 'વૃત્તિ' એટલે શબ્દની પોતાનો અર્થ જણાવવાની શક્તિ 'વાચ્યવૃત્તિ' એટલે શબ્દની પોતાની વ્યુત્પત્તિ પ્રમાણે પોતાનો જે અર્થ થતો હોય તે જણાવવાની શક્તિ. શબ્દ પૂરો અર્થ જણાવી ન શકે, પરંતુ થોડો જ અર્થ જણાવતાં અર્થ જણાવવાની તેની શક્તિ પૂરી થઈ જાય ત્યારે તે અર્થ તેણે પર્યવસાન વૃત્તિથી જણાવ્યો ગણાય, એવો ભાવાર્થ જણાય છે.

અને પરિણામ પામે છે. (જેમ) અનંત વૃક્ષોનાં અનંત ફલો ભૂમિ ઉપર પડે છે, પરંતુ ભૂમિનો એક હજારમો ભાગ પણ ભરી દઈ શકતાં નથી તેમ (શ્રુતિઓ) વાસ્તવિક રીતે મેરુસર્ષપન્યાય[૬] પ્રમાણે ભગવાનનું માહાત્મ્ય જણાવે છે, એવો અર્થ છે. એ પ્રમાણે શ્રુતિઓ વિધિના પ્રકારથી[૭] ભગવાનનું સ્વરૂપ જણાવે છે એમ કહી, 'એટલાપણું જ એમ જણાવીને આપમાં લય પામતી' શબ્દોથી નિષેધના પ્રકારથી[૭] પણ તેઓ ભગવાનને જણાવે છે એમ કહે છે. જણાવવામાં આવતો પદાર્થ બ્રહ્મ નથી[૮] એમ જણાવનારી 'તેમનું કોઈ પણ અશન કરતું નથી' 'જ્યાંથી વાણી પાછી ફરે છે' વિગેરે હજારો શ્રુતિઓ, જે કાંઈ વેદમાં જણાવેલું છે તે સર્વનો ઉલ્લેખ કરી, 'જે ભગવાન્ આ સર્વથી ઉત્તમ છે' એમ ભગવાનનું તે સર્વથી ઉત્તમપણું[૮] જણાવે છે. હદવાળા તરીકે નિષેધનો અંત નથી, અને નિષેધ કરવાના છેવટની હદ સુધીના પદાર્થોનું શ્રુતિઓને જ્ઞાન નથી[૯], તેથી ભગવાનને જણાવવાની તેમની શક્તિ અટકી પડતાં, જાણે કે પોતે અપ્રમાણ હોય તેવી

---

૬. જે મેરુ પર્વત જેવું મોટું હોય તેનો 'સર્ષપ' રાઈના દાણા જેટલો અંશ જણાવવામાં આવે ત્યારે તે આ ન્યાય પ્રમાણે જણાવેલું કહેવાય.

૭-૭. જે જણાવવું હોય તે 'આવા આવા ગુણવાળું છે' એમ જણાવે તે વિધિના પ્રકારથી જણાવેલું કહેવાય અને તે 'આવું આવું નથી' એમ જણાવવામાં આવે તે નિષેધના પ્રકારથી જણાવેલું કહેવાય.

૮-૮. ભગવાન્ એટલા જ નથી, પરંતુ તેનાથી હજારો ગણા ગુણવાળા છે, એમ જણાવનારી. (લે)

૯. ('અમુક પદાર્થ આવો નથી, આવો નથી' એમ કહેવામાં આવે તે નિષેધ કહ્યો). નિષેધને તો હદ હોય. તેથી (નિષેધથી કાંઈ જણાવવું હોય ત્યારે) તેવી હદનું જ્ઞાન હોવું જોઈએ. અહિં (ભગવાનના સંબંધમાં) તેવી હદ બનેલા પદાર્થોનું જ્ઞાન શ્રુતિઓને નથી, તેથી નિષેધનો અંત નથી, એમ કહેલું છે. (લે) નિષેધથી કોઈ પદાર્થ જણાવતો હોય ત્યારે તે 'આ નથી, આ નથી', એમ તે સિવાયના બધા પદાર્થોનો નિષેધ કરવો જોઈએ. જેમ કે એક જગ્યાએ લાકડી અને બીજા સાત પદાર્થો હોય, અને લાકડી મગાવવી હોય, તો 'દડો નહિ, ઘડો નહિ. વસ્ત્ર નહિ...' એમ બીજા સાતે નહિ, અને બાકીનો પદાર્થ લાવવાનું કહે ત્યારે એ અર્થ સમજાય. અહિં નિષેધ સાત પદાર્થનો કરવાનો હોવાથી તેનો અંત છે. અહિં નિષેધથી ભગવાનનું જ્ઞાન કરાવવું હોય ત્યારે કેટલા  પદાર્થનો નિષેધ કરવો તેનો અંત જ નથી, તેમ કેટલા કેટલા પદાર્થોનો નિષેધ કરવો જોઈએ તેનું શ્રુતિઓને પણ જ્ઞાન નથી. તેથી એ પ્રમાણે ભગવાનનું જ્ઞાન કરાવવા પ્રયાસ કરતાં શ્રુતિઓની શક્તિ પણ અટકી પડે છે, અને શ્રુતિઓ પુરું જ્ઞાન કરાવી શકતી નહિ હોવાથી અપ્રમાણ હોય તેવી સ્થિતિ પ્રાપ્ત કરી ભગવાનમાં જ લય પામે છે, પણ ભગવાનનું પુરું જ્ઞાન કરાવી શકતી નથી, એવો અર્થ જણાય છે.

સ્થિતિ પ્રાપ્ત કરતી શ્રુતિઓ ભગવાનમાં જ લય પામે છે, એવો અર્થ છે. તેથી આવા પરમાનંદરૂપ શ્રીકૃષ્ણ જ સેવા કરવા યોગ્ય છે, બીજો (કોઈ સેવા કરવા યોગ્ય) નથી, એવો બધા વેદોએ નક્કી કરેલો અર્થ છે એમ સૂચવેલું છે. અને વેદો તે (ભગવાન)નો એ પ્રકારે બોધ કરે છે. એ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ભગવાને બુદ્ધિ ઉત્પન્ન કરેલી છે, તેથી સૂક્ષ્મ દૃષ્ટિથી એમ જાણવું કે બધા વેદોએ ઉપર જણાવેલા પ્રકારે ભગવાનનું જ્ઞાન કરાવે છે. એ પ્રમાણે શ્રુતિઓ ગુણ જણાવવાની શક્તિવાળી હોવા છતાં, નિર્દેશ ન થઈ શકે તેવા[10] બ્રહ્મને પણ સાક્ષાત્ જણાવે છે, એવો નિર્ણય કરવામાં આવ્યો. આ પ્રસંગમાં સર્વ સ્થલે મૂલ (શ્રુતિગીતાના શ્લોકમાં કહેલ અર્થ જણાવનારી) શ્રુતિઓ, અને જેમના સંબંધમાં વિવાદ થએલો છે તે શ્રુતિઓ પોતાની મેળે જોઈ લેવી. ઘણું લંબાણ થાય તેવા ભયથી (અમે) લખેલી નથી. એ પ્રમાણે શ્રુતિઓએ જણાવેલો અર્થ ગૂઢ છતાં લખેલો છે.

**કૃષ્ણાનન્દઃ પરાનન્દો નાન્યાનન્દસ્તથાવિધઃ ।।**
**વેદા અપિ ન તચ્છક્તાઃ પ્રતિપાદયિતું સ્વતઃ ।।૨૮।।**

શ્રીકૃષ્ણાનંદ (સર્વથી) મોટો આનંદ છે, બીજો કોઈ આનંદ તેવા પ્રકારનો નથી. વેદો પણ પોતાની મેળે તે (શ્રીકૃષ્ણાનંદ) જણાવવા શક્તિવાળા નથી. ૨૮.

**ઈત્યેવં શ્રુતિગીતાયાઃ સંક્ષેપેણ નિરૂપિતઃ ।।**
**અર્થરાશિઃ સમુદ્રો હિ યથાઙ્ગુલ્યા નિરૂપ્યતે ।।૨૮।।**

આવી રીતે, જેમ સમુદ્રને આંગળીથી દેખાડવામાં આવે તેમ શ્રુતિગીતાના અર્થના સમૂહને સંક્ષેપથી કહેલો છે. કા.૨૮.

'અનન્તતયા' અનંત હોવાથી 'તે' આપના આનંદના 'અન્તમ્' અંતને 'દ્યુપતયઃ' સ્વર્ગના પતિઓ 'એવ' પણ 'ન યયુઃ' પામ્યા નથી. 'ત્વમ્' આપ 'અપિ' પણ પામ્યા નથી. 'યત્' કારણ કે 'યદન્તરા' આપની મધ્યે 'સાવરણાઃ' આવરણો સહિત 'અણ્ડનિચયાઃ' બ્રહ્માંડોના સમૂહો (ખે) આકાશમાં 'રજાંસિ' રજકણોની 'ઈવ' પેઠે 'વયસા' કાલની 'સહ' સાથે 'નનુ' ખચિત જ 'વાન્તિ' ભમ્યા કરે છે. (અને) 'અતન્નિરસનેન' આટલાપણું જ નથી એમ જણાવીને

૧૦. પહેલાં નિર્દેશ ન થઈ શકે તેવું (બ્રહ્મ) હોવા છતાં, શક્તિના રૂપથી આવિર્ભાવ પામ્યા પછી નિર્દેશ થઈ શકે તેવું થાય છે. શ્રુતિઓ ગુણ જણાવનારી છે, તેથી ભગવાનના માત્ર ગુણો જ જણાવતી હોવાથી, ભગવાનનું પુરું સ્વરૂપ જણાવી શકતી નથી. ભગવાનના ગુણો પણ સગુણ નથી. તેથી શ્રુતિઓ સગુણ પદાર્થ જણાવતી નથી, પરંતુ નિર્ગુણ પદાર્થ જણાવનારી જ છે. તેથી શ્રુતિઓ થોડા અંશથી ભગવાનના ગુણો જણાવે છે અને પર્યવસાનવૃત્તિથી ભગવાનનું સ્વરૂપ જણાવે છે, એવો અર્થ છે. (લે)

'ભવન્નિધનાઃ' આપમાં લય પામતી 'શ્રુતયઃ' શ્રુતિઓ (આપની મધ્યે ભમ્યા કરે છે) (અને) 'ત્વયિ' આપમાં 'હિ' ખરેખર 'ફલન્તિ' ફલે છે (પૂર્ણ થાય છે, પર્યવસાન પામે છે). ૨૮.

**ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત સુબોધિની-શ્રુતિગીતા-સૂક્ષ્મટીકા સહિત વેદસ્તુતિ સમાપ્ત.**

(ઉપરના શ્લોક ૧૪ થી ૪૧ સુધીના શ્લોકોનાં) વાક્યો શ્રુતિઓએ કહેલાં સનંદન માત્ર ફરી બોલી ગયા. તેથી 'વ્યાખ્યાન વિના તે (વાક્યો)નો અર્થ જાણવામાં આવ્યો કે નહિ' એવો સંદેહ કરી, કુદરતી બુદ્ધિથી આ (વાક્યોનો અર્થ) જણાયો એમ જણાવવા નીચેના શ્લોકમાં તે અર્થનું જ્ઞાન (થયું) એમ કહે છે :

શ્રીભગવાન્ કહે છેઃ

**ઈત્યેતદ્‌બ્રહ્મણઃ પુત્રા આશ્રુત્યાત્માનુશાસનમ્ ।।**
**સનન્દનમથાનર્ચુઃ સિદ્ધા જ્ઞાત્વાત્મનો ગતિમ્ ।।૪૨।।**

એવો આ જીવોને આપેલ ઉપદેશ સાંભળીને, આત્માની ગતિ જાણીને સિદ્ધ થએલા બ્રહ્માના પુત્રોએ પછી સનંદનની પૂજા કરી. ૪૨.

(આ શ્લોક) નારદને નારાયણે કહેલું વચન છે. (શ્રુતિગીતાનું) શ્રવણ કરનારા બ્રહ્માના પુત્રો હતા. 'જીવોને આપેલ ઉપદેશ' એ શબ્દથી સંપૂર્ણ શ્રુતિગીતાનો અર્થ ટુંકાણમાં કહેલો છે. 'આત્મનાં' જીવોનો (જીવોને આપેલ) 'અનુશાસનમ્' ઉપદેશ (તે 'આત્માનુશાસનમ્'). '(સર્વ) ભગવાન જ છે, (ભગવાન) જ સેવા કરવા યોગ્ય છે' આટલો જ શ્રુતિગીતાનો અર્થ છે. તે (અર્થ) તેઓના હૃદયમાં આવ્યો, તેથી તેઓએ ગુરુની પૂજા કરી એમ 'સનંદનની (પૂજા કરી)' એ શબ્દથી કહેલું છે. 'અથ' 'પછી' શબ્દથી, જૂદો આરંભ જણાવેલો છે. 'વિદ્યા, તપ અને શીલમાં સમાન' (પાછળ શ્લોક ૧૧) એ વાક્ય પ્રમાણે પહેલાં તેઓ સરખા હતા. હવે તો શ્રુતિગીતારૂપ અર્થ તે (સનંદને) જ સારી રીતે જાણેલો હોવાથી તેને પ્રવચન કરવાનો અધિકાર આપ્યો ત્યારે, 'જે સર્વ જાણતા ન હોય તે જ કહેવું જોઈએ' એવા (વિચારથી) તેણે આ ઉપાખ્યાન કહ્યું. જો તેઓએ આ અર્થ સારી રીતે જાણ્યો ન હોત[૧], તો 'એને સાંભળવા છતાં કોઈ પણ જાણતો નથી' એ નિયમ પ્રમાણે સારી રીતે જ્ઞાન નહિ થવાથી, તેઓ (સનંદનની) ઉત્તમ

૧. સનક વિગેરે શ્રુતિગીતાનું શ્રવણ કરનારા બ્રહ્માના પુત્રો શ્રુતિગીતાનો અર્થ સમજ્યા હતા એમ જે આ શ્લોકના આભાસમાં કહેલું તે સિદ્ધ કરે છે. (લે)

પ્રકારે પૂજા કરત નહિ. તેથી[2] એમ જણાવેલું છે કે જનલોકમાં[3] રહેનારાઓને પણ દુર્લભ આ નવો અર્થ માત્ર હમણાં જ પ્રકટ થયો છે. પછી તેઓ 'સિદ્ધ' થયા. હવે તેમને શ્રવણ કરવા યોગ્ય (કાંઈ) રહ્યું નથી. પહેલાં પણ તેઓને આત્માનું જ્ઞાન હતું, પરંતુ 'માત્ર ભગવાનની જ સેવા કરવી જોઈએ, બીજો ઉપાય નથી' એવી તેની ગતિ હમણાં જ તેઓએ જાણી, તેથી (હવે) સિદ્ધ થયા, એવો અર્થ છે. ૪૨.

નારદને આ પ્રસંગે 'આવો બીજો પણ અર્થ હશે' એમ જાણવાની ઈચ્છા થઈ. તેથી નીચેનો શ્લોક કહે છે :

**ઈત્યશેષસમામ્નાયપુરાણોપનિષદ્રસઃ ।।**
**સમુદ્ધૃતઃ પૂર્વજાતૈર્વ્યોમયાનૈર્મહાત્મભિઃ ।।૪૩।।**

એવી રીતે સર્વ વેદો, પુરાણો અને ઉપનિષદોનો રસ પહેલાં ઉત્પન્ન થએલા, આકાશમાં ફરનારા મહાત્માઓએ ખેંચી કાઢેલો છે. ૪૩.

**અર્થઃ સ્થલત્રયે ગૂઢઃ પુરાણોપનિષચ્છ્રુતૌ ।।**
**સર્વતઃ સારમેતદ્ધિ સમુદ્ધૃતમિહોચ્યતે ।।**

પુરાણો, ઉપનિષદો અને શ્રુતિઓ (વેદ) એ ત્રણ સ્થલે ગૂઢ અર્થ રહેલો છે. સર્વમાંથી આ સાર કાઢેલો છે એમ અહિં કહેલું છે. તેથી બીજો કોઈ સારાંશ નથી એમ કહેવા (આ) જણાવે છે.

'અશેષાઃ' બધાએ વેદો[1], પુરાણો અને ઉપનિષદો. તેઓનું સારી રીતે મંથન કરીને આ અર્થ કાઢેલો છે, તેથી (આ અર્થ) 'રસ' છે. પહેલાં તે તેમાં (વેદો, પુરાણો અને ઉપનિષદોમાં) જ હતો, પછી 'પહેલાં ઉત્પન્ન થએલા, આકાશમાં ફરનારા મહાત્મા' સનક વિગેરેએ (તેને) તેમાંથી ખેંચી કાઢી જૂદો રાખેલો છે. 'આ (રસ)ને ખેંચી કાઢવાનું શું પ્રયોજન' ? એવી શંકા થાય, તેથી 'મહાત્માઓએ' શબ્દ યોજેલ છે. તેઓ મહાત્મા એટલે સર્વ ઉપર ઉપકાર કરનારા હતા. ૪૩.

એ પ્રમાણે શ્રુતિગીતાનું માહાત્મ્ય કહી, નીચેના શ્લોકમાં નારદને વધારે (કાર્ય કરવાનો) ઉપદેશ કરે છેઃ

**ત્વં ચૈતબ્રહ્મદાયાદ શ્રદ્ધયાત્માનુશાસનમ્ ।।**
**ધારયંશ્ચર ગાં કામં કામાનાં ભર્જનં નૃણામ્ ।।૪૪।।**

---

૨. 'તેથી' એટલે 'સારી રીતે પૂજા કરી એમ કહ્યું તેથી'. (લે)

૩. જૂઓ પાછળ શ્લોક ૮.

૧. 'બધાએ વેદો' એટલે ત્રણે પ્રકારના મંત્રો એવો અર્થ છે. ઉપનિષદો બ્રાહ્મણ ભાગમાં છે. બીજા બ્રાહ્મણ (ભાગ)માં મંત્રોનો જ વિનિયોગ હોવાથી બ્રાહ્મણ જૂદાં કહેલાં નથી, એવો ભાવ છે. (લે)

અને હે બ્રહ્મનો વારસો પ્રાપ્ત કરનાર ! મનુષ્યોની કામનાઓનો નાશ કરનારા આ જીવોને આપેલ ઉપદેશને શ્રદ્ધાથી ધારણ કરતાં તું પૃથ્વી ઉપર ઇચ્છા પ્રમાણે ફર. ૪૪.

બ્રહ્માનો પુત્ર બ્રહ્મનો વારસો પ્રાપ્ત કરનાર[1] થાય. અહિં તો બ્રહ્મમાં (બ્રહ્મ સંબંધી) જ વારસો (નારદે) પ્રાપ્ત કરેલો છે, તેથી ખાસ કરીને (આ સંબોધન) વચન કહેલું છે, અથવા (નારદનો) અધિકાર જણાવવા (આ સંબોધન કરેલું છે.) જેને બ્રહ્મનો વારસો મળેલો હોય તેના હૃદયમાં આ અર્થ સ્ફુરે જ. તેથી આત્માને આપેલ ઉપદેશ[2] એટલે તને આપેલ મોટા ઉપદેશરૂપ (આ અર્થ)ને શ્રદ્ધાથી ધારણ કરતાં, એટલે આ અર્થનો સદા વિચાર કરતાં, તું પૃથ્વી ઉપર દૂર એટલે સર્વ સ્થલે પરિભ્રમણ કર, કારણકે આ શાસ્ત્રાર્થ[3] પરિત્યાગથી જ (પ્રાપ્ત થવાનું) સંભવે છે. (આ) જીવોને આપેલ ઉપદેશથી જ સદા ભગવાનનું ભજન પ્રાપ્ત થાય છે. નારદને (તે) પ્રાપ્ત થએલું પણ છે. 'કોઈ મોટો (પુરુષ) હોય છે તો તેણે કામને જીતેલ હોતો નથી' (ભાગ.૮।૮।૨૦) એ વાક્ય પ્રમાણે મોટા (પુરુષ)ને ભગવાનનું સ્મરણ કરવામાં એક કામ જ વિઘ્ન કરનારો છે, તેથી તેની કામનાઓનો નાશ કરનારું સાધન છે. 'કામનાઓનો' એ બહુવચન (નો પ્રયોગ) એમ સૂચવે છે કે (આ તેની) બધી કામનાઓ મટાડનાર છે. 'નૃણામ્' 'મનુષ્યોની' એ શબ્દથી એમ કહેલું છે કે (આ) મનુષ્યોનું વધારે હિત કરનાર છે. ૪૪.

આ ઉપદેશ નારદના હૃદયમાં આવ્યો (ઉતર્યો) એમ જણાવવા નીચેના શ્લોકથી આરંભી તેની (નારદની) કથા કહે છે :

શ્રીશુક કહે છેઃ

**એષં સ ગુરુણાદિષ્ટં ગૃહીત્વા શ્રદ્ધયાત્મવાન્ ।।**
**પૂર્ણઃ શ્રુતધરો રાજન્નાહ વીરવ્રતો મુનિઃ ।।૪૫।।**

હે રાજન્ ! એ પ્રમાણે ગુરુએ (આપેલ) ઉપદેશને શ્રદ્ધાથી ગ્રહણ કરી, સંયમી, સંતોષ પામેલા, સાંભળેલું ધારણ કરનારા, વીરના જેવા વ્રતવાળા મુનિએ (નીચે પ્રમાણે) કહ્યું. ૪૫.

જો કે (નારદે) ઘણાંએ વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં, છતાં પણ આ

---

૧. 'બ્રહ્મરૂપં' બ્રહ્મરૂપ 'દાયમ્' વારસો 'આદત્તે' પ્રાપ્ત કરે છે તે 'બ્રહ્મદાયાદઃ' એ પ્રમાણે સમાસ છોડવો. (લે)

૨. 'આત્મનઃ' એટલે પોતાને નારદને આપેલ 'અનુશાસનમ્' ઉપદેશ, એવો અર્થ કરવો એમ જણાવવા 'તને આપેલ મોટા ઉપદેશરૂપ' એમ કહેલું છે. (લે)

૩. 'શાસ્ત્રાર્થ' એટલે 'આ શાસ્ત્રમાં જણાવેલ ભજન' એવો અર્થ છે. (લે)

(વ્યાખ્યાન)માં તે ઘણી શ્રદ્ધાવાળો થયો. 'સંયમી' શબ્દથી તે (આ સાંભળવાનો) અધિકારી હતો (એમ જણાવેલું છે). 'સંતોષ પામેલા' એ વિશેષણથી એમ સૂચવેલું છે કે તેણે અર્થ જાણ્યો હતો. 'સાંભળેલું ધારણ કરનારા' એ વિશેષણથી માત્ર શ્રવણ કરવાથી જ તે શબ્દથી અને અર્થથી તેનું ધારણ કરતો હતો એમ તેને સદા (આ અર્થનું) સ્મરણ (રહેતું એમ) કહેલું છે, અને તેને આવૃત્તિ કરવાની જરુર ન હતી (એમ જણાવેલું છે). આ અર્થ ગ્રહણ કરવા યોગ્ય છે એમ જણાવવા માટે 'હે રાજન્' એવું સંબોધન કરેલું છે. તે અર્થ તેણે (નારદે) જાણ્યો હતો એમ જણાવવા, તેણે ગુરુને કાંઈક (નીચે કહેશે તે) કહ્યું, કારણકે વીરના જેવું વ્રત છે જેનું તેવો તે 'વીરના જેવા વ્રતવાળો' હતો, કારણ કે વીર એક જ વખત કાર્ય કરે છે, પરંતુ (કાર્ય કરવામાં) વિલંબ સહન કરતો નથી. એ પ્રમાણે (નારદમાં) ક્રિયાશક્તિ ઘણી હતી એમ ('વીરના જેવા વ્રતવાળો' એ વિશેષણથી) જણાવી, 'મુનિ' શબ્દથી (તેનામાં) જ્ઞાનશક્તિ ઘણી હતી, એમ કહેલું છે. ૪૫.

નીચેના શ્લોકમાં (નારદ) પોતાના ગુરુને નમસ્કાર કરે છે :

નારદ કહે છેઃ

**નમસ્તસ્મૈ ભગવતે કૃષ્ણાયામલમૂર્તયે ।।**
**યો ધત્તે સર્વભૂતાનામભવાયોશતીઃ કલાઃ ।।૪૬।।**

પવિત્ર મૂર્તિવાળા ભગવાન્ શ્રીકૃષ્ણ જે સર્વ પ્રાણીઓના મોક્ષ માટે કમનીય કલાઓ ધારણ કરે છે તેમને નમસ્કાર છે. ૪૬.

નારાયણનું સ્વરૂપ શ્રીકૃષ્ણ છે. શ્રીકૃષ્ણે જ નારાયણરૂપથી અવતાર લીધેલો હોવાથી, શ્રીકૃષ્ણ મૂલ (રૂપ) છે. જો કે 'આ બે તે ભગવાનનાં અંશો અહિં આવેલા છે' એ વાક્ય પ્રમાણે શ્રીકૃષ્ણ નારાયણના જ અંશ છે એવી લોકમાં પ્રસિદ્ધિ છે, છતાં પણ શ્રુતિગીતાના બોધથી તેણે (તેથી) ઉલટું જાણ્યું; કારણ કે ત્યાં (શ્રુતિગીતામાં) 'શેષની કાયા જેવા (આપના) ભુજદંડમાં આસક્ત બુદ્ધિવાળી સ્ત્રીઓ' (શ્લોક ૨૩) એમ (સ્ત્રીઓને) શ્રુતિઓની સમાન કહેલી છે. શ્રીકૃષ્ણ વિશે જ ગોપિકાઓ વિગેરે તેવી (આસક્તિવાળી સ્ત્રીઓ) છે, બીજા અવતારો વિષે (તેવી આસક્તિવાળી સ્ત્રીઓ) નથી, તેથી શ્રુતિગીતામાં તે (શ્રીકૃષ્ણ) જ ભજન કરવા યોગ્ય જણાવેલા છે એમ તેણે જાણ્યું.

**માહાત્મ્યં બહુધા જ્ઞાત્વા જીવાનાં ચ ગતિં પરામ્ ।।**
**સર્વં ત્યક્ત્વા વિધાયૈતન્નિત્યં કૃષ્ણં સ્મરંશ્ચરેત્ ।।**

(શ્રીકૃષ્ણનું) માહાત્મ્ય ઘણા પ્રકારે જાણીને, અને જીવોની ઉત્તમ ગતિ

(શ્રીકૃષ્ણ છે એમ) જાણીને, સર્વ તજી આ (શ્રુતિગીતાનો અર્થ) ધારણ કરી, શ્રીકૃષ્ણનું નિત્ય સ્મરણ કરતાં ફરવું. કા.

એટલો જ ઉપાખ્યાનનો અર્થ છે એમ જાણીને, નારદ શ્રીકૃષ્ણને જ નમન કરે છે. 'પવિત્ર મૂર્તિવાળા' એ શબ્દથી, શ્રીકૃષ્ણ અવતાર હોવાથી તેમનામાં દોષ હશે એવી બુદ્ધિ ન રાખવા જણાવેલ છે. અથવા પવિત્ર (પુરુષો)માં મૂર્તિ છે જેમની (એવો અર્થ કરવો), અથવા (આ શબ્દથી) ભગવાનની પ્રાપ્તિનો ઉપાય જણાવેલો છે. ''આ નારાયણ સાક્ષાત્ ગુરુ છે, અને તે (શ્રીકૃષ્ણના) અવતાર છે. તે પ્રત્યક્ષ (ગુરુ)ને તજી, 'તમ્' 'તેમને' શબ્દથી જણાવેલા પરોક્ષ શ્રીકૃષ્ણને શા માટે નમસ્કાર કરે છે ?'' એવી શંકા થાય, તેથી ઉતરાર્ધ કહેલો છે. તે જ ભગવાન્ (શ્રીકૃષ્ણ) આપણે વિગેરે બધાએ પ્રાણીઓના મોક્ષ માટે કમનીય કલાઓ ધારણ કરે છે. તે (શ્રીકૃષ્ણ) જ આ (નારાયણના) રૂપથી આપણો ઉદ્ધાર કરવા અવતરેલા છે. એમ હોવાથી આ (નારાયણ) મૂલરૂપ નથી, તેથી તે (શ્રીકૃષ્ણે) જ આ ઉપકાર કરેલો હોવાથી તેમને જ નમસ્કાર કર્યો છે એવો અર્થ છે. ૪૬.

'ગુરુને નમસ્કાર કરવા જોઈએ. તે (નારદે) કેમ ન કર્યા ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છે :

**ઈત્યાદ્યમૃષિમાનમ્ય તચ્છિષ્યાંશ્ચ મહાત્મનઃ ।।**
**તતોઽગાદાશ્રમં સાક્ષાત્પિતુર્દ્વૈપાયનસ્ય મે ।।૪૭।।**

એવી રીતે આદ્ય ઋષિને અને તેમના મહાત્મા શિષ્યોને નમસ્કાર કરીને ત્યાંથી (નારદ) મારા પિતા દ્વૈપાયનના સાક્ષાત્ આશ્રમમાં ગયા.૪૭.

એવી રીતે (શ્રીકૃષ્ણને નમસ્કાર કરીને) જ તે (નારાયણ)ને નમસ્કાર કર્યા[1], કારણ કે તે (નારાયણ) આદ્ય ઋષિ છે, (અને તેથી) 'હું શ્રીકૃષ્ણ છું' એવું પોતાનું સ્વરૂપ જાણે છે, અને તેમના શિષ્યો તેમને (શ્રીકૃષ્ણ છે એમ) જાણે છે, કારણ કે મહાત્માઓ વસ્તુના સ્વરૂપને જાણે છે, પરંતુ બહિર્મુખો જાણતા નથી; એવો અર્થ છે. 'આ માત્ર બીજાનો મત[2] હશે' એવી બુદ્ધિ ન થાય તે માટે ઉતરાર્ધથી વ્યાસનો (આ મત સાથે) સંબંધ કહે છે. જો કે વ્યાસનાં ઘણાંએ સ્થાનો છે તો પણ સાક્ષાત્ સ્થાન તે (તેમનો આશ્રમ) જ છે. 'વ્યાસ સાક્ષાત્ ભગવાન્ છે,

૧. શ્રીકૃષ્ણને નમસ્કાર કર્યા તે જ નારાયણને તથા તેમના શિષ્યને નમસ્કાર થયા, કારણ કે નારાયણ અને તેમના શિષ્યો જાણે છે કે નારાયણ શ્રીકૃષ્ણનો જ અવતાર છે. ગુરુમાં શિષ્યનો સમાવેશ થઈ જાય એવા આશયથી શ્રીકૃષ્ણને કરેલ નમસ્કારથી નારાયણના શિષ્યોને પણ નમસ્કાર થઈ ગયા એમ જણાય છે.

૨. જો કે સનંદને આ કહ્યું તેથી બીજાનો (વ્યાસ સિવાયનાનો) આ મત થયો, છતાં પણ આ

તેમણે પોતાની મેળે (શ્રુતિગીતાનો અર્થ) કેમ ન જાણ્યો ?' એવી શંકા થાય, તેથી 'દ્વૈપાયન[3]' શબ્દ યોજેલો છે. ૪૭.

**સભાજિતો ભગવતા કૃતાસનપરિગ્રહઃ ।।**
**તસ્મૈ તદ્વર્ણયામાસ નારાયણમુખાચ્છ્રુતમ્ ।।૪૮।।**

ભગવાન્ (વ્યાસ)થી સત્કાર પામેલા અને જેમણે આસન લીધેલું છે તેવા તેમણે (નારદે) નારાયણના મુખથી (જે) સાંભળેલું તે તેમને કહ્યું. ૪૮.

પછી તેમનાથી(વ્યાસથી) સત્કાર પામ્યા. મોટા (વ્યાસ)થી પૂજાઈ, અને તેમણે આપેલ આસન ગ્રહણ કરી, જે ગૂઢ અર્થ નારાયણના મુખથી સાંભળેલ હતો તે (તેમને) કહ્યો. તેમની (વ્યાસની) પાસેથી પરંપરાથી પ્રાપ્ત થએલ (તે અર્થ) મેં પણ તને કહ્યો એવો અર્થ છે. આ વિચાર પ્રમાણે જ જેમ નિર્ગુણ બ્રહ્મમાં મન પ્રવેશ કરે, તેમ કરવું જોઈએ. જો ભગવાને એવી બુદ્ધિ તારામાં કરી (મુકી) તો તે (બુદ્ધિ)થી તારું મન (નિર્ગુણ બ્રહ્મમાં) પ્રવેશ કરશે એવો ભાવ છે. ૪૮.

**ઈત્યેતદ્વર્ણિતં રાજન્ યન્નઃ પ્રશ્નઃ કૃતસ્ત્વયા ।।**
**યથા બ્રહ્મણ્યનિર્દેશ્યે નિર્ગુણેઽપિ મનશ્ચરેત્ ।।૪૯।।**

હે રાજન! 'બ્રહ્મ નિર્દેશ થઈ ન શકે તેવું અને ગુણરહિત હોવા છતાં મન તેમાં કેમ પ્રવર્તે?' એવો જે પ્રશ્ન તેં મને કર્યો તેનો ઉત્તર મેં આ તને કહ્યો. ૪૯.

આ અર્થ ન સમજવાથી '(મેં) પુછ્યું બીજું અને ઉત્તર બીજો આપ્યો' એમ (પરીક્ષિત) ન માને તે માટે કહે છે કે, જે પ્રશ્ન 'નઃ' અમને તેં કર્યો તેનો જ આ ઉત્તર છે. વેદો તો ગુણરહિત (બ્રહ્મ)નું નિરૂપણ કરે છે. તે કયા પ્રકારે (નિરૂપણ કરે છે) એવો સંદેહ થતાં, આ (અધ્યાયમાં જણાવેલા) પ્રકારથી જ કરે છે એમ જાણનારનું મન ગુણરહિત બ્રહ્મમાં પણ પ્રવર્તે છે. ૪૯.

શ્રુતિગીતામાં કહેલો અર્થ સહેલાઈથી સમજી શકાય તે માટે શુક પોતે પણ ફરીથી ટુંકાણથી નીચેના શ્લોકમાં કહે છેઃ

**યોઽસ્યોત્પ્રેક્ષક આદિમધ્યનિધને[1] યોઽવ્યક્તજીવેશ્વરો**
**યઃ સૃષ્ટ્વેદમનુપ્રવિશ્ય ઋષિણા ચક્રે પુરઃ શાસ્તિ તાઃ ।।**
**યં સંપદ્ય જહત્યજામનુશયી સુપ્તઃ કુલાયં યથા ।।**

---

અર્થમાં વ્યાસની પણ સંમતિ થઈ, તેથી આ બીજાના મતની ભાષા નથી, એવો ભાવ છે. (લે)

૩. 'દ્વિર્ગતા આપો યસ્મિન્' જેમાં જલના બે પ્રવાહ થાય છે તેવું સ્થાન (બેટ) વ્યાસ (ના જન્મ)નું સ્થાન હોવાથી, તેમની બુદ્ધિમાં પણ કોઈ વાર બે પ્રકારની સ્થિતિ થતી એમ સૂચવેલું છે, એવો ભાવ છે. (લે)

૧. શ્રીસુબોધિની જોતાં શ્રીમદાચાર્યચરણને 'નિધનો' પાઠ ઈષ્ટ હશે એમ જણાય છે.

તં કૈવલ્યનિરસ્તયોનિમભયં ધ્યાયેદજસ્રં હરિમ્ ।।૫૦।।

જે આ (જગત)નું હિત ચિંતન કરનાર; આદિ, મધ્ય અને અંતરૂપ; પ્રકૃતિ, પુરુષ અને ઈશ્વરરૂપ છે; જે આને સર્જી વેદ સાથે (તેમાં) પ્રવેશ કરી, (જુદાં જુદાં) શરીરો બનાવે છે (અને) તેમને વશ રાખે છે; જેમ સૂતેલો પુરુષ દેહને વિસરે તેમ જેમને પ્રાપ્ત કરીને (પ્રકૃતિને) અનુસરનારો અવિદ્યાનો ત્યાગ કરે છે, જેમણે કેવલપણાથી યોનિનો નાશ કરેલો છે (અને) જે ભય વિનાના છે તેવા નિત્ય હરિનું ધ્યાન ધરવું. ૫૦.

ભગવાનનું માહાત્મ્ય જાણીને, ભગવાનનું ભજન કરવું એમ હોવાથી શ્રુતિગીતાનો અર્થ ભગવાનનું ૧.માહાત્મ્ય અને ૨.ભજન એ બે પદાર્થ છે. તે પૈકી ભજનનું નિરૂપણ કરનારી બધી શ્રુતિઓને ભેગી કરીને 'નિત્ય ધ્યાન કરવું' એમ કહે છે. હૃદયની અંદર ભગવાનનું સ્થાપન કરીને ત્યાં તેમની સેવા કરવી[૨] એવો અર્થ છે. તે (ભજન) ફલરૂપ થાય છે એમ જણાવવા 'નિત્ય (હરિ)' એટલે સુખરૂપ, સર્વ દુઃખ હરનારનું ધ્યાન કરવું' એમ કહેલું છે. તે સંબંધમાં ભગવાનનું માહાત્મ્ય ૧.ગુણરૂપ અને ૨.દોષ ન હોવારૂપ છે. તે પૈકી ગુણરૂપ (માહાત્મ્ય) બાર પ્રકારે જણાવે છે. (૧) જે ભગવાન્ 'આ' બધાએ જગતને 'ઉત્પ્રેક્ષકઃ' ઉંચે જૂએ છે, એટલે 'આ જીવોના સમૂહોને મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થાય' એમ વિચારી 'આવી રીતે (તેમને મોક્ષ પ્રાપ્ત) થશે' એમ તેઓનું હિત વિચારે છે, એવો અર્થ છે. ભજન કરવા યોગ્ય (ભગવાન્)નો આ એક ગુણ છે. આ જગતમાં (૨) આદિ, (૩) મધ્ય અને (૪) અંતરૂપ, એમ જરુરી હોવાથી (બીજા) ત્રણ ગુણો કહે છે. આ ચાર ગુણોનો સમૂહ સૃષ્ટિના કારણરૂપ એક[૩] છે. ત્રણ પ્રકારનાં માહાત્મ્ય કહે છે કે જે (૫) 'અવ્યક્તં' પ્રકૃતિ, (૬) 'જીવઃ' પુરુષ (અને) (૭) 'ઈશ્વરઃ' વશ રાખનાર કાલ એવા ત્રણના સમૂહરૂપ છે, એવો અર્થ છે. એ પ્રમાણે સાત ગુણો જણાવ્યા. બાકીના પાંચ ગુણો કહે છે. (૮) જે ભગવાન્ 'આ (જગત)ને સર્જીને' એવો એક (ગુણ), (૯) પછી તેમાં પ્રવેશ (કરે છે એ) બીજો બ્રહ્માંડને સર્જી (ભગવાને) બ્રહ્માંડમાં પ્રવેશ કર્યો, એવો અર્થ છે. (૧૦) પછી 'ઋષિણા' વેદ સાથે અથવા મુખ્ય જીવ સાથે સંબંધમાં આવ્યા, એવો અર્થ છે. (૧૧) પછી દેવ, હલકાં પ્રાણીઓ વિગેરે શરીરો બનાવ્યાં. આ (પાંચ પૈકી) ચોથો (ગુણ કહ્યો અને)

૨. સેવા એટલે તેમનામાં પરોવાએલું 'ચિત્ત' એ વાક્ય પ્રમાણે ચિત્ત ભગવાનમાં પરોવાય તે સેવા. એવી સેવાની વ્યાખ્યા હોવાથી ધ્યાન સેવા જ છે. (લે)

૩. એ ચાર ગુણોથી ભગવાન્ ભજન કરવા યોગ્ય છે એમ સાબિત કરવાનું એક સાધન થાય છે, એવો અર્થ છે. (લે)

(૧૨) (તેમને) વશ રાખનાર છે એ પાંચમો (ગુણ કહ્યો).

(હવે ભગવાનમાં) ત્રણ દોષો નથી એમ ઉતરાર્ધથી આરંભી કહે છે. (૧) જીવો પણ (ભગવાનને) પ્રાપ્ત કરી, એટલે ભાવના વડે મનથી પણ પ્રાપ્ત કરી, 'અજાં જહતિ' અવિદ્યાને દૂર કરે છે. 'ત્યારે તો (જીવો ભગવાનનું) સ્મરણ કરવાથી જ મુક્ત થતા હશે, (અને) તેમ હોય તો તેઓ ફરીથી દેહ ગ્રહણ કરતા નહિ હોય' એવી શંકા થાય, તેથી 'જેમ સૂતેલો (પુરુષ) દેહને વિસરે' એવું દૃષ્ટાંત આપેલું છે. તેઓ સંપૂર્ણ રીતે અવિદ્યાનો ત્યાગ કરતા નથી, પરંતુ ભગવાનનું એવી રીતે માહાત્મ્ય જણાવવામાં આવે છે કે (તેમનો) માત્ર સંબંધ થવાથી જ પુરુષ અવિદ્યાનો તેના કાર્ય (પરિણામ) સહિત ત્યાગ કરે છે, એટલે જેમ સૂતેલા પુરુષને શરીરનું સ્મરણ (ભાન) રહેતું નથી તેમ તેને (અવિદ્યાનું) જરા પણ સ્મરણ રહેતું નથી, એવો અર્થ છે. એ પ્રમાણે પરંપરાથી પણ (ભગવાનમાં) દોષ નથી એમ જણાવ્યું. (૨) '' 'કૈવલ્યેન' કેવલપણાંને લીધે 'નિરસ્તા' નાશ કરેલો છે 'યોનિઃ' (જન્મ-મરણનું) કારણ બનેલી યોનિનો જેણે'' એ વિશેષણથી (ભગવાનમાં) સાક્ષાત્ (દોષ નથી એમ કહે છે). બધુંએ ભગવાન્ છે, તેથી (ભગવાનથી) વધારાની યોનિ[૪] ક્યાંથી હોય ? (૩) 'અભયમ્' 'ભય વિનાના' એ શબ્દથી (ભગવાનમાં) ત્રીજો દોષ નથી (એમ કહેલું છે). (ભગવાન્) પોતે ભય વિનાના છે, અને બધાનો એ ભય દૂર કરનારા છે, એવો (તેનો અર્થ છે). એ પ્રમાણે ભગવાન્ દોષરહિત અને ગુણોથી ભરપૂર હોવાથી તે પોતે જ પરમાનંદ આપે છે અને દુઃખ દૂર કરે છે. તેથી બધાએ તેમનું જ ભજન કરવું જોઈએ એવો અર્થ છે. ૫૦.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં દશમા સ્કંધના ઉતરાર્ધના વિવરણમાં**
**આડત્રીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય ઓગણચાલીસમો

## નિર્દોષ લક્ષ્મી નિત્ય ભગવાન્ પાસે જ રહે છે.

**એવં કૃષ્ણસ્ય મૂલત્વે સંદિહાનસ્ય સંશયઃ ।।**
**નિવારિતોઽતિયત્નેન યેન કૃષ્ણઃ પરઃ સ્મૃતઃ ।।૧।।**

શ્રીકૃષ્ણ મૂલ[૧](બ્રહ્મ) છે એ વિષયમાં સંદેહવાળાના સંદેહને એ પ્રમાણે ઘણા પ્રયત્નથી[૨] દૂર કર્યો, જેથી[૩] શ્રીકૃષ્ણ સર્વથી મોટા(ઉત્તમ) જણાયા[૪]. કા.૧.

**વ્યવહારસ્તથૈવાત્ર કૃષ્ણે પર્યવસાનતઃ ।।**
**સર્વેન્દ્રિયાણાં ગ્રાહ્યત્વં શ્રુતીનાં હિ યથોદિતમ્ ।।૨।।**

અહિં[૫] શ્રીકૃષ્ણના સંબંધમાં તેવી જ રીતે વ્યવહાર[૬] થાય છે, કારણ કે[૭] જેમ શ્રુતિઓ પર્યવસાનથી (ભગવાનને ગ્રહણ કરે છે) એમ કહેલું છે તેમ સર્વ ઈન્દ્રિયો પર્યવસાનથી[૬] (શ્રીકૃષ્ણને) ગ્રહણ કરે છે. કા.૨.

**ભજનીયગુણે ત્વત્ર સંદેહઃ કશ્ચિદુદ્ગતઃ ।।**
**તન્નિવારયિતું પ્રશ્નઃ પુના રાજ્ઞાં નિરૂપ્યતે ।।૩।।**

અહિં તો ભજન કરવા યોગ્યના ગુણના સંબંધમાં કોઈ એક સંદેહ ઉત્પન્ન

---

૧. 'શ્રીકૃષ્ણનાં વીર્યથી વિરુદ્ધ સુભદ્રાનું હરણ વિગેરે કાર્યો થયાં તેથી શ્રીકૃષ્ણ મૂલ બ્રહ્મ કેમ હોઈ શકે ?' એવો સંશય શ્રીકૃષ્ણ અલૌકિક છે એમ જણાવી ગયા અધ્યાયમાં દૂર કર્યો. 'તેવા અલૌકિક વિષે શ્રુતિઓની પ્રવૃત્તિ પણ થઈ ન શકે તો પછી ચક્ષુ વિગેરેની તો પ્રવૃત્તિ કેમ જ થઈ શકે ? શ્રીકૃષ્ણમાં તો ચક્ષુ વિગેરેની તો પ્રવૃત્તિ થાય છે તેથી મૂલ (બ્રહ્મ) કેમ હોઈ શકે ?' એવો પ્રમાણ દ્વારા સંશય થયો, તે પણ ભગવાનને શ્રુતિઓ કેવી રીતે ગ્રહણ કરે છે તે જણાવી દૂર કર્યો. (લે)

૨. 'ઘણા પ્રયત્નથી' એટલે 'સૂક્ષ્મ દૃષ્ટિથી'. (લે)

૩. 'જેથી' એટલે 'સંદેહ દૂર કરવાથી'. (લે) ૪. 'સ્મૃતઃ' એટલે અનુભવપૂર્વક જણાયા. (લે)

૫. ગયા અધ્યાયથી જે સાબિત થયું તે અહિં કહે છે. (લે)

૬. આ શ્રીકૃષ્ણના વિષે ચક્ષુ વિગેરેના વ્યવહાર પણ તેવા જ પ્રકારનો થાય છે. જેમ શ્રુતિઓ પર્યવસાનવૃત્તિથી ભગવાનને ગ્રહણ કરે છે એમ કહેલું છે. તેવી જ રીતે ઈન્દ્રિયો પણ પર્યવસાનવૃત્તિથી જ શ્રીકૃષ્ણને ગ્રહણ કરે છે. જેમ અલૌકિક શબ્દ ભગવાનને જ લાગુ પડે છે, તેમ અલૌકિક ઈન્દ્રિયો પણ ભગવાનમાં જ પર્યવસાન પામે છે, એવો અર્થ છે. તેથી જ એમ કહેલું છે કે ગોપીઓનાં ચક્ષુઓ સર્વત્ર ભ્રમણ કરે છે છતાં પણ ભગવાનના મુખારવિંદના લાવણ્યરૂપી અમૃતનું જ દર્શન કરે છે. તેથી 'શ્રુતિથી ગ્રહણ થવા યોગ્ય હોવું' એટલે સર્વ અલૌકિક પ્રમાણથી ગ્રહણ થવા યોગ્ય હોવું, એવો ભાવ છે. (લે)

૭. શ્રુતિથી સિદ્ધ હોવાથી, અલૌકિક પ્રમાણથી ગ્રહણ થાય તે યોગ્ય છે એમ 'હિ' 'કારણ કે' શબ્દ જણાવે છે. (લે)

થયો છે. તે દૂર થાય તે માટે રાજાએ ફરીથી પ્રશ્ન કરેલો છે[૮]. કા.૩.

**પૂર્વાધ્યાયો યશોવ્યક્તૈ શ્રિયૈ ચાયમુદીરિતઃ ।।**
**અતઃ શ્રિયં સદા કૃષ્ણે નિત્યામાહાવ્યયાં ક્વચિત્ ।।૪।।**

પહેલાંનો અધ્યાય (ભગવાનનો) યશ પ્રકટ કરવા કહેલો. આ 'શ્રી' (પ્રકટ કરવા) કહેલો છે. તેથી શ્રીકૃષ્ણમાં સદા, નિત્ય અને કોઈ (પણ) સમયે[૯] વ્યય ન થાય[૧૦] તેવી લક્ષ્મી (હોવાનું) કહેલું છે. કા.૪.

**યથાનન્દો ન સર્વત્ર તથા શ્રીરપિ દેવતા ।।**
**તથાત્વં દૂષણં લોકે ભ્રાન્તબુદ્ધૌ નિરૂપિતમ્ ।।૫।।**

જેમ આનંદ સર્વત્ર (શ્રીકૃષ્ણ વિના બીજા કોઈમાં) નથી તેમ લક્ષ્મી દેવતા પણ (સર્વત્ર નથી). તેવા (લક્ષ્મીવાળા) હોવાપણું[૧૧] લોકમાં દોષ છે, તે (ભગવાનમાં પણ દોષ હોવાનું) ભ્રાંતની બુદ્ધિ પ્રમાણે જણાવેલું છે. કા.૫.

**અતોઽત્ર ભજનીયાર્થં લક્ષ્મીનિર્ણય ઉચ્યતે ।।**
**એકોનચત્વારિંશે ચ તત્પ્રસઙ્ગાત્કથાન્તરમ્ ।।૬।।**

તેથી અહિં ઓગણચાલીસમા અધ્યાયમાં (શ્રીકૃષ્ણ) ભજન કરવા યોગ્ય સિદ્ધ થાય તે માટે લક્ષ્મીસંબંધી નિર્ણય કહેલો છે, અને તેના પ્રસંગને લીધે બીજી કથા (કહેલી છે). કા.૬.

**શિવાદિસર્વદેવાનાં દાતૃત્વમવિચારતઃ ।।**
**વિચારેણ તુ દાતૃત્વં કૃષ્ણસ્યૈવ વિશેષતઃ ।।૭।।**

શિવ વિગેરે દેવો વિચાર કર્યા વિના દાન આપનારા છે, પરંતુ વિચાર કરીને સારી રીતે દાન આપનારા શ્રીકૃષ્ણ જ છે. કા.૭.

**અવિચારિતદાનેન સ્વયં દાતાપિ નશ્યતિ ।।**
**સંપ્રદાનસ્ય કા વાર્તા તસ્માચ્છ્રીશો ન તત્પ્રદઃ ।।૮।।**

વિચાર વિના (આપેલા) દાનથી દાન આપનારનો પોતાનો પણ નાશ થાય છે, (તો પછી) જેને દાન આપવામાં આવે તેનું તો કહેવું જ શું? તેથી લક્ષ્મીપતિ તે (તેવું દાન) આપતા નથી. કા.૮.

**દુષ્ટૈવ શ્રીરન્યગતા શુદ્ધા કૃષ્ણૈકતત્પરા ।।**

---

૮. આ કારિકાથી આ અધ્યાયમાં જે કહેવાનું છે તે જણાવે છે. (લે)

૯. અહિં 'અપિ' 'પણ' શબ્દ અધ્યાહાર છે. (લે)

૧૦. 'અવ્યયામ્' એટલે 'વ્યય વિનાની' (ઘટે નહિ તેવી). (લે)

૧૧. લક્ષ્મીમાં ચંચલપણાનો દોષ રહેલો છે. તેથી એવી ચંચલ લક્ષ્મીના સંબંધવાળા હોવું એ ભગવાનમાં પણ દોષ છે, (એમ ભ્રાંત બુદ્ધિથી જણાવેલું છે). (લે)

**કૃષ્ણમેવ તતો વાઞ્છેન્ન શ્રિયં બુદ્ધિમાન્ ક્વચિત્ ।।૯।।**

બીજા પાસે ગએલી લક્ષ્મી દુષ્ટજ છે. માત્ર શ્રીકૃષ્ણમાં જ આસક્તિવાળી શુદ્ધ[૧૨] છે. તેથી બુદ્ધિવાળાએ શ્રીકૃષ્ણની જ ઈચ્છા કરવી, કોઈ સમયે લક્ષ્મીની ઈચ્છા ન કરવી[૧૩]. કા.૯.

ગયા અધ્યાયમાં પરબ્રહ્મરૂપ ભગવાનનું પ્રમાણથી જ્ઞાન થવા સંબંધમાં જણાતા દોષોને[૧] દૂર કરી, ભગવાન્ જાણવા(ભજવા)યોગ્ય હોવા સંબંધમાં જણાતા દોષો દૂર કરવા માટે બીજા (આ) અધ્યાયનો આરંભ કરે છે. તે પ્રસંગમાં ભગવાન્ ઉત્તમ દાન કરનાર હોવા સંબંધમાં રાજાને સંદેહ થાય છે, અને દાન કરનાર ન હોય તેની લોકમાં નિંદા સાંભળવામાં આવે છે, તેથી (ભગવાન્ ઉત્તમ દાન કરનાર છે એવો) નિર્ણય થાય તે માટે બે શ્લોકોથી રાજા પ્રશ્ન કરે છેઃ

રાજા કહે છેઃ

**દેવાસુરમનુષ્યેષુ યે ભજન્ત્યશિવં શિવમ્ ।।**
**પ્રાયસ્તે ધનિનો ભોજા ન તુ લક્ષ્મ્યાઃ પતિં હરિમ્ ।।૧।।**

દેવો, અસુરો અને મનુષ્યોમાં જેઓ (લક્ષ્મી)શોભા વિનાના શિવને ભજે છે તેઓ ઘણા ભાગે ધનવાળા અને ભોગ કરનારા હોય છે, પરંતુ લક્ષ્મીના પતિ હરિને (ભજનારા તેવા હોતા) નથી. ૧.

ત્રણ પ્રકારના જીવો[૨] ઉપાસના કરવાની શક્તિવાળા[૩] છે. તેઓએ બીજાની ઉપાસના ન કરતાં ભગવાનની ઉપાસના કરવી એમ કહેલું[૪] છે. તે સંબંધમાં[૫] બીજા (દેવો) આ લોકનું ફલ આપનારા હોવાથી તેમનું ભજન કેમ ન કરવું ? એવી મહાદેવ ના સંબંધમાં સૂચના કરે છે. ત્રણ પ્રકારના જીવોમાં જેઓ 'અશિવં' લક્ષ્મીએ કરેલી શોભા વિનાના શિવને અથવા કલ્યાણરૂપ દેવને ભજે છે

---

૧૨. 'શુદ્ધ' એટલે 'ચંચલપણું વિગેરે દોષ વિનાની'. તેથી ભગવાન્ પાસે રહેલી લક્ષ્મી દુષ્ટ નહિ હોવાથી, તેના સંબંધથી ભગવાનમાં દોષ થતો નથી. બીજાઓ પાસેની લક્ષ્મી દુષ્ટ હોવાથી તેના સંબંધથી તેમનામાં દોષ આવે જ, તેથી ભગવાન્ લક્ષ્મીનું દાન કરતા નથી, એવો ભાવ છે. ૧૩. આ કારિકામાં લક્ષ્મીસંબંધી નિર્ણય કહેલો છે. (લે)

૧. શ્રીકૃષ્ણનું પ્રમાણથી જ્ઞાન થવા સંબંધમાં સગુણપણું વિગેરે જે દોષો જણાવી, તેમને 'ગુણરહિત ભગવાનનું જ જ્ઞાન થાય છે' એમ કહી દૂર કર્યા, એવો અર્થ છે. (લે)

૨. 'ત્રણ પ્રકારના' એટલે દેવો, અસુરો અને મનુષ્યો.

૩. પશુઓ વિગેરેને ન ગણવાનું કારણ આથી જણાવે છે. (લે)

૪. અહિં 'આ અધ્યાયમાં' એ શબ્દો અધ્યાહાર છે. (લે)

૫. (શ્રીકૃષ્ણ સિવાય) બીજાની ઉપાસના કરવી નહિ એમ કહેવાનું છે, તે સંબંધમાં. (લે)

તેઓ ઘણા ભાગે ધનવાળા હોય છે. જ્ઞાનની ઈચ્છા રાખનારાઓ તો તેમની (શિવની) પાસેથી ધન (મેળવવાની) ઈચ્છા કરતા નથી, તેથી 'ઘણા ભાગે' એ શબ્દ યોજેલ છે. અને (શિવને ભજનારાઓ) ભોગ કરનારા હોય છે, કારણ કે દાન કરી શકાય અને ભોગ થઈ શકે[૬] તેટલું ધન શિવ આપે છે. જો ભગવાન્ પણ (તેટલું ધન) આપતા હોય તો (ઉપર) કહેલો દોષ ખોટો ઠરે, તેથી 'પરંતુ લક્ષ્મીના પતિ (હરિને ભજનારા તેવા હોતા) નથી' એ શબ્દોથી જેમનો પ્રસંગ ચાલે છે તે (ભગવાન) આપતા નથી (એમ કહે છે). ભગવાન્ પાસે લક્ષ્મી છે, અને પોતે બીજાનાં દુઃખ હરનારા છે. (છતાં) જેઓ લક્ષ્મીના પતિની ઉપાસના કરે છે તેઓ ધનવાળા નથી, તેમ જ ભોગ કરનારા પણ નથી, એવો અર્થ છે. અહિં ગુણોનો ભેદ વિચારવામાં આવે છે[૭]. તેથી (દેવોને) સરખા (ગણેલા છે). ૧.

એવો જ સ્વભાવ છે એવી[૧] શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**એતદ્વેદિતુમિચ્છામઃ સંદેહોઽત્ર મહાન્ હિ નઃ ।।**
**વિરુદ્ધશીલયોઃ પ્રભ્વોર્વિરુદ્ધા ભજતાં ગતિઃ ।।૨।।**

આ અમે જાણવા ઈચ્છીએ છીએ. આ વિષયમાં અમને સંદેહ છે કે વિરુદ્ધ સ્વભાવવાળા ઈશ્વરોને ભજનારાઓને વિરુદ્ધ ફલ (પ્રાપ્ત થાય છે). ૨.

'આ' એટલે અહિં જણાવેલ સંદેહને મટાડનારું (અમે જાણવા ઈચ્છીએ છીએ), કારણ કે આ મોટો સંદેહ છે. (અમે) ભક્ત હોવાથી ભજન કરવા યોગ્ય (ઈશ્વર)ના ગુણના સંબંધમાં સંદેહ હોય તે દૂર કરવો જોઈએ, એવો આ અર્થ યોગ્ય જ છે, એમ 'હિ' શબ્દથી જણાવે છે. 'નઃ' અમો બધાને એ (આ સંદેહ છે),

૬. 'ભુઞ્જન્તિ ઈતિ ભોગાઃ' 'ભુજ્' એટલે પાલન કરવું અને વ્યવહાર કરવો. ધન આપીને બીજાનું પાલન કરે છે અને ધનથી પોતાનો વ્યવહાર ચલાવે છે એટલે તેને ભોગવે છે, એવો અર્થ છે. (લે)

૭. 'ભગવાન્ અનંત ગુણોથી ભરપૂર છે. શિવ તો તેમના અંશ છે. તામસ છે અને ભક્ત છે. તે બે સરખા કેમ હોય ?' એવી શંકા થાય, તેથી કહેલ છે. સાત્ત્વિક કલ્પમાં ભગવાનનો જેમનામાં આવેશ થએલ હોય તેવા વિષ્ણુ સાત્ત્વિક છે. બ્રહ્મા અને શંકરમાં રજોગુણ અને તમોગુણ છે. એવા ગુણોના ભેદનો વિચાર કરવામાં આવે છે, એવો અર્થ છે. શ્રીકૃષ્ણના ચરિત્રના પ્રસંગમાં તેમના સ્વરૂપનો વિચાર એ ગુણપ્રકરણનો અર્થ હોવાથી વિષ્ણુનો આમાં પ્રસંગ નથી, છતાં પણ જ્યારે ભગવાનનો વિષ્ણુમાં આવેશ થાય ત્યારે તે ભગવાન્ થાય છે એવા અભિપ્રાયથી અહિં પ્રશ્ન અને ઉત્તર કહેલા છે, સરખાપણું તો માત્ર ગુણોના વિચારથી જણાવ્યું છે, એવો ભાવ છે. (લે)

૧. હરિનો એવો સ્વભાવ છે કે પોતાના સેવકોને ધન ન આપવું અને શિવનો એવો સ્વભાવ છે કે પોતાના સેવકોને ધન આપવું એવો અર્થ જણાય છે.

કારણ કે અહિં જીજ્ઞાસાવાળાઓ પણ (આ) સંદેહ દૂર કરવા પ્રયત્ન કરે છે એમ જણાવવા 'વિરુદ્ધ ગુણવાળા ઈશ્વરોને' એ શબ્દો યોજેલા છે. એક લક્ષ્મીવાળા છે, બીજા પાસે લક્ષ્મી નથી, પરંતુ તેમનો (લક્ષ્મીવાળાનો) સેવક લક્ષ્મી વગરનો છે અને (બીજા લક્ષ્મી વિનાનો સેવક) લક્ષ્મીવાળો છે. જેમને જે ગમે તે પોતાના ભક્તને તે (પદાર્થ) આપે, પરંતુ ચાલુ પ્રસંગમાં તેમ નથી, એવો અર્થ છે. ૨.

અહિં સંદેહવાળાને પૂછવું કે 'શિવ પોતે કેમ (ભોગ) ભોગવતા નથી, અને (પોતાના સેવકને) શા માટે આપે છે ? વળી અહિં (જણાવેલ) રાજ્ય વિગેરે ભોગો ઉત્તમ છે અથવા હલકા છે ? જો ઉત્તમ હોય તો શિવ પોતે કેમ ભોગવતા નથી ? જો હલકા હોય તો (પોતાના ભક્તોને) શા માટે આપે છે ?' તેનો ઉત્તર '(તે ભોગો) હલકા જ છે' એવો છે. તેથી (શિવ) ભોગવતા નથી એ (વાત)ને પુષ્ટિ મળે છે. 'તેવો (હલકો પદાર્થ પોતાના ભક્તોને) કેમ આપે છે ?' એવો સંદેહ રહે, તેથી 'ઉપાસના કરનારાઓના જ દોષને લીધે (એમ કરે છે)' એમ કહેવા નીચેના શ્લોકમાં એમ જણાવે છે કે જેઓ ધનને માટે શિવની ઉપાસના કરે છે તેઓ અહંકારવાળા હોવાથી અહંકારના અભિમાનવાળા શિવની જ ઉપાસના કરે છે, પરંતુ તેઓ સાધારણ (પુરુષો) હોવાથી તથા જ્ઞાનના અધિકાર વિનાના હોવાથી શૈવતંત્રમાં પ્રસિદ્ધ સદાશિવની ઉપાસના કરતા નથી. તેથી તેઓ પ્રતિ શિવ તેવા જ હોય છેઃ

શ્રીશુક કહે છેઃ

**શિવઃ શક્તિયુતઃ શશ્વત્ત્રિલિઙ્ગો ગુણસંવૃતઃ ।।**
**વૈકારિકસ્તૈજસશ્ચ તામસશ્ચેત્યહં ત્રિધા ।।૩।।**

શિવ સદા શક્તિથી જોડાએલા છે. સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ પ્રકારનો અહંકાર હોવાથી તે ત્રણ ગુણવાળા, અને ગુણોથી વીંટાએલા છે. ૩.

(શિવને) અહંકારનું અભિમાન હોવા છતાં[૧] 'ભગવાન્ ભવ ઘોર શક્તિથી જોડાએલા ફરે છે' (ભાગ.પુરા.૪।૨૪।૧૮) એ વાક્યમાં જણાવ્યા પ્રમાણે શિવ તેવા[૨] હોવાનું કારણ 'શક્તિથી જોડાએલા' એ વિશેષણથી કહેલું છે. જો[૩] શાંત સ્વરૂપવાળા શિવ પ્રલય કરનારી શક્તિને એક ક્ષણ પણ ત્યાગ કરે તો તે પ્રલય કરે. જો[૪] તે કાલકૂટ વિષને કંઠમાં ના રાખે તો તે સર્વ વસ્તુઓના દોષનું આધિદૈવિક રૂપ હોવાથી તેનો (શિવથી) ત્યાગ થતાં, સર્વ વસ્તુઓમાં દોષ થતાં બધાએ અન્ન

૧. જીવની પેઠે શિવને અહંકારનો અધ્યાસ નથી, પરંતુ માત્ર અભિમાન છે. (લે)
૨. 'તેવા' એટલે 'ઉપાસના કરનારને તેના યોગ્ય ફલ આપનારા'. (લે)
૩. શક્તિથી જોડાએલા રહેવાનું પ્રયોજન આ વાક્યથી કહેલું છે. (લે)
૪. પ્રસંગને લીધે બીજા પદાર્થ ધારણ કરવાનાં પણ પ્રયોજન કહે છે. (લે)

વિગેરેનું ભક્ષણ કરવાથી મરણ પામે. જો શિવ સર્પોને ધારણ ન કરે તો બધાએ પુરુષો સર્પથી વીંટાઈ તેનાથી જ મરણ પામે. શિવ તેમના આધિદૈવિક(સર્પો)નો વિરોધ કરી તેમને પોતાની પાસે રાખે છે તેથી સર્વ કોઈને હણતો નથી એમ સૂચવ્યું છે. એ પ્રમાણે શિવ અગ્નિને ધારણ કરે છે, કારણ કે તેમ ન કરે તો તે સર્વને બાળી નાખે. એ પ્રમાણે તે ચંદ્રને પણ ધારણ કરે છે, કારણ કે તેમ ન કરે તો તે સર્વનો ક્ષય કરે. વસ્ત્રો સર્વ દેવતારૂપ હોવાથી લોકોને પીડા કરનારાં નથી, તેથી શિવ તેમને ધારણ કરતા નથી. 'જે વાઘનું ચામડું છે તે મૃત્યુનો વર્ણ છે' (તૈ.બ્રા. ૧।૭।૮) એ શ્રુતિ હોવાથી, શિવ વાઘનું ચામડું તો પ્રાણીઓના મૃત્યુને અટકાવવા ધારણ કરે છે. તે ગંગાને પણ ધારણ કરે છે, કારણ કે તે પણ માત્ર સ્પર્શથી જ દોષરૂપ પહેલાના દેહને દૂર કરી, ભગવદીય દેહ પ્રાપ્ત કરાવે છે[૫]. વળી તે જટાને[૬] ધારણ કરે છે. તેમ ન કરે તો વાયુથી લઈ જવાતાં વાદળાઓ જતાં જ રહે, પરંતુ આવીને વૃષ્ટિ ન કરે. એ પ્રમાણે શિવતંત્રમાં શિવ દોષરહિત અને ગુણોથી ભરપૂર દેહવાળા હોવાનું કહેલું છે. ત્યાં સર્વનાં પ્રયોજન જણાવેલાં છે. એ પ્રમાણે શિવ ઘણા કૃપાલુ હોવા છતાં ઉપાસના કરનારની વિનંતિ (ઈચ્છા) પ્રમાણે ત્રણ ગુણવાળા થયા. પછી સત્ત્વ, રજઃ અને તમઃ ગુણોથી પણ વીંટાએલા થયા. 'તેમને ત્રણ ગુણવાળા થવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. 'વૈકારિકઃ' એટલે સાત્ત્વિક[૭]. 'તૈજસઃ' એટલે રાજસ. 'અહમ્' એટલે અહંકાર. તે (અહંકાર) ત્રણ ગુણોવાળો અને ગુણોથી વીંટાએલો હોવાથી, (શિવ) પોતે પણ તેવા થયા. ૩.

પછી (શિવ) સાથે રહેલી શક્તિએ પુરુષના સંબંધને લીધે પ્રલય કરવાનું તજી દઈ સૃષ્ટિ જ કરી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતો વિકારા અભવન્ ષોડશામીષુ કંચન ।।**
**ઉપાધાવન્ વિભૂતીનાં સર્વાસામશ્નુતે ગતિમ્ ।।૪।।**

તેમાંથી સોળ વિકારો થયા. આમાંથી હરકોઈ (વિકારો)નો આશ્રય કરનાર બધીએ વિભૂતિઓનું ફલ ભોગવે છે. ૪.

મહાભૂતો અને ઈન્દ્રિયો સોળ[૧] વિકારો છે. 'આ પુરુષ સોળ કલાવાળો

૫. શિવ ગંગાને રોકી ન રાખે તો તે બધાયને ભગવદીય દેહ પ્રાપ્ત કરાવે, એટલે અધિકારીને જ ફલ પ્રાપ્ત થાય એવો નિયમ ન રહે, એવો અર્થ છે. (લે)

૬. 'કેશો વાદળાં છે' એ વાક્ય પ્રમાણે જટા વાદળાંરૂપ છે, એવો અર્થ છે. આ બધાને શિવ વશ રાખે તેથી તેઓ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે તેમને સોપેલું જ કામ કરે, એવો ભાવ છે. (લે)

૭. અહંકાર ત્રણ પ્રકારનો હોવાથી તેના અધિષ્ઠાતા પણ ત્રણ પ્રકારના છે, એવો અર્થ છે. (લે)

૧. અહંકાર ત્રણ પ્રકારનો હોવાથી તેના અધિષ્ઠાતા પણ ત્રણ પ્રકારના છે, એવો અર્થ છે. (લે)

છે' એ શ્રુતિ પ્રમાણે મહાદેવ સોળ રૂપવાળા થયા, એવો અર્થ છે. પછી આ ભગવાનની મૂર્તિઓ પૈકી હરકોઈ મહાદેવ (રૂપ મૂર્તિ)નો આશ્રય કરનાર બધીએ વિભૂતિઓનું ફલ ભોગવે છે, કારણ કે તે વિભૂતિના પતિ (મહાદેવ) ઐશ્વર્યોને[2] અક્ષય્ય કરીને ધારણ કરે છે. આથી તે (મહાદેવ) વિભૂતિ નથી એ મત ખોટો પાડેલો છે. એ પ્રમાણે મહાદેવમાં દોષ નથી એમ સિદ્ધ કરી[3], ભક્તોની ઈચ્છા પ્રમાણે તે (તેઓને) વિકારથી ઉત્પન્ન થએલ (ફલ) આપે છે એમ જણાવ્યું. ૪.

ભગવાનના સંબંધમાં પૂર્વપક્ષી (સંદેહ કરનાર)ને પૂછવું કે 'લક્ષ્મીરૂપ વિષયો ઉત્તમ છે કે હલકા ? જો ઉત્તમ હોય તો (ભગવાન્ પોતાના ભક્તોને તે) કેમ આપતા નથી ? જો હલકા હોય તો ભગવાન્ પોતે (તેમનો) ભોગ શા માટે કરે છે ? તે પૈકી પહેલાં કહેલા મતનો પ્રકાર (અહિં) નથી એમ (શ્લોક ૫માંનો) 'હિ' શબ્દ જણાવે છે. (તેથી) લક્ષ્મીરૂપ વિષયો ઉત્તમ છે. તેથી ભગવાન (તે વિષયોને) રાખે છે એ યોગ્ય છે. દોષરૂપ (વિષયો)નો સમૂહ રાખવા માટે ભગવાને શિવનું રૂપ જ કરેલું હોવાથી, અહિં (ભગવાનના સંબંધમાં) પાછા પહેલાં કહેલા વિચારો લાગુ પડતા નથી. તે સંબંધમાં 'ભક્તોને ભગવાન્ (લક્ષ્મીરૂપ વિષયો) કેમ આપતા નથી ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**હરિર્હિ નિર્ગુણઃ સાક્ષાત્પુરુષઃ પ્રકૃતે પરઃ ।।**
**સ સર્વદૃગુપદ્રષ્ટા તં ભજન્નિર્ગુણો ભવેત્ ।।૫।।**

હરિ તો નિર્ગુણ, પ્રકૃતિથી પર, સાક્ષાત્ પુરુષ છે. તે સર્વ જોનાર, નજીકથી જોનાર છે. તેમનું ભજન કરનાર નિર્ગુણ થાય છે. ૫.

જેમ હરિએ ગજેન્દ્રને (તેની) પહેલાંની અવસ્થાના દેહ, સ્ત્રી, ઐશ્વર્ય વિગેરેનો ત્યાગ કરાવી, તે જ પરમાનંદરૂપ ઐશ્વર્ય આપ્યાં, તેમ (હરિ પણ) આપે છે જ, પરંતુ દુઃખરૂપ વિષયો આપતા નથી. વળી આ અર્થ યોગ્ય છે એમ 'હિ' શબ્દ જણાવે છે. 'શિવની પેઠે (હરિ ભક્તને વિષયો) કેમ આપતા નથી ?' એવી શંકા થાય, તેથી 'નિર્ગુણ' વિશેષણ યોજેલું છે. ગુણો માટે તે (શિવનું) જ રૂપ થએલ હોવાથી, તે કાર્ય તે (શિવના) રૂપથી જ સિદ્ધ થાય છે, તેથી (હરિ) પોતે ગુણોથી અતીત રહેલા છે. આ (હરિના) રૂપને ગુણો ગ્રહણ કરવાનું પ્રયોજન નથી

૨. તામસ અહંકારના કાર્ય પાંચ મહાભૂતો, રાજસ અહંકારનાં કાર્ય દશ ઈન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય) અને સાત્ત્વિક અહંકારનું કાર્ય મન, એમ સોળ વિકારો થયા. (લે)

૩. શિવ વિભૂતિઓના પતિ હોવાથી ઐશ્વર્યોને પોષે છે એવો અર્થ છે. વિષયો હોવાથી, તે પોતે ભોગવતા નથી, એવો ભાવ છે. (લે)

એમ 'સાક્ષાત્ પુરુષ' શબ્દથી કહે છે. આ સર્વ ઉપાસના કરનારાઓના આત્મા છે, તેથી તેઓનું હિત જ વિચારે છે, પરંતુ ઉપાસના પ્રમાણે કરતા (ફલ આપતા) નથી. વળી આ[1] (હરિ)ની તેવી કોઈ પણ શક્તિ નથી કે જેને અનુસરી તેને ગ્રહણ કરી (પોતે) ગુણવાળા થાય. '(હરિ) પુરુષ હોવાથી પ્રકૃતિ (શક્તિ) (તેમની પાસે) આવે' એવી શંકા થાય, તેથી 'પ્રકૃતિથી પર' એ વિશેષણ યોજેલું છે. 'છતાં પણ ભક્તોનું દુઃખ જોઈને (તેમને વિષયો) કેમ પ્રાપ્ત કરાવતા નથી?' એવી શંકા થાય, તેથી 'તે સર્વ જોનાર છે' એક કહેલું છે. 'સઃ' એટલે પ્રસિદ્ધ, હિત કરનારા આત્મા. તે સર્વનું પણ બધું જૂએ છે (જાણે છે). વળી તે અંતર્યામી હોવાથી, નજીકમાં પણ રહીને જૂએ છે. તેથી જ્યારે જેના વિના (ભક્તનું) કાર્ય પાર પડશે નહિ એમ જાણે છે ત્યારે તે જ સમયે તે આપે છે, એવો ભાવ છે. તેથી જ આવા ઘણા ચતુરને ભજનાર પોતે પણ નિર્ગુણ જ થાય છે, કારણ કે (તેને) ગુણોનું પ્રયોજન હોતું નથી. ભગવાન્ પણ તે (નિર્ગુણ) જ રૂપથી પ્રકટ થાય છે, તેથી ભક્ત (વિષયોની) ઈચ્છા કરતો નથી, તેમ જ ભગવાન્ (તેને તે) આપતા નથી, એવા અર્થ છે. ૫.

ઉલટું 'ભક્તો પાસે દોષરૂપ વિષયો જોઈ, (ભગવાન્ તે) લઈ લે છે' એમ કહેવા નીચેના શ્લોકથી આરંભી ઉપાખ્યાન કહે છેઃ

**નિવૃત્તેષ્વશ્વમેધેષુ રાજા યુષ્મત્પિતામહઃ ।।**
**શ્રૃણ્વન્ ભગવતો ધર્માનપૃચ્છદિદમચ્યુતમ્ ।।૬।।**

અશ્વમેધો પૂરા થયા ત્યારે તમારા દાદા રાજાએ ભગવાનના ગુણો સાંભળતાં, અચ્યુતને આ (પ્રશ્ન) પૂછ્યો. ૬.

ત્રણ અશ્વમેધ (યજ્ઞો) કરીને પછી છેવટ ધર્મનું શ્રવણ કરવાની શાસ્ત્રમાં આજ્ઞા હોવાથી, ભગવાનના ધર્મો સાંભળતાં, 'ભક્તોની લક્ષ્મી (ભગવાન્) વધારતા નથી' એમ (પ્રશ્ન) અચ્યુતને પૂછ્યો. ૬.

**સ આહ ભગવાંસ્તસ્મૈ પ્રીતઃ શુશ્રૂષવે પ્રભુઃ ।।**
**નૃણાં નિઃશ્રેયસાર્થાય યોઽવતીર્ણો યદોઃ કુલે ।।૭।।**

જે મનુષ્યોને મોક્ષ આપવા યદુના કુલમાં અવતરેલા તે ભગવાન્ પ્રભુએ પ્રસન્ન થઈ સેવા કરનારા તેને (નીચે પ્રમાણે) કહ્યું. ૭.

અને તે ભગવાન્ ત્યાં જ હતા. (યુધિષ્ઠિર) પોતાના ગુણોનું શ્રવણ કરે છે તેથી પ્રસન્ન થઈ, પોતે પ્રભુ હોવાથી કોઈ પણ પ્રકારની શંકા વિના, સેવા

૧. 'આ' એટલે પુરુષોત્તમ. દોષરહિત લક્ષ્મી તો તેમનું સ્વરૂપ જ છે, શક્તિ નથી એવો ભાવ છે. (લે)

કરનારા (તે)ને ગુહ્ય સિદ્ધાંત પણ કહ્યો. 'ભગવદ્રૂપ વ્યાસ વિગેરે પણ હતા, તેથી ભગવાને (તેને એ સિદ્ધાંત) એવી રીતે કેમ કહ્યો ?' એવી શંકા થાય, તેથી 'મનુષ્યોને મોક્ષ આપવા (અવતરેલા)' એ શબ્દો યોજેલ છે. વ્યાસ પણ શાસ્ત્ર દ્વારા (શાસ્ત્રો રચીને) મોક્ષ પ્રાપ્ત કરાવનારા છે' એવી શંકા થાય, તેથી 'જે (યદુના કુલમાં) અવતરેલા છે' એમ કહેલું છે. (આ ઉત્તર આપનાર) બલભદ્ર ન હતા એમ જણાવવા પહેલાંના શબ્દ (મનુષ્યોને મોક્ષ આપવા)[1] છે. ૭.

ભગવાને જે કહ્યું તે નીચેના શ્લોકથી (આરંભી) કહે છેઃ

શ્રીભગવાન્ કહે છેઃ

**યસ્યાહમ્ અનુગૃહણામિ હરિષ્યે તદ્ધનં શનૈઃ ।।**
**અતોઽધનં ત્યજન્ત્યસ્ય સ્વજના દુઃખદુઃખિતમ્ ।।૮।।**

હું જેના ઉપર અનુગ્રહ કરું[1] છું તેનું ધન ધીરે ધીરે હરી લઉં છું. તેથી દુઃખીથી દુઃખી થએલા ધન વિનાના આ (તે)ને તેનાં સગાંઓ તજી દે છે. ૮.

હું જેના એકલાના ઉપર અનુગ્રહ કરું છું તેને તો ત્યાં (તેના ઘરથી) બીજે સ્થલે લઈ જઈ, ભક્તોને મેળાપ કરાવી કૃતાર્થ જ મુખ્ય (ભક્ત) બનાવું છું; પરંતુ જેના બધા સંબંધીઓ ઉપર અનુગ્રહ કરું છું[1] તેનું ધન (તે) સર્વને હાનિ કરનારું હોવાથી હું તેને હરી લઉં છું. તરત જ હરું છું એમ જણાવવા 'લૃટ્' (સામાન્ય ભવિષ્યકાળનું રૂપ) યોજેલું છે. તે પણ જો થોડું હરવામાં આવતાં, (તેને) વિવેક થાય, તો વધારે હરીશ નહિ એમ જણાવતાં, 'ધીરે ધીરે હરું છું'. ધન હરવામાં આવે તેથી શું થાય? એવી શંકા થાય, તેથી કહે છે કે 'તેથી ધન વિનાને તેના માણસો એટલે સગાંઓ તજી દે છે'. તેનું કારણ 'દુઃખીથી દુઃખી થએલા' એ વિશેષણથી કહેલું છે. ધન વિનાનો થવા છતાં જો શક્તિમાન હોય તો (તેનો) ત્યાગ ન કરે. તેનાં સગાંઓ દુઃખી છે, અને (તે) તેમનાથી પણ ઘણો દુઃખી હોવાથી, જો તેમની પાસેથી અન્ન વિગેરે લેવા ઈચ્છે (તો તેઓ તજી દે), એવો અર્થ છે. જેનામાં (ભક્તિનું) બીજ રાખવામાં આવ્યું છે, પરંતુ (ભક્તિ માટે) જેની જરાએ પ્રવૃત્તિ થતી નથી તેના સંબંધમાં આ વ્યવસ્થા (કહેલી છે). ૮.

'સગાંઓ ત્યાગ કરે તેથી શું થાય ?' એવી શંકા થાય, તેથી શ્લોક કહે છેઃ

**સ યદા વિતથોદ્યોગો નિર્વિણ્ણઃ સ્યાદ્ધનેહયા ।।**
**મત્પરૈઃ કૃતમૈત્રસ્ય કરિષ્યે મદનુગ્રહમ્ ।।૯।।**

જ્યારે તે ધનની ઈચ્છાથી નિષ્ફલ ઉદ્યોગવાળો અને વિરક્ત થાય છે ત્યારે

૧. કારણ કે મોક્ષ આપવાનું કાર્ય ભગવાન્ શ્રીકૃષ્ણનું છે, બલભદ્રનું નથી.
૧-૧. 'અનુગ્રહ કરવા ઈચ્છું છું' એવો અર્થ છે.

મારા ભક્તો સાથે મૈત્રી કરેલા (તે)ની ઉપર હું મારી મેળે અનુગ્રહ કરું છું. ૯.

જ્યારે બંધુઓ તેનો ત્યાગ કરે છે ત્યારે 'હું ધન કમાઈ બંધુઓને વશ કરીશ' એવો નિશ્ચય કરી, તે ધન માટે પ્રયાસ કરે છે. પછી તેના ધનની પેઠે ધનના કારણ (કમાવાના પ્રયાસ)નો પણ હું નાશ કરું છું, એમ 'નિષ્ફલ ઉદ્યોગવાળો' એ વિશેષણ થી કહે છે. નિષ્ફલ થએલા છે 'ઉદ્યોગાઃ' ધન કમાવાના ઉપાયો જેના, તેવો (તે થાય છે). તે સમયે ઉપાય વિનાના ધન કમાવાના એકલા પ્રયાસથી દુઃખી થતો તે 'નિર્વિણ્ણઃ' થાય છે, એટલે વિરક્ત (સંસારમાં આસક્તિ વિનાનો) થાય છે. પછી લાયક લાયક સાથે (સરખે સરખા) સંબંધમાં આવે છે, તેથી તે મારા ભક્તો સાથે મૈત્રી કરે છે. તે સમયે 'મત્' મારાથી જ મારી મેળે જ હું (તેના ઉપર) 'અનુગ્રહમ્' અનુગ્રહ કરું છું. ૯.

'શું અનુગ્રહ કરો છો?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી શ્લોક કહે છેઃ

**તદ્બ્રહ્મ પરમં સૂક્ષ્મં ચિન્માત્રં સદનન્તકમ્ ।।**
**અતો માં સુદુરારાધ્યં હિત્વાન્યાન્ ભજતે જનઃ ।।૧૦।।**

તે પરમ, સૂક્ષ્મ, કેવલ ચિત્, અનંત બ્રહ્મ (બ્રહ્મની સ્થિતિ, બ્રહ્મભાવ) છે. તેથી ઘણા જ કષ્ટથી આરાધન થઈ શકે તેવા મને તજીને માણસ બીજાઓને ભજે છે. ૧૦.

મારો અનુગ્રહ બ્રહ્મભાવ[૧] અને પછી મારી સેવાથી સર્વ સુખ છે. અહિં આ પ્રમાણે ક્રમ છે. આરંભમાં ભગવાનના સેવકોની સાથે થએલ મૈત્રીથી સેવકની સમાન શીલ અને વ્યસન થતાં (તે) સેવકની સમાન થાય છે. પછી તે સેવકોથી, અથવા મારાથી(ભગવાનથી) અથવા બીજાથી તેના જ્ઞાનનો ઉદય થાય છે. પછી જ્ઞાનથી પૂર્ણ થઈ એકલો જ મને ભજે છે. શબ્દબ્રહ્મ(નો ભાવ પ્રાપ્ત થતો) નથી એમ જણાવવા 'પરમ' શબ્દ યોજેલ છે. કાર્ય(નો ભાવ પ્રાપ્ત થતો) નથી એમ જણાવવા 'સૂક્ષ્મ' શબ્દ યોજેલ છે. ગુણવાળા (પદાર્થનો ભાવ પ્રાપ્ત થતો) નથી એમ જણાવવા 'કેવલ ચિત્' શબ્દ યોજેલ છે. દુષ્ટ જીવ(નો ભાવ પ્રાપ્ત થતો) નથી એમ જણાવવા 'સત્' શબ્દ યોજેલ છે. ભલા જીવ(નો ભાવ પ્રાપ્ત થતો) નથી એમ જણાવવા 'અનંત' શબ્દ યોજેલ છે. એ પ્રમાણે 'બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનંત છે' એવી જે (બ્રહ્મની) વ્યાખ્યા કહેલી છે તેનાપણું (બ્રહ્મભાવ) હું (તેનું) કરું છું, એવો અર્થ છે. 'એમ કરવામાં આવે ત્યારે તેનો કયો પુરુષાર્થ સરે? આરંભમાં જ્ઞાનનો જ ઉપદેશ તેને કેમ કરતા નથી?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધથી એમ કહે છે કે એમ કરવામાં બીજું પણ પ્રયોજન છે એ સત્ય છે.

૧. 'બ્રહ્મભાવ' એટલે સિદ્ધાંતમુક્તાવલિ શ્લોક ૨માં જણાવેલ ફલ. (લે)

ભગવાન્ પોતે ધન આપતા નથી, હતું તે પણ હરી લે છે, મુક્તિ જ આપે છે, પરંતુ આ લોકનુ સુખ માગવા છતાં આપતા નથી. તેથી તે 'કષ્ટથી આરાધન થઈ શકે તેવા' છે. તેથી જ આ લોકનાં સુખની ઈચ્છાવાળાઓ 'મને તજીને બીજાઓને ભજે છે.' તેમ ન થતું હોય તો, મારા ભક્તો જાતજાતના દુષ્ટ તેમ જ ભલા પણ હોય. તેવું ન થાય તે માટે હું તેમ કરું છું, એવો અર્થ છે. ૧૦.

'બીજો (દેવ) પણ એવો હોય તો (આપમાં) શું ઉત્તમપણું ?' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોક કહે છેઃ

**તતસ્ત આશુતોષેભ્યો લબ્ધરાજ્યશ્રિયોદ્ધતાઃ ।।**
**મત્તાઃ પ્રમત્તા વરદાન્વિસ્મરન્ત્યવજાનતે ।।૧૧।।**

પછી સત્વર પ્રસન્ન થનારા (દેવો) પાસેથી પ્રાપ્ત કરેલ રાજ્યની લક્ષ્મીથી ઉદ્ધત થએલા તેઓ મત્ત થઈ, બેદરકાર થઈ વરદાન આપનારા (દેવો)ને ભુલે છે (અને તેમની) અવગણના કરે છે. ૧૧.

બહારના (ભગવાન્ સિવાયના) સર્વ (દેવો) સત્વર પ્રસન્ન થનારા છે. જેમ જેમ બહારનો (દેવ) સૂક્ષ્મ (નાનો), તેમ તેમ તે તરત જ પ્રસન્ન થાય છે, એવી આ બાબત લોકમાં પ્રસિદ્ધ છે. (બીજા દેવનું ભજન કર્યા) પછી તેમની પાસેથી રાજ્ય વિગેરે પ્રાપ્ત કરી રાજ્યની લક્ષ્મીથી ઉદ્ધત થઈ, તેઓ પહેલાં મત્ત થાય છે, એટલે પોતાને પણ જાણતા નથી. પછી 'પ્રમત્તાઃ' બેદરકાર થઈ, ધર્મ વિગેરે કાર્યો કરતા નથી. પછી તેઓ (પોતાના ઉપર) ઉપકાર કરનારાઓની પણ દરકાર કરતા નથી એમ 'વર આપનારાઓને ભૂલે છે' એ શબ્દોથી કહે છે. (તેમને) સંભારતા જ નથી. છતાં જો કૃપા કરી વરદાન આપનારાઓ પોતે જ (તેમના) સ્મરણના માર્ગમાં આવી ચઢે (પોતાનું સ્મરણ કરાવે) તો પણ તેઓની અવગણના કરે છે. તેથી (આવાં વરદાન આપવાથી) ભવિષ્યમાં અનર્થ થાય છે. તેથી ભગવાન્ પહેલેથી જ (એવાં વરદાન આપતાં) અટકે છે, એવો અર્થ છે. ૧૧.

ધન વિગેરે (આપવા)ની વાત રહેવા દો. ભગવાન્ (સર્વ જીવોના) આત્મા હોવાથી (કોઈને) શાપ આપતા નથી તેમ અનુગ્રહ પણ કરતા નથી. તેથી (વર)-દાનની તો વાત જ ક્યાંથી હોય ? એમ જણાવવા નીચેના શ્લોકથી બીજા ઉપાખ્યાન નો આરંભ કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**શાપપ્રસાદયોરીશા બ્રહ્મવિષ્ણુશિવાદયઃ ।।**
**સદ્યઃશાપપ્રસાદોઽઙ્ગ શિવો બ્રહ્મા ન ચાચ્યુતઃ ।।૧૨।।**

બ્રહ્મા, વિષ્ણુ, શિવ વિગેરે શાપ આપવા અથવા અનુગ્રહ કરવા

શક્તિવાળા છે. હે રાજા ! શિવ અને બ્રહ્મા તરત જ શાપ આપનાર અથવા અનુગ્રહ કરનાર છે, અને અચ્યુત (તેવા) નથી. ૧૨.

ઘણો જ અપરાધ કરવામાં આવે તો પણ જેમ શિશુપાલને (શાપ ન આપ્યો) તેમ ભગવાન્ શાપ આપતા નથી. (ભગવાન્) આત્મા છે, તે તેનું કારણ છે. ઘણી સેવા કરવામાં આવે તો પણ ભગવાન્ વરદાન આપતા નથી. (ભગવાનની) સેવા સુખરૂપ છે એ તેનું કારણ છે, કારણ કે ઉપભોગથી આનંદ પામતી સ્ત્રી કોઈ પણ સમયે વરદાન આપતી નથી. તેથી ભગવાનની સેવા જ પરમ પુરુષાર્થરૂપ છે એમ (જાણવું). '(ભગવાન્ શાપ આપવા અથવા અનુગ્રહ કરવાની) શક્તિ વિનાના હશે' એવી શંકા થાય, તેથી કહે છે કે 'શાપ આપવા અથવા અનુગ્રહ કરવા બ્રહ્મા, વિષ્ણુ, શિવ વિગેરે બધાએ શક્તિવાળા છે.' 'વિગેરે' શબ્દથી દુર્ગા, ગણેશ વિગેરેને પણ (તેવા કહેલા છે). (તેવી) શક્તિ હોવા છતાં પણ શિવ અને બ્રહ્મા તરત જ શાપ આપનારા અથવા અનુગ્રહ કરનારા છે. 'અંગ' એવો પાઠ લેવામાં આવે ત્યારે અહિં (શાપપ્રસાદઃ' શબ્દમાં) એક 'દ' અક્ષરનો લોપ[1] વૈદિક છે. બીજા સમયે (તેવો પાઠ લેવામાં ન આવે ત્યારે) તો 'શાપપ્રસાદદસ્તુ શિવો બ્રહ્મા' એમ જ (પાઠ લેવો). અચ્યુત તો તેવા નથી, કારણ કે પુરુષનું સ્વરૂપ, સ્વભાવ, ભવિષ્યમાં (થવાનું) કાર્ય (એ) સર્વનો વિચાર કરીને જ તે શાપ અથવા વરદાન આપે છે, તેમ કર્યા વિના તો આપતા નથી (જ). ૧૨.

વિચાર વિના કરેલા દાનની વાત કહેવા માટે નીચેના શ્લોકથી ઉપાખ્યાન નો આરંભ કરે છેઃ

**અત્ર ચોદાહરન્તીમમિતિહાસં પુરાવિદઃ ।।**
**વૃકાસુરાય ગિરિશો વરં દત્ત્વાપ સંકટમ્ ।।૧૩।।**

આ વિષયમાં પહેલાંનો વૃત્તાંત જાણનારાઓ આ ઈતિહાસ કહે છે. મહાદેવે વૃકાસુરને વરદાન આપી સંકટ પ્રાપ્ત કર્યું હતું. ૧૩.

આ પણ[1] પરમતભાષા[1] છે. તેથી 'પહેલાંનો વૃત્તાંત જાણનારાઓ કહે છે' એમ કહેલું છે. 'ગિરિશઃ' મહાદેવે પોતે જ વરદાન આપીને પછી 'સંકટં' ઘણું જ દુઃખ પ્રાપ્ત કર્યું હતું. ૧૩.

---

૧. ''શાપશ્ચ પ્રસાદશ્ચ શાપપ્રસાદૌ । તૌ દદાતિ ઈતિ શાપપ્રસાદદઃ'' એ બે 'દ' અક્ષર આવે તેને બદલે એક જ હોવાથી, બીજા એકનો લોપ થયો છે, એમ કહેલ છે.

૧-૧. 'પણ' શબ્દથી એમ જણાવ્યું છે કે ગયા અધ્યાયમાં સનંદને કહેલી કથા પણ 'બીજાના મત'ની કથા હતી, પણ તે અધ્યાયના અંતે તેમાં વ્યાસની સંમતિ જણાવેલી એટલો ફેર છે. (લે) જુઓ ગયા અધ્યાયના આરંભની પાંચમી કારિકા.

'તે કેવી રીતે થયું ?' એમ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેના શ્લોકથી આરંભી બધોએ વૃત્તાંત કહે છેઃ

**વૃકો નામાસુરઃ પુત્રઃ શકુનેઃ પથિ નારદમ્ ।।**
**દૃષ્ટ્વાશુતોષં પપ્રચ્છ દેવેષુ ત્રિષુ દુર્મતિઃ ।।૧૪।।**
**સ આદિદેશ ગિરિશમુપાધાવાશુ સિદ્ધ્યતિ ।।**
**સોઽલ્પાભ્યાં ગુણદોષાભ્યામાશુ તુષ્યતિ કુપ્યતિ ।।૧૫।।**

શકુનિના પુત્ર દુષ્ટ બુદ્ધિવાળા વૃક નામના અસુરે રસ્તામાં નારદને જોઈને 'ત્રણ દેવોમાં તરત પ્રસન્ન થનાર (કોણ છે?' એ) પૂછ્યું. તેણે મહાદેવને જણાવ્યા. 'તું (તેમની) ઉપાસના કર, (તારી ઈચ્છા) તરત ફળશે. ખોટા ગુણ અથવા દોષથી તે તરત પ્રસન્ન થાય છે અથવા કોપે છે.' ૧૪-૧૫.

કર્મથી પણ તે લૂંટારો હતો, તેથી તેનું નામ 'વૃક' જ હતું. હિરણ્યાક્ષના પુત્ર શકુનિનો તે પુત્ર હતો. 'હું બધા દેવોનો મૂલથી નાશ કરીશ' એમ વિચારીને, 'તેઓનું મૂલ બનેલ ત્રણ (દેવો) હોવાથી તે (ત્રણ)નો નાશ કર્યા વિના (બધા દેવોનો) નાશ થઈ શકશે નહિ, અને તેઓ બધા (ત્રણે) (તેઓમાંના) એકનું પણ વચન માને છે તેથી તેણે (ત્રણમાંના એકે) કરેલા (કહેલા) ઉપાયથી જ તેઓને હણવા જોઈએ' એવો નિશ્ચય કરીને તેઓમાંના એકને પ્રસન્ન કરીને આ અર્થ (ઈચ્છા) સિદ્ધ કરીશ એવા હેતુથી, તે (પ્રસન્ન કરવાની રીત) જાણનાર નારદને તે દુરાત્માએ પૂછ્યું. તે નારદ પણ દેવોની દોરી સંચારનાર હતા. દૈવગતિથી (તેને) રસ્તામાં મળ્યા. 'ત્રણ (દેવો) મધ્યે તરત પ્રસન્ન થાય તેવા કોણ?', એમ પૂછવામાં આવતાં, તેણે મહાદેવ ને જણાવ્યા; અને વૃક દુષ્ટબુદ્ધિવાળો હતો. 'નારદ કોઈ પણ સમયે દેવોના નાશનો ઉપાય જણાવશે નહિ, તેમ જ તે જાણતો નથી એમ પણ નથી' એમ જાણવા છતાં (તેણે નારદને) પૂછ્યું, તેથી તે દુષ્ટબુદ્ધિવાળો જ હતો. 'તું જા, (તારી ઈચ્છા) તરત ફળશે' એ નારદનું વાક્ય (પ્રત્યુત્તર) છે. (તું મહાદેવની) સેવા કર, (તને) તરત જ ફલ પ્રાપ્ત થશે, એવો (તેનો) અર્થ છે. ઉત્તરાર્ધથી તેનું (તરત ફલ પ્રાપ્ત થવાનું) કારણ કહેલું છે. 'તે' શિવ 'થોડા જ ગુણ અથવા દોષથી (પ્રસન્ન થાય છે અથવા કોપે છે);' થોડા ગુણથી પ્રસન્ન થાય છે, (અને) થોડા જ દોષથી કોપે છે. ૧૪-૧૫.

નીચેના શ્લોકમાં 'તારું ઈચ્છેલું હું જાણું છું' એમ જણાવતાં, (નારદ તેને) દૃષ્ટાંત કહે છેઃ

**દશાસ્યબાણયોસ્તુષ્ટઃ સ્તુવતોર્બન્દિનોરિવ ।।**
**ઐશ્વર્યમતુલં દત્ત્વા તત આપ સુસંકટમ્ ।।૧૬।।**

ભાટોની પેઠે સ્તુતિ કરનારા રાવણ અને બાણ ઉપર પ્રસન્ન થઈ, (તેમને) ઘણું જ ઐશ્વર્ય આપી, તેનાથી જ (શિવ) ઘણું સંકટ પામ્યા. ૧૬.

'તેઓએ કેવી સેવા કરી હતી ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'સ્તુતિ કરનારા' એ શબ્દ યોજેલ છે. માત્ર સ્તુતિથી જ (શિવ) પ્રસન્ન થયા. તે સ્તુતિ પણ ભક્તિથી (કરેલી) નહિ, પરંતુ (તેમને) સપડાવવાની ઈચ્છાથી (કરેલી), એમ જણાવવા 'ભાટોની પેઠે' એવું દૃષ્ટાંત કહેલું છે. જેમ ભાટો સ્તુતિ કરે છે તેમ (તેઓએ શિવની સ્તુતિ કરેલી). પછી તે બેને ઘણું જ ઐશ્વર્ય આપીને, 'તેનાથી જ' એટલે પોતે આપેલા ઐશ્વર્યથી જ (શિવ) સંકટ પામ્યા, એટલે તે બેના શહેરનું રક્ષણ કરનારા (નગરના દ્વારપાલ) થયા, એવો અર્થ છે. ૧૬.

એ પ્રમાણે પોતાનું હિત કરનારું (વચન) સાંભળીને, તેણે તે પ્રમાણે કર્યું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્યાદિષ્ટસ્તમસુર ઉપાધાવત્સ્વગાત્રતઃ ।।**
**કેદાર આત્મક્રવ્યેણ જુહ્વાનોઽગ્નિમુખં હરમ્ ।।૧૭।।**

એ પ્રમાણે શિખામણ આપેલા અસુરે કેદારમાં પોતાના અવયવોમાંથી કાઢેલા પોતાના માંસથી હોમ કરતાં, અગ્નિમુખ તે શંકરની આરાધના કરવા માંડી. ૧૭.

'તે' એટલે મહાદેવની તે અસુરે ઉપાસના કરવા માંડી. ઉપાસના(નો પ્રકાર) જ કહે છે કે, 'સ્વગાત્રતઃ' પોતાના અવયવોમાંથી જ પોતાનું 'ક્રવ્ય' માંસ કાઢીને, અગ્નિમાં મંત્રથી મહાદેવની ભાવના કરી, કેદારમાં એટલે શુદ્ધ હિમાલય ઉપર અગ્નિમુખ (મહાદેવ)ની માંસથી ઉપાસના કરી. આથી એમ જણાવ્યું કે મહાદેવને લક્ષમાં રાખીને પોતાના માંસનો હોમ કર્યો. ૧૭.

**દેવોપલબ્ધિમપ્રાપ્ય નિર્વેદાત્સપ્તમેઽહનિ ।।**
**શિરોઽવૃશ્ચત્સ્વધિતિના તત્તીર્થક્લિન્નમૂર્ધજમ્ ।।૧૮।।**

દેવની પ્રાપ્તિ નહિ થવાથી સાતમા દિવસે નિરાશાથી તે (તીર્થ)નાં જલથી ભીનાં થએલ કેશવાળું માથું કુહાડાથી કાપી નાખ્યું. ૧૮.

એ પ્રમાણે સાત દિવસ સુધી તેણે કર્યું. મહાદેવે, અને ભગવાન્ (મહાદેવ) ની રાહ જોઈ વૃકે પણ, સાત દિવસ સુધી તેનો અંગીકાર કર્યો. પછી 'ભગવાન્ ફલ આપનારા થયા છે' એવો નિશ્ચય કરીને 'દેવની પણ પ્રાપ્તિ થયા વિના સાતમા દિવસે મરીશ અથવા ફલ પ્રાપ્ત કરીશ' એવો નિશ્ચય કરીને, કુહાડાથી પોતાનું માથું કાપી નાખ્યું. તેણે[1] પહેલાં કરેલા સંકલ્પ પ્રમાણે એમ કર્યું

૧. વૃકે માથું કાપવાની ચેષ્ટા કરી, પછી શિવે તેને અટકાવ્યો એટલે માથું કપાયું નથી, પરંતુ તે કાપવાની ક્રિયા (ચેષ્ટા તૈયારી) તો થઈ જ, એવો ભાવ છે. (લે).

એમ જણાવવા 'તીર્થનાં જલથી ભીના થએલ કેશવાળું' એ વિશેષણ યોજેલું છે. ત્યાં કેદાર જલનું તીર્થ પ્રસિદ્ધ છે, જે જલ પીવામાં આવતાં પેટમાં લિંગો[2] થાય છે. તે જલથી ભીના થએલ છે 'મૂર્ધજાઃ' કેશો જેના તેવો થઈ માથું કાપી નાખ્યું. ૧૮.

એ પ્રમાણે તેનું સાહસ જોઈને, (તેના) મૂલ પ્રયોજન (ત્રણે દેવોનો નાશ કરવાના) વિષે જેમના મનમાં શંકા થઈ તેવા મહાદેવ પ્રસન્ન થયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તદા મહાકારુણિકઃ સ ધૂર્જટિર્યથાઽઽહ્વયં ચાગ્નિરિવોત્થિતોઽનલાત્ ।।**
**નિગૃહ્ય દોર્ભ્યાં ભુજયોર્ન્યવારયત્તત્સ્પર્શનાદ્ભૂય ઉપસ્કૃતાકૃતિઃ ।।૧૯।।**

તે સમયે ઘણા દયાળુ તે ધૂર્જટિ અગ્નિની પેઠે આહ્વાન પ્રમાણે અગ્નિમાંથી નીકળ્યા, અને (તેને પોતાના) બાહુઓથી હવે હાથ પકડી (માથું કાપતાં) અટકાવ્યો. (વૃક પણ) તેમના સ્પર્શથી ફરીથી સુંદર દેહવાળો થયો. ૧૯.

પારકાનું દુઃખ જોઈને દુઃખી થાય છે તે 'કારુણિકઃ' 'દયાળુ' એમ કહેવાય છે. ભગવાન્ તો ઘણા જ દયાળુ છે, (એટલે પારકાને) દુઃખ ઉત્પન્ન થશે એવો સંભવ થતાં જ દુઃખી થાય છે. 'તે ધૂર્જટિ' એ શબ્દથી તેમ થવાનાં કારણરૂપ વિશેષણ કહે છે. (તેનો) એવો (અર્થ) છે કે વૃથા મરણ પામેલાઓને સ્મશાનમાં જોઈને, દુઃખી થઈ તેઓની ધૂળમાં આળોટવાથી ધૂળવાળા રંગની (તેમની) જટા થએલી છે. 'યથાહ્વયમ્' શબ્દમાં 'અહ્વયમ્' (છે તેનો અર્થ) આહ્વાન. 'રુદ્ર આવો, આ બલિ લો, સ્વાહા !' એમ જ્યારે 'ઝડપથી આવો' એમ બોલાવ્યા, કે તરત જ (શિવ) આવ્યા. (તે આવ્યા તે વિષે) સંદેહ ન રહે તે માટે 'અગ્નિની પેઠે' શબ્દથી પ્રત્યક્ષ જોએલા (દેવ)નું દૃષ્ટાંત આપે છે. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવ્યું છે કે (તેણે) મનથી આહ્વાન કરવાનો વિચાર કર્યો કે તરત જ (શિવ) આવ્યા. તે સમયે ભગવાન્ (શિવે) આલિંગનથી (વૃકને) દબાવી રાખી 'માથું કાપીશ નહિ' એમ અટકાવી રાખ્યો. 'જો (શિવને) એવી દયા હતી તો પહેલાં (માંસ કાઢવા) અવયવો કાપ્યા ત્યારે જ (તેને) કેમ ન અટકાવ્યો ?' એવી શંકા થાય, તેથી 'તેમના સ્પર્શથી ફરીથી સુંદર દેહવાળો થયો' એ શબ્દો યોજેલા છે. મહાદેવના માત્ર સ્પર્શથી ફરીથી 'ઉપસ્કૃતા' પહેલાંના જેવો પુષ્ટ થએલ છે 'આકૃતિઃ' દેહ જેનો (તેવો તે થયો). માત્ર સ્પર્શથી જ તે પહેલાંના જેવો થયો, એવો અર્થ છે. આમ થતાં તેની મૂલ સ્થિતિ પાછી થઈ એમ કહેલું છે. ૧૯.

અધિક દાન કરવા માટે નીચેનો શ્લોક કહે છેઃ

**તમાહ ચાંગાલમલં વૃણીષ્વ મે યથાનિકામં વિતરામિ તે વરમ્ ।।**

---

૨. જલ પેટમાં જતાં, ત્યાં લિંગો એટલે શંકરનાં સ્વરૂપો પ્રકટ થાય છે, એટલું બધું પવિત્ર જલ છે.

**પ્રીયે યતો યેન નૃણાં પ્રપદ્યતામહો ત્વયાત્મા પરિતપ્યતે વૃથા ।।૨૦।।**

તેને (શિવે) કહ્યું કે 'હે વૃક ! બસ કર, બસ કર. મારી પાસેથી વર માગ. હું તને તારી ઈચ્છા પ્રમાણે વર આપીશ. કારણ કે જેથી પ્રાણીઓ ભક્તિવાળા થાય છે તેથી હું પ્રસન્ન થાઉં છું. અહો ! તું વૃથા દેહને કષ્ટ આપે છે'. ૨૦.

વચનથી પણ (શિવે તેને માથું કાપતાં) અટકાવ્યો, એવો અર્થ છે. તે વચન જ કહે છે કે 'હે વૃક ! બસ કર'. 'મે' મારી પાસેથી વર માગ. 'યથાનિકામં' તારી ઈચ્છા પ્રમાણે 'તે' તને હું વર 'વિતરામિ' આપીશ. 'એમ વર કેમ આપશો ?' એવી શંકા થાય, તેથી કહે છે કે ''કારણ કે 'પ્રીયે' હું પ્રસન્ન થાઉં છું''. પ્રસન્ન થવાનું શું કારણ? એવી શંકા થાય, તેથી 'પ્રાણીઓ ભક્તિવાળા થાય છે' એ શબ્દો યોજેલા છે. જે કારણથી પ્રાણીઓ ભક્તિવાળા થાય છે, તે કારણથી પછી હું પ્રસન્ન થાઉં છું, એવો અર્થ છે. પ્રીતિનું કારણ ભક્તિ કહેલી છે. 'માત્ર ભક્તિ થતાં ઈચ્છેલું (ફલ) કેમ આપશો ?' એવી શંકા થાય, તેથી 'અહો !' શબ્દ યોજેલ છે; કારણ કે આવી ભક્તિ કોઈ પણ સમયે જોવામાં આવી નથી. તેથી આશ્ચર્યરૂપ (ભક્તિ હોવા)થી હું પ્રસન્ન થયો છું, એવો અર્થ છે. એ પ્રમાણે હું પ્રસન્ન થયા પછી પણ દુઃખ પામતાં, તું (તારા) દેહને વૃથા જ દુઃખ આપે છે. 'આત્મા' દેહને વૃથા જ પીડા કરે છે. 'આત્મા' શબ્દથી એમ જણાવ્યું છે કે આત્માની હાનિ પુરુષાર્થ નથી, તે પ્રમાણે (હવે દેહને તું પીડે છે તે પુરુષાર્થ નથી), માત્ર તું જ એ પ્રમાણે કરે છે, બીજો કોઈ કરતો નથી, એવો (અર્થ છે). ૨૦.

એ પ્રમાણે પોતાનું ઈચ્છેલું મળ્યું. તેથી, તેણે વર માગ્યો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**દેવં સ વવ્રે પાપીયાન્વરં ભૂતભયાવહમ્ ।।**
**યસ્ય યસ્ય કરં શીર્ષ્ણિ ધાસ્યે સ મ્રિયતામિતિ ।।૨૧।।**

તે મોટા પાપીએ દેવ પાસે પ્રાણીઓને ભય કરાવનાર વર માગ્યો કે 'જેના જેના માથા ઉપર હું હાથ મૂકું તે મરણ પામે'. ૨૧.

'અહિં (આ વરથી) પોતાનું સુખ થતું નથી તેમ (પોતાનું) દુઃખ મટતું નથી. તેથી એવો વર તે કેમ માગે છે ?' એવી શંકા થાય, તેથી 'મોટા પાપીએ' એ શબ્દ યોજેલ છે. સર્વથી પાપી (પુરુષ) સદા પાપ જ કરવા ઈચ્છે છે. તે પૈકી વધ વિગેરેરૂપ પાપ દુઃખથી જ થઈ શકે, તેથી (પોતાને) દુઃખ ન થાય તેવી રીતે વધથી થતા દોષ પ્રાપ્ત થાય તે માટે તેણે એવો વર માગ્યો, એવો અર્થ છે. વર માત્ર સાંભળવાથી જ પ્રાણીઓને ભય કરાવનારો છે. ઉત્તરાર્ધથી વરનું સ્વરૂપ જણાવે

છે. (જેના માથા ઉપર હાથ મૂકું તે) માત્ર (હાથ) મૂકવાથી જ બીજા (કોઈ) પ્રયત્ન વિના જ મરે, એવો (વર માગ્યો). ૨૧.

પછી મહાદેવને સંશય થયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તચ્છ્રુત્વા ભગવાન્ રુદ્રો દુર્મના ઈવ ભારત ।।**
**ઓમિતિ પ્રહસંસ્તસ્મૈ દદેઽહેરમૃતં યથા ।।૨૨।।**

હે ભારત! તે સાંભળીને શોકાતુર થએલા જેવા ભગવાન્ રુદ્રે, જેમ સર્પને દૂધ (પાય) તેમ, હસતાં હસતાં 'તેમ થાઓ' એમ કહી તેને (વર) આપ્યો. ૨૨.

કારણ કે પ્રાણીઓનું દુઃખ જોઈને રડે તેવા તે 'રુદ્ર' હતા, તેથી શોકાતુર થએલા જેવા થયા. પછી 'શું કરવું યોગ્ય છે?' એમ વિચાર્યું, એટલે વર આપવામાં આવશે તો શું થશે એમ ભવિષ્ય(ના પરિણામ)નો વિચાર કર્યો. પછી (તે) 'ભગવાન્' (હતા એટલે) 'પરમેશ્વર આને ઠગીને હણશે' એમ ભવિષ્યમાં થનાર વૃત્તાંતનો વિચાર કર્યો. પછી 'બીજાનું અનિષ્ટ વિચારતાં તું જ મરણ પામીશ' એવા વિચારથી પ્રસન્ન થતાં 'ઓમ્' તેમ જ થાઓ એમ કહ્યું. 'હે ભારત!' એવું સંબોધન (પરિક્ષિતને) વિશ્વાસ રહે તે માટે કહેલું છે. 'માત્ર (વર) આપવાથી જ પોતાનું (શિવનું) અનિષ્ટ (વૃક) કરશે, એમ જાણ્યા વિના તેમણે વર આપ્યો હતો?' એવી શંકા થાય, તેથી 'જેમ સર્પને દૂધ (પાય) તેમ' એ શબ્દો યોજેલ છે. 'સર્પનું દૂધથી પોષણ કરવાથી પોષણ કરનારને જ તે દુઃખ આપનાર થાય છે' એમ પોતાનું અનિષ્ટ (વૃક કરશે એમ) જાણવા છતાં પણ (તેમણે તેને વર) આપ્યો, એવો અર્થ છે. ૨૨.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ તદ્વરપરીક્ષાર્થં શંભોર્મૂર્ધ્નિ કિલાસુરઃ ।।**
**સ્વહસ્તં ધાતુમારેભે સોઽબિભ્યત્સ્વકૃતાચ્છિવઃ ।।૨૩।।**

તે અસુરે ખરેખર તે વરની પરીક્ષા કરવા શંભુના માથા ઉપર પોતાનો હાથ મૂકવાનો ઉદ્યોગ કર્યો. તે શિવ પોતાના કૃત્યથી ભય પામ્યા. ૨૩.

મોટા પુરુષનું અનિષ્ટ કહેવું યોગ્ય નથી તેમ જણાવવા 'ખરેખર' શબ્દ યોજેલ છે. '(વૃક તેવું) કરશે નહિ' એવી શંકા 'અસુર' શબ્દ દૂર કરે છે. તેથી પોતાનો હાથ (શિવને માથે) મૂકવાનો 'આરેભે' તેણે ઉદ્યોગ કર્યો, એવો (અર્થ છે). પછી તેનો ઉદ્યોગ જાણીને 'તે' એટલે દેવોના અધિપતિ, અધિદેવ શિવ પણ 'અબિભ્યત્' ભય પામ્યા. (તે) 'શિવ' હોવાથી (તેમને) વાસ્તવિક રીતે ભય થવાનો ન હતો, એવો અર્થ છે. ૨૩.

પછી (શિવ) નાઠા એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તેનોપસૃષ્ટઃ સંત્રસ્તઃ પરાધાવત્સવેપથુઃ ।।**
**યાવદન્તં દિવો ભૂમેઃ કાષ્ઠાનામુદગાદુદક્ ।।૨૪।।**

તે નજીક આવતાં ભય પામ્યા, અને કાંપતા આકાશના, ભૂમિના અને દિશાઓના અંત સુધી નાઠા (પછી) ઉત્તરમાં ગયા. ૨૪.

'તે' વૃક 'ઉપસૃષ્ટઃ' નજીક નજીક આવતાં, તે સમયે શિવ ભય પામ્યા, પછી બહુ જ દોડ્યા, પછી કાંપવા પણ મંડ્યા. પછી આકાશના, ભૂમિના અને દિશાઓના પણ અંત આવ્યા ત્યાં સુધી (નાઠા). પહેલાં ઉંચા (આકાશમાં) ગયા, પછી નીચે (ભૂમિ ઉપર આવ્યા), પછી ચારે દિશાઓમાં જઈ, પાછા વળીને પછી ઉત્તર દિશા પ્રતિ ગયા. તે (અસુર વૃક)ને ખેદ થાય તે માટે તેટલું ભમ્યા. ૨૪.

'ત્યાં રહેલાઓએ મહાદેવને સાહાય્ય કેમ ન કરી ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**અજાનન્તઃ પ્રતિવિધિં તૂષ્ણીમાસન્ સુરેશ્વરાઃ ।।**
**તતો વૈકુણ્ઠમગમદ્ભાસ્વરં તમસઃ પરમ્ ।।૨૫।।**

મોટા દેવો ઉપાય નહિ જાણતાં ચૂપ રહ્યા. પછી (શિવ) પ્રકૃતિથી પર પ્રકાશમાન વૈકુંઠ ગયા. ૨૫.

મોટા દેવો પણ ચૂપ જ રહ્યા. પછી મહાદેવ વૈકુંઠ ગયા. આ વૈકુંઠનું ધામ બદરી (નારાયણ)માં નારાયણ પર્વતના પશ્ચિમ ભાગમાં રહેલું પ્રસિદ્ધ જ છે. ત્યાં તે (વૈકુંઠ)ને પણ મૂલ વૈકુંઠના ધર્મો સાથે સંબંધ છે એમ 'પ્રકાશમાન, પ્રકૃતિથી પર' એ વિશેષણોથી કહેલું છે. (તેમાં) વૈકુંઠનો આવેશ હોવાથી તે પણ પ્રકાશમાન અને પ્રકૃતિથી પર છે. ૨૫.

'તે વૈકુંઠસ્થાન કયું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી શ્લોક કહે છેઃ

**યત્ર નારાયણઃ સાક્ષાન્ન્યાસિનાં પરમા ગતિઃ ।।**
**શાન્તાનાં ન્યસ્તદણ્ડાનાં યતો નાવર્તતે ગતઃ ।।૨૬।।**

જ્યાં શાંત અને દંડ રાખનારા સંન્યાસીઓના પરમ ફલરૂપ નારાયણ સાક્ષાત્ (વિરાજે) છે, (અને) જ્યાં ગએલો પાછો આવતો નથી. ૨૬.

નારાયણ એટલે બદરીનાથ સંન્યાસીઓના સાક્ષાત્ પરમ ફલરૂપ છે. વાંસનો દંડ વિગેરે ધારણ કરતા હોઈ પરમહંસ હોવાથી, અને (સંન્યાસી સાથે) એક જ જાતિના હોવાથી (તે) સંન્યાસીઓના સાક્ષાત્ આધાર બનેલ છે. વળી શાંત અને દંડ રાખનારાના એટલે અંદરથી અને બહારથી સાધનવાળાઓના તે ખાસ કરીને પરમ ફલરૂપ છે. 'ત્યાં પણ પહેલાના જેવું જ થશે' એવી શંકા થાય,

તેથી 'જ્યાં ગએલો પાછો આવતો નથી' એમ કહેલું છે. ત્યાં ગએલો ત્યાંથી પાછો આવતો નથી. આથી એમ સૂચવેલું છે કે વૃક પણ પાછો આવશે નહિ. ૨૬.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**તં તથાવ્યસનં દષ્ટ્વા ભગવાન્ વૃજિનાર્દનઃ ||**
**દૂરાત્પ્રત્યુદિયાદ્ભૂત્વા બટુકો યોગમાયયા ||૨૭||**

તેમને (શિવને) તેવા દુઃખવાળા જોઈને, દુઃખનો નાશ કરનારા ભગવાન્ યોગમાયા વડે નાના બ્રહ્મચારી થઈ દૂરથી સામા આવ્યા. ૨૭.

'અશક્ય કાર્યમાં હરિને જ શરણ જવું' એ પ્રમાણે તે (દુઃખમાંથી છોડાવવાનું કાર્ય) ભગવાને જ કરવું જોઈએ, કારણ કે ''ભગવાન્ 'વૃજિનાર્દનઃ' સર્વ દુઃખનો નાશ કરનારા છે''. તેથી 'મહાદેવનું દુઃખ પણ હું દૂર કરીશ'. એવા વિચારથી ભગવાન્ દૂરથી જ 'પ્રત્યુદિયાત્' વૃકની સામે પધાર્યા. 'ક્રૂર (વૃક) પાસે ભગવાન્ કેમ પધાર્યા ?' એવી શંકા થાય, તેથી 'યોગમાયા વડે નાના બ્રહ્મચારી થઈ' એ શબ્દો યોજેલા છે. 'બટુકઃ' એટલે નાનો બાલક. ઘણા નાના બ્રહ્મચારી થઈ, 'દૈત્યોને માયાથી જ હણવા જોઈએ' એવી પહેલાની વિદ્યાનું સ્મરણ કરી, (બાલ બ્રહ્મચારીનું રૂપ) યોગમાયાએ જ કરેલું હોવાથી (વૃક તે રૂપથી) મોહ જ પામશે પરંતુ ઉપદ્રવ કરશે નહિ, એમ (વિચારી) સામા પધાર્યા. ૨૭.

નીચેના (ત્રણ) શ્લોકમાં ભગવાનના વેશનું વર્ણન કરતાં, તેમણે (વૃકને) વાક્યોથી (વાણીથી) મોહ કર્યો એમ કહે છેઃ

**મેખલાજિનદણ્ડાક્ષૈસ્તેજસાગ્નિરિવ જ્વલન્ ||**
**અભિવાદયામાસ ચ તં કુશપાણિર્વિનીતવત્ ||૨૮||**

કંદોરો, મૃગચર્મ, દંડ અને મણકા (મણકાવાળી માળા) સહિત તેજને લીધે અગ્નિની પેઠે પ્રકાશતાં, હાથમાં કુશ રાખી વિનયવાળાની પેઠે (ભગવાને) તેને વંદન કર્યું. ૨૮.

કંદોરો મુંજનો બનાવેલો. મૃગચર્મ એટલે ઉપરનું (પહેરેલું) વસ્ત્ર. દંડ ખાખરાનો (બનાવેલો), અને મણકાવાળી માળા, જપ કરવા (રાખેલી). આ (બધા)ને લીધે અને (ભગવાનની) અંદર રહેલા તેજને લીધે સાક્ષાત્ અગ્નિની પેઠે એટલે સર્વ (કોઈ પણ) પ્રાણી જેમની પાસે આવી ન શકે તેવા 'જ્વલન્' પ્રકાશતાં (ભગવાને) હાથમાં કુશ રાખી 'તે' ઘણા વિદ્વાન્ હિરણ્યાક્ષના પૌત્રને વિનયવાળાની પેઠે વંદન કર્યું. (ભગવાને) વંદન કરીને તેનું આયુષ્ય હરી લીધું[૧],

૧. વૃક અસુર હોવાથી, જે જે ગુણ ઉત્પન્ન કરનાર પદાર્થો ભગવાને ધારણ કર્યા તેનાથી વૃકના તે તે ગુણોનો નાશ થયો, એવો ભાવ છે. ( લે)

કુશોથી તેનું પુણ્ય હર્યું, કંદોરો વિગેરે (ચાર)થી ચાર પુરુષાર્થોને હર્યા, તેજથી તેના તેજને હર્યું, અને અગ્નિ જેવા થઈ તેમાં રહેલ બલ વિગેરે હર્યાં. ૨૮.

એ પ્રમાણે (તેનું) સર્વ હરી લઈ, નીચેના બે શ્લોકોની વાણીથી તેની બુદ્ધિને મોહ કરાવે છેઃ

શ્રીભગવાન્ કહે છેઃ

**શાકુનેય ભવાન્ વ્યક્તં શ્રાન્તઃ કિં દૂરમાગતઃ ।।**
**ક્ષણં વિશ્રમ્યતાં પુંસામાત્માયં સર્વકામધુક્ ।।૨૯।।**

હે શકુનિના પુત્ર ! આપ દેખીતી રીતે થાકેલા લાગો છો. શું દૂરથી આવ્યા છો ? એક ક્ષણ વિસામો લો. પુરુષોનો આ દેહ સર્વ કામનાઓ આપનારો છે. ૨૯.

હે શકુનિના પુત્ર ! (તમને) પરસેવો દેખાય છે તેથી આપ દેખીતી રીતે થાકેલા છો. (ભગવાને તેનું) આ દુઃખ જણાવવાથી જાણે કે તેના કુશલ (સમાચાર) પૂછ્યા 'ત્યારે શું કરવું ?' એમ પૂછવામાં આવે, તેથી કહે છે કે 'શું દૂરથી આવ્યા છો ?' શું દોડતા (દોડતા) દૂરથી આવ્યા છો ? કારણ વિના (તમારું) આવવું નકામું છે, એવો અર્થ છે. અથવા એવો પ્રશ્ન (પૂછવો છે). (અહિં આવવાનું) જે પ્રયોજન હોય તે ભલે હો. મારા આશ્રમમાં એક ક્ષણ વિસામો લો. ''પોતાનું કાર્ય ઝટ કરવું જોઈએ'' એમ કહે છે, તેથી કહે છે કે ''પુરુષોનો એટલે સ્વતંત્ર પ્રાણીઓનો આ 'આત્મા' દેહ સર્વ કામનાઓ આપનારો છે''. (દોડી આવવાની) મહેનતથી (તમારો) દેહ પડશે એમ જણાય છે, અને દેહ જશે તો પછી (તમારું) કાર્ય પાર પડશે ? તેથી કાર્યને તજી શરીરનું રક્ષણ કરવા માટે વિસામો લેવો જોઈએ, એવો ભાવ છે. ૨૯.

'એવું શું કાર્ય છે કે જેને લીધે આવો શ્રમ લીધો ?' એમ નીચેના શ્લોકમાં પૂછે છેઃ

**યદિ નઃ શ્રવણાયાલં યુષ્મદ્વ્યવસિતં વિભો ।।**
**ભણ્યતાં પુરુષવ્યાઘ્ર પુમ્ભિઃ સ્વાર્થાન્ સમીહતે ।।૩૦।।**

હે સમર્થ (અસુર) ! આપે નિર્ધારેલું (કાર્ય) જો મારે સાંભળવા યોગ્ય હોય તો કહો. હે ઉત્તમ પુરુષ ! પુરુષોથી પોતાનાં કાર્યો સિદ્ધ કરે છે. ૩૦.

આપે નિર્ધારેલું, આવા (આટલા બધા) પ્રયત્નથી કરવા ઈચ્છેલું (કાર્ય) જો ખાનગી હોય તો કહેશો નહિ, (પણ) જો મારે સાંભળવા યોગ્ય હોય તો કહો. (વૃક પોતાને તેનું કાર્ય) કહે તે માટે 'હે ઉત્તમ પુરુષ !' એવું પ્રશંસાવાળું સંબોધન કરેલું છે. '(તમને) કહેવાથી શું થાય (મળે) ?' એમ પૂછે, તેથી કહે છે કે 'પુરુષોથી પોતાનાં કાર્યો સિદ્ધ કરે છે'. બધાએ પુરુષ પુરુષોથી એટલે પોતાના મિત્રોથી

પોતાનું કાર્ય સિદ્ધ કરે છે, એવો અર્થ છે. ૩૦.

શ્રીશુક કહે છેઃ

**એવં ભગવતા પૃષ્ટો વચસામૃતવર્ષિણા ।।**
**ગતશ્રમોઽબ્રવીત્તસ્મૈ યથાપૂર્વમનુષ્ઠિતમ્ ।।૩૧।।**

એ પ્રમાણે અમૃત વરસાવતી વાણીથી ભગવાને પૂછેલા શ્રમરહિત થએલા તેણે પહેલાં જે થએલ અને (પોતે) કરેલ (તે) તેમને કહ્યું. ૩૧.

એ પ્રમાણે (ભગવાને પોતાની) આકૃતિ, વિનય અને વાણીથી તેને સંતોષ પમાડ્યો. ભગવાનની વાણીની શક્તિને લીધે જ શ્રમરહિત થએલા તેણે ભગવાન્ (પોતાના) મિત્ર છે એમ જાણીને પોતાનો અભિપ્રાય અને પોતે જે સાંભળેલ તે તેમને કહ્યું. નારદને (પોતે) પ્રશ્ન કરેલ ત્યાંથી આરંભી જે પહેલાં થએલ (અને), તપ વિગેરે જે (પોતે) કરેલ (તે કહ્યું). ૩૧.

જેમણે વૃત્તાંત જાણેલો જ હતો તેવા ભગવાને તેને વિશ્વાસવાળો કરી, પછી 'મારું કહેલું સ્વીકારશે' એવો નિશ્ચય કરી, નીચેના શ્લોકથી (આરંભી) મહાદેવના છૂટકારાનો ઉપાય કહ્યોઃ

શ્રીભગવાન્ કહે છેઃ

**એવં ચેત્તર્હિ તદ્વાક્યં ન વયં શ્રીદ્દધીમહિ ।।**
**યો દક્ષશાપાત્પૈશાચ્યં પ્રાપ્તઃ પ્રેતપિશાચરાટ્ ।।૩૨।।**

જો એ પ્રમાણે હોય તો, જેણે દક્ષના શાપથી પિશાચપણું પ્રાપ્ત કરેલ છે (અને) જે પ્રેતો અને પિશાચોનો રાજા છે તેના વાક્યમાં અમને શ્રદ્ધા નથી. ૩૨.

અમે તો જાણેલું કે કાંઈ બીજું મોટું કાર્ય હશે. જો એ પ્રમાણે હોય એટલે જો મહાદેવના વાક્યની માત્ર પરીક્ષા કરવી હોય તો હું પણ ઉપાય કહું છું. જો મારા વાક્યમાં (તેને) વિશ્વાસ હોય તો તે (મહાદેવ)નું વાક્ય નકામું થશે, એવો અર્થ છે. ''જો વૃક (ભગવાનના વાક્યનો) અંગીકાર કરે તો તેમ (મહાદેવનું વાક્ય નકામું) થતાં, તેનું (વૃકનું) મરણ ન થાય, લોકમાં અનિષ્ટ (જેના માથે વૃક હાથ મૂકે તેનું મરણ) ન થાય, અને મહાદેવને પીડા ન થાય; એનો નિશ્ચય કરીને 'અમને શ્રદ્ધા નથી' એ શબ્દો કહેલા છે. 'આ મહાદેવ મોટા છે, તે શ્રદ્ધા ન રાખવા યોગ્ય કેમ (ગણાય)?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. '(શિવને) દેવો સાથે ભાગ ન મળે, અને દેવોના સમૂહોમાં તે અધમ થાય' એવો શાપ પહેલાં દક્ષે (શિવને) આપેલો. તેઓમાં પિશાચો જ અધમ છે, તેથી (શિવે) પિશાચપણું પ્રાપ્ત કર્યું. (શિવ) સ્મશાન વિગેરેમાં ભમે છે તેથી (તેમનામાં) પિશાચપણું જોવામાં આવે છે. વળી તે પ્રેતો અને પિશાચોના રાજા છે. પિશાચોનો રાજા પિશાચ જ હોય. તેથી જો

તું પણ મારી બુદ્ધિએ જે ગ્રહણ કરેલું છે તેનો અંગીકાર કરીશ તો તે (શિવે) આપેલો વર ખોટો થએલો હોવાથી, (તેનો) સ્વીકાર નહિ કરતાં ચિંતારહિત થા. ૩૨.

છતાં જો તને (શિવે આપેલા વરમાં) વિશ્વાસ હોય, તો હું કહું તે પ્રકારે તેની પરીક્ષા કરવી જોઈએ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યદિ વસ્તત્ર વિશ્રમ્ભો દાનવેન્દ્ર જગદ્ગુરૌ ।।**
**તર્હ્યઙ્ગાશુ સ્વશિરસિ હસ્તં ન્યસ્ય પ્રતીયતામ્ ।।૩૩।।**

હે ઉત્તમ દાનવ ! જો આપને તે જગતના ગુરુમાં વિશ્વાસ હોય તો તરત જ પોતાના માથા ઉપર હાથ મૂકી ખાત્રી કરો. ૩૩.

'વઃ' 'આપને' એ બહુવચન અને 'હે ઉત્તમ દાનવ !' એવું સંબોધન (વૃકની) સરસાઈ જણાવવા યોજેલાં છે. એ રીતે માન આપેલો (વૃક) પોતાના માહાત્મ્યનું જ સ્મરણ કરશે, પણ બીજાના માહાત્મ્યનું (સ્મરણ કરશે) નહિ એવા આશયથી (એ બહુવચન અને સંબોધન કરેલાં છે). 'જગતના ગુરુમાં' એ શબ્દથી (શિવમાં) વિશ્વાસ રાખવાનું કારણ કહેલું છે. '(ત્યારે શિવમાં) વિશ્વાસ હોય તો શું કરવું ?' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. 'મારામાં વિશ્વાસ રાખીશ તો તું જીવતો રહીશ, પણ મહાદેવમાં વિશ્વાસ રાખીશ તો તારો નાશ જ થશે' એવો ભાવ છે. (વૃકને) વિશ્વાસ રહે તે માટે, 'અઙ્ગ' એવું સંબોધન કરેલું છે. 'આશુ' તરત જ વિચાર કર્યા વિના (તારા) પોતાના માથા ઉપર હાથ મૂકી, (મહાદેવનું વચન) સાચું છે કે ખોટું એની ખાત્રી કર. ૩૩.

જો (તેનું વચન) સાચું ઠરે, તો તેં કરેલી પરીક્ષા ઉત્તમ જ થશે (ગણાશે), પરંતુ જો ખોટું ઠરે તો હું તેને સજા કરીશ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યદ્યસત્યં વચઃ શમ્ભો કથંચિદ્દાનવર્ષભ ।।**
**તદન્તે જહ્યસદ્વાચં ન યદ્વક્તાનૃતં પુનઃ ।।૩૪।।**

હે ઉત્તમ દાનવ ! જો કોઈ પણ રીતે શંભુનું વચન અસત્ય થાય, તો તે પછી તું ખોટું બોલનારને હણજે, જેથી ફરીથી તે ખોટું બોલે નહિ. ૩૪.

'કોઈ પણ રીતે' એટલે કોઈ પણ અંશથી. (શ્લોક ૨૧માં) 'જેના જેના' એમ બે વાર કહ્યું તેથી જો (વૃક સિવાયનો) બીજો જણાવેલ હોય, અથવા મેં (ભગવાને) (શંભુના વચનને) સ્વીકાર્યું ન હોય તો તે ખોટું થાય. (શંભુને) અપરાધ વિના મારી શકાય નહિ એમ જણાવવા 'હે ઉત્તમ દાનવ' એવું સંબોધન પહેલાંની પેઠે કરેલું છે. અસત્ય બોલનાર તરીકે અપરાધ થાય, 'તદન્તે' તે અપરાધ પછી, (તે) ખોટું બોલનારને હણજે, તેમ થતાં, (તેમને) હણવાનો દોષ પણ તને લાગશે નહિ એમ 'જેથી ફરીથી તે ખોટું બોલે નહિ' એ શબ્દોથી કહે છે.

'યદ્' જેથી આ (શિવ) ફરીથી ખોટું બોલે નહિ (કે) જે દોષ કરવાથી પુરુષ નીચે પછડાય છે. આ (વાક્ય)થી 'તે' (શંભુ)નો વધ તેમના કલ્યાણ માટે છે'' એવો તેવો (અસુરનો) પક્ષ[1] જણાવેલ છે. ૩૪.

પછી જે થયું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્થં ભગવતશ્ચિત્રૈર્વચોભિઃ સ સુપેશલૈઃ ।।**
**ભિન્નધીર્વિસ્મૃતઃ શીર્ષ્ણિ સ્વહસ્તં કુમતિર્વ્યધાત્ ।।૩૫।।**

એ પ્રમાણે ભગવાનના વિચિત્ર અતિસુંદર વચનોથી જેની બુદ્ધિ જાતજાતની થઈ છે અને જેને વિસ્મરણ થએલું છે તેવા તે દુષ્ટમતિવાળાએ પોતાનો હાથ (પોતાના) માથા ઉપર મૂક્યો. ૩૫.

'ભગવાનનાં વિચિત્ર વચનોથી' એ શબ્દોથી જણાય તેવા પ્રકારે અને ન જણાય તેવા પ્રકારે (ભગવાનના) વચનો મોહ કરનારાં (હતાં એમ) કહેલ છે. 'અતિ સુંદર' વિશેષણથી (તે વચનો) સ્વરૂપથી પણ મોહ કરનારાં કહેલાં છે. જેમ કોઈ (પુરુષ) અમુક રૂપમાં મોહ પામે છે, તેમ ભગવાનના વચનોના સૌંદર્યથી પણ તે મોહ પામ્યો. (પછી તે) પોતાની મેળે જેની બુદ્ધિ જાતજાતની થઈ છે તેવો થયો, એટલે 'ભગવાનનું વચન ખોટું પણ હશે' એવો પણ વિચાર તેના હૃદયમાં આવ્યો. તેથી બે વિચારોમાં (તેની) બુદ્ધિ ગુંચવાઈ, એમ જાતજાતની થઈ. (મહાદેવનું વચન ખોટું છે એવા ચોત્રીસમા શ્લોકમાં જણાવેલા) બીજા વિચાર પ્રમાણે (વૃકને) પોતાની ક્રિયાનો વિરોધ થાય છે. જો મહાદેવનું વચન એકસોમાં ભાગે પણ ખોટું હોત તો તે પોતે આવો (બહુ દૂર દોડવાનો) ક્લેશ શા માટે ભોગવત ?' તેથી તેની બુદ્ધિમાં બીજો વિચાર કેમ આવ્યો ? એવી શંકા થાય, તેથી 'જેને વિસ્મરણ થએલું છે.' એમ કહેલું છે. પહેલાંની સ્થિતિ તે વિસરી ગયો. અથવા 'વિસ્મિતઃ' એવો (પાઠ લેવો). 'અમને શ્રદ્ધા નથી' (શ્લોક ૩૨) એ ભગવાનના વાક્યથી, તે 'ભગવાને એવું કેમ કહ્યું?' એમ તે વિસ્મય પામ્યો. તેથી 'પોતાના માથા ઉપર જ તેણે (પોતાનો) હાથ મૂક્યો.' 'વિકલ્પનો દોષ પણ તજવો જોઈએ, (એવો નિયમ) હોવાથી બીજા વિચાર (શંકરનું વચન ખોટું માની પોતાના માથા ઉપર હાથ મૂક્વા)માં પોતાનો નાશ થવારૂપ મોટો દોષ હતો. તેથી તેણે એવું કેમ કબુલ કર્યું?' એવી શંકા થાય, તેથી 'દુષ્ટ મતિવાળાએ' એ વિશેષણ યોજેલું છે. ૩૫.

---

૧. 'અહિં હું સજા કરીશ' એમ કહ્યું છે. વળી 'તુ હણજે' એમ પણ છે. અંતે 'તેનો પક્ષ જણાવેલ છે' એમ છે. તેથી ભગવાન્ જાણે કે વૃકની સાથે મળી જઈ, તેનો પક્ષ લઈ, તે બે એક થયા હોય તેમ આ વાક્ય કહે છે, એમ જણાય છે. તેથી જ શંભુને અપરાધ વિના મારી શકાય નહિ, એટલે મારવા યોગ્ય નથી, એમ પણ કહેલું છે.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**અથાપતદ્ભિન્નશિરા વજ્રાહત ઈવ ક્ષણાત્ ।।**
**જયશબ્દો નમઃશબ્દઃ સાધુશબ્દોઽભવદ્દિવિ ।।૩૬।।**

પછી ક્ષણમાં વજ્રથી હણાએલો હોય તેમ તૂટેલાં માથાંવાળો પડ્યો. આકાશમાં 'જય' 'નમઃ' 'સાધુ (સારું થયું)' એવા શબ્દો થયા. ૩૬.

'તૂટેલું છે માથું જેનું' તેવો થઈ ભૂમિ ઉપર પડ્યો. 'પછી' એ શબ્દથી જૂદો આરંભ કરેલો છે. 'ભગવાનના વચન પ્રમાણે તે (શિવનું વચન) ખોટું ન હતું, (તે સત્ય હતું, તેમાં) સંદેહ પણ ન હતો, પરંતુ તે સત્ય જ થયું' એવો (તેનો અર્થ છે). 'ભક્ત ઉપર પ્રેમ રાખનાર ભગવાને એમ કેમ કર્યું ?' એવી શંકા થાય, તેથી 'વજ્રથી હણાએલો હોય તેમ' એ શબ્દો યોજેલા છે. અથવા વજ્રથી હણાએલા પર્વતની પેઠે તેના ભુક્કા નીકળી ગયા. જગતને દુઃખ કરનારો હોવાથી (ભગવાને તેને) માર્યો, એવો અર્થ છે. પછી ભગવાનનો પ્રભાવ જોઈને 'જય' એ શબ્દ, મહાદેવને (દુઃખમાંથી) છોડાવ્યા તેથી 'નમઃ' એ શબ્દ, અને ભગવાનનાં મોહ કરનારાં વચનો સંભારીને 'સાધુ' એ શબ્દ, એવો (અનુક્રમે) રાજસ, સાત્ત્વિક અને તામસ (દેવો) નો ત્રણ પ્રકારનો એ શબ્દ આકાશમાં થયો. 'આકાશમાં' એ શબ્દથી (એમ જણાવેલું છે કે) દેવોને (તેથી) આનંદ થએલો હોવાથી, (ભગવાને વૃકને) ઠગીને માર્યો ન હતો, અને મહાદેવની નિંદા (નાં વચનો ભગવાને કહેલ તે) પોતે માનતા નહિ હોવાથી, (એ પ્રમાણે) ખોટું કહેવાથી દોષ થતો નથી, એમ સૂચવેલું છે. ૩૬.

નીચેના શ્લોકમાં (દેવોએ કરેલાં) શારીરિક અનુમોદનનું વર્ણન કરે છેઃ

**મુમુચુઃ પુષ્પવર્ષાણિ હતે પાપે વૃકાસુરે ।।**
**દેવર્ષિપિતૃગન્ધર્વા મોચિતઃ સંકટાચ્છિવઃ ।।૩૭।।**

પાપી વૃકાસુર હણાયો ત્યારે દેવો, ઋષિઓ, પિતૃઓ અને ગંધર્વોએ પુષ્પોની વૃષ્ટિ કરી. શિવને (ભગવાને) સંકટમાંથી છોડાવ્યા. ૩૭.

'દેવો, ઋષિઓ, પિતૃઓ અને ગંધર્વો' બધાએ દેવના સમૂહો છે.

'આમાં ભગવાનનું ચરિત્ર શું થયું (આવ્યું) ?' એવી શંકા થાય, તેથી 'શિવને સંકટમાંથી છોડાવ્યા' એમ કહેલું છે. (શિવનું) પોતાનું ઘડપણ અને મૃત્યુ વિનાના હોવાપણું પોતાના વચનથી વિરુદ્ધ થતું, તેથી તે (તેવી સ્થિતિ)ની અંદર પડેલા મહાદેવ સંકટમાં પડ્યા હતા. 'આ બાજુ વાઘ અને તે બાજુ ખીણ' એની

---

૧. વૃકાસુર શિવના માથા ઉપર હાથ મૂકે ત્યારે જો શિવને કાંઈ હાનિ ન થાય તો તેમનું વચન ખોટું ઠરે. અને વચન સાચું થાય તો તેમની ઘડપણ વિનાના અને મૃત્યુ વિનાના હોવાથી સ્થિતિ રહે નહિ, એમ બંને પક્ષ વિરુદ્ધ હતા, તેથી એ સંકટ હતું.

પેઠે જ્યાં બંને પક્ષ વિરુદ્ધ હોય[1] તે સંકટનું સ્થાન છે, એમ લોક કહે છે. ૩૭.

પછી મહાદેવને લજ્જાને લીધે ખેદ થશે એવા (વિચારથી), તે (ખેદ)ને દૂર કરવા ભગવાન્ મહાદેવની સ્તુતિ કરે છે, એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**મુક્તં ગિરિશમભ્યાહ ભગવાન્ પુરુષોત્તમઃ ।।**
**અહો દેવ મહાદેવ પાપોઽયં સ્વેન પાપ્મના ।।૩૮।।**
**હતઃ કો નુ મહત્સ્વીશ જન્તુર્વૈ કૃતકિલ્બિષઃ ।।**
**ક્ષેમી સ્યાત્કિમુ વિશ્વેશે કૃતાગસ્કો જગદ્ગુરૌ ।।૩૯।।**

(સંકટમાંથી) છુટેલા મહાદેવને ભગવાન્ પુરુષોત્તમે કહ્યું કે : અહો દેવ ! હે મહાદેવ ! આ પાપી પોતાના પાપથી મૂઓ. હે ઈશ્વર ! મોટાઓ પ્રતિ અપકાર કરનાર કયું પ્રાણી સુખી થાય ? તો પછી વિશ્વના ઈશ્વર (અને) જગતના ગુરુ (પ્રતિ) અપરાધ કરનારો તો કેમ જ સુખી થાય ? ૩૮-૩૯.

(ભગવાન્) પુરુષોત્તમ હોવાથી, તેમની સમાન અથવા તેમનાથી ઉત્તમ કોઈ નથી. તેથી કોઈ પણ કર્મ (કરવા)થી તેમની હાનિ થતી નથી એમ સૂચવેલું છે. ભગવાને (કરેલી) સ્તુતિ કહે છે કે : ‘અહો દેવ ! હે મહાદેવ !’ (આ બે સંબોધનથી અનુક્રમે) અમરપણું અને સર્વના પૂજ્ય હોવાપણું કહેતાં, તેમના મરણનો સંભવ જ નથી એમ જણાવેલું છે. કદાચ (મહાદેવ) ઉપકારથી ગળગળા થાય, એવા વિચારથી તે (ઉપકાર) કર્યો નથી એમ જણાવવા ‘આ પાપી (પોતાના પાપથી મૂઓ)’ એમ બીજી રીતે તેનું મરણ થયું, એમ કહે છે. આ કેવળ પાપરૂપ જ હતો. તેથી પોતાના જ પાપથી મૂઓ. વળી સર્વ પાપ એક બાજુ, અને બીજી ઈશ્વરની અવગણના, (તેમાં ઈશ્વરની અવગણના વધી જાય), તે તેણે કરી એમ ‘મોટાઓ પ્રતિ અપકાર કરનાર કોણ સુખી થાય ?’ એ શબ્દોથી કહે છે. મહાદેવના સેવકોનો પણ અપરાધ કરનારો સુખ પામતો નથી. ‘ઈશ !’ સંબોધનથી એમ સૂચવ્યું છે કે તેને આપે જ હણ્યો છે. જ્યાં સેવકનો અપરાધ કરવાથી પણ એવું થાય છે (સુખ મળતું નથી), તો પછી સ્વામીનો અપરાધ થાય ત્યારે તો કહેવું જ શું ? એમ ‘તો પછી વિશ્વના ઈશ્વર પ્રતિ અપરાધ કરનારો (તો કેમ જ સુખી થાય) ?’ એ શબ્દોથી કહેલું છે. ‘જગતના ગુરુ’ એ શબ્દથી એમ સૂચવેલું છે કે જાણવામાં ન આવે તેવા ઉપાયથી પણ (તમે તેને) હણેલો છે. ૩૮-૩૯.

નીચેના શ્લોકમાં આ ચરિત્ર મતાંતર (બીજાનો મત) હોવાથી ચાલુ પ્રસંગમાં ઘણું વધારે ઉપયોગી છે એમ કહેતાં, ચરિત્રનાં શ્રવણ વિગેરેનું ફલ જણાવે છેઃ

**ય એવમવ્યાકૃતશક્ત્યુદન્વતઃ પરસ્ય સાક્ષાત્ પરમાત્મનો હરેઃ ।।**
**ગિરિત્રમોક્ષં કથયેચ્છૃણોતિ વા વિમુચ્યતે સંસૃતિભિસ્તથારિભિઃ ।।૪૦।।**

ન જાણી શકાય તેવી શક્તિઓના સમુદ્રરૂપ, સર્વથી ઉત્તમ, સાક્ષાત્ પરમાત્મા હરિનું મહાદેવના મોક્ષ (રૂપ આ ચરિત્ર)ને જે એ પ્રમાણે કહે અથવા સાંભળે તે સંસારથી અને શત્રુઓથી મુક્ત થાય છે. ૪૦.

ભગવાન્ ન જાણી શકાય તેવી શક્તિઓના 'ઉદન્વાન્' સમુદ્ર છે. તે (શબ્દ)થી એમ સૂચવેલું છે અનંતશક્તિવાળા (ભગવાન)નાં ચરિત્રો અનંત છે. આ મહાદેવના મોક્ષરૂપ તેમનું એક ચરિત્ર છે. માત્ર શક્તિના સંબંધથી જ ભગવાનનાં ચરિત્ર થાય છે એવું નથી, પરંતુ ગુણોથી અતીત (ભગવાન્)નાં પણ અનંત ચરિત્રો છે એમ 'સર્વથી ઉત્તમ' એ શબ્દથી કહેલું છે. 'પ્રકૃતિને પણ વશ રાખનાર' એવો (તેનો અર્થ છે.) ભગવાન્ ચરિત્રો કરે છે. તેથી મોટા છે એટલું જ નથી, પરંતુ તે સર્વના આત્મા પણ છે એમ 'પરમાત્મા' શબ્દથી કહેલું છે. એવી રીતે ત્રણ પ્રકારથી ભગવાન્ હિત જ કરે છે એટલું જ નથી, પરંતુ તે 'હરિ' છે, એટલે સર્વનાં દુઃખ પણ દૂર કરે છે. 'શાસ્ત્રદષ્ટિ પ્રમાણે બધાઓમાં પરમાત્માપણું છે' એવી શંકા થાય, તેથી 'સાક્ષાત્' શબ્દ યોજેલ છે. વૃક પાસેથી મહાદેવના મોક્ષ (રૂપ ચરિત્ર કહેલું છે), પરંતુ લોકમાં પ્રસિદ્ધ મોક્ષ (કહેલો) નથી. તેને જે સાંભળે અથવા કહે એટલે સંભળાવે, તો અજ્ઞાન અને વાસનારૂપ સંસારનાં બંધનોથી પણ મુક્ત થાય છે, તેમ જ 'શત્રુઓથી' એટલે કામ વિગેરેથી અથવા દુશ્મનોથી મુક્ત થાય છે. અહંકારના અધિષ્ઠાતા ભગવાન્ (શિવ) છે, તે અહંકાર દૂર કરી સર્વને મોક્ષ આપે છે. તેમને પણ (ભગવાને) સંકટમાંથી મુક્ત કર્યા તેથી તેમનું (ભગવાનનું) ચરિત્ર મહાદેવથી પણ અધિક છે, તે સંસારથી અથવા શત્રુઓથી મુક્ત કેમ ન કરે ? 'લોકોને દાન કરનારા મહાદેવ છે. તેમનાથી અનર્થ થાય ત્યારે તેમનો પણ મોક્ષ કરનારા ભગવાન્ છે' એવું વિવેકના નિધિ ભગવાનના દાનનું સ્વરૂપ લક્ષ્મીના પ્રસંગમાં એ પ્રમાણે જણાવેલું છે.૪૦.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિત્ રચેલી શ્રીમદ્ભાગવતની**
**સુબોધિનીના દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**ઓગણચાલીશમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય ચાલીસમો

## ગુણાધિષ્ઠાતા દેવ ત્રણ છે તેમાં વિષ્ણુ ભજન કરવા યોગ્ય છે.

**એવં દાતૃત્વસંદેહઃ કૃષ્ણસ્ય વિનિવારિતઃ ।।**
**અનૈવ મહત્ત્વં ચ હરૌ નિર્ધારિતં ભવેત્ ।।૧।।**

એ પ્રમાણે શ્રીકૃષ્ણના દાતાપણા સંબંધી(શ્રીકૃષ્ણ દાન કરનારા નથી એવો) સંદેહ દૂર કર્યો. આથી જ હરિના મોટા હોવાપણાનો પણ નિશ્ચય થઈ જાય છે. કા.૧.

**તથાપિ સ્પષ્ટમધ્યાયે ચત્વારિંશે નિરૂપ્યતે ।।**
**માહાત્મ્યં દ્વિવિધં લોકે પ્રમાણાચ્ચ પ્રમેયતઃ ।।૨।।**

છતાં પણ ચુમાલીસમા અધ્યાયમાં (શ્રીકૃષ્ણનું મોટાપણું) સ્પષ્ટ જણાવવામાં આવે છે. લોકમાં માહાત્મ્ય બે પ્રકારનું છે, (૧) પ્રમાણથી થતું અને (૨) પ્રમેયથી થતું. કા.૨.

**વેદાનાં મૂલરૂપેણ પ્રથમં વિનિરૂપ્યતે ।।**
**દ્વિતીયં ચ પ્રમેયેણ હરિણૈવ નિરૂપિતમ્ ।।૩।।**

વેદોનાં મૂલરૂપથી પહેલું (પ્રમાણથી થતું માહાત્મ્ય) જણાવાયું. પ્રમેય હરિએ જ બીજું (બીજા પ્રકારનું, પ્રમેયથી થતું) જણાવેલું[૧] છે. કા.૩.

**જ્ઞાનશક્તિશ્ચ પૂર્ણાત્ર ક્રિયાપર્યવસાયિની ।।**
**મૂલત્વાત્સર્વસહનં જનકસ્યેવ રૂપ્યતે ।।૪।।**

ભગવાનમાં જ્ઞાનશક્તિ પૂરેપૂરી ક્રિયામાં પરિણામનારી છે. ભગવાન્ સર્વના મૂલ હોવાથી પિતાની પેઠે સર્વ સહન કરે છે એમ જણાવેલું છે. કા.૩.

**યદા ગુણા ભગવતશ્ચત્વારો વિનિરૂપિતાઃ ।।**
**તદાવશિષ્ટદ્વિતયં સ્વયમેવાવદચ્છુકઃ ।।૫।।**

જ્યારે ભગવાનના ચાર ગુણો જણાવવામાં આવ્યા[૨] ત્યારે બાકીના બે (ગુણો) શુક પોતે જ કહે[૨] છે. કા.૫.

માહાત્મ્યરૂપ (ભગવાનની) જ્ઞાનશક્તિ જણાવવા માટે નીચેના શ્લોકથી પહેલાં થઈ ગએલા નિર્ણયરૂપ કથાનો શુક પોતે જ આરંભ કરે છેઃ

---

૧. આ અધ્યાયમાં ભગવાન્ જણાવે છે.

૨-૨. અધ્યાય ૩૬ થી ૩૯ સુધીના ચાર અધ્યાયોમાં ઐશ્વર્ય, વીર્ય, યશ અને શ્રી એ ચાર ગુણો અનુક્રમે જણાવ્યા. બાકીના બે ગુણો જ્ઞાન અને વૈરાગ્ય આ અધ્યાયમાં અને આ પછીના અધ્યાયમાં અનુક્રમે શુક કહે છે.

શ્રીશુક કહે છેઃ

**સરસ્વત્યાસ્તટે રાજન્નૃષયઃ સત્રમાસત ।।**
**વિતર્કઃ સમભૂત્તેષાં ત્રિષ્વધીશેષુ કો મહાન્ ।।૧।।**

હે રાજા ! સરસ્વતીના કિનારા ઉપર ઋષિઓ યજ્ઞ કરતા હતા. 'ત્રણ ઈશ્વરોમાં મોટા કોણ !' (એવો) તેઓને સંદેહ થયો. ૧.

પહેલાં સરસ્વતીના કિનારા ઉપર ઋષિઓ યજ્ઞ કરતા હતા. (યજ્ઞના) સંબંધી દેશ, અધિકારી અને કર્મનું ઉત્તમપણું જણાવ્યું. તે સમયે 'કર્મનું ફલ ક્યાં (કોને) સમર્પણ કરવું?' એવું કર્મનું ફલ સમર્પણ કરવા માટે જાણવાની ઈચ્છા તેઓને ઉત્પન્ન થઈ. પછી કેટલાકોએ (કહ્યું) કે બ્રહ્મા પિતા હોવાથી, તેમને (સમર્પણ કરવું). બીજાઓએ (કહ્યું) કે વિષ્ણુ યજ્ઞરૂપ હોવાથી તેમને સમર્પણ કરવું. (વળી) બીજાઓએ (કહ્યું) કે મહાદેવ જ્ઞાનનો ઉપદેશ કરનાર ગુરુ હોવાથી તેમને સમર્પણ કરવું. પછી (કર્મ) કરાવનારા ત્રણ પૈકી કયા એકને બીજાઓ અધીન છે તેનો નિર્ણય થઈ શકે તેમ નહિ હોવાથી મોટાપણું (કર્મ) કરાવનારું છે એમ નક્કી કરવામાં આવ્યું[1], અને તે મોટાપણું સદ્ગુણોથી થતું હોવાથી, (અને) સદ્ગુણોની અંદર સર્વ (હરકોઈ) અવસ્થામાં ખળભળવું નહિ એ મોટો (ગુણ) હોવાથી, મોટાપણું (જાણવાના) ઉપાય માટે '(ત્રણ પૈકી) કોણ ખળભળે નહિ તેવો છે' એવો વિચાર (કરવા) માટે તેઓને સંદેહ થયો, એમ ઉત્તરાર્ધથી કહેલું છે. 'ત્રણ ઈશ્વરોમાં મોટા કોણ ?' એ શબ્દોથી સંદેહનું સ્વરૂપ કહેલું છે. ૧.

'ત્યારે આ મોટાપણું (કોનામાં છે તે) કેવી રીતે જાણવું ?' એ જાણવાની ઈચ્છા થતાં, વિચાર (કરવા)થી જ તેનું જ્ઞાન થાય એવો નિર્ણય કરીને, વિચાર માટે પ્રત્યક્ષને જ પ્રમાણ તરીકે તેઓએ સ્વીકાર્યું. પછી જે વૃત્તાંત પ્રત્યક્ષ સાથે મળતો આવે તે જ નિર્ણય કરાવનારો છે એવા (વિચારથી), તે (પ્રત્યક્ષ જ્ઞાન મેળવવા) માટે જ તેઓ પ્રવૃત્ત થયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્ય જિજ્ઞાસયા તે વૈ ભૃગું બ્રહ્મસુતં નૃપ ।।**
**તજ્જ્ઞપ્ત્યૈ પ્રેષયામાસુઃ સોઽભ્યગાદ્બ્રહ્મણઃ સભામ્ ।।૨।।**

હે નૃપ ! તે જાણવાની ઈચ્છાથી તેઓ બ્રહ્માના પુત્ર ભૃગુને તે જાણવા માટે મોકલ્યા. તે બ્રહ્માની સભામાં ગયા. ૨.

બધાની જ્ઞાનરૂપ બ્રહ્મશક્તિ ભૃગુ મોટા હોવાથી (તેઓએ) તેમનામાં

---

૧. કર્મનું ફલ અપાવનારા ત્રણ પૈકી કયા એકને બીજા બે અધીન છે એનો નિર્ણય કરવો અશક્ય હોવાથી, તે નિર્ણય કરાવનાર હેતુ તરીકે મોટાપણું નક્કી કરવામાં આવ્યું, એવો અર્થ છે. (લે)

(ભૃગુમાં) મૂકી. તે સમયે ભૃગુ સાક્ષાત્ પરબ્રહ્મના આવેશવાળા[1] થયા. પછી તે (ભૃગુ) (પોતાના) દેહનો સંબંધ ભૂલી ગયા. ખળભળે નહિ તેવા (ઈશ્વર)ની પરીક્ષા કરવા બધા બ્રાહ્મણોએ (તેમને) મોકલ્યા. આરંભમાં તે બ્રહ્માની સભામાં ગયા. ૨.

''તે (બ્રહ્મા) (મારા) પિતા પણ છે, 'બ્રહ્મન્' શબ્દથી ઓળખાય પણ છે, સર્વની પ્રવૃત્તિ કરાવનાર પણ છે, તેથી જો તે ખળભળે નહિ તો એટલેથી જ હું પાછો આવીશ'' એવો નિશ્ચય કરીને ત્યાં (ભૃગુએ) થોડો જ અપરાધ કર્યો એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**ન તસ્મૈ પ્રહ્વણં સ્તોત્રં ચક્રે સત્ત્વપરીક્ષયા ।।**
**તસ્મૈ ચુક્રોધ ભગવાન્ પ્રજ્વલન્સ્વેન તેજસા ।।૩।।**

બ્રહ્માના સત્ત્વની પરીક્ષા કરવા માટે તેમણે તેમને પ્રણામ અથવા સ્તુતિ કર્યાં નહિ. પોતાના તેજથી પ્રકાશતા ભગવાન્ બ્રહ્માએ તેમના ઉપર કોપ કર્યો. ૩.

જેટલા (બ્રહ્મા પાસે) આવતા તેઓ પહેલાં નમસ્કાર કરી, સ્તુતિ કરી ઉભા રહેતા. ભૃગુએ તો તે ગુણ (કાર્ય) કર્યો નહિ. આ (વાક્યથી) (ભૃગુએ કરેલી બ્રહ્માની) માનસી અવગણના સૂચવેલી છે. 'કરવા યોગ્ય (ભૃગુએ) કેમ ન કર્યું ?' એવી શંકા થાય, તેથી 'સત્ત્વની પરીક્ષા (કરવા) માટે' એ શબ્દ યોજેલ છે. (બ્રહ્મા) 'બ્રહ્મન્' એ શબ્દથી ઓળખાય છે, છતાં તેમનાં સત્ત્વ, વિવેક, ધૈર્ય વિગેરેની પરીક્ષા કરવાની છે તેથી (ન કર્યું). તેથી સ્વભાવથી (તે) કર્યું નથી એમ નહિ હોવાથી તેમનો (ભૃગુનો) દોષ નથી. 'આ સાંપડેલી સેવાનો ત્યાગ કરવો એ દ્વેષનું મૂલ છે' એ નિયમ પ્રમાણે બ્રહ્માને ક્રોધ ઉત્પન્ન થયો, એમ 'તેમના ઉપર કોપ કર્યો' એ શબ્દોથી કહેલું છે. 'તે ભૃગુ પણ બ્રાહ્મણ અને મોટો (પુરુષ) હતો, (તેથી પ્રણામ ન કર્યા, તેમાં ક્રોધ કેમ કર્યો) ?', એવી શંકા થાય, તેથી 'ભગવાન્' શબ્દ યોજેલ છે. 'ભગુમાં પણ આ (ભગવત્પણું) સમાન જ છે' એવી શંકા થાય, તેથી 'પ્રકાશતા' વિશેષણ યોજેલું છે. (બ્રહ્માની) અંદર વેદ હોવાથી, તે બ્રહ્મતેજથી પ્રકાશતા હતા. 'ભૃગુમાં પણ એમ જ હતું' એવી શંકા થાય, તેથી 'પોતાના તેજથી' શબ્દો યોજેલા છે. ભૃગુમાં તો બ્રાહ્મણોએ પોતપોતાનું તેજ મૂકેલું હતું, એવો (એ બેમાં) ભેદ હતો. ૩.

પછી કુદરતી અને કૃત્રિમ (બ્રાહ્મણપણા)નું રૂપ સરખું હોવાથી, બે

૧. શ્લોકમાં આ અર્થ જણાવનાર શબ્દ નથી; પરંતુ પરબ્રહ્મ સ્વયંપ્રકાશ હોવાથી, તેમના આવેશ વિના તેવી પરીક્ષા થઈ શકે નહિ, તેથી અર્થાપત્તિ (સંજોગો ઉપરથી નીકળતાં અનુમાન) પ્રમાણે આ પ્રમાણે કહેલું છે. (લે)

બ્રહ્માસ્ત્રોની પેઠે, તે તેજ પોતાની મેળે શાંત થયું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ આત્મન્યુત્થિતં મન્યુમાત્મજાયાત્મના પ્રભુઃ ॥**
**અશીશમદ્યથા વહ્નિં સ્વયોન્યા વારિણાત્મભૂઃ ॥૪॥**

જેમ પોતા (અગ્નિ)માંથી ઉત્પન્ન થએલા જલ વડે અગ્નિને (શાંત કરે છે), તેમ તે પોતાની મેળે પ્રકટ થએલા પ્રભુએ પુત્રને માટે પોતાની અંદર ઉત્પન્ન થએલા ક્રોધને પોતે શાંત કર્યો. ૪.

'પુત્ર (ભૃગુ) પણ પોતામાંથી જ ઉત્પન્ન થએલા છે, અને ક્રોધ પણ (પોતામાંથી જ ઉત્પન્ન થએલો છે), તેથી બંને સરખા બલવાળા હોવાથી પછી કજીઓ કરશે' એમ એટલું જ વિચારીને 'આત્મના' પોતાની મેળે જ પોતાના તેજને શાંત કર્યું. એ પ્રમાણે કરવાનું સામર્થ્ય 'પ્રભુ' એ શબ્દથી જણાવેલું છે. આ તો માત્ર બ્રહ્માનો મનોરથ હતો. વાસ્તવિક રીતે તો ભૃગુના તેજથી જ તે (બ્રહ્માનો ક્રોધ) શાંત થયો એમ કહેવા માટે, 'પોતામાંથી ઉત્પન્ન થએલા જલ વડે (અગ્નિને શાંત કરે છે)' એવું દષ્ટાંત કહે છે. 'અગ્નિમાંથી જલ ઉત્પન્ન કર્યું' એ શ્રુતિ પ્રમાણે અગ્નિમાંથી જ ઉત્પન્ન થએલા જલ વડે જેમ કોઈ અગ્નિને શાંત કરે છે (તેમ ભૃગુના તેજથી બ્રહ્માનો ક્રોધ શાંત થયો). સામાન્ય રીતે કારણ પોતાની મેળે અથવા (પોતાના) ગુણથી કાર્યનો નાશ સર્વત્ર કરે છે. અહિં તેથી ઉલટું થયું છે ૪.

**તતઃ કૈલાસમગમત્સ તં દેવો મહેશ્વરઃ ॥**
**પરિરબ્ધું સમારેભ ઉત્થાય ભ્રાતરં મુદા ॥૫॥**

પછી તે કૈલાસ ગયા. તે દેવ મહેશ્વરે ઉઠી આનંદથી તે ભાઈને ભેટવાની તૈયારી કરી. ૫.

એ પ્રમાણે તે (બ્રહ્મા)નો ખળભળાટ જોઈને, 'આ મોટા નથી' એવો નિશ્ચય કરીને, લોકોને જ્ઞાનનો ઉપદેશ કરનારા મહાદેવ કદાચ એવા (મોટા) હશે એમ (વિચારી), તે (મહાદેવ મોટા છે નહિ તે) જાણવા માટે, ભગવાનને ભોગમાં આસક્ત માની તેમને તજી, પહેલાં ભૃગુ કૈલાસ ગયા. તે (ભૃગુના) ભાઈ હોવાથી (માત્ર) શાંત રહેવાથી તેમને ખળભળાટ ન થાય, તેથી (ભૃગુએ તેમનો) વાણીથી પણ અપરાધ કર્યો એમ કહેવા માટે 'તે દેવ મહેશ્વર...' થી તેનો (વાણીથી અપરાધ કરવાનો) પ્રસંગ કહેલો છે. બંને સમાન હોવા છતાં, તે (ભૃગુ)નું તેજ જોઈ, (મહાદેવ) 'દેવ' હોવાથી જ્ઞાનશક્તિવાળા હતા છતાં, ઐશ્વર્યવાળા[૧] હતા છતાં, ભૃગુનું સન્માન કરવા માટે તેમને ભેટવાની તેમણે તૈયારી કરી. તે પણ

૧. આ 'મહેશ્વર' શબ્દનો અર્થ છે.

'ઉઠીને'(કરી), અને તે પણ 'આનંદથી' કરી. આથી મનથી, કાયાથી અને ઇન્દ્રિયથી સ્વાગત (કરવાનું) કહેલું છે. ૬.

નીચેના શ્લોકમાં (ભૃગુએ કરેલ) અપરાધ જણાવે છેઃ

**નૈચ્છત્ત્વમસ્યુત્પથગ ઇતિ દેવશ્ચુકોપ હ ॥**
**શૂલમુદ્યમ્ય તં હન્તુમારેભે તિગ્મલોચનઃ ॥**
**પતિત્વા પાદયોર્દેવી સાન્ત્વયામાસ તં ગિરા ॥૬॥**

'તું આડામાર્ગે ચાલનારો છે' એમ કહી (ભૃગુએ ભેટવાનું) ઇચ્છ્યું નહિ. દેવે કોપ કર્યો. અંગારા જેવી આંખોવાળા તેમણે ત્રિશૂલ ઉગામી તેમને હણવા માંડ્યા. દેવીએ બે ચરણોમાં પડી વાણીથી તેમને શાંત કર્યા. ૬.

ઇચ્છા ન કરી, એ માનસિક (અપરાધ) હતો. તેની સાથેનો વાણીનો અપરાધ 'તું આડામાર્ગે ચાલનારો છે' એ શબ્દોથી કહેલો છે. એ પ્રમાણે (ભૃગુએ) વાણીનો અપરાધ કર્યો ત્યારે (મહાદેવ) દેવ હોવાથી સ્વચ્છંદ આચરણથી (તેમને) દોષ થતો નહિ હોવાથી તેમણે કોપ કર્યો. 'જ્ઞાનવાળાએ એવી રીતે કોપ કેમ કર્યો ?' એવું આશ્ચર્ય દર્શાવવા 'હ' એ શબ્દ યોજેલો છે. પછી પહેલાનાં કરતાં આ (ભૃગુ)ને દંડ પણ અધિક થયો એમ 'ત્રિશૂલ ઉગામી...' એ શબ્દોથી કહેલું છે. 'અંગારા જેવી આંખો છે જેમની' એ વિશેષણથી જ્ઞાનશક્તિનો તિરોભાવ કહેલો છે. તે સમયે જ્ઞાનશક્તિ પાર્વતી તે (ભૃગુ)નું સ્વરૂપ જાણી, તેમને થતા દંડમાં પોતાની ક્રિયાથી વિઘ્નરૂપ થયા એમ 'બે ચરણોમાં પડી...' એ શબ્દોથી કહેલું છે. 'વાણીથી' એટલે '(ભૃગુનું સ્વરૂપ) જાણવાની ઇચ્છા કરાવનારી (વાણીથી)'. ૬.

એ પ્રમાણે તે તે ગુણને[1] આગળ કરી, બંનેના સ્થાને જઈ, સ્વરૂપથી જ[2] વિષ્ણુના સ્થાનમાં (ભૃગુ) ગયા એમ નીચેના શ્લોકમાં જૂદા આરંભથી[2] કહે છેઃ

**અથો જગામ વૈકુણ્ઠં યત્ર દેવો જનાર્દનઃ ॥**
**શયાનં શ્રિય ઉત્સંગે પદા વક્ષસ્યતાડયત્ ॥૭॥**

પછી જ્યાં દેવ જનાર્દન (વિરાજે છે) ત્યાં વૈકુંઠ ગયા. લક્ષ્મીજીના ખોળામાં પોઢેલા (ભગવાન્)ને છાતી ઉપર પગની લાત મારી. ૭.

તે લક્ષ્મીના પતિ ભૃગુના જમાઈ થાય[3]. તેથી દ્વારપાલોથી રોકાણ થયા

---

૧. ભૃગુ બ્રહ્માને ત્યાં રજોગુણને અને શંકરને ત્યાં તમોગુણને આગળ કરીને ગયા હતા. (લે)

૨. સત્ત્વ પણ ગુણ હોવા છતાં, (ભગવાનનું) ધામ હોવાથી સ્વરૂપ જ છે, એમ 'અથો' શબ્દથી સૂચવેલું છે, એવો ભાવ છે. (લે)

૩. ભૃગુ લક્ષ્મીના જનક (પિતા) કેમ ગણાય તે ૧૦।૩।૯ના શ્રીસુબોધિનીમાં જણાવેલ છે.

વિના જ લક્ષ્મીજીના ખોળામાં પોઢેલા પરમેશ્વરનો પહેલાં કરતાં પણ ઘણો મોટો અપરાધ કરતાં, (ભૃગુએ તેમને) છાતી ઉપર પગની લાત મારી. ૭.

કારણ કે તે (ભૃગુ) પરીક્ષા (કરવા) માટે આવેલ (હોવાથી) વિલંબ સહન કરે તેમ ન હતું, અને ભગવાન્ પોઢેલા હતા. જે પોઢેલ હોય તેનો આથી બીજો કોઈ (વધારે) અપરાધ થઈ શકે નહિ. તેથી (ભૃગુએ) એક સાથે જ (તેમને) જગાડવાનું અને અપરાધ કર્યા. આ કાયાથી કરેલો અપરાધ હતો, અને તે પણ મોટો હતો; કારણ કે (૧) દેશ (૨) કાલ (૩) અવસ્થા (૪) સામીપ્ય (૫) કરણ (૬) ક્રિયા અને ફલ છએ દોષ થાય તેવાં હતાં. જો ભગવાન્ (જનાર્દન) દરેક ગુણથી અથવા બધા ગુણોથી મળીને ભગવાન્ ન હોત, તો તેમને ખળભળાટ થાત જ; પરંતુ ભગવાન્ તો સ્વભાવથી જ (સર્વનું) મૂલ બનેલા ભગવાન જ છે. તેથી તેમણે પોતાના સહન (કુદરતી) છ ગુણોનો ત્યાં પ્રકાશ કર્યો એમ નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકથી કહે છેઃ

**તત ઉત્થાય ભગવાન્ સહ લક્ષ્મ્યા સતાં ગતિઃ ।।**
**સ્વતલ્પાદવરુહ્યાશુ નનામ શિરસા મુનિમ્ ।।૮।।**

પછી સત્પુરુષોના ફલરૂપ ભગવાને લક્ષ્મીજી સાથે તરત જ પોતાની પથારીમાંથી ઉઠી મુનિને મસ્તકથી પ્રણામ કર્યા. ૮.

**માનસાન્ ષડ્ગુણાનાદૌ તતઃ કાયે સુસંસ્થિતાન્ ।।**
**તતો વાચનિકાનાહ પૂર્ણોઽતો ભગવાન્ હરિઃ ।।કા.૬।।**

આરંભમાં મનના છ ગુણો, પછી કાયામાં સારી રીતે રહેલા અને પછી વાણીના (છ ગુણો) કહેલા છે. તેથી ભગવાન્ હરિ પૂર્ણ છે. કા.૬.

આરંભમાં (ભગવાને) ખળભળાટ થયો નથી (એમ) જણાવવા મનના છ ગુણો કહેલા છે, કારણ કે (તે) 'ભગવાન્' છે તેથી (૧) ઐશ્વર્યનું વિરોધી (ભૃગુએ લાત) માર્યા પછી ઉઠવાનું (કાર્ય) કર્યું. (૨) તે પણ લક્ષ્મીજીની સાથે કર્યું. આ વીર્યથી વિરુદ્ધ છે, કારણ કે શક્તિ હોય ત્યારે કોઈ પણ સુખનો ત્યાગ કરતું નથી. વળી (૩) આ યશથી પણ વિરુદ્ધ છે, કારણ કે (ભગવાન્) 'સત્પુરુષોના ફલરૂપ' છે. આમ (પથારીમાંથી ઉઠવું પડતું) હોવાથી હલકાઈ જણાતી હોવાથી સત્પુરુષો તેમને શા માટે ભજે ? (૪) 'પોતાની પથારીમાંથી ઉઠીને' એ શબ્દોથી શ્રીવિરુદ્ધ (કાર્ય) જણાવેલું છે, કારણ કે શોભા (શ્રી) તિરોહિત થઈ. 'તરત જ' એ શબ્દથી નબળાઈને લીધે (શ્રીના) વિરોધને દઢ બનાવેલો છે. (૫) 'પ્રણામ કર્યા' એ જ્ઞાનથી વિરુદ્ધ (કાર્ય) છે, કારણ કે (જ્ઞાન) વિનાનો હોય તે નમસ્કાર કરે, અને તે પણ મસ્તકથી (પ્રણામ) કર્યા, કારણ કે (ભગવાનનું) મસ્તક બ્રહ્મા

વિગેરેનું પણ સ્થાન છે, અને (૬) 'મુનિને (પ્રણામ કર્યા)' એ વૈરાગ્યથી વિરુદ્ધ કાર્ય છે, કારણ કે આ (ભૃગુ) મુનિ હોવાથી ક્રોધ કરશે એમ (વિચારી), તે ક્રોધ ન કરે એવી ઈચ્છા કરી (કારણ કે તે માટે પ્રણામ કર્યા), અને ઈચ્છાવાળાઓ વૈરાગ્યવાળા નથી. ૮.

કાયામાં રહેલા ભગવાનના ધર્મોથી વિરુદ્ધ ધર્મો નીચેના શ્લોકમાં કહે છેઃ

**આહ તે સ્વાગતં બ્રહ્મન્નિષીદાત્રાસને ક્ષણમ્ ।।**

**અજાનતામાગતાન્વઃ ક્ષન્તુમર્હથ નઃ પ્રભોઃ ।।૯।।**

(અને) કહ્યું:- 'હે બ્રહ્મન્!' તમે સુખેથી આવ્યા ? આ આસન ઉપર એક ક્ષણ બેસો. હે પ્રભુ ! તમને આવેલા નહિ જાણનારા અમને ક્ષમા કરવા આપ યોગ્ય છો. ૯.

(૧) 'તમે સુખેથી આવ્યા?', 'શું તમારું આવવું સુખપૂર્વક થયું છે?' એવો (આ) કુશલ પ્રશ્ન સરખાપણું પ્રાપ્ત કરાવનારો હોઈ ઐશ્વર્યથી વિરુદ્ધ છે, અને (૨) 'હે બ્રહ્મન્!' એવું તે (ભૃગુ)નું સરસાઈ દેખાડનારું સંબોધન વીર્યથી વિરુદ્ધ છે. (૩) 'આ આસન ઉપર એક ક્ષણ બેસો' એવી પ્રાર્થના કીર્તિથી વિરુદ્ધ છે, અને (૪) 'એક ક્ષણ (બેસો)' એમ દીનપણાથી કરેલી હોવાથી શ્રીથી વિરુદ્ધ છે. (૫) 'તમને આવેલા નહિ જાણનારા' એ શબ્દોમાં જ્ઞાનનો વિરોધ સ્પષ્ટ છે. (૬) 'અમને ક્ષમા કરવા યોગ્ય છો' એમ અપરાધની ક્ષમા કરાવવાનું કાર્ય ઈચ્છાવાળા હોવાપણું જણાવતું હોવાથી વૈરાગ્યથી વિરુદ્ધ છે. 'હે પ્રભુ!' એ સંબોધન એમ સૂચવે છે કે ભગવાન્ પોતાના ગુણોને તે (ભૃગુ)માં મૂકે છે. 'ભગવાન્ માનરહિત અને માન આપનારા છે' એવો નિર્ણય પરીક્ષામાં સ્થાપિત થશે. એ પ્રમાણે વાણીથી ભગવાને પોતાની હલકાઈ જણાવી અને અપરાધ કરનારની પ્રશંસા (કરી). ૯.

**અતીવ કોમલૌ તાત ચરણૌ તે મહામુને ।।**

**ઈત્યુક્ત્વા વિપ્રચરણૌ મર્દયન્ સ્વેન પાણિના ।।૧૦।।**

'હે મહામુનિ ! હે વહાલા ! આપના ચરણો ઘણા જ કોમલ છે' એમ કહેતાં પોતાના હાથથી વિપ્રના ચરણોનું મર્દન કરતાં (કહ્યું):- ૧૦.

(આ શ્લોક ઉપર શ્રીસુબોધિની નથી, તેમ જ આઠમા શ્લોકના આભાસમાં જે ચાર શ્લોકથી ભગવાન્ પોતાના ગુણોનો પ્રકાશ કરે છે એમ કહેલું છે તે ચાર શ્લોકો બારમા શ્લોક સુધીના છે. તેથી આ શ્લોક શ્રીમદાચાર્યચરણે ક્ષેપક માનેલો જણાય છે).

પહેલાંની પેઠે (ભગવાનના ધર્મોથી) વિરુદ્ધ કાયાના ધર્મો નીચેના

શ્લોકથી આરંભી બે શ્લોકોથી વાણીથી જ કહે છેઃ

**પુનીહિ સહલોકં માં લોકપાલાંશ્ચ મદ્ગતાન્ ।।**
**પાદોદકેન ભવતસ્તીર્થાનાં તીર્થકારિણા ।।૧૧।।**

તીર્થોને પણ તીર્થ બનાવનારાં આપના ચરણનાં જલથી લોકો સહિત મને અને મારી અંદર રહેલા લોકપાલોને આપ પવિત્ર કરો. ૧૧.

પવિત્રપણામાં ઘણું ઐશ્વર્ય પ્રાપ્ત કરેલા ભગવાન્ પરમ પવિત્ર રૂપવાળા છે. તેથી જ તેમણે (પોતાના) નખના જલરૂપ ગંગામાં આજ્ઞાથી પવિત્રપણું મૂક્યું. તેમ ન હોય તો શાસ્ત્રમાં જેની મના કરેલી છે તેવા (નખના જલ = ગંગા)માં પવિત્ર-પણું ક્યાંથી હોય? (૧) આ 'મને પવિત્ર કરો' એવું (વચન) તે (ઐશ્વર્ય)થી વિરુદ્ધ છે. લોકસહિત (ભગવાને) પોતાને અપવિત્ર જણાવવા એ (ઐશ્વર્યથી) ઘણું જ વિરુદ્ધ છે. ભગવાન્ પોતાના ધર્મોને તે (ભૃગુ)માં મૂકીને, તેમના ધર્મો પોતે ગ્રહણ કરીને આ પ્રમાણે સર્વ કહે છે. (ભગવાન્) તેમ ન કરે તો બ્રાહ્મણ (ભૃગુ)નો નાશ થાય, અને પ્રમેયના બલને લીધે સન્માર્ગનો જ નાશ થાય. જેમ મોટો રાજદ્રોહ કરવામાં આવે ત્યારે રાજાના નોકરો તે (રાજદ્રોહ કરનાર)નો નાશ જ કરે, પણ જો તે રાજા પોતાનો અપરાધ કરનારને પોતાના સિંહાસન ઉપર બેસાડે તો પીડા કરનારા ઓ બધા (કાર્ય) સાધનારા થઈ પીડા ન કરે, (અને જો રાજા) તેમ ન કરે તો હરકોઈ રીતે તેનો નાશ જ કરે, તેથી ભગવાન્ એ નિયમને લીધે (ભૃગુની) સ્તુતિ કરે છે, અને પોતાના ગુણોનું તેમનામાં સ્થાપન કરતાં (તે બંને) સરખા નહિ હોવાથી, તેમના (ભૃગુના) ગુણો (પોતે) ગ્રહણ કરે છે. આ (ભગવાનને) હલકાઈ પ્રાપ્ત કરાવનારી લીલા મોહ કરાવનારી જાણવી. (૨) 'મારી અંદર રહેલા લોકપાલોને પવિત્ર કરો' એ શબ્દોથી ઘણી જ દીનતા દેખાડતાં (પોતાના) વીર્યથી વિરુદ્ધ (ગુણ) કહે છે. પોતાની અંદર જે રહેલા છે તેમનો તે (ભૃગુ)ને સંબંધ જ થતો નથી, તો (ભૃગુથી તેમનું) પાવન થવાપણું તો ક્યાંથી જ સંભવે? (૩) તેમાં પણ ચરણના જલથી (ભૃગુ ભગવાનને) પવિત્ર કરે એ કીર્તિથી ઘણું જ વિરુદ્ધ છે; 'તીર્થોને પણ તીર્થ બનાવનારાં', એ વિશેષણથી ગંગા વિગેરે પણ આ (ભૃગુના ચરણનાં જલ)થી જ તીર્થ છે એવો તેનો પવિત્ર કરવાનો ગુણ કારણ સહિત કહેલો છે. ૧૧.

નીચેના શ્લોકમાં લક્ષ્મી (વિગેરે)થી વિરુદ્ધ ધર્મ જણાવે છેઃ

**અદ્યાહં ભગવન્ લક્ષ્મ્યા આસમેકાન્તભાજનમ્ ।।**
**વત્સ્યત્યુરસિ મે ભૂતિર્ભવત્પાદહતાંહસઃ ।।૧૨।।**

હે ભગવન્! આજે હું લક્ષ્મીનું નિત્યનું સ્થાન થયો છું. આપના ચરણથી

જેનાં પાપો દૂર થએલાં છે તેવાની મારી છાતી ઉપર લક્ષ્મી વસશે. ૧૨.

(૪) આધિદૈવિક(બ્રહ્માનંદરૂપ) લક્ષ્મી ભગવાનમાં નિત્ય રહેનારી છે, અને આ (જેની વાત ચાલે છે તે) આધિભૌતિકી (વિષ્ણુની શક્તિરૂપ લક્ષ્મી છે), તે પણ નિત્ય છે, અને તેથી ભગવાનનું આ વચન લક્ષ્મીના સ્વરૂપથી અને પોતાના સ્વરૂપથી વિરુદ્ધ છે. (૫) 'મારી છાતી ઉપર લક્ષ્મી વસશે' એ શબ્દોથી જ્ઞાનથી વિરુદ્ધ ધર્મ કહે છે, કારણ કે જે જ્ઞાનથી ભરપૂર હોય તેમનામાં ક્રિયાશક્તિ રહેતી નથી. (૬) તેમાં પણ '(લક્ષ્મી) અંતરંગ થઈ વસશે' એવી ઈચ્છા દર્શાવેલી હોવાથી વૈરાગ્યથી પણ વિરુદ્ધ (ધર્મ) જણાવેલ છે. (૭) 'આપનાં ચરણથી જેનાં પાપો દૂર થએલાં છે' એ શબ્દોથી આપના ચરણાવિંદના સંબંધથી પોતાનાં પાપોનો નાશ થવાનું કહ્યું તે ધર્મીથી વિરુદ્ધ છે. એ પ્રમાણે ધર્મો (ગુણો) સહિત પોતાને તે (ભૃગુ)માં મૂકીને, તેના (ધર્મો) પોતે ગ્રહણ કરીને (ભગવાને) તે પ્રમાણે કહેલું છે. આથી જ 'કોઈ સમયે જ્યારે તું મારા ચરણોની સેવા કરીશ ત્યારે તારા પાપનો નાશ થશે' એવો પ્રાયશ્ચિત્ત કરવાનો ઉપદેશ પણ તેને કરેલો છે. એ પ્રમાણે પોતાનું માનરહિત હોવાપણું અને માન આપનાર હોવાપણું પ્રકટ કરતાં ભગવાને સત્પુરુષોનો માર્ગ દૃઢ કરેલો છે. ૧૨.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**એવ બ્રુવાણે વૈકુણ્ઠે ભૃગુસ્તન્મન્દ્રયા ગિરા ।।**
**નિર્વૃતસ્તર્પિતસ્તૂષ્ણીં ભક્ત્યુત્કણ્ઠોઽશ્રુલોચનઃ ।।૧૩।।**

એ પ્રમાણે વૈકુંઠ (ભગવાન્) વદતા હતા ત્યારે તેમની નરમાશવાળી વાણીથી ભૃગુને સંતોષ થયો. તે તૃપ્ત થઈ શાંત રહ્યા, ભક્તિની ઈચ્છાવાળા અને લોચનમાં અશ્રુવાળા થયા. ૧૩.

તે (ભૃગુ) તો પરીક્ષા (કરવા) માટે જ આવેલા તેથી ભગવાનમાં હલકાઈ છે એવું તેમણે ન માન્યું, પણ (તેમનું) કાયા, વાણી અને મનના ચરિત્રને ગુણ (તરીકે) જ સ્વીકાર્યું. તેથી જ તે સંપૂર્ણ રીતે સંતોષ પામ્યા એમ કહે છે. આરંભમાં 'તેમની નરમાશવાળી વાણીથી (ભૃગુને) સંતોષ થયો', અને ભગવાનને પોતાના ગુણો (તેમનામાં) મૂકી તેમને તૃપ્ત કર્યા. તેથી તેમણે સનક વિગેરેની પેઠે પ્રત્યુત્તર અથવા સંદેહ કર્યા નહિ, પરંતુ શાંત રહ્યા. વળી ભગવાન્ અદ્‌ભુત કર્મ કરનારા છે. તેમણે પોતાના ભક્તિના વિરોધવાળા કર્મથી તે (ભૃગુ)ને ભક્તિ આપી, એમ 'ભક્તિની ઈચ્છાવાળા અને લોચનમાં અશ્રુવાળા થયા' એ શબ્દથી કહેલું છે. પ્રેમરૂપ ભક્તિથી તે ભગવાનમાં (ભગવાનને પ્રાપ્ત કરવાની) પરમ ઈચ્છાવાળા

થયા, અને 'અહો ! ભગવાનનું ચરિત્ર (કેવું છે) !' એમ આશ્ચર્યને લીધે લોચનમાં અશ્રુવાળા પણ થયા. ૧૩.

ભગવાનનું માહાત્મ્ય જાણીને, (પોતાનો) નિર્ણય જાહેર કરવા તે આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પુનઃ સ્વસત્રમાવ્રજ્ય મુનીનાં બ્રહ્મવાદિનામ્ ।।**
**સ્વાનુભૂતમશેષેણ રાજન્ ભૃગુરવર્ણયત્ ।।૧૪।।**

હે રાજન ! ફરીથી બ્રહ્મવાદી મુનિઓના પોતાના યજ્ઞમાં આવી, ભૃગુએ પોતે જે અનુભવેલું તેનું પૂરેપુરું વર્ણન કર્યું. ૧૪.

'બ્રહ્મવાદી મુનિઓના' એ શબ્દોથી તેઓ જ્ઞાનવાળા અને ક્રિયાવાળા હતા (એમ જણાવેલું છે), અને તેથી જ્ઞાન (પ્રાપ્ત) થશે, એવો તેમને વિશ્વાસ હતો. તેથી (ભૃગુએ) પોતે જે અનુભવેલું તેનું પૂરેપુરું નિઃશંક રીતે વર્ણન કર્યું. અંતમાં 'ભૃગુ' શબ્દ છે તે તેમનું વૈષ્ણવપણું જણાવે છે. ૧૪.

'પછી પણ ફરી સંદેહ રહ્યો કે નહિ ?' એવી શંકા દૂર કરીને, સંદેહ રહિત (જ્ઞાન થયું એમ) જણાવવા નીચેનો શ્લોક કહે છેઃ

**તન્નિશમ્યાથ મુનયો વિસ્મિતા મુક્તસંશયાઃ ।।**
**ભૂયાંસં શ્રદ્દધુર્વિષ્ણું યતઃ શાન્તિર્યતોઽભયમ્ ।।૧૫।।**

તે સાંભળીને પછી મુનિઓ વિસ્મય પામ્યા, સંશય વિનાના થયા, અને જેમનામાંથી શાંતિ અને અભય થાય છે તેવા વિષ્ણુને મોટા ભાગે (મોટા) માનવા લાગ્યા. ૧૫.

ભગવાનના ચરિત્રનું શ્રવણ કરીને આરંભમાં વિસ્મય પામ્યા, કારણ કે થોડી સરસાઈ જાણવા માટે પ્રવૃત્તિ કરેલી અને ઘણી જ (વિષ્ણુની) સરસાઈ તેઓએ જાણી. પછી 'સંશય વિનાના થયા', કારણ કે ભગવાન્ જ મોટા છે એવો (તેમનો) નિશ્ચય થયો. આમ હોવા છતાં પણ 'મોટા ભાગે વિષ્ણુને જ માનવા લાગ્યા' એટલે આ (વિષ્ણુ) જ મોટા છે એ વિષયમાં શ્રદ્ધા રાખવા લાગ્યા, પરંતુ જેઓ પિતા તરીકે અથવા ગુરુ તરીકે બીજામાં (બ્રહ્મમાં અથવા મહાદેવમાં) પણ શ્રદ્ધાવાળા હતા, તેવા બીજામાં શ્રદ્ધાવાળાઓને બોધ કરવા પ્રમાણ પણ શક્તિવાળું નહિ હોવાથી, તેઓએ ભગવાનને પોતાના સેવ્ય (બ્રહ્મા અથવા મહાદેવ) જેવા જ જાણ્યા, તેથી તેઓને બાતલ કરવા 'ઘણા ભાગે' શબ્દ યોજેલો છે. સત્પુરુષોના માર્ગમાં ભગવાનને જ ઉત્તમ માનવા જોઈએ એમ જણાવવા, 'જેમનામાંથી શાંતિ થાય છે'થી આરંભી, 'તે તીર્થનું સાધન છે' (શ્લોક ૧૯ના અંત) સુધીથી સત્પુરુષો ના માર્ગને ઉપયોગી બધાએ ગુણો ભગવાનમાં છે એમ

કહે છે. સત્પુરુષોના માર્ગમાં આરંભમાં ગુણોનો ખળભળાટ ન થવાની જરુર છે, પછી ભગવાનના ધર્મો અને માર્ગની રક્ષા(ની જરુર છે). તે (માર્ગની રક્ષા)માં પણ છ ગુણો અને ભગવાનનું વર્ણ કરવું જોઈએ. એ પ્રમાણે ભક્તિમાર્ગમાં સોળ કલાવાળા[1] ભગવાનનું વર્ણન થશે. (૧) શાંતિ અંદરનો ધર્મ છે. આથી ઈન્દ્રિયોના રજોગુણનો ખળભળાટ થતો અટકે છે. (૨) જે (વિષ્ણુ)માંથી અભય, ભયનો અભાવ એટલે સત્ત્વગુણના ખળભળાટ નો અટકાવ થાય છે. ૧૫.

**ધર્મઃ સાક્ષાદ્યતો જ્ઞાનં વૈરાગ્યં ચ દયાન્વિતમ્ ।।**
**ઐશ્વર્યં ચાષ્ટધા યસ્માદ્યશશ્ચાત્મમલાપહમ્ ।।૧૬।।**

જેમનાથી ધર્મ, દયા સાથે સાક્ષાત્ જ્ઞાન અને સાક્ષાત્ વૈરાગ્ય થાય છે, અને જેમનાથી આઠ પ્રકારનું ઐશ્વર્ય અને અંતઃકરણના મેલને હરનાર યશઃ થાય છે. ૧૬.

(૩) ધર્મ તમો ગુણના (ખળભળાટને) અટકાવનારો છે. પછી ભગવાનના ધર્મો (કહે છે). (૪) જે (ભગવાન્)માંથી સર્વ પ્રાણીઓને સાક્ષાત્ એટલે ઉપાધિ વિનાનું જ્ઞાન અને (૫) તેવા જ પ્રકારનું વૈરાગ્ય (પ્રાપ્ત થાય છે). 'દયા સાથેનું' એ (જ્ઞાન અને વૈરાગ્ય) બંનેનું વિશેષણ છે. જ્ઞાનથી અને વૈરાગ્યથી પ્રાણીઓને પીડા (થવાનું) સંભવે છે, તેથી તે (પીડા ન થાય તે) માટે આ (વિશેષણ) કહેલું છે. દયાના ભાવ માટે ભગવાને અર્જુનને ઉપદેશ આપેલો. વૈરાગ્યથી પોતાનાં (સગાંઓ)ને પીડા થાય છે એ લોકમાં પ્રસિદ્ધ છે. કોઈ ગ્રંથમાં ('દયાન્વિતમ્'ને બદલે) 'તદન્વિતમ્' એવો પાઠ છે. ત્યારે 'જ્ઞાનસહિત વૈરાગ્ય', પરંતુ માંકડાનો વૈરાગ્ય નહિ, એવો અર્થ (કરવો). (૬) જે ભગવાન્ પાસેથી 'અણિમા' વિગેરે વિભાગવાળું આઠ પ્રકારનું ઐશ્વર્ય અને (૭) યશ પ્રાપ્ત થાય છે. 'આત્મનઃ' અંતઃકરણના 'મલં' મેલને હરનાર એ યશનું વિશેષણ છે. આ (વિશેષણ)થી નાટક કરનારા અથવા વિદૂષક વિગેરેને દાન આપીને દુષ્ટ પ્રકારથી જે યશ પ્રાપ્ત કરેલો હોય તેને બાતલ કરેલો છે. (૮-૯) શ્રી અને વીર્યનો ચાલુ પ્રસંગમાં એવો ઉપયોગ નહિ હોવાથી, વીર્યનો દયામાં, અને શ્રીનો આઠ પ્રકારના ઐશ્વર્યમાં સમાવેશ (શુક) માને છે. ૧૬.

એ પ્રમાણે ભગવાન્ પાસેથી પ્રાણીઓને આ પ્રાપ્ત થાય છે એમ જણાવી, માર્ગ(નું ઉત્તમપણું) સિદ્ધ થાય તે માટે નીચેના શ્લોકથી આરંભી ત્રણ

૧. ગુણોના ખળભળાટનો અટકાવ. ગુણો ત્રણ હોવાથી આ ત્રણ થાય છે. પછી ભગવાનના ધર્મો આ છ હોવાથી નવ થયા. પછી માર્ગની રક્ષા, તે ભગવાનના છ ગુણો અને ધર્મી એમ સાત પ્રકારની થતાં (૯+૭) સોળ થાય છે. (લે)

શ્લોકથી માર્ગને અનુકૂલ ભગવાનના ગુણો કહે છેઃ

**મુનીનાં ન્યસ્તદંડાનાં શાન્તાનાં સમચેતસામ્ ।।**
**અકિંચનાનાં સાધૂનાં યમાહુઃ પરમાં ગતિમ્ ।।૧૭।।**

જે (ભગવાન્)ને શાંત સમચિત્તવાળા અકિંચન સાધુ અને સંન્યાસવાળા મુનિઓના પરમ ફલરૂપ કહે છે. ૧૭.

(૧૦) જે ભગવાન્ છ ગુણોવાળાઓના પણ 'પરમા ગતિઃ' પરમ ફલરૂપ છે, એવો અર્થ છે. 'કહે છે' શબ્દથી (આ વિષયનું) પ્રમાણ જણાવેલું છે. 'એટલે જ્યાંથી (કોઈ) પાછું ન ફરે', અને જેથી આગળ જવાતું નથી (તે). છ ગુણોવાળા મુનિઓના જ ફલરૂપ ભગવાન્ છે એવું જ્ઞાન થાય તે માટે તેમના (મુનિઓના) છ ગુણોનું વર્ણન કરે છે. (ક) મનન જ્ઞાનનું સાધન છે. તેનાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. (ખ) (કોઈને) સજા ન કરવી તે વૈરાગ્ય છે. (ગ) શાંતિ કીર્તિ છે. (ઘ) સમચિત્તપણું શ્રી છે. (ઙ) 'અકિંચન' શબ્દથી વીર્ય (જણાવેલ હોવાનું) સંભવે છે, કારણ કે જેને (ધનની) ઈચ્છા હોય તેઓ તે (અકિંચનપણું) રાખતા નથી. (ચ) 'સાધુ' શબ્દથી સારો આચાર કહેલો છે. આ (છ ગુણોવાળા મુનિઓના પરમ ફલરૂપ હોવા)થી ઐશ્વર્ય જણાવેલું છે, કારણ કે (ભગવાન્) લૌકિક સામગ્રીથી વૈદિકપણું પ્રાપ્ત કરાવે છે. એ પ્રમાણે સત્પુરુષોના માર્ગમાં (ભગવાનનું) ફલરૂપપણું એક ગુણ છે. ૧૭.

નીચેના શ્લોકમાં (આ સત્પુરુષોના માર્ગના) સાધનનું ઉત્તમપણું જણાવે છેઃ

**સત્ત્વં યસ્ય પ્રિયા મૂર્તિર્બ્રાહ્મણાસ્ત્વિષ્ટદેવતાઃ ।।**
**ભજન્ત્યનાશિષઃ શાન્તા યં વા નિપુણબુદ્ધયઃ ।।૧૮।।**

સત્ત્વ જેમની પ્રિય મૂર્તિ છે, બ્રાહ્મણો તો જેમના ઈષ્ટ દેવતા છે, અથવા જેમને ફલની ઈચ્છા નહિ રાખનાર, શાંત, કુશલબુદ્ધિવાળાઓ ભજે છે. ૧૮.

(૧૧) સત્ત્વગુણ જ ભગવાનને જણાવનારો છે. (૧૨) સત્ત્વ ઉત્પન્ન કરનારાઓ પણ તે (સત્પુરુષોના માર્ગ)માં સહેલાઈથી પ્રાપ્ત થાય છે એમ 'બ્રાહ્મણો તો ઈષ્ટ દેવતા છે' એ શબ્દોથી કહેલું છે. આથી એમ જણાવ્યું કે (આ માર્ગમાં) પ્રમાણ વિઘ્ન કરતું નથી. વળી (૧૩) જે માર્ગમાં 'અનાશિષઃ' ફલની ઈચ્છા નહિ રાખનારા, 'શાન્તાઃ' (શાંત એટલે) સાધનના દોષ વિનાના (અને) 'નિપુણબુદ્ધયઃ' (કુશલ બુદ્ધિવાળા એટલે) વિવેક અને જ્ઞાનવાળાઓ એવા ત્રણ ગુણવાળાઓ ભગવાનનું ભજન કરે છે, એમ જે પ્રાપ્ત કરવાનું છે તેનું ઉત્તમપણું (જણાવેલું છે). 'વા' 'અથવા' એ શબ્દ બેદરકારી દર્શાવવા યોજેલો છે, કારણ કે ભગવાનના

ભજનમાં કુશલ બુદ્ધિની બહુ જરુર નથી. એ પ્રમાણે ચારગુણો[1] કહ્યા. ૧૮.

(બાકીના) બે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત્રિવિધાકૃતયસ્તસ્ય રાક્ષસા અસુરાઃ સુરાઃ ।।**
**ગુણિન્યા માયયા સૃષ્ટાઃ સત્ત્વં તત્તીર્થસાધનમ્ ।।૧૯।।**

રાક્ષસો, અસુરો અને દેવો એવી ત્રણ પ્રકારની, ગુણવાળી માયાએ સર્જેલી તેમની આકૃતિઓ છે. (જે) સત્ત્વ છે તે તીર્થનું સાધન છે. ૧૯.

(૧૪)ભગવાનની આકૃતિ એટલે રૂપ ત્રણ પ્રકારનાં છે. રાક્ષસો તામસ, અસુરો રાજસ, અને દેવો સાત્ત્વિક, એમ તેમને ગણાવે છે. આથી એમ કહ્યું કે ભગવાન્ સર્વરૂપવાળા હોવાથી સર્વમાં ભગવદ્‌બુદ્ધિ રાખવી એ એક ગુણ છે. (૧૫) તે (બધા)માં પણ સત્ત્વ છે તે 'તીર્થાનામ્' પવિત્ર કરનારાનું સાધન છે. આ (છેલ્લો જણાવેલો ગુણ) વૈરાગ્ય છે. તેની પહેલાંનો (સર્વમાં ભગવદ્‌બુદ્ધિ રાખવી તે) જ્ઞાનના સ્થાનનો છે. ભજન શ્રી છે, બ્રાહ્મણો કીર્તિ છે, સત્ત્વ બલ (વીર્ય) છે, અને ગતિ ઐશ્વર્ય છે. (૧૬) 'યસ્માત્' 'જેમનામાંથી' (જૂઓ શ્લોક ૧૬ તેમ જ બીજા શ્લોકોમાં 'યતઃ' પણ કહેલ છે) એ શબ્દથી ભગવાન્ કહેલા હોવાથી ધર્મી જણાવ્યા. તેથી સર્વ પ્રકારથી શ્રીકૃષ્ણ જ મોટા છે એમ જણાવ્યું. ૧૯.

આ પ્રસંગથી નીકળતો વૃત્તાંત કહી, 'નિર્ણય કરનારાઓનું શું થયું' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

શ્રીશુક કહે છેઃ

**ઈત્થં સારસ્વતા વિપ્રા નૃણાં સંશયનુત્તયે ।।**
**પુરુષસ્ય પદામ્ભોજસેવયા તદ્ગતિં ગતાઃ ।।૨૦।।**

આ રીતે સરસ્વતીના તીરે રહેનારા વિપ્રો માણસોનો સંશય દૂર કરવા પુરુષના ચરણકમલની સેવા કરી, તેનાથી (પ્રાપ્ત થતું) ફલ પામ્યા. ૨૦.

'વિષ્ણુ ભક્તિથી જ પ્રસન્ન થાય છે, બીજા કોઈ પણ સાધનથી પ્રસન્ન થતા નથી, અને તે જ મોક્ષ આપનારો છે, ભક્તિ જ મોક્ષ પ્રાપ્ત કરવાનું સાધન છે' એ વાક્ય પ્રમાણે પ્રમાણમાં ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરેલા સરસ્વતીના તીરે રહેનારા મુનિઓએ 'માત્ર વાણીથી માણસોનો સંશય દૂર થતો નથી' એમ વિચારી, તેમનો સંશય દૂર કરવા પોતે ભજન કરી, પછી તે જ (ભગવાનના ચરણકમલની) સેવાથી, તે (સેવા)થી જ પ્રાપ્ત થઈ શકે તેવા ભગવાનની પ્રાપ્તિ કરી. ૨૦.

---

૧. ઐશ્વર્ય ગયા (સત્તરમા) શ્લોકમાં કહ્યું. 'સત્ત્વ બલ (વીર્ય) છે, બ્રાહ્મણો કીર્તિ છે, અને ભજન શ્રી છે' એમ આવતા શ્લોકના શ્રીસુબોધિનીજીમાં કહેશે. આ વીર્ય, કીર્તિ અને શ્રી આ શ્લોકમાં કહેલા છે. તેથી ૧૭।૧૮ શ્લોકોમાં ચાર ગુણો કહેવાયા.

એવી રીતે ઉપાખ્યાન ફલ આપનારું થાય છે એમ કહીને તેવું ફલ સદાએ (પ્રાપ્ત) થાય છે એમ જણાવવા નીચેના શ્લોકમાં સૂત (તેના) ફલનું શ્રવણ (શ્રવણનું ફલ) કહે છેઃ

સૂત કહે છેઃ

**ઈત્યેતન્મુનિતનયાસ્યપદ્મગન્ધપીયૂષં ભવભયભિત્પરસ્ય પુંસઃ ।।**
**સુશ્લોકં શ્રવણપુટૈઃ પિબત્યભીક્ષ્ણં પાન્થોઽધ્વભ્રમણપરિશ્રમં જહાતિ ।।૨૧।।**

એવું આ મુનિના પુત્રના મુખરૂપી કમલની ગંધવાળા અમૃતરૂપ, ભવના ભયનો નાશ કરનારું, પર પુરુષનું સારા શ્લોકવાળું (ચરિત્ર), જે મુસાફર કાનના પોલાણોથી વારંવાર પીએ છે તે માર્ગનો શ્રમ તજે છે. ૨૧.

'ઈતિ' 'એવું' એ શબ્દ કથાની સમાપ્તિ સૂચવે છે. 'એતત્' 'આ' શબ્દ કથાનું અનુસંધાન કરે છે, કારણ કે હરકોઈ પાસેથી પણ સાંભળેલું (આ) ભગવાન નું ચરિત્ર કાર્ય પાર પાડે છે જ. પરંતુ સાધારણ પણ (ભગવાનનાં ચરિત્રો) ભક્તના મુખથી શ્રવણ કરવામાં આવે ત્યારે જ ફલરૂપ થાય છે એમ જણાવવા 'મુનિના પુત્રના મુખરૂપી કમલની ગંધવાળા અમૃતરૂપ' એવું વિશેષણ યોજેલું છે. 'મુનિના પુત્ર' એ શબ્દથી (શ્રીશુકે કહેલું હોવાથી) ખોટું જ્ઞાન નથી એમ કહેલું છે. 'મુખરૂપી કમલ' એ શબ્દથી (આ ચરિત્રનું) પાન કરવામાં ક્લેશ થતો નથી એમ કહેલું છે, કારણ કે કમલ નીચે પડેલું હોય ત્યારે તો (તે લેવા માટે) નીચા વળવાનો ક્લેશ થાય છે. 'ગંધવાળું અમૃત' એ શબ્દથી (આ) ચરિત્ર ભક્તિરસથી તરબોળ થએલું (છે એમ) કહેલું છે. આ (શબ્દથી આ ચરિત્ર) સ્વતઃ પુરુષાર્થરૂપ (છે એમ) જણાવેલું છે. 'ભવના ભયનો નાશ કરનારું' એ વિશેષણથી (આ મોક્ષ) પ્રાપ્ત કરાવનારું (છે એમ) કહે છે. (આ) સંસારના ભયને દૂર કરે છે. 'ભવ' શબ્દ એમ જણાવે છે કે (આ) ભય દૂર થઈ શકે નહિ તેવો છે. કીર્તિ (આ ચરિત્ર) (આવું ફલ) પ્રાપ્ત કરાવનારી છે તેનું કારણ 'પર પુરુષનું' એ શબ્દથી કહેલું છે, કારણ કે પ્રકૃતિની મધ્યે રહેલા (કોઈ પુરુષ)નું ચરિત્ર આવું હોતું નથી. 'સારા શ્લોકવાળું' એ વિશેષણથી (આ ચરિત્ર) શબ્દથી પણ ઉત્તમ (છે એમ) કહેલું છે. 'શોભનાઃ' સારા વ્યાસ વિગેરેએ કરેલા 'શ્લોકાઃ' શ્લોકો છે જેની અંદર તેવું (આ છે). 'શ્રવણપુટૈઃ' 'ઉંચા કરેલા કાનના પોલાણથી' એમ બહુવચનથી (એમ સૂચવેલું છે કે) 'દશ હજાર કાન કરો' એ વાક્ય પ્રમાણે વરદાન તરીકે પ્રાપ્ત થએલા (કાનોથી જે સાંભળે છે.) એ પ્રમાણે જે સંસારનો મુસાફર હોઈ વારંવાર આ ચરિત્ર પીએ છે તે સાધન દશામાં રહેલો હોય ત્યારે પણ તેનો ક્લેશ દૂર થાય છે, એવો અર્થ છે. ૨૧.

એવી રીતે પ્રમાણબલથી ભગવાનની જ્ઞાનશક્તિ જણાવી. પ્રમેયબલથી

(ભગવાનની જ્ઞાનશક્તિ) જણાવવા માટે શુક પોતે નીચેના શ્લોકથી ચોસઠમા શ્લોક સુધીનાં બીજાં ઉપાખ્યાનનો આરંભ કરે છે.

શ્રીશુક કહે છેઃ

**એકદા દ્વારવત્યાં તુ વિપ્રપત્ન્યાઃ કુમારકઃ ।।**
**જાતમાત્રો ભુવં સ્પૃષ્ટ્વા મમાર કિલ ભારત ।।૨૨।।**

હે ભારત ! એક સમયે દ્વારકામાં તો વિપ્રની સ્ત્રીનો પુત્ર જન્મ્યો કે તરત જ ભૂમિનો સ્પર્શ કરીને ખરેખર મરણ પામ્યો. ૨૨.

પ્રમેયબલમાં પૂર્વપક્ષમાં કાલના પણ બલનું નિરૂપણ કરવું જોઈએ, તેથી દેશ વિગેરેના બલ સાથે વિરોધ થતો નથી. આ દશ (બ્રાહ્મણીના પુત્રો) જેમને માટે ભગવાન્ (દૂર) પધારશે તે લીલારૂપ હતા, અથવા પ્રાણરૂપ હતા, અથવા નિર્ગુણ ભક્તિ સાથે ભક્તિરૂપ હતા[1], એવો (ભાવ છે). કેટલાક એમ કહે છે કે તેજને પાછું લાવવું જોઈએ તેથી (ભગવાન્) અર્જુન સાથે પધારેલા. વાસ્તવિક રીતે તો આ અનિરુદ્ધ ચરિત્ર હોવાથી ભગવાન્ અર્જુન સાથે પધાર્યા છે. અર્જુન પાસે સર્વ દેવતાઓનાં અસ્ત્રો છે, તેથી તે (અર્જુન)નું સામર્થ્ય નિષ્ફલ થતાં બધાએ (દેવતાઓ)નું સામર્થ્ય નિષ્ફલ થાય છે એમ જણાવવા તેની (અર્જુનની) કથા (કહેલી છે). 'એક સમયે' એટલે જે કાલે પોતાનું સામર્થ્ય દેખાડવાની પોતાની ઈચ્છા થઈ ત્યારે. 'વૈકુંઠમાં એમ (પોતાનું સામર્થ્ય દેખાડવાની ભગવાનની ઈચ્છા) કેમ થાય?' એવી શંકા દૂર કરવા 'તુ' 'તો' શબ્દ યોજેલો છે. કોઈ એક વિપ્રની સ્ત્રીનો 'કુમારકઃ' પુત્ર જન્મ્યો કે તરત જ, તે સમયે કાલ ભૂમિ પર રહેલો હોવાથી ભૂમિનો માત્ર સ્પર્શ થતાં જ મરણ પામ્યો. 'કિલ' 'ખરેખર !' શબ્દથી પ્રસિદ્ધિ (જણાવી) શુક પોતાનો દોષ નથી એમ જણાવે છે. 'હે ભારત !' એવું સંબોધન (પરિક્ષિતને) વિશ્વાસ રહે, તે માટે કરેલું છે. ૨૨.

આવો વૃત્તાંત પહેલાં બનેલો ન હતો તેથી, ભગવાને પહેલાં કાલને ભોગ કરતો અટકાવ્યો હતો તેથી ભગવાન્ વિરાજેલા હોવા છતાં પણ જે (મારો) પુત્ર મરણ પામ્યો, તે શંબૂકના* ન્યાયથી થએલ હોવાથી, (મારો પુત્ર) પાછો આવશે,

---

૧. શ્રીમદ્ભાગવત ૨।૧૦।૧માં સર્ગ, વિસર્ગ વિગેરે ભગવાનની દશ લીલાઓ કહેલી છે. પ્રાણો પણ દશ છે. નવ પ્રકારની ભક્તિ શ્રીમદ્ભાગવત્ ૭।૫।૨૩માં કહેલી છે. તે અને નિર્ગુણ અથવા પ્રેમલક્ષણા ભક્તિ મળી ભક્તિ પણ દશ પ્રકારની થાય છે.

*. કમલવાળા માનસ સરોવરમાં પણ જલના દોષને લીધે છીપાં પણ થાય છે. તે પ્રમાણે ભગવાન્ જ્યાં વિરાજતા હોવાથી તે પાછો આવશે, એવો અર્થ છે. (લે). રામચંદ્રના રાજ્યમાં શંબૂક નામનો શૂદ્ર તપ કરતો હતો. તે રાજાના દોષથી જેમ બ્રાહ્મણનો બાલક

એમ (વિચારી) આ પ્રમાણે રાજાના દોષથી જ થએલું છે એમ તેઓને (રાજાના સભાસદોને) જણાવતાં બ્રાહ્મણ બાલકને લઈ રાજાના દરબારમાં ગયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**વિપ્રો ગૃહીત્વા મૃતકં રાજદ્વાર્યુપધાય સઃ ।।**
**ઈદં પ્રૌવાચ વિલપન્નાતુરો દીનમાનસઃ ।।૨૩।।**

દુઃખી થએલા તે બ્રાહ્મણે મરેલા (પુત્ર)ને લઈ, રાજાના દ્વાર ઉપર (તેને) મૂકી રડતાં (રડતાં) લાચાર મનથી આ (નીચે પ્રમાણે) કહ્યુંઃ

ઓસડવેસડ કરવાં જેવું ન હતું એમ જણાવવા 'મરેલા' એ વિશેષણ યોજેલું છે. મડદું લઈ જનારના વચન ઉપર વિચાર કરવાની શાસ્ત્રમાં મના હોવાથી 'રાજાના દ્વાર પર મૂકી' એ શબ્દો યોજેલા છે. (રાજાના દ્વાર ઉપર) મૂકી 'આ કહ્યું' એટલે નીચે પ્રમાણે કહ્યું. તે ઢોંગ કરતો ન હતો એમ જણાવવા 'રડતાં (રડતાં)' એ શબ્દથી તેનો બહારનો ભાવ જણાવેલો છે. 'લાચાર મનથી' એ શબ્દથી (તેનો) અંદરનો ભાવ કહેલો છે. ૨૩.

**બ્રહ્મદ્વિષઃ શઠધિયો લુબ્ધસ્ય વિષયાત્મનઃ ।।**
**ક્ષત્રબન્ધોઃ કર્મદોષાત્પઞ્ચત્વં મે ગતોઽર્ભકઃ ।।૨૪।।**

બ્રાહ્મણનો દ્વેષ કરનાર, દુષ્ટબુદ્ધિવાળા, લોભી, વિષયમાં આસક્તિવાળા ક્ષત્રિયનામધારીના કર્મના દોષથી મારો બાલક પંચત્વ પામ્યો. ૨૪.

'દ્વારકામાં જેવો રાજા જોઈએ તેવો આ ઉગ્રસેન નથી તેથી ઘણા ભાગે તેનો દોષ હશે' એવા અભિપ્રાયથી (આ શ્લોક) કહે છે. (૧) બ્રાહ્મણોનો દ્વેષ (૨) દુષ્ટ બુદ્ધિ અને (૩) લોભ એ ત્રણ રાજાના મોટા દોષો છે. (૪) 'વિષયમાં આસક્ત હોવું' એ ચોથો સાધારણ દોષ છે. ઘણું કરીને આ રાજા (એ) ચારે પ્રકારના (દોષવાળો) છે. બ્રાહ્મણોના દ્વેષને લીધે તેનામાં ધર્મ નથી, દુષ્ટ બુદ્ધિને લીધે અર્થ નથી, લોભને લીધે કામ નથી, (અને) વિષયમાં આસક્તિને લીધે મોક્ષ નથી. તેથી તે રાજા પુરુષાર્થ વિનાનો છે. તેવા (રાજા)નાં કર્મો તેનામાં પુરુષાર્થ નહિ હોવાથી તેને નુકશાન કરવા શક્તિવાળાં નહિ હોવાથી, મારા ઉપર પડ્યાં છે એમ 'મારો બાલક પંચત્વ[1] પામ્યો' એ શબ્દોથી કહેલું છે. ચાર (દોષ) રાજા જ

(પિતા જીવતાં) મરણ પામ્યો હતો અને શંબૂકને રામે હણવાથી સજીવન થયો હતો, તેમ આ પણ જીવશે. એવો અર્થ જણાય છે. 'શંબૂક' શબ્દનો અર્થ છીપ પણ થતો હોવાથી લેખકારે એવો અર્થ કરેલ છે.

૧. 'પંચત્વ' એટલે પાંચપણું. દેહ પાંચ મહાભૂતોનો બનેલો હોવાથી જેનું મરણ થાય તેનો દેહ એ પાંચ મહાભૂતોમાં ભળી જાય છે. તેથી 'પંચત્વ પામવું' એટલે મરણ પામવું એવો અર્થ

પામેલો છે, તેની જ પંચત્વ(ની સ્થિતિ થાય તો) તે ક્ષત્રિયનામધારી હોવાથી (તેની) રક્ષા થશે નહિ એમ (વિચારી), બ્રાહ્મણો તેના (તે રાજાના) હોવાથી (તેવાં કર્મો) તેઓના ઉપર પડે છે. ૨૪.

'શિષ્ય અને યજ્ઞ કરનારનો ગુરુમાં (સમાવેશ થાય છે)' એ વાક્ય પ્રમાણે આ (રાજાનાં કર્મો બ્રાહ્મણને ભોગવવાં પડે તેવું વચન) પુરોહિતના સંબંધમાં કહેલું છે, અને તું તો સાધારણ બ્રાહ્મણ છે. તેવો (સાધારણ બ્રાહ્મણ રાજાના દોષથી) કેમ દુઃખી થયો ? એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**હિંસાવિહારં નૃપતિં દુઃશીલમજિતેન્દ્રિયમ્ ।।**
**પ્રજા ભજન્ત્યઃ સીદન્તિ દરિદ્રા નિત્યદુઃખિતાઃ ।।૨૫।।**

હિંસામાં જ આનંદ માનનાર, દુષ્ટ વર્તનવાળા, જેણે ઈન્દ્રિયો જીતેલી નથી તેવા તે રાજાને ભજનારી પ્રજા નિરાશ થાય છે, દરિદ્ર થાય છે, અને સદા દુઃખી થાય છે. ૨૫.

રાજાનો મોટા  ત્રિદોષ (મોટા ત્રણ દોષો) રાજ્યમાં રહેલા બધાને એ લાગે છે. (૧) હિંસામાં જ આનંદ છે જેનો (૨) દુષ્ટ છે વર્તન જેનું અને (૩) દુષ્ટોનું પોષણ કરનારા[૧] એવા ત્રણ દોષો ક્રમથી કહે છે. 'તેવા રાજાને ભજનારી પ્રજા' ધીરે ધીરે તે તે દોષ પામે છે. આરંભમાં હિંસાનું ફલ નિરાશા પામે છે, એટલે મૂએલા જેવી થાય છે. દુષ્ટ વર્તનને લીધે ધર્મ થતો નહિ હોવાથી દરિદ્ર થાય છે. પછી શત્રુ ઉપર જય થતો નહિ હોવાથી સદા દુઃખી થાય છે. ઉપદેશ (આપવા)માટે એ પ્રમાણે કહી, બાલકને લઈ, (તે બ્રાહ્મણ) જાય છે. ૨૫.

એ પ્રમાણે એક વાર કથા કહી, નીચેના શ્લોકમાં બીજા પ્રસંગોને (તે કથા) લાગુ પાડે છેઃ

**એવં દ્વિતીયં વિપ્રર્ષિસ્તૃતીયં ત્વેવમેવ ચ ।।**
**વિસૃજ્ય સ નૃપદ્વારિ તાં ગાથાં સમગાયત ।।૨૬।।**

એ પ્રમાણે તે ઉત્તમ બ્રાહ્મણે બીજાને, અને ત્રીજાને તો એ જ પ્રમાણે રાજાને દ્વારે મૂકીને તે ગીત ગાયું. ૨૬.

એ પ્રમાણે બીજાને અને ત્રીજાને પણ એ જ પ્રમાણે રાજાને દ્વારે મૂક્યું. બાલકને લાવીને જ એ પ્રમાણે બોલતો. પછી લોકોને તે વૃત્તાંતનું જ્ઞાન થયું. તેથી પછીના છ પુત્રો લાવ્યો ન હતો, પરંતુ પોતે જ આવીને એ વાક્ય બોલતો. ત્રીજા બાલકને તો* ત્યાં જ મૂકી ગએલો એમ જણાય છે. દ્વારકામાં ભગવાન્ મુખ્ય

થાય છે. ૧. અહિં બીજા અને ત્રીજાનો ક્રમ બદલાઈ ગએલો જણાય છે.

*. 'તુ' 'તો' શબ્દ એમ સૂચવે છે કે પહેલાંનો પ્રકાર આમાં ન હતો. તેથી (આ ભેદ ત્રીજાના

હતા. તે શાંત રહેતા. 'જેમ બ્રાહ્મણનો કાયાથી થએલ અપરાધ સહન કર્યો તેમ વાણીથી થતો પણ સહન કરવો' એમ (વિચારી), ત્યાંના બધાએ રહેવાસીઓ શાંત રહેતા. જેમ બ્રહ્મનો વિચાર કરવામાં પ્રવૃત્ત થએલાનું (કાર્યનું) તેમ થતું (સહન કરતા) કારણ કે તે બ્રહ્મનું કાર્ય હતું, તેમ અહિં પણ ભગવાન્ (બાલકોને) લઈ જતા, તેથી (બધા) શાંત રહેતા. ૨૬.

તેમનાથી જૂદા સ્વભાવવાળો, જીવની જ સ્થિતિ પ્રાપ્ત કરેલી હોવાથી દ્વારકામાં ગએલ હોવા છતાં લૌકિક બુદ્ધિથી 'હું જ પ્રજાનો પતિ છું' એવા અભિમાનવાળાએ કાંઈક કહ્યું, એમ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

**તામર્જુન ઉપશ્રુત્ય કર્હિચિત્કેશવાન્તિકે ।।**
**પરેતે નવમે બાલે બ્રાહ્મણં સમભાષત ।।૨૭।।**

કોઈ સમયે નવમો બાલક મરણ પામ્યો ત્યારે કેશવની પાસે (બેઠેલા) અર્જુને તે (ગીત) સાંભળીને બ્રાહ્મણને (નીચે પ્રમાણે) કહ્યુંઃ- ૨૭.

'કેશવની પાસે જ બેસીને સાંભળીને બ્રાહ્મણને કહ્યું' એવો (વાક્યનો) સંબંધ છે. ભગવાન્ ભક્તને માટે જ સર્વ કરે છે[1] એમ જણાવવા, તે (ભક્તને માટે કરવાના કાર્ય)માં વિલંબ ન થાય તે માટે 'નવમો બાલક મરણ પામ્યો ત્યારે' એમ કહેલું છે. ગુણોનું કાર્ય (પુરું) થયું[2] ત્યારે (તે) નહિ સહન કરનાર અહંકારના દેવતાએ તેમ કહ્યું. 'આ એક (સ્ત્રી)માં દશ પુત્રો ઉત્પન્ન કર' એ શ્રુતિ પ્રમાણે મર્યાદા (માર્ગ) પ્રમાણે દશ જ પુત્રો થાય. તેથી (નવમો મરણ પામતાં) એક જ બાકી રહ્યો. તેથી વિલંબ નહિ કરતાં બ્રાહ્મણને (નીચે પ્રમાણે) કહ્યું. ૨૭.

અર્જુન એમ માનતો હતો કે મૃત્યુ એ (બ્રાહ્મણના બાલક)ને લઈ જતું હતું. તે મૃત્યુ બ્રાહ્મણ અને ક્ષત્રિયોનો મિત્ર છે એમ 'જેનું બ્રહ્મ અને ક્ષત્ર બંને ખોરાક છે, મૃત્યુ જેનું ઘીરૂપ છે' એ વાક્ય જણાવેલું છે, કારણ કે (બધા) સમાન દુઃખવાળા હોવાથી (મિત્ર થાય છે). તેમાં બંને (બ્રાહ્મણ અને ક્ષત્રિય) પોતપોતાના ધર્મમાં રચ્યા પામેલા જોઈએ, પણ માત્ર તે જાતિના (બ્રાહ્મણ અને ક્ષત્રિય) હોય તેટલું પૂરતું નથી. તેથી તે (અર્થ) નીચેના શ્લોકમાં કહે છેઃ

**કિંસ્વિદ્બ્રહ્મંસ્ત્વન્નિવાસે ઇહ નાસ્તિ ધનુર્ધરઃ ।।**

---

૧. ભગવાને નવ બાલકો મૂઆ ત્યાં સુધી સહન કર્યું તેનું કારણ અહિં કહેલ છે. ભગવાન્ નિર્ગુણ જ કાર્ય કરે છે. તેથી નવમું બાલક મૂઆ પછી વિલંબ કરવાના નથી, એવો અર્થ છે. (લે)

૨. ગુણો નવ હોવાથી, બ્રાહ્મણના નવ પુત્રો મરણ પામતાં ગુણોનું કાર્ય પુરું થયું, એવો ભાવ છે.

**રાજન્યબન્ધવો હ્યેતે બ્રાહ્મણાઃ સત્રભાસતે ।।૨૮।।**

હે બ્રાહ્મણ ! તારા ધામમાં અહિં કોઈ ધનુષ્ય ધારણ કરનાર નથી ? આ તો ક્ષત્રિયનામધારી છે. બ્રાહ્મણો યજ્ઞ કરે છે. ૨૮.

તું જ્યાં રહે છે ત્યાં કોઈ પણ ધનુષ્ય ધારણ કરનાર ક્ષત્રિય નથી ? 'ઘણાએ છે જ, આ બધા સભામાં રહેલા (બેઠેલા) છે' એમ કહે, તેથી 'આ તો ક્ષત્રિય- નામધારી છે' એમ કહેલું છે. આ ઉત્તમ ક્ષત્રિયો નથી, પરંતુ આમના વડવાઓ ક્ષત્રિયો હતા, એવો અર્થ છે. 'બ્રાહ્મણનો એવો દોષ કેમ નહિ હોય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છે કે 'બ્રાહ્મણો તો યજ્ઞ કરે છે' જ. ૨૮.

તેથી અલૌકિક (બ્રાહ્મણોના) દોષથી બાલકોનું મરણ થતું નથી, પરંતુ ક્ષત્રિયોના જ દોષથી થાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ધનદારાત્મજાપૃક્તા યત્ર શોચન્તિ બ્રાહ્મણાઃ ।।**
**તે વૈ રાજન્યવેષેણ નટા જીવન્ત્યસુંભરાઃ ।।૨૯।।**

જ્યાં (જેના રાજ્યમાં) ધન, સ્ત્રી અને પુત્રરહિત થઈ બ્રાહ્મણો દુઃખી થાય છે તે જરુર નાટક કરનારાઓ, રાજાના વેષથી, પ્રાણનું પોષણ કરી જીવે છે. ૨૯.

જેમની સર્વ સંજોગોમાં આવશ્યકતા છે તેવાં ધન, સ્ત્રી અને પુત્રથી 'અપૃક્તાઃ' રહિત, એટલે એકલા, એવો અર્થ છે. જ્યાં બ્રાહ્મણો એ પ્રમાણે (એકલા થઈ) દુઃખ પામે છે તે રાજાઓ 'વૈ' જરુર નાટક કરનારાઓ જ છે. રાજાઓ વેષ લઈ લોકો પાસેથી અન્ન પ્રાપ્ત કરી તેઓ જીવે છે, તેથી પ્રાણનું પોષણ કરનારા છે. ૨૯.

બ્રાહ્મણનું જો રક્ષણ કરવામાં આવે તો તે બીજાનું (ક્ષત્રિયનું) રક્ષણ કરે, પરંતુ તે પોતાનું રક્ષણ કરવા શક્તિમાન નથી. તેમ (બ્રાહ્મણ પોતાનું રક્ષણ કરવા શક્તિમાન) હોય તો ક્ષત્રિયને બનાવ્યા તે વ્યર્થ થાય. 'તેથી બ્રહ્મ અને ક્ષત્ર અન્યો અન્ય પોતાનું રક્ષણ કરે છે', 'તેમનું રક્ષણ કરવા અમને બનાવેલા છે' એમ (કહેલું છે). તેથી આ પ્રસંગમાં ક્ષત્રિયે અવશ્ય રક્ષણ કરવું જોઈએ. તેથી હું રક્ષણ કરીશ, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**અહં પ્રજાં વાં ભગવન્રક્ષિષ્યે દીનયોરિહ ।।**
**અનિસ્તીર્ણપ્રતિજ્ઞોઽગ્નિં પ્રવેક્ષ્યે હતકલ્મષઃ ।।૩૦।।**

હે ભગવાન્ ! હું તમો બે દુઃખીઓની પ્રજાનું અહિં રક્ષણ કરીશ. પ્રતિજ્ઞા પૂરી ન કરું તો અગ્નિમાં પ્રવેશ કરીશ (અને) પાપરહિત થઈશ. ૩૦.

'વામ્' તમો બે સ્ત્રી અને પુરુષની (પ્રજાનું રક્ષણ કરીશ), કારણ કે તેનું

રક્ષણ થતાં, તમો બંનેની સેવા થશે. તે[1] દયાવાળો નથી એમ સૂચવવા 'દુઃખીઓની' એ શબ્દ યોજેલો છે. 'તારા વાક્યમાં શું વિશ્વાસ ?' એવી શંકા થાય, તેથી 'પ્રતિજ્ઞા પૂરી ન કરું (તો અગ્નિમાં પ્રવેશ કરીશ)' એમ કહેલું છે. 'તું અગ્નિમાં પ્રવેશ કરે તેથી શું વળે ? બાલક તો જીવે નહિ જ' એવા હાર્દથી 'પાપરહિત થઈશ' એમ કહે છે. એમ થશે (અગ્નિમાં પ્રવેશ કરશે) તો તે (અર્જુન)ને પાપ નહિ થાય, કારણ કે તેણે ક્ષત્રિયના દેહનો ત્યાગ કર્યો હશે. ૩૦.

તે સમયે બ્રાહ્મણ (તેનો) મિત્ર હોવાથી, અજ્ઞાની માની, નીચેના શ્લોકથી (તેને) ઉપદેશ કરે છેઃ

**સંકર્ષણો વાસુદેવઃ પ્રદ્યુમ્નો ધન્વિનાં વરઃ ।।**
**અનિરુદ્ધોઽપ્રતિરથો ન ત્રાતું શક્નુવન્તિ યત્ ।।૩૧।।**
**તત્કથં નુ ભવાન્કર્મ દુષ્કરં જગદીશ્વરૈઃ ।।**
**ચિકીર્ષસિ ત્વં બાલિશ્યાત્તન્ન શ્રદ્દધ્મહે વયમ્ ।।૩૨।।**

જે કારણથી સંકર્ષણ, વાસુદેવ, ધનુર્ધારીઓમાં ઉત્તમ પ્રદ્યુમ્ન અને જેની સામે કોઈ ટકી ન શકે તેવા અનિરુદ્ધ રક્ષણ કરવાને શક્તિમાન નથી તેવું, જગતના ઈશ્વરોથી થઈ ન શકે તેવું, તે કાર્ય કરવાને તું કેમ (ઇચ્છે છે) ! તું મૂર્ખાઈથી (તે) કરવા ઇચ્છે છે, તેથી અમને (તારા વાક્યમાં) શ્રદ્ધા નથી. ૩૧-૩૨.

'સંકર્ષણ' (વિગેરે)થી સ્વભાવથી પણ સર્વ પ્રકારે રક્ષણ કરનાર ચાર મૂર્તિવાળા ભગવાનને જણાવે છે. 'ધનુર્ધારીઓમાં ઉત્તમ' એ શબ્દથી લૌકિક શક્તિ પણ સૂચવેલી છે. પહેલાં (કહેલા) બે (સંકર્ષણ અને વાસુદેવ)નું સામર્થ્ય તો જોવામાં આવેલું છે (તેથી જણાવ્યું નથી). અનિરુદ્ધ તો જેની સામે ટકી ન શકે તેવા છે. કોઈનાથી પણ રોકાઈ શકે તેવા નહિ હોવાથી, તે(મના નામ)નું સાર્થકપણું (અર્થ પ્રમાણે જ હોવાપણું) જણાવેલું છે. એ પ્રમાણે (ચારે) મળીને પણ મારા પુત્રનું રક્ષણ કરવા શક્તિમાન થતા નથી. 'જે કારણથી' (શક્તિમાન થતા નથી), એટલે એવું કાંઈક કારણ છે કે જેને લીધે તેઓ પણ શક્તિમાન થતા નથી, એવો અર્થ છે. ૩૧.

'(તેઓ શક્તિમાન થતા નથી) તેટલાથી શું (કહેવા ઇચ્છે છે) ?' એવી શંકા થાય, તેથી બત્રીસમો શ્લોક કહેલો છે. આ (ચાર) ભગવાનના અવતાર હોવાથી 'જગતના ઈશ્વરો' છે. થઈ ન શકે તેવું (વચન) બાલક જ બોલે છે, તેથી

૧. 'તે' એટલે 'ઉગ્રસેન' રાજા, દુઃખીનું કાર્ય કરતો નથી, તેથી દયાવાળો નથી, એવો અર્થ છે. (લે) વૃંદાવન પ્રેસવાળા ગ્રંથમાં 'દયાવાળો છે' પાઠ છે. ત્યાં અર્જુન દયાવાળો છે, એમ સૂચવવા એમ કહેલું છે એમ જાણવું.

તું (અર્જુન) મૂર્ખ છે. તેથી તારા વાક્યમાં અમને શ્રદ્ધા નથી. ૩૨.

અર્જુન તો એમ માને છે કે 'ચાર મૂર્તિવાળા ભગવાન્ પોતાનું મુકરર કરેલું કાર્ય કરનારા છે. તેમના અંશનો પણ તેમનામાં જ સમાવેશ થાય છે, પરંતુ જે તેમનો અંશ ન હોઈને[1] પણ અમુક કાર્ય કરવા ઉત્પન્ન થએલ હોય, તે એવું (કાર્ય) કરી શકે છે.' તેથી તે (પોતે) સંકર્ષણ વિગેરે નથી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

અર્જુન કહે છેઃ

**નાહં સંકર્ષણો બ્રહ્મન્ન કૃષ્ણઃ કાર્ષ્ણિરેવ વા ।।**
**અહં વા અર્જુનો નામ ગાણ્ડીવં યસ્ય વૈ ધનુઃ ।।૩૩।।**

હે બ્રાહ્મણ ! હું સંકર્ષણ નથી, તેમ જ પ્રદ્યુમ્ન પણ નથી. હું નિશ્ચય અર્જુન છું કે જેનું ધનુષ્ય ગાંડીવ જ છે. ૩૩.

(આ કાર્યમાં) જગતના ઈશ્વર હોવાપણું નકામું છે, કારણ કે પોતાનું મુકરર કરેલું કાર્ય કરનાર હોવાપણું (આ કાર્ય કરવામાં) નડતરરૂપ છે. 'કાર્ષ્ણિઃ' એટલે (શ્રીકૃષ્ણના પુત્ર) પ્રદ્યુમ્ન. 'વા' 'પણ' એ શબ્દથી અનિરુદ્ધની અવગણના (દર્શાવિલી છે). અથવા (અર્જુન) પોતે અનિરુદ્ધનો અંશ હોવાથી, '(હું અનિરુદ્ધ નથી)' એમ સ્પષ્ટ કહેતો નથી, કારણ કે તેમ ન હોય તો (એમ સ્પષ્ટ કહે તો), તે ખોટું બોલનાર થાય. હું 'વૈ' નિશ્ચયપૂર્વક અર્જુન છું, કે જે ગાયોને પાછી લાવેલ હતો, અને મારું સાધન અને કાર્ય અસાધારણ (ઉત્તમ) છે એમ કહે છે. 'જેનું ધનુષ્ય ગાંડીવ જ છે' એ શબ્દોથી (પોતાના) સાધનનું ઉત્તમપણું જણાવેલું છે. ૩૩.

**માવમંસ્થા મમ બ્રહ્મન્ વીર્યં ત્ર્યમ્બકતોષણમ્ ।।**
**મૃત્યું વિજિત્ય પ્રધને આનેષ્યે તે પ્રજાં પ્રભુઃ ।।૩૪।।**

હે બ્રાહ્મણ ! શંકરને પ્રસન્ન કરનારા મારા વીર્યની અવગણના ન કર. યુદ્ધમાં મૃત્યુને જીતીને હું તારા બાલકને લાવીશ; હું (તેમ કરવા) શક્તિમાન છું. ૩૪.

'શંકરને પ્રસન્ન કરનારા' એ વિશેષણથી કાર્યનું ઉત્તમપણું (જણાવેલું છે), કારણ કે તે (શંકર) મૃત્યુને જીતનારા છે, બીજા કોઈથી મૃત્યુ જીતી શકાય તેવું નથી. તે (તેવા શંકર) પણ જ્યારે મારા વીર્યથી પ્રસન્ન થાય છે, ત્યારે હું મૃત્યુને જીતું તેમાં શું સંદેહ ? એવો ભાવ છે. જો માગવામાં આવતાં મૃત્યું (તારું બાલક

૧. સંકર્ષણ વિગેરેની પેઠે તેમની સંતતિ (તેમના વંશ)માં મારો પ્રવેશ નથી, (હું તેમના કુલમાં જન્મ્યો નથી), છતાં પણ અમુક ખાસ કાર્ય કરવા ઉત્પન્ન થએલો હોવાથી હું તે કરી શકીશ એવો અર્થ છે. (લે)

મને) આપશે, તો કાંઈ પણ ચિંતા નથી, અથવા જો (મારી સાથે) લડાઈ કરશે તો પણ લડાઈમાં હું મૃત્યુને જીતીને તારા બાલકને લાવી આપીશ, કારણ કે હું (તેમ કરવા) શક્તિવાળો છું. ૩૪.

એ પ્રમાણે યોગ્યતા સહિત જણાવવામાં આવતાં, બ્રાહ્મણને વિશ્વાસ ઉત્પન્ન થયો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં વિશ્રમ્ભિતો વિપ્રઃ ફાલ્ગુનેન પરંતપ ।।**
**જગામ સ્વગૃહં પ્રીતઃ પાર્થવીર્યં નિશામયન્ ।।૩૫।।**

હે શત્રુઓને દુઃખી કરનાર ! ફાલ્ગુને એ પ્રમાણે વિશ્વાસ આપેલો વિપ્ર, પ્રસન્ન થઈ, અર્જુનનું પરાક્રમ સંભળાવતો પોતાના ઘેર ગયો. ૩૫.

એ પ્રમાણે (કરવાથી આ બ્રાહ્મણને) 'વિશ્રમ્ભઃ' વિશ્વાસ થયો, કારણ કે આ 'વિપ્ર' હતો, અને વિપ્ર પાછળથી બુદ્ધિ આવે તેવા હોય છે. 'હે શત્રુઓને દુઃખી કરનાર !' એ વિશેષણ (પરિક્ષિતને કથામાં) વિશ્વાસ રહે તે માટે કરેલું છે. 'ફાલ્ગુન' એ શબ્દ લોકમાં વિજળીને રોકનાર તરીકે પ્રસિદ્ધ છે. તે નામથી ઓળખાતો અર્જુન મૃત્યુને કેમ રોકે નહિ? એવો બ્રાહ્મણને વિશ્વાસ થયો; પછી ગામમાં બધા સ્થલે અર્જુનનું પરાક્રમ સંભળાવતો, તે પોતાના ઘેર ગયો. ૩૫.

પછી એક વર્ષ સુધી આનંદમાં રહ્યો; પછી જે થયું તે કહે છેઃ

**પ્રસૂતિકાલ આસન્ને ભાર્યાયા દ્વિજસત્તમઃ ।।**
**પાહિ પાહિ પ્રજાં મૃત્યોરિત્યાહાર્જુનમાતુરઃ ।।૩૬।।**

પત્નીના પ્રસવનો સમય થયો ત્યારે ઉત્તમ બ્રાહ્મણે દુઃખી થઈ, રક્ષણ કરો, (મારા) બાલકનું મૃત્યુથી રક્ષણ કરો, એમ અર્જુનને કહ્યું. ૩૬.

ઉત્તમ બ્રાહ્મણ મોટો પુરુષ છે. તેમ ન કરે (અર્જુન રક્ષણ ન કરે) તો શાપ આપે. 'મૃત્યુથી મારા બાલકનું રક્ષણ કરો' એમ કહ્યું. 'દુઃખી થઈ' એ શબ્દથી એમ કહેલું છે કે (તે બ્રાહ્મણના) શરીરમાં પણ લાચારી જણાતી હતી. ૩૬.

પછી અર્જુને રક્ષણ (કરવા)નો પ્રકાર કર્યો તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ ઉપસ્પૃશ્ય શુચ્યમ્ભો નમસ્કૃત્ય મહેશ્વરમ્ ।।**
**દિવ્યાસ્ત્રાણિ ચ સંસ્મૃત્ય સજ્જં ગાણ્ડીવમાદદે ।।૩૭।।**

તેણે પવિત્ર જલનું આચમન કરી, મહાદેવને નમસ્કાર કરી, દિવ્ય અસ્ત્રોનું સ્મરણ કરી સજ્જ કરેલું ગાંડીવ લીધું. ૩૭.

'મહાદેવના બલને લીધે હું સર્વ કરીશ' એવા વિચારથી અર્જુન સર્વ દેવોના આવેશવાળો થઈ તેમ (રક્ષણ કરવાની તૈયારી) કરે છે. દેવતા સમીપ રહે તે માટે (જલનું) આચમન કરે છે. 'પવિત્ર જલ' એટલે મંત્રથી પવિત્ર કરેલું જલ.

દેવતાને (સમીપ રહેવાની) પ્રાર્થના કરવા માટે નમસ્કાર કરે છે. સર્વ પ્રસંગોએ સર્વ અસ્ત્રોનો સંબંધ રહે તે માટે બધાંએ દિવ્ય અસ્ત્રોનું સ્મરણ કરે છે. 'સજ્જ કરેલું' એટલે દોરી ચઢાવેલું ગાંડીવ તેણે લીધું. એમ જોવામાં આવે તેવી તેની સામગ્રીનું વર્ણન કર્યું. ૩૭.

**ન્યરુણત્સૂતિકાગારં શરૈર્નાનાસ્ત્રયોજિતૈઃ ।।**
**તિર્યગૂર્ધ્વમધઃ પાર્થશ્ચકાર શરપઞ્જરમ્ ।।૩૮।।**

અર્જુને જુદાં જુદાં અસ્ત્રોથી સુવાવડીના ઘરને ઢાંકી દીધું, અને આડે, ઊંચે અને નીચે બાણોનું પાંજરું બનાવ્યું. ૩૮.

બીજા કોઈ પણ દેવતા (સુવાવડીના ઘરમાં) પ્રવેશ ન કરે તે માટે 'જુદાં જુદાં અસ્ત્રોથી ગોઠવેલાં બાણોથી' (તેને ઢાંકી દીધું), પછી સર્વ બાજુએ બાણોનું પાંજરું બનાવ્યું. ૩૮.

**તતઃ કુમારઃ સઞ્જાતો વિપ્રપત્ન્યા રુદન્ મુહુઃ ।।**
**સદ્યોऽદર્શનમાપેદે સશરીરો વિહાયસા ।।૩૯।।**

પછી વારંવાર રડતો, (તે) બ્રાહ્મણની સ્ત્રીનો પુત્ર જન્મ્યો, (અને) તરત જ આકાશમાર્ગે શરીર સહિત અદશ્ય થયો. ૩૯.

પછી પાંજરાની અંદર જ પુત્ર જન્મ્યો. બ્રાહ્મણની સ્ત્રી પાસેથી 'મારે કઠણ માર્ગથી જવાનું છે' એવા (વિચાર)થી ભૂમીનો સ્પર્શ કર્યા વિના[1] (તે) તરત જ અદશ્ય થયો, એટલે શરીર સહિત જ આકાશમાર્ગથી જતો રહ્યો. આકાશને અને કાલ તથા માયાને ભેદી ભગવાનના ધામમાં જઈ, લોકાલોકથી દૂરના ભાગમાં ભગવાન્ સાથે પ્રકટ થયો, એવો અર્થ છે. ૩૯.

**તદાહ વિપ્રો વિજયં વિનિન્દન્કૃષ્ણસન્નિધૌ ।।**
**મૌઢ્યં પશ્યત મે યોऽહં શ્રદ્દધે ક્લીબકત્થનમ્ ।।૪૦।।**

તે સમયે બ્રાહ્મણે શ્રીકૃષ્ણની હાજરીમાં અર્જુનની નિંદા કરતાં કહ્યું કે :- 'હું જેણે હીજડાની બડાઈમાં શ્રદ્ધા રાખી તેવાની મારી મૂર્ખાઈ જૂઓ..' ૪૦.

તે સમયે પત્નીએ વૃત્તાંત (બાલક શરીર સહિત આકાશ માર્ગે જતો રહ્યો તે) કહ્યો, ત્યારે (બ્રાહ્મણે) ભગવાનની પાસે આવી, અર્જુનની ઘણી જ નિંદા કરતાં (અર્જુનને) ખળભળાટ કરે તેવાં વચન કહ્યાં. દોઢ શ્લોકથી (બ્રાહ્મણ અર્જુનની) નિંદા કરે છે. અર્જુન દુષ્ટ નથી, હું જ મૂર્ખ છું. 'તે કેમ બને ?' એમ જાણવાની ઇચ્છા થાય, તેથી 'હું જેણે હીજડાની બડાઈમાં શ્રદ્ધા રાખી તેવાની

૧. ભૂમિનો સ્પર્શ થાય તો એ બાલકમાં એ પ્રમાણે જવાનું સામર્થ્ય રહે નહિ, એવો ભાવ છે. (લે)

મારી જ મૂર્ખાઈ જૂઓ' એમ કહેલું છે. જો તેનામાં શૌર્યનો સંભવ પણ હોત તો તેનામાં હીજડાપણું ન હોત. ૪૦.

**ન પ્રદ્યુમ્નો નાનિરુદ્ધો ન રામો ન ચ કેશવઃ ।।**
**યસ્ય શેકુઃ પરિત્રાતું કોઽન્યસ્ત્રાતુમધીશ્વરઃ ।।૪૧।।**

જેનું રક્ષણ પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, રામ તથા કેશવ કરી શક્યા નથી તેનું રક્ષણ કરવા બીજો કોણ સમર્થ હોઈ શકે ? ૪૧.

જો ધન આપીને પુત્રોનું રક્ષણ કરી શકાતું હોત, તો પ્રદ્યુમ્ન[1] (તેમનું) રક્ષણ કરત. જો બલથી થઈ શકતું હોત, તો અનિરુદ્ધ[2] કરત. જો આનંદ ઉત્પન્ન કરાવીને (રક્ષણ થઈ શકતું હોત), તો રામ[3] (બલભદ્ર) કરત; અને જો સૃષ્ટિ અને પ્રલયથી રક્ષણ કરી શકાતું હોત તો 'કેશવ[4]' તે કરત. આમના નગરમાં હું રહેતો હોવાથી, જો તેમનામાં શક્તિ હોત તો તેમણે રક્ષણ કરવું જરુરી હતું. રક્ષણ કરવાનું આમનાથી પણ બની શક્યું નહિ, તેથી જણાય છે કે બીજો કોઈ (રક્ષણ કરવાનો) ઉપાય છે જ નહિ. તેમ હોવાથી, 'રક્ષણ કરવા બીજો કોણ સમર્થ હોઈ શકે ?' જો ધર્મથી રક્ષણ થઈ શકતું હોત, તો મેં જ[4] રક્ષણ કર્યું હોત, એવા (આશયથી) ચાર જ (રક્ષણ કરનારા) ગણાવેલા છે. ૪૧.

**ધિગર્જુનં મૃષાવાદં ધિગાત્મશ્લાધિનો ધનુઃ ।।**
**દૈવોપસૃષ્ટં યો મૌઢ્યાદાનિનીષતિ દુર્મતિઃ ।।૪૨।।**

દૈવે હણેલાને જે દુષ્ટ બુદ્ધિવાળો મૂર્ખાઈને લીધે લાવવાની ઈચ્છા રાખે છે, તેવા અસત્ય બોલનારા અર્જુનને ધિક્કાર છે ! પોતાની શ્લાઘા કરનારાના ધનુષ્યને ધિક્કાર છે. ૪૨.

એવા પાંચ સાધનો વિનાનો હોવા છતાં પણ અર્જુને (બાલકનું) રક્ષણ કરવાનું જે કહ્યું તે (કારણ)થી અર્જુનને ધિક્કાર છે, કારણ કે તે ખોટું બોલે છે. તેના ધનુષ્યને પણ ધિક્કાર છે. તેને બાળી નાખો. 'ધનુષ્યનો શું અપરાધ ?' એવી શંકા થાય, તેથી 'પોતાની શ્લાઘા કરનારાના' એ વિશેષણ યોજેલું છે. જે પોતાની ખોટી જ શ્લાઘા કરે છે તેવા (અર્જુનનું તે ધનુષ્ય છે). શૂરવીરો પ્રતિજ્ઞા કરે છે,

---

૧. દ્યુમ્ન એટલે ધન; પ્રદ્યુમ્ન એટલે ઘણું જ ધન.

૨. કોઈથી રોકી ન શકાય, કોઈ જેની સામે યુદ્ધમાં ટકી ન શકે તે અનિરુદ્ધ ( અ+નિરુદ્ધ ).

૩. રમણ (આનંદ) કરાવે તે રામ.

૪-૪. 'ક' = બ્રહ્મા + ઈશ = મહાદેવ- ઉત્પત્તિ અને પ્રલય કરનારા. એ પ્રમાણે ચારે શબ્દોનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ લઈ આ કહેલ છે. હું બ્રાહ્મણ હોવાથી ધર્મ કરનારો છું. તેથી ધર્મથી રક્ષણ થતું હોત તો મેં જ કર્યું હોત, એમ કહેલ છે.

પછી કોઈ વાર પ્રતિજ્ઞા પૂરી થાય છે, અને કોઈ વાર પૂરી થતી નથી, તેટલાથી પ્રતિજ્ઞા કરનારને દોષ લાગતો નથી, એવી શંકા થાય તેથી 'દૈવે હણેલાને (લાવવાની ઈચ્છા રાખે છે)' એમ કહેલું છે. સંશયવાળા વિષયમાં પ્રતિજ્ઞા (કરવી) યોગ્ય છે, પરંતુ નક્કી થએલા વિષયમાં (પોતાથી બની નહિ જ શકે એમ નક્કી હોય તેવી બાબતમાં) (પ્રતિજ્ઞા કરવી) યોગ્ય નથી, એવો ભાવ છે. એમ હોવા છતાં જે પ્રતિજ્ઞા કરે તે દુષ્ટ બુદ્ધિવાળો છે. ૪૨.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં શપતિ વિપ્રર્ષૌ વિદ્યામાસ્થાય ફાલ્ગુનઃ ।।**
**યયૌ સંયમનીમાશુ યત્રાસ્તે ભગવાન્ યમઃ ।।૪૩।।**

એ પ્રમાણે વિપ્રર્ષિ શાપ આપતો હતો ત્યારે અર્જુન વિદ્યાનો ઉપયોગ કરી, જ્યાં ભગવાન્ યમ રહે છે તે સંયમની તરત જ ગયો. ૪૩.

વિદ્યાનો ઉપયોગ કરીને, એટલે ઈચ્છેલી ગતિ આપવાની દેવોની વિદ્યાનો ઉપયોગ કરીને, ત્યાંથી ફાલ્ગુન એટલે ઘણો નિર્ભય (અર્જુન) યમની નગરી સંયમની ગયો. સંયમની (૧) દુઃખ ભોગવવાની ભૂમિ અને (૨) યમની રાજધાની (બે પ્રકારની) છે. દ્વારકામાં બ્રાહ્મણના ઘેર ઉત્પન્ન થએલો (જીવ) તે (બે પ્રકારની સંયમની) પૈકી દુઃખ ભોગવવાની ભૂમિમાં જાય નહિ એવો નિશ્ચય કરીને 'જ્યાં ભગવાન્ યમ રહે છે (ત્યાં ગયો)' એમ કહેલું છે. ૪૩.

**વિપ્રાપત્યમચક્ષાણસ્તત ઐન્દ્રીમગાત્પુરીમ્ ।।**
**આગ્નેયીં નૈર્ઋતીં સૌમ્યાં વાયવ્યાં વારુણીમથ ।।**
**રસાતલં નાકપૃષ્ઠં ધિષ્ણ્યાન્યન્યાન્યુદાયુધઃ ।।૪૪।।**

(ત્યાં) બ્રાહ્મણના પુત્રને નહિ જોતાં, આયુધો ઉગામીને ત્યાંથી ઈન્દ્રની નગરી (પૂર્વ)માં ગયો, (ત્યાંથી) અગ્નિ, નૈઋત્ય, ઉત્તર, વાયવ્ય, પછી પશ્ચિમ, રસાતલ, સ્વર્ગ અને બીજાં સ્થાનોમાં ગયો. ૪૪.

પછી ત્યાં પણ (બ્રાહ્મણના પુત્રને) નહિ જોતાં પૂર્વના અનુક્રમથી દશે દિશાઓ તેણે શોધી. 'સૌમ્ય' એટલે ઉત્તર દિશા. રસાતલ એટલે નીચે (ભૂમિની નીચે પાતાલ). સ્વર્ગ એટલે ઉપર (આકાશ). 'બીજાં' એટલે ગંધર્વો વિગેરેના સ્થાનો(માં ગયો). તે સર્વ સ્થલે ભય વિના ગયો તેનું કારણ 'આયુધો ઉગામીને' એ શબ્દથી જણાવેલું છે. ૪૪.

'પછી તેણે શું કર્યું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહેલો છેઃ

**તતોઽલબ્ધદ્વિજસુતો હ્યનિસ્તીર્ણપ્રતિશ્રુતઃ ।।**

**અગ્નિં વિવિક્ષુઃ કૃષ્ણેન પ્રત્યુક્તઃ પ્રતિષેધતા ॥૪૫॥**

પછી બ્રાહ્મણનો પુત્ર જેને મળેલો નથી, અને જેની પ્રતિજ્ઞા પૂરી થઈ નથી તેવા, અગ્નિમાં પ્રવેશ કરવા ઈચ્છતા (અર્જુન)ને તેમ કરવાની મના કરતા શ્રીકૃષ્ણે (નીચે પ્રમાણે) કહ્યું. ૪૫.

નથી પ્રાપ્ત થએલો બ્રાહ્મણનો પુત્ર જેનાથી, અને તેથી જ નથી પૂરી થઈ 'પ્રતિશ્રુત' પ્રતિજ્ઞા જેનાથી તેવો (અર્જુન થતાં), પછી તે બીજી પ્રતિજ્ઞા પાર પાડવા તૈયાર થયો, એટલે અગ્નિમાં પ્રવેશ કરવાની તેણે ઈચ્છા કરી. તે (બીજી પ્રતિજ્ઞા) પણ તે પાર પાડી શક્યો નહિ, એમ 'શ્રીકૃષ્ણે કહ્યું' એ શબ્દોથી કહેલું છે. અગ્નિમાં પ્રવેશ (કરવા)ની મના કરતા શ્રીકૃષ્ણથી 'પ્રત્યુક્તઃ' (તે પ્રતિજ્ઞાની) વિરુદ્ધ તેને કહેવામાં આવ્યું. ૪૫.

નીચે શ્લોકમાં ભગવાનનું તે વચન જ કહે છેઃ

**દર્શયે દ્વિજસૂનૂંસ્તે માવજ્ઞાત્માનમાત્મના[૧] ॥**
**યે તે નઃ કીર્તિં વિપુલાં મનુષ્યાઃ સ્થાપયિષ્યન્તિ ॥૪૬॥**

હું તને બ્રાહ્મણના પુત્રો દેખાડું. તું પોતાથી પોતાની અવગણના ન કર. જે તે મનુષ્યો આપણી વિપુલ કીર્તિનું સ્થાપન કરશે. ૪૬.

બ્રાહ્મણના પુત્રો હું તને દેખાડીશ. તે (બ્રાહ્મણના પુત્રો ન મળવાના) કારણથી તું 'આત્મનઃ' પોતાની અવગણના ન કર. અપકીર્તિ (થવા)ના ભયથી તું મરણ પામવા ઈચ્છે છે. જો તું મરણ પામીશ, તો (તારી) અપકીર્તિ વધારે થશે, જો હું કહું છું તે પ્રકારે તું જીવતો રહીશ, તો આ જીવનથી તારી કીર્તિને વિપુલ કરીને પણ મનુષ્યો તેનું સ્થાપન કરશે, એવો અર્થ છે, કારણ કે મનુષ્યો જે જોવામાં આવે તેને ઉત્તમ માનનારા છે, પરંતુ વાસ્તવિક અર્થ જાણતા નથી. તેથી પુત્રને તું લાવીશ તે જોઈને (તારી) કીર્તિ જ ગાશે, એવો અર્થ છે. ૪૬.

**ઈતિ સમ્ભાષ્ય ભગવાનર્જુનેન સહેશ્વરઃ ॥**
**દિવ્યં સ્વરથમાસ્થાય પ્રતીચીં દિશમાવિશત્ ॥૪૭॥**

એ પ્રમાણે કહીને સર્વને વશ રાખનાર ભગવાન્ અર્જુન સાથે પોતાના

---

૧. આ પાઠ બધા પુસ્તકોમાં છે, પ.ભ. ધીરજભાઈએ પ્રસિદ્ધ કરેલા ગ્રંથમાં 'માવજ્ઞાત્માનમા-ત્મના'ને બદલે 'માવજ્ઞાત્મનઃ કૃથાઃ' પાઠ લીધો છે. સામાન્ય પાઠનો શ્રીસુબોધિનીજીમાં જે શબ્દોથી અર્થ કરેલો છે તેને અનુસરી આ પાઠ લીધો જણાય છે, પરંતુ લેખકાર 'અવજ્ઞ' પદ આજ્ઞાર્થ ('લોટ્')ના બીજા પુરુષનું એક વચનનું કેવી રીતે થાય છે તે લંબાણથી વ્યાકરણના નિયમ પ્રમાણે સમજાવે છે. તેથી લેખકારને પર આ સામાન્ય પાઠ સંમત હોવાથી તે જ રહેવા દીધો છે. અર્થ બંનેનો એક જ છે.

દિવ્ય રથમાં બેસી, પશ્ચિમ દિશામાં પધાર્યા. ૪૭.

એ પ્રમાણે કહીને કોઈથી રોકાય નહિ તેવા, સર્વ જાણનાર ભગવાન્ તે અર્જુનની સાથે જ ગરુડની ધજાવાળા પોતાના 'દિવ્યમ્' આધિદૈવિક રૂપવાળા, અથવા સ્વભાવથી અલૌકિક, રથમાં (બેસી), પશ્ચિમ દિશા તરફ પધાર્યા. ૪૭.

**સપ્તદ્વીપાન્ સપ્તસિન્ધૂન્ સપ્ત સપ્ત ગિરીનથ ।।**
**લોકાલોકં તથાતીત્ય વિવેશ સુમહત્તમઃ ।।૪૮।।**

સાત દ્વીપો, સાત સમુદ્રો (અને) સાત સાત પર્વતો તેમ જ ત્યાર પછી લોકાલોકને વટી જઈ ઘણા ગાઢ અંધકારમાં તેમણે પ્રવેશ કર્યો. ૪૮.

જમ્બૂદ્વીપો વિગેરે સાત દ્વીપો, ખારો સમુદ્ર વિગેરે સાત સમુદ્રો, અને દરેક દ્વીપમાં (રહેલા) સાત સાત 'ગિરીન્' મર્યાદા પર્વતોને વટી જઈ 'અથ' (તે) સર્વની પછી સુવર્ણવાળી ભૂમિ પછી (આવેલા) લોકાલોક પર્વતને પણ વટી જઈ, તેની પછીના ભાગમાં જે અંધકાર[૧] છે, તેમાં (ભગવાને) પ્રવેશ કર્યો. ૪૮.

તે પૈકી અંધકારનું માહાત્મ્ય (ગાઢપણું) નીચેના શ્લોકમાં કહે છેઃ

**તત્રાશ્વાઃ શૈબ્યસુગ્રીવમેઘપુષ્પબલાહકાઃ ।।**
**તમસિ ભ્રષ્ટગતયો બભૂવુર્ભરતર્ષભ ।।૪૯।।**

હે ભરતના ઉત્તમ વંશજ ! ત્યાં અંધકારમાં શૈબ્ય, સુગ્રીવ, મેઘપુષ્પ અને બલાહક અશ્વો શક્તિ વિનાના થયા. ૪૯.

ભગવાનના ચારે પ્રસિદ્ધ અશ્વો અંધકારમાં (આગળ) જવાની શક્તિ વગરના થયા. (પરીક્ષિતને) વિશ્વાસ રહે તે માટે સંબોધન કરેલું છે. ૪૯.

**તાન્દષ્ટ્વા ભગવાન્ કૃષ્ણો મહાયોગેશ્વરેશ્વરઃ ।।**
**સહસ્રાદિત્યસઙ્કાશં સ્વચક્રં પ્રાહિણોત્ પુરઃ ।।૫૦।।**

તેઓને (તેવા) જોઈને મોટા યોગેશ્વરોના ઈશ્વર ભગવાન્ શ્રીકૃષ્ણે એક હજાર સૂર્ય જેવા પોતાના ચક્રને (તેમની) આગળ મોકલ્યું. ૫૦.

પછી ભગવાને અશ્વો તે પ્રમાણે આગળ જતા નથી એમ જોઈને, (પોતે) મોટા યોગેશ્વરો બ્રહ્મા વિગેરેના પણ ઈશ્વર (હોઈ) સમર્થ (હોવાથી), 'હરકોઈ પ્રકારે જવું જ છે' એવો નિશ્ચય કરીને એક હજાર સૂર્ય જેવા પોતાના ચક્ર સુદર્શનને (અશ્વોની) આગળ મોકલ્યું. ૫૦.

પછી નીચેના શ્લોકમાં તે અંધકારમાં સુદર્શનની ગતિ કહે છેઃ

**તમઃ સુઘોરં ગહનં કૃતં મહદ્ વિદારયદ્ ભૂરિતરેણ રોચિષા ।।**

---

૧. આ સર્વ દ્વીપો, સમુદ્રો, પર્વતો વિગેરેનાં વર્ણન માટે શ્રીમદ્ ભાગવતના પાંચમા સ્કંધના ઓગણીસ તથા વિસમા અધ્યાયો જૂઓ.

**મનોજવં નિર્વિવિશે સુદર્શનં ગુણચ્યુતો રામશરો યથા ચમૂઃ ।।૫૧।।**

જેમ ધનુષ્યની દોરીમાંથી છુટેલું રામનું બાણ (શત્રુના) સૈન્યોમાં પ્રવેશ કરે તેમ મનના જેવા વેગવાળા સુદર્શને ઘણા જ ઘોર ગાઢ, મોટા બનાવેલા અંધકારનો (તેનાથી) વધારે તેજથી નાશ કરતાં (તેમાં) પ્રવેશ કર્યો. ૫૧.

'ઘણાં જ ઘોર અંધકારનો નાશ કરતાં (તેમાં) પ્રવેશ કર્યો' એવો વાક્યનો સંબંધ છે. અંધકારનો નાશ કરવા માટે તેનો સ્પર્શ (કરવો) પણ કઠણ હતો એમ કહેવા (તેને) 'ઘણું જ ઘોર' કહેલું છે. 'બહુ જ ભયાનક' એવો તે (શબ્દ)નો અર્થ છે. 'ગહનમ્' ઘણું ગાઢ. 'મોટા બનાવેલા' એટલે કદમાં અને બલમાં તેજ કરતાં વધારે; અથવા (કોઈ) આવી ન શકે તે માટે મોટું બનાવેલું. 'એવા અંધકારને કેવી રીતે દૂર કરીને તેમાં પ્રવેશ કર્યો ?' એવી શંકા થાય, તેથી '(તેનાથી) વધારે તેજથી' એ શબ્દો યોજેલા છે. તે (અંધકાર)થી પણ વધારે તેજથી (તેને દૂર કરી પ્રવેશ કર્યો). ઘણો (લાંબો) પ્રદેશ હોવાથી, જવામાં પણ જીંદગી પૂરી થઈ જાય તેથી (આ) પ્રયાસ વ્યર્થ છે, એવી શંકા થાય, તેથી 'મનના જેવા વેગવાળા' વિશેષણ યોજેલું છે. 'જ્યાં જવાનું છે તે દેશ કયા ભાગમાં છે, તેવું સુદર્શનને જ્ઞાન નહિ હોવાથી તે (તે) દેશમાં આગળ કેવી રીતે ગયું ?' એવી શંકા થાય, તેથી '(જેમ) ધનુષ્યથી દોરીમાંથી છુટેલું (રામનું બાણ શત્રુના સૈન્યોમાં પ્રવેશ કરે)' એવું દષ્ટાંત કહેલું છે. જેમ દશરથના પુત્રનું બાણ જે પ્રદેશને લક્ષ્યમાં રાખી મૂકવામાં આવ્યું હોય, તે જ પ્રદેશે પહોંચતું, જડ હોવા છતાં મૂકવાની ગતિની શક્તિને લીધે ચેતનની પેઠે એક લીંટી જેટલું પણ બીજે (આડુંઅવડું) જતું નહિ, તે પ્રમાણે જ્યારે ભગવાને સુદર્શનને ફેંકયું ત્યારે (જ્યાં જવાનું હતું) તે પ્રદેશ તરફ જ ફેંક્યું. જેમ (રામચંદ્રના) બાણને ઈચ્છેલા સ્થાને જવાને માત્ર ધનુષ્યની દોરીમાંથી છૂટવાની જ જરુર હોય છે તેમ (સુદર્શન) ચક્રને પણ (ભગવાનના) હસ્તમાંથી છૂટવાની જ ઈચ્છેલા સ્થાને જવા માટે જરુર છે, બીજું કાંઈ જરુર નથી, એવો અર્થ છે. ૫૧.

પછી ચક્રે જ રસ્તો કર્યો એટલે તે રસ્તે જ રથ ગયો એમ કહે છેઃ

**દ્વારેણ ચક્રાનુપથેન ઉત્તમઃ પરં પરંજ્યોતિરનન્તપારમ્ ।।**
**સમશ્નુવાનં પ્રસમીક્ષ્ય ફાલ્ગુનઃ પ્રતાડિતાક્ષોડપિદધેડક્ષિણી ઉભે ।।૫૨।।**

ચક્રે પાડેલા રસ્તાના દ્વારથી અંત કે છેડા વગરનું ગાઢ અંધકારથી, અને અંત કે છેડા વગરના ઉત્તમ તેજવાળા બ્રહ્મતેજરૂપ સુદર્શનથી વીંટાએલા (રથ)ને જોઈને અર્જુનની આંખો અંજાઈ ગઈ અને તેણે બંને આંખો બંધ કરી. ૫૨.

'ચક્રાનુપથેન દ્વારેણ' ચક્રે પડેલા રસ્તાથી તેવો ગાઢ જ અંધકાર, (આ 'સમશ્નુવાનમ્' કૃદંતનું) કર્મ (છે). 'પરમ્' ઉત્તમ 'જ્યોતિઃ' તેજ છે જેનું તેવું

સુદર્શન. 'પરમ્' એટલે બ્રહ્મતેજરૂપ. 'અનંતપારમ્' (અંત કે છેડા વગરનું) એ (અંધકાર અને તેજ) બંનેનું વિશેષણ છે. અંધકાર અને તેજ બંનેથી સારી રીતે વીંટાએલા, એટલે આગળના અને પાછળના ભાગમાં તેજથી અને અંધકારથી વીંટાએલા રથને જોઈને, ફાલ્ગુન વિજળીનું નિવારણ કરનાર હોવા છતાં પણ, જેની આંખો ઘણી જ અંજાઈ ગએલી છે તેવો થયો. વિજળીથી અંજાઈ ગએલી આંખોવાળાની પેઠે ભય પામ્યો, એવો અર્થ છે. અગાધમાર્ગે જતાં રથને જોવા માટે આગળ અને પાછળ આંખ ફેરવતો (તેજ અને અંધકાર) બંનેને સરખાં જોઈને, જાણે કે ઘણા અંધકારમાં વિજળી જોનાર હોય તેની પેઠે, ભયને લીધે તેણે બંને આંખો 'અપિદધે' બંધ કરી. અર્જુનને (તે માર્ગનું) જ્ઞાન હતું અથવા (તે માર્ગે) તે જઈ શકત, એવી શંકા પણ આથી[૧] દૂર થાય છે. ૫૨.

પછી ભગવાનની ઈચ્છાથી બ્રહ્માંડને ઓળંગી, (તેની) ચારે બાજુ રહેલા જલમાં રથ પેઠો, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તતઃ પ્રવિષ્ટૌ સલિલં નભસ્વતા બલીયસૈજદ્‌બૃહદૂર્મિભીષણમ્ ।।**
**તત્રાદ્ભુતં વૈ ભવનં દ્યુમત્તમં ભ્રાજન્મણિસ્તમ્ભસહસ્રશોભિતમ્ ।।૫૩।।**

પછી બલવાન વાયુથી હાલતાં, મોટા મોજાંઓને લીધે ભયંકર જલમાં તે બેએ પ્રવેશ કર્યો. તેની અંદર ઘણા જ પ્રકાશતા, અદ્‌ભુત, પ્રકાશતા મણિઓવાળા એક હજાર થાંભલાઓથી શોભતા મકાનમાં (પ્રવેશ કર્યો). ૫૩.

તે સમયે જ્યારે જલની અંદર રથે પ્રવેશ કર્યો ત્યારે રથમાં બેઠેલા જ તે બેએ જલમાં પ્રવેશ કર્યો. 'બલવાન વાયુથી હાલતાં' એ વિશેષણથી તે જલનું વર્ણન કરે છે. (તેનો અર્થ) 'ઘણા વાયુથી કાંપતાં' એવો છે, તેથી (ઘણા વાયુથી કાંપતું હોવાથી) જ 'બૃહદૂર્મિભિઃ' મોટા મોજાંઓને લીધે 'ભીષણમ્' ઘણું જ ભયંકર (તે જલ હતું). આથી એમ સૂચવેલું છે કે અર્જુન મનથી પણ તે પ્રદેશમાં જઈ શકે તેમ ન હતું. આવા જલની અંદર એક ઘર હતું, અને તેમાં તે બેએ પ્રવેશ કર્યો, એમ કહેવા માટે ઉત્તરાર્ધથી તે ઘરનું વર્ણન કરે છે. 'દ્યુમત્તમં' એટલે ઘણા જ તેજવાળું, પોતાના જ તેજથી પ્રકાશતું, કારણ કે (ત્યાં) પ્રકાશ કરનારા સૂર્ય વિગેરે ન હતા. 'ભ્રાજન્તઃ' પ્રકાશતા જે 'મણિસ્તમ્ભાઃ' મણિઓવાળા થાંભલાઓ તેમના 'સહસ્રેણ' એક હજાર વડે 'શોભિતમ્' શોભતું (તે ઘર હતું). આ વિશેષણથી જ તે ઘર સર્વથી ઉત્તમ હતું એવું વર્ણન થયું. ૫૩.

૧. 'આથી' એટલે 'અર્જુને આંખો પણ બંધ કરી એમ કહ્યું તેથી'. ભગવાનના વિના અર્જુનને તે સ્થાનનું જ્ઞાન હતું, અથવા તે ત્યાં જઈ શકત, એવી શંકા પણ રહેતી નથી, એવો અર્થ છે. (લે)

તે (ઘર)ની અંદર એક શેષ જોયો એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તસ્મિન્ મહાભીમમનન્તમદ્ભુતં સહસ્રમૂર્ધન્યફણામણિદ્યુભિઃ ।।**
**વિભ્રાજમાનં દ્વિગુણેક્ષણોલ્બણં સિતાચલાભં શિતિકણ્ઠજિહ્વમ્ ।।૫૪।।**

તેની અંદર ઘણા જ ભયંકર અદ્ભુત, એક હજાર માથાં ઉપરનાં રત્નો તથા ફણા ઉપરના મણિઓની કાંતિથી પ્રકાશતા, તેથી બમણાં ચક્ષુઓને લીધે ઘણા ક્રૂર, શ્વેત પર્વતના જેવા, કાળા કંઠ અને જીભવાળા અનંતને (જોયો). ૫૪.

તે બેએ જલમાં પ્રવેશ કરી, (તેની અંદરના) ઘરમાં પણ પ્રવેશ કર્યો. પછી ભગવાન્ શ્રીકૃષ્ણે તે (ઘર)ની અંદર ઘણા જ ભયંકર અનંતને જોયો, અને તેની કાયા ઉપર સુખથી વિરાજેલા ભગવાનને પણ જોયા[૧], એવો (વાક્યનો) સંબંધ છે. (આ) સર્વ વર્ણન અર્જુનને ભય ઉત્પન્ન કરાવવા અને આશ્ચર્ય ઉત્પન્ન કરાવવા (કરેલું છે). (૧) 'મહાભીમમ્' ઘણા જ ભયંકર, (૨) 'અદ્ભુતમ્' (અદ્ભુત) એટલે પહેલાં કોઈ વાર નહિ જોએલ તેવા, (૩) 'અનન્તમ્' (અનંત નામના) અમુક સર્પને જોયો. એ પ્રમાણે સ્વરૂપ બનેલા (તે સર્પના) ત્રણ ગુણોને કહી, તેનું વધારે વર્ણન કરે છે. 'સહસ્ર' એક હજાર સંખ્યાવાળાં (તેનાં) માથાંઓ ઉપર જે રત્નો હતાં તે 'મૂર્ધન્યાનિ' (માથા ઉપરનાં રત્નો) (તથા) 'ફાણાનાં' ફેણના સંબંધવાળાં મણિઓ, એટલે ફણા ઉપરનાં મણિઓ. 'ફણા' શબ્દ અંતે 'આ' વાળો છે. માથા ઉપરનાં રત્નોની તથા ફણા ઉપરનાં મણિઓની 'દ્યુભિઃ' કાંતિથી તે 'વિ' ઘણો જ 'ભ્રાજમાનમ્' પ્રકાશતો હતો. તેમ (રત્નો તથા મણિઓથી પ્રકાશતો) ન હોત તો તે જોવામાં ન આવવાથી, તે પ્રમાણે (અર્જુનને) ભય થાત[૨] નહિ, તેથી તેને જોવાનો ઉપાય કહેલો છે. 'દ્વિગુણાનિં ઈક્ષણાનિ' એટલે બે હજાર જેટલા ચક્ષુઓ, તે (હોવા)થી 'ઉલ્બણમ્' 'ઘણા ક્રૂર' એ શબ્દોથી જેને માટે આ કહેલું (આ વર્ણન કરેલું) છે તે કહે છે. તેવો હોવા છતાં તે મોટો હતો એમ 'શ્વેત પર્વતના જેવા' એ વિશેષણથી કહે છે. 'સિતાચલઃ' એટલે શ્વેત પર્વત, કૈલાસ અથવા હિમાલય, તેના જેવો (તે હતો). 'શિતિઃ' કાળા રંગની 'કણ્ઠઃ જિહ્વા ચ' કંઠ અને જીભ છે જેની એવો (તે હતો). તે કાળા કંઠવાળો અને કાળી જીભવાળો હતો, એવો અર્થ છે. તે (સર્પ) મહાદેવનું આધિદૈવિક રૂપ છે. તેથી (તેની) જીભમાં મૃત્યુ અને કંઠમાં કાલકૂટ (હાલાહલ ઝેર) હોવાથી, બંનેનો કાળો રંગ કહેલો છે. ૫૪.

---

૧. 'દદર્શ' 'જોયા' શબ્દ આવતા શ્લોકમાં છે તેની સાથે સંબંધ છે.

૨. જો તે રત્નો અને મણિઓથી પ્રકાશતો ન હોત તો અંધકારને લીધે તેનાં દર્શન જ થાત નહિ, અને તેથી (અર્જુનને) ભય પણ થાત નહિ, એવો અર્થ છે. (લે)

**દદર્શ તદ્ભોગસુખાસનં વિભું મહાનુભાવં પુરુષોત્તમોત્તમમ્ ।।**
**સાન્દ્રામ્બુદાભં સુપિશઙ્ગવાસસં પ્રસન્નવક્ત્રં રુચિરાયતેક્ષણમ્ ।।૫૫।।**

તેની કાયા ઉપર સુખથી વિરાજેલા, મોટા પ્રભાવવાળા ઉત્તમ પુરુષોથી પણ ઉત્તમ, ઘાડાં વાદળાંના જેવી કાંતિવાળા, સુંદર પીળાં વસ્ત્રવાળાં, પ્રસન્ન મુખવાળા, મનોહર વિશાળ નેત્રોવાળા સર્વને વશ રાખનાર (પ્રભુ)ને જોયા. ૫૫.

આવી ઘણી ભયાનક સર્પની કાયા ઉપર સુખથી વિરાજેલા ભગવાનને જોયા. 'સર્પ ઉપર રહેલા (ભગવાન્) સુખથી કેમ રહે (રહી શકે) ?' એવી શંકા થાય, તેથી 'વશ રાખનાર' એ શબ્દ યોજેલો છે. તે (સર્પ) લોકને જ ભયાનક છે, પરંતુ તેને પણ વશ રાખનાર (ભગવાન)ને (ભયાનક) નથી, એવો અર્થ છે. વળી તે મોટા પ્રભાવવાળા એટલે મોટો છે પ્રભાવ જેમનો તેવા હતા. (સર્પ) તેવો ક્રૂર હોવા છતાં ભગવાનની (તેના ઉપર) સ્થિતિ હોવાને લીધે ભગવાનના પ્રભાવથી ઘણો ભલો (થએલો) હતો, એવો અર્થ છે. 'ઉત્તમ પુરુષોથી પણ ઉત્તમ' વિગેરે વિશેષણોથી તે (સર્પ)ના ઉપર રહેલા ભગવાનનું વર્ણન કરે છે. 'ઉત્તમ પુરુષો' એટલે જેઓ બધા પુરુષોમાં ઘણા સુંદર અને સર્વલક્ષણસંપન્ન છે તેઓથી પણ (ભગવાન્) ઉત્તમ છે. સૌંદર્ય જણાવી, 'ઘાડાં વાદળાંના જેવી કાંતિવાળા' એ વિશેષણથી રૂપ (રંગ) જણાવે છે. ઘણું જ ઘાડું આ જે વાદળું, તેના જેવી 'આભા' કાંતિ છે જેમની, એટલે નીલમેઘના જેવા શ્યામ (ભગવાન્ છે). આ ભગવાનનું રૂપ સહજ હોવાથી, અથવા સત્ત્વગુણને લીધે, અથવા કાલને લીધે, અથવા ઈન્દ્રિયોમાં (ભગવાનનાં) દર્શન કરવાનું સામર્થ્ય નહિ હોવાને લીધે, અથવા શ્રૃંગારને લીધે, અથવા કામને લીધે, અથવા આનંદના સ્વભાવને લીધે, અથવા ભગવાનની રુચિને લીધે, અથવા લક્ષ્મીજીની રુચિને લીધે, અથવા કુદરતીપણાને[1] લીધે ભગવાન્ શ્યામ રંગના છે એમ જાણવું. 'સુષ્ઠુ' સુંદર 'પિશંગ' પીળાં રંગવાળું 'વાસઃ' વસ્ત્ર છે જેમનું તેવા ભગવાન્ છે. એ પ્રમાણે ભગવાનનું

૧. સત્ત્વનો રંગ શ્યામ છે. અને ભગવાન્ (તે ધામ હોવાથી) તેના ઉપર આધાર રાખે એટલે તેના રંગનું ભગવાનમાં પ્રતિબિંબ પડતાં ભગવાનનો તેવો રંગ થાય. અથવા કાલ કલિ શ્યામ રંગનો હોવાથી, તે કાલમાં (કલિમાં) ભગવાનનો પણ તેવો રંગ થાય છે. ચક્ષુ રંગવાળો પદાર્થને જૂએ છે, અને રંગ ન હોય ત્યારે દૂર દૂર ફરતું શ્યામના જેવું જૂએ છે, તેથી ભગવાનનો રંગ શ્યામ છે. શ્રૃંગારનો રંગ શ્યામ છે, અને ભગવાન્ શ્રૃંગારરૂપ હોવાથી તેમનો પણ રંગ શ્યામ છે. કામનો ભાવ શ્યામ છે તેથી ભગવાનનો રંગ શ્યામ છે. આનંદ સ્વભાવથી જ શ્યામ છે, તેથી આનંદથી ભરપૂર ભગવાન્ પણ શ્યામ છે. ભગવાનને તેવું (શ્યામ)રૂપ જ ગમે છે, તેથી જ 'શ્યામ રંગ અને માખણનો રસ (ભગવાનને ગમે છે)' એમ કહેલું છે. તેથી ભગવાનની રુચિ

રૂપ અને વસ્ત્ર (અનુક્રમે) પરબ્રહ્મ અને શબ્દબ્રહ્મ છે એમ કહેલું[2] છે. એ પ્રમાણે પ્રમેય (ભગવાનનું સ્વરૂપ) અને પ્રમાણ (ભગવાનનું વસ્ત્ર)નું નિરૂપણ કરી, 'પ્રસન્ન મુખવાળા' એ વિશેષણથી સાધન-ભક્તિનું નિરૂપણ કરે છે. '' 'રુચિરે' મનોહર (અને) 'આયતે' વિશાળ છે 'ઈક્ષણે' બે નેત્રો જેમનાં'' એ વિશેષણથી જ્ઞાન અને વિજ્ઞાન (એ બે) બીજાં સાધનોનું નિરૂપણ કરેલું છે. ૫૫.

એવી રીતે સર્વ સાધનોવાળા ભગવાનનું નિરૂપણ કરી, તે ફલરૂપ છે (એમ જણાવવા), નીચેના શ્લોકથી પ્રથમ (તેમની) બહારની શોભા કહે છેઃ

**મહામણિવ્રાતકિરીટકુણ્ડલપ્રભાપરિક્ષિપ્તસહસ્રકુન્તલમ્ ।।**
**પ્રલમ્બચાર્વષ્ટભુજં સકૌસ્તુભં શ્રીવત્સલક્ષ્મં વનમાલયા વૃતમ્ ।।૫૬।।**

મોટા મણિઓના સમૂહવાળા મુકુટ અને કુંડલોના તેજથી ઘેરાએલા હજારો કેશવાળા, ઘણી લાંબી સુંદર આઠ ભુજાઓવાળા, કૌસ્તુભ ધારણ કરેલા, શ્રીવત્સના ચિહ્નવાળા, વનમાલાથી વીંટાએલા... (પ્રભુને જોયા). ૫૬.

મોટા મણિઓના સમૂહો છે જેમનામાં, તેવા 'કિરીટકુંડલ' મુકુટ, (કુંડલ) વિગેરે, તેઓના તેજથી ચારે તરફ ઘેરાએલા હતા હજારો કેશ જેમના (તેવા પ્રભુને જોયા). કેશોની અંદર રત્નોના તેજના પ્રવેશને લીધે ભગવાનનો ઉપરનો ભાગ મણિઓ જડેલા પદકના જેવો વર્ણવેલો છે. 'ઘણી જ લાંબી અને સુંદર આઠ ભુજાઓ છે જેમની' એમ (ભગવાનના) મધ્યભાગનું વર્ણન કરેલું છે. (ભુજાઓ) ઢીંચણ સુધી લાંબી હતી, અને તેવી (લાંબી) છતાં કોઈ પણ ભાગમાં બેડોલ ન હતી. અણિમા[1] વિગેરેના કારણરૂપ ભગવાનના જે આઠ ગુણો છે, તેમના મૂલ બનેલા ક્રિયાશક્તિરૂપ જે યોગો છે તેમનો ભગવાનની ભુજાઓ આધાર બનેલી છે. ૧.કંઠનો ભાગ કૌસ્તુભ સહિત છે ૨.શ્રીવત્સ જ છે 'લક્ષ્મ' ચિહ્ન જેમનું તેવા, અને ૩.વનમાલાથી વીંટાએલા એમ છેલ્લાં ત્રણ વિશેષણોથી ભગવાનનો આશ્રય કરનારા જીવ, માયા અને કીર્તિ[2] કહેલાં છે. ૫૬.

---

પ્રમાણે તેમનો રંગ શ્યામ છે. લક્ષ્મીજી વીજળી જેવાં ઝબકતાં છે, તેથી તેમને પોતાને યોગ્ય શ્યામ રંગ જ ગમે છે તેથી તેમની રુચિને લીધે ભગવાનનો રંગ શ્યામ છે. ભગવાનનો કુદરતી રંગ શ્યામ જ છે, તેથી તે શા માટે શ્યામ છે તેનું કારણ શોધવાપણું નથી. (લે)

૨. 'આકાશ જેનું શરીર છે તેવું બ્રહ્મ છે' એ વાક્ય પ્રમાણે ભગવાનનું રૂપ શ્યામ કહ્યું, તે પરબ્રહ્મનું વર્ણન થયું. 'છંદરૂપ વસ્ત્ર પીળું છે' એ વાક્ય પ્રમાણે પીળું વસ્ત્ર શબ્દબ્રહ્મ છે, એવો ભાવ છે. (લે)

૧. અણિમા વિગેરે આઠ સિદ્ધિઓ.

૨. કૌસ્તુભ મુક્ત જીવોરૂપ છે. શ્રીવત્સ માયારૂપ છે અને વનમાલા કીર્તિનું સ્વરૂપ છે.

એ પ્રમાણે ભગવાનનું સ્વરૂપ કહી, ભગવાન્ કદાચ ત્યાં એકલા રહેતા હશે એવી શંકાને દૂર કરવા, નીચેના શ્લોકમાં (તેમના) સુનંદ વિગેરે ઉત્તમ સેવકોનું વર્ણન કરે છેઃ

**સુનન્દનન્દપ્રમુખૈઃ સ્વપાર્ષદૈશ્ચક્રાદિભિર્મૂર્તિધરૈર્નિજાયુધૈઃ ।।**
**પુષ્ટ્યા શ્રિયા કીર્ત્યજયાખિલર્દ્ધિભિર્નિષેવ્યમાનં પરમેષ્ઠિનાં પતિમ્ ।।૫૭।।**

સુનંદ, નંદ વિગેરે પોતાના સેવકોથી; ચક્ર વિગેરે મૂર્તિ ધારણ કરેલાં પોતાનાં આયુધોથી; પુષ્ટિ, શ્રી, કીર્તિ, અજા અને બધી ઋદ્ધિઓથી સેવાતા પરમેષ્ઠીઓના પતિ (પ્રભુને જોયા). ૫૭.

પોતાના પાર્ષદો એટલે જેમને કોઈ રોકી ન શકે તેવા (પોતાના) સેવકો. 'આમનાથી સેવાતા (પ્રભુને જોયા)' એવો (વાક્યનો) સંબંધ છે. મૂર્તિ ધારણ કરેલા ચક્ર વિગેરે એટલે આધિદૈવિક (ચક્ર વિગેરે આયુધો).

**ચક્રં શઙ્ખસ્તથા ખડ્ગશ્ચર્મ શાર્ઙ્ગં ગદા તથા ।।**
**બાણઃ પદ્મં તથાન્યાનિ મુશલાદ્યાયુધાનિ હિ ।।૭।।**
**મૂર્તિમન્તિ હરેઃ પાર્શ્વે તિષ્ઠન્તિ પરિતઃ સદા ।।૭।।.।।**

મૂર્તિ ધારણ કરેલા ચક્ર, શંખ, અને તલવાર, ઢાલ, શાંર્ગ (ધનુષ), ગદા અને બાણ, કમલ તેમ જ મૂશલ વિગેરે બીજા આયુધો હરિની નજીક ચારે બાજુએ સદા રહે છે. ૭ાા.

પોતાનાં આયુધો એટલે અનિરુદ્ધનાં આયુધો. પછી પુષ્ટિ વિગેરે ચાર અનિરુદ્ધની શક્તિઓ કહેલી છે (તે) (૧) પુષ્ટિ (૨) શ્રી (૩) કીર્તિ અને (૪) અજા એટલે પ્રકૃતિ એવી (ચાર) છે, અને બધી ઋદ્ધિઓ એટલે ધન, ધાન્ય વિગેરે સર્વ સંપત્તિઓનાં આધિદૈવિક સ્વરૂપો. તે બધાએથી સેવાતા (પ્રભુને જોયા). આટલાથી પણ સાધારણ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, તેથી કરોડો બ્રહ્માંડો ઉપરના અસાધારણ ઐશ્વર્ય માટે 'પરમેષ્ઠીઓના પતિ' એ શબ્દો યોજેલા છે. એક એક બ્રહ્માંડના એક એક પરમેષ્ઠી (બ્રહ્મા) છે, તેવા હજારો (બ્રહ્માઓ)ના પતિ(ને જોયા). ૫૭.

પોતાના અંશના મૂલભૂત તેવા (પ્રભુ)ને જોઈને, લોકોને શિખામણ આપવા ભગવાને જે કર્યું, તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**વવન્દ આત્માનમનન્તમચ્યુતો જિષ્ણુશ્ચ તદ્દર્શનજાતસાધ્વસઃ ।।**
**તાવાહ ભૂમા પરમેષ્ઠિનાં પ્રભુર્બદ્ધાઞ્જલી સસ્મિતમૂર્જયા ગિરા ।।૫૮।।**

અચ્યુતે અનંત પોતાને નમન કર્યું, અને તેમના દર્શનથી ભય પામેલા અર્જુને (તેમને) નમન કર્યું. પરમેષ્ઠીઓના પ્રભુ ભૂમાએ બે હાથ જોડેલા તેઓને

હસતાં હસતાં દમામવાળી વાણીથી (નીચે પ્રમાણે) કહ્યું. ૫૮.

ભગવાન્ શ્રીકૃષ્ણે પોતાને જ નમન કર્યું. ''બે (શ્રીકૃષ્ણની અને ભૂમાની) મૂર્તિઓ પ્રત્યક્ષ જૂદી દેખાતી હોવા છતાં 'પોતાને' કેમ કહેવાય ?'' એવી શંકા થાય, તેથી 'અનંત' એ શબ્દ યોજેલ છે. અનંતમૂર્તિવાળા ભગવાન્ એક છે, એવો અર્થ છે. 'ત્યારે કટકે કટકે અનંતપણું હશે ?' એવી શંકા થાય, તેથી 'અચ્યુત' એ શબ્દ યોજેલો છે. (ભગવાન્ પોતાના) સ્વરૂપથી કોઈ પણ પ્રકારે હીન થતા નથી. અને 'જિષ્ણુઃ' એટલે અર્જુને (નમન કર્યું). ભગવાનના દર્શનથી જેને ભય થએલો છે તેવા (અર્જુને) નમન કર્યું, એવો સંબંધ છે. 'ચ' 'અને' એ શબ્દથી (એમ જણાવ્યું છે કે) ભગવાન્ તે (અર્જુન)ના પણ આત્મા છે. પછી ભગવાન્ અનિરુદ્ધે કાંઈક કહ્યું એમ ઉત્તરાર્ધથી કહે છે. 'ભૂમા' એટલે અનિરુદ્ધ. 'જે વાણીના ભૂમા તે દશ કરોડ (કહેવાય છે)' એ વાક્યમાં વાણીના સંબંધવાળા ભૂમાને લક્ષમાં રાખી દશ કરોડ કહેલ છે, અને અનિરુદ્ધ મનના સંબંધવાળો પુરુષ હોવાથી તે શબ્દરૂપ સિદ્ધ થાય છે, તેથી અનિરુદ્ધ ભૂમા છે. તે 'પરમેષ્ઠીઓના પ્રભુ' હોવાથી, બ્રહ્માંડમાં જે આવે તેના ઉપર તેમની આજ્ઞા ચાલે છે. તેથી (એ શબ્દથી) પુત્રોને તે લઈ આવ્યા અને ભય વિના (તે વૃત્તાંત) તે પ્રમાણે કહે છે તેનું કારણ કહેલું છે. શ્રીકૃષ્ણ અને અર્જુને બે હાથો જોડયા. અર્જુનને ઠગવા ભગવાન્ પણ તેવો વેષ ભજવે છે. તેથી જ શ્રીકૃષ્ણ અને ભૂમા સર્વ પ્રકારે એક હોવા છતાં, અર્જુનના અહંકારનો નાશ કરવા માટે જ શ્રીકૃષ્ણ નિરોધ (કરવાના કાર્ય)માં રહેલા હોવાથી (અર્જુન) પ્રપંચને ભૂલી જાય તે માટે તે પ્રમાણે કરે છે, એમ સૂચવેલું છે. 'દમામવાળી વાણીથી' એટલે લોકોમાં જેવી વાણી પ્રસિદ્ધ છે તેના કરતાં પણ મોટી (વધારે દમામવાળી) (વાણીથી કહ્યું). ૫૮.

હરકોઈ પ્રકારે કાંઈક આશ્ચર્યકારક કહેવું જોઈએ તેથી નીચેના શ્લોકમાં તે કહે છેઃ

**દ્વિજાત્મજામી યુવયોર્દિદક્ષુણા મયોપનીતા દ્વિજધર્મગુપ્તયે ।।**
**કલાવતીર્ણાવવનેર્ભરાસુરાન્હત્વેહ ભૂયસ્ત્વરયેતમન્તિ મે ।।૫૯।।**

દ્વિજ અને ધર્મનું રક્ષણ કરવા (મારી) કલારૂપ અવતરેલા તમો બેના દર્શન કરવાની ઈચ્છાથી આ બ્રાહ્મણના પુત્રોને હું લાવેલો છું. ભૂમિના ભારરૂપ અસુરોને હણીને તમે બે ફરીથી વેળાસર મારી પાસે અહિં આવો. ૫૯.

('દ્વિજાત્મજાઃ' અને 'અમી' શબ્દનો અહિં કરેલો) સંધિ વૈદિક છે. અથવા (હે દ્વિજાત્મજ (દ્વિજના પુત્ર)! એવું) અર્જુન બહુ દીર્ઘ દષ્ટિવાળો (ડાહ્યો) નથી એમ જણાવવા તેનું સંબોધન (કરેલું) છે. (અર્જુન) બે પિતાનો

(વારસદાર) પુત્ર હોવાને લીધે, અથવા પરંપરાથી વ્યાસનો પુત્ર હોવાને લીધે, 'દ્વિજ' શબ્દનો 'બ્રાહ્મણ' અર્થ કરવામાં આવે, તો પણ (તેનું એવું સંબોધન કરવામાં) વિરોધ થતો નથી. 'તમો બેના દર્શન કરવાની ઈચ્છાથી' એ શબ્દથી (બ્રાહ્મણના પુત્રોને પોતાની પાસે લાવવાનું) પ્રયોજન કહેલું છે. તે બે (શ્રીકૃષ્ણ અને અર્જુન) મોટા હોવાથી તેમને સાક્ષાત્ લાવવાનું સંભવે નહિ, તેથી દ્વિજના પુત્રોને જ હું લાવેલો છું. અમે 'બે કોણ ? (અમને) જોવાની તમારી ઈચ્છા શા માટે ?' એવી શંકા થાય, તેથી 'દ્વિજ અને ધર્મનું રક્ષણ કરવા મારી કલારૂપ અવતરેલા' એ શબ્દ યોજેલ છે. તમો બેનું સ્વરૂપ મારી કલાનો અવતાર છે, તેથી સ્નેહને લીધે (તમારાં) દર્શન કરવાની ઈચ્છા થઈ. 'દ્વિજ અને ધર્મનું રક્ષણ કરવા' એ શબ્દોથી કલાને અવતાર લેવાનું પ્રયોજન કહેલું છે. એક દ્વિજોના રક્ષણ માટે, અને બીજા ધર્મના રક્ષણ માટે, અથવા બંને બંનેના રક્ષણ માટે (અવતરેલા છો), કારણ કે ધર્મની રક્ષા કરવી એ અનિરુદ્ધનું પ્રયોજન છે. 'દ્વિજોએ સ્વભાવથી જ ધર્મ કરવો જોઈએ, તેમાં અમો બેએ શું કરવાનું છે ?' એવી શંકા થાય, તેથી કહે છે કે 'ભૂમિના ભારરૂપ અસુરોને હણીને તમે બે ફરીથી વેળાસર અહિં 'ઈતમ્' આવો, 'મે' મારી 'અન્તિ' સમીપે (આવો). આ વાક્યથી હમણાં (તમારે અહિં) રહેવું નહિ, એમ કહેલું છે. ૫૯.

માત્ર ધર્મની રક્ષા જ કરવી એટલું જ, પરંતુ ધર્મની પ્રવૃત્તિ (પણ) કરાવવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**પૂર્ણકામાવપિ યુવાં નરનારાયણાવૃષી ।।**
**ધર્મમાચરતાં સ્થિત્યૈ ઋષભૌ લોકસંગ્રહમ્ ।।૬૦।।**

તમો બે કામના પૂર્ણ કરેલા ઉત્તમ નર અને નારાયણ ઋષિઓ હોવા છતાં (જગતના) પાલન માટે લોકનું કલ્યાણ માટે ધર્મ આચરો. ૬૦.

(તમને) પોતાને ધર્મ આચરવાનું પ્રયોજન નહિ હોવા છતાં પણ (તેનું) આચરણ જરુરી છે એમ જણાવવા 'કામના પૂર્ણ કરેલા' એ વિશેષણ યોજેલું છે. ધર્મ કરવાની શક્તિ (હોવાનું) અને (કોઈ પણ પ્રકારની) ઈચ્છા નહિ હોવાનું કારણ 'નર અને નારાયણ ઋષિઓ' શબ્દોથી કહેલું છે. (તમે બે) નર અને નારાયણ હોવાથી તમારી કામનાઓ પૂર્ણ થએલી છે, અને 'ઋષિ' હોવાથી ધર્મ આચરવાનું (તમારામાં) સામર્થ્ય છે. '' 'છતાં પણ પ્રયોજન લક્ષમાં રાખ્યા વિના બુદ્ધિ વગરનાની પણ પ્રવૃત્તિ થતી નથી', તેથી પ્રયોજન કહેવું જોઈએ'' એવી શંકા થાય, તેથી '(જગતના) પાલન માટે' શબ્દ યોજેલ છે. અનિરુદ્ધ પાલન કરનાર હોવાથી જગતનું પાલન થાય તે માટે ધર્મનું આચરણ કરવું જોઈએ. ''(જગતનું)

પાલન નારાયણ જ કરે છે, તેથી માત્ર ભૂમિનો ભાર હરવા માટે આવેલા અમો બેએ ધર્મ (કરવા)નું શું પ્રયોજન ?'' એવી શંકા થાય, તેથી 'લોકના કલ્યાણ માટે' એ શબ્દ યોજેલ છે. ૬૦.

પછી જે થયું તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્યાદિષ્ટૌ ભગવતા તૌ કૃષ્ણૌ પરમેષ્ઠિના ॥**
**ઓમિત્યાનમ્ય ભૂમાનમાદાય દ્વિજદારકાન્ ॥૬૧॥**
**ન્યવર્તેતાં સ્વકં ધામ સંપ્રહૃષ્ટૌ યથાગતમ્ ॥**
**વિપ્રાય દદતુઃ પુત્રાન્ યથારૂપં યથા પ્રભૂ ॥૬૨॥**

ભગવાન્ પરમેષ્ઠીએ તે પ્રમાણે આજ્ઞા કરેલા તે કૃષ્ણો 'બહુ સારું' કહી ભૂમાને નમન કરી, બ્રાહ્મણના પુત્રોને લઈ આનંદ પામેલા જે રસ્તે ગએલા તે રસ્તે પોતાના સ્થાનમાં પાછા આવ્યા, અને તે બે પ્રભુઓએ જેવું હતું તેવા રૂપવાળા, જેવા હતા તેવા પુત્રો બ્રાહ્મણને આપ્યા. ૬૧-૬૨.

બંનેમાં અંશપણું સમાન છે એમ જણાવવા, બંનેને 'કૃષ્ણ' કહેલા છે. 'ભગવાન્ ભગવાનને આજ્ઞા કેમ કરે ?' એવી શંકા થાય, તેથી 'પરમેષ્ઠીએ' શબ્દ યોજેલ છે. આ ભગવાન્ બ્રહ્માંડમાં રક્ષણ કરવા માટે પ્રવૃત્ત થએલા છે, તેથી પોતાના બધાએ અંશોને તેવો (જગતનું રક્ષણ કરવાનો) બોધ કરે છે. તેથી (શ્રીકૃષ્ણ અને અર્જુનનું) પોતાનું રૂપ તેવું જ હોવાથી, 'બહુ સારું' એમ કહી તેમણે જે કહેલ તેનો સ્વીકાર કરીને ભૂમા ભગવાનને નમસ્કાર કરીને, જેમને માટે ગએલા તે બાલકોને લઈને પોતાના સ્થાન દ્વારકામાં 'ન્યવર્તેતામ્' પાછા આવ્યા. ત્યાંથી ભય વિના આનંદ પામેલા જે માર્ગે ગયા હતા તે જ માર્ગથી પાછા આવ્યા. આ લીલા (શ્રીકૃષ્ણને) બીજાની સમાન અને બીજાથી હલકા[1] જણાવે છે. પછી પ્રતિજ્ઞા પૂરી થાય તે માટે બ્રાહ્મણને તે બેએ (તેના) પુત્રો આપ્યા. એક (પુત્ર)નું રક્ષણ કરવા તેણે માગણી કરેલી, અને તેને બધાએ આપ્યા એ (ભગવાનની) મોટાઈ છે. 'યથારૂપમ્' એટલે જેવું હતું તેવા રૂપવાળા. 'રૂપ' શબ્દમાં જન્મસમયના વય, સ્વભાવ વિગેરેનો પણ સમાવેશ થાય છે. 'યથા' એટલે જેવા હતા તેવા, જરાએ નાના કે મોટા નહિ. સાંદીપનિના પુત્રના જેવી આમની પણ વ્યવસ્થા (થઈ). 'એવી પ્રતિજ્ઞા કરીને કેમ ગએલા ?' એવી શંકા થાય, તેથી

૧. જેમ બીજા દેવો અંશથી અવતરેલા તેમ ભગવાન્ પણ (અંશથી અવતરેલા) એમ ભગવાનને બીજા દેવોના સરખા જણાવે છે. અને અનિરુદ્ધથી હલકા જણાવે છે, છતાં પણ નારાયણ અંશ જ અનિરુદ્ધ પાસે ગએલ. તેથી અંશે અંશી પ્રતિ કેવી રીતે વર્તવું એવી લોકને શિખામણ દેવા જ આ લીલા કરેલી એવો ભાવ છે. (લે)

'પ્રભુઓએ' શબ્દ યોજેલ છે, અથવા (આ શબ્દથી) તેમ કરવાનું (જેવા હતા તેવા જ રૂપ વિગેરેવાળા પુત્રો લાવી આપવાનું) કારણ (જણાવેલું છે). ૬૧-૬૨.

એ પ્રમાણે (શ્રીકૃષ્ણ અને અર્જુન) બંનેનું, ચરિત્ર કહી, નીચેના શ્લોકથી (તે બે) સરખા હોવાથી શંકા દૂર કરે છેઃ

**નિશમ્ય વૈષ્ણવં ધામ પાર્થઃ પરમવિસ્મિતઃ ।।**
**યત્કિંચિત્પૌરુષં પુંસાં મેને કૃષ્ણાનુકમ્પિતમ્ ।।૬૩।।**

વિષ્ણુના ધામનું શ્રવણ કરી અર્જુન ઘણો વિસ્મય પામ્યો, અને માણસોની જે કાંઈ સત્તા છે તે શ્રીકૃષ્ણની કૃપા છે એમ તેણે માન્યું. ૬૩.

અર્જુને તો તે જઈને પાછો આવ્યો ત્યાં સુધીમાં કાંઈ પણ જાણ્યું નહિ. પછી ભગવાને (અનિરુદ્ધના) સ્વરૂપનું નિરૂપણ કર્યું ત્યારે પછી તે વિષ્ણુના ધામનું તેને જ્ઞાન થયું તે અર્થ '(વિષ્ણુના ધામનું) શ્રવણ કરી' એ શબ્દથી કહેલો છે. વિષ્ણુનું ધામ આવું છે, એવો તેને ઘણો વિસ્મય થયો, કારણ કે તે એમ જાણતો કે જેવું ઈન્દ્ર વિગેરેનું ધામ, તેવું વિષ્ણુનું પણ હશે. પછી (વિષ્ણુના અને ઈન્દ્ર વિગેરેના ધામમાં) મેરું અને રાઈના દાણા જેવો ભેદ જાણીને ઘણો વિસ્મય પામ્યો. 'આટલાથી અર્જુનને શું પ્રાપ્ત થયું ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પોતાની મેળે (કાર્ય) કરવાથી અહંકાર થાય છે. તેથી જે કાંઈ તેણે પહેલાં કરેલું તે અને (જે કાંઈ) બીજું કરેલું તે સર્વને શ્રીકૃષ્ણની કૃપા જ માની. એ પ્રમાણે નિરોધના કાર્યમાં નંદથી આરંભી અર્જુન સુધીનાનો (ભગવાને) નિરોધ કર્યો, અને ફાલ્ગુન સુધીના આવેશ (ભગવાનના આવેશવાળા) હતા. ૬૩.

તેથી (ફાલ્ગુન એટલે અર્જુન ભગવાનના આવેશવાળો હતો તેનો નિરોધ કર્યો તેથી) બીજા નિરોધ કહેવાપણું નહિ રહેવાથી, (જેટલા નિરોધ) કહેલા છે તેટલા જ હશે એવો વિચાર નીકળી જાય તે માટે નીચેના શ્લોકમાં (નિરોધનો) પ્રકાર બીજાને લાગુ પાડે છેઃ

**ઈતીદૃશાન્યનેકાનિ વીર્યાણીહ પ્રદર્શયન્ ।।**
**બુભુજે વિષયાન્ ગ્રામ્યાનીજે ચાત્યૂર્જિતૈર્મખૈઃ ।।૬૪।।**

એ પ્રમાણે આવાં અનેક વીર્યો અહિં દર્શાવતાં (શ્રીકૃષ્ણે) ગામડીઆ વિષયોનો ભોગ કર્યો અને ઉત્તમ યજ્ઞોથી (ભગવાનનું) પૂજન કર્યું. ૬૪.

'ઈહ' ભૂમિ ઉપર (પોતાનું) માહાત્મ્ય જણાવવા અને પોતામાં આસક્તિ કરાવવા જ્ઞાનરૂપ[1] અને નિરોધરૂપ[1] 'વીર્યાણિ' અલૌકિક સામર્થ્યો દર્શાવતાં

૧-૧. જ્ઞાન આ અધ્યાયનો અર્થ હોવાથી, અધ્યાયનો અર્થ જણાવવા જ્ઞાનરૂપ સામર્થ્ય કહ્યાં, અને નિરોધ આ સ્કંધનો અર્થ હોવાથી સ્કંધનો અર્થ જણાવવા નિરોધરૂપ સામર્થ્ય કહ્યાં,

(શ્રીકૃષ્ણે) ગામડીઆ વિષયોનો ભોગ કર્યો. તેમ ન કરે તો લોકના જેવા ગુણો (પોતામાં) નહિ હોવાથી નાટક (બરાબર) થાય નહિ, (લોકોને) વિશ્વાસ આવે નહિ, અને બધાની મુક્તિ થાય. તેથી (ભગવાને) લોકની પેઠે લૌકિક અને વૈદિક (કાર્યો) કર્યાં, તે (અર્થ) 'ગામડીઆ વિષયોનો ભોગ કર્યો અને ઉત્તમ યજ્ઞોથી પૂજ કર્યું' એમ કહેલો છે. (ભગવાને) છ વર્ષ સુધી બધાએ યજ્ઞો કર્યા હતા એવી પ્રસિદ્ધિ છે. ૬૪.

દાન પણ યજ્ઞના જેવું હોવાથી અને તે પણ લોકમાં ઉત્તમપણું (પ્રાપ્ત) કરાવનારું હોવાથી, નીચેના શ્લોકમાં તેનું ખાસ નિરૂપણ કરે છેઃ

**પ્રવવર્ષાખિલાન્ કામાન્ પ્રજાસુ બ્રાહ્મણાદિષુ ।।**
**યથાકામં યથેવેન્દ્રો ભગવાન્ શ્રૈષ્ઠ્યમાસ્થિતઃ ।।૬૫।।**

જેમ ઈન્દ્ર (વૃષ્ટિ કરે છે) તેમ જ શ્રેષ્ઠપણું જેમનામાં રહેલું છે તેવા ભગવાને બ્રાહ્મણ વિગેરે પ્રજાઓની સર્વ કામનાઓ (તેઓની) ઈચ્છા પ્રમાણે પૂર્ણ કરી. ૬૫.

પ્રાણિમાત્રની અને ખાસ કરીને બ્રાહ્મણ વિગેરેની કામનાઓ ભગવાને પૂર્ણ કરી અને તે પણ તેમની ઈચ્છા પ્રમાણે, એટલે જેટલું (દાન) કરવાથી તેઓની કામના પૂર્ણ થાય (તેટલું કરીને). આ (કામના) પૂર્ણ કરી ન હોત તો તે સમયના બધાએ લોકોનો નાશ જ થયો હોત એમ જણાવવા 'જેમ ઈન્દ્ર (વૃષ્ટિ કરે છે) તેમ જ' એવું દૃષ્ટાંત કહેલું છે. બધા પ્રાણીઓ અન્નથી જ જીવે છે, તે અન્ન વરસાદને આધીન છે. તેથી જો ઈન્દ્ર જો ક્ષણમાત્ર ઉદાસીન (બેદરકાર) રહે તો પ્રાણીઓનો નાશ જ થાય, તેવી જ રીતે ભગવાને (સર્વ કામનાઓ પૂર્ણ કરી) એવો અર્થ છે. 'જેમનામાં શ્રેષ્ઠપણું રહેલું છે તેવા' એ વિશેષણથી (સર્વ ભગવાનનું) ભજન કરે તે માટે ઈન્દ્ર કરતાં ભગવાનનું ઉત્તમપણું કહેલું છે. સર્વ બાજુએ શ્રેષ્ઠપણું જણાવતાં જ ભગવાને સર્વ કામનાઓ પૂર્ણ કરી. જેથી (સર્વ) કૃતાર્થ થાય. ૬૫.

એ પ્રમાણે (ભગવાને કરેલ) પ્રજાનું પાલન કહી, પોતાના (ભગવાનના) અવતારનાં કાર્યનો ઉપસંહાર કરતાં નીચેનો શ્લોક કહે છેઃ

**હત્વા નૃપાનધર્મિષ્ઠાન્ ઘાતયિત્વાર્જુનાદિભિ ।।**
**અઞ્જસા વર્તયામાસ ધર્મં ધર્મસુતાદિભિઃ ।।૬૬।।**

અધર્મી રાજાઓને હણી, અર્જુન વિગેરે પાસે (તેમનો) ઘાત કરાવી યુધિષ્ઠિર વિગેરે મારફત સંપૂર્ણ રીતે ધર્મની પ્રવૃત્તિ કરાવી. ૬૬.

એવો અર્થ છે. (લે)

રાજાઓના વધથી દોષ થયો ન હતો, એમ જણાવવા (તેઓનું) વિશેષણ (અધર્મી) કહેલું છે. તે રાજાઓ કંસ વિગેરે હતા. 'અર્જુન વિગેરે પાસે' એટલે ભીષ્મ, અર્જુન, ભીમ વિગેરેથી, દુર્યોધન વિગેરે કેટલાકનો ઘાત કરાવી, પછી કાંટા વિનાની ભૂમિ ઉપર 'અઞ્જસા' સંપૂર્ણ રીતે ધર્મની પ્રવૃત્તિ કરાવી. યુધિષ્ઠિર વિગેરે તે (ધર્મની પ્રવૃત્તિ કરાવવા)માં કારણરૂપ હતા. (૧) દુષ્ટનો નાશ કરવામાં અર્જુન વિગેરે અને (૨) ધર્મ કરવામાં યુધિષ્ઠિર વિગેરે, એમ ભગવાનનાં બે સાધન કહ્યાં. ૬૬.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીના દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં ચાલીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય એકતાલીસમો

## ભગવદ્વૈરાગ્ય વર્ણન

**એવં સર્વાન્ સમુધ્ધૃત્ય ક્રીડત્યસ્માકમીશ્વરઃ ।।**
**ક્રીડાયાં પ્રાપ્તસંસારઃ સ્ત્રીણામપિ નિવાર્યતે ।।૧।।**

એ પ્રમાણે સર્વનો ઉદ્ધાર કરીને[૧] અમારા ઈશ્વર આ અધ્યાયમાં ક્રીડા[૧] કરે છે. સ્ત્રીઓના પણ ક્રીડામાં પ્રાપ્ત થએલ સંસારનું નિવારણ[૨] કરવામાં આવે છે. કા.૧.

**જ્ઞાનં નિરૂપ્ય વૈરાગ્યં નિરૂપયિતુમુદ્યતઃ ।।**
**અદ્ભુતત્વાચ્ચરિત્રસ્ય રાગલીલા નિરૂપ્યતે ।।૨।।**

જ્ઞાનનું નિરૂપણ કરી, શ્રીશુક વૈરાગ્યનું નિરૂપણ કરવા તત્પર થએલ છે. આ ચરિત્ર અદ્‌ભુત હોવાથી રાગ(પ્રેમ)ની લીલાનું નિરૂપણ કરવામાં આવે છે. કા.૨.

**સ્વાર્થે રતિઃ પૂર્વમેવ ભગવત્ત્વાન્નિવારિતા ।।**
**સ્ત્રીણાં તુ રાગસમ્પ્રાપ્તિસ્તતોઽત્ર વિનિવાર્યતે ।।૩।।**

શ્રીકૃષ્ણ ભગવાન્ હોવાથી પોતાના માટે રાગ પ્રથમ જ અટકાવેલ[૩] છે. સ્ત્રીઓને તો રાગ(આસક્તિ) પ્રાપ્ત થાય. તેથી તે અહિં (આ અધ્યાયમાં) દૂર કરવામાં આવે છે[૩]. કા.૩.

**એકચત્વારિંશેઽધ્યાયે ભક્તાનાં સુખસિદ્ધયે ।।**
**પરમોત્સવલીલાં હિ શ્રીશુકોઽવર્ણયન્મુદા ।।૪।।**

---

૧-૧. 'નિરોધ' શબ્દનો વ્યુત્પત્તિથી જે અર્થ થાય છે તેવો નિરોધ (એટલે ભક્તોને પ્રપંચનું વિસ્મરણ કરાવી તેમના મનને પોતાની અંદર પરોવાવવું તે કાર્ય) ગયા અધ્યાયના અંતે પુરું કરેલું છે. આ અધ્યાયમાં ભગવાન્ શ્રીકૃષ્ણનું શક્તિઓ પાછળ શયન એટલે હરિ શ્રીકૃષ્ણનું દુર્વિભાવ્ય શક્તિઓથી પ્રપંચમાં રમણ એ અર્થવાળા નિરોધનું નિરૂપણ કરવામાં આવશે, એવા હેતુથી 'ક્રીડા કરે છે' એમ કહેલું છે. 'આ અધ્યાયમાં' એ શબ્દો અહિં અધ્યાહાર છે. (લે)

૨. બીજાઓને પ્રપંચનું વિસ્મરણ કરાવ્યું એ કહેવાઈ જ ગયું. સ્ત્રીઓમાં સંસારનું પણ આ અધ્યાયમાં નિવારણ કરવામાં આવે છે, પણ ક્રીડા (રમણ) કહેવામાં આવે ત્યાં સંસારરૂપ દોષ લાગે જ. તેથી તે દોષને ફીટાડી પ્રપંચનું નિવારણ કરવામાં આવે છે, પરંતુ વ્યુત્પત્તિ પ્રમાણે નિરોધનો જે અર્થ થાય છે તેના અંગ તરીકે નહિ, એવો અર્થ છે. (લે)

૩-૩. (શ્રીકૃષ્ણ) ભગવાન્ હોવાથી તેમની વિષયમાં આસક્તિ થતી નથી જ; પરંતુ સ્ત્રીઓને વિષયમાં આસક્તિ થાય, તેનું પણ આ અધ્યાયમાં શ્લોક ૧૩માં કહેલ ગતિ વિગેરેથી નિવારણ કરવામાં આવે છે એવો અર્થ છે. (લે)

એકતાલીસમા અધ્યાયમાં ભક્તોને સુખ પ્રાપ્ત થાય તે માટે શ્રીશુકે મોટા ઉત્સવરૂપ લીલાનું આનંદથી વર્ણન કરેલું છે. કા.૪.

ગયા અધ્યાયમાં સર્વ લોકોના માટે (કરેલું) ચરિત્ર કહેલું તેનો ઉપસંહાર કર્યો. હવે ભક્તોનું મન ભગવાનમાં સ્થિર થાય તે માટે નીચેના શ્લોકથી આરંભી પરમાનંદરૂપ લીલાનું નિરૂપણ કરે છેઃ

શ્રીશુક કહે છેઃ

**સુખં સ્વપુર્યાં નિવસન્દ્વારકાયાં શ્રિયઃ પતિઃ ।।**
**સર્વસંપત્સમૃદ્ધાયાં જુષ્ટાયાં વૃષ્ણિપુઙ્ગવૈઃ ।।૧।।**

સર્વ સંપત્તિઓથી ભરપૂર, ઉત્તમ વૃષ્ણિઓથી સેવાતી પોતાની નગરી દ્વારકામાં સુખથી રહેતા લક્ષ્મીજીના પતિ.....સ્મરણ કરતા હતા. ૧.

પોતાની નગરીમાં સ્વભાવથી પણ બધી (કોઈ પણ) ચિંતા રહેતી નથી; અને તે પણ દ્વારકા[1] (નગરી હતી). 'લક્ષ્મીજીના પતિ' એ શબ્દથી વિલાસનાં સાધન કહેલાં છે. 'સવ સંપત્તિઓથી ભરપૂર' એ વિશેષણથી લૌકિક સંપત્તિ પણ કહેલી છે. અસાધારણ (ઉપદ્રવો) તો પહેલાં જ દૂર થઈ ગએલા છે. તેથી[2] કોઈ સમયે સાધારણ ઉપદ્રવ (ત્યાં) સંભવે, તો પણ (ભગવાને) પોતે (તેનું નિવારણ કરવા) કાંઈ પણ પ્રયત્ન (કરવા)ની જરુર ન હતી, કારણ કે 'ઉત્તમ વૃષ્ણિઓ'થી જ તેનું નિવારણ થવાનું સંભવતું હતું (એમ કહેલું છે). ૧.

નીચેના શ્લોકમાં ભોગનાં સાધનો જણાવે છેઃ

**સ્રીભિશ્ચોત્તમવેષાભિર્નવયૌવનકાન્તિભિઃ ।।**
**કન્દુકાદિભિર્હર્મ્યેષુ ક્રીડન્તીભિસ્તડિદ્દ્યુભિઃ ।।૨।।**

અને ઉત્તમ વેષવાળી, તાજી જુવાનીની કાંતિવાળી, હવેલીઓમાં દડા વિગેરેથી રમતી અને વિજળીના જેવા તેજવાળી સ્ત્રીઓથી (સેવાતી દ્વારિકામાં શ્લોક ૧ સાથે સંબંધ છે). ૨.

પુરુષ કામથી ભરપૂર ચૈતન્યરૂપ છે. ઈન્દ્રિયો તેનાં દુઃખને દૂર કરનારાં સાધનો છે. (ઈન્દ્રિયોની) પ્રવૃત્તિ થાય તે માટે તેમને સુખ આપવામાં આવે છે તે જૂદું (છૂટું) પાડી શકાય તેવું હોતું[1] નથી. તે (સુખ) પૈકી આત્માનો કામ સ્ત્રીઓથી જ પૂર્ણ થાય છે. તે સંબંધમાં સ્ત્રીઓ છ ઈન્દ્રિયોને સુખ આપનારી છે એમ જણાવવા 'ઉત્તમ વેષવાળી' વિગેરે (તેમનાં) વિશેષણો કહેલાં છે. અલૌકિક

૧. પરમાનંદ મોક્ષનું દ્વાર બનેલી 'દ્વારિકા' છે એવો અર્થ છે. (લે)

૨. આ વાક્યથી શ્લોકના ચોથા ચરણનો અર્થ કહેલો છે. (લે)

૧. ઈન્દ્રિયો દ્વારા આત્મામાં (પોતાને) સુખ થાય છે, એવો અર્થ છે. (લે)

વેષથી (૧) મન અને (૨) દૃષ્ટિ પ્રસન્ન થાય છે. 'તાજી જૂવાનીની કાંતિવાળી' એ વિશેષણથી તેઓ (૩) સ્પર્શ અને (૪) રસનું સુખ[2] આપનારી છે (એમ કહેલું છે). 'હવેલીઓમાં દડા વિગેરેથી રમતી' એ વિશેષણથી તેઓને (૫) શબ્દ અને ગંધનું સુખ[3] આપનારી (જણાવેલી છે), અથવા ચિત્ત અને ચક્ષુને સુખ આપનારી જણાવેલી છે. તે પ્રસંગે (આ વિશેષણથી ચિત્ત અને ચક્ષુને સુખ આપનારી ગણીએ ત્યારે) પહેલાં (વિશેષણ) સાથે અદલો બદલો[4] (કરવાનો છે). આ (વિશેષણો)થી વિભાવો[5] અને અનુભવો[5] કહ્યા. 'વિજળીના જેવા તેજવાળી' એ વિશેષણથી તેઓને બીજાની અંદરના રાગને ભૂલવનારી[6] (કહેલી છે), અથવા તેઓને ધર્મ વિગેરે[7] ફલરૂપ જણાવેલી છે. એ પ્રમાણે ભગવાનને માટે સર્વ પુરુષાર્થરૂપ સ્ત્રીઓ જણાવેલી છે; અથવા (આ વિશેષણથી) નગરીની સાધારણ સ્ત્રીઓનું વર્ણન કરેલું છે. ૨.

એમ હોય તો ગંધર્વ વિગેરેના વિમાન પેઠે દ્વારકા માત્ર ભોગ ભોગવવાનું સાધન હોવાથી, (તે) લોકમાં તેનું ઉત્તમ (સ્થાન) નહિ હોય, એવી શંકા થાય,

૨. કોમલ સ્પર્શ અને અધરના રસનો જૂવાન (સ્ત્રીઓ)માં ઉત્તમ અનુભવ થાય છે, અને તેમનાથી અનુક્રમે ત્વચા અને જીહ્વા ઈન્દ્રિયો પ્રસન્ન થાય છે એટલું અધ્યાહાર છે. (લે)

૩. ક્રીડા જોવામાં આવે તેથી તેનું વર્ણન કરનારાં કાવ્ય વિગેરેથી શબ્દનું સુખ થાય, અને દડાઓ પુષ્પના બનાવેલા હોવાથી તેમની ઉત્તમ ગંધનો અનુભવ થાય. આ સુખથી અનુક્રમે કાન અને નાક એ ઈન્દ્રિયો પ્રસન્ન થાય છે એ અધ્યાહાર છે. (લે)

૪. 'ઉત્તમ વેષવાળી' વિશેષણથી મન અને દૃષ્ટિ પ્રસન્ન થાય છે એમ કહેલ તેની સાથે અદલો બદલો કરવો, એટલે 'ઉત્તમ વેષવાળી' વિશેષણથી શબ્દ અને ગંધનો અનુભવ થાય છે એમ જાણવું. ત્યાં પણ ઉત્તમ વેષ જોવાથી કાવ્ય સ્ફુરે એટલે શબ્દનો અનુભવ થાય, અને વેષમાં પુષ્પો હોવાથી ગંધનો અનુભવ થાય. આમ કરવામાં આવે ત્યારે 'હવેલીઓમાં દડા વિગેરેથી રમતી' વિશેષણથી ચિત્ત (મન) અને ચક્ષુ (દૃષ્ટિ) પ્રસન્ન થાય છે એમ ગણવું (આ પ્રમાણે અદલો બદલો થયો). (લે)

૫-૫. ભાવ એટલે લાગણી અથવા મનની સ્થિતિ. ભાવના ત્રણ મુખ્ય પેટા વિભાગ છેઃ- વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવ. રતિ વિગેરે મનની લાગણી (ભાવ)ને જાગ્રત કરે તે વિભાવ કહેવાય છે. યોગ્ય ચિહ્નોથી ભાવ (મનની લાગણી)ને બહાર દેખાડનારા અનુભાવ છે, જેમ કે ભવાં ચડાવવાથી કોપ દર્શાવાય છે.

૬. બીજામાં જે રાગ (પ્રેમ) હોય તેને વિજળી ભૂલવનારી હોવાથી, તે વિશેષણનો એવો ભાવ છે.

૭. ચાર વિશેષણો કહેવાનું તાત્પર્ય અહિં કહેલું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે ફલ અપાવનારી સ્ત્રીઓ છે એવો અર્થ છે. આ વિશેષણ 'ચાર' છે અને પુરુષાર્થ પણ 'ચાર' છે. તેથી સંખ્યાના તાત્પર્યથી આ કહેલ હોવાથી તેમાં યોગ્યતાનો વિચાર કરવાનો નથી. (લે)

તેથી નીચેના શ્લોકમાં સેનાનું વર્ણન કરે છેઃ

**નિત્યં સંકુલમાર્ગાયાં મદચ્યુદ્ભિર્મતઙ્ગજૈઃ ।।**
**સ્વલંકૃતૈર્ભટૈરશ્વૈ રથૈશ્ચ કનકોજ્જ્વલૈઃ ।।૩।।**

મદ ઝરતા હાથીઓથી, સારી રીતે શણગારેલા યોદ્ધાઓથી, અશ્વોથી અને સુવર્ણથી ઉજળા રથોથી જેના માર્ગો સદા ભરાઈ ગએલા રહેતા (તેવી દ્વારકામાં ...શ્લોક ૧ સાથે સંબંધ છે). ૩.

ઝરતા મદવાળા હાથીઓથી સદાએ ભરાઈ ગએલા રહેતા માર્ગો જેના (તેવી દ્વારકામાં...) પછી ત્યાં યોદ્ધાઓ પણ શણગારેલા હતા. અશ્વો અને રથો પણ (શણગારેલા) હતા. એ પ્રમાણે (સેનાનાં) ચાર અંગો ઉત્તમ (હતાં એમ) કહેલું છે. ૩.

એ પ્રમાણે શૌર્ય હતું એમ જણાવવા સેનાનું વર્ણન કરી ભોગ પણ હતો એમ જણાવવા નીચેના શ્લોકમાં બગીચાઓનું વર્ણન કરે છેઃ

**ઉદ્યાનોપવનાઢ્યાયાં પુષ્પિતદ્રુમરાજિષુ ।।**
**નિર્વિશદ્ભૃઙ્ગવિહગૈર્નાદિતાયાં સમન્તતઃ ।।૪।।**

બગીચાઓ અને વાડીઓથી ભરપૂર, ફૂલોવાળાં વૃક્ષોની હારોમાં ભોગ ભોગવતા ભમરા અને પક્ષિઓથી ચારે તરફ ગાજી રહેલી (દ્વારકામાં, શ્લોક ૧ સાથે સંબંધ છે). ૪.

જેમાં ફૂલો મુખ્યત્વે હોય તે બગીચા. જેમાં ફલો મુખ્યત્વે હોય તે વાડીઓ. તેઓથી 'આઢ્યા' ભરપૂર (દ્વારકા હતી). એ પ્રમાણે કામની કલામાં ઉત્તમ ગંધનું નિરૂપણ કરી 'ફૂલોવાળાં વૃક્ષોની હારોમાં ભોગ ભોગવતા જે ભમરા અને પક્ષીઓ તેમનાથી ગાજી રહેલી' એ વિશેષણથી ઉત્તમ શબ્દનું નિરૂપણ કરે છે. 'હારો' શબ્દથી એમ જણાવેલું છે કે એક હારમાં એક જ જાતનાં પક્ષીઓ પ્રવેશ કરતાં હતાં. એમ ન હોય તો જુદી જુદી જાતનાં (પક્ષીઓના) શબ્દની ભેળસેળ થતાં કોલાહલ થાય. 'ચારેતરફ' શબ્દથી (એમ જણાવેલું છે કે) પહેલાં કહેલાં (બગીચા, વાડીઓ) ચારેતરફ હતાં. ૪.

**રેમે ષોડશસાહસ્રપત્નીનામેકવલ્લભઃ ।।**
**તાવન્તિ બિભ્રદ્રૂપાણિ તદ્ગૃહેષુ મહર્દ્ધિષુ ।।૫।।**

સોળ હજાર પત્નીઓના એક પતિ ઘણી સમૃદ્ધિવાળા તેઓના મકાનોમાં તેટલાં રૂપો ધારણ કરતાં રમણ કરતા હતા. ૫.

તેવા સ્થાન (દ્વારકા)માં 'સોળ હજાર પત્નીઓના એક જ પતિ રમણ કરતા હતા'. બધીએ (સ્ત્રીઓ)નો એક (પતિ)માં જ સ્નેહ હતો. સોળ વિકારો

પૈકી દરેક વિકારના સંબંધવાળાં મનને એક હજાર રીતે સુખ પ્રાપ્ત થાય તે માટે સોળ હજાર (પત્નીઓ) હતી. તેટલી (બધી) એ પણ ધર્મ પણ પ્રાપ્ત કરતી હતી એમ 'પત્ની' શબ્દથી કહેલું છે. ''ભગવાન્ પોતાની કામનાઓ પૂર્ણ કરવા પ્રવૃત્તિ કરતા ન હતા, પરંતુ સ્ત્રીઓની કામનાઓ પૂર્ણ કરવા માટે પ્રવૃત્તિ કરતા હતા. તેથી એવા પ્રકારથી (એક જ પતિએ સોળ હજાર પત્નીઓ રાખવાથી તેમનો) કામ સંપૂર્ણ રીતે પૂર્ણ થાય નહિ. એક ગણો (પુરુષનો) કામ પૂર્ણ કરવા માટે પણ ઘણી (સ્ત્રીઓ)ની જરુર પડે તો પછી આઠ ઘણા કામવાળી (સ્ત્રીઓ)નો કામ એકથી કેમ પૂર્ણ થાય? તેમાં પણ ઘણી (સ્ત્રીઓ)ના એક (પતિથી તેમનો કામ કેવી રીતે પૂર્ણ થાય)?'' એવો દોષ ન હતો એમ જણાવવા 'તેટલાં રૂપો ધારણ કરતાં' એ વિશેષણ યોજેલું છે. જેટલી સ્ત્રીઓ હતી, તેટલાં (પોતાનાં) રૂપો કરીને (ભગવાન્) રમણ કરતા હતા. તેઓની કામનાઓ પૂર્ણ કરવા માટે જ તે રૂપો (પ્રકટ) થએલાં હોવાથી એક (પત્ની)નો આઠ ગણો કામ પણ એક (રૂપ)થી પૂર્ણ થતો હતો, કારણ કે (તે રૂપ) તે માટે જ પ્રકટ થએલું હતું. બધીઓ એક સ્થલે રમણ કરે તો તેઓને ઈર્ષ્યાથી થતું દુઃખ થાય, તે (ન થાય તે) માટે 'ઘણી સમૃદ્ધિવાળાં તેઓનાં મકાનોમાં' એ શબ્દો યોજેલા છે. સર્વ સમૃદ્ધિવાળાં તેઓનાં જ મકાનોમાં (ભગવાન્ રમણ કરતા હતા). એક એક (પત્ની)ને એક એક મકાન આપી, તેની અંદર સર્વ સમૃદ્ધિઓ રખાવી, (ભગવાન્) પોતે એક રૂપથી તેમાં પ્રવેશ કરીને, સારી રીતે જેટલાથી (તે સ્ત્રીને) સુખનો અનુભવ થાય તે પ્રમાણે રમણ કરતા હતા, એવો અર્થ છે. ૫.

એ પ્રમાણે દરેક (સ્ત્રી) સાથે રમણ કહીને, (તેમ કરવાથી) ગૃહસ્થની સમાનતા થઈ, તેથી ઉત્તમ પ્રકારનું રમણ કહેવા માટે, નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોકોથી (સ્ત્રીઓના) સમૂહ સાથેનું રમણ જણાવે છેઃ

**પ્રોત્ફુલ્લોત્પલકલ્હારકુમુદામ્ભોજરેણુભિઃ ।।**
**વાસિતામલતોયેષુ કૂજદ્દ્વિજકુલેષુ ચ ।।૬।।**

ઘણાં ખીલેલાં જલનાં ફુલ, કહલાર, કુમુદ અને કમલોનાં રેણુઓથી સુગંધવાળાં થએલા સ્વચ્છ જલોવાળાં અને ટૌકા કરતાં પક્ષીઓના સમૂહોવાળાં (મકાનોમાં રમણ કરતા હતા. શ્લોક ૫ સાથે સંબંધ). ૬.

ઘણાં જ ખીલેલાં જલમાં ઉગતાં પુષ્પોની 'કલ્હારકુમુદામ્ભોજ' એટલે સંધ્યા સમયે, રાત્રે અને દિવસે ખીલનારા પુષ્પોની જાતો, તેઓનાં રેણુઓથી સુગંધવાળાં થએલાં જે સ્વચ્છ જલો, તેઓવાળાં (મકાનો)માં ભગવાન્ રમણ કરતા હતા એવો (શ્લોક ૫ સાથે વાક્યનો) સંબંધ છે. ટૌકા કરતાં પક્ષીઓના

સમૂહો છે જેમની અંદર (તેવાં મકાનોમાં રમણ કરતા હતા). તે (મકાનો)માં ઉત્તમ ગંધ અને ઉત્તમ શબ્દ (આ શ્લોકમાં બે વિશેષણોથી) કહ્યાં. સ્પર્શ અને રસ[1] તે (મકાનો)માં કુદરતી છે. રૂપ[2] તો સિદ્ધ થએલું જ છે. ૬.

**વિજહાર વિગાહ્યામ્ભો હ્રદિનીષુ મહોદયઃ ।।**
**કુચકુઙ્કુમલિપ્તાઙ્ગઃ પરિરબ્ધશ્ચ યોષિતામ્ ।।૭।।**

સ્ત્રીઓના સંબંધવાળા, સ્ત્રીઓથી આલિંગન પામેલા, સ્તનના કુંકુમથી લેપાએલા અંગવાળા, ઘણા વૈભવવાળા (ભગવાન્) તલાવડીઓમાં જલમાં પ્રવેશ કરી ક્રીડા કરતા હતા. ૭.

ત્યાં (તેવા મકાનોમાં) જલમાં પ્રવેશ કરી (ભગવાન્) 'વિજહાર' જલક્રીડા કરતા હતા. 'જલક્રીડાનો ઉપયોગ ક્યાં (શો)?' એવી શંકા થાય, તેથી 'ઘણા વૈભવવાળા' વિશેષણ યોજેલું છે. 'મહાન્' ઘણો 'અભ્યુદયઃ' વૈભવ છે જેમનો તેવા (ભગવાન્) હતા, (અને) તેવાએ જ એ પ્રમાણે (જલક્રીડા) કરવી જોઈએ, એવો અર્થ છે. તે (ક્રીડા)માં પણ 'સ્તનના કુંકુમથી લેપાએલા અંગવાળા' એ વિશેષણથી શોભા જણાવેલી છે. અથવા (તે કુંકુમ) દૂર કરવા (ધોવાઈ જાય તે માટે) જલમાં (ભગવાને) પ્રવેશ કરેલો. 'સ્ત્રીઓના સંબંધવાળા, સ્ત્રીઓથી આલિંગન પામેલા' એ વિશેષણોથી તેમની અંદર રહેલા રસનું સ્વરૂપ કહેલું છે. સ્ત્રીઓના સંબંધવાળા, અને તેઓથી આલિંગન પામેલા, એવો અર્થ છે. ૭.

તે સમયે મહેલની બહાર રહેલાઓએ રસ ઉત્પન્ન કરાવવા માટે ગાન, સ્તુતિ વિગેરે કરવાં જોઈએ, તે પણ કર્યાં એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઉપગીયમાનો ગન્ધર્વૈર્મૃદઙ્ગપણવાનકાન્ ।।**
**વાદયદ્ભિર્મુદા વીણાઃ સૂતમાગધબન્દિભિઃ ।।૮।।**

મૃદંગ, ઢોલ, નગારાં અને વીણાને વગાડતા ગંધર્વો, સૂત, માગધ અને બંદિજનોથી આનંદથી જેમનું ગાન કરવામાં આવતું હતું (તેવા ઘણા વૈભવવાળા ભગવાન્ જલક્રીડા કરતા હતા એમ શ્લોક ૭ સાથે સંબંધ છે). ૮.

'ઉપગાનમ્' એટલે તેમના નામનાં ગીતોનું ગાન. 'મૃદંગ, ઢોલ, નગારાં, અને વીણાને વગાડતા' એ શબ્દોથી વાજીંત્ર પણ કહેલાં છે. 'સૂત, માગધ અને બંદિજનોથી' એ શબ્દોથી એમ કહેલું છે કે (ગંધર્વ ઉપરાંત) બીજાઓ પણ

૧. 'સ્ત્રી ઘર કહેવાય છે' એ વાક્ય પ્રમાણે સ્ત્રી ઘરનું સ્વરૂપ હોવાથી તેમાં ઉત્તમ રસ અને સ્પર્શ કુદરતથી જ પ્રાપ્ત થએલા છે, એવો અર્થ છે. (લે)

૨. 'તેટલાં રૂપો ધારણ કરતાં' એમ શ્લોક ૫માં કહેલું છે તેથી (રૂપ તો સિદ્ધ થએલું જ છે), એવો અર્થ છે. (લે)

ભગવાનની પ્રશંસા કરતા હતા. ૮.

એ પ્રમાણે બહારથી (કામને) ઉત્તેજન આપનારાં સાધનો વિગેરે કહી, નીચેના શ્લોકમાં સ્ત્રીઓની સ્વચ્છંદ લીલાનું વર્ણન કરે છેઃ

**સિચ્યમાનોઽચ્યુતસ્તાભિર્હસન્તીભિઃ સ્મ રેચકૈઃ ।।**
**પ્રતિસિઞ્ચન્વિચિક્રીડે યક્ષીભિર્યક્ષરાડિવ ।।૯।।**

હસતી તે (સ્ત્રીઓ)થી પીચકારીઓથી છંટાતા અને સામી પીચકારીઓ મારતા અચ્યુત, જેમ યક્ષણીઓ સાથે યક્ષોનો રાજા રમણ કરે તેમ, (તે સ્ત્રીઓ સાથે) રમણ કરતા હતા. ૯.

ભગવાન્ 'અચ્યુત' હોવાથી, ઘણી સ્ત્રીઓથી પણ ભગવાનના કામની હાનિ થતી ન હતી. 'પીચકારીઓથી' એટલે ચામડા અને વાંસ ની બનાવેલી પીચકારીઓથી. સ્ત્રીઓને સ્વભાવથી પણ હસવું આવતું, અથવા (પીચકારી છાંટવામાં) જય થવાથી હસવું આવતું. બંને પ્રકારે તેમનો ઘણો સંતોષ વર્ણવેલો છે. ઈશ્વરના સ્પષ્ટ કામનું અત્યંત વર્ણન કરવું અયોગ્ય હોવાથી 'સ્મ' (એવી પ્રસિદ્ધિ છે એવા અર્થવાળો શબ્દ) યોજેલો છે. તે સ્ત્રીઓને સામી પીચકારીઓ મારતા સારી રીતે ક્રીડા કરતા હતા. કામરસના કજીઆમાં યક્ષો પ્રવીણ છે. તે પ્રમાણે ચાલુ પ્રસંગમાં સ્ત્રીઓ અને ભગવાન્ (કામરસનો કલહ કરતા) હતા એમ ફક્ત આટલી જ પ્રસિદ્ધિ(ભગવાનનું) માહાત્મ્ય સૂચવતી હોવાથી, જેમ 'ગંભીરપણામાં સમુદ્ર જેવા, ધૈર્યમાં હિમાલય જેવા' એવાં (ઉપમાનાં) વાક્યો છે, તેમ અહિં કુબેર અને યક્ષણીઓના દૃષ્ટાંતનો ભાવ અયોગ્ય હોવા છતાં કહેલો છે. ૯.

પછી નીચેના શ્લોકમાં રચીપચી રહેલી હોવાને લીધે, દેહને ભૂલેલી તે (સ્ત્રીઓ)ની કામલીલા વર્ણવે છેઃ

**તાઃ ક્લિન્નવસ્ત્રવિવૃતોરુકુચપ્રદેશાઃ સિઞ્ચન્ત્ય ઉદ્ધૃતબૃહત્કબરપ્રસૂનાઃ ।।**
**કાન્તં સ્મ રેચકજિહીરષયોપગુહ્ય જાતસ્મરોત્સવલસદ્વદના વિરેજુઃ ।।૧૦।।**

ભીંજાએલાં વસ્ત્રથી ખુલ્લા દેખાતા સાથળ અને સ્તનના અવયવોવાળી, પીચકારીઓ મારતી, જેમના મોટા અંબોડામાંથી ફુલો કાઢી લીધેલાં છે તેવી તે (સ્ત્રી)ઓ પીચકારી પાછી લઈ લેવાની ઈચ્છાથી પતિને ભેટીને ઉત્પન્ન થએલા કામના ઉત્સવને લીધે પ્રકાશતા મુખવાળી શોભતી હતી. ૧૦.

ભીંજાએલા વસ્ત્રોને લીધે 'વિકૃતાઃ' ખુલ્લા દેખાતા હતા સાથળ અને સ્તનના ઉત્તમ અવયવો જેઓના, તેવી હોવા છતાં પણ પીચકારીઓ મારતી હતી. 'ઉદ્ધૃતાનિ' કાઢી લીધેલા છે મોટા અંબોડાઓમાંથી ફૂલો જેઓનાં તેવી (તે

હતી). જેમ તેઓ, જોરથી પીચકારીઓ મારવા[1] ભગવાન્ પાસે આવતી હતી, તેમ ભગવાન્ પણ (તેમની પાસે જતા હતા). ખુલ્લા દેખાતા અવયવોવાળી હોવા છતાં પીચકારી ઓ મારવામાં જ મશ્ગુલ થઈ ત્યારે (ભગવાને તેઓના) અંબોડામાંથી પુષ્પો કાઢી લીધાં, એવો અર્થ છે. આથી[2] એમ જણાય છે કે પીચકારીઓ પણ (ભગવાને) લઈ લીધી. પછી જ્યારે ભગવાન્ (પોતાનો) હાથ ઉંચો કરી (તેમાં) ફૂલ અને પીચકારી પકડી ઉભા રહ્યા ત્યારે પીચકારીઓ પાછી લેવાની ઈચ્છાથી પતિને ભેટીને, (તે) દરમ્યાન ઉત્પન્ન થયેલા કામને લીધે જે પરમ આનંદવાળો ઉત્સવ થયો તેનાથી પ્રકાશતા મુખવાળી થઈ, જેમ કાળા મણિની આસપાસ માણેકો હોય તેમ શોભતી હતી. ૧૦.

એ પ્રમાણે તે સ્ત્રીઓએ સુખ પ્રાપ્ત કરવા હુમલો કર્યો છતાં તેમને જેમ સૌંદર્ય પ્રાપ્ત થયું તેમ ભગવાનને પણ સુખ થયું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કૃષ્ણસ્તુ તત્સ્તનવિષજ્જિતકુઙ્કુમસ્રક્ ક્રીડાઽભિષઙ્ગધુતકુન્તલવૃન્દબન્ધઃ ।।**
**સિઞ્ચન્મુહુર્યુવતિભિઃ પ્રતિષિચ્યમાનો રેમે કરેણુભિરિવેભપતિઃ પરિતઃ ।।૧૧।।**

તેઓના સ્તનોને લગાડેલા કુંકુમવાળી માલાવાળા, ક્રીડામાં આસક્તિને લીધે છુટી ગએલા કેશના સમુહના બંધવાળા શ્રીકૃષ્ણ તો જલ છાંટતાં, અને સ્ત્રીઓ વડે વારંવાર સામા છંટાતાં, જેમ ચારે બાજુએ હાથણીઓથી ઘેરાએલો ઉત્તમ હાથી રમણ કરે તેમ રમણ કરતા હતા. ૧૧

તેઓનાં સ્તનોને લગાડેલું જે કુંકુમ, તે (કુંકુમ)વાળી 'સ્રક્' માલા છે જેમની તેવા (શ્રીકૃષ્ણ) થયા. પછી ક્રીડામાં જે 'અભિષઙ્ગ' આસક્તિ તેનાથી 'ધુતાઃ' છૂટી ગએલા છે કેશના સમૂહના બંધો જેમના (તેવા થયા). જાત જાતનો (કેશનો) બંધ રમત માટે કરેલો એમ જણાય છે. જેમ તે (સ્ત્રીઓ)ના અવયવો ખુલ્લા થઈ ગયા હતા તેમ ભગવાનને પણ કુંકુમનો સંબંધ થયો હતો, અને (તેમના) કેશના બંધો છુટી ગયા હતા. એ પ્રમાણે સમાનપણાથી (ભગવાન્) પોતે (જલ) છાંટતાં, અને વિચાર વગરની થાય તે માટે તેની દશા પ્રાપ્ત કરેલી (સ્ત્રી)ઓથી સામા છંટાતાં રમણ કરતા હતા. મર્યાદારહિત રમણનું નિરૂપણ કરતાં (શ્રીશુક), ગોપીઓના પ્રસંગમાં જેમ કહ્યું હતું તેમ, 'જેમ હાથણીઓ સાથે ઉત્તમ હાથી (રમણ કરે)' એવું દૃષ્ટાંત કહે છે. જેમ ઉત્તમ હાથી હાથણીઓથી ઘેરાએલો થાય છે તેમ (ભગવાન્ સ્ત્રીઓથી ઘેરાઈ રમણ કરતા હતા). ૧૧.

૧. 'પ્રસૂનાર્થં' શબ્દ શ્રીસુબોધિનીમાં છે. 'પ્રકૃષ્ટા' ઘણી 'સૂના' હત્યા એટલે જલથી મારવું તે; તે માટે એટલે (પીચકારી મારવામાં) ભગવાન્ ઉપર જય મેળવવા માટે, એવો અર્થ છે. (લે)
૨. 'આથી' એટલે 'જય અને પરાજયનો વિચાર કહ્યો તેથી' એવો અર્થ છે. (લે)

એ પ્રમાણે સમૂહથી રમણનું વર્ણન કહી, આ લીલા છ ગુણોવાળી હોવાનું[1] જણાવી, તેના ઉપર આજીવિકાવાળાઓને દાન કરી તેનો ઉપસંહાર કરે છેઃ

**નરાનાં નર્તકીનાં ચ ગીતવાદ્યોપજીવિનામ્ ।।**
**ક્રીડાલંકારવાસાંસિ કૃષ્ણોऽદાત્તસ્ય ચ સ્ત્રિયઃ ।।૧૨।।**

નટોને, નાચનારીઓને અને ગીત તથા વાજીંત્ર ઉપર આજીવિકાવાળાઓને ક્રીડાનાં સાધનો, અલંકારો અને વસ્ત્રો શ્રીકૃષ્ણે અને તેમની પત્નીઓએ આપી દીધાં.૧૨.

ગીત અને તાલ પ્રમાણે જેઓ નૃત્ય કરે તે નટો અને માત્ર નૃત્યથી જેઓ રસનો અભિનય કરે તે નાચનારીઓ અથવા (નટો અને નાચનારીઓ શબ્દોથી) નટો જ પુરુષ અને સ્ત્રી કહેલા છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી ભગવાને તેઓના સંબંધીઓને પણ દાન આપ્યું એમ કહેલું છે. ગીત તથા વાજીંત્ર ઉપર આજીવિકા-વાળાઓ બીજા (જૂદા) હતા. ક્રીડાનાં સાધનો, અલંકારો અને વસ્ત્રો (આપ્યાં), અથવા ક્રીડા માટે જ જે અલંકાર (ધારણ કરેલ) અને જે વસ્ત્રો (પહેરેલ), તેઓનું કામશાસ્ત્રમાં નિરૂપણ કરેલું છે, તે બધાંએ બીજા સમયે ઉપયોગ કરવા રાખ્યાં નહિ. પરંતુ બંદિઓને ભગવાને 'અદાત્' આપી દીધાં. તે જ પ્રમાણે તેમની પત્નીઓએ પણ આપી દીધાં. ૧૨.

એ પ્રમાણે સાધારણ અને અસાધારણ* લીલાઓનું નિરૂપણ કર્યું. આ નિરૂપણનું ફલ લૌકિક નથી એમ જણાવવા તેનું બીજું ફલ નીચે કહે છેઃ

**કૃષ્ણસ્યૈવં વિહરતો ગત્યાલાપેક્ષિતસ્મિતૈઃ ।।**
**નર્મકેલિપરિષ્વઙ્ગૈઃ સ્ત્રીણાં કિલ હૃતા ધિયઃ ।।૧૩।।**

એ પ્રમાણે વિહાર કરતા શ્રીકૃષ્ણની ગતિ વાતચિત દૃષ્ટિ સ્મિત, ઠઠ્ઠાના વચનો, કેલિ(ક્રીડા) અને આલિંગનથી ખરેખર સ્ત્રીઓનાં અંતઃકરણો હરાઈ ગયાં. ૧૩.

એ પ્રમાણે સામાન્ય પ્રકારથી અને ખાસ પ્રકારથી ઘણું જ ચિત્તને હરનાર અટલે વિહાર કરનાર શ્રીકૃષ્ણના ચાર પ્રકારના ભાવોથી સ્ત્રીઓનાં ચાર અંતઃકરણો હરાયાં એમ કહે છે. આરંભમાં ગતિ એટલે ભગવાનનું સામા પધારવું. પછી વાતચિત, પછી વાણીથી કરાર થતાં કામની કલાઓથી જોવું તે દૃષ્ટિ. પછી

---

*. (છઠ્ઠાથી અગીઆરમા સુધીના) છ શ્લોકોથી સમૂહથી રમણનું નિરૂપણ કરેલું હોવાથી તે છ ગુણોવાળું છે, એવો ભાવ છે. (લે)

૧. સાધારણ એટલે સમૂહથી લીલા, અસાધારણ એટલે દરેક સ્ત્રી સાથેની લીલા, એવો અર્થ છે. (લે)

ભાવને પ્રસિદ્ધ કરનારાં સ્મિતો. પછી કાયા વિગેરેના વિલાસો[2], પછી 'નર્મ' એટલે ઠઠ્ઠાનાં વચનો, પછી 'કેલિઃ' એટલે માનસી ક્રીડા. પછી 'પરિષ્વઙ્ગઃ' એટલે બાર પ્રકારનાં અથવા આઠ પ્રકારનાં આલિંગનો. એવી રીતે ભગવાને સર્વ પ્રકારોથી સ્ત્રીઓનાં 'ધિયઃ' અંતઃકરણો હરી લીધાં. 'કિલઃ' 'ખરેખર' શબ્દથી એ વાતની પ્રસિદ્ધિ કહેલી છે. પહેલાંની (ગોપીઓની) પેઠે આ પ્રપંચનું વિસ્મરણ થવામાં સાધનો જ થયાં, પરંતુ પ્રપંચમાં આસક્તિ કરનારાં થયાં નહિ, એવો અર્થ છે. ૧૩.

આ વિષયમાં પ્રમાણ તરીકે તે (સ્ત્રીઓ)નાં વાક્યો જણાવવા માટે નીચેનો શ્લોક કહે છેઃ

**ઊચુમુકુન્દૈકધિયો ગિર ઉન્મત્તવજ્જડમ્ ।।**
**ચિન્તયન્ત્યોઽરવિન્દાક્ષં તાનિ મે ગદતઃ શ્રૃણુ ।।૧૪।।**

માત્ર મુકુંદમાં જ અંતઃકરણવાળીઓએ કલમના જેવાં ચક્ષુવાળાનું ચિંતન કરતાં ઉન્મત્ત અને જડની પેઠે વાણી ઉચ્ચારી, તે કહેનારા મારી પાસેથી સાંભળો. ૧૪.

પ્રપંચને વિસરીને, કામને પણ વિસરીને મુકુંદમાં એટલે મોક્ષ આપનારામાં જ છે 'એકા' દૃઢ 'ધીઃ' અંતઃકરણ જેઓનું તેવી થઈ, પોતાનું હૃદય બરાબર જણાવનારી વાણી તેઓ બોલી. 'ત્યારે તેઓનાં વચન બ્રહ્મ જાણનારાઓનાં જેવાં હશે[1]?' એવી શંકા થાય, તેથી 'ઉન્મત્તની પેઠે' શબ્દ યોજેલો છે. તે સંબંધ વગરનાં વાક્યો હતાં. જેમ ઉન્મત્ત (ગાંડો) ગંધર્વના આવેશવાળો હોય છે, તેમ (આમનામાં) ભગવાનનો આવેશ હતો, પરંતુ તેઓ સ્વસ્થ લૌકિક (સ્ત્રીઓ) ન હતી. તેમાં પણ જડ પદાર્થોમાં ચેતનના ગુણોનો આરોપ કરેલો હોવાથી (તે વાણી) જડ જેવી હતી. 'જડ (પદાર્થ)ની પેઠે[2] માત્ર પ્રપંચનું વિસ્મરણ જગતમાં નિંદાનું કારણ થાય છે' એવી શંકા થાય, તેથી 'કલમના જેવાં ચક્ષુવાળાનું ચિંતન કરતાં' એ વિશેષણ યોજેલું છે. આથી એમ કહેવાયું કે પ્રયોજન પૂરું સિદ્ધ થયું[3]. નિરોધ[4] થાય તે માટે તે (વાણી) 'ગદતઃ'

---

૨. 'વિહરતઃ' 'વિહાર કરતા' શબ્દનો અર્થ કરેલો જણાય છે.

૧. જેમ બ્રહ્મ જાણનારાઓનાં વાક્યો 'જગત્ બ્રહ્મ છે' એમ જણાવનારાં સત્ય છે, તેમ આમનાં પણ જડને ચેતન જણાવનારાં વાક્યો સત્ય હશે, એવો અર્થ છે.(લે)

૨. જડ પદાર્થોને પણ પ્રપંચનું વિસ્મરણ છે (પ્રપંચનું ભાન નથી), તેથી માત્ર તે એક જ ગુણ હોય તો જેમ જડ પદાર્થો જડ ગણાય છે (નિંદા પાત્ર છે), તેમ આ ગુણથી નિંદા થાય એવો અર્થ જણાય છે.

૩. પ્રપંચનું વિસ્મરણ થયા પછી ભગવાનમાં આસક્તિ થાય એ આ સ્કંધની લીલાનું ફલ કહેલું છે તે પૂરું સિદ્ધ થયું, એવો અર્થ છે. (લે). ૪. (આ વાક્યો) સાંભળનારાઓનો નિરોધ (થાય

કહેનારા 'મે' મારી પાસેથી સાંભળો. કદાચ (તે વાણી) પ્રાકૃત હોવાથી શંકા થાય, તે માટે (તેવી શંકા ન થાય તે માટે) પૂરેપૂરી સાંભળવી જોઈએ, એવો અર્થ છે.

નીચેના શ્લોકથી આરંભી દશ શ્લોકોથી તે વાણી કહે છેઃ

મહારાણીઓ કહે છેઃ

**કુરરિ વિલપસિ ત્વં વીતનિદ્રા ન શેષે સ્વપિતિ જગતિ**
**રાત્ર્યામીશ્વરોઽગુપ્તબોધઃ ।।**
**વયમિવ સખિ કચ્ચિદ્ગાઢનિર્ભિન્નચેતા નલિનનયનહાસોદારલીલેક્ષણેન ।।૧૫।।**

હે ટિટોડી ! ઉંઘ ગુમાવેલી તું વિલાપ કરે છે (અને) સુતી નથી. જેમનું જ્ઞાન છુપાતું નથી તેવા ઈશ્વરે જગતમાં રાત્રે શયન કરેલું છે. હે સખિ ! કમલરૂપ નયનમાં હાસ્યવાળાની ઉદાર લીલાવાળી દષ્ટિથી શું તું પણ અમારી પેઠે ઘણાં જ ઘવાએલાં ચિત્તવાળી છે ? ૧૫.

**કુરરી ચક્રવાકોઽબ્ધિશ્ચન્દ્રમા મલયાનિલઃ ।।**
**મેઘકોકિલકેલ્યદ્રિતન્નદ્યો હંસ એવ ચ ।।૫।।**
**દશધા ભગવત્સ્નેહૈરુક્તાઃ સ્ત્રીભિઃ સ્વભાવતઃ।।**
**મનસૈવ તિરોધાનમુક્ત્યૈવોક્તં ન પૂર્વવત્ ।।૬।।**

(૧) ટિટોડી (૨) ચક્રવાક્ (૩) સમુદ્ર (૪) ચંદ્રમા (૫) મલયનો વાયુ (૬) મેઘ (૭) કોયલ (૮) રમણ (કરવા)નો પર્વત (૯) તેની નદીઓ અને (૧૦) હંસ, એ જ દશનું ભગવાનમાં સ્નેહને[૧] લીધે સ્ત્રીઓએ[૧] સ્વભાવથી દશ પ્રકારે[૧] સંબોધન કરેલું છે. એ વાક્યોથી જ મનથી જ (ભગવાનનું) તિરોધાન જણાવેલું[૨] છે, પહેલાંની પેઠે કહેલું નથી[૩]. કા.૬.

**વાચિકેપિ તિરોધાનં વાક્યરેવ નિરૂપિતમ્ ।।**
**વિદ્યમાનેઽતિસંભોગસૌખ્યદેઽપિ વિશેષતઃ ।।૭।।**
**તત્સંગલાલસાઃ પ્રોક્તા દઢાસક્તિપ્રસિદ્ધયે ।।૭ા.।।**

---

તે માટે). (લે)

૧-૧-૧. સગુણ (નવ) અને નિર્ગુણ (એક)ના ભેદથી દશ પ્રકારના ભગવાનની અંદરના સ્નેહરૂપી કરણ (સાધન)થી (ભગવાનની) સ્ત્રીઓએ આ દશનું વર્ણન કરેલું છે. (લે)

૨. 'માનસ તિરોધાનને લીધે સ્ત્રીઓએ આ કર્યું એમ શાથી જણાય ? કારણ કે તેવું તિરોધાન જણાવનારું વાક્ય નથી' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. આવાં વાક્યો કહેલાં છે, તેથી જ માનસ તિરોધાન સૂચવેલું છે, એવો અર્થ છે. (લે)

૩. પહેલાં (ગોપીઓના પ્રસંગમાં) કાયિક તિરોધાન સ્પષ્ટ કહેલું (જૂઓ. ૧૦।૨૬।૪૮). તેવું અહિં નથી, એવો અર્થ છે. (લે)

વાણીથી કહેલામાં પણ તિરોધાન વાક્યોથી જ જણાવેલું છે[૪]. ઘણું જ સંભોગનું સુખ આપનાર હોવા છતાં, ખાસ પ્રકારે તેમના સંગની લાલસાઓ (પોતાની તેમનામાં) દઢ આસક્તિ પ્રસિદ્ધ કરવા કહેલી છે[૫]. કા.૭॥.

**આસક્તિગૃહકાર્યાદિનિદ્રાદિવિનિવૃત્તયે ॥૮॥**
**સ્વધર્માન્ સ્વપ્રિયં ચાપિ કલ્પયિત્વાખિલેષુ હિ ॥**
**બહિસ્તત્ત્વં નિરીક્ષ્યૈવં પ્રલપન્ત્યસ્તથા જગુઃ ॥૯॥**

(બીજામાં) આસક્તિરૂપ[૬] ઘરનાં કામકાજ વિગેરે તથા નિદ્રા વિગેરે દૂર કરવા માટે બધાની અંદર પોતાના ગુણો[૭] અને પોતાના પ્રિયની પણ કલ્પના કરીને બહારનું તત્ત્વ[૮] એ પ્રમાણે જોઈને પ્રલાપ કરતાં તે પ્રમાણે ગાન કરેલું છે. કા.૯.

પોતાની ઈચ્છેલી લીલા પછી, ભગવાને શયન (કરવા)ની લીલાનો આરંભ કર્યો ત્યારે પ્રથમ બહાર ટિટોડીનો સ્વાભાવિક વિલાપ સાંભળીને, રાજસરાજસ ભાવ પ્રાપ્ત કરેલી મહારાણીઓએ, ટિટોડીના વિલાપથી ભગવાન્ જાગી જશે એવો ભય રાખતાં પોતાની કામલીલા[૯]નો ત્યાગ કરી, ભગવાનમાં (તેઓને) ઘણો સ્નેહ હોવાને લીધે (તેમની) નિદ્રાનો ભંગ ન થાય એવા હેતુથી ટિટોડીને (વિલાપ કરતાં) અટકાવવાની પ્રવૃત્તિ કરતાં[૯], દુઃખી થએલી ટિટોડીને જોઈ, (તેને) આશ્વાસન આપવા સંબોધન કરતાં કહ્યું કે હે ટિટોડી ! (વિગેરે).

ભગવાન્ સિવાય બધું જગત્ સ્ત્રીરૂપ જ છે અને તેથી જ બધીએ (સ્ત્રીઓ)ના ભગવાન્ જ એકલા પતિ છે એમ તેઓ જૂએ છે. તેથી જે કોઈ દુઃખ પામે છે તેનું કારણ ભગવાનનો વિરહ જ છે, કારણ કે બીજું દુઃખ ભગવાન્ જ દૂર

---

૪. ત્યાં પણ તેવાં વાક્યોથી તિરાધાન સૂચવેલું જ છે. પરંતુ સ્પષ્ટ કહેલું નથી, એવો અર્થ છે. (લે)

૫. આ વાક્યથી માનસ તિરોધાનનું સ્વરૂપ જણાવેલું છે. (લે)

૬. 'આસક્તિ' એટલે (ભગવાન્ સિવાય) બીજામાં આસક્તિ, જેવી કે ઘરનાં કામકાજ અથવા નિદ્રા વિગેરે. (લે)

૭. 'પોતાના ગુણો' એટલે 'વિયોગને લીધે થતા વિલાપ વિગેરે'. (લે)

૮. 'બહારનું તત્ત્વ' એટલે 'તેઓના સ્વાભાવિક વિલાપ વિગેરે ગુણોવાળા હોવાપણું'. (લે)

૯-૯. ભગવાન્ જાગે ત્યારે તેઓ ફરીથી લીલા કરી શકે, છતાં પણ ભગવાનમાં ઘણો સ્નેહ હોવાથી પોતાની તેવી લીલા કરવાની ઈચ્છાનો ત્યાગ કરી. ટિટોડીને વિલાપ કરતી અટકાવવા જ પ્રવૃત્ત થયાં, એવો અર્થ છે. જો કે ટિટોડી વિગેરે તેમની નજીક ન હતાં, છતાં પણ શ્લોક ૧૪માં 'ઉન્મત્ત અને જડની પેઠે' બોલતાં હતાં એમ કહેલું હોવાથી, તેઓ ટિટોડી વિગેરે પોતાની પાસે જ છે એમ જાણતાં હતાં, એવો ભાવ છે.(લે)

કરે છે. તેથી આ (ટિટોડી) પણ સ્ત્રી ભગવાનના વિરહથી દુઃખી થએલી અને ભગવાને સંભોગ માટે આણીને કટાક્ષરૂપી બાણોથી હરેલી[10] છે, તેથી વિલાપ કરે છે એવો નિશ્ચય કરીને તેને કહે છે કે હે ટિટોડી ! તું રાડારાડ કરે છે તે અમે જાણ્યું. તે (રાડારાડ કરવી તે) અયોગ્ય હોવાથી અમે તને અટકાવવા આવ્યાં છીએ. તું શા માટે વિલાપ કરે છે? અફસોસ દુઃખની વાત છે (કે તું વિલાપ કરે છે), એવો અર્થ છે. (વિલાપના) કારણરૂપ દુઃખ ઉત્પન્ન થતું હોવાથી, દુઃખની પેઠે વિલાપ અટકાવી શકાતો નથી, એવો ભાવ છે. (તને) ઉંઘ નથી અને (તું) સૂતી નથી એ અમારી બરોબર છે (અમને પણ એમ જ છે) એમ કહે છે. તને કેમ ઉંઘ નથી (આવતી) અને તું સૂતી પણ કેમ નથી ? ઉંઘ ન આવતી હોય તો પણ કોઈ (સ્ત્રીઓ) નીચે પડીને રહે છે (સૂએ છે), તે પણ તું કરતી નથી, એવો અર્થ છે.

**યદા દેહેઽતિચિન્તા સ્યાદ્ધાતુવૈષમ્યમેવ વા ।।**
**ભયાદિના વિશેષેણ તદા નિદ્રા ન જાયતે ।।૧૦।।**

જ્યારે દેહમાં ઘણી ચિંતા હોય અથવા ધાતુ વિષમ (ઓછી વધારે) જ હોય ત્યારે ખાસ કરીને ભય વિગેરેને લીધે ઉંઘ આવતી નથી. કા.૧૦.

ભગવાન્ ઘણા કષ્ટથી પ્રસન્ન કરાય તેવા છે. તે કેમ વશ થશે ? એ મોટી ચિંતા છે. (તેથી ઉંઘ આવતી નથી).

**યદાઙ્ગેષુ સમસ્તેષુ તાપોઽનિર્વૃતિરેવ વા ।।**
**તદૈકત્ર જનઃ સ્થાતું ન શક્નોતિ કથંચન ।।૧૧।।**

જ્યારે બધાં અંગોમાં દુઃખ હોય અથવા અશાંતિ જ હોય ત્યારે માણસ કોઈ પણ પ્રકારે એક સ્થલે રહી શકતો નથી[11]. ૧૧.

અને દુઃખ વિરહને લીધે થાય છે. આ બે[12] પોતાના[13] પણ ગુણો છે, 'ત્યારે[10] મારું[13] દુઃખ તમો ભગવાનને જણાવજો' એમ ( ટિટોડી ) કહે, તેથી કહે છે કે '(ઈશ્વરે) શયન કરેલું છે.' 'ભગવાન્ નિદ્રા વિનાના પરબ્રહ્મરૂપ છે, તે કેમ ઉંઘે ?' એવી શંકા થાય, તેથી 'જગતમાં' શબ્દ યોજેલો છે. જગતમાં સર્વ સ્થલે

૧૦-૧૦. તેના મનનું ભગવાને હરણ કરેલું હોવાથી, તેને જ હરી લીધી, એવો ભાવ છે. (લે)
૧૧. 'તું સુતી નથી' એમ કહેલું છે તે અર્થ અહિં 'એક સ્થલે રહી શકતો નથી' શબ્દથી સૂચવેલો હોવાથી, આ કારિકાથી તેનો અર્થ કહેલો છે (લે)
૧૨. (૧) ઉંઘ આવી નહિ અને (૨) સુવું પણ નહિ. તે બે.
૧૩. 'પોતાનાં' એટલે '(ભગવાનની પત્ની) મહારાણીઓના' બહારનો ધર્મ વિલાપ તો સ્પષ્ટ છે જ. 'ઉંઘ નથી' એ ગુણથી વિરહ સૂચવેલો છે અને એક સ્થલે રહેતી નથી (સૂતી નથી) ધર્મથી દુઃખ (તાપ) સૂચવેલ છે. તેથી 'પણ' શબ્દ યોજેલો છે. (લે)

ભગવાન જ પોઢે છે, કારણ કે બીજો (કોઈ) નિદ્રાનું સુખ ભોગવનાર નથી. અથવા બધા પ્રાણીઓને સુખ થાય તે માટે (ભગવાન્ જગતમાં સર્વ સ્થલે પોઢે છે), એટલે 'જગતિ' જગતના નિમિત્તથી નિદ્રાનો વિસ્તાર કરે છે, એવો અર્થ છે. 'ત્યારે લોકોને માટે (ભગવાને) સ્વીકારેલી તેમની નિદ્રાથી તેમને પોતાને પણ મોહ થશે' એવી શંકા થાય, તેથી 'જેમનું જ્ઞાન છૂપાતું નથી તેવા' એ વિશેષણ યોજેલું છે. નિદ્રામાં પણ છૂપાતું નથી જ્ઞાન જેમનું તેવા છે. 'ત્યારે (તેમને મારું દુઃખ) કેમ જણાવતા નથી ?' એવી શંકા થાય, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલો છે. લીલા માટે પણ ઈશ્વર પોઢેલ હોય તેમને જગાડી શકાય નહિ. તેથી અમારી સાથે પતિસંબંધી વાતચિતથી (તારું) દુઃખ દૂર કર, એમ ઉત્તરાર્ધથી કહે છે. હે સખિ! એટલે (અમારી) સમાન દુઃખવાળી! 'કચ્ચિત્' 'શું' શબ્દ કોમલતાથી પ્રશ્ન કરવા યોજેલો છે. 'ઘણાં જ ઘવાએલાં ચિત્તવાળી' એ (શબ્દ)થી દુઃખને અનુસરીને (દુઃખનું) કારણ મોટું કલ્પેલું છે, કારણ કે પીડા કામથી જ થાય છે. કામ પુષ્પરૂપી આયુધવાળો છે, તેથી ભગવાનનાં નેત્રને પણ કમલરૂપ કહેલું છે. 'વિકાર વિનાનાં (વણખીલ્યાં) પુષ્પોથી શું થાય ?' એવી શંકા થાય, તેથી 'કમલ જેવાં નયનમાં જે હાસ્યવાળા[૧૪] છે' એમ કહેલું છે. 'હૃદય વીંધાયા વિના પીડા નથી' એવી શંકા થાય તેથી 'દૃષ્ટિથી' શબ્દ યોજેલ છે. તીક્ષ્ણ બાણને સ્થાને દૃષ્ટિ છે. 'છતાં પણ દયાને લીધે (ભગવાન્) હણશે નહિ' એવી શંકા થાય, તેથી 'ઉદાર' શબ્દ યોજેલો છે. 'ઉત્' ઉંચી છે 'આરાઃ' અણીઓ જેની, અથવા 'ઉદ્ગતાઃ'[૧૫] ઉંચી થએલી છે 'દારાઃ' સ્ત્રીઓ જેમની (તે ઉદાર), તેથી પોતે પીડા પામતા હોઈ, બીજાને પણ પીડા કરશે. વળી લીલાવાળી દૃષ્ટિ કહેલી છે. ક્રીડા (રમત)માં જે આસક્તિવાળા હોય તે કોઈના પણ સુખનો વિચાર કરતા નથી, તેથી ઘણું જ ગાઢ (ઉંડું) જેમ થાય તેમ ઘાયલ કરેલું છે.

**જ્ઞાનશક્તિઃ ક્રિયાશક્તિર્ભક્તિયોગસ્તથૈવ ચ ।।**
**માયા વૈભવકાલૌ ચ સતાં હિતકરૌ તથા ।।૧૨।।**
**પઞ્ચૈતે હરિસંબદ્ધા યસ્યાન્તર્હૃદયે સદા ।।**

---

૧૪. 'જે (ભગવાન્) કમલ જેવાં નયનમાં હાસ્યવાળા છે' એમ અર્થ કહ્યો છે. 'કમલ જેવાં નયનમાં છે હાસ્ય જેમના' એમ સમાસ છોડવો. તેવા (ભગવાન્)ની જે ઉદાર લીલાવાળી દૃષ્ટિ, તેની દૃષ્ટિથી (ઘણાં જ ઘવાએલાં ચિત્તવાળી) એમ સમાસ છોડવો. (લે)

૧૫. આ પ્રમાણે અર્થ કરવામાં આવે ત્યારે 'તેવા હાસ્યવાળા અને ઉદાર' એ બે ભગવાનનાં જ વિશેષણો ગણવાં. 'ઉદ્ધતાઃ' ઉંચી થએલી એટલે ઘણા બલવાળી, કટાક્ષોથી પીડા કરનારી છે સ્ત્રીઓ જેમની. (ઉત્+દારાઃ'નો સમાસ કરતા) 'ત્'નો લોપ થાય છે. (લે)

**વિરાજન્તે સ્વભક્તેષુ ભક્તોડનિર્વૃત ઉચ્યતે ॥૧૩॥**

(૧) જ્ઞાનશક્તિ (૨) ક્રિયાશક્તિ અને તે જ પ્રકારે (૩) ભક્તિયોગ અને તેવા પ્રકારે સત્પુરુષોનું હિત કરનારા (૪) માયા અને (૫) વૈભવનો[૧૬] સમય. હરિના સંબંધવાળા આ પાંચ જેના હૃદયની અંદર સદા વિરાજે છે તે ભક્ત પોતાના ભક્તોની અંદર દુઃખી કહેવાય છે. કા.૧૩.

એ પ્રમાણે તે (ટિટોડી)નું દુઃખ વર્ણાવીને શાંત કરેલું છે. ૧૫.

વળી બીજી રાજસસાત્ત્વિકી (મહારાણીઓ) પહેલાંની પેઠે ચક્રવાકને (ખેદ કરતાં) અટકાવવા પ્રવૃત્ત થઈ નીચેનો શ્લોક કહે છેઃ

**નેત્રેડનિમીલયસિ નક્તમદષ્ટબન્ધુસ્ત્વં રોરવીષિ કરુણં બત ચક્રવાકિ ॥**
**દાસ્યં ગતા વયમિવાચ્યુતપાદજુષ્ટાં કિં વા સ્રજં સ્પૃહયસે કબરેણ વોઢુમ્ ॥૧૬॥**

હે ચક્રવાકિ ! તું પતિને જોતી નથી (તેથી) રાત્રે નેત્રો બંધ કરતી નથી અને અફસોસ ! દયાજનક રીતે રડ્યા કરે છે, અથવા અમારી પેઠે દાસી બનેલી તું અચ્યુતના ચરણમાં રહેલી માલાને અંબોડામાં ધારણ કરવા ઈચ્છે છે ? ૧૬.

તે (મહારાણી)ઓના અમુક અવયવો પાસે રમવા માટે બે ચક્રવાક રાખેલા માનીને, તે બે (ચક્રવાકો)ને જોવા કોઈ એક ચક્રવાકી આવી. પછી તે (જોવા આવેલી ચક્રવાકી)ને (પોતાની) નજીક જોઈને, તે પણ રડે છે એમ વિચારીને, તેનું પણ દુઃખ દૂર કરવા (મહારાણીઓ) દુઃખનું વર્ણન કરે છે. ઉંઘ ન આવતી હોય તો પણ કાંઈક નેત્રો બંધ કરીને (પડ્યો) રહે. તું (ચક્રવાકી) તો તે પણ કરતી નથી. 'કેમ (નેત્રો) બંધ કરતી નથી ?' એવો પ્રશ્ન છે. 'રાત્રે' શબ્દથી એમ કહેલું છે કે (નેત્રો) બંધ કરવાનો જ આ સમય છે. આરોગ્ય હોય ત્યારે પ્રાણી (નેત્રો) બંધ કરે છે, અને તું (તારા) પતિને જોતી નથી. 'મારા પતિ ક્યાં છે?' એવા (વિચારથી), તેને જોવાને તું (નેત્રો) બંધ કરતી નથી. તેથી જ જેમ દયા ઉત્પન્ન થાય તે રીતે તું રડ્યા કરે છે, મોટો ભેંકડો કરે છે (તાણે છે). 'બત' 'અફસોસ' શબ્દ ખેદ દર્શાવવા યોજેલો છે. ત્યાં[૧] હવે બીજા પણ ચક્રવાકને તે જ પ્રમાણે આવેલું જાણીને[૧], ''ઘણું કરી આ (પહેલાં આવેલી ચક્રવાકી) ભક્ત છે.

૧૬. જ્ઞાનશક્તિ એટલે દષ્ટિ. ક્રિયાશક્તિ એટલે લીલા. ભક્તિયોગ એટલે ઉદારપણું, કારણ કે મુખ્ય ભક્તિ તેવી (ઉદાર) જ હોય છે. 'માયા' એટલે હાસ્ય. 'વૈભવનો સમય' એટલે કમલનાં જેવાં (નયન) કહ્યાં તેથી સૂચવેલો (કમલમાંથી) ઝરતા મકરંદના સ્થાને રહેલા જાતજાતના સંકેત સૂચવનારો કાલ. (લે)

૧-૧. જ્યાં ચક્રવાકી આવેલી માનેલી તે સ્થલે ચક્રવાકી પાસે બીજું ચક્રવાક (નર) આવ્યું એમ ભાવનાથી માનીને, એવો અર્થ છે. આમ હોવાથી તે (ચક્રવાકી)નો પતિ પણ હોવા છતાં તે રડે

આનો પતિ (પછી આવેલ ચક્રવાક) તો છે જ. તેથી આ ભગવાનની દાસી છે (હશે). તેથી જેમ દિવસના અંત સુધી (ભગવાનની) સેવા કરી અમે દાસીઓ (ફલની ઈચ્છાવાળી) થઈ, તેમ આ પણ સેવાનું ફલ (પ્રાપ્ત કરવા) ઈચ્છે છે, અને તે ફલ પ્રસાદરૂપ છે, અને જો ભગવાન્ પોતાના ચરણમાં સમર્પેલી માલા આપે તો પ્રસાદ (મળ્યો ગણાય). (ભગવાન્ એવી માલા આપે) ત્યારે ભગવાને (મારી) સેવા સ્વીકારી છે એવો નિશ્ચય કરીને (ભક્ત) તે ભક્તિરૂપ માલાને માથા ઉપર પધરાવી કૃતાર્થ થાય છે. આ (ચક્રવાકી)ને તે (તેવા પ્રસાદ) મળેલ નથી. તેથી તે (પ્રાપ્ત કરવા)ની ઈચ્છાથી ખેદ કરે છે'' એમ 'અમારી પેઠે તું અચ્યુતના ચરણમાં રહેલી માલાને અંબોડામાં ધારણ કરવા ઈચ્છે છે ?' એ શબ્દોથી કહે છે. અંબોડો વિગેરે પોતાના[2] ધર્મો છે. ૧૬.

રાજસતામસ (મહારાણીઓ) તો સમુદ્રનો અવાજ સાંભળીને, તેને પણ પહેલાંની પેઠે નીચેના શ્લોકમાં સંબોધે છેઃ

**ભો ભો સદા નિષ્ટનસે ઉદન્વન્નલબ્ધનિદ્રોઽધિગતપ્રજાગરઃ ।।**
**કિં વા મુકુંદાપહૃતાત્મલાંછનઃ પ્રાપ્તાં દશાં ત્વં ચ ગતો દુરત્યયામ્ ।।૧૭।।**

અરે ઓ સમુદ્ર ! તું સદા ગાજ્યા કરે છે. તને ઉંઘ આવતી નથી, (અને) ઘણો જ ઉજાગરો થાય છે. તો અમારાં ચિહ્નો પેઠે જેનાં ચિહ્નો મુકુંદે હરી લીધેલાં છે તેવો તું પણ શું જેમાંથી છટકી ન શકાય તેવી દશા પામેલો છે કે શું ? ૧૭.

('ભો ભો' 'અરે ઓ !') એમ બે વાર સમુદ્ર સાંભળે તે માટે કહેલ છે. તું સદા ગાજ્યા કરે છે. 'સ્તન્' ધાતુ શબ્દ કરવો(ગાજવું) અર્થવાળો છે. (તેથી 'નિષ્ઠનસે'નો અર્થ) ઘણો જ ગાજે છે(થાય છે). તેથી (તું સદા ગાજ્યા કરે છે તેથી) જણાય છે કે તું પણ રાત્રે સૂતો નથી. તે નહિ સૂવાનું કારણ 'ઉદન્વન્' 'સમુદ્ર' શબ્દથી કહેલું છે. જે જલવાળો હોય તે ઠંડીથી પીડાએલો હોય. તેથી જ 'તને ઉંઘ આવતી નથી' કોઈથી પણ તને ઉંઘ આવતી નથી, ઉલટું ઘણો જ ઉજાગરો થાય છે, કારણ કે[1] જ્યાં જલ રહે છે ત્યાં લક્ષ્મીનું ઉત્તમ રમણ થતું નથી[2], તેથી તેની અંદર ત્યાં ઈન્દ્ર અને ઈન્દ્રાણી ભોગ કરતા નથી. તેથી નિદ્રાનું

---

છે, તેથી તેની ઈચ્છા પ્રસાદી માલાને માથા ઉપર ધારણ કરવાની જ છે, એવો ભાવ છે. (લે)

૨. અંબોડો વિગેરે મહારાણીઓને જ હોય ચક્રવાકીને ન હોય. તેથી જેમ અમે માલા અંબોડામાં ધારણ કરવા ઈચ્છીએ છીએ તેમ તું માથા ઉપર ધારણ કરવા ઈચ્છે છે, એવો અર્થ છે. (લે)

૧..૧. આ ભાગથી ઉજાગરાનું સ્વરૂપ જણાવેલું છે, શા માટે ઉજાગરો થાય છે તે કહેલું છે. (લે)

૨. જલ હોય ત્યાં લક્ષ્મીનું રમણ થતું નથી, તેથી જ કમલ જલની બહાર નીકળે છે અને તેની અંદર લક્ષ્મી સદા રહે છે, એવો ભાવ છે. (લે)

પ્રયોજન[3] નહિ હોવાથી તેને ઉજાગરો જ થાય છે, પરંતુ[1] તેને નિદ્રા આવતી નથી. 'છતાં પણ રાડો પાડવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી[4] ઉત્તરાર્ધ કહે છે. જેમ ભગવાન્ અમારા હૃદયમાં શયન કરે છે તેમ પહેલાં એ પ્રમાણે સમુદ્રમાં પણ શેષરૂપી પલંગ ઉપર શયન કરતા હતા. ત્યાં (સમુદ્રમાં)થી હમણાં અહિં અવતાર લઈ રહેલા છે, તે જ પ્રમાણે[5] અમારા હૃદયમાંથી પણ તિરોહિત થએલા છે. તેથી જ પોતાનું સર્વસ્વ જાય ત્યારે રાડો પાડવી યોગ્ય જ છે. મુકુંદ એટલે મોક્ષ આપનારાએ હરી લીધેલું છે પોતાના[6] (મહારાણીઓના)ની પેઠે 'લાञ्छનમ્' ચિહ્ન[7] જેનું તેવો સમુદ્ર છે. તેથી તેને મોક્ષ પણ (મળ્યો) નથી (અને) સંસાર પણ (રહ્યો) નથી[8], તેથી (મોક્ષ અને સંસાર) બંનેમાંથી તું ભ્રષ્ટ થએલો હોવાથી અમે જે દશા પામેલાં છીએ તે દશાને તું પણ પામેલો છે એ પ્રમાણે (સમુદ્રનું) દુઃખ વર્ણવી, 'પાંચની સાથે (રહેવાથી) દુઃખ (લાગતું) નથી' એ નિયમ પ્રમાણે તે દૂર કરેલું છે. 'જેમાંથી છટકી ન શકાય તેવી' એ વિશેષણથી બીજા પ્રકારે પણ દુઃખ હરે છે. આ દશા અમારી પેઠે તારી પણ સદાની જ થએલી છે, તેથી આ (દશા)નો ઉપાય નહિ હોવાથી દુઃખ ન કરવું (ગણવું) જોઈએ, એવો ભાવ છે. ૧૭.

તામસતામસી (મહારાણી)ઓ તો કાલને શાપ આપતાં, રાત્રી જો પૂરી થાય તો અમારું દુઃખ મટે એવો નિશ્ચય કરી, ચંદ્ર અસ્ત થાય ત્યારે પ્રાતઃકાલ થાય તેથી ચંદ્રની ગતિ ઉપર નજર રાખતાં, જ્યોતિઓની ગતિ દેખાય તેવી નહિ

---

૩. ''જમણી આંખમાં ઈન્દ્ર રહે છે અને ડાંબી આંખમાં ઈન્દ્રાણી રહે છે. ઉંઘતા હોઈએ ત્યારે તેઓ પરસ્પર ભોગ કરે છે. તેથી તેઓ ભોગ કરે તે માટે ઉંઘ છે'' એવું શ્રુતિમાં ઉપાખ્યાન છે. તેથી જલવાળા પ્રદેશમાં લક્ષ્મીનું રમણ થતું નહિ હોવાથી, પ્રદેશ (સમુદ્ર) ઉત્તમ નહિ હોવાથી તેમનો (ઈન્દ્ર અને ઈન્દ્રાણીનો) ભોગ તેમાં થતો નથી, તેથી અહિં તેમનો ભોગ થાય તે પ્રયોજનથી નિદ્રા થાય નહિ, તેથી સમુદ્રને ઉંઘ આવતી નથી, અને ઉંઘનું ફલ તેઓનો ભોગ પણ થતો નથી, એવો અર્થ છે. તેથી તેમનો ભોગ ન થાય એ જ ઉજાગરો, એવો અર્થ છે. (લે) અહિં ઈન્દ્ર અને ઈન્દ્રાણી શબ્દો અનુક્રમે નારાયણ અને લક્ષ્મીના અર્થમાં યોજાયા છે એવી ભ. ધીરજભાઈએ પ્રસિદ્ધ કરેલા ગ્રંથમાં નોટ છે.

૫. એવી શંકા થાય તે સંબંધમાં નિર્ણય કરેલો અર્થ ઉત્તરાર્ધથી કહે છે એવો અર્થ છે. (લે)

૬. જેમ સમુદ્રમાંથી બીજે (ભૂતલ ઉપર) પધાર્યા તે પ્રમાણે (અમારા હૃદયમાંથી પણ બીજે પધાર્યા) એવો અર્થ છે. (લે)

૭. 'પોતાના' એટલે 'મહારાણીઓના' એવો અર્થ છે. (લે)

૮. 'ચિહ્ન' એટલે 'દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ' એવો અર્થ છે. (લે)

૯. મુકુંદે (દેહ વિગેરે) હર્યા, તેથી સંસાર રહ્યો નથી, અને તે મુકુંદ પણ તિરોહિત થયા, તેથી મોક્ષ પણ મળ્યો નથી, એવો અર્થ છે. (લે)

હોવાથી (ચંદ્ર) ધીરે ધીરે ચાલે છે અને ચાલતો નથી એવો નિર્ણય કરીને કામને લીધે જાણે કે આંધળાં હોય તેવાં થયાં. સર્વ અંધકારથી ઘેરાએલું જોઈને તેઓ નીચેનો શ્લોક કહે છેઃ

**ત્વં યક્ષ્મણા બલવતાસિ ગૃહીત ઈન્દો ક્ષીણસ્તમો ન નિજદીધિતિભિઃ ક્ષિણોષિ ।।**
**કચ્ચિન્મુકુંદગદિતાનિ યથા વયં ત્વં વિસ્મૃત્ય ભોઃ સ્થગિતગીરુપલક્ષ્યસે નઃ ।।૧૮।।**

હે ચંદ્ર ! તું બલવાન ક્ષયથી સપડાએલો છે, અને દૂબળો થએલ હોવાથી પોતાનાં કિરણોથી અંધકારનો નાશ કરતો નથી. શું તું પણ અમારી પેઠે મુકુંદનાં વચનો ભુલી જઈને અટકી પડેલ વાણીવાળો થએલો છે ? અમને તું તેવો જણાય છે. ૧૮.

'યક્ષ્મા' એટલે ક્ષયરોગ. તે પણ બલવાન તને દક્ષના શાપથી થએલો છે. તેથી જ તેનાથી તું સપડાએલો છે, (અને) તેથી ચાલતો નથી એ યોગ્ય છે. આ તો ઘણું આશ્ચર્યકારક છે કે તું 'પોતાનાં કિરણોથી અંધકારનો નાશ કરતો નથી'. આ વિષયમાં અમારો અનુભવ જ પ્રમાણ છે. એ પ્રમાણે ચંદ્રનો દોષ કહી, ઘણું કરીને આનો આ દોષ સ્વાભાવિક નથી એવો નિશ્ચય કરીને, ઉત્તરાર્ધથી બંને બાબતનાં[1] કારણની કલ્પના કરે છે. મુકુંદ મોક્ષ આપવા માટે કેટલાંક વાક્યો બોલેલા, તે (વાક્યો)ને દુર્લભ માની, વિસરી, પછી ઘણી જ ચિંતાને લીધે અટકી પડેલી વાણીવાળો તું થયો. તારા મુખમાંથી વાક્ય પણ નીકળતું નથી. ચંદ્રમાનું વાક્ય જ 'ગો[2]' હોવાથી કિરણરૂપ છે, અને ઈન્દ્રિય હોવાથી ચરણરૂપ છે. તે ન હોવાથી (અટકી પડવાથી) ઝડપથી જવાનું અને અંધકારનો નાશ કરવાનું બંને તારાથી થતાં નથી. 'ભો' 'હે' એવું સંબોધન 'અમે જે કહીએ છીએ તેમ થએલ છે કે નહિ ?' એવા પ્રશ્ન માટે કરેલું છે. 'તમો (મહારાણીઓ)એ તે કેમ જાણ્યું?' એવી શંકા થાય, તેથી 'નઃ' અમને તું (તેવો) જણાય છે, એમ કહેલું છે. ૧૮.

તામસરાજસી (મહારાણીઓ) કામથી પીડાએલી હોવાથી, નીચેના શ્લોકમાં મલયના વાયુને શાપ આપે છેઃ

**કિં વાચરિતમસ્માભિર્મનયાનિલ તેઽપ્રિયમ્ ।।**
**ગોવિન્દાપાઙ્ગનિર્ભિન્ને હૃદીરયસિ નઃ સ્મરમ્ ।।૧૯।।**

---

૧. ચંદ્ર ઝડપથી ચાલી શકતો નથી, અને અંધકારનો નાશ કરતો નથી એ બંને બાબતોનાં.

૨. 'ગો' એટલે ૧.વાણી ૨.કિરણ ૩.ઈન્દ્રિય. ચંદ્રની વાણી અટકી ગઈ છે તેથી તેના મુખમાંથી વાક્ય નીકળતું નથી. અહિં 'ગિર્' શબ્દ વાણીના અર્થવાળો યોજેલો છે, તેથી ચંદ્રનું વાક્ય જ 'ગો' હોવાથી કિરણરૂપ છે અને ઈન્દ્રિયરૂપ પણ છે. કિરણ અટકી પડ્યાં તેથી અંધકારનો નાશ થતો નથી. ઈન્દ્રિય એટલે ચરણ અટકી પડ્યાં તેથી ઝડપથી ચાલતો નથી.

હે મલયના વાયુ ! અમે તારું શું અપ્રિય કરેલું છે કે ગોવિંદનાં કટાક્ષોથી વીંધાએલા અમારા હૃદયમાં તું કામને પ્રેરે છે ? ૧૯.

હે મલયના વાયુ ! અમે તે તારું શું અપ્રિય કરેલું છે ? શીતલ મલયના વાયુનું અપ્રિય (તેને) ઉષ્ણ બનાવનારું (કાર્ય) છે. જ્યારે અમે ભગવાન્ સાથે રહેતા હતા ત્યારે અમારા હૃદય ઉપર (લગાડેલાં) ચંદન વિગેરેથી અમે તને ઘણો શીતલ બનાવેલો. એ પ્રમાણે ઉપકાર કરનારાઓ ઉપર તું કેમ અપકાર કરે છે ? 'શું અપકાર કર્યો?' એવી શંકા થાય, તેથી કહે છે કે ગોવિંદના કટાક્ષનું સ્મરણ થતાં જ[1] વીંધાઈ ગએલા હૃદયમાં તું કામને પ્રેરે છે. જેમ કોઈ વૃક્ષના પોલાણમાં અગ્નિ મૂકે કે જે અગ્નિથી આખુંએ વૃક્ષ લીલું હોવા છતાં બળી જાય, તેમ તું અમને (દુઃખ) કરે છે, એવો અર્થ છે. ગોકુલ પધારેલા ભગવાનની લીલાનું સ્મરણ થયું[1], (અને) તેથી જ ઘણું દુઃખ થયું, એમ 'ગોવિંદ' શબ્દથી સૂચવેલું છે. પરંતુ જો હમણાં અમે તપેલાં (દુઃખી) છીએ તેથી તારો (અમારા ઉપર) રોષ હોય[2] તો પણ (તું) મલયનો વાયુ સર્પ વિગેરેએ ગળેલો આવે છે, તેવાના[3] ઉપર કોણ અપકાર કરે (કરી શકે) ? એમ સૂચવેલું છે. ૧૯.

તામસસાત્ત્વિકી (મહારાણીઓ) તો મેઘને ભગવાનના જેવો જોઈને, (તે મેઘ) ચંદ્રને ઢાંકી દેનારો થએલ હોવાથી ક્ષણ સુધી જાણે કે ઠંડક પ્રાપ્ત કરી હોય તેમ નીચેના શ્લોકમાં તેની પ્રશંસા કરી, પછી પોતાના ગુણોનો (તેનામાં) આરોપ કરીને તે પણ દુઃખી છે એવી કલ્પના કરીને, (પોતાના) સમાનપણાને લીધે તેનું દુઃખ દૂર કરે છેઃ

**મેઘ શ્રીમંસ્ત્વમસિ દયિતો યાદવેન્દ્રસ્ય નૂનં**
**શ્રીવત્સાઙ્કં વયમિવ ભવાન્ ધ્યાયતિ પ્રેમબદ્ધઃ ।।**
**અત્યુત્કણ્ઠઃ શબલહૃદયોઽસ્મદ્વિધો બાષ્પધારાઃ**
**સ્મૃત્વા સ્મૃત્વા વિસૃજસિ મુહુર્દુઃખદસ્તત્પ્રસઙ્ગઃ ।।૨૦।।**

હે શોભાવાળા મેઘ ! તું ખરેખર યાદવેન્દ્રનો વહાલો છે. પ્રેમથી બંધાએલો તું અમારી પેઠે શ્રીવત્સ ચિહ્નવાળાનું ધ્યાન ધરે છે. ઘણી ઉત્કંઠાવાળો,

---

૧-૧. અહિં ભગવાન્ તિરોહિત થયા છે એવી મનથી ભાવના કરેલી હોવાથી, ગોકુલની લીલાનું સ્મરણ થતાં ભગવાન્ ત્યાં જ પધાર્યા છે એવી ભાવના થઈ, એવો ભાવ છે. (લે)

૨. તમે તપેલી હોવાથી, તમારો સંબંધ થતાં મને પણ તાપ થાય, તેથી તમારા ઉપર રોષ હોય, એવો ભાવ છે. (લે)

૩. અમને તાપ છે છતાં પણ તે તાપ (મલય પર્વત ઉપર તેને સર્પ ગળે છે તે) સર્પથી ગળાવા કરતાં વધારે દુઃખ આપનારો નહિ થાય, એવો અર્થ છે. (લે)

શબલ હૃદયવાળો અમારા જેવો તું વારંવાર સંભારી સંભારીને આંસુઓની ધારાઓ વરસાવે છે. તેમનો પ્રસંગ દુઃખ આપનારો છે. ૨૦.

મેઘમાં વિજળી વિગેરેરૂપ ઘણી શોભા રહેલી હોવાથી તે 'શોભાવાળો' છે, તેવા તે (મેઘ)નો આદર કરે છે. તું ભગવાનનો વહાલો છે, કારણ કે તું શ્યામ છે, પીળાં વસ્ત્રવાળો છે, પ્રાણીઓને જીવન આપનારો છે અને તેમના તાપને હરનારો છે. તેથી જ 'તું ખરેખર વહાલો' છે. 'ત્યારે હું સુખી હોવાથી તમને પણ સુખવાળાં કરીશ' એવી શંકા થાય, તેથી 'તું અમારી પેઠે શ્રીવત્સ ચિહ્નવાળાનું ધ્યાન ધરે છે' એમ કહેલું છે, તને પણ સુખ નથી, કારણ કે મિત્ર મિત્રોનો વિચાર કર્યા કરે છે, (અને) તે પ્રાપ્ત થાય ત્યારે તેને સુખ થાય છે. હમણાં ભગવાન્ (અમારા મહેલની) અંદર પોઢેલા છે, તેથી તેમનાં દર્શન થતાં નહિ હોવાથી, મેઘ માત્ર તેમનું ધ્યાન ધરે છે. 'તે (ભગવાન્) પણ સુખથી પોઢેલા છે. તેથી મિત્ર (ભગવાન)ની સુખવાળી અવસ્થાનું સ્મરણ કરી, મેઘ પણ સુખી થાય, પરંતુ કોઈ સમયે દુઃખ ન પામે' એવી શંકા થાય, તેથી 'શ્રીવત્સ જ 'અઙ્ક' ચિહ્ન છે જેમનું' એમ કહેલું છે. જેમ શ્રીવત્સમાં લક્ષ્મી રહેતી હોવાથી, તેમની સાથે રહેલા ભગવાન્ અમારી દરકાર કરતા નથી તેથી અમને દુઃખ થાય છે, તેમ બ્રાહ્મણો (ભગવાનનું) અપમાન કરે છે એ ચિંતાથી (મેઘને) દુઃખ થાય છે, તેથી જ એકલો શ્રીવત્સ જ બંનેનાં દુઃખનું કારણ હોવાથી, 'અમારી પેઠે' શબ્દો યોજેલા છે. '(દુઃખને) વિસરી જાઓ' એવી શંકા થાય, તેથી 'પ્રેમથી બંધાએલો' શબ્દ યોજેલ છે. અંતઃકરણમાં પ્રેમથી બંધાએલો (હોવાથી), વિસરી શકતો નથી, એવો અર્થ છે.

'હું સુખી છું. દુઃખી પુરુષના કયા ગુણો તમો (મહારાણીઓ)એ મારામાં જોયા?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી શ્લોકનો ઉત્તરાર્ધ કહેલો છે. પાંચ પ્રકારનું દુઃખ તને જણાય છે. (૧) આરંભમાં ઘણી જ ઉત્કંઠા છે, એ મનનો દોષ(દુઃખ) છે. (૨) શબલ હૃદયવાળો છે. શબ્દના બલવાળું એટલે લૌકિક કાર્યમાં નિંદાને પાત્ર થએલું છે હૃદય જેનું, તેવો (તું છે), તેથી જ આવી ચડેલી ગર્જનાને પણ મેઘ અટકાવે છે. (૩) તેથી તું અમારા જેવો[1] ફીક્કો, ગતિ વગરનો અને ઝાંખો છે. ઉપર(આકાશમાં) બેઠેલા સ્થિર રહેલા મેઘને જોઈને[2] આ કહે છે. (૪) 'આંસુઓથી ધારાઓ વરસાવે છે' એ શબ્દોથી આ બધા એને ટપી જાય તેવું

૧. ભગવાન્ જાગી જશે એવા ભયથી અમે જેમ મોટા સાદે બોલતા નથી, તેમ તું પણ ગર્જના કરતો નથી, એવો અર્થ છે. (લે)

૨. ભગવાન્ (મહેલમાં) પોઢેલા છે. મહારાણીઓ તો મહેલમાં આવે છે અને બહાર જાય છે. તેથી મેઘ, ચંદ્ર વિગેરેને તેઓ જૂએ છે, એવો ભાવ છે. (લે)

દુઃખ કહે છે. (૫) વારંવાર અટકી અટકીને આંસુઓ વરસાવવાનું થાય છે, તેથી 'સંભારી સંભારીને' એમ કહેલું છે, અને વારંવાર સ્મરણ ઘણું દુઃખ આપનારું હોય છે. 'અમે (મેઘે) શું અપરાધ કર્યો છે, જેથી અમને દુઃખ થાય ?' એવી શંકા થાય, તેથી 'તેમનો પ્રસંગ દુઃખ આપનારો છે' એ શબ્દો યોજેલા છે. તેમનો (ભગવાનનો) માત્ર પ્રસંગ જ દુઃખનું કારણ છે. 'પ્રકૃષ્ટઃ' ઘણો જ 'સંગઃ' સંગ તો ઘણું જ દુઃખ કરે. તેમ ન હોય તો અમો (મહારાણીઓ)એ શું અપરાધ કરેલો છે? અને જગતમાં કોઈ પણ એવો દેખાતો નથી કે જે ભગવાનની સાથે સંબંધ પ્રાપ્ત કરીને એક ક્ષણ પણ સુખી રહ્યો હોય. આ દોષ (ભગવાન્ સાથે) પ્રસંગ થયા પછી થાય છે. જેણે અનુભવ કરેલો નથી તે (ભગવાન્ સાથે પ્રસંગ થવાથી દુઃખ થશે એમ) જાણતો નથી, તેથી (પ્રસંગ કરવામાં આ દોષ) નડતર કરતો નથી. ૨૦.

નીચેના શ્લોકમાં જણાવ્યા પ્રમાણે સાત્ત્વિકસાત્ત્વિકી (મહારાણીઓ) વિચાર કરે છેઃ

**પ્રિયરાવ પદાનિ ભાષસે મૃતસઞ્જીવિકયાનયા ગિરા ।।**
**કરવાણિ કિમદ્ય તે પ્રિયં વદ મે વલ્ગિતકણ્ઠ કોકિલ ।।૨૧।।**

હે પ્રિયના જેવા અવાજવાળી ! તું પદ બોલે છે. હે વલ્ગિત કંઠવાળી કોયલ ! હું આજે મરેલાંને જીવાડનારી આ વાણીથી (જણાએલી) તારું શું પ્રિય કરું? મને કહે. ૨૧.

પછી કોયલનો અવાજ સાંભળીને, ભગવાન્ અમને બોલાવે છે એમ ક્ષણ સુધી પરમ આનંદનો અનુભવ કરીને, આવું સુખ અમને કોયલની વાણીથી થયું એમ (વિચારી), તેની પ્રશંસા કરે છે. 'પ્રિયસ્ય' પ્રિયના 'રાવઃ ઈવ' અવાજ જેવો 'રાવ' અવાજ છે જેનો તેવી, હે પ્રિયાના જેવા અવાજવાળી ! એમ (કહે છે). આ (કોયલ)ને ભગવાનનો સંબંધ છે, તેથી તારી (કોયલની) સાથે વાતચિત કરવામાં પણ કાંઈ પણ દોષ નથી. 'શાથી આ જાણ્યું કે તે ભગવાનનું જ વાક્ય નથી, પરંતુ કોયલનું વાક્ય છે ?' એવો વિચાર થાય, તેથી 'પદ બોલે છે' એ શબ્દો કહેલા છે. તે બોલે છે તે તેમાં વાક્યનો અર્થ જણાતો નથી. તેથી તે બોલે છે તે વાક્ય નથી, પરંતુ ભગવાને કહેલા પદોનું તે સ્મરણ કરાવે છે. તેથી સમાનપણાને લીધે તે (કોયલની વાણી) પદ છે. 'ત્યારે આવી પદવાળી વાણીનો શું ઉપયોગ?' એવી શંકા થાય, તેથી 'મરેલાને જીવાડનારી આ વાણીથી' એ શબ્દો યોજેલા છે. પહેલાં ભગવાનના વિરહને લીધે અમે લગભગ મરેલાં હતાં. જો (એક) ક્ષણ પણ (કોયલનો) શબ્દ સાંભળ્યો ન હોત તો મરી જ ગયાં હોત એવો અર્થ છે. આ વાણી મરેલાને જીવાડનારી છે. આ વાણીને લીધે તું જાણવામાં આવી, તેનું અમે શું પ્રિય

કરીએ ? અથવા અમે જે તારું પ્રિય કરીએ તે ઉપકારનો બદલો હોય[1] તો પણ, તે કોયલની વાણી પ્રત્યુપકારનું કારણ હોવાથી તે ત્રીજી વિભક્તિમાં યોજેલ છે. તેઓમાંની એક મહારાણી 'મને કહે' એમ વધારામાં કહે છે. મારા સ્થાનમાં આવી એકાંતમાં કહે. દૂધ ચોખા ખીર આપીશ, એવો ભાવ છે. પરંતુ તે આવો શબ્દ ફરી ફરીને બોલ્યા કરજે, એવા અભિપ્રાયથી 'હે વલ્ગિત કંઠવાળી' એવું સંબોધન કરેલું છે. વલ્ગિત (ડોળી) છે કંઠ જેનો તેવી તું છે. તું શબ્દો બોલવા પ્રયત્ન કરે છે પણ બોલતી નથી[2] એમ કહેવા માટે આ સંબોધન કરેલું છે. તે મુખ્યત્વે શબ્દ બોલનારી છે એમ જણાવવાથી 'હે કોયલ !' એવું સંબોધન કરેલું છે. ૨૧.

સાત્ત્વિકરાજસી (મહારાણીઓએ) નીચે પ્રમાણે કહ્યું:

**ન ચલસિ ન વદસ્યુદારબુદ્ધે ક્ષિતિધર ચિન્તયસે મહાન્તમર્થમ્ ।।**
**અપિ બત વસુદેવનન્દનાઙ્ઘ્રિં વયમિવ કામયસે સ્તનૈર્વિધર્તુમ્ ।।૨૨।।**

હે ઉદાર બુદ્ધિવાળા ક્ષિતિધર ! તું હાલતો નથી, બોલતો નથી. મોટા વિષયનું ચિંતન કરે છે. શું તું અમારી પેઠે વસુદેવના પુત્રના ચરણને સ્તનો ઉપર સારી રીતે ધારણ કરવા ઈચ્છે છે ? ૨૨.

આ પર્વત પણ ભગવાનના ચરણારવિંદને ધારણ કરતો હોવાથી ભક્ત છે, એવો નિર્ણય આ શ્લોકમાં આવે છે. તેવો (ભક્ત) પણ ભગવાનના નામનો ઉચ્ચાર કરતો નથી, તેથી તેનું કારણ પૂછે છે, અને તે ભ્રાંત નથી જ એમ 'હે ઉદાર બુદ્ધિવાળા' એ સંબોધનથી કહે છે. ઉદાર છે બુદ્ધિ જેની તેવો પર્વત છે. તેની બુદ્ધિ એ પ્રમાણે (નીચે પ્રમાણે) વિચાર કરે છે. 'ભગવાનના નામનો ઉચ્ચાર કરવાથી શું? જેને ભગવાનનો માત્ર આશ્રય છે તે સર્વ કૃતાર્થ થશે. તેવો ઉપાય કરવો જોઈએ કે જેથી બધુંએ વિશ્વ જ કૃતાર્થ થાય' એવો (તેની બુદ્ધિ) વિચાર કરે છે, તેથી 'બધાએ પુરુષાર્થવાળા થાઓ' એવી (તેની) બુદ્ધિ ઉદાર છે. તેથી જ 'તું મોટા વિષયનું ચિંતન કરે છે'. તેથી મન નિશ્ચલ હોવાથી (તારી) કાયા પણ, અને વાણી પણ નિશ્ચલ છે. તે (અર્થ) 'તું હાલતો નથી, બોલતો નથી' એ શબ્દોથી

---

૧. 'તારું શું પ્રિય કરીએ ?' એમ કહ્યું, ત્યારે કોયલ સામો ઉપકાર કરતી નથી તેનું કારણ (તેની) તેવી વાણી છે. એવો અર્થ છે. (લે). આ અર્થ બંધ બેસતો જણાતો નથી. વળી શ્રીસુબોધિનીમાં 'અપ્રત્યુપકારે' શબ્દ લેખકાર લે છે તેમ નથી, પરંતુ ધીરજભાઈવાળી તથા વૃંદાવન પ્રેસવાળી બંને પ્રતોમાં 'પ્રત્યુપકારેણાપિ' શબ્દ છે. તેથી આ પ્રમાણે ભાષાંતર કરેલું છે.

૨. 'વલ્ગિત' શબ્દનો અર્થ 'ડોળી' અથવા 'બડાઈખોર' થાય છે. કોયલ શબ્દ બોલવાનો પ્રયાસ કરે છે, પરંતુ માત્ર પદ જ બોલે છે. 'પદ' એટલે શબ્દનો ભાગ. વધારે તે બોલી શકતી નથી તેથી પ્રયાસ ડોળી જ છે, એવો ભાવ જણાય છે.

કહેલ છે. આની બુદ્ધિ સારી હોય તે યોગ્ય છે એમ 'હે ક્ષિતિધર !' સંબોધનથી કહે છે. ભૂમિ ઉપર રહીને, જે ભૂમિને ધારણ કરે તે ઘણી જ સારી બુદ્ધિવાળો છે (હોવો જોઈએ). 'ત્યારે આવો મોટો વિષય કયો હશે ?' તેનો વિચાર કરી, (મહારાણીઓ) પોતે જ ઉત્તરાર્ધથી તે વિષય જણાવે છે. વસુદેવના પુત્રનું જ ચરણ આવું છે, કે એક પણ પુરુષ તેનું ચિંતન કરતાં(કરવાથી) વિશ્વનો મોક્ષ કરાવી શકે છે. તેથી ઘણા ભાગે (તેમનાં) ચરણનું ચિંતન જ તેં ઈચ્છેલું છે. 'આ (તમે) કેમ જાણ્યું ? કારણ કે સાધારણ પુરુષ આ વિષય જાણતો નથી' એવી શંકા થાય, તેથી 'અમારી પેઠે ઈચ્છે છે' એ શબ્દો યોજેલા છે. અમારી પણ આ જ ઈચ્છા છે કે ભગવાનના ચરણને સ્તન ઉપર રાખવું. આ તો જ્યારે ભગવાન્ પોઢેલા હોય ત્યારે ચરણ ચાંપવા વિગેરે ઉપાયથી થઈ શકે. તારાથી તો (ભગવાન્ જ્યારે) તારા ઉપર પરિભ્રમણ કરે ત્યારે (થઈ શકે). પર્વતની ટોચના જેવા ભાગ (તેના) સ્તન છે. (અમારે ચરણને સ્તન ઉપર) સારી રીતે ધારણ કરવાનું બંધ (કામના આસન)માં થાય છે, અને તે (પર્વત)ને (તેનો) સાત્ત્વિક ભાવ ઉભરાતાં જેમ ગયામાં (થએલ છે) તેમ ટોચ ઉપરનાં મેદાનમાં ચરણની આકૃતિ ગ્રહણ કરવાથી થાય છે, આટલો (અમારામાં અને પર્વતમાં) ભેદ છે, એવો અર્થ છે. ૨૨.

સાત્ત્વિકતામસ (મહારાણીઓએ) નીચે પ્રમાણે કહ્યુંઃ

**શુષ્યદ્હ્રદાઃ કરશિતા બત સિન્ધુપત્ન્યઃ સંપ્રત્યપેતકમલશ્રિય ઈષ્ટભર્તુઃ ।।**
**યદ્વદ્વયં યદુપતેઃ પ્રણયાંવલોકમપ્રાપ્ય મુષ્ટહ્રદયાઃ પુરુકર્શિતાઃ સ્મ ।।૨૩।।**

જેમ અમે યદુપતિના પ્રણય અને દૃષ્ટિ પ્રાપ્ત નહિ થતાં હરાએલાં હ્રદયવાળી અને ઘણાં દૂબળાં થએલાં છીએ તેમ સિંધુની પત્નીઓ પણ ઈચ્છેલા પતિના પ્રણય અને દૃષ્ટિ પ્રાપ્ત નહિ થતાં સૂકાએલા ધરાવાળી, કરમાએલી, અને હમણાં કમલની શોભા વિનાની છે. ૨૩.

ક્રીડા (કરવા)માટે બનાવેલા પર્વતોની જે નદીઓ અંતઃપુરમાં હતી, તે પહેલાં વર્ષાઋતુમાં અગાધ જલવાળી હતી. પછી ધીમે ધીમે ક્ષીણ થતાં, ઉનાળામાં (તેમનાં) ધરાઓ પણ સૂકાઈ ગયા. પોતે (મહારાણીઓ) ઘણાં દૂબળાં થએલાં છે એમ જણાવવા આ કહેલું છે. 'કઈ યોગ્યતાને લીધે નદીઓનું વર્ણન કરવામાં આવે છે ? તેઓમાં કોઈ પણ ભગવદીય ગુણ નથી[1]' એવી શંકા થાય, તેથી, 'સિંધુની પત્નીઓ' શબ્દ યોજેલ છે. સિંધુની એટલે જલના સમૂહની

૧. મોટા (પતિ)ને પ્રાપ્ત કરીને પણ, કોઈ વાર તેમનો વિયોગ થાય ત્યારે ઘણાં દૂબળા થવું એ ભગવદીયોમાં રહેલ તેઓનો ગુણ છે, એવો ભાવ છે. (લે) એવો અર્થ જણાવવા આ શંકા અને તેનું સમાધાન કરેલાં છે.

પત્નીઓ થવા છતાં પણ આ જેમ ઘણી જ ક્ષીણ થએલી છે તેમ અમે પણ આનંદકાર કરોડો બ્રહ્માંડોના પતિની પત્નીઓ હોવા છતાં પણ ઘણો જ ખેદ પામેલાં છીએ, એમ જણાવવા તેમની (નદીઓની) કથા કહે છે. શરીરનું દુઃખ હોવા છતાં પણ જો ચિંતા ન હોય તો પણ છેવટની સ્થિતિએ પહોંચીને મુખ કરમાય નહિ. તેવું પણ નથી એમ જણાવવા 'હમણાં કમલની શોભા વિનાની' એ વિશેષણ યોજેલ છે. 'એ પ્રમાણે અંતઃકરણનું દુઃખ અને શરીરનું દુઃખ શાથી થયું?' એ જાણવાની ઈચ્છા થતાં, પોતે જ 'ઈચ્છેલા પતિ યદુપતિના પ્રણય અને દૃષ્ટિ પ્રાપ્ત નહિ થતાં' એ શબ્દોથી તે (દુઃખ)નાં કારણની કલ્પના કરે છે. ઈચ્છેલા પતિ ન મળવાથી મનમાં દુઃખ થાય છે, અને પોતાને પોષનારી (એ પતિની) દૃષ્ટિ નહિ મળવાથી (શરીર) કરમાય છે. જો કે નદીઓનો પતિ સમુદ્ર છે, છતાં પણ તે જોએલો નથી[2]. ભગવાન્ તો સર્વના પતિ હોવાથી 'ઈચ્છેલા પતિ' છે. અહિં 'ભર્તૃ' 'પતિ' શબ્દ 'પાલન કરનાર'ના અર્થમાં યોજેલો છે, કારણ કે દૃષ્ટાંતમાં લાગુ ન પડે તેવો ગુણ કહેવો એ પ્રસિદ્ધ નથી. જેમ અમે (દૂબળાં થએલાં છીએ તેમ આ સુકાએલી છે). અમો ઈષ્ટ પતિના પ્રણય અને દૃષ્ટિ વિનાનાં હમણાં જ થયાં છીએ તેથી ક્ષણમાત્રમાં દૂબળાં થયાં છીએ. સજાતીય (એક જાતવાળા)નો સજાતીય પતિ[3] હોય. જો (તે પતિ) મોટો હોય તો તેમાં પણ સ્નેહ રાખે[4], આ[5] અર્થ જણાવવા 'યદુપતિના' શબ્દ યોજેલો છે. દૃષ્ટિ બહારનો (ગુણ) છે. સ્નેહ (પ્રણય) અંદરનો (ગુણ) છે. (તે) બંને પ્રાપ્ત નહિ થતાં અંદરથી અને બહારથી અમે ઘણાં દૂબળાં થએલાં છીએ. 'જેમ ગળ્યું અન્ન ન હોય ત્યારે જેવું (મળે) તેવાથી પણ લોક પુષ્ટ થાય છે તેમ બીજાથી પુષ્ટ કેમ ન થવાય !' એ વિષય માં 'હરાએલાં હૃદયવાળાં' એ વિશેષણ યોજેલ છે. હૃદય પહેલાં જ હરાઈ ગએલું છે, તેથી જે સાધનથી કોઈનું પણ ગ્રહણ થાય (થઈ શકે) તે ભગવાને જ હરી લીધેલું છે, તેથી હવેથી બીજા (કોઈ)થી પુષ્ટ થવાનાં નથી, એવો અર્થ છે. ૨૩.

એવી રીતે બહાર વિચાર કરતી કેટલીક ગુણાતીત (મહારાણીઓ) દૂર

---

૨. આ શ્લોક પરનાં શ્રીસુબોધિનીના આરંભમાં કહેલું છે કે ક્રીડા માટે મહેલમાં બનાવેલા પર્વત ઉપરની આ નદીઓ છે. તેથી આ નદીઓ મહેલની બહાર નીકળતી નહિ હોવાથી તેમણે સમુદ્ર ન જ જોયો હોય.

૩. 'પતિ' એટલે 'પાલન કરનાર'. (લે). આ નદીઓનું પાલન કરનાર પતિ ભગવાન જ છે.

૪. 'તેમાં પણ સ્નેહ રાખે' એટલે 'અસજાતીય (એક જાતના ન હોય તેવા)નું પણ પાલન કરે' એવો અર્થ છે. ( લે )

૫. 'આ' એટલે 'મોટાપણું' એવો અર્થ છે. (લે)

ગયાં. પછી અંતઃપુરમાં જ નદી વિગેરેના તીર ઉપર રહેલા હંસને જોઈને, તેમણે નીચે પ્રમાણે કહ્યું :

**હંસ સ્વાગતમાસ્યાતાં પિબ પયો બ્રૂહ્યઙ્ગ શૌરેઃ કથાં**
**દૂતં ત્વાં નુ વિદામ કચ્ચિદજિતઃ સ્વસ્ત્યાસ્ત ઉકતં પુરા ।।**
**કિં વા નશ્ચલસૌહૃદઃ સ્મરતિ તં કસ્માદ્ભજામો વયં**
**ક્ષૌદ્રાલાપય કામદં શ્રિયમૃતે સૈવૈકનિષ્ઠા સ્ત્રિયઃ ।।૨૪।।**

હે હંસ ! ભલે આવ્યો. બેસ. દૂધ પી. શૌરિની કથા કહે. તને દૂત જાણીએ છીએ. અજીત કુશલ છે ને ? અમને પહેલાં જે કહેલું તે અસ્થિર મિત્રતાવાળા સંભારે છે? અમે તેમને શા માટે ભજીએ ? હે મીઠડા ! લક્ષ્મી વિના કામના પૂરનાર તેમની વાર્તા કર. શું સ્ત્રીઓમાં તે (લક્ષ્મી) જ એકમાં જ નિષ્ઠાવાળી(અનન્ય) છે ? ૨૪.

તે (ગુણાતીત મહારાણીઓ) તો શુદ્ધ હતી, ભગવાનને કોઈ પ્રકારે દોષ દેતી ન હતી[૧]. તેથી ભગવાન્ પોતાનું માત્ર હિત[૨] કરે છે એમ વિચારતી હતી; અને તેઓનું હિત ભગવાન્ સાથે સંબંધ થવાથી જ થાય, અને તે માનવતીઓનો તે (તેવો) સંબંધ માન ઉતરાવ્યા વિના પોતાની મેળે થાય નહિ. તેથી ભગવાને (તેમનું) માન ઉતરાવવા આ (હંસ)ને મોકલેલો છે, કારણ કે આ હંસ છે એટલે સારાં અને ખરાબના ભેદને જાણે છે. તેથી તે ગુણાતીત આપણને ભગવાનની પાસે લઈ જશે એવો નિશ્ચય કરીને (તેનું) 'હે હંસ !' એમ સંબોધન કરે છે. તે પોતાને માટે (સ્વ+અર્થમ્) આવેલો હોવાથી તેનું કુશલ પૂછે છે. અમે તરત સાધ્ય થઈશું (માની જઈશું) નહિ, એમ જણાવવા 'બેસ' એમ કહેલું છે. 'અમે પક્ષીઓ નિત્ય ભૂખ્યાં થતાં હોવાથી તે ભૂખ મટાડવાનો ઉપાય અમારે કરવો જોઈએ, તેથી મારે જવું જોઈએ' એવી શંકા થાય, તેથી 'દૂધ પી' એમ કહેલું છે. આથી (મહારાણીઓ તેને) એમ જણાવે છે કે અહિં રહીશ (રોકાઈશ) તો દૂધની પેઠે અમને ભગવાન્ પાસે તું લઈ જઈશ, પણ બીજે જઈશ તો જલની પેઠે જેમનામાં મીઠાશ દેખાતી ન હોય તેવીઓને લઈ જઈશ. '(અહિં) રોકાઈને શું કરવું ?' એવી શંકા થાય, તેથી 'શૌરિની કથા કહે' એ શબ્દો યોજેલા છે. (ભગવાનના) પિતાના નામથી (ભગવાનમાં) શૌર્ય છે એમ સિદ્ધ કરતી તેમની કથા છે એમ કહેલું છે. 'હું

૧. 'દોષરહિતાઃ' એટલે 'દોષના આરોપ વગરની', (એટલે ભગવાનનો દોષ કાઢતી નહિ તેવી). (લે)

૨. ભગવાન્ માત્ર ભક્તોનું હિત કરે છે, પરંતુ કોઈ સમયે અહિત કરતા નથી, એમ વિચારતી હતી, એવો અર્થ છે. 'માત્રમ્' શબ્દ પછી 'ભગવાન્ કરે છે' શબ્દો અધ્યાહાર છે. (લે)

શૌરિની કથા જાણતો નથી' એમ (તારે) ન કહેવું, એમ 'તને દૂત જાણીએ છીએ' એ શબ્દોથી કહેલું છે. પહેલાં પણ હંસો દૂત હતા, તેથી તું પણ હંસ (હોવાથી દૂત છે) એવાં અનુમાનના અર્થમાં 'નુ' શબ્દ યોજેલો છે. (તારે અહિં) આવવાનું બીજું પ્રયોજન નહિ હોવાથી તું દૂત જ છે, એવો નિર્ણય કરીએ છીએ, એવો (તે શબ્દનો) અર્થ છે. તેથી દૂતપણાનો નિશ્ચય થાય તે માટે (શૌરિની) કથા કહે.

'પૂછેલું ન હોય તે ન કહેવાય' એવી શંકા થાય, તેથી 'અજીત કુશલ છે ને ?' એમ પૂછે છે. (તે) અજીત (કોઈથી જીતાએલ નહિ તેવા) હોવાથી કુશલ તો છે જ, પરંતુ સર્વને હણતાં (કદાચ) દુઃખી થાય. તેથી 'કુશલ છે કે નહિ' એવો પ્રશ્ન (પૂછેલ છે). અથવા 'શયનમાંથી ઉઠેલી નારી શુદ્ધ હોય છે, પુરુષ અશુદ્ધ હોય છે' એ વાક્ય પ્રમાણે (સ્ત્રી સાથે) સંબંધ થાય ત્યારે જૂદા પ્રકારના (અશુદ્ધ) થાય, તેથી 'સ્વસ્તિ' કલ્યાણરૂપવાળા એટલે શુદ્ધરૂપવાળા છે કે નહિ ? (એમ પૂછ્યું છે). તેમ હોય (સ્ત્રીસંબંધ થવાથી અશુદ્ધ હોય) તો પોતાનું તે સમયે જવું નકામું થાય, અને ભગવાન્ અજીત હોવાથી તેમનો પરાજય પણ થતો નથી, તેથી સંદેહને લીધે પ્રશ્ન પૂછેલો છે. પ્રશ્નનો અંગીકાર કરવાથી જ ભગવાન્ કુશલ છે એવો ઉત્તર પ્રાપ્ત થતાં, 'અમને પહેલાં જે કહેલું તે અસ્થિર મિત્રતાવાળા સંભારે છે ?' એવો બીજો પ્રશ્ન કરે છે. પહેલાં કહેલું કે 'તારા જેવી પ્રેમવાળી સ્ત્રીને મકાનોમાં હું જોતો નથી[3]' એવું જે પહેલાં કહેલું, તે (ભગવાન્) સંભારે છે કે નહિ ? એવો અર્થ છે. 'સર્વ જાણનારને સ્મરણ ન રહે તેનું શું કારણ ?' એવી શંકા થાય, તેથી 'અસ્થિર મિત્રતાવાળા' એ વિશેષણ યોજેલું છે, કારણ કે કોઈ પણ કાંઈ પણ સદા સંભારતું નથી. મિત્રતા હોય ત્યાં સુધી સ્મરણ રહે, અને ભગવાન્ અસ્થિર મિત્રતાવાળા છે. 'સંપૂર્ણ રીતે (ભગવાનને તે) સાંભરે છે. મારી સાથે ચાલો' એમ હંસ કહે, તેથી 'અમે તમને[4] શા માટે ભજીએ ?' એમ કહેલું છે. બીજાં કાર્યો[5] તો પતી જ ગયાં છે. મિત્રતામાં પણ સંદેહ છે. તેથી ભજવાનું કારણ નહિ રહેવાથી અમે (તમને) શા માટે ભજીએ ? તેમાં પણ 'અમે' પ્રસિદ્ધ છીએ. 'છતાં ક્રોધ તજવો જોઈએ, સાથે ચાલો' એમ (હંસ) કહે, તેથી 'હે ક્ષૌદ્રાલાપય !' એવું સંબોધન કરે છે. ક્ષૌદ્ર જેવી એટલે સાકર જેવી મીઠી 'આલાપઃ' વાત છે જેની તે (ક્ષૌદ્રાલાપઃ). તારી(તેની) માત્ર વાણીમાં મીઠાશ છે. 'ક્ષૌદ્રાલાપં' મીઠી

૩. શ્રીમદ્ ભાગવત ૧૦।૫૭।૫૫.

૪. 'તમ્' એટલે 'તેમને'. અમે તેમને શા માટે ભજીએ ? અને 'તમાલાપય' તેમની વાત કર. એ બંને વાક્યોમાં 'તમ્'નો સંબંધ લેવાનો છે. તેથી 'આલાપય કથય ચ' એમ 'ચ' શબ્દ આગળ મુકેલો છે. (લે)

વાણીવાળા પાસે 'યાતિ' જાય છે તે 'ક્ષૌદ્રાલાપયઃ', તેનું સંબોધન (હે ક્ષૌદ્રાલાપય) છે. 'હે ક્ષૌદ્ર !' એવા સંબોધનમાં પણ મીઠાશ સ્પષ્ટ છે. ક્ષુદ્ર એટલે હલકાના સંબંધવાળો (તે ક્ષૌદ્ર), એમ કેટલાક નિંદા કરનારું આ સંબોધન છે એમ કહે છે. અને[૫] તે જ ભગવાનની તું 'આલાપય' વાર્તા કર. કામના પૂરનાર ભગવાનનું 'આલાપય' ગાનથી આલાપન કર. કામના પૂરનાર ભગવાન્ પ્રતિ 'ક્ષૌદ્રાલાપયઃ' મીઠી વાતો કરવા જનારો તું છે, પરંતુ તેમની વાર્તા કરતાં લક્ષ્મીની વાત કરીશ નહિ. તે અર્થ (શ્રિયમૃતે) 'લક્ષ્મી વિના' શબ્દોથી કહેલો છે. તે (લક્ષ્મી) પરમ ભક્ત માત્ર ભગવાનમાં જ આસક્તિવાળાં જ છે. તેમનું (ભગવાનની) સાથે ગાન કેમ ન થાય? એવી શંકા થાય, તેથી 'શું સ્ત્રીઓમાં તે જ એકમાં જ નિષ્ઠાવાળી છે?' એમ કહેલું છે. શું તે જ એકમાં નિષ્ઠાવાળી છે? (એમ નથી), પરંતુ બધીએ સ્ત્રીઓ[૬] (તેવી છે). અથવા સ્ત્રીઓની મધ્યે એમ છઠ્ઠી વિભક્તિ (સ્રિયઃ' શબ્દની) ગણવી, અને જાતિ (સ્ત્રી જાત એવો તે)નો અર્થ હોવાથી એક વચન યોજેલું છે, એમ કેટલાક કહે છે. જેઓનો વિરોધ સંપૂર્ણ થએલો છે તેવી આવા ભાવવાળી સ્ત્રીઓનું વર્ણન કરેલું છે. ૨૪.

એ પ્રમાણે સ્ત્રીઓને ક્રીડામાં પ્રાપ્ત થએલ સંસાર (ભગવાને) ફીટાડ્યો. પછી (તેમનો) ભગવાનમાં ભાવ સંપૂર્ણ જ થયો. તેથી નીચેના શ્લોકમાં (તેમને પ્રાપ્ત થએલ) ફલ કહે છેઃ

**ઈતિદૃશેન ભાવેન કૃષ્ણે યોગેશ્વરેશ્વરે ।।**
**ક્રિયમાણેન માધવ્યો લેભિરે પરમાં ગતિમ્ ।।૨૫।।**

એવી રીતે યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણમાં કરાતા આવા ભાવથી માધવની સ્ત્રીઓ પરમગતિને પામી. ૨૫.

આવો સર્વ પ્રકારનો લોકાતીત ભાવ ભગવાને જ ભ્રાંત બનાવેલો. પ્રમેય ભગવાનના બલથી જ આ ભાવ મોક્ષ પ્રાપ્ત કરાવનારો થએલ એમ જણાવવા 'યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણમાં' એ શબ્દો યોજેલા છે. યોગ વિગેરે પણ ભગવાન ની કૃપાથી ફલ આપે છે, તે જ ભગવાન્ શ્રીકૃષ્ણ છે. તેથી તેઓને પરમાનંદની પ્રાપ્તિ થાય તેમાં શું સંદેહ? એવો અર્થ છે. મહાદેવ વિગેરે યોગેશ્વરો છે, તેમને પણ વશ રાખનારા (શ્રીકૃષ્ણ છે). સાધનોમાં યોગ મોટો (મોટું સાધન) છે, તેથી

૫-૫. બીજી નાયિકા ભગવાન્ પાસે હતી. તેથી ભોગ વિગેરે કાર્યો પતી ગયાં. (થવાનાં નથી) એવો અર્થ છે. (લે)

૬. અહિં 'સ્રિયઃ' શબ્દ પહેલી વિભક્તિના બહુવચનના અર્થમાં લીધો છે. બધી સ્ત્રીઓ ભગવાનમાં એક નિષ્ઠાવાળી છે, એવો ભાવ છે.

તે જ કહેલો છે. ભક્તિયોગ વિગેરે પણ 'યોગ' શબ્દથી જ ઓળખાતા હોવાથી યોગ જ છે. 'માધવ્યઃ' એટલે માધવની સ્ત્રીઓ. 'પરમ ગતિ' એટલે ભગવાનની પ્રાપ્તિ. જ્યારે તેઓનો ભગવાન્ સાથે સંબંધ ન હોય, તે ક્ષણે પણ તેઓને ભગવાનની પ્રાપ્તિ હતી એવો અર્થ છે. નિયમવિધિ[1] પ્રમાણે આમનો ફલ સાથેનો સંબંધ જણાવવો જોઈએ. તેમ કરવામાં ન આવે[2] તો શરીર, આત્મા વિગેરે વિકલ્પોનો માધવની સ્ત્રીઓ વિગેરે શબ્દ સાથે વિરોધ થાય[2]. ૨૫.

'બહિર્મુખ, સંસારમાં પરોવાએલ ચિત્તવાળી, ભગવાનને પણ સંસારના જ પ્રકારથી પ્રાપ્ત થએલી (સ્ત્રીઓ)ના બધા સંઘાતનો એ પ્રમાણે પ્રવેશ કેમ થયો ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**શ્રુતમાત્રોઽપિ યઃ સ્ત્રીણાં પ્રસહ્યાકર્ષતે મનઃ ।।**

---

૧. 'જુદા જુદા પક્ષ હોય (ઝાઝામાંથી અમુક લેવાનું હોય) ત્યાં નિયમ થાય.' તેથી જ્યારે ભગવાન્ સાથે તેઓનો સંબંધ ન હોય ત્યારે ન થએલો સંબંધ પણ તેમને હતો એમ 'લેભિરે' એ પરોક્ષભૂતકાલના પ્રયોગથી કહેલું છે. ભગવાનનો તેમને સંબંધ ન હોય ત્યારે પણ 'આવા ભાવ' ના કારણને લીધે તેઓને અંદરથી ભગવાનનો સંબંધ છે જ. તેથી આમને પરમગતિ એટલે ભગવાનરૂપી ફલનો સંબંધ થયો છે એમાં સંશય નથી એવો અર્થ છે. અહિં વિધિલિઙ્ અથવા આજ્ઞાર્થકાલનું રૂપ નથી, તેથી શબ્દની એવી ભાવના ન હોવા છતાં પણ, અર્થની ભાવનાથી વ્યાખ્યાન કરવું જોઈએ, એવો અર્થ છે. (લે)

૨-૨. ભગવાનનો સંબંધ નવો થાય છે એમ વ્યાખ્યાન કરવામાં આવે તો દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ અને જીવ એ બધાને ભગવાનની પ્રાપ્તિ થતાં, 'માધવની સ્ત્રીઓ' વિગેરે શબ્દનો વિરોધ થાય. કારણ કે માધવી તો માત્ર દેહ જ છે. તેથી દેહને જ ભગવાનની પ્રાપ્તિ થઈ ગણાય, પરંતુ બીજા (જીવ વિગેરે)ને થઈ ન ગણાય, એવો અર્થ છે. સદાનો ભગવાનનો સંબંધ તેમને છે. એમ માનતાં તો અપૂર્વ (નવીન) રીતે તો ભગવાનની પ્રાપ્તિ પહેલાં જ કહેવાઈ, ત્યાં 'આત્માને શણગાર્યો' શ્રીમદ્ભાગવત્ ૧૦।૫।૯ વિગેરે વાક્યથી ભગવાનની જે ભોગ્ય છે તેઓના દેહ વિગેરે પણ આત્મા જ છે એમ વિરોધને પહેલાં જ દૂર કરેલો છે. અહિં પણ તેમ જ જાણવું. તેથી બધોએ સંઘાત (દેહ, પ્રાણ વિગેરે સર્વ) ભગવાનથી ભોગ્ય હોવાથી માધવની સ્ત્રી (માધવી) છે. જો ભગવાનનો નવીન સંબંધ થાય છે એમ માનીએ તો વિરોધ પણ નવી રીતે દૂર કરવો જોઈએ. તે કરેલ નહિ હોવાથી વિરોધ રહે જ. સદાનો ભગવાનનો સંબંધ છે એ મત પ્રમાણે તો પહેલાં જણાવેલો સંબંધ જ અહિં જણાવેલો છે. તેથી વિરોધ પણ પહેલાં દૂર કરેલો તે જ પ્રમાણે દૂર થએલો જાણવો, એવો ભાવ છે. નવો સંબંધ થાય છે એ મત પ્રમાણે 'આવા ભાવથી' એમ કહેલ હોવાથી, આ ભાવ ફલ સાથે સંબંધ થવામાં કરણ (સાધન) છે. તેથી ભાવ સાધનરૂપ જ રહે પણ ફલરૂપ ન થાય. સદાનો સંબંધ છે એ મત પ્રમાણે તો ભાવ તેવો સંબંધ હોવામાં માત્ર હેતુરૂપ છે અને તેથી તે સંદેહ વિના ફલરૂપ સિદ્ધ થાય છે એવો ઘણો ગૂઢ આશય છે. (લે)

**ઉરુગાયોરુગીતાનાં પશ્યન્તીનાં કુતઃ પુનઃ ॥૨૬॥**

(જેમનું) માત્ર શ્રવણ થતાં પણ (શ્રવણ કરનાર) સ્ત્રીઓનું તથા ઘણી કીર્તિવાળાનું ગુણગાન કરનારીઓનું મન જે બલાત્કારથી ખેંચી લે છે, તે દર્શન કરનારીઓનું (મન ખેંચી લે) તેમાં કહેવું જ શું ? ૨૬.

ભગવાન્ સ્ત્રીઓને માટે જ પ્રકટ થયા છે એમ કહેલું છે. તેથી તેમના માટે જ અવતાર લીધેલો હોવાથી તેઓનું કાર્ય કરવું જરુરી હોવાથી, માત્ર સંબંધની જ જરુર રાખે છે. તે (સંબંધો) પૈકી માત્ર શ્રવણ ઘણો જ સહેલાઈથી પ્રાપ્ત થતો સંબંધ હોવાથી, તે જ જણાવેલો છે. 'માત્ર' શબ્દથી વિચાર વિગેરેની જરુર નથી એમ કહેલું છે. આ વિષયમાં પ્રમેયબલ જ મુખ્ય હોવાથી, ભગવાન્ પોતે બલાત્કારથી મનને ખેંચી લે છે. ચારે બાજુથી તેને ખેંચી પોતાની અંદર જ રાખે છે, એવો અર્થ છે. તેમના (માત્ર શ્રવણ કરનારીના) કરતાં કીર્તન કરનારનું ઉત્તમપણું 'ઘણી કીર્તિવાળાનું ઘણું ગાન કરનારીઓનું' એ શબ્દથી કહે છે. 'ઉરુગાયઃ'(ઘણી કીર્તિવાળા) ભગવાન્ 'ઉરુગીતઃ' ઘણું ગાન કરાએલા છે જેમનાથી, તેવી સ્ત્રીઓનું મન ખેંચી લે છે. ભગવાન્ કોઈથી રોકાએલા[૧] કે નિંદાએલા નથી[૧], એમ જણાવવા 'ઉરુગાય' 'ઘણી કીર્તિવાળા' પદ યોજેલું છે. ગાન એટલે કીર્તન કરનારીઓનું મન પણ બલાત્કારથી ભગવાન્ ખેંચી લે છે, એવો અર્થ છે. જો કે અહિં પણ કૈમુતિક ન્યાય[૨] કહેવો જોઈએ, છતાં પણ આગળ જ કહેલો છે. તેનું અહિં પણ અનુસંધાન કરવું. 'છતાં પણ જેઓ એક (ભગવાનના જ) સ્થલમાં[૩] રહીને તેમનાં દર્શન કરે છે, તેઓનું મન ખેંચી લે છે એમ ક્યાંથી બને ?' (એવો પ્રશ્ન કરવામાં આવે તો જાણવું કે એ તો) સિદ્ધ જ છે. ભગવાનમાં મન રહેતું હોવાથી, વિષય (ભગવાનના શ્રીઅંગ)ની સુંદરતાને લીધે જ મન વશ થતું હોવાથી, (તેને ખેંચી લેવામાં) પ્રમેયબલની પણ જરુર રહેતી નથી, એવો અર્થ છે. આ[૪] ત્રણ પ્રકારની સગુણ

---

૧-૧. 'પ્રહતત્વાય' શબ્દ છે. 'પ્રગતો હતઃ પ્રહતઃ = અપ્રતિહતઃ' રોકાએલા નહિ તેવા, એવો તેનો અર્થ છે. ઘણાએ ભગવાનનું ગાન કરે છે, (તેથી ભગવાન્ 'ઉરુગાય' છે) એવું 'ઉરુ' શબ્દનું તાત્પર્ય છે. તેમનું કીર્તન ગાનરૂપ હોવાથી, તે નિંદાએલા નથી. તેથી 'અવિગીતત્વાય' એમ કહેલું છે. (લે)

૨. 'એક સ્થલમાં' એટલે 'ભગવાન્ જે દેશમાં છે તે દેશમાં, તેમની નજીક' એવો અર્થ છે. (લે)

૩. આ શ્લોકમાં વર્ણવેલી (૧) શ્રવણ (૨) કીર્તન અને (૩) દર્શન કરનારી તમોભાવ, રજોભાવ અને સત્ત્વભાવવાળી, એવો અર્થ છે. (લે)

૪. 'કિમુત' એટલે કેટલું બધું વધારે. એ શબ્દ ઉપરથી 'કૈમુતિક' શબ્દ થયો છે. 'કૈમુતિકન્યાય' એટલે 'તો પછી આમનું તો કહેવું જ શું ? અથવા આમને તો તેમ થાય એમાં આશ્ચર્ય જ શું ?' એવો અર્થ જણાવવો તે.

સ્ત્રીઓનું નિરૂપણ કર્યું. ૨૬.

નીચેના શ્લોકમાં ગુણાતીત (મહારાણીઓ)ની ઘણી પ્રશંસા કરે છેઃ

**યાઃ સંપર્યચરન્પ્રેમ્ણા પાદસંવાહનાદિભિઃ ।।**
**જગદ્ગુરું ભર્તૃબુદ્ધ્યા તાસાં કિં વર્ણ્યતે તપઃ ।।૨૭।।**

જેમણે (ભગવાન્) પતિ હોવાની બુદ્ધિથી ચરણ ચાંપવા વિગેરેથી પ્રેમથી જગતના ગુરુની સેવા કરી, તેઓના તપનું શું વર્ણન કરવું ? ૨૭.

જેઓને સર્વભાવથી (ભગવાન્ સાથે) બારોબાર દેહનો સંબંધ હતો, અને તે પણ પ્રેમથી એટલે અંદરનો સંબંધ, (અને) ચરણ ચાંપવા વિગેરેથી એટલે બહાર નો સંબંધ હતો (તેઓના તપનું શું વર્ણન કરવું ?). 'જગતના ગુરુ' એ શબ્દથી ક્રિયાથી એટલે વેદમાં કહેલા પ્રકારથી પણ તેઓને ફલની પ્રાપ્તિ થવાનો ઉપાય કહેલો છે. 'પતિ હોવાની બુદ્ધિથી' એ શબ્દથી તેઓની બુદ્ધિનું ઘણું ઉત્તમપણું જણાવેલું છે, એટલે તેઓની બુદ્ધિ ભગવાન્ જાર છે એવી ગોપીઓની બુદ્ધિ જેવી[1] ન હતી, એવો ભાવ છે.

**બુદ્ધિઃ પ્રપત્તિઃ સમ્બન્ધો દ્વિવિધોऽપિ વિધેર્બલમ્ ।।**
**પ્રમેયબલમિત્યાસાં ષોઢા કૃષ્ણે નિરૂપિતાઃ ।।૧૪।।**

૧.બુદ્ધિ ૨.પ્રપત્તિ ૩-૪.બંને પ્રકારના સંબંધ ૫.વેદના વાક્યનું બલ અને ૬.પ્રમેયબલ[2] એવા સ્ત્રીઓના છ શ્રીકૃષ્ણમાં રહેલા ભાવો જણાવેલા[3] છે. કા.૧૪.

**એકૈકોऽપિ મહત્પુણ્યસાધ્યઃ ષણ્ણાં તુ કા કથા ।।**
**અતસ્તપઃપ્રશંસાં હિ તાસાં વક્તું ક ઈશતે ।।૧૫।।**

એકેકો (ભાવ) પણ ઘણા પુણ્યથી પ્રાપ્ત થાય તેવો છે, તો પછી છનું તો

---

૧. અહિં ઉપાધિવાળી સ્ત્રીઓનું પ્રકરણ હોવાથી, 'ગોપીઓ' શબ્દથી ઘરની અંદર રહેલી ગોપીઓ જ (જૂઓ ૧૦।૨૬।૯) કહેલી છે. કામની ઉપાધિવાળો પ્રેમ બે પ્રકારનો છે. ૧.પતિ તરીકેનો અને ૨.જાર તરીકેનો. તે પૈકી પતિ તરીકેનો પ્રેમ પ્રમાણના વિચારથી ઉત્તમ છે. (જાર તરીકેનો પ્રેમ ઘરની અંદર રહેલી ગોપીઓનો હતો). ઉપાધિ વગરના સ્નેહવાળી (ગોપીઓ)નું તો આ પ્રકરણ જ નથી. તેથી તેમના વિષે કાંઈ ખોટું સમજવું નહિ. (લે)

૨. આ છ ભાવો અનુક્રમે નીચેના શબ્દોથી જણાવેલા છે. (૧) બુદ્ધિ (૨) (ભગવાન્) પતિ હોવાથી બુદ્ધિ (૩) (પ્રેમથી) સેવા કરી (૪) ચરણ ચાંપવા વિગેરેથી (૫) જગતના ગુરુ (૬) 'યાઃ' 'જેમણે'; આ શબ્દથી એમ જણાવેલું છે કે તેઓનું સ્વરૂપ જ તેવું હોવાથી તેમને પ્રમેયબલ પ્રાપ્ત થએલું. (લે).

૩. અહિં 'ભાવો' શબ્દ અધ્યાહાર છે. (લે)

કહેવું જ શું ? તેથી તેઓના તપની પ્રશંસા કરવા કોણ શક્તિમાન છે ? કા.૧૫.

તે અર્થ 'તેઓના તપનું શું વર્ણન કરવું ?' એ શબ્દોથી કહેલો છે. ૨૭.

એ પ્રમાણે બધી (સ્ત્રીઓ)ના નિરોધનું નિરૂપણ કરી, (ભગવાને) જે પ્રસંગને લીધે કરેલું તે પણ ભગવાને ઇચ્છેલું જ હતું એમ જણાવવા, (તેવું કાર્ય) નીચેના શ્લોકમાં જણાવે છે:

**એવં વેદોદિતં ધર્મમનુતિષ્ઠન્સતાં ગતિઃ ।।**
**ગૃહં ધર્માર્થકામાનાં મુહુશ્ચાદર્શયત્પદમ્ ।।૨૮।।**

એ પ્રમાણે સત્પુરુષોનો ફલરૂપ (ભગવાને) વેદમાં કહેલા ધર્મનું આચરણ કરતાં ધર્મ, અર્થ અને કામના સ્થાનરૂપ ઘરને વારંવાર દેખાડ્યું. ૨૮.

જેમ ભગવાને નિરોધ ઇચ્છેલો હતો, તેમ લોકોને શીખવવા માટે વેદમાં કહેલો ધર્મ પણ ઇચ્છેલો હતો. તેનું કારણ 'સત્પુરુષોના ફલરૂપ' એ શબ્દથી કહેલું છે. તેમ ન હોત (ભગવાને ધર્મ કરવાનું ઇચ્છેલ ન હોત) તો સત્પુરુષોના માર્ગની વ્યવસ્થા ન રહેત, એટલે સત્પુરુષોનું રક્ષણ થાત નહિ. માત્ર વૈદિક ધર્મ જ ભગવાને ઇચ્છેલો હતો એટલું જ નહિ, પરંતુ સ્માર્ત ત્રિવર્ગ (ધર્મ, અર્થ અને કામ એ ત્રણનો સમૂહ) પણ, તેમાં જેઓની આસક્તિ હોય તેઓની બુદ્ધિનું રક્ષણ કરવા, ઇચ્છેલો હતો એમ, 'ધર્મ, અર્થ અને કામના ઘરને' એ શબ્દોથી કહેલું છે. ત્રિગર્વનું 'પદમ્' સ્થાનરૂપ ઘર હોવાથી (ભગવાને) 'મુહુઃ' વારંવાર સોળહજાર પ્રકારથી લોકોને તે 'અદર્શયત્' દેખાડ્યું. ૨૮.

એ પ્રમાણે ભગવાન્ ધર્મ પરાયણ છે એમ કહીને, (તેમની) સ્ત્રીઓ તેવી ન હોય તો ગૃહસ્થપણું ધર્મથી વિરુદ્ધ થાય, તેથી તેઓ પણ ધર્મપરાયણ હતી એમ જણાવવા[1] નીચેનો શ્લોક કહે છે:

**આસ્થિતસ્ય પરં ધર્મં કૃષ્ણસ્ય ગૃહમેધિનામ્ ।।**
**આસન્ ષોડશસાહસ્રં મહિષ્યાસ્તુ શતાધિકમ્ ।।૨૯।।**

ઉત્તમ ધર્મ આચરતા ગૃહસ્થ શ્રીકૃષ્ણની મહારાણી તો સોળહજાર (દરેક) સોથી અધિક હતી. ૨૯.

ઘણો જ ઉત્તમ ધર્મ આચરતા 'ગૃહમેધિનામ્' ગૃહસ્થ તરીકે નાનાં રૂપો ધારણ કરેલ શ્રીકૃષ્ણ સ્વરૂપથી એક[1] (હતા અને) તેમની મહારાણી સોળ હજાર હતી. 'મહિષ્યાઃ' શબ્દ છઠ્ઠી વિભક્તિના એકવચનનું રૂપ છે. (તેનો) અર્થ એવો છે કે જેમ એક શ્રીકૃષ્ણ ઘણા ગૃહસ્થ બનેલા તેમ એક[2] મહારાણી સોળ હજાર

૧-૧. 'આ શ્લોક' એ શબ્દો અધ્યાહાર છે. તેથી ભગવાનનું ગૃહસ્થપણું ધર્મપરાયણ જ હતું એવો આ શ્લોકનો વાક્યાર્થ છે. ( લે ) ૨. લક્ષ્મીજીએ જ સોળહજાર રૂપ ધારણ કરી સર્વમાં

(સંખ્યાવાળી) થએલી. 'તુ' 'તો' શબ્દ બીજો પ્રકાર ન હતો એમ જણાવે છે. 'સોથી અધિક' એ (સોળ) હજારનું વિશેષણ છે, 'એકસો સંખ્યાવાળીથી પણ વધારે' એવો તેનો અર્થ છે. (સોળ હજારમાંની) એક પણ (દરેક) સ્ત્રી સર્વભાવથી એકસો સ્ત્રીઓથી પણ અધિક હતી, એવો (અર્થ છે). ૨૯.

એ પ્રમાણે (સ્ત્રીઓ) ધર્મ (આચરવા) માટે હતી એમ જણાવી, તેઓનું (સ્ત્રીઓ કરવાનું) મુખ્ય પ્રયોજન પ્રજા પ્રાપ્ત કરવાનું પણ હોવાથી, ઉપસંહાર કરતાં નીચેના શ્લોકમાં તે પણ કહે છેઃ

**તાસાં સ્ત્રીરત્નભૂતાનામષ્ટૌ યાઃ પ્રાગુદાહૃતાઃ ।।**
**રુક્મિણીપ્રમુખા રાજંસ્તત્પુત્રાશ્ચાનુપૂર્વશઃ ।।૩૦।।**

હે રાજન્ ! તે ઉત્તમ સ્ત્રીઓમાં રુક્મિણી વિગેરે જે આઠ પહેલાં કહેલી છે અને તેમના પુત્રો પણ અનુક્રમે કહેલા છે. ૩૦.

જો કે બધીએ (સ્ત્રીઓ)ને દશ દશ પુત્રો હતા, છતાં મુખ્યને જ કહેલ, તેથી ઉપસંહારમાં પણ તેમને જ ફરી જણાવે છે. તે ઉત્તમ સ્ત્રીઓમાં બધીએ સર્વથી ઉત્તમ હતી, તેથી 'રત્ન' શબ્દ યોજેલો છે. તેમાં[1] પણ રુક્મિણી વિગેરે આઠ જે કહેલી છેઃ

**રુક્મિણી સત્યભામા ચ કાલિન્દી ઋક્ષકન્યકા ।।**
**સત્યા ભદ્રા મિત્રવિન્દા લક્ષ્મણેત્યષ્ટનાયિકાઃ ।।૧૬।।**

(૧) રુક્મિણી અને (૨) સત્યભામા (૩) કાલિંદી (૪) રીંછની કન્યા (જાંબવતી) (૫) સત્યા (૬) ભદ્રા (૭) મિત્રવિંદા અને (૮) લક્ષ્મણા એ આઠ નાયિકાઓ હતી. કા.૧૬.

(પરિક્ષિતને) ઘણી સ્ત્રીઓ (હોવા)ના રસનું જ્ઞાન છે એમ જણાવવા 'હે રાજન્ !' એવું સંબોધન કરેલું છે. 'અને તેમના પુત્રો કહેલા છે'. 'અનુક્રમે' એટલે ઉમરના ક્રમથી. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવ્યું છે કે પૌત્ર પણ કહેલો છે. ૩૦.

જેમનાં નામ આપેલ નથી તે બધીએ જેમનાં નામ આપેલ તેમની સમાન હતી એમ જણાવવા તેઓની પુત્ર વિગેરે સંપત્તિ નીચેના શ્લોકમાં જણાવે છેઃ

---

પ્રવેશ કરેલો. તેમ ન હોત તો (બીજી પત્નીઓ) ભગવાને ભોગ કરવા યોગ્ય ન હોત, એવો ભાવ છે. જેમ એક જ ભગવાને ઘણાં રૂપ ધારણ કરેલાં એ પ્રમાણે લક્ષ્મીજી ભગવાનના જેવા ગુણવાળાં હતાં એમ કહી તેમનું પાતિવ્રત્ય જણાવેલું છે. તેથી આ ધર્મપરાયણરૂપ હોવું એવો આ શ્લોકનો અર્થ ઘટે છે. સોળ હજાર મહારાણીઓ હતી, એ તો પાછળ પાંચમા શ્લોકમાં કહેલું છે. તેથી આ જ આ શ્લોકનો અર્થ છે, એવો ભાવ છે. (લે)

૧. બધીએ સ્ત્રીરત્ન હોવા છતાં, તેઓમાં મુખ્ય આઠ કહેલ છે. (આ આઠ) સોળહજારથી વધારે છે, એવો અર્થ છે. (લે)

**એકૈકસ્યાં દશ દશ કૃષ્ણોઽજીજનદાત્મજાન્ ।।**
**યાવન્ત્ય આત્મનો ભાર્યા અમોઘરતિરીશ્વરઃ ।।૩૧।।**

સદા સફલ રતિવાળા ઈશ્વર શ્રીકૃષ્ણે પોતાની જેટલી સ્ત્રીઓ હતી તે દરેકમાં દશ દશ આત્મજો ઉત્પન્ન કર્યા. ૩૧.

ઈચ્છાથી પુત્રપણું પ્રાપ્ત થતું નથી, એમ જણાવવા 'આત્મજ' શબ્દ યોજેલો છે. રખાત ન હતી એમ જણાવવા 'જેટલી' શબ્દ યોજેલો છે. દશ ભાવો[1] છે, એટલે બધાએ ભાવોમાં ભગવાન્ સદા સફલરતિવાળા છે. ફલ પ્રાપ્ત થવું એ સફલપણું છે. 'દશ દશ જ (પુત્રો) કેમ ઉત્પન્ન કર્યા ?' જો 'આમાં દશ પુત્રોનું ગર્ભાધાન કરજે' એ શ્રુતિ પ્રમાણે કર્યા એમ કહો, તો પણ લોકમાં આ નિશ્ચિત નથી, એવી શંકા થાય, તેથી 'ઈશ્વર' શબ્દ યોજેલ છે. અશક્તિવાળા શ્રુતિના અર્થનું પરિપાલન ભલે ન કરે. શક્તિવાળાઓ કેમ ન કરે ? એવો અર્થ છે. ૩૧.

ભગવાને ધર્મ માટે જ પુત્રો ઉત્પન્ન કરેલા. તેથી અઢાર વિદ્યાને યોગ્ય ઘણા વીર્યવાળા અઢાર પુત્રોનું નીચેના શ્લોકમાં નિરૂપણ કરે છેઃ

**તેષામુદ્દામવીર્યાણામષ્ટાદશ મહારથાઃ ।।**
**આસન્નુદારયશસસ્તેષાં નામાનિ મે શ્રૃણુ ।।૩૨।।**

તે ઘણાં વીર્યવાળા (પુત્રો) પૈકી અઢાર ઉદાર યશવાળા મહારથીઓ હતા. તેઓનાં નામ મારી પાસેથી સાંભળ. ૩૨.

**લક્ષં ષષ્ટિઃ સહસ્રાણિ તથાશીતિર્નિરૂપિતાઃ ।।**
**કેચિત્સહસ્રમધિકં પ્રાહુર્નૈતન્મતં સતામ્ ।।૧૭।।**

એક લાખ સાઠ હજાર અને એંશી (પુત્રો) કહેલા છે. કેટલાક એક હજાર વધારે કહે છે, તે સત્પુરુષોને માન્ય નથી*. કા.૧૭.

તે પુત્રોની અંદર અઢાર મહારથીઓ હતા, અને બધાએ ઘણા વીર્યવાળા હતા. વાસ્તવિક રીતે તો બધાએ મહારથીઓ હતા, છતાં પણ અઢારે મહારથીપણું પ્રકટ કરેલ છે એમ જણાવેલ છે. 'હતા' શબ્દથી એમ જણાવ્યું છે કે વિદ્યાઓ

૧. કારણ કે દશ ઈન્દ્રિયોથી કામ (કામનાઓ) સિદ્ધ થાય છે. (લે)

*. સમાધિભાષામાં એકસો વધારે (૧૬૧૦૮) નાયિકાઓ હોવાનું કહેલ નથી. એકસોના પુત્રો ગણીને પુત્રમાં પણ એક હજારની સંખ્યા વધારે કહી નથી. તેથી 'બારમા સ્કંધમાં એકસો સ્ત્રીઓ વધારે હોવાનું કહેલું છે તે સમાધિભાષા નથી, પરંતુ લૌકિકી ભાષા છે' એમ સૂચવેલું છે. 'ત્રણ ભાષાના વિરોધનું સમાધાન કલ્પના ભેદથી કરેલું છે' એમ કહેલ હોવાથી, બીજા કલ્પમાં એક હજાર મહારાણીઓ વધારે હતી એમ જાણવું. તેથી જ વિવાહના પ્રસંગમાં ૧૬૦૦૮નો જ વિવાહ વર્ણવેલો છે. (લે)

સાચી છે એમ સિદ્ધ થાય તે માટે તેટલાઓએ જ વીર્ય પ્રકટ કર્યું હતું, અને ભગવાન્ વિદ્યમાન હોવાથી બીજાઓને તો તેમ કરવાનું પ્રયોજન ન હતું. ૩૨.

તેથી લોકમાં પ્રસિદ્ધ થાય તે માટે નીચે બે શ્લોકોમાં તેમનાં નામો કહે છેઃ

**પ્રદ્યુમ્નશ્ચારુદેષ્ણશ્ચ દીપ્તિમાન્ ભાનુરેવ ચ ।।**
**સામ્બો મધુર્બૃહદ્ભાનુશ્ચિત્રભાનુર્વૃકોઽરુણઃ ।।૩૩।।**
**પુષ્કરો વેદબાહુશ્ચ શ્રુતદેવઃ સુનન્દનઃ ।।**
**ચિત્રબાહુર્વિરૂપશ્ચ કવિર્ન્યગ્રોધ એવ ચ ।।૩૪।।**

પ્રદ્યુમ્ન અને ચારુદેષ્ણ, દીપ્તિમાન અને ભાનુ, સાંબ, મધુ, બૃહદ્ભાનુ, ચિત્રભાનુ, વૃક, અરુણ, પુષ્કર અને વેદબાહુ, શ્રુતદેવ, સુનંદન, ચિત્રબાહુ અને વિરૂપ, કવિ અને ન્યગ્રોધ. ૩૩-૩૪.

બીજો ચારુદેષ્ણ. 'અનિરુદ્ધઃ' 'અનિરુદ્ધ' એવો પાઠ હોય ત્યાં પણ કોઈ અનિરુદ્ધ નામનો પુત્ર જ જાણવો. ૩૩-૩૪.

તેમના (ભગવાનના પુત્રોના) પણ સેંકડો પુત્રો હતા, તેથી પૌત્રોની અંદર એકે જ મહારથીપણું પ્રકટ કરેલું હોવાથી તેનું નામ નીચેના (બે) શ્લોકથી કહે છેઃ

**એતેષામપિ રાજેન્દ્ર તનુજાનાં મધુદ્વિષઃ ।।**
**પ્રદ્યુમ્ન આસીત્પ્રથમઃ પિતૃવદ્રુક્મિણીસુતઃ ।।૩૫।।**
**સ રુક્મિણો દુહિતરમુપયેમે મહારથઃ ।।**
**તસ્માત્સુતોઽનિરુદ્ધોઽભૂન્નાગાયુતબલાન્વિતઃ ।।૩૬।।**

હે ઉત્તમ રાજા ! મધુના વેરીના આ પુત્રોમાં પણ રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન સર્વથી મોટો પિતા જેવો હતો. તે મહારથી રુક્મિની દીકરીને પરણ્યો હતો. તેનાથી દશહજાર હાથીઓના બલવાળો અનિરુદ્ધ પુત્ર થયો હતો. ૩૫-૩૬.

'મધુના વેરીના પુત્રો' એ શબ્દોથી ઘણું જ સામર્થ્ય જણાવેલું છે. 'પ્રદ્યુમ્ન સર્વથી મોટો હતો' એ શબ્દોથી તેઓમાં પણ મોટાનું વિશેષ (સામર્થ્ય) કહેલું છે. 'પિતા જેવો' એ શબ્દથી તેનું ખાસ નિરૂપણ કરવાનું પ્રયોજન કહેલું છે. (તે) ઉત્તમ હોવાનું કારણ 'રુક્મિણીનો સર્વથી મોટો પુત્ર' એ શબ્દોથી કહેલું છે. રુક્મિણી શ્રેષ્ઠ હતાં, અને તેમાં (તેમના પુત્રોમાં) પણ સર્વથી મોટો સર્વથી વધારે બલવાન હતો. ૩૫.

વંશનું નિરૂપણ કરવાના વિષયમાં નવમા સ્કંધમાં ભગવાનનું નિરૂપણ કર્યું એટલે વચ્ચે પ્રશ્નને અનુસરીને (તેમનાં) વીર્યોનું પણ નિરૂપણ કરીને, તેનાં અંતે છત્રીસમા શ્લોકથી આરંભી બાકીનો વંશ જણાવે છે. 'મહારથી' શબ્દથી તેણે જીતીને હરણ કરેલું એમ જણાવેલું છે. 'તેનાથી' એટલે પ્રદ્યુમ્નથી અનિરુદ્ધ થયો.

ખાસ નિરૂપણ કરવાનું પ્રયોજન 'દશ હજાર હાથીઓના બલવાળો' એ વિશેષણથી કહેલું છે. ૩૬.

તે (અનિરુદ્ધ)થી પણ વંશ (ચાલ્યો) તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**સ ચાપિ રુક્મિણઃ પૌત્રીં દૌહિત્રો જગૃહે તતઃ ।।**
**વજ્રસ્તસ્યામભૂદ્ યસ્તુ મૌસલાદવશેષિતઃ ।।૩૭।।**

રુક્મિની પુત્રીનો પુત્ર રુક્મિના પુત્રની પુત્રીને પરણ્યો. તેનાથી તેની અંદર વજ્ર થયો કે જે મુસલના (યુદ્ધમાં)થી બચી ગયો હતો. ૩૭.

'રુક્મિ' '(તેના) પુત્રની પુત્રી' અને 'પુત્રીનો પુત્ર' એ ત્રણ શબ્દથી મૂલદોષ અને બે સંબંધથી થતા દોષો (અનુક્રમે) જણાવી, કલિમાં તેવો જ (રાજા) રહેશે એમ જણાવેલું છે. 'તેની અંદર વજ્ર થયો' એ શબ્દોથી તે અર્થ કહેલો છે. (તે) મુસલના યુદ્ધમાંથી બચી ગએલો હતો. ૩૭.

તેનાથી પણ વંશ (ચાલ્યો) તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**પ્રતિબાહુરભૂત્તસ્ય સુબાહુસ્તસ્ય ચાત્મજઃ ।।**
**સુબાહોઃ શાન્તિસેનોઽભૂચ્છ્રુતસેનસ્તુ તત્સુતઃ ।।૩૮।।**

તેનો પ્રતિબાહુ થયો, અને તેનો પુત્ર સુબાહુ થયો. સુબાહુનો શાંતિસેન થયો, અને તે (શાંતિસેન)નો પુત્ર શ્રુતસેન થયો. ૩૮.

તે વજ્રનાભનો પુત્ર પ્રતિબાહુ થયો, અને તેનો (પુત્ર) સુબાહુ થયો. સુબાહુનો શાંતિસેન, અને તેનો શ્રુતસેન, એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષાર્થ પ્રાપ્ત કરનાર ચાર કહ્યા. ૩૮.

'બીજાઓએ પુરુષાર્થ પ્રાપ્ત કર્યા નહિ હોય' એવી શંકા થાય, તે દૂર કરવા નીચેનો શ્લોક કહે છેઃ

**ન હ્યેતસ્મિન્ કુલે રાજન્ અધના અબહુપ્રજાઃ ।।**
**અલ્પાયુષોઽલ્પવીર્યાશ્ચ અબ્રહ્મણ્યાશ્ચ જજ્ઞિરે ।।૩૯।।**

હે રાજન્! આ કુલમાં ધન વગરના, ઘણી પ્રજા વગરના, અલ્પ આયુષ્યવાળા, અલ્પવીર્યવાળા અને વેદ નહિ જાણનારા જન્મેલા નથી. ૩૯.

(આ કુલમાં એટલે) યાદવકુલમાં. 'હે રાજન્!' એવું સંબોધન (રાજાની) સંમતિ માટે કરેલું છે. 'અધનાઃ' ધન વગરના (જન્મેલા નથી). 'બહુ પુત્રો ઈચ્છવા જોઈએ' એ વાક્ય પ્રમાણે કોઈ પણ 'અબહુપ્રજાઃ' ઈચ્છેલા પુત્રો વગરના ન હતા, એવો અર્થ છે. આ બે બહારનાં અંગો (કહ્યાં). 'અલ્પ આયુષ્યવાળા અને અલ્પ-વીર્યવાળા' એ શબ્દોથી અંદરનાં (અંગો) કહેલાં છે. એ પ્રમાણે ચાર વિશેષણથી ગૃહસ્થના ભાવનું નિરૂપણ કરી, જાણે કે બ્રહ્મચર્યનું નિરૂપણ કરતા હોય તેમ

'અબ્રહ્મણ્યાઃ' 'વેદ નહિ જાણનારા' શબ્દ કહેલ છે.

**અર્થકામૌ તથા ધર્મશ્ચિરજીવિત્વમેવ ચ ।।**
**એતત્સાધારણં પ્રોક્તં વીર્યં તુ ક્ષત્રિયત્વતઃ ।।૧૮।।**

અર્થ અને કામ, તેમજ ધર્મ અને લાંબુ આયુષ્ય આ સર્વ મનુષ્યને જોઈએ તેવાં કહેલાં છે. વીર્ય તો ક્ષત્રિયપણાને લીધે (કહેલું છે). કા.૧૮. ૩૯.

(વંશમાં કેટલા હતા તેનું) જ્ઞાન થાય તે માટે તેઓની સંખ્યા કહેવી જોઈએ, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**યદુવંશપ્રસૂતાનાં પુંસાં વિખ્યાતકર્મણામ્ ।।**
**સંખ્યા ન શક્યતે કર્તુમપિ વર્ષાયુતૈર્નૃપ ।।૪૦।।**

હે નૃપ ! યદુવંશમાં જન્મેલા, પ્રસિદ્ધ કર્મવાળા પુરુષોની સંખ્યા દશ હજાર વર્ષોથી પણ કરી શકાય તેવી નથી. ૪૦.

સંખ્યા છે, પણ કરી શકાય તેવી નથી. (તે સંખ્યાનું) અજ્ઞાન જ (તે) મોટી હોવાનું સૂચવનાર છે. યોગથી પ્રાપ્ત થતા ધર્મથી જાણીને કહેતો નથી. માર્કંડેયની પેઠે લાંબુ જીવનારા પણ એક માણસથી દશ હજાર વર્ષોએ પણ સંખ્યા કરી શકાય. તેવી નથી, એવો અર્થ છે. ૪૦.

'ત્યારે તેવું જ્ઞાન કેમ થાય ? કરોડ અને અર્બુદ સંખ્યા સુધી પણ બુદ્ધિ પહોંચે છે' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**ત્રિસ્રઃ કોટ્યઃ સહસ્રાણામષ્ટાશીતિશતાનિ ચ ।।**
**આસન્ યદુકુલાચાર્યાઃ કુમારાણામિતિ શ્રુતમ્ ।।૪૧।।**

હજારો કુમારોના યદુકુલમાં (જન્મેલા) આચાર્યો ત્રણ કરોડ અને અઠ્ઠાશીસો હતા એમ (અમે) સાંભળેલું છે. ૪૧.

આરંભમાં હજારો કુમારોના, ત્રણ કરોડ (સો)[૧] એટલે ત્રીસ અર્બુદ, અને વળી અઠ્ઠાશીસો એટલે એંશીથી આઠ વધારે સો આચાર્યો હતા. ભગવાનના જ પુત્રોની લાખ સંખ્યા તો કહી, તેથી કરોડની સંખ્યા, હજારની સંખ્યા, સોની સંખ્યા અને તેથી ઓછી સંખ્યા કહી. આટલા 'યદુકૂલાચાર્યા' યદુકુલમાં જ જન્મેલા આચાર્યો તે (તે કુલ)ના કુમારોના અમે સાંભળેલા, એમ પ્રમાણ કહેલું છે. ઘણાઓમાંથી કોક આચાર્ય થવા યોગ્ય હોય છે, અને એક આચાર્યના સ્થાન (શાળા)માં ઘણા બાલકો

૧. એક, દશ, સો, હજાર, દશ હજાર અથવા અયુત, લાખ, પ્રયુત અથવા દશ લાખ, કરોડ, અર્બુદ, અબ્જ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલધિ, અંત્ય, મધ્ય, પરાર્ધ એ દરેક સંખ્યા તેની પહેલાંની સંખ્યાથી દશ ગણી છે. તેથી ત્રણ કરોડ સો એટલે ત્રણ અબ્જ અથવા ત્રીસ અર્બુદ થયા. તેથી ત્રણ અબ્જ આઠ હજાર અને આઠસો આચાર્યો હતા.

ભણે છે. આથી જ તે કુમારો ઘણા હતા એમ જાણવું, એવો અર્થ છે. ૪૧.

ત્યારે આ જ પ્રકારે યાદવોની સંખ્યા કહો, એવી શંકા થાય, તેથી કહે છેઃ

**સંખ્યાનં તુ યાદવાનાં કઃ કરિષ્યતિ મહાત્મનામ્ ॥**
**યત્રાયુતાનામયુતલક્ષણાસ્તે સ આહુકઃ ॥૪૨॥**

મહાત્મા યાદવોની ગણત્રી કોણ કરશે ? કે જેઓની અંદર તે ઉગ્રસેન દશ હજારોના દશ હજાર લાખથી (સેવાતો) રહેતો હતો. ૪૨.

યાદવો અનંત હોવાથી સ્વરૂપથી પણ તેમની ગણત્રી થઈ શકે તેમ નથી. તેમાં પણ 'મહાત્મા' શબ્દથી (તેમનું) ઉત્તમપણું જણાવે છે. એક એક (મહાત્મા યાદવના) કરોડો સેવકો હતા, તેથી મુખ્ય અને સેવક એ ભાવથી ગણત્રી કરતાં તો તેઓ ઘણા જ અનંત હતા, એવો અર્થ છે. તેથી જ મુખ્ય (યાદવના રાજા)ના અનંત સેવકો ઉત્તરાર્ધમાં જણાવે છે. દશ હજારોના દશ હજાર લાખ, એટલે એક હજાર ન્યર્બુદ[1] સેવકોના સમૂહ સાથે તે 'આહુકઃ' ઉગ્રસેન રાજા રહેતો હતો. એ પ્રમાણે બીજાઓના પણ સેવકોના સમૂહ જાણવા. ૪૨.

'ઉત્તમ જીવો તો થોડા જ ઉત્પન્ન થાય છે. આટલા બધાની એક સાથે કેમ ઉત્પત્તિ થઈ ?' એવી શંકા થાય, તેથી નીચેના (બે) શ્લોક કહે છેઃ

**દેવાસુરાહવહતા દૈતેયા યે સુદારુણાઃ ॥**
**તે ચોત્પન્ના મનુષ્યેષુ પ્રજા દૃપ્તા બબાધિરે ॥૪૩॥**
**તન્નિગ્રહાય હરિણા પ્રોક્તા દેવા યદોઃ કુલે ॥**
**અવતીર્ણાઃ કુલશતં તેષામેકાધિકં નૃપ ॥૪૪॥**

જે ઘણા દારુણ દૈત્યો, દેવો અને અસુરોની લડાઈઓમાં હણાએલા, તેઓ મનુષ્યોમાં ઉત્પન્ન થયા, અને છકેલા થઈ પ્રજાને દુઃખ દેતા હતા. તેઓનો નાશ કરવા હરિથી આજ્ઞા કરાએલા દેવો અવતર્યા. હે નૃપ ! યદુકુલમાં તેમનાં એકસો એક કુલ અવતર્યા. ૪૩-૪૪.

દેવો અને અસુરોની પહેલાં ઘણીએ 'આહવઃ' લડાઈઓ થએલી. તેમાં જે ઘણા દારુણ દૈત્યો હતા તેઓ દેવોનાં મૂલ બનેલા બ્રાહ્મણોનો નાશ કરવા મનુષ્યોમાં અવતર્યા. 'ચ' 'અને' શબ્દથી એમ જણાવેલું છે કે બીજા તેઓના સંબંધીઓ પણ મનુષ્યોમાં અવતર્યા. તેઓ ઉત્પન્ન થતાં તેમના મૂલ ગુણો તેમનામાં આવ્યા એમ જણાવવા 'છકેલા થઈ પ્રજાને દુઃખ દેતા હતા' એ શબ્દો કહેલા છે. ૪૩.

પછી જગતનું રક્ષણ કરવા પ્રવૃત્ત થએલા ભગવાને તે દૈત્યોનો નાશ

---

૧. ન્યર્બુદ એટલે દશ અર્બુદ. દશ હજારના દશ હજાર લાખ એટલે એક હજાર ન્યર્બુદ અથવા દશ હજાર અર્બુદ. એકડા ઉપર તેર મીંડાં ચડાવવાથી આ સંખ્યા થાય.

કરવા દેવોને 'પ્રોક્તાઃ' આજ્ઞા કરી. પછી તે દેવોના કરોડો સમૂહો જુદે જુદે ઠેકાણે અવતર્યા. તેઓમાંથી યદુના કુલમાં એકસો કુલ અને તે (સો)ની અંદર પણ નાયકરૂપ એક વધારે કુલ અવતર્યા. 'હે નૃપ !' એવું સંબોધન (પરિક્ષિતને) સંતોષ થાય તે માટે કરેલું છે. ૪૪.

'તેટલા દેવો જ અવતરેલા તેનું શું પ્રમાણ ?' એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**તેષાં પ્રમાણં ભગવાન્ પ્રભુત્વે ચાભવદ્ધરિઃ ।।**
**યે ચાનુવર્તિનસ્તસ્ય વવૃધુઃ સર્વયાદવાઃ ।।૪૫।।**

તેઓ (દેવો હોવાનું) પ્રમાણ ભગવાન્ છે, અને હરિ તેમના પ્રભુ થયા. બધા યાદવો અને જે તેમના સેવકો હતા તેઓ વૃદ્ધિ પામ્યા. ૪૫.

તેઓ દેવો હોવાનું પ્રમાણ ભગવાન જ છે. 'ભગવાન્ પ્રમાણ કેવી રીતે ?' એવી શંકા થાય, તેથી 'અને હરિ તેમના પ્રભુ થયા' એમ કહેલું છે. ભગવાન્ તેઓના પ્રભુ થયા, તેથી જણાય છે કે તેઓ દેવો હતા, કારણ કે પ્રભુ અને સેવક સજાતીય (એક જ પ્રકારના) હોવાની આવશ્યકતા હોવાથી, ભગવાન્ બીજાના પ્રભુ થતા નથી. 'તેમને (દેવોને) જ મોકલવા હતા, તેમની સાથે એ પ્રમાણે ભગવાન્ કેમ પધાર્યા ?' એવી શંકા થાય, તેથી 'હરિ' શબ્દ યોજેલો છે. તેઓનું દુઃખ દૂર કરવા (ભગવાન્) પધાર્યા. તેથી જ[1] કાલ વિગેરેથી થતાં વિઘ્નો નહિ રહેવાથી બધાએ યાદવો અને બીજા પણ તેમના એટલે ભગવાનના જે સેવકો હતા તે બધા અત્યંત વૃદ્ધિ પામ્યા, એમ ઉત્તરાર્ધથી કહેલું છે. ઘણા ખરા વધ્યા એમ ન હતું, એમ જણાવવા 'સર્વ' 'બધા' પદ યોજેલું છે. જેમ વડના બીજમાંથી વડ થાય તેવી વૃદ્ધિ જાણવી. એવી રીતે પ્રસંગને લીધે ભગવાનના સંબંધથી તેઓ મોટા અને અનંત થએલા, એમ જણાવેલું છે. ૪૫.

તેથી જ નિરોધમાં સેવકો સહિત તે સર્વનું નિરૂપણ કરેલું છે. તે સંબંધમાં અધિકાર પ્રાપ્ત કરેલો હોવાથી, તેઓ તેવું ગૂંથાએલા અને બહિર્મુખ થાય તેવું સંભવતું હોવાથી, તેમનો નિરોધ થયો કે નહિ એવી શંકા દૂર કરવા કહે છેઃ

**શય્યાશનાટનાલાપક્રીડાસ્નાનાસનાદિષુ ।।**
**ન વિદુઃ સન્તમાત્માનં વૃષ્ણયઃ કૃષ્ણચેતસઃ ।।૪૬।।**

શ્રીકૃષ્ણમાં ચિત્તવાળાં વૃષ્ણિઓ સુવું, ખાવું, ફરવું, વાત કરવી, રમવું, સ્નાન, આસન વિગેરે (ક્રિયાઓ)માં વિદ્યમાન પોતાને જાણતા ન હતા. ૪૬.

છ ગુણવાળા જ ભગવાન્ તે (યાદવો)ના તેવા (પ્રભુ) થએલા એમ

૧. 'તેથી જ' એટલે 'ભગવાનના સંબંધીઓ હોવાથી જ'. (લે)

જણાવવા સાત પદાર્થો કહેલા છે. (૧) સૂવું અને (૨) 'અશનમ્' ખાવું, (૩) 'અટનમ્' ફરવું (૪) 'આલાપઃ' વાત કરવી (૫) 'ક્રીડાઃ' દ્યૂત વિગેરે રમવું, (૬) સ્નાન અને (૭) આસન આ સાત પદાર્થો પ્રકાર જણાવવા કહેલા છે. તેઓમાં (ભગવાનના) ઐશ્વર્ય વિગેરે ધર્મો જોડવા. એમ તે (ક્રિયાઓ) પ્રકારપણું પ્રાપ્ત કરે છે. વિશેષ કહેવાનું શું પ્રયોજન ? બધી સ્થિતિઓમાં ચોક્કસ સ્થાને રહેલા પોતાને તેઓ (યાદવો) જાણતા ન હતા. આથી (તેઓનું) પ્રપંચનું વિસ્મરણ કહેલું છે. 'શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા' એ વિશેષણથી તેમનામાં (ભગવાનમાં) આસક્તિ કહેલી છે. શ્રીકૃષ્ણમાં જ છે ચિત્ત જેઓનું, તેવા (તેઓ હતા). ગોકુલમાં રહેનારાઓનું તો (ભગવાનમાં જ ચિત્ત હોવાનું) પહેલાં જ (તામસ પ્રકરણમાં) કહેલું છે, અને સ્ત્રીઓનો, રાજસોનો તથા સાત્ત્વિકોનો આ નિરોધ (કહ્યો), તેથી નિરોધ (કરવા)ની લીલા સંપૂર્ણ થઈ. ૪૬.

એ પ્રમાણે લીલા સિદ્ધ થતાં, 'મહાભારતની પેઠે (ભગવાને) ભૂમિનો ભાર હર્યાનું વિશેષ રીતે કહેલું નથી' એવી શંકા દૂર કરવા, કૈમુતિક ન્યાય જણાવવા ભગવાનનાં જુદાં જુદાં પ્રકારનાં માહાત્મ્ય નીચેના શ્લોકમાં કહે છેઃ

**તીર્થં ચક્રે નૃપોનં યદજનિ યદુષુ સ્વઃસરિત્પાદશૌચં**
**વિદ્વિટ્સ્નિગ્ધાઃ સ્વરૂપં યયુરજિતપરા શ્રીર્યદર્થેऽન્યયત્નઃ ।।**
**યન્નામામઙ્ગલઘ્નં શ્રુતમથ ગદિતં યત્કૃતો ગોત્રધર્મઃ**
**કૃષ્ણસ્યૈતન્ન ચિત્રં ક્ષિતિભરહરણં કાલચક્રાયુધસ્ય ।।૪૭।।**

હે નૃપ ! યાદવોમાં ભગવાને જે કર્યું તેનાથી સ્વર્ગંગા તીર્થ હલકું કર્યું. સ્વર્ગંગા ચરણ ધોવાનું જલ છે. ભગવાનમાં દ્વેષ રાખનારાઓ અને પ્રેમ રાખનારા ઓને સ્વરૂપની પ્રાપ્તિ થઈ. લક્ષ્મીજી જેમના માટે બીજાઓ પ્રયત્ન કરે છે તે અજીતમાં આસક્ત છે. જે ભગવાન્નું નામ સાંભળેલું અથવા પછી ઉચ્ચારેલું અમંગલનો નાશ કરે છે, અને જેમણે ગોત્રનો ધર્મ કરેલો છે તેવા કાલરૂપી ચક્રના આયુધવાળા શ્રીકૃષ્ણનું ભૂમિનો ભાર હરવાનું આ કાર્ય આશ્ચર્યકારક નથી. ૪૭.

'તે કયું તીર્થ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી 'સ્વર્ગના' શબ્દ યોજેલો છે. 'ગંગા' એવો (તેનો) અર્થ છે. યદુકુલમાં અવતરેલા ભગવાનના સંબંધવાળું જે કાંઈ છે તે બધુંએ, દરેક દરેક પદાર્થ એકલો પણ, ગંગાથી ઉત્તમ છે એવો અર્થ છે. 'કર્યું' શબ્દથી આ પદાર્થ તેવો (ગંગાથી ઉત્તમ) હોવાનું ભગવાને જ કરેલું છે એમ જણાવે છે. (ભગવાને) પોતે તે ચરિત્રને તેવું માહાત્મ્ય આપેલું છે[૧] એવો અર્થ છે. 'છતાં પણ જેઓ યુક્તિ (દલીલ, તર્ક)થી જ પદાર્થોનો અંગીકાર કરે છે, તેઓની આ વિષયમાં બુદ્ધિ કેવી રીતે થશે (થાય) ?' એવી શંકા થાય, તેથી 'સ્વર્ગંગા

ચરણ ધોવાનું જલ છે' એમ કહેલું છે. સર્વ સંબંધવાળા પદાર્થો કરતાં પ્રાણીઓ ચરણ ધોવાના જલને હલકું (ગણે છે). પુરુષ ફરીથી તેનો સ્પર્શ કરતો નથી. ભૂમિ ઉપર રહેલી અથવા પાતાલમાં રહેલી (ગંગા)ને ત્યાંના દોષ સાથે સંબંધ થવાથી, (તેને) દોષ પણ લાગ્યો હોય, તેથી 'સ્વર્ગંગા' શબ્દ યોજેલો છે. એ પ્રમાણે સામાન્ય પ્રકારનું (બધા) જડ (પદાર્થો)ને લાગુ પડતું એક માહાત્મ્ય કહ્યું.

(૨) 'દ્વેષ રાખનારાઓને અને પ્રેમ રાખનારાઓને સ્વરૂપની પ્રાપ્તિ થઈ' એ શબ્દોથી જીવો વિષેનું ખાસ (માહાત્મ્ય) કહે છે. દ્વેષ અને પ્રેમ પણ મોક્ષ પ્રાપ્ત કરાવનારા થયા, એવો અર્થ છે. તેથી શ્રીકૃષ્ણના અવતારમાં હરકોઈ (પ્રકારનો) ધર્મ મોક્ષ આપશે એમ જણાવેલું છે. 'લક્ષ્મીજી અજીતમાં આસક્ત છે' એ શબ્દોથી ભગવાન્ પાસેથી આ લોકનું ફલ પ્રાપ્ત થવાનું કારણ કહેલું છે. લક્ષ્મીજી ભગવાનમાં આસક્ત છે તેથી સ્વામી (પોતાના) સેવકોને જ (લક્ષ્મી) આપશે, બીજાને (આપશે) નહિ, એમ પ્રયાસ વિના જ આ લોકનું ફલ (ભક્તને) પ્રાપ્ત થાય છે. પરંપરાના પ્રકાશથી થતું આ ત્રીજું માહાત્મ્ય (કહ્યું). 'જેમને માટે બીજાઓ પ્રયત્ન કરે છે' એ શબ્દોથી પ્રસંગને લીધે ભગવાનના સંબંધવાળા લક્ષ્મીજીનું માહાત્મ્ય કહે છે, કે જેથી બીજાઓનું માહાત્મ્ય નથી એમ સિદ્ધ થાય. જે લક્ષ્મીજીના સંબંધવાળા અર્થ (ધન) માટે એટલે અર્થરૂપ પુરુષાર્થ માટે, બીજાઓ ઘણો પ્રયત્ન જ કરે છે, પરંતુ (તેની) પ્રાપ્તિ તો સંદેહવાળી જ રહે છે, એવો અર્થ છે. જ્યાં 'અર્થ' હલકો પુરુષાર્થ હોવા છતાં તે(ની પ્રાપ્તિ) જ બીજાઓને સંદેહવાળી છે, ત્યાં ધર્મ વિગેરે (ઉંચા પુરુષાર્થો) નું તો કહેવું જ શું ? એમ કહેલું છે. (૪) એ પ્રમાણે ભગવાનના સંબંધવાળા સર્વ પદાર્થો જીવો અને શક્તિનાં માહાત્મ્યનું નિરૂપણ કરી, 'જેમનું નામ અમંગલનો નાશ કરે છે' એ શબ્દોથી નામનું માહાત્મ્ય કહે છે, જેમનું નામ અમંગલનો નાશ કરે છે. (નામ અમંગલનો નાશ કરવા માટે) માત્ર સંબંધ થવાની જ જરુર રાખે છે એમ કહેવા 'સાંભળેલું' શબ્દ યોજેલો છે. (૫) ઉચ્ચારેલું નામ તો તેનાથી પણ જૂદા પ્રકારથી[૨] અમંગલનો અને સાથે તેના કારણનો પણ નાશ કરે છે, એવો અર્થ છે.

૧. તીર્થ પોતે જ હલકું નથી, પરંતુ ચરિત્ર કરનાર (ભગવાને) તેને (ચરિત્રને) તેવું (તીર્થથી અધિક) બનાવેલું છે. તેવું (તીર્થને પોતાથી હલકું કરવાનું) સામર્થ્ય તો ભગવાન્ આપે ત્યારે જ થાય, એવા અભિપ્રાયથી આ કહેલું છે. (લે)

૨. સ્વર્ગમાં વહેતાં ગંગા તે સ્વર્ગંગા. આ વૃશ્ચિક (વીછીડા)ની પૂંછડી પાસે દેખાય છે. ભૂમિ પર ગંગાજી છે જ. પાતાલમાં પણ ગંગા વહે છે. ત્યાં તે 'ભોગવતી' નામથી પ્રસિદ્ધ છે. અહિં 'સ્વર્ગંગા' શબ્દ જ કહેલો છે, તેનું કારણ અહિં જણાવેલું છે.

(૬) ‘ઋષિઓના પરંપરાથી પ્રાપ્ત થએલ ધર્મનું માહાત્મ્ય હશે’ એવી શંકા થાય, તેથી કહે છે કે જે ભગવાને જ ઋષિઓની પરંપરામાં[3] રહેલો ધર્મ કરેલો છે. એ પ્રમાણે (ભગવાનનું) છ પ્રકારનું માહાત્મ્ય કહ્યું.

જેમનું આટલું માહાત્મ્ય છે તેમનું આ ભૂમિનો ભાર હરવારૂપ (કાર્ય) છે, તે અર્જુન વિગેરેએ કરેલું છે તેમાં આશ્ચર્ય નથી, કારણ કે તે જીવનો ધર્મ છે. ‘કોઈક ધર્મ સેવકોથી જ થઈ શકે, તેથી ભૂમિનો ભાર હરવાનું (કાર્ય) ભગવાનથી થઈ શકે તેવું ન હતું એમ કેમ ન હોય ?’ એવી શંકા થાય, તેથી ‘કાલરૂપી ચક્રના આયુધવાળા’ એ વિશેષણ યોજેલ છે. કાલરૂપ ચક્ર છે આયુધ જેમનું તેવા (ભગવાન્ છે). કાલનો એક હજારમો ભાગ પણ ભૂમિનો ભાર હરવા શક્તિમાન છે. ત્યારે પૂરેપૂરો કાલ સુદર્શન ભગવાનનું એક આયુધ હોવાથી (ભગવાન્) ભૂમિનો ભાર હરે તેમાં પણ શું સંદેહ હોઈ શકે ? ૪૭.

‘આવા પણ ભગવાન્ અત્યારે ક્યાં છે ?’ એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

**જયતિ જનનિવાસો દેવકીજન્મવાદો યદુવરપરિષત્સ્વૈર્દોર્ભિરસ્યન્નધર્મમ્ ।।**
**સ્થિરચરવૃજિનઘ્નઃ સુસ્મિતશ્રીમુખેન વ્રજપુરવનિતાનાં વર્ધયન્કામદેવમ્ ।।૪૮।।**

જનોમાં જેમનું રહેઠાણ છે, દેવકીથી જન્મ્યા એવું જેમના સંબંધમાં કહેવાય છે, (તે શ્રીકૃષ્ણ) ઉત્તમ યદુઓની સભાના પોતાના સેવકોરૂપ બાહુઓથી અધર્મનો નાશ કરતાં, સ્થાવર અને જંગમના પાપનો નાશ કરનારા, પોતાના સુંદર સ્મિત અને શોભાવાળા મુખથી વ્રજ અને પુરની સ્ત્રીઓના કામદેવની વૃદ્ધિ કરતાં સર્વથી ઉત્તમ થઈ રહે છે. ૪૮.

તે ભગવાન્ શ્રીકૃષ્ણ અત્યારે પણ તેમના બધાએ સંબંધવાળા જનોમાં ‘જયતિ’ સર્વથી ઉત્તમ થઈ રહે છે, કારણ કે આ ‘જનનિવાસઃ’ હોવાથી સ્વભાવથી પણ સર્વ જનોમાં રહે છે. પરમાત્મા સર્વની અંદર રહેનારા છે. ‘દેવકીના પુત્ર સંબંધી પૂછું છું, જે દેવકીજીમાં જન્મેલા તે ક્યાં છે ?’ એમ પૂછવામાં આવે તેથી ‘દેવકીથી જન્મ્યા એવું જેમના સંબંધમાં કહેવાય છે’ એમ કહેલું છે. દેવકીજીમાં જન્મેલા એવું તે માત્ર કહેવાય છે. લોકોમાં વિવાદ થતાં, ભગવાન્ ક્યાંય પણ નથી એમ કહેવામાં આવે ત્યારે સંસારમાંથી જેમની આસક્તિ જતી રહી છે તેઓ (ભગવાન્) દેવકીજીમાં જન્મ્યા છે એમ કહે છે, પરંતુ ભગવાનનું સ્વરૂપ માત્ર તેટલું જ નથી, એવો અર્થ છે. ‘તે (ભગવાન્) શું કરતાં

૩. આ ‘અથ’ શબ્દ શ્લોકમાં છે તેનો અર્થ કહેલો છે.
૪. આ ‘ગોત્રધર્મઃ’ શબ્દ પૈકી ગોત્રનો અર્થ છે.

બધામાં રહે છે ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી તેમનાં ત્રણ પ્રકારનાં કર્મ કહે છે. તે પૈકી (૧) સાત્ત્વિક (કર્મ) કહે છે કે ઉત્તમ યદુઓની 'પરિષદિ' સભામાં પણ માત્ર લૌકિક (કાર્ય)માં આસક્ત પણ[૧] જેઓ 'સ્વે' પોતાના સેવકો છે તેમનાથી પણ દૈત્ય વિગેરેરૂપ બધાએ અધર્મના સમૂહનો 'અસ્યન્' નાશ કરતાં, આજ પણ ભગવાન્ દ્વારકામાં યાદવોની સભામાં (પોતાના) સેવકો સાથે જ વિરાજે છે. જો આની મધ્યે કોઈ પણ દૈત્ય પ્રકટ થાય, તો ત્યાંથી જ કોઈને મોકલીને તેને હણે છે, એવો અર્થ છે. (૨) 'સ્થાવર અને જંગમનાં પાપનો નાશ કરનારા' એ વિશેષણથી (ભગવાનનું) તામસ ચરિત્ર (કર્મ) કહે છે. દ્વારકા સિવાયના[૨] સ્થાનમાં બધેય સ્થલે જ્યાં જ્યાં ભગવાન્ પરિભ્રમણ કરે છે, બધાએ જે કોઈ પુરુષ હોય અથવા જે કોઈ વૃક્ષો હોય તેમનાં 'વૃજિનં' પાપનો પ્રસંગને લીધે નાશ કરે છે; અથવા પાપના જ પ્રકાર અને વાસનારૂપ[૩] સ્થાવર અને જંગમ ભેદો છે (તેમનો નાશ કરે છે). આથી એમ જણાવેલું છે કે જો (કોઈ) ભક્ત હોય તો (તેને માટે) સર્વ સ્થલે ભગવાન્ છે. (૩) 'સુંદર અને શોભાવાળા મુખથી વ્રજ અને પુરની સ્ત્રીઓના કામની વૃદ્ધિ કરતાં' એ વિશેષણથી રાજસ (કર્મ) કહે છે. 'સુસ્મિતં' શોભાવાળું જે (ભગવાનનું) મુખારવિંદ, તેનાથી જ 'વ્રજે' ગોકુલમાં 'પુરે' મથુરામાં અને દ્વારકામાં જે સ્ત્રીઓ, ગોપીઓ, કુબ્જા વિગેરે અને મહારાણીઓ છે, તેઓનાં હૃદયમાં કામદેવની વૃદ્ધિ કરતાં (ભગવાન્) રહે છે. કામનું ફલ મોક્ષ થતું હોવાથી તેને (કામ) દેવ કહેલો છે. જે (કામ) બધામાં છે જ, તેની જ વૃદ્ધિ કરતાં, માત્ર પોતાના સંબંધથી જ મોક્ષ આપે છે, એવો અર્થ છે. અહિં બીજો અર્થ પણ સૂચવેલો છે. અત્યંત મોહ ઉત્પન્ન કરનારી, લોકમાં પરમ સુંદરપણું પ્રાપ્ત કરેલી[૪]

૧. 'અપિ' 'પણ' શબ્દથી એમ જણાવ્યું છે કે ભગવાન્ પોતે પણ તેમ કરે છે. યદુઓની સભામાં જે ભગવાનના સેવકો છે તેઓ રક્ષણ કરનારા હોઈ ભગવાનના બાહુરૂપ છે એવો શ્લોકના 'દોર્ભિઃ' 'બાહુઓથી' શબ્દનો અર્થ છે. (લે).

૨. દ્વારકામાં પાપનો સંભવ જ નથી, એવા આશયથી આ કહેલું છે. (લે)

૩. જેનો નિષેધ કરેલો છે તેવું હણવું વિગેરેરૂપ પાપ સ્થિર (સ્થાવર) છે, કારણ કે તેનું ભોગવ્યા વિના તેનો નાશ થતો નથી. મનથી દુષ્કર્મ કરવા વિચારેલું વાસનારૂપ પાપ ચર (જંગમ) છે, કારણ કે (તેના નાશ માટે) તેવું ફલ ભોગવવાની જરુર રહેતી નથી. (લે)

૪. ભગવાનનું મુખારવિંદ ભક્તિરૂપ છે. તેમાં સ્મિત હોવાથી તે મોહ ઉત્પન્ન કરનારું અને ઘણી શોભાવાળું છે. આવાં મુખારવિંદથી જાગ્રત થએલો હોવાથી આ વ્રજ અને પુરની સ્ત્રીઓમાં રહેલો કામ ૧૦।૩૦।૦ પાંચમી કારિકામાં જણાવેલ આધિદૈવિક દેવરૂપ છે એમ માનવું જોઈએ. તેથી ભગવાનથી ભોગ્ય સ્ત્રીઓમાં રહેલો કામ ભગવદ્રૂપ છે એવો બીજો અર્થ સૂચવેલો છે, એવો અર્થ છે. (લે)

ભક્તિથી વ્રજમાં રહેનારાઓના, અને ગામમાં તથા વનમાં રહેનારાઓના કામને જાગ્રત કરતાં (ભગવાન્) રહે છે તેથી તેમને 'દેવ' માનવા જોઈએ. ૪૮.

એ પ્રમાણે (ભગવાનનાં) ચરિત્રનું નિરૂપણ કરી શ્રીશુક નીચેના શ્લોકમાં તેનું શ્રવણ વિગેરે નિત્ય કરવાની આજ્ઞા કરે છે[1]:

**ઈથં પરસ્ય નિજધર્મરિરક્ષયાત્તલીલાતનોસ્તદનુરૂપવિડમ્બનાનિ ।।**
**કર્માણિ કર્મકષણાનિ યદૂત્તમસ્ય શ્રૂયાદમુષ્ય પદયોરનુવૃત્તિમિચ્છન્ ।।૪૯।।**

શ્રેષ્ઠ, પોતાના ભક્તોની રક્ષા કરવા જેમણે લીલાનું શરીર ધારણ કરેલું છે તેવા યાદવોમાં ઉત્તમ આ (શ્રીકૃષ્ણ)ના બે ચરણારવિંદની સેવા ઈચ્છનારે એ પ્રમાણે (તેમણે ધારણ કરેલાં લીલાનું શરીરનું) અનુકૂલ રીતે અનુકરણ કરનારાં, કર્મનો નાશ કરનારાં (તેમનાં) કર્મોનું શ્રવણ કરવું જોઈએ. ૪૯.

પહેલાં કહેલા પ્રકારને પ્રાપ્ત થએલાં બીજાં પણ ભગવાનના ચરિત્રનો 'એ પ્રમાણે' એ શબ્દથી શ્રવણ કરવાનાં ચરિત્રોમાં સમાવેશ કરેલો છે. ભગવાન્ શ્રેષ્ઠ એટલે અક્ષરથી પણ ઉત્તમ છે. જેઓ 'નિજધર્માઃ' ભક્તો છે તેમની રક્ષા કરવા ધારણ કરેલું છે લીલાનું શરીર જેમણે, તેવા પરમ કૃપાલુ ભગવાન્‌ના તે (લીલાનાં શરીર)નું અનુકૂલ રીતે અનુકરણ કરનારાં કર્મો, એટલે ભોજન, શયન વિગેરે પણ જે કર્મો તે નાટકને અનુકૂલ થાય તેવી રીતે લોકના પ્રકારથી લૌકિક કર્મનું અનુકરણ કરે છે, તે (કર્મો)નું શ્રવણ કરવું જોઈએ, એવી વિધિ (આજ્ઞા) છે. શ્રવણ ન કરવાથી પાપ થાય છે, એવો અર્થ છે. 'શ્રવણથી શું ફલ પ્રાપ્ત થાય?' એવી શંકા થાય, તેથી 'કર્મનો નાશ કરનારાં' એ વિશેષણ યોજેલું છે. તે ભગવાનનાં કર્મો સર્વ પાપનો નાશ કરનારાં છે. પાપનો નાશ એ તેમનું ગૌણ (હલકા પ્રકારનું) ફલ છે, એવો અર્થ છે. જો કે બીજા અવતારોનાં ચરિત્ર પણ પાપનો નાશ કરનારાં છે, છતાં પણ યાદવોમાં ઉત્તમ (શ્રીકૃષ્ણ)ના (ચરિત્રનું) શ્રવણ કરવું. '(શ્રીકૃષ્ણનાં ચરિત્રનું શ્રવણ કરવામાં) શું અધિક છે?' એવી શંકા થાય, તેથી 'આમના બે ચરણારવિંદની સેવા ઈચ્છનારે' એ શબ્દો યોજેલા છે. જો શ્રીકૃષ્ણના ચરણારવિંદની સેવાની ઈચ્છા હોય તો આ (શ્રીકૃષ્ણના ચરિત્ર)નું જ શ્રવણ કરવું જોઈએ, એવો અર્થ છે. ૪૯.

'એવી રીતે નિત્ય શ્રવણ કરતાં ચરણારવિંદની સેવા પ્રાપ્ત થતાં શું (ફલ) થશે?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી નીચેનો શ્લોક કહે છેઃ

૧. શ્રીમદ્‌ભાગવત ૨।૧।૫માં પણ શ્રવણ કરવાની આજ્ઞા કરેલી છે. પણ ત્યાં 'સર્વાત્મા ભગવાન્, હરિ અને ઈશ્વર' એ ચાર ધર્મોવાળાનું શ્રવણ કરવાનું કહેલું છે. અહિં શ્રીકૃષ્ણના ચરિત્રનું શ્રવણ કરવાનું કહેલું છે, એવો ભેદ છે. (લે)

**મર્ત્યસ્તયા તનુસમેધિતયા મુકુન્દશ્રીમત્કથાશ્રવણકીર્તનચિન્તયૈતિ ।।**
**તદ્ધામ દુસ્તરકૃતાન્તજવાપવર્ગં ગ્રામાદ્વનં ક્ષિતિભુજોઽપિ યયુર્યદર્થાઃ ।।૫૦।।**

મુકુંદની શ્રીમતિ કથાનાં શ્રવણ, કીર્તન અને ચિંતનથી ધીરે ધીરે વધેલી તે (સેવા)થી રોકી ન શકાય તેવો કાલનો વેગ જ્યાં સમાપ્ત થાય છે તેવું તેમનું ધામ મર્ત્ય પ્રાપ્ત કરે છે, કે જે ધામની પ્રાપ્તિના પ્રયોજન માટે રાજાઓ પણ ગામમાંથી વનમાં ગએલા હતા. ૫૦.

તે ચરણની સેવાથી મર્ત્ય એટલે મરણ પામવાના ધર્મવાળો પણ આ પુરુષ તે જ શરીરથી ભગવાનનું ધામ પ્રાપ્ત કરે છે. 'તે જ સમયે તે વૈકુંઠમાં આવતો હોય તેવું જણાતું નથી' એવી શંકા થાય, તેથી 'ધીરે ધીરે વધેલી' એ વિશેષણ યોજેલું છે. 'તનુ' થોડી થોડી વધેલી, એટલે તેલની ધાર પેઠે અટક્યા વગરનાં શ્રવણ વિગેરેથી જ્યારે તે સેવા પુષ્ટ થાય છે ત્યારે તે ભગવાનનું ધામ પ્રાપ્ત કરે છે. અથવા 'તનૌ' એટલે શરીરમાં વધેલી તે સેવાથી ધામ પ્રાપ્ત કરે છે. 'નનુ' એવો પાઠ હોય ત્યારે છેતરતો નથી એમ જણાવવા શુકે સંબોધન કરેલું જાણવું. તે સેવાનું પોષણ થાય તે માટે તેનાં ત્રણ અંગો કહે છે કે શ્રીમતી સેવાનું શ્રવણ, કીર્તન અને ચિંતન છે જેમાં તેવી તે છે. 'શ્રીમતી' એ શબ્દથી કથા કહેવાનું નહિ જાણનારા પામરોના સંબંધવાળી[1] કથા બાતલ કરેલી છે. ભગવાનનું ધામ સર્વથી ઉત્તમ ફલ છે એમ જણાવવા 'રોકી ન શકાય તેવો કાલનો વેગ જ્યાં સમાપ્ત થાય છે' એવું તેનું વિશેષણ યોજેલું છે. 'દુસ્તરઃ' સર્વ પ્રકારોથી પણ રોકી ન શકાય તેવા કાલના મારવા માટે દોડતા 'જવસ્ય' વેગની 'અપવર્ગઃ' સમાપ્તિ થાય છે જેની અંદર, તેવું (તે ધામ છે). મૃત્યુ અક્ષર છે ત્યાં સુધી જ દોડે છે, કારણ કે અક્ષર સુધી જ કાલનું નિરૂપણ કરેલું છે. તેથી અક્ષરરૂપ વ્યાપિ વૈકુંઠમાં ભક્ત જાય છે, એવો અર્થ છે.

આ ફલ જ્ઞાનમાર્ગમાં પણ દુર્લભ છે એમ જણાવવા, (શ્લોકનું) ચોથું ચરણ કહેલું છે. પહેલાં રાજાઓ રાજ્યમાં રહી, રાજ્યનું પાલન કરવાના ધર્મથી ઘણા અનુભવી થઈ, શહેર વિગેરે તજી, જ્ઞાનમાં શ્રદ્ધાવાળા થઈ, કલાપગ્રામ વિગેરે ગામડામાં રહેતા હતા. ત્યાંથી પણ ભગવાનનું માહાત્મ્ય જાણી, તે ગામડાને પણ તજી, 'વનં' સર્વથી છૂપા સ્થાન વનમાં ગયા હતા, એવો અર્થ છે. અથવા 'ગ્રામ' શબ્દ ગામડીઆના અર્થમાં વપરાએલો જાણવો. જે ભગવાનનાં ધામનું માત્ર શ્રવણ જ રાજ્યના કરતાં પણ ઘણું ઉત્તમ છે, તેમ ન હોય તો જે રાજ્ય હતું તેને તજીને તે વિવેકીઓ વનમાં કેમ જાય ? 'યદ્' જે સ્થાન જ 'અર્થઃ' પુરુષાર્થ છે જેમનો તેઓ 'યદર્થાઃ' છે. ૫૦.

---
૧. નહિ જાણનારાઓએ કહેલી હોવાથી (એવી કથા બાતલ કરેલી છે). (લે)

**ઇત્યેવં દશમસ્કન્ધે સંક્ષેપેણાત્ર લેશતઃ ।।**
**અર્થો મયાતિયત્નેન સ્વભાવેન નિરૂપિતઃ ।।૧૯।।**
**અનેકયુક્તિસંદર્ભમાલાકારેણ યોજિતઃ ।।**
**કૃષ્ણપાદામ્બુજે ન્યસ્તા વાક્પુષ્પાઞ્જલિરુત્તમા ।।૨૦।।**

એ પ્રમાણે અહિં દશમસ્કંધમાં મેં સંક્ષેપથી ઘણા પ્રયાસથી અનેક યુક્તિઓની ગૂંથણીથી માલાના રૂપથી ગોઠવેલો થોડો અર્થ પોતાના પ્રેમથી કહેલો છે. શ્રીકૃષ્ણના ચરણકમલમાં વાણીરૂપી પુષ્પોની ઉત્તમ અંજલિ નિવેદન કરેલી છે. કા. ૧૯-૨૦.

**સિદ્ધાન્તાઃ સકલાગમાશ્ચ વિતતા લોકેઽધુના સર્વતઃ**
**તે પ્રાયેણ નિરૂપિતાઃ સુબહુશો ભક્ત્યૈ મુકુન્દાંઘ્રયે ।।**
**વિસ્તારસ્તુ ગુણાય કૃષ્ણચરણે ચિત્તં ભવેદ્વિસ્તૃતં ।।**
**તેનાહં હૃદયસ્થિતેન હરિણા યાવદ્યથા રૂપિતમ્ ।।૨૧।।**

સિદ્ધાંતો અને સર્વ શાસ્ત્રો હાલમાં લોકમાં સર્વ તરફથી લખાએલાં છે. ઘણું કરીને મોટા ભાગથી તેઓ ભક્તિ માટે અને મુકુંદના ચરણ(ની પ્રાપ્તિ) માટે લખા-એલાં છે. (તેમનો) વિસ્તાર તો મુકુંદના ચરણારવિંદમાં ચિત્ત પ્રસરેલું રહે એવા ગુણ માટે (કરેલો) છે. તેથી હૃદયમાં રહેલા હરિએ જેટલું જે પ્રકારે સૂઝાડ્યું (તે પ્રમાણે તેટલું) મેં (લખેલું છે). કા.૨૧.

**ઇતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્‌ભાગવતની**
**સુબોધિનીમાં દશમા સ્કંધના ઉત્તરાર્ધના વિવરણમાં**
**એકતાલીસમા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

## ઉત્તરાર્ધ અને દશમો સ્કંધ સમાપ્ત.

નિરોધ થએલો હું (હરિમાં) રોકાઈ રહેવાથી નિરોધની સ્થિતિને પ્રાપ્ત થએલો છું. જેઓનો નિરોધ થએલો છે તેઓ (હરિમાં) રોકાઈ રહે તે માટે તમારી પાસે નિરોધનું વર્ણન કરું છું. ૧.

જેઓને હરિએ મોક્ષ આપેલો છે. તેઓ ભવસાગરમાં ડૂબેલા છે. જેઓનો નિરોધ થએલો છે તેઓ જ અહિં (હરિમાં) સદા આનંદ પામે છે. ૨.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત

શ્રીભાગવત વ્યાખ્યાઃ

# એકાદશ સ્કન્ધ સુબોધિની

(અરમ્ભથી અધ્યાયઃ ૫ શ્લોકઃ ૨ પર્યન્ત)

અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

# ।। સ્કંધ અગીઆરમો ।।

## જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ

(અધ્યાય ૧ થી અધ્યાય ૫, શ્લોક ૨ સુધી)

## અધ્યાય પહેલો

### યાદવકુમારોને બ્રાહ્મણોએ આપેલો શાપ.

**અથૈકત્રિંશતાધ્યાયૈર્મુક્તિરેકાદશે દ્વિધા ।।**
**બ્રહ્મભાવઃ કૃષ્ણયોગો હરેર્ધર્મૈસ્તથાઽજ્ઞયા ।।૧।।**

પછી[૧] અગીઆરમા (અધ્યાય)માં એકત્રીસ અધ્યાયોથી મુક્તિ (૧) બ્રહ્મની સ્થિતિ અને (૨) શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એવા બે પ્રકારે[૨] (૧) હરિના ગુણો (પ્રાપ્ત કરવા)થી તથા (૨) (હરિની) આજ્ઞાથી (કહેલી છે)[૨]. કા.૧.

**અવિદ્યા પઞ્ચપર્વા હિ તન્નાશે પ્રથમા ભવેત્ ।।**
**પ્રકૃત્યતિક્રમે ચાન્યા તતોઽધ્યાયાસ્તથા દ્વયે ।।૨।।**

કારણ કે અવિદ્યા પાંચ પ્રકારની છે, તેનો નાશ થતાં પહેલી (મુક્તિ) થાય, અને પ્રકૃતિનું ઉલ્લંઘન થાય ત્યારે બીજી (મુક્તિ થાય). તેથી બે (મુક્તિઓ)માં તે પ્રમાણે[૩] અધ્યાયો છે. કા.૨.

**જનકશ્ચોદ્ધવશ્ચૈવ સાત્ત્વિકો રાજસસ્તથા ।।**
**પુષ્ટિમાર્ગસ્ય મુખ્યત્વાદ્વિપરીતા ગતિર્ગુણૈઃ ।।૩।।**

વળી સાત્ત્વિક જનક અને તેવી જ રીતે રાજસ ઉદ્ધવ જ તે મુક્તિઓ

---

૧. 'પછી' શબ્દથી ગયા સ્કંધ સાથે આની સંગતિ દર્શાવે છે, અને પછી (આ સ્કંધના) અર્થના વિભાગ કરે છે. (પ્ર)

૨. મુક્તિના બે પ્રકાર કહે છે. (૧) (સત્, ચિત્ અને આનંદ અંશો પૈકી) જે અંશો તિરોહિત થએલા તે પ્રકટ થતાં બ્રહ્મભાવ થાય છે એમ તત્ત્વદીપમાં દર્શાવેલું છે. (૨) શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એટલે સાયુજ્ય. તે પૈકી બ્રહ્મભાવ હરિના ગુણો પ્રાપ્ત કરવાથી થાય છે. આ ૧૧।૫।૪૩ થી ૫૨ સુધીના શ્લોકોમાં સ્પષ્ટ કરેલ છે. શ્રીકૃષ્ણની પ્રાપ્તિ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તવાથી (ભગવાનની ઈચ્છાથી) થાય છે, એ ૧૧।૨૯।૪૧ થી ૪૪ સુધીના સ્પષ્ટ કરેલ છે. આ પ્રમાણે જીવની મુક્તિ બે પ્રકારે થતી હોવાનું કહેલું છે. (પ્ર)

૩. મુક્તિ થવામાં વિઘ્નરૂપ થતાં હોય તેને રોકવાથી પણ મુક્તિ થાય છે એમ અધ્યાયની સંખ્યાના તાત્પર્યથી જણાવે છે. પહેલા પ્રકારની મુક્તિ પાંચ (૧।૫) અધ્યાયોથી અને બીજા પ્રકારની ચોવીસ (૬।૨૯) અધ્યાયોથી જણાવેલી છે. (કારણ કે અવિદ્યા પાંચ પ્રકારની છે અને પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વો છે.) (પ્ર)

પ્રાપ્ત કરનારા છે. પુષ્ટિમાર્ગ મુખ્ય હોવાથી ગુણોથી વિરુદ્ધ ફલ થાય છે[૪]. કા.૩.

**મુક્તિર્હિત્વાન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ।।**
**જીવબ્રહ્મવિભાગેન દ્વિધા દ્વયમુદીર્યતે ।।૪।।**

કારણ કે જૂદાં રૂપનો ત્યાગ કરીને સ્વરૂપમાં રહેવું (તે) મુક્તિ. જીવ અને બ્રહ્મના ભેદથી (તે) બે પ્રકારની છે. (તેથી) બે (અધ્યાયો) કહેલ છે. કા.૪.[૫]

**તામસા રાજસાશ્ચૈકે તત આદ્યે દ્વયં મતમ્ ।।**
**અંશાશ્ચ ભગવાંશ્ચેતિ દ્વિતીયોઽપિ દ્વિધા મતઃ ।।૫।।**

તામસો અને રાજસો એક છે, તેથી પહેલામાં બંને વિચારેલા છે[૬]. અંશો અને ભગવાન્ એમ બીજો (વિભાગ) પણ બે પ્રકારનો વિચારેલો છે[૭]. કા.૫.

**તતઃ પઞ્ચભિરાદ્યા સ્યાચ્ચતુર્વિંશતિભિઃ પરા ।।**
**એકૈકેનેશ્વરસ્યોક્તે ત્યાજ્યાંશાભાવતઃ પરે ।।૬।।**

---

૪. જનક અને ઉદ્ધવ અનુક્રમે આ મુક્તિઓના અધિકારી છે. 'ઉત્તમ પ્રકારની મુક્તિનો અધિકારી રાજસ ઉદ્ધવ કેમ હોય ?' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. પુષ્ટિ જ ફલ પ્રાપ્ત કરાવનારી છે. તે અધિક હોય તો ગુણો નમાલા છે. ઉલટા (ભગવાનમાં) આસક્તિ દૃઢ કરાવી ફલ પ્રાપ્ત કરાવનારા થાય છે. (પ્ર)

૫. 'બાકીના બે (૩૦।૩૧) અધ્યાયોનું શું પ્રયોજન?' એ આ કારિકામાં દર્શાવેલ છે. મુક્તિ બે પ્રકારની કહી, તે વળી જીવ અને બ્રહ્મના વિભાગથી બે પ્રકારની છે. તેથી આ બીજી (બ્રહ્મની) (બે પ્રકારની) મુક્તિ જણાવવા આ બે અધ્યાયો કહેલા છે, એવો અર્થ છે. 'જે (દેહ)થી ભૂમિનો ભાર હર્યો' 'જેવાં મત્સ્ય વિગેરે રૂપો છે.' એ બે વાક્યો પ્રમાણે લીલામાં ઉપયોગી વ્યૂહ સાથેનું (પોતાનું) પ્રાકૃત સ્વરૂપ ભગવાને દર્શાવેલ, તેનો ત્યાગ કરી વ્રજનો ઉદ્ધાર કરનારું પોતાનું અપ્રાકૃત સ્વરૂપ ભગવાને ધારણ કર્યું; અને પોતાના અંશો(યાદવો)એ ગુણોનાં અભિમાનનો ત્યાગ કરી, તેમને જીવની પેઠે બીજાં સાધનની જરુર ન હોવાથી માત્ર (ભગવાનની) ઈચ્છાથી તેઓ અવતાર યોગ્ય રૂપથી રહ્યા, એમ (બે પ્રકારની બ્રહ્મની મુક્તિ જણાવી) એવો ભાવ છે. (પ્ર)

૬. 'પહેલાંના સ્કંધો પછીના સ્કંધોના કારણરૂપ હોવાથી, મુક્તિ (અગીઆરમો સ્કંધ) નિરોધ (દશમા સ્કંધ)નું પરિણામ છે. આમ હોવાથી જેઓનો નિરોધ થયો, તેમની મુક્તિ થવી જ જોઈએ. તેથી દશમા સ્કંધમાં જણાવેલ તામસ ભક્તોનો પણ મુક્તિમાં સમાવેશ થવો જોઈએ' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. તામસો અને રાજસોનો એક વિભાગમાં સમાવેશ થતો હોવાથી, જીવની મુક્તિના પ્રકરણમાં વ્યાસજીએ (તે) બંનેનો અધિકાર કહેલો છે, એવો અર્થ છે. આ ૧૧।૧૨।૧માં પ્રસિદ્ધ છે. (પ્ર)

૭. મુક્તિના બીજા વિભાગમાં બે અધ્યાયો હોવાનું કારણ આથી કહેલું છે. પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ અંશો યાદવોમાં રહેલ (તેમની અને ભગવાનની મુક્તિ કહેવાની હોવાથી બે અધ્યાયો છે). (પ્ર)

તેથી પાંચ (અધ્યાયો)થી પહેલી (અને) ચોવીસ (અધ્યાયો)થી બીજી થાય (કહેવાય). ઈશ્વરની (મુક્તિ)માં તજવા યોગ્ય અંશ ન હોવાથી, બીજી બે એક એક (અધ્યાય)થી કહેલી છે[૮]. કા.૬.

**મમાહમ્મતિનાશાર્થં પ્રક્રિયાદ્વિતયં મતમ્ ।।**
**તયોરભિનયઃ પશ્ચાત્કૃતો ભગવતેતિ ચ ।।૭।।**

'મારું' 'હું' એવી બુદ્ધિનો નાશ થાય તે માટે બે પ્રકારો કહેલ છે[૯]. અને પાછળથી ભગવાને તે બેનો અભિનય કરેલો છે[૧૦], એમ કહેલું છે. કા.૭

**તતશ્ચ પ્રથમેઽધ્યાયે બીજદ્વયમુદીર્યતે ।।**
**બ્રહ્મમુક્તિર્નિજેચ્છાતો વૈરાગ્યેણેતરસ્ય ચ ।।૮।।**
**ચતુર્ધા મુક્તિપક્ષશ્ચ તદિચ્છાત ઈતિ સ્થિતિઃ ।।૮ાા.।।**

અને તેથી પહેલા અધ્યાયમાં મુક્તિનાં બે મૂલ કહેલાં છે. ૧.બ્રહ્મની મુક્તિ પોતાની ઈચ્છાથી અને ૨.બીજા (જીવની વૈરાગ્યથી થાય છે, ચાર પ્રકારની મુક્તિ હોવાનો વિચાર પણ તેમની[૧૧] ઈચ્છાથી છે એવી સ્થિતિ છે. કા.૮ાા.

હવે વ્યાખ્યાન કરીએ છીએ. તે પૈકી પહેલા સાત શ્લોકોથી ઈશ્વરની ઈચ્છાથી મુક્તિ થવાનો પ્રકાર મૂલના પ્રકારથી કહે છે. ઈશ્વરની મુક્તિ થવામાં ભૂમિના ભારનો નાશ થવો એ કારણ હોવાથી તે પહેલા પાંચ (શ્લોકો)થી કહે છે.

**એકૈકેન ત્રિભિશ્ચેતિ કાયવાઙ્મનસા કૃતમ્ ।।૯।।**

કારણ કે કાયાથી, વાણીથી અને મનથી કરેલું (કાર્ય) એક એક અને ત્રણ (શ્લોકો)થી (કહેલું છે). કા.૯.

---

૮. 'બ્રહ્મની મુક્તિમાં પણ બીજાં રૂપનો ત્યાગ કરવાનો હોવાથી તેમાં પણ એટલા જ (૨૯) અધ્યાયો જોઈએ, છતાં એક એક (બે) જ કેમ છે?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. બ્રહ્મ એટલે અંશો સાથે ભગવાનમાં ત્યાગ કરવા યોગ્ય અંશ-(અવિદ્યા તથા પ્રકૃતિનો સંબંધ)-ન હોવાથી, માત્ર તેમની સ્વરૂપમાં સ્થિતિ જ કહેવાની હોવાથી તે એક એક અધ્યાયથી જ કહેલ છે. (પ્ર).

૯. બંને મુક્તિમાં બબે પેટા-પ્રકરણ હોવાનું બીજું તાત્પર્ય આથી કહેલું છે. (પ્ર)

૧૦. ''ઈશ્વરને 'મારું' 'હું' એવી બુદ્ધિ ન હોવાથી તેમની મુક્તિમાં બે પેટા પ્રકરણ કેમ છે?'' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૧૧. 'બે પ્રકારની મુક્તિ ગણો તો ત્રીજા સ્કંધમાં ચાર પ્રકારની કહી તેનો વિરોધ થાય' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'તેમની' એટલે ભગવાનની અથવા ભક્તોની. ૩।૨૫।૩૬માં જણાવ્યા પ્રમાણે ભક્તોની એ મુક્તિની ઈચ્છા ન હોય તો પણ ભગવાન્ તે આપે છે, ત્યારે બ્રહ્મભાવ પ્રાપ્ત કરી તેઓ મુક્ત થાય છે. સેવાથી પૂર્ણ થએલ ન હોય તેવા ભક્તો પણ તેની ઈચ્છા કરી તે પ્રાપ્ત કરે છે તેથી વિરોધ નથી. (પ્ર)

તે પૈકી નીચેના શ્લોકથી કાયાથી કરેલું કાર્ય કહે છેઃ

**કૃત્વા દૈત્યવધં કૃષ્ણઃ સરામો યદુભિર્વૃતઃ ।।**
**ભુવોઽવતારયદ્ભારં જવિષ્ઠં જનયન્ કલિમ્ ।।૧।।**

યાદવોથી વીંટાએલા શ્રીકૃષ્ણે બલભદ્ર સાથે (મળી) ઝડપવાળો કલહ ઉત્પન્ન કરતાં દૈત્યનો વધ કરીને ભૂમિનો ભાર ઉતાર્યો. ૧.

આ અનુવાદ નથી, પરંતુ ભૂમિના ભારરૂપ[૧૨] દૈત્યનો વધ નવીનતાથી જ કહેવામાં આવે છે. 'મદવાળા રાજાઓના બાનાથી (દૈત્યના સેંકડો સૈન્યોથી વ્યાકુલ થએલી) ભૂમિ...' (૧૦।૧।૧૭) એ વાક્યમાં રાજાઓને દૈત્યો કહેલા છે. જો કે તેઓ કંસ જરાસંઘ વિગેરે છે (હતા), છતાં પણ તેઓનો વધ નિરોધનાં અંગ તરીકે હોવાથી અને તેનાથી ભૂમિનો ભાર દૂર થએલો હોવાથી સ્વતંત્ર પ્રકારે તે[૧૩] (ભાર હરવાનું) ફરીથી કહેવામાં આવે છે. અનુવાદમાં માત્ર (તે વિષય) જ પ્રાપ્ત થાય છે. બીજાં ફલનો સંબંધ કરાવવા માટે (તેને) પ્રકરણથી છૂટો પાડી ફરીથી કહે છે. જૂદાં પ્રયોજનને લીધે એક જ વિષય ઘણા પ્રકારે કહેવામાં આવે છે એવી વ્યવસ્થા[૧૪] થએલી છે. 'ખરેખર વાણી...'થી આરંભી 'વાણી બંધ થઈ ત્યારે તે દેવોએ...' એ સ્થલે તેવો નિર્ણય કરેલો છે[૧૫]. વધ કરવા યોગ્ય હોવાનું જણાવવા 'દૈત્ય' એમ કહેલું છે. પ્રકાર પહેલાં સિદ્ધ[૧૬] થએલો છે.

સ્કંધનો અર્થ સંકર્ષણ અંશનું ચરિત્ર જ હોવાથી 'શ્રીકૃષ્ણ' શબ્દથી સંકર્ષણસ્વરૂપ (કહેલ છે), 'બલભદ્રની સાથે અને યાદવોની સાથેના (યાદવોથી વીંટાએલા)' શબ્દોથી જેવું ભૂમિના ભારનો નાશ કરનારું (સ્વરૂપ) છે, તે કહેલું છે. તે પણ કેશરૂપ[૧૭] છે એમ જણાવવા 'બલભદ્ર સાથે' એમ (કહેલું છે). અંશોનો

૧૨. (પહેલાં રાજાઓ બનેલ દૈત્યનો વધ કહેલ, પરંતુ તે નિરોધના અંગ તરીકે), ભૂમિનો ભાર દૂર કરવા તરીકે નહિ. તેથી ભૂમિનો ભાર હરવા તરીકે જે અહિં કહેવામાં આવે છે, તે તેનો તે જ અર્થ કહેતા નથી, પણ નવીન વિષય કહે છે, એવો અર્થ છે. (પ્ર)

૧૩. '(તે વિષય) પ્રાપ્ત થાય' એટલે નિરોધના અંગ તરીકે કહેવાય. (પ્ર)

૧૪. શ્રીશુકે કરેલી છે, એટલું અધ્યાહાર છે. (પ્ર)

૧૫. વાણીનું આ આખ્યાન છઠ્ઠા અષ્ટકના પહેલા અધ્યાયના ચોથા અનુવાકમાં વાણી બંધ થવાનું ફલ પ્રાપ્ત કરવા દીક્ષિતને દંડ આપવાના પ્રસંગમાં કહેલું છે, છતાં ચોથા અધ્યાયના અગીઆરમા અનુવાકમાં શાંત રહેવાનું ફલ પ્રાપ્ત થાય તે માટે ફરીથી કહેલું છે. (પ્ર)

૧૬. 'સિદ્ધ' થએલ હોવાથી ફરી કહેવાનું પ્રયોજન ન હોવાથી તે ફરી કહેલ નથી, એવો ભાવ છે. (પ્ર)

૧૭. જૂઓ ૨।૭।૨૬.

અવતાર ભૂમિનો ભાર હરવા માટે જ થએલ હોવાથી, તેઓનો ઉપયોગ કહેવા માટે 'યાદવોથી (વીંટાએલા)' એમ (કહેલું છે). તેઓથી વીંટાએલા, અથવા (તેઓ) દેવ હોવાથી ભૂમિનો ભાર હરવા તેઓએ પ્રાર્થના કરેલા (શ્રીકૃષ્ણે ભૂમિનો ભાર ઉતાર્યો). 'સારી રીતે રહેલાથી[૧૮] પીડા થાય, ત્યારે તો પોતાનો દેહ જ પોતાને ભારરૂપ થતો હોવાથી, પીડા કરનારનો ભાર દૂર થયો તેથી શું ?' એવા વિચારથી કલહ ઉત્પન્ન કરતાં, ઘણા વેગવાળો (કલહ) જ[૧૯] તેવો (ભાર દૂર કરે તેવો) હોવાથી, ભાર ચાલુ ન રહે તે માટે ક્રોધના આવેશથી ભૂમિ ઉપર સર્વ સ્થલે કલહ ઉત્પન્ન કરતાં (શ્રીકૃષ્ણે ભૂમિનો ભાર ઉતાર્યો). તેથી ક્લેશ વિના કાર્ય થાય તે માટે કલહ ઉત્પન્ન કર્યો. ભૂમિનો ભાર દૂર થાય તે માટે વધ (કરાવ્યો) એ પ્રસિદ્ધ[૨૦] છે. આવો વિષય દશમા સ્કંધમાં ક્યાંય પણ કહેલો નથી, (કે) જેથી (આ) અનુવાદ (હોવા)ની શંકા પણ થાય. 'જેણે ખરેખર મારો અને અસુરોના વંશનો રાજાઓનો ઘણો ભાર....' એ શ્લોકમાં આનો જ અનુવાદ (કરેલો) છે. તેથી એમ સિદ્ધ થાય છે કે દશમા સ્કંધમાં ન કહેલું જ ભૂમિના ભારરૂપ દૈત્યોના વધરૂપ ચરિત્ર અહિં કહેવામાં આવે છે. ૧.

એ પ્રમાણે (ભગવાને) કાયાથી કરેલ (દૈત્યના વધરૂપ કાર્ય) કહીને નીચેના શ્લોકમાં વાણીથી કરેલું (તે) કહે છેઃ

**યે કોપિતાઃ સુબહુ પાણ્ડુસુતાઃ સપત્નૈઃ દુર્દ્યૂતહેલનકચગ્રહાદિભિસ્તાન્ ।।**
**કૃત્વા નિમિત્તમિતરેતરતઃ સમેતાન્ હત્વા નૃપાન્ નિરહરત્ ક્ષિતિભારમીશઃ ।।૨।।**

જે પાંડુના પુત્રોને કપટવાળો જૂગાર, મશ્કરી, કેશ ગ્રહણ કરવા વિગેરેથી પ્રતિસ્પર્ધીઓએ સારી રીતે ઘણા કોપાવેલા, તેઓને નિમિત્ત કરીને, એકબીજા તરફથી એકઠા થએલા રાજાઓને હણીને ઈશ્વરે ભૂમિનો ભાર દૂર કર્યો. ૨.

(ભગવાન્) ક્લેશ વિના કર્મ કરનારા હોવાથી જે આધિદૈવિક રૂપવાળા

---

૧૮. (ભગવાનના) પોતાના માત્ર પ્રાદુર્ભાવથી ભૂમિના ક્લેશનો નાશ થતાં, તેને રસાતલમાં લઈ જવા દૈત્યોએ પ્રવૃત્તિ કરી, તે તરત જાણી લેવું એ નજીક રહેવાં તુલ્ય હોવાથી, તે(ભૂમિ)ને પોતાના દેહમાં પણ ભાર હોવાનું ભાન થવાથી, થોડો ભાર પણ દૂર કરવો જોઈએ, તે માટે પ્રાર્થના કરે તે જરુરી છે. (પ્ર) આ અર્થ ઘણો ક્લિષ્ટ જણાય છે. તેથી જૂદી રીતે અર્થ કરેલો છે. 'આસન્ન' એટલે સારી રીતે (ભૂમિ ઉપરના દૈત્યરૂપ રાજાઓનો વધ કરવા) રહેલ યાદવ રક્ષણ કરનારથી પીડા થવી એટલે પોતાનો દેહ જ ભારરૂપ થતો હોવાથી, તે રાજાઓનો ભાર દૂર થયો તેથી શું વળ્યું? વિગેરે.

૧૯. આથી 'ઝડપવાળા' પદનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

૨૦. 'પ્રસિદ્ધ' એટલે સારી રીતે સિદ્ધ. તાત્પર્ય કાઢેલું. (પ્ર)

(દૈત્યો) પોતે જ ભગવાનની પાસે આવ્યા, તેઓને ભગવાને હણ્યા, પરંતુ દુર્યોધન વિગેરે જેઓ ભગવાન્ સાથે વિરોધ કર્યા વિના જ પરસ્પર કજીઆ કરતા. પરંતુ ભગવાન્ પ્રતિ સમાન (દષ્ટિવાળા) હતા, તે પૈકી જેઓ ભગવાનનાં વચન પ્રમાણે વર્તતા તેઓએ બીજાઓને મારી નાખ્યા એમ કહેવામાં આવે છે. આનો વિસ્તાર મહાભારતમાં પ્રસિદ્ધ છે. (પાંડુના પુત્રોને) ઘણા અપરાધો કરી (દુર્યોધન વિગેરેએ) કોપાવેલા. લાખના ભવનને બાળ્યું વિગેરે સમાનપણાની દશામાં થએલ નહિ હોવાથી[1], કપટવાળો જૂગાર વિગેરે કહેલાં છે. જૂગાર કપટરૂપ (હતો એમ) જાણવામાં આવે ત્યારે કોપ થાય. તેથી પણ (અધિક) મશ્કરીથી 'પાંડવો સત્ત્વ વિનાના તલ (જેવા) થએલા છે' એવો વાણીનો અપરાધ (કર્યો). દ્રૌપદીના કેશ ખેંચ્યા એ કાયાનો અથવા મનનો અપરાધ હતો. કેટલાક એમ કહે છે કે[2] પહેલો કાયાથી કરેલો (અપરાધ છે), કારણ કે કેશ ખેંચવા એ જૂદો ભાવ જણાવનારું છે. સાધન અને ફલ વચ્ચે ઘણો સમય ગયો એમ જણાવવા નિવેદન અને સામું નિવેદન (કરેલ છે)[3]. ઘણા સમયે ક્રિયા[4] અવશ્ય થવાની છે એમ જણાવવા 'સારી રીતે ઘણા (કોપાવેલા)' એમ (કહેલું છે). અપમાનનું હૃદયમાં રહેવું[5] એ 'સારી રીતે (કોપાવવું)'. 'પાંડુના પુત્રો' શબ્દથી વીરના પુત્રો હોઈ તેઓ ભૂલે તેવા ન હતા એમ (જણાવેલું છે). (તેમનામાં) પોતામાં વૈર વાળવાની શક્તિ હતી એમ જણાવવા 'પ્રતિસ્પર્ધીઓ' શબ્દ યોજેલ છે. 'બરોબરીઆ' એવો (તેવો) અર્થ છે. 'કપટવાળો જૂગાર...વિગેરે'માં 'વિગેરે' શબ્દ તેનાં જેવાં ઘણાં હોવાનું જણાવનારો છે. (હણવાનું) નિમિત્ત થાય તે માટે ભૂમિ ઉપર કજીઓ ઉત્પન્ન કરેલો હોવાથી, એક બીજા ઉપર આધાર રાખનારાઓનો (તેમાં) પ્રવેશ (એ) 'એક બીજા તરફથી એકઠા થવું'. 'જેઓને કોપાવ્યા અને જેઓએ કોપાવ્યા'

૧. કારણ કે બાલપણમાં (લાખના ભુવનમાં બાળ્યા વિગેરે) જે અપકારો કરેલા તેથી કોપ ઉત્પન્ન ન થાય. (પ્ર)

૨. 'પહેલો' એટલે કપટ, જૂગાર રમાડ્યા તે અપરાધ કાયાથી કરેલો, કારણ કે કેશ ખેંચવા એ 'જૂદો ભાવ' એટલે કામાતુરની સ્થિતિ દર્શાવનારું હોઈ મનથી કરેલ અપરાધ છે, એવો અર્થ જણાય છે.

૩. 'યે' અને 'તાન્' શબ્દોથી નિવેદન અને સામું નિવેદન કરેલું છે. કૌરવોના અપરાધો સાધન છે અને 'પાંડવોનો કોપ' (તેમનાથી પ્રાપ્ત થએલું) ફલ છે. (પ્ર)

૪. 'ક્રિયા' એટલે કોપને લીધે થવાની ક્રિયા. (પ્ર)

૫. 'સુબહુ'માં 'સુ' ઉપસર્ગ છે તે એમ દર્શાવે છે કે કૌરવોના અપરાધો ભૂલાય તેવા નહિ હોવાથી (પાંડવોના) હૃદયમાં રહેલા હતા. આવો અર્થ કહેવો ન હોત તો 'બહુ' શબ્દથી જ ચાલત. (પ્ર)

તેઓ 'એક બીજા' શબ્દથી જણાવેલા છે. નિમિત્તપણું જણાવવા બંનેની પ્રાર્થનાથી (એક બીજા તરફથી એકઠા થએલા); તેનું કારણ તો 'કોપાવેલા' (એ) જ છે, કારણ કે પાંડવો જ યુદ્ધ (કરવા) માટે કૌરવો ઉપર (ચઢી) આવેલા હોવાથી બીજાઓને[૬] યુદ્ધ કરવું જરુરી હતું. 'રાજાઓને' એટલે રાજા જેવા દેખાવવાળા ને, અથવા રાજા ન હોય[૭] તેવાને, અથવા રાજા તરીકેની પ્રસિદ્ધિવાળાને[૭]. દૈત્યોનો વધ થતાં દેવો સુખી થએલા હોવાથી ભારને નીચે મૂકેલો, રાજાઓનો વધ થતાં તો ત્યાંથી પણ દૂર કર્યો[૮]. 'ઈશ્વર' શબ્દથી એમ કહેલું છે કે તેઓનાં દુષ્ટપણાંનો નાશ કરવાથી પણ કાર્ય સરત, છતાં ઈશ્વરની ઈચ્છાનું નિયમન કરી શકાય તેમ ન હોવાથી તેઓનો જ સંહાર કર્યો તે યોગ્ય હતું. આ ગીતાના ઉપદેશથી (થયું) એ પ્રસિદ્ધ છે[૯]. ૨.

ભારનું ચાલુપણું, ઉપાયનું શોધન અને કાર્ય તથા કારણ કહેતાં નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી મનથી કરેલું (ચિંતન) કહે છે. તે પૈકી નીચેના શ્લોકમાં ભારનું ચાલુપણું કહે છેઃ

**ભૂભારરાજપૃતના યદુભિર્નિરસ્ય ગુપ્તૈઃ સ્વબાહુભિરચિન્તયદપ્રમેયઃ ।।**
**મન્યેડવનેર્નનુ ગતોડપ્યગતં હિ ભારં યદ્યાદવં કુલમહો અવિષહ્યમાસ્તે ।।૩।।**

પોતાના ગૂઢ બાહુઓરૂપ યાદવોથી ભૂમિના ભારરૂપ રાજાઓનાં સૈન્યનો નાશ કરીને, જેમનું જ્ઞાન થઈ ન શકે તેવા (ભગવાને) વિચાર્યું કે 'ભૂમિનો ભાર ઉતરેલો હોવા છતાં હું (તેને) ખરેખર દૂર ન થએલો માનું છું, કારણ કે યાદવોનું કુલ અહો ! સહન ન થઈ શકે તેવું છે'. ૩.

મુખ્ય(રાજાઓ) પોતાથી અને પાંડવોથી હણાએલા હોવાથી, અંશો (યાદવો) પણ પ્રયોજનવાળા(ઉપયોગી) હોવાથી, યાદવોથી સૈન્યોનો નાશ થયાનું કહેલ છે. ચાલુ વિષયમાં યાદવોનો ઉપયોગ હોવાથી[૧], જરાસંધ, બાણ

---

૬. 'બીજાઓને' એટલે કૌરવોને. (પ્ર)

૭-૭. 'નૃન્' માણસોનું 'પાન્તિ' પાલન કરે તે નૃપો (રાજાઓ). તેમને કેમ હણ્યા? એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. ('ડનૃપાન્' શબ્દ લઈ વચલો અર્થ કરેલો છે). જેમ નટમાં 'આ રામ છે' એવું ભાન થાય છે, તેમ તેઓ રાજાઓ હોવાનું ભાન થતું, એવો અર્થ છે. (પ્ર)

૮. પહેલા શ્લોકમાં ભાર ઉતાર્યાનું કહ્યું અને આ શ્લોકમાં ભાર દૂર કર્યાનું કહ્યું; બેનો ભેદ આ વાક્યથી જણાવેલો છે. (પ્ર)

૯. ભગવાનની એવી ઈચ્છા હોવાનું પ્રમાણ આ વાક્યથી જણાવેલું છે. (પ્ર)

૧. 'દૈત્યો જ ભારરૂપ હોવાથી, (તેમના) સેવકો ભારરૂપ કેમ ગણાય ?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. જેમનો પ્રસંગ ચાલે છે તે યાદવો ભાર ઉતારવા માટે અવતરેલ હોવાથી*

શાલ્વ વિગેરેનાં સૈન્યો પણ ભારરૂપ હતાં. યાદવો (તેઓનો નાશ કરવાનાં) સાધનરૂપ (હતા એમ) જણાવવા (તેઓને) 'ગૂઢ બાહુઓરૂપ' કહેલ છે. 'પોતાના ગૂઢ બાહુઓરૂપ' એ રૂપક[2] છે. ભાર ઉતારવા પધારેલા (ભગવાને) વિચાર કર્યો કે ભાર દૂર થયો કે નથી થયો?

'ભાર સર્વથી જણાએલો હતો, એમ સંદેહવાળો કેમ હોય?' એવી શંકા થાય, તેથી 'જેમનું જ્ઞાન થઈ ન શકે તેવા ભગવાને' એમ કહેલું છે. અંશો સાથે ભગવાન જ ભારરૂપ હતા, તેથી ભાર સર્વને જણાએલો ન હતો, કારણકે ભગવાન્ જેમનું જ્ઞાન થઈ ન શકે તેવા છે. ઉત્તરાર્ધથી એમ કહેલું છે કે રક્ષણ કરવા આવેલા રાજાના સૈનિકોથી સર્વસ્વનું ભક્ષણ થતું હોય તેમ થયું. પહેલાં રહેલો ભાર તેનાં કારણ સાથે દૂર થએલો હોવા છતાં, તેનો નાશ કરનાર જ ભારનાં કારણરૂપ થવાથી[3] ફરી આવી પડ્યો. આ ભાર પહેલાંના ભારથી જૂદા પ્રકારનો હોવાથી બંને એક વિભક્તિવાળા[4] નથી. કાર્ય સિદ્ધ કરનારા તેનો નાશ કરનારા થએલ હોવાથી, 'અહો!' શબ્દથી આશ્ચર્ય દર્શાવેલ છે. 'સહન ન થઈ શકે તેવું' વિશેષણથી પહેલાના ભાર કરતાં પણ અધિક હોવાનું કહેલું છે. વળી દેવો અને ભૂમિ પણ તેનો નાશ કરવાનું કહી શકે તેમ પણ ન હોવાથી ભાર છે જ. ભાર હોવાનું સાબિત થયું. ૩.

નીચેના શ્લોકમાં ભાર દૂર કરવાનો ઉપાય કહે છેઃ

**નૈવાન્યતઃ પરિભવોઽસ્ય ભવેત્કથંચિન્ મત્સંશ્રયસ્ય વિભવોન્નહસ્ય નિત્યમ્ ।।**
**અન્તઃકલિં યદુકુલસ્ય વિધાય વેણુસ્તમ્બસ્ય વહ્નિમિવ શાન્તિમ્ ઉપૈમિ ધામ ।।૪।।**

મારા સારી રીતે આધારવાળા, વૈભવથી સદા ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરેલા આનો પરિભવ બીજાથી કોઈ પણ પ્રકારે નહિ જ થાય. વાંસની ઝાડીમાં અગ્નિની

---

(રાજાઓનાં સૈન્યો પણ ભારરૂપ હતા) એમ જણાય છે, એવો ભાવ છે. (પ્ર)

૨. જેને ઉપમા આપવાની છે તે (ઉપમેય) અને જેની ઉપમા આપવામાં આવે છે તે (ઉપમાન) બંને એક જ છે એમ કહેવું તે રૂપક. (metaphor).

૩. (યાદવો) ઉદ્ધત ન હોવા છતાં, તેમને ઘણાં સંતાનો હોવાથી તેવા (ભારરૂપ) થયા છે, એવો અર્થ છે. (પ્ર)

૪. નોટ ૩માં કહેલ અર્થ સ્પષ્ટ કરે છે. યાદવો ભગવદ્રૂપ હોવા છતાં ૧૦।૭।૧૮માં જણાવ્યા પ્રમાણે (ભૂમિ તેમનો ભાર સહન કરી શકતી ન હતી). (પ્ર) આ અર્થ યોગ્ય જણાતો નથી. તૃણાવર્ત આવતો હોવાથી ભગવાને તે પ્રસંગે પોતાનો ભાર વધારેલો. અહિં તેવું કાંઈ નથી. વળી આ અર્થ પ્રમાણે બંનેની એક વિભક્તિ ન હોવાનું કારણ પણ જણાતું નથી. 'ગતઃ' ભારનું વિશેષણ પ્રથમા વિભક્તિમાં છે, અને 'અગતં ભારં' એ બીજી વિભક્તિમાં છે. તેથી બંને ભાર (નિરોધના અંગ તરીકે ઉતારેલો ભાર, અને આ યાદવોનો ભાર) જૂદા પ્રકારના હોવાથી તેઓ માટે એક વિભક્તિ યોજેલી નથી, એવો અર્થ સ્પષ્ટ જણાય છે.

પેઠે યાદવોનાં કુલની અંદર કલહ ઉત્પન્ન કરી શાંતિ પ્રાપ્ત કરું (અને મારા) ધામમાં જાઉં. ૪.

પોતાથી અથવા બીજાથી (કુલનો) નાશ થાય. તે પૈકી બીજાઓ દુર્બલ હોવાથી, અને ઇચ્છેલાં (કાર્ય)નાં સાધનનું જ્ઞાન (કાર્ય કરવાની) પ્રવૃત્તિ કરાવનારું હોવાથી, (આનો નાશ કોઈ) ચેતન (જીવ)થી થાય એ અસંભવિત છે એમ કહે છે. આ કુલનો (પરિભવ) 'બીજાથી' એટલે યાદવકુલના સિવાયનાથી (નહિ જ થાય), એમ સામાન્ય (રીતે બીજા કોઈથી પણ) નહિ થાય (એમ કહેલું છે). 'જ' શબ્દનો અર્થ (બીજાથી પરાભવ) ન થવાનું સદાનું છે (એવો છે). ઈન્દ્રે પ્રેરણા કરેલ વૃષ્ટિ વિગેરે પણ (પરાભવ કરવા) શક્તિવાળા નથી[1] (તેમનાથી) પરિભવ પણ નહિ થાય, નાશ (થવા)ની તો વાત જ શી? 'પ્રતિષ્ઠાવાળાને અપકીર્તિ' થતાં પોતાથી પણ મરણ થવાનું સંભવતું હોવાથી, 'કોઈ પણ પ્રકારે' શબ્દથી, અપકીર્તિ ઉત્પન્ન કરીને પણ તે (નાશ) કરી શકશે નહિ (એમ કહેલું છે). 'પરિભવ' એટલે અવમાન. તે પોતામાં રહેલા દોષથી અથવા ગુણો ન હોવાથી થાય. તે પૈકી 'શયન કરવું, બેસવું, ફરવું, વાતચિત.....' (૧૦।૮૭।૪૬) એમ પહેલાં કહેલ હોવાથી, હું જ સારી રીતે આધાર છું જેનો તેવું (યાદવકુલ) હોવાથી, (તેમાં) દોષ હોવાનો સંભવ નથી. વળી તેઓ(યાદવો)એ વૈભવથી ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરેલી હોવાથી તેઓમાં મદ વિગેરે અથવા ગુણો ન હોવાનું સંભવતુ નથી. 'વૈભવ' એટલે બધી સંપત્તિઓ, તેમનાથી સર્વ તરફથી પૂર્ણ ઉંચે બંધન જેવું છે જેનું, તેવું (યાદવકુલ છે). 'સદા' શબ્દનો એવો અર્થ છે કે (તે) મારાં સ્વરૂપનું[2] હોવાથી (તેનો) કાલથી પણ[3] પરિભવ થવાનો નથી, અને સામાન્ય (પુરુષ)ના સંબંધવાળું (કુલ) વૈકુંઠમાં લઈ જવા યોગ્ય નથી, તેથી ઉત્તરાર્ધથી (કુલના નાશનો) ઉપાય કહે છે. વાંસની ઝાડીમાં અગ્નિની પેઠે, યાદવોનાં કુલની 'અન્તઃ' અંદર કલહ ઉત્પન્ન કરીને (શાંતિ પ્રાપ્ત કરું). 'તે (અગ્નિથી) બાળીને (નાશ કરીને)' એમ અમંગલ થાય તે માટે કહેલું નથી, પરંતુ દૃષ્ટાંતથી સમજાય છે. 'ભગવાને ઉત્પન્ન કરેલો

---

૧. 'જીવથી ઉપાય થઈ શકે તેમ ન હોય તો ભલે જડ (પદાર્થ)થી થાય, સામાન્ય રીતે કોઈથી થઈ શકે તેમ નથી એમ શા માટે કહો છો ?' એવી શંકા થાય તેથી આ વાક્ય કહેલ છે. 'ઈન્દ્ર' એ માત્ર ઉપલક્ષણ છે (બીજાઓનો તેમાં સમાવેશ થાય છે).

૨. મારા સ્વરૂપનું (યાદવકુલ) છે, કારણ કે લક્ષ્મી તેનો ત્યાગ કરતી નથી, એવો ભાવ છે. (પ્ર) બ્રહ્મભાવવાળું છે એવો અર્થ જણાય છે. તેથી જ અધ્યાય ૩૦માં બ્રહ્મની મુક્તિ તરીકે યાદવોની મુક્તિ જણાવેલી છે.

૩. નોટ ૨માં કહેલો અર્થ જ અહિં કહેલ છે. (પ્ર)

અલૌકિક કલહ સર્વનો નાશ કરનાર થશે'. એવી શંકા થાય, તેથી શાંતિ[૪] પ્રાપ્ત કરું' શબ્દથી તે ખોટી હોવાનું જણાવે છે. અનુક્રમ પ્રમાણેના પાઠથી જ 'પછી' એમ સમજાય છે. ત્યારપછી બીજું (કાંઈ) બાળવા યોગ્ય નથી. 'વળી (ભગવાન્) અહિં જ રહીને કાંઈક[૫] કરશે' એવી શંકા થાય, તેથી ઉંબરા ઉપરના દીવા[૬] પેઠે '(મારાં) ધામમાં જાઉં' એમ કહેલું છે. (મારાં) પોતાના ધામમાં જઈશ, એવો (અર્થ છે). (યાદવોની) અંદર કલહ ઉત્પન્ન કરવો (એ) ઉપાય છે એમ સિદ્ધ થયું. ૪.

નીચેના શ્લોકમાં કલહની ઉત્પત્તિનું કારણ કહેતાં, તેનું પરિણામ કહે છે :

**એવં વ્યવસિતો બુદ્ધ્યા સત્યસંકલ્પ ઈશ્વરઃ ।।**
**શાપવ્યાજેન વિપ્રાણાં સઞ્જહ્રે સ્વકુલં વિભુઃ ।।૫।।**

બુદ્ધિથી એવો નિશ્ચય કરીને જેમની ઈચ્છા સદા સત્ય છે તેવા સર્વ-શક્તિમાન ઈશ્વરે વિપ્રોના શાપના બાનાથી પોતાના કુલને સમાપ્ત કર્યું. ૫.

બીજો ઉપાય વિગેરે થઈ શકે તેમ ન હતું એવો મત ખોટો ઠરાવવા; 'એવો' જ 'નિશ્ચય કરીને' એમ કહેલું છે. 'બુદ્ધિથી' શબ્દથી લોક અને શાસ્ત્રની અવગણના જણાવેલી છે. જેમનાં કર પાદ મુખ ઉદર વિગેરે માત્ર આનંદના જ છે, તેમની બુદ્ધિ અથવા ઈચ્છાશક્તિ પણ તેવી જ[૧] છે. 'હે રાજન્'[૨] શબ્દથી એમ કહેલું છે કે બ્રાહ્મણનો શાપ અટકાવી શકાય તેવો નથી, એવો તેં જ અનુભવ કરેલો છે. સત્ય ઈચ્છાવાળા હોવાથી વિષ્ણુ તો તે ખોટો નહિ કરે. ઈશ્વર કરવા, ન કરવા અને કરેલું ફેરવવાની શક્તિવાળા છે, તેથી ઋષિઓને મદ ન થાય તે માટે તેમણે ઉદ્ધવ અને વજ્ર વિગેરેને વિનાશમાંથી બચાવ્યા. આગળ કહેવામાં આવશે તેવા પ્રકારનો વિપ્રોનો શાપ થયો. 'બાનાથી' શબ્દથી એમ જણાવ્યું છે કે આ બ્રહ્મનું પ્રકરણ[૩]

---

૪. 'શાંતિ' એટલે રજોગુણ અને તમોગુણનાં કાર્ય વિનાની સ્થિતિ. (પ્ર) અવતારની સમાપ્તિ, એવો અર્થ જણાય છે.

૫. કાંઈક એટલે સાત્ત્વિક કાર્ય, બીજા આશ્રમોના ધર્મનો બોધ, એવો અર્થ છે. (પ્ર)

૬. 'ઉપૈમિ' 'પ્રાપ્ત કરું' શબ્દ તેની પહેલાના 'શાંતિ' અને તેની પછીના 'ધામ' એ બંને શબ્દો સાથે સંબંધવાળો છે. જેમ ઉંબરામાં રાખેલ દીવો બંને બાજુના ઓરડાઓને પ્રકાશ આપે છે તેમ આ શબ્દ આગળ પાછળના બંને શબ્દો સાથે લેવાનો છે.

૧. 'તેવી' એટલે હવે પછી કુલને આનંદરૂપપણું પ્રાપ્ત કરાવવામાં અનુકૂલ, એવો ભાવ છે (પ્ર)

૨. ('બુદ્ધ્યા'ને બદલે 'રાજન્') એવો જૂદો પાઠ હોય ત્યારે, તેનો અર્થ કહેલો છે. (પ્ર)

૩. બ્રહ્મપ્રકરણમાં વાસ્તવિક રીતે (ભગવાનની) ઈચ્છા જ (મુક્તિનું) કારણ હોવાનું પ્રસિદ્ધ છે, તેથી ચાલુ પ્રસંગમાં પણ ઈચ્છા જ કારણ છે, એમ 'ભગવાનનો અભિપ્રાય જાણનારા (મુનિઓએ શાપ આપ્યો)' એમ કહેશે. (પ્ર)

હોવાથી કુલની સમાપ્તિ[4] જ કરી, નાશ ન કર્યો. કુલમાં દોષ ન હતો એમ જણાવવા 'પોતાનાં'[5] શબ્દ (યોજેલ છે). (ભગવાનમાં) સર્વ પ્રકારની શક્તિ છે એમ જણાવવા (શ્લોકના) અંતે 'વિભુઃ' 'સર્વ શક્તિમાન' વિશેષણ (યોજેલું છે). ૫.

એ પ્રમાણે મનથી ભૂમિનો ભાર હરવાનું કહ્યું. ભગવાનને બીજો (મનુષ્યનો) દેહ ધારણ કરવાનું આ પ્રયોજન[1] હોવાથી પ્રયોજન પૂરું થતાં નીચેના બે શ્લોકો દેહની મુક્તિ(ત્યાગ) કર્યાનું કહે છે, કારણ કે મુક્તિ જીવની અને બ્રહ્મની હોય છે. જીવોની મુક્તિ પણ પોતાની સાથે મિશ્ર થએલી કહેવા માટે મિશ્ર પ્રકારે કહે છે. તેથી ચાલુ(તે) સમયના અને ભવિષ્યમાં થનારા ભક્તોની મુક્તિ જુદા જુદા પ્રકારથી કહેતાં ભગવાન્ પોતાના ધામમાં પધાર્યા એમ કહે છેઃ

**સ્વમૂર્ત્યા લોકલાવણ્યનિર્મુક્ત્યા લોચનં નૃણામ્ ॥**
**ગીર્ભિસ્તાઃ સ્મરતાં ચિત્તં પદૈસ્તાનીક્ષતાં ક્રિયાઃ ॥૬॥**
**આચ્છિદ્ય કીર્તિં સુશ્લોકાં વિતત્ય હ્યઞ્જસા નુ કૌ ॥**
**તમોઽનયા તરિષ્યન્તીત્યગાત્સ્વં પદમીશ્વરઃ ॥૭॥**

લોકોનાં લાવણ્યનો ત્યાગ કરાવનારા પોતાના દેહથી મનુષ્યોનાં લોચનને, વચનોથી તેઓનું સ્મરણ કરનારાઓનાં ચિત્તને, (અને) સ્થાનોથી તેમનું દર્શન કરનારાઓની ક્રિયાઓને હરી લઈ, ઉત્તમ શ્લોકોથી ગવાએલી કીર્તિ પૃથ્વી ઉપર વિસ્તારીને, આનાથી લોકો નિશ્ચય અજ્ઞાનને સહેલાઈથી તરી જવાના એવા વિચારથી ઈશ્વર પોતાના ધામમાં પધાર્યા. ૬-૭.

લોકોની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ હરી લઈ, (પોતાની) કીર્તિ વિસ્તારી (ભગવાન્) વૈકુંઠમાં પધાર્યા એમ કહેલું છે. બહારના અને અંદરના ભેદથી જ્ઞાનની કુદરતી[2] પ્રવૃત્તિ જુદાં જુદાં રૂપ (આકાર)માં અને જુદાં જુદાં નામોમાં સંપૂર્ણ રીતે

---

૪. 'ઉપસંહાર' 'સમાપ્તિ' એટલે પોતાની સમીપ લાવવું. 'સજહાર' શબ્દનો આવો અર્થ ૧।૭।૩૨માં કરેલો છે. અહિં પણ તેવો અર્થ છે. તેથી (કુલનું) કાર્ય જ બંધ પડ્યું પણ તેનું સ્વરૂપ ગયું નહિ એવો ભાવ છે. 'ઉપસંહાર' અને 'પ્રલય(નાશ)'માં આ જ ભેદ છે. (પ્ર)

૫. 'પોતાની સૃષ્ટિ હોવાથી પક્ષપાત અથવા ઘાતકીપણું નથી' એમ જણાવવા ('પોતાનાં' શબ્દ યોજેલ છે), એવો અર્થ છે. (પ્ર) આ વાક્ય તો સામાન્ય સૃષ્ટિમાત્રને લાગુ પડે છે અને બીજી સૃષ્ટિમાં દોષ પણ હોય છે. યાદવોમાં દોષ ન હતો, એમ જણાવવા '(પોતાનાં) કુલ' શબ્દ યોજેલ છે, એવો અર્થ જણાય છે વિદ્વન્મંડનમાં 'ડસ્વકુલં' પદચ્છેદ કરેલા છે. 'મારી માયાથી રચેલ' શબ્દનો યોગ્ય અર્થ થાય તે માટે એમ કરેલ છે. તેથી ભગવાને માયિક (યાદવ) કુલનો નાશ કર્યો, અને પોતાનાં કુલને પોતાની સમીપ લઈ ગયા એવો અર્થ કરવાથી વિરોધ રહેશે નહિ.

૧. 'આ પ્રયોજન' એટલે ભૂમિનો ભાર હરવાનું પ્રયોજન. (પ્ર)

થાય છે. જુદાં જુદાં નામમાં વિચાર સાહાય્ય કરનારો હોવાથી[3] માત્ર શ્રવણથી નિર્ણય થતો નથી. તેથી વિચાર (કરવા)ના સ્વભાવવાળું ચિત્ત જ મુખ્ય છે.

**અધિકારશ્ચ માર્ગશ્ચ નેશ્વરેણ વિચાર્યતે ।।**
**અન્તઃસ્થિતં યદા બ્રહ્મ તદા યોગ ઉદીર્યતે ।।૧૦।।**
**ઈન્દ્રિયાન્તઃ પ્રવેશાર્થં તથા સાંખ્યં તથાઽપરમ્ ।।૧૦ાા.।।**

અધિકાર અને માર્ગનો ઈશ્વર વિચાર કરતા[4] નથી. જ્યારે બ્રહ્મ અંદર રહેલ હોય ત્યારે યોગ આચરવામાં આવે છે[5], અને તેવી જ રીતે ઈન્દ્રિયોનો અંદર પ્રવેશ કરાવવા બીજું સાંખ્ય (ઉપયોગી થાય છે)[6]. કા.૧૦ાા.

[7]ભગવાન્ બહાર રહેલા હોય ત્યારે તો (ઈન્દ્રિયો વિગેરે તેમનાથી) હરી લેવાય તે જ યોગ્ય છે. હોઈએ તેવી સ્થિતિમાં રહેવાથી તો મુક્તિ થતી નથી[7]. [8]ભગવાન્ જેઓનું સ્મરણ કરે તેઓને જ્ઞાન (પ્રાપ્ત કરવા)ની જરુર નથી, તેથી અજ્ઞાન તરી જવું (તે) જ તેમને (કરવાનું) બાકી રહે છે[8].

---

૨. જ્ઞાનશક્તિ (દૃષ્ટિ અને શ્રવણ) હરવામાં બે ઈન્દ્રિયો કહેવાનું પ્રયોજન થાય, તે આથી કહે છે. (પ્ર)

૩. 'જ્ઞાન મતમાં કાર્ય તરીકે પ્રસિદ્ધ હોવાથી મન જ કહેવું જોઈએ' એવી શંકા થાય તેથી આ કહેલ છે. (પ્ર)

૪. 'ફલ પ્રાપ્ત કરવાના અધિકારવાળાને યોગ વિગેરે સાધનોથી મુક્તિ થાય છે. તેથી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ હરવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી આ કારિકા કહેલી છે. અધિકાર વિનાનાને માર્ગ વિના પણ ભગવાન્ મુક્તિ આપે છે, એવો પૂતનાનાં અને રાસના આરંભ સમયે ઘરની અંદર રહેલી ગોપીઓનાં દૃષ્ટાંતથી નિર્ણય થાય છે. (પ્ર)

૫. વળી અગ્નિ કાઢવા (અરણિનું) મથન કરવામાં આવે છે, તેમ ભગવાન્ પ્રકટ ન હોય ત્યારે જ યોગ વિગેરે ઉપાયો ઉપયોગી હોય છે, પરંતુ ભગવાન્ પ્રકટ હોય ત્યારે તેમનાથી મુક્તિ થતી નથી, એમ આ વાક્યથી જણાવેલ છે. (પ્ર)

૬. ઈન્દ્રિયો બહિર્મુખ હોય ત્યારે તેઓ મનનો વિક્ષેપ કરતી હોવાથી, ધ્યાન થઈ શકતું નથી. તેવા સમયે તેઓ અનુકૂલ થાય તે માટે સાંખ્ય બીજું સાધન છે. તેથી ભગવાન્ પ્રકટ હોય ત્યારે તેનો પણ ઉપયોગ નથી, એટલે તે પણ મુક્તિનું સાધન થતું નથી, એવો અર્થ છે.(પ્ર)

૭...૭. 'એ પ્રમાણે હોય તો ઈશ્વર પ્રકટ હોય ત્યારે સર્વની મુક્તિ થાય'. એવી શંકા થાય, તેથી તેવા સમયે પણ મુક્તિ થાય તે માટે કાંઈક સાધન ભગવાન જ કરે છે, તે વિના મુક્તિ થતી નથી એમ આ ભાગથી કહેલું છે. (પ્ર)

૮...૮. 'ભગવાન્ પ્રકટ હોય તે સમયના ભક્તોની ભલે લોચન અને ચિત્ત ભગવાનથી હરવાથી મુક્તિ થાય, પરંતુ ભવિષ્યના ભક્તોને તો મુક્તિ પ્રાપ્ત કરવા જ્ઞાનની જરુર રહેશે', એવી શંકા થાય, તેથી આ કહેલ છે. ભગવાને તેમની મુક્તિ થાય તે માટે બીજું સાધન કહેલું છે.

[9]લોકમાં જે જેને હરે છે તે તેના જ ઉપયોગનું થાય છે, એમ વનનાં લાકડાં કાપવાં વિગેરેમાં પ્રસિદ્ધ છે; તેનો ઉપયોગ ન હોય તેવી અવસ્થામાં તો પતિવ્રતાની પેઠે શાંત (પડી) રહે છે, અને તેવી[10] જ રીતે ભગવાનનાં દેહથી હરાએલા ભગવાન ના દેહને જ ઉપયોગી થાય છે. લોકમાંથી (ભગવાનનો દેહ) અદશ્ય થાય ત્યારે પણ તે ચક્ષુ તે (દેહ)ના ઉપયોગનું હોવાથી (તેનાં) દર્શન કરે છે, અથવા (તે) ઈશ્વર હોવાથી કોઈક વાર શાંત (પડી) રહે છે, પરંતુ તેનાથી બીજું કંઈ થતું નથી[11], તેથી મુક્તિ પ્રાપ્ત થાય છે. વિષયોને હરી[12] લેનારને તેને અધીન ઈન્દ્રિયો હરવામાં શું પ્રયાસ થાય? એમ જણાવવા વિશેષણ યોજેલું છે. આ ઉપાય અલૌકિક[13] છે એમાં કાંઈ પણ શંકા નથી. ગોપીઓ[14] તો દષ્ટાંત છે. આવી રીતે (ભગવાનના અવતાર સમયે) હતા તે ભક્તોની મુક્તિ થાય છે.[9]

'આલોકઃ' એટલે સૂર્યનું બિંબ, 'અલોકઃ' એટલે અંધકાર 'લોકાઃ' લોકો[15] તો ભુવનમાં રહેતા પુરુષો છે. આ શબ્દથી તેજ, અંધકાર અને અમુક સ્થાન જણાવેલ છે,[16] કારણ કે ભગવાનનો દેહ પ્રકટ હોય ત્યારે તે ત્રણેમાંથી તેમના ગુણો

---

(પ્ર)

૯...૯. 'માત્ર ઈન્દ્રિયો હરાવાથી સ્વરૂપનો લાભ (મુક્તિ) કેમ પ્રાપ્ત થાય?' એવી શંકા થાય, તેથી આ ભાગ કહેલો છે. (પ્ર)

૧૦. ભગવાનથી ઈન્દ્રિયો હરાવાથી જે પ્રકારની મુક્તિ થાય છે, તેનું સ્વરૂપ અહિંથી કહે છે. (પ્ર)

૧૧. ભગવાનનાં દર્શન થાય ત્યારે, અથવા દર્શન થતાં ન હોય ત્યારે પતિવ્રતાની પેઠે રહેવાથી તે ભગવાનને જ ઉપયોગી રહેતી હોવાથી, બીજાં રૂપનો ત્યાગ કરી સ્વરૂપમાં જ રહેવાથી જે મુક્તિ થાય તે પ્રાપ્ત થાય છે જ, એવો અર્થ છે. (પ્ર)

૧૨. ભગવાનના જ દેહનાં દર્શન વિગેરેથી આવી મુક્તિ થાય છે, તેનું કારણ આથી કહે છે. ('સ્વમૂર્ત્યા'માં 'સ્વ' 'પોતાના' વિશેષણ આ માટે યોજેલું છે). ઈન્દ્રિયો વિષયને આધીન હોય છે. (પ્ર)

૧૩. લોકમાં લાવણ્ય ઈન્દ્રિયોને હરનારું હોતું નથી, તેથી આ કહેલ છે. (પ્ર)

૧૪. ભગવાન્ પ્રકટ હતા ત્યારે જે ભક્તો હતા, તેમની મુક્તિ થવાનું પ્રમાણ કહેલ છે. ૧૦|૭૯|૪૮ તથા ૪૯થી ગોપીઓની મુક્તિ થયાનું જણાય છે. (પ્ર)

૧૫. 'આલોક, અલોક અને લોક' એ ત્રણ શબ્દો લેવાનું સંભવતુ હોવાથી ત્રણ પ્રકારે અર્થ કરેલો છે. 'લોક' એટલે સત્ય વિગેરે ભુવનોમાં રહેનારા પુરુષો. (પ્ર)

૧૬. ઉપર નોટ ૧૫માં કહેલ ત્રણ શબ્દોથી જણાવેલ છે. આમ હોવાથી સૂર્યના બિંબનું તથા લોકોનું જે લાવણ્ય તેનો ફરી ન આવે તે પ્રકારે ત્યાગ થાય છે આ (ભગવાનના દેહ)થી, એવો અર્થ થાય છે. (પ્ર)

ફરીથી પ્રાપ્ત ન થાય તેવા થઈ જતા રહે છે. એક વચન[૧૭] જાતિ સૂચવનારું છે. જુદાં જુદાં રૂપ(ના વિષય)માં વિચાર (કરવાની) જરુર નથી[૧૮]. (રૂપથી) નામ(નાં વિષય)ની જૂદાઈ '(વચનોથી) તેઓનું સ્મરણ કરનારાઓનાં (ચિત્તને હરી લઈ)' શબ્દથી કહેલી છે[૧૯]. જો એક (રૂપ=દેહ)થી જ હરી લેવાનું કરે, તો જુદાં જુદાં નામમાંથી (ચિત્ત) હરાય નહિ, કારણ કે (તે નામો) તે (ભગવાનનાં નામો)નાં જેવા હોવાનું જ્ઞાન ઉત્પન્ન કરે છે; અને બંનેમાં[૨૦] ક્રિયા લોકોમાં અને વેદમાં સહભાવથી જ[૨૧] જ્ઞાનથી હરાય છે[૨૨], અને તેમ હોવાથી એકલી (ક્રિયા)ની ભગવાન્ વિષે પ્રવૃત્તિ થતી નથી. 'પદૈઃ' એટલે વૃંદાવન વિગેરે સ્થાનોથી. વળી ક્રિયા પ્રાણથી થતી તરસ વિગેરે કરાવનારી છે.[૨૩] 'હરી લઈને' શબ્દનો પહેલાના સાથે સંબંધ છે. ભવિષ્ય-નાનો[૨૪] સંબંધ તો બે (પ્રકારના) જીવો અને બ્રહ્મ એક પ્રકારના[૨૫] જણાવવા માટે છે. કીર્તિને (ભગવાનની) પોતાની સમાન કહેલી હોવાથી[૨૬] એકલી (કીર્તિ)થી જ સર્વની મુક્તિ થાય છે. (મુક્તિનો) ભેદ તો કાલના ભેદથી અને સાધનના ભેદથી (થવાનો) નિશ્ચય થાય છે. (કીર્તિનાં શ્રવણથી) પ્રવૃત્તિ અવશ્ય થાય તે માટે વ્યાસ વિગેરેએ રચેલા ઉત્તમ શ્લોકો છે જેમાં તેવી (તેને કહેલી છે), કારણ કે તેને જ લીધે પ્રયાસ વિના તરાય[૨૭] છે. તેવો ઉપાય (ભગવાને) કર્યો, એવો અર્થ છે.

---

૧૭. 'લોચન' વિગેરે (ચિત્ત) શબ્દમાં યોજેલ એકવચન, એવો અર્થ છે. (પ્ર)

૧૮. કારણ કે માત્ર દર્શન થતાં જ કાર્ય સિદ્ધ થાય છે, એવો ભાવ છે. (પ્ર)

૧૯. તેથી તેમાં વિચાર કરવાની જરુર છે. આ જૂદાઈ વિચારરૂપ છે. (પ્ર)

૨૦. 'બે પ્રકારની જ્ઞાનેન્દ્રિયો હરાતાં કાર્ય પાર પડતું હોવાથી ક્રિયા હરાવાનું શું પ્રયોજન ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૨૧. 'બંનેમાં' એટલે અંદર અને બહાર. (પ્ર)

૨૨. 'સહભાવથી' એટલે ઈન્દ્રિયોના સહકારથી. (ઈન્દ્રિયો સાથે રહેવાથી) (પ્ર)

૨૩. તેથી ક્રિયા (ભગવાનનાં સ્થાનો જોવાથી) હરાય નહિ, તો પ્રાણ ભગવાન્ માટેના ન ગણાય; તેથી તે ભગવાન્ માટેના હોય તે માટે ક્રિયા હરાવાની જરુર છે, એવો અર્થ છે. (પ્ર)

૨૪. 'ભગવાનનાં પ્રાકટ્ય સમયે હોય તે જીવોની મુક્તિ ભલે તેમ થાય, પરંતુ ભવિષ્યના જીવોને ભગવાનનાં દર્શન તેમના વચનોનું શ્રવણ વિગેરે થતાં ન હોવાથી, તેમના લોચન વિગેરે ભગવાનનાં પ્રયોજનનાં ન હોવાથી તેમની મુક્તિ કેમ થાય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ કહે છે. (પ્ર)

૨૫. 'એક પ્રકારના' એટલે એક થવારૂપ મુક્તિ થાય તે માટે (પ્ર)

૨૬. '(ભગવાનનાં દર્શન, વાણીનું સ્મરણ, સ્થાનોનું દર્શન) એ ત્રણેનું કાર્ય એકલી કીર્તિથી કેમ થાય ?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. (પ્ર)

૨૭. 'એક થવારૂપ મુક્તિ માટે જ્ઞાન વિગેરે સાધનો હોવા છતાં, કીર્તિનું શું પ્રયોજન?' એવી

'નુ' એટલે નિશ્ચય. 'કૌ' એટલે પૃથ્વી ઉપર. 'ઇતિ' 'એવા વિચારથી' શબ્દ કાર્ય પૂર્ણ થયાનું (જણાવે છે). કેટલાક એમ કહે છે કે (આ) સર્વ ભવિષ્યના (જીવો)નો જ અધિકાર (કહેલો છે), અને પછી[28] (મુક્તિનો) બીજો ઉપાય નથી એમ સાબિત થયું. 'પોતાનાં ધામમાં પધાર્યા' તેથી (ભગવાન્) સ્વરૂપથી ત્યાં જ[29] રહેલા છે. સર્વનું સમર્થન થાય તે માટે 'ઈશ્વર' શબ્દ (યોજેલો છે); અને તે પ્રમાણે મુખ્ય પક્ષમાં બીજ[30] પ્રાપ્ત થયું. ૬-૭.

બીજા પક્ષમાં વૈરાગ્ય જ મુક્તિનું બીજ હોવાથી, તેનાં કારણરૂપ પહેલાં[1] થએલ બાનારૂપ શાપનો નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી પ્રશ્ન કરે છે. (શુક) પોતે કહેતા નથી. (શાપ થવો) અયોગ્ય છે, તેથી (તે) સંભવતો ન હોવાથી પૂર્વપક્ષ (શંકા) અને પ્રશ્ન એવા બે (શ્લોકો) છે. તે પૈકી નીચે પૂર્વપક્ષ કહે છેઃ

રાજા કહે છેઃ

**બ્રહ્મણ્યાનાં વદાન્યાનાં નિત્યં વૃદ્ધોપસેવિનામ્ ।।**
**બ્રહ્મશાપઃ કથમભૂદ્ વૃષ્ણીનાં કૃષ્ણચેતસામ્ ।।૮।।**

સદા બ્રાહ્મણોનું હિત કરનાર, દાન આપનાર, વૃદ્ધોની સેવા કરનાર (અને) શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા યાદવોને બ્રાહ્મણોનો શાપ કેમ થયો ? ૮.

ત્રણ ગુણો અને ગુણરહિતપણું એવા ચાર શાપથી વિરુદ્ધ (શાપ ન લાગે તેવા ગુણો યાદવોમાં) હતા. તે પૈકી (૧) બ્રાહ્મણોનું હિત કરનાર હોવું એ ઉત્તમ ગુણ છે અને શાપથી વિરુદ્ધ છે. (૨) રાજસ (ગુણ)માં દાન આપનારપણું, અને (તે) શાપથી વિરુદ્ધ છે. વળી (૩) વૃદ્ધોની સેવા ઉત્તમ તામસ (ગુણ) છે. શ્રમરૂપ હોવાથી તામસ છે અને શાપથી વિરુદ્ધ છે. 'સદા'નો સંબંધ બધા ગુણો સાથે છે. ભક્તિ, ધન અને સેવા યાદવોમાં હોવાથી તેમનું શાપ કેમ થયો? (૪) શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા એ નિર્ગુણ સ્થિતિ છે અને તેમાં શાપ લાગતો નથી. શાપ સંભવતો ન

---

શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૨૮. ભગવાનને કીર્તિ વિસ્તારવાનું બીજું પણ પ્રયોજન હોવાનું આથી કહે છે. 'પછી' એટલે કીર્તિનો વિસ્તાર થયા પછી જ્ઞાન વિગેરે મુક્તિના વૈદિક ઉપાયો (રહેતા) નથી એમ સિદ્ધ થાય છે. ૧૨।૩।૫૦ તથા ૫૧થી આ સિદ્ધ થાય છે. (પ્ર)

૨૯. 'ત્યાં જ' એટલે પોતાના ધામમાં જ. (પ્ર)

૩૦. ભગવાન્ કરવા, ન કરવા અને કરેલું ફેરવવા શક્તિમાન હોવાથી, ઈશ્વરની ઇચ્છા (મુક્તિનું) બીજ હોવાનું સિદ્ધ થયું, એવો અર્થ છે. (પ્ર)

૧. (બદર+અયન) કાંટાવાળા વૃક્ષનો આશ્રય કરનાર (બાદરાયણ), એમ જણાવવાથી 'બાદરાયણિ' શબ્દ ક્રૂરતા દર્શાવે છે, એવો અર્થ છે. (પ્ર)

હોવાથી પૂર્વપક્ષ સિદ્ધ થયો. ૮.

નીચેના શ્લોકમાં પ્રશ્ન પૂછે છેઃ

**યન્નિમિત્તઃ સ વૈ શાપો યાદશો દ્વિજસત્તમ ।।**
**કથમેકાત્મનાં ભેદ એતત્સર્વં વદસ્વ મે ।।૯।।**

હે ઉત્તમ દ્વિજ ! તે શાપ ખરેખર શા કારણથી થયો ? કેવો હતો ? એક જીવવાળા (યાદવો)માં કજીઓ કેવી રીતે થયો ? આ સર્વ મને કહો.૯.

(શાપનું) કારણ પ્રસિદ્ધ ન હોવાથી, અને ચાલુ પ્રસંગમાં કારણ વિના (શાપ થએલ હોવા)ની માન્યતા સંભવતી ન હોવાથી બ્રાહ્મણોમાં શાપની ઉત્પત્તિ થઈ કે યાદવોમાં? જાણી શકાય તેવા અથવા ન જણાય તેવા પ્રકારે (શાપનું) કારણ (ઉત્પન્ન થયાનું) સંભવતું હોવાથી, (તેના) પ્રકાર સંબંધી પ્રશ્ન (કર્યો). પોતાની જાતના (બ્રાહ્મણો)એ કરેલ (શાપ શુક) નહિ કહે એવી શંકા દૂર કરવા 'હે ઉત્તમ દ્વિજ !' એમ (સંબોધન કરેલું છે). ભક્તિ અને જ્ઞાનવાળા (શુક છે, એવો અર્થ છે). જાણી ન શકાય તેવા કરતાં, જાણવામાં આવેલ હોય તે વધારે બલવાન હોવાથી (પૂછે છે કે), શાપ થયો છતાં પણ એક જીવવાળા (યાદવો)માં પરસ્પર યુદ્ધ કેમ થયું ? આમાં ઉપયોગી હોય તે સર્વ કહો એવો અર્થ છે. ક્રિયાનું ફલ (તેના) કરનારને મળતું હોવાથી ('વદસ્વ' શબ્દમાં) આત્મનેપદ (યોજેલું છે). આ કથા સર્વ ઉપર ઉપકાર કરનારી ન હોવા છતાં પણ (મારા) સંદેહ દૂર કરીને મારા ઉપર ઉપકાર કરશે, એવા આશયથી 'મે' 'મને' શબ્દ (યોજેલ છે). ૯.

બાદરાયણિ(શુક) કહે છેઃ

(બાદરાયણિ શબ્દ) કથા ક્રૂર હોવાનું[1] સૂચવે છે. નીચેના શ્લોકમાં શાપનું કારણ કહે છેઃ

**બિભ્રદ્ વપુઃ સકલસુન્દરસન્નિવેશં કર્માચરન્ ભુવિ સમઙ્ગલ આપ્તકામઃ ।।**
**આસ્થાય ધામ રમમાણ ઉદારકીર્તિઃ સંહર્તુમૈચ્છત કુલં સ્થિતકૃત્યશેષઃ ।।૧૦।।**

સર્વ સુંદર (પદાર્થો)નો જેમાં સમાવેશ થએલો તેવો દેહ ધારણ કરતાં, ભૂમિ ઉપર કર્મ કરતાં, ભૂમિ ઉપર ઉત્તમ મંગલરૂપ, પ્રાપ્ત કરેલ કામવાળા, ધામમાં રહી રમણ કરનાર, ઉદાર કીર્તિવાળા, જેમનાં કૃત્યોમાં થોડો ભાગ બાકી રહેલ છે તેવા (શ્રીકૃષ્ણે) કુલને સંકેલી લેવાની ઈચ્છા કરી. ૧૦.

'ઈચ્છા કરી' એ શાપનું કારણ છે. બીજા[2] વર્ગનો શ્રોતા પુષ્ટિમાર્ગમાં

---

૧. (બદર+અયન) કાંટાવાળા વૃક્ષનો આશ્રય કરનાર (બાદરાયણ), એમ જણાવવાથી બાદરાયણિ શબ્દ ક્રૂરતા દર્શાવે છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'સત્ય ઈચ્છાવાળા (ઈશ્વરે)' એમ શ્લોકમાં શાપનું કારણ કહેલ છે, છતાં ફરી કેમ પૂછે

રહેલ ન હોવાથી, (તેને) લૌકિક દોષ દૂર કરવાના પ્રકારથી કહેવું (ઉત્તર આપવો) જોઈએ, અને આ વળી બીજા વર્ગનો જ શ્રોતા છે, કારણ કે આનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી. તેથી આ મર્યાદા(માર્ગ)નો સ્કંધ હોવાથી લૌકિક નિયમ પ્રમાણે કહે છે (ઉત્તર આપે છે). 'અને તે અસુરોને મોહ કરવા અને ઉત્તમ પુરુષોને કોઈક પ્રસંગે મોહ કરવા...' એ[3] વાક્ય પ્રમાણે આવું શ્રવણ પણ ચિત્ત શુદ્ધ કરાવીને જ્ઞાન પ્રાપ્ત કરાવનારું હોવાથી કહે[4] છે. પરીક્ષિત્ સંહિતાના વિચારથી ઉત્તમ અધિકારી[5] છે, પુષ્ટિમાર્ગના વિચારથી ઉત્તમ અધિકારી નથી, તેથી લોકના નિયમ પ્રમાણે તેને[6] કહેવામાં દોષ થતો નથી.

કદ્રૂપા હોવું, કર્મ કરવાની અશક્તિ, ભૂષણ ન હોઈએ તેમ રહેવું, કામનાઓ પૂર્ણ ન થવી, ગૃહસ્થપણાનું સુખ ન હોવું અને અપકીર્તિ એ લોકમાં વૈરાગ્ય થવાનાં કારણો (છે, તે) ચાલુ વિષય(ભગવાન)માં નથી. આ ન હોવાનું કહ્યું. તેથી બધાએ (કોઈએ) ન હતાં એમ કહેવાયું. સર્વ સુંદર (પદાર્થો)નો સમાવેશ સારી રીતે થએલો હતો જેમાં, તેવો (દેહ ભગવાનનો હતો). 'ભૂમિ ઉપર' શબ્દનો બંને બાજુએ સંબંધ છે. (કુલને) સંકેલી લેવાની ઈચ્છામાં કાંઈક દેવોનું છૂપું (કાર્ય) હતું એમ 'જેમના કૃત્યોમાં થોડો ભાગ બાકી રહેલ છે તેવા' વિશેષણથી (કહેલું છે). સંકર્ષણનાં કાર્યનો થોડો ભાગ બાકી રહેલો, એવો અર્થ છે. ૧૦.

---

છે ?'' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. લીલા સહિત ભગવાનનાં લોકની પેઠે દર્શન થવાનાં કારણ ભક્તિ અને (ભગવાનની) સામાન્ય ઈચ્છા છે, એવો પુષ્ટિ અને મર્યાદાથી (અનુક્રમે) નિર્ણય થાય છે. તેવી જ રીતે (તેમનાં) દર્શન બંધ થવામાં લૌકિક ભક્તિ ન હોવી અને (ભગવાનની) તેવી ઈચ્છા ન હોવી એ કારણ છે એમ જણાય છે. એમ થાય ત્યારે પુષ્ટિનો જેનો અધિકાર નથી તેવાને દોષ હોવાનું ભાન થાય છે. ભાન થાય છે, તે જ દૂર થાય તે માટે મનન (વિચાર તર્ક)ના નિયમ પ્રમાણે ફરી કહે છે, એવો અર્થ છે (પ્ર) પુષ્ટિમાં પરીક્ષિત ઉત્તમ અધિકારી ન હોવાથી, તેને લૌકિક રીતથી કહે છે. એવો અર્થ જણાય છે.

૩. 'ભગવાને લૌકિક રીતે કુલ સંકેલી લીધું નથી, તેથી તેવી રીતે સંકેલેલ હોવાનું કહેવું પણ અયોગ્ય છે' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. ભવગાન્ તે પ્રમાણે કરે પણ છે, તેથી કહેલું છે. (પ્ર)

૪. આ વાક્યથી એ પ્રમાણે લૌકિક રીતે પ્રયોજન કહેલું છે. (પ્ર)

૫. 'પરીક્ષિત્ બીજા વર્ગનો શ્રોતા હોય, તો તે ઉત્તમ અધિકારી હોવાનું કહ્યું. તેનો વિરોધ થાય છે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'સંહિતા'નો અર્થ 'સાધારણ' હોવાનું જણાય છે. (પ્ર) 'સંહિતાનો' અર્થ શ્રીમદ્ભાગવત્ હોવાનું જણાય છે. જૂઓ ૧।૭।૬ તથા ૮ શ્રીમદ્ભાગવતનું શ્રવણ કરનાર તે ઉત્તમ અધિકારી છે, પરંતુ પુષ્ટિમાર્ગમાં તે ઉત્તમ અધિકારી નથી, એવો અર્થ જણાય છે.

૬. ભગવાનનાં વિશેષણો આ શ્લોકમાં કહેલાં છે, તેમનું તાત્પર્ય આથી જણાવેલ છે. (પ્ર)

(કુલને સંકેલી લેવાનું) ઈચ્છારૂપ બીજ કહીને, નીચેના શ્લોકમાં (તે માટેનો) પ્રયત્ન કહે છેઃ

**કર્માણિ પુણ્યનિવહાનિ સુમઙ્ગલાનિ ગાયજ્જગત્કલિમલાપહરાણિ કૃત્વા ।।**
**કાલાત્મના નિવસતા વસુદેવગેહે પિણ્ડારકં સમગમન્ મુનયો નિસૃષ્ટાઃ ।।૧૧।।**
**વિશ્વામિત્રોઽસિતઃ કણ્વો દુર્વાસા ભૃગુરઙ્ગિરાઃ ।।**
**કશ્યપો વામદેવોઽત્રિર્વસિષ્ઠો નારદાદયઃ ।।૧૨।।**

પુણ્ય પ્રાપ્ત કરાવનારાં, ઘણું મંગલ કરાવનારાં, ગાન કરનાર જગતના કલિ ના દોષને દૂર કરનારાં કર્મો કરીને વસુદેવના ઘરમાં નિવાસ કરનાર કાલરૂપ (ભગવાને) મોકલેલા વિશ્વામિત્ર અસિત કણ્વ દુર્વાસા ભૃગુ અંગિરા કશ્યપ વામદેવ અત્રિ વસિષ્ઠ નારદ વિગેરે મુનિઓ પિંડારક ગયા. ૧૧-૧૨.

કારણ કે લોકમાં ઉત્પન્ન થએલાએ ત્રણ દેવાં ભરપાઈ કરવાનું જરુરી હોવાથી (ભગવાને) અનિરુદ્ધ અંશથી પ્રકટ થઈ, યજ્ઞ (કરાવવા) માટે બ્રાહ્મણોને બોલાવી, તેમનાથી નિત્ય કામ્ય અને પ્રાયશ્ચિત્તરૂપ કર્મો કરી, (પોતાનાં) પહેલાનાં સ્વરૂપ અને સ્થાનને[1] તજી, પક્ષપાત અને ક્રૂરપણું ન રહે તે માટે અને કુલમાં પ્રવેશ[2] કરે તે માટે વસુદેવના ઘરમાં રહીને અને (કુલને) સંકેલી લેવા માટે સંકર્ષણ (સ્વરૂપ) પ્રકટ કરીને, (બ્રાહ્મણોમાં પોતાની) સર્વ બુદ્ધિ અને સ્વરૂપ મૂકેલ હોવાથી સંપૂર્ણ પ્રકારે મોકલેલા બ્રાહ્મણો તીર્થમાં જવાની વિધિ પ્રમાણે ઈશાન દિશામાં અમુક તીર્થે (પિંડારકે) ગયા, એવો અર્થ છે. 'પુણ્ય જ' સદા 'પ્રાપ્ત કરાવનારાં' એટલે 'યજ્ઞથી યજ્ઞની (દેવોએ પૂજા કરી)' એ ધોરણે વેદની આજ્ઞાનાં સંપૂર્ણ પાલનથી ધર્મની જ પ્રાપ્તિ (કરાવનારાં) નિત્ય (કર્મો) 'ઘણું મંગલ કરાવનારાં' એટલે પશુઓ, પુત્રો વિગેરેને આરોગ્ય પ્રાપ્ત કરાવનારાં, ભગવાનમાં દોષ ન હોવાથી (તેમણે લોકોને) બોધ આપવા કરેલાં (કર્મો) સારી રીતે કીર્તન કરવામાં ઉપયોગી થઈ ન શકે તેવા દોષોને દૂર કરવા સમર્થ (થયાં). ભગવાને મોકલેલા બ્રાહ્મણો (પિંડારક તીર્થે) ગયા તે જ (ભગવાનની) ઈચ્છા પૂર્ણ કરનારું હોવાથી કાર્ય સંપૂર્ણ થયું. (ભગવાનમાં) પ્રકટ થએલ સંકર્ષણ અંશે બ્રાહ્મણોમાં યાદવોમાં અને દેશમાં તથા કાલમાં પ્રવેશ કર્યો તેથી કાંઈ દૂષણ નથી. ૧૧.

અમુક-અમુક યજ્ઞમાં જુદા જુદા ઋષિઓનો ઉપયોગ હોવાથી, સાહાય્ય કરનારા સાથે દશ (મુનિઓ) ગણાવે છે. નારદ વિગેરે સાહાય્ય કરનારા હતા. ૧૨.

---

૧. 'પહેલાનું રૂપ' એટલે અનિરુદ્ધ સ્વરૂપ, 'પહેલાનું સ્થાન' એટલે પોતાનું મંદિર. (પ્ર)

૨. 'પ્રવેશ કરે' એટલે 'છેવટે તો અધર્મ, તથા શંકરના ક્રોધને વશ થએલા અસુરો વિગેરે' એ વાક્ય પ્રમાણે અધર્મ વિગેરે (કુલમાં) પ્રવેશ કરે તે માટે, એવો ભાવ છે. (પ્ર)

કાલનો જેમનામાં આવેશ થએલ તેવા યાદવોએ ભગવાનની ઈચ્છા પૂર્ણ થાય તે માટે બ્રાહ્મણોની અવગણના કરી એમ કથન, પ્રકાર અને છલ જણાવનાર શ્લોકોથી કહે છે. તે પૈકી નીચેના શ્લોકમાં કથન[1] કહે છે:

**ક્રીડન્તસ્તાનુપવ્રજ્ય કુમારા યદુનન્દનાઃ ॥**
**ઉપસંગૃહ્ય પપ્રચ્છુરવિનીતા વિનીતવત્ ॥૧૩॥**

યાદવપુત્ર કુમારોએ રમતાં તેમની પાસે જઈ, પ્રણામ કરી, ઉદ્ધત થઈ વિનયવાળાની પેઠે (તેઓને) પૂછ્યું. ૧૩.

'રમતાં' શબ્દથી રજોગુણનો આવેશ કહેલો છે. 'તેમની પાસે જઈ' શબ્દોથી ઉદ્ધતાઈ જણાવી છે. 'કુમારોએ' શબ્દથી તેમનામાં લાંબી દૃષ્ટિ ન હોવાનું કહેલું છે 'યાદવપુત્ર' શબ્દથી પિતા વિગેરેનું અનુમોદન ન હોવાનું જણાવેલું છે તેઓને 'ઉપસંગૃહ્ય' 'પ્રણામ કરી' શબ્દથી કુદરતી સાત્ત્વિકપણું જણાવ્યું છે 'ઉદ્ધત' વિશેષણથી તમોગુણ પ્રકટ થયાનું કહેલ છે. ભગવાને મૂકેલા બ્રહ્મતેજને[2] લીધે આકાર છૂપાવવાનું (થઈ શકયું). ૧૩.

ધન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી યજ્ઞ કરાવનાર બ્રાહ્મણો લંપટ હશે એવા વિચારથી સ્ત્રીથી છલવાનો પ્રકાર નીચેના શ્લોકમાં કહે છે:

**તે વેષયિત્વા સ્ત્રીવેષૈઃ સામ્બં જામ્બવતીસુતમ્ ॥**
**એષા પૃચ્છતિ વો વિપ્રા અન્તર્વત્ન્યસિતેક્ષણા ॥૧૪॥**
**પ્રષ્ટું વિલજ્જતી યુષ્માન પ્રબ્રૂતામોઘદર્શનાઃ ॥**
**પ્રસોષ્યન્તી પુત્રકામા કિંસ્વિત્ સઞ્જનયિષ્યતિ ॥૧૫॥**

જાંબવતીના પુત્ર સાંબને સ્ત્રીનો વેષ કરાવીને તેઓએ પૂછ્યું કે હે વિપ્રો! આ ગર્ભવંતી, તમને પૂછતાં શરમાતી, પુત્રની ઈચ્છાવાળી જણવાની તૈયારી કરતી સુંદર સ્ત્રી તમને પૂછે છે. હે સત્યદષ્ટિવાળા! કહો. આ શું જણશે? ૧૪-૧૫.

બીજા પુરાણમાં એમ કહેલું છે કે પાર્વતી સહિત[1] મહાદેવ[2] સાંબ તરીકે

---

૧. 'કથન' એટલે બ્રાહ્મણોની અવગણના કરી એમ કહેવું તે.

૨. જેમ ભગવાનના પાર્ષદોમાં ભગવાનના ગુણો પ્રવેશ કરે છે, તેમ (કુમારોમાં) ભગવાને મૂકેલા બ્રહ્મતેજને લીધે તેઓ પોતાનો આકાર છૂપાવી શક્યા. બ્રહ્મતેજ હોત તો બ્રહ્મર્ષિઓ બ્રહ્મ જાણનારા હોવાથી તેમને તે જ સમયે જ્ઞાન થાત, એવો અર્થ છે. (પ્ર) 'આકાર' એટલે મુખ ઉપરથી જણાતો મનનો વિચાર. વિનયીનો ડોળ કરી ઉદ્ધતાઈ કરે છે, એમ તેમનામાં બ્રહ્મતેજ ન હોત તો બ્રાહ્મણો તરત જ જાણત.

૧. તેથી સાંબે સ્ત્રીનો વેષ કરેલો એમ જણાય છે.

૨. મહાદેવ જ સંહાર કરનાર હોવાથી તે (બ્રાહ્મણોને શાપ આપવા) પ્રેરે તે યોગ્ય છે એવો ભાવ

અવતરેલા. માતાના[3] નામથી તો પ્રમાદીપણું (જણાવેલું છે). આ ગર્ભવંતી અને સુંદર સ્ત્રી 'વઃ' તમને વાસ્તવિક રીતે એમ પૂછે છે કે હું શું જણીશ? ૧૪.

પંદરમા શ્લોકમાં છલ કહે છે. તેમાં (પૂર્વાર્ધનાં) બે વાક્યો અને ઉત્તરાર્ધ એવાં ત્રણ વાક્યો છે. ('પૂછતાં શરમાતી' એટલે) બારોબાર પૂછતાં શરમાતી. 'કહો' શબ્દથી પોતાની (કુમારોની) પ્રાર્થના (કહેલી છે). પૂર્વાર્ધના બે પાદોથી બંનેની ઈચ્છાને પૂર્ણ કરવાનું (કહેલું છે). ભાવ[4] સ્પષ્ટ છે. ૧૫.

ખોટાં નિમિત્તનો આધાર લઈ, શ્રીકૃષ્ણના આવેશવાળા (બ્રાહ્મણો)એ શાપ આપ્યો, એમ (નીચેના શ્લોકમાં) કહે છેઃ

**એવં પ્રલબ્ધા મુનયસ્તાનૂચુઃ કુપિતા નૃપ ।।**
**જનયિષ્યતિ વો મન્દા મુસલં કુલનાશનમ્ ।।૧૬।।**

હે નૃપ ! એ રીતે ઠગાએલા મુનિઓએ કોપ કરી તેઓને કહ્યું કે હે મૂર્ખો ! તમારાં કુલનો નાશ કરનારાં મુસલને (તે) જણશે. ૧૬.

એ રીતે પરીક્ષારૂપ ઉપહાસવાળી વાણીથી ઠગાએલા (મુનિઓએ કહ્યું). વૃત્તાંતનું[1] જ્ઞાન થવાનું કારણ મનન હતું. તેમ (વૃત્તાંતનું જ્ઞાન) ન હોય તો થોડો અપરાધ થતાં ભારે સજા કરવી અયોગ્ય થાય, અને તેઓ થોડી સજા કરે તો પણ કરેલી હોવાથી (તેઓને થએલ) દંડ જણાવ્યો હોત, અને મુનિઓ અહંકારી થાત (ગણાત). અંતે ક્રોધને વશ થએલા જ (મુનિઓ ભગવાનની) વિભૂતિરૂપ હોવાથી 'કોપ કરી' એમ કહેલું છે. 'તમારાં કુલનો નાશ કરનારાં'માં આધાર રાખવાનો જરુરી હોવાથી અસમર્થ[2] સમાસ છે. મુનિઓમાં કોપના આવેશના લીધે અજ્ઞાને પ્રવેશ કરેલો હોવાથી 'મન્દાઃ' 'હે મૂર્ખો' એવું સંબોધન કરેલું છે. 'બુદ્ધિ વિનાના' એવો તેનો અર્થ છે. અથવા 'અમન્દાઃ' શબ્દ લેવો. વિનાશ થાય તે માટે

---

છે. (પ્ર)

૩. જાંબવતી રીંછની પુત્રી હતી, તેથી તેનો પુત્ર પ્રમાદી હોય એમ સૂચવાય છે. તેમ ન હોત તો આ વેષ સાંબ ન લેત. (પ્ર) વેષ લેવાનું કારણ નોટ ૧ પ્રમાણે હોવાનું જણાય છે.

૪. છલ કરી બ્રાહ્મણોની મશ્કરી કરે છે, એવો ભાવ સ્પષ્ટ છે, એવો અર્થ જણાય છે.

૧. ભગવાનની યાદવકુલને સંકેલી લેવાની ઈચ્છા છે, એ વૃત્તાંતનું, એવો અર્થ જણાય છે. એવાં જ્ઞાન વિના માત્ર બાલકોએ કરેલી હાંસીને લીધે આવો ભારે શાપ આપે તે અયોગ્ય ગણાય. ભગવદીયોને આવી સજા કરે તો તેમને જ દંડ થાય અને તેઓ અહંકારી ગણાય.

૨. અસમર્થ સમાસ એટલે જે સમાસમાં શબ્દોની ગોઠવણી જેવી જોઈએ તેવી ન હોય તેવો સમાસ. 'કુલનાશન' સમાસને 'વઃ' 'તમારાં ઉપર' સદા આધાર રાખવો પડતો હોવાથી આને તેવો સમાસ કહેલો જણાય છે.

'ઉતાવળીઆ' એમ કહ્યું[3]. તામસને બદલે આ રાજસ ભાવ છે એટલો ભેદ છે[4]. અથવા ચોખાની પેઠે 'નજીવા' એવો તેનો ('મન્દાઃ'નો અર્થ લેવો)[5]. તેથી જ 'જંગમ તથા સ્થાવરને પોતાની અંદર સમાવતા હોવાથી ભોજન કરનાર છે' એ બ્રહ્મસૂત્ર પ્રમાણે[6] ભગવાનનું ભોજન તૈયાર કરનારું મુસલ તમારા કુલનો નાશ કરનારું અને નાશરૂપ ફલ પાકવાની તૈયારી હોવાનું (જણાવનારું)[7] છે. જેમ ચોખા માત્રનો નાશ કરનારું છે, તેમ યાદવોનાં કુલનો નાશ કરનારું છે, એ તેના સ્વભાવનું કાર્ય છે. આમ હોવાથી[8] સમાસમાં દોષ રહેતો નથી. માહાત્મ્ય હોય ત્યારે ફલની પેઠે ભોગ થાય, હલકાઈ હોવાથી ચોખાના પ્રકારથી ભોગ થાય, એટલો ભેદ છે. વળી યાદવો ભગવાનનાં ગૌરવને જાણતા ન હતા, તેથી આ સંબોધન કરેલું છે. તેથી જ ભવિષ્યમાં ઉદ્ધવના પશ્ચાત્તાપમાં તેઓ અકૃતાર્થ રહ્યા એવા વિચારથી જ તેઓની નિંદા થવાનું ઘટે છે. થોડુંક તો તેનું પણ અજ્ઞાન હતું. મુસલના વિષયમાં તેને બાળી નાખવું વિગેરેનો સંભવ હોવાથી, તે લોઢાનું હોવાનું છતાં તેમ કહેલું નથી, કારણ કે (તે) જોઈને જ જણાય તેવું હતું. તેથી યજ્ઞપુરુષના અમુક આયુધરૂપ મુસલની ઉત્પત્તિ જણાવનારું વચન શાપ હતું, એમ સિદ્ધ થયું. ૧૬.

નીચેના શ્લોકથી આરંભી સાત શ્લોકોથી ત્યાર પછીની કથા કહે છે. ૧.શાપના વિષય (મુસલ)નું દર્શન ૨.તેને ઘેર લઈ જવાનું ૩.રાજાને જણાવવું ૪.લોકને ભય (થવો) ૫.તે ભય દૂર કરવા માટે મુસલનો નાશ (૬।૭) અંશો અને અંશી વિષે ઉપયોગ થવા તેનાં બે સ્વરૂપો (થવાં), એવા તે (શ્લોકો)ના અર્થો છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં શાપના વિષયનું દર્શન (થયાનું) કહે છેઃ

**તચ્ છ્રુત્વા તેઽતિસન્ત્રસ્તા વિમુચ્ય સહસોદરમ્ ।।**
**સામ્બસ્ય દદૃશુસ્તત્ર મુસલં ખલ્વયસ્મયમ્ ।।૧૭।।**

---

૩. જેમ બાલકોએ મુનિઓને છલવાક્ય કહ્યું, તેમ મુનિઓએ પણ ભવિષ્યમાં જે (કુલનો નાશ) થનાર છે, તે માટે આ ઉતાવળા થયા છે, એમ ઉપહાસ કરવા અમંદાઃ 'ઉતાવળીઆઓ' એવું સંબોધન કર્યું, એવો અર્થ છે. (પ્ર)

૪. 'બુદ્ધિ વિનાના' કહેવાથી તમોગુણવાળા જણાય. 'ઉતાવળીઆ' કહેવાથી રજો ગુણવાળા જણાય. એટલો ભેદ છે. (પ્ર)

૫. સત્ત્વ ગુણવાળા જણાય તેવો 'મન્દાઃ'નો અર્થ 'નજીવા' કરે છે. (પ્ર)

૬. ચોખા (ખોરાક) જેવા જ (યાદવો છે), એવો અર્થ ઈચ્છેલો હોવાથી, તેવો અર્થ જણાવનારું પ્રમાણ કહેલું છે, અને તેવો અર્થ હોવાનું સમર્થન કરે છે (પ્ર)

૭. કારણ કે ચોખા (ખોરાક)ની સમાન ઔષધિઓ તેવી હોય છે, એવો ભાવ છે. (પ્ર)

૮. આમ હોવાથી એટલે (બીજા શબ્દ ઉપર) આધાર રાખવાનું હોવાથી.(પ્ર)

તે સાંભળીને ઘણો ભય પામેલા તેઓએ સાંબનું ઉદર તરત જ છોડીને તેમાં ખરેખર લોઢાનું મુસલ જોયું.૧૭.

કાર્ય (મુસલ) ઉત્પન્ન થયું ત્યારે સંકર્ષણનો અંશ (કુમારોમાંથી) નીકળી જવાથી, સર્વનો નાશ થવાના જ્ઞાનને લીધે (તેમને) ઘણો ભય થયો. બ્રાહ્મણો (થવાનો નાશ) જણાવનારા હોવાથી (તેમને) પશ્ચાત્તાપ થયો નહિ[1]. તેઓનું વચન સત્ય હોવાનો નિશ્ચય હોવાથી સંવાદ[2] પહેલાં જ (કુમારોને) ભય ઉત્પન્ન થયો. (ભયથી) ચેતનારહિત થવાથી મરવા પડેલા જેવા[3] સાંબ (ના ઉદરનું બંધન) છોડીને (કુમારોએ) જોયું. ઉદર ઉંચું (જણાય તે) માટે પોલાણવાળું બંધન કરેલું, તેમાં તે (મુસલ)ની જગ્યા પ્રકટ થઈ, તેવી (જગ્યા) ઉદર છે એવી ભાવનાથી અથવા (સાંબની) નાભિ દ્વારા (મુસલ તેમાં) પ્રકટ થયું. તેમ (થયું) ન હોય, તો 'જણશે' (શ્લો.૧૬) એ વચન ખોટું ઠરે. 'શબ્દો આકાર જણાવનારા છે' એ નિયમ પ્રમાણે લોઢાનું હોવા છતાં (તે) મુસલ હતું. બાળવાનો વિગેરે ઉપાય ન થાય તે માટે તેવું (લોઢાનું) હતું. ભગવાનનો આવેશ[4] થએલ હોવાથી એક પછી એક દરેક શ્લોકના અર્થ પ્રમાણે કાર્ય (કરતા હતા). લોઢું મૃત્યુરૂપ છે એવો નિર્ણય 'સીસાંથી હીજડાથી..' એ શ્લોકમાં કરેલો છે. ૧૭.

ઈશ્વરની ઇચ્છાથી અનુચિત(મુસલ)ને પણ ઘેર લઈ ગયા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કિં કૃતં મન્દભાગ્યૈર્નઃ કિં વદિષ્યન્તિ નો જનાઃ ।।**

---

૧. 'થોડો અપરાધ હોવા છતાં ભારે શિક્ષા કરનાર બ્રાહ્મણોને પાછળથી દુઃખ કેમ ન થયું ?' એવી શંકા થાય તેથી આ કહેલ છે. ભવિષ્યમાં નાશ થવાના કારણરૂપ ભગવાનની ઈચ્છા જણાવનારા તેઓ હોવાથી (દુઃખ ન થયું), એવો અર્થ છે. (પ્ર)

૨. 'સંવાદ' એટલે સત્ય ઠરવું. ઉદર છોડી મુસલ જોયું એટલે બ્રાહ્મણોનું વચન સત્ય ઠર્યું; પરંતુ તે સત્ય જ હોય એવો નિશ્ચય હોવાથી, તે છોડયા પહેલાં જ તેઓ ઘણો ભય પામેલા, એમ શ્લોક માં 'અતિસન્ત્રસ્તાઃ' 'ઘણો ભય પામેલાએ' શબ્દ 'વિમુચ્ય દદશુઃ' 'છોડીને (મુસલ) જોયુ' શબ્દો પહેલા લખેલ હોવાથી કહેલ છે.

૩. મુસલ જડ હોવાથી, પોતે બહાર નીકળી શકે તેમ ન હોવાથી, જેવો મરવા પડેલો ગર્ભ દેખાય તેવું (હતું), એવો અર્થ છે. (પ્ર) આ અર્થ બરાબર જણાતો નથી 'મ્રિયમાણસ્ય' એમ છઠ્ઠી વિભક્તિ યોજેલી છે. 'મરવા પડેલ જેવાનું છોડીને' એવા શબ્દો હોવાથી સાંબને જ 'મરવા પડેલા જેવો' કહેલો છે. તેથી જ તે (ભયથી) જડ જેવો હતો.

૪. 'ભગવાનનો આવેશ' એટલે સંકર્ષણનો આવેશ. (પ્ર) સંકર્ષણ અંશ તો નીકળી ગયાનું ઉપર કહેલું છે. તેથી ભગવાનની ઈચ્છા પ્રમાણે સર્વ થાય તે માટે ભગવાનનો જ આવેશ થએલ હોવાનું સંભવે છે.

**ઇતિ વિહ્વલિતા ગેહાનાદાય મુસલં યયુઃ ।।૧૮।।**

આપણાં મંદ ભાગ્યોએ શું કર્યું? માણસો આપણને શું કહેશે? એવી રીતે વિહ્વલ મુસલને લઈ ઘરોએ ગયા. ૧૮.

(આમ થવાનો) જણાએલ પ્રકાર ન હોવાથી ભાગ્યોએ જ (આમ) કર્યું; અથવા બીજા (કુમારો) પહેલાં સાક્ષી તરીકે રહેલા, તેઓનું વચન છે કે ''મંદ ભાગ્યવાળા 'નઃ' આપણા સંબંધીઓએ (આ શું કર્યું?)'' બહારથી ભગવાન્ સાથે રહેવું ઉત્તમ છે, પરંતુ અવ્યક્તમાં[1] પ્રવેશ (થવો) ઉત્તમ નથી. તેથી (ભાગ્ય) મંદ છે. વળી લોકમાં નિંદા વધારાની (થશે). શું કરવું તેનું ભાન ન હોવું એ વિહ્વલપણું. (મુસલ) ઘણું આશ્ચર્યકારક હોવાથી દેખાડવા માટે જુદા જુદા ઘેર રાખતા, તેથી 'ઘરોએ' એમ કહેલું છે. ૧૮.

('કુલને માટે) એકનો ત્યાગ કરવો' એ નિયમ પ્રમાણે તે (સ્ત્રી સાંબ)નો જ ત્યાગ કરવો જોઈએ, અથવા મુસલનો ત્યાગ (કરવો) યોગ્ય હતો, અથવા ભગવાનને જણાવવું હતું. (તે) ત્રણે ન કરતાં, તેઓએ રાજાને જણાવ્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તચ્ચોપનીય સદસિ પરિમ્લાનમુખશ્રિયઃ ।।**
**રાજ્ઞ આવેદયાઞ્ચકુઃ સર્વયાદવસન્નિધા ।।૧૯।।**

અને તેને સભામાં લઈ જઈ કરમાઈ ગએલી મુખની શોભાવાળા (કુમારોએ) સર્વ યાદવોની સમક્ષ રાજાને જણાવ્યું. ૧૯.

સાંબ નિમિત્ત થએલ હોવાથી ભયને લીધે શ્રીકૃષ્ણને જણાવ્યું નહિ. 'તેને' એટલે મુસલને, અને 'અને' શબ્દ હોવાથી સાંબને, રાજાના મંદિરમાં ન્યાયનો વિચાર કરનારી સભાનું સ્થાન (હોય છે). (તે) સભામાં, રાજા શિક્ષા કરશે એવા ભયથી પણ સંપૂર્ણ રીતે કરમાઈ ગએલી હતી મુખની શોભા જેઓની તેવા (કુમારો લઈ ગયા). રાજાની સભામાં ઉગ્રસેન પણ યાદવો સાથે રહેતો. એવી રીતે રાજાને જણાવતાં, તે સર્વને જણાએલું થયું, અને તેવી રીતે સર્વને વૈરાગ્ય (થાય તે) યોગ્ય હતું. પરમ કૃપાવાળા ભગવાનનું એક કાર્ય અનેક પ્રયોજન સિદ્ધ કરનારું હોય છે, તેથી અવતાર ધારણ કરેલા અંશોને સાયુજ્ય અથવા બ્રહ્મભાવ આપવો યોગ્ય હોવાથી (ભગવાને) એ પ્રમાણે કર્યું. ૧૯.

વળી શાપના રૂપથી પ્રકટ થએલા મુસલનો નાશ થવાનું સંભવતું ન હતું. ગુરુ અને ફલરૂપ ભગવાન્ હતા, છતાં પણ જ્ઞાન અથવા પૂજા વિગેરે દ્વારા (તેઓએ) મોક્ષ (પ્રાપ્ત કરવા)નો પ્રયત્ન ન કર્યો, પરંતુ બધા લોકો ઘણો ત્રાસ જ

૧. 'અવ્યક્ત' એટલે પ્રકૃતિ અથવા અક્ષર. (પ્ર) અક્ષર યોગ્ય જણાય છે.

પામ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**શ્રુત્વાઽમોઘં વિપ્રશાપં દૃષ્ટ્વા ચ મુસલં નૃપ ।।**
**વિસ્મિતા ભયસન્ત્રસ્તા બભૂવુર્દ્વારકૌકસઃ ।।૨૦।।**

હે નૃપ ! મિથ્યા ન થાય તેવા વિપ્રોના શાપને સાંભળીને અને મુસલને જોઈને દ્વારકાના લોકો વિસ્મય પામ્યા અને ભયથી ત્રાસી ગયા. ૨૦.

શાપ સાથે મળતું આવતું મુસલ હતું. (મુસલને) મળતું આવે તેવું સાંભળવા છતાં પણ તેઓને સત્ય જ્ઞાન ન થયું, પરંતુ આશ્ચર્ય રસમાં તેનો ઉપયોગ કર્યો, સંશયવાળા (વિષય)માં ભય થયો. દેશનો દોષ ન હતો એમ જણાવવા 'દ્વારકાના લોકો' એમ કહેલું છે; અને તે પ્રમાણે કોઈની પણ અલૌકિક (કાર્ય)માં પ્રવૃત્તિ થઈ નહિ એમ સિદ્ધ થયું. ૨૦.

લૌકિક ઉપાય તો રાજાએ કર્યો, એમ નીચેના શ્લોકમાં કહે છે :

**તં ચૂર્ણયિત્વા મુસલં યદુરાજઃ સઆહુકઃ ।।**
**સમુદ્રસલિલે પ્રાસ્યલ્ લોહં ચાસ્યાવશેષિતમ્ ।।૨૧।।**

આહુક સહિત યાદવના રાજાએ તે મૂસલનું ચૂર્ણ કરાવીને, અને આના બાકી રહેલા લોઢાને સમુદ્રના જલમાં નાખ્યાં. ૨૧.

'તત્' એવો પાઠ હોય ત્યારે, 'તત્' શબ્દનો (એવો અર્થ છે કે) સમૂહથી (યાદવોના સમૂહના નાશ માટે) ઉત્પન્ન થએલું (મુસલ) જે પ્રકારે દરેકના નાશ કરવા)માં પરિણમે તે પ્રકારે (તેના) જુદા જુદા અંશો કરાવ્યા. 'આહુક સહિત' શબ્દથી (એમ કહેલું છે કે) વૃદ્ધોની સંમતિથી (એમ) કરેલું. પિતા સહિત રાજાએ 'સમુદ્રના જલમાં' એટલે ખારા જલમાં (તેનો) નાશ થાય તે માટે નખાવ્યું. 'બાકી રહેલા' એટલે જેનું ચૂર્ણ કરવું અશક્ય હતું તેવા (લોઢાના) કટકાને. લૌકિક ઉપાયથી તે (મુસલ)નો નાશ કર્યો. ૨૧.

તે વિરુદ્ધ (પરિણામવાળું) થયું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**કશ્ચિન્મત્સ્યોઽગ્રસીલ્ લોહં ચૂર્ણાનિ તરલૈસ્તતઃ ।।**
**ઉહ્યમાનાનિ વેલાયાં લગ્નાન્યાસન્ કિલૈરકાઃ ।।૨૨।।**

કોઈક માછલું (તે) લોઢાને ગળી ગયું. પછી તરંગોથી ઘસડાતાં ચૂર્ણો કિનારા ઉપર ચોંટ્યા, (અને તે) ખરેખર એરકા થયાં. ૨૨.

કારણ કે બ્રાહ્મણનાં વચનરૂપ મુસલના ચૂર્ણો સમુદ્રમાં ડૂબે નહિ. બાકી રહેલા લોઢાને ગળવાનું તો ત્યાર પછીના પ્રયોજન માટે થયું, પરંતુ તે પણ સમુદ્રમાં ડૂબ્યું ન હતું. વળી લોઢું ખાવાનો પદાર્થ નથી.

(લોકના) જાણવામાં ન આવે તે માટે (ભગવાને) તેવો ઉપાય (કરેલો).

તદ્દન સત્ત્વ વિનાનું એરકા ઘાસ સાદડી (બનાવવા)માં ઉપયોગમાં આવે છે. કિનારા ઉપર ચોટેલ હોવાથી રેતીમાં મૂલ વિનાનું હોય તેમ (તે ઉગેલું). લોઢાનું ચૂર્ણ એરકા બન્યું તેમાં લૌકિક યોગ્યતા પૂછવામાં આવે, તેથી 'કિલ' 'ખરેખર એમ કહેલું છે. ઋષિઓની તેવી પ્રસિદ્ધિ જ હતી. બરોબર ઉપયોગ થાય ત્યાં સુધીનો સંબંધ કહેવો જોઈએ, તે ચૂર્ણોનો કહ્યો. ૨૨.

(નીચેના શ્લોકમાં લોઢાના બાકીના કટકાને) બાણનો (સંબંધ થયો તે) કહે છેઃ

**મત્સ્યો ગૃહીતો મત્સ્યઘ્નૈર્જાલેનાન્યૈઃ સહાર્ણવે ।।**
**તસ્યોદરગતં લોહં સ શલ્યે લુબ્ધકોऽકરોત્ ।।૨૩।।**

માછીમારોએ બીજાં (માછલા)ઓ સાથે (તે) માછલું જાળ વડે પકડ્યું. તેનાં ઉદરમાં ગએલાં લોઢાનો તે પારધિએ બાણમાં ઉપયોગ કર્યો. ૨૩.

તે (પારધિ) એટલે કાલકન્યારૂપ (પારધિ). આ પ્રયોજન માટે જ કાલ-કન્યાએ જરારૂપથી[1] અવતાર લીધેલો. કાલ સંકર્ષણ અંશના આસનરૂપ હોવાથી તે (સંકર્ષણ અંશ)ની સ્વરૂપમાં સ્થિતિ[2] થાય તે માટે તે આસન તે કન્યાએ (સંકર્ષણ અંશને) આપ્યું. આવેશ જતો રહ્યો, ત્યારે તો પારધિને પશ્ચાત્તાપ થયો. બાકીનું સ્પષ્ટ છે. ૨૩.

નીચેના શ્લોકમાં ઉપર કહેલાંનો ભગવાનનાં ચરિત તરીકે ઉપસંહાર કરતાં (તેને) દૃઢ કરે છેઃ

**ભગવાન્ જ્ઞાતસર્વાર્થ ઈશ્વરોપિ તદન્યથા ।।**
**કર્તું નૈચ્છદ્ વિપ્રશાપં કાલરૂપ્યન્વમોદત ।।૨૪।।**

ભગવાન્ સર્વ વૃત્તાંત જાણનાર (અને) તે વિપ્રોના શાપને ખોટો પાડવા શક્તિમાન હોવા છતાં, તે તેમણે (તેમ કરવાની) ઈચ્છા ન કરી, (અને) કાલરૂપવાળા થઈ (તેનું) અનુમોદન કર્યું. ૨૪.

'ભગવાન્' શબ્દથી પૂર્ણ હોવાથી સર્વ કરનાર હોવાનું કહ્યું. તેથી એમ કહેવાયું કે આ સર્વ ભગવાનનું ચરિત્ર છે. (શાપનો) લૌકિક નિરાસ કરવાના સંબંધમાં તો એમ કહેલું છે કે અજ્ઞાન અને અશક્તિ (નિરાસ ન કરવાનાં) કારણ ન હતાં, પરંતુ સંકર્ષણપણું (સંકર્ષણસ્વરૂપ) જ (કારણ હતું). તે વિષયમાં સાંબ અપરાધી હોવાથી ભયને લીધે ભગવાનને કોઈએ પણ જણાવ્યું નહિ, છતાં પણ

૧. 'જરા' એટલે ઘડપણ. આ પારધિનું નામ 'જરા' હતું.
૨. 'સ્વરૂપમાં સ્થિતિ' એટલે મુક્તિ. અવતાર માટે ધારણ કરેલ દેહનો ત્યાગ એવો અર્થ જણાય છે. આ આસુરવ્યામોહલીલા ભગવાનના સંકર્ષણઅંશનું ચરિત્ર છે.

ભગવાન્ પોતાની મેળે જ સર્વ વૃત્તાંત જાણનાર હતા. જો તેઓએ ઉદ્ધવની પેઠે (શાપથી) મુક્ત થવા પ્રયાસ કર્યો હોત, તો ભગવાન્ (તે) ખોટો પાડવા પણ શક્તિમાન હતા. 'ભગવાને પોતાની મેળે જ એવી રીતે તેને ખોટો કેમ ન પાડ્યો?' એવી શંકા થાય; તેથી 'તેમણે તેને ખોટો પાડવાની (તેમ કરવાની) ઈચ્છા ન કરી' એમ કહેલું છે. કારણ કે પોતાના અંશો અંશરૂપ રહે તેમાં અથવા (પોતામાં) ભળી જાય તેમાં જે સ્થિતિ (તે સમયે) હતી તે રહેવાની ન હોવાનું સમાન હતું. માત્ર (રહેવાના) પ્રકારમાં ભેદ હતો. તેથી હવે વાસુદેવનું કાર્ય કરવાનું ન હોવાથી, (તેને) ખોટો પાડવાની ઈચ્છા ન કરી. તેનું કારણ 'કાલરૂપવાળા થઈ' શબ્દથી (કહેલું છે). તે (કાલરૂપ)નું વિપ્રોના શાપરૂપ થવું, એ (તેણે) પ્રાપ્ત કરવાનું રૂપ પહેલાં (કહેલ તે)ની[1] સાથે સંબંધવાળું છે. 'શક્તિમાન હોવા છતાં' (તેમ કરવાની ઈચ્છા ન કરી). તેવા (શક્તિમાન) ન હોય તો, (શ્લોકમાંનો) 'ઈશ્વર' શબ્દ અર્થ વિનાનો થાય. ઈશ્વરના અનુમોદનથી સેવકોએ કરેલું દઢ થાય છે, તેથી (અનુમોદન કર્યું). તેથી (ભગવાને) વૈરાગ્ય થાય, તે માટે (આ) ઉપાય કર્યો એમ સિદ્ધ થાય છે. ૨૪.

**ઈતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીના**
**અગીઆરમા સ્કંધનાં વિવરણમાં**
**પહેલો અધ્યાય સંપૂર્ણ.**

૧. 'પહેલાં (કહેલ તે)' એટલે (ભગવાનનું) સત્ય ઈચ્છાવાળા હોવું તે, એવો અર્થ છે. (પ્ર)

# અધ્યાય બીજો

## વસુદેવજીના પૂછવાથી નારદજીએ નિમિરાજા અને યોગેશ્વર નો સંવાદ કહ્યો.

**વૈરાગ્યહેતૌ સંસિદ્ધે હૃદયે રાગસમ્ભવાત્ ।।**
**આન્તરસ્ય બલિષ્ઠત્વાન્ન વૈરાગ્યં ફલિષ્યતિ ।।૧।।**

[૧]વૈરાગ્ય થવાનું કારણ સારી રીતે પ્રાપ્ત થયું ત્યારે હૃદયમાં રાગ (હોવાનું) સંભવતું હોવાથી (અને) અંદરનો (રાગ) સર્વથી બલવાન હોવાથી, વૈરાગ્ય ફલતો નથી. કા.૧.

**પૂર્વં ગુરુસ્તથા શાસ્ત્રં વક્તવ્યં મુક્તિહેતવે ।।**
**ગુરુર્હરિર્ભક્તિમાર્ગસેવકો વિહિતો મહાન્ ।।૨।।**

મુક્તિના પ્રયોજનવાળાને પહેલાં ગુરુ જોઈએ, અને શાસ્ત્રનો ઉપદેશ કરવો જોઈએ[૧]. [૨]ગુરુ હરિ છે. ભક્તિમાર્ગનો સેવક ઉત્તમ અધિકારી જણાવેલો છે. કા.૨.

**ભગવદ્વચનં શાસ્ત્રં સેવકાનાં તુ સેવકે ।।**
**પ્રપન્ન એવાધિકારી શાસ્ત્રમાર્ગેણ યો ભવેત્ ।।૩।।**

ભગવાનનું વચન શાસ્ત્ર છે[૨]. [૩]સેવકોમાં તો જે શાસ્ત્રના માર્ગે સેવકના આશ્રયવાળો થાય તે જ અધિકારી છે[૩]. કા.૩.

**કેવલેન નિરોધેન નિરુદ્ધા યે ન તે તયા ।।**
**જ્ઞાનેન સહિતૌ તસ્માદ્ વસુદેવોદ્ધવૌ મતૌ ।।૪।।**

માત્ર નિરોધથી જેમને પોતાની અંદર રાખેલા છે, તેઓ તેવા નથી[૪]. તેથી

---

૧...૧. ગયા અધ્યાયની અને આ અધ્યાયની સંગતિ આ દોઢ કારિકાથી દર્શાવે છે. 'આન્તરસ્ય' એટલે અંદરનો. (પ્ર)

૨...૨. બીજા (ઉદ્ધવની મુક્તિનાં) પ્રકરણના ગુરુ અધિકારી અને શાસ્ત્ર આ ભાગથી કહેલાં છે. 'શાસ્ત્રમાર્ગીય અધિકારી' શબ્દો અધ્યાહાર છે. (પ્ર)

૩...૩. આ ભાગથી પહેલાં (વસુદેવની મુક્તિના) પ્રકરણના ગુરુ અધિકારી અને શાસ્ત્ર કહેલાં છે. (પ્ર)

૪. 'વ્રજવાસીઓની પણ મુક્તિ થઈ છે. તેઓને અહિં કેમ જણાવ્યા નથી?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'માત્ર ભાવથી (ગોપીઓ, ગાયો, પક્ષીઓ પશુઓને ભગવાનની પ્રાપ્તિ થઈ)' એ વાક્ય પ્રમાણે તેમની મુક્તિ માત્ર નિરોધથી થએલી. તેથી મુખ્ય હોવાથી તે કહેલા નથી. (પ્ર)

જ્ઞાનવાળા વાસુદેવ અને ઉદ્ધવનો અહિં મુક્તિ પ્રકરણમાં વિચાર કરેલો છે. કા.૪.

**વસુદેવસ્ય સંસિદ્ધં બીજં ચ જ્ઞાનકર્મણી ।।**
**શાસ્ત્રેણાચાર્યરાહિત્યાન્ન જ્ઞાનં ફલતિ સ્ફુટમ્ ।।૫।।**

અને વસુદેવને મુક્તિનાં બીજ જ્ઞાન અને કર્મ સારી રીતે પ્રાપ્ત થએલ છે. શાસ્ત્ર પ્રમાણે (તે) આચાર્ય વિનાનો હોવાથી જ્ઞાન ફલ આપતું નથી[૫] એ સ્પષ્ટ છે. કા.૫.

**ઉદ્ધવસ્ય પ્રપત્તિસ્તુ મહતી લૌકિકત્વતઃ ।।**
**ગોપિકાજ્ઞાનસન્દેશસ્તસ્યા એવ તુ પોષકઃ ।।૬।।**

ઉદ્ધવને તો ભગવાનનો ઘણો આશ્રય હતો. ગોપીઓને જ્ઞાન આપવાનો સંદેશ તો લૌકિકપણાને લીધે તેનું જ પોષણ કરનાર હતો[૬]. કા.૬.

**નિરોધઃ સુદૃઢઃ કૃષ્ણે મમતાસહિતો મહાન્ ।।**
**અતોઽત્ર વસુદેવસ્ય મમતાનાશનં યથા ।।૭।।**
**અહન્તા તૂદ્ધવસ્યાપિ યથા નશ્યેત્તથા કથા ।।૭ાા.।।**

શ્રીકૃષ્ણમાં મમતા સાથેનો બહુ દૃઢ નિરોધ ઘણો હતો. તેથી જે પ્રકારે વસુદેવની મમતાનો નાશ થાય, (અને) જે પ્રકારે ઉદ્ધવની અહંતાનો નાશ થાય તે પ્રકારે અહિં કથા (કહેલી) છે[૭]. કા.૭ાા.

તે સંબંધમાં આરંભમાં ભગવાનના ગુણોથી વસુદેવને ભગવાનનું સાયુજ્ય (પ્રાપ્ત થયાનું) કહેવા, (તેમનામાં) શ્રીકૃષ્ણ ઉપર દૃઢ મમતા હોવાથી

---

૫. 'ભગવાન્ હતા, છતાં વસુદેવ અને નારદનો સંવાદ શા માટે ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. તેમની મુક્તિનું બીજ ૧૦।૩।૪૫માં સૂચવેલું કૃપારૂપ છે. સાત્ત્વિક પ્રકરણમાં કહેલી પ્રપત્તિ વિગેરેરૂપ જ્ઞાન અને કર્મ તેમને સિદ્ધ થયાં છે. (પ્ર) વસુદેવને ભગવાને જ્ઞાન ગુણ પ્રકરણના પહેલા અધ્યાયમાં આપેલું જણાય છે. જૂઓ ૧૦।૮૧।૨૨ થી ૨૫, પણ ગુરુપણું સ્વીકારેલું નથી. તેમણે કર્મ કરેલાં તે માટે જૂઓ ૧૦।૮૧।૪૨ થી ૫૯.

૬. 'ભગવાન્ અને ઉદ્ધવનો સંવાદ આ સ્કંધમાં કેમ કહ્યો છે ? ભગવાને ઉદ્ધવને ગોપીઓ પાસે સંદેશ લઈ મોકલ્યો ત્યારે જ્ઞાન આપેલ હતું, તેથી ફરી ઉપદેશ કરવાનું શું પ્રયોજન ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. ઉપદેશ ગોપીઓ માટે આપેલ હોવાથી લૌકિક થઈ, તેણે આશ્રયનું પોષણ કર્યું, પણ ફલ આપ્યું નહિ. તેથી ફરી સંવાદથી (જ્ઞાન આપ્યું) (પ્ર).

૭. 'વેદમાં મોક્ષ પ્રાપ્ત કરાવનાર જ્ઞાન જ હોવાનું કહેલ છે. અહિં (વસુદેવ તથા ઉદ્ધવને) તે થએલ. અકસ્માતથી પણ સ્પર્શ થએલ અગ્નિ બાળે છે જ, એ નિયમ પ્રમાણે જ્ઞાનથી જ તેઓને મોક્ષ થવો જોઈએ. વસુદેવને ગુરુ ન હતા, અને ગોપીઓ માટે ઉદ્ધવને જ્ઞાન આપેલ એ કાંઈ મુક્તિને અટકાવી શકે નહિ' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. મોક્ષમાં વિદ્વાનરૂપ અહંતા તથા મમતા દૂર થાય, એ જ આ ઉપદેશનાં પ્રયોજન છે. (પ્ર)

અને બીજે (શ્રીકૃષ્ણરહિત સ્થાનમાં) તે રહેતા નહિ હોવાથી (તેમને) ગુરુનો આશ્રય થાય તે માટે ભગવાને નારદને (તેમના) ગુરુ તરીકે વિચાર્યા[૮]. તે (નારદ) (ત્યાં) રહેતા એમ (નીચેના શ્લોકમાં) કહે છેઃ

**ગોવિન્દભુજગુપ્તાયાં દ્વારવત્યાં કુરુદ્વહ ।।**
**અવાત્સીન્નારદોભીક્ષ્ણં કૃષ્ણોપાસનલાલસઃ ।।૧।।**

હે ઉત્તમ કૌરવ ! વારંવાર શ્રીકૃષ્ણની સેવા કરવાની તીવ્ર ઈચ્છાવાળા નારદ ગોવિંદની ભુજાઓથી રક્ષાએલી દ્વારકામાં રહેતા હતા. ૧.

કારણ કે શ્રીકૃષ્ણની સેવા (કરવા)માં દૈત્યો અને પાપો (એવાં) ઘણાં વિઘ્નો થાય છે. તે પૈકી પાપો નારદને ન હોવા છતાં પણ બહારના અને અંદરના પ્રકારના દૈત્યો વિક્ષેપ કરનારા હતા. વળી પ્રકટ ભગવાનની સેવા કરવી જોઈએ ત્યાં[૯] આધ્યાત્મિક વિગેરે દૈત્યો હૃદયમાં રહેતા હોવાથી ભગવાન્ પ્રકટ હોવા છતાં (તેમની) સેવા (થવાનું) સંભવતું નથી. અહિં (દ્વારકામાં) તો યાદવોરૂપ ભગવાનની ભુજાઓ થી રક્ષાએલી (નગરી)માં દૈત્યોનો પ્રવેશ ન હોવાથી, અને 'દ્વારકામાં' એટલે ભગવાન્ પાસે જવાના સ્થાનમાં સ્વાભાવિક રીતે દૈત્યો રહેતા નહિ હોવાથી (નારદ રહેતા હતા). 'નરાણામ્' જીવોના સમુહનું 'દ્યતિ' ખંડન કરે તે નારદ. બ્રહ્મભાવ પ્રાપ્ત કરાવનાર, એવો અર્થ છે. કહેલા વિષયમાં વિશ્વાસ રહે તે માટે સંબોધન કરે છે, એમ અમે વારંવાર કહેલું છે. કોઈક સમયે (ભગવાન્) વૈકુંઠ પધારતા (અને) કોઈક સમયે હૃદયમાં પ્રકટ થતા, તેથી 'વારંવાર' એમ કહેલું છે. (નારદ) સદા[૧૦] શ્રીકૃષ્ણની સેવા (કરવા)ની ઈચ્છાવાળા હતા, (એ) સ્પષ્ટ છે.

દક્ષનો શાપ[૧૧] પણ નારદને અસર કરતો નહિ, કારણ કે દ્વારકામાં શાપ વિગેરેનો પ્રવેશ થતો ન હતો. આથી એમ જણાવેલું છે કે જો યાદવો નારદની પેઠે ભગવાનની સેવા કરત, તો શાપ તેમનો નાશ ન કરત. તેથી ભગવાનની સેવા દેવો વિગેરેને પણ દુર્લભ છે, સર્વ દુઃખનો નાશ કરનારી છે અને મુક્ત જીવોએ પણ ઈચ્છેલી છે, એમ (તે) મોક્ષની સમાન છે એમ જણાવવા પ્રકરણના આરંભમાં કહેલું છે.

---

૮. વસુદેવના ગુરુ તરીકે નારદને જ કેમ પસંદ કર્યા તેનું કારણ આથી કહેલ છે. (પ્ર)

૯. 'ત્યાં' એટલે દ્વારકા સિવાયનાં સ્થલોએ એવો અર્થ જણાય છે.

૧૦. 'સદા' એટલે ભગવાન્ વૈકુંઠ પધાર્યા હોય, અથવા તેમનું ધ્યાન થતું હોય (હૃદયમાં પધાર્યા હોય) તે સિવાયના સમયે. (પ્ર)

૧૧. દક્ષે નારદને શાપ આપેલ તે માટે જૂઓ ૬।૫।૪૩ આ શાપ પ્રમાણે તે ક્યાંય ઠરી ઠામ રહી શકે નહિ, છતાં દ્વારકામાં રહેતા, કારણ કે ત્યાં શાપ અસર કરી શકતો નહિ.

'નારદને (એટલે) નારદપણું[૧૨] પ્રાપ્ત કરેલાને ક્રમે ક્રમે મુક્તિ નિશ્ચિત હોવાથી, અને (ભગવાનનાં) દર્શન કરનારને (તે) સ્વતઃ ફલરૂપ વિગેરે ન હોવાથી (તેને ભગવાનની) સેવા (કરવા)ની ઇચ્છા કેમ થતી ?' એવો પ્રશ્ન થાય, તો કહીએ છીએ કે ઇન્દ્રિયો સફલ થાય તે માટે (તેવી ઇચ્છા થતી). અધિકાર હોય ત્યારે કાર્ય કરવું એ મુખ્ય ફલ નથી, કારણ કે ઇન્દ્રિયો દેવતારૂપ નથી. ૧.

(ઇન્દ્રિયવાળો ભગવાનનું ભજન ન કરે એવું) સંભવતું નથી એવા તર્કવાળા તરીકે આ (વિષય)ને જ શુક નીચેના શ્લોકથી દૃઢ કરે છેઃ

**કો નુ રાજન્નિન્દ્રિયવાન્ મુકુન્દચરણામ્બુજમ્ ।।**
**ન ભજેત્સર્વતોમૃત્યુરુપાસ્યમમરોત્તમૈઃ ।।૨।।**

હે રાજન્ ! જેનું સર્વ તરફથી મૃત્યુ થાય છે તેવો ઇન્દ્રિયવાળો કોણ ઉત્તમ અમરોએ સેવા કરવા યોગ્ય મુકુંદનાં ચરણકમલનો આશ્રય ન કરે ? ૨.

'ઇન્દ્રિયાણિ' ઇન્દ્રિયો 'વર્તન્તે' છે 'અસ્મિન્' આમાં (આને) તે ઇન્દ્રિય વાળો નથી, કારણ કે ઘોડાનો રખેવાળ ઘોડાવાળો હોતો નથી. તેથી જેની ઇન્દ્રિયો પરવશ છે (પોતાને વશ નથી) તે ન આશ્રય કરે, તેથી (આ સિદ્ધાંતને) દોષ (થતો) નથી; પરંતુ સેવા કરાવે તેવી ઇન્દ્રિયો જેને હોય તે કેમ આશ્રય ન કરે ? '(આશ્રય કરવાનું) પ્રયોજન ન હોવાથી (ન કરે)' એમ કહો, તો તેમ નથી, કારણ કે તે (મુકુંદ) મોક્ષ આપનાર અને સહેલાઈથી સેવા થઈ શકે તેવા છે. મોક્ષ (પ્રાપ્ત કરવો) બાકી છે એમ જણાવવા 'જેનું સર્વ તરફથી મૃત્યુ થાય છે તેવો' એમ કહેલું છે. અમરો (મરણ રહિત દેવો)ને પણ મુક્તિની ઇચ્છા રહે છે, તો પછી જેઓનું સર્વ તરફથી મૃત્યુ થાય છે તેમને કેમ ન હોય? એવો અર્થ છે. (અમરોનું) ઉત્તમપણું, છેવટના જન્મમાં હોય છે[૧]. ૨.

નીચેના શ્લોકમાં સમાગમ (થયાનું) કહે છેઃ

**તમેકદા ચ દેવર્ષિં વસુદેવો ગૃહાગતમ્ ।।**
**પૂજિતં સુખમાસીનમભિવાદ્યેદમબ્રવીત્ ।।૩।।**

---

૧૨. આ જ શ્લોકનાં શ્રીસુબોધિનીમાં ઉપર 'નારદ'ની વ્યુત્પત્તિ કહેલી છે તે જૂઓ.

૧. 'અમરપણા કરતાં ઉત્તમ શું ?' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. અહિં ઘણી સત્તાની જરુર નથી, કારણ કે ભક્ત ન હોય તેનો પ્રકૃતિ અથવા બ્રહ્મમાં લય થાય છે, એવો ભાવ છે. (પ્ર). 'ઉત્તમ અમરો' એટલે જેમનો છેવટનો જન્મ થએલો છે, એટલે એક જન્મના અંતે જેમની મુક્તિ થવાની છે તેવા દેવોને પણ મુક્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છા રહે છે, તો મનુષ્યોને કેમ ન રહે ? એવો જ ભાવ જણાય છે. અમરપણાથી શું ઉત્તમ છે એવો અહિં પ્રશ્ન હોવાનું જણાતું નથી.

એક દિવસે તો ઘેર આવેલા, પૂજેલા અને સુખપૂર્વક બેઠેલા તે દેવર્ષિને વસુદેવે પ્રણામ કરી આ (નીચે પ્રમાણે) કહ્યું. ૩.

ઘણું કરી વસુદેવે યદુકુલના ક્ષય વિષે સાંભળેલું નહિ[૧], કારણ કે શ્રીકૃષ્ણનાં ગૌરવને લીધે લોકોએ તેમને કહેલ નહિ, અને વૈરાગ્ય થવા માટે (તે તેમને) ઉપયોગી ન હતું; અથવા[૨] 'ભગવાને મોકલેલા મુનિઓ પિંડારક ગયા' (૧૧।૧।૧૧) એમ કહેલું હોવાથી તે પહેલાં બનેલો આ વૃત્તાંત છે[૨]. પૂર્વપક્ષ પ્રમાણે 'શ્રીકૃષ્ણની સેવા કરવાની તીવ્ર ઈચ્છાવાળા'(નારદ હતા), તે નારદને ફરી દ્વારકા આવવાનું કારણ છે. સિદ્ધાંત પ્રમાણે તે ભય વિના રહેતા હતા, અને શ્રીકૃષ્ણના ઘરમાં રહેલા તે વસુદેવને ઘેર આવ્યા. શાપ પછી આ વૃત્તાંત થએલો હોય તો ભગવાનનાં વચનથી તેનો નિશ્ચય થવાનો[૩] હોવાથી બધું સારી રીતે હોય તેમ ચાલતું હતું. ત્યારે આવી આ કથા થએલી. વધારે વિસ્તાર કરવાનું પ્રયોજન નથી.

'તે' એટલે પંચરાત્ર (નારદ પંચરાત્ર)ના કર્તા તરીકે પ્રસિદ્ધ (દેવર્ષિ) સર્વ સમયે તો બીજી કથા પણ થતી, એક દિવસે સાત્ત્વિક કાલ હતો ત્યારે (આ કથા થઈ); વસુદેવ એટલે શુદ્ધ સત્ત્વરૂપ. ઋષિઓ મંત્ર જોનાર હોય છે, (અને) અલૌકિક મંત્ર જૂએ (તે) દેવર્ષિઓ. તેમાં પણ (નારદ) પુષ્ટિમાર્ગના મંત્ર જોનાર હોવાથી (ભગવાનની) વિભૂતિરૂપ હતા. 'ચ' શબ્દ 'તુ' 'તો' અર્થમાં (યોજાએલો છે). ચાલુ વિષયમાં તો આનો[૪] ઉપયોગ છે. (નારદ) 'ઘેર આવેલા' હોવાથી પોતાને અધીન હતા. (તેમનું) પૂજેલા હોવાપણું હવે પછીના પ્રશ્ન (કરવા) માટે ઉપયોગી છે. ભગવાનની પ્રેરણાથી આવેલ (નારદ)માં (ભગવાનની) સેવા કરવા માટે પણ વ્યગ્રપણું ન હતું એમ 'સુખપૂર્વક બેઠેલા' વિશેષણથી કહેલું છે. ફરી[૫]

---

૧. 'ભગવાને બધા ઋષિઓને મોકલેલા (વિદાય કરેલા). તેઓમાં નારદ હતા, તે ફરી આવવાનું સંભવિત નથી, તેથી (વસુદેવ અને નારદનો) સંવાદ માટે સમાગમ કેવી રીતે થયો ? કારણ કે (કુલનો) ક્ષય થવાનું સાંભળેલ હોય એટલે લાંબો સમય રહેવાનું નથી એવો નિશ્ચય થએલ, અને (તેથી) પ્રશ્ન (કરવાનું) સંભવે નહિ' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૨...૨. (શાપ થયા પછી આ વૃત્તાંત થયો કે તે પહેલાં.) બંને પક્ષ પ્રમાણે નારદ વસુદેવને ઘેર આવ્યાનું ઘટે છે, એમ આ ભાગથી જણાવેલું છે. (પ્ર)

૩. ભગવાને કહેલ નહિ હોવાથી નિર્ણય થયો ન હતો, એવો અર્થ છે. (પ્ર)

૪. 'આનો' એટલે (નારદ) ભગવાનની, વિભૂતિ હોવાનો. (પ્ર)

૫. પૂજન કરતી વખતે પહેલીવાર પ્રણામ કરેલા, એવા ભાવથી 'ફરી' કહેલું જણાય છે.

કરેલા પ્રણામ ગુરુપણું જણાવે છે. ઘણા સમયથી આરંભી પૂછવાનું છે એમ (જે) હૃદયમાં રહેલું, તે 'આ' શબ્દથી સંપૂર્ણ રીતે જણાવેલ છે. ૩.

નીચેના શ્લોકથી આરંભી છ શ્લોકોથી પ્રશ્ન કહેલ છે. 'ભગ' શબ્દનો અર્થ છ પદાર્થો ભગવાનના ગુણો થતા હોવાથી પ્રશ્નના છ શ્લોકો છે. તે પૈકી ત્રણ શ્લોકોથી નારદનો ઉત્સાહ ઉત્પન્ન કરે છે, અને ત્રણથી પ્રશ્ન કહે છે. તે પૈકી આરંભમાં નારદના અસાધારણ ગુણોથી તેને ઉત્સાહ ઉત્પન્ન કરે છે :

વસુદેવ કહે છેઃ

**ભગવન્ ભવતો યાત્રા સ્વસ્તયે સર્વદેહિનામ્ ।।**
**કૃપણાનાં યથા પિત્રોરુત્તમશ્લોકવર્ત્મનામ્ ।।૪।।**

હે ભગવન્ ! માતાપિતાના આગમન પેઠે ઉત્તમશ્લોકના માર્ગરૂપ આપનું આગમન સર્વ દેહીઓના (અને) કૃપણ (પુરુષો)ના કલ્યાણ માટે હોય છે. ૪.

'બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ છે' 'જેની જેનામાં શ્રદ્ધા હોય તે જ તે છે' (વાક્યો પ્રમાણે), અને ગુરુ હોવાથી 'હે ભગવન્!' એવું સંબોધન કરેલું છે, કારણ કે નારદ જગતના મિત્ર છે. 'યાત્રા' એટલે આગમન. રાજા વિગેરે સર્વથી જૂદા પ્રકારનું છે એમ જણાવવા 'સર્વ દેહીઓના (કલ્યાણ માટે)' એમ કહેલું છે, કારણ કે નારદ પોતે કોઈ કામના વિનાના, જેમાં હિંસા ઘણી થતી ન હોય તેવા ધર્મનો બોધ કરનારા અને સંસારનો ઉદ્ધાર કરનારા હતા. 'દેહી એટલે દેહના અભિમાનવાળાઓના કલ્યાણ માટે' એમ મુક્ત જીવોથી ભેદ જણાવવા કહેલું છે. નારદ પોતે જ વિચાર કરીને તેઓનું સર્વ તરફથી હિત કરે છે એમ જણાવવા (માતાપિતાનું) દષ્ટાંત (કહેલું છે). જેઓ કૃપણ ન હોય, સંપૂર્ણ રીતે સંપત્તિવાળા હોય તેમને પણ માતાપિતાનું આગમન કલ્યાણ કરનારું હોય છે, તો પછી કૃપણો(સંપત્તિ વિનાના)ને હોય તેમાં કહેવું જ શું ? બંનેનો[1] અભાવ હોય ત્યારે તો ઘણા કૃપણ થયા. 'કલ્યાણ ઘણા ઉત્તમ પ્રકારનું (કરો છો)' એમ જણાવવા 'ઉત્તમશ્લોકના માર્ગરૂપ' વિશેષણ[2] કહેલું છે, કારણ કે તે (માર્ગ)માં જેમણે પ્રવેશ કરેલો હોય તેમને ભગવાનની પ્રાપ્તિ નિયત (ચોક્કસ) થાય છે, અને તેવી રીતે ૧.સર્વની મૈત્રી ૨.સર્વને હિત પ્રાપ્ત કરાવવું અને ૩.ગોવિંદની પ્રાપ્તિ કરાવવી એવા નારદના ત્રણ ગુણો કહેલા છે. આ એક ગુણથી જ અમે કૃતાર્થ થઈએ, તો પછી ત્રણથી કૃતાર્થ થઈએ તેમાં કહેવું જ શું ? શ્લોકના અંતે 'ઉત્તમશ્લોક-

૧. બંનેનો એટલે માતાનો તથા પિતાનો. (પ્ર) દેહભિમાન ન હોવાનો, અને કલ્યાણનો, એવો અર્થ જણાય છે. વસુદેવના પિતા આહુક આ સમયે હતા એમ ૧૧।૧।૨૧ ઉપરથી જણાય છે.
૨. આ નારદનું વિશેષણ હોવા છતાં બહુવચનમાં યોજેલ છે તેનું કારણ કહેલ છે.

વર્ત્મનામ્' શબ્દમાં) પૂજા કરવા યોગ્ય હોવાના અર્થમાં અને વ્યવહારમાં વાણીથી થતા દોષ ન રહે તે માટે બહુવચન યોજેલું છે. નારદનું આગમન તો ભગવાનની ઈચ્છાથી થએલું, તેથી કોઈ પણ જરાએ વિરોધ નથી. ૪.

'નારદના આગમનથી એવું[૧] કેમ થાય?' એવી શંકા થાય, તેથી નીચેના શ્લોકમાં દેવર્ષિપણું અને વિભૂતિપણું પ્રકટ કરે છે. સર્વને માત્ર સુખ કરનાર તરીકે દેવો કરતાં ઉત્તમપણું (એ દેવર્ષિપણું). વિભૂતિપણું છઠ્ઠા શ્લોકમાં પ્રકટ કરશે.

**ભૂતાનાં દેવચરિતં દુઃખાય ચ સુખાય ચ ।।**
**સુખાયૈવ હિ સાધૂનાં ત્વાદૃશામચ્યુતાત્મનામ્ ।।૫।।**

દેવોનું ચરિત પ્રાણીઓને સુખ આપનારું અને દુઃખ આપનારું પણ હોય છે, (જ્યારે) આપ જેવા અચ્યુતમાં અંતઃકરણવાળા સત્પુરુષોનું (ચરિત્ર) ખરેખર, માત્ર સુખ આપનારું હોય છે. ૫.

પ્રવાહ અને મર્યાદાના ભેદથી દેવો બે પ્રકારના છે. તે પૈકી પ્રવાહ દેવો વૃષ્ટિ વિગેરે કરનારા હોય છે, પરંતુ વૃષ્ટિ વિગેરે દુઃખ કરનારાં પણ હોય છે. પ્રવાહ[૨] દેવો પણ બહારના અને અંદરના[૩] ભેદથી બે પ્રકારના છે. સુખ તથા દુઃખ પણ લૌકિક અને અલૌકિક[૪] હોય છે. શ્લોકમાં બે 'ચ' 'અને' તથા 'પણ' શબ્દોથી અલૌકિક(સુખ તથા દુઃખ)નો સમાવેશ કરેલો જાણવો. 'પ્રાણીઓ' એટલે ભૂલોક(ભૂમિ)ઉપર રહેલા જીવો. પ્રકરણને લીધે[૫] ભેદ કરેલો છે. દેવોનું ચરિત્ર તો સ્વરૂપથી બલવાન[૬] છે, પરંતુ સુખ તેમ જ દુઃખ ઉત્પન્ન કરનારું[૭] હોય છે.

---

૧. 'એવું' એટલે સર્વનાં કલ્યાણરૂપ (કાર્ય). (પ્ર)
૨. અહિં કદાચ 'મર્યાદા' શબ્દ હોવો જોઈએ, કારણ કે પ્રવાહ દેવોનું ઉપર નિરૂપણ કર્યું, અને મર્યાદા દેવોનું નિરૂપણ કયાંય નથી.
૩. 'અંદરના દેવો' એટલે ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો. (પ્ર)
૪. 'અલૌકિક સુખદુઃખ' એટલે બહારથી ન જણાતાં, માત્ર મનથી જણાતાં સુખ તથા દુઃખ. (પ્ર)
૫. 'સર્વ પ્રાણીઓ આમના ચરણ છે' વાક્ય પ્રમાણે જીવ માત્ર મનથી 'ભૂત' પ્રાણીઓ છે, છતાં અહિં 'સંકોચવાળો અર્થ કેમ કરો છો?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. પ્રકરણને લીધે તેવો અર્થ કરેલો છે, એવો અર્થ છે. (પ્ર)
૬. 'દેવાંશો ભૂમિ ઉપર રહેલા હોય તો પણ તેમને દેવોનાં ચરિત્રથી થતું દુઃખ હોવાનું સંભવતું નથી. તેથી આમ કેમ કહો છો?' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. દેવોને પણ પરસ્પર જય તથા પરાજય થતા હોવાથી ચરિત્ર બલવાન છે, તેનાથી મુક્તિ થાય છે, એવો અર્થ છે. (પ્ર) અહિં 'ભગવાનનું ચરિત્ર' હોય, તેવો અર્થ પ્રકાશકારે કરેલો જણાય છે, પરંતુ શ્લોકમાં દેવોનાં ચરિત્રની જ વાત કહેલી છે. વળી ભગવાનનું ચરિત્ર દુઃખ ઉત્પન્ન ન જ કરે તેથી અહિં દેવોનાં ચરિત્રના જ ગુણ કહેલા છે એમ જણાય છે. 'તેનાથી જ મુક્તિ થાય છે' એ

ઋષિપણું[8] ખરેખર મંત્ર જોનારપણું છે. મંત્રો તો કુદરતી ગુણને પણ માત્ર ઈચ્છેલો હોય તેટલા થોડા ભાગથી જ રોકી[9] રાખે છે. તેથી આ લોકમાં કુદરતી દુઃખને અટકાવતા હોવાથી, તે અદશ્ય થયું હોય તેમ અહિં પ્રસિદ્ધ થતું નથી, એમ 'હિ' 'ખરેખર' શબ્દથી કહેલું છે. સત્પુરુષો એટલે ઉત્તમ આચારવાળા મર્યાદાનું રક્ષણ કરનારા લોકોની સંભાળ રાખવા ભગવાને અધિકાર આપેલા નારદના જેવા, અને અચ્યુતમાં અંતઃકરણવાળા પુષ્ટિમાર્ગમાં રહેલા ગોપિકાઓ જેવા (જીવો). મંત્રો પણ (૧) મર્યાદામાં રહેલા (મર્યાદામાર્ગના) (૨) દેવો જ જાણતા હોય તેવા છૂપા (અને) (૩) ભગવાનનાં ચિત્તને આકર્ષણ કરનારા (એવા) ત્રણ પ્રકારના હોય છે. તેથી આપ ભગવાને વિચારેલાં[10], દેવોએ કરેલાં, અને મર્યાદાથી પ્રાપ્ત થએલાં દુઃખને મંત્રોના પ્રયોગથી દૂર કરી, સુખ જ પ્રાપ્ત કરાવો છો, એવો અર્થ છે.

નારદ (ભગવાનની) વિભૂતિ છે એમ કહેવા માટે, તેથી પણ (તેમની) સરસાઈ નીચેના શ્લોકમાં કહે છે :

**ભજન્તિ યે યથા દેવાન્ દેવા અપિ તથૈવ તાન્ ।।**
**છાયેવ કર્મસચિવાઃ સાધવો દીનવત્સલાઃ ।।૬।।**

જેઓ દેવોને જે પ્રકારે ભજે છે, તે જ પ્રકારે પડછાયાની પેઠે કર્મના મંત્રી દેવો પણ તેઓને ભજે છે. સત્પુરુષો દીન(પુરુષો) ઉપર સ્નેહવાળા હોય છે. ૬.

" 'જે દુઃખ સાથે ભળેલું હોતું નથી,' એ વાક્ય પ્રમાણે યજ્ઞમાં ભગવાનના અવયવ બનેલા દેવો સુખ જ આપે છે" એમ કહો, તો (તેમ) નથી, કારણ કે એક (પુરુષ) યજ્ઞ કરે ત્યારે તેના સંબંધીઓને સ્વર્ગ મળતું નથી, તેમ જ અગ્નિષ્ટોમ કરે ત્યારે બાર દિવસ ચાલે તેવા યજ્ઞથી મળતું સ્વર્ગ મળતું નથી[1].

---

શ્રીસુબોધિનીમાં અથવા શ્લોકમાં નથી, અને કાઢી નાખવું જોઈએ, એમ જણાય છે.

૭. પરસ્પર દેવોને પણ સુખ તથા દુઃખ ઉત્પન્ન કરનારું હોય છે. (પ્ર) નોટ ૬માં કહ્યા પ્રમાણે ભગવાનનું ચરિત્ર માની પ્રકાશકારે આ લખેલ છે. શ્રીસુબોધિનીમાં તો ભૂમિ ઉપરના જીવોને જ સુખ તથા દુઃખ ઉત્પન્ન કરનારું કહેલ છે. આ પણ દેવોના ચરિત્રનો જ ગુણ છે.

૮. આ પેરાથી ઋષિઓનું ચરિત્ર સર્વને સુખ આપનારું છે એમ સિદ્ધ કરે છે. (પ્ર)

૯. જેમ કે અગ્નિનો બાળવાનો ગુણ જ અટકાવે છે, પરંતુ તાપ આપવાનો ગુણ અટકાવતું નથી. (પ્ર)

૧૦. ભગવાનને વિજ્ઞપ્તિ કરવારૂપ, તેમનાં ચિત્તને આકર્ષણ કરનારા મંત્રોથી ભગવાને વિચારેલ દુઃખ દૂર કરે છે, એમ જાણવું. (પ્ર)

૧. 'આ લોકને ઘર સાથે પશુઓ સાથે તરી જઈ સ્વર્ગલોક પ્રાપ્ત કરે છે' એ શ્રુતિ કેટલાક સંબંધીઓને પણ સ્વર્ગ પ્રાપ્ત થવાનું જણાવે છે. તેથી આ વાક્યથી બીજો પક્ષ કહેલો છે.(પ્ર)

'ભગવાનના અવયવ બનેલા તેઓનું (કાર્ય) એવું કેમ હશે?' એવો પ્રશ્ન થાય, તેથી 'કર્મના મંત્રી' કહેલ છે, કારણ કે મંત્રીઓ રાજાને આધીન હોવાથી વેદમાર્ગ તેવો જ છે. આમાં કંઈ પણ વિચારવા જેવું નથી. (દેવોથી સત્પુરુષોનો) ભેદ 'સત્પુરુષો દીન (પુરુષો) ઉપર સ્નેહવાળા હોય છે' શબ્દોથી કહેલો છે. (શ્લોકનો) ચોથો પાદ સિદ્ધાંત છે. 'સંત આત્માહમેવ ચ' 'અને સત્પુરુષો હું પોતે જ છું' એવો ચોથો[2] પાદ છે, કારણ કે જેવું અંશી (ભગવાન્) કરે તેવું અંશો(દેવો)થી કરી શકાતું નથી જ. પ્રકરણથી એમ જાણવું કે (આ) સામાન્ય વાક્ય અમુકના[3] વિષે કહેલું છે, તેથી જેમ ભગવાનનો અવતાર હોય ત્યારે થાય તેમ આપ (નારદ)ના માત્ર સમાગમથી જ સર્વને સર્વ ફલ પ્રાપ્ત થાય છે, એમ તેના ગુણોના વર્ણનથી તેને ઘણો ઉત્સાહ ઉત્પન્ન કર્યાનું કહેલું છે. ૬.

નીચેના શ્લોકથી આરંભી પ્રશ્ન કરે છે. બ્રહ્મભાવની ઈચ્છા રાખનાર, જેને પોતાના વૃત્તાંતનું જ્ઞાન છે અને જેણે પ્રાપ્ત કરવાનું(ફલ) અને તે પ્રાપ્ત કરવાનાં સાધન જાણેલાં છે તેવા વસુદેવ 'આચાર્યવાળો પુરુષ જાણે છે' એ શાસ્ત્રનો અર્થ માત્ર સિદ્ધ થાય તે માટે ભગવાનના ધર્મો સંબંધી પ્રશ્ન કરે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ બ્રહ્મ છે એવું જ્ઞાન હોવા છતાં પણ ભગવાને ગુરુપણું સ્વીકારેલું ન હોવાથી, શાસ્ત્રનો અર્થ વસુદેવને સિદ્ધ થયો ન હતો[1], પરંતુ ભગવાને તેમને અખંડ બ્રહ્મજ્ઞાન નો ઉપદેશ કરેલો[2]. તેથી જીવન્મુક્તિના ધોરણ પ્રમાણે વસુદેવને બ્રહ્મભાવ થએલ હોવા છતાં પણ 'બ્રહ્મ બનેલ પ્રસન્ન અંતઃકરણવાળો શોક કરતો અને ઈચ્છા રાખતો નથી' (ભગ.ગી.૧૮।૫૪) વિગેરેમાં જણાવેલ સ્થિતિ પ્રાપ્ત થએલી ન હોવાથી, ભગવદ્ધર્મોના આચરણથી (તે) પ્રાપ્ત થાય, તેવા વિચારથી પ્રશ્ન કરે છેઃ

**બ્રહ્માંસ્તથાપિ પૃચ્છામો ધર્માન્ ભાગવતાંસ્તવ ।।**
**યાઞ્ છ્રુત્વા શ્રદ્ધયા મર્ત્યો મુચ્યતે સર્વતોભયાત્ ।।૭।।**

છતાં પણ હે બ્રહ્મન્! અમે આપના ભાગવત ધર્મો પૂછીએ છીએ, કે જેનું શ્રદ્ધાથી શ્રવણ કરીને મરણપાત્ર સર્વ તરફથી થતા ભયથી મુક્ત થાય છે. ૭.

નારદને બ્રહ્મભાવ પ્રાપ્ત થએલો છે તેથી તેવું હે બ્રહ્મન્! સંબોધન (આ) માત્ર સ્તુતિ નથી (કરતો) એમ જણાવવા કરેલું છે, કારણ કે પોતાને જે આચરણ

---

૨. વિશ્વ વિગેરેની ગણત્રીથી ચોથો પાદ (પ્ર) આ શ્લોકનો જ ચોથો પાદ આવો પણ છે (અથવા આ શ્લોકના ચોથા પાદનો અર્થ આવો છે), એવો અર્થ જણાય છે.

૩. 'અમુકના' એટલે નારદના. (પ્ર)

૧. 'શાસ્ત્રના અર્થનું શું પ્રયોજન?' એવો પ્રશ્ન થાય તેથી આ વાક્ય કહેલ છે. શાસ્ત્રનો અર્થ સિદ્ધ થાય તે માટે પ્રશ્ન કરવાની જરુર છે, એવો અર્થ છે. (પ્ર)

કરવા યોગ્ય છે[3] તે પોતે વિચારેલો હશે. 'છતાં પણ' શબ્દથી (એમ જણાવેલું છે કે) ભગવાન્ (શ્રીકૃષ્ણના) પધારવાથી જ અમારું પ્રયોજન સરેલું છે છતાં પણ શાસ્ત્રનો અર્થ સરવાઈ રહે તે માટે 'અમે પૂછીએ છીએ' (આ) વિષય દેવકી વિગેરેએ પણ ઈચ્છેલો છે, તેથી બહુવચન (યોજેલું છે).

'ભાગવત ધર્મો' એટલે પ્રમાણથી, સ્વરૂપથી અને ફલથી એમ ત્રણ પ્રકારે ભગવાનના ચોક્કસ સંબંધવાળા ધર્મો. 'આપના' એટલે આપે પણ આચરણ કરવા યોગ્ય. દુઃખ તો તેઓ તરત જ દૂર કરે છે, એમ ઉત્તરાર્ધથી કહે છે. ઉપાય જાણવામાં આવે ત્યારે નિશ્ચિંત થવાય છે, અને શ્રદ્ધાથી તેવા ગુણવાળા થઈ તે આચરવાનું સંભવે છે. 'મર્ત્યઃ' 'મરણપાત્ર' એટલે સ્વભાવથી ભયવાળો. 'સર્વ તરફથી થતા' એટલે આધ્યાત્મિક વિગેરે. ૭.

'કર્દમના જેમ શુક્લ[1] ગુરુ થયા તેમ દિવ્ય બાર હજાર વર્ષ પછી પ્રસન્ન થએલા ભગવાન્ (તમારા) ગુરુ કેમ ન થયા?'' એવી શંકા થાય, તેથી કહે છે :

**અહં કિલ પુરાનન્તં પ્રજાર્થે ભુવિ મુક્તિદમ્ ।।**
**અપૂજયં ન મોક્ષાય મોહિતો દેવમાયયા ।।૮।।**

દેવમાયાથી મોહ પામેલાએ મેં પહેલાં ભૂમિ ઉપર મુક્તિ આપનાર અનંતનું ખરેખર પ્રજા માટે પૂજન કરેલું, મોક્ષ માટે ન (કરેલું). ૮.

'અલૌકિક ન જણાએલ વૃત્તાંત જણાવનાર, દેવકીની જઠરમાંથી પ્રકટ થનાર (શ્રીકૃષ્ણ) ગુરુ કેમ નહિ?' એવો પ્રશ્ન થાય, તેથી 'કિલ' 'ખરેખર' એમ કહેલું છે. (શ્રીકૃષ્ણ) પ્રસિદ્ધ વૃત્તાંત જણાવનારા હોવાથી[2] ગુરુ થયા નહિ. પ્રસિદ્ધિ તો (પહેલાના) બે જન્મોથી કરેલી. (શ્રીકૃષ્ણ) આ (જન્મ)માં પણ પુત્ર જ થયા, ગુરુ ન થયા, કારણ કે (તે) સત્યસંકલ્પ[3] છે, કેમ કે આ જન્મમાં પ્રસિદ્ધિ ન હતી[4].

---

૨. 'ત્યારે ભગવાને (વસુદેવને) પહેલાં જ્ઞાન આપેલ તેનો શું ઉપયોગ? શાસ્ત્રનો અર્થ જેને સિદ્ધ કરવા પ્રયાસ કરે છે તે કયો?' એવા પ્રશ્નો થાય, તેથી આ વાક્ય કહેલ છે. (પ્ર)

૩. 'પોતાને આચરણ કરવા યોગ્ય' એટલે ભાગવત ધર્મ. 'પોતે વિચારેલો' એટલે બ્રહ્મભાવ (પ્ર). પોતે આચરણ કરવા યોગ્ય ભાગવત ધર્મ પોતે વિચારેલો હશે એવો અર્થ જણાય છે, કારણ કે નારદ પોતે જે ધર્મ આચરે છે તેનો વિચાર કર્યા વિના તે આચરતા હોય તેવું સંભવે નહિ.

૧. 'શુકલ' એટલે કપિલ.

૨. ૧૦।૩।૩૨ થી ૪૨ સુધીના શ્લોકોમાં આવો વૃત્તાંત જણાવેલો જણાય છે.

૩. 'સત્યસંકલ્પ' એટલે જે જેવું ઈચ્છે તેવું થાય તે. શ્રીકૃષ્ણની ઈચ્છા (સંકલ્પ) થાય તે પ્રમાણે જ સર્વ બને છે. માત્ર પુત્ર થવાની ઈચ્છા કરેલી, તેથી ગુરુ ન થયા.

૪. પૂજનની પ્રસિદ્ધિ ન હતી, (પ્ર). પહેલાના બે જન્મોમાં ભગવાન્ સાધારણ બાલકના

(તેથી 'પુરા' 'પહેલાં' એમ કહેલું છે.

'ઈશ્વરનો પરિચય ન હોવાથી (તમને) ઉપદેશ (આપવો) યોગ્ય નથી' એવી શંકા થાય, તેથી કહે છે કે સેવા (પૂજન) કરેલનો અંત[૫] ન હોવાથી પરિચય છે જ. પરંતુ (પરિચયના) પ્રકારમાં ભેદ છે, એમ 'પ્રજા માટે' શબ્દથી કહેલું છે. 'ભૂમિ ઉપર મુક્તિ આપનાર' હોવાથી ક્રમમુક્તિ (આપતા) નથી તેમ જ બંને[૬] માટે (પૂજન) કરેલું નહિ, એમ 'મોક્ષ માટે ન (કરેલું)' શબ્દોથી (જણાવેલું છે) 'તપથી શુદ્ધ થએલ, ચિત્તવાળા (તમારાથી) એમ કેમ (થયું)?' એવી શંકા થાય, તેથી 'મોહ પામેલાએ' એમ કહેલું છે. બ્રહ્માએ પ્રજાની ઉત્પત્તિ કરવા બંનેને આજ્ઞા કરેલી, પણ મને એકને જ કરી ન હતી. પહેલાં સંકલ્પ પણ તેવો હતો, તેથી ભગવાને પણ તેમ જ વિચારેલું. તેથી ભગવાનના જેવો, (બીજો) ન હોય તેવો (પુત્ર) માગેલ હોવાથી વિલંબ થયો. પછી તપ અધિક થતાં ચિત્ત શુદ્ધ થયું. પછી ભગવાને વિચારેલું ખોટું થતું ન હોવાથી માયાથી મોહ થયો. જેનાથી દેવોને પણ મોહ થાય છે તે દેવમાયાથી (મોહ થએલો).૮.

'અત્યારે પણ ભગવાનનું વિચારેલું ) કેમ ફરશે ?'[૧] એવી શંકા થાય તેથી નીચેનો શ્લોક કહે છે :

**યથા વિચિત્રવ્યસનાદ્ભવેઽસ્મિન્ સર્વતોભયાત્ ।।**
**મુચ્યેમ હ્યઞ્જસૈવાદ્ધા તથા નઃ શાધિ સુવ્રત ।।૯।।**

હે સુંદર વ્રતવાળા! જે પ્રકારે આ જન્મમાં વિચિત્ર દુઃખવાળા સર્વ તરફથી થતા ભયથી અમે સહેલાઈથી સાક્ષાત્ છૂટીએ તે પ્રકારે અમને બોધ કરો. ૯.

હવે ખાસ પ્રાર્થના (કરું છું). 'તમે બે મારી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરશો' (૧૦।૩।૪૫) એ ભગવાનનાં વચન પ્રમાણે ભગવાન્ વિઘ્ન કરતા નથી. આમાં[૨] ન રહેવાનાં કારણરૂપ પ્રીતિના અભાવનું કારણ 'વિચિત્ર દુઃખવાળા' શબ્દથી કહેલું છે. ભગવાન્ પુત્ર તરીકે હોવા છતાં જ્યારે 'વ્યસનં' બીજા પુત્રો વિગેરેનાં સંસારની

---

રૂપથી જ પ્રકટ થએલ, તેથી 'હું તમારા પુત્ર તરીકે પ્રકટ થએલ' એમ પ્રસિદ્ધિની જરુર હતી. આ ત્રીજા જન્મમાં તો જે સ્વરૂપે વરદાન કરેલ તે જ સ્વરૂપથી ભગવાન્ પ્રકટ થએલા, તેથી વસુદેવ તથા દેવકીએ તરત સ્તુતિ પણ કરેલી; એટલે આ ભવમાં ભગવાન્ પુત્ર તરીકે પ્રકટ થયા છે એવી પ્રસિદ્ધિની જરુર ન હતી એવો અર્થ જણાય છે.

૫. આ 'અનંત' શબ્દનો અર્થ કરેલો છે.

૬. 'બંને માટે' એટલે ભગવાન્ પુત્ર થાય તે માટે, અને મુક્તિ મળે તે માટે.

૧. 'ભગવાનનાં દર્શન પછી પણ બે જન્મો થયા, તેથી ભગવાન જ (મુક્તિમાં) વિઘ્ન કરતા હોવાથી, મુક્તિ કેમ થશે ?' એવો અર્થ છે. (પ્ર)

૨. 'આમાં' એટલે આ જન્મમાં. (પ્ર)

ચિંતા રહે છે, તો પછી આ (સંસાર) ક્યારે દૂર થશે? વળી તે દુઃખ પણ એક પ્રકારનું નથી, દુઃખ ન થાય તે માટે ગ્રહણ કરેલાં(સાધન)થી પણ દુઃખ થાય છે એવું (તેનું) વિચિત્રપણું છે. બીજા જન્મમાં વળી સાધનોની પ્રાપ્તિ કેવી હોય? તેથી 'આ' જ 'જન્મમાં' એમ કહેલું છે. અધિકાર[3] પણ ભય કરાવનારો છે, વૈકુંઠમાંથી આવવાનું પણ તેવું[4] છે. તેથી સર્વ (કાંઈ પણ) જોઈએ નહિ એમ જણાવવા 'સર્વ તરફથી થતા ભયથી' એમ કહેલું છે. 'સહેલાઈથી' એટલે પ્રયાસ વિના, કારણ કે પ્રયાસ થતો હોય ત્યારે ચિત્તને ઉદ્વેગ થવાથી ફરી (સંસારમાં) આવવાનું થાય. 'અદ્ધા' એટલે સાક્ષાત્. બહારના અને અંદરના પ્રકારથી આ (વસુદેવ) પરંપરાથી[5] અને સાક્ષાત્[6] બંધનવાળો હતો. તેવા સંજોગોમાં બીજાને[7] પણ આમાં[8] મૂકી છૂટવાનું સંભવે, જેમ કે સત્ત્વને[9]. તેવું ન થાય તે માટે 'સાક્ષાત્' એમ કહેલું છે. 'શાસનં' એટલે બાલકને કરવાનો બોધ, માત્ર ઉપદેશથી કાર્ય પાર નહિ પડે. સર્વ સિદ્ધ થાય તે માટે 'હે સુંદર વ્રતવાળા' એવું સંબોધન કરેલું છે. શરણ આવેલાનું સર્વ કાર્ય કરવું તે વ્રત. ભગવાનને પ્રાર્થના કરીને પણ સર્વ કરશે, એવો (અર્થ છે). એ પ્રમાણે ત્રણ(શ્લોકો)થી પ્રશ્ન કર્યો.૯.

પરીક્ષિત્ પણ સાવધાન રહી શ્રવણ કરે તે માટે શુક કહે છે :

શ્રીશુક કહે છેઃ

**રાજન્નેવં કૃતપ્રશ્નો વસુદેવેન ધીમતા ।।**
**પ્રીતસ્તમાહ દેવર્ષિર્હરેઃ સંસ્મારિતો ગુણૈઃ ।।૧૦।।**

હે રાજન્! બુદ્ધિમાન વસુદેવે એવી રીતે પ્રશ્ન કરેલા, હરિના ગુણોએ સારી રીતે સ્મરણ કરાવેલા દેવર્ષિએ પ્રસન્ન થઈ તેમને (નીચે પ્રમાણે) કહ્યું. ૧૦.

હે રાજન્! એ સંબોધન (પરીક્ષિતની) સરસાઈ જણાવનારું છે. યોગ્ય કથા છે[1] એમ જણાવવા, 'બુદ્ધિમાન' (અને) 'દેવર્ષિ' શબ્દોથી બંનેના ગુણ કહેલા છે. સંપૂર્ણ રીતે ઉત્તમ સિદ્ધાંત કહેવાનું કારણ 'પ્રસન્ન થઈ' શબ્દથી કહેલું

---

૩. 'અધિકાર' એટલે પ્રજાપતિનો અધિકાર. (પ્ર)
૪. ભગવાનનો તેવો દૃઢ વિચાર હોવાથી તે પણ તેવું છે, એવો અર્થ છે, (પ્ર)
૫. 'પરંપરાથી' એટલે પ્રજાપતિના દેહોની પરંપરાથી. (પ્ર)
૬. 'સાક્ષાત્' એટલે અંતઃકરણથી. (પ્ર)
૭. પરંપરાથી જ બંધનવાળો હોય તો.
૮. 'આમાં' એટલે રજોગુણમાં અથવા અંતઃકરણમાં. (પ્ર)
૯. 'સત્ત્વને' પછી 'મૂકીને' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)
૧. શ્રવણ કરનાર અને કહેનાર બંને કથા માટે યોગ્ય છે, એવો અર્થ હોવાનું જણાય છે.

છે. પુત્ર વિગેરેની સ્થિતિથી અનસરવું વિગેરે હરિના ગુણોથી ‘આ (વસુદેવ) ઉત્તમ છે’ એમ સ્મરણ કરાવેલા (દેવર્ષિએ કહ્યું). તે(વસુદેવ)નો પહેલાનો વૃત્તાંત (નારદે) સારી રીતે જાણેલો છે, એવો અર્થ છે. ૧૦.

ઉત્તર તરીકે શાસ્ત્ર કહેવા માટે, નીચેથી આરંભી ત્રણ શ્લોકોથી પોતે પણ અભિનંદન કરે છે, (કારણ કે) ગુરુ અને શિષ્યની વચ્ચે બોધની પણ પ્રશંસા કરવી જોઈએ[1]. તે પૈકી નીચેના શ્લોકથી આરંભમાં શ્રવણ કરનારનો આદર કરે છેઃ

શ્રીનારદ કહે છેઃ

**સમ્યગેતદ્ વ્યવસિતં ભવતા સાત્ત્વતર્ષભ ।।**
**યત્પૃચ્છસે ભાગવતાન્ ધર્માસ્ત્વં વિશ્વભાવનાન્ ।।૧૧।।**

હે ઉત્તમ ભક્ત ! આ તમે ઉત્તમ નિશ્ચય કર્યો, કારણ કે વિશ્વમાં જેમનો પ્રભાવ છે તેવા ભગવદીયના ધર્મો તમે પૂછો છો. ૧૧.

‘ભગવદીય ધર્મોનું શ્રવણ અને પાઠ કરવા જોઈએ, અને આ સર્વ શાસ્ત્રોના અર્થોનો નિર્ણય છે, કારણ કે ભગવન્માર્ગમાં બીજું (કાંઈ) કરવા યોગ્ય નથી’ એમ જે અમોએ કહેવું જોઈએ, તેનો જ તમે પણ નિશ્ચય કરેલો છે. ‘સાત્ત્વતાઃ’ ભગવાનના ભક્તો, તેઓમાં તમે ‘ઋષભત્વં’ ઉત્તમ છો, કારણ કે તમે નિશ્ચય કરેલો માર્ગ જણાવ્યો, અને ખાસ કરી (હું) ગુરુ (થાઉં તે) માટે તમે પુછો છો. (પુછેલો વિષય) ફરી કહેતાં પણ ભક્તિને લીધે ફરી ભગવદીયપણું જણાવેલું છે. વિશ્વમાં પ્રભાવ છે જેમનો તેવા (આ ધર્મો છે), તેમ ન હોય[2] તો જેમ બીજા માર્ગમાં થાય છે તેમ કાર્ય સિદ્ધ ન થાય. આથી[3] ગુરુ ન હોવાથી, પ્રશ્ન કરવાનું કારણ પણ કહેવાયું. (આ ધર્મોનું) સામાન્ય રીતે શ્રવણ કરેલું હોય તો પણ અંતઃકરણની વૃત્તિ તેવા પ્રકારની[4] કરાવે છે. ૧૧.

પ્રશ્નનાં કારણ તરીકે (ભગવદીય ધર્મોનો) અલૌકિક પ્રભાવ જણાવીને, નીચેના શ્લોકમાં કૈમુતિક ન્યાયથી તે (ધર્મ)ની પ્રશંસા કરે છે :

---

૧. આ શ્લોકમાં શિષ્ય (શ્રવણ કરનાર વસુદેવ)ની પ્રશંસા કરી, તેરમા શ્લોકમાં ગુરુની પ્રશંસા કરી, અને વચલા (બારમા) શ્લોકમાં આ બોધની પ્રશંસા કરી છે.

૨. ‘તેમ ન હોય’ એટલે તેવો (વિશ્વમાં) પ્રભાવ ન હોય. (પ્ર)

૩. ગુરુના મુખથી શ્રવણ કરવામાં આવે ત્યારે પણ વિશ્વમાં તેમનો પ્રભાવ હોવાથી જ તેમનું જ્ઞાન થવાનું છે. તેથી વિશેષ (ગુરુમુખ દ્વારા અશ્રવણરૂપ) અજ્ઞાન સાથે મળેલું સામાન્ય જ્ઞાન પ્રશ્ન પૂછવાનું કારણ હોવાનું આ (વિશ્વમાં જેમનો પ્રભાવ છે તેવા) વિશેષણથી કહેલું છે, એવો અર્થ છે (પ્ર)

૪. નોટ ૩માં જણાવેલ અર્થ જ આ વાક્યથી કહેલોછે. ‘તેવા પ્રકારની’ એટલે પ્રશ્ન કરાવે તેવી. (પ્ર)

**શ્રુતોઽનુપઠિતઃ ધ્યાત આદૃતો વાઽનુમોદિતઃ ।।**
**સદ્યઃ પુનાતિ સદ્ધર્મો દેવવિશ્વદ્રુહોઽપિ હિ ।।૧૧।।**

શ્રવણ કરેલો, પછી કીર્તન કરેલો, (મનથી) વિચારલો, આદર કરેલો અથવા અનુમોદન કરેલો ભક્તનો ધર્મ, ખરેખર, દેવ અને વિશ્વનો દ્રોહ કરનારાઓને પણ તરત જ પવિત્ર કરે છે. ૧૨.

'સતઃ' ભગવાનના ભક્તનો એક ધર્મ પણ લોક અને વેદનો ઘાત કરનારા, સંપૂર્ણ રીતે (તેમની) દરકાર ન કરનારા, પ્રાયશ્ચિત્ત કરવા માટે અયોગ્ય ઘણાઓને પણ, માત્ર શ્રવણ કરવાથી તરત જ પવિત્ર કરે છે, તો પછી ભગવાનના ધર્મોના માહાત્મ્યનું તો શું જ કહેવું ? એવો અર્થ છે. દૃષ્ટાંત તરીકે અજામિલના સંબંધમાં 'દેવોથી પૂજાએલા વિષ્ણુના પ્રાણીઓ (તેમની ભક્તિવાળાઓનું રક્ષણ કરે છે)' એ ધોરણ પ્રમાણે શ્રવણ કરાએલા ભગવાનના સેવકોના પક્ષપાતરૂપ સ્વભાવે (તેને પાવન[1] કર્યો). લોકમાં અને વેદમાં પવિત્રપણું દુર્લભ હોવાથી તેને અહિં ફલ તરીકે કહેલું છે. શ્રવણ પછી થનારું કીર્તન 'અનુપઠનમ્' 'પછી કરેલું કીર્તન' છે. 'ધ્યાન' 'વિચાર કરવો' મનનો ગુણ છે. કાયા, વાણી અને મનથી જાણેલો (અનુભવેલો ભક્તનો ધર્મ) તેમ (પવિત્ર) કરે છે, તેથી ત્રણ કહેલાં છે. 'અથવા આદર કરેલો' વિશેષણનો પહેલાંના (વિશેષણો) સાથે સ્વતંત્ર વિકલ્પ[2] છે, કારણ કે આદર પ્રેમ સાથે થાય છે. જુદા જુદા (કીંતન) કરનારા વિગેરે પાસેથી શ્રવણ વિગેરે (થાય) ત્યારે ઈર્ષ્યા (થતી) નથી એમ જણાવવા અનુમોદન (કરવામાં આવે). પદાર્થ (ભક્તના ધર્મ)માં ઘણી પ્રીતિ હોય તો તે પ્રમાણે થાય છે. 'હિ' 'ખરેખર' શબ્દથી (એમ જણાવ્યું છે કે) આમાં બીજાં પ્રમાણની જરુર નથી, તેથી જ્યારે ભગવાનના સેવકનો ધર્મ પણ આવો છે તો પછી ભગવાનના ધર્મોનાં માહાત્મ્યનું શું કહેવું? એવો અર્થ છે. ૧૨.

નીચેના શ્લોકમાં (નારદ) પોતે પણ કૃતાર્થ થએલો હોવાના પ્રકાર[1]થી આદર દર્શાવે છે :

**ત્વયા પરમકલ્યાણઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।।**
**સ્મારિતો ભગવાનદ્ય દેવો નારાયણો મમ ।।૧૩।।**

---

૧. 'તેને પાવન કર્યો' શબ્દ અધ્યાહાર છે. અહિં 'શ્રવણ કરાએલા' શબ્દથી સામાન્ય રીતે સ્મરણ કરાએલ હોવાનું કહેલું છે એવા અભિપ્રાયથી આ શ્રીમદ્ભાગવતનું વાક્ય (૬।૩।૧૮) યોજેલું છે. (પ્ર)

૨. શ્રવણ, કીર્તન અને ધ્યાનથી સ્વતંત્ર રીતે કેવલ આદર કરેલો હોય તો પણ આવું ફલ આપે છે, એવો ભાવ જણાય છે.

તમે આજે ઉત્તમ કલ્યાણ કરનારા, જેમનું શ્રવણ તથા કીર્તન પવિત્ર કરનાર છે તેવા મારા ભગવાન્ દેવ નારાયણનું મને સારી રીતે સ્મરણ કરાવ્યું.૧૩.

ભગવાનના ધર્મ સંબંધી પ્રશ્ન કરનાર સર્વ સ્થલે દુર્લભ છે[૨]. વૈષ્ણવોને પણ પણ સદા શ્રવણ વિગેરે કરવાનું શાસ્ત્રમાં કહેલ છે. પ્રેમ પ્રકટ થએલ હોય ત્યારે તો તેમાં જ રોકાઈ રહેલું ચિત્ત[૩], તેમાં સારી રીતે પ્રવેશ કરી સ્મરણ કરે છે, તે (હવે) તેમનો વિચાર કરવામાં ઉપયાગી થયું, એ સારી રીતે સ્મરણ કરાવ્યું, એવો અર્થ છે. વિવાહ વિગેરે 'કલ્યાણ' છે, ગંગામાં સ્નાન વિગેરે પવિત્ર કરનારાં છે, અને તેથી (ભગવાન્ તે પ્રાપ્ત કરાવનાર હોવાથી) આ લોકના અને પરલોકના પુરુષાર્થરૂપ છે. પરમાનંદરૂપ હોવાથી 'ઉત્તમ' પુરુષાર્થરૂપ છે. ભગવાનનું રૂપ અને નામના ભેદથી સ્મરણ કરાવ્યું[૪] એમ કહેલ છે. 'ભગવાન્' શબ્દથી ધર્મી(ધર્મવાળા) કહેલા છે. 'દેવ નારાયણ' શબ્દોથી (એમ કહેલું છે કે) ભગવાન્ આ લોકના અને પરલોકના ચાલુ ફલરૂપ પણ છે. દેવોના પક્ષમાં રહેતા હોવાથી 'દેવ' છે. બ્રહ્માને ઉત્પન્ન કરવા 'નારાયણ' થાય છે, એમ સર્વને તેમની જરુર છે. મારા તો સ્વામી, એટલે સેવા કરવા યોગ્ય છે, એવો અર્થ છે[૫]. સેવા કરતી વખતે પણ અદશ્ય જ હોય છે તેથી 'અદ્ય' 'આજ' શબ્દથી પ્રશ્નનું ઉત્તમપણું[૬] જણાવેલું છે. ૧૩.

એ પ્રમાણે અભિનંદન કહીને, નીચેના શ્લોકથી શાસ્ત્રનો આરંભ કરે છે, અને આ સ્કંધના પાંચમા અધ્યાયના ચુમાલીસમા શ્લોક સુધી (શાસ્ત્ર કહે છે).

૧. વસુદેવના સંગથી (નારદ) કૃતાર્થ થએલ છે, એવા પ્રકારથી, એવો અર્થ છે.(પ્ર)

૨. આ વાક્યથી નોટ પહેલીમાં જણાવેલ અર્થ સિદ્ધ કરે છે. શાસ્ત્રમાં આજ્ઞા કરેલ સ્મરણ (કરવાનું કાર્ય) લાંબા સમય પછી હવે આ પ્રશ્નથી થશે, તેથી (હું નારદ પ્રશ્નથી) કૃતાર્થ થાઉં છું, એવો અર્થ છે. (પ્ર)

૩. 'પ્રેમ હોવા છતાં સ્મરણ કેમ ન થતું ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. ચિત્ત જ્યાં ચોંટે ત્યાં જ રહે છે તેથી તેમ છે. (પ્ર) ભગવાનમાં ચિત્ત ચોંટે ત્યારે ત્યાં રહે છે. ત્યાં સારી રીતે પ્રવેશ થાય, ત્યારે સ્મરણ કરે છે, પરંતુ આ પ્રશ્નથી તેમના ધર્મોનો વિચાર કરવામાં રોકાશે એ 'સારી રીતે સ્મરણ' થશે, એવો અર્થ જણાય છે.

૪. 'સ્મરણ કરાવ્યું' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)

૫. દર્શન થયાં પછી કીર્તન થાય, તેથી કીર્તનને સ્વરૂપની (સ્વરૂપનાં દર્શનની) જરુર રહે છે, તેથી રૂપ અને નામના ભેદથી સ્મરણ કરાવ્યું, એવો ભાવ છે. (પ્ર) કીર્તન પોતે જ કરવાનું છે, અને શ્રવણ બીજો કોઈ કીર્તન કરતો હોય ત્યારે થઈ શકે. તેથી 'પોતાથી અને બીજાથી થઈ શકે તેવા ભેદથી' એમ કહેલ છે. કીર્તનમાં સ્વરૂપ (રૂપ)ની આવશ્યક્તા છે, શ્રવણમાં નામનું પ્રાધાન્ય છે.

૬. 'આજ' આ પ્રશ્નથી ભગવાનનું સારી રીતે સ્મરણ થયું, તે આ પ્રશ્નનું ઉત્તમપણું છે. તેથી 'આજ' શબ્દ પ્રશ્નનું ઉત્તમપણું જણાવે છે, એવો અર્થ જણાય છે.

માત્ર ગુરુના વચન કરતાં, (ગુરુનું) શાસ્ત્ર પ્રમાણેનું વચન સત્ય જ્ઞાન ઉત્પન્ન કરનારું છે એ પ્રસિદ્ધ છે. તેમાં નીચેના શ્લોકથી કથાનો આરંભ કરે છેઃ

**અત્રાપ્યુદાહરન્તોમમિતિહાસં પુરાતનમ્ ।।**
**આર્ષભાણાં ચ સંવાદં વિદેહસ્ય મહાત્મનઃ ।।૧૪।।**

આ વિષયમાં પણ ઋષભના પુત્રો અને મહાત્મા વિદેહના સંવાદરૂપ આ (નીચે કહીશ તે) પુરાણો ઈતિહાસ કહે છે. ૧૪.

'આ વિષયમાં' એટલે ભગવાનના ધર્મ સંબંધી પ્રશ્નમાં. આ વિષય સંપૂર્ણ રીતે તમે જ પૂછેલો નથી, પરંતુ પુરાણો પણ છે. આથી એમ જણાવ્યું છે કે ફલ પણ ચોક્કસ પ્રાપ્ત થવાનું. તેઓ[1] બીજા કલ્પના હતા એમ સૂચવવા 'કહે છે' એમ કહેલું છે. બીજા ભવમાં રહેલા (થએલા) ગુરુઓ અને બીજાઓ કહે છે; ભગવાનનાં અથવા બ્રહ્માનાં વચનનું ઉદાહરણ કહેલું નથી, કારણ કે તે મુક્ત જીવોના સંબંધનું છે. 'પુરાણો' એટલે નારદના કલ્પ કરતાં પુરાણો. 'ઋષભદેવના પુત્રો અને વિદેહના (સંવાદરૂપ)'માં 'ચ' 'અને' શબ્દ એક પછી એકના સંબંધને લીધે અથવા દરેકનું મુખ્યપણું જણાવવા (યોજેલ છે). આ નિમિ (વિદેહ) નવમા સ્કંધમાં કહ્યો[2] તેથી જૂદો હોવાથી (તેનામાં) લોચનમાં રહેનાર તરીકેનો દોષ નથી. શ્રવણ કરનારનો વંશ કહેવાનું પ્રયોજન ન હોવાથી, માત્ર (તે) ઉત્તમ હોવાનું કહેવું જોઈએ. તેથી (તે) યજ્ઞની મધ્યમાં (યજ્ઞ કરતો) હોવાનું કહેશે. તેને દેહનું અભિમાન ન હતું અને ભગવાનમાં ચિત્તવાળો (તે) હતો એમ અહિં પણ કહેલું[3] છે, આ[4] તેવો વંશ છે કે જેની અંદરના છ (પુરુષો)માં ભગવાને પોતાના ધર્મો શુકના વંશની પેઠે પ્રકટ કરેલા, કારણ કે સાતમી કક્ષા ભગવાનના ધર્મ સિદ્ધ કરનારી છે ૧૪.

તે (ઋષભના પુત્રો) કહેવા; તેમની પહેલાના છ પુરુષો નીચે કહે છેઃ

**પ્રિયવ્રતો નામ સુતો મનો સ્વાયમ્ભુવસ્ય યઃ ।।**
**તસ્યાગ્નિધ્રસ્તતો નાભિર્ઋષભસ્ત્સુતઃ સ્મૃતઃ ।।૧૫।।**

સ્વયંભૂ(બ્રહ્મા)ના પુત્ર મનુનો જે પ્રિયવ્રત નામનો પુત્ર હતો, તેનો આગ્નીધ્ર (પુત્ર હતો). તેનાથી નાભિ થયો, અને તેનો ઋષભ જણાવેલો છે. ૧૫.

---

૧. 'તેઓ' એટલે ઋષભના પુત્રો વિગેરે. (બીજા કલ્પના હતા), કારણ કે બીજા ભવમાં થએલા પુરુષો પણ તે સંવાદ કહે છે, એવો અર્થ છે (પ્ર)

૨. જૂઓ સ્કંધ ૯ અધ્યાય ૨૩.

૩. 'વિદેહ' શબ્દથી દેહનું અભિમાન ન હોવાનું, અને 'મહાત્મા' શબ્દથી ભગવાનમાં ચિત્તવાળા હોવાનું કહેલું છે, એવો અર્થ જણાય છે.

૪. 'આ' એટલે ઋષભનો વંશ એવો અર્થ જણાય છે.

આ પાંચમા સ્કંધમાં કહેલ છે એમ જણાવવા ત્રીજાથી[1] આરંભ કરે છે. બાકીનું સ્પષ્ટ છે. ૧૫.

સાતમા સંતાનની ઉત્પત્તિ કહેતાં, નીચેના શ્લોકમાં પિતાના માહાત્મ્ય સાથે તેમની ઉત્પત્તિ કહે છે :

**તમાહુર્વાસુદેવાંશં મોક્ષધર્મવિવક્ષયા ।।**
**અવતીર્ણં સુતશતં તસ્યાસીદ્ બ્રહ્મપારગમ્ ।।૧૬।।**

મોક્ષધર્મ (પ્રાપ્ત કરવા)ની ઈચ્છાથી તેને વાસુદેવનો અંશ કહેતા. તેના બ્રહ્મનો પાર પામેલા એકસો પુત્રો અવતરેલા. ૧૬.

એકસોની અંદર તે (નવ)નાં પણ ઉત્પત્તિ અને વેદનો અભ્યાસ સાધારણ (હોવાનું) કહેલું છે. એક સો પુત્રો ભગવાનના ધર્મવાળા હતા. નવ તેમનાથી(તેમનામાં) પણ અધિક હતા, તેથી તેઓની અંદર નવની ઉત્પત્તિ કહે છે, કારણ કે ભક્તિ તેવી છે*. ૧૬.

આમાં કોઈ પ્રવાહમાં પડેલ ન હતો એમ કહેવા નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી અનુક્રમે સ્વરૂપથી અને કાર્યથી તેઓ પુષ્ટિમાં રહેલા એમ કહે છે. તેઓનાં સ્વરૂપ અને નામ ઉત્તમ હતાં એમ કહેતાં, નીચે સ્વરૂપ કહે છેઃ

**તેષાં વૈ ભરતો જ્યેષ્ઠો નારાયણપરાયણઃ ।।**
**વિખ્યાતં વર્ષમેતદ્ યન્નામ્ના ભારતમુત્તમમ્ ।।૧૭।।**

તેઓમાં સર્વથી મોટો ભરત ખરેખર નારાયણમાં આસક્તિવાળો હતો, જેના નામથી આ ઉત્તમ દેશ ભારત તરીકે પ્રસિદ્ધ થએલો છે. ૧૭.

કારણ કે ભગવાનમાં આસક્તિવાળા હોવું એ સ્વરૂપનું ઉત્તમપણું છે. જેના નામથી મોટાનું નામ પણ પ્રસિદ્ધ થાય એ નામનું ઉત્તમપણું છે. બધા તેવા હતા એમ જણાવવા સર્વથી મોટાનું ઉત્તમપણું કહેલું છે. ૧૭.

નીચેના શ્લોકમાં (ભરતનું) કાર્ય કહે છેઃ

**સ ભુક્તભોગાં ત્યક્ત્વેમાં નિર્ગતસ્તપસા હરિમ્ ।।**
**ઉપાસીનસ્તત્પદવીં લેભે વૈ જન્મભિસ્ત્રિભિઃ ।।૧૮।।**

ભોગ ભોગવેલી અને તજી તે નીકળી ગયો, અને તપથી હરિનું ભજન

---

૧. (૧) બ્રહ્મા (૨) મનુ (૩) પ્રિયવ્રત (૪) આગ્નીધ્ર (૫) નાભિ (૬) ઋષભ. આ વંશ પાંચમા સ્કંધમાં કહેલ છે, એમ જણાવવા ત્રીજા પ્રિયવ્રતથી શ્લોકનો આરંભ કરેલો છે. કારણ કે પ્રિયવ્રતની કથા સ્કંધ પાંચમાં પ્રસિદ્ધ છે, એવો અર્થ જણાય છે.

*. 'તેવી' એટલે નવ પ્રકારની એવો અર્થ જણાય છે. આ જાતની ઉત્પત્તિ વીસમા શ્લોકમાં કહેશે, અહિં કહેલી નથી.

કરતાં ત્રણ જન્મોએ તેણે ખરેખર તેમની પદવી પ્રાપ્ત કરી. ૧૮.

કારણ કે ભરત ભગવાને જ બંધનવાળી, મોક્ષ ઈચ્છનારની અને મુક્ત (જીવ)ની અવસ્થાઓ દર્શાવી, કારણ કે ત્રણેનું રૂપ આ જ હતું અને ક્રિયા આ જ હતી. વળી પ્રવૃત્તિના અને નિવૃત્તિના ગુણો ભગવાનની ઈચ્છાથી બંધ થઈ ગએલા. નારાયણમાં આસક્તિવાળાને ધર્મમાં સ્થિતિ ઉત્સાહ કરાવનારી (હોતી) નથી, તેથી '(તેમની) પદવી પ્રાપ્ત કરી' એમ (કહેલું છે). ત્યાર પછી (તેની) ગતિ જાણવામાં આવી નથી, એવો અર્થ છે. 'નારાયણમાં આસક્તિવાળા સર્વે (કોઈથી પણ ભય પામતા નથી)' એવું વચન હોવાથી ભોગ ભોગવેલી (ભૂમિ) તજી, એવો તર્ક કહેવા માટે 'ભોગ ભોગવેલી' એ વિશેષણ (યોજેલું છે). 'નીકળી ગયો' શબ્દ એમ જણાવે છે કે તેણે સંન્યાસ લીધો ન હતો. તેમ (સંન્યાસ લીધો) હોત તો, હરણના સંગથી પતિત થાત. ૧૮.

નવ[1] સિવાયના બીજાઓ પણ મર્યાદામાં કામે લાગેલા, એમ કહે છે :

**તેષાં નવ નવદ્વીપપતયોઽસ્ય સમન્તતઃ ।।**
**કર્મતન્ત્રપ્રણેતાર એકાશીતિર્દ્વિજાતયઃ ।।૧૯।।**

તેઓમાંના નવ આ સંપૂર્ણ (ભૂમિ)ના નવદ્વીપોના પતિઓ થએલા. (અને) એકાશી કર્મતંત્ર રચનાર બ્રાહ્મણો થએલા. ૧૯.

કારણ કે આઠ દિશાઓ અને વચલો (દ્વીપ) એવો ભેદ હોવાથી નવ (ભૂમિનાં) રૂપની મર્યાદાનું રક્ષણ કરતા હતા. સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણો એક બીજાઓ સાથે ભળવાથી નવ પ્રકારના થાય છે, અને કર્તા તથા કર્મમાં પ્રવેશેલા તેઓ એકાશી થાય છે[2]. વેદમાં શ્રદ્ધાવાળા તેટલા જ પ્રવૃત્તિમાર્ગમાં હતા.

તેઓમાંથી નવ નવ દ્વીપોના પતિઓ થએલા. 'આ' શબ્દથી આગળ રહેલી ભૂમિ દર્શાવેલી છે, અથવા બુદ્ધિમાં રહેલ ભરત[3] દર્શાવેલ છે. 'કર્મતંત્ર રચનાર' શબ્દથી પૂજન કરવાનું અને પૂજન કરાવવાનું કહેલાં છે. તેઓમાં બ્રાહ્મણપણું પ્રકટ થએલું હોવાથી (તેમને) 'બ્રાહ્મણો' કહેલ છે. ૧૯.

---

૧. 'નવ સિવાયના એટલે આગળ શ્લોક ૨૧માં જણાવેલા નવ સિવાયના. ભરત ઉપર જણાવેલ છે. તેથી એકસોમાંથી દશ જતાં બાકીના નેવું, એવો અર્થ જણાય છે.

૨. કર્મમાં પ્રવેશેલા નવ ગુણો અને કર્તામાં પ્રવેશેલા નવ ગુણો. કર્મમાં પ્રવેશેલ નવમાંથી એક લઈ, તેની સાથે કર્તામાં પ્રવેશેલ નવ લેતા નવ થાય. તે પ્રમાણે કર્મમાં પ્રવેશેલ બીજા, ત્રીજા વિગેરે સાથે કર્તામાં પ્રવેશેલ નવ નવ લેતાં ૯×૯=૮૧ થાય છે.

૩. 'આ'નો અર્થ 'ભારત' લઈએ, ત્યારે ભારતની આસપાસના નવદ્વીપના નવ પતિઓ હતા, એવો અર્થ થાય.

નીચેના શ્લોકમાં ચાલુ કથાના સંબંધવાળા કહે છે :

**નવાભવન્ મહાભાગા મુનયો હ્યર્થશંસિનઃ ।।**
**શ્રમણા વાતરશના આત્મવિદ્યાવિશારદાઃ ।।૨૦।।**
**કવિર્હરિરન્તરિક્ષઃ પ્રવૃદ્ધઃ પિપ્પલાયનઃ ।।**
**આવિર્હોત્રોડથ દ્રુમિલશ્ચમસઃ કરભાજનઃ ।।૨૧।।**

કવિ હરિ અંતરિક્ષ પ્રબુદ્ધ પિપ્પલાયન આવિર્હોત્ર અને દ્રુમિલ ચમસ તથા કરભાજન (એ) નવ મોટા ભાગ્યવાળા, આશય કહેનારા, (તે માટે) પરિશ્રમ કરનારા, વસ્ત્રરહિત, આત્મવિદ્યામાં પ્રવીણ મુનિઓ હતા. ૨૦-૨૧.

ભાગવત ધર્મના જ્ઞાનવાળા નવ મોટા ભક્તો હોવાથી જ્ઞાન અને ભક્તિવાળા હતા, કારણ કે ઋષિઓ મંત્ર જોનારા હોય છે તેમ (આમને) ભાગવત ધર્મના જ્ઞાનવાળા કહેલા છે. તેઓ અલૌકિક અર્થ (ભાગવત ધર્મ) જાણનાર હોવાનાં છ કારણો કહે છે. (૧) તેઓ નવ પ્રકારની પ્રકટ થએલ ભક્તિરૂપ જ હોવાથી સમાન સ્વભાવવાળા હતા. ભગવાનના ધર્મો લોકમાં નિધિ જેવા હોવાથી (તેઓ) 'મોટા ભાગ્યવાળા' હતા એમ કહેલું છે. (૨) પ્રાપ્ત થએલ નિધિ અજ્ઞાનથી અથવા સાચવવાની અશક્તિને લીધે ગૂમ થાય તેથી, ત્રણ વિશેષણોથી અજ્ઞાન ન હોવાનું કહે છે, કારણ કે મનન (કરવા)ના સ્વભાવવાળા (મુનિઓ) સાચવનારા હોય છે, કેમ કે તે (મનન)માં પ્રાપ્ત થએલ હોય તેનું સંપૂર્ણ રીતે રક્ષણ કરે છે. (૩) તેમાં પણ તાત્પર્યનાં જ્ઞાનવાળા હતા એમ જણાવવા 'આશય કહેનારા' એમ કહેલું છે. પરમાર્થ હોય તે જ વસ્તુ કહે છે, પરંતુ (તે) ઉપરાંત યોગના બલથી જે કાંઈ જાણેલ હોય તે કહેતા નથી. તેથી (તેઓ) કહે (ઉપદેશ કરે) તે માટે (તાત્પર્યનો) સારી રીતે નિર્ણય કરનાર હોવાનું કહેલું છે. (૪) 'પરિશ્રમ કરનારા' વિશેષણથી સામર્થ્ય (કહેલું છે)[1] તેઓનાં મન, વાણી અને કર્મો તે (ભાગવત ધર્મોના ઉપદેશ) માટે હોવાથી (તેઓને) અજ્ઞાનથી ગફલત થતી નહિ. (૫।૬) બે (વિશેષણો)થી અશક્તિ ન હોવાનું કહે છે. કારણ કે મિલ્કતથી વ્યાકુલપણું થાય છે. મિલ્કત ન રાખવામાં આવે ત્યારે દેહનો અધ્યાસ હોય તો તેથી પણ (અધિક વ્યાકુલપણું થાય છે). તેથી મિલ્કત ન હોવાનું (વસ્ત્રરહિત) અને આત્મજ્ઞાન કહેલાં છે. દેહનો અધ્યાસ સંપૂર્ણ પ્રકારે (જરાએ) ન હતો, એમ જણાવવા (આત્મવિદ્યામાં) પ્રવીણપણું કહેલું છે. ૨૦.

ગુરુનું નામ જાણવામાં આવે તે માટે તેઓનાં નામ એકવીસમા શ્લોકમાં કહે છે. 'અથ' 'અને' શબ્દ પ્રકરણને જૂદું પાડનારો છે. 'તેથી હે ભારત!

૧. પરિશ્રમ કરનાર હોવાથી શક્તિવાળા હતા, એવો અર્થ છે. (પ્ર)

(ભગવાન્ હરિ ઈશ્વરનું) સંપૂર્ણ રીતે (શ્રવણ કરવું...)' ૨।૧।૫માં જે કહેલું છે તે લંબાણ (થવા)ના ભયથી (અહિં) કહેતા નથી. ૨૧.

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકોથી, જ્ઞાન અને વૈરાગ્યથી તેઓના આશ્રમના ધર્મ કહે છે. તે પૈકી આંરભમાં નીચેના શ્લોકથી (તેઓ) જ્ઞાનથી પરિભ્રમણ કરતા હતા એમ કહે છેઃ

**ત એતે ભગવદ્રૂપં વિશ્વં સદસદાત્મકમ્ ।।**
**આત્મનોઽવ્યતિરેકેણ પશ્યન્તો વ્યચરન્મહીમ્ ।।૨૨।।**

આ તેઓ સત્ય અને અસત્યરૂપ વિશ્વને પોતાથી જૂદું નહિ તેવા પ્રકારથી ભગવદ્રૂપ જોતાં ભૂમિ ઉપર ફરતા હતા. ૨૨.

'સમૂહમાં ફરવાની શાસ્ત્રમાં મના છે' એવી શંકા થાય, તેથી ભગવાનના ધર્મોના જાણનાર હોવાથી પરસ્પર (તે ધર્મો) કહેવા માટે તે પ્રમાણે (ફરતા હતા), તેથી 'આ તેઓ' શબ્દોથી એ પ્રમાણે કહેલું છે. વૈદિક[1] (જ્ઞાન) અને ભાગવત જ્ઞાન એક પ્રકારનું છે, પરંતુ (ભાગવત જ્ઞાનમાં) ભગવાન્ તરીકે (જ્ઞાન થાય છે), એવો ભેદ છે. સાંખ્ય(મતમાં) તો સંકલ્પ (કામનાઓ) દૂર કરીને (વિશ્વ) એક પ્રકારનું હોવાનો અનુભવ થાય છે. યોગમાં તો બહારનું (વિશ્વ) જોવામાં આવતું જ નથી. તે પૈકી વૈદિક અને વૈષ્ણવ (શાસ્ત્ર)માં બ્રહ્મ, જગત્ અને જીવનાં પ્રધાનપણાંના પ્રકારથી ત્રણ પ્રકારે બ્રહ્મનું નિરૂપણ કરેલું હોય છે. તે પૈકી (આ શ્લોકમાં) જગતના પ્રધાનપણાંનું જ્ઞાન કહેલું છે. અનંત રૂપવાળા ભગવાનનાં કાર્યરૂપ એક (વિશ્વ) બે પ્રકારનાં જ્ઞાનનું કારણ હોય છે, (કોઈ) ક્રમ પ્રમાણે સત્યરૂપ અને અસત્યરૂપ થતું નથી, પરંતુ સદાએ (તેવું જ છે). (મુનિઓ) પોતે પણ (તેનાથી) જૂદા નથી (એમ) 'પોતાથી જૂદું નહિ તેવા પ્રકારથી' (શબ્દથી કહેલ છે). પરિભ્રમણ કરતાં પણ બ્રહ્મમાં રહેલા છે એમ જણાવવા જેમાં જગતનું પ્રધાનપણું છે તેવું જ્ઞાન[2] (કહેલું છે). ૨૨.

નીચેના શ્લોકમાં (તેઓનું) વૈરાગ્ય કહે છેઃ

**અવ્યાહતેષ્ટગતયઃ સુરસિદ્ધસાધ્યગન્ધર્વયક્ષનરકિન્નરનાગલોકાન્ ।।**
**મુક્તાશ્ચરન્તિ મુનિચારણભૂતનાથવિદ્યાધરદ્વિજગવાં ભુવનાનિ કામમ્ ।।૨૩।।**

જેમની ઈચ્છેલી ગતિનો (કયાંય) અટકાવ થતો ન હતો તેવા (તે) મુક્ત

---

૧. વૈદિક (શાસ્ત્રમાં) બૃહત્ (મોટું) અથવા બૃંહણ (પોષણ) કરનાર તરીકે જ્ઞાન થાય છે, વૈષ્ણવ (શાસ્ત્ર)માં તો ઐશ્વર્ય વિગેરે છ ગુણોવાળા તરીકે જ્ઞાન થાય છે, એવો ભેદ છે, એવો અર્થ છે.(પ્ર)

૨. વિશ્વમાં ભગવદ્રૂપનું ઉત્તમ પ્રકારે ભાન થતું હોવાથી તેવું જ્ઞાન છે, એવો અર્થ છે. (પ્ર)

(પુરુષો) દેવો, સિદ્ધો, સાધ્યો, ગંધર્વો, યક્ષો, મનુષ્યો, કિંનરો અને નાગોના લોકમાં (તથા) મુનિઓ ચારણો, ભૂતનાથો, વિદ્યાધરો, દ્વિજો અને ગાયોના ભુવનોમાં પોતાની ઈચ્છા પ્રમાણે ફરતા હતા. ૨૩.

વૈરાગ્ય પણ ત્રણ પ્રકારનું છે. ૧.મોહ કરનારા પદાર્થોનો દૂરથી ત્યાગ કરવારૂપ ૨.દઢ પ્રકારે અંદર પ્રાપ્ત થએલા પ્રતિ ઉદાસીનપણારૂપ અને ૩.પ્રીતિ ન થાય તે માટે શાસ્ત્રમાં મના કરેલ ન હોય તેવા પ્રકારે એકવારના અનુભવરૂપ. આમની ભગવાનના ધર્મોમાં આસક્તિ હોવાથી તે પૈકીના ત્રીજા (પ્રકાર)નાં વૈરાગ્યની સિદ્ધિ (આમણે) સ્વીકારેલી હોવાથી, (કયાંય) અટકાવ થતો ન હતો ઈચ્છેલી ગતિનો જેમની તેવા (હતા). ચૌદ લોકો હોવાના અભિપ્રાયથી લોકો ગણેલા છે. 'મુક્ત' એટલે તે (લોકો)માં રહેનારાઓના ગુણોના સંબંધ વિનાના, 'પોતાની ઈચ્છા પ્રમાણે' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ભગવાનની ઈચ્છાનું સંપૂર્ણ રીતે પાલન કરતા હોવાથી તેઓને ચિંતા થતી નહિ. ૨૩.

ભારતમાં યજ્ઞ કરનારા શુદ્ધ (અને) ભગવાનના ધર્મો જાણવાની ઈચ્છા-વાળા છે, એવી ભગવાનની આજ્ઞાનું પાલન કરવા તેઓ ત્યાં આવ્યા, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત એકદા નિમેઃ સત્રમુપજગ્મુર્યદચ્છયા ।।**
**વિતાયમાનમૃષિભિર્જાયન્તેયા મહાત્મનઃ ।।૨૪।।**

એક સમયે ભગવાનની ઈચ્છાથી તે જાયન્તેયો ઋષિઓથી લંબાવાતા મહાત્મા નિમિના યજ્ઞમાં ગયા. ૨૪.

હરકોઈ પ્રકારે જવું જ, એવો આગ્રહ ન હોવાથી 'ભગવાનની ઈચ્છાથી' એમ કહેલું છે. 'છ દિવસોથી મહિનાઓ કરી, દિવસને કાઢે છે' એ વાક્ય પ્રમાણે યજ્ઞમાં લૌકિક અને વૈદિક ક્રિયાઓના આવેશ વગરનો સમય (હોવાનું) સંભવે છે. તેથી 'લંબાવાતા' એમ કહેલું છે. ભૂલ થતી ન હતી એમ જણાવવા 'ઋષિઓથી' એમ કહેલું છે, છતાં પણ ત્યાં જવું અયોગ્ય હોવાથી જાયન્તેયો[૧] એમ માતાના નામથી (તેઓને) જણાવેલા છે. છતાં પણ નિમિનું ભાગ્ય (ફળ્યું) એમ 'મહાત્મા' વિશેષણથી કહેલું છે. ૨૪.

**સમાગમઃ પુજનં ચ પ્રશ્નશ્ચેતિ ત્રિભિઃ ક્રમાત્ ।।૮।।**

(નીચેના શ્લોકથી આરંભી) ત્રણ (શ્લોકો)થી અનુક્રમે, સમાગમ, પૂજન અને પ્રશ્ન કહેલા છે. તે પૈકી સમાગમ નીચેના શ્લોકમાં કહે છે :

**તાન્દષ્ટ્વા સૂર્યસઙ્કાશાન્ મહાભાગવતાન્નૃપઃ ।।**

---

૧. તેમની માતાનું નામ 'જયન્તી' હતું, તેના પુત્રો કહેલા છે. જૂઓ ૫।૪।૮.

**યજમાનોઽગ્નયો વિપ્રાઃ સર્વ એવોપતસ્થિરે ॥૨૫॥**

તે મોટા ભક્તોને સૂર્ય જેવા જોઈને, રાજા, યજમાન્, અગ્નિઓ, વિપ્રો બધાએ સમીપમાં ઉભા થયા. ૨૫.

તેઓ (૧) બ્રહ્મને જાણનારા અને (૨) ભક્તો હતા એવા બે તેઓનાં વિશેષણો (કહેલાં) છે. (નિમિ) રાજા હોવાથી તે ઉભો થાય તે લોક પ્રમાણે યોગ્ય છે. (તેઓ) બ્રહ્મ જાણનારા હોવાથી યજમાન માટે પણ (તે) યોગ્ય હતું. (તેઓ) મોટા ભાગ્યવાળા (ભક્તો) હોવાથી અગ્નિઓ અને વિપ્રોએ પણ અને સહકારને લીધે બીજાઓએ પણ (ઉભા થવું યોગ્ય હતું). આથી તેઓની કુદરતી સરસાઈ સિદ્ધ થઈ. ૨૫.

નીચેના શ્લોકમાં પૂજન કહે છેઃ

**વિદેહસ્તાનભિપ્રેત્ય નારાયણપરાયણઃ ॥**
**પ્રીતઃ સમ્પૂજયાઞ્ચક્રે હ્યાસનસ્થાન્ યથાર્હતઃ ॥૨૬॥**

નારાયણમાં આસક્તિવાળા વિદેહે પ્રસન્ન થઈ તેઓની પાસે જઈ આસન ઉપર બેઠેલાઓની (તેઓની) યોગ્યતા પ્રમાણે સારી રીતે પૂજા કરી. ૨૬.

(રાજા) તેઓને બ્રહ્મ તરીકે અને ભગવાન્ તરીકે જાણતો હતો, તેથી 'વિદેહ' અને 'નારાયણમાં આસક્તિવાળો' એવા બે રાજાના વિશેષણો (કહેલાં છે). પછીના વિશેષણનો પૂજામાં પણ ઉપયોગ હોવાથી (તે) પાછળથી કહેલું છે. (રાજા તેઓને) જોઈને જ પ્રસન્ન થયો, તેથી એમ સિદ્ધ થયું કે આણે તેઓ સંબંધી સર્વ જાણેલું છે. 'સારી રીતે પૂજા' એટલે જેવી ભગવાનની થાય તેવી. ઘણા સમય સુધી તેઓ રહેવાના હોવાથી 'આસન ઉપર બેઠેલા' એમ કહેલું છે. ('યોગ્યતા પ્રમાણે' એટલે) વયના અનુક્રમે અને (તેઓની) રુચિ પ્રમાણે પદાર્થો આપીને (રાજાએ તેઓને ઓળખીને તેઓનું પૂજન (કર્યું), એ (તેની) સરસાઈ (થઈ). ૨૬.

નીચેના શ્લોકથી પ્રશ્ન (કર્યાનું નારદ) કહે છેઃ

**તાન્ રોચમાનાન્ સ્વરુચા બ્રહ્મપુત્રોપમાન્નવ ॥**
**પપ્રચ્છ પરમપ્રીતઃ પ્રશ્રયાવનતો નૃપઃ ॥૨૭॥**

પોતાની કાંતિથી પ્રકાશતા બ્રહ્મના પુત્રો જેવા તે નવને ઘણા પ્રસન્ન થએલા રાજાએ વિનયથી નમ્ર થઈ (નીચે પ્રમાણે) પ્રશ્ન કર્યા. ૨૭.

પૂછવા યોગ્ય પદાર્થ તેઓમાં હોવાથી, (તેઓ) જ્ઞાન કરાવનારા હતા. 'પોતાની કાંતિથી પ્રકાશતા' વિશેષણથી (એમ જણાવેલ છે કે) બ્રહ્મ જાણનારા ઓની (તેમનામાં) રુચિ ઉત્પન્ન કરે તેવી કાંતિ તો ભગવાનના ધર્મો જાણનારા

હોવાથી છે. '(નિમિના) પિતાએ અને (તેણે) પોતે સનક વિગેરેને મનથી ગુરુઓ પસંદ કરેલા, તેથી તેઓનું ઉલ્લંઘન કરીને (આમને) પ્રશ્ન કેમ કર્યા?' એવી શંકા થાય, તેથી 'બ્રહ્માના પુત્રો જેવા' વિશેષણથી (આ) તેઓની સમાન જ હતા એમ કહેલું છે. છતાં પણ આમને પ્રશ્ન કરવામાં અયોગ્યતા (થાય), તેનું સમાધાન 'કહ્યું નહિ' (૧૧।૩।૪૨) વાક્યથી કરશે, અને 'નવ' શબ્દથી (એમ કહેલું છે) કે આ ચારે[1] વૈકુંઠમાં જ રહેલા છે લોકમાં દુર્લભ છે; તો (લોકમાં) નવ ક્યાંથી (મળે)? ઘણા સમયનો મનોરથ ફળશે, એવા વિચારથી (રાજા) ઘણો પ્રસન્ન થયો, વિશ્વાસવાળો થયો એમ કહેલું છે. વિનયથી નમ્ર થયો, એ પ્રશ્ન કરતાં ફલ પ્રાપ્ત કરાવનારું છે. 'રાજા' શબ્દથી દેશ કાલ વિગેરે સર્વ સંબંધી ચાતુર્ય (જણાવેલું છે). એ રીતે તેના પ્રશ્ન સુધી નારદની વાણી કહી. ૨૭.

રાજા ચાર (શ્લોક)થી પ્રશ્ન કરે છે. બેથી અભિનંદન અને બેથી પ્રશ્ન કરે છે. ભગવાનના સેવક તરીકે, અને ભગવાનના ધર્મવાળા તરીકે (અભિનંદન કરે છે). જ્ઞાન તો બ્રાહ્મણોને કુદરતી હોવાથી તેની પ્રશંસા કરી નથી. તેવી જ રીતે પ્રાપ્ત થએલાને સાચવવાનું અને ન પ્રાપ્ત થએલાની પ્રાપ્તિ જણાવનાર બે(શ્લોકો)થી પ્રશ્ન (કરે છે). તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં ભગવાનના સેવક તરીકે તેઓની પ્રશંસા કરે છેઃ

જનક કહે છે :

**મન્યે ભગવતઃ સાક્ષાત્પાર્ષદાન્ વો મધુદ્વિષઃ ।।**
**વિષ્ણોર્ભૂતાનિ લોકાનાં પાવનાય ચરન્તિ હિ ।।૨૮।।**

આપ મધુના શત્રુ ભગવાનના સાક્ષાત્ પાર્ષદો હોવાનું હું જાણું છું. કારણ કે વિષ્ણુના સેવકો ખરેખર લોકોને પવિત્ર કરવા વિચરે છે. ૨૮.

દર્શન (કરવા)થી જ જણાયું કે (આપ) પરમહંસ વૈષ્ણવો છો. (આપનું) ગોત્ર વિગેરે સંબંધી પ્રશ્ન (કરવા)થી કોઈપણ પુરુષાર્થ (થવાનો) નથી. (આપના) પધારવાના સંબંધમાં સંદેહ થાય કે (આપ) પોતાના માટે પધાર્યા છો કે બીજાને માટે ? પહેલાં (પોતાના માટે પધાર્યા હોવાનો પક્ષ) દર્શનથી જ દૂર થયો, અને બીજાને માટે પ્રાણીઓની પોતાની મેળે પ્રવૃત્તિ થતી નથી. વળી આ (આપની) પ્રવૃત્તિ બુદ્ધિપૂર્વક (થએલી) છે, તેથી ભગવાનની પ્રેરણાથી અમારો ઉદ્ધાર (કરવા) માટે (આપ) પધાર્યા છો. તે સંબંધમાં રાજસ વેષ ધારણ કરનારા બહારના સેવકો હોય છે, અને તે પરતંત્ર (સેવકો)થી સર્વ કાર્ય સિદ્ધ થતું નથી; તેથી કૃત્રિમ વૈકુંઠ વિગેરેમાં સનક વિગેરે છે તેમની પેઠે તેમના જેવા બીજાઓ પણ

૧. 'ચારે' એટલે સનક વિગેરે ચારે. (પ્ર)

ભગવાનની સભામાં રહે છે, (અને) કેટલાક પાર્ષદોની સાથે પણ જાય છે. તેવા (આ) નથી, એમ જણાવવા 'સાક્ષાત્' એમ (કહેલું) છે. મુખ્ય (પાર્ષદો) એવો (તેનો) અર્થ છે.

'કયા સમયે પાર્ષદ હતા ?' એવો પ્રશ્ન થાય, તે વિષયમાં 'મધુના શત્રુના' એમ કહેલું છે. (ભગવાને) મધુ અને કૈટભને હણી હયગ્રીવના સ્વરૂપથી વેદો બ્રહ્માને આપ્યા, અને તેથી વેદોનું રક્ષણ વિગેરે સમયે બધા પ્રધાન (સેવકો)ને અવસર (પ્રાપ્ત થયો). આથી એમ જણાવેલું છે કે તેઓનું વચન કોઈ પણ શાસ્ત્રથી વિરુદ્ધ નથી. 'ભગવાનની આજ્ઞાથી કામકાજ માટે અહિં આવવાનું સંભવતું હોય તો પણ ભમ્યા કરવાનું અયોગ્ય છે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલો છે. પાલન કરનાર (વિષ્ણુ)ના સેવકો જેને ગ્રહણ કરે છે તેને પોતાની સમાન કરે છે, એવો (અર્થ છે). અથવા 'ભૂતાનિ' એટલે ભગવાનમાંથી ઉત્પન્ન થએલાઓ. તેઓ ગંગાની પેઠે સર્વને પવિત્ર કરવા ભમ્યા કરે છે, એવો અર્થ છે. આ વિષયમાં સંદેહ નથી, કારણ કે ગંગા જ દૃષ્ટાંત છે, એમ જણાવવા 'હિ' 'ખરેખર' એમ કહેલું છે. ભગવાને જ (આમને) ઉત્પન્ન કરીને મોકલ્યા છે એમ કહેવાયું. ભગવાનના ધર્મવાળા તરીકે તેઓની પ્રશંસા (કરી છે). ૨૮.

(તેઓ) ગંગાથી પણ ઉત્તમ છે એમ જણાવવા નીચેનો શ્લોક કહે છેઃ

**દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભંગુરઃ ।।**
**તત્રાપિ દુર્લભં મન્યે વૈકુણ્ઠપ્રિયદર્શનમ્ ।।૨૯।।**

દેહવાળાઓને મનુષ્યનો દેહ દુર્લભ (અને) ક્ષણભંગુર છે. તેમાં પણ ભગવાનના પ્રિય (ભક્તો)નું દર્શન દુર્લભ (હોવાનું) હું માનું છું. ૨૯.

'આ ઘણો દુર્લભ (મનુષ્યનો દેહ) પ્રાપ્ત કરીને' (૧૧।૯।૨૯) આ ધોરણ પ્રમાણે, (અને) 'સ્વર્ગ તથા મોક્ષનું દ્વાર' તથા 'અહિં જ (પ્રાપ્ત કરવા) પ્રયાસ કરવો જોઈએ' એ વાક્ય પ્રમાણે મનુષ્યનો દેહ નૌકાની પેઠે સાધન છે, છતાં પણ સત્પુરુષો જો ખલાસીઓ જેવા હોય તો ફલ પ્રાપ્ત થાય.

વળી આ વિષયમાં પ્રત્યક્ષનો વિરોધ છે એમ ન માનવું, કારણ કે હેતુ સ્વરૂપ અને ફલ પ્રત્યક્ષ હોય[1] તો તે (વિરોધ) થાય. તે પૈકી હેતુ પ્રત્યક્ષ નથી જ.

---

૧. મનુષ્યનો દેહ (પ્રાપ્ત થવો) દુર્લભ છે. આ સિદ્ધાંતને પ્રત્યક્ષનો વિરોધ નથી, કારણ કે તે દેહ પ્રાપ્ત થવાનાં હેતુ એટલે કારણ, તે દેહનું સ્વરૂપ અને તેનું ફલ તે દેહ સહેલાઈથી પ્રાપ્ત થતો હોવાનું પ્રત્યક્ષ રીતે જણાવતાં નથી. તે દેહ પ્રાપ્ત થવાનું કારણ પ્રત્યક્ષ છે જ નહિ, તેમ જ તે પ્રાપ્ત કરવાનાં સાધન પ્રત્યક્ષ ન હોવાથી ફલ પણ પ્રત્યક્ષ નથી. સ્વરૂપ જોતાં દેહ દુર્લભ છે એમ સ્પષ્ટ નીચે દર્શાવ્યું છે.

સાધન ન હોવાથી ફલ (પ્રત્યક્ષ નથી). સ્વરૂપ(ના સંબંધ)માં પણ વનમાં ખાડાટેકરાવાળી નદીમાં જેમણે નૌકા પ્રાપ્ત કરેલી છે તેવા મુસાફરો જેવા ઘણાએ નૌકાને સહેલાઈથી પ્રાપ્ત થએલી માનતા નથી, કારણ કે તે ઘણું ભગવાનથી પ્રાપ્ત થએલી હોય છે, કેમ કે ચોરાશી લાખ યોનિઓમાં મનુષ્યની યોનિ એક છે. વિરોધ તર્કથી દૂર કરવો જોઈએ[૨]. દેહનું અભિમાન તામસ હોવાથી, રાજસ મનુષ્યનો દેહ દુર્લભ છે, એવો અર્થ છે. (તે) ક્ષણમાં નાશ પામે તેવો છે, નાશનો આરંભ થતાં રહેતો નથી, એવો અર્થ છે. પોતાને મનુષ્યના દેહની પ્રાપ્તિ દુર્લભ છે. દુર્લભ (મનુષ્યના દેહ)માં પણ ભગવાનના પ્રિય(ભક્ત)ની પ્રાપ્તિ દુર્લભ છે. તે (ભક્તની પ્રાપ્તિ) ન થાય તો (મનુષ્યનો દેહ) પ્રાપ્ત થએલ હોય તો પણ નકામો છે, અને દુઃખકારક છે, એવો (અર્થ છે). લોકમાં (આવી) પ્રસિદ્ધિ ન હોવા છતાં પોતાનો અનુભવ પ્રમાણ છે, એમ 'હું માનું છું' શબ્દથી કહેલ છે. (ભગવાન્) વૈકુંઠમાં રહીને (પોતાનાં) સર્વ ધનરૂપ પોતાના ધર્મો આપીને, ઘણા સેવકો થાય તે માટે (તેમને) મોકલીને તેમની રાહ જોઈ રહે છે, તેથી (તેઓ) ભગવાનને પ્રિય છે. ૨૯.

'એવા પ્રકારનો સમાગમ ફરી (થવાનું) સંભવશે નહિ, કે જેથી[૧] વિલંબ કરવો યોગ્ય હોય; પરંતુ શરીરનો ઉપયોગ કરવો જ જોઈએ, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે છે :

**અત આત્યન્તિકં ક્ષેમં પૃચ્છામો ભવતોઽનઘાઃ ।।**
**સંસારેઽસ્મિન્ ક્ષણાર્ધોઽપિ સત્સઙ્ગો શેવધિર્નૃણામ્ ।।૩૦।।**

તેથી હે પાપરહિત (મુનિઓ) ! અમે આપને અનંત ક્ષેમ પૂછીએ છીએ. આ સંસારમાં અર્ધ ક્ષણનો પણ ઉત્તમ પુરુષોનો સંગ મનુષ્યોને નિધિરૂપ છે. ૩૦.

'અત્યંતિક' એટલે વિરોધ કરનારની[૨] હાજરી વિનાનું અનંત. 'ક્ષેમ' એટલે પ્રાપ્ત થએલું હોય તેનું સંરક્ષણ, દુર્લભ (મનુષ્યનો દેહ) અને ઉત્તમ પુરુષનો સંગ પ્રાપ્ત થએલ છે, તે જે ઉપાયથી નિત્ય (સદાના) થાય, તે કહો,

૨. 'દેહની પ્રાપ્તિ મનને આધીન હોવાથી તર્કથી તે દુર્લભ હોવામાં વિરોધ જણાશે' એવી શંકા થાય તેથી આ કહેલ છે. બીજા (નીચે કહે છે તે) તર્કથી તે વિરોધ દૂર કરવો એવો અર્થ છે. અભિમાન રહિત મન દેહ ઉત્પન્ન કરતું નથી. અભિમાનવાળું કરે, તે તામસ હોવાથી તેનાથી રાજસ મનુષ્ય દેહ પ્રાપ્ત થાય નહિ. તેથી તેની પ્રાપ્તિનું બીજું કારણ તપાસવું રહ્યું. તેથી તર્કનો વિરોધ રહેતો નથી, એવો અર્થ છે. (પ્ર)

૧. સમાગમ ફરી થશે એમ જણાતું હોય તો જ વિલંબ કરાય. તેવું સંભવતું ન હોવાથી વિલંબ કરવો યોગ્ય નથી, એવો અર્થ જણાય છે.

૨. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધો.

એવો અર્થ છે. 'આપને' એ બીજું કર્મ છે[3]. બંને પદાર્થો દુર્લભ હોવા છતાં (જેનાં ફલનો) આરંભ થએલ છે તેવું પાપ હોવાનો સંભવ હોવાથી અમારા દેહથી પ્રયોજન સિદ્ધ થશે નહિ, તેથી 'હે પાપરહિત (મુનિઓ) !' એવું સંબોધન કરેલું છે. (તેમને કાંઈ) અટકાવનારું નથી તેનું કારણ 'વિષ્ણુના સેવકો' (શ્લોક ૨૮) શબ્દથી (કહેલું છે) અનંત ક્ષેમનું ઉત્તમપણું જણાવવા માટે કૈમુતિક[4] ન્યાયથી ઉત્તરાર્ધ કહેલો છે. આત્માથી જૂદાં, હલકાં ફલો આપવા માટે (ઉત્તમ પુરુષોને) લાંબા સમય સુધી રહેવાની જરુર નથી. નિધિ પ્રાપ્ત થતાં જેમ ગરીબાઈ (દૂર થાય) તેમ જ્ઞાન આપવાથી સંસારના દુઃખો દૂર થાય છે, એવો (ઉત્તરાર્ધનો) અર્થ છે. તેથી 'સત્' 'ઉત્તમ' એ સામાન્ય શબ્દ છે. 'મનુષ્ય' હોવું એ જ અધિકારી (જ્ઞાન લેનાર)નું વિશેષણ છે. ૩૦.

ન પ્રાપ્ત થએલાની પ્રાપ્તિ વિષે નીચેના શ્લોકમાં પ્રશ્ન કરે છેઃ

**ધર્માન્ ભાગવતાન્ બ્રૂત યદિ નઃ શ્રુતયે ક્ષમમ્ ।।**
**યઃ પ્રસન્નઃ પ્રપન્નાય દાસ્યત્યાત્માનમપ્યજઃ ।।૩૧।।**

જો અમો સાંભળવા યોગ્ય હોઈએ, તો (અમને) ભગવાનના ધર્મો કહો, કે જેનાથી પ્રસન્ન થએલા જન્મરહિત (ભગવાન્) શરણ આવેલાને આત્માનું પણ દાન કરે છે. ૩૧.

ભગવાનના ધર્મો (અમને) કોઈ સમયે પ્રાપ્ત થએલા નથી. ન પ્રાપ્ત થએલ હોય તે (પ્રાપ્ત થાય ત્યારે) સચવાય નહિ તો નકામું છે, તેથી 'જો અમો સાંભળવા યોગ્ય હોઈએ તો' એમ કહેલું છે. જો સ્વરૂપ (અમો) યોગ્યતામાં ભગવાનનું શ્રવણ કરવા યોગ્ય હોય, તો (ભગવાનના) ધર્મો તે[1] પ્રયોજન સિદ્ધ કરાવનારા થાય. ધર્મો ન પ્રાપ્ત થએલ પ્રાપ્ત કરવાના પદાર્થો છે એમ જણાવવા ઉત્તરાર્ધથી પહેલાં[2] કરતાં (તે) અધિક ફલવાળા હોવાનું કહે છે. આચરેલા ધર્મોથી ભગવાનની પ્રસન્નતા અવશ્ય થાય છે. 'શરણ આવવું' એ અધિકારીનું વધારાનું વિશેષણ છે. ગયા શ્લોકમાં (તે) મનુષ્ય હોવાનું જ કહેલું, તેનાથી (આ) વધારાનું છે, એવો અર્થ છે. બીજો જેણે આત્માનું નિવેદન કરેલ ન હોય તેને ભગવાન્

૩. 'પૃચ્છ' 'પૂછવું' ધાતુ બે કર્મવાળો છે. (૧) જે પૂછવાનું હોય તે અને (૨) જેને પૂછવાનું હોય તે, એવાં તેનાં બે કર્મો હોય છે.

૪. 'કિમુત' કેટલું વધારે ?' એ શબ્દ ઉપરથી 'કૈમુતિક' શબ્દ થયો છે. જ્યારે અર્ધ ક્ષણનો સંગ પણ નિધિરૂપ છે, તો પછી સદાનો સંગ હોય તો શું ફલ પ્રાપ્ત ન થાય ? એવો ભાવાર્થ છે.

૧. 'તે' એટલે અનંત ક્ષેમ (પ્ર).

૨. 'પહેલાં' એટલે ત્રીસમા શ્લોકમાં નિધિરૂપ ફલ કહ્યું તે કરતાં.

આત્માનું દાન કરતા નથી; અને ભગવાન્ પ્રસન્ન થયા હોય ત્યારે કીર્તિ વિગેરેનું દાન કરીને આત્માનું દાન કરે તેમાં ધર્મો પણ[3] કારણરૂપ છે, કારણ કે (તે) પ્રસન્ન થયા હોય ત્યારે પણ 'છતાં પણ વર માગીએ છીએ'(૪।૩૦।૩૧) એવી (ભક્તોના સંગ માટેની) પ્રાર્થના[4] કરવામાં આવે છે. 'અપિ' 'પણ' શબ્દથી ભક્તોનો સંગ કહેલ છે. ધર્મો પ્રાપ્ત થવાનું સત્સંગ વિના બીજું કાંઈ સાધન નથી[5] એમ જણાવવા ભગવાન્ સંબંધને લીધે દાન કરતા નથી, એમ 'જન્મરહિત' વિશેષણથી કહેલું છે. એવી રીતે બે પ્રશ્નો થયા. ૩૧.

વચ્ચે નીચેના શ્લોકથી નારદ વસુદેવને સાવધાન કરે છેઃ

શ્રીનારદ કહે છેઃ

**એવં તે નિમિના પૃષ્ટાં વસુદેવ મહત્તમાઃ ॥**
**પ્રતિપૂજ્યાબ્રૂવન્ પ્રીત્યા સસદસ્યર્ત્વિજં નૃપમ્ ॥૩૨॥**

હે વસુદેવ! નિમિએ એ પ્રમાણે પ્રશ્ન કરેલો તે સર્વથી પ્રધાન (મુનિઓએ) રાજાનું સભાસદો તથા ઋત્વિજો સાથે પ્રીતિથી સામું પૂજન કરીને (તેઓને) (નીચે પ્રમાણે) કહ્યું. ૩૨.

'સર્વથી પ્રધાન' વિશેષણથી એમ કહેલું છે કે તે (રાજા)ને અધિકાર પણ પ્રાપ્ત કરાવીને ધર્મો કહીશું (કહેશે). હિત કહે છે, કરાવે છે અને (હિત માટે) યોગ્ય કરીને કરાવે છે[1], તેથી તે પ્રમાણે સામું પૂજન બહારથી જ (કર્યું). 'સભાસદો અને ઋત્વિજો સાથે' એમ કહેલું હોવાથી એક મુખ્યને અને ગૌણ[2] બેને કહેવાનું છે એમ સૂચવેલું છે. ૩૨.

તે વિષયમાં મનુષ્યનો દેહ અને સત્સંગ પ્રાપ્ત થાય ત્યારે મોક્ષ અવશ્ય

૩. 'ચ' શબ્દ 'પણ' અર્થવાળો છે. (પ્ર)

૪. આત્માનું દાન કરવામાં પણ ધર્મો કારણરૂપ છે, એમ જણાવનારું વચન આથી કહેલ છે. (પ્ર)

૫. 'અનન્યહેતુત્વાય' એટલે ભગવાનથી જૂદા નથી એવું પ્રયોજન (પ્ર) જણાવવા સત્સંગથી ભગવાનના ધર્મો પ્રાપ્ત થાય છે. તેમને પ્રાપ્ત કરાવનારું બીજું કાંઈ સાધન નથી કારણ કે સંબંધને લીધે ભગવાન્ તેમનું દાન કરતા નથી, એવો અર્થ જણાવાથી તે પ્રમાણે અનુવાદ કરેલો છે.

૧. આ ત્રણ ક્રિયાપદોથી પ્રધાન, વધારે પ્રધાન અને સર્વથી પ્રધાનના સ્વરૂપ કહેલાં છે (પ્ર) 'મહત્તમા' શબ્દનો આ અર્થ કરેલો જણાતો નથી. રાજા હિત કહે છે (કરે છે), સભાસદો હિત કરાવે છે અને ઋત્વિજો હિત પ્રાપ્ત કરવા યોગ્ય કરીને હિત કરાવે છે, તેથી એ ત્રણનું પ્રતિ પૂજન કરેલ છે એવો ભાવ જણાવાથી એ પ્રમાણે અર્થ કરેલ છે.

૨. 'મુખ્ય' એટલે ફલ. 'ગૌણ' એટલે સાધન (પ્ર). એક રાજાને મુખ્ય તરીકે કહેવાનું છે અને સભાસદો તથા ઋત્વિજો બેને ગૌણ તરીકે કહેવાનું છે, એવો અર્થ જણાય છે.

થવાનો હોવાથી, તેના ઉપાયનો પ્રશ્ન, અને ભગવાનના ધર્મોનો પ્રશ્ન એવા બે પ્રશ્નો થયા. તે પ્રસંગે સમૂહમાં પૂછેલ હોય તે મુખ્યને પૂછેલ હોવાનો નિર્ણય થતો હોવાથી ઘણો પ્રવીણ કવિ જે સર્વમાં કુશલ હતો, તેણે કહ્યું (ઉત્તર આપ્યો). તેમાં પહેલા (પ્રશ્ન)નો ઉત્તર (નીચેના શ્લોકથી) આપે છે :

કવિ કહે છેઃ

**મન્યેઽકુતશ્ચિદ્ભયમચ્યુતસ્ય પાદામ્બુજોપાસનમત્ર નિત્યમ્ ।।**
**ઉદ્વિગ્નબુદ્ધેરસદાત્મભાવાદ્ વિશ્વાત્મના યત્ર નિવર્તતે ભીઃ ।।૩૩।।**

અહિં દેહ આત્મા છે એવા વિચારને લીધે ઉદ્વેગવાળી બુદ્ધિવાળાને અચ્યુત ના ચરણકમલની સેવા જેને ક્યાંયથી પણ ભય હોતો નથી તે નિત્ય (ક્ષેમ) હોવાનું હું માનું છું; કે જેમાં ભગવાનને લીધે ભય દૂર થાય છે. ૩૩.

ભક્તિમાર્ગ પ્રમાણે ગોવિંદનું ભજન નિત્ય ક્ષેમ છે એમ કહેવાયું, કારણ કે બીજા (સર્વ) પોતાનો અથવા બીજાનો નિર્વાહ કરનારું નથી[૧]. 'ઉદ્વેગવાળી બુદ્ધિવાળાને', એ શબ્દથી વૈરાગ્ય ન હોવાનું અને પ્રીતિ ન હોવાનું કહેલ છે. 'નહિ તો ફરીથી મરણ થાય તે માટે પ્રયાસ ન કરે[૨]' એ વાક્યથી એમ કહેલું છે કે મનુષ્યના જન્મનું ફલ ફરીથી જન્મ અને મરણ ન થાય તે માટે (પ્રાપ્ત કરવાનું) છે. તે સંપૂર્ણ પ્રકારનું અભય છે. તેમાં કર્મમાર્ગમાં[૩] પ્રવાહ વિરોધ કરનારો છે. જ્ઞાનમાર્ગ માં તો અધિકાર[૪] નથી. જેને વિષયો પ્રાપ્ત થએલા છે તેને પણ તેટલો થોડો સમય જ ઉદ્વેગ હોતો નથી. જ્ઞાન[૫] (પ્રાપ્ત થયા) પછી તો તે[૬] સંપૂર્ણ રીતે વૈરાગ્યથી પ્રાપ્ત થાય તેવું છે. તે એકાએક[૭] થતું નથી. તેથી સહેલાઈથી થઈ શકે તેવો ઉપાય કરવા

૧. જ્ઞાન અને કર્મ પોતાને થનારાં વિઘ્ન દૂર કરી, ફલ પ્રાપ્ત કરાવી શકે તેવાં નથી, એવો અર્થ છે. (પ્ર)

૨. 'વૈરાગ્યવાળાઓને જ્ઞાનનો સંબંધ અને કામનાવાળાઓને કર્મનો સંબંધ હોય છે' એ વાક્ય પ્રમાણે, વૈરાગ્ય અને વિષયોમાં અનુક્રમે જ્ઞાન અને કર્મનો અધિકાર જણાવનારાં છે. અહિં તો તેમ ન હોવાથી જ્ઞાન તથા કર્મ થતાં નથી, એવો અર્થ છે. વૈરાગ્ય હોય તો ફરીથી મરણ (જન્મ મરણ) થાય તે માટે પ્રયાસ ન કરે, એ વાક્યથી વૈરાગ્ય ન હોવાનું કહેલ છે.

૩. 'તેમાં' એટલે અભયમાં 'પ્રજા પછી પ્રજા ઉત્પન્ન થાય છે' એ શ્રુતિ પ્રમાણે (કર્મનું) ફલ પ્રવાહ જ છે અને તે અભય (મોક્ષ) પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે એ સ્પષ્ટ જ છે. (પ્ર)

૪. (અધિકાર ન હોવો એ) 'વિરોધ કરનાર છે' એ શબ્દો અધ્યાહાર છે. (પ્ર)

૫. 'ઉદ્વેગ વૈરાગ્ય નથી થયો એમ જણાવનાર હોય, તો ઉદ્વેગ ન હોવો એ વૈરાગ્ય થએલ હોવાનું જણાવનારો હોવો જોઈએ. છતાં તેમ નથી, કારણ કે વિષયી લોકોને પણ ઉદ્વેગ હોતા નથી' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. તેથી ઉદ્વેગ વૈરાગ્ય થયો નથી એમ જણાવનારો છે જ. (પ્ર)

૬. 'તે' એટલે જ્ઞાન. (પ્ર) 'અભય' એવો અર્થ જણાય છે. ૭. 'તે' એટલે વૈરાગ્ય. (પ્ર)

ઈચ્છનાર માટે કોઈ પણ અંશથી જેમની ક્ષતિ નથી તેવા (ભગવાન)ના ચરણની સેવા જ ઉપાય છે. તેથી આ ન કરે તો મનુષ્યનો દેહ અને સત્સંગ નિષ્ફલ છે.

'આ (ભગવાનના ચરણની સેવા) પણ કેમ થઈ શકે ?' એવો પ્રશ્ન થાય, તેથી 'હું માનું છું' એમ કહેલું છે. મારો એવો નિર્ણય[૮] છે, એવો અર્થ છે. જગન્નાથ વિગેરે સ્થાનોમાં ક્યાંક જઈને મરણ સુધી ભગવાનની સેવા (કરવા)માં કાંઈ વિરોધ કરનારું થતું નથી, એવો ભાવ છે. ગૃહસ્થો, દેવો તેમ જ રોગો તેમાં વિઘ્ન કરનારા નહિ થાય, તેથી (તે) 'જેને ક્યાંયથી પણ ભય હોતો નથી' તેવી છે, તેવું કારણ 'અચ્યુતના' શબ્દથી કહેલું છે; કારણ કે જેઓ પોતાનાં સ્થાનથી ભ્રષ્ટ થાય છે, તેઓને વિઘ્ન થવાપણું અને વિઘ્ન કરવાપણું પ્રાપ્ત થાય છે. ભગવાન્ તો સ્થાનથી ભ્રષ્ટ થતા નથી. તેમના સંબંધને લીધે (તેમના ચરણના સેવકો) અચ્યુત જેવા થાય છે, એવો અર્થ છે. 'ચરણકમલ' શબ્દથી ભગવાનના અવતાર વિગેરે કહેલ છે એમ સમાસ ન કરેલ[૯] હોવાથી જ સમજાય છે. સમીપમાં રહી યોગ્ય હોય તેવાં (કાર્ય) કરવાં તે સેવા[૧૦]. 'અહિં' એટલે મનુષ્યના દેહમાં. આ સેવા જ નિત્ય[૧૧] (ક્ષેમ) છે, પરંતુ જવાનું કારણ ઉદ્વેગ છે[૧૨]. પ્રવાહનો નાશ કરે તે માટે 'બુદ્ધિ' શબ્દ (યોજેલો છે), કારણ કે આ દેહ વૃક્ષના જેવા ગુણવાળો હોઈ નાશ કરનારો છે, કેમ કે તેની અંદર 'આ આત્મા છે' એવી માન્યતા અજ્ઞાનથી કરેલી છે. 'આમનાથી મૃત્યુ દૂર થાય છે' એ ધોરણ પ્રમાણે 'ભગવાનને લીધે (ભય દૂર થાય છે)' શબ્દથી ફલ કહેલું છે. જ્યારે સેવા કરવામાં આવતાં જન્મથી આરંભી (ભગવાન્) સાથે રહે છે ત્યારે તે (ભય)નો નાશ થાય છે. બીજા ઉપાયમાં આવું સંપૂર્ણ રીતે હોતું નથી. મૃત્યુ દૂર થાય છે, એવો અર્થ છે. કારણ કે 'ભય નામવાળાને પકડ્યો' (૪।૨૮।૨૨) એવું વચન છે. ભય નમાલો છે એમ જણાવવા સ્ત્રી[૧૩] વાચક શબ્દ યોજેલો છે. ૩૩.

નીચેના શ્લોકથી આરંભી બીજા (પ્રશ્ન)નો ઉત્તર કહે છે :

**યે વૈ ભગવતા પ્રોક્તા ઉપાયા હ્યાત્મલબ્ધયે ।।**

---

૮. હું ભગવાનનો પાર્ષદ હોવાથી સેવકોનો નિર્વાહ કરવાના ભગવાનના સ્વભાવને જાણું છું, તેથી આમ કહું છું, એવો ભાવ છે. (પ્ર)

૯. 'અચ્યુતસ્ય' અને ત્યાર પછીના શબ્દનો સમાસ કરેલ ન હોવાથી જ.

૧૦. સેવા ધ્યાનરૂપ નથી એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)

૧૧. 'નિત્ય' એટલે કોઈ વિરોધ કરનાર સાથે ન હોય તેવી અનંત, એવો અર્થ છે. (પ્ર)

૧૨. તેવી સેવા માટે જરુરી સાધન કહેલું છે. 'જવાનું' એટલે જગન્નાથ વિગેરે સ્થલે જવાનું (પ્ર)

૧૩. 'ભય'ને બદલે સ્ત્રીલિંગનો 'ભીઃ' શબ્દ યોજેલો છે.

**અજ્ઞઃ પુંસામવિદુષાં વિદ્ધિ ભાગવતાન્હિ તાન્ ।।૩૪।।**

અજ્ઞાની પુરુષોને સહેલાઈથી ભગવાનની પ્રાપ્તિ થાય, માત્ર તે માટે ભગવાને ખરેખર જે ઉપાયો કહેલા છે, તેમને ભાગવત (ધર્મો) જાણ. ૩૪.

કારણ કે ગીતામાં ભગવાનના ધર્મો બે પ્રકારના કહેલા છે. જે 'તું કરે છે' વિગેરે (ભ.ગી.૯।૨૭-૨૮)બે શ્લોકોથી એક પ્રકારના અને 'મારામાં મન રાખનારા થા' (ભ.ગી.૧૮।૬૫) શ્લોકથી બીજા પ્રકારના. બંનેનું ફલ પરંપરાથી[1] તથા બારોબાર ભગવાનની પ્રાપ્તિ છે. બીજાઓએ પણ 'ભગવાનની પ્રાપ્તિ માટે શ્રવણ કરે છે' વિગેરેથી (ભગવાનના ધર્મો) કહેલા છે. ભગવાને પણ બીજા પ્રયોજન માટે 'સર્વ ધર્મોનો ત્યાગ કરીને' (ભ.ગી.૧૮।૬૬) એમ કહેલું છે. તે સંબંધમાં નિશ્ચયપૂર્વક જે ધર્મોનું ફલ સાક્ષાત્ ભગવાન્ છે, અને 'મારામાં મન રાખનાર થા' એમ જુદાં જુદાં કાયા, વાણી અને મનથી અથવા (તે) સર્વથી ભગવાનના જ સંબંધ વાળા છે અને ભગવાને જ કહેલા છે, તે ભાગવત (ધર્મો) છે. સર્વને ભગવાનનો સંબંધ હોવાથી 'હિ' 'માત્ર' એમ કહેલું છે. 'આત્મા' એટલે ભગવાન્ 'અજ્ઞાની પુરુષોને સહેલાઈથી' શબ્દોથી એમ કહેલું છે કે કર્મ, ભક્તિ અને જ્ઞાન ભગવાનના ધર્મો સાથે કાર્ય કરનારાં નથી[2]; કારણ કે પુરુષ સ્વતંત્ર[3] છે. તે જુદા જુદા ભગવાનને પ્રાપ્ત કરવાના ઉપાયો[4] છે. આ વિષયની પણ સંપૂર્ણ પ્રસિદ્ધિ છે એમ જણાવવા 'હિ' 'માત્ર' એમ કહેલું છે. વિજાતીય સાથેના તે

---

૧. 'મને અર્પણ કરેલું ફલરહિત (હોય તો પણ) પોતાનું તે સાત્ત્વિક કર્મ છે' એ વાક્ય પ્રમાણે સત્ત્વની વૃદ્ધિ કરીને, એવો 'પરંપરાથી'નો અર્થ છે (પ્ર)

૨. શ્લોકના પૂર્વાર્ધથી જ ભગવાનના ધર્મોનું લક્ષણ થઈ જતાં, આ વાક્યથી ત્રીજું ચરણ લખવાનું પ્રયોજન કહેલું છે. 'સાથે કાર્ય કરનારાં નથી' એટલે (ભગવાનના ધર્મોની) સમાનતાથી અથવા (તેમનાથી) મુખ્ય રહીને (તેમની) સાથે ભળતાં નથી (પ્ર) 'સાથે કાર્ય કરનારાં નથી' એટલે ભગવાનના ધર્મોને આમની જરુર હોતી નથી એવો અર્થ જણાય છે.

૩. 'સ્વતંત્ર' એટલે જ્ઞાની, એવો અર્થ છે. (પ્ર) આ અર્થ યોગ્ય જણાતો નથી. 'અંજ' શબ્દથી એમ કહ્યું છે કે કર્મ સાથે કાર્ય કરનારું નથી, કારણ કે કર્મમાર્ગ કિલષ્ટ છે, સહેલાઈથી થઈ શકતો નથી. 'અજ્ઞાની' શબ્દથી જ્ઞાન સાથે કાર્ય કરતું નથી એમ કહેલું છે, કારણ કે અજ્ઞાનીને પણ ભગવાનના ધર્મો ભગવાનની પ્રાપ્તિ કરાવે છે. 'પુરુષો' શબ્દથી ભક્તિ સાથે કાર્ય કરતી નથી એમ જણાવેલ જણાય છે. કારણ કે ભક્ત સ્વતંત્ર હોતો નથી પણ ભગવાનને અધીન્ હોય છે, જ્યારે પુરુષ સ્વતંત્ર છે.

૪. ભગવાનના ધર્મો સાથે જ્ઞાન, કર્મ તથા ભક્તિ કેમ કાર્ય કરતાં નથી તેનું કારણ કહેલ છે. 'મેં ત્રણ યોગો કહેલા છે' એ ભગવાનનાં વાક્યનાં તાત્પર્યને લીધે તેમ થાય છે. 'યુજ્યતે ભગવતાડનેન 'જે ભગવાનનો સંબંધ કરાવે તે યોગ', એ વ્યુત્પત્તિ પ્રમાણે 'યોગ' શબ્દનો અર્થ જુદો જુદો માર્ગ થાય છે. (પ્ર)

જુદા જુદા ઉપાયો એટલે માર્ગો છે[૫]. 'મનથી જ પછી જાણવું' એ જ્ઞાનમાર્ગ છે[૬] બીજો અને ત્રીજો માર્ગ સ્પષ્ટ છે[૭]. 'નમન કરવું એ ઉત્તમ બોધ છે.' એવો કાર્યનો નિર્ણય (કરેલો) હોવાથી[૮] (તે) ભગવાન્ પ્રતિ સર્વનો સાધારણ (ધર્મ) છે. મુખ્ય બનેલાં તે (ધર્મો) જ એકત્ર થએલા ભગવાનના ધર્મો છે[૯] એવો ભેદ છે. તેઓ સ્વતંત્ર ફલરૂપ છે એમ કહેવા વાક્યના આરંભમાં તે કહેલા છે અને અંતમાં ફરી કહેલા છે 'જાણ' શબ્દથી (એમ કહેલું છે કે) આ વિષયમાં સંદેહ કરવો નહિ. ૩૪.

સર્વ માર્ગોથી ભગવાનના ધર્મો ઉત્તમ છે એમ કહેવા, તેઓને પ્રવાહ અથવા મર્યાદા વિઘ્ન કરતાં નથી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**યાનાસ્થાય નરો રાજન્ન પ્રમાદ્યેત કર્હિચિત્ ।।**
**ધાવન્નિમીલ્ય વા નેત્રે ન સ્ખલેન્ન પતેદિહ ।।૩૫।।**

હે રાજન્ । જેમનું આચરણ કરવાથી મનુષ્ય કોઈ પણ સમયે ભૂલ કરતો નથી, તેમ જ નેત્રો બંધ કરીને દોડતાં આમાં ઠોકર ખાતો નથી તેમ જ પડતો નથી. ૩૫.

તેઓનું આચરણ એટલે કાયા, વાણી અને મનથી તેમના (ભગવાનના) સેવક થવું તે. લોકમાં અને અમુક કાલમાં ઘણી ભૂલો થવાનું સંભવે છે, અને રાજાઓ ને આનો અનુભવ હોય છે, કારણ કે મનુષ્યો ઉપર સત્તા દર્શાવનાર દંડ (તેઓ રાખે છે). એ પ્રમાણે પ્રવાહમાં વિઘ્ન થતાં નથી એમ કહીને, ઉત્તરાર્ધથી મર્યાદામાં પણ (વિઘ્ન થતાં નથી એમ) કહે છે. 'દોડવું' એટલે ઝડપથી ઈચ્છેલા સ્થલે જવું, અથવા વચ્ચે વચ્ચે ઉપદેશનું ઉલ્લંઘન કરવું. શાસ્ત્રો અને ગુરુ, અથવા

---

૫. નોટ ૪માં યોગનો અર્થ કહ્યો તેના આશયથી માર્ગનું સ્વરૂપ આ વાક્યથી કહે છે. 'વિજાતીય' એટલે આશ્રમના ધર્મો વિગેરે જેનો અંગ તરીકે સમાવેશ થાય છે તેમની સાથે જેમાં ભગવાનની સેવા મુખ્ય હોય તે ભક્તિમાર્ગ છે. બીજા માર્ગોનું પણ તેમ જ જાણવું. (પ્ર)

૬. બીજાથી જૂદો ઓળખાય, તે માટે જ્ઞાનમાર્ગનું સ્વરૂપ આ વાક્યથી કહેલ છે; (પ્ર)

૭. 'ત્યારે બીજા (કર્મ તથા ભક્તિ) માર્ગનું સ્વરૂપ પણ કહો' એવો પ્રશ્ન થાય, તેથી આ વાક્ય કહેલું છે. આ સ્કંધના બારમા અધ્યાયમાં કર્મમાર્ગનું અને સત્તાવીસમા અધ્યાયમાં ભક્તિમાર્ગનું સ્વરૂપ વિસ્તાર સાથે કહેલ હોવાથી તે સ્પષ્ટ છે, એવો અર્થ છે. (પ્ર)

૮. એ પ્રમાણે ભગવન્માર્ગો સ્પષ્ટ કરી, તેમનાથી પણ ભગવાનના ધર્મો ઉત્તમ છે એમ જણાવવા તેમનું સ્વરૂપ આથી કહેલું છે, કાયા, વાણી અને મનની નમ્રતારૂપ નમન બધા માર્ગોને તથા ભગવાનના ધર્મોને સમાન છે. તેથી વિજાતીય (આશ્રમ ધર્મ વિગેરે) સાથે ભળવા છતાં પણ ભગવન્માર્ગો કહેવાય છે, એવો અર્થ છે. (પ્ર)

૯. અંગ તરીકે પણ જેમાં પોતાની જાતના ધર્મોનો જ સમાવેશ થતો હોય તે ભગવાનના ધર્મો છે એવો અર્થ છે. (પ્ર)

વેદ સ્મૃતિ 'નેત્રો' છે 'ઠોકર ખાવી' એટલે ગતિનાં સાધન (પગ)ને અંતરાય થવો. 'પડવું' એટલે અવયવી, (દેહ)ને (અંતરાય થવો)[1]. આમાં એટલે સપાટ રેતીવાળી ભૂમિ જેવા ભગવાનના ધર્મોમાં. ઉતાવળથી સાધનનો ત્યાગ (અને) શાસ્ત્રો તથા ગુરુનું ઉલ્લંઘન કરવામાં આવે, ત્યારે ફલ (પ્રાપ્ત થવા)માં વિલંબ થતો નથી, અથવા ફલ પ્રાપ્ત ન થવાનું થતું નથી, એવો અર્થ છે. ૩૫.

એ પ્રમાણે એ (૩૪ તથા ૩૫) શ્લોકોથી મુખ્ય ભગવાનના ધર્મો કહ્યા. નીચેના શ્લોકથી આરંભી ત્રણ શ્લોકોથી પ્રથમના[1] (ભગવાન્ સંબંધી ધર્મો) કહે છે. 'જે કરે છે'(ભ.ગી.૯।૨૭) શ્લોકમાં લૌકિક કર્તાપણું અને ભોક્તાપણું, વેદના પૂર્વકાંડ પ્રમાણે કરવા યોગ્ય હોમ અને દાન, અને ઉત્તરકાંડમાં (કહેલ) છે તે તપ, એમ લોક અને વેદનું સમર્પણ (કરવાનું) કહેલ છે, અને પછી માત્ર સમર્પણનું ફલ સુખ થવાનું અને દુઃખ ન રહેવાનું કહેલ છે[2] જે ત્યાગ (સમર્પણ) અને યોગ (મનને ભગવાનનો સંબંધ)વાળો હોય, તેને તો મોક્ષ દ્વારા પોતાની (ભગવાનની) પ્રાપ્તિ પણ 'સંન્યાસ અને યોગવાળા અંતઃકરણવાળો'(ભ.ગી.૯।૨૮) શ્લોકથી કહેલી છે[3], અને પ્રશ્નમાં 'શરણ આવનારને'(૧૧।૨।૩૧) શબ્દ હોવાથી આત્મનિવેદન કરનારને તેવું મુખ્ય પ્રકારે[3] કહે છે. આત્મનિવેદન સમયે જ સર્વ સમર્પણ થએલ હોવા છતાં, પહેલાંનો સ્વભાવ ચાલુ રહેવાથી ભગવાનને અને આત્મનિવેદનને ભૂલી, લૌકિક કર્તા તરીકે જે કરેલ હોય, તેનું સમર્પણ કરવાનું કહેલ છે[4], એવો ભેદ છે. ત્યાગ[5] ભગવાનનાં ભજન માટે કરવાનો હોવાથી, સંન્યાસને બદલે ભક્તિ કરવાનું કહેલ છે.[6] ત્રણ શ્લોકોથી અનુક્રમે કાર્યનું સમર્પણ, ભક્તિ અને યોગ કહે છે. તે પૈકી પહેલું (નીચેના શ્લોકમાં) કહે છે :

**કાયેન વાચા મનયેન્દ્રિયૈર્વા બુદ્ધ્યાત્મના વાઽનુસૃતસ્વભાવાત્ ।।**
**કરોતિ યદ્‌યત્સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયેત્તત્ ।।૩૬।।**

કાયાથી, વાણીથી, મનથી અથવા ઇન્દ્રિયોથી બુદ્ધિનાં સ્વરૂપથી અથવા ચાલુ રહેલા સ્વભાવથી જે જે કરે તે સર્વ પરમ (પુરુષ) નારાયણને એવા પ્રકારથી

૧. 'અંતરાય થવો' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)
૧. 'પ્રથમના' એટલે કૃપાવાળા અધિકારીએ પહેલાં કરવાનાં (મ. ગ. શાસ્ત્રીની નોટ)
૨. ભ.ગી. ૯।૨૮ના પૂર્વાર્ધથી કહેલું છે. (પ્ર)
૩-૩. ભ.ગી. ૯।૨૮ના ઉત્તરાર્ધથી કહેલું છે.
૪. આત્મનિવેદન પહેલાં કરેલ હોવા છતાં આ ઉપદેશ નકામો નથી. (પ્ર)
૫. ભ.ગી.૯।૨૮માં 'સંન્યાસ' શબ્દથી કહેલ ત્યાગ.(પ્ર)
૬. આ પછીના શ્લોકમાં કહેલ છે, એવો અર્થ છે. (પ્ર)

સમર્પણ કરવું. ૩૬.

જ્ઞાનનાં પ્રધાનપણાંથી અથવા ક્રિયાનાં પ્રધાનપણાંથી કાર્ય કરવામાં આવે છે. તે પૈકી કાયા, વાણી અને મનથી અને ઇન્દ્રિયોથી ક્રિયાનાં મુખ્યપણાનાં કાર્યો થાય છે, અને બુદ્ધિનાં સ્વરૂપથી જ્ઞાન(નાં મુખ્યપણાનાં કાર્ય જણાવેલ છે). જ્ઞાન થી અથવા જાણ્યા વિના (કરેલાં)[7] કાર્ય (સમર્પણ કરવાં) 'જે જે' શબ્દોથી કરવાનાં કાર્યોની જૂદાઈ કહેલી છે, કારણ કે સમર્પણમાં શાસ્ત્રમાં કરવાનાં કહેલાં અને કરવાની મના કરેલાં, તેમજ લૌકિક અને અલૌકિક (કર્મો) સમાન છે. 'કર્મો આપને સમર્પણ કરું છું' એમ (સમર્પણ કરવાનું) નથી, પરંતુ 'આપને માટે જ કરેલાં છે' એવા પ્રકારથી (સમર્પણ કરવાં). સ્વભાવને લીધે (ભગવાનથી) જૂદા હોઈએ તેવા પ્રકારે કરેલનું પણ 'ઇતિ' એવા પ્રકારે[8] સમર્પણ કરવું. ૩૬.

નીચેના શ્લોકમાં બીજો (ભગવાન્ સંબંધી ધર્મ) કહે છેઃ

**ભયં દ્વિતીયાભિનિવેશતઃ સ્યાદીશાદપેતસ્ય વિપર્યયોઽસ્મૃતિઃ ।।**
**તન્માયયાઽતો બુધ આભજેત્તં ભક્ત્યૈકયેશં ગુરુદેવતાત્મા ।।૩૭।।**

ઐશ્વર્યથી ભ્રષ્ટ થએલાને બીજામાં આસક્તિ થતાં ભય થાય છે, સ્વરૂપનું વિસ્મરણ અને મિથ્યા જ્ઞાન થાય છે. તે માયાથી થાય છે. તેથી ગુરુ અને દેવતા જેનું સ્વરૂપ છે તેવા શાણાએ અનન્ય ભક્તિથી તે ઈશ્વરનું ભજન કરવું. ૩૭.

'મને જ જે શરણ આવે છે' (ભ.ગી.૭।૧૪) એવું વચન હોવાથી[1] 'એવ' 'જ' શબ્દથી એમ કહેલું છે કે બીજાં બધાં (સાધનો માયા તરવાને) ઉપાય નથી. (૧) માયાથી મોહ થવાથી (સ્વરૂપનું) વિસ્મરણ[2] થાય છે. (૨) તેથી[3] 'હું દેહ છું' એવું મિથ્યા જ્ઞાન થાય છે. આરંભમાં થએલ ઐશ્વર્યથી ભ્રષ્ટ થવું સર્વનું કારણ છે. તે પણ સૃષ્ટિ (રચનારી) માયાથી થાય છે. (૩) વળી માયાથી ભોગમાં આસક્તિ થતાં ભય થાય છે. એ પ્રકારના ત્રણ દોષ ઉત્પન્ન કરનારી માયાને દૂર કરવા 'ભક્તિથી જ (ભગવાન્) પ્રસન્ન થાય છે' એવું વચન હોવાથી તેમનું જ 'આ'

---

૭. આથી જ્ઞાનનાં મુખ્યપણાવાળાં અને ક્રિયાનાં મુખ્યપણાવાળાં કર્મોનું સ્વરૂપ કહેલું છે. (પ્ર)

૮. શ્લોકમાંના 'ઇતિ' શબ્દનું આ વ્યાખ્યાન કરેલું છે. (પ્ર)

૧. પ્રથમ અધિકારવાળાને ભગવાનના ધર્મોમાં જેવી ભક્તિ જોઈએ, તેવી જણાવવા માટે આ ભગવદ્ગીતાનું વાક્ય કહેલું છે. તે માયા તરવા માટે કરવામાં આવતી અનન્ય ભક્તિ છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'અસ્મૃતિઃ' એટલે સ્વરૂપનું વિસ્મરણ (પ્ર)

૩. 'તેથી' એટલે વિસ્મરણને લીધે. (પ્ર)

સર્વ તરફથી ભજન કરવું, કારણ કે ઈશ્વર અનન્યતાથી જ પ્રસન્ન થાય છે. 'સ્નેહ ત્રણમાં રહેલો હોવાથી અનન્યતા (થવાનું) સંભવતું નથી' એવી શંકા થાય, તેથી 'ગુરુ અને દેવતા સ્વરૂપ છે જેનું' એમ કહેલું છે. વળી આ (ભગવાનમાં) ઘણો જ પ્રેમ થાય[4] તે માટે કહેલું છે. ચિંતામણિની પેઠે ભક્તિ ઘણું પ્રાપ્ત કરાવનારી હોવાથી[5] જરાએ ચિંતા (કરવાની) નથી. ૩૭.

(નીચેના શ્લોકમાં) ત્રીજો (ભગવાન્ સંબંધી ધર્મ) કહે છેઃ

**અવિદ્યમાનોઽપ્યવભાતિ હિ દ્વયો ધ્યાતુર્ધિયા સ્વપ્નમનોરથૌ યથા ।।**
**તત્કર્મ સઙ્કલ્પવિકલ્પકં મનો બુધો નિરુન્ધ્યાદભયં તતઃ સ્યાત્ ।।૩૮।।**

વિચાર કરનારની બુદ્ધિથી સ્વપ્ન અને મનોરથની પેઠે દ્વૈત પ્રપંચ ન હોવા છતાં ભાસે છે. તેથી કર્મના સંકલ્પ અને વિકલ્પ કરનારાં મનને શાણા પુરુષે વશ કરવું. તેનાથી અભય (પ્રાપ્ત) થાય. ૩૮.

યોગશાસ્ત્ર પ્રમાણે મન સર્વ અનર્થોનું મૂલ છે, કારણ કે તે (શાસ્ત્ર) પ્રમાણે વાસનાવાળા મનથી ખોટો જ દ્વૈતપ્રપંચ ઉત્પન્ન થાય છે. જેમ યોગથી ઉત્પન્ન થતા ધર્મવાળું મન થાય, ત્યારે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, એવી જ રીતે વાસનાવાળા મનમાં દ્વૈતપ્રપંચ થાય છે. તે મત પ્રમાણે સ્વપ્ન અને મનોરથો પણ વાસનાથી થાય છે. વળી મનમાંથી તેટલું જ થતું નથી, પરંતુ તે કર્મની[1] ઈચ્છાઓ કરે છે અને (તેમાં) શંકાઓ કરે છે, કર્મનાં સ્વરૂપના પ્રકારો ઉત્પન્ન કરે છે. મન પ્રથમ દૃષ્ટિએ સુખ ઉત્પન્ન કરતું હોવા છતાં (તેના) બે દોષ જાણી તેને વશ જ કરવું. એ પ્રમાણે ત્રણ (ભગવાન્ સંબંધી ધર્મો) ભેગા થાય, ત્યારે અભય થાય. તેમનાથી ભગવાન્ પ્રાપ્ત થાય, એવો અર્થ છે, કારણ કે 'મુક્ત થઈ મને પ્રાપ્ત કરીશ' (ભ.ગી.૯।૨૮) એમ કહેલું છે. આ બીજો[2] ભગવદ્ધર્મનો પ્રકાર કહ્યો. કેટલાક એમ કહે છે કે પહેલા પક્ષમાં 'હું માનું છું' શબ્દ છે તેના જ વિકલ્પરૂપ[3] આ

૪. ગુરુ અને દેવતા ભક્ત(પોતા)થી જૂદા નથી એવા જ્ઞાન સાથે, માયાનો મોહ તેનાં કારણ સાથે દૂર થાય તેવું ફલ, ભગવાનમાં જે ઘણાં પ્રેમથી થાય છે તે ભક્તિ છે, એવું તાત્પર્ય છે (પ્ર)

૫. 'એમ હોય તો આ ભક્તિ ભગવાનની પ્રાપ્તિ ઘણાં વિલંબ પછી કરાવે' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. કામના જૂદી હોવાથી જ આને પ્રારંભની ભક્તિ કહેલી છે, પણ જો તે ભગવાનના સંબંધવાળી થાય તો ભગવાનની પ્રાપ્તિ પણ તરત જ થાય છે એટલે કાંઈ દોષ નથી, એવો અર્થ છે. (પ્ર)

૧. 'કર્મ' એટલે જે પદાર્થનો વિચાર કરતા હોઈએ તે. (પ્ર)

૨. અહિં કહેલો યોગ જૂદો ઉપાય છે. (પ્ર) છેલ્લા ત્રણ શ્લોકોએ કહેલ, સમર્પણ ભક્તિ અને યોગ મળી જૂદો ઉપાય કહેલો છે, એવો અર્થ જણાય છે.

૩. પહેલો ઉપાય કહ્યો, તેના જ વિકલ્પરૂપ એટલે તેનો પેટા-ભેદ આ છે. (પ્ર)

(મત) છે. બીજાઓ (આ) સાધારણ[૪] હોવાનું (કહે છે). ૩૮.

એવી રીતે બે પ્રકારથી ભગવાનના સંબંધવાળા ધર્મો કહીને, નીચેના શ્લોકથી આરંભી પાંચ(શ્લોકો)થી ત્રણ માર્ગોના અનુકલ્પરૂપ[૧] સ્વતંત્ર પક્ષ કહે છે. મુખ્ય પક્ષોનો અધિકાર ન હોય ત્યારે તે કરવાનું સંભવતું નહિ હોવાથી જ્ઞાન અને કર્મ[૨] સર્વ બ્રાહ્મણોએ (કરવાના) વિષય હોવાથી (અને) ભક્તિને[૩] પણ ઘણાં સાધનો ની જરુર હોવાથી–બધા માત્ર શરીરથી આચરી શકે તેવો આ ઉત્તર પક્ષ છે એમ 'અનંતના નામો...' (૧।૬।૨૭) એ શ્લોક(ના વ્યાખ્યાન)માં અમે સિદ્ધ કરેલું છે[૪], તે ધર્મનું તે સ્વરૂપ આરંભમાં (નીચેના શ્લોકમાં) કહે છેઃ

**શ્રૃણ્વન્ સુભદ્રાણિ રથાઙ્ગપાણેર્જન્માનિ કર્માણિ ચ યાનિ લોકે ।।**
**ગીતાનિ નામાનિ તદર્થકાનિ ગાયન્વિલજ્જો વિચરેદસઙ્ગ ।।૩૯।।**

જેમનાં હાથમાં ચક્ર છે તેવા(ભગવાન)નાં ઘણાં કલ્યાણકારક જે જન્મો અને કર્મોનું (અને) તેમના અર્થવાળાં જે નામોનું લોકમાં ગાન થાય છે, તેમનું શ્રવણ કરતાં, (અને) નિર્લજ્જ થઈ ગાન કરતાં સંગરહિત થઈ ફરવું. ૩૯.

આરંભમાં ઘેરથી નીકળી ગએલાએ ચિત્ત પ્રસન્ન થાય અને રસ ઉત્પન્ન થાય તે માટે કૌતૂહલ જેમાં મુખ્ય છે તેવા ઘણાં કલ્યાણકારક (જન્મો વિગેરેનું ગાન કરતાં ફરવું). 'જેમના હાથમાં ચક્ર છે તેવાનાં' વિશેષણથી એમ જણાવેલ છે કે તેમ કરવામાં આવતાં તેને કોઈ પણ બાજુથી ભય થવાનો નથી. જ્ઞાન સાથે ભળેલાં હોય[૫] ત્યારે જ સૃષ્ટિ વિગેરે (ભગવાનનાં) જન્મ અને કર્મરૂપ જણાતાં હોવાથી, અને શુદ્ધ અવતાર સર્વત્ર પ્રસિદ્ધ હોવાથી 'જેનું લોકમાં ગાન થાય છે'

---

૪. બંને પ્રકારમાં મનની એકાગ્રતાની જરુર હોવાથી, બંનેમાં આ સમાન છે. (પ્ર)

૧. તેવાં કર્મ જ્ઞાન અને ભક્તિ ત્રણે છે, એવો અર્થ છે. બે પ્રકારના (ભગવાન્ સંબંધી) ધર્મોનો અધિકાર ન હોય ત્યારે આ માર્ગો પણ ગૌણ ભગવદ્ધર્મ છે, એવો ભાવ છે. (પ્ર) મુખ્ય થઈ ન શકે ત્યારે તેના બદલે બીજું કરવાનું હોય તે 'અનુકલ્પ' કહેવાય છે. જેમ કે જવ હોમવાના હોય ત્યારે તે ન મળતાં ઘઉં હોમવા તે.

૨. 'ત્રણ યોગો કહ્યા' વાક્યમાં કહેલા જ્ઞાન અને કર્મ, એવો અર્થ છે. (પ્ર)

૩. 'ભક્તિ' એટલે ગૌણ ધર્મમાં કહેલી ભક્તિ. (પ્ર)

૪. વાસનારૂપ, અવિદ્યારૂપ અને રાગ વિગેરેરૂપ ત્રણ પ્રકારના કષાયોને પકાવનારાં, કર્મ, ભક્તિ અને જ્ઞાનનાં અધિકારો જુદા જુદા હોવાથી અને એક પુરુષથી ત્રણ કરી શકાય તેમ ન હોવાથી, ત્રણેનાંઅનુકલ્પરૂપઆઉપાયકરવોઉત્તમછે,એમસિદ્ધકરેલુંછે,તેત્યાંજોઈલેવું.(પ્ર)

૫. વૈદિક જ્ઞાન હોય ત્યારે જ બધું ભગવદ્રૂપ છે અને ભગવાનનું જ કાર્ય છે એવું ભાન થતું હોવાથી, અને અધિકાર હલકો હોય ત્યારે અધિકાર ન હોવાથી તેવું ભાન થતું નથી, તેથી તેમ (કહેલ) છે, એવો ભાવ છે. (પ્ર)

એમ કહેલું છે. 'જેનું લોકમાં' શબ્દોનો પછીના શબ્દો સાથે પણ સંબંધ છે. ભગવાનનો નામો સાથેનો, સંબંધ ઉત્પત્તિથી થએલો[૬] નથી એમ જણાવવા 'તેમનાં અર્થવાળાં' વિશેષણ યોજેલું છે. લજ્જા ન હોવી અને સંગ ન હોવો એ બે અંગો મુખ્યની સમાન[૭] છે. પરિભ્રમણ કરવાની અવસ્થામાં જ્યાં ભગવાનની કથા થતી હોય ત્યાં જ તેનું શ્રવણ કરી, નિર્લજ્જ થઈ લૌકિક(લોકમાં ગાન કરાતાં ભગવાનનાં જન્મ વિગેરેનાં) ગીતોનું ગાન કરતાં સંગરહિત થઈ ફરવું, એવો અર્થ છે. ૩૯.

એ પ્રમાણે અનુકલ્પનું સ્વરૂપ કહીને, નીચે તેનું પરિણામ કહે છેઃ

**એવંવ્રતઃ સ્વપ્રિયનામકીર્ત્યા જાતાનુરાગો દ્રુતચિત્ત ઉચ્ચૈઃ ||**
**હસત્યથો રોદિતિ રૌતિ ગાયત્યુન્માદવન્નૃત્યતિ લોકબાહ્યઃ ||૪૦||**

એવાં વ્રતવાળો પોતાનાં પ્રિયનાં નામનાં કીર્તનથી જેને (તેમના ઉપર) સ્નેહ ઉત્પન્ન થએલો છે (અને) જેનું ચિત્ત પીગળેલું છે તે લોક બહારનો થઈ મોટેથી હસે છે, પછી રડે છે, રાડો પાડે છે, (અને) ગાંડાની પેઠે નૃત્ય કરે છે. ૪૦.

આઠ ગુણોથી પ્રકૃતિનું ઉલ્લંઘન થવાની 'લોક બહારનો (થઈ)' એમ કહેલું છે. પ્રવાહનું ઉલ્લંઘન ફલ છે. પાંચ વ્રત હોવાથી, (તેમાંના) એકેનો ત્યાગ (કરતો) નથી. દરરોજ (૧) સંકલ્પ કરવો (૨) સ્નેહ રાખવો અને (૩) ચિત્તનું પીગળવું એ અંદરના (ગુણો), બહાર પાંચ[૧] કાર્યો કરે છે. બીજાના કરતાં રડવાનું ઘણા સમય સુધી ચાલતું હોવાથી જૂદા આરંભથી (કહેલું છે). લોક અનુકરણ ન કરે તે માટે અપસ્મારમાં હસવાનું કરે છે તેમ ગાંડપણમાં નૃત્ય કરે છે. ૪૦.

એવી રીતે કર્મથી લોકનો ત્યાગ થતાં કાંઈ પણ પ્રયાસ વિના તેને જ્ઞાન અને ભક્તિ (પ્રાપ્ત) થવાનું નીચેના શ્લોકમાં કહે છે :

**ખં વાયુમગ્નિં સલિલં મહીં ચ જ્યોતીંષિ સત્ત્વાનિ દિશો દ્રુમાદીન્ ||**
**સરિત્સમુદ્રાંશ્ચ હરેઃ શરીરં યત્ કિઞ્ચ ભૂતં પ્રણમેદનન્યઃ ||૪૧||**

(તે) અનન્ય થઈ આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી, તારાઓ,

---

૬. મુખ્ય અધિકાર ન હોવાનું આ (શબ્દ) જણાવે છે. મુખ્ય અધિકાર હોય, તો નામલીલા અને રૂપલીલા પણ નિત્ય છે એવું ભાન થતું હોવાથી, 'તેમના અર્થવાળા' વિશેષણ ન યોજત, એવો ભાવ છે. શ્રવણ અને ગાન કર્મને બદલે કરવાનાં, નિર્લજ્જતા ભક્તિને બદલે રાખવાની, કારણ કે ભક્તિ સ્નેહનું પરિણામ છે એમ લોકમાં દેખાય છે. સંગ ન રાખવો એ જ્ઞાનને બદલે કરવાનું છે એમ જાણવું. (પ્ર)

૭. 'મુખ્યની સમાન' એટલે મુખ્ય ભક્તિ અને જ્ઞાનની સમાન, એવો અર્થ છે. (પ્ર)

૧. ઉત્તરાર્ધમાં પાંચ ક્રિયાપદોથી આ પાંચ કાર્યો કહેલા છે. આ પાંચ કાર્યો અને ત્રણ અંદરના ગુણો એ આઠથી પ્રકૃતિનું ઉલ્લંઘન થાય છે, (કારણ કે પ્રકૃતિ આઠ પ્રકારની છે).

પ્રાણીઓ, દિશાઓ, વૃક્ષો વિગેરે, નદીઓ અને સમુદ્રોને અને જે કાંઈ ઉત્પન્ન થએલ છે તે હરિના શરીરને પ્રણામ કરે (છે). ૪૧.

મહાભૂતો, સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચે રહેલાં[1] (તારાઓ અને પ્રાણીઓ,) દિશાઓ, ચાર પ્રકારના (વૃક્ષો વિગેરે), નદીઓ, સમુદ્રો, (અને) 'ચ' 'અને' શબ્દ હોવાથી પર્વતો-આ બધા ગોવિંદનું શરીર છે, અથવા ભેગા થઈ બ્રહ્માંડ[2] થાય છે 'જે કાંઈ ઉત્પન્ન થએલ છે તે' કહેવાનું પ્રયોજન ન કહેલાં હોય તેનો સમાવેશ (કરવાનું છે). તે (બ્રહ્માંડ) ભગવાનમાંથી તેમની લીલા (થાય તે) માટે પ્રકટ થએલું છે[3], તેથી પોતાને તેનાથી જૂદો પાડ્યા વિના[4] (તેને) પ્રણામ કરે (છે). ૪૧.

એ પ્રમાણે '(જન્મો અને કર્મો અને નામોનું) શ્રવણ કરતાં' (શ્લોક.૩૯) થી આરંભી મન સુધી[1] પણ માર્ગોનો અનુકલ્પ (કહેલ) હોવાથી, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય તેમનાં ફલ છે. કર્મનું ફલ વૈરાગ્ય છે[2]. તે ફલોનું સાધન એક હોવાથી[3] તેઓ એક પછી એક પ્રાપ્ત થવાં યોગ્ય નથી, અને એક સાથે લોકમાં થવાનું જોવામાં આવેલ નથી, તેથી પ્રથમ નીચેના શ્લોકથી ત્રણે એક સાથે ઉત્પન્ન થાય છે એમ લોકનાં દષ્ટાંતથી સિદ્ધ કરે છે :

**ભક્તિઃ પરેશાનુભવો વિરક્તિરન્યત્ર ચૈષ ત્રિક એકકાલઃ ।।**
**પ્રપદ્યમાનસ્ય યથાऽશ્નતઃ સ્યુસ્તુષ્ટિઃ પુષ્ટિઃ ક્ષુદપાયોનુઘાસમ્ ।।૪૨।।**

જેમ ભોજન કરનારને પ્રસન્નતા પુષ્ટિ અને ભૂખનો નાશ દરેક કોળીએ થાય છે, તેમ (ભગવાનને) શરણે જનારને ઉત્તમ ભક્તિ, ઈશ્વરનો અનુભવ અને બીજામાં વૈરાગ્ય-આ ત્રણ એક સમયે (પ્રાપ્ત) થાય છે.

(૧) ઉત્તમ પ્રેમલક્ષણા ભક્તિ (૨)'મને જાણે છે' '(હું) જેટલો છું' વિગેરે વાક્યો પ્રમાણે ઈશ્વરનો અનુભવ (અને ૩)ગોવિંદ સિવાયનામાં વૈરાગ્ય (એક સમયે થાય છે). સ્વાદવાળું, ઘીવાળું, અન્ન જમતાં (પ્રસન્નતા, વિગેરે) ત્રણ એક સમયે થાય છે, અને (પછી) ઉત્તમ દશા પ્રાપ્ત કરશે. એમ જણાવવા

૧. તારાઓ અને પ્રાણીઓ અધ્યાહાર છે. (પ્ર)
૨. 'હરિનું શરીર' શબ્દનો આ બીજો અર્થ કહેલો છે. (પ્ર)
૩. શ્લોકમાંના 'ભૂતમ્' શબ્દનો અર્થ 'ભગવાનમાંથી' એવો કરી આ કહેલ છે. (પ્ર)
૪. આથી 'અનન્ય' શબ્દનો અર્થ કહેલો છે. (પ્ર)
૧. શ્લોક ૪૧ સુધી અર્થ જણાય છે. તે શ્લોકમાં જણાવેલ જ્ઞાન સાથેનું નમન મનનું કાર્ય છે.
૨. (શ્લોક ૩૯ના શ્રીસુબોધિનીમાં) જ્ઞાન, કર્મ અને ભક્તિ કહ્યાં, તેમાં ભક્તિ છેલ્લી કહેલી હોવાથી, ભક્તિનું ફલ વૈરાગ્ય હશે એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે.(પ્ર)
૩. 'એકસાધનત્વાત્' બહુવ્રીહિસમાસ છે. (સ) 'એકસાધન' બહુવ્રીહિસમાસ છે, તેને 'ત્વ' પ્રત્યય લગાડેલ છે.

'કોળીએ કોળીએ' એમ કહેલું છે. ૪૨.

(એમ) દોષ દૂર કરી, નીચેના શ્લોકમાં ફલ કહે છેઃ

**ઈત્યચ્યુતાઙ્‌ઘ્રિં ભજતોઽનુવૃત્ત્યા ભક્તિર્વિરક્તિર્ભગવત્પ્રબોધઃ ।।**
**ભવન્તિ વૈ ભાગવતસ્ય રાજન્ તતઃ પરાં શાન્તિમુપૈતિ સાક્ષાત્ ।।૪૩।।**

હે રાજન્! એ પ્રમાણે નિરંતર અચ્યુતના ચરણને ભજતાં ભાગવતને ખરેખર ભક્તિ, વૈરાગ્ય અને ભગવાનનું જ્ઞાન (પ્રાપ્ત) થાય છે. પછી તે સાક્ષાત્ પરમ શાંતિ પ્રાપ્ત કરે છે. ૪૩.

સર્વ કર્મોની અંદર મંગલાચરણની પેઠે જગન્નાથ વિગેરે સ્થાનોમાં નિરંતર અચ્યુતના ચરણનું ભજન મધ્યે મધ્યે કરવું જોઈએ. એ પ્રમાણે કરતાં પણ ફલ ઉત્પન્ન થવાની સ્થિતિમાં ફલને સાહાય્ય કરનારું બીજું અંગ કહે છે કે એ પ્રમાણે કરતાં પણ જો તે[1] ભાગવત થાય, તે (ભગવાન)નું બાલક થાય, એટલે ભગવાને જો પોતાના માટે ઉત્પન્ન કરેલ હોય, તો ભગવાનનાં સ્થાનોમાં પરમ શુદ્ધ સત્ત્વરૂપ શાંતિ એટલે કેવલ બ્રહ્માનંદનો અનુભવ કરવાનું સ્થાન પ્રાપ્ત કરે છે. તે (સ્થાન)ને યોગીઓ જ જાણે છે. ભાગવત થએલો તે પોતે જ સાક્ષાત્ તે સ્થાનમાં પ્રવેશ કરે છે, એવું ફલ (કહ્યું). ભાગવત હોવું એ બ્રાહ્મણની પેઠે સર્વમાં ઉપયોગી[2] છે. ૪૩.

વળી ત્યાં જેમ અમુક બ્રાહ્મણોનો અમુક કર્મમાં ઉપયોગ કરવામાં આવે છે, એવી રીતે અહિં અનુકલ્પમાં પણ કેવા(ભક્ત)નો ઉપયોગ થાય છે, એવો સ્વતંત્ર પ્રકારથી રાજા નિમિ પ્રશ્ન કરે છે. ધર્મના ઉપયોગ માટે પણ[1] ઉત્તમ પુરુષે ભાગવતો(ભક્તો) સાથે ભગવાનના ધર્મો(નો સંવાદ) કરવો, એવો આ અધ્યાય નો અર્થ થશે. તેથી નીચેના શ્લોકમાં ભાગવત સંબંધી પ્રશ્ન કરે છેઃ

રાજા(નિમિ) કહે છેઃ

**અથ ભાગવતં બ્રૂત યદ્ધર્મો યાદશો નૃણામ્ ।।**

---

૧. 'તે' એટલે (ભજન કરનારનો) દેહ, કારણ કે પહેલાં શરીરના ધર્મની જ વાત કરેલી છે. વળી 'તે'નો અર્થ આત્મા (જીવ) કરીએ તો પણ જન્મો પછી પણ તે (આત્મા ભાગવત એટલે ભક્ત) થવાનું સંભવતું હોવાથી 'સાક્ષાત્' શબ્દનો પણ વિરોધ થાય, એવો અર્થ છે. (પ્ર) 'તે'નો અર્થ આત્મા (જીવ) કરવામાં ઉપર દર્શાવેલ ખામીઓ હોવાનું જણાતું નથી. ઉપર ભજન કરવાનું કહ્યું તે જીવથી થઈ શકે છે, દેહ તો તેમાં સાહાય્ય કરનાર જ થાય છે. વળી જ્યારે 'ભાગવત' થાય ત્યારે સાક્ષાત્ પરમ શાંતિ પ્રાપ્ત કરે છે, એટલે 'સાક્ષાત્' શબ્દનો વિરોધ પણ રહેતો નથી. પરમ શાંતિ આત્મા પ્રાપ્ત કરે છે, તેથી 'આત્મા' અર્થ લેવો જ વધારે યોગ્ય જણાય છે.

૨. 'સર્વમાં ઉપયોગી' એટલે મુખ્ય અને પેટા ધર્મોમાં તેમ જ અનુકલ્પોમાં ઉપયોગી, એવો અર્થ છે. (પ્ર)

**યથા ચરતિ યદ્ બ્રૂતે યૈર્લિઙ્ગૈર્ભગવત્પ્રિયઃ ॥૪૪॥**

હવે મનુષ્યોમાં જેવા ધર્મવાળો, જેવો ભક્ત હોય, (તે) જ પ્રકારે આચરણ કરતો હોય, જે કહેતો હોય અને જે ચિહ્નોથી ભગવાનને પ્રિય થએલો જણાતો હોય તે કહો. ૪૪.

ભગવાનના સેવકોની અંદર રહેલ(ભક્ત)માં સંદેહ રહેતો નથી. મનુષ્યોમાં રહેલો હોય તેનું લક્ષણ કહેવું જોઈએ. સંધ્યાવંદન વિગેરે પેઠે, શાંતિ સંયમ વિગેરે પેઠે ધર્મો સ્વરૂપ છે[૨]. અને પ્રવાહમાં તે કેમ રહેલો હોય છે તે કહેલું (પૂછેલું) છે. 'જે પ્રકારે (આચરણ કરતો હોય, જે કહેતો હોય)' શબ્દથી કાયા, વાણી અને મનની ક્રિયાઓ પૂછેલી છે. વેષ ચિહ્ન છે, તેનાથી રુચિનું જ્ઞાન થાય છે[૩]. આનો ઉત્તર ચાલુ વિષયમાં ઉપયોગી લક્ષણ કહીને કહેવો જોઈએ. તે[૪] સંબંધમાં ચાલુ વિષયમાં[૫] ત્રણ અનુકલ્પ હોવાથી, ત્રણ પ્રકારનો ભક્ત કહેવો જોઈએ, અને ભગવાને પોતાને માટે બનાવેલ હોવાથી ફલનો આરંભ દર્શાવનારું લક્ષણ કહેવું જોઈએ.

તે સંબંધમાં સર્વ લોકો એક પ્રકારના ન હોવાથી, સર્વ સ્થલે ત્રણ પ્રકારના હોવાનું કહેવું જોઈએ[૫]. તે[૬] પૈકી સર્વ સ્થલે જ્ઞાન, ભક્તિ અને કર્મનું ત્રણ પ્રકારના

૧. સ્વતંત્ર રીતે ભાગવત સંબંધી પ્રશ્ન કરવાનું પ્રયોજન આથી કહે છે. અનુકલ્પ (વિકલ્પે કરવાનો) ધર્મ પણ ફલ પ્રાપ્ત કરાવે તે માટે પણ નીચે કહેવામાં આવશે તેવા લક્ષણ (અસાધારણ ગુણ)વાળા ભાગવતો સાથે ધર્મોનો સંવાદ કરવો જોઈએ, એવો અર્થ છે. આ પીસ્તાલીસમા શ્લોકમાં સ્પષ્ટ થશે. (પ્ર)

૨. જેમ શાંતિ વિગેરે ગુણો બ્રાહ્મણપણું દર્શાવનારા છે, તેમ ભાગવતપણું દર્શાવનારા સ્વરૂપના ધર્મો કહેવા જોઈએ, એવો અર્થ છે. (પ્ર)

૩. મનની ક્રિયા સ્પષ્ટ ન હોવાથી, તે દર્શાવનાર (ચિહ્ન) આથી સ્પષ્ટ કરે છે. (પ્ર)

૪. 'પૂછેલ હોય તેનો ઉત્તર આપવો જોઈએ. ઉત્તરમાં ભાગવતનું લક્ષણ ત્રણ શ્લોકથી જ કહેવાશે, તેથી બીજા શ્લોકો નકામા છે' એવી શંકા થાય, તેથી પ્રશ્ન પ્રમાણે ઉત્તર આપે છે, એવું પ્રશ્ન તથા ઉત્તરનું તાત્પર્ય અહિંથી આરંભી કહે છે. (પ્ર)

૫...૫. 'ચાલુ વિષયમાં' એટલે મુખ્ય ભગવદ્ધર્મમાં. અર્થ એવો છે કે રાજાએ ભાગવત્ સંબંધી પ્રશ્ન સામાન્ય રીતે કરેલો નથી, પરંતુ ત્રણ માર્ગોના અનુકલ્પ કહેતા ફલનો આરંભ કરાવનારું અંગ, જેને ભગવાને પોતાના માટે ઉત્પન્ન કરેલ હોય તે સંબંધી પ્રશ્ન કરેલ. આવા પ્રશ્નનો એવા પ્રકારનો ઉત્તર હોવો જોઈએ કે જેથી અનુકલ્પરૂપ લાભ અને ભગવાને પોતાના માટે ઉત્પન્ન કરેલા હોવારૂપ ફલ જાણવામાં આવે, અને પ્રત્યક્ષને મળતાં થાય, એવો પ્રશ્નનો અભિપ્રાય આ ભાગથી કહેલો છે. (પ્ર)

૬...૬. આથી ઉત્તરનું તાત્પર્ય કહ્યું, આ સ્પષ્ટ છે(પ્ર). જ્ઞાન-ભક્તિ-કર્મ ત્રણે ત્રણ પ્રકારના હોવાથી (૩×૩=૯)નવ શ્લોકથી કહ્યા. દશમાની હેતુ અને છેલ્લા શ્લોકથી ફલનું લક્ષણ કહ્યું.

હોવાપણું, એકથી હેતુ(સાધન), અને એકથી ફલનું લક્ષણ, એમ અગીઆર શ્લોકોથી ઉત્તર કહેવો જોઈએ (કહેશે)[૬]. ૪૪.

તે પ્રસંગે સર્વ નિવેદન કરનારા હોવાથી બીજા હરિસ્વરૂપવાળા જ હરિએ ઉત્તર આપ્યો. જ્ઞાનના સંબંધવાળા[૧] પૈકી ઉત્તમ નીચે કહે છે :

હરિ કહે છેઃ

**સર્વભૂતેષુ યઃ પશ્યેદ્ ભગવદ્ભાવમાત્મનઃ ।।**
**ભૂતાનિ ભગવત્યાત્મન્નેષ ભાગવતોત્તમઃ ।।૪૫।।**

સર્વ પ્રાણીઓમાં જે ભગવાનનું અસ્તિત્વ પોતાથી જૂએ છે, અને આત્મ-રૂપ ભગવાનમાં પ્રાણીઓને જૂએ છે, આ ઉત્તમ ભક્ત છે. ૪૫.

આ જગતને મુખ્ય જાણનારા છે એમ ઉપર કહેલું છે. ઔડુલોમિના મતને[૨] ખોટો ઠરાવવા આરંભમાં ભગવાનમાંથી ઉત્પન્ન થએલા બધાઓમાં જીવ અને બ્રહ્મ એક હોવાનું નક્કી કરી[૨], રામાનુજનો મત ખોટો ઠરાવવા (તે સર્વમાં) ઐશ્વર્ય વિગેરેનું સ્થાપન કરી[૩], સર્વમાં ભગવાનનાં દર્શન થાય તે માટે[૪] ઘણાઓમાં દરેકની અંદર તે ગુણ હોવાનું ભાન થવાનું કહે છે. તેવો અનુભવ થાય ત્યાં સુધી[૫] આ ક્રિયા થતી હોવાથી ‘પોતાથી’ એમ કહેલું છે.

જો કે ભગવાન્ અંતરહિત છે, છતાં પણ આધાર અને આધારે રહેનાર હોવાનો સંબંધ જણાતો હોવાથી, તેવો સંબંધ દૂર થાય તે માટે વિરુદ્ધ[૬] કહેવું

૧. જ્ઞાનનાં સંબંધવાળા ‘ભાગવતો’, પરંતુ ભક્તો નહિ. (પ્ર) આ ભેદ જણાવવાનું કાંઈ કારણ દેખાતું નથી.

૨-૨. ઔડુલોમિના મત પ્રમાણે (જીવની) મોક્ષની દશામાં જ જીવ અને બ્રહ્મ એક છે, પરંતુ તે પહેલાં એક નથી, કારણ કે સત્ અને ચિદ્રૂપ જ જીવ અનાદિ છે. સિદ્ધાંત એવો નથી. સિદ્ધાંત પ્રમાણે તો બ્રહ્મ અને જીવ સદા એક છે, માત્ર લીલા કરવાની (ભગવાનની) ઈચ્છાથી જૂદા જણાય છે. ભેદ લીલા માટે કરેલો છે એમ જ્ઞાનીઓ તો સદા જાણતા હોવાથી, તેમને સદા તે એક હોવાનું ભાન રહેવું જરુરી છે, તેથી તેવું નક્કી કરી, એવો અર્થ છે. (પ્ર)

૩. રામાનુજના મત પ્રમાણે સર્વ અવસ્થાઓમાં રહેલ ચિત્ અને અચિત્ (જીવ અને જડ) (ભગવાનનું) શરીર છે, તેથી તે મત ખોટો પાડવા તે સર્વમાં ઐશ્વર્ય વિગેરેનું સ્થાપન કરીને, એવો અર્થ છે (પ્ર)

૪. ‘અનુભવાય’ એવો વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.

૫. વિરુદ્ધ ધર્મોનું ભાન થવાથી પોતાની અંદર ભગવદ્ભાવ થવો અશક્ય હોવાથી તે (વિરુદ્ધ ધર્મોનું ભાન) દૂર કરનારો (તે) અનુભવ થાય ત્યાં સુધી, એવો અર્થ છે. (પ્ર) ભગવાનનો અનુભવ સર્વ પ્રાણીઓમાં થાય ત્યાં સુધી, એવો અર્થ જણાય છે.

જોઈએ, અને પછી કાલ વિગેરે નિયમન કરનારા ન હોવાથી વિરોધ દૂર થાય તે માટે (ભગવાન્) આધાર હોવાનું પરિણામ આવશે. એ પ્રકારનો આત્મા જૂદો નથી એવાં દઢ જ્ઞાનવાળો ઉત્તમ છે, એવો અર્થ છે. આવાએ પણ શાંતિ સારી રીતે ટકી રહે તે માટે તે પ્રમાણે કરવું[૭], એવો ભાવ છે. ૪૫.

નીચે બીજો (બીજી પંક્તિનો જ્ઞાનના સંબંધવાળો ભક્ત) કહે છેઃ

**ઈશ્વરે તદધીનેષુ બાલિશેષુ દ્વિષત્સુ ચ ।।**
**પ્રેમમૈત્રીકૃપોપેક્ષા યઃ કરોતિ સ મધ્યમઃ ।।૪૬।।**

જે ઈશ્વર, તેમને અધીન (ભક્તો), અજ્ઞાનીઓ અને શત્રુઓ વિષે (અનુક્રમે) પ્રેમ, મૈત્રી, કૃપા અને તિરસ્કાર કરે (રાખે) તે મધ્યમ છે. ૪૬.

શાસ્ત્રમાં જ ઓછા વધારે ભાવથી જ્ઞાન કહેલાં છે. તે પૈકી વૈષ્ણવતંત્રમાં જ્ઞાનકાંડમાં ઉપર કહ્યું તેવા જ્ઞાનને ઉત્તમ અધિકારીના સંબંધનું જણાવેલું છે. તેમાં જ ઉપાસનાકાંડમાં ઓછા વધારે ભાવથી જ્ઞાન કહેલ છે. ઉપાસનાના વિચારથી તો તે જ્ઞાન ઉત્તમ[૧] છે, છતાં પણ તે જૂદાઈ સાથેનું હોવાથી, અને ચાલુ પ્રસંગમાં જ્ઞાન સાથે ભળેલ ભક્તની વાત થતી હોવાથી અને અનુકલ્પ હોવાથી[૨] જ્ઞાનની પંક્તિમાં તે (જ્ઞાન) મધ્યમ છે.

આ ભક્ત જ ભલે હો (ગણાય)' એમ કહો, તો તેમ નથી, કારણ કે અમુક વિષયો(પુરુષો) પ્રતિ કૃપા અને તિરસ્કાર હોવો એ તેથી વિરુદ્ધ છે. વળી ભક્તિ અને જ્ઞાન સાથે રહેતાં નથી; કારણ કે એક (જ્ઞાન) ભેદથી વિરુદ્ધ છે અને બીજું (ભક્તિ). (આ ભક્તનાં) સ્વરૂપથી વિરુદ્ધ છે, કેમ કે ભગવન્માર્ગનો ભક્ત

૬. 'વિરુદ્ધ' એટલે ભગવાન્ અંતરહિત છે તેથી વિરુદ્ધ, સર્વમાં ભગવાન્ રહેલા છે તેવું કથન, એવો અર્થ જણાય છે.

૭. ('પશ્યેત્' એમ) વિધ્યર્થ યોજેલ છે તેનું પ્રયોજન આ વાક્યથી કહે છે. 'શાંતિ' શબ્દથી જણાવેલ ભગવાનનું સ્થાન પ્રાપ્ત થાય તે માટે શ્લોક ૩૯ વિગેરેમાં કહેલ છે તે પ્રમાણે કરવું જોઈએ એવો અર્થ છે. આ જ અભિપ્રાયથી શ્લોક ૪૪નાં શ્રીસુબોધિનીના આભાસમાં 'ધર્મના ઉપયોગ માટે પણ...' એવો અધ્યાયનો અર્થ કહેલ છે. તેથી મુખ્ય (ભક્ત) તે પ્રમાણે કરે તેને ફલ પ્રાપ્ત થાય છે, બીજાઓને ફલ (પ્રાપ્ત થવા)માં લાભ થાય છે, તેથી અનુકલ્પ આવશ્યક છે એમ સિદ્ધ થાય છે. (પ્ર)

૧. ઉપાસનાનો નિર્વાહ કરતું હોવાથી, આ જ્ઞાન ઉપાસનાકાંડ પ્રમાણે ઉત્તમ છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'ઉપાસનાના વિચારથી આ જ્ઞાનને ઉત્તમ જ કેમ કહેલ નથી' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. આ જ્ઞાન અનુકલ્પ માટે હોઈ, ઈશ્વરનો અનુભવ થવા માટેનું છે, (તેથી ઉત્તમ કહેલું નથી). (પ્ર)

કૃપા અથવા તિરસ્કાર કરી શકતો નથી. તેથી આ થોડા અથવા વધારે ભાવવાળું જ્ઞાન જ હોવાથી (આ) મધ્યમ જ્ઞાનભક્ત છે. ૪૬.

નીચેના શ્લોકમાં ત્રીજી પંક્તિનો જ્ઞાનના સંબંધવાળો ભક્ત કહે છેઃ

**અર્ચાયામેવ હરયે પૂજાં યઃ શ્રદ્ધયેહતે ।।**
**ન તદ્ભક્તેષુ ચાન્યેષુ સ ભક્તઃ પ્રાકૃતઃ સ્મૃતઃ ।।૪૭।।**

જે પ્રતિમામાં જ હરિનું પૂજન કરવા શ્રદ્ધાથી પ્રયાસ કરે છે, તેમના ભક્તોમાં અને બીજાઓમાં (હરિનું પૂજન કરવા) પ્રયાસ કરતો નથી તે ભક્ત પ્રાકૃત મનાએલો છે. ૪૭.

એક સ્થલે નિશ્ચિંત પ્રકારે ભગવાન્ હોવાનું જાણે છે, કારણ કે (ત્યાં જ) પૂજા કરે છે. વળી આ ભક્તિમાર્ગ નથી, કારણ કે ભક્તો ઉપર (તેને) પ્રેમ નથી. વળી આ પ્રતિવ્રતપણું નથી, કારણ કે પ્રતિમામાં અને હરિમાં ભેદ હોવાનો (તેનો) નિર્ણય છે. (આ) જ્ઞાન પણ નથી, કારણ કે બીજાઓ ઉપર (તેને) પ્રેમ નથી. 'ચ' 'અને' શબ્દ હોવાથી, તેને ભક્તો અને ભક્તો ન હોય તે સમાન[1] છે. ભેદ હોવાનો નિર્ણય કરતો હોવાથી, તેને ભક્તોનું ભાન નથી[2] હોતું એવો વિચાર ખોટો ઠરે છે, તેથી એક પ્રદેશમાં ભગવાનનું ભાન થતું હોવાથી આ જ્ઞાનભક્ત પ્રાકૃત જ છે. ૪૭.

નીચેના ત્રણ શ્લોકોથી ૧.બહારથી દોષોથી ન ઘેરાવાના ૨.અંદરથી (દોષોથી) ન ઘેરાવાના અને ૩.દોષ ઉત્પન્ન ન થવાના પ્રકારે ભક્તિના સંબંધવાળા નું નિરૂપણ[1] કરે છે. અનુક્રમ જળવાઈ રહે તે માટે[2] જ્ઞાન અને ભક્તિ ઉંધા ક્રમથી કહેલા છે. રોકી ન શકાય તેવી માયાના વૈભવનું જ્ઞાન શાસ્ત્રથી થાય છે, ત્યારપછી ભગવાનનું સ્મરણ થાય છે, અને પછી તેમનો આશ્રય થાય છે[3] તે પૈકી આરંભમાં આરંભની[4] (સ્થિતિ) (નીચેના શ્લોકથી) કહે છેઃ

---

૧. આ સમાનતા તે ભક્ત હોવાના વિચારને ખોટો ઠરાવનારી છે. (પ્ર)
૨. 'ભાન નથી હોતું' એટલે ભક્તોનું ભાન નથી હોતું. (પ્ર)
૧. (આ તથા ૪૯,૫૦ એ) ત્રણ શ્લોકમાં ત્રણ પ્રકાર કહેવાનું કારણ આ વાક્યથી કહે છે. (પ્ર)
૨. 'અભિપૂર્વત્વાર્થં'નો અર્થ એવો છે કે ભક્તિથી મને જાણે છે, એ વાક્ય પ્રમાણે ભક્તિથી ભગવાનનું જ્ઞાન થાય તે માટે (પ્ર) 'અભિપૂર્વત્વાર્થં' એટલે 'અનુક્રમ જળવાઈ રહે તે માટે' એવો અર્થ જણાતો હોવાથી તે પ્રમાણે અનુવાદ કરેલો છે. શ્લોક ૩૯ થી ૪૧ સુધીમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો ક્રમ લીધેલ હોવાથી, તે ક્રમ જળવાય તે માટે ભક્તિથી જ્ઞાન થતું હોવા છતાં, પહેલાં જ્ઞાનનાં સંબંધવાળા અને પછી ભક્તિના સંબંધવાળા એમ ઉંધા ક્રમથી કહેલા છે, એવો અર્થ જણાય છે.
૩. આથી પણ આ તથા પછીના બે શ્લોકના ભાવાર્થ જણાવેલા છે. ૪. 'આદ્યં' આરંભની

**ગૃહીત્વાપીન્દ્રિયૈરર્થાન્ યો ન દ્વેષ્ટિ ન હૃષ્યતિ ।।**
**વિષ્ણોર્માયામિદં પશ્યન્ સ વૈ ભાગવતોત્તમઃ ।।૪૮।।**

આ (જગત)ને વિષ્ણુની માયા જાણીને જે ઈન્દ્રિયોથી વિષયોને ગ્રહણ કરવા છતાં પણ (તેમનો) દ્વેષ કરતો નથી, (અને) પ્રસન્ન થતો નથી, તે ખરેખર ઉત્તમ ભક્ત છે. ૪૮.

કેટલાક વિષયોનો દૂરથી ત્યાગ કરે છે, (અને) દઢતાથી પ્રાપ્ત થાય ત્યારે (પોતાની) નિંદા કરે છે. તેઓ મધ્યમ છે. કેટલાક વિષયો પ્રાપ્ત થાય ત્યારે આનંદ પામે છે, તેઓ પ્રાકૃત છે. (શ્લોકમાં) 'અર્થ' શબ્દ યોજેલો હોવાથી 'શોક કરતો નથી, ઈચ્છા કરતો નથી' (ભ.ગી.૧૨।૧૭) એના જેવો નહિ, કારણ કે (તેણે) આલોક અને પરલોકનો ત્યાગ કરેલો હોય છે[૫], એમ કેટલાક કહે છે. વાસ્તવિક રીતે તો (આ શ્લોક અને તે વાક્ય) જુદા જુદા વિષયના[૬] છે.

ઈન્દ્રિયોથી ગ્રહણ કરેલા વિષયોનો અંદર પ્રવેશ ન થવાનું[૭] કારણ 'આને વિષ્ણુની માયા જાણીને' શબ્દોથી કહેલું છે. જીવની પરીક્ષા (તેનાં) જ્ઞાનથી અથવા ખોટાં જ્ઞાનથી (થાય છે). સર્વત્ર રહેલા (વિષ્ણુ)ની (સર્વને) ઘેરી લેતી માયા સંપૂર્ણ રીતે મોહ કરે છે, તેથી પદાર્થનું જ્ઞાન ન થવાને લીધે ભક્તિને અનુસરનાર એક વૈષ્ણવ ભયમાં રહે છે. ૪૮.

બીજો (બીજા પ્રકારનો ભક્તિના સંબંધવાળો ભક્ત) નીચે કહે છેઃ

**દેહેન્દ્રિયપ્રાણમનોધિયાં યો જન્માપ્યયક્ષુદ્ભયતર્ષકૃચ્છ્રૈઃ ।।**
**સંસારધર્મૈરવિમુહ્યમાનઃ સ્મૃત્યા હરેર્ભાગવતપ્રધાનઃ ।।૪૯।।**

જે ભગવાનનાં સ્મરણને લીધે દેહ, ઈન્દ્રિય, પ્રાણ તથા બુદ્ધિના જન્મ નાશ ભૂખ ભય તૃષ્ણા સંકટ (એ) ધર્મોથી મોહ પામતો નથી તે હરિનો પ્રધાન ભક્ત છે. ૪૯.

---

સ્થિતિવાળો ભક્ત જણાવેલ છે. શાસ્ત્રીજીની નોટમાં 'હીન' 'હલકો' એવો અર્થ તેમણે કરેલ છે, પરંતુ ૪૯મા શ્લોકનાં શ્રીસુબોધિનીમાં એમ કહેલું છે કે આ શ્લોકમાં મધ્યમ ભક્તનું અને ૪૯મા શ્લોકમાં વિકાર વિનાના ભક્તનું નિરૂપણ કરેલું છે, અને ભક્તિમાર્ગ ઉત્તમ હોવાથી તેમાં ઉત્તમ વિગેરે પ્રકારો નથી.

૫. 'અર્થ્યતે' ઈચ્છાથી જે માટે પ્રાર્થના કરવામાં આવે છે તે 'અર્થ', એ વ્યુત્પત્તિ પ્રમાણે વિષયો માટે પ્રાર્થના થતી હોવાથી, ગીતાના વાક્યમાં કહેલ છે તે આ નથી પરંતુ વિષયો પ્રાપ્ત થયા પછી, શ્લોકમાં કહેલ બે દોષ વિના રહેલ હોય તેવો ભક્ત કહેલ છે. તેથી ઉત્તમમાં આ આરંભ કરનારો હોવામાં વિરોધ નથી. (પ્ર)

૬. આ શ્લોકમાં આરંભ કરનાર ભક્ત અને ગીતાના શ્લોકમાં ઉત્તમ ભક્ત કહેલા છે. (પ્ર)

૭. 'અંદર પ્રવેશ ન થવો' એટલે હર્ષ અથવા દ્વેષ કરનારા ન થવું એવો અર્થ છે. (પ્ર)

જેણે વિષયોનો ત્યાગ કરેલો છે તેવો અંદરની પીડા વિનાનો આ ભક્ત છે. ઈન્દ્રિયોનાં નાશ અને અશક્તિ[1] ધીરે ધીરે થાય છે. જન્મ વિગેરે સંકટો છે. આ પદાર્થોના ધર્મો કુદરતી અને સંસારના કારણરૂપ છે. આ પણ મોહ[2] કરાવનારી જ છે, એવો જ્ઞાનમાર્ગથી (આ માર્ગનો) ભેદ છે. સંકટોમાં ગજેન્દ્રની પેઠે ભગવાનનું સ્મરણ કરવું[3] એવો અર્થ છે. ભક્તિમાર્ગ ઉત્તમ હોવાથી આમાં ઉત્તમ વિગેરે પ્રકારો નથી. 'પ્રધાન' એટલે પ્રાકૃત[4] પહેલો (પહેલાં શ્લો.૪૮માં કહેલો) મધ્યમ છે. આ જન્મ વિગેરેનાં ભાન વિનાનો, એકાંતમાં બેસાડેલો હોય તેવો છે. મર્યાદા અને પુષ્ટિના ભેદથી બે પ્રકારો કહેલા છે[5] એવો નિર્ણય થાય છે. ૪૯.

નીચેના શ્લોકમાં ઉત્તમ (ભક્ત) કહે છેઃ

**ન કામકર્મબીજાનાં યસ્ય ચેતસિ સમ્ભવઃ ।।**
**વાસુદેવૈકનિલયઃ સ વૈ ભાગવતોત્તમઃ ।।૫૦।।**

જેના ચિત્તમાં કામના કર્મ અને વાસનાઓ ઉત્પન્ન થતાં નથી અને જેને એકલા વાસુદેવનો આશ્રય છે તે ખરેખર ઉત્તમ ભક્ત છે. ૫૦.

કામના જ ઉત્પન્ન થતી નથી, ઉત્પન્ન થાય તો પણ કર્મો થતાં નથી, કર્મો થાય તો પણ વાસનાઓ થતી નથી. આ મુક્ત અને શરણ આવેલો છે. એવી રીતે પુષ્ટિ અને મર્યાદા ભક્તિઓ અને આશ્રય એ ત્રણ કહ્યાં. 'સર્વ આશ્રયથી થાય છે' એ ત્રીજાનું[1] કારણ છે. ૫૦.

નીચેના શ્લોકથી આરંભી ત્રણ (શ્લોકો)થી વૈરાગ્યના સંબંધવાળો ભક્ત કહે છે (જણાવે છે):

**અભિમાનો વ્યવહારો વૈદિકસ્યાપ્યપેક્ષણમ્ ।।**
**ત્રિતયાભાવતો મુખ્ય એકૈકોડપ્યત્ર યુજ્યતે ।।૯।।**

---

૧. (શ્લોકમાંના) 'અપ્યય' 'નાશ' શબ્દમાં સ્વરૂપનો નાશ અને શક્તિનો નાશ, એ બેનો સમાવેશ કરેલો છે. (પ્ર)

૨. 'શું પરીક્ષા કરે છે કે કાંઈ પ્રયોજનથી ભોજન કરાવે છે ?' એવો મોહ કરાવનારી એવો અર્થ છે. (પ્ર)

૩. મોહ ન થવાનું કારણ આ વાક્યથી કહેલું છે. (પ્ર)

૪. 'જો ઉત્તમ (મધ્યમ અને હીન) એવા પ્રકારો ન હોય તો આને પ્રધાન કેમ કહે છે ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૫. 'ત્યારે શ્લો. ૪૮માં જણાવેલ ભક્તને ઉત્તમ કેમ કહ્યો ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૧. 'ત્રીજાનું' એટલે ત્રીજો ઉત્તમ હોવાનું (પ્ર). ૪૮ થી ૫૦ સુધીના શ્લોકોમાં અનુક્રમે પુષ્ટિભક્તિ, મર્યાદાભક્તિ અને આશ્રય કહેલાં છે.

અભિમાન વ્યવહાર[1] અને વૈદિક (ફલની) પણ ઈચ્છા, (બે) ત્રણ ન હોવાથી (ભક્ત) મુખ્ય[2] છે. એક એકનો પણ આમાં[3] ઉપયોગ છે. કા.૯.

(નીચેના શ્લોકમાં તે પૈકી) પહેલો કહે છેઃ

**ન યસ્ય જન્મકર્મભ્યાં ન વર્ણાશ્રમજાતિભિઃ ।।**
**સજ્જતેઽસ્મિન્નહમ્ભાવો દેહે વૈ સ હરેઃ પ્રિયઃ ।।૫૧।।**

જેને જન્મ અને કર્મથી વર્ણ આશ્રમ અને જાતિથી આ દેહમાં અહંભાવ થતો નથી તે ખરેખર હરિને પ્રિય છે. ૫૧.

કારણ કે અભિમાન અહંકારનું શિર છે[4]. ઉત્તમ કુલમાં જન્મ, જ્યોતિષ્ટોમ વિગેરે કર્મ, બ્રાહ્મણ વિગેરે વર્ણો છે. આશ્રમો પ્રસિદ્ધ છે. જાતિ અમુક દેશથી[5] જાણવાની, તે પણ અભિમાન કરાવનારી છે એવી લોકમાં પ્રસિદ્ધિ છે.

અથવા[6] વર્ણો એટલે શાંતિ, સંયમ વિગેરે જાતિ જણાવનારા[7] ગુણો છે. બ્રાહ્મણ વિગેરે જાતિ છે. તેથી જ તે ગુણો છે. દોષો (ગુણો) સાથે ન રહે તે જ પ્રાપ્ત કરવાનું છે. ૫૧.

વ્યવહારમાં જેને દ્રવ્યનું અભિમાન ન હોય તેવો બીજો (વૈરાગ્યના સંબંધવાળો ભક્ત) છે. તે નીચેના શ્લોકમાં કહે છે જણાવે છેઃ

**ન યસ્ય સ્વઃ પર ઈતિ વિત્તેષ્વાત્મનિ વા ભિદા ।।**
**સર્વભૂતસુહૃચ્છાન્તઃ સ વૈ ભાગવતોત્તમઃ ।।૫૨।।**

જેને દ્રવ્યો વિષે 'પોતાનું' એવો અથવા આત્મા વિષે 'પારકો' એવો ભેદ

---

૧. વ્યવહાર કરાય છે આનાથી (જેનાથી) તે વ્યવહાર દ્રવ્ય. (પ્ર)

૨. એ પ્રમાણે જાએલા અને સાંભળેલા વિષયોની તૃષ્ણા ન રહે ત્યારે મુખ્ય (ભક્ત) થાય છે, એવા અભિપ્રાયથી આ કહેલું છે. (પ્ર)

૩. 'ત્યારે એ(ત્રણમાંથી) એક એક ન હોય તેને પણ ઉત્તમ કેમ કહેલ છે?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. વૈરાગ્ય ભક્તિનું અંગ હોવાથી ભક્તિમાં ઉપયોગી થાય છે. તેથી તેમ કહેલ છે, એવો અર્થ છે. (પ્ર)

૪. જેમ શિર(માથા)થી કયો પુરુષ છે એનો નિશ્ચય થાય છે, તેમ ગર્વથી અહંભાવનો નિર્ણય થાય છે. એવો અર્થ છે. (પ્ર)

૫. જેમ કે દ્રાવિડ, તૈલંગ વિગેરે. (પ્ર)

૬. (ઉપર જાતિનો અર્થ કર્યો તેમાં) દેશ ઉપાધિ હોવાથી, તે અર્થ ન રૂચવાથી અહિંથી બીજા પ્રકારે અર્થ કરે છે. (પ્ર)

૭. 'જણાવનારા' એટલે બ્રાહ્મણપણું વિગેરે જણાવનારા, (મહાભારતના) આજગર પ્રકરણમાં પ્રસિદ્ધ છે. (પ્ર)

નથી, જે સર્વ પ્રાણીઓનો મિત્ર (અને) શાંત છે તે ખરેખર ઉત્તમ ભક્ત છે. ૫૨.

'સ્વઃ' શબ્દ ધન વિગેરે જણાવનારો છે. તે પૈકી 'સ્વઃ' 'પોતાનું' એવો દ્રવ્યો વિષે ભેદ હોય છે, પોતે જ વ્યવહાર કરવા યોગ્ય, બીજાઓએ નહિ (એવો તેનો અર્થ છે). 'પારકો' એવો આત્મામાં (ભેદ હોય છે). તેથી દ્વેષ વિગેરે થાય છે. તે (ભેદ ન હોવા)થી બે પ્રકારનું અદ્વૈત કહેવાયું.

'વા' 'અથવા' શબ્દ અનાદર દર્શાવવા (યોજેલો છે). પત્ની વિગેરેમાં પણ ભેદ નથી, એવો અર્થ છે. આથી દોષ ન હોવાનું કહ્યું.

'સર્વ પ્રાણીઓનો મિત્ર અને શાંત'શબ્દોથી ગુણ કહેલ છે. 'સર્વ પ્રાણીઓ ઉપરની દયાથી' એ ધોરણ પ્રમાણે તે[1] અંદરનું સાધન છે એમ અમે કહેલું છે. બે (શ્લોકો)થી બ્રાહ્મણને ભોજન કરાવવું અને ઉપવાસ કરવો એના જેવો આ લોકનો વૈરાગ્ય[2] કહેલો છે. ૫૨.

ત્રીજા શ્લોકથી પરલોકના (વૈરાગ્યના સંબંધવાળો ભક્ત) કહે છેઃ

**ત્રિભુવનવિભવહેતવેઽપ્યકુણ્ઠસ્મૃતિરજિતાત્મસુરાદિભિર્વિમૃગ્યાત્ ।।**
**ન ચલતિ ભગવત્પદારવિન્દાલ્લવનિમિષાર્ધમપિ સ વૈષ્ણવાગ્ર્યઃ ।।૫૩।।**

ત્રણ ભુવનોના વૈભવ માટે જે ભગવાનના સ્મરણથી અટકતો નથી અને ભક્તોએ અને દેવો વિગેરેએ પણ શોધવા યોગ્ય ભગવાનનાં ચરણારવિંદથી અર્ધ લવ અથવા અર્ધ નિમિષ પણ ખસતો નથી તે વૈષ્ણવોમાં ઉત્તમ છે. ૫૩.

અશ્વમેધ વિગેરે યજ્ઞોથી ત્રણ ભુવનોનો વૈભવ પ્રાપ્ત થાય છે[1]. 'પ્રમાણબલના વિચાર પ્રમાણે વેદ સર્વથી બલવાન હોવાથી, અશ્વમેધ વિગેરે (યજ્ઞો) કરવાના હોય ત્યારે ભગવાનનું સ્મરણ કેવી રીતે રહે ?' એમ પૂછો, તો બરાબર છે. એમ હોવા છતાં[2] પણ જે (ભગવાનનાં) સ્મરણથી અટકતો નથી, તે વૈષ્ણવ છે, કારણ કે તે પોતાના માર્ગને ઉત્તમ બનાવે છે. વેદ[3] પોતાના પ્રયોજન

---

૧. 'તે' એટલે (સર્વ પ્રાણીઓ ઉપરની) દયા અને શાંતિ. સામાન્ય માટે નપુંસક (નાન્યતર જાતિ) યોજેલ છે. (પ્ર)

૨. ઉપરના વાક્યના વિષયના સંબંધમાં આ બહારનું દષ્ટાંત કહેલું છે. (પ્ર)

૧. 'અહિં જોએલ અથવા શ્રવણ કરેલ વિષયોનો વૈરાગ્ય કેવી રીતે થયો ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. ફલથી આ જણાય છે. (પ્ર) શ્લોક પરમાં, ધનોમાં પોતાનું હોવાનો ભેદ ન હોવાથી જોયેલા વિષયોનો વૈરાગ્ય કહ્યો. આ શ્લોકમાં પરલોકના (યજ્ઞથી પ્રાપ્ત થતાં ફલરૂપ) માત્ર શ્રવણ કરેલા વિષયોનો વૈરાગ્ય કહે છે, એવો અર્થ જણાય છે.

૨. 'એમ હોવા છતાં' એટલે વેદ સર્વથી બલવાન્ હોવાનું જાણવા છતાં. (પ્ર)

૩...૩. 'ત્યારે અપરાધ કેમ દૂર થાય ?' એવા પ્રશ્નનો આથી ઉત્તર આપે છે. અપરાધ થવાનો

માટે કહેતો (ઉપદેશ આપતો) નથી, જેથી તેનું ઉલ્લંઘન થતાં દોષ થાય, પરંતુ આપણાં ફલ માટે (ઉપદેશ આપે છે), તે (ફલ) આપણને જોઈતું નથી, તેથી (ભગવાનનું સ્મરણ રહે છે)[૩].

'તેમાં (તેની) ભૂલ થતી હશે' એવી શંકા થાય, તેથી કહે કે-અજિત છે આત્મા જેમના[૪], તેવા ભગવાનના ભક્તો અથવા તેમના અવયવો. તેઓ અને તે દેવો (તથા) 'વિગેરે' શબ્દથી સમાવેશ કરેલા આઠ પ્રકારના દેવોનાં કુલો; અથવા 'અજિતાત્મનઃ' એટલે મનુષ્ય જ્ઞાનીઓ[૪] અને ભક્તો (એ પણ ભગવાનનાં ચરણારવિંદ શોધવા યોગ્ય છે). સત્પુરુષોનું આવું આચરણ હોવાથી ભૂલ થતી નથી. 'પુરુષના અવયવોનું ધ્યાન કર્યું' એવું નથી, એમ જણાવવા 'ચરણારવિંદ' શબ્દ (યોજેલ છે)[૫]. યજ્ઞના મુખ્ય કાલના અભિપ્રાયથી 'અર્ધ લવ અથવા અર્ધ નિમિષ' એમ કહેલું છે. ઉંઘ વિગેરેમાં તો (ભગવાનનું) કુદરતી વિસ્મરણ થાય છે, પરંતુ બુદ્ધિપૂર્વક ત્યાગ કરતા નથી. (ભગવાનનાં) સ્મરણમાં નડતાં કાર્યોનો ત્યાગ જ (કરે છે). (ચરણકમલથી) ખસતા નથી અથવા[૬] બીજા માર્ગે જતા નથી. ૫૩.

''(૧) 'જન્મનો પ્રવાહ કરનારી તૃષ્ણાથી' એ ધોરણ પ્રમાણે (૨) ખળભળાટ કરાવનારા ગુણો હાજર હોવાથી, (૩) 'સત્ત્વ, રજઃ અને તમઃ' એવું વચન હોવાથી અને (૪) કોઈકવાર કામ ઉત્પન્ન થવાનો સંભવ હોવાનું પ્રસિદ્ધ હોવાથી, આ સ્થિતિ સંભવતિ નથી'' એવી શંકા થાય, તેથી કહે છેઃ

**ભગવંત ઉરુવિક્રમાંઘ્રિશાખાનખમણિચન્દ્રિકયા નિરસ્તતાપે ।।**
**હૃદિ કથમુપસીદતાં પુનઃ સ પ્રભવતિ ચન્દ્રઈવોદિતેઽર્કતાપઃ ।।૫૪।।**

જ્યારે ઉગેલા ચંદ્રનો પ્રભાવ (જણાતો) હોય ત્યારે સૂર્યનો તાપ જણાતો નથી તેમ ભગવાનના ઘણા પરાક્રમવાળા ચરણની શાખારૂપ નખમણિની ચાંદનીથી જેના તાપનો નાશ થએલો છે તેવા હૃદયમાં ફરીથી તે (તાપ) કેમ આવી શકે ? ૫૪.

---

સંભવ પણ નથી, એવો અર્થ છે.

૪. 'અહિં 'અજિતાત્મભિઃ'ના બે અર્થો (ભક્તો અને જ્ઞાનીઓ) કરેલ છે. પહેલા અર્થમાં 'આત્મા' શબ્દનો અર્થ 'સ્વરૂપ' અથવા ભગવાન્ છે. બંને અર્થ પ્રમાણે તેઓ અધિકારવાળા છે. 'અજિતાત્મ' અને 'સુરાદિ' શબ્દોનો પછી દ્વંદ્વસમાસ કરેલો છે. (પ્ર)

૫. યજ્ઞના મુખ્ય કાલે પણ ભગવાનનું સ્મરણ તજતા નથી.

૬. 'વા' 'અથવા' શબ્દથી સ્મૃતિથી વિરુદ્ધ કાર્યોના ત્યાગનો સમાવેશ કરેલો છે (પ્ર) આ અર્થ યોગ્ય જણાતો નથી. યજ્ઞના મુખ્ય કાલે પણ યજ્ઞમાં ચિત્ત ન રાખતાં ભગવાનનું સ્મરણ જ કર્યા કરે છે, તેથી ભગવાનનું સ્મરણ કરતાં વેદના વિરોધની પણ દરકાર કરતા નથી તો પછી સ્મૃતિના વિરોધની તો કેમ જ દરકાર કરે ?

ફરીથી કામ વિગેરે (ભક્તનાં) હૃદયમાં ઉત્પન્ન થતા નથી, કારણ કે વાણી અને મનથી ન જાણી શકાય તેવાં કર્મો કરનારે તેનો નાશ કરેલો છે[1]; કેમ કે ગુણો વિગેરેને બીજાં કોઈ સ્થલે શરણ નથી મળતું એમ નથી, કે જેથી તે જ હૃદયમાં ફરીથી ઉત્પન્ન થાય[2]. ચરણનું જ માહાત્મ્ય કહેવા માટે 'ભગવાનના' એમ કહેલું છે, તેથી બીજું કાંઈ વિરુદ્ધ સિદ્ધ કરનારું નથી[3]. 'શાખા'[4] શબ્દ હોવાથી, ભગવાનનું ચરણ કલ્પવૃક્ષ છે, કારણ કે મણિનો પ્રભાવ ચિંતન થઈ ન શકે તેવો છે. 'ચંદ્રિકા' શબ્દથી ઘણું તેજ હોવાનું કહેલું છે. આથી[5] એવો વિચાર (જણાવ્યો છે કે ભગવાન ના ચરણે) બ્રહ્માંડ ભેદીને ગંગાનો પ્રવાહ (વહેવરાવેલ તેની) પેઠે અટક્યા વિનાનો આનંદનો પ્રવાહ ઉત્પન્ન કરેલ હોવાથી તાપ થવાનો ભય પણ રહેતો નથી[5]. 'સઃ' એટલે તાપ; કારણ કે સૂર્યનો તાપ દિવસે હોય છે, રાત્રે હોતો નથી. તેવી રીતે ભગવાનથી વિમુખ રહે તેને તાપ થાય. તેમાં પણ ચંદ્ર ઉગેલો હોય ત્યારે ગરમી પણ દૂર થાય છે, તો પછી તાપ ક્યાં રહે ? એવો અર્થ છે. ૫૪.

ફલના આરંભવાળું ભક્તનું લક્ષણ નીચેના શ્લોકમાં કહે છે :

**વિસૃજતિ હૃદયં ન યસ્ય સાક્ષાદ્ધરિરવશાભિહતોઽપ્યઘૌઘનાશઃ ।।**
**પ્રણયરશનયા ધૃતાઙ્ઘ્રિપદ્મઃ સ ભવતિ ભાગવતપ્રધાન ઉક્તઃ ।।૫૫।।**

પાપોના સમૂહોનો નાશ કરનાર હરિ, (તેમનું) ચરણકમલ પ્રેમરૂપ દોરડાંથી પકડી રાખેલું હોવાથી સ્વતંત્ર રીતે સંભાષણ કરેલા હોવા છતાં જેનાં હૃદયનો પોતે જ ત્યાગ કરતા નથી તે ભક્તોમાં મુખ્ય કહેવાએલો છે. ૫૫.

'બોલાવેલા હોય તેમ તરત મારી પાસે (આવે છે)' એવા પ્રકારે ફલ વિષે[1] કહેવું જોઈએ, કારણ કે તેમ ન કહેવામાં આવે તો અનુકલ્પ અડચણો દૂર કરનારો

---

૧. આ વાક્યથી શંકામાં જણાવેલ પહેલો દોષ દૂર કરે છે. 'ઘણા પરાક્રમવાળા' વિશેષણનું તાત્પર્ય વાણી અને મનથી ન જાણી શકાય તેવાં (કર્મો કરનારે) શબ્દથી કહેલું છે. (પ્ર)
૨. આ વાક્યથી શંકામાં જણાવેલ બીજો દોષ દૂર કરે છે. (પ્ર)
૩. આ વાક્યથી શંકામાં જણાવેલ ત્રીજો દોષ દૂર કરે છે. 'બીજું' એટલે બીજું કાંઈ (શાસ્ત્રનું) વચન, (આથી વિરુદ્ધ સિદ્ધ કરનારું નથી), કારણ કે સ્વરૂપ પાસે તે નિર્બલ છે, એવો અર્થ છે. (પ્ર)
૪. અહિંથી આરંભી શંકામાં જણાવેલ ચોથો દોષ દૂર કરે છે.
૫...૫. 'ત્યારે કામ ઉત્પન્ન થશે, એટલે દોષ એવો ને એવો જ રહ્યો' એવી શંકા થાય, તે આ ભાગથી દૂર કરે છે. કામ મનની પીડારૂપ હોવાથી, અહિં તેને જ 'તાપ' કહેલો છે. તેથી દોષ નથી, એવો અર્થ છે. (પ્ર)
૧. 'ફલ વિષે' એટલે અનુકલ્પનાં ફલ વિષે. (પ્ર)
૨. આજ અનુકલ્પનું ફલ ગણાય. એવું વાસ્તવિક રીતે પરિણામ થાય. (પ્ર)

જ[૨] થાય (ગણાય). અંતર્યામીને બાતલ કરવા 'સાક્ષાત્' 'પોતે જ' શબ્દ (યોજેલ છે). 'હરિ' એટલે ઉદ્ધાર કરનાર. (તે) અગ્નિની પેઠે રાખથી ઢંકાએલા નથી, કારણ કે પાપોના સમૂહોનો પહેલાં જ નાશ થઈ ગએલ છે.

'પુષ્ટિમાં રહેનાર ભગવાન્ ભક્તિમાર્ગના વિરોધને લીધે[૩] (તેના હૃદયમાં) કેમ રહે છે?' એવી શંકા થાય, તેથી '(ચરણકમલ) પ્રેમરૂપ (દોરડાંથી પકડી રાખેલું હોવાથી)' એમ કહેલું છે. (પ્રેમરૂપ) દોરડું સાધનભક્તિ સાથે ભળેલું, તેનાથી માથાં ઉપર દોરડાથી કરેલા આધારની પેઠે ચરણ સ્થિર થએલો હોય છે. કમલ તો ઊંચે મુખ રાખી તેવી જ રીતે રહે છે. (એમ થાય) ત્યારે પ્રસિદ્ધ થએલો તે નારદની પેઠે (ભક્તોમાં મુખ્ય) કહેવાએલ થાય, એવો અર્થ છે. એવી રીતે ધર્મમાં ઉપયોગી તરીકે, અને અનુકલ્પમાં ઉપયોગી તરીકે, ફલવાળા (ફલ જેમણે પ્રાપ્ત કરેલ છે તેવા) ભક્તો કહ્યા. ૫૫.

**ઇતિ શ્રીમદ્વલ્લભદીક્ષિતે રચેલી શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં**
**અગીઆરમા સ્કંધનો બીજો અધ્યાય સંપૂર્ણ**

૩. પોતે સ્વતંત્ર હોય તેવા પ્રકારે ભગવાન્ સાથે સંભાષણ કરે, તે ભક્તિમાર્ગથી વિરુદ્ધ હોવાથી, તેથી ભક્તિમાર્ગનો વિરોધ થાય છે એવો અર્થ જણાય છે.

# અધ્યાય ત્રીજો

## માયા અને એને તરવાનો ઉપાય,
## ભગવત્સ્વરૂપ તથા કર્મનો પ્રશ્ન અને ઉત્તર.

**અત્રાધિકારહીનાનાં તૃતીયાધ્યાય ઈર્યતે ।।**
**અનુકલ્પોऽધિકારો વા ચતુર્ભિઃ સંભવિષ્યતિ ।।૧।।**

આમાં[1] અધિકાર ન હોય તેવાઓના અનુકલ્પ અને અધિકાર ત્રીજા અધ્યાયમાં કહેવામાં આવે છે. (તે) ચારથી[2] ઉત્પન્ન થશે. કા.૧.

**દુષ્ટપ્રવાહવિજ્ઞાનં તરણં હેતુભિઃ ક્રમાત્ ।।**
**જ્ઞાનકર્મપરિજ્ઞાને તૃતીયેऽર્થચતુષ્ટયમ્ ।।૨।।**

૧.દુષ્ટ પ્રવાહનું જ્ઞાન ૨.ધીરે ધીરે સાધનોથી પ્રવાહને તરવાનું ૩.જ્ઞાનનો પરિચય અને ૪.ર્મનું જ્ઞાન એ ચાર વિષયો ત્રીજા અધ્યાયમાં કહેલા છે. કા.૨.

**દ્વિપદાં ભોગસંસિદ્ધ્યૈ ચતુષ્પાદો નિરૂપિતાઃ ।।**
**તે સ્થિરાઃ શઙ્કુસન્નદ્ધાઃ સ દ્વિપાદ્ભિઃ સ્થિરીકૃતઃ ।।૩।।**

બે પગોવાળાને ભોગ પ્રાપ્ત થાય તે માટે ચાર પગવાળા નક્કી કરેલા છે. ખીલે બાંધેલા તેઓ સ્થિર રહે છે. તે ખીલો બે પગવાળાઓએ દઢ કરેલો હોય છે[3]. કા.૩.

એવી રીતે સનક વિગેરેના અનુકલ્પરૂપ નવ યોગેશ્વરો ચાર રૂપવાળા[4] છે.

---

૧. ઉપર 'ભાગવતો' (ભક્તો) કહ્યા, તે ભાગવતપણું સંભવતું હોય તેટલું થઈ શકે, ત્યારે સંભવતું હોય તેટલે સુધી મુખ્ય અને તેથી હલકામાર્ગનું અનુકલ્પ થઈ શકે. તે થઈ ન શકે, ત્યારે જે કરવું જોઈએ તે અહિં ક્હે છે. તેથી પ્રયોજન એક છે, અને (ભાગવતપણું) સાધ્ય છે અને અહિં કહેવામાં આવશે તે તેને પ્રાપ્ત કરવાનાં સાધન છે, એવી સંગતિ કહી, એવો અર્થ છે. (પ્ર)

૨. 'ચારથી' એટલે ચાર ઈચ્છેલાં સાધનોથી. આ નીચેની કારિકા(બીજી)માં સ્પષ્ટ કરેલાં છે. (પ્ર)

૩. આ અધ્યાયમાં પૂછેલા પ્રશ્નનો ઉત્તર ચાર યોગેશ્વરોએ આપેલ હોવાનું કારણ આ કારિકાથી કહે છે. (પ્ર)

૪. કારિકા ત્રીજીથી દૃષ્ટાંત કહી, તે ચાલુ પ્રસંગને આ વાક્યથી લાગુ પાડે છે. જેમ ભોગ માટે ચાર પગવાળા છે, તેમ મોક્ષ માટે સનક વિગેરે (ચાર) છે. તેથી જ સનત્કુમાર અને નારદનો વૈદિક સંવાદ, શ્રુતિગીતા (સનંદને કહેલી ૧૦।૮૪।૧૪ થી ૪૧), અને સનત્સુજાતીયે (ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપેલ) છે. બે પગવાળાઓના ખીલાને સ્થાને (તેમને મોક્ષ પ્રાપ્ત

તે ચાર પૈકી પહેલાને પ્રથમ જ[5] જાણવા ઈચ્છેલું[6] માયાનું સ્વરૂપ પૂછે છે, કારણ કે જેને માયાથી મોહ (થએલ) ન હોય, તેને જ ઉપર જણાવેલ અધિકાર હોય છે. (પ્રશ્ન) પૂછીને (પ્રશ્ન અને ઉત્તરની) મધ્યમાં સ્તુતિ (કરેલી છે). તેથી આરંભમાં (નીચેના શ્લોકથી) પ્રશ્ન કરે છેઃ

રાજા(નિમિ) કહે છે :

**પરસ્ય વિષ્ણોરીશસ્ય માયિનામપિ મોહિનીમ્ ।।**
**માયાં વેદિતુમિચ્છામો ભગવન્તો બ્રુવન્તુ નઃ ।।૧।।**

પરમ ઈશ્વર વિષ્ણુની માયાવીઓને પણ મોહ કરનારી માયાને જાણવા અમે ઈચ્છીએ છીએ. આપ (તે) અમને કહો. ૧.

(૧) પ્રકૃતિથી 'પર' એટલે જગતના કર્તા (૨) મોક્ષ આપનાર વિષ્ણુ (૩) બંધન અને મોક્ષ નક્કી કરી, વચ્ચે[7] વશ રાખનાર ઈશ્વરની (માયા છે) તેથી માયા ત્રણ પ્રકારની છે. (૧) (ભગવાનની) સર્વ થવાની શક્તિ માયા (૨) અવિદ્યાને ઉત્પન્ન કરનારી માયા (અને ૩) લોકમાં ઘણો મોહ ઉત્પન્ન કરનારી માયા, આનાથી પણ જૂદી છે. પહેલી(માયા)નું કાર્ય પણ 'માયા' કહેવાય છે, કારણ કે તે 'માયાવીઓને' એટલે અધિકારવાળા પુરુષોને પણ ઘણો મોહ કરાવે છે, કેમ કે વિષયો સર્વને ઘણો મોહ કરાવનારા છે. આ અમોએ ઘણું જ જાણવા ઈચ્છેલું છે, તેથી 'નઃ' 'અમને' એમ કહેલું છે. ૧

(નીચેના શ્લોકમાં યોગેશ્વરો) ઉત્તર આપે તે માટે તેઓની સ્તુતિ કરે છે :

**નાનુતૃપ્યે જુષન્ યુષ્મદ્વચો હરિકથામૃતમ્ ।।**
**સંસારતાપસન્તપ્તો મર્ત્યસ્તત્તાપભેષજમ્ ।।૨।।**

સંસારનાં દુઃખોથી ઘણો દુઃખી થએલો હું મનુષ્ય તે દુઃખનાં ઔષધરૂપ

---

કરાવનાર) આ નવ છે. કારણ કે આ નવ મતને સ્થિર કરનારા છે, અને તેને સ્થિર કરાવનાર જનક છે. તેથી જનકે સ્થાપન કરેલા યોગેશ્વરો સ્થિર થઈ, ચારે તેના મતને સ્થિર કરતાં આ(જનક)ને મોક્ષ પ્રાપ્ત કરાવશે એમ જણાવવા, ચાર રૂપવાળા ગણાય તે માટે તેટલા ઉત્તર આપે છે, એવું કારણ છે, એવો અર્થ છે. (પ્ર)

૫. પ્રશ્ન અને તેના ઉત્તરના ક્રમની સંગતિ આથી કહે છે. (પ્ર)

૬. પહેલાં ભગવાન્ સંબંધી ધર્મો કહેતાં માયા ખોટું જ્ઞાન વિગેરે ઉત્પન્ન કરે છે એમ કહેલું હોવાથી (જાણવા ઈચ્છેલું), તેથી અવસર અથવા પ્રસંગથી પ્રશ્નની સંગતિ થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૭. 'વચ્ચે' એટલે '(૧) બંધ અને મોક્ષ તથા (૨) માયાની વચ્ચે' (પ્ર) (૧) સર્વ થવાની શક્તિ એ ઈશ્વરની માયા (૨) બીજી વિષ્ણુની અને ત્રીજી 'પર'(જગત્ રચનાર)ની, એવો ઉલટો ક્રમ છે.(પ્ર) બંધની અને મોક્ષની વચ્ચે, એવો અર્થ જણાય છે.

હરિની કથાના અમૃતરૂપ આપનું વચન સાંભળતાં ધરાતો નથી. ૨.

'અનુતૃપ્તિઃ' એટલે ધરાવું તે, ઉત્તમ પુરુષોનાં વચનનું સદા શ્રવણ કરવું જોઈએ, તેમાં પણ હરિની કથા(રૂપ વચન), (અને) તે પણ મરણને દૂર કરનારું, અને અમે સંસારનાં દુઃખ મરણના ગુણોથી ઘેરાએલા (રહ્યા). બીજાં દુઃખો બીજાં (સાધનો)થી પણ દૂર થાય, પરંતુ ઉપર જણાવેલા (દુઃખો)ને દૂર કરનાર આ જ ઔષધ છે. ૨.

માયા(નું સ્વરૂપ) જણાવવાનું થયું, ત્યારે પોતે (તેની સાથેના) સંબંધ વિનાના અંતરિક્ષે ઉત્તર આપ્યો.

અંતરિક્ષ કહે છેઃ

**એભિર્ભૂતાનિ ભૂતાત્મા મહાભૂતૈર્મહાભુજઃ ।।**
**સસર્જોચ્ચાવચાન્યાદ્યઃ સ્વમાત્રાત્મપ્રસિદ્ધયે ।।૩।।**

ભૂતાત્મા મોટી ભુજાઓવાળા આદ્યે આ મહાભૂતોથી નાના મોટા પ્રાણીઓને પોતાની માત્રાઓની અને ભગવાનની પ્રસિદ્ધિ થાય તે માટે ઉત્પન્ન કર્યા. ૩.

શાસ્ત્રોમાં અને લોકમાં 'માયા' શબ્દ ઘણા પ્રકારથી યોજાએલો છે. સર્વ[૧] થવાની શક્તિ અને ઘણો મોહ કરનારી શક્તિ[૨], જાદુગરી વિદ્યા[૩] અને કપટ વિગેરે[૪] જુદા જુદા ગુણો દર્શાવવા જુદા જુદા પ્રકારે (તે) શબ્દ યોજાએલ હોય છે[૫]. સમાધિમાં પણ બંને કાર્ય કરનારી એક જ શક્તિ કહેલી છે[૬]. અહિં[૭] તો 'માયા' શબ્દથી પ્રવાહ કહેલ છે, અને તે ભગવાને રચેલો અને ભગવદ્રૂપ હોય છે. વળી બધા વિષયોથી ઘણા મોહ પામેલા હોય છે, તેથી આ વિષયમાં શું યોગ્ય છે ? એવો પ્રશ્ન થાય, તેથી કહીએ છીએ કે :

**માયાશક્તિર્ભગવતો નાત્ર કાર્યા વિચારણા ।।**
**સમાધૌ તુ તથા ભાનાત્ પ્રયોગસ્તુ વિચાર્યતે ।।૪।।**

---

૧. અહિંથી 'માયા' શબ્દનો અર્થ તેના પ્રયોગનો નિર્ણય કરવા માટે કહે છે. 'અસુરની માયાથી શણગારાએલું પતંગીઊં' 'ન ચિંતન થઈ શકે તેવી શક્તિ માયાથી પ્રકટ થએલું' એ ભાષ્યના વાક્યમાં આ અર્થમાં 'માયા' શબ્દ યોજાએલો છે. (પ્ર)

૨. 'પ્રાકૃત બાલક (પોતાની માયાથી) થયા' 'યોગના ઈશ્વરે યોગમાયાથી દિતિના ઉદરમાં પ્રવેશ કર્યો' વિગેરે વાક્યોમાં આ અર્થમાં 'માયા'નો પ્રયોગ થએલો છે. (પ્ર)

૩. 'ઘણા પ્રકારે માયાથી રચતાં' વિગેરેમાં આ અર્થમાં 'માયા'નો પ્રયોગ કરેલો છે. (પ્ર)

૪. 'વિગેરે' શબ્દથી કોશમાં જણાવેલા 'માયા'ના બીજા અર્થો કૃપા, બુદ્ધિ કહેલા છે. (પ્ર)

૫. શાસ્ત્રમાં આ બધા અર્થોમાં 'માયા' શબ્દ યોજવાનું પ્રયોજન આથી કહેલું છે. (પ્ર)

૬. આ બંને અર્થમાં ૧।૭।૪ તથા ૫માં 'માયા' શબ્દ યોજાએલો છે. (પ્ર)

૭. 'અહિં' એટલે (રાજાના) પ્રશ્નમાં (૧૧।૩।૧માં) (પ્ર)

માયા ભગવાનની શક્તિ છે. આ વિષયમાં વિચાર કરવા યોગ્ય નથી કારણ કે સમાધિમાં[૭] તેવું ભાન થએલ છે; પરંતુ (તે શબ્દના) પ્રયોગ સંબંધી વિચાર[૮] કરવામાં આવે છે. કા.૪.

**વિચારે ભગવદ્વાક્યં લક્ષણં કાર્યગોચરમ્ ।।**
**પ્રતીતિશ્ચાપ્રતીતિશ્ચ સાધિષ્ઠાનસ્ય તદ્ધિ હિ ।।૫।।**

વિચારમાં ભગવાનનું વાક્ય લક્ષણ છે[૯]. અધિષ્ઠાન સાથેના (કાર્ય)નું ભાન થવું અથવા ભાન ન થવું એ નિશ્ચય કાર્યમાં જણાતું તે (લક્ષણ) છે. કા.૫.

**સુવર્ણજલવત્ કાર્યે પ્રક્રિયેયં પુરાણગા ।।**
**તયા સહ કૃતિઃક્વાપિચ્છાદનં વા સતોઽપિવા ।।૬।।**

સુવર્ણના જેવાં અને જલના જેવાં બે કાર્યો[૧૦] છે. આ વ્યવસ્થા પુરાણની[૧૧] છે. ૧.કયાંક તેની સાથે રહી કાર્ય[૧૨] અથવા ૨.સત્ પદાર્થને પણ છૂપાવવાનું[૧૩] થાય છે. કા.૬.

**નિઃસ્વરૂપસ્ય કાર્યસ્ય તદ્ધર્માણાં સહૈવ વા ।।**
**સદિવ સ્ફુરણં યસ્માત્ ત્રયં માયેતિ શબ્દ્યતે ।।૭।।**

૩.સ્વરૂપ વિનાનું કાર્ય (એકલું), અથવા તેના ગુણો સાથે જ જેનાથી સત્ (સત્ય કાર્ય) હોય તેવું જણાય, એ ત્રણ 'માયા' કહેવાય છે[૧૪]. કા.૭.

**માર્ગત્રયે હરેઃ સ્ફૂર્તિસ્તતોઽન્યન્માયયા કૃતમ્ ।।**
**પ્રતીતિરપિ મિથ્યેતિ કેચિદ્ ધર્મવિચારકાઃ ।।૮।।**

---

૮. 'વિચાર' એટલે તર્કથી બુદ્ધિમાં ગ્રહણ કરવું તે. (પ્ર)

૯. ભગવદ્ગીતા ૭।૧૪નું ભગવાનનું વચન માયાના સ્વરૂપનું લક્ષણ જણાવે છે. કાર્યનું લક્ષણ ૨।૯।૨૩માં કહેલું છે.

૧૦. એક સુવર્ણના જેવું એટલે વિકાર રહિત કાર્ય છે, બીજું જલના જેવું એટલે પ્રતિબિંબ વિગેરે ઉત્પન્ન કરનારું હોઈ મોહરૂપ કાર્ય છે. એવાં કાર્યો બે છે.(પ્ર)

૧૧. વેદમાં નથી, કારણ કે વેદમાં કયાંય સૃષ્ટિ રચવામાં માયાને કારણ (સાધન) કહેલી નથી, તેવી આ વ્યવસ્થા પુરાણમાંથી લીધેલી છે. (પ્ર)

૧૨. અહિંથી કાર્યનો ઝીણવટથી નિશ્ચય કરે છે, આ કાર્ય ૨।૧૦।૧૩માં જણાવેલ છે, સાધનરૂપ માયાથી આ કાર્ય કરે છે. (પ્ર)

૧૩. આ બીજું કાર્ય કહેલું છે. તેથી છૂપાવવાનું અને જાતજાતનો ગોટાળો કરવો એ તેનું કાર્ય છે. (પ્ર)

૧૪. સાચાના જેવું ખોટું બનાવવું, છૂપાવવું અને ગોટાળા કરવા એ ત્રણ માયાનાં કાર્ય જેનાથી જણાય, તેનું આ કારિકાથી સ્મરણ કરાવે છે. (પ્ર)

ત્રણ માર્ગોમાં[૧૫] હરિનું ભાન થાય છે, તેથી જૂદું કાર્ય માયાથી કરેલું છે[૧૬]. કેટલાક ધર્મનો વિચાર કરનારાઓ એમ કહે છે કે જ્ઞાન પણ ખોટું થાય છે[૧૭]. કા.૮.

**શાસ્ત્રતો નિર્ણયસ્તસ્ય વસ્તુનો માયિકસ્ય ચ ।।**
**જ્ઞાનેડપિ સ્ફુરણં યસ્ય તદ્રૂપં સત્યમુચ્યતે ।।૯।।**

તે (સત્ય) વસ્તુનો અને માયિકનો નિર્ણય શાસ્ત્રથી થાય છે[૧૭]. જ્ઞાન (પ્રાપ્ત) થાય ત્યારે પણ જેનું ભાન થાય તે પદાર્થ સત્ય કહેવાય છે[૧૮]. કા.૯.

**કેવલા લૌકિકી સ્ફૂર્તિસ્તાવન્માત્રશરીરિણી ।।**
**અસ્થિરા મૂલરાહિત્યાત્ સા માયેતિ નિગદ્યતે ।।૧૦।।**

માત્ર લૌકિક ભાન જે તેટલો (થોડો) જ સમય (રહે છે) અને મૂલ વગરનું હોવાથી અસ્થિર છે તે 'માયા' કહેવાય છે[૧૯]. કા.૧૦.

**માત્રપ્રયોગો યત્રાસ્તિ તત્રૈકત્યૈવ રૂપણમ્ ।।**
**ઉભયં તુ હરેઃ કાર્યં દ્વિતીયે કરણં તુ સા ।।૧૧।।**

જ્યાં 'માત્ર' શબ્દ યોજેલો હોય ત્યાં એક જ (કાર્ય) જણાવેલું છે. હરિનાં

---

૧૫. ભગવાને કહેલા જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણ માર્ગોમાં, કાર્યને ભગવાનનો સંબંધ હોવાનું ભાન થાય છે, કારણ કે ભગવાન્ પોતાની માયારૂપ શક્તિથી સર્વ પદાર્થરૂપ થએલા છે એવું ભાન એ માર્ગોમાં થાય છે. (પ્ર)

૧૬. એ ત્રણ માર્ગોથી જૂદું મતાંતરમાં જણાતું કાર્ય જેમ છીપમાં રૂપું દેખાય તેમ માયાથી કરેલું છે, એટલે મિથ્યા છે, એવો અર્થ છે. બંને પ્રકારનાં ભાન માયાથી થતાં કાર્ય છે. (પ્ર)

૧૭. કેટલાક ખોટા પદાર્થનું ભાન થાય છે. અને ખોટું ભાન થાય છે એવા મતવાળા છે. તેમનો મત અહિં કહે છે. ખોટા તર્કથી અને ખોટાં વચનોથી આ મત તેઓ સિદ્ધ કરે છે. તર્કશાસ્ત્રથી વિરુદ્ધ હોવાથી ખોટા છે, અને શાસ્ત્ર વ્યવસ્થાપૂર્વક બંને પ્રકારનાં માયાનાં કાર્યો જણાવતું હોવા છતાં, તેમાં કયાંય લક્ષણા નથી, તેથી તે પ્રમાણ હોવાનું સહેલાઈથી સિદ્ધ થાય છે, તેથી તેમનો મત બરાબર નથી. સત્ય પદાર્થનો અને ખોટા (માયાથી દેખાતા) પદાર્થનો નિર્ણય શાસ્ત્રથી કરવો જોઈએ. ખોટાં વચનોથી નહિ, એવો અર્થ છે. (પ્ર)

૧૮. નવમી કારિકાના ઉત્તરાર્ધ અને દશમી કારિકાથી વ્યવસ્થા જણાવેલી છે. 'સંપૂર્ણ રીતે સ્વરૂપ (પ્રકટ થએલ ન હોવાથી) માત્ર માયા છે' એ બ્રહ્મસૂત્રમાં તથા 'આને માત્ર માયા જાણીને' એ વાક્યમાં જ્યાં 'માત્ર' અથવા 'કેવલ' શબ્દ હોય ત્યાં (ખોટું દર્શાવનારી માયા જાણવી). (પ્ર)

૧૯. (ભગવાન્ માયા સાધનથી જ્યાં સર્વરૂપ થાય છે) તેમાં 'માયા' કરણ (સાધન) છે. જ્યાં (માયાથી ખોટા પદાર્થો જણાય છે) તેમાં માયાને તેવી પ્રેરણા કરાવનાર ભગવાન્ છે. આ પદાર્થ માત્ર માયારૂપ છે પણ જૂદો પદાર્થ નથી, અને તેનાથી મોહ જ થાય છે. બંને કાર્યોમાં કર્તા તો ભગવાન જ છે, પરંતુ સત્ય જગત્ સદ્રૂપ ભગવાનનું પરિણામ છે, એવો ભેદ છે, એવો અર્થ છે. (પ્ર)

તો બંને કાર્ય છે. બીજા (કાર્ય)માં તો તે(માયા) કરણ છે. કા.૧૧.

**દ્વિતીયમાત્રકરણે કાશકૃત્સ્નમતં સ્થિતમ્ ।।૧૧।।.।।**

માત્ર બીજાં(કાર્ય)માં કરણ હોવામાં કાશકૃત્સ્નનો મત અનુકૂલ છે. કા.૧૧।।. તે[૨૦] અહિં (આ શ્લોકથી આરંભી) સાડા ચૌદ શ્લોકથી કહે છે. તે પૈકીના એક આ (શ્લોક)થી સૃષ્ટિ કહે છે.

'આ' એટલે જેમનું ભાન થાય છે[૨૧] તે, એવો અર્થ છે, એટલે આ સૃષ્ટિને તત્ત્વોની જરુર નથી. ભગવાન્ 'મોટી ભુજાઓવાળા[૨૨] હોઈ ગૃહસ્થની પેઠે ઘણા ઉત્સાહથી કાર્ય કરનારા છે. તેથી જ નાના મોટા પ્રાણીઓ રચે છે, એક પ્રકારના રચતા નથી. ભગવાન્ 'આદ્ય'(મૂલરૂપ) હોઈ, જલમાં પહેલાં જ (તેઓમાં) પ્રવેશ કરેલા[૨૩] જેવા હોય છે. અવસ્થા સાથે[૨૪] નાના પોતાની, અને માત્રાઓની અને ભગવાનની એમ ત્રણની પ્રસિદ્ધિ થાય તે માટે, અથવા 'સ્વમાત્રઃ' માત્ર પોતાનું રૂપ જ, જે આ આત્મા છે તેની સ્વપ્નની પેઠે પ્રસિદ્ધિ થાય, બીજી સૃષ્ટિ કરતાં ઘણી જ સિદ્ધિ[૨૫] થાય તે માટે, તેમણે તેઓમાં પ્રવેશ કરેલો છે. ૩.

નીચેના શ્લોકમાં ભોગ (કરવાનું) કહે છેઃ

**એવં સૃષ્ટાનિ ભુતાનિ પ્રવિષ્ટઃ પઞ્ચધાતુભિ ।।**
**એકધા દશધાત્માનં વિભજઞ્જુષતે ગુણાન્ ।।૪।।**

એવી રીતે ઉત્પન્ન કરેલાં ભૂતોમાં પાંચ ધાતુઓથી પ્રવેશ કરીને પોતાના એક તથા દશ પ્રકારે વિભાગ કરતાં વિષયોનો ભોગ કરે છે. ૪.

---

૨૦. 'તે' એટલે માયાના બંને કાર્યો ભેગાં કરીને તે કહે છે, એવો અર્થ છે.(પ્ર)

૨૧. શ્લોકના પહેલા પાદથી માયિક ગોટાળારૂપ કાર્ય કહે છે, બીજા પાદથી સત્ય કાર્ય કહે છે. (પ્ર)

૨૨. 'મોટી ભુજાઓવાળા' વિશેષણથી બીજાં (સત્ય) કાર્યમાં (ભુજાઓ) કરણ હોવાનું કહેલ છે. વળી તે કાર્ય પોતાની જ (જૂદી) અવસ્થારૂપ છે એમ જણાવવા (શ્લોકમાં) 'ભૂતાત્મા' શબ્દ યોજેલો છે. આ વિશેષણ નથી, કારણ કે આને વિશેષણ લઈએ, તો 'આ' શબ્દ નકામો થાય; અને પહેલાંની સૃષ્ટિ અત્યારે દેખાતી ન હોવાથી (તે શબ્દ) ખોટો થાય. તેથી માત્ર જણાતા (સત્ય નહિ) મહાભૂતો માટે જ 'આ' શબ્દ યોજેલો છે. તેથી બંને પ્રકારની સૃષ્ટિ આ શ્લોકમાં કહેલી છે. આવા અભિપ્રાયથી જ 'મોટી ભુજાઓવાળા (આદ્યે)' 'નાના મોટા પ્રાણીઓને' એમ કહેલું છે. (પ્ર)

૨૩. માયિક સૃષ્ટિ કહેલ હોવાનું આથી પણ જણાય છે. 'જલમાં પહેલાં જ પ્રવેશ કરેલા જેવા' એટલે પોઢેલા જ.(પ્ર)

૨૪. અહિં 'અવસ્થા' શબ્દથી 'જીવની અને જડની સ્થિતિ' કહેલી છે. (પ્ર)

૨૫. 'સિદ્ધિ' શબ્દથી અહિં 'પ્રથમ થએલ જ્ઞાન' કહેલું છે. તેથી સત્ય પદાર્થોની ઉત્પત્તિ અને તેઓનો એકબીજામાં પ્રવેશ કહેલા છે. આ બીજી (સત્ય) સૃષ્ટિના સંબંધમાં કહેલું છે. (પ્ર)

પોતાના માટે ઉત્પન્ન કરેલાં 'ભૂતો' એટલે દેહોમાં*, પાંચ મહાભૂતો સાથે પ્રવેશ કરીને, ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવો ન હોવાથી પોતાનાં જ અંતઃકરણ તથા (દશ) ઈન્દ્રિયોના રૂપથી વિભાગ કરી વિષયોનો ભોગ કરે છે, એવો અર્થ છે. ૪.

નીચેના શ્લોકમાં આસક્તિ (થવાનું) કહે છેઃ

**ગુણૈર્ગુણાન્ સ ભુઞ્જાન આત્મપ્રદ્યોતિતૈઃ પ્રભુઃ ।।**
**મન્યમાન ઈદં સૃષ્ટમાત્માનમિહઃ સજ્જતે ।।૫।।**

પોતે પ્રકાશિત કરેલા વિષયોનો ગુણોથી ભોગ કરતાં તે પ્રભુ, આ રચેલાંને પોતે હોવાનું માનતાં આમાં આસક્ત થાય છે. ૫.

પહેલાં તે આસક્તિરહિત હતા[1], ત્યારે પોતે પ્રભુ જ રહી ઈન્દ્રિયોથી વિષયો નો ભોગ કરતા. 'ભોગ થાય, ત્યારે વિષયને પરવશ થવાનું થયું જ' એમ કહો, તો તેમ ન હતું, એમ 'પોતે પ્રકાશિત કરેલા' વિશેષણથી કહેલું છે, અને પ્રકાશિત કરવું એ જ પાલન કરવું[2]. 'ભુઞ્જાનઃ' શબ્દમાંના આત્મનેપદથી ભોગ પણ તેવો[3] હોવાનું જણાવેલ છે[1]. તેથી જ તે પ્રભુ હતા. તેથી જ[4] 'આ' એટલે સર્વ તરફ દેખાતાં જગતને પોતે હોવાનું માનતાં, પોતાની બીજી સ્થિતિ ભૂલી જઈ, આમાં જ આસક્ત થાય છે. ૫.

સ્વતંત્રપણું દૂર થતાં, તેને પ્રવાહ પ્રાપ્ત થવાનો ઉપાય કહે છેઃ

**કર્માણિ કર્મભિઃ કૂર્વન્ સનિમિત્તાનિ દેહભૃત્ ।।**
**તત્તત્કર્મફલં ગૃહણન્ ભ્રમતીહ સુખેતરમ્ ।।૬।।**

કર્મો(ની ઈન્દ્રિયો)થી વાસનાસહિત કર્મો કરતાં, અને જુદાં જુદાં કર્મોનું સુખ તથા દુઃખરૂપ ફલ ગ્રહણ કરતાં દેહવાળો આ સંસારમાં ભમ્યા કરે છે. ૬.

---

* 'મહાભૂતો' શબ્દથી 'પાંચ ધાતુઓ' શબ્દનો અર્થ કરેલો છે. આ તંતુની પેઠે પ્રવેશ જણાવેલ છે, કારણ કે (શ્લોકના) ઉત્તરાર્ધ સાથે તે મળતું થાય છે. તેથી અહિં કાશકૃત્સ્ન મતને દૃઢ કરેલો છે અને આત્મા તરીકે ભોગ કરવાનું કહેલ છે. (પ્ર)

૧...૧. આ ભાગથી સ્વરૂપથી પ્રચ્યુત થયા વિના જ માયિક સૃષ્ટિનો ભોગ કરવાનું જણાવે છે. (પ્ર)

૨. આ વાક્યથી (પહેલાં) આસક્તિ ન હોવાનું દર્શાવે છે, કારણ કે તરત નાશ પામે તેવું હોય તો તે ઘણું પ્રકાશિત કરેલ હોવાનું સંભવે નહિ. તેથી તે લાંબા સમય સુધી ટકે તેવું હોવાનું સિદ્ધ થાય છે, એમ જણાવવા 'પ્રકાશિત કરવું'નો આ અર્થ કહેલ છે. (પ્ર)

૩. 'તેવો' એટલે પ્રતિબિંબ દેખાય છે તેવો, માયિક જેવો (પ્ર) 'તેવો' એટલે પોતા માટેનો વાસ્તવિક, એવો અર્થ જણાય છે, કારણ કે હજી આસક્તિ થઈ પણ નથી.

૪. અહિંથી બંધ થયાનું જણાવવા જૂદી અવસ્થા કહે છે. (પ્ર)

ભોગ તો શાંત થએલા જેવો[1] થાય છે. કર્મોની ઈન્દ્રિયોથી વાસના સહિત કર્મો કરીને, પોતે પણ દેહવાળો પ્રાકૃત જીવ થઈને, કર્મથી ઉત્પન્ન થએલું ફલ મજૂરની પેઠે ગ્રહણ કરતાં, જાતજાતના દુઃખોનો અનુભવ કરતાં આ(સંસાર)માં જ ભમ્યા કરે છે, અને સુખ પ્રાપ્ત કરવું એ ફરી સંસારમાં આવવાનું[2] પ્રયોજન છે. ૬.

નીચેના શ્લોકમાં તેનો પ્રવાહમાં ડૂબેલ રહેવાનો ઉપસંહાર કરે છેઃ

**ઈત્થં કર્મગતીર્ગચ્છન્ બહ્વભદ્રવહાઃ પુમાન્ ।।**
**આભૂતસમ્પ્લવાત્ સર્ગપ્રલયાવશ્નુતેઽવશઃ ।।૭।।**

આવી રીતે ઘણું દુઃખ કરાવનારાં કર્મના ફલ પ્રાપ્ત કરતો પુરુષ મહાભૂતોનો પ્રલય થાય ત્યાં સુધી પરવશ થઈ જન્મ મરણ પામ્યા કરે છે. ૭.

કર્મનાં જુદાં જુદાં ફલ પહેલાં જ* કહેલાં છે. તેઓ દુઃખ જ કરાવનારાં છે એમ પાંચમા સ્કંધમાં કહેલ છે. તેઓનો અંત મહાપ્રલય (સમયે) જ આવે છે, પણ કર્મો પૂર્ણ થતાં નથી. 'સર્ગપ્રલયૌ' એટલે જન્મ મરણ. ૭.

તેનો[1] અંત જણાવવા માટે ત્રણ શ્લોકોથી પ્રલય થવાનું કહે છે. તે પૈકીના એક(નીચેના શ્લોક)થી ભગવાને કરેલો (પ્રલય) કહે છે :

**ધાતૂપપ્લવ આસન્ને વ્યક્તં દ્રવ્યગુણાત્મકમ્ ।।**
**અનાદિનિધનઃ કાલો હ્યવ્યક્તાયાપકર્ષતિ ।।૮।।**

મહાભૂતોના વિનાશનો સમય નજીકમાં હોય ત્યારે, આરંભ અને અંત વિનાનો કાલ, પદાર્થ અને ઈન્દ્રિયરૂપ જોવાતા વિષયને અવ્યક્તમાં ખેંચી લે છે. ૮

બે[2] પરાર્ધ(વર્ષો) પૂરાં થાય ત્યારે[3], અથવા ભગવાનની ઈચ્છાથી[3] મહાભૂતોના વિનાશનો સમય નજીક આવેલ હોય (ત્યારે જોવાતા વિષયને અવ્યક્તમાં ખેંચી લે છે.) 'પદાર્થ અને ઈન્દ્રિયરૂપ' શબ્દથી લૌકિક સિદ્ધાંતથી પ્રાપ્ત થએલા પદાર્થો[4] કહેલા છે. તે કાલ મનોવૃત્તિ જાણતો નથી એમ જણાવવા,

---

૧. 'શાંત થએલા જેવો' એટલે બંધ થએલા જેવો. (પ્ર)
૨. ફરી (સંસારમાં) આવવાનું એટલે ફરી દેહ ગ્રહણ કરવાનું (પ્ર)
* 'પહેલાં' એટલે ત્રીજા અને પાંચમા (સ્કંધ)માં, એવો અર્થ છે. (પ્ર)
૧. 'તેનો' એટલે કર્મનાં ફલ પામવાનો. (પ્ર)
૨. સૃષ્ટિ પેઠે પ્રલય પણ બે પ્રકારનો છે એમ જણાવવા નાશ અને ફરી (એકબીજામાં) પ્રવેશ અને તે બંનેના પ્રતિયોગી અને તેમનો સમય કહેલ છે. (પ્ર)
૩. આ ફરી (એક બીજામાં તત્ત્વોએ) પ્રવેશ કરવાનો સમય કહેલો છે, અને બીજા (ભગવાનની ઈચ્છા)થી બીજાનો (નાશનો) કાલ કહેલો છે. (પ્ર)
૪. જે પદાર્થોનો નાશ થાય છે તે પદાર્થો આથી કહેલા છે. આમ હોવાથી શ્લોકમાં 'વ્યક્તં' 'જોવાતા

તેને 'આરંભ અને અંત વિનાનો' કહેલ છે. જગતનો તિરોભાવ કરવાની ક્રિયા થાય છે[૫], એવો અર્થ છે. ૮.

ચાર શ્લોકોથી કાર્યના પ્રલયનો પ્રકાર કહે છે. વ્યક્તિઓનો નાશ (નીચેના શ્લોકથી), પછીના બે (શ્લોકો)થી સમૂહને બાળવાનું અને ડૂબાડવાનું (અને) પછી (ના શ્લોકથી) પુરુષ જતા રહેવાનું એમ (કહેલ છે):

**શતં વર્ષાણ્યનાવૃષ્ટિર્ભવિષ્યત્યુલ્બણા ભુવિ ।।**
**તત્કાલોપચિતોષ્ણોર્કો લોકાંસ્ત્રીન્ પ્રતપિષ્યતિ ।।૯।।**

ભૂમિ ઉપર એકસો વર્ષો સુધી ભયંકર અનાવૃષ્ટિ થશે. તે સમયમાં બલવાન થએલો ઉષ્ણ સૂર્ય ત્રણ લોકને તપાવશે. ૯.

વરસાદનો અભાવ* પણ જગતનો નાશ કરનારો હોવાથી 'ભયંકર' એમ કહેલું છે. બલવાન થએલો અને તે ઉષ્ણ (એવો કર્મધારય સમાસ છે). ૯.

(નીચેના શ્લોકમાં) બાળવાનું કહે છે :

**પાતાલતલમારભ્ય સઙ્કર્ષણમુખાનલઃ ।।**
**દહન્નૂર્ધ્વશિખો વિષ્વગ્વર્ધતે વાયુનેરિતઃ ।।૧૦।।**

સંકર્ષણના મુખનો અગ્નિ ઊંચી જ્વાલાવાળો થઈ પાતાલના તલથી આરંભી બાળતો, વાયુથી પ્રેરાઈ સર્વ તરફ વધે છે. ૧૦.

ઉપર (કહેલાં) એકસો વર્ષમાં જ આ(અગ્નિ)નો પ્રવેશ છે.૧૦.

(નીચેના શ્લોકમાં) ડૂબાડવાનું કહે છે :

**સંવર્તકો મેઘગણો વર્ષતિ સ્મ શતં સમાઃ ।।**
**ધારાભિર્હસ્તિહસ્તાભિર્લીયતે સલિલે વિરાટ્ ।।૧૧।।**

સંવર્તક મેઘોનો સમૂહ હાથીની સૂંઢ જેવી ધારાઓથી એકસો વર્ષ સુધી વરસે છે. (અને) વિશ્વ જલમાં ડૂબી જાય છે.૧૧.

મેઘો આધિદૈવિક કાલના આધ્યાત્મિક સ્વરૂપો છે[૧]. બળેલાં છાણના પિંડા ની પેઠે[૨] વિશ્વ ડૂબે છે. ૧૧.

---

વિષય' શબ્દથી જે પદાર્થોનો બીજા તત્ત્વોમાં ફરી પ્રવેશ થવાનો છે તે કહેલા છે. અવ્યક્તના પરિણામરૂપ (વ્યક્ત)કાર્યને અવ્યક્તમાં ખેંચી લે છે, એમ ફરી પ્રવેશ થવાનું કહેલ છે. (પ્ર)

૫. ભગવાને કહેલ પ્રલય જણાવવા, આ વાક્યથી કાલનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. (પ્ર)

* 'અભાવ' એટલે વરસાદનો અભાવ.(પ્ર)

૧. સૂર્ય (કાલનું) આધિભૌતિક સ્વરૂપ હોવાનું નિબંધમાં કહેલું છે તેનું આ વાક્યથી સ્મરણ થાય છે. (પ્ર)

૨. આથી ૧૨।૪।૧૧માં કહેલ પ્રલયનું સ્મરણ કરાવેલું છે, અને વિશ્વના અવયવો છૂટી પડી

(નીચેના શ્લોકમાં) તેમાંથી પુરુષ નીકળી જવાનું કહે છેઃ

**તતો વિરાજમુત્સૃજ્ય વૈરાજઃ પુરુષો નૃપ ! ।।**
**અવ્યક્તં વિશતે સૂક્ષ્મં નિરિન્ધન ઈવાનલઃ ।।૧૨।।**

હે નૃપ! પછી વિરાટ્ પુરુષ વિશ્વનો ત્યાગ કરી, બળતણ વિનાના અગ્નિની પેઠે અવ્યક્તમાં પ્રવેશ કરે છે. ૧૨.

પુરુષ અધિકારવાળો છે એમ જણાવવા, (તેનો) અવ્યક્તમાં લય થવાનું કહેલું છે. આ પણ (પ્રલયનો) એક પ્રકાર છે, પરંતુ આ જ (પ્રકાર છે) એમ નથી. ૧૨.

(નીચેના શ્લોકથી આરંભી) અઢી (શ્લોકો)થી મહાભૂતોનો પ્રલય થવાનું કહે છેઃ

**વાયુના હૃતગન્ધા ભૂઃ સલિલત્વાય કલ્પતે ।।**
**સલિલં તદ્ધૃતરસં જ્યોતિષ્ટ્વાયોપકલ્પતે ।।૧૩।।**

વાયુથી હરાએલ ગંધવાળી ભૂમિ જલ બની જાય છે. જેનો રસ હરાએલો છે તેવું તે જલ તેજ બની જાય છે.૧૩.

(ભૂમિનો બીજાથી તેને) જૂદી પાડી ઓળખાવનારો ગુણ ગંધ છે, અને વાયુ તેને હરી લે છે એ પ્રસિદ્ધ[1] છે. (હરનાર) ન કહેલ હોય ત્યાં પ્રલય કરનાર કાલ જ (હરનાર જાણવો).[2] ૧૩.

**હૃતરૂપં તુ તમસા વાયૌ જ્યોતિઃ પ્રલીયતે ।।**
**હૃતસ્પર્શોઽવકાશેન વાયુર્નભસિ લીયતે ।।૧૪।।**
**કાલાત્મના હૃતગુણં નભ આત્મનિ લીયતે ।।૧૪।।.।।**

---

જવાનું સુચવેલ છે.(પ્ર)

૧. 'દૂરથી ગંધ આવે છે' એ શ્રુતિ પ્રમાણે દરેક સમયે પવન આવે ત્યારે ગંધનો અનુભવ થતો હોવાથી પ્રસિદ્ધ છે, એવો અર્થ છે. તે (ગંધ) જાય ત્યારે ચાર ગુણવાળા જલથી (પૃથ્વી) જૂદી જણાતી નથી, પરંતુ તે જલ જ હોવાનું જણાય છે. એ પ્રમાણે આગળ (બીજાં મહાભૂતોના સંબંધમાં) પણ જાણવું. આથી એમ પણ જણાવેલ છે કે (ભૂમિનું) શ્યામરૂપ પણ તેને જૂદી ઓળખાવનારું રહેતું નથી, કારણ કે આકાશનું પ્રતિબિંબ પડવાથી પણ તેવું રૂપ થવાનું સંભવે છે. (પ્ર)

૨. રસ હરણ કરનાર જણાતું નથી, અને સમય જતાં તે જતો રહેલ હોવાનું ભાન થાય છે, તેથી શ્લોકમાં 'તત્' શબ્દ છે તે કાલ છૂટો રહેલ હોવા છતાં તેને માટે જ યોજાએલ છે, એવા અભિપ્રાયથી આ વાક્ય કહેલું છે. (પ્ર). 'તત્' શબ્દથી કાલ કહેલ હોય તેવું જણાતું નથી, કારણ કે તેમ હોય તો હરનાર ન કહેલ હોય ત્યાં કાલને હરનાર જાણવો એમ ન કહેત. 'તત્' શબ્દ જલ માટે જ યોજાએલો હોવાનું જણાવાથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

જેનું રૂપ અંધકારે હરેલું છે તેવા તેજનો વાયુમાં લય થાય છે. જેનો સ્પર્શ અવકાશે હરેલો છે તેવા વાયુનો આકાશમાં લય થાય છે. જેનો ગુણ કાલરૂપે હરેલો છે તેવાં આકાશનો અહંકારમાં લય થાય છે. ૧૪ાા.

અંધકાર તમોગુણનું તામસ રૂપ છે. અહિં (તમોગુણનું) આધિદૈવિક રૂપ કહેલું છે[1]. જેમાં કાર્ય રહેલ ન હોય તેવા[2] દેશ અને કાલ 'અવકાશ' શબ્દથી કહેલા છે. તે પૈકી દેશ સ્પર્શનો નાશ (કરે છે), કારણ કે લોકમાં પણ દેશના અંતરથી સ્પર્શ થાય છે અને 'કાલરૂપે' એમ આગળ કહેવાનું છે. 'કાલરૂપે' એટલે (કાલના) અવકાશે, કારણ કે કાલથી શબ્દનો નાશ થાય[3] છે. ૧૪ાા.

બાકીનાનો લય (નીચેના શ્લોકમાં) કહે છે :

**ઇન્દ્રિયાણિ મનો બુદ્ધિઃ સહ વૈકારિકૈર્નૃપ ! ।।**
**પ્રવિશન્તિ હ્યહંકારં સ્વગુણૈરહમાત્મનિ ।।૧૫।।**

હે નૃપ! ઇન્દ્રિયો મન (અને) બુદ્ધિ પોતાના રાજસ ગુણો સાથે અહંકારમાં પ્રવેશ કરે છે. અહંકાર આત્મામાં (પ્રવેશ કરે છે). ૧૫ાા.

'આત્મામાં' એટલે જીવમાં. આ પ્રકૃતિનો પ્રલય નથી[1], પણ માત્ર માયાએ કરેલો પ્રલય છે[2]. માયાનું બલ હોય ત્યારે આ (પ્રવાહ) ઘણા પદાર્થોવાળો થાય છે[3]. બીજા પ્રસંગે પણ કોઈ વાર વિભાગથી પણ માયા શબ્દનો પ્રયોગ થાય

---

૧. 'જેવો પ્રકાશ તેવો અંધકાર' એ વાક્યથી અંધકાર માયિક હોવાનું સિદ્ધ હોવાથી તેનાથી રૂપ ઢાંકી જ દેવાય, પરંતુ હરી ન શકાય. તેથી આ (અંધકાર) સત્ય છે એમ જણાવવા આ વાક્ય કહેલું છે. તેથી જે નયનને ઢાંકી દેનાર (અંધકાર) છે, તે જ તેના પ્રતિબિંબરૂપ આધિભૌતિક (અંધકાર) છે એવો ભાવ છે. (પ્ર)

૨. કાલના અર્થમાં 'અવકાશ' શબ્દ યોજાય છે, એ લોકમાં પ્રસિદ્ધ છે, જેમ કે 'આજે મધ્યાહ્ને અવકાશ હશે' 'પરમ દિવસે કામ ઘણું હોવાથી અવકાશ રહ્યો ન હતો'.(પ્ર)

૩. તાલ વિગેરે વગાડવાની ક્રિયા ત્રણ ક્ષણ સુધી રહેનારી હોવા છતાં, તેનાથી ઉત્પન્ન થએલા શબ્દનો રણકાર વાયુ દૂર લઈ જાય છે, અને તે ઘણા સમય પછી બંધ પડે છે, તેનું બીજું કાંઈ કારણ જોવામાં આવતું ન હોવાથી, અને બીજી કલ્પના કરવી નકામી હોવાથી, કાલ જ (શબ્દનો) નાશ કરનારો છે. વળી નિત્ય પ્રલયમાં તે નાશ કરનારો છે એ વિષયમાં સર્વ તંત્રો સંમત હોવાથી, શબ્દનો નાશ કરનારો તે જ છે, એવો અર્થ છે.

૧. (આ પ્રકૃતિનો પ્રલય નથી), કારણ કે અહંકાર સુધી જ (તેનાં) બલનું કાર્ય હોવાનું કહેલું છે, અને પુરુષની અને અવ્યક્તની શક્તિનો નાશ થવાનું કહેલું નથી. (પ્ર)

૨. (આ માયાએ કરેલો પ્રલય કહેલો છે), કારણ કે 'સૃષ્ટિ સ્થિતિ અને નાશ કરાવનારી આ ભગવાનની માયા છે' એમ અંતે આવતા શ્લોકમાં કહે છે. (પ્ર)

૩. ''અહિં પ્રવાહ કહેવાનો આરંભ કરેલો તેથી અંતે પણ 'આ તે જ પ્રવાહ છે' એમ કહેવું

છે, જેમ કે જાદુગરીમાં[૪], કારણ કે તે મંત્રોમાં રહેલી છે. અવયવોમાં (માયા) રહેલી હોય ત્યારે થોડા પદાર્થોવાળી હોય છે[૫] (૧) ઘણો મોહ કરાવવો. (૨) પદાર્થો (ઉત્પન્ન કરવા), (અને તેઓનો) (૩) અનુભવ (કરાવવો) એવું આનું મુખ્ય કાર્ય છે[૬]. (તે) ત્રણ (થવાનું) અહિં સંભવતું હોવાથી, સંપૂર્ણ (માયા) કહી. ૧૫।।

(નીચેના શ્લોકથી) ઉપસંહાર કરે છેઃ

**એષા માયા ભગવતઃ સર્ગસ્થિત્યન્તકારિણી ।।૧૬।।**
**ત્રિવર્ણા વર્ણિતાઽસ્માભિઃ કિં ભૂયઃ શ્રોતુમિચ્છસિ ।।૧૬।।**

સૃષ્ટિ, સ્થિતિ અને નાશ કરનારી ભગવાનની ત્રણ ગુણવાળી આ માયાનું અમે વર્ણન કર્યું. ફરી તું શું શ્રવણ કરવા ઈચ્છે છે ? ૧૬।।

કારણ કે સ્વરૂપથી[૧] તે શક્તિ જણાવી શકાય તેવી નથી. આકૃતિથી (તે) સ્ત્રીરૂપ છે. ભગવાન્ પુરુષરૂપ હોવાથી, તેમનાં અતિશય સૌંદર્યથી (સ્ત્રીઓ) મુગ્ધ થતી હોવાથી મૂલમાં[૨] સ્વાભાવિક દોષ નથી.

**શ્રીરૂપત્વાદ્ધૃતં રૂપમાકૃતિઃ સ્ત્રી નિગદ્યતે ।।૧૨।।**
**સ્વભોગાય તથા દૈત્યમોહાય ચ સદા હિ સા ।।૧૨।।**

લક્ષ્મીરૂપ[૩] હોવાથી તેણે રૂપ ધારણ કરેલું છે, આકૃતિ સ્ત્રી[૩] કહેવાય છે.

---

જોઈએ, પરંતુ માયા હોવાનું કહેવું ન જોઈએ. પ્રવાહ કરે છે એમ કહો તો, (આગલા શ્લોકમાં) નારીજાતિ નો પ્રયોગ હોવાથી વિરોધ થાય છે. તેથી બંને બાજુથી સપડાયા છો'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. માયાનું બલ જણાવવાનું હોવાથી 'માયા' શબ્દના જેમ ઘણા અર્થો હોવાનું કહેવા ઈચ્છેલું, તેમ કોઈવાર તે એક એક પદાર્થ થાય છે અને કોઈ વાર સમૂહરૂપ થાય છે એવો અર્થ છે. (પ્ર)

૪. જાદુગરીમાં 'માયા' શબ્દ તેનાથી ઉત્પન્ન થએલા પદાર્થોને જ લાગુ પડે છે, પણ મંત્રોને લાગુ પડતો નથી; તેથી તેમ (કોઈક વાર વિભાગથી એ શબ્દનો પ્રયોગ) થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૫. એ પ્રમાણે માયા ઘણા પદાર્થોવાળી હોવાનું સિદ્ધ થવા છતાં, થોડા પદાર્થના સંબંધમાં તે કહેવાનું કારણ આ વાક્યથી કહે છે. (પ્ર)

૬. મોહના અંગરૂપ દેશ, કાલ, દ્રવ્ય (કાર્યનો) કર્તા અને મંત્રોના વિષે આનો સંકોચ નથી, તેથી આ શબ્દ ઘણા પદાર્થો માટે વપરાય છે એમ જણાવવા આ વાક્ય કહેલું છે.(પ્ર)

૧. આ માયાનાં કાર્ય જણાવી તેનું નિરૂપણ કર્યું, પરંતુ સ્વરૂપથી નિરૂપણ કર્યું નહિ, તેનું કારણ આ વાક્યથી કહે છે. (પ્ર)

૨. મૂલ એટલે શાસ્ત્રનાં મૂલ વચન, એવો અર્થ જણાય છે.

૩-૩-૩. મૂલશક્તિસ્વરૂપ માયાની આકૃતિનાં સ્વરૂપ સંબંધી આ વાક્યમાં નિર્ણય કરે છે. 'સ્ત્રી' આનંદરૂપ છે. 'તે' એટલે માયા, તેથી જુદાં જુદાં પ્રયોજનથી તે તેવી થાય છે. એવો અર્થ છે. (પ્ર)

કારણ કે તે[૩] સદા પોતાના ભોગ માટે અને દૈત્યોને મોહ કરવા માટે ઉપયોગી છે. કા.૧૨ાા.

**પ્રભુસેવકરીત્યા હિ ભક્તિમાર્ગે નિરૂપણમ્ ।।૧૩ ।।**
**શ્રુતીનામન્યથારીતિર્ન દૂષણમિહાણ્વપિ ।।૧૩ાા.।।**

પ્રભુના સેવકના પ્રકારથી ભક્તિમાર્ગમાં તે જણાવવામાં આવે છે[૪]. શ્રુતિઓ નો જૂદો પ્રકાર છે[૫]. આમાં જરાએ દોષ નથી. કા.૧૩ાા.

**બીજસંસ્કારકૃપયા નાન્યોન્યાશ્રયણં મતમ્ ।।૧૪।।**
**સર્વે માર્ગા વિલીયેરન્ સા ચેત્ તત્ર તથા ન હિ ।।૧૪ાા.।।**

બીજના સંસ્કારરૂપ કૃપાને લીધે અન્યોન્ય આશ્રય થતો નથી[૬] એવો મત છે. જો તે ત્યાં (જીવમાં) તેવી ન હોય તો સર્વ માર્ગોનો નિશ્ચય નાશ થાય. ૧૪ાા.

**અંશપક્ષે ન દોષોઽસ્તિ હ્યવસ્થાયાં તુ સા રતિઃ ।।૧૫।।**
**મર્યાદાપુષ્ટિમાર્ગેણ મુક્ત્યર્થં નિન્દ્યતે પરમ્ ।।૧૫ાા.।।**

અંશના મત પ્રમાણે દોષ (રહેતો) નથી[૭]. અવસ્થામાં તો તે રતિરૂપ છે[૮].

---

૪. એ પ્રમાણે પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ પ્રમાણે માયાનું સ્વરૂપ કહીને આ વાક્યથી પુષ્ટિમાર્ગ પ્રમાણે તેનું સ્વરૂપ કહે છે. તેથી જ ૧૦।૨૬।૧, ૩૭ વિગેરે વાક્યો ઘટે છે. (પ્ર)

૫. ''એમ હોય તો મર્યાદા અને પુષ્ટિમાર્ગમાં તે નડતરરૂપ ન હોય, અને તેથી શ્રુતિઓનો વિરોધ ન રહેવાથી 'અજા (માયા)નો નાશ કરો' ૧૦।૮૪।૧૪ એ શ્રુતિઓની પ્રાર્થના ખોટી ઠરે'' એવી શંકા થાય તેથી આ કહેલ છે. શ્રુતિઓ (ભગવાનનું સ્વરૂપ) જણાવવાના અધિકારવાળી છે, આ (માયા) મોહ કરાવી (તે ન જાણવા દે તેમ કરવાના) અધિકારવાળી છે. એ પ્રમાણે બંનેના કાર્ય વિરુદ્ધ હોવાથી શોક પ્રમાણે તેવી પ્રાર્થના કરી છે. (બંને) પ્રભુની આજ્ઞાનું પાલન કરતી હોવાથી દોષ નથી. (પ્ર)

૬. 'માયા, મર્યાદા અને પુષ્ટિને અનુકૂલ હોવાનું યોગ્ય નથી, કારણ કે તે મોહ કરાવનારી છે અને તેવી હોઈ શરણ જવાનું અને શાંતિ થવા દે નહિ. તેને તરી ન જાય ત્યાં સુધી મોહ બલવાન થતો જાય. વળી (ભગવાનની) કૃપાથી પણ કાર્ય સિદ્ધ નહિ થાય, કારણ કે લોકના નિયમ પ્રમાણે કૃપા સાધનોથી પ્રાપ્ત થાય, અને માયાને વશ હોય તેઓ સાધન કરી શકે નહિ. તેઓ સાધન કરી શકે તે માટે કૃપા પહેલાં હોવી જોઈએ, એટલે (કૃપા હોય તો શરણ જવાનાં સાધનો થઈ શકે, સાધનોથી માયા દૂર થાય, અને ભગવાનની કૃપા થાય એમ) એક બીજા ઉપર આશ્રય રાખવાનું થાય' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. તે કૃપા જો જીવ ઉપર હોય તો તે બીજના સંસ્કારરૂપ હોય છે. તેથી નિશ્ચય અન્યોન્ય આશ્રય થતો નથી. (પ્ર)

૭. 'કૃપા ભલે જીવમાં બીજનાં સંસ્કારરૂપ હોય, છતાં કૃપા માયાને કામે લગાડે છે કે તેનો નાશ કરે છે ? જો કામે લગાડતી હોય તો ૧૦।૮૪।૧૪માં માયાનો નાશ કરવાની પ્રાર્થના છે તે અયોગ્ય ગણાય. જો નાશ કરતી હોય તો ભગવાને યોગમાયાનો આશ્રય કર્યા એમ ૧૦।૨૬।૧માં કહેલ છે તે અયોગ્ય ગણાય.' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે. વ્યવસ્થા પ્રમાણે કૃપા બંને કાર્ય કરે છે. માયાને અંશથી કામે પણ લગાડે છે અને અંશથી તેનો

પરંતુ મર્યાદા અને પુષ્ટિમાર્ગ પ્રમાણે મુક્તિ થાય તે માટે તેની નિંદા કરવામાં આવેલી છે[૯]. કા.૧૫ાા.

**અતસ્તદ્વિષયોલ્લંઘઃ પ્રષ્ટવ્યશ્ચેત્ તદુચ્યતે ।।૧૬।।**

તેથી તેના વિષયોનું ઉલ્લંઘન કરવું જોઈએ. તે પૂછવું હોય તો કહેશું. કા.૧૬

તેથી 'ફરી તું શું શ્રવણ કરવા ઇચ્છે છે?' એમ કહેલું છે. ૧૬ાા.

નીચેના શ્લોકમાં માયાના વિષયોનાં ઉલ્લંઘન સંબંધી પ્રશ્ન જ કહે છે :

રાજા(નિમિ) કહે છેઃ

**યથૈતામૈશ્વરીં માયાં દુસ્તરામકૃતાત્મભિઃ ।।**
**તરન્ત્યઞ્જઃ સ્થૂલધિયો મહર્ષ ઈદમુચ્યતામ્ ।।૧૭।।**

હે મહર્ષિ ! જેમણે અંતઃકરણ વશ કરેલ નથી તેવાઓથી તરી ન શકાય તેવી આ ઈશ્વરની માયાને જે પ્રકારે સ્થૂલ બુદ્ધિવાળાઓ સહેલાઈથી તરે, આ (ઉપાય) કહો. ૧૭.

'પૂછ્યા વિના કોઈને કહેવું નહિ' એવો (સિદ્ધાંત) હોવાથી પ્રશ્ન કરે છે. (માયા) સમુદ્રના કિનારા સુધી ઝડપથી દોડનારી[૧] હોવાથી 'જેમણે અંતઃકરણ વશ કરેલ નથી તેવાઓથી (તરી ન શકાય તેવી)' એમ કહેલું છે. 'સ્થૂલ બુદ્ધિવાળાઓ' શબ્દથી એમ કહેલું છે કે 'મને જ જે શરણ આવે છે' (ભ.ગી.૭।૧૪) એ (ઉપાય) પણ થઈ શકતો નથી. મહર્ષિ અલૌકિક તાપ દૂર કરનાર છે. દરેક પુરુષ માટેના

---

નાશ પણ કરે છે. આ પ્રમાણે સર્વ વચનોનો મેળ બેસે છે. તેથી દોષ નથી. (પ્ર)

૮. તેથી પુષ્ટિમાર્ગમાં ભક્તોની સાત્ત્વિક, રાજસ અથવા તામસ અવસ્થામાં તેમના અધિકાર પ્રમાણે તે ગાઢ સ્નેહરૂપ થાય છે, તેથી મર્યાદા અથવા પુષ્ટિમાર્ગમાં સર્વ વચનો બંધ બેસતાં હોવાથી ક્યાંય પણ દોષ નથી. (પ્ર)

૯. છતાં ભગવાન્ ગુણાતીત હોવાથી, માયા વિષયોમાં આસક્તિ ઉત્પન્ન કરી તેમની સાથે સાયુજ્ય થવામાં વિઘ્ન પણ કરે છે, તેથી તેની નિંદા પણ કરેલી છે. તેથી માયાના પદાર્થોનું ઉલ્લંઘન જરુરી છે. તેનો પ્રકાર પૂછવો હોય તો કહેશું, એવો અર્થ છે. આ વિષયમાં નીચે પ્રમાણે જાણવું. 'રતિ' એટલે આનંદશક્તિ. સૃષ્ટિ બે પ્રકારની છે, પોતાને માટે રચેલી અને બીજાને માટે રચેલી. આમ હોવાથી સર્વ રસના ભોક્તા (ભગવાન્) જાતજાતના રસ ભોગવે તે માટે જે તામસ વિગેરે અવસ્થાઓ તેમણે કરેલી તે પણ રતિથી ભરપૂર હોવાથી, અંતર્યામીના ધોરણ પ્રમાણે ભગવાનથી ભરપૂર હોઈ, અગ્નિ અને (તપેલા) લોઢાના ગોળાની પેઠે ભગવદ્રૂપ જ છે. તેથી જ શ્રીમદ્વિઠ્ઠલ પ્રભુએ ભક્તિનાં ભાવોને ભગવદ્રૂપ કહેલા છે અને આચાર્યશ્રીએ પોતે ઉપદેશ કરેલા માર્ગને નિર્ગુણ કહેલો છે. તેથી જરાએ શંકાને અવકાશ નથી. (પ્ર)

૧. (માયાનું આ વિશેષણ) ૬।૫।૧૬માં જણાવેલું છે. (પ્ર)

ઉપાય નું જ્ઞાન હોવાથી એક જ નિશ્ચિત કરેલો એક ઉપાય કહેશે, તેથી (હે મહર્ષિ ! શબ્દમાં) એકવચન (યોજેલું છે). 'સ્થૂલ બુદ્ધિવાળા' એટલે જ્ઞાન અને ભક્તિ વિનાના બહિર્મુખો, એવો અર્થ છે. તે સંબંધમાં સ્થૂલ બુદ્ધિવાળાઓ (માયા) તરે એવો ઉપાય કહો. 'મને જ જે શરણ આવે છે' વાક્યમાંના 'જ' શબ્દથી બધાં (સાધનો) ઉપાય ન હોવાનું જણાય છે. સ્થૂલબુદ્ધિ રાખીને જ ઉપાય (કરે તેવો) કહો, એવો આગ્રહ નથી, પરંતુ સ્થૂલ બુદ્ધિવાળાઓ જે પ્રકારે તરી જાય તેવો ઉપાય કહો. ૧૭.

તે સંબંધમાં નારાયણમાં ચિત્ત રાખવું એ જ ઉપાય છે. તે[૧] ભક્તિથી થાય, અને તે (ભક્ત) ભગવાન્ સંબંધીનાં શાસ્ત્રમાં સાધન તરીકે જણાવેલા ભગવદ્ધર્મો થી થાય. વળી તે (ધર્મો) ગુરુની સેવાથી થાય, અને તે (સેવા) ગુરુને શરણ ગએલાથી થાય; અને તે શરણ જવાનું 'તેની પાસેથી તત્ત્વ ગ્રહણ કરવા માટે (આસક્તિ) ન રાખવી' એ વચન પ્રમાણે આ લોકનાં અને પરલોકનાં ફલનાં ભોગમાં વૈરાગ્ય (રાખ્યા) વિના થતું નથી. તે પૈકી આ લોકના પદાર્થોમાં વૈરાગ્ય, સ્ત્રી અને ધનના વિભાગથી (રાખવાનો છે). તે સંબંધમાં લૌકિક કર્મો અને સ્ત્રીનો ત્યાગ કર' એમ કહેવામાં આવતાં (કોઈ) તજતું નથી. કારણ કે અનુભવ સર્વથી બલવાન છે. (નીચેના શ્લોકમાં) અનુભવ જ કહે છે:

પ્રબુદ્ધ કહે છે:

**કર્માણ્યારભમાણાનાં દુઃખહત્યૈ સુખાય ચ ।।**
**પશ્યેત્ પાકવિપર્યાસં મિથુનીચારિણાં નૃણામ્ ।।૧૮।।**

દુઃખનો નાશ કરવા અને સુખ પ્રાપ્ત કરવા જોડકાં થઈ આચરણ કરનાર મનુષ્યોને વિરુદ્ધ ફલ મળે છે તે જોવું જોઈએ. ૧૮.

'મનુષ્યોને' એટલે લૌકિક મનુષ્યોને. 'જોડકાં થઈ આચરણ કરનાર' વિશેષણથી (તેઓનો તેમાં) આગ્રહ (કહેલો છે) આરંભમાં 'આ આત્માનું સ્વરૂપ સુખ છે' એ નિયમ પ્રમાણે કર્મનો આરંભ કરતાં જ વિપરીત (કાર્ય) થાય છે. 'કર્મો' શબ્દ બહુવચનમાં (યોજેલ) હોવાથી વારંવાર કર્મનો આરંભ (કરે છે એમ કહેલ છે). કર્મથી દુઃખ થાય છે એવો અનુભવ થાય છે, ફલ પ્રાપ્ત ન થાય ત્યારે (તેવો અનુભવ) સારી રીતે થાય છે. વારંવાર (કર્મનો) આરંભ થતાં ઈચ્છેલા સુખનો સમય પણ જતો રહે છે. કોઈક વાર[૨] વિરુદ્ધ (ફલ) ન થાય તો પણ વિરુદ્ધ

૧. 'તે' એટલે નારાયણમાં ચિત્ત રાખવું તે. (પ્ર)

૨. 'કોઈક વાર' એટલે જ્યાં વારંવાર કર્મનો આરંભ થતો ન હોય ત્યાં (પ્ર) વારંવાર કર્મનો આરંભ

(ફલ થયાનું) જ જોવું જોઈએ.

**ઉપક્રમાનુરોધેન સ્વયં ચાપિ તથાવિધઃ ।।**
**સ્વસ્યાબાધકતા વાચ્યા પરસ્ત્વધ્રુવ એવ હિ ।।૧૭।।**

વળી પ્રારંભને અનુસાર રાજા પોતે પણ તેવો જ[૩] છે. તેને પોતાને માયા ન નડવાનું કહેવું જોઈએ[૪]. કારણ કે બીજો તો અચોક્કસ જ છે. કા.૧૭.

**પ્રવાહાત્તુ પૃથગ્ જ્ઞાનં પ્રતિકર્મવ્યવસ્થિતિઃ ।।**
**શાસ્ત્રતઃ સર્વનિર્ધારો યસ્ય તસ્યેદમુચ્યતે ।।૧૮।।**

જ્ઞાન તો પ્રવાહથી જૂદું છે. દરેક કર્મના સંબંધમાં નિર્ણય કરવાનો હોય છે[૫]. જે શાસ્ત્ર પ્રમાણે સર્વનો નિર્ણય કરે છે, તેના સંબંધમાં આ કહેલું છે. કા.૧૮.

**પ્રવાહપતિતા નાત્ર વિચાર્યા ઈતિ મે મતિઃ ।।૧૮ાા.।।**

પ્રવાહમાં પડેલાઓ અહિં વિચાર કરવા યોગ્ય નથી એવો મારો મત છે. કા.૧૮ાા.

એ પ્રમાણે સ્ત્રીઓનો અને તેઓના સંગવાળાનો ત્યાગ કરવાનો કહેલ છે. ૧૮.

નીચેના શ્લોકમાં ધનનો ત્યાગ (કરવાનું) કહે છેઃ

**નિત્યાર્તિદેન વિત્તેન દુર્લભેનાત્મમૃત્યુના ।।**
**ગૃહાપત્યાપ્તપશુભિઃ કા પ્રીતિઃ સાધિતૈશ્ચલૈઃ ।।૧૯।।**

સદા દુઃખ આપનાર દુર્લભ અને પોતાનાં મૃત્યુરૂપ ધનથી, ઘર, સંતાન, સગાં અને પશુઓથી અને તેમનાથી પ્રાપ્ત થતાં ક્ષણભંગુર પદાર્થોથી શું સુખ થાય? ૧૯.

**તદ્ધિ ચિંતનમારભ્ય વિનાશાવધિ દુઃખદમ્ ।।૧૯।।**

---

કરવામાં આવે, તેમાં કોઈક વાર વિરુદ્ધ ફલ ન મળે તો પણ વિરુદ્ધ જ ફલ મળ્યાનું માનવું જોઈએ, એવો અર્થ જણાય છે, કારણ કે ફલ ભોગવવાથી પણ કર્મોની વૃદ્ધિ જ થાય છે.

૩. આ વાક્ય (માયા દૂર કરવાનો) ઉપાય કરનારનાં સ્વરૂપનો નિર્ણય કરવા કહેલું છે. આરંભ એટલે શ્રવણ કરવાની ઈચ્છાનો આરંભ. અધિકાર વિષે સંદેહ હોય તો જ આ ઘટે, તેથી તેને અનુસાર, (પોતે પણ તેવો છે) એવો અર્થ છે. (પ્ર) આરંભ એટલે રાજાએ આરંભમાં (આ) પ્રશ્ન કર્યો તે એવો અર્થ જણાય છે. રાજાના પ્રશ્નથી રાજા પણ સ્થૂલ બુદ્ધિવાળો હોવાનું જણાય છે.

૪. રાજાને (માયા) ન નડે તેવો ઉપાય કહેવો જોઈએ. બધા સ્થૂલબુદ્ધિવાળા કરી શકે તેવું સાધન (હોવાનું) કહી શકાય નહિ. (પ્ર)

૫. ત્યારે (સાધન કરનાર) અધિકારી કેવો હોય ? એ આ કારિકામાં કહેલ છે. નિત્યકર્મમાં પ્રવૃત્તિ કરવી, અને કામ્ય કર્મો ન કરવાં એવો કર્મનાં સંબંધમાં વિવેક રાખવો. (પ્ર)

**મૃત્યુસ્તુ સુલભો લોકે દુર્લભં ધનમેવ હિ ||૧૯||.||**

ધન ખરેખર ચિંતનથી આરંભી ગૂમાવાય ત્યાં સુધી દુઃખ આપનારું છે. લોકમાં મૃત્યુ તો સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું છે, ધન જ ખરેખર દુર્લભ છે. કા.૧૯||.

એમ[1] હોવા છતાં પણ મૃત્યુરૂપ છે. એવા (ધન)થી અથવા તેનાથી પ્રાપ્ત થતા પદાર્થોથી શું સુખ થાય? ઘર વિગેરે ચાર મમતાનાં સ્થાન કહેલાં છે, કારણ કે બીજાઓનો આ (ચાર)માં જ સમાવેશ થાય છે.

**ભૂમ્યાદિવૃત્તયઃ સિદ્ધાઃ સાધ્યાનાં ગૃહશેષતા ||૨૦||**
**દેહે તુ યસ્ય વૈરાગ્યં સ પૂર્વત્ર નિરૂપિતઃ ||૨૦||.||**

ભૂમિ વિગેરે ગુજરાનના સાધનો પ્રાપ્ત થયાં. પ્રાપ્ત કરવાનાં ઘરનાં અંગરૂપ છે. જેને દેહ ઉપર વૈરાગ્ય થએલો છે તેનું તો ઉપર વર્ણન કરેલું[2] છે. કા.૨૦||. ૧૯.

(નીચેના શ્લોકમાં) પરલોકના પદાર્થો ઉપરનો વૈરાગ્ય કહે છેઃ

**એવં લોકં પરં વિદ્યાન્નશ્વરં કર્મનિર્મિતમ્ ||**
**સતુલ્યાતિશયધ્વંસં યથા મણ્ડલવર્તિનામ્ ||૨૦||**

એવી રીતે કર્મથી પ્રાપ્ત કરેલા પરલોકને મંડલના અધિપતિઓ(ના લોક)ની પેઠે સમાનતા, આધિક્ય અને નાશવાળો જાણવો જોઈએ. ૨૦.

**અયથાજ્ઞાનતો જાતં વૈદિકં સ્માર્તમેવ ચ ||૨૧||**
**પૌરાણં ચ તતો જાતં ફલં ગૃહવદેવ હિ ||૨૧||.||**

ખોટાં જ્ઞાનથી ઉત્પન્ન થએલું વૈદિક અને વળી સ્માર્ત, અને તેથી પ્રાપ્ત થએલ પૌરાણિક ફલ ખરેખર ઘર જેવું જ છે[1]. કા.૨૧||.

**અક્ષયતૃતીયા શ્રાદ્ધાદિ તથાનન્તવ્રતાદિ ચ ||૨૨||**
**સમર્પિતં પ્રિયં વિષ્ણૌ તતોऽપિ ફલિતં તથા ||૨૨||.||**

---

૧. દુર્લભ હોવા છતાં (પ્ર)

૨. શ્લોક ૧૮માં જોડકાં થઈ આચરણ કરતો હોઈ દુઃખી થવાથી વૈરાગ્ય થયાનું કહેલ છે, એવો અર્થ છે. (પ્ર)

૧. '' 'જે દુઃખથી ભળેલું નથી'. 'ચાર માસ સુધીનો યજ્ઞ કરનારનું પુણ્ય અક્ષય્ય છે' એ શ્રુતિઓ, 'મનુષ્યો ઉપર પ્રસન્ન થએલા બાપદાદાઓ સ્વર્ગ મોક્ષ સુખો તથા રાજ્ય આપે છે' વિગેરે સ્મૃતિઓ અને 'તે તે (કર્મ) અને નિવેદન કરવું તે અનંત થાય છે' વિગેરે પુરાણનાં વચનો (કર્મનું ફલ) અનંત હોવાનું કહે છે, છતાં તેને નાશવંત કેમ કહે છે ?'' એવી શંકા થાય, તેથી આ કારિકા લખેલી છે. 'ઘર જેવું' એટલે પ્રાપ્ત થએલ હોય તો પણ અસ્થિર, એવો અર્થ છે. (પ્ર)

અક્ષય તૃતીયાના દિવસે કરેલ કર્મો, શ્રાદ્ધ વિગેરે અને અનંતનું વ્રત વિગેરે[2] તેવાં છે. વિષ્ણુને સમર્પણ કરેલ પ્રિય (પદાર્થ)[3], તેનાથી પણ પ્રાપ્ત થતું ફલ તેવું છે. કા.૨૨॥.

**અતો નશ્વરમિત્યુક્તં પૃથગ્ ભક્તિફલાત્ ક્રમાત્ ॥૨૩॥**
**સતુલ્યાતિશયધ્વંસમન્તઃકરણદોષતઃ ॥૨૩॥.॥**

તેથી 'નાશવંત' કહેલ છે. ભક્તિનાં ફલથી તે જૂદા પ્રકારનાં[3] છે. અંતઃકરણના દોષને લીધે ક્રમે ક્રમે તે સમાનતા, આધિક્ય અને નાશવાળાં છે[4]. કા.૨૩॥.

**જ્ઞાનભક્તિફલે મોક્ષે નાયં દોષસ્તતો ભવેત્ ॥૨૪॥**
**ઐશ્વર્યસહિતેઽપ્યેવમિતિ દૃષ્ટાન્તસઙ્ગ્રહઃ ॥૨૪॥.॥**

જ્ઞાન અને ભક્તિનાં ફલરૂપ મોક્ષમાં આ દોષ નથી. તેથી તે દોષ રહિત છે. સત્તા[5] સાથેના કર્મના ફલમાં પણ એમ છે[6]. એવું જણાવવા દૃષ્ટાંત કહેલું છે. કા.૨૪॥.

**સ્પર્ધાસૂયાયુતો લોકો મણ્ડલાધિપગોચરઃ ॥૨૫॥**
**લોકદ્વયફલં તસ્માદેવમેવેતિ નિશ્ચયઃ ॥૨૫॥.॥**

મંડલોના અધિપતિઓની સત્તાવાળો લોક પણ હરીફાઈ અને ઈર્ષ્યાવાળો છે. તેથી બે લોકનું ફલ આવા પ્રકારનું છે[7] એવો નિશ્ચય છે. કા.૨૫॥.

**અતો મોક્ષફલે હેતુર્મૂલભૂતસ્તમાહ હિ ॥૨૬॥**

---

૨. નોટ ૧ માં જણાવેલ અર્થનું જ આ વિવેચન કરેલું છે. 'તેવું' એટલે ઘર જેવું. (પ્ર)

૩-૩. 'ભગી.૯।૨૭ તથા ૨૮માં વિષ્ણુને અર્પણ કરેલ કર્મથી બંધનથી છૂટાય છે એમ કહેલ હોવા છતાં તેને નાશવંત કેમ કહો છો ?' એવી શંકા થાય, તેથી ભક્તિનાં ફલથી તે જૂદા પ્રકારનું હોવાનું કહેલ છે. ભાવ મુખ્ય હોવાને લીધે પ્રકારનો ભેદ છે. કર્તાના દોષથી (તેના મનના વિચારથી) તે નાશવંત રહે છે, એવો અર્થ છે. (પ્ર)

૪. (કર્મનાં ફલ) તજવા યોગ્ય હોવાનું દર્શાવનાર બીજું કારણ આથી કહેલું છે. (પ્ર) (આ) ફલની સમાન બીજાં હોય છે અને તેથી અધિક બીજાં હોય છે, તેથી અનુક્રમે હરીફાઈ અને ઈર્ષ્યા થાય છે. આ અંતઃકરણના દોષને લીધે કર્મનાં ફલ નાશવંત જ હોય છે. અંતઃકરણનો દોષ અસંતોષ વિગેરે છે.

૫. આ અસંતોષ વિગેરે અંતઃકરણના દોષ મુક્ત જીવોને હોતા નથી, તેથી આ જ્ઞાન અને ભક્તિ થી થતાં મોક્ષમાં દોષ નથી, એવો અર્થ છે. (પ્ર)

૬. બ્રહ્માનાં સ્થાન સુધીનો નાશ થાય છે, એટલે તે પણ તજવા યોગ્ય છે, એવા અભિપ્રાયથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૭. આ કારિકાથી ઉપર કહેલું દૃષ્ટાંત ચાલુ પ્રસંગને લાગુ પડે છે. (પ્ર)

તેથી મોક્ષ જેનું ફલ છે તે[૮] પ્રાપ્ત કરવાના આધારરૂપ કારણ છે, તે (નીચેના શ્લોકથી આરંભી) કહે છે. કા.૨૬. ૨૦.

**તસ્માદ્ગુરું પ્રપદ્યેત જિજ્ઞાસુઃ શ્રેય ઉત્તમમ્ ।।**
**શબ્દે પરે ચ નિષ્ણાતં બ્રહ્મણ્યુપશમાશ્રયમ્ ।।૨૧।।**

તેથી ઉત્તમ કલ્યાણ જાણવાની ઈચ્છાવાળાએ શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મમાં પ્રવીણ (અને) શાંતિનો આશ્રય કરેલા ગુરુને શરણ જવું. ૨૧.

**નિરાલમ્બો યથા લોકે સ્થાનભ્રષ્ટો નિગદ્યતે ।।**
**હરેઃ કૃપાવિશિષ્ટોઽપિ ગુરુહીનસ્તથૈવ હિ ।।૨૭।।**

જેવો આધાર વિનાનો (પુરુષ) લોકમાં સ્થાનથી ભ્રષ્ટ થએલો કહેવાય છે, તેવો જ ખરેખર હરિની કૃપાવાળો પણ ગુરુ વિનાનો છે[૧]. કા.૨૭.

**યથા ભક્તિઃ સ્વતન્ત્રોક્તા ગુરુસેવાપિ તાદૃશી ।।**
**જિજ્ઞાસાશેષભાવત્વં તથાપિ વિનિગદ્યતે ।।૨૮।।**

જેવી ભક્તિ સ્વતંત્ર કહેલી છે, ગુરુની સેવા પણ તેવી છે, છતાં પણ (તે) જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાના અંગરૂપ હોવાનું કહેલ છે[૨]. કા.૨૮.

જે શિષ્ય પૂછે તે જ ગુરુ કહેશે, તેથી 'ઉત્તમ કલ્યાણ જાણવાની ઈચ્છાવાળાએ' એમ કહેલું છે[૩]. તે ગુરુ મુક્ત[૪] હોવો જોઈએ. લોકમાં (તે તેવો હોવાનું) જણાવનારું ચિહ્ન 'શાંતિનો આશ્રય કરેલા' વિશેષણથી કહેલું છે. તે સર્વ સંદેહો દૂર કરે તે માટે અને વૈદિક દીક્ષાની પેઠે[૫] હૃદયમાં (ભગવાનનો) પ્રવેશ કરાવે તે માટે '(શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ) બંનેમાં પ્રવીણ' હોવાનું કહેલ છે.

**માર્ગાન્તરસ્થિતો હ્યત્ર બોધકો ન સ્વમાર્ગ ગઃ ।।**
**પ્રપઞ્ચિતં તત્ પ્રથમે શુકો વક્તા ન નારદઃ ।।૨૯।।**

બીજા માર્ગમાં રહેલો જ અહિં જ્ઞાન આપનાર છે, પોતાના માર્ગમાં

---

૮. 'મોક્ષફલે' એટલે મોક્ષ જેનું ફલ છે તે જ્ઞાન વિગેરે, એવો અર્થ છે. (પ્ર)

૧. 'વૈરાગ્ય થયા પછી મોક્ષ પ્રાપ્ત થાય તે માટે ભગવાનને શરણ જવું જોઈએ. વચ્ચે ગુરુને શરણ જવાનું શું પ્રયોજન ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. સંપૂર્ણ બ્રહ્મચર્ય રાખવાનાં (શાસ્ત્રનાં) વાક્યોથી આવો નિર્ણય થાય છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'ત્યારે ભગવાનની ભક્તિ અથવા ગુરુની સેવા કરવી' એમ જણાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૩. તેથી ઉત્તમ કલ્યાણ જ પૂછવું જોઈએ, એવા અભિપ્રાયથી આ કહેલ છે. (પ્ર)

૪. ગુરુને ઓળખવા માટે લક્ષણથી પ્રાપ્ત થતું ગુરુનું સ્વરૂપ આ વિશેષણથી કહેલું છે. 'જીવન્મુક્ત' એવો અર્થ છે. (પ્ર)

૫. જેમ આ દીક્ષા થાય ત્યારે યજમાનનું વૈદિક સ્વરૂપ તેની અંદર પ્રકટ થાય છે, તે પ્રમાણે

રહેલો (જ્ઞાન આપનાર) નથી. તે પહેલા (સ્કંધ)માં જણાવેલું છે[૬] કે શુક (ભાગવતના) વક્તા છે, નારદ નથી. કા.૨૯.

**સપ્તમેઽત્ર ચ કૃષ્ણસ્ય દર્શનાર્થી તથાઽપિ તુ ।।૨૯ાા.।।**

છતાં પણ સાતમા (સ્કંધ)માં અને અહિં શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઈચ્છાવાળો હોઈ (નારદ વક્તા છે)[૭]. કા.૨૯ાા.

(ગુરુ) સર્વ જાણનાર હોવાથી સર્વ કહેશે, એવા અભિપ્રાયથી નીચેનો શ્લોક કહે[૧] છેઃ

**તત્ર ભાગવતાન્ ધર્માન્ શિક્ષેદ્ ગુર્વાત્મદૈવતઃ ।।**
**અમાયયાઽનુવૃત્યા યૈસ્તુષ્યેન્દાત્માઽઽત્મદો હરિઃ ।।૨૨।।**

ત્યાં ગુરુ જેના આત્મા અને દેવ છે તેવો થઈ કપટરહિત સેવાથી ભાગવત ધર્મોનો બોધ લેવો, કે જેથી આત્મા અને આત્માનું દાન કરનાર હરિ પ્રસન્ન થાય છે. ૨૨.

ગુરુ આત્મા હોવાથી તેમના ઉપર સ્નેહ થાય, આરાધ્ય હોવાથી તેમનામાં શ્રદ્ધા રહે, અને દેવતા હોવાથી તેમનાથી જ્ઞાન થાય. મંત્રશાસ્ત્રમાં કહેલા મંત્રો પણ ગુરુના મુખથી શ્રવણ કર્યા વિના ફલ આપતા ન હોવાથી તેમની પાસેથી બોધ લેવાનું કહેલ છે. 'કપટરહિત સેવાથી' શબ્દોથી ગુરુને સંતોષ આપવાનો ઉપાય કહેલો છે. ભાગવત ધર્મોનો જ બોધ લેવાનું પ્રયોજન 'જેનાથી હરિ પ્રસન્ન થાય છે' શબ્દથી કહેલું છે. પોતાને સંતોષ ન થાય તો પ્રયોજન[૨] જ સિદ્ધ ન થાય. ફલ આપનાર આત્માનું દાન કરનારને સંતોષ ન થાય તો ફલ પ્રાપ્ત થતું નથી. તેથી ધર્મો પોતાનું અને બીજાનું પોષણ કરનારા છે, એમ કહેલું છે. વળી દુઃખ ન રહેવું[૩] એ ગૌણ (ફલ) થાય છે. ૨૨.

---

(ગુરુના) ઉપદેશથી (શિષ્યની) અંદર ભગવાનનું સ્વરૂપ પ્રકટ થાય તે માટે એવો અર્થ છે. (પ્ર)

૬. ઓગણીસમા અધ્યાયમાં કહેલું છે કે સર્વનો ત્યાગ કરવા ઈચ્છનારનો ગુરુ વૈરાગ્યરહિત ન જોઈએ, તેથી નારદ (વ્યાસ) વિગેરે (પરીક્ષિત પાસે) હોવા છતાં પણ શુક જ ગુરુ થયા. (પ્ર)

૭. 'ત્યારે અહિં વસુદેવને નારદ કેમ ઉપદેશ આપે છે ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૧. (શ્લોકમાંના) 'ત્યાં' શબ્દથી ગુરુ વિરક્ત હોવાનું વિચારી, તેમની પાસેથી બોધ લેવાનું કહે છે, એવો અર્થ છે. ગુરુ વિરક્ત ન હોય તો શિષ્યને તે ઉત્તમ હોવાનું ભાન ન થાય, અને તેથી ફલ પ્રાપ્ત ન થાય, એવો ભાવ છે. (પ્ર)

૨. 'પ્રયોજન' એટલે શ્રદ્ધા વિગેરે. આ વાક્યથી 'આત્મા' શબ્દનું તાત્પર્ય કહેલું છે. (પ્ર) ગુરુ પાસેથી બોધ લેવાનું પ્રયોજન, એવો 'પ્રયોજન'નો અર્થ જણાય છે.

૩. આ 'હરિ' શબ્દનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

તે વિષયમાં આરંભમાં ત્રણ શ્લોકોથી પ્રવાહથી દૂર રહેવાનું, કર્મમાર્ગમાં પ્રવેશ અને જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કહે છે, કારણ કે તે ન થાય, તો ભાગવત ધર્મો (આચરવા)નો અધિકાર ન હોય. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકથી પ્રવાહથી દૂર રહેવાનું કહે છેઃ

**સર્વતો મનસોઽસઙ્ગમાદૌ સઙ્ગં ચ સાધુષુ ।।**
**દયાં મૈત્રીં પ્રશ્રયં ચ ભૂતેષ્વદ્ધા યથોચિતમ્ ।।૨૩।।**

સર્વ તરફથી મનને સંગરહિત કરવું. આરંભમાં સત્પુરુષો સાથે સંગ કરવો અને યોગ્યતા પ્રમાણે પ્રાણીઓ પ્રતિ દયા, મૈત્રી અને વિનય ખરેખર રાખવાં. ૨૩

સંબંધમાં આવેલાઓમાંથી મનને ખેંચી લેવું, કારણ કે સર્વ અનિષ્ટ મનથી જ થાય છે. પોતાની સિદ્ધિ પ્રાપ્ત કરવાના સાધનોમાં આરંભમાં સત્પુરુષો સાથે સંગ કરવો, અને ઉપર પ્રમાણે[૧] લોકનો ત્યાગ કરવાનું સંભવતું નથી, તેથી વિવેક જણાવે છે કે હલકાં પ્રાણીઓ ઉપર દયા, સમાન સાથે મૈત્રી અને ઉત્તમ પ્રતિ વિનય રાખવાં. 'યોગ્યતા પ્રમાણે' એટલે દેશને અને કાલને અનુસરીને. ૨૩.

નીચેના શ્લોકમાં કર્મમાર્ગમાં પ્રવેશ (કરવાનું) કહે છેઃ

**શૌચં તપસ્તિતિક્ષાં ચ મૌનં સ્વાધ્યાયમાર્જવમ્ ।।**
**બ્રહ્મચર્યમહિંસા ચ સમત્વં દ્વન્દ્વસઞ્જ્ઞયોઃ ।।૨૪।।**

પવિત્રતા, તપ અને સહન કરવું, વાણીનો નિગ્રહ, વેદનો અભ્યાસ, સરલતા, બ્રહ્મચર્ય, અહિંસા અને જોડકાંથી ઓળખાતામાં સમાનપણું. ૨૪.

કાયાથી થતું વિગેરેના ભેદથી કર્મ ત્રણ પ્રકારનું છે. તે પૈકી એક એક (પ્રકાર)ના ત્રણ ત્રણ (ગુણો) કહે છે. ૧.માટી વિગેરેથી પવિત્રતા, ૨.સંકટ (ભોગવવું) વિગેરે તપ અને ૩.ટાઢ વિગેરેનું સહન એ સહન કરવાનું, એવાં ત્રણ કાયાથી થતાં કર્મ છે. ૧.મિથ્યા વાતચિતનો ત્યાગ, ૨.વેદનો અભ્યાસ અને ૩.સર્વ સ્થલે પ્રિય બોલવું એ વાણીથી થતાં કર્મ છે. ૧.કામ ઉપર વિજય, ૨.ક્રોધ ઉપર વિજય, અને ૩.જોડકામાં ભેદ ન રાખવો એ મનથી થતાં કર્મ છે, કારણ કે વર્ણન કરવામાં તે બે 'જોડકું' (શબ્દ)થી જ ઓળખાય છે, જેમ કે સુખ અને દુઃખ, પ્રિય અને અપ્રિય. ૨૪.

નીચેના શ્લોકમાં જ્ઞાનમાર્ગમાં પ્રવેશ (થવાનું) કહે છેઃ

**સર્વત્રાત્મેશ્વરાન્વીક્ષાં કૈવલ્યમનિકેતતામ્ ।।**
**વિવિક્તચીરવસનં સંતોષં યેન કેનચિત્ ।।૨૫।।**

સર્વમાં આત્મા અને ઈશ્વર હોવાની દૃષ્ટિ, એકાંતમાં રહેવું, ઘરનો ત્યાગ,

૧. કારણ કે સર્વમાંથી મનને ખેંચી લેવાનું બની શકતું નથી, એવો અર્થ છે. (પ્ર)

પવિત્ર ફાટલાં વસ્ત્રો પહેરવાં, જે કાંઈ મળી આવે તેથી સંતોષ રાખવો. ૨૫.

આત્મા અને ઈશ્વર એક છે એવો નિર્ણય થાય ત્યારે તેને સર્વ સ્થલે (તેવું) જ્ઞાન (થાય છે).

**સઙ્ગાભાવો ગૃહાભાવો વસ્ત્રભોજનસંયમઃ ॥૩૦॥**
**ચતુષ્ટયંજ્ઞાનમાર્ગે સાધનં સર્વદા મતમ્ ॥૩૦ા.॥**

સંગ ન હોવો (એકાંતમાં રહેવું), ઘર ન હોવું અને વસ્ત્ર તથા ભોજનમાં સંયમ (એ) ચાર સદા જ્ઞાનમાર્ગમાં સાધન મનાએલાં છે. કા.૩૦ાા.

વસ્ત્રોમાં પણ વિચાર (રાખવો), ઘણાં (વસ્ત્રો) ન પહેરવાં. ૨૫.

**સપ્તભિર્ભક્તિમાર્ગો હિ સ યતસ્તાદશો મતઃ ॥૩૧॥**

(નીચેના શ્લોકથી આરંભી) સાત (શ્લોકો)થી ભક્તિમાર્ગ કહેલો છે, કારણ કે તે તેવો વિચારાએલો છે. કા.૩૧.

તે પૈકી આરંભના અને અંતના શ્લોકમાં દોષો ન હોવાનું અને ફલ કહેલાં છે. વચ્ચે ૧.સુપ્રસિદ્ધ ગુણો ૨.દઢ પરિચય ૩.સેવકોમાં પ્રવેશ ૪.સેવકની સમાનતા અને પછી ૫.ત્તમ સાધન એ પાંચ પદાર્થો કહેલા છે. તે પૈકી આરંભમાં નીચેના શ્લોકમાં ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય તે માટેનાં સાધનો કહે છેઃ

**શ્રદ્ધાં ભાગવતે શાસ્ત્રેઽનિન્દામન્યત્ર ચાપિ હિ ॥**
**મનોવાક્કાયદણ્ડં ચ સત્યં શમદમાવપિ ॥૨૬॥**

ભાગવત શાસ્ત્રમાં શ્રદ્ધા અને બીજાં શાસ્ત્રની નિંદા પણ ન કરવી, મન, વાણી અને કાયાનો સંયમ, સત્ય અને શાંતિ તેમ જ ઈન્દ્રિયોનો નિગ્રહ. ૨૬.

આરંભમાં પ્રમાણમાં ઘણી શ્રદ્ધા (રાખવી), (અને) તેથી વિરુદ્ધ હોય તેઓનું સ્મરણ પણ ન (કરવું). સ્મરણ (થવાનું) નિંદા કરવાથી સંભવે છે, તે પણ ન કરવી. તર્કો કરવા નહિ[૧], પણ શ્રદ્ધા જ (રાખવી)[૨]. પહેલાં બીજા માર્ગના[૩] સંબંધમાં સાધન તરીકે વાણીના સંયમ કહેલા હોવા છતાં, અહિં ફરીથી અહિં (આ માર્ગમાં) નિશ્ચિત સાધન છે એમ જણાવવા કહેલા છે. પ્રમાણનું જ્ઞાન થયા પછી (તેથી) ઉલટા માર્ગે ગએલ હોવાનું જાણવામાં આવતાં[૪] કાયા, વાણી અને મનનો

---

૧. આ વાક્યથી નિંદા ન કરવાનો ઉપાય કહેલો છે. (પ્ર)

૨. સંયમ (કરવા)રૂપ કાર્ય કહ્યું, તેથી તેનું કારણ અવશ્ય કહેવું જોઈએ, તેથી આ ભાગથી તે કહેલું છે. (પ્ર)

૩. 'બીજા માર્ગના' એટલે જ્ઞાનમાર્ગના. (પ્ર) શ્લોક ૨૪માં કહેલા છે. તેથી કર્મમાર્ગના સંબંધમાં કહેલા, એવો અર્થ હોવાનું જણાય છે.

૪. 'વ્યભિચારપરિજ્ઞાનાત્' એટલે કાયા વિગેરે બીજામાં આસક્તિવાળા હોવાનું જણાતાં (પ્ર)

સંયમ કરવો; અથવા નિષ્ક્રિયતા[5] વિગેરે બીજાં (સાધનો) જેનાથી (તેઓનો) સંયમ થયો છે એવી માન્યતા થાય તે (કરવાં)[5], ભગવન્માર્ગમાં સત્ય ઉત્તમ સાધન છે. 'શાંતિ' એટલે ભગવાનમાં સ્થિર થએલી બુદ્ધિ. 'દમઃ' એટલે ઈન્દ્રિયોનો નિગ્રહ અથવા વાણી, મન અને કાયાના ગુણો[6] કહેલા છે. ૨૬.

નીચેના શ્લોકમાં (ભક્તિમાર્ગનાં) મુખ્ય સાધનો કહે છેઃ

**શ્રવણં કીર્તનં ધ્યાનં હરેરદ્ભુતકર્મણઃ ।।**
**જન્મકર્મગુણાનાં ચ તદર્થેખિલચેષ્ટિતમ્ ।।૨૭।।**

અદ્‌ભુત કર્મ કરનારા હરિનાં અને (તેમનાં) જન્મ, કર્મ અને ગુણોનાં શ્રવણ, કીર્તન અને ધ્યાન (કરવાં). તે માટે સર્વ આચરણ (કરવું). ૨૭.

શ્રવણ વિગેરે ત્રણ પ્રેમનાં સાધન છે એમ કહેલાં કહેલું છે. 'અદ્‌ભુત કર્મ કરનારા' વિશેષણથી (તેથી) ભેદ કહેલો છે. શુદ્ધ લીલાવાળા(હરિ)નાં (શ્રવણ વિગેરે કરવાં), પરંતુ દશ પ્રકારની લીલાવાળાનાં નહિ, કારણ કે જૂદા પ્રકારનાં ઘણા સાધનો કરેલાં છે[1]. તેથી જ[2] 'અને (તેમનાં) જન્મ, કર્મ અને ગુણોનાં' એમ કહેલું છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી, તે (જન્મ, કર્મ અને ગુણો) પણ 'અદ્‌ભુત કર્મ કરનારાં' સર્વને મુક્તિ અપાવનારાં છે. બાકીની ઈન્દ્રિયોનાં કાર્યોનો પણ-બધી એક પ્રયોજનવાળી થાય તે માટે-તેમાં પાછળથી પ્રવેશ (કહેલો છે). ઉપર કહેલાં ચાર[3] (કાર્ય) માટે બધી ઈન્દ્રિયોનો ઉપયોગ કરવાનું શીખવું. ૨૭.

પછી કેટલાક સમય સુધી સેવા (કરવા)થી પરિચય થતાં, આત્મસમર્પણ કરવું, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

---

પ્રમાણનો અર્થ જાણ્યો, તેથી વિરુદ્ધ માર્ગે ગએલ હોવાનું જણાતાં, એવો અર્થ જણાય છે.

૫-૫. તે સાધનો પ્રાપ્ત થયા પછી ભગવન્માર્ગમાં પ્રવેશ કહ્યો, તેથી તે નિશ્ચિત સાધન હોવાનું અર્થથી જ પ્રાપ્ત થયું, તેથી તેઓ સાધન નથી એમ વિચારી અહિંથી બીજો અર્થ કહે છે. (પ્ર)

૬. 'સત્ય શાંતિ અને ઈન્દ્રિયોનો નિગ્રહ' શબ્દોથી અનુક્રમે કહેલા છે.

૧. શ્રવણ વિગેરે જરુરી હોવાનું કારણ આ વાક્યથી કહેલું છે. જો બીજાં સાધનોથી ભક્તિમાર્ગમાં પ્રવેશ થતો હોય, તો તે પહેલાં જ થયો હોત. તેથી આ જ જરુરી છે એવો અર્થ છે. (પ્ર) બીજા ઘણા સાધનો કરેલ હોવાથી દશ પ્રકારની લીલાવાળા ભગવાનનાં નહિ, પરંતુ અદ્‌ભુત કર્મ કરનાર ભગવાનનાં શ્રવણ વિગેરે કરવા જોઈએ, એવો અર્થ જણાય છે.

૨. 'તેથી જ' એટલે (ઉપર) કહ્યાં તે જાતનાં હોવાથી જ (પ્ર) અદ્‌ભુત કર્મ કરનાર ભગવાનનાં જન્મ વિગેરે પણ 'અદ્‌ભુત' સર્વને મુક્તિ અપાવનારાં હોવાથી એવો અર્થ જણાય છે.

૩. શ્રવણ, કીર્તન, ધ્યાન અને પ્રેમ (પ્ર) (૧) ભગવાનનાં (૨) તેમના જન્મનાં (૩) કર્મનાં અને (૪) ગુણોનાં શ્રવણ વિગેરે, એવો અર્થ જણાય છે.

**ઈષ્ટં દત્તં તપો જપ્તં વૃત્તં યચ્ચાત્મનઃ પ્રિયમ્ ।।**
**દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્ યત્પરસ્મૈ નિવેદયેત્ ।।૨૮।।**

યજ્ઞ, દાન, તપ, જપ, સદાચાર અને સ્ત્રી, પુત્રો, ઘરો તથા પ્રાણોનો સમાવેશ કરતું જે પોતાને પ્રિય હોય તે પરમેશ્વરને નિવેદન કરવું. ૨૮.

દાન કરેલ હોય તેથી અભયનું દાન થાય તે માટે દાનધર્મ અથવા દાન સિવાયના ત્રણ[૧] ધર્મો કહેલા છે. 'વૃત્તમ્' એટલે સદાચાર. 'પોતાનો' પ્રિય એટલે પ્રવાહ[૨]. સ્ત્રી વિગેરે પોતાની સમાન છે એવા અભિપ્રાયથી 'સ્ત્રી...' એમ કહેલ છે, અથવા (તેઓમાં) પોતાનો ભાગ[૩] બીજાઓનો આમાં જ સમાવેશ થાય છે. દેહનો પહેલાં જ[૪] વિનિયોગ કરેલો હોવાથી 'પ્રાણો' કહેલા છે. ૨૮.

એ પ્રમાણે નિમયપૂર્વક આત્મનિવેદન કરીને, તેના જેવા (પુરુષો) સાથે ભગવાનની સેવા કરવી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**એવં કૃષ્ણાત્મનાથેષુ મનુષ્યેષુ ચ સૌહૃદમ્ ।।**
**પરિચર્યાં ચોભયત્ર મહત્સુ નૃષુ સાધુષુ ।।૨૯।।**

અને એ રીતે શ્રીકૃષ્ણને જ પોતાના નાથ જાણનારા મનુષ્યોપર પ્રેમ રાખવો. અને ભગવાન્ અને તેમના ઉત્તમ સદાચારી મનુષ્યો બંનેની સેવા કરવી. ૨૯.

શ્રીકૃષ્ણમાં સ્વામીપણાનું અસાધારણ અભિમાન જેઓને હોય તે 'કૃષ્ણાત્મનાથાઃ' 'શ્રીકૃષ્ણને જ પોતાના નાથ જાણનારા છે'. મનુષ્યનો ભાવ[૧] સાધારણ ભાવ છે, અને તેઓ ઉપર પ્રેમ રાખવો. 'ચ' 'અને' શબ્દ હોવાથી ભગવદીય પશુ વિગેરે સર્વ ઉપર પણ (પ્રેમ રાખવો). ભગવાનની અને ભગવદીયોની બંનેની સેવા કરવી. 'ઉત્તમ પુરુષો' શબ્દોથી તેમના (ભગવાનના) સેવકોનો ખાસ ગુણ કહેલ છે. સ્ત્રીઓ અને પશુઓને સેવા (કરવા)માંથી બાતલ કરેલા છે. તે (ઉત્તમ મનુષ્યો) પણ સંપ્રદાયનું રક્ષણ થાય તે માટે[૨] સદાચારવાળા

૧. યજ્ઞ, તપ અને જપ (એ ત્રણ ધર્મો). (પ્ર)

૨. 'પ્રવાહ' એટલે લૌકિક પ્રિય. (પ્ર) આમાં સ્ત્રી વિગેરેનો સમાવેશ થાય છે. શ્લોકના ઉત્તરાર્ધમાં 'યત્' છે એ 'ઈ' ધાતુનું વર્તમાન કુદંતનું રૂપ છે.

૩. પોતાની તેઓ ઉપર જે સત્તા હોય તે, એવો અર્થ છે. (પ્ર)

૪. પાછળ શ્લોક ૨૫માં. (પ્ર)

૧. (પાછળ) શ્લોક ૨૩માં 'દયા મૈત્રી' વિગેરે કહ્યાં છે. છતાં અહિં 'પ્રેમ' ફરી કહેલ છે, તેનો આશય આ વાક્યથી જણાવેલ છે. પોતે રાજા હોય અને બીજો રંક હોય, છતાં પણ શ્રીકૃષ્ણને પોતાના નાથ જાણવાનો જે બંનેમાં સમાન ભાવ 'આંખવાળા કાનવાળા સખાઓ' શ્રુતિમાં કહેલો છે, તેને જ મુખ્ય ગણીને પ્રેમ રાખવો. (પ્ર)

૨. આ 'સદાચારી' શબ્દનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

હોવા જોઈએ. પ્રભાવવાળા હોઈ સદાચારવાળાઓની (સેવા કરવી) એવો અર્થ છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી પોતે પણ તેવા[3] (થવું). ૨૯.

નીચેના શ્લોકમાં ફલરૂપ સાધન કહે છે :

**પરસ્પરાનુકથનં પાવનં ભગવદ્યશઃ ।।**
**મિથોરતિર્મિથસ્તુષ્ટિર્નિવૃત્તિર્મિથ આત્મનઃ ।।૩૦।।**

ભગવાનના પાવન કરનાર યશની પરસ્પર કથા કરવાનું, અંતઃકરણની પરસ્પર પ્રીતિ, પરસ્પર સંતોષ અને પરસ્પર સુખ (શીખવાં શ્લોક ૨૨). ૩૦.

જેના વિષે ભક્તોનો પરસ્પર સંવાદ થાય તેવા (ભગવાનના યશની કથા કરવી). ભગવાને કહેલો વિષય પરસ્પર ભક્તો કહે છે, તે યશને વિષે તે શીખવું, એવો વાક્યનો સંબંધ છે. સ્નાન વિગેરેમાં આસક્તિ દૂર કરવા 'પાવન કરનાર' એમ કહેલું છે. 'ભગવાનનો યશ' એટલે ભગવાનને પણ પ્રીતિ ઉત્પન્ન કરનારું તેમનું ચરિત્ર, પરસ્પર શ્રવણ અને કીર્તન જ કરવામાં આવતાં પરસ્પર પ્રીતિ, તેમ જ સંતોષ થાય છે. આ બે અનુક્રમે આરંભના અને છેવટના ગુણો કહેલા છે. ઉપર કહેલા (પરસ્પર કહેવામાં આવતી યજ્ઞની કથા)નાં સંબંધથી ઘણું જ સુખ થાય છે. અંતઃકરણના[1] ત્રણે ગુણો ફલરૂપ પણ[2] છે. વારંવાર કરવાથી (કથા કરવાનું) સફલ થાય તે માટે શીખવું[3]. ૩૦.

નીચેના શ્લોકમાં તેઓનું પેટા-ફલ કહે છેઃ

**સ્મરન્તઃ સ્મારયન્તશ્ચ મિથોડઘૌઘહરં હરિમ્ ।।**
**ભક્ત્યા સઞ્જાતયા ભક્ત્યા બિભ્રત્યુત્પુલકાં તનુમ્ ।।૩૧।।**

પાપોના સમૂહનો નાશ કરનાર હરિનું સ્મરણ કરતાં અને પરસ્પર સ્મરણ કરાવતાં ભક્તિથી ઉત્પન્ન થએલી ભક્તિ વડે રોમાંચ થએલ દેહ ધારણ કરે છે. ૩૧.

પ્રેમવાળાઓનું પણ ચિત્ત બીજામાં જાય તેવી રીતે ભગવાનનું વિસ્મરણ થવાનું સંભવે છે. તેથી 'સ્મરણ કરતાં' એમ કહેલું છે. એક બીજાને જોઈને પોતાની મેળે જ ભગવાનનું સ્મરણ થાય છે. વચનથી અમુક અંશથી બોધ થતો હોવાથી સ્મરણ કરાવાય છે. શ્રવણ જૂદુ કહેલું નથી[1]. સ્મરણ મૂકવું નહિ એવી ન

---

૩. 'તેવા' એટલે સદાચારી. (પ્ર)

૧. આ 'આત્મનઃ' શબ્દનો અર્થ છે. (પ્ર)

૨. આ સાધન હોવા છતાં, આમનામાં ઉત્તમપણું છે તે કહેલું છે. આનંદરૂપ હોવાથી ફલરૂપ પણ છે, એવો અર્થ છે. (પ્ર)

૩. 'આ (ધર્મો)' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)

૧. 'જૂદું કહેલું નથી' શબ્દો અધ્યાહાર છે, કારણ કે સ્મરણ કરાવવાનું કહ્યું તેનાથી જ

કરવાની આજ્ઞાઓ નમાલી (કાંઈ ન કરી શકે તેવી) હોવાથી વિસ્મરણ થાય ત્યારે પાપ થતાં, પ્રાયશ્ચિત્ત કરીને સ્મરણ કરવું, એવો (અર્થ છે). તેથી 'પાપોના સમૂહનો નાશ કરનાર' એમ કહેલું છે. (હરિ) પાપનો નાશ કરીને દુઃખ દૂર કરે છે. (તે) વિષય તરીકે પ્રાપ્ત થતાં તરત જ સ્મરણ કર્યા પહેલાં જ પાપોના સમૂહનો નાશ કરે છે. તેમ ન હોય, તો તે સ્મરણનું ફલ થાય[2]. એવી રીતે બંધ રહ્યા વિના શ્રવણ કીર્તન વિગેરે થાય, ત્યારે સર્વ તરફથી ઝરતાં જલની પેઠે પ્રેમભક્તિ ઉત્પન્ન થાય છે. તે (શરીરને) ભરપૂર કરનારી ભક્તિ પ્રવૃત્ત થાય છે જે શરીરને ભરી દે છે. પછી શરીર (તેમાં) ડૂબેલું હોવાથી રોમાંચવાળું થાય છે. ૩૧.

એવી રીતે શરીરમાં ભરપૂર થએલા ભક્તિરસનું ભગવાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધીનું કાર્ય નીચેના શ્લોકમાં કહે છેઃ

**ક્વચિદ્રુદન્ત્યચ્યુતચિન્તયા ક્વચિદ્ધસન્તિ નન્દન્તિ વદન્ત્યલૌકિકાઃ ।।**
**નૃત્યન્તિ ગાયન્ત્યનુશીલયન્ત્યજંભવન્તિ તૂષ્ણીં પરમેત્ય નિર્વૃતાઃ ।।૩૨।।**

અચ્યુતના ચિંતનથી કોઈ વાર રડે છે, કોઈ વાર હસે છે, કોઈ વાર આનંદ પામે છે, કોઈ વાર બોલ બોલ કરે છે. અલૌકિક થઈ નૃત્ય કરે છે, ગાન કરે છે, વારંવાર જન્મરહિત ભગવાનનું ચિંતન કરે છે, શાંત થઈ પરમને પ્રાપ્ત કરી સુખી થાય છે. ૩૨.

રસ ભરપૂર થતાં મદવાળાની અવસ્થાવાળા હોય તેમ ભેદ દૂર થતાં ભગવાનને શોધતાં તે પ્રાપ્ત થયા ન હોય તેમ કોઈ વાર રડે છે. પછી તેમને (પોતાની) સમીપ પ્રકાશતા જોઈને, 'હું નકામો જ રડ્યો' એવા વિચારથી હસે છે, પોતાને આધીન હોય તેવા પ્રકારે દેખાતા જાણીને આનંદ પામે છે. પછી સર્વજ્ઞપણાથી થએલી મદવાળી અવસ્થાને લીધે જ તે બોલે છે. આટલું કરવાથી પ્રવાહથી જૂદા પડે છે. પછી કાયા, વાણી અને મનમાં થએલ (ભગવાનના) અધ્યાસનું ફલ નૃત્ય, ગાન અને વારંવાર ચિંતન થવાનું ઉત્તરાર્ધથી કહે છે. દોષ (તેનાથી થતો) નથી એમ જણાવવા 'જન્મરહિત' એમ કહેલું છે. એ પ્રમાણે અધ્યાસ ફલ આપનારો હોવાનું કહીને, 'શાંત થઈ' શબ્દોથી (કાર્ય) પૂર્ણ થયાનું કહે છે. પછી પરમ રસ પ્રાપ્ત કરી તે શાંત થએલ હોવાથી ઘણા સુખી જ થાય છે, એવો અર્થ છે. ૩૨.

એ પ્રમાણે ફલ (થતાં) સુધીના ભગવાન્ સંબંધી ધર્મો કહીને, તેના બોધથી

---

વાસ્તવિક રીતે તે (શ્રવણ) પ્રાપ્ત થાય છે. (પ્ર)

૨. સ્મરણ કર્યા પછી પાપનો નાશ થાય, તો પાપનો નાશ સ્મરણનું ફલ ગણાય, હરિએ કરેલ ન ગણાય, એવો ભાવ જણાય છે.

જો ભગવાનમાં આસક્તિવાળો થાય, ધર્મોને લીધે ધર્મીમાં આસક્તિવાળો થાય[1], તો તે જ માયા તેને પતિના સ્થાને લઈ જાય છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈતિ ભાગવતાન્ ધર્માન્ શિક્ષન્ ભક્ત્યા તદુત્થયા ।।**
**નારાયણપરો માયામઞ્જસ્તરતિ દુરસ્તરામ્ ।।૩૩।।**

એ પ્રમાણે ભાગવત્ ધર્મોનો બોધ લેતાં, તેમનાથી ઉત્પન્ન થએલી ભક્તિથી નારાયણને સર્વથી ઉત્તમ જાણનાર થઈ, તરી ન શકાય તેવી માયાને સહેલાઈથી તરે છે. ૩૩.

બોધથી જ ભક્તિ થાય છે, અને તે ભક્તિથી નારાયણને ઉત્તમ જાણનાર થવાય છે.

**નારાયણઃ પરો યસ્ય પરત્વં કીદશં મતમ્ ।।**
**માર્ગાન્તરાચ્ચેદુત્કર્ષો વિષયો એક એવ હિ ।।૩૨।।**

નારાયણ જેને ઉત્તમ છે એમ કહ્યું તે ઉત્તમપણું કેવું વિચારેલું છે[2] ? બીજા માર્ગથી ઉત્તમપણું કહેતા હો તો વિષય ખરેખર એક જ છે[3]. કા.૩૨.

**પ્રકારશ્ચેદ્ધર્મપરો વિષયઃ કીદશઃ પરઃ ।।**
**ઉત્કૃષ્ટબુદ્ધિઃ સિદ્ધૈવ તતો નિષ્ઠાવશિષ્યતે ।।૩૩।।**

જો ઉત્તમપણાનો પ્રકાર ગુણના સંબંધમાં હોય, તો તે ઉત્તમ વિષય ગુણ કેવો[4] છે? ઉત્તમ હોવાની બુદ્ધિ તેથી થઈ જ છે, તેથી[5] ઉત્તમ સ્થિતિ જાણવી બાકી રહી. કા.૩૩.

**તદ્ધર્માણાં ન નિષ્ઠાત્વમતઃ પૃચ્છતિ સંશયાત્ ।।૩૩ા.।।**

---

૧. 'તેના બોધથી જો ભગવાનમાં આસક્તિવાળો થાય' એ શબ્દોનું જ આ વ્યાખ્યાન છે. (પ્ર)
૨. ગયા શ્લોકમાં કહ્યા પ્રમાણે શ્રુતિ નારાયણને ઉત્તમ માને છે તો પછી રાજા તેમની ઉત્તમ સ્થિતિ જાણવાની કયા સંશયને લીધે ઈચ્છા કરે છે, તેનો અહિં વિચાર કરે છે. અહિં 'નારાયણ' શબ્દ શું 'નરાયન' (નરનું સ્થાન)ના આ, તે નારાયણ એવા સંબંધ દર્શાવનાર તદ્ધિત પ્રત્યયથી થએલો છે, કે રૂઢિથી યોજાય છે તે છે ? જો તદ્ધિત પ્રત્યયથી થએલ હોય તો શું માર્ગના વિચારથી કે ગુણના? ગુણના વિચારથી યોજાએલ હોય તો તે ભગવાનમાં રહેલા ગુણથી? કે ભગવાનને પ્રાપ્ત કરાવવાના ગુણથી? આવા સંશયને લીધે આ વાક્ય કહેલું છે. (પ્ર)
૩. માર્ગના વિચારથી (નારાયણ શબ્દ) યોજાએલ હોય, તે સંબંધી વિચાર આ વાક્યમાં કહેલો છે. નિશ્ચયપૂર્વક ભક્તિ, જ્ઞાન અને કર્મ (ત્રણે) માર્ગોનો વિષય એક જ ભગવાન જ છે. તેથી આ ત્રણમાં કયા માર્ગને ઉત્તમ ગણવાનો એ કહેવું જોઈએ, એવો અર્થ છે. (પ્ર)
૪. જો ગુણના વિચારથી (નારાયણ શબ્દ) યોજેલ હોય, તો ભગવાનમાં રહેલા ધર્મને ઉત્તમ ગણવાનો છે? એમ હોય તો તે 'વિષય'-ભગવાનનો ઉત્તમ 'ગુણ'-કયો ? એ કહેવું જોઈએ, એવો અર્થ છે. (પ્ર)

તેમના ધર્મોની ઉત્તમ સ્થિત નથી[૬]. તેથી સંશયને લીધે (રાજા નિમિ) પ્રશ્ન કરે છે. કા.૩૩ાા.

જનક કહે છેઃ

**નારાયણાભિધાનસ્ય બ્રહ્મણઃ પરમાત્મનઃ ।।**
**નિષ્ઠામર્હથ નો વક્તું યૂયં હિ બ્રહ્મવિત્તમાઃ ।।૩૪।।**

નારાયણ નામના બ્રહ્મ પરમાત્માની ઉત્તમ સ્થિતિ[૧] અમને આપ કહો, કારણ કે આપ બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ છો. ૩૪.

(આ વિષય) ઘણો ગૂઢ હોવાથી તેનું (ઋષભના પુત્રોને) જ્ઞાન છે, એમ જણાવનારું કારણ 'બ્રહ્મ જાણનારાઓમાં શ્રેષ્ઠ' શબ્દથી કહેલું છે. માત્ર નામ જ ભેદ કરાવનારું છે એમ જણાવવા 'નામના' શબ્દ (યોજેલ છે.) શ્રુતિ અને સ્મૃતિનો વિરોધ ન થાય, તેમ કહો, એવો ભાવ છે. ૩૪.

ભગવાન્ હોવાપણું એ જ ઉત્તર છે એમ જણાવવા છ(શ્લોકો)થી ઉત્તર કહે છે. અગ્નિરૂપ વાણીના અધિપતિ[૧] હોવાથી ત્રણ માર્ગ પ્રમાણે (ભગવાન્) ઉત્તમ છે, એમ કહેવું જોઈએ. તે પૈકી સ્વરૂપના અને સંબંધીના ભેદથી બે(શ્લોકો)થી પોતાના માર્ગ પ્રમાણે[૨] (ભગવાન્ ઉત્તમ હોવાનું) કહે છે. આરંભમાં નીચેના શ્લોકમાં સ્વરૂપથી (ઉત્તમ હોવાનું) કહે છેઃ

પિપ્પલાયન કહે છેઃ

**સ્થિત્યુદ્ભવપ્રલયહેતુરહેતુરસ્ય યઃ સ્વપ્નજાગરસુષુપ્તિષુ સદ્બહિશ્ચ ।।**
**દેહેન્દ્રિયાસુહૃદયાનિ ચરન્તિ યેન સઞ્જીવિતાનિ તદવેહિ પરં નરેન્દ્ર ।।૩૫।।**

હે નરેન્દ્ર ! જે આ જગતની સ્થિતિ, ઉત્પત્તિ અને પ્રલયનું કારણ છે અને કારણ રહિત છે, જે સ્વપ્નની, જાગવાની અને ગાઢ નિદ્રાની અંદર વિદ્યમાન

---

૫. 'આટલું શ્રવણ કર્યું, છતાં ભગવાન્ ઉત્તમ છે એવી તારી બુદ્ધિ થઈ નહિ. તેથી તારો અધિકાર ન હોવાથી તને આગળ કાંઈ કહેવું ન જોઈએ' એવી શંકા ન કરવી જોઈએ કારણ કે 'તેથી' એટલે શ્રવણથી ભગવાન્ ઉત્તમ હોવાથી બુદ્ધિ થઈ જ છે. (પ્ર)

૬. 'નિષ્ઠા' એટલે ઉત્તમ સ્થિતિ (પ્ર)

૧. ધર્મો સાધનનાં સાધનરૂપ હોવાથી તેમની ઉત્તમ સ્થિતિ નથી, તેથી આવા સંશયને લીધે ઉત્તમ સ્થિતિ સંબંધી પ્રશ્ન કરે છે, એવો અર્થ છે. આ બધું તાત્પર્ય ઉત્તરને અનુસરી કહેલું જાણવું. (પ્ર)

૧. 'પિપ્પલ' વૃક્ષ છે 'અયન' સ્થાન જેનું તે પિપ્પલાયન. વૃક્ષમાં (કાષ્ઠમાં) અગ્નિ રહેતો હોવાથી, 'પિપ્પલાયન'નો અર્થ અગ્નિ થતો હોવાથી, આ પ્રશ્નનો ઉત્તર આપનાર અગ્નિરૂપ છે, અને અગ્નિ વાણીના અધિપતિ છે.

૨. 'પોતાના મત પ્રમાણે' એટલે ભક્તિમાર્ગના સિદ્ધાંત પ્રમાણે, એવો અર્થ છે. (પ્ર)

છે અને જૂદા (જણાય છે), જેમનાથી જીવન પમાડેલા દેહ ઈન્દ્રિયો પ્રાણ અને હૃદય કાર્ય કરે છે, તેમને ઉત્તમ જાણ. ૩૫.

ઉત્તમપણું ત્રણ પ્રકારે થાય ૧.સરસાઈવાળું હોવું ૨.જૂદાઈવાળું હોવું અને ૩.વશ કરનાર હોવું. તે પૈકી ૧.સરસાઈ જગતના મુખ્ય કર્તા તરીકે[3] થાય. ૨.ત્રણે અવસ્થાઓમાં સાક્ષી થવાનું અને મોક્ષમાં તથા સમાધિમાં પણ અનુભવ થવો એમ વિદ્યમાન રહેવાથી જૂદાપણાનો અનુભવ કહેલો છે. ૩.દેહ ઈન્દ્રિયો પ્રાણ અને અંતઃકરણ(હૃદય) જ જીવના અનુચર છે, તેમને જીવન પમાડનાર તરીકે ભગવાન્ જીવને વશ રાખનાર છે. જો કે ત્રણ પ્રકારનું ઉત્તમપણું સાધારણ[4] ગુણ છે, છતાં પણ ભક્તિમાર્ગમાં ભગવાન્ અસાધારણ[5] થાય છે, અને તેથી ૧.પ્રવાહ થી જૂદા પ્રકારે[6] તે(જગત)ની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય પોતે કરે છે. ૨.ત્રણ અવસ્થાઓમાં પોતે જ સર્વનું હિત કરનાર હોય છે અને ૩.સમાધિમાં તથા મોક્ષમાં જે પ્રકારે સુખ થાય તેવી રીતે દેહ વિગેરેને કાર્ય કરાવે છે. આટલાથી[7] ‘મારા ઘણા ઈચ્છેલા છે’ એમ કહેવાયું. ૩૫.

ભગવાનના સંબંધવાળો કોઈ હોવાનો વિચાર ખોટો હોવાનું કહે[1] છે,

---

૩. શ્લોકમાં ‘અહેતુઃ’ શબ્દ છે, તેનો અર્થ નથી, હેતુ (કારણ) જેમનું તેવા, એવો હોવાથી, એ શબ્દથી ‘મૂલરૂપ’ જણાવ્યું. તેથી તે ઉત્તમ છે. (પ્ર)

૪. ‘સાધારણ’ એટલે જીવ અને ઈશ્વરને સાધારણ. (પ્ર) ત્રણે માર્ગમાં સાધારણ એવો અર્થ પણ લઈ શકાય તેમ છે.

૫. ભક્તિમાર્ગમાં ‘જેનું આત્મા શરીર છે’. વિગેરે શ્રુતિઓ પ્રમાણે જીવને પણ વશ રાખનાર ભગવાન જ છે તેથી જીવને વશ રાખવાથી જ દેહ વિગેરેને જીવન કરાવનાર છે, પોતાથી તેમ કરતા નથી, એવો અસાધારણ ગુણ ભક્તિમાર્ગમાં છે. તેથી જ જીવનનું કર્તાપણું ભગવાનને આધીન છે એવો બ્રહ્મસૂત્રમાં પણ નિયમ કહેલો છે. તેમાં પણ ભક્તોએ આત્મનિવેદન કરેલ હોવાથી તેઓના આમના ઉપરનાં અભિમાનનો પણ (ભગવાન્) પોતે અંગીકાર કરે છે, એવો ભેદ છે. (પ્ર)

૬. પ્રવાહમાં પ્રકૃતિમાંથી જ અને પ્રકૃતિમાં જ જગતની ઉત્પત્તિ વિગેરે થાય છે. ભક્તિમાર્ગમાં તો (ભગવાન્) પોતામાંથી જ અને પોતાની અંદર જ તેમની ઉત્પત્તિ વિગેરે કરે છે એવો ભેદ છે. (પ્ર)

૭. એ પ્રમાણે ભક્તિમાર્ગમાં (ભગવાન્) ઉત્તમ છે એમ કહીને, આ વાક્યથી તે માર્ગની ઉત્તમ સ્થિતિ કહે છે. ‘આટલાથી’ એટલે જે પ્રકારે સુખ થાય તેવી રીતે દેહ વિગેરેને કાર્ય કરાવે છે તેટલાથી, જીવે આત્મનિવેદન કરેલ હોવાનું સિદ્ધ થાય છે તેથી, એવો અર્થ છે.(પ્ર)

૧. ‘સ્વરૂપથી ભગવાન્ સર્વથી ઉત્તમ છે એવો નિશ્ચય શાથી થયો ?’ એમ પ્રમાણ જાણવાની ઈચ્છા થાય, તે દૂર કરવા આ શ્લોક કહેલો છે. (પ્ર)

કારણ કે તેમના સંબંધી તરીકેનું જ્ઞાન તે(તેવું)[2] છે. તે વિષયમાં ધર્મી (ભગવાન)નું જ્ઞાન થઈ શકે તેવું નથી એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**નૈતન્મનો વિશતિ વાગુત ચક્ષુરાત્મા પ્રાણેન્દ્રિયાણિ ચ યથાનલમર્ચિષઃ સ્વાઃ ।।**
**શબ્દોઽપિ બોધકનિષેધતયાત્મમૂલમર્થોક્તમાહ યદૃતે ન નિષેધસિદ્ધિઃ।।૩૬।।**

જેમ અગ્નિમાં પોતાની જ્વાલાઓ પ્રવેશ કરે છે, તેમ આમાં મન તથા વાણી, નયન અને બુદ્ધિ, પ્રાણ અને ઈન્દ્રિયો પ્રવેશ કરતાં નથી. વેદ પણ પોતાનાં (આ) મૂલને (કોઈ) જણાવનાર નથી એવા પ્રકારથી અર્થથી જણાવેલું કહે છે, જેના વિના જણાવનાર (કોઈ) ન હોવાનું પણ સિદ્ધ ન થાય. ૩૬.

બધા ભગવાનના સંબંધમાં માત્ર ચિંતન કરે છે. વાસ્તવિક રીતે તો તેમનું જ્ઞાન થવાનું સંભવતું નથી, કારણ કે જ્ઞાનનાં સાધનોમાં જ્ઞાન કરાવવાની શક્તિ નથી. મન (જ્ઞાન કરાવનારું) પ્રથમ પદાર્થ છે, વાણી તેની પછીનો પદાર્થ છે. તેથી[3] પ્રવાહ તરીકે અને અલૌકિક તરીકે જ્ઞાન થતું નથી[4]. વેદ સિવાયના યોગ વિગેરેનો પણ આમાં સમાવેશ કરેલો[5] છે. 'ઉત' 'અને' શબ્દ જૂદો આરંભ દર્શાવવા યોજેલ છે. લૌકિક સાધનો કહે છે. 'નયન અને બુદ્ધિ' શબ્દોથી બહારની અને અંદરની જ્ઞાનશક્તિઓ કહેલી છે. 'પ્રાણ અને ઈન્દ્રિયો' શબ્દોથી ક્રિયાશક્તિ (જણાવેલી છે). 'ચ' 'અને' શબ્દથી દેવતાઓનો સમૂહ કહેલ. 'પર ઈશ્વર પ્રતિ જનારી ઈન્દ્રિયો બ્રહ્માએ રચી છે' વાક્યમાં ચિંતનથી થતું જ્ઞાન જ કહેલું છે[6]. સંબંધવાળો (પદાર્થ) હોય તે જોવામાં ન આવે તેવું ન બને. એમ જણાવવા તે વિષયનું લૌકિક દૃષ્ટાંત કહેલું છે. 'સ્વાઃ' 'પોતાની' વિશેષણ ભગવાનનાં તેજથી જૂદી હોવાનું જણાવવા યોજેલ છે. 'અર્ચિષઃ' એટલે જ્વાલાઓ. 'આ આવું છે' એવા પ્રકારનું જ્ઞાન વેદથી પણ થતું નથી એમ ઉત્તરાર્ધથી કહે છે. વેદમાંથી ભગવાનનું જ્ઞાન થવાનું ત્રણ પ્રકારે સંભવે. ૧.વેદ પોતે સાધન થઈને કરાવે. ૨.પોતે બોધ કરેલાં સાધનથી

૨. ભગવાન્ સર્વથી ઉત્તમ છે, તેમના સંબંધી તરીકેનું જ્ઞાન તેમના સંબંધી જણાવનારું છે, એવો અર્થ છે. (પ્ર)
૩. 'તેથી' એટલે મન અથવા વાણીમાં જ્ઞાન કરાવવાની શક્તિ ન હોવાથી,
૪. જેવું સામાન્ય રીતે લોકમાં જ્ઞાન થાય છે, તેવું ભગવાનનું જ્ઞાન 'શબ્દ ઈતિ ચેન્ન'થી આરંભી બે સૂત્રોમાં કહ્યા પ્રમાણે પ્રવાહ તરીકે અથવા અલૌકિક તરીકે થતું નથી. (પ્ર)
૫. કારણ કે મનનો નિરોધ (સંયમ) એજ યોગ છે. (પ્ર)
૬. 'યોગથી શક્તિવાળાં થએલ નયનથી જ્ઞાન થવાનું શ્રુતિ કહે છે, એમ કેમ કહેતા નથી ?' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. તેમ જ્ઞાન થતું હોય, તો 'આ આત્મા પ્રવચનથી પ્રાપ્ત થતા નથી' 'વેદોથી મારું (જ્ઞાન થતું) નથી' એ શ્રુતિ અને સ્મૃતિ ખોટાં ઠરે. (પ્ર)

કરાવે અને ૩.પોતાનાં કારણ તરીકે જ્ઞાન કરાવે. ૧.તે વેદના બે કાંડોનો અર્થ ક્રિયા અથવા જ્ઞાન હોવાથી[૭], તેમનાં અંગ તરીકે બીજાનું વર્ણન થએલ હોવાથી, સ્વતંત્ર રીતે પોતે સાધન થઈને વેદ ભગવાનનું નિરૂપણ કરતો નથી. તેમ ન હોય (સ્વતંત્ર રીતે જ્ઞાન કરાવતો હોય), તો વાક્યનો ભેદ થવાનું બને. બધો વેદ આજ્ઞારૂપ અંગવાળો અથવા જ્ઞાનરૂપ અંગવાળો છે, પરંતુ બ્રહ્મ છે એમ અર્થ માટે[૮] અને પોતાની ઉત્પત્તિનાં કારણ માટે કહેલું છે. ૨.'જ્યાંથી વાણી મન સાથે પ્રાપ્ત કર્યા વિના પાછી ફરે છે' વિગેરે વચનોથી જ્ઞાનનાં સાધનો[૯] ભગવાનનું જ્ઞાન કરાવતાં ન હોવાનું તો વેદ પોતે જ કહે છે. 'કોણ ખરેખર જાણે છે ?' 'વેદો અથવા વેદો ન હોય તેવા કોણ જાણે છે?' એવાં પણ વાક્યો છે. ''ત્યારે 'બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે'માં જણાવેલાં જ્ઞાનનું સાધન શું?'' એમ પૂછો, તો અમો કહીએ છીએ કે ભગવાન્ પોતે જ[૧૦] તેનું સાધન છે. જો બ્રહ્મ પ્રકટ થાય, તો તેનાં સાધનોની કાંઈ પણ શક્તિ નથી. તેવા પ્રકારનું જ્ઞાન થવાનું તો પાછલા શ્લોકમાં જ[૧૧] કહેલું છે. 'અને પોતાનું દર્શન કરાવે' એવું વાક્ય છે. વેદ પોતે પણ માત્ર વૃત્તાંત કહે છે, જ્ઞાન કરાવતો નથી[૧૨]. વળી વેદ ક્રિયા કરાવે છે. જ્ઞાન કરાવતો નથી. ૩.'જ્ઞાન કરાવનારાં સાધન ન હોવાનું કહે છે ત્યારે જ્ઞાન કેવા પ્રકારે કરાવે છે?' એવો પ્રશ્ન થાય, તેથી 'જેના વિના (જણાવનાર કોઈ ન હોવાનું પણ સિદ્ધ ન થાય)' એમ કહેલું છે. નિષેધ નથી એવાં વચનો પણ હદવાળાં હોવાથી, બ્રહ્મનું વર્ણન કરતાં નથી એમ કહેતાં ક્યાંથી અટકે? એટલે વાક્યોના અર્થનો નિર્ણય ન થાય. 'તેનું જ જ્ઞાન પ્રાપ્ત કરીને મૃત્યુને તરે છે' એ વાક્ય તો ઉપાસના કાંડમાં આવેલું હોવાથી, તેનો એવો અર્થ થાય છે કે એકલાનો તેનો જ સંપૂર્ણ રીતે આશ્રય કરવો[૧૩]. તેમ ન હોય તો,

૭. જૈમિનિના મત પ્રમાણે ક્રિયા અને વ્યાસના મત પ્રમાણે જ્ઞાન અર્થ છે તેમના જુદા જુદા મત પ્રમાણે બંને કાંડનો એક અર્થ હોવાનું સિદ્ધ કરેલું છે. (પ્ર)

૮. 'અર્થ માટે' એટલે (પૂર્વકાંડ પ્રમાણે) ફલ માટે (ઉત્તરકાંડ પ્રમાણે જ્ઞાનના) વિષય માટે, એમ યોગ્યતા પ્રમાણે જાણવું. (પ્ર)

૯. '(જ્ઞાનનાં) સાધનો' એટલે જ્ઞાન કરાવનારી ઇન્દ્રિયો. (પ્ર)

૧૦. 'આ આત્મા તેના તનનું પોતે જ વરણ કરે છે' એ શ્રુતિ પ્રમાણે, એવો ભાવ છે. (પ્ર)

૧૧. પાછલા શ્લોકમાં 'બહિશ્ચ'માંના 'બહિઃ' શબ્દથી, એટલું અધ્યાહાર છે. (પ્ર)

૧૨. વેદ જ્ઞાન કરાવતો ન હોય તો 'તે ઔપનિષદ પુરુષને પૂછું છું' એ શ્રુતિનો વિરોધ થાય, એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર)

૧૩. ''વેદ જો 'આ બ્રહ્મ નથી, આ બ્રહ્મ નથી' એમ જે બ્રહ્મ ન હોય તેવાં જણાવીને જ બ્રહ્મનું નિરૂપણ કરતા હોય, પણ 'બ્રહ્મ આવા પ્રકારનું છે' એમ જણાવતાં ન હોય, તો સાધન

બીજું જ્ઞાન હોય ત્યારે મોક્ષ ન થાય[૧૪]. તે વળી જરુરનું છે[૧૫]. તેથી 'આ આવું છે' એવા પ્રકારનું બ્રહ્મનું જ્ઞાન થતું જ ન હોવાથી બીજો (ભગવાનના સંબંધી કોઈ હોવાનો) વિચાર સત્ય નથી. ૩૬.

નીચેના શ્લોકમાં જ્ઞાનમાર્ગ પ્રમાણે ઉત્તમ[૧] (હોવાનું) કહે છેઃ

**સત્ત્વં રજસ્તમ ઈતિ ત્રિવૃદેકમાદૌ સૂત્રં મહાનહમિતિ પ્રવદન્તિ જીવમ્ ।।**
**જ્ઞાનક્રિયાર્થ ફલરૂપતયોરુશક્તિ બ્રહ્મૈવ ભાતિ સદસચ્ચ તયોઃ પરં યત્ ।।૩૭।।**

ઘણી શક્તિવાળું બ્રહ્મ જ આરંભમાં સત્ત્વ, રજઃ અને તમઃ એવું, એક પ્રધાન, સ્થૂલકારણ સૂક્ષ્મકારણ અને અહંકાર એવું જેને જીવ કહે છે તે, જ્ઞાન, ક્રિયા, વિષય અને ફલના આકારવાળું ઉચું નીચું અને તે બેને વશ રાખનાર છે તે તરીકે પ્રકાશે છે. ૩૭.

સદા સર્વ સ્થલે (બ્રહ્મનો) પ્રકાશ[૨] જણાય તે બ્રહ્મની ઉત્તમ સ્થિતિ છે. જે પ્રકાશે છે તે બીજો પદાર્થ નથી (અને) બ્રહ્મ છે એમ સિદ્ધ કરવા (કાર્યો) કહે છે. ઉત્પન્ન થએલા ગુણોથી રચાએલું[૩] કાર્ય કરવા તત્પર થએલું પ્રધાન (પ્રકૃતિ) તે એક

---

વિનાનાઓને પણ જેવું તેવું જ્ઞાન તો થાય, પરંતુ સારી રીતે જ્ઞાન થાય તે જ (મોક્ષ) કરાવનારું હોવાથી, અને વેદ તેવું જ્ઞાન કરાવતા ન હોવાથી બીજાથી તો થઈ શકે જ નહિ. તેથી 'તેવું જ જ્ઞાન પ્રાપ્ત કરીને' શ્રુતિ જ્ઞાન મોક્ષ કરાવનાર હોવાનું કહે છે તે ખોટું ઠરે'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. આ શ્રુતિ શ્વેતાશ્વતર (ઉપનિષદ)માં છે. ત્યાં જણાવેલા જ્ઞાનને આરંભમાં કહેલી ઉપાસનાની જરુર રહે છે. ત્યાં પણ સંપૂર્ણ રીતે ભગવાનનો આશ્રય કરવો એવો મત જણાવેલ છે. તે પણ તેનાં કારણરૂપ ભગવાનની કૃપા ઉપર આધાર રાખે છે. તેથી ત્યાં પણ ભગવાને કરાવેલું જ જ્ઞાન મોક્ષ પ્રાપ્ત કરાવનાર હોવાનું જણાતું હોવાથી વિરોધ નથી. એવો અર્થ છે. (પ્ર)

૧૪. તેમ ન માનીએ તો તર્કનો વિરોધ થાય છે એમ કહે છે. 'બીજું' એટલે સાક્ષાત્કાર સિવાયનું (પ્ર)

૧૫. સાક્ષાત્કારરૂપ જ્ઞાન મોક્ષ ઈચ્છનાર માટે જરુરનું છે. (પ્ર)

૧૪।૧૫ અથવા આ બે વાક્યોથી એમ કહેલું છે કે ભગવાનનો સંપૂર્ણ રીતે આશ્રય કરેલ ન હોય તો બીજા (બ્રહ્મ સિવાયના) પદાર્થનું જ્ઞાન થવાથી મોક્ષ ન થાય. તેથી 'તે' સંપૂર્ણ રીતે આશ્રય કરવાનું જરૂરી છે. આ શ્લોક 'આ આત્મા પ્રવચનથી પ્રાપ્ત થતો નથી' વિગેરે શ્રુતિ અને 'ભેદથી (મારું જ્ઞાન) થઈ શકતું નથી' 'પરંતુ અનન્ય ભક્તિથી થાય છે' એ સ્મૃતિનું સમર્થન કરે છે. (પ્ર)

૧. 'ઉત્તમ' એટલે ત્રણ પ્રકારની હદ વિનાનું (પ્ર) દેશની, કાલની અને સ્વરૂપની એવી ત્રણ હદ વિનાનું.

૨. 'પ્રકાશ' શબ્દથી એ માર્ગ પ્રમાણે બ્રહ્મનું સ્વરૂપ જાણવું. (પ્ર)

૩. આ વિશેષણ 'ત્રિવૃત્' (પ્રધાન)નાં વ્યાખ્યાનરૂપ છે, અને આનું વ્યાખ્યાન 'કાર્ય કરવા તત્પર થએલું પ્રધાન' છે.(પ્ર)

કાર્ય[૪] છે, એવો અર્થ છે. ત્યાર પછી ક્રિયા, જ્ઞાન અને અહંકારરૂપ ત્રણ પ્રકારની જીવની ઉપાધિરૂપ[૫] બીજું કાર્ય છે. ત્યાર પછી ક્રિયા જ્ઞાન વિષય (પદાર્થ) અને ફલના ભેદથી ચાર પ્રકારનું (કાર્ય), 'સર્વ' શબ્દનો આટલો જ અર્થ છે. 'નામ અને રૂપ (આકાર) પણ પ્રકાશતા હોવાથી, તેનું મૂલ (બ્રહ્મ સિવાય) બીજું હશે' એવી શંકા થાય તેથી 'બ્રહ્મ જ' એમ કહેલું છે. માયા મૂલ થાય તેમ હોય, તો (તે કાર્યો) અસત્ય હોવાથી (તેઓનો) પ્રકાશ થવાનું સંભવે નહિ[૭], એવો ભાવ છે. ૩૭.

ત્રણ (શ્લોકો)થી સ્મૃતિ વિગેરેના માર્ગ પ્રમાણે પરમાત્માની ઉત્તમ સ્થિતિ હોવાનું કહે છે, કારણ કે તે (માર્ગ)માં આત્મા અને પરમાત્મામાં ભેદ નથી, પરંતુ કાલથી જેનું આક્રમણ થએલું નથી તેવું આત્માનું સ્વરૂપ જ પરમાત્મા છે. તે સદા અંતઃકરણમાં પ્રકાશે તે તેની ઉત્તમ સ્થિતિ. ત્યાં તેટલાથી[૧] અંતઃકરણના દોષનો સંબંધ થાય, ત્યારે તે (આત્મા)માં[૨] પણ દોષ થાય (આવે), તેથી આરંભમાં નીચેના શ્લોકથી (આત્મામાં) આ લોકના દોષ નથી એમ કહે છેઃ

**નાત્મા જજાન ન મરિષ્યતિ નૈધતેઽસૌ ન ક્ષીયતે સવનવિદ્ વ્યભિચારિણાં હિ ।।**
**સર્વત્ર શશ્વદનપાય્યુપલબ્ધિમાત્રં પ્રાણો યથેન્દ્રિયબલેન વિકલ્પિતં સત્ ।।૩૮।।**

આત્મા જન્મેલો નથી, મરવાનો નથી, તે વધતો નથી, ક્ષીણ થતો નથી; કારણ કે જેમનામાં ફેરફાર થાય છે તેવા (દેહો)ના સમયને ખરેખર જાણનાર છે, સર્વ સ્થલે સદા રહેલો છૂટો ન પડે તેવો, પ્રાણની પેઠે માત્ર ઉપલબ્ધિરૂપ (અને) ઈન્દ્રિયોનાં બલથી વિચારેલા સત્ જેવો છે. ૩૮.

દેહમાં ઉત્પન્ન થએલાનાં સંબંધમાં સંદેહ થાય છે. તે પૈકી ભગવાનના

૪. 'કાર્ય' એટલે પ્રથમ કાર્ય. (પ્ર)
૫. સૂક્ષ્મરૂપ (સૂત્ર), સ્થૂલરૂપ (મહાન) અને કાર્યરૂપ અહંકાર એ ત્રણ પ્રકારની જીવની ઉપાધિરૂપ. (પ્ર)
૬. સત્, અસત્ અને પરમ્ એ ત્રણ શબ્દના આ અર્થ કહેલા છે. (પ્ર)
૭. જે માયિક પદાર્થ દેખાય છે તે સત્યના પ્રતિબિંબ જેવા જ દેખાય છે એમ લોકમાં પ્રસિદ્ધ છે, તેથી 'મૂલ' સત્ય પદાર્થનું જ હોય, એમ કહેવું જોઈએ. તેમ ન હોય તો આકાશમાં ઉગેલું માયિક ફૂલ પણ જોવામાં આવે, તેથી તે માર્ગ પ્રમાણે પણ સર્વત્ર મૂલ બ્રહ્મ જ છે, એવો ભાવ છે. (પ્ર)
૧. 'તેટલાથી' એટલે કાલ વિગેરેનું આક્રમણ થવાથી (પ્ર) અંતઃકરણમાં પ્રકાશવાથી એટલે અંતઃકરણનો સંબંધ થવાથી, એવો પણ અર્થ થઈ શકે તેમ છે. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો પાઠ લીધેલ છે.
૨. 'તત્ત્વે' એટલે પરમાત્મા હોવામાં (પ્ર) વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં 'તત્ર' પાઠ છે તે લીધો છે, કારણ કે પરમાત્મા હોય તેમાં દોષ હોવાનું સંભવતું નથી.

માર્ગમાં અને બ્રહ્મવાદમાં 'નાશ થાય તેવાઓના જન્મ' 'જન્મ તો આત્મા તરીકે' વિગેરે (વાક્યો) કહેલાં હોવાથી (જીવના) જન્મ અને મરણ[3] હોય છે, પરંતુ બીજા ગુણો (તેમાં) નથી. સ્મૃતિમાં તો જીવમાં આ ચારે ગુણો નથી, તેનું કારણ 'જેમનામાં ફેરફાર થાય છે તેવાના સમયને જાણનાર' શબ્દોથી કહેલું છે[4], કારણ કે બાલપણનો, કુમાર અવસ્થાનો, જુવાનીનો વિગેરે દેહોના સંબંધમાં પણ (તેઓની) આરંભથી ઉત્પત્તિ થાય છે એવો મત અંગીકાર કરેલ ન હોવાથી[5] અને (તેઓ) જૂદી જાતના હોવાથી, (જીવની) સ્થિતિ સાથેના બાલપણ વિગેરેના દેહોની ઉત્પત્તિ થવાનું સ્વીકારવું જોઈએ. તે સંજોગોમાં તેઓને (તેમના) સમયનું જ્ઞાન હોય છે, તે ધોરણ પ્રમાણે જન્મના અને મરણના (સમયનું જ્ઞાન) પણ હોવું જોઈએ, એ કારણ છે. પરંતુ સંસ્કાર કરવામાં આવેલ નથી[6]. 'હિ' 'ખરેખર' શબ્દથી જોનાર અને જોવાના પદાર્થનો ભેદ (હોવાનું) કહેલ છે. 'સર્વ સ્થલે' વિગેરે ચાર શબ્દોથી બીજાં કારણો હકેલાં છે, કારણ કે (૧) સર્વ સ્થલે રહેલ હોય તેનો જન્મ (થવાનું) સંભવતું નથી. (૨) તેમ જ સદા રહેનારનું મૃત્યુ (સંભવતું) નથી.

---

૩. 'જન્મમરણ' એટલે યોગ્યતા પ્રમાણે સમાગમ. પદાર્થનો (દેહનો) આત્મા તરીકે સ્વીકાર કરવો તે જન્મ. તેમાંથી બહાર નીકળી, કરેલા સ્વીકારનો ત્યાગ કરવો તે મરણ. આવા જન્મમરણ જીવના થાય છે, એવો સ્વીકાર કરવામાં આવે છે. (પ્ર)

૪. 'જેનામાં ફેરફાર થાય છે તેવા' એટલે જુદી જુદી અવસ્થાના જે દેહો, તેમની અંદર રહેવાનો જે સમય તેને આત્મા જાણે છે, એમ કહેલું છે. (પ્ર)

૫. (જીવથી જૂદી દેહની ઉત્પત્તિ થાય છે એવો મત આ સ્મૃતિવાદ સ્વીકારતો ન હોવાથી) (આત્માથી) દેહ જૂદો છે એમ તેમનાથી કહી શકાય તેમ નથી. (દેહ આત્માથી) જૂદા પ્રકારનો હોવાથી (દેહ) આત્મા છે એમ પણ સ્વીકારી શકાય નહિ. તેથી (આત્માની) વિપરિણામરૂપ ઉત્પત્તિ દેહ છે એમ સ્વીકારવું જોઈએ, અને તે તે (વિપરિણામરૂપ ઉત્પત્તિ)ના સમયના જ્ઞાન વિના સ્વીકારી શકાય નહિ. તેથી આ (આત્મા)ને તેમના સમયનું જ્ઞાન છે એવો નિશ્ચય થાય છે. આમ હોવાથી જેમ (દેહની) વૃદ્ધિ અને ક્ષયના સમયનું તેને જ્ઞાન છે, તેમ જન્મ અને મરણના સમયનું જ્ઞાન હોવાનું અનુમાન કરવું જોઈએ. (પ્ર)

૬. 'જન્મ અને મરણનું સ્મરણ ન હોવાથી તેમના સમયનું જ્ઞાન નથી' એમ ન માનવું, કારણ કે સ્મરણ ઉત્પન્ન કરનાર સંસ્કાર થએલો ન હોવાથી, સ્મરણ ન હોવા છતાં જન્મ તથા મરણનું જ્ઞાન હોય તેમાં કાંઈ વિરોધ નથી. દરેક જ્ઞાનનો સંસ્કાર થવો જ જોઈએ એવો નિયમ નથી, કારણ કે જેની દરકાર કરેલ ન હોય તેવું જ્ઞાન સંસ્કાર ઉત્પન્ન કરતું નથી. એ પ્રમાણે જેમનામાં ફેરફાર થાય છે તેવા દેહોના સમયને જાણનાર હોવાનું સિદ્ધ થતાં, ઉત્પત્તિ વિગેરે આત્માના ગુણ ન હોવાનું પણ સિદ્ધ થયું અને તે સિદ્ધ થયું એટલે આત્મા પરમાત્મા હોવાનું પણ સિદ્ધ થયું, એવો અર્થ છે. (પ્ર)

(૩) સર્વથી જે છૂટો ન પડે તેવો હોય, તેની વૃદ્ધિ સંભવતી નથી, (અને) (૪) 'વિદ્' ધાતુવાળાનો ક્ષય સંભવતો નથી, અને (આત્મા) તેવો હોવાનું શ્રુતિથી (જણાય છે).

'દેહમાં રહેલ એવો કેમ હોય ?' એવી શંકા થાય, તેથી દૃષ્ટાંત કહે છે કે જેમ પ્રાણ ઉત્પન્ન થતો નથી (તેમ આત્મા ઉત્પન્ન થતો નથી). તે વિષયમાં પણ સંદેહ થાય, તેથી 'ઇન્દ્રિયોનાં બલથી વિચારેલ સત્ જેવો' શબ્દોથી બીજું દૃષ્ટાંત કહેલું છે. સુવર્ણ વિગેરે સત્ (પદાર્થ) ઇન્દ્રિયોનાં બલથી એટલે જ્ઞાનશક્તિથી અથવા ક્રિયા-શક્તિથી જુદા જુદા વિકારોવાળા કરવામાં આવે, તો પણ તેની ઉત્પત્તિ થતી નથી, કારણ કે તે સદા સુવર્ણ જ હોય છે. વાણી વિગેરેથી બ્રહ્મમાં વિકારો જ ઉત્પન્ન થાય છે, પરંતુ તેની ઉત્પત્તિ થતી નથી, એવો અર્થ છે. ૩૮.

આવો આત્મા હોવાનું પ્રમાણ નીચેના શ્લોકમાં કહે છે:

**અણ્ડેષુ પેશિષુ તરુષ્વવિનિશ્ચિતેષુ પ્રાણો હિ જીવમુપધાવતિ તત્ર તત્ર ।।**
**સન્ને યદિન્દ્રિયગણેઽહમિ ચ પ્રસુપ્તે કૂટસ્થ આશયમૃતે તદનુસ્મૃતિર્નઃ ।।૩૯।।**

ઈંડામાંથી ઉત્પન્ન થતા તથા ગર્ભમાંથી ઉત્પન્ન થતા દેહોમાં, વૃક્ષોમાં અને નિશ્ચય વિનાના દેહોમાં પ્રાણ જુદા જુદામાં જીવની સમીપ દોડી જાય છે, કારણ કે ઇન્દ્રિયોનો સમૂહ ક્રિયારહિત થાય અને અહંકારનો લય થાય, ત્યારે સ્થાન વિના (આત્મા) ઉત્તમ સ્થિતિમાં રહેલો હોય છે, તેનું આપણને સ્મરણ થાય છે. ૩૯.

જીવને બીજા દેહનો સંબંધ થાય છે એમ સાબિત થએલું છે. તે(બીજા દેહ)માં ભોગ કરનાર જીવ છે, (અને કાર્ય) કર્તા પ્રાણ છે, કારણ કે જ્યારે જીવ ઇન્દ્રિયોને લઈને જુદા જુદા (દેહો)માં જાય છે, ત્યારે પ્રાણ જીવની સમીપ દોડી જાય છે. 'નિશ્ચય વિનાના' એટલે પરસેવાથી થતાં હલકા (દેહો); અને તેથી દેહમાંથી જતાં રહેવાનું બેનું[1] કહેલું છે, અને તેથી દેહથી છૂટા (રહેતા આત્માને) તે (દેહ)ના ગુણોનો સંબંધ નથી, એવો ભાવ છે. દેહથી (આત્મા) જૂદો હોવા(ના વિષય)માં ઉત્તરાર્ધથી અનુભવ (હોવાનું) પણ કહેલ છે. નિદ્રા જ આધિભૌતિક (દેહથી) છૂટો પાડે છે, અને વળી સુષુપ્તિમાં ઇન્દ્રિયો અને અહંકારનો પણ લય થાય છે. તેવા પ્રસંગે સ્થાન ન રહેવાથી આત્મા ઉત્તમ સ્થિતિમાં રહેલો હોય છે; કારણ કે (દેહથી) છૂટો પડે[2] ત્યારે બ્રહ્મની પાસે જાય છે, અથવા પોતે જ શિખરની

૧. 'બેનું' એટલે જીવ અને પ્રાણનું.

૨. '' 'પ્રાજ્ઞ આત્માથી ભેટાએલો...' શ્રુતિમાં એક પછી એક ઘણા દેહોમાં રહેલ આત્મા ભેટતો હોવાનું કહેલ હોવા છતાં તેને ઉત્તમ સ્થિતિમાં રહેલો કેમ કહો છો ?'' એવી શંકા થાય તેથી આ કહેલ છે. તે છૂટા પડ્યા પહેલાંની જ સ્થિતિ (શ્રુતિમાં) કહેલી છે એવો અર્થ છે. (પ્ર)

પેઠે (ઉત્તમ સ્થિતિમાં) રહે છે. તે છે તે વિષયમાં 'હું સુખથી સૂતો' એવું આપણને પાછળથી થતું સ્મરણ પ્રમાણ છે, અને તેથી એમ સિદ્ધ થાય છે કે સર્વદોષરહિત નિર્વિકાર આત્મા દેહમાં છે. ૩૯.

નીચેના શ્લોકમાં તે ઉત્તમ (સ્થિતિવાળો) હોવાનું કહે છેઃ

**યર્હ્યબ્જનાભચરણૈષણયોરુભક્ત્યા ચેતો મલાનિ વિધમેદ્ ગુણકર્મજાનિ ।।**
**તસ્મિન્વિશુદ્ધ ઉભલભ્યત આત્મતત્ત્વં સાક્ષાદ્યથામલદશોઃ સવિતુઃ પ્રકાશઃ ।।૪।।**

જ્યારે જેમની નાભિમાં કમલ છે તેમના ચરણની ઈચ્છાથી કરેલી ઘણી ભક્તિથી ગુણો અને કર્મોથી ઉત્પન્ન થએલાં મેલોને અંતઃકરણ દૂર કરે છે, ત્યારે જેમ સ્વચ્છ નયનોને સૂર્યનો પ્રકાશ જણાય છે તેમ તે ઘણા શુદ્ધ થએલા (અંતઃકરણ)માં સાક્ષાત્ આત્મતત્ત્વ જણાય છે. ૪૦.

અંતઃકરણમાં શુદ્ધ આત્માનો અનુભવ (એ) પરમાત્માની સ્થિતિ છે. જેમનો દેહ જગતનું કારણ બનેલ છે તેમની ભક્તિમાર્ગ પ્રમાણે શોધ કરતાં જે પ્રેમ થાય છે, તે પાછો ઘણો વધે ત્યારે અંતઃકરણનાં મેલોને દૂર કરે છે. ભક્તિનાં ઘણાં ફલ હોવાથી 'જ્યારે' એમ કહેલું છે. જ્ઞાન માટે પ્રયાસ કરનારને આ (ફલ પ્રાપ્ત) થાય છે. ઘણાં સામર્થ્યવાળા અમુક આત્માનું અંતઃકરણ ભક્તિથી નિર્મલ થાય છે, એ (શાસ્ત્રનાં) વચનથી તથા દરેક સિદ્ધાંતથી સિદ્ધ થએલું છે. 'જ્યારે' શબ્દ તે માર્ગમાં સાધન ન હોવાનું સૂચવે છે. સ્વચ્છ કરવાથી તેજ પ્રાપ્ત કરતાં અંતઃકરણ ઘણું શુદ્ધ થાય છે, 'તેમને (નાભિમાં કમલવાળાને) માટે પ્રકટ થએલો પ્રેમ જ[1], અથવા તેમનું પ્રતિબિંબ (આત્મતત્ત્વ છે?)' એવો સંદેહ થાય, તેથી 'સાક્ષાત્' એમ કહેલું છે. તે (અંતઃકરણ)થી હદ બંધાતાં તેમાં (નાભિમાં કમલવાળા) પ્રકટ થતાં, તે જ તેમને જૂએ છે. 'જડ (અંતઃકરણ) ગ્રહણ કરે તો તે (ગ્રહણ કરેલ) વિષય થાય(ગણાય), (દેહની અંદર) પાછું ફરેલું નયન ગ્રહણ કરે, તો તે પ્રત્યક્ષ થાય, અને માત્ર તે (પોતે) પ્રકાશે તો પુરુષની કાંઈ ક્રિયા ન થાય' એવી શંકા થાય, તેથી 'જેમ (સ્વચ્છ નયનોને સૂર્યનો પ્રકાશ જણાય છે તેમ)' એમ કહેલું છે. આધ્યાત્મિક નયન પણ રૂપને ગ્રહણ કરે છે[2], તેમ ચાલુ પ્રસંગમાં પણ અપ્રાકૃત અલૌકિક (ચિત્ત આત્મતત્ત્વને ગ્રહણ કરે છે.)[2] 'સવિતુઃ' 'સૂર્યનો' એટલે પોતાની

૧. 'આત્મતત્ત્વ' શબ્દ અધ્યાહાર છે. (પ્ર)

૨-૨. 'સૂર્ય નયન તેમ જ તારાઓનું તેજ જૂદાં નથી' એ વાક્ય પ્રમાણે ત્રણે એક છે. તેમાં પણ તારાઓ રૂપની તન્માત્રા જ હોવાથી, ત્રણે રૂપ હોવા છતાં આધ્યાત્મિક નયન આધિદૈવિક પ્રકાશને ગ્રહણ કરે છે, તેમ ચાલુ પ્રસંગમાં પણ (શુદ્ધ થએલ હોવાથી) અલૌકિક અપ્રાકૃત ચિત્ત આધ્યાત્મિક છે, તે પોતાના આધિદૈવિક અલૌકિક અપ્રાકૃત આત્મતત્ત્વને

મેળે ઉગેલાનો. 'પ્રકાશ' એટલે સદા દેખાવું અને પરાધીન ન હોવું તે, જ્ઞાનનું ભાન થવું તે[3], એવો અર્થ છે. ૪૦.

ત્રણ માર્ગ પ્રમાણે આશ્રયનું શ્રવણ કરેલ રાજા કર્મમાર્ગમાં ઘણી શ્રદ્ધાવાળો હોવાથી ઘણા પ્રકારે (તેને) જાણવાની ઈચ્છાવાળો હોઈ નીચેના શ્લોકથી તે સંબંધી પ્રશ્ન (કરે છે):

રાજા(નિમિ) કહે છેઃ

**કર્મયોગં વદત નઃ પુરુષો યેન સંસ્કૃતઃ ।।**
**વિધૂયેહાશુ કર્માણિ નૈષ્કર્મ્યં વિન્દતે પરમ્ ।।૪૧।।**

જેનાથી વિશુદ્ધ થએલો પુરુષ આ લોકમાં તરત કર્મને તજી, ઉત્તમ કર્મરહિતપણું પ્રાપ્ત કરે છે તે કર્મયોગ અમને કહો. ૪૧.

શ્લોકનાં પહેલાં ચરણમાં જ પ્રશ્ન છે. બીજા ત્રણ ચરણોથી તેનાં ફલનો નિર્ણય પોતાના માર્ગ પ્રમાણે કહેલ છે. 'યજ્ઞ કરનાર હાડકાંને તેમ જ તેનાથી માંસને વિશુદ્ધ કરે છે,' અને 'બંધનમાંથી છૂટવા માટે' અને 'વિરાટની સ્થિતિ પ્રાપ્ત કરે છે' 'બ્રહ્મને અર્પણ કરવું' (ભ.ગી.૪।૨૪) એ પ્રમાણે આ લોકના અને પરલોકમાં જવાના ક્રમથી વિશુદ્ધિ, કર્મનો નાશ અને મોક્ષ[1] કહેલાં છે તેનો નિર્ણય બીજા માર્ગનો વિરોધ ન થાય તેમ જાણવો છે. ૪૧.

વળી નીચેના શ્લોકમાં બીજો સંદેહ કહે છેઃ

**એવં પ્રશ્નમૃષીન્ પૂર્વમપૃચ્છં પિતુરન્તિકે ।।**
**નાબ્રુવન્ બ્રહ્મણઃ પુત્રાસ્તત્ર કારણમુચ્યતામ્ ।।૪૨।।**

એવો પ્રશ્ન પહેલાં મેં પિતાની સમીપ ઋષિઓને પૂછેલ. બ્રહ્માના પુત્રોએ ઉત્તર ન આપ્યો. તેનું કારણ કહો. ૪૨.

પહેલાં કર્મયોગના સંબંધમાં થોડો સંદેહ હતો. ઋષિઓને કર્મનો ત્યાગ કરેલો જોઈને પ્રશ્ન કરેલો, પરંતુ (મારા પિતા) ઈક્ષ્વાકુની સમીપ (કરેલો). (તેમણે ઉત્તર ન આપ્યો), તેથી સંદેહ થાય છે કે કર્મયોગ જ અયોગ્ય છે, અથવા તેઓએ

ગ્રહણ કરે છે. તે બેમાં ભેદ ન હોવાનું બ્રહ્મવાદથી સિદ્ધ જ છે. (પ્ર)

૩. જ્ઞાનનું ભાન કરવામાં પુરુષની ક્રિયા છે એવો ભાવ છે. (પ્ર)

૧. શરીરમાં રહેલાઓનાં કર્મ વિગેરેની શુદ્ધિ તે સંસ્કાર. મહાભૂતોનું (પરલોક) જવું એટલે ક્રમથી ભગવાનને પ્રાપ્ત થવું, તે વિષયનું પ્રમાણ 'યજ્ઞ કરનાર'થી કહેલું છે. બીજાનું પ્રમાણ 'બંધનમાંથી છૂટવા માટે' વાક્યથી કહેલું છે. વરુણ બંધનવાળો છે. 'નિર્વરુણત્વાય' એટલે બંધનમાંથી છૂટવા માટે. ત્રીજા (મોક્ષ)નું પ્રમાણ (ભ.ગી.૪।૨૪)થી કહેલું છે. 'તે બ્રહ્મને જ પ્રાપ્ત કરવાનું છે' એમ તે શ્લોકમાં જ કહેલ હોવાથી તે (મોક્ષના વિષયમાં) પ્રમાણ છે. (પ્ર)

કહેવા યોગ્ય ન હતો, અથવા દોષવાળા ત્યાગ કરે તેનો (તેમને) ભય હતો, અથવા '(અજ્ઞાનીઓની) બુદ્ધિનું ખંડન ન કરવું' (ભ.ગી.૩।૨૬), (તે માટે ઉત્તર ન આપેલ?). તેથી 'તેનું કારણ કહો'. ૪૨.

કર્મના નિર્ણયથી જ આનું પ્રયોજન પતી જતું હોવાથી, નીચેના શ્લોકથી (આરંભી) એક (પ્રશ્ન)નો જ ઉત્તર આપે છેઃ

આવિર્હોત્ર કહે છેઃ

**કર્માકર્મવિકર્મેતિ વેદવાદો ન લૌકિકઃ ।।**
**વેદસ્ય ચેશ્વરાત્મત્વાત્ તત્ર મુહ્યન્તિ સૂરયઃ ।।૪૩।।**

(શાસ્ત્રમાં) કરવાની આજ્ઞા કરેલું કર્મ, કરવાની મના કરેલું કર્મ અને આજ્ઞા કરેલું ન કરવારૂપ કર્મ વેદમાં કહેલાં છે, લોકમાં જણાએલાં નથી; અને વેદ ઈશ્વરનું પોતાનું સ્વરૂપ હોવાથી તેમાં કવિઓ પણ મોહ પામે છે. ૪૩.

સર્વ યજ્ઞો આવિર્હોત્રમાં પ્રકટ થતાં હોવાથી, (તે) તેવો (આવિર્હોત્ર)[1] છે આરંભમાં કર્મ ત્રણ પ્રકારનું હોવાનું અને (તેનું) પ્રમાણ કહે છે. લૌકિક અને વૈદિક વિષય (પદાર્થ) જૂદો (જૂદા પ્રકારનો) છે. તે પૈકી લૌકિક પદાર્થો પ્રત્યક્ષ વિગેરેથી જાણી શકાય તેવા છે, પરંતુ વૈદિક પદાર્થો માત્ર વેદથી જ[2] જાણી શકાય તેવા છે. તેમાં શબ્દ(વેદ) જેમનું મૂલ છે[3] તે પ્રત્યક્ષ વિગેરેને નિરર્થક કરતા નથી. સરખા શબ્દો[4] હોય ત્યાં સંદેહ થાય છે, તેમાં પણ દધિ વિગેરેની પેઠે જૂદા જ પદાર્થો છે[5]. ચાલુ વિષયમાં તો 'કર્માકર્મવિકર્મ' એટલે (શાસ્ત્રમાં) કરવાની આજ્ઞા કરેલું કર્મ, કરવાની મના કરેલું કર્મ અને આજ્ઞા કરેલું ન કરવારૂપ કર્મ–આ વિષય માત્ર વેદમાં જ પ્રસિદ્ધ છે, લૌકિક નથી. તે વેદમાં પરંપરાથી[6] શબ્દના અર્થનો નિર્ણય કરવામાં

---

૧. 'આવિઃ' પ્રકટ રીતે 'હૂયતેઽસ્મિજિતિ હોત્રમ્' જેનામાં હોમ કરવામાં આવે છે તે 'આવિર્હોત્રઃ' એટલે સર્વ યજ્ઞો જેમાં પ્રકટ છે તે. (પ્ર)

૨. 'વેદથી જ' એટલે 'વેદના શબ્દો અને વાક્યોથી જ' (પ્ર)

૩. શબ્દ જેમનું મૂલ છે તે ધર્મ, દેવતાનું સ્વરૂપ, કર્મ વિગેરે. (પ્ર)

૪. 'સરખા શબ્દો' એટલે ચોખા પુરોડાશ (બલિ) વિગેરે શબ્દો. (પ્ર)

૫. 'વૃત્રને હણવા ઇચ્છનાર ઇન્દ્રનું ઇન્દ્રિય વીર્ય' એ અનુવાદમાં દધિનું સ્વરૂપ જેવું સિદ્ધ થયું છે અને 'કૂર્ચ થએલું પુરોડાશ જોયું' એમાં પુરોડાશનું જેવું સ્વરૂપ સિદ્ધ થયું છે, તેવું લોકોમાં પ્રસિદ્ધ નથી. ચોખા વિગેરેની આકૃતિ સરખી હોવા છતાં પણ તે (પદાર્થો) જૂદા જ જાણવા, એવો અર્થ છે. (પ્ર)

૬. 'તે પિતાઓ પાસેથી તેમના પુત્રોએ (જાણ્યું)' એ વાક્યથી પરંપરાથી (શબ્દના અર્થનો નિર્ણય જાણેલ હોવાનું જણાય છે). (પ્ર)

પણ અભિપ્રાય સંબંધી સંદેહ[૭] રહે છે. (તેનાં) પ્રમાણ સંબંધી સંદેહ નથી[૮], તેમ જ તેવા (સંદેહવાળા) હોવું[૯] એ દોષ નથી. વેદ તો ઈશ્વર હોઈ પોતાનું સ્વરૂપ કહે છે. તેના અભિપ્રાયમાં સંદેહ રહેવાથી વેદનું તાત્પર્ય જણાવનારાઓ પોતપોતાની ભ્રાંતિને લીધે જણાતા પદાર્થમાં એકબીજાનો મત લક્ષમાં લઈ મોહ પામે છે[૧૦]. તેથી વેદનો નિર્ણય કરવામાં તર્ક કરવો યોગ્ય નથી[૧૧]. ૪૩.

તે વિષયમાં[૧] નીચે પોતાના મત પ્રમાણે અભિપ્રાય જણાવે છેઃ

**પરોક્ષવાદો વેદોઽયં બાલાનામનુશાસનમ્ ।।**
**કર્મમોક્ષાય કર્માણિ વિધત્તે હ્યગદં યથા ।।૪૪।।**

આ છૂપા સિદ્ધાંતો જણાવનારો (અને) બાલકોને પ્રવૃત્તિ કરાવનારો વેદ કર્મમાંથી છોડાવવા ઓષધની પેઠે કર્મ કરવાની આજ્ઞા કરે છે. ૪.

આ કર્મ કરવાનું જણાવનાર વેદ ફલના અંશમાં છૂપા સિદ્ધાંત જણાવનારો હોઈ, કર્મનો નાશ થાય તેવી સમાનતાથી ફલ કહે છે[૨], કારણ કે ફલનો ભોગ કરવાની સ્થિતિમાં કર્મ હોતાં નથી. તેમ ન હોય, તો ફલના ભાગમાં વેદ લૌકિક થાય[૩]. વાસ્તવિક રીતે તો પશુઓ વિગેરે પણ અલૌકિક જ છે[૪] એમ અમે કહેલું છે[૫].

---

૭. 'તેઓની પ્રકૃતિના ભેદને લીધે શ્રુતિનો અર્થ ઘણા પ્રકારે કહેલો છે' એ વાક્ય પ્રમાણે (સંદેહ રહે છે). (પ્ર)

૮. 'મારા સિવાય બીજો કોઈ જાણતો નથી' એ વાક્ય પ્રમાણે પ્રમાણ સંબંધી સંદેહ નથી. (પ્ર)

૯. ભગવાને તેનો અર્થ કહેલ હોવાથી સંદેહવાળા અભિપ્રાયવાળું હોવું એ દોષ નથી. (પ્ર)

૧૦. 'મોહ પામે છે' એટલે કર્મ જ તાત્પર્ય હોવાનું અને લોકો જ પ્રાપ્ત થતું ફલ હોવાનું માને છે. (પ્ર)

૧૧. (આથી) જે સાબિત થયું તે આ વાક્યથી કહેલું છે. (પ્ર)

૧. 'તે વિષયમાં' એટલે 'વેદનો અર્થ શું ?' એ વિષયમાં, એવો અર્થ છે. (પ્ર)

૨. 'કહે છે' એટલે ફલ કહે છે, એવો અર્થ છે. (પ્ર)

૩. 'વેદ છૂપા સિદ્ધાંત જણાવનાર હોય, તો પ્રત્યક્ષ અર્થને તજવાથી, તેના અર્થનો ત્યાગ થાય અને બીજા અર્થની કલ્પના કરી ગણાય' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. 'ન જાણેલો અર્થ જણાવે તે પ્રમાણ' એવી પ્રમાણની વ્યાખ્યા હોવાથી તે પ્રમાણ ગણાય તે માટે લોકમાં જ જણાએલ અર્થ જણાવે છે. ફલના ભાવમાં (લૌકિક ફલ જેવું જ ફલ હોય તો, વેદનું) વચન (તે જ ફલ) કહેતું હોવાથી પ્રમાણ ન ગણાય. એવી રીતે છૂપો અર્થ જણાવતો હોવાથી તે પ્રમાણ હોવામાં કાંઈ હાનિ થતી નથી. તેથી દોષ નથી. (પ્ર)

૪. ''એમ હોય તો 'વાયવ્ય શ્વેત (પશુ)નો વધ કરવો' વિગેરે વચન પ્રમાણે પશુઓ લૌકિક હોવાથી તેટલો (વેદનો) ભાગ લૌકિક હોવાનું થશે. તેથી ધર્મ અને અધર્મના સંબંધમાં જ વેદ લૌકિક છે, બીજા વિષયમાં નથી'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૫. અણુભાષ્યમાં કહેલું છે. (પ્ર)

પરંતુ બાલકોને પ્રવૃત્તિ કરાવવાના સંબંધમાં તો સમાનપણું છે[૬], કારણ કે તેમાં લૌકિક ઈચ્છવા યોગ્ય છે, અને ફલોમાં મોક્ષ મુખ્ય છે[૭], આઠ વર્ષના બ્રાહ્મણને જનોઈ દેવી' 'તેને વેદ ભણાવવા' એ બાલકોને પ્રવૃત્તિ કરાવનારાં છે[૮]. ફલનો વિચાર કરતાં, અલૌકિક ફલથી સમાધાન થતું નથી, પરંતુ સુખ અને દુઃખનાં નાશથી (થાય છે)[૯] અને તેથી બ્રહ્મરૂપ ફલ પ્રાપ્ત કરવાનું હોય ત્યારે 'સર્વ ક્રિયાઓ જેની બંધ થએલી છે તેવો દેહ' એ નિયમ પ્રમાણે સ્વભાવિક કર્મો બંધ થવાનું જરુરી છે[૧૦], અને તે અલૌકિક કર્મથી થાય છે[૧૧]. તેમ ન હોય[૧૨], તો વેદ નિરર્થક થાય. જેમ આયુર્વેદ રોગના અધિકારમાં પ્રવૃત્તિ કરનારો છે તેમ વેદ સંસારના અધિકારમાં (પ્રવૃત્તિવાળો) છે[૧૩]. તેથી વૈદિક કર્મથી સ્વાભાવિક કર્મો બંધ થાય છે, એમ સિદ્ધ થાય છે. ૪૪.

૬. '(વેદ અલૌકિક છે) એવો આગ્રહ રાખતા બાલકોને આશ્વાસન ન મળતાં, તેઓની (વૈદિક કાર્ય કરવાની) પ્રવૃત્તિનો નાશ થશે, એટલે (વૈદિક કાર્યો) ન આચરવારૂપ અપ્રમાણપણું પ્રાપ્ત થશે' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. આ વિષયમાં તમારો મત અમોને કબૂલ છે, એવો અર્થ છે. (પ્ર)

૭. 'ત્યારે વેદમાં કહેલાં ફલ કેમ સ્વીકારતા નથી ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. વેદમાં સ્વર્ગને સર્વે ઈચ્છવા યોગ્ય કહેલ છે, તેનાથી પણ અધિક મોક્ષ છે. તેનો ફલ તરીકે સ્વીકાર કરી, તેમાં વિશ્વાસ બેસે તે માટે કામ્ય વિગેરે કર્મોનો ઉપદેશ કરી, બાલકોને મોક્ષ માટે તૈયાર કરે છે. (પ્ર)

૮. 'વેદ ભલે છૂપા સિદ્ધાંત જણાવનાર હોય, બાલકોની પ્રવૃત્તિ કરાવનાર તે હોવાનું શું પ્રમાણ ?' એવો પ્રશ્ન થાય, તેથી આ વાક્ય કહેલું છે, કારણ કે વેદ ભગવાનનું તેઓ કર્મ કરે તે માટે, અને કર્મ કરવાનાં ફલ માટે હોય છે. તેથી તે પ્રવૃત્તિ કરાવનારો છે, એવો અર્થ છે. (પ્ર)

૯. 'છતાં મોક્ષ અલૌકિક હોવાથી તે માટે બાલકોની પ્રવૃત્તિ ન થાય, કારણ કે તે (પ્રાપ્ત થવા)નો વિશ્વાસ થવો ઘણો કઠણ છે' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહે છે. વાસ્તવિક રીતે તે અલૌકિક હોવા છતાં તેનાથી ચિત્તનું સમાધાન થતું હોવાનું સંભવતું ન હોવાથી જ, વેદ (બાલકોએ) ઈચ્છેલાં સુખ અને દુઃખના નાશને જ ફલ જણાવે છે, પરંતુ વેદનું તાત્પર્ય તેમાં નથી, એવો અર્થ છે. (પ્ર)

૧૦. ત્યારે 'કર્મમાંથી છોડાવવા (કર્મ કરવાની આજ્ઞા કરે છે)' એમ કેમ કહ્યું ? એવો પ્રશ્ન થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૧૧. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં આ વાક્ય અધિક છે. તે હોવું પણ જોઈએ, એમ જણાય છે.

૧૨. 'તેમ ન હોય' એટલે લૌકિક કર્મો બંધ થયા ન હોય, તો સર્વ કર્મ બંધ ન થવાથી બ્રહ્મનું સુખ પ્રાપ્ત થતું નથી, એટલે વેદ નિરર્થક થાય, એવો અર્થ છે. (પ્ર)

૧૩. 'નોટ ૧૨માં કહેલ સિદ્ધાંત શાથી જણાય ?' એ જાણવાની ઈચ્છા થાય, તેથી આ દૃષ્ટાંત કહેલું છે. (પ્ર)

(કર્મ) ન કરવાથી થતી હાનિ નીચેના શ્લોકમાં કહે[1] છેઃ

**નાચરેદ્યસ્તુ વેદોક્તં સ્વયમજ્ઞોઽજિતેન્દ્રિયઃ ।।**
**વિકર્મણા હ્યધર્મેણ મૃત્યોર્મૃત્યુમુપૈતિ સઃ ।।૪૫।।**

જે અજ્ઞાની અને અજીતેન્દ્રિય પુરુષ વેદમાં કહેલું કર્મ આચરતો નથી તે કરવાની આજ્ઞા કરેલ કર્મ ન કરવારૂપ અધર્મને લીધે મૃત્યુ પછી મૃત્યુ પામે છે. ૪૫.

'હે અર્જુન ! જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને બાળી નાખે છે' અને 'ચિત્તની વૃત્તિઓને બંધ રાખવી તે યોગ છે'. (તે) બંને ન હોય, અને વેદમાં કહેલાં કર્મો ન હોય, તો મૃત્યુ પામીને 'ફરી મૃત્યુ પામે છે.' 'પોતાનાં કર્મથી પીડાતાં' એ નિયમ પ્રમાણે અનિષ્ટ ફલ (પ્રાપ્ત) થાય.

'સ્વાભાવિક કર્મોથી પરલોકનું અનિષ્ટ ફલ કેમ (પ્રાપ્ત) થાય?' એવો પ્રશ્ન થાય, તેથી 'કરવાની આજ્ઞા કરેલ કર્મ ન કરવારૂપ અધર્મને લીધે' એમ કહેલું છે. આજ્ઞાનાં ઉલ્લંઘનરૂપ આ વધારાનો દોષ અધિકારીને સર્વ પ્રકારે અધર્મ કરાવનારો છે[2]. સ્વાભાવિક કર્મ કરનારાઓનો તો મૃત્યુ પ્રાપ્ત થયા પછી જન્મ થાય છે, એવો ભેદ છે. ૪૫.

'વેદમાં કહેલાં કર્મો કરવાથી પણ (કર્મમાંથી) છૂટકારો નહિ થાય, કારણ કે ઔષધ લેવું અને ચરી ન પાળવી તેની પેઠે સ્વાભાવિક (કર્મો) પણ રહેલાં હશે. બીજા સંગના દોષો, તેમ જ સાધનના દોષો[1] હોય છે. વળી ફલ (જણાવનારાં) વચનો વિઘ્ન કરનારાં છે, કારણ કે શ્રુતિ અને અર્થ મુકરર કરાવનાર ચિહ્નમાં શ્રુતિ વધારે બલવાળી[2] છે. અથવા ફલનો સંગ્રહ થાય[3] અને તેવી રીતે ઘણાં વિઘ્નો

---

૧. ''વેદ કર્મમાંથી છોડાવનારો હોય, તો 'હિંસા ન કરવી' એ પ્રમાણે કર્મ કરવાની મના કેમ કરતો નથી ?'' એ જાણવાની ઈચ્છા થાય, તેથી કહે છે કે જેમ રોગી ઔષધ લે છે અને ચરી પાળે છે, તેમ આ કર્મ પણ સંસારી પુરુષોએ કર્મમાંથી છૂટવા કરવાનાં છે. જેમ સર્વ રોગો લંઘનથી મટે તેવા ન હોવાથી તેમને મટાડવા આયુર્વેદમાં ઔષધ કહેલાં છે, તેમ બધાં કર્મો એક પ્રકારનાં ન હોવાથી કર્મ ન કરવાની આજ્ઞા કરવાથી બધાં કર્મો અટકશે નહિ, તેથી વેદ કર્મ કરવાનું કહે છે. એવા અભિપ્રાયથી કર્મ ન કરવાથી થતી હાનિ થવાનું આ વાક્યથી કહે છે. (પ્ર)

૨. શ્લોકના પહેલાં અર્ધથી જ પ્રયોજન સરતું હોવા છતાં પણ ત્રીજા ચરણથી કરવાની આજ્ઞા કરેલ કર્મ ન કરવાથી અધર્મ થવાનું કહ્યું તેથી સૂચવેલો અર્થ આ વાક્યથી કહે છે. (પ્ર)

૧. અંધાપો, લંગડા હોવું, વેદના અર્થનું જ્ઞાન ન હોવું, વિગેરે દોષો. (પ્ર)

૨. કર્મ ન હોવાં જોઈએ એવાં સમાનપણાનાં ચિહ્નને લીધે, 'કર્મમાંથી છૂટવા કર્મ કરવાં' એવી (કર્મ કરવાની આજ્ઞા કરનારી) શ્રુતિના અર્થની કલ્પના કરવી પડે. તેનાથી કર્મ કરવાની આજ્ઞા કરનારી પ્રત્યક્ષ શ્રુતિ વધારે બલવાળી છે, એવો અર્થ છે. (પ્ર)

૩. '(પ્રમાણ) નિરર્થક થાય ત્યારે તેમનાં બલ અને નિર્બલતા ઉલટાં થતાં હોવાથી નોટ ૨માં

(થતાં) હોવાથી (વૈદિક કર્મ કરવાનો) પ્રયાસ નકામો છે', એવી શંકા થાય, તેથી નીચેનો શ્લોક[૪] કહે છે :

**વેદોક્તમેવ કુર્વાણો નિઃસઙ્ગોઽર્પિતમીશ્વરે ।।**
**નૈષ્કર્મ્યાં લભતે સિદ્ધિં રોચનાર્થા ફલશ્રુતિઃ ।।૪૬।।**

સંગરહિત થઈ વેદમાં કહેલું ઈશ્વરને અર્પણ કરેલું કર્મ જ કરતાં કર્મરહિત-પણાંરૂપ મોક્ષ પ્રાપ્ત કરે છે. ફલ (જણાવનારી) શ્રુતિ (વૈદિક કર્મો ઉપર) પ્રીતિ થાય તે માટે છે. ૪૬.

વૈદિક થઈ કર્મ કરતાં, યજ્ઞ કરવા યજ્ઞ કરાવવા વિગેરે પ્રકાર[૫]થી વૈદિક જ કર્મ કરવાં. ન કરવાના સમયે સંગરહિત રહેવું[૬]. આરંભનો વિરોધ હોવાથી મનથી યજ્ઞ વિગેરે કરવાના નથી[૭]. (ઈશ્વરને) અર્પણ કરેલું જ (કર્મ) કરે છે તેથી સાધનના દોષ નહિ (નડે)[૮]. વેદે (તે કર્મ) ઈચ્છેલાં હોવાથી (કર્મરહિતપણાંરૂપ) મોક્ષ પ્રાપ્ત કરે છે. 'છતાં પણ (વેદે) ઈચ્છેલાં ફલ કેમ પ્રાપ્ત નહિ થાય ?' એવો પ્રશ્ન થાય, તે સંબંધમાં કહે છે કે 'રોચનાર્થં' (વૈદિક કર્મ ઉપર) પ્રીતિ ઉત્પન્ન થાય તે માટે ઘણાં ફલો વેદમાં જણાવેલાં છે, પરંતુ (વેદનું) તેમાં તાત્પર્ય નથી. (કર્મ) કરનાર (તેનાં) ફલનું અનુસંધાન ન રાખે તો (ફલ પ્રાપ્ત) થશે નહિ, એવો ભાવ છે. ૪૬.

એ પ્રમાણે વૈદિક કર્મોના સંબંધનો નિર્ણય કરીને, સહેલાઈથી થઈ શકે તેવા પ્રસિદ્ધ તાંત્રિક કર્મોનો નિર્ણય નીચેના શ્લોકથી આરંભી કહે છેઃ

**ય આશુ હૃદયગ્રન્થિં નિર્જિહીર્ષુઃ પરાત્મનઃ ।।**
**વિધિનોપચરેદ્ દેવં તન્ત્રોક્તેન ચ કેશવમ્ ।।૪૭।।**

---

જણાવેલ દોષ રહેશે નહિ' એવી શંકા થાય. તેથી (બંનેના ફલનો) સંગ્રહ થવાનું કહ્યું છે. તેમ ન હોય, તો પ્રત્યક્ષ શ્રુતિ નિરર્થક થાય, એવો અર્થ છે. (પ્ર)

૪. નીચેના શ્લોકથી તે દોષ દૂર કરવાનો પ્રકાર કહે છે, એવો અર્થ છે. (પ્ર)

૫. યજ્ઞ કરવાથી સ્વાભાવિક (કર્મો)નો ત્યાગ થાય. યજ્ઞ કરાવવો વિગેરેથી યોગ્યતા પ્રમાણે વૈદિક કર્મ કરવાં, એવો અર્થ છે. (પ્ર)

૬. 'વૈદિક કર્મ કરતાં વધેલા સમયમાં સ્વાભાવિક (કર્મો) પણ થવાનાં. તેથી માત્ર વૈદિક કર્મો કરવાથી કર્મ છૂટશે નહિ' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. સંગ ન હોવાથી તેના દોષોનો સંબંધ ન થવાથી સહેલાઈથી (કર્મ) છૂટશે, એવો અર્થ છે. (પ્ર)

૭. 'અગ્નિહોત્ર વિગેરેરૂપ મનથી કરેલા યજ્ઞ પણ થાય. તે કેમ ન કરવા ?' એવો પ્રશ્ન થાય, તેથી આ વાક્ય કહેલું છે. આરંભમાં બાલકોની પ્રવૃત્તિ કરાવનાર વેદ હોવાનું કહેલું હોવાથી, આરંભમાં બહારનાં જ કર્મ કરવાનું કહેલ છે. તેથી મનથી કરવાનાં અહિં ઈચ્છેલાં નથી, એવો અર્થ છે. (પ્ર)

૮. 'સંગ ન હોવાથી અને ફલની ઈચ્છા ન હોવાથી કર્મ (કરવા)નો અધિકાર ન હોવાથી સાધનની ખામીવાળાં થતાં કર્મ વ્યર્થ થશે.' એવી શંકા દૂર કરવા આ વાક્ય કહેલું છે. (પ્ર)

વળી જે હૃદયની ગાંઠને તરત જ કાઢી નાખવા ઈચ્છતો હોય તેણે તંત્રમાં કહેલી પરમાત્માની વિધિ પ્રમાણે દેવ કેશવનું ભજન કરવું. ૪૭.

લૌકિક દોષને લૌકિક (સાધનો)થી જ દૂર કરવો યોગ્ય છે. એવા અભિપ્રાય થી સાંખ્ય વિગેરે[૧] સિદ્ધાંતોની પ્રવૃત્તિ થઈ છે. તે પૈકી વૈષ્ણવ સિદ્ધાંત તરત જ હૃદયની ગાંઠને કાઢી નાખનારો છે. પરમાત્માની વિધિ પ્રમાણે[૨] (કેશવનું ભજન કરવું), પરંતુ વિભૂતિ વિગેરેનાં ભજનના પ્રકારથી ન કરવું[૩]. માત્ર પુષ્ટિમાર્ગ પ્રમાણે (કરવું), એવો અર્થ છે. તે[૪] થઈ ન શકે તો તંત્રમાં કહેલાં પ્રકારથી પણ શ્રીકૃષ્ણનું જ ભજન કરવું, અથવા મર્યાદા સાથે (તેનો) સંગ્રહ કરવો[૫]. બંને પ્રકારે પુષ્ટિમાર્ગમાં રહેલ હોવાથી કેશવનું જ ભજન કરવું. ૪૭.

નીચે બીજા માર્ગનો વિરોધ ન હોવાનું કહેતાં[૧] ભજનનો પ્રકાર કહે છેઃ

**લબ્ધાનુગ્રહ આચાર્યાત્ તેન સન્દર્શિતાગમઃ ।।**
**મહાપુરુષમભ્યર્ચેન્ મૂર્ત્યાડભિમતયાત્મનઃ ।।૪૮।।**

આચાર્યની કૃપા પ્રાપ્ત કરેલા અને તેમણે જેને શાસ્ત્ર જણાવેલ છે તેવાએ પોતાની ઈચ્છેલી મૂર્તિથી મહાપુરુષનું પૂજન કરવું. ૪૮.

દીક્ષા લેવામાં આવે ત્યારે બીજાનો અધિકાર દૂર થાય છે[૨]. કૃપા પ્રાપ્ત થએલી હોવાથી દેવતાનો વિરોધ રહેતો નથી[૩]. આચાર્ય (ભગવાનને) સોંપવાનું

---

૧. 'સાંખ્ય વિગેરે' એટલે સાંખ્ય, યોગ, પાશુપત અને વૈષ્ણવ એ ચાર. (પ્ર)
૨. વૈષ્ણવ સિદ્ધાંત પ્રમાણે પણ ગાંઠ તરત દૂર થાય તે માટે 'પરમાત્માની વિધિ પ્રમાણે' એવો ભેદ કહેલ છે. (પ્ર)
૩. કારણ કે તેમ કરવાથી વિભૂતિપણું સમાન હોવાથી પશુપતિમતની સમાનતા થાય, એવો ભાવ છે. (પ્ર)
૪. 'તે' એટલે 'તે કાર્ય' અથવા હૃદયની ગાંઠ કાઢી નાખવાનું. (પ્ર)
૫. આ વાક્યથી શ્લોકમાંના 'ચ' 'વળી' શબ્દનો અર્થ કહેલો છે. (પ્ર)
૧. 'વેદનો જેમને અધિકાર ન હોય તેઓને તંત્રનો અધિકાર છે, એમ પ્રસિદ્ધ હોવાથી, માત્ર તંત્રને અનુસરવાથી વેદનો વિરોધ થતાં વૈદિક દોષ થાય,' એવી શંકા થાય, તેથી બીજા માર્ગનો વિરોધ ન થવાનું કહે છે. (પ્ર)
૨. (બીજા માર્ગનો) વિરોધ ન થવાનો પ્રકાર અહિંથી જણાવે છે. ઉપદેશ ગ્રહણ કરવામાં આવે ત્યારે બીજા (માર્ગ)નો અધિકાર દૂર થતો નથી. તેથી દીક્ષા લેવાથી બીજા માર્ગનો અધિકાર પ્રાપ્ત થાય છે, તેથી દોષ થતો નથી. (પ્ર) માત્ર તંત્રનો ઉપદેશ લેવાથી વૈદિક માર્ગનો અધિકાર દૂર થતો નથી. પણ તંત્રમાર્ગની દીક્ષા લેવાથી વૈદિકમાર્ગનો અધિકાર દૂર થાય છે અને તંત્રના માર્ગનો અધિકાર પ્રાપ્ત થાય છે તેથી દોષ થતો નથી, એમ કહેલું છે.
૩. 'હરિ રોષ કરે ત્યારે રક્ષણ કરનાર ગુરુ છે' એ વાક્ય પ્રમાણે ગુરુની કૃપા થતાં ભગવાન્ પણ

વિગેરે કરનાર છે, તેમની કૃપાથી વેદનો વિરોધ રહેતો નથી[૪]. બીજાએ (કરવાની આજ્ઞા કરેલ કર્મ કરતાં) રોકવાથી, કરવાની આજ્ઞા કરેલું (કર્મ) ન કરવાનું બીજાથી થાય છે[૫], કારણ કે સર્વ સ્થલે પોતે (કર્મ) કરે તેમાં દોષ થાય છે[૬]. અથવા આચાર્ય ભગવાનના માર્ગમાં રહેલા છે[૭]. કર્મનો ઉપયોગ લક્ષમાં રાખેલ ફલમાં હોતો નથી[૮]. (કર્મ) કરનારની શુદ્ધિ તો બીજા પ્રકારે પણ થાય છે[૯]. 'તરત જ' એવું વચન હોવાથી પરલોકમાં પણ (તે) વિઘ્ન કરનારું નથી[૧૦]. અહંકારની ગાંઠ છૂટે ત્યારે મુક્તિ (પ્રાપ્ત) થાય છે એ ફલ સર્વ મતોમાં સાધારણ છે[૧૧]. આચાર્ય પણ પંચરાત્ર વિગેરે શાસ્ત્ર જ દર્શાવે છે[૧૨]. 'મહાપુરુષ' એટલે શ્રીકૃષ્ણ. માખણચોર વિગેરે સ્વરૂપની હજારો પ્રકારની મૂર્તિઓમાંથી પોતાની ઈચ્છેલી મૂર્તિથી (પૂજન કરવું). (કઈ મૂર્તિનું પૂજન કરવું તેનો) નિર્ણય કરાવનાર સ્વભાવ છે. ૪૮.

ઉપર કહેલો[૧] દોષ ન રહે તે માટે, પૂજન કરનારની શુદ્ધિ કહે છેઃ

---

અનુકૂલ થાય છે, તો પછી બીજા દેવોનો વિરોધ કેમ જ રહે? એવો અર્થ છે. (પ્ર)

૪. નોટ ૩માં જણાવેલ કારણથી જ વેદનો વિરોધ પણ રહેતો નથી, એમ કહેલ છે. (પ્ર)

૫. (ગુરુની) કૃપાથી વેદનો વિરોધ ન રહેતાં, તેમાં કહેલ કર્મ ન કરવાથી દોષ થતો નથી. (પ્ર)

૬. નોટ ૫માં કહેલ અર્થ આ વાક્યથી સ્પષ્ટ કરે છે. ગુરુની આજ્ઞાથી તેમ (વૈદિક કર્મ) ન કરવાથી દોષ થતો નથી. (પ્ર)

૭. '(ભગવાનને) સોંપવાનું વિગેરે કરનાર બીજા માર્ગના હોય, તો તેમની સંમતિથી દોષ દૂર ન થાય' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલ છે આવા ગુરુની આજ્ઞાથી તેમ ન કરવાથી દોષ થવાનું સંભવતું જ નથી, એવો અર્થ છે. (પ્ર)

૮. વેદમાં ફલ ઈચ્છનાર હોવું એ અધિકારીનું વિશેષણ છે. જે જેનું ફલ ઈચ્છતો ન હોય તેણે તે કરવાનું નથી. ચાલુ પ્રસંગમાં (આ માર્ગમાં) તે ફલ હોવાનું કહેલ નથી. આ માર્ગની ઈચ્છાવાળાને તે (ફલ)નો ઉપયોગ નથી તેથી તેઓ તે કર્મ ન કરે તેમાં દોષ કેમ થાય ? એવા ભાવાર્થથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૯. '' 'દાંત શુદ્ધ કરે છે' એની પેઠે કર્મ કરનાર શુદ્ધ થાય તે માટે તે કર્મ કરવાની જરુર છે'' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. 'બીજા પ્રકારે' એટલે તંત્રમાં કહેલા પ્રકારે, એવો અર્થ છે. (પ્ર)

૧૦. 'વૈદિક કર્મ ન કરવાથી આનું અપ્રિય થશે' એવી શંકા થાય, તેથી આ કહેલ છે. (પ્ર) 'તે' એટલે વૈદિક કર્મ ન કરવું તે.

૧૧. આ વાક્યથી આ વિષયમાં સર્વની સંમતિ કહેલી છે. (પ્ર)

૧૨. આચાર્ય પણ જો પોતે જ ઉપદેશ કરે, તો આંધળાઓની પરંપરા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)

૧. 'ઉપર કહેલો' એટલે (પૂજન) કરનારની શુદ્ધિરૂપ, એવો અર્થ છે (પ્ર) અશુદ્ધિરૂપ જોઈએ,

**શુચિઃ સમ્મુખ આસીનઃ પ્રાણસંયમનાદિભિઃ ।।**
**પિણ્ડં વિશોધ્ય સંન્યાસઃ કૃતરક્ષોઽર્ચયેદ્ધરિમ્ ।।૪૯।।**

પવિત્ર થઈ, સંમુખ બેસી, પ્રાણનો સંયમ વિગેરેથી દેહને શુદ્ધ કરી ન્યાસ સાથે રક્ષા કરેલાએ હરિનું પૂજન કરવું. ૪૯.

પવિત્રપણું સ્માર્ત[2] છે. મૂર્તિની સંમુખ બેસી પૂજન કરવું. 'વિગેરે' શબ્દ થી મહાભૂત વિગેરેની શુદ્ધિનાં પ્રકારો[3] કહેલા છે. ન્યાસથી[4] દેવતાનું આવાહન થાય છે. રક્ષા થતાં[5] વિઘ્નો દૂર થાય છે. હરિનું (પૂજન કરવું), મૂર્તિનું નહિ. ૪૯.

તેથી જ[1] (ભગવાનનાં) સ્થાનની સ્થિતિ કહેતાં, વચ્ચે વિઘ્ન ન થાય તે માટે નીચેના શ્લોક કહે છેઃ

**અર્ચાદૌ હૃદયે ચાપિ યથાલબ્ધોપચારકૈઃ ।।**
**દ્રવ્યક્ષિત્યાત્મલિઙ્ગાનિ નિષ્પાદ્ય પ્રોક્ષ્ય ચાસનમ્ ।।૫૦।।**
**પાદ્યાદીનુપકલ્પ્યાથ સન્નિધાપ્ય સમાહિતઃ ।।**
**હૃદયાદિકૃતન્યાસો મૂલમન્ત્રેણ ચાર્ચયેત્ ।।૫૧।।**

અને પૂજાનાં દ્રવ્યો ભૂમિ ચિત્ત અને મૂર્તિને તૈયાર કરી[1], અને આસનને

---

એમ જણાય છે.

૨. બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠવું, હરિનું સ્મરણ કરવું, માટીથી શુદ્ધ કરવું, દાતણ કરવું, સ્નાન, આચમન, તિલક કરવાં, માલા પહેરવી વિગેરે સ્માર્ત (શુદ્ધિ છે). તેથી તેટલું કરવાથી સ્મૃતિનો વિરોધ નહિ રહે, એવો અર્થ છે. (પ્ર)

૩. દેહનો આકાર જેમનાથી થએલ છે તે મહાભૂતોની શુદ્ધિ કરવી, તે અવ્યય બ્રહ્મ સાથેના સંબંધને લીધે ભૂતોની શુદ્ધિ મનાએલી છે. તેના પ્રકારો રામાર્ચનચન્દ્રિકા વિગેરેમાંથી જાણવા. સ્નાન વિગેરે તે ભૂતશુદ્ધિના પ્રકારો છે. (પ્ર)

૪. જુદી જુદી દેવતાઓનું જુદા જુદા (અવયવો)માં સ્થાપન કરવું તે ન્યાસ. તેથી 'ન્યાસ સાથે' એટલે માતૃકા વિગેરે દેવતાઓનું શરીરમાં આવાહન કરીને. (પ્ર)

૫. 'રક્ષા થતાં' એટલે જુદા જુદા મંત્રોથી દિશાઓનો બંધ થતાં, એવો અર્થ છે. (પ્ર)

૧-૧. 'તેથી જ' એટલે મહાભૂતોની શુદ્ધિ જરુરી હોવાથી જ, (ભગવાનના) સ્થાનની એટલે મૂર્તિની શુદ્ધિ કરવારૂપ વિગેરે સ્થિતિ કહેતાં, પૂજા કરતાં વચ્ચે વિરુદ્ધ બુદ્ધિ (વિઘ્ન) ન થાય તે માટે, તેઓને શુદ્ધ કરવાનું કહે છે, એવો અર્થ છે. પૂજન કર્યા પહેલાં જ ફૂલ, અક્ષત વિગેરે પૂજાનાં દ્રવ્યોને જંતુઓ વિગેરે (કાઢી નાખી) શુદ્ધ કરી, ભૂમિને સ્વચ્છ કરી લીંપીને ચિત્તને વ્યગ્રતારહિત કરીને, મૂર્તિને સ્નાન લેપ વિગેરેથી પૂજા માટે યોગ્ય કરીને, હરિનું પૂજન કરવું, એવો પાછળના શ્લોક ૪૯ સાથે સંબંધ છે. (પ્ર) 'અર્ચાદૌ' એટલે મૂર્તિ વિગેરેમાં (પૂજન કરવું) એવો અર્થ યોગ્ય જણાય છે, કારણ કે પછી 'હૃદયે ચાપિ' 'તેમ જ હૃદયમાં' શબ્દો છે. 'પ્રકાશ પૂજન કર્યા પહેલાં' એવો અર્થ કરે છે. 'પૂજન કરવું'નો સંબંધ શ્લોક ૪૯ સાથે લેવા કરતાં પછીના શ્લોક ૫૧ સાથે લેવાનું વધારે યોગ્ય જણાય છે.

જલથી પવિત્ર કરી, ચરણ ધોવાનું જલ વિગેરે તૈયાર રાખી, અને પછી (મૂર્તિનું) સ્થાપન કરી, સાવધાન થઈ, હૃદય વિગેરેમાં ન્યાસ કરી, જે મળી આવેલ હોય તે સામગ્રીથી મૂર્તિ વિગેરેમાં તેમ જ હૃદયમાં મૂલમંત્રથી પૂજન કરવું. ૫૦-૫૧.

(શ્લોક ૫૦) સ્પષ્ટ છે. ૫૦.

શ્લોક ૫૧માં ઈચ્છેલો પ્રકાર કહે છે. (ચરણ ધોવાનું જલ વિગેરેમાંના) 'વિગેરે' શબ્દથી પૂજાની સામગ્રી, આચમન કરવાનું જલ વિગેરે (કહેલાં છે). 'પછી' જૂદા આરંભથી (પૂજા કરવાના) નિયમ પ્રમાણે પ્રવૃત્તિ કરનારે સ્થાપન કરવાનાં ચિહ્નથી દેવતાની સંનિધિ (પ્રાપ્ત) કરી, પછી સાવધાન થઈ, પછી હૃદય વિગેરેમાં[2] ન્યાસ કરી, પોતાની અંદર ધ્યાનથી[3] અને મૂલમંત્રથી પૂજન કરવું. ૫૧.

**સાઙ્ગોપાઙ્ગાં સપાર્ષદાં તાં તાં મૂર્તિં સ્વમન્ત્રતઃ ।।**
**પાદ્યાર્ધ્યાચમનીયાદ્યૈઃ સ્નાનવાસોવિભૂષણૈઃ ।।૫૨।।**
**ગન્ધમાલ્યાક્ષતસ્રગ્ભિર્ધૂપદીપોપહારકૈઃ ।।**
**સાઙ્ગં સમ્પૂજ્ય વિધિવત્સ્તવૈઃ સ્તુત્વા નમેદ્ધરિમ્ ।।૫૩।।**

અંગો અને ઉપાંગો સાથેની પાર્ષદો સાથેની મૂર્તિની હૃદયમાં પૂજા કરવી (શ્લોક.૫૦) અંગો સાથેની તે તે મૂર્તિની પોતાના મંત્રથી વિધિ પ્રમાણે ચરણ ધોવાનાં જલ, પૂજાનાં દ્રવ્યો, આચમનનું જલ વિગેરેથી, સ્નાન વસ્ત્રો તથા ભૂષણોથી, સુગંધી દ્રવ્યો પુષ્પો અને વગર તૂટેલી માલાઓથી, ધૂપ દીપ અને ભેટોથી વિધિ પ્રમાણે પૂજન કરી, સ્તોત્રોથી સ્તુતિ કરી હરિને નમન કરવું. ૫૨-૫૩.

'અંગો સાથેની' એમાં ચરણ વિગેરે અંગો છે, ચક્ર વિગેરે ઉપાંગો છે. સુનંદ વિગેરે પાર્ષદો છે. એ પ્રમાણે અંગો અને ઉપાંગો સાથેની પાર્ષદો સાથેની મૂર્તિની હૃદયમાં પૂજા કરવી એમ ઉપરના(શ્લોક ૫૦) સાથે સંબંધ છે. 'અંગો સાથેની તે (મૂર્તિની)' વિગેરેનો સંબંધ પાછળના વાક્ય સાથે છે[1]. 'અંગ સાથેની' એ અર્ધ[2] શ્લોક પહેલાના અને પછીના બે ચરણો (જુદાં જુદાં વાક્ય સાથેનાં

---

૨. 'હૃદય વિગેરેમાં' એટલે હૃદય, શિર વિગેરે છ અંગોમાં (પ્ર) શ્રીધર હૃદય, શિર, શિખા, કવચ, નેત્ર અને અસ્ત્ર એ છ અંગોમાં ન્યાસ કરવાનું કહે છે.

૩. શ્લોક ૫૦માં સ્થૂલ સ્વરૂપની પૂજા કરવાનો આરંભ કરેલ હોવાથી પોતાની અંદર હૃદયમાં ધ્યાનથી, મૂલમંત્ર વડે (પૂજા કરવી) એવો અર્થ છે.(પ્ર)

૧. ભાવનાથી વિચારેલાં દ્રવ્યોથી હૃદયમાં (પૂજન કર્યું) તેમ બહારના દ્રવ્યોથી મૂર્તિનું (બહાર) પૂજન કરવું, એવા અભિપ્રાયથી આ (વાક્ય) કહેલું છે. (પ્ર)

૨. 'અર્ધ' એટલે અર્ધ કર્મ પહેલાનું અને પછીનું એ બે ચરણો પોતાની સાથે સંબંધવાળા હોવાનું કહે છે. એવો અર્થ છે. (પ્ર) કર્મ એક પ્રકારનું છે, પણ અર્ધ અર્ધ નથી; પણ દરેક

સંબંધવાળા) કહેલાં છે.

ઉપર કહેલા પ્રકારે તે હૃદયમાં પૂજેલી મૂર્તિની આકૃતિને બહારની કરી (બહાર પધરાવી) નમન કરવું એવો (વાક્યનો) સંબંધ છે. 'એમ કેવી રીતે (કરવું)?' એવો પ્રશ્ન થાય, તેથી 'પોતાના મંત્રથી' એમ કહેલું છે. મંત્રને લીધે અંદરનું બહાર આવે છે. '(પોતાના) મંત્રથી તે (તે) મૂર્તિની' શબ્દોથી તે વિષય અને (તેમાં) કરાવાનાં કાર્યની સ્થિતિ (જણાવેલી છે). ૫૨.

'ચરણ ધોવાનાં જલ'થી આરંભી દોઢ (શ્લોક)થી પૂજનનો ક્રમ કહેલો છે. 'વિગેરે' શબ્દથી મધુપર્ક અભ્યંગ વિગેરેથી (પૂજન કરવાનું કહેલ છે). 'અક્ષતા' શબ્દ થી વગર તૂટેલી માલાઓ અથવા અક્ષત (ચોખાના આખા દાણા) (કહેલા છે). 'નમન' ક્રિયા (પૂજન)ની  સમાપ્તિ સૂચવનારું છે. સ્તુતિ અને વચનનો પૂજનમાં સમાવેશ થતો ન હોવાથી 'સ્તુત્વા' શબ્દમાં સંબંધક ભૂતકૃદંત યોજેલ છે. અથવા (પૂજન સ્તુતિ અને નમન) ત્રણે જૂદાં હોવાથી (ભૂત કૃદંત યોજેલ છે). ૫૩.

એ સિવાયના પ્રકારથી તેનું પૂજન ન કરવું, એવો (પૂજન) કરનારે પાળવાનો નિયમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**આત્માનં તન્મયં ધ્યાયન્ મૂર્તિં સમ્પૂજયેદ્ધરેઃ ।।**
**શેષમાધાય શિરસિ સ્વધામ્ન્યુદ્વાસ્ય સત્કૃતમ્ ।।૫૪।।**

નિર્માલ્યને શિર ઉપર પધરાવી, મૂર્તિનું પોતાનાં ધામમાં અપસારણ કરી આદર કરેલ આત્માનું તદ્રૂપ ધ્યાન કરતાં હરિની મૂર્તિનું પૂજન કરવું. ૫૪.

પોતાનું (આત્માનું) સ્વરૂપ ભગવદ્રૂપ અથવા ભગવાનથી ભરપૂર હોવાનું વિચારવું. (અપસરણથી) મૂર્તિમાંથી ભગવાન્ પધારી ગયા છે, પરંતુ પોતામાંથી (પધારી ગયા) નથી એમ જણાવવા શિર ઉપર નિર્માલ્ય[૧] પધરાવી (મૂર્તિમાંના ભગવાનનું) હૃદયમાં અપસારણ કરી, પછી ત્યાં આદર કરેલા આત્માનું તદ્રૂપ (ભગવાનનાં સ્વરૂપ) તરીકે ધ્યાન કરતાં (પૂજન કરવું) એવો (વાક્યનો) સંબંધ છે. મંત્રના સંબંધને લીધે આત્મા સદા સાવધાન રહે છે. ૫૪.

એવી રીતે બીજાં સ્થલે પણ પૂજા (કરવા)નું કહેતાં, (તેનું) ફલ કહે છેઃ

---

આખું કર્મ છે. તેથી અર્ધ શ્લોકમાં કહેલ છે, એવો અર્થ યોગ્ય જણાવાથી 'અર્ધ (શ્લોક)' લખેલ છે.

૧. મૂર્તિમાંથી ભગવાન્ પધારી જાય, ત્યારે તેમને ધરાવેલ માલ્ય (પુષ્પ) વિગેરે 'નિર્માલ્ય' થાય છે. તે (નિર્માલ્ય) શિર ઉપર પધરાવવાથી તે (મૂર્તિમાંથી ભગવાન્ પધારી ગએલ હોવાનું) જણાવાય છે. એવો અર્થ છે. (પ્ર)

**એવમગ્ન્યર્કતોયાદાવતિથૌ હૃદયે ચ યઃ ।।**
**યજન્નીશ્વરમાત્માનમચિરાન્મુચ્યતે હિ સઃ ।।૫૫।।**

એવી રીતે અગ્નિ, સૂર્ય, જલ વિગેરેમાં અતિથિમાં અને હૃદયમાં જે ઈશ્વર આત્માનું પૂજન કર્યા કરે છે, તે થોડા સમયમાં ખરેખર મુક્ત થાય છે. ૫૫.

'આદિ' 'વિગેરે' શબ્દથી બ્રાહ્મણ વિગેરે (કહેલાં છે). 'અને હૃદયમાં' એ શબ્દોથી (પૂજનના) બે પ્રકાર જણાવેલા છે. 'ઈશ્વર' 'આત્મા' શબ્દોથી શક્તિ અને જરુરીઆત (દર્શાવનારાં) ભગવાનનાં બે સ્વરૂપો જણાવેલ છે. 'યજન્' 'પૂજન કર્યા કરે છે' શબ્દથી છેવટ સુધી (પૂજન) ચાલુ રહેવાનું (કહેલું છે). 'હિ' 'ખરેખર' શબ્દથી 'એક વાર પૂજન કરીને પણ' એ વાક્ય પ્રમાણે પ્રમાણનો વિચાર (રાખ્યા કરવાનું) કહેલ છે. છેવટે પૂજન કર્યા કરનારની સ્વરૂપમાં સ્થિતિ (મુક્તિ) થાય છે, એમ જણાવવા 'સઃ' 'તે' શબ્દ (યોજેલ છે). ૫૫.

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભદીક્ષિતે રચેલી**
**શ્રીમદ્‌ભાગવતની સુબોધિનીના અગીઆરમા સ્કંધમાં**
**ત્રીજા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય ચોથો

## ભગવાનના અવતારોનું વર્ણન.

**માયાતત્તરણજ્ઞાનકર્મનિર્ણયબોધનૈઃ ।।**
**શુદ્ધચિત્તઃ શુદ્ધલીલાં હરેઃ પૃચ્છતિ મુક્તયે ।।૧।।**

માયા, તેને તરવાનો (ઉપાય), જ્ઞાન અને કર્મનો નિર્ણય જણાવવાથી શુદ્ધ ચિત્તવાળો[1] (થએલો રાજા નિમિ) મુક્તિ પ્રાપ્ત થાય તે માટે હરિની શુદ્ધ લીલા સંબંધી પ્રશ્ન કરે છે. કા.૧.

**તૃતીયેયં સમાખ્યાતા કક્ષા હરિકથા સદા ।।**
**શ્રોતવ્યેતિ યતશ્ચિત્તં સર્વથા તત્પરં ભવેત્ ।।૨।।**

આ હરિકથાનું સદા શ્રવણ કરવું, કે જેને લીધે ચિત્ત સંપૂર્ણ રીતે તેમનામાં આસકિતવાળું થાય, તે ત્રીજી[2] કક્ષા કહેવાએલી છે. કા.૨.

।।રાજોવાચ।। રાજા(નિમિ) કહે છેઃ

**યાનિ યાનીહ કર્માણિ યૈર્યૈઃ સ્વચ્છન્દજન્મભિઃ ।।**
**ચક્રે કરોતિ કર્તા વા હરિસ્તાનિ બ્રુવન્તુ નઃ ।।૧।।**

પોતાની ઈચ્છા પ્રમાણે જે જે જન્મો લઈ હરિએ જે જે કાર્યો આ લોકમાં કરેલાં છે, કરે છે અને કરશે, તે અમને કહો. ૧.

સમયના ભેદથી, કર્મના ભેદથી અને સ્વરૂપના ભેદથી જે (કર્મો) જૂદાં છે તે કહો, એવો અર્થ છે. જુદા જુદા સમયે કરેલાં (કર્મો) તે તે કાલથી થતાં દોષોને દૂર કરનારા હોય છે, જૂદા જન્મમાં કરેલાં (કર્મો) તેવા જન્મવાળાના (દોષને) દૂર કરનારા હોય છે અને કર્મો પોતાની જાતનાં કર્મથી થતાં દોષને દૂર કરનારા હોય છે, એમ (કર્મના) ભેદના[3] પ્રશ્નથી જણાય છે. 'પોતાની ઈચ્છા પ્રમાણે (જન્મ લઈ)' શબ્દથી કર્મની દઢતા ન હોવાનું અથવા ભક્તની ઈચ્છા[4] (જણાવેલ છે). ૧.

---

૧. ચોથા અધ્યાયનું વિવરણ કરતાં આ વાક્યથી સંગતિ જણાવે છે, એક જ કાર્ય હોવું તે અથવા નિર્વાહ કરનાર હોવું તે સંગતિ છે, એવો અર્થ છે. (પ્ર)

૨. 'પહેલાં કહેલી કક્ષાઓથી જ કાર્ય સિદ્ધ થાય તેવું હોવાથી આનું શું પ્રયોજન ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહે છે. ત્રીજી એટલે સર્વની અનકલ્પરૂપ (સર્વને બદલે યોજી શકાય તેવી), અથવા સાધન ભક્તિરૂપ. (બીજીઓનો) નિર્વાહ કરનારી હોવાથી (આ) જરુરી છે, એવો અર્થ છે. (પ્ર)

૩. ત્રણ પૂછેલ હોવાથી ભેદનો પ્રશ્ન કહેલ છે. (પ્ર)

૪. ભગવાનના જન્મ (અવતાર થાય છે) કર્મની દઢતાને લીધે, એટલે મનુષ્યોને જેમ કર્મ કરેલ

અલૌકિક નામવાળો (દ્રુમિલ) ઉત્તર આપતાં નીચેના શ્લોકમાં સર્વ (ગુણો) કહી શકાય તેમ નથી એમ કહે છે :

દ્રુમિલ કહે છેઃ

**યો વા અનન્તસ્ય ગુણાનનન્તાનનુક્રમિષ્યન્ સ તુ બાલબુદ્ધિઃ ।।**
**રજાંસિ ભૂમેર્ગણયેત્કથઞ્ચિત્ કાલેન નૈવાખિલસત્ત્વધામ્નઃ ।।૨।।**

જે અનંતના અનંત ગુણોને ગણવા ઈચ્છે છે તે તો ખરેખર બાલક જેવી બુદ્ધિવાળો છે. ભૂમિનાં રજકણો ઘણા કષ્ટે ઘણા સમયે કદાચ ગણે, સર્વ સત્ત્વમાં જેમનું સ્થાન છે, તેમના ગુણો ન જ (ગણી શકે). ૨.

આથી એવો ભ્રમ દૂર કરે છે કે (યોગીશ્વરો કહેવામાં) ઘણો સમય જાય તે માટે કહેતા નથી, બીજાઓ કહેશે. 'અંત' એટલે નાશ, અથવા હદ. 'અનંત' એટલે દેશ અને કાલની હદ વિનાના. અસંખ્ય બ્રહ્માંડોમાં અને અસંખ્ય બ્રહ્મના દિવસોમાં એક ગામમાં એક દિવસે (કરેલું) એક કર્મ પણ ગણે તો કરોડો જન્મો ચાલ્યા જાય. વળી ગુણો તો વેદ વિગેરે વિદ્યાઓ તથા શિલ્પ વિગેરે વિદ્યાઓની પેઠે જુદાં જુદાં જ્ઞાન અને ક્રિયાઓનો પ્રકાશ કરનારા છે. તે પૈકીની એક પણ વિદ્યાથી જો એક કાર્ય કરે તો પણ અનંત (કાર્યો) થાય. કર્મની વાત જવા દો, (કર્મનાં) કારણ બનેલ ગુણોની પણ ગણત્રી થઈ શકે તેમ નથી. 'અનંત' શબ્દ સંખ્યાની હદ પણ ન હોવાનું જણાવે છે. ગુણો ('ગણી શકે' ક્રિયાપદનાં) કર્મ હોવાથી, ગુણોની જ ગણત્રી કરવાની છે, પરંતુ પોતાને ઉપયોગી હોય તેમની જ નહિ. તેથી વિરોધ[૧] લક્ષમાં ન રાખવાથી બાલક જેવી બુદ્ધિવાળો છે.

ઘણા પદાર્થો બુદ્ધિથી ગ્રહણ કરી શકાય તેવી સંખ્યાવાળા હોય. તે તેમનો અંત છે. તેવા ન હોય તે 'અનંત' છે. તેથી ભગવાનના ગુણોમાં આટલાપણું ન હોવાથી તેમનું જ્ઞાન જ થતું નથી, તો પછી કહી તો કેમ જ શકાય ?

'કહેનારની અશક્તિને લીધે તેમ (કહી ન શકવાનું) થતું હશે' એવી શંકા થાય, તેથી ઉત્તરાર્ધ કહેલ છે. 'રજકણ' શબ્દથી ઝીણાં દેખાય તેવા જ કણ કહેલા છે. તે (કણો) એકસો પરમાણુના થાય છે એવી પ્રસિદ્ધિ છે. ચણોઠીમાં એક કરોડ તે (કણો) હોય છે. તેથી (ચણોઠીથી) પચાસ કરોડગણી સંખ્યા થાય ત્યારે વધારેમાં વધારે પુરુષનો ભાર થાય. એવી રીતે કદાચ (રજકણોને) ગણે.

અવતારો ગણાએલા જ છે, અને ગુણો પણ ગણાએલા જ છે તેથી એમ

---

હોય તેનું ફલ ભોગવવા અવતાર લેવા પડે છે તેમ થતા નથી, પરંતુ ભક્તની ઈચ્છા પ્રમાણે ભગવાન અવતાર લે છે, એવો અર્થ જણાય છે.

૧. અનંત અને ગણત્રી કરવી, એ બેનો વિરોધ, એવો અર્થ જણાય છે.

કેમ કહો છો? એવો પ્રશ્ન થાય, તેથી 'સર્વ સત્ત્વમાં જેમનું સ્થાન છે તેમના' એ વિશેષણ કહેલું છે. 'ત્રીજું સ્વરૂપ સર્વ પ્રાણીઓમાં રહેલું છે' એ વાક્ય પ્રમાણે એક ત્રીજો પુરુષનો અવતાર છે. તે દરેક જીવને પ્રેરણા કરે ત્યારે ગુણો અનંત થાય છે. ૨.

વળી અવતારો અનંત થાય છે એમ અમે કહેલું છે, છતાં પણ ત્રણ કાલમાં થએલા અવતારોને જણાવવા, આરંભમાં નીચેના શ્લોકમાં સર્વ અવતારોનાં કારણરૂપ પુરુષનો અવતાર કહે છેઃ

**ભૂતૈર્યદા પઞ્ચભિરાત્મસૃષ્ટૈઃ પુરં વિરાજં વિરચય્ય તસ્મિન્ ।।**
**સ્વાંશેન વિષ્ટઃ પુરુષાભિધાનમવાપ નારાયણ આદિદેવઃ ।।૩।।**

આદિદેવ નારાયણે જ્યારે પોતે રચેલાં મહાભૂતોથી વિરાટ દેહ(બ્રહ્માંડ) રચાવીને તેમાં પોતાના અંશથી પ્રવેશ કર્યો ત્યારે તેમણે 'પુરુષ' નામ પ્રાપ્ત કર્યું. ૩

જ્યારે પોતાના અંશથી પ્રવેશ કર્યો, ત્યારે 'પુરુષ' નામ પ્રાપ્ત કર્યું, એવો (વાક્યનો) સંબંધ છે. 'પોતાનો અંશ' એટલે આનંદ અંશ. 'આમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે' વિગેરેથી શ્રુતિએ કહેલાં (જગતનાં) કારણના સિદ્ધાંત પ્રમાણે સર્વ મતના ધોરણ પ્રમાણે પાંચ મહાભૂતોને સાક્ષાત્ ભગવાને જ ઉત્પન્ન કરેલાં. સાંખ્ય વિગેરે (ના મત) પ્રમાણે (રચેલાં) નથી. (ભગવાને પોતે રચેલાં એ) પોતાના અંશથી પ્રવેશ કરવાનું કારણ છે. તે માટે બ્રહ્માંડને દેહ તરીકે રચેલ. આ કલ્પમાં (ભગવાને) સર્વ પોતાના માટે (રચેલું) એમ જણાય છે[૧].

'પુરુષે પુરો(દેહો)માં પ્રવેશ કર્યો' એ શ્રુતિ પ્રમાણે પુરમાં પ્રવેશ કરેલ હોવાથી 'પુરુષ' થયા, કારણ કે 'ઉષ્' ધાતુનો અર્થ 'પ્રવેશ કરવો' થાય છે. 'પુરા' શબ્દ અને 'આસ્' ધાતુમાંથી, 'પુર'શબ્દ અને 'વિશ્' ધાતુમાંથી અક્ષર બદલવાથી તથા સંપ્રસારણ કરવાથી અને ('સ્' તથા 'શ્'નો)'ષ' કરવાથી[૨] આ પુરુષરૂપ થાય છે એમ વેદ જાણનારાઓ કહે છે. આ અસાધારણ સૃષ્ટિ છે. મર્યાદાભક્તિ-માર્ગમાં નારાયણ મૂલરૂપ[૩] છે. તે જલમાં રહેવાથી નહિ, પરંતુ 'આદિ દેવ' હોવાથી મૂલ છે. મૂલ[૪] કારણ હોવા છતાં તે દૈવમાર્ગની પ્રવૃત્તિ કરાવનારા છે. 'પુરુષ નામ પ્રાપ્ત કર્યું'

૧. તેમ ન હોત, તો જીવનો જ તેમાં પ્રવેશ કરાવત, એવો અર્થ છે. (પ્ર)
૨. 'પુરા+આસ્'માં 'રા'માંના 'આ'નો 'ઉ' કરતાં અને 'સ્'નો 'ષ્' કરતાં પુરુષ શબ્દ થાય છે. અક્ષરનો બદલો અને 'સ્'નો 'ષ્' કરવાથી થયું. 'પુર્+વિશ્'માં 'વ્'નું સંપ્રસારણ કરવાથી 'વ'નો 'ઉ' થાય છે. એટલે તેની પહેલાનો 'ઈ' નીકળી જાય છે, અને 'શ્'નો 'ષ્' કરતાં 'પુરુષ' શબ્દ થાય છે. સંપ્રસારણ અને 'શ્'નો 'ષ્' કરવાથી એ 'પુરુષ' રૂપ થયું.
૩. 'નારાયણ' શબ્દનો અર્થ 'મૂલરૂપ' છે એવો અર્થ છે. (પ્ર)
૪.'પ્રાપ્ત કર્યું' શબ્દ કહ્યો, તેથી કોઈક વાર જ તેમ થતું હોવાનું સૂચવાએલ છે, છતાં પણ

એમ કહેતાં એમ સૂચવેલ છે કે પુરુષનો અવતાર કોઈક સમયે જ થાય છે. ૩.

આ (નારાયણ)નું ચરિત્ર નીચેના શ્લોકમાં કહે છેઃ

**યત્કાય એષ ભુવનત્રયસન્નિવેશો યસ્યેન્દ્રિયૈસ્તનુભૃતાભુભયેન્દ્રિયાણિ ।।**
**જ્ઞાનં સ્વતઃ શ્વસનતો બલમોજ ઈહા સત્ત્વાદિભિઃ સ્થિતિલયોદ્ભવ આદિકર્તા ।।૪।।**

જેમની કાયામાં આ ત્રણ ભુવનો રહેલાં છે, જેમની ઈન્દ્રિયોને લીધે દેહધારીઓની બંને (પ્રકારની) ઈન્દ્રિયો (કાર્ય કરે છે), જેમનું જ્ઞાન પોતાથી છે, જેમના પ્રાણથી બલ, ઓજ અને ક્રિયા (થાય છે), અને (જેમના) સત્ત્વ વિગેરેથી (જગતનાં) સ્થિતિ, લય અને ઉત્પત્તિ થાય છે, તે મૂલકર્તા છે. ૪.

આ પાલન કરનારી મુખ્ય શક્તિ છે[1]. (પોતાનાં) શરીર, ઈન્દ્રિયો, અંતઃકરણ અને પ્રાણોથી સર્વનું પાલન કરે છે, અને સર્વ અવતારોનું મૂલ છે[2]. જે (જેમની) કાયામાં ત્રણ ભુવનો સારી રીતે રહેલાં છે. ત્રણે લોકને પુત્રની પેઠે (પોતાનાં) અંગમાં રાખે છે, એવો અર્થ છે. આપણી ઈન્દ્રિયોના દેવતાઓ જેમાં આવી જાય છે તેવી જેમની ઈન્દ્રિયોથી દેહધારીઓની જ્ઞાન કરાવનારી અને ક્રિયા કરાવનારી ઈન્દ્રિયો (કાર્ય કરે છે). ઉપાધિમાં પાછળથી પ્રવેશ કરેલ આધિદૈવિક જ આધ્યાત્મિક થતી હોવાથી[3] ગોલકનો ઉપયોગ છે, ઈન્દ્રિયો તો વિષય છે[4]. હાથથી દૂધ પાતા હોય તેના જેવું કરે છે એવો અર્થ છે.

'(જેમનું) જ્ઞાન પોતાથી[5] છે' શબ્દથી અંતઃકરણ(ના સંબંધ)માં જૂદો

---

જ્યારે (ભગવાન્) પોતે રચતા નથી અને પ્રવેશ કરતા નથી, ત્યારે પુરુષ જીવ હોય છે અને (જગત્ રચવાનું) કરણ (સાધન) હોય છે. એમ ત્રીજા સ્કંધમાં જણાવેલ તેનો વિરોધ થાય છે. (આ નોટમાં કાંઈક ભૂલ હોવાની શાસ્ત્રીજીની નોટ છે). (પ્ર)

૧. આ પુરુષના અવતારનું સ્વરૂપ કહેલું છે. (પ્ર)

૨. આ જુદા જુદા અવતારોનું મૂલ છે. એમ પહેલા સ્કંધમાં કહેલું છે. (પ્ર)

૩. 'નારાયણની ઈન્દ્રિયોથી જો આપણી ઈન્દ્રિયો (કાર્ય કરતી) હોય, તો તેમની પેઠે આપણને પણ તેમનાં ગોલક (ઈન્દ્રિયોને રહેવાનાં સ્થાન)થી જ્ઞાન થાય; એટલે આપણાં ગોલોકની જરુર ન રહે' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. બીજા સ્કંધમાં પણ કહેલું છે કે 'જે આધ્યાત્મિક કહેલ છે તે જ આધિદૈવિક છે. જેમાં તે બંને હોતા નથી તે આધિભૌતિક કહેવાય છે'. (પ્ર)

૪. 'રસ જ જીભ છે' એમ કહેલું હોવાથી, આ વાક્યથી બીજો પણ ભેદ કહે છે. તેથી જેમ પોતાના ધાવણનું પોતે હાથથી પાન કરાવે તેમ (નારાયણ) પોતાની ઈન્દ્રિયોને આપણા વિષય બનાવે છે. (પ્ર)

૫. 'પોતાથી' એટલે 'પોતે પુરુષ અવતારથી જૂદું નહિ એવાં (પોતાનાં) અંતઃકરણથી' એવો અર્થ છે. (પ્ર)

પ્રકાર કહે છે. (અંતઃકરણ) ઇન્દ્રિય હોય, તો તો ઉપર કહેલો જ ઉપયોગ થાય[૬]. (તે) પોતાને અનુભવ કરાવનાર હોય, ત્યારે પોતાનું જ્ઞાન પોતાથી જ સદા પ્રાપ્ત થએલું હોય છે[૭]. જ્ઞાનરૂપ અંતઃકરણ તેનું ગ્રહણ કરી ન શકે ત્યારે અંતઃકરણમાં પડેલાં પ્રતિબિંબ(રૂપ જ્ઞાન)નું ગ્રહણ થાય છે[૮]. તે (તેવું) અહિં (નારાયણમાં) નથી. પોતાથી પ્રાપ્ત થએલાં જ્ઞાનથી જ સર્વને જ્ઞાન કરાવે છે, એવો અર્થ છે. '(જેમના) પ્રાણથી (બલ, ઓજઃ અને ક્રિયા થાય છે)' શબ્દથી પ્રાણનું કાર્ય શરીરની અને ઇન્દ્રિયોની બે શક્તિઓ, અને પ્રાણનું સાધારણ કાર્ય ક્રિયા[૯] કહેલાં છે. ભૂખ અને તરસનો ક્રિયામાં સમાવેશ થાય છે. '(જેમના) સત્ત્વ વિગેરેથી...' શબ્દથી વચ્ચે થતાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરેલાં છે. 'મૂલ કર્તા' શબ્દથી (એમ કહેલું છે કે) તેટલું જ[૧૦] કરે છે એમ નથી. ૪.

'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર તેવા હશે' એવી શંકા થાય, તેથી તેઓ આ (નારાયણ)ના અવતાર છે, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**આદાવભૂચ્છતધૃતી રજસાઽસ્ય સર્ગે વિષ્ણુઃ સ્થિતૌ ક્રતુપતિર્દ્વિજધર્મસેતુઃ ।।**
**રુદ્રોઽપ્યયાય તમસા પુરુષઃ સ આદ્ય ઇત્યુદ્ભવસ્થિતિલયાઃ સતતં પ્રજાસુ ।।૫।।**

આને રચવા આરંભમાં રજોગુણથી બ્રહ્મા, સ્થિતિ માટે યજ્ઞોના પતિ દ્વિજો અને ધર્મના સેતુ વિષ્ણુ (અને) નાશ કરવા તમોગુણથી રુદ્ર થયા. તે મૂલ પુરુષ છે. એ રીતે પ્રજાની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ સદા થાય છે. ૫.

'આ' સર્વ તરફ દેખાતા જગત્‌ને રચવા, એમ વિસર્ગ કહ્યો. વિસર્ગ થાય તે માટે આરંભમાં પુરુષ બ્રહ્મા થયા, એવો અર્થ છે. 'શતધૃતિઃ' એક સો પત્રોથી ધારણ કરાએલા એટલે કમલમાંથી ઉત્પન્ન થએલા, અથવા સેંકડો ધૈર્યવાળા હોવાથી રજોગુણ દૃઢ કરનારા (બ્રહ્મા થયા).

તેવી જ રીતે વિષ્ણુ થયા. સત્ત્વગુણથી લૌકિક અને વૈદિકનું પાલન થતું હોવાથી, સ્થિતિ માટે વિષ્ણુ યજ્ઞોના પતિ થયા. લૌકિકમાં તો વિષ્ણુના અવતારથી

૬. અંતઃકરણ (નારાયણથી) જૂદું હોય, ત્યારે તેનાથી થતું બીજું કાર્ય આ વાક્યથી કહે છે. 'ઉપર કહેલો' એટલે વિષય (પદાર્થ) થવારૂપ. આથી એમ કહેલું છે કે બંધ અને મોક્ષ આ અંતઃકરણનાં કાર્યો છે. (પ્ર)

૭. આ વાક્યથી (અંતઃકરણનું) બીજું કાર્ય કહેલું છે. (પ્ર)

૮. આ વાક્યથી નારાયણનો અને જીવનો ભેદ જણાવેલો છે. (પ્ર)

૯. 'ઈહા' શબ્દથી જણાવેલી ક્રિયા, (પ્ર)

૧૦. 'તેટલું જ' એટલે ગુણ દ્વારા કરાતું. (તેટલું જ તેમનું કાર્ય નથી) કારણ કે તે ગુણોની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય પણ કરનારા છે. (પ્ર)

જગતની સ્થિતિ થાય છે. વૈદિકમાં તો નિર્વાહ કરનારા બ્રાહ્મણો છે. સંસાર ફરી થાય ત્યારે તેઓનું પતન થાય છે, અને સમય ધર્મનો નાશ કરે છે. તેથી લૌકિક તથા વૈદિકનો નિર્વાહ કરવા વિષ્ણુ 'સેતુ' એટલે સુખથી તરવાનું કરાવનાર થયા. તેવી જ રીતે રુદ્ર પણ થયા. તે ત્રણે પ્રકારના તે મૂલ પુરુષ છે, પણ બીજો કોઈ નથી એવો અર્થ છે. નિત્ય પ્રલય અને ઉત્પત્તિ થયા કરે છે, એવા મત પ્રમાણે નારાયણનું કાર્ય સદા થાય છે એમ 'ઉત્પત્તિ (સ્થિતિ અને નાશ સદા થાય છે)' શબ્દથી કહેલું છે. 'પ્રજાના' શબ્દથી એમ જણાવેલું છે કે ઘણીવાર જન્મ લેનારાઓના ચોમાસામાં ઉત્પન્ન થતા જીવોની પેઠે બીજાં બે[1] (સ્થિતિ અને નાશ) તેવી જ રીતે થાય છે. ૫.

એ પ્રમાણે સામાન્ય રીતે ભગવાનનું ચરિત્ર કહીને, પુષ્ટિ અવતારો કહેવા માટે[1] સાધારણ રીતે સર્વનું રક્ષણ કરનાર, ધર્મ બે પ્રકારનો છે એમ જણાવવા સ્વાભાવિક અને અસ્વાભાવિક પ્રકારથી બે પ્રકારનો, સ્થિતિનાં કારણરૂપ[2] નરનારાયણનો અવતાર કહે છે. સાધન અને ફલ એ બેમાં ફલ બલવાળું છે એ નિયમ પ્રમાણે જગતની સ્થિતિ દરમ્યાન તેનું પાલન કરવાનું હોવાથી, સ્વાભાવિક પ્રવૃત્તિ આસુરી હોવાથી અને તે ઘણી હોવાથી, (સ્થિતિ) સાથે રહેનાર ધર્મની ઉત્પત્તિ ન થાય તેથી ભગવાને જ ભારે તપ કરવું જોઈએ[3], અને તે દોષરહિત કરવું જોઈએ. તપમાં (તપ કરવાથી) ક્રોધ થાય અને ઘણું કરવાથી કામ થાય એવો, અને શુદ્ધ સત્ત્વનો અવતાર હોવાથી અંતઃકરણ હોવાનો સંભવ હોવાથી[4], તપ અને બે દોષ (કામ અને ક્રોધ) હોવાનું સંભવે છે એવો ભ્રમ દૂર કરવો જોઈએ. તેથી તેવી જ રીતે, ચરિત્ર કહેવું જોઈએ. તે આગળ (૭ થી ૧૬) દશ શ્લોકોથી કહેશે. આરંભમાં (નીચેના શ્લોકમાં) અવતાર અને પોતાના પ્રયોજનવાળું ચરિત્ર કહે છેઃ

---

૧.વારંવાર જન્મ થાય છે, અને બીજાં બે એટલે સ્થિતિ અને નાશ પણ ચોમાસામાં ઉત્પન્ન થતા જીવડાંઓની પેઠે થોડા થોડા સમયમાં જ થયાં કરે છે, એવો અર્થ જણાય છે.

૧. 'પુષ્ટિ અવતારો' એટલે અનુગ્રહ (કરનારા) અવતારો. (પ્ર)

૨. 'વૈકુંઠનો વિજય તે સ્થિતિ' એ વાક્ય પ્રમાણે જુદી જુદી મર્યાદામાં રહીને નિયમપૂર્વક વૈકુંઠને સ્વાધીન કરવું તેના કારણરૂપ, એવો અર્થ છે. (પ્ર)

૩. સ્થિતિ માટે કરવું જોઇએ. (પ્ર)

૪. 'ભગવાન સર્વસમર્થ હોવાથી તેમનામાં તપ કરવાનું અને દોષ હોવાનું સંભવતું નથી' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. શુદ્ધ સત્ત્વ વસુદેવ નામનું છે એ વાક્ય પ્રમાણે તેમને અંતઃકરણ હોવાનું યોગ્ય છે. (પ્ર)

**ધર્મસ્ય દક્ષદુહિતર્યજનિષ્ટ મૂર્ત્યાં નારાયણો નરઋષિઃ પ્રવરઃ પ્રશાન્તઃ ।।**
**નૈષ્કર્મ્યલક્ષણમુવાચ ચચાર યોગં યોઽદ્યાપિ ચાસ્ત ઋષિવર્યનિષેવિતાંઘ્રિઃ ।।૬।।**

દક્ષની પુત્રી મૂર્તિમાં ધર્મથી શ્રેષ્ઠ અને ઘણા શાંત નારાયણ અને નરઋષિનો અવતાર થયો જેમણે નૈષ્કર્મ્યરૂપ ઉપદેશ આપ્યો, યોગનું આચરણ કર્યું જે હજી પણ છે અને જેમનાં ચરણનું ઉત્તમ ઋષિઓ સેવન કરે છે. ૬.

નામથી[૫] માતા અને પિતા ની શુદ્ધિ અને રહેઠાણ[૬] કહેલાં છે. 'નારાયણ' નામથી તે બ્રહ્મ હોવાનું, અને મંત્રના દ્રષ્ટા હોવાનું જણાય તે માટે 'નર' ઋષિ છે જેમના (તે નરઋષિ), એમ 'નર' ઋષિ હોવાનું (કહેલ છે), કારણ કે નરનો સંયમ કરવો એ કર્મના લક્ષ્મીપતિ નારાયણ કર્તા છે 'નર' એ પહેલા પુરુષ છે. 'પ્રવરઃ' 'શ્રેષ્ઠ' અને 'ઘણા શાંત' વિશેષણોથી લોકમાં અને મર્યાદામાં ઉત્તમ હોવાનું કહેલું છે. માત્ર પુષ્ટિમાં રહેલ ન હતા, એવો અર્થ છે. જ્ઞાન અને ક્રિયા બંને પ્રકારનું આ સ્વરૂપ છે. તે પૈકી જ્ઞાનનું કાર્ય કહે છે કે 'નૈષ્કર્મ્યરૂપ' એટલે પંચરાત્રમાં જણાવેલ સેવાના પ્રકારનો લોક ઉપર ઉપકાર કરવા ઉપદેશ કર્યો. ઘણા સમય સુધી પોતાની સ્થિતિ રહે તે પોતાનાં પ્રયોજન માટે યોગનું આચરણ કર્યું. તેથી જ આજ પુષ્ટિના અવતારોમાં આજ સુધી[૭] છે. પ્રથમ (કાર્ય, સેવાના ઉપદેશ)નું ફલ કહે છે કે 'ઉત્તમ ઋષિઓ' એટલે પંચરાત્રમાં કહેલા મંત્રોના દષ્ટાઓ, તેઓથી સેવાએલા છે ચરણ જેમના તેવા (તે છે). સ્થિતિનાં પ્રયોજન માટે ફલ ઊંધા ક્રમથી કહેલાં[૮] છે. ૬.

નીચેના શ્લોકથી આરંભી દશ શ્લોકોથી ચરિત્ર કહે છે. સહસ્ત્રકવચનો વધ અને તપ ઋષિનો સંયમ હોવાથી અહિં મુખથી કહેલ નથી[૧]. બે શ્લોકોથી કામ અને ક્રોધ ઉપરનો વિજય, ચારથી કામ વિગેરેએ કરેલી સ્તુતિ અને તેઓના ઉપરનો વિજય, બેથી ન આપવા યોગ્યનું દાન, અને બેથી ચરિત્ર ચિંતન થઈ ન શકે તેવું હોવાનું (કહેલ છે). તે પૈકી કામ અને ક્રોધ (નરનારાયણની) સમીપ આવ્યાનું નીચેના શ્લોકમાં કહે છે.

---

૫. 'વધેલ સત્ત્વમાંથી ધર્મ થાય છે' વાક્ય પ્રમાણે, ધર્મ સાત્ત્વિક હોઈ શુદ્ધ છે. મૂર્તિ પણ સત્ત્વમૂર્તિ હોઈ શુદ્ધ છે. (પ્ર)

૬. 'રહેઠાણ' એટલે શુદ્ધિનું રહેઠાણ. (પ્ર)

૭. યોગ માટે જ લાંબા સમય સુધી રહે છે, એવો અર્થ છે. (પ્ર)

૮. નૈષ્કર્મ્ય પહેલાં કહેલ છે, યોગ પછી કહેલ છે, છતાં યોગનું ફલ લાંબા સમય સુધી રહેવાનું પહેલાં કહ્યું અને પોતાને રહેવાનું પ્રયોજન સેવાનો ઉપદેશ કરવાનું છે એમ જણાવવા નૈષ્કર્મ્યનું ફલ પછી કહ્યું, એવો અર્થ છે. (પ્ર)

૧. બીજાં પ્રયોજનથી કરેલાં હોવાથી, બંને (કાર્ય અહિં) કહેલાં નથી, એનો અર્થ છે. (પ્ર)

**ઈન્દ્રો વિશંક્ય મમ ધામ જિઘૃક્ષતીતિ કામં ન્યયુંક્ત સગણં સ બદર્યુપાખ્યમ્ ।।**
**ગત્વાઽપ્સરોગણવસન્તસુમન્દવાતૈઃ સ્ત્રીપ્રેક્ષણેષુભિરવિધ્યદતન્મહિજ્ઞઃ ।।૭।।**

મારાં સ્થાનને પડાવી લેવા ઈચ્છે છે, એવો ભય પામી ઈન્દ્રે કામને સેવકો સાથે મોકલ્યો. તેમના મહિમાને ન જાણનારે તેણે અપ્સરાઓના સમૂહ, વસંત અને ઉત્તમ મંદ વાયુ સાથે બદરીનારાયણ જઈ, સ્ત્રીઓની દષ્ટિરૂપ બાણોથી (તેમને) વીંધવા માંડ્યા. ૭.

ઈન્દ્ર યજ્ઞસ્વરૂપ, માત્ર ક્રિયાશક્તિનો અવતાર છે. ભોગમાં આસક્તિ થવાથી તેને આત્માનું વિસ્મરણ થયું. 'નરનારાયણના તપનું[૨] ફલ ઈન્દ્રપણું છે અને મન્વંતર પૂરો થતાં બ્રહ્માપણું થાય, છતાં પણ પ્રતિષ્ઠા જ પ્રાપ્ત થાય, ભોગ ન થાય[૩]. જ્ઞાનનો ઉપદેશ કરનારને જ્ઞાનની જરુર નથી[૪]. જગતનું રક્ષણ કરવામાં પણ ઈન્દ્રપણાંથી જ[૫] (રક્ષણ કરવા ઈચ્છે છે)' એવો ઈન્દ્રને ભ્રમ થયો. તેથી જ મારાં સ્થાનને પડાવી લેવા ઈચ્છે છે એવો ભય પામી કામને મોકલ્યો, કારણ કે લોકમાં કામ અને ક્રોધથી જ તપનો નાશ થાય છે, અને ક્રોધ કરવાથી જ કામનો વિજય પણ થાય છે. તેથી કામના વિજય અથવા પરાજયથી પોતાનું કાર્ય થશે એમ માની, કામને મોકલ્યો અને[૬] તે અગ્નિની પેઠે હૃદયમાં રહેલ કામને જાગ્રત કરનારો હોવાથી, તે (હૃદયમાં રહેલ કામ) જાગ્રત થાય ત્યારે તેને શાંત કરવા તેના સેવકો સાથે મોકલ્યો એમ કહેલું છે. જો (હૃદયમાં રહેલ કામ) જાગ્રત ન થાય, તો તપનાં સ્વરૂપનો નાશ ન થાય. જો તે જાગ્રત થાય ત્યારે પણ શાંત ન થાય[૭], તો

૨. (નરનારાયણ) તપ કરતા હતા, એ ઈન્દ્રને ભય થવાનું કારણ હોવાનું આ વાક્યથી સિદ્ધ કરે છે. મન્વંતર પૂરો થએલ હોવાથી તેને આવો સંદેહ થયો. (પ્ર)

૩. 'ઈન્દ્રનું સ્થાન લેવાનું જ કેમ (નરનારાયણને) ઉત્તમ જણાય?' એવો પ્રશ્ન થાય તેથી આ કહેલ છે. તે બ્રહ્મા થાય, છતાં પણ પહેલાના બ્રહ્માનો અધિકાર પૂરો થએલ ન હોવાથી તેમની પ્રતિષ્ઠા જ વધે, પણ ભોગ પ્રાપ્ત ન થાય, તેથી ઈન્દ્ર થવાનું જ તેમને ઉત્તમ જણાય. (પ્ર)

૪. નરનારાયણને ભોગ કરવાની જ કેમ ઈચ્છા થાય, તે આથી કહે છે. (પ્ર)

૫. 'રક્ષણ કરવા ઈચ્છે છે' શબ્દો અધ્યાહાર છે. (પ્ર)

૬. 'સેવકો શબ્દથી જણાવેલ વસંત વિગેરેનું શું પ્રયોજન ?' તે જાણવાની ઈચ્છા થાય, તેથી આ વાક્યો કહેલાં છે. કામ જાગ્રત કરવા અને તેની વૃદ્ધિ કરવી આ (સેવકરૂપ) સામગ્રી સાથે ગયો. (પ્ર)

૭. જાગ્રત થએલ કામ (હૃદયનો કામ) શાંત થાય તો ખળભળાટ થતાં સર્વનાશ થાય. તેથી સેવકોનો ઉપયોગ કરવાની પણ જરુર હતી. કામ અને સેવકો બંનેથી ઈન્દ્રિયોનો ખળભળાટ થતાં, ક્રોધથી હૃદયના કામનો અને તપનો નાશ થાય, તે માટે સેવકોનો ઉપયોગ કર્યો. (પ્ર) ઈન્દ્રિયોનો ખળભળાટ થતાં જો અપ્સરાઓ વિગેરેથી કામને શાંત કરે તો તપનો નાશ થાય,

આધ્યાત્મિકમાં (ઈન્દ્રિયોમાં) ખળભળાટ થતાં સર્વનો નાશ થાય, એમ (વિચારી સેવકો સાથે મોકલ્યો).

અને તે કામ 'બદરી' એવું 'ઉપ' સમીપમાં છે 'આખ્યા' નામ જેનું, એટલે 'બદરીનારાયણ' એવો અર્થ છે, (ત્યાં ગયો), કારણ કે દેશ સાથેના નામથી શબ્દથી પણ તેને (નરનારાયણ) બ્રહ્મ હોવાનું જ્ઞાન થયું નહિ. વિભાવો (કામની બુદ્ધિ કરનાર પદાર્થો) સાથે, એટલે અપ્સરાઓનો સમૂહ, વસંત અને ઉત્તમ મંદ વાયુ સાથે ગયો. જીવની સ્થિતિવાળામાં[૮] રહેલો રસ શ્રૃંગાર વિગેરે નવ સ્વભાવોથી બહાર આવે છે, પરંતુ ભગવાન્ ભક્તિથી પ્રકટ થાય છે, તેથી કાંઈ પણ ચિંતા ન હતી. વિલાસથી કામ પ્રકટ થાય એક જાતવાળા પોતાની જાતવાળાને ગ્રહણ કરે. સ્ત્રીઓની જે ઉત્તમ દષ્ટિ, તે ખળભળાટ કરાવનારાં બાણો તે(કામ)નાં બાણો છે. 'વીંધ્યા' શબ્દથી કામની ક્રિયા કહી, પરંતુ બાણોએ ભગવાનમાં પ્રવેશ કર્યો નહિ, (કારણ કે) ઘટેલું નહિ તેવું ભગવત્પણું 'તેમનો પ્રભાવ' છે. પથ્થર ઉપર કોઈ પણ બાણો નાખતું નથી. ૭.

ભગવાને કરેલું (કાર્ય) નીચેના શ્લોકમાં કહે છેઃ

**વિજ્ઞાય શક્રકૃતમક્રમમાદિદેવઃ પ્રાહ પ્રહસ્ય ગતવિસ્મય એજમાનાન્ ।।**
**મા ભૈષ્ટ ભો મદન મારુત દેવવધ્વો ગૃહ્ણીતનો બલિમશૂન્યમિમં કુરુધ્વમ્ ।।૮।।**

ઈન્દ્રે કરેલ મર્યાદાનું ઉલ્લંઘન જાણી આદિદેવે હસી ગર્વરહિત રહી ધ્રૂજતાઓને કહ્યું કે 'હે કામ! હે વાયુ! હે દેવસ્ત્રીઓ! ભય ન પામો, અમારું પૂજન સ્વીકારો, આને વસાએલું કરો'. ૮.

બાણોનું ફલ થતું ન હોવા છતાં બાણ મારવાં અયોગ્ય હોવાથી, નર-નારાયણ ઈશ્વર હોવાથી દંડ ન કરે. કામ વિગેરેએ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તન કરેલ હોવાથી તેઓનો દોષ ન હતો. સેવક અપરાધ કરે ત્યારે તેના સ્વામીને સજા કરવી જોઈએ એવું પરિણામ આવે છે. ખળભળાટ થાય અથવા પોતાના વિષે અજ્ઞાન હોય, ત્યારે કામ વિગેરેને દંડ કરવાનું પ્રાપ્ત થાય, તે મર્યાદાનું ઉલ્લંઘન ઈન્દ્રે કરેલું હોવાથી (નરનારાયણ કામ વિગેરેને દંડ કરતાં) અટક્યા.(ઈન્દ્રે)[૧] અને કામ પણ શાંત થાય, એવો અર્થ જણાય છે.

---

૮. '' 'જીવની સ્થિતિ' એટલે મનનો વિકાર, 'તે રસ છે' એ શ્રુતિ પ્રમાણે તે જ મનુષ્યોના મનમાં અને 'તે મનુષ્યોના મનમાં રહેલા આત્મા છે' શ્રુતિ પ્રમાણે તે જ મનુષ્યોના મનમાં રહેલા છે. તેથી વિભાગો વિગેરેથી રસ બહાર પ્રકટ થાય ત્યારે ભગવાન જ બહાર પ્રકટ થાય, તેથી ભક્તિ માટે ઉદ્યમ કરવો નકામો છે.'' એવી શંકા થાય, તેથી આ કહેલું છે. (પ્ર)

૧. 'ઈન્દ્રે' અધ્યાહાર છે. (પ્ર)

પોતાની મેળે અથવા નારદ વિગેરે દ્વારા તપ (કરવા)નું પ્રયોજન અને (નરનારાયણ) જીવ હોવાનું જાણવું જોઈએ. ત્યારપછી આ[2] કાર્ય થાય (થઈ શકે). જાણ્યા વિના (કરવાથી) મર્યાદાનું ઉલ્લંઘન થાય. (નરનારાયણ)[3] ભગવાન્ હોવાથી અપરાધ ન થયો, (અને) દંડ ન (કર્યો). 'આદિદેવ' શબ્દથી એમ (જણાવેલું છે કે) યજ્ઞ (ઈન્દ્ર) પોતે જ મોકલેલો પોતાનો અંશ છે. (નરનારાયણ) શાંત રહે, તો ભયને લીધે (આમનાં) મરણ અને (ઈન્દ્રનો) બીજો અપરાધ થવાનું સંભવે, તેથી તેમણે કહ્યું. મારા શીખવેલાનો પણ આમણે ઉપયોગ કર્યો એવા વિચારથી 'હસીને (કહ્યું)' એમ કહેલું છે. ગર્વને લીધે પણ આવું (હસવાનું) સંભવે, તેથી 'ગર્વરહિત' (રહેવાથી) ક્રોધની પેઠે માહાત્મ્યનું જ્ઞાન[4] પણ થાય. નારાયણ અને ઈન્દ્ર દંડ કરે એવા ભયથી ધ્રુજારો થયો. બંને[5] દૂર થાય તે માટે ધ્રુજતા (તે)ઓને કહ્યું, કારણ કે ભય થતાં સ્વામી અને સેવકની સ્થિતિ દૂર થઈ. પછી સમાનતાથી 'હે મદન ! હે વાયુ ! હે દેવસ્ત્રીઓ !' એવું સંબોધન કર્યું. 'ભય ન પામો !' શબ્દોથી ઈન્દ્રથી પણ ભય ન હોવાનું અને (તેને) સ્વામીથી દંડ થવાનો ભય હોવાનું સૂચવેલું છે. કાર્ય માટે આવેલાઓ પણ અતિથિઓ થાય છે[6]. નિવૃત્તિ માર્ગમાં ચોરો અને હણનારાઓ (પણ અતિથિ થાય છે એવો) નિર્ણય[6] 'આટલું જન્મનું સફલપણું છે' (૧૦।૨૦।૩૫) શ્લોકમાં કરેલો છે. વળી ભ્રમને લીધે[7]

---

૨. 'આ' એટલે કામ વિગેરેને કરેલી આજ્ઞા (પ્ર)

૩. ઈન્દ્ર ભગવાન્ હોવાથી (પ્ર) નરનારાયણ ભગવાન્ હોવાથી કામ મોકલવાથી પણ તેમને કાંઈ ખળભળાટ ન થવાથી અપરાધ ન થયો, એવો અર્થ જણાય છે.

૪. વૃંદાવન પ્રેસવાળી પ્રતમાં આ પહેલાં નીચે પ્રમાણે વાક્ય છે. 'તથા ગતવિસ્મયત્વાંભાવે ક્રોધવત્ હ્યસ્મિન્ મહત્ત્વજ્ઞાનમપિ ભવેદિત્યર્થઃ' તે પ્રમાણે ગર્વરહિત રહેલ ન હોત, તો આમનામાં ક્રોધ (જણાત તે)ની પેઠે (ક્રોધરહિત રહેવાથી) માહાત્મ્યનું જ્ઞાન પણ થાય આ વાક્યમાં પણ એ જ અર્થ કહેલ જણાય છે.

૫. બંને એટલે નારાયણના દંડનો ભય અને ઈન્દ્રના દંડનો ભય, એવો અર્થ જણાય છે.

૬...૬. 'અપરાધીઓ અતિથિ કેમ ગણાય ? અને તેમની શી જરુર ?' એવો પ્રશ્ન થાય તેથી આ વાક્યો કહેલાં છે. પ્રવૃત્તિમાર્ગમાં અતિથિઓનું પૂજન થાય છે. અને ત્યાં આવાઓ અપરાધી ગણાતા નથી. સર્વનું કલ્યાણ કરવું એ ઉત્તમ પુરુષોનો ધર્મ હોવાથી નારાયણે તે પ્રમાણે (સ્વાગત) કર્યું. (પ્ર) 'પ્રવૃત્તિમાર્ગમાં' છે ત્યાં 'નિવૃત્તિમાર્ગમાં' જોઈએ એમ જણાય છે.

૭. (કામ વિગેરે) આવેલાઓના ભ્રમને લીધે (પ્ર) નરનારાયણના તપનો ભંગ કરવા તેમને જીવ માની આવેલા, પણ તે જીવ નહિ પણ ઈશ્વર હતા. તે તેમના ભ્રમને લીધે તેમનો તપભંગ કરવાનો મનોરથ પૂર્ણ નહિ થાય, પરંતુ અતિથિસત્કાર કરવાનો અવસર આપવાથી પરોપકાર થશે, એવો અર્થ જણાય છે.

મનોરથ પૂર્ણ ન થાય, છતાં પણ આશ્રમમાં રહેનારાઓએ અતિથિ સત્કાર કરવો જોઈએ, એમ 'નો બલિં' અમારા સંબંધવાળું (અમારું) 'પૂજન સ્વીકારો' શબ્દોથી કહેલું છે. 'તેથી શું થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી (આ) સ્થાનને 'વસાએલું કરો' એમ કહેલું છે. (તમારો) મનોરથ સિદ્ધ નહિ થાય, છતાં પણ પરોપકાર થશે, એવો અર્થ છે. 'જે ઘરોમાં અતિથિઓ હોય છે...' વાક્યમાં જણાવેલા નિયમ પ્રમાણે દોષરહિત ઉત્તમ પુરુષોની આ રીત છે. ૮.

એ પ્રમાણે બે શ્લોકોથી (નરનારાયણમાં) કામ વિગેરે દોષો ન હોવાનું કહ્યું. અને તેવી રીતે (તેમનું) માહાત્મ્ય કહેવાયું, ઈન્દ્રિયો ઉપર વિજય કરેલા હોવું વિગેરે (ગુણો) પુરુષની બુદ્ધિથી ગ્રહણ થઈ શકે તેવા છે. (નીચેના શ્લોકથી આરંભી) ચાર શ્લોકોથી તે ન હોવાનું કહેતાં, (આરંભના ત્રણ શ્લોકોથી (૧) ભગવાનના ગુણો (૨) ભગવદીયના ગુણો અને (૩) અસાધારણ ગુણો (ના પ્રકાર)થી તે કહે છે. તે પૈકી પ્રસંગ સાથે ભગવાનનો ગુણ કહે છે. માત્ર ભય ન રાખવાનું કહેલું અને વધારાનું પૂજન તે નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈત્થં વદત્યભયદે નરદેવ દેવાઃ સવ્રીડનમ્રશિરસઃ સઘૃણં તમૂચુઃ ।।**
**નૈતદ્વિભો ! ત્વયિ પરેડવિકૃતે વિચિત્રં સ્વારામધીરનિકરાનતપાદપદ્મે ।।૯।।**

હે નરદેવ ! અભય આપનાર આ પ્રમાણે કહેતા હતા, ત્યારે લજ્જા પામેલા, નમેલ મસ્તકવાળા દેવોએ કૃપાળુને તેમને કહ્યું (કે)–હે શક્તિમાન્ ! આત્મામાં રમણ કરનારા ધીર પુરુષોના સમૂહો જેમનાં ચરણકમલને નમન કરે છે તેવા, (સર્વને) વશ રાખનાર, વિકારરહિત આપમાં આ આશ્ચર્યકારક નથી. ૯.

મોટા પુરુષો બોલે તે જ પોતાની હલકાઈ જણાવનારો હલકા પુરુષોની પૂજાનો પ્રકાર[1] છે. અભયદાનથી મોટું દાન કાંઈ નથી, આસન વિગેરે પણ (કામ વિગેરેને ) પ્રાપ્ત થયાં એમ સમજાય છે[2]. 'હે નરદેવ!' સંબોધનથી (નિમિત્તે) એવો લૌકિક ઉપદેશ કરેલો છે કે અભયદાન આપવું જોઈએ. તે (કામ વિગેરે) પણ સ્વરૂપથી મોટા હતા, તેથી 'દેવોએ' એમ કહેલું[3] છે. નરનારાયણની વિરુદ્ધ કાર્ય કરવાથી લજ્જા થઈ. મોટા પુરુષો પ્રતિ ઘણો આદર હોવાથી નમેલ મસ્તકવાળા થયા. વેશ્યા વિગેરે જોવાથી નરનારાયણને કામ ઉપર અણગમો થયો. તે અણગમા

૧. 'વચન પૂજા કેમ ગણાય ?' એવો સંશય થાય, તેથી આ કહેલ છે. 'ઈત્થં' 'આ પ્રમાણે' શબ્દથી પ્રકાર કહેલો છે. (પ્ર)

૨. ગયા શ્લોકમાં 'પૂજન' કહેલ છે, તેથી સમજાય છે, એવો અર્થ છે. (પ્ર)

૩. પૂજન માટે યોગ્ય ગણાય તે માટે કહેલું છે. (પ્ર)

સાથેના, અથવા તેઓને લાચાર જોવાથી કૃપા સાથેના[૪] (નરનારાયણ)[૪] કર્મ છે. ('સઘૃણ' શબ્દ) ક્રિયાવિશેષણ લઈએ ત્યારે, પોતે નાશ કરેલા ભક્તોનું સ્મરણ કરીને, ભક્તોના નિમિત્તથી વિજ્ઞપ્તિ કરતા હોય તેમ (કહ્યું)[૫] (એવો અર્થ થાય) આપ સર્વને પિતામહ(દાદા)ની પેઠે વશ રાખનાર હોવાથી, અને તેમનાથી થતો ખળભળાટ (આપમાં) થતો ન હોવાથી, આપમાં સર્વ સંભવે છે. ગુણોનું કાર્ય વિકાર છે, તે (આપમાં) નથી. વળી જેઓએ જ્ઞાન અને ઇન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરેલા છે તેવા પ્રસિદ્ધ (પુરુષો)એ પણ પ્રશંસા કરેલા અને આદર આપેલા (આપ)માં જ્ઞાન અને ઇન્દ્રિયો ઉપર વિજય હોય એમાં કહેવું જ શું ? તે અર્થ કહે છે કે આત્મામાં રમણ કરનારા અને તે ધીર (પુરુષો), તેઓના સમૂહોએ નમન કરેલ છે ચરણકમલને જેમના તેવા (આપ છો). ૯.

આપમાં સર્વ યોગ્ય છે, પરંતુ સેવકોની દુર્દશા છે અને તે (ભગવાન્) કોઈક સમયે દૂર કરે છે, તેથી તે સદા દૂર કરવામાં આવે તે માટે તે[૧] કહે છે[૨]. પ્રવાહ અને મર્યાદાના સંબંધવાળો ભક્ત પુષ્ટ થાય છે. તે બંનેનો અધિકાર આપેલા ઈર્ષ્યાવાળા દેવો પોતાની સેવાને તજી ભગવાનની સેવામાં તત્પર રહેનારાઓને પ્રવાહમાં અને મર્યાદામાં વિઘ્નો કરે છે, તેથી પ્રવાહ અને મર્યાદામાં ગૌરવ પ્રાપ્ત ન કરવાથી તેઓ લાચાર જેવા થાય છે[૨]. તે (અર્થ) નીચેના શ્લોકમાં કહે છેઃ

**ત્વાં સેવતાં સુરકૃતા બહવોઽન્તરાયાઃ સ્વૌકો વિલંઘ્ય પરમં વ્રજતાં પદં તે ।।**
**નાન્યસ્ય બર્હિષિ બલિં દદતઃ સ્વભાગાન્**
**ધત્તે પદં ત્વમવિતા યદિ વિઘ્નમૂર્ધ્નિ ।।૧૦।।**

(દેવોનાં) પોતાનાં ધામનું ઉલ્લંઘન કરીને આપનાં ઉત્તમ સ્થાનને પ્રાપ્ત કરનાર આપની સેવા કરનારાઓને દેવોએ કરેલાં ઘણાં વિઘ્નો થાય છે, યજ્ઞમાં

---

૪-૪. 'તમ્' શબ્દથી ભગવાન્ કહેલા છે. તે 'ઊચુઃ' કહ્યું શબ્દનું કર્મ છે. (પ્ર) 'સઘૃણં' 'તમ્'નું વિશેષણ હોવાથી કર્મનું વિશેષણ હોઈ, કર્મ કહેલ છે. 'ઘૃણા' શબ્દના બે અર્થો હોવાથી બંને અર્થ લીધેલા છે. (પ્ર)

૫. આગળના (અગીઆરમા) શ્લોકનું તાત્પર્ય વિચારી, 'સઘૃણં' ક્રિયાવિશેષણ લઈ અર્થ કરેલ છે. 'ભક્તષુ' એટલે ભક્તોના નિમિત્તથી. (પ્ર)

૧. 'તે' એટલે તેઓની દુર્દશાનું સ્વરૂપ. (પ્ર)

૨...૨. 'ભગવાનના ભક્તોને વિઘ્ન કેમ થાય ?' એવો પ્રશ્ન થાય, તેથી તે ભક્તોનું સ્વરૂપ અને (તેમને થતાં) વિઘ્નનો પ્રકાર આ ભાગથી કહે છે. માત્ર પુષ્ટિ (માર્ગના ભક્તો)ને વિઘ્ન થતું નથી, અને બીજાને વિઘ્ન થાય છે, તે તેઓનાં લૌકિક અને વૈદિક કાર્યનો નાશ કરનારું થતું નથી, એવો અર્થ છે. (પ્ર)

(દેવોને) બલિ અને પોતાના ભાગો આપનાર બીજાને (વિઘ્નો) થતાં નથી. જ્યારે આપ રક્ષણ કરનાર થાઓ છો ત્યારે તે વિઘ્નોનાં માથે ચરણ મૂકે છે. ૧૦.

ફલ પ્રાપ્ત થતાં સુધી (આપની સેવા કરે છે), એમ '(ઉત્તમ) સ્થાનને પ્રાપ્ત કરનાર' શબ્દથી કહેલું છે. જો કે જેમ વૃક્ષને (સિંચન કરવાથી ડાળો તથા પત્રોને સિંચન થાય છે) એ ધોરણ પ્રમાણે ભગવાનની પૂજા થતાં (દેવો) તૃપ્ત થાય છે, છતાં પણ ભગવાનના ભક્તે (તેમને કાંઈ) આપવાનું ન હોવાથી[3] માત્ર (ભગવાનની) સેવાથી તેઓ સંતોષ પામતા નથી. તે અર્થ '(આપની) સેવા કરનારાઓ' શબ્દથી કહેલ છે. જુદાં જુદાં કાર્યમાં ઘણા વિઘ્નો કરે છે, અને તેથી કાંઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી, એવો અર્થ છે. પ્રવાહમાં બલિ આપનારને (અને) મર્યાદામાં પોતાના ભાગો આપનારને (દેવો વિઘ્ન કરતા નથી). વળી તેઓ[4] દુષ્ટ પુરુષોની પેઠે સર્વના સંબંધમાં વિઘ્ન કરતા નથી, તે (અર્થ) 'બીજાને (થતાં) નથી' શબ્દોથી કહેલ છે. બીજો હોઈ (તે) એક (પ્રકારનો) છે[5].

જો કે 'જેમનાં ચરિત્રરૂપ લીલા...' (૧૦|૪૪|૧૮) વાક્યના નિયમ પ્રમાણે ભગવાનને પણ આ ઈષ્ટ છે, છતાં પણ જ્યારે તે લોકની નિંદાને લીધે અથવા દયાને લીધે વિઘ્નમાં રહેલાઓનું[6] રક્ષણ કરનાર થાય છે ત્યારે કોઈક (ભગવાનનું ઉત્તમ) સ્થાન પ્રાપ્ત કરે[7] છે, એવો અર્થ છે.

'વિઘ્નો ઘણાં હોય ત્યારે શું કરવું ?' એવો પ્રશ્ન થાય, તેથી 'જ્યારે વિઘ્નોનાં માથે (ચરણ મૂકે છે)' એમ કહેલું છે. વિઘ્નો પોતાનાં કાર્યને લઈ જવા (પોતાનાં) માથે મૂકે છે. જો તે જ પ્રસંગે તેનું રક્ષણ (ભગવાન્ કરે), તો તે પોતાનો ચરણ ત્યાં જ મૂકે છે, એવો અર્થ છે. પાછળ વાક્યમાં રહેલા 'જે (જ્યારે)' શબ્દને 'તે (ત્યારે)' શબ્દની જરુર હોતી નથી. 'હે માધવ ! આપના સેવકો (તેવી રીતે

---

૩. ભગવાનના ભક્તોએ કરેલ બલિ અથવા ભાગરૂપ દેવાનું ન હોવાથી, (પ્ર) ભગવાનના ભક્તો તેઓને બલિ, અથવા ભાગ આપતા ન હોવાથી, એવો અર્થ જણાય છે.

૪. 'તેઓ' એટલે દેવો. (પ્ર)

૫. બીજો, એટલે જૂદો હોવાનાં અભિમાનવાળો. દેવોમાં અને તેઓના સેવકમાં આ ગુણ સમાન હોવાથી, તે બંને એક પ્રકારના સ્વભાવવાળા છે. તેથી દેવો (તેમના સેવક)ને વિઘ્ન કરતા નથી, એવો અર્થ છે. (પ્ર)

૬. વૃંદાવન પ્રેસવાળી પ્રતનો 'વિઘ્નસ્થાનામ્' પાઠ લીધેલ છે.

૭. ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરે છે, અને (વિઘ્નનાં માથે) પગ મૂકે છે. 'આપનો ભક્ત' શબ્દો અધ્યાહાર છે, તેથી (વિઘ્નનાં) માથે ચરણ મૂકી આપનાં સ્થાનને પ્રાપ્ત કરે છે, ત્યારે વિઘ્ન થવાનો સંભવ જ રહેતો નથી, એવો અર્થ છે. (પ્ર)

માર્ગથી ભ્રષ્ટ થતા) નથી'(૧૦।૨।૩૩) વાક્યમાં કહેલા ભક્તો યાદવોની પેઠે દેવો પ્રતિ ઉદાસીન છે. અહિં (કહેલા તેમની) સેવા કરનારા છે, એવો ભેદ છે. ૧૦.

આ[1] દઢ કરવા માટે (નીચેના શ્લોકમાં) વિઘ્નોનું માહાત્મ્ય કહે છેઃ

**ક્ષુત્તૃટ્ત્રિકાલગુણમારુતજૈહ્વશૈશ્ન્યાનસ્માનપારજલધીનતિતીર્ય કેચિત્ ।।**
**ક્રોધસ્ય યાન્તિ વિફલસ્ય વશં પદે ગોર્મજ્જન્તિ દુશ્ચરતપશ્ચ વૃથોત્સૃજન્તિ ।।૧૧।।**

અમો ભૂખ, તરસ, ત્રણ કાલ(ઋતુ)ના ગુણો, વાયુ, જીભના દોષ, અને જનનેન્દ્રિયના દોષરૂપ અંતરહિત સમુદ્રને તરી જઈ, કેટલાક ફલરહિત ક્રોધને વશ થાય છે, ગાયનાં પગલામાં ડૂબી જાય છે, અને કષ્ટથી આચરી શકાય તેવા તપનો વૃથા ત્યાગ કરે છે. ૧૧.

હજારોથી અધિક વિઘ્નોમાં અમે છ મુખ્ય છીએ અને તેમાં પણ પછી પછીનું અધિક છે, તે અર્થ 'ભૂખ' વિગેરેથી કહેલ છે. 'કામ સમુદ્ર જેવો છે' એ શ્રુતિ પ્રમાણે આઠ પ્રકૃતિવાળા[2] કામને તરવું કઠણ છે. તે અનંત જન્મોમાં જીવતાં હોઈએ ત્યાં સુધી આઠ પ્રકારે વિઘ્ન કરે છે. તે વિષયમાં સહન કરવો એ તરવાનું છે, ઉપાય કરવો એ ડૂબવાનું છે. તેથી ઉપાય કરવાનાં સાધનો ડૂબાડનારા છે.

કામને વશ કરવો એ બીજો ગુણ છે. જેમણે વશ કરેલ ન હોય તે બધાને જ તરવાની વિગેરે શંકા રહે છે. 'તરી જઈ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ઘણા સમય સુધી સહન કરવામાં આવે ત્યારે તેઓ (કામ વિગેરે) તે પ્રમાણે વિઘ્ન કરતા નથી, તેથી તેઓ (સહન કરનારા) દુર્લભ છે. કામમાં ડૂબેલ હોય, તેને તો ઈન્દ્રિયનું સુખ થાય છે, ક્રોધમાં (ડૂબેલાને) તે પણ થતું નથી. શત્રુનું મૃત્યુ દુઃખ દૂર કરનારું હોવા છતાં પણ, (તે) પોતે કરવાથી કાંઈ શ્રેષ્ઠતા નથી. વળી ક્રોધ દુઃખરૂપ છે અને તે પણ વિવેકરહિત અને અભિમાનવાળાને જ થાય છે[3]. વળી ક્રોધમાં તેને સહન કરવા સંબંધી સંદેહ જ નથી. (પુરુષ તેને) વશ જ થાય છે એમ 'વશ થાય છે' શબ્દોથી કહેલ છે. કામનો વિચાર કરતાં ક્રોધ તો ઘણો તુચ્છ છે, કારણ કે પ્રવાહની મર્યાદામાં (તેની) સ્થિતિ નથી. (તે) વિવેકથી દૂર થાય તેવો છે અને કારણ[4] પણ હોતું નથી. તે (અર્થ) 'ગાયના પગલામાં ડૂબી જાય છે' શબ્દોથી કહેલો છે.

---

૧. 'આ' એટલે દુર્દશા પ્રાપ્ત થવાનું, એવો અર્થ છે. (પ્ર)

૨. ત્રણ કાલના ગુણો અને ભૂખ વિગેરે પાંચ, એ આઠ પ્રકૃતિ એટલે ઉત્પત્તિનાં કારણરૂપ છે જેના, તેવા કામને, એવો અર્થ છે. (પ્ર)

૩. આથી 'ફલરહિત' વિશેષણનું તાત્પર્ય કહેલું છે. (પ્ર)

૪. 'કારણ' એટલે (તેમાં) ડૂબવાનું કારણ. (પ્ર)

(પોતાની) વિરુદ્ધ વચનના શબ્દના એક ભાગમાં ડૂબે છે, એવો અર્થ છે. કામ કાયાનો (દોષ) અને ક્રોધ વાણીનો (દોષ) હોવાનું સિદ્ધ છે. બંનેનો ભેદ જણાય તે માટે સંબંધવાળું વચન[5] કહેલું છે. કામમાં ડૂબેલાઓને મર્યાદાનાં ફલનો અનુભવ થાય છે, ક્રોધમાં તે પણ થતું નથી, એમ 'અને કષ્ટથી આચરી શકાય તેવા તપનો વૃથા ત્યાગ કરે છે' શબ્દોથી કહેલું છે. જેમ ડૂબેલો માથા ઉપરના ભારને તજે તેમ (ક્રોધવાળો તપ તજે છે). (તે ત્યાગ) પોતાનું અથવા બીજાનું પ્રયોજન સિદ્ધ કરાવતો ન હોવાથી, વૃથા (નકામો) છે. ટાઢ, તાપ અને વરસાદ (એ) ત્રણ કાલના ગુણો છે. સમુદ્રને ઉત્તમ પ્રકારે તરી જઈ, ઈશ્વરે રચેલાં (ગાયના) પગલામાં (ડૂબે છે). ભગવાનમાં (નરનારાયણમાં) કામ તથા ક્રોધ નથી એ જોઈને, ભક્તોનું ઈચ્છેલું માગવાના અને પોતાનાં પુરુષાતનનું વર્ણન કરવાના બાનાથી (કામ વિગેરેએ) એ પ્રમાણે (નર-નારાયણની) સ્તુતિ કહી (કરી). ૧૧.

(નરનારાયણના) ચિંતન ન થઈ શકે તેવા ઐશ્વર્યનું જ્ઞાન ન હોવાથી એમ તેઓ જાણતા હતા. તેથી તે (તેઓનું અજ્ઞાન) દૂર કરવા સ્ત્રીઓ દેખાડી, એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**ઈતિ પ્રગૃણતાં તેષાં સ્ત્રિયોઽત્યદ્ભુતદર્શનાઃ ।।**
**દર્શયામાસ શુશ્રૂષામર્ચને કુર્વતીર્વિભુઃ ।।૧૨।।**

તેઓ એમ સ્તુતિ કરતા હતા ત્યારે શક્તિમાન (નરનારાયણે) પૂજનમાં સેવા કરતી ઘણી અદ્ભુત સ્ત્રીઓ દેખાડી. ૧૨.

**સ્ત્રીભિઃ કામજયો યસ્ય ક્રોધસ્યાપ્યર્ચનેન હિ ।।**
**ઉત્કર્ષાધાયકત્વેન હ્યુભયોરિત્યચિન્ત્યતા ।।૩।।**

જેમણે સ્ત્રીઓથી કામ ઉપર વિજય (પ્રાપ્ત કર્યો) અને પૂજનથી ક્રોધ ઉપર પણ વિજય (પ્રાપ્ત કર્યો), બંને (વિજયો) સરસાઈ કરાવનારા હોવાથી તે ચિંતન થઈ ન શકે તેવા (ગૌરવવાળા) છે. કા.૩.

'તેષામ્' એટલે તેઓની હાજરીમાં, અથવા તેઓને દેખાડી, અથવા તેઓના સંબંધવાળી (સ્ત્રીઓ દેખાડી). (આ સ્ત્રીઓ) જૂદા બ્રહ્માંડમાં રહેનારી હતી. તેમ ન હોય, તો ઉર્વશીનું (તેઓને) દાન અયોગ્ય થાય (ગણાય). કામ વિગેરેને પણ (આ સ્ત્રીઓએ) વિવેક ભૂલાવ્યો, એ (તેઓનું) ઘણું અદ્ભુતપણું. ઘણું અદ્ભુત હતું દર્શન જેઓનું તેવી તે સ્ત્રીઓને 'અર્ચને' કામ વિગેરેના પૂજનમાં સ્નાન કરાવવું વિગેરેમાં (સેવા કરતી દેખાડી) ''શાંત રહેવાથી પણ સર્વ

૫. 'જીભના દોષ અને જનનેન્દ્રિયના દોષ' એમ જીભ અને જનનેન્દ્રિય સાથે સંબંધવાળા શબ્દ યોજેલા છે, એવો અર્થ જણાય છે.

(કાર્ય) પતતું હતું ત્યારે એમ કેમ કર્યું ?'' એવો પ્રશ્ન થાય, તેથી 'શક્તિમાન' એમ કહેલું છે, કારણ કે શક્તિમાન હોય તે સર્વની સાથે ક્રીડા કરે, તેના જેવું (દેખાડ્યું) એવો અર્થ છે. ૧૨.

ન આપી શકાય તેવું દાન (કર્યાનું) કહેવા માટે, તેઓની ઈચ્છા (હોવાનું) નીચેના શ્લોકમાં કહે છેઃ

**તે દેવાનુચરા દૃષ્ટ્વા સ્ત્રિયઃ શ્રીરિવ રૂપિણીઃ ।।**
**ગન્ધેન મુમુહુસ્તાસાં રૂપૌદાર્યહતશ્રિયઃ ।।૧૩।।**

લક્ષ્મીના જેવી રૂપવાળી સ્ત્રીઓ જોઈને, તે દેવના સેવકો તેઓની ગંધથી મોહ પામ્યા અને તેઓનાં રૂપ અને ઉદારતાથી નાશ પામેલ શ્રીવાળા થયા. ૧૩.

ઈન્દ્ર વિગેરેનાં અંતઃપુરની સ્ત્રીઓનાં દર્શનથી પણ મોહ થયો ન હતો એમ જણાવવા 'તે દેવના સેવકો' એમ કહેલું છે. સર્વ જગતની લક્ષ્મીઓ દેહ ધારણ કરનારી થએલી હોય તેવી તે (સ્ત્રીઓ) હોવાથી, કમલના કેસરની ગંધ જેવી ગંધવાળીઓની તેઓની ગંધથી જ (દેવના સેવકો) એવા[1] હોવા છતાં મોહ પામ્યા તેઓની (પોતાની) પૂજા થવાનું જ્ઞાન ક્યાંથી રહે ? એવો અર્થ છે. 'શ્રી' 'લક્ષ્મી' એ બીજી(વિભક્તિ)નું બહુવચન છે. જ્યારે ગંધથી જ મોહ થયો તો પછી સ્પર્શ વિગેરેનું કહેવું જ શું ? એવો ભાવ છે. 'તેઓનાં રૂપ અને ઉદારતાથી નાશ પામેલી હતી શ્રી જેઓની' એવું બીજું દેવના સેવકનું વિશેષણ, (તેઓની સ્ત્રીઓ માટેની) તીવ્ર ઈચ્છા જણાવવા (કહેલું છે) પછીના શબ્દ સાથે સંબંધ થતાં છઠ્ઠી વિભક્તિનો[2] પ્રત્યય ઉડી ગએલ નથી. કાંતિ અને ધન એવા બે પ્રકારની શ્રી છે. કાંતિના આધાર (સ્ત્રીઓનાં) રૂપથી (દેવના સેવકોની) કાંતિનો નાશ થયો, અને ઉદારતાથી ધનનો(નાશ થયો). ઉદારતા ન હોય તો ધન પથ્થર જેવું છે. અથવા તેઓનાં રૂપની સમીપ જવાથી જ સર્વે રૂપવાળાં થાય, એવી રૂપની જે ઉદારતા, તેનાથી (દેવના અનુચરોની) પહેલાંની કાંતિનો નાશ થયો. ૧૩.

તેઓનો અભિપ્રાય જાણીને (નરનારાયણે) ન આપવા યોગ્યનું પણ દાન કર્યું એમ નીચેના શ્લોકમાં કહે છેઃ

**તાનાહ દેવદેવેશઃ પ્રણતાન્ પ્રહસન્નિવ ।।**
**આસામેકતમાં વૃઙ્ધ્વં સવર્ણાં સ્વર્ગભૂષણામ્ ।।૧૪।।**

---

૧. ઈન્દ્ર વિગેરેનાં અંતઃપુરની સ્ત્રીઓનાં દર્શનથી પણ જેમને મોહ થયો ન હતો. 'એવા' એ દેવના અનુચરોનું વિશેષણ છે. (પ્ર)

૨. 'તાસામ્' શબ્દ છઠ્ઠી વિભક્તિનો છે (પ્ર) તેનું 'તત્' થઈ 'તદ્રૂપૌદાર્ય...' એમ વિભક્તિના પ્રત્યયનો લોપ થયો હોય તો થાય; પણ લોપ થયો નથી, એમ કહેલ જણાય છે.

પ્રણામ કરેલા તેઓને દેવોના દેવ ઈશ્વરે હસતા હોય તેમ કહ્યું કે આમાંથી એક જેમાંથી સમાન રૂપ (પ્રાપ્ત) થાય, (અને) જે સ્વર્ગના ભૂષણરૂપ થાય તેને તમે માગી લો. ૧૪.

દેવોની અધિકારમાં દૃઢ આસક્તિ જાણીને સંતોષ પામેલા હોય તેની પેઠે દાન કરે છે, એમ 'દેવોના' ઈન્દ્ર વિગેરે 'દેવો' છે, 'તેમના ઈશ્વર' શબ્દથી જણાવેલું છે. ઉર્વશીથી પણ ઈન્દ્રને ભોગ પ્રાપ્ત થવાનો, તેથી અપકાર કરનારને ભોગ થવાનું પરિણામ થતું હોવાથી દાન ન કરે. તે(સેવકો)નો દોષ ન હતો એમ 'પ્રણામ કરેલા' વિશેષણથી કહેલું છે. મોહ પામેલા હોવા છતાં પણ તેઓ તે(સ્ત્રી)ઓને જોતા ન હતા, એવો અર્થ છે. તેથી જ (સ્ત્રીઓને) જોવામાં પણ ભય પામેલા જોઈને, હસવું આવેલ હોવા છતાં તેઓનો દોષ ન જણાય તે માટે અટકાવી રાખ્યું, એમ 'હસતા હોય તેમ' શબ્દોથી કહેલ છે. તમો(સેવકો)ને અને ઈન્દ્રને લાભ થાય તે માટે 'સ્વર્ગના ભૂષણરૂપ અને જેમાંથી સમાન રૂપ (પ્રાપ્ત) થાય તેવી' 'સમાનઃ' સમાન 'વર્ણઃ' રૂપ પ્રાપ્ત થાય 'યસ્યાઃ' જેમાંથી, (એ) પાંચમી વિભક્તિ છે, તેવી (માગી લો). ૧૪.

(નરનારાયણનાં) ઘણાં ગૌરવના સમાચાર કહેવા માટે, નીચેના શ્લોકમાં (તેવા ગૌરવનું) મૂલ કહે છેઃ

**ઓમિત્યાદેશમાદાય નત્વા તં સુરબન્દિનઃ ॥**
**ઉર્વશીમપ્સરઃશ્રેષ્ઠાં પુરસ્કૃત્ય દિવં યયુઃ ॥૧૫॥**

દેવની સ્તુતિ કરનારાઓએ 'ભલે !' એમ આજ્ઞાનો સ્વીકાર કરી, તેમને નમન કરી, અપ્સરાઓમાં શ્રેષ્ઠ ઉર્વશીને પસંદ કરી સ્વર્ગમાં ગયા. ૧૫.

'ભલે' શબ્દ સ્વીકાર કરવાના અર્થમાં યોજાએલો છે. આજ્ઞાનો સ્વીકાર કરી નમન કરી સેવકપણું જણાવ્યું. દાન ગ્રહણ કરવાનું અને નરનારાયણની કીર્તિ પ્રસિદ્ધ કરવાનું કારણ 'સ્તુતિ કરનારાઓ' શબ્દથી કહેલું છે. અપ્સરા આમને સુખ થાય તે માટે પસંદ કરી[1]. ૧૫.

નીચેના શ્લોકમાં (નરનારાયણનું) ગૌરવ કહે છે (જણાવે છે):

**ઈન્દ્રાયાનમ્ય સદસિ શૃણ્વતાં ત્રિદિવૌકસામ્ ॥**
**ઊચુર્નારાયણબલં શક્રસ્તત્રાસ વિસ્મિતઃ ॥૧૬॥**

સભામાં ઈન્દ્રને નમન કરી દેવોના સાંભળતાં નારાયણનું ગૌરવ જણાવ્યું. ઈન્દ્રને વિસ્મય થયો (અને) તે ભય પામ્યો. ૧૬.

---

૧. અપ્સરા ન હોય તો તે(સેવકો)ના ઉપયોગમાં ન આવે, તેથી અપ્સરા પસંદ કરી, એવો અર્થ છે. (પ્ર)

'કામ' વિગેરે ઉપર વિજય, (તેઓને) વશ કરવા અને ઈન્દ્ર વિગેરેના અભિમાનનો નાશ એ (નારાયણનું) ગૌરવ. 'તત્રાસ' શબ્દથી ભય (થયાનું કહેલ છે.) (નારાયણ પોતાની) ઈચ્છા પ્રમાણે કરશે, એવા ચરિત્રથી વિસ્મય થયો. ૧૬.

એ પ્રમાણે દેવોને વિસ્મય પમાડનારું નારાયણનું ચરિત્ર કહીને (તેઓએ કરેલા) ઉપકાર પ્રમાણે અનુક્રમે અધ્યાય પૂરો થતાં સુધી સર્વ અવતારો ટૂંકાણથી કહે છે. તે વિષયમાં ક્રિયા કરતાં જ્ઞાન મુખ્ય છે અને તે(જ્ઞાનના અવતારો)માં પણ સનક વિગેરે મુખ્ય છે. તેથી આરંભમાં નીચેનો શ્લોક કહે છેઃ

**હંસસ્વરૂપ્યવદદચ્યુત આત્મતત્ત્વં દત્તઃ કુમાર ઋષભો ભગવાન્ પિતા નઃ ।।**
**વિષ્ણુઃ શિવાય જગતાં કલયાવતીર્ણઃ**
**તેનાહૃતા મધુભિદા શ્રુતયો હયાસ્યે ।।૧૭।।**

જગતોનાં કલ્યાણ માટે વિષ્ણુએ કલાથી અવતાર લઈ અચ્યુત રહી હંસના સ્વરૂપથી અને દત્ત કુમાર અને અમારા પિતા ભગવાન્ ઋષભ થઈ આત્માના તત્ત્વનો ઉપદેશ કર્યો અને મધુનો નાશ કરનાર તે હયગ્રીવના અવતારમાં શ્રુતિઓ લઈ આવ્યા. ૧૭.

હંસનું ચરિત્ર આ સ્કંધના તેરમા અધ્યાયમાં સ્પષ્ટ છે. તેવા બીજા પ્રમાણ સુધીના અવતારો કહે છે. 'અચ્યુત' શબ્દનો એવો અર્થ છે કે બધાએ સ્વરૂપોમાં સ્વરૂપની હાનિ થઈ નથી, આનંદસ્વરૂપ જ ભગવાને પોતાના જુદા જુદા દેહો દેખાડેલા છે. 'અચ્યુત રહી આત્માના તત્ત્વનો ઉપદેશ કર્યો' શબ્દોનો શ્લોકના પૂર્વાર્ધમાં બધાને સંબંધ છે. હંસ, દત્તાત્રેય, સનત્કુમાર અને ઋષભ જ્ઞાનકલાના અવતારો છે. ફલ જણાવનારાં વચન[1] શ્લોકના ત્રીજા ચરણનો બધા અવતારો સાથે સંબંધ છે. 'કલાથી' એટલે જ્ઞાનશક્તિ સાથે અથવા ક્રિયાશક્તિ સાથે[2]. 'જગતોના' એ બહુવચન ત્રણ લોકમાં રહેનારાઓ ઉપર જુદા જુદા ઉપકાર કરવા અવતાર લીધા એમ જણાવવા (યોજેલું છે.)

૧.કુદરતી સ્વરૂપથી પધારેલા ૨.શુદ્ધ સત્ત્વવાળા શરીરમાં પ્રકટ થએલા અને ૩.પોતાની મેળે જ પ્રગટ થએલા એમ અવતારો ત્રણ પ્રકારના છે. તે પૈકી નારાયણ પુરુષના સ્વરૂપમાં અને પોતાની મેળેજ પ્રકટ થએલા છે. તેમનાથી જૂદા[3]

૧. 'જગતોનાં કલ્યાણ માટે' એમ ફલ કહેલું હોવાથી ઉપર કહેલા અને હવે કહેવામાં આવશે તેમની સાથે સંબંધ છે, એવો અર્થ છે. (પ્ર)

૨. આ શબ્દથી (અવતાર લેવાનો) પ્રકાર કહેલ હોવાથી પણ સંબંધ જણાવેલ છે. (પ્ર)

૩. 'તેમનાથી જૂદા' એટલે દત્તાત્રય વિગેરે (પ્ર)

અવતારો શરીરમાં પ્રકટ થએલા છે, શ્રીકૃષ્ણ પોતાની મેળે પ્રકટ થએલા છે. અભિમાન હોય[૪] ત્યારે એકતા હોય છે. અભિમાન ન હોય ત્યારે આધાર અને આધેયની સ્થિતિ હોય છે. હંસ તો આનંદમય, સદાનું ઉત્તમપણું વિગેરેના સ્વરૂપવાળો છે. હંસના જેવો દેહ છે આમનો, તેથી (આ) 'હંસના સ્વરૂપ'વાળા છે. તેથી આમને જૂદા કહેલા છે.

ત્યાર પછી ચાર અવતારો[૫] કહેલા છે. કુમાર(સનત્કુમાર) આવેશવાળા હોવા છતાં અવતારની સમાન[૬] છે. ઋષભના સંબંધમાં 'અમારા પિતા ભગવાન્' શબ્દોથી ખાસ ગુણ કહેલ છે. તેમનામાં ભગવાનના છ ગુણો પ્રકટ થએલા અને તે ભગવન્માર્ગની પ્રવૃત્તિ કરાવનારા છે. 'અજનાભ નામના પોતાના ખંડમાં વૃષ્ટિ કરી'(૫।૪।૩) શબ્દોથી ઐશ્વર્ય કહ્યું. પ્રજાનું પાલન વીર્ય અને 'એકસો વાર યજ્ઞ કર્યા' (૫।૪।૧૭) એ ધર્મ જણાવે છે. 'પ્રજા માત્રનો પ્રેમ હોવો'(૫।૪।૫) એ યશ જણાવે છે. 'જયન્તીમાં એકસો પુત્રો ઉત્પન્ન કર્યા'(૫।૪।૮) એ શ્રી જણાવે છે. 'આ દેહ કામના કરવા યોગ્ય નથી' (૫।૫।૧) એ જ્ઞાન જણાવે છે. 'ગ્રહોના આવેશવાળા જેવા દેખાતા'(૫।૫।૩૧) એ વૈરાગ્ય દર્શાવે છે. અમો નવ યોગેશ્વરોને ઉત્પન્ન કર્યા એ ભગવન્માર્ગની પ્રવૃત્તિ કરી 'તેન' તેમની એટલે વિષ્ણુની સાથે (એ) ત્રીજું ચરણ જ્ઞાનનાં મુખ્યપણાને લીધે[૭] પહેલાં (પૂર્વાર્ધમાં કહેલા) ચાર (અવતારોને લાગુ પડે છે).

હયગ્રીવ(અવતાર)માં વેદનો ઉદ્ધાર કર્યો. મધુ અને કૈટભના વધ અને વેદનો ઉદ્ધાર એ તેમનું ચરિત્ર છે[૭]. કાનમાંથી ઉત્પન્ન થએલા (તે) બે શબ્દની ઈન્દ્રિયનો[૮] પોતાની અંદર સમાવેશ કરીને ઉત્પન્ન થએલા. તેઓનો વધ કરી તેમના ઉદરમાંથી પોતાના મુખમાં[૯] મૂકી શ્રુતિઓ લઈ આવ્યા, એવો અર્થ છે. ચાલુ

૪. શરીરનું અભિમાન હોય ત્યારે શુદ્ધ સત્ત્વ શરીર અને અવતાર બેની એકતા છે. (પ્ર)

૫. જ્ઞાનની કલાના અવતારો હોવાથી કહેલા છે. (પ્ર)

૬. કારણ કે તે જ્ઞાનનો ઉપદેશ કરનારા છે. (પ્ર)

૭...૭. જેમ નારાયણ જ્ઞાન અને ક્રિયા બંનેવાળા અવતાર છે, તેવા હયગ્રીવ પણ છે એમ જણાવવા 'જ્ઞાનનાં મુખ્યપણાને લીધે હયગ્રીવ(અવતાર)માં વેદનો ઉદ્ધાર કર્યો... ચરિત્ર છે' સુધીનો ભાગ કહેલો છે. (પ્ર) 'જ્ઞાનનાં મુખ્યપણાંને લીધે' શબ્દ પહેલા હંસ વિગેરે ચાર અવતારો સાથે સંબંધ ધરાવનારા છે. મધુને હણી વેદ લઈ આવવા એ ક્રિયા છે, જ્ઞાન નથી, જ્ઞાનમાં ઉપયોગી ક્રિયા હોવાથી જ્ઞાનાવતાર પણ ગણાય.

૮. 'ઈન્દ્રિય' એટલે કાન (પ્ર)

૯. 'ખ' એટલે વાણી ઈન્દ્રિયનું સ્થાન. (પ્ર) મુખ.

પ્રસંગમાં જ્ઞાનમાં ઉપયોગ હોવાથી[10] 'મધુ'નું જ નામ કહેલ છે.

પ્રપંચ(જગત) મધુરૂપ છે[11]. 'કીટાનામ્' ઈન્દ્રગોપ વિગેરે કીડાઓની પણ 'ભા' પ્રકાશ છે જેનાથી તે 'કીટભ' એટલે તામસી માયા. તેમાં ઉત્પન્ન થએલો કૈટભ પ્રવાહની વૃદ્ધિ કરનારો હોવાથી, તેના વધથી મર્યાદાનું સ્થાપન થયું[11].

(નીચેના શ્લોકથી આરંભી) બે (શ્લોકો)થી દરેક ચરણમાં અવતાર કહે છે. વેદનો ઉદ્ધાર કરવાનું (હયગ્રીવ અને મત્સ્યમાં) સમાન હોવાથી નીચેના શ્લોકમાં (પ્રથમ) મત્સ્ય (અવતાર) કહે છેઃ

**ગુપ્તોઽપ્યયે મનુરિલૌષધયશ્ચ માત્સ્યે ક્રોડે હતો દિતિજ ઉદ્ધરતામ્ભસઃ ક્ષ્મામ્ ।।**
**કૌર્મે ધૃતોઽદ્રિરમૃતોન્મથને સ્વપૃષ્ઠે ગ્રાહાત્પ્રપન્નમિભરાજમમુઞ્ચદાર્તમ્ ।।૧૮।।**

મત્સય(અવતાર)માં, પ્રલયમાં મનુ ભૂમિ અને ઔષધિઓનું રક્ષણ કર્યું. વારાહ (અવતાર)માં જલમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરતાં દિતિના પુત્રને હણ્યો. કૂર્મ (અવતાર)માં અમૃતના મંથનમાં પોતાની પીઠ ઉપર પર્વતને ધારણ કર્યો. મઘર(ના ઉપદ્રવ)ને લીધે શરણ આવેલા દુઃખી ગજેન્દ્રને મુક્ત કર્યો. ૧૮.

'અપ્યયે' પોતાની ઈચ્છાથી કરેલા પ્રલયમાં 'મનુ ભૂમિ અને ઔષધિઓનું (રક્ષણ કર્યું)'. 'ચ' 'અને' શબ્દ હોવાથી હયગ્રીવ રાક્ષસનો વધ કરી વેદો લઈ આવ્યા[1]. ઘણા સમય સુધી તરવાની ઈચ્છા થતાં આ અવતાર (લીધેલ). ઈચ્છાથી જ પ્રલય થએલો આઠમા મન્વંતર પછી પુષ્ટિ હોવાથી[2] દોષ નથી. પૃથ્વી, પહેલો અધિકારી અને બીજો પૂરાં પાડવાનાં હતાં[3], અને (જલમાં) પડતાં હતાં, તેથી તેવાં(રક્ષાએલાં) કર્યાં. આ મન્વંતરમાં શ્રીકૃષ્ણનો અવતાર થવાનો હોવાથી, અલૌકિક અધિકાર(પ્રાપ્ત થાય તે) માટે ઘણા સમય સુધી તે પ્રમાણે જ્ઞાનનો ઉપદેશ ( કર્યો)[4].

---

૧૦. 'જ્ઞાનમાં ઉપયોગ કેમ ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. મધુ રાજસ હોવાથી પ્રપંચરૂપ છે. તેના વધથી પ્રપંચનો રજોગુણ દૂર થાય એ જ્ઞાનમાં ઉપયોગી છે. (પ્ર)

૧૧...૧૧. આ ભાગથી ક્રિયામાં ઉપયોગી કેવી રીતે છે તે સ્પષ્ટ કરેલું છે. (પ્ર)

૧. મત્સ્ય પણ જ્ઞાન અને ક્રિયા બંનેવાળા અવતાર છે એમ જણાવવા આ કહેલ છે. (પ્ર)

૨. પોતાની ઈચ્છાથી પ્રલય કરવામાં દોષ નથી, એવો અર્થ જણાય છે.

૩. રક્ષણ કરવાનું પ્રયોજન આથી કહેલું છે. (પ્ર)

૪. તરવાની ઈચ્છાનું પ્રયોજન આ વાક્યથી કહેલું છે. (પ્ર) મત્સ્યે તરતાં તરતાં જ જ્ઞાનનો ઉપદેશ કરેલ. (૮|૨૪|૫૪)

ભૂમિનો ઉદ્ધાર સમાન[5] હોવાથી, ત્યાર પછી વારાહનો (અવતાર કહ્યો). 'દિતિનો પુત્ર' એટલે હિરણ્યાક્ષ. ત્રીજા સ્કંધના છ (૧૪ થી ૧૯) અધ્યાયોની કથા આ વિષયમાં (વિચારવી). તેથી જ ભૂમિનો ઉદ્ધાર મુખ્ય નથી. 'જલમાંથી (ઉદ્ધાર કર્યો)' એટલે શ્રીકૃષ્ણે (કર્યો) તેવી રીતે નહિ.

ડૂબેલાંનો ઉદ્ધાર કરવાનું સમાન[6] હોવાથી, ત્યાર પછી કૂર્મ (અવતાર કહેલો છે). અમૃતનું મંથન કરવામાં કાલકૂટ, (અસુરોને) ઠગવું વિગેરે દોષનો સંભવ હોવાથી[7] 'પોતાની પીઠ ઉપર' (પર્વત ધારણ કર્યો), પરંતુ પુષ્ટિને લીધે દોષ નથી.

એ પ્રમાણે દેહના અભિમાન વિનાના ચાર અવતારો કહીને, ચોથા, પાંચમા અને છઠ્ઠા મન્વંતરના અવતારો, જે (પોતાનું) કાર્ય પૂરું થતાં વૈકુંઠ પધારેલ (અને) અભિમાન ન હોવાની સમાનતાથી વૈકુંઠમાંથી પાછા પધારેલ તેઓને ચરિત્રથી કહે છે. હરિએ ગજેન્દ્રને મુક્ત કરાવ્યો આ(અવતાર)થી આરંભી પાંચ (અવતારો) શરણે આવેલાને મુક્ત કરાવનારા છે. ગજેન્દ્રનું ચરિત્ર ચોથા મન્વંતરના અવતારનું હોવાથી સ્પષ્ટ હોવાથી, આગળનું ચરિત્ર પાંચમા અને છઠ્ઠા(મન્વંતર)નું હોવાનું જણાય છે. મઘર વૈરાગ્ય કરાવનારો હોવાથી પણ (આ અવતારના વર્ણનના) આરંભમાં કહેલો છે. 'સંગ્રામમાં જે શરણ આવેલા હોય છે (તેમનો હું ઉદ્ધાર કરું છું)' એ વાક્ય પ્રમાણે[8] (ગજેન્દ્ર) 'શરણ આવેલો' એમ (જણાવેલ છે). પુષ્ટિ હોવાથી (મઘરને હણવામાં) દોષ નથી. 'અમોચયત્' 'છોડાવ્યો' એમ કહેવાનું હતું ત્યાં (અવતાર જ) સર્વ (કાર્ય) કરનાર હોવાથી 'મુક્ત કર્યો' એમ કહેલું છે. 'જેમનો બ્રહ્મ અને ક્ષત્ર ખોરાક છે' એ વાક્યનો શરણ આવેલાને છોડાવવામાં વિરોધ થાય, તેથી 'દુઃખી' શબ્દ યોજેલ છે, કારણ કે તે ખોરાક બનેલા દુઃખી હોતા નથી. ૧૮.

**સંસ્તુન્વતોબ્ધિપતિતાઞ્શ્રમણાનૃષીંશ્ચ ઇન્દ્રં ચ વૃત્રવધતસ્તમસિ પ્રવિષ્ટમ્ ।।**
**દેવસ્ત્રિયોઽસુરગૃહે પિહિતા અનાથા જઘ્નેઽસુરેન્દ્રમભયાય સતાંનૃસિંહે ।।૧૯।।**

---

૫. મત્સ્ય અને વારાહે બંનેએ કરેલ હોવાથી, એવો અર્થ છે.

૬. મત્સ્યે ડૂબતાં ભૂમિ વિગેરેને બચાવ્યાં, કૂર્મે પર્વતને ધારણ કરેલો.

૭. પીઠ પર પર્વત ધારણ કરવાનું પ્રયોજન કહેલું છે. પીઠ અધર્મનો માર્ગ હોવાથી ત્યાં ધારણ કરવાથી દોષનો સંભવ થાય. (પ્ર)

૮. 'અભિમાન રહિત(ભગવાન)ને બધા સરખા હોવાથી મઘરને કેમ હણ્યો ?' એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલું છે. શરણ આવેલાનું રક્ષણ કરવાનું ભગવાનનું વ્રત હોવાથી ગજેન્દ્ર શરણ આવેલ હોવાથી તેને હણ્યો, એવો અર્થ છે. (પ્ર)

સ્તુતિ કરતા સમુદ્રમાં પડેલા શ્રમણોને અને ઋષિઓને, અને વૃત્રના વધને લીધે પાપમાં પડેલા ઈન્દ્રને (અને) અસુરોનાં ઘરમાં પૂરાએલી દેવોની અનાથ સ્ત્રીઓને (મુક્ત કરેલ શ્લોક ૧૮). નૃસિંહ અવતારમાં સત્પુરુષોને અભય આપવા અસુરોના રાજાને હણ્યો. ૧૯.

પાંચમા મન્વંતરમાં થએલ અવતારે[1] ઉત્તરકાંડ અને પૂર્વકાંડમાં રહેલાને અને ઈન્દ્રને (એ) ત્રણને મુક્ત કર્યા. (૧) જૂદા કલ્પની વાત હોવાથી 'સમુદ્રમાં પડેલા' એ (વૃત્તાંત) ભૂલાઈ ગએલો છે[2]. કેટલાક એમ કહે છે કે કશ્યપ માટે બળતણ લાવવાના સમયે (તેઓ) ગાયના મૂત્રમાં પડેલા, એટલે ગજેન્દ્રના જેવી તેઓની અવસ્થા થએલી; અથવા ગરુડ (તેઓને) લઈ જતો હતો ત્યારે સમુદ્રમાં પડેલા. (૨) 'ચ' 'અને' શબ્દથી (તેઓ) જૂદા હોવાનું અને જૂદા પ્રકારે સ્તુતિ કર્યાનું કહેલ છે, કારણ કે (ભગવાને) પધારીને ઋષિઓનો ઉદ્ધાર કરેલો. ઈન્દ્રનો પણ તેમણે જ ઉદ્ધાર કરેલો એમ જણાવવા, ફરીથી 'ચ' 'અને' શબ્દ (યોજેલ છે). (૩) વૃત્રનો વધ કરતાં, (પાપમાંથી છૂટવાનો) ઉપાય ન કરવાને લીધે ઈન્દ્ર આસુરી ગતિ પામેલો, તેનો પણ (ભગવાને) પધારી ઉદ્ધાર કર્યો એમ જાણવું.

(૪) છઠ્ઠા મન્વંતરના અવતાર (દેવોને) અમૃતનું પાન કરાવી પધારી ગયા પછી બલિએ ઈન્દ્રનું આસન પડાવી લીધું, દેવો સંતાઈ ગયા (અને) અસુરોએ દેવોની સ્ત્રીઓને પોતપોતાનાં ઘરમાં છૂપી રાખી, અને ત્યાંથી (ભગવાને) તેઓનો ઉદ્ધાર કર્યો એમ ત્રીજા ચરણમાં કહેલું છે. એ પ્રમાણે (૧) દોષવાળા અને (૨) દોષરહિત જલમાંથી (૩) પાપમાંથી અને (૪) ઉપભોગ થાય તેવી હોવાને લીધે ચારનો ઉદ્ધાર કર્યો.

અભિમાન રહિત નૃસિંહનો અવતાર કહે છે. તેવો (અવતાર) થાય તે માટે પહેલાં સાતમા સ્કંધમાં કહેલી હિરણ્યકશિપુએ કરેલી પીડાનું અનુસંધાન કરવું. (નૃસિંહ) મર્યાદામાં રહેલા હોવાથી સત્પુરુષને અભય આપવા (અસુરોના રાજાને હણ્યો), માત્ર પ્રહ્લાદને (અભય આપવા) નહિ. ૧૯.

નીચેના શ્લોકમાં અર્ધ(શ્લોક)થી મન્વંતરોના સર્વ અવતારો સામાન્ય રીતે, અને નીચેના (બીજા) અર્ધ (શ્લોક)થી ખાસ કરી વામન (અવતાર) કહે છેઃ

---

૧. વૈકુંઠ (અવતારે) (પ્ર)

૨. શ્રમણપણું અને ઋષિપણું ભૂલાઈ ગએલાં છે. (પ્ર) શ્રમણો સમુદ્રમાં પડેલા એમ સ્પષ્ટ લખેલ હોવાથી અને ક્યાંય પણ તેવો વૃત્તાંત જોવામાં આવતો ન હોવાથી તે ભૂલાઈ ગયાનું આચાર્યશ્રીએ લખેલ હોવાનું જણાય છે. તેઓનો દોષવાળા એટલે ખારા જલમાંથી અને ઋષિઓનો મીઠાં જલમાંથી ઉદ્ધાર કર્યો એમ કહેલ છે.

**દેવાસુરે ચ યુધિ દૈત્યપતીન્ સુરાર્થે હત્વાન્તરેષુ ભુવનાન્યદધાત્ કલાભિઃ ||**
**ભૂત્વાથ વામન ઈમામહરદ્‌બલેઃ ક્ષ્માં યાચ્ઞાછલેન સમદાદદિતેઃ સુતેભ્યઃ ||૨૦||**

અને મન્વંતરોમાં દેવો તથા અસુરોના યુદ્ધમાં દૈત્યોના પતિઓને દેવો માટે હણી, પોતાની કલાઓથી ભુવનોનું પાલન કર્યું. પછી વામન થઈ યાચનાના છલથી બલિ પાસેથી આ પૃથ્વી હરી લીધી (અને) અદિતિના પુત્રોને આપી. ૨૦.

બધા મન્વંતરોના અવતારોમાં દૈત્યોને હણી દેવો પુષ્ટિમાં રહેલા હોવાથી તેમના માટે ત્રણ ભુવનનું રક્ષણ કરવાનું ચરિત્ર કહેલું છે. 'ચ' 'અને' શબ્દ હોવાથી બીજા યુદ્ધોમાં પણ રંજીના[૧] પુત્રોની પેઠે (ત્રિભુવનનું રક્ષણ કર્યું) દેવોથી હણાય તેવા ન હતા એમ જણાવવા '(દૈત્યોના) પતિઓને' એમ (કહેલું છે). મન્વંતરો જુદા જુદા અને ચૌદ હોવાનું જણાવેલ[૨] છે. 'કલાઓથી' એટલે છ કલાઓથી[૩].

મન્વંતરોના અવતારોથી વામનનું ચરિત્ર જૂદા પ્રકારનું છે એમ જણાવવા જૂદો આરંભ કરવા 'અથ' 'પછી' શબ્દ (યોજેલ છે). 'આ' શબ્દથી સાતમા મન્વંતરમાં (વૃત્તાંત થએલ હોવાનું જણાવેલ છે). જે મત્સ્યે પ્રલય કરેલો તે તો જૂદા કલ્પમાં ( થએલો)[૪] બલિએ[૫] સ્વર્ગ હરી લીધું ત્યારે સર્વ બીજનાં રૂપમાં રહેલ અને પછી ફુટી નીકળેલ હોવાથી, બીજરૂપ ગુણમાં પ્રવેશ કરેલ હોવાથી મન્વંતરનો આરંભ પણ ત્યારે જ થયો. કથા પહેલાના જેવી છે. (કથાનો) હરવાનો ભાગ પોતે જ (કરેલ) દાન કરવામાં આવે તે માટે યાચના (કરેલી). પુષ્ટિ હોવાથી (યાચના કરવામાં) દોષ નથી. માતાના નામથી (દેવો જણાવ્યા તેથી તેઓની) પોતે કરવાની અશક્તિ (કહી). વામને જ (દેહની) વૃદ્ધિ કરી ત્રણ પગલાં ભરેલાં હોવાથી 'વામન' એમ કહેલું છે, અથવા અવતારનું (તે) નામ છે (પૃથ્વી) સ્વરૂપથી હરી નહિ, પણ બલિના સંબંધથી હરી[૬]. (બલિની) માલિકી તજાવવામાં યાચના જ કારણરૂપ હતી, કારણ કે દાનનું કારણ યાચના હતી. પોતાને માટે તેમ કરેલ ન

૧. જૂઓ ૯|૧૭|૧૨.
૨. 'અંતરેષુ' 'મન્વંતરો' એ બહુવચનથી જણાવેલ છે. (પ્ર)
૩. ઐશ્વર્ય વિગેરે છ (ભગવાનના ગુણો)થી. (પ્ર)
૪. 'સાતમા વૈવસ્વત મન્વંતરમાં બલિ પાસેથી વામને ભૂમિ હરી લીધાનું ઘટતું નથી, કારણ કે આ(મનુ)નું મત્સ્યે રક્ષણ કર્યું તે પહેલાં પ્રલય થએલો' એવી શંકા થાય, તેથી આ વાક્ય કહેલું છે. (પ્ર)
૫. અહિંથી આરંભી જૂદો મત કહેલો છે. આ મત પ્રમાણે છઠ્ઠા મન્વંતરમાં જ બલિએ (ઈન્દ્ર પાસેથી) સ્વર્ગ પડાવી લીધું, ત્યાર પછી પ્રલય થયો. (પ્ર)
૬. 'સ્વરૂપથી હરી નહિ', પણ બલિની માલિકી તજાવી, એવો અર્થ જણાય છે.

હોવાથી (તે) છલ હતું. 'ત્રણ પગલાંથી સંતોષ ન પામેલો.' (૮।૧૯।૨૨) એ વાક્યમાં બ્રહ્માંડ અને તેના ઢાંકણો એમ કહેલું છે. અદિતિના તપથી પ્રસન્ન થએલા, (તેથી તેના પુત્રોને આપી) આ મન્વંતરમાં માત્ર ઈન્દ્ર મુખ્ય નથી (તેથી બધા દેવોને આપી). ત્રણ પગલાં (જેટલી ભૂમિ) આપેલ ન હોવાથી 'આ (પૃથ્વી)' એમ કહેલું છે. ૨૦.

**નિઃક્ષત્રિયામકૃત ગાં ચ ત્રિસપ્તકૃત્વો રામસ્તુ હૈહયકુલાપ્યયભાર્ગવાગ્નિઃ ।।**
**સોઽબ્ધિં બબન્ધ દશવક્ત્રમહન્ સલઙ્કં**
**સીતાપતિર્જયતિ લોકમલઘ્નકીર્તિઃ ।।૨૧।।**

અને હૈહયનાં કુલનો નાશ કરનાર ભૃગુકુલમાં ઉત્પન્ન થએલ અગ્નિ રામે તો પૃથ્વીને એકવીસ વાર ક્ષત્રિયરહિત કરી. જેમણે સમુદ્રનું બંધન કર્યું અને લંકા સાથે રાવણનો નાશ કર્યો તે લોકોના પાપોનો નાશ કરનારી કીર્તિવાળા, સીતાપતિ રામનો જય થાય છે. ૨૧.

બે સ્વરૂપથી રામનો અવતાર કહે છે. 'તુ' 'તો' શબ્દ હોવાથી આ (પરશુરામ) આવેશ છે, એમ કેટલાક કહે છે. 'ક્ષત્રિયનો નાશ કરવા' એ શ્લોકમાં અવતારનું પ્રયોજન સ્પષ્ટ (કહેલું છે). ભય પામેલા, સંતાઈ ગએલા, નાસી ગએલા વિગેરેને (મારવામાં) પડ્યા મૂકેલ હોવાથી, એકવીસ વાર ઉત્પત્તિ થઈ. તે સંજોગોમાં પણ પૃથ્વીને કાંટા (ક્ષત્રિય) વિનાની કરવી, એવા પ્રયોજનથી ઉદ્યમ (કરેલો). પુષ્ટિ માર્ગમાં રહેલાઓ મર્યાદાનું પાલન કરતા ન હતા તેથી હણ્યા. દત્તાત્રેય પણ પુષ્ટિમાં રહેલા. બંને રામો તો મર્યાદામાં (રહેલા). બ્રહ્મતેજથી અથવા ભગવાનનાં તેજથી ક્ષત્રિયોને હણી શકાય. તે પૈકી ભગવાન્ તો પોતે રક્ષણ કરનારા હોવાથી ક્ષત્રિયોને હણે નહિ, તેથી 'ભૃગુકુલમાં ઉત્પન્ન થએલ અગ્નિ' એમ કહેલું છે. (યજ્ઞના અગ્નિના) બળતણની સમાન (ક્ષત્રિયો) હોવાથી એકવીસ વાર (હણ્યા), અથવા દેવલોકો તેટલા હોવાથી, તેટલી વાર રક્ષણ કરવા અવતાર[1] લીધો. ત્યાર પછી ભગવાન્ અવતાર લેશે, એવો ભય છે. (ક્ષત્રિયો) ત્રણ ગુણોનાં કાર્ય હોવાથી ત્રણ પ્રકારે વિભાગ કરતાં (દરેક ગુણવાળા) સાત પ્રકારના થાય છે, એમ 'યદુના સહસ્રજિવત્, (તેનો) શતજીત અને (તેનો) હૈહય' થયા, એ (૯।૨૩।૨૦ તથા ૨૧ શ્લોકોથી જણાવેલ છે). યાદવોની અંદર પણ હૈહય ઘણો જ મર્યાદારહિત (સ્વચ્છંદી) હતો 'તેવા કુલનો નાશ કરવા' એમ અગ્નિ પ્રકટ થાય તે માટે (ભૃગુનું કુલ) વેણુના સ્થાને હોવાનું કહેલ છે. સર્વનું મૂલ હોનારું ભગવદ્રૂપ

૧. વૃંદાવન પ્રેસની પ્રતનો 'રક્ષાર્થમવતીર્ણસ્તાવદ્વાર' પાઠ લીધેલ છે. આથી એમ જણાય કે ક્ષત્રિયોનો નાશ કરવા માટે પરશુરામમાં ભગવાનનો એકવીસ વાર આવેશ થએલો.

તે જ ભૃગુમાં સ્થાપેલું, તેથી તેમાંથી અવતરેલાને ભગવાનનો અવતાર કહેવામાં આવે છે. પરશુરામ 'વૈષ્ણવનું તેજ પ્રાપ્ત થતાં શાંત થયા' એવો સિદ્ધાંત છે. એવો ભેદ હોવાથી 'તુ' 'તો' શબ્દ (યોજેલ છે). જેઓ (અગ્નિ જ રામ હતા એમ) રૂપક હોવાનું કહે છે, તેઓ તો લૌકિક છે.

'તે' એટલે 'રામ' શબ્દથી સ્વીકારેલા રામ પણ અગ્નિનો અવતાર છે, એમ બીજાઓ કહે છે. તેમનું ચરિત્ર પાંચ પ્રકારનું છે. (૧) બીજી લીલા (૨) સમુદ્રનું બંધન (૩) રાવણનો વધ (૪) સીતાના પતિ હોવું (અને ૫) સર્વથી ઉત્તમ પ્રકારની સદાની સ્થિતિ. બધાંએ ચરિત પાપનો નાશ કરનારા છે એમ (કહેલું છે). તે પૈકી સમુદ્રનું બંધન અલૌકિક છે. (રાવણ) જીતી શકાય તેવો ન હોવાથી પુરી(લંકા)ના દાહ તથા રાક્ષસોના વધ સાથે રાવણનો મર્યાદારહિત વધ મુખ્ય પુષ્ટિ છે, અને 'સીતાના પતિ' હોવું એ 'તે પતિ હોય (કે જે ભયરહિત હોય)' એ વાક્ય પ્રમાણે (મુખ્ય પુષ્ટિ છે). 'જય થાય છે' શબ્દથી (એમ જણાવેલું છે કે) પોતાની અંદર વિકાર વિગેરે ન હોવાથી (પોતે) સર્વ દોષ વિનાના છે, (અને) ચરિત્રથી બીજાના દોષોને પણ દૂર કરે છે. ૨૧.

બાકીના ત્રણ અવતારો નીચેના શ્લોકમાં કહે છેઃ

**ભૂમેર્ભરાવતરણાય યદુષ્વજન્મા જાતઃ કરિષ્યતિ સુરૈરપિ દુષ્કરાણિ ।।**
**વાદૈર્વિમોહયતિ યજ્ઞકૃતોઽતદર્હાન્ શૂદ્રાન્ કલૌ ક્ષિતિભુજો ન્યહનિષ્યદન્તે ।।૨૨।।**

જન્મરહિત (ભગવાન્) ભૂમિનો ભાર ઉતારવા યાદવોમાં જન્મ લઈ દેવોથી પણ ન થઈ શકે તેવાં (કાર્યો) કરશે. યજ્ઞ માટે તે (કરવા)ને અયોગ્ય(પુરુષો)ને વાદોથી ઘણો મોહ ઉત્પન્ન કરશે. (અને) છેવટે કલિમાં શૂદ્ર રાજાઓને હણશે. ૨૨.

'જન્મરહિત (ભગવાને) જન્મ' લીધો, એવું સર્વ અવતારોથી ઉત્તમપણું શ્રીકૃષ્ણ વિષે કહે છે. ગુણોથી પર હોવા છતાં (શ્રીકૃષ્ણ) પ્રકટ થયાં, એવો અર્થ છે. ગુણવાળો કોઈ સમયે જન્મે પણ ખરો.

'બીજ અને પ્રયોજન વિના કોઈની પણ ઉત્પત્તિ થતી નથી' એવી શંકા થાય, તેથી 'યાદવોમાં ભાર ઉતારવા' એમ કહેલું છે. નવમા સ્કંધમાં યાદવોમાં ભક્તિ (હોવાનું) કહેલ છે, તે બીજ (તેઓમાં જન્મ લેવાનું કારણ) છે. (ભૂમિનું) કચરાવાનું દુઃખ અને ભાર દૂર કરવાં, એ પ્રયોજન છે. આ દશમા સ્કંધમાં સંપૂર્ણ રીતે સમજાવેલું છે 'દેવોથી પણ ન થઈ શકે તેવાં' વિશેષણથી ગુણોથી પર હોવાનું મૂલ (જણાવેલું છે). 'અપિ' 'પણ' શબ્દથી (એમ જણાવ્યું છે કે) ગુણવાળાઓથી થઈ ન શકે તેવું (કાર્ય) હલકાં પ્રાણીઓથી કરે છે. આથી એમ

સૂચવેલું છે કે (તેમનાં) ચરિત્રો અનંત છે.

'વાદોથી ઘણો મોહ ઉત્પન્ન કરશે' શબ્દોથી બુદ્ધ અવતાર(નું ચરિત્ર) કહે છે. 'વાદો' શબ્દથી એમ (જણાવેલું છે કે) અયોગ્ય પુરુષો યજ્ઞ ન કરે તે માટે હમણાં ઘણા વાદો રચેલા છે. બુદ્ધિને ઘણો મોહ કર્યા વિના દઢ ખાતરી ન થાય, તેથી 'વાદો' (રચ્યા). 'ઘણો મોહ' એટલે ઉલટા (અધર્મ)માં ધર્મ હોવાની બુદ્ધિ. 'યજ્ઞ માટે'નો એવો અર્થ છે. યજ્ઞોનો (પોતાની અંદર સમાવેશ કરવા માટે, ભગવાન્ પોતે યજ્ઞ માટે અંતર્ધાન થયા. 'આમાં શું પુરુષાર્થ ?' એવી શંકા થાય, તેથી 'તેને અયોગ્ય' એટલે યજ્ઞ કરવા માટે અયોગ્ય એમ કહેલું છે. કલિમાં સ્ત્રીઓ શુદ્ધ ન હોતાં, કુંડો અને ગોલકો ઘણા હોવાથી વાદોથી જ તેઓનો નિર્ણય થાય. જારથી ઉત્પન્ન થએલાઓને જ વેદ અને વેદના અર્થમાં ખોટા હોવાની બુદ્ધિ થાય છે. 'વેદો ત્રણ ગુણોના સંબંધવાળા છે' (ભ.ગી.૨।૪૫) એ યોગશાસ્ત્ર છે. યોગીઓ તો પ્રવાહને ફીટાડવા મર્યાદાનો ઉપદેશ કરે છે. ગુણવાળાઓનો આદર કરી (તેઓને) નિર્ગુણ કરે છે, એવો અર્થ છે. તેથી જ આ અર્થનું 'જેટલો અર્થ...' (ભ.ગી.૨।૪૬)માં વિવરણ કરેલું છે. તેથી (બુદ્ધે) પરીક્ષા કરવા વેદની નિંદા (કરેલી) હોવાથી સર્વ યોગ્ય છે.

''શૂદ્ર (રાજાઓને હણશે)' એમ કલ્કીનું ચરિત્ર કહેલું છે. અધમ (પુરુષો) પૃથ્વીનો ભોગ કરનારા ન થાય તે માટે કાલથી ખેંચાતા સત્ત્વ વિગેરે(ગુણો)થી વર્ણો થએલા. સમય જતાં તે વીખરાતાં શુદ્ધ તમો(ગુણથી શુદ્ર)માં પરિણામ પામ્યા (બધા શૂદ્રો થયા). કલિના છેવટના ભાગમાં કલ્કી નાશ (કરશે). ૨૨.

**એવંવિધાનિ કર્માણિ જન્માનિ ચ જગત્પતેઃ ।।**
**ભૂરીણિ ભૂરિયશસો વર્ણિતાનિ મહાભુજ ।।૨૩।।**

હે મોટી ભુજાવાળા ! ઘણા યશવાળા, જગતના પતિના એવા પ્રકારનાં ઘણાં જન્મો અને કર્મોનું વર્ણન કરેલું છે. ૨૩.

'એવા પ્રકારના' એટલે ધર્મનું સારી રીતે સ્થાપન થાય તેવા પ્રકારનાં. અનાદિ સમયથી પ્રાપ્ત થએલો ધર્મ (ભગવાનના) જન્મથી સ્થિર થાય છે, અને (તેમનાં) કર્મથી (તેની) હાનિ (થતી) અટકે છે, કારણ કે ધર્મ જગતનું પોષણ કરનારો છે. ધર્મનું રક્ષણ થતાં જગતનું રક્ષણ થાય છે. 'તે પતિ હોય' એ નિયમ પ્રમાણે (ભગવાન્) જગતના પતિ છે. (જન્મના અને કર્મના) પ્રકાર પણ છે એમ જણાવવા 'ઘણાં' વિશેષણ (યોજેલું છે). તે (ઘણાં હોવા)નું કારણ 'ઘણા

યશવાળા' વિશેષણથી કહેલું છે. ધર્મ અર્થ કામ મોક્ષ ભક્તિ શરણ જવાનું વિગેરે પુરુષાર્થોમાં (પુરુષ)નું સ્થાપન કરનાર તરીકે ઘણાં યશો છે જેમના, તેવા (ભગવાન્) છે. તે (જન્મો અને કર્મો) છૂપાં નથી, પણ વર્ણન કરેલાં છે. કવિઓએ (વર્ણન કરેલાં છે) એમ અર્થથી (સમજાય) છે. 'હે મોટી ભુજાવાળા !' એ સંબોધનમાં જણાવેલી ક્રિયાશક્તિના પ્રધાનપણાંને લીધે (રાજા નિમિને અહિં) કહેલા(અર્થ)માં વિશ્વાસ રહેશે. ૨૩.

**ઇતિશ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્વલ્લભાચાર્યે રચેલી**
**શ્રીમદ્ભાગવતની સુબોધિનીમાં અગીઆરમા સ્કંધના**
**ચોથા અધ્યાયનું વિવરણ સમાપ્ત.**

# અધ્યાય પાંચમો

## ભક્તિરહિત લોકોની દુર્ગતિ તથા ભગવત્પૂજાનો વિધિ

**વક્તા શ્રોતા તથા વાચ્યં ત્રિભિરુક્તં વિશેષતઃ ।।**
**લોકે સર્વત્રાપ્રવૃત્તૌ પ્રામણ્યં કુતં ભણ્ઠિવેત્ ।।૧।।**

(કથા) કહેનાર, શ્રવણ કરનાર તથા જે કહેવા યોગ્ય હતું તે ત્રણ અધ્યાયોથી ઉત્તમ પ્રકારે કહ્યું. લોકોમાં સર્વ સ્થલે તેની પ્રવૃત્તિ ન થાય તો (તેનું) પ્રમાણ ઘટી જાય. કા.૧.

**અતસ્તત્સાધકોઽધ્યાયશ્ચતુર્થોઽયમુદાહૃતઃ ।।**
**દેશકાલસ્વભાવાનાં નિર્ધારક ઉદાહૃતઃ ।।૨।।**

તેથી તે (પ્રમાણતા) સિદ્ધ કરાવનારો આ ચોથો અધ્યાય કહેલો છે. તે દેશ, કાલ અને સ્વભાવનો નિર્ણય કરાવનારો કહેલો છે. કા.૨.

**અસ્યાર્થો ભગવદ્દેશે સ્થિત્વા લૌકિકગીતિતઃ ।।**
**નિરાકૃત્યાન્યથાવાદાન્ શુદ્ધઃ કૃષ્ણં ભજેદિતિ ।।૩।।**

આનો અર્થ એવો છે કે ભગવાનના પ્રદેશમાં રહી અલૌકિક (ભગવાન)ના ગાનથી નિંદાનો ત્યાગ કરી શુદ્ધ થઈ શ્રીકૃષ્ણનું ભજન કરવું. કા.૩.

સ્વભાવ ઉપર વિજય (પ્રાપ્ત) થાય તે માટે ભ્રમવાળા વાદોનો ત્યાગ કરવા માટે (નીચેના શ્લોકથી) પ્રશ્ન કરે છેઃ

રાજા (નિમિ) કહે છેઃ

**ભગવન્તં હરિં પ્રાયો નં ભજન્ત્યાત્મવિત્તમાઃ ।।**
**તેષામશાન્તકામાનાં કા નિષ્ઠાઽવિજિતાત્મનામ્ ।।૧।।**

હે ઉત્તમ આત્મવેત્તાઓ ! જેઓ ઘણા ભાગે ભગવાન્ હરિને ભજતા નથી, જેમની કામનાઓ શાંત થઈ નથી (અને) જેમણે મનને વશ કરેલ નથી, તેઓની કેવી અવસ્થા થાય છે ? ૧.

‘ભગવાન્’ એટલે સર્વ ઈચ્છેલા પદાર્થો જેમનાથી પ્રાપ્ત થાય તે, ‘હરિ’ એટલે સર્વ દુઃખો દૂર કરનારા, આવા(ભગવાન)ને પણ ઘણા ભાગે ભજતા નથી. ‘આત્મવેત્તાઓ’ એટલે સર્વ જાણનારાઓ, તેઓમાં પણ ભગવાનના માર્ગને જાણનારા ઉત્તમ પુરુષો, એવું સંબોધન (કરેલું છે). (ન ભજન કરનારાઓને) જ્ઞાનનો સંબંધ નથી એમ જણાવવા બે વિશેષણો (કહેલાં છે). કેવી અવસ્થા (થાય છે)? આ લોકમાં અને પરલોકમાં શું ફલ પ્રાપ્ત થાય છે? એવો અર્થ છે. જો કે ભજન ન કરતા હોય તે સર્વને પ્રવાહરૂપ ફલ જ ફલ પ્રાપ્ત થાય છે, કારણ કે

દોષવાળાનો દોષ જાય એ જ (તેનો) ગુણ છે, છતાં પણ પ્રવાહમાં રહેલો થોડાં જ્ઞાનવાળો નિંદા કર્યા વિના રહેતો ન હોવાથી પ્રશ્ન (કરેલ છે).

'નિંદા (કરવા)ની શાસ્ત્રમાં મના કરેલી હોવાથી, આ પણ નરકમાં પડવાનો, તેમાં શું સંદેહ?' એમ કહો તો બરાબર, ભગવાનના ભક્તો નિંદિત કર્મમાં રહેલા છે એમ માનીને, ધર્મનું સ્થાપન થાય તે માટે તેમની નિંદા કરેલી હોવાથી, પ્રવાહરૂપ ફલ જ પ્રાપ્ત થશે કે નહિ એવો સંદેહ (રહે છે), કારણ કે નિંદા(કરવા)થી ભજન કરવાની યોગ્યતા રહેતી નથી. કામનાઓ શાંત થએલી ન હોવાથી પ્રવાહમાં જ રહેવાનું થાય છે, ઈન્દ્રિયો ઉપર વિજય (પ્રાપ્ત કરેલ) ન હોવાથી શાસ્ત્રમાં કરવાની મના કરેલાં (કર્મો) પણ કરે છે, અને વેદમાં કહેલ કર્મો કરતો હોવાથી સંદેહ (થાય) છે, કેમ કે જેઓએ ઈન્દ્રિયોને વશ કરેલી ન હોય અને જે કામનાઓવાળા હોય તેઓને પણ વેદ તારે છે. બીજા માર્ગોમાં રહેલાઓ તો સ્વભાવથી જ પતિત હોવાથી, વેદમાર્ગ પ્રમાણે વર્તનારાઓ સંબંધી જ પ્રશ્ન છે, એવો અભિપ્રાય છે. ૧.

(નીચેના શ્લોકથી આરંભી) સત્તર (શ્લોકો)થી ઉત્તર આપે છે, કારણ કે તેમનો યોગ તેવો[૧] છે. સિદ્ધાંતો પાંચ છે તે પૈકી (૧) વૈષ્ણવો તો (ભગવાનનું) ભજન કરે છે જ. (૨) શૈવો જો નિંદા કરનાર હોય તો પાખંડીઓ છે (૩-૪) સાંખ્ય અને યોગ(ની વાત કરતા) નથી એમ તો પ્રશ્નમાં જ કહેલું છે[૨]. તેથી (૫) વૈદિકો અને અજ્ઞાનીઓ (હોય) પ્રવાહમાં પડેલા અને લોકમાં ચતુર (હોય તે) બાકી રહ્યા. તેઓ પૈકી પ્રવાહમાં પડેલા અને લોકમાં ચતુર હોય તેવાની ગતિ નીચેના શ્લોકથી આરંભી બે (શ્લોકો)થી કહે છેઃ

ચમસ કહે છેઃ

**મુખબાહૂરૂપાદેભ્યઃ પુરુષસ્યાશ્રમૈઃ સહ ।।**
**ચત્વારો જજ્ઞિરે વર્ણા ગુણૈર્વિપ્રાદયઃ પૃથક્ ।।૨।।**

પુરુષના મુખ, બાહુ, સાથળ અને ચરણમાંથી આશ્રમો સાથે વિપ્ર વિગેરે ચાર જુદા જુદા વર્ણો ગુણોને લીધે ઉત્પન્ન થયા. ૨.

સંન્યાસ, વાનપ્રસ્થ, બ્રહ્મચારી અને ગૃહસ્થ (આશ્રમો) વર્ણોની પેઠે

---

૧. 'તેમનો' એટલે વૈદિકોનો. વૈદિકોને યજ્ઞ તથા કાલ સાથે સંબંધ છે અને તે ૫+૧૨=૧૭ પ્રકારના હોવાનું દશમ સ્કંધ ઉત્તરાર્ધના પહેલા અધ્યાયના ૪૨મા શ્લોકની શ્રીસુબોધિનીમાં કહેલ છે.

૨. કામનાઓ શાંત ન થએલ હોવાથી સાંખ્યવાળા અને મનને વશ કરેલ ન હોવાથી યોગવાળા નથી, એવો અર્થ જણાય છે.

(ઉત્પન્ન થયા). તેમ હોવાથી આશ્રમમાં રહેલાઓ બે ગુણવાળા[3] હોય છે. સત્ત્વ(ગુણ)માંથી બ્રાહ્મણો, રજોગુણમાંથી ક્ષત્રિયો, રજોગુણ અને તમોગુણમાંથી વૈશ્યો (ઉત્પન્ન થયા)[4].૨

**ઈતિ શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીમદ્‌વલ્લભાચાર્યે રચેલી (શ્રીમદ્‌ભાગવતના) અગીઆરમા સ્કંધની સુબોધિની અહિં સુધી પ્રાપ્ત થએલી સમાપ્ત.**

# સમાપ્ત

૩. આશ્રમ અને વર્ણ એવા બે ગુણ કહેલ હોવાનું જણાય છે.

૪. અહિં સુધી જ શ્રીસુબોધિની મળી આવે છે. 'તમોગુણમાંથી શુદ્રો ઉત્પન્ન થયા' એમ આ પછીનું વાક્ય હોય, ત્યારે વર્ણોની ઉત્પત્તિ પૂરી લખાએલી ગણાય.